શાર્ઙ્ગધર સંહિતા.

દેશી-વિદેશી ઉભય વૈદ્યક વિદ્યાના
વિવિધ વિષયો સવિસ્તર વર્ણન કરતો વિશાળ વૈદ્યક ગ્રંથ.

પ્રૅક્ટીસ ઑફ મેડીસીન

અથવા

ઔષધોનો અનુભવ.

ચાલુ સમયના વૈદ્યવિદ્યા પારંગત વિદ્વાનોએ લાંબી શોધના અંતે એવું સિદ્ધ કર્યું છે કે "જ્યારે કેટલાંક દરદો ટાળવાને અનાર્ય (ઇંગ્રેજી) ઔષધો અપૂર્વ છે ત્યારે વળી કેટલાંક દરદો માટે આર્ય (સ્વદેશી) ઔષધો બિનહરીફ છે અને તેથી જેઓ વૈદ્યકીય ધંધામાં પૂર્ણ કુશળતા ધરાવવાને ઇચ્છતા હોય તેમણે દેશી વિદેશી બન્ને પુર્ણપણે જાણવાની ખાસ અગત્ય છે." એ અગત્ય પૂરી પાડવાને જો કે તે તે વૈદ્યકનો પૃથક્ પૃથક્ બોધ આપનારાં પુસ્તકો તો અનેક છે, પરંતુ બન્ને મતનો એકજ સ્થળે સમાવેશ કરેલો હોય તેવા ગ્રંથો જુજ હોઈ, જે છે તેમાં જોઇએ તેટલી પુર્ણતા નથી, છતાં કિંમતમાં અતિ ભારે છે અને તેથી બન્ને વૈદ્યવિદ્યાના વિવિધ વિષયોનું પૂર્ણપણે જ્ઞાન આપે એવા એક ગ્રંથની ગુંથણીની અવશ્ય અગત્ય છે, એમ ધારી **મી. હન્ટર, જાનહારલે, ચારટીસ, વિલિયમ, ફ્રેડ્રીક, રોબર્ટ્સ, જોનસન, ટેલર, બીટન્સ,** વગેરે પશ્ચિમ ભણીના વૈદ્યવિદ્યા પારંગત વિખ્યાત વિદ્વાનો, તેમજ **ચરક, સુશ્રુત, વાગ્ભટ, હારીત, શારંગધર, માધવ, ભાવમિશ્ર, ધન્વન્તરી** વગેરે પ્રાચીન પ્રાણાચાર્યોના વિવિધ વિચારો તથા આ દેશના આધુનિક વિખ્યાત વૈદ્ય ડૉક્ટરોની કિંમતી સલાહો વગેરેનું ધ્યાનપૂર્વક મનન કરી તેના આધારે આ ગ્રંથ ગુંથવામાં આવ્યો છે; જેમાં આર્ય-અનાર્ય ઉભયપક્ષ પ્રમાણે પ્રથમ દરેક રોગ થવાનાં કારણો, પૂર્વરૂપ યાને અગમચેતીઓ, દરેક રોગ ઓળખવાનાં લક્ષણો, દેશી-વિદેશી બન્ને રીત પ્રમાણે ઔષધોપચાર, ઔષધોની બનાવટ, ગુણદોષ, આપવાનું વજન, વખત, અનુપાન, દરદ ન મટવાનાં લક્ષણો, પથ્યાપથ્ય યાને કેવું અનાજ પાણી માફક આવે ન આવે, વિશેષ રાખવી જોઇતી માવજત, તેમજ દિનપ્રતિદિન થતા આવતા **નવા નવા રોગો,** વિદ્વાન વૈદ્ય ડૉક્ટરો તરફથી જાહેરમાં મૂકાયેલા અનેકાનેક અનુભવો, અને પહાડી **જોગીજતી** વગેરે તરફથી પ્રાપ્ત થયેલી ચમત્કારિક **જડીબુટ્ટીઓ** ઇત્યાદિનો પણ પૂરતો સમાવેશ કરવામાં આવ્યો છે. આમ કરતા જતાં પુસ્તકનું કદ **રોયલ આઠ પેજી પૃષ્ઠ ૧૧૦૦ નું થઇ ગયું છે. ઉત્તમ ગ્લેજ કાગળ સોનેરી પુંઠાની કિંમત ૬-૦-૦, ટપાલ ખર્ચ ૦-૯-૦. રફ કાગળ, સોનેરી પુંઠાની કિંમત ૪-૮-૦, ટપાલ ખર્ચ ૦-૮-૦.**

વૈદ્યકનાં પુસ્તકો.

योगचिन्तामणि—મૂળ સહિત ગુજરાતી ટીકા. આ ગ્રન્થ વૈદ્યવર્ય શ્રી હર્ષકીર્તિસૂરી પ્રણીત અતિ ઉત્તમ ગ્રન્થ છે, જેમાં ચરક, સુશ્રુત, આત્રેય, વાગભટ્ટ, ભેડ, ભૃગુ, હારિત, માધવનિધાન, શારંગધર, ભારદ્વાજ, યોગરત્નાકર, રસરાજ, સુખોમણિ વગેરે મહાન ગ્રન્થોનું મંથન કરી સારોદ્ધારરૂપ વૈદ્ય પૂર્ણચંદ્ર શર્માના હાથથી તે પુસ્તક અનુપમ બનાવવામાં આવેલ છે. તે માંહેલા દરેક પ્રયોગો 'રામબાણ' સમાન છે. આ ગ્રન્થનું કદ **સુપર રોયલ બાર પેજી પૃષ્ઠ ૪૨૫ છતાં કિંમત રૂ. ૧-૮-૦, પોષ્ટેજ ૦-૨-૦.**

नाडीज्ञानतरंगिणि तथा अनुपानतरंगिणि अने काळज्ञान-મૂળ સહિત ગુજરાતી ભાષાન્તર—આ પુસ્તક ઘણા ગ્રન્થોનું મંથન કરી સંગ્રહ કરેલ છે. એટલે નાડી, મૂત્ર, જીવ્હા, મળાદિ અષ્ટવિધ પરીક્ષાઓનું વિવેચન પ્રમાણોસહ કરેલું છે, તેમજ તે સાથે ધાતુ, ઉપધાતુઓનાં શોધન, મારણ, ગુણ, અવગુણ, વિકારશાન્તિ વિષ, ઉપવિષ, રસ, ઉપરસ સિવાય કાળજ્ઞાનનો વિષય પણ સંપુર્ણ દાખલ કરેલો હોવાથી વૈદ્ય ઉપયોગી આ ત્રણ રત્નનો સંગ્રહ અવશ્ય કરવા લાયક છે. ત્રણે પુસ્તકો ભેગા છતાં **કિંમત ૧-૦-૦, ટપાલ ખર્ચ ૦-૧-૬.**

अमृतसागर तथा प्रतापसागर—શુદ્ધ ગુજરાતી ભાષાન્તર, આવૃત્તિ બીજી—આ ગ્રંથ અનેક ગ્રંથોનો સંગ્રહ કરી મહાન વિદ્વાને તૈયાર કરેલ છે, તથા અપુર્વ અમૃતસાગર ગ્રન્થનાં પ્રમાણોસહ નિદાન તથા ચિકીત્સાઓ જગતજનોના રોગો મટાડી જીવન આપનાર હોઈ શરીરબળને પખાળવાદિ ઉત્તમ ગુણો ધરાવે છે. આ આવૃત્તિમાં વૈદકનો કોષ અને ગર્ભાશયાદિનાં ચિત્રો વધારેલ છે. વિશેષ શું કહીએ, પણ આ ગ્રન્થ ખાસ ખરીદવા યોગ્ય છે. ગીલ્ટનું **સોનેરી બાઇન્ડીંગ મોટા કદના પૃષ્ઠ ૪૮૦ છતાં કિંમત રૂ. ૨-૦-૦, પો. ૦-૪-૦.**

મળવાનું ઠેકાણું:—

મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે.

ત્રણ દરવાજા—**અમદાવાદ.**

शार्ङ्गधरसंहिता.

(શુદ્ધ સરલ ગુજરાતી ભાષાંતર.)

અનુવાદક,

પુરોહિત પૂર્ણચંદ્ર શર્મ્મા.

(અમદાવાદ.)

પ્રકાશક,

મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે.

ત્રણ દરવાજા—અમદાવાદ.

શ્રી 'સત્યનારાયણ' પ્રિન્ટીંગ પ્રેસમાં
પરેલ મોતીલાલ કાળીદાસે છાપી.
પીરમશારોડ—અમદાવાદ.

આવૃતિ ૧ લી.   પ્રત ૧૨૦૦.

ઈસ્વીસન ૧૯૧૨.   વિ સંવત ૧૯૬૮.

મૂલ્ય રૂ. ૩-૦-૦

1200, 25-6-12.

પુરૂષાર્થ સિદ્ધિનું સાધન શું ?

" धर्मार्थकाममोक्षाणां शरीरं साधनं यतः-
ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચારે પુરૂષાર્થ સાધ્ય કરવાનું મુખ્ય સાધન શરીર જ છે ! "

એ સાધનનો અધિનેતા કોણ છે ?

આરોગ્યના અધિષ્ઠાતા વૈદ્ય છે!

(શાર્દૂલવિક્રીડિત.)

मस्ते दुःसहवेदनाकवलिते मग्ने स्वरेन्तर्गलं
तप्तायां ज्वरपावकेन च तनौ तान्तेहृषीकव्रजे ॥
दूने बंधुजने कृतमलपने धैर्यं विधातुं पुनः
कः शक्तः कलितामयप्रशमनो वैद्यात्परो विद्यते–

માથું અસહ્ય પીડાથી વ્યાપ્ત હોય, અવાજ ગળાની અંદર ઘેરાઈ રહ્યો હોય, તાવના અગ્નિથી શરીર તપી ગયું હોય, ઇંદ્રિયોનો જથ્થો ગ્લાનિ પામી ગયો હોય અને બંધુ-વર્ગ ખેદથી વિલાપ કરતો હોય, તે સમયમાં રોગને શમાવી દેનાર વૈદ્ય વગર બીજો કોણ ધીરજ આપવા શક્તિમાન થઈ શકે? મતલબ એજ કે ફક્ત એવા દુઃખના વખતમાં વૈદ્યજ દિલને દિલાસો આપી શરીરને આરોગ્યતા બક્ષે છે!

પરંતુ એવા સદ્‌વૈદ્યો જ્યારે વૈદ્યવિદ્યા પૂર્ણપણે હાથ કરી શકે ત્યારેજ દુનિયાના દુઃખી જનોને દિલાસારૂપ નીવડી શકે છે; માટેજ ધર્મ, અર્થ અને સુખના સાધનરૂપ આયુષ્યની ઇચ્છા રાખનારા મનુષ્યોએ વૈદ્યશાસ્ત્રમાં પ્રવીણ થઇ તેમાં કહેલા આહાર વિહાર આદિ નિયમો પ્રમાણેજ વર્તવું જેથી સર્વ કાર્યની સિદ્ધિ સ્વાધીન થાય છે. નહિ કે–સાધ્યાસાધ્યના વિચાર વમળમાં મુંઝાઇ ઔષધનો પરિત્યાગ કરવો. કહ્યું છે કે–

જ્યાં લગી શરીરમાં શ્વાસ કાયમ હોય ત્યાં લગી ઉપાય જારી રાખવા; કેમકે કોઇ સમય મરણને ભેટેલાઓ પણ ઇશ્વરેચ્છાથી જીવી આનંદ પ્રાપ્ત કરી શકે છે–કહેવાનો મતલબ એજ કે મરતાં સુધી પણ વૈદ્યવિદ્યાને વિસારવી નહીં; પરંતુ તેનાજ ઉપાશક થઈ રહેવું!

આરોગ્યતાનું આજ્ઞાપત્ર.

૧. **સ્વચ્છ હવા**–એટલે કે મન–તનને આનંદ આપનારી શીતલ, મંદ, સુગંધદાર અને રૂતુ તથા પ્રકૃતિને અનુકૂળ હવાનું હમેશાં સેવન કરવું; કેમકે તેવી હવા ફેફસામાં જઇ લોહી સાથે મળીને શરીરને આરોગ્યતા, નવો જુસ્સો અને આનંદ બક્ષે છે.

૨. **નિર્મલ જલ**–સૂર્યનાં કિરણ, સુંદર હવા અને શુદ્ધ ભૂમિના સંસર્ગવાળું તથા લીલ–ફુગ–સેવાળ–અતિ ક્ષાર અને પાંદડાં વગેરેના સડાથી રહિત હલકું પાણી પીવું. જેથી શરીરને સદા તન્દુરસ્ત રાખેછે.

૩. **પથ્ય ભોજન**–પોતપોતાના દેશને, પોતપોતાની પ્રકૃતિને હમેશાં અનુકૂળ હોય તેવો, મનપસંદ ને પાચક ખોરાક નિયમસર લીધા કરવો, જેથી શરીરને ઉત્તમ રીતે પોષણ મળતાં મન તન મહતાનંદમાં મ્હાલે છે.

૪. **યોગ્ય ઉષ્ણતા**–પોતપોતાથી સહન થઈ શકે તેટલો તાપ તડકોજ ઉપયોગમાં લેવો. (ટાઢ તેમજ મેઘવૃષ્ટિ પણ તેવીજ રીતે ઉપયોગમાં લેવી.)

૫. **સ્વચ્છ વસ્ત્ર**–ધોએલાં, મનપસંદ, ઋતુને અનુકૂળ અને શોભિતાં કપડાં પહેરવાં. મેલાં તથા ઋતુવિરૂદ્ધ કપડાં પહેરવાથી ચામડી સંબંધી રોગો થવાનો સંભવ છે.

૬. **લાયક મકાન**–હવાની આવ જાવ તથા પ્રકાશવાળું, ભેજ વિનાનું, આસપાસ ગંદકી ન હોય તેવું અને છએ ઋતુમાં અનુકૂળ હોય તેવા રળિયામણા મકાનમાં સુંદર સાહિત્યવાળી ચીજો સહિત રહેવું, જેથી આરોગ્યતાજ રહે છે.

૭. **મનની સ્થિરતા**–એટલે કે મનમાં હમેશાં ખુશાલી રાખવી. ચિંતા–ઉદ્વેગ–ક્રોધ–પ્રપંચબાજી તથા વિષયવાસનાની લોલુપતા, અને નીચ વિચારો ન કરતાં સદા ઉમદા ઉચ્ચ શ્રેણીના વિચારો–ઉપકારબુદ્ધિ રાખી રહેવું. મનની વિચારણાની તન ઉપર અને તનની મન ઉપર અસર થાય છે. કેમકે તે એક બીજાની વચ્ચે નિકટનો સંબંધ છે. માટે મનને આનંદ અને ઉત્તમ વિચારમાં સ્થિર રાખવું, જેથી સદા તન્દુરસ્તી હાજરી આપે છે.

શરીરને સદા આરોગ્યતા બક્ષનાર આ સાત મુખ્ય સાધનો છે. એવી આયુર્વેદની આજ્ઞા છે અને એ આજ્ઞાને પૂર્વના તથા પશ્ચિમના વૈદ્ય–હકીમ–તબીબ–ડૉકટરો વગેરે પણ મહા માન સાથે સ્વીકારે છે.

તન્દુરસ્તીની તારીફ.

(ઝૂલણા–છંદ.)

હૉય બહુ દામ બહુ ધામ બહુ ગામ વળિ ખ્યાતિભર નામ મહા મામ ધારી,
હૉય ધરસૂત્ર વર પ્રવર સંતતી વળિ હૉય ચર નફર આજ્ઞાનુસારી;
હૉય વ્યાપાર અનપાર વ્યવહાર વટ વાહનો વિવિધ મહા મોદકારી,
એ સહુ હૉય પણ ન્હૉય આરોગ્ય તો દીસશે સર્વ અતિ દુઃખકારી. ૧

હૉય સ્વજનો અને સજ્જનો પરિજનો ગુણિજનો મુનિજનો દુઃખત્રાતા,
હૉય યશગાયકો ભક્તિભર પાયકો શુભમતિ સાધકો રંગરાતા;
હૉય ફુલવાડી વર ક્ષેત્ર વળિ ફૂઝણાં અતિ ઘણાં સાધનો હર્ષદાતા,
હૉય હાજર સદા તૉય એ વ્યર્થ સહુ ન્હૉય જો તન વિષે સૌખ્યશાતા. ૨

હૉય વિદ્યા કળા ચાતુરી ગુણુ અને રૂપ લાવણ્યતા બહુજ સારી,
હૉય સુજ્ઞાન તપ જાપ સાધન ભલાં યોગ ભક્તિતણી ચાહ ભારી;
તીર્થયાત્રા તથા દાન સન્માન ને ગાન પ્રભુધ્યાનમાં મતિ વિચારી,
પણુ નહિ દેહેં આરોગ્ય તો એ સહુ અફળ થાશે સહી બાજી સારી. ૩

વિફળ થાશે સહી વીરતા ધીરતા રોગને ભોગ થાતાંજ ભાઈ,
મનની મનમાં રહે હુંશ દર્દી થયે ઝૂરતાં જાય દિન દુઃખદાઇ;
વ્યાધિના વખતમાં ઔષધિ વિણુ અરે અન્ય સુખ સાધનો ના સખાઇ,
એ હિતે પરમ આરોગ્યતા પામવા વાંચિયે ગ્રંથ આ ભાઈ બાઈ. ૪

હૉય આરોગ્ય તો ધર્મ સાધી શકે ભર્મ ને કર્મના મર્મ છેદી,
હૉય આરોગ્ય તો અર્થ સાધી શકે કદિ નહિ મેળવે નાઉમેદી;
હૉય આરોગ્ય તો કામ સાધી શકે ભામિની ગર્વની ગ્રંથી ભેદી,
હૉય આરોગ્ય તો મોક્ષ સાધી શકે જન્મ મૃત્યુ તણો પથ ઉછેદી. ૫

(અમારો આશિર્વાદ–દુહા છંદ.)

સુજન સુયોગવડે સદા, રહો નિરોગી રોજ;
સદાચારમાં સંચરી, મન માની લ્યો મોજ!

અસ્તુ!

વૈદ્ય અને રોગીને સોનેરી શીખામણ.

વૈદ્યે પૂર્ણ ધ્યાન દઈ, રોગીની દેશ, કાળ, વય, રોગ, વિગેરેના વિચાર સહિત પરીક્ષા કરવી. તથા આનંદી ચ્હેરે રોગીની બિના સાંભળી તેને કહેવા લાયક હોય તે બિના કહી ધીરજ આપવી. તેમજ જે પ્રતીતિવંત દવા આપવી હોય તે દવા વાપરવાની, તથા તેની પર પાળવાની કરી વગેરે વગેરે આહાર વિહારની બધી બાબતો દર્દીને વા સારવાર કરનારને પૂરેપૂરી રીતે સમજાવી, તે બિના સારી રીતે સમજ્યો છે એવી ખાત્રી કરી લેવી. તેમજ જે દવા આપવી હોય તે દવાની શક્તિનો પ્રભાવ દર્દીના દિલમાં સારી પેઠે ઠસાવી તે દવાની ઉપર પોતાના મનોબળનો સબળ સંકલ્પ દૃઢ કરીને આપવો, અને દર્દી તરફ ઘણીજ પ્રેમાળ મમતા બતાવી હર વકત તેને જોવાની, વાત સાંભળવાની, બિના પૂછવાની કાળજી ધરાવવી, જેથી અવશ્ય યશ મળશે જ!

રોગીએ પણ વૈદ્ય અગાડી સાચી બિના જાહેર કરી વૈદ્યના કહેવા મુજબ જ વર્તી દવાનો ઉપયોગ કરવો તથા પથ્યમાં રહેવું. તેમજ મનમાં દર્દ દફે થવાના જ સંકલ્પ શરૂ રાખી પ્રસન્ન રહેવું. હમેશાં કુશળ વૈદ્યના યશવંતા હાથની જ દવા કરવી. મૂર્ખ ઉંટ—વૈદ્યના હાથથી જીવવા કરતાં સદ્વૈદ્યના હાથથી મરણને શરણ થવું એ બહુજ ઉત્તમ છે, એમ માની લેભાગુની દવાનો ત્યાગ કરવો. ઇંદ્રિયોને વશ્યમાં રાખવી. પોતાનું ડાહાપણ ડોહાળી વૈદ્યની મરજી વિરૂદ્ધ વર્ત્તન ચલાવવું નહીં. જે જે પોતાનાથી ભૂલ થાય તે તે સ્પષ્ટપણે જાહેર કરી દેવી, અને તન્દુરસ્તી મેળવ્યે ગુણચોર ન થતાં ધનથી, સારા આભારી શબ્દોથી અને સેવા—ભક્તિથી વૈદ્યનો ઉત્તમ રીતે સત્કાર કરવો એ જ ઉત્તમોત્તમ પ્રકાર છે! નહી કે ગરજ મટયે વૈદ્યના વેરી થવું.

ભૂમિકા.

દરેક મનુષ્યને કુશળ સ્વાધીન કરવામાં સાવધાન રહેવું અવશ્યનુ છે, કેમકે કુશળ એજ શરીરરૂપી વાહાણનું સુકાન છે. જ્યાં લગી સુકાન કાબુમાં હોય ત્યાં લગી વાહાણને પોતાની ઇચ્છા મુજબ ગતિ કરાવી શકાય છે. પણ જો સુકાનને અકુશળ હોય તો શરીરરૂપી વાહાણની હયાતી જાળવવી સંભવીજ શકતી નથી; માટે જેમ બને તેમ કુશળને પોતાને તાબે રાખવા યત્નવાન રહેવું.

એ કુશળ બે પ્રકારનાં છે, પ્રથમ **શારીરિક કુશળ** એટલે કે આરોગ્યતા, અને બીજું **વ્યવહારિક કુશળ** એટલે કે વ્યાપાર-વ્યવહાર-ધંધો રોજગાર-આજીવિકા. એ બેઉ નિર્વિઘ્નપણે પ્રાપ્ત થયેલ હોય તો સાંસારિક મમતાવાળા જીવને બડો આનંદ મળે છે. વ્યવહારિક કુશળ કરતાં શારીરિક કુશળને પહેલે નંબરે એ માટે ગણવામાં આવેલ છે કે વ્યાપાર-રોજગાર, ધન, ધાન્ય, વાહન, નોકર ચાકર ઇત્યાદિ સર્વ પ્રકારનાં સુખસાધનો હાજર હોય; પરંતુ જો તે સુખસાધનોની હાજરી છતાં શરીરસુખ-આરોગ્યતા-તન્દુરસ્તીની ગેરહાજરી હોય તો તે સઘળાં સુખસાધનો સુખરૂપ નીવડતાંજ નથી. મતલબ કે જાતેજ રોગી હોય તો પછી અન્ય ધન, ધાન્ય, બાગ, વાહન વગેરેનો શું ઉપભોગ લઇ શકાય? **"શરીરે સુખી તે સુખી સર્વ વાતે, શરીરે દુખી તે દુખી છે સદા તે."**

માટેજ શરીરસંબંધી મુખ્ય સુખ પ્રાપ્ત કરવું અતિ જરૂરનું છે અને એ શરીરસુખ આવા પ્રમાણભૂત વૈદ્યક ગ્રંથોજ સ્વાધીન કરાવી શકે છે.

પ્રમાણભૂત વૈદ્યક ગ્રંથોમાં વૃદ્ધત્રયી (સુશ્રુત, ચરક, વાગ્ભટ એ ત્રણ ગ્રંથ.), અને લઘુત્રયી (માધવનિદાન, ભાવપ્રકાશ, શારંગધર એ ત્રણ ગ્રંથો) ઘણાજ માનનીય છે, તેમજ ભરોસા લાયક ગ્રંથોની ઉપરજ પ્રજાવર્ગનો સંપૂર્ણ ભરોસો રહી શકે છે.

શારંગધરસંહિતા વિશ્વાસપાત્ર ગ્રંથ હોવા છતાં ગુજરાતી પ્રજાને ગુજરાતી ભાષાંતરવાળું સસ્તું, સુંદર અને સુગમતાભર્યું

પુસ્તક પ્રાપ્ત થવામાં (સાધારણ વર્ગને) ઓછી સવડતા જણાઇ, જેથી મેં મારા તરફથી આ પુસ્તક ચોસઠની સાલમાં પ્રકટ કરવાની કોશિશ કરી હતી; છતાં કેટલાક સંયોગોના અભાવે વિચારણા સફળ થવામાં વિલંબ થયો. એ કાળનોજ દોષ માનવા જેવો સંયોગ માનું છું.

આ ગ્રંથ ચિકિત્સાનોજ હોવાથી નિદાનના વિધાન રહિત હોય એ સ્પષ્ટજ છે, એ માટે મેં દરેક રોગના ચાલતા વિષયમાંજ રોગની ઉત્પત્તિનાં કારણો, તેમજ સાધ્યાસાધ્ય વિચાર વગેરે બાબતો કે જે જે જરૂરિયાત ભરી જણાઇ તે તે સર્વના સમાવેશ સાથ. વૈદ્ય પૂર્ણચંદ્ર શર્મા પાસેથી ભાષાંતર તૈયાર કરાવી શોધાવી પ્રસિદ્ધિમાં મૂકેલ છે, અને ધારૂંછું કે આ મારા પ્રશંસનીય પ્રયાસનું ફળ પ્રેમી પાઠકો અવશ્ય ધ્યાનમાં લઇ દેહ અને દેશને લાભ આપવા કટિબદ્ધ રહેશેજ !

સર્વ કોઇ સુજ્ઞજનોના જાણુવામાંજ હશે કે દેહ સુધર્યા પછીજ દેશનો સુધારો થઇ શકે છે. કારણ કે શરીરસંપત્તિ સબળ થયા વિના સંતતી સબળ થવાનીજ નહી અને સંતતી સબળ થયા વિના ઉદ્યોગ હુન્નર આદિ દેશોદ્ધારના ઉન્નતિક્રમનાં દર્શનજ થવાનાં નહીં; માટે દેહની ચડતી-સુખકારીજ દેશ ચડતીના બીજરૂપ છે. એવું નિશ્ચયપણે કબુલ કરી આ દેહની ચડતી કરનારા શારંગધર ગ્રંથનું અધ્યયન-વાંચન-મનન કરી, ગુરૂદ્વારા તેના તત્ત્વને જાણી ચારે પુરૂષાર્થની સિદ્ધિરૂપ શરીરને આરોગ્યતા પ્રાપ્ત કરાવી જીવનને સફળ કરવા સર્વ વાચકો અડગ વૃત્તિવંત રહેશેજ.

સંવત ૧૯૬૮.
પુરૂષોત્તમ માસ.

પ્રકાશક.



અનુક્રમણિકા.

વિષય.	પૃષ્ઠ.	વિષય.	પૃષ્ઠ.

પ્રથમ ખંડ.

૧ મંગળાચરણ.	૧	૧૮ કલિંગ દેશનું તોલ.	૧૫
૨ ગ્રંથ સંબંધ અને પ્રયોજન.	૨	૧૯ ઔષધ કયારે ખાવું વગેરે ન કહેલ હોય તો શું કરવું ?	૧૬
૩ વૈદ્યોએ શું શું જાણવું જોઇયે.	૩	૨૦ ઔષધ કેટલી મુદત લગી ગુણવાળાં રહી શકે?	૧૭
૪ ઔષધિયોનો પ્રભાવ કેવો છે ?	૫	૨૧ ઉપાયમાં બતાવેલા મુજબ ઔષધ લેવું ?	૧૮
૫ કાર્યનું પ્રયોજન.	,,	૨૨ દેશની હવાફેરથી ઓષડના ગુણમાં થતો ફેરફાર.	,,
૬ ગ્રંથમહાત્મ્ય.	૭	૨૩ જંગલમાંથી ઔષધી શી રીતે લાવવી ?	૧૯
૭ પહેલા ખંડ વિષે શું કહેવામાં આવશે ?	,,	૨૪ કઇ જગાએથી ઔષધી ન લેવી ?	,,
૮ બીજા ખંડ ,,	૮	૨૫ ઔષધીઓ કઇ મોસમમાં લેવી ?	૨૦
૯ ત્રીજા ખંડ ,,	૯	૨૬ ઔષધીઓનાં અંગ લેવા સંબંધી સમજ.	,,
૧૦ નિરૂક્તિપૂર્વક ગ્રંથની શ્લોક સંખ્યા.	,,	૨૭ ઓષડ ખાવાના વખતની મર્યાદા.	૨૧
૧૧ ઔષધોના તોલની સમજ.	,,	૨૮ ઓષડ લેવાના પાંચ સમયની સમજ.	,,
૧૨ સર્વ તોલનું ટુંકામાં માપ બતાવવાની સમજ.	૧૩	૨૯ કહેલા ટાઇમમાંથી પહેલા ટાઇમ સંબંધી સમજ.	૨૨
૧૩ લીલા, સુકા અને પ્રવાહી પદાર્થના તોલની સમજ.	,,	૩૦ બીજા વખત માટેની સમજ.	૨૩
૧૪ કુડવ પાત્ર બનાવવાની સમજ.	,,		
૧૫ ઓષધ પ્રયોગનું નામ રાખવાની મર્યાદા.	૧૪		
૧૬ ઔષધની માત્રા સંબંધી ખુલાસો.	,,		
૧૭ કલિંગ દેશના તોલનું કારણ.	૧૫		

વિષય.	પૃષ્ઠ.	વિષય.	પૃષ્ઠ.
૩૧ ઓષડ આપવા બાબત ત્રીજા ટાઇમિની સૂચના.	૨૩	૫૦ વૈદ્યને તેડવા જતી વખતે કેવાં શકુન થવાં જોઇએ?	૩૫
૩૨ દવા ખાવાના ચોથા સમયની સમજ.	૨૪	૫૧ રોગીને ઘેર જતાં વૈદ્યને કેવાં શકુન થવાં જોઇયે.	૩૬
૩૩ પાંચમા સમયની સમજ.	,,	૫૨ વૈદ્યે કેવા રોગીની દવા કરવી?	,,
૩૪ દ્રવ્ય રસ વગેરેની વિશેષ અવસ્થાની સમજ.	,,	૫૩ નિરોગીને રોગ અને રોગીને મરણ દેનારાં સ્વપ્નો.	,,
૩૫ રસ સંબંધી સમજ.	૨૫	૫૪ ખરાબ સ્વપ્ન આવે તો શું કરવું?	૩૭
૩૬ રસનો ઉત્પત્તિ ક્રમ.	,,	૫૫ કયાં સ્વપ્ન સુખ આપનારાં છે?	,,
૩૭ ગુણોના રૂપ સંબંધી સમજ.	૨૬	૫૬ કેવાં સ્વપ્નો જોવાથી રોગી નિરોગી અને નિરોગી ધનવંત થાય?	૩૮
૩૮ વીર્યના સ્વરૂપ સંબંધી સમજ.	,,		
૩૯ વિપાકના સ્વરૂપની સમજ.	,,		
૪૦ પ્રભાવના સ્વરૂપની વ્યાખ્યા.	૨૭		
૪૧ વનસ્પતિ રસાદિની ઉત્કૃષ્ટતા પૂર્ણ વ્યાખ્યા.	,,	૫૭ દીપન ગુણવાળાં ઓષડ શાથી કહેવાય?	૩૯
૪૨ છ ઋતુઓની સમજ.	૨૮	૫૮ પાચન ગુણવાળાં ઓષડ.	,,
૪૩ કઇ કઇ ઋતુમાં કયા કયા દોષનો સંચય, કોપ, શમન થાય છે?	૨૯	૫૯ દીપન પાચન ઓષડ.	,,
		૬૦ સંશોધન ગુણવાળાં ઓષડ.	૪૨
		૬૧ છેદન. ,,	૪૩
૪૪ વગર મોસમે પણ વાતાદિ દોષોનો સંચય, કોપ, શમન થાય છે તેનું શું કારણ?	૩૦	૬૨ લેખન. ,,	,,
		૬૩ ગ્રાહી ઓષડ કયું કહેવાય?	૪૪
		૬૪ સ્થંભન ,,	,,
		૬૫ રસાયન. ,,	,,
૪૫ વાયુનો કોપ તથા તેની શાંતિ.	,,	૬૬ વાજીકર. ,,	૪૫
		૬૭ ધાતુ વધારનારાં ઓષડો.	,,
૪૬ પિત્તકોપ તથા શાંતિના ઉપાય.	,,	૬૮ વીર્ય ધાતુને ચૈતન્ય કરનાર તથા વધારનાર ઓષડો.	૪૫
૪૭ કફકોપ તથા તેની શાંતિ.	૩૧	૬૯ શુક્ર જાગ્રત-સ્ખલિત-સ્તંભન ને શોષનાર કઇ દવા છે?	,,
૪૮ રોગી નિરોગીની નાડીપરીક્ષા.	૩૨	૭૦ સૂક્ષ્મ ઓષડો કયાં કહેવાય?	૪૬
૪૯ રોગી માટે વૈદ્ય બોલાવા જનાર મનુષ્ય કેવો જોઇએ?	૩૪	૭૧ વ્યવાયી ઓષડો. ,,	,,
		૭૨ વિકાશી ઓષડો. ,,	,,

વિષય.	પૃષ્ઠ.
૭૩ મદ કરનારી વસ્તુઓ.	૪૭
૭૪ જીવ લેનારાં ઓષડો.	,,
૭૫ પ્રમાથી ઓષડો.	૪૮
૭૬ અભિષ્યન્દી પદાર્થો.	,,
૭૭ મનુષ્ય શરીરની રચનામાં શું શું પદાર્થ છે?	૪૯
૭૮ કળાઓ સંબંધી લંબાણથી ખુલાસો.	૫૦
૭૯ આશયો સંબંધી ,,	૫૧
૮૦ ધાતુઓ સંબંધી ,,	૫૨
૮૧ ધાતુઓના મળોનું સવિસ્તર વર્ણન.	,,
૮૨ ઉપધાતુઓનું વિગતવાર વર્ણન.	૫૩
૮૩ ચામડી અને તે પર થનારાં દર્દો.	૫૪
૮૪ વાતાદિ ત્રિદોષનું વર્ણન.	૫૫
૮૫ વાયુનું પ્રાધાન્યતા પૂર્વક સ્વરૂપ અને વિચાર.	,,
૮૬ પિત્ત સ્વરૂપાદિનું વર્ણન.	૫૬
૮૭ કફ સંબંધી વિચાર.	૫૭
૮૮ સ્નાયુ શું છે ને તે શું કામ કરે છે?	૫૮
૮૯ સાંધાઓ એટલે શું?	૫૯
૯૦ હાડકાં એટલે શું અને તે શું કામ કરે છે?	,,
૯૧ મર્મસ્થાન એટલે શું?	,,
૯૨ શિરાઓ ,,	૬૦
૯૩ ધમનિયો ,,	,,
૯૪ માંસપેશીઓ શું કામ કરેછે?	,,
૯૫ કંડરાઓ કેટલી અને શું કામ કરે છે?	૬૧

વિષય.	પૃષ્ઠ.
૯૬ શરીરમાં છિદ્રો કેટલાં છે?	૬૧
૯૭ ફેફસું શું અને તે શું કામ કરે છે?	૬૨
૯૮ તિલ ,,	,,
૯૯ વૃક શું ,,	,,
૧૦૦ વૃષણ એટલે શું અને તે શું કામ કરે છે?	૬૩
૧૦૧ પુરૂષ ગુહ્યેંદ્રી શું અને તે શું કામ બજાવે છે?	,,
૧૦૨ હૃદય એટલે શું?	,,
૧૦૩ શિરાઓ અને ધમનિયોનો શો વ્યાપાર છે?	,,
૧૦૪ પ્રાણવાયુનો શો વ્યાપાર છે?	૬૪
૧૦૫ જીવન મરણનાં લક્ષણ.	૬૫
૧૦૬ વૈદ્ય અને રોગીનું કર્ત્તવ્ય.	,,
૧૦૭ રોગને મટાડવા પૂર્ણ કાળજી ન રાખે તો શું થાય?	૬૬
૧૦૮ શરીરનું શામાટે સંરક્ષણ કરવું?	,,
૧૦૯ ધાતુઓના કમી વધુપણાથી શું થાય?	૬૭
૧૧૦ આદિ પુરૂષ તથા માયાનો ખુલાસો.	,,
૧૧૧ વિશ્વ કોણે નિર્મ્યું?	,,
૧૧૨ બુદ્ધિ અહંકારની પેદાશ શી રીતે થઈ?	,,
૧૧૩ તે અહંકારોએ શું શું કર્યું?	૬૮
૧૧૪ તન્માત્રાઓ શી રીતે પેદા થઈ?	,,
૧૧૫ તન્માત્રા પંચકનું વિશેષ વર્ણન.	૬૯

વિષય.	પૃષ્ઠ.	વિષય.	પૃષ્ઠ.
૧૧૬ પાંચ મહાભૂતોની ઉત્પત્તિ તથા નામ.	૬૯	૧૩૩ જન્મથી તે અંત લગી કેટલી દવા આપવી?	૭૬
૧૧૭ પાંચ ઈંદ્રિયોના વિષય.	,,	૧૩૪ બાળક માટે શું કરવું લાભકારી છે?	,,
૧૧૮ માયાનાં નામ અને તત્વોનો વિચાર.	૭૦	૧૩૫ બાળકને કવળ નાસાદિનો ક્યારે ઉપયોગ કરવો?	૭૮
૧૧૯ જીવાત્મા અને મનને રહેવાનું સ્થળ તથા જીવાત્મા શાથી વ્યાપ્ત થાયછે?	,,	૧૩૬ કેટલી કેટલી ઉમરે કઇ કઇ વસ્તુ કમી થાય છે?	૭૯
૧૨૦ જીવાત્માના બંધન અને મોક્ષનું કારણ શું?	૭૧	૧૩૭ વાયુ પ્રકૃતિવાળાનાં લક્ષણ	,,
૧૨૧ વ્યાધિ અને આરોગ્યતાનો તફાવત.	,,	૧૩૮ પિત્ત પ્રકૃતિવાળાનાં લક્ષણ	,,
		૧૩૯ કફ ,, ,,	૮૦
૧૨૨ ખાધેલા ખોરાકની શું વ્યવસ્થા થાય છે?	૭૨	૧૪૦ બે, ત્રણ દોષવાળાનાં ,,	૮૦
		૧૪૧ ઉંઘ શાથી આવે છે?	,,
૧૨૩ પાકેલો રસ શું કામ કરે છે?	૭૩	૧૪૨ બેભાન શાથી થાય છે?	,,
		૧૪૩ ભ્રમ થવાનું કારણ	,,
૧૨૪ અરધ પાકેલો રસ શું નુકશાન કરે છે?	,,	૧૪૪ ઘેન ,,	,,
		૧૪૫ ગ્લાનિ શાથી થાય છે?	૮૧
૧૨૫ આહારનો સાર તે શું?	,,	૧૪૬ આળસ એટલે શું?	,,
૧૨૬ પેશાબ વિષ્ટાની ઉત્પત્તિ.	૭૪	૧૪૭ બગાસાં ,,	,,
૧૨૭ વિષ્ટાનો માર્ગ.	,,	૧૪૮ છિંકનાં ચિન્હ.	,,
૧૨૮ પાકેલા રસની અંદરથી લોહી શી રીતે થાય છે?	,,	૧૪૯ ઓડકારનાં ચિન્હ.	,,
		૧૫૦ તાવની કેટલી જાત છે?	૮૨
૧૨૯ લોહીનું સ્થાન અને તેનું કામ.	,,	૧૫૧ તાવનાં નિદાન અને જ્વર રોગીના જીવનની મર્યાદા.	૮૪-૮૫
૧૩૦ રસાદિ ધાતુઓ ક્યારે પરિપકવ થાય છે?	૭૫	૧૫૨ અતિસારના ભેદ તથા લક્ષણ	૮૬
૧૩૧ સ્ત્રીને ગર્ભ રહેવા તથા બાળ શબ્દ સંબંધી વિચાર.	,,	૧૫૩ સંગ્રહણીના ,, ,,	૮૭
		૧૫૪ અજીર્ણના ભેદ ,, ,,	૮૯
		૧૫૫ કૉલેરાના ભેદ ,, ,,	૯૦
૧૩૨ પુત્ર પુત્રી કે નપુંસક શું થવાથી પેદા થાય?	,,	૧૫૬ દંડકાલસકનાં લક્ષણ.	૯૧
		૧૫૭ વિલંબિકાનાં ,,	,,

વિષય. પૃષ્ઠ.

૧૫૮ વિલંબિકા અળસક અને કૉલેરા વચેનો તફાવત. ૯૧
૧૫૯ ગુદામાં થનારા મસાના ભેદ તથા તેનાં લક્ષણો.૯૧-૯૩
૧૬૦ કયો મસાનો દર્દી ન જીવે ? ,,
૧૬૧ ચર્મકીલના ભેદ અને લક્ષણ. ૯૪
૧૬૨ કમીરોગના ભેદ તથા ચિન્હ ૯૪
૧૬૩ પાંડુરોગના ,, લક્ષણ ,,
૧૬૪ કમળાના ,, ,, ,,
૧૬૫ રક્તપિત્તના ,, ,, ૯૮
૧૬૬ ખાંસીનીજાતિતથા ચિન્હો ૯૯
૧૬૭ ક્ષયના ભેદ તથા લક્ષણો.૧૦૦
૧૬૮ શોષના પ્રકાર. ૧૦૧
૧૬૯ શ્વાસના ભેદ તથા તેનાં ચિન્હો. ,,
૧૭૦ હેડકીના ,, ,, ૧૦૩
૧૭૧ જઠરાગ્નિ વિકારના ભેદ તથા ચિન્હ. ,,
૧૭૨ અરોચકના ભેદ તથા ચિન્હ. ૧૦૪
૧૭૩ ઊલટીના પ્રકાર તથા લક્ષણ. ૧૦૫
૧૭૪ સ્વર ભેદની જાતિ તથા ચિન્હો. ૧૦૬
૧૭૫ તરશના ભેદ તથા લક્ષણ.૧૦૭
૧૭૬ મૂર્છા પ્રકાર તથા લક્ષણ. ૧૦૮
૧૭૭ ભ્રમાદિના ભેદ તથા ,, ૧૦૯
૧૭૮ મદના પ્રકાર તથા ,, ૧૧૦
૧૭૯ મદાત્યયના ,, ,, ,,
૧૮૦ દારૂ પીવાની મર્યાદા તથા તેથી થતા લાભ ગેરલાભ. ૧૧૧
૧૮૧ દાહના પ્રકાર અને લક્ષણ.૧૧૩
૧૮૨ ઉન્માદના પ્રકાર ને લક્ષણ૧૧૪
૧૮૩ ભૂતોન્માદના ,, ,, ૧૧૫
૧૮૪ વાઈના ,, ,, ૧૧૭
૧૮૫ આમવાતના ભેદ તથા લક્ષણ ૧૧૮
૧૮૬ શૂળના ભેદ તથા લક્ષણ. ,,
૧૮૭ પરિણામ શૂળ તથા અન્નદ્રવ અને જરત્પિત્ત શૂળના ભેદ તથા લક્ષણ. ૧૨૦
૧૮૮ ઉદાવર્ત્તના પ્રકાર અને ચિન્હો. ૧૨૧
૧૮૯ અનાહ રોગના ભેદ તથા લક્ષણો અને તે રોગીનું જીવન. ૧૨૨
૧૯૦ ઉરોગ્રહના ભેદ તથા ચિન્હો. ૧૨૩
૧૯૧ હૃદ્રોગના પ્રકાર ,, ,,
૧૯૨ ઉદરરોગના ,, ,, ૧૨૪
૧૯૩ ઉદરરોગીનું અસાધ્યપણું. ૧૨૭
૧૯૪ ગુલ્મ રોગના ભેદ અને તેનાં ચિન્હ તથા તેના જીવન રોગીની મર્યાદા. ,,
૧૯૫ મૂત્રઘાતના ભેદ અને લક્ષણ. ૧૨૯
૧૯૬ મૂત્રકૃચ્છ્રના ભેદ તથા લક્ષણો. ૧૩૨
૧૯૭ પથરીના ભેદ, લક્ષણ અને મરણનું પ્રમાણ. ૧૩૩
૧૯૮ પ્રમેહના પ્રકાર—લક્ષણ ૧૩૪
૧૯૯ સોમરોગના ભેદ અને ચિન્હ. ૧૩૫

૨૦૦ પ્રમેહપિટિકાના પ્રકાર અને લક્ષણ. ૧૩૬
૨૦૧ મેદ રોગના પ્રકાર અને લક્ષણ. ૧૩૭
૨૦૨ સોજાના ભેદ, લક્ષણ અને સાધ્યાસાધ્ય વિચાર. ૧૩૮
૨૦૩ અંડવૃદ્ધિના ભેદ તથા લક્ષણ. ૧૪૦
૨૦૪ કુરંડવૃદ્ધિરોગ. ૧૪૧
૨૦૫ ગળગંડ અપચીની ઓળખ. ૧૪૨
૨૦૬ ગાંઠોના ભેદ તથા ચિન્હ. ૧૪૨
૨૦૭ રસોળીના ભેદ–લક્ષણ. ૧૪૪
૨૦૮ હાથીપગારોગના ભેદ તથા લક્ષણ. ,,
૨૦૯ વિદ્રધિના ભેદ તથા લક્ષણ. ૧૪૫
૨૧૦ વ્રણના ભેદ તથા ચિન્હો. ૧૪૬
૨૧૧ સદ્યોવ્રણના ભેદ ,, ૧૪૮
૨૧૨ કોષ્ટપીડા. ,,
૨૧૩ અસ્થિભંગના ભેદ અને ચિન્હો. ૧૪૯
૨૧૪ અગ્નિદગ્ધના પ્રકાર તથા લક્ષણો. ૧૫૦
૨૧૫ નાસૂરના ભેદ તથા નિદાન ,,
૨૧૬ ભગંદરના પ્રકાર અને ચિન્હો. ૧૫૧
૨૧૭ ઉપદંશ—ચાંદીના ભેદ તથા લક્ષણ. ૧૫૨
૨૧૮ શૂકરોગના ભેદ તથા લક્ષણ. ૧૫૩
૨૧૯ કોઢરોગના પ્રકાર તથા લક્ષણ. ૧૫૫
૨૨૦ ક્ષુદ્રરોગના ભેદ તથા લક્ષણ. ૧૫૭
૨૨૧ વિસ્ફોટકના ભેદ–લક્ષણ. ૧૬૧
૨૨૨ વિસર્પ-રતવાના ભેદ, લક્ષણ તથા સાધ્યાસાધ્ય વિચાર. ૧૬૨
૨૨૩ શીતપિત્તના ભેદ અને વિચાર. ૧૬૪
૨૨૪ અમ્લપિત્તના ભેદ તથા લક્ષણ. ,,
૨૨૫ વાતરક્તના ભેદ તથા લક્ષણ. ૧૬૫
૨૨૬ વાતરોગના પ્રકાર તથા ચિન્હ. ૧૬૬
૨૨૭ કોપેલા પિત્તના ૪૦ રોગો. ૧૭૨
૨૨૮ કફકોપના ૨૦ રોગો. ૧૭૪
૨૨૯ લોહીવિકારના ૧૦ રોગો. ૧૭૫
૨૩૦ હોઠના રોગોનાં નામ તથા લક્ષણો. ૧૭૬
૨૩૧ દાંતના રોગો અને તેનાં લક્ષણો. ૧૭૭
૨૩૨ દંતમૂળના રોગો અને તેનાં ચિન્હો. ૧૭૮
૨૩૩ જીભના રોગ તથા તેનાં લક્ષણો. ૧૭૯
૨૩૪ તાળવાના રોગ અને તેનાં લક્ષણો ૧૮૦
૨૩૫ ગળાના રોગો અને તેનાં લક્ષણો ૧૮૧
૨૩૬ મ્હોમાં થનારા રોગો અને તેનાં ચિન્હો. ૧૮૩
૨૩૭ કાનના રોગો અને તેનાં લક્ષણો. ૧૮૪

વિષય.	પૃષ્ઠ.	વિષય.	પૃષ્ઠ.
૨૩૮ કર્ણપાળીના રોગો અને તેનાં લક્ષણો.	૧૮૬	૨૫૫ શુક્ર રોગના ભેદ અને લક્ષણો.	૨૦૬
૨૩૯ નાકના રોગો અને તેનાં ચિન્હો.	૧૮૭	૨૫૬ સ્ત્રીઓના અટકાવ સંબંધી રોગના ભેદ અને લક્ષણો.	૨૦૭
૨૪૦ કાનના મૂળમાં થનારા રોગો અને તેનાં લક્ષણો.	૧૮૭	૨૫૭ પ્રદર રોગના પ્રકાર અને લક્ષણો.	,,
૨૪૧ માથાના રોગો અને તેનાં લક્ષણો.	૧૮૯	૨૫૮ યોનિના રોગો અને તેનાં ચન્હો.	૨૦૮
૨૪૨ કપાળના રોગો અને તેનાં ચિન્હો.	૧૯૧	૨૫૯ યોનિકંદ રોગના ભેદ અને તેનુ ઓળખાણ.	૨૧૦
૨૪૩ આંખ્યોના પાંપણોના રોગો અને તેનાં લક્ષણો.	૧૯૨	૨૬૦ ગર્ભજ રોગ અને તેનાં લક્ષણો.	૨૧૧
૨૪૪ નેત્ર સંબંધી રોગો અને તેનાં લક્ષણો.	૧૯૪	૨૬૧ સ્તનરોગ અને તેના ભેદ સહિત લક્ષણો.	૨૧૩
૨૪૫ નેત્રના ધોળા ડોળાના રોગો અને તેનાં લક્ષણો.	૧૯૫	૨૬૨ સ્ત્રીદોષ રોગ અને તેનાં ચિન્હો.	૨૧૪
૨૪૬ નેત્રના કાળા ડોળામાના રોગો અને તેનાં ચિન્હો.	૧૯૭	૨૬૩ સુવારોગ અને તેનો ખુલાસો.	,,
૨૪૭ નેત્ર સંબંધી કાચ રોગ અને તેનાં લક્ષણો.	૧૯૮	૨૬૪ બાળકના રોગો અને તેનાં લક્ષણો.	૨૧૫
૨૪૮ તિમિર રોગ અને તેનાં ચિન્હો.	૧૯૯	૨૬૫ બાળગ્રહના રોગો અને તેની નડતરો.	૨૧૮
૨૪૯ લિંગનાશના ભેદ અને ચિન્હો.	૨૦૦	૨૬૬ બે પગોની અંદર થનારા રોગ.	૨૨૦
૨૫૦ દૃષ્ટિરોગના ભેદ તથા તેનાં ચિન્હો.	૨૦૧	૨૬૭ સન્નિપાતાદિ દોષ.	૨૨૦
૨૫૧ અભિષ્યંદ રોગના ભેદ અને લક્ષણો.	૨૦૨	૨૬૮ પંચકર્મોના વિપરીત પણાના રોગો અને તેનાં લક્ષણો.	૨૨૧
૨૫૨ અધિમંથના ભેદ.	૨૦૩	૨૬૯ સ્નેહપાનાદિના વિપરીતપણાથી થતા રોગો અને તેનાં લક્ષણો.	૨૨૧
૨૫૩ આંખમંડળના રોગ તથા તેનાં લક્ષણો.	૨૦૪	૨૭૦ ઉપદ્રવો.	૨૨૨
૨૫૪ પંઢ રોગના ભેદ અને લક્ષણો.	૨૦૫		

વિષય.	પૃષ્ઠ.	વિષય.	પૃષ્ઠ.
૨૭૧ સ્થાવર જંગમ ઝેરના ભેદ અને સંખ્યા.	૨૨૩	૨૭૪ ચળ અને સોજો કરનારાં ઓષડો.	૨૨૩
૨૭૨ ધાતુ-ઉપધાતુ-ઉપવિષના ઉપદ્રવ	„	૨૭૫ મીણ્ણા કરનારાં ઓષડો.	૨૨૪
૨૭૩ દુષ્ટ પાણીના ઝેરના રોગ.	„	૨૭૬ રોગ ગણત્રીનો ઉપસંહાર.	

બીજો ખંડ.

૧ ક્વાથના પ્રકાર.	૨૨૫	૧૭ મૂળાનો સ્વરસ.	૨૨૯
૨ સ્વરસનું ઓળખાણ તથા તેની રીત	„	૧૮ પુટપાકનો ખુલાસો.	„
૩ રીત બીજી.	„	૧૯ કુટજ પુટપાક.	૨૩૦
૪ „ ત્રીજી.	૨૨૬	૨૦ ચોખાનું ધોવણ કયું કહેવાય ?	૨૩૧
૫ સ્વરસમાં ઓષડ નાખવાનું પ્રમાણ.	„	૨૧ અરલુ પુટપાક	„
૬ પ્રમેહ પર અમૃતાદિ સ્વરસ.		૨૨ ન્યગ્રોધાદિ પુટપાક.	„
૭ રક્તપિત્તાદિપર વાસનાદિ સ્વરસ.	૨૨૭	૨૩ દાડિમનો „	„
૮ તુળસી તથા કૂબાનો સ્વરસ.	„	૨૪ બીજોરાદિ „	૨૩૨
૯ જંબવાદિ સ્વરસ.	„	૨૫ અરડૂસાનો „	„
૧૦ બાવળના પાંદડાંનો સ્વરસ.	„	૨૬ ભોંરીંગણીનો „	„
૧૧ આદાનો સ્વરસ.	૨૨૮	૨૭ બહેડાનો „	„
૧૨ બીજોરાનો સ્વરસ.	„	૨૮ શુંઠનો „	૨૩૩
૧૩ શતાવર તથા કુંવારનો સ્વરસ.	„	૨૯ „ „	„
૧૪ બોરિયા કલ્હારનો સ્વરસ.	૨૨૮	૩૦ સૂરણનો „	„
૧૫ બ્રાહ્મીનો સ્વરસ.	૨૨૯	૩૧ મૃગશૃંગનો „	૨૩૪
૧૬ કુષ્માંડનો સ્વરસ.	„	૩૨ ક્વાથ કરવાની રીત.	
		૩૩ ક્વાથમાં સાકર મધ નાખવાનું પ્રમાણ.	૨૩૫
		૩૪ ક્વાથમાં જીરૂં વગેરે કઠણ તથા દૂધ વગેરે પ્રવાહી પદાર્થ મેળવવાના	

વિષય.		પૃષ્ઠ.
પ્રમાણનો વિચાર.		૨૩૫
૩૫ ક્વાથનું વાસણું ખુલ્લું શા માટે રાખવામાં આવેછે?		,,
૩૬ ગુડૂચ્યાદિ ક્વાથ.		૨૩૬
૩૭ નાગરાદિ ક્વાથ.		,,
૩૮ ક્ષુદ્રાદિ ક્વાથ.		,,
૩૯ ગુડૂચ્યાદિ	,,	,,
૪૦ શાળપર્ણ્યાદિ	,,	,,
૪૧ કાશ્મર્યાદિ	,,	૨૩૭
૪૨ કટ્ફલાદિ	,,	,,
૪૩ પર્પટાદિ	,,	,,
૪૪ દ્રાક્ષાદિ	,,	,,
૪૫ બીજપૂરાદિ	,,	૨૩૮
૪૬ ભૂનિંબાદિ	,,	,,
૪૭ પટોલાદિ	,,	,,
૪૮ પર્પટાદિ	,,	,,
૪૯ ક્ષુદ્રાદિ	,,	,,
૫૦ આરગ્વધાદિ	,,	૨૩૯
૫૧ અમૃતાષ્ટક	,,	,,
૫૨ પટોલાદિ	,,	,,
૫૩ કંટકાર્યાદિ પાચન.		,,
૫૪ દશમૂલાદિ	,,	૨૪૦
૫૫ અભયાદિ	,,	,,
૫૬ અષ્ટાદશાંગ	,,	૨૪૧
૫૭ કટ્ફલાદિ	,,	,,
૫૮ પર્પટાદિ	,,	,,
૫૯ નિદિગ્ધિકાદિ	,,	૨૪૨
૬૦ દેવદાર્વ્યાદિ	,,	,,
૬૧ ક્ષુદ્રાદિ	,,	,,
૬૨ મુસ્તાદિ	,,	૨૪૩
૬૩ પટોલાદિ	,,	,,
૬૪ ,,	,,	,,
૬૫ ગુડૂચ્યાદિ	,,	૨૪૪
૬૬ દેવદાર્વ્યાદિ	,,	,,
૬૭ ગુડૂચ્યાદિ	,,	,,
૬૮ નાગરાદિ	,,	,,
૬૯ ધાન્યપંચક	,,	૨૪૫
૭૦ ધાન્યાદિ	,,	,,
૭૧ કુટજાષ્ટક	,,	,,
૭૨ વત્સકાદિ	,,	,,
૭૩ હ્રીબેરાદિ	,,	૨૪
૭૪ ધાતક્યાદિ	,,	,,
૭૫ શાલપર્ણ્યાદિ	,,	,,
૭૬ ચતુર્ભદ્રાદિ	,,	,,
૭૭ ઈંદ્રયવાદિ	,,	૨૪૭
૭૮ ત્રિફલાદિ	,,	,,
૭૯ ફલત્રિકાદિ	,,	,,
૮૦ પુનર્નવાદિ	,,	,,
૮૧ વાસાદિ	,,	૨૪૮
૮૨ વાસક	,,	,,
૮૩ ક્ષુદ્રાદિ	,,	,,
૮૪ વાસાદિ	,,	,,
૮૫ રેણુકાદિ	,,	,,
૮૬ બિલ્વાદિ	,,	૨૪૯
૮૭ ગુડૂચ્યાદિ	,,	,,
૮૮ હિંગ્વાદિ	,,	,,
૮૯ રાસ્નાદિ	,,	,,
૯૦ રાસ્ના સપ્તક	,,	,,
૯૧ મહારાસ્નાદિ	,,	૨૫૦
૯૨ એરંડ સપ્તક	,,	૨૫૧
૯૩ નાગરાદિ	,,	,,
૯૪ ત્રિફલાદિ	,,	,,
૯૫ એરંડમૂલાદિ	,,	,,
૯૬ દશમૂલાદિ	,,	૨૫૨

વિષય.		પૃષ્ઠ.
૯૭ હરિતક્યાદિ પાચન		૨૫૨
૯૮ વીરતર્વાદિ	„	„
૯૯ એલાદિ	„	૨૫૩
૧૦૦ સમૂલ ગોક્ષુરાદિ	„	૨૫૩
૧૦૧ ત્રિફલાદિ	„	„
૧૦૨ ફલ ત્રિકાદિ	„	„
૧૦૩ દાર્વ્યાદિ	„	„
૧૦૪ ન્યગ્રોધાદિ	„	૨૫૪
૧૦૫ બિલ્વાદિ	„	„
૧૦૬ ત્રિફલાદિ	„	૨૫૫
૧૦૭ ચવ્યાદિ	„	„
૧૦૮ પુનર્નવાદિ	„	„
૧૦૯ પથ્યાદિ	„	„
૧૧૦ પુનર્નવાદિ	„	„
૧૧૧ ત્રિફલાદિ	„	૨૫૬
૧૧૨ રાસ્નાદિ	„	„
૧૧૩ કચનારાદિ	„	„
૧૧૪ શાખોટક ક્વાથ		„
૧૧૫ પુનર્નવાદિ	„	„
૧૧૬ વરૂણાદિ	„	૨૫૭
૧૧૭ ઉપકાદિગણ	„	„
૧૧૮ ખદિરાદિ	„	૨૫૮
૧૧૯ પટોલાદિ	„	„
૧૨૦ અમૃતાદિ	„	૨૫૮
૧૨૧ પટોલાદિ	„	„
૧૨૨ અવલ્ગુંજાદિ	„	„
૧૨૩ લઘુમંજીષ્ઠાદિ	„	૨૫૯
૧૨૪ વૃહદ્ મંજીષ્ઠાદિ	„	„
૧૨૫ પથ્યાદિ	„	૨૬૦
૧૨૬ વાસાદિ	„	„
૧૨૭ અમૃતાદિ	„	„
૧૨૮ અશ્વત્થાદિ	„	૨૬૧

વિષય.		પૃષ્ઠ.
૧૨૯ પ્રમથ્યાદિ	„	૨૬૧
૧૩૦ મુસ્તાદિ પ્રમથ્યા	„	„
૧૩૧ યવાગૂનો વિધિ.	„	„
૧૩૨ આમ્રાદિ યવાગુ.	„	„
૧૩૩ યૂષ કરવાની રીત.		૨૬૨
૧૩૪ સપ્ત મુષ્ટિક યૂષ.		„
૧૩૫ પાનાદિક કલ્પના.		„
૧૩૬ ઉશીરાદિ પાન.		૨૬૩
૧૩૭ ગરમ પાણી કરવાની રીત.		„
૧૩૮ ગરમ જળ પીવાની રીત		„
૧૩૯ દૂધપાક કરવાની રીત.		„
૧૪૦ પંચમૂલી ક્ષીરપાક.		„
૧૪૧ ત્રિકંટકાદિ ક્ષીરપાક.		૨૬૪
૧૪૨ અન્નસ્વરૂપ યવાગુ.		„
૧૪૩ વિલેપીનાં લક્ષણ અને ગુણ.		„
૧૪૪ પેયા કરવાની રીત.		૨૬૫
૧૪૫ ભાત કરવાની રીત.		„
૧૪૬ શુદ્ધમંડ.		„
૧૪૭ અષ્ટગુણ મંડ.		„
૧૪૮ વાટ્યમંડ.		૨૬૬
૧૪૯ લાજામંડ.		„
૧૫૦ ફાંટ કરવાની રીત.		૨૬૭
૧૫૧ મધૂકાદિ ફાંટ.		„
૧૫૨ આમ્રાદિ	„	૨૬૮
૧૫૩ મધૂકાદિ	„	„
૧૫૪ મંથ બનાવવાની રીત.		„
૧૫૫ ખર્જૂરાદિ મંથ.		૨૬૯
૧૫૬ મસૂરાદિ	„	„
૧૫૭ જવનો મંથ.		„
૧૫૮ હીમ કરવાની રીત.		૨૭૦

વિષય.	પૃષ્ઠ.	વિષય.	પૃષ્ઠ.
૧૫૯ આમ્રાદિ હીમ.	૨૭૦	૧૯૧ ચતુર્જાત ચૂર્ણ	૨૮૦
૧૬૦ મરીચ્યાદિ „	„	૧૯૨ કૃષ્ણાદિ „	„
૧૬૧ નીલોત્પલાદિ „	„	૧૯૩ જીવનીયગણુ „	„
૧૬૨ અમૃતાદિ „	૨૭૧	૧૯૪ અષ્ટવર્ગ „	૨૮૧
૧૬૩ વાસા „	„	૧૯૫ લવણપંચક „	„
૧૬૪ ધાન્યાદિ „	„	૧૯૬ ક્ષાર „	૨૮૨
૧૬૫ „ „	„	૧૯૭ સુદર્શન „	„
૧૬૬ કલ્ક કરવાની રીત.	૨૭૨	૧૯૮ ત્રિફળા પિપ્પલી „	૨૮૩
૧૬૭ વર્દ્ધમાન પીપર.	„	૧૯૯ કટ્ફલાદિ „	૨૮૪
૧૬૮ નિંબકલ્ક.	૨૭૩	૨૦૦ „ „	„
૧૬૯ મહાનિંબ કલ્ક.	„	૨૦૧ „ „	„
૧૭૦ રસોન „	„	૨૦૨ શૃંગ્યાદિ „	૨૮૫
૧૭૧ „ „	„	૨૦૩ યવક્ષારાદિ „	„
૧૭૨ પિપ્પલ્યાદિ „	૨૭૪	૨૦૪ શુંઠ્યાદિ „	„
૧૭૩ વિશ્નુક્રાંતા „	„	૨૦૫ હરીતક્યાદિ „	„
૧૭૪ શુંઠ કલ્ક „	૨૭૫	૨૦૬ લઘું ગંગાધર „	૨૮૬
૧૭૫ અપામાર્ગ „	„	૨૦૭ વૃદ્ધ ગંગાધર „	„
૧૭૬ બદરીમૂળ „	„	૨૦૮ અજમોદાદિ „	„
૧૭૭ લાક્ષા „	„	૨૦૯ મરીચ્યાદિ „	૨૮૭
૧૭૮ તંદુલીય „	„	૨૧૦ કપિત્થાષ્ટક „	„
૧૭૯ અંકોલ „	૨૭૬	૨૧૧ દાડિમાષ્ટક „	„
૧૮૦ કર્કોટી „	„	૨૧૨ વૃદ્ધદાડિમાષ્ટક „	૨૮૮
૧૮૧ અભયાદિ „	„	૨૧૩ તાલિસાદિ „	„
૧૮૨ ત્રિવૃતાદિ „	„	૨૧૪ લવંગાદિ „	૨૮૯
૧૮૩ નવનીત „	૨૭૭	૨૧૫ જાતિફલાદિ „	૨૯૦
૧૮૪ મસૂર „	„	૨૧૬ મહાખાંડવ „	„
૧૮૫ ચૂર્ણુ બનાવવાની રીત.	„	૨૧૭ નારાયણ „	૨૯૧
૧૮૬ આમલક્યાદિ ચૂર્ણ.	૨૭૮	૨૧૮ હપુષાદિ „	૨૯૨
૧૮૭ પિપ્પલી „	૨૭૯	૨૧૯ પંચસમ „	૨૯૩
૧૮૮ ત્રિફલા „	„	૨૨૦ પિપ્પલ્યાદિ „	૨૯૩
૧૮૯ ત્ર્યૂષણુ „	„	૨૨૧ લવણુ ત્રિતયાદિ „	૨૯૪
૧૯૦ પંચકોલ „	„	૨૨૨ તુંબર્વાદિ „	૨૯૫

વિષય.	પૃષ્ઠ.	વિષય.	પૃષ્ઠ.
૨૨૩ ચિત્રકાદિ ,,	૨૯૫	૨૫૫ ત્રિફલાગુગળ	૩૧૬
૨૨૪ વડવાનળ ,,	૨૯૬	૨૫૬ ગોક્ષુરાદિ ,,	,,
૨૨૫ અજમોદાદિ ,,	,,	૨૫૭ ત્રિફલાદિ મોદક	૩૧૭
૨૨૬ હિંગ્વાદિ ,,	૨૯૭	૨૫૮ કાંચનાર ગુગળ	૩૧૮
૨૨૭ યવાનીખાંડવ ,,	૨૯૮	૨૫૯ માષાદિ મોદક	૩૧૯
૨૨૮ તાલિસાદિ ,,	,,	૨૬૦ અવલેહ બનાવવાની રીત.	૩૨૦
૨૨૯ સિતોપલાદિ ,,	૨૯૯	૨૬૧ કંટકાર્યાવલેહ	,,
૨૩૦ લવણભાસ્કર ,,	,,	૨૬૨ ચ્યવન પ્રાસાવલેહ	૩૨૧
૨૩૧ એલાદિ ,,	૩૦૦	૨૬૩ કુષ્માંડકાવલેહ	૩૨૩
૨૩૨ પંચનિંબ ,,	૩૦૧	૨૬૪ કુષ્માંડ ખંડ લેહ	૩૨૪
૨૩૩ શતાવરી ,,	૩૦૨	૨૬૫ અગસ્ત્ય હરીતકી	,,
૨૩૪ અશ્વગંધાદિ ,,	,,	૨૬૬ કુટજાવલેહ	૩૨૫
૨૩૫ મૂસલી ,,	,,	૨૬૭ ,,	૩૨૬
૨૩૬ નવાયસ ,,	,,	૨૬૮ ઘૃત તેલ આદિના પ્રકાર	૩૨૭
૨૩૭ અકારકરભાદિ ,,	૩૦૩	૨૬૯ ક્ષીર ઘૃત	૩૩૦
૨૩૮ વટક કલ્પના ,,	૩૦૪	૨૭૦ ચાંગેરી ,,	૩૩૧
૨૩૯ બાહુશાલ ગુડ	,,	૨૭૧ મસૂરાદિ ,,	,,
૨૪૦ મરીચાદિ ગુટિકા	૩૦૫	૨૭૨ કામદેવ ,,	૩૩૨
૨૪૧ વ્યાધિ આદિ ,,	૩૦૬	૨૭૩ પાનીય કલ્યાણ ઘૃત	૩૩૩
૨૪૨ ગુડાદિ ,,	,,	૨૭૪ અમૃતા ,,	૩૩૪
૨૪૩ આમલક્યાદિ ,,	,,	૨૭૫ મહાતીક્તક ,,	,,
૨૪૪ સંજીવની ,,	૩૦૭	૨૭૬ કાસીસાદ્ય ,,	૩૩૫
૨૪૫ વ્યોષાદિ ,,	,,	૨૭૭ જાત્યાદિ ,,	૩૩૬
૨૪૬ ગુડવટિકા ચતુષ્ટય	૩૦૮	૨૭૮ બિંદુ ,,	,,
૨૪૭ વૃદ્ધદારક મોદક	,,	૨૭૯ ત્રિફલા ,,	૩૩૭
૨૪૮ સૂરણ વટક	,,	૨૮૦ ગૌર્યાદ્ય ,,	૩૩૮
૨૪૯ વૃહત્ સૂરણ વટક	,,	૨૮૧ મયૂર ,,	૩૩૯
૨૫૦ મંડૂર વટક	૩૦૯	૨૮૨ ફલ ,,	,,
૨૫૧ ચંદ્રપ્રભા ગુટિકા	૩૧૦	૨૮૩ પંચતિક્ત ,,	૩૪૧
૨૫૨ કાંકાયન ,,	૩૧૧	૨૮૪ લઘુ ફલ ,,	,,
૨૫૩ યોગરાજ ગુગળ	૩૧૨	૨૮૫ લાક્ષાદિ તૈલ	૩૪૨
૨૫૪ કિશોર ગુગળ	૩૧૪		

વિષય	પૃષ્ઠ
૨૮૬ નારાયણુ તેલ	૩૪૨
૨૮૭ બલા „	૩૪૪
૨૮૮ પ્રસારણી „	૩૪૫
૨૮૯ માષાદિ „	૩૪૬
૨૯૦ શતાવરી „	૩૪૭
૨૯૧ કાસીસાદિ „	૩૪૮
૨૯૨ પિંડ „	૩૪૯
૨૯૩ અર્ક „	„
૨૯૪ મરિચાદિ „	„
૨૯૫ ત્રિફલા „	૩૫૦
૨૯૬ નિંબબીજ „	„
૨૯૭ મધુયષ્ટિ „	૩૫૧
૨૯૮ કરંજાદિ „	„
૨૯૯ નીલિકાદિ „	„
૩૦૦ ભૃંગરાજ „	૩૫૨
૩૦૧ ઇરીમેદાદિ „	„
૩૦૨ જાત્યાદિ „	૩૫૩
૩૦૩ હિંગ્વાદિ „	„
૩૦૪ બિલ્વાદિ „	૩૫૪
૩૦૫ ક્ષાર „	„
૩૦૬ મધુસુકત બનાવવાની રીત	૩૫૫
૩૦૭ પાઠાદિ તેલ	„
૩૦૮ વ્યાઘ્રિ „	„
૩૦૯ કુષ્ટ „	૩૫૬
૩૧૦ ગૃહધૂમાદિ „	„
૩૧૧ વજ્રી „	„
૩૧૨ કરવીરાદિ „	૩૫૭
૩૧૩ આસવ અરીષ્ટાદિ બનાવવાની રીત	૩૫૭
૩૧૪ ઉશીરાસવ „	૩૬૦
૩૧૫ કુમાર્યાસવ „	„

વિષય	પૃષ્ઠ
૩૧૬ પિપ્પલ્યાસવની રીત	૩૬૨
૩૧૭ લોહાસવ „	„
૩૧૮ દ્રાક્ષાસવ „	૩૬૩
૩૧૯ લોધ્રાસવ „	૩૬૪
૩૨૦ કુટજારિષ્ટ „	૩૬૫
૩૨૧ વિડંગારિષ્ટ „	„
૩૨૨ દેવદાર્વ્યારિષ્ટ „	૩૬૬
૩૨૩ ખદિરારિષ્ટ „	૩૬૭
૩૨૪ બબ્બુલારિષ્ટ „	૩૬૮
૩૨૫ દ્રાક્ષારિષ્ટ „	„
૩૨૬ રોહિતારિષ્ટ. „	૩૬૯
૩૨૭ દશમૂલારિષ્ટ „	„
૩૨૮ ધાતુઓ શોધવાનોવિધિ.	૩૭૨
૩૨૯ સુવર્ણ ભસ્મ કરવાની રીત „	„
૩૩૦ „ બીજી „	૩૭૩
૩૩૧ „ ત્રીજી „	„
૩૩૨ „ ચોથી „	„
૩૩૩ „ પાંચમી „	„
૩૩૪ રૂપાની ભસ્મ કરવાની રીત	૩૭૫
૩૩૫ „ બીજી „	„
૩૩૬ તાંબાની ભસ્મ કરવાની રીત	૩૭૬
૩૩૭ પીતળની ભસ્મ „	૩૭૭
૩૩૮ નાગભસ્મ „	૩૭૮
૩૩૯ „ „	„
૩૪૦ બંગભસ્મ કરવાની રીત	૩૭૯
૩૪૧ લોહભસ્મ કરવાની „	૩૮૦
૩૪૨ „ બીજી „	„
૩૪૩ „ ત્રીજી „	„
૩૪૪ „ ચોથી „	„

વિષય	પૃષ્ઠ
૩૪૧ સાત ઉપ ધાતુ.	૩૮૦
૩૪૬ સુવર્ણમાક્ષિક શોધન મારણ	,,
૩૪૭ રૂપમખીનું શોધન મારણ	૩૮૨
૩૪૮ મોરથુથાનું શોધન ,,	,,
૩૪૯ અભ્રકનું શોધ અને મારણ.	૨૮૩
૩૫૦ અભ્રકભસ્મનીબીજીરીત	૩૮૩
૩૫૧ ,, ત્રીજી	૩૮૪
૩૫૨ સુરમો, ગેરૂ, હીરાકસી વગેરેનું શોધન.	
૩૫૩ મનશીલનું શોધન.	,,
૩૫૪ ,,	૩૮૫
૩૫૫ હરતાલનું શોધન.	,,
૩૫૬ કલખાપરીનું શોધન	,,
૩૫૭ ધાતુઓમાંથી સત્વ કહાડવાનો વિધિ	,,
૩૫૮ હીરાનું શોધન મારણ	૩૮૬
૩૫૯ હીરાની ભસ્મ કરવાની બીજી. રીત	,,
૩૬૦ ,, ,, ત્રીજી રીત	૩૮૭
૩૬૧ વૈક્રાંતાદિનું શોધન મારણ	,,
૩૬૨ સમસ્ત રત્નોનું શોધન મારણ.	,,
૩૬૩ શિલાજીત શોધન રીત	૩૮૮
૩૬૪ ,,	,,
૩૬૫ મંડૂર બનાવવાની રીત	૩૮૯
૩૬૬ ક્ષાર બનાવવાની રીત	,,
૩૬૭ રસ ઉપરસ શોધન	૩૯૦
૩૬૮ પારાનું શોધન	૩૯૧
૩૬૯ ગંધકનું શોધન.	૩૯૨

વિષય	પૃષ્ઠ
૩૭૦ હીંગળોકમાંથી પારો કહાડવાની રીત.	૩૯૩
૩૭૧ શુદ્ધ કરેલા પારાને મુખ કરવાની રીત.	,,
૩૭૨ વિષ મહાવિષનાં નામ તથા ઉત્પત્તિ સ્થળ.	,,
૩૭૩ પારાનાં મુખ તથા પક્ષ છેદ કરવાની રીત.	૩૯૪
૩૭૪ કચ્છપ યંત્રદ્વારા ગંધક જારણ પ્રયોગ.	૩૯૫
૩૭૫ ,, ,,	,,
૩૭૬ પારો મારવાની રીત	૩૯૬
૩૭૭ ,, ,,	,,
૩૭૮ ,, ,,	૩૯૭
૩૭૯ ,, ,,	,,
૩૮૦ જ્વરારી રસ.	૩૯૮
૩૮૧ ,, ,,	,,
૩૮૨ શીત જ્વરારી રસ.	૩૯૯
૩૮૩ જ્વરઘ્ની ગુટિકા.	૪૦૦
૩૮૪ લોકનાથ રસ.	,,
૩૮૫ લઘુલોકનાથ રસ.	,,
૩૮૬ મૃગાંકપોટલી રસ.,	,
૩૮૭ હેમગર્ભપોટલીરસ.	૪૦૫
૩૮૮ ,, ,,	૪૦૭
૩૮૯ મહાજ્વરાંકુશ.	૪૦૮
૩૯૦ આનંદ ભૈરવ રસ.	,,
૩૯૧ લઘુ સૂચીકા ભરણ રસ.	૪૦૯
૩૯૨ જલચૂડામણી.	૪૧૦
૩૯૩ પંચવક્ત્ર ,,	,,
૩૯૪ ઉન્મત્ત ,,	૪૧૧
૩૯૫ સન્નિપાત પર અંજન	,,
૩૯૬ નારાચ રસ	૪૧૨

વિષય	પૃષ્ઠ
૩૯૭ ઇચ્છાભેદી રસ	૪૧૨
૩૯૮ રાજમૃગાંક „	૪૧૩
૩૯૯ સ્વયમગ્નિ „	„
૪૦૦ સૂર્યાવર્ત્ત „	૪૧૫
૪૦૧ સ્વચ્છંદ ભૈરવ રસ	૪૧૫
૪૦૨ હંસપોટલી „	૪૧૬
૪૦૩ ત્રિવિક્રમ „	„
૪૦૪ મહાતાલેશ્વર „	૪૧૭
૪૦૫ કુષ્ટકુઠાર „	૪૧૯
૪૦૬ ઉદયાદિત્ય „	„
૪૦૭ સર્વેશ્વર „	૪૨૦
૪૦૮ સ્વર્ણક્ષીરી „	૪૨૧
૪૦૯ પ્રમેહબદ્ધ „	„
૪૧૦ મહાવહ્નિ „	૪૨૨
૪૧૧ વિદ્યાધર „	૪૨૩
૪૧૨ ત્રિનેત્ર „	„
૪૧૩ શૂળ ગજ કેસરી „	૪૨૪
૪૧૪ અગ્નિતુંડાવટી	„
૪૧૫ અજીર્ણ કંટક રસ	૪૨૫
૪૧૬ મંથાન ભૈરવ રસ	„
૪૧૭ વાતનાશન „	૪૨૬
૪૧૮ કનકસુંદર „	„
૪૧૯ સન્નિપાત ભૈરવ „	૪૨૭
૪૨૦ ગ્રહણી કપાટ „	૪૨૯
૪૨૧ વજ્રકપાટ „	૪૩૦
૪૨૨ મદન કામદેવ „	૪૩૧
૪૨૩ કંદર્પસુંદર „	૪૩૨
૪૨૪ લોહરસાયન „	૪૩૩
૪૨૫ નેપાળાની શુદ્ધિ „	૪૩૫
૪૨૬ વછનાગની „	૪૩૬
૪૨૭ „ „	„

ત્રીજો ખંડ.

૧ સ્નેહપાનનો ખુલાસો	૪૩૭
૨ સ્નેહના સ્થાવર જંગમ ભેદ	„
૩ સ્નેહના શેળભેળપણાથી કહેવાતાં નામો	„
૪ સ્નેહ પીવાની મર્યાદા	૪૩૮
૫ સ્નેહપાન કેટલા દિવસે આહાર રૂપ ગણાય?	„
૬ સ્નેહની યોગ્ય માત્રા કેટલી?	„
૭ સ્નેહ કેટલા તોલથી વધારે પિયે તો નુકસાન થાય?	„
૮ જઠરાગ્નિના પ્રમાણમાં સ્નેહનીમાત્રાનુંચોકસપણું	૪૩૯
૯ સ્નેહમાત્રાની મર્યાદાના ત્રણ પ્રકાર	„
૧૦ અલ્પાદિ માત્રાનો ગુણ	„
૧૧ દોષ પરત્વે અનુપાનની યોગ્યતા	૪૪૦
૧૨ ઘી પીવા લાયક મનુષ્ય	„
૧૩ તેલ પીવા યોગ્ય રોગી	„
૧૪ માંસ સ્નેહ પીવા લાયક રોગી	„
૧૫ મજ્જા પીવા યોગ્ય રોગી	„

વિષય	પૃષ્ઠ
૧૬ રોગીએ સ્નેહ ક્યારે પીવું?	૪૪૧
૧૭ સ્થળ પરત્વે સ્નેહોની યોજના	,,
૧૮ સ્નેહોનાં જૂદાંજૂદાં અનુંપાન	,,
૧૯ ભાત સાથે સ્નેહપાનનો નિયમ	,,
૨૦ સ્નેહ વગર યવાગૂથી તુરત સ્નેહન થાય છે	૪૪૨
૨૧ ધારોષ્ણુ દૂધથી તુરત ધાતુ પેદા થાય છે.	૪૪૨
૨૨ મિથ્યા આચારથી ન પચેલા સ્નેહનું યત્ન.	,,
૨૩ પુનઃ યત્ન	,,
૨૪ ,, ,,	૪૪૩
૨૫ સ્નેહ પીવામાં નાલાયક કોણ?	,,
૨૬ સ્નેહ પીવામાં લાયક કોણ?	,,
૨૭ સમ્યક સ્નેહ પાનનાં લક્ષણુ	,,
૨૮ સ્નેહપાનના ઉપદ્રવો.	૪૪૪
૨૯ રૂક્ષને સ્નિગ્ધ અને સ્નિગ્ધને રૂક્ષ કરવાના ઉપાય	,,
૩૦ સ્નેહાદિ સેવનના ગુણ	,,
૩૧ સ્નેહપાનમાં પથ્યાપથ્ય.	૪૪૫
૩૨ પરશેવો કહાડવાનો વિધિ.	,,
૩૩ જૂદા જૂદા શેકના જુદા જુદા ગુણ.	,,
૩૪ બળાબળ જોઇ પરશેવો કહાડવો.	૪૪૬
૩૫ રોગ પરત્વે પરશેવો લાવવાની યોજના	,,
૩૬ પહેલાં પરસીનો કોને કહાડવો?	,,
૩૭ પ્રથમ પ્રસ્વેદ યોગ્ય રોગી	૪૪૭
૩૮ પછી પ્રસ્વેદ કહાડવા યોગ્ય દર્દી	,,
૩૯ પરશેવો ક્યારે ને કેવે ઠેકાણે લવરાવવો?	,,
૪૦ પરશેવો કહાડવાથી કયે માર્ગેથી દોષ દૂર થાય છે?	,,
૪૧ પરશેવો લાવવા પછી શું કરવું?	,,
૪૨ પરશેવો કહાડવામાં નાલાયક રોગી.	૪૪૮
૪૩ થોડો પરશેવો લાવવાની જગ્યા.	,,
૪૪ ઘણો પરશેવો લાવવાથી નુકશાન.	,,
૪૫ તાપ સ્વેદનો વિધિ.	૪૪૯
૪૬ ઉષ્મા સ્વેદનો વિધિ	,,
૪૭ ઉપનાહ સ્વેદ શી રીતે થાય?	૪૫૦
૪૮ મહાશાલ્વણુ પ્રયોગ.	૪૫૧
૪૯ દ્રવસ્વેદનો વિધિ.	૪૫૨
૫૦ પરશેવો ન કહાડવાની મર્યાદા	૪૫૩
૫૧ પરશેવો કહાડી રહ્યા પછી શું કરવું?	,,
૫૨ ઉલટીનો સમય	૪૫૪
૫૩ ઉલટીના યોગ્ય દર્દી	,,
૫૪ ઉલટી કરાવવામાં ના લાયક દર્દી	૪૫૫
૫૫ વમનમાં અયોગ્ય પ્રાણી	,,
૫૬ ઉલટી કરાવ્યા બાદ શું કરવું?	૪૫૬

વિષય	પૃષ્ઠ
૫૭ વમનમાં મદદ કરનારી ચીજો	૪૫૬
૫૮ વમન માટે કવાથનું પ્રમાણ	,,
૫૯ વમન પર કવાથ પીવાનું પ્રમાણ	,,
૬૦ વમન માટે કલ્કનું પ્રમાણ	૪૫૭
૬૧ વમનમાં ઉત્તમ મધ્યમ કનિષ્ટ વેગનું પ્રમાણ	,,
૬૨ વમન વિષયમાં પ્રસ્થનું પ્રમાણ	,,
૬૩ ઔષધથી વમનમાં કફ વગેરે ઉપર થતી જીત	,,
૬૪ વમન મારફત કફ વગેરેને બહાર કહાડવાનાં ઓષડો	૪૫૮
૬૫ વમન માટે બાહ્યોપચાર	,,
૬૬ ઉત્તમ વમન ન થવાથી થતા વિકાર	,,
૬૭ અત્યંત વમનથી થતા વિકાર	,,
૬૮ અત્યંતવમનની ચિકિત્સા	૪૫૯
૬૯ વમન થતાં જીભ ઉંડાણમાં ઉતરી જાય તેની ચિકિત્સા	,,
૭૦ બહુ વમન થવાથી જીભ બહાર નીકળી આવે તેનો ઉપાય.	,,
૭૧ વમનથી નેત્રમાં થતા વિકાર અને તેના ઉપાય	,,
૭૨ અત્યંત વમનથી દાઢી જકડાય તેના ઉપાય	,,
૭૩ વમન થવાથી લોહી પડે તેનો ઉપાય	૪૬૦
૭૪ બહુજ વમન થવાથી તરશ લાગે તેના ઉપાય	,,
૭૫ ઉત્તમ વમનનાં લક્ષણ	૪૬૦
૭૬ વમન થવા પર પથ્ય	,,
૭૭ ઉત્તમ વમન થવાના ફાયદા	,,
૭૮ વમન થયા પછી તાજ્ય પદાર્થો	૪૬૧
૭૯ ઉલટી થયા પછી વિરેચનની રીત	,,
૮૦ વિરેચનની બીજી રીત.	૪૬૨
૮૧ રેચક ઔષધ સેવન કરવાનો સમય	,,
૮૨ કયા દર્દી પર વિરેચન આપવું ?	,,
૮૩ દર્દીનો નાશ કરવામાં વિરેચનની ઉત્તમતા	,,
૮૪ વિરેચન આપવા યોગ્યદર્દી.	૬૩
૮૫ વિરેચન આપવામાં અયોગ્ય દર્દી.	,,
૮૬ વિરેચન આપવામાં મૃદુ મધ્યમ અને ક્રૂર કોઠો	,,
૮૭ મૃદુ મધ્યમાદિક કોઠા માટે મૃદુ મધ્યમાદિ ઓષધો.	૪૬૪
૮૮ ઉત્તમાદિ ભેદથી દસ્તનું પ્રમાણ.	,,
૮૯ દસ્ત થવા માટે કવાથાદિ માત્રાનું પ્રમાણ	,,
૯૦ દસ્ત માટે કલ્કનું પ્રમાણ	,,
૯૧ દર્દીને અનુકૂળ રેચન	૪૬૫
૯૨ રેચ માટે અન્ય ઓષડોનું વિધાન	,,
૯૩ વર્ષાઋતુમાં રેચક ઓષડો	,,
૯૪ શરદ ,, ,,	,,

વિષય	પૃષ્ઠ
૯૫ હેમંતઋતુનાં રેચક ઔષધો.	૪૬૬
૯૬ શિશિર, વસંત „	„
૯૭ ગ્રીષ્મ	„
૯૮ અભયાદિ મોદક	„
૯૯ રેચમાં મદદગાર ઉપાય	૪૬૭
૧૦૦ રેચ થયા પછી શું કરવું?	„
૧૦૧ રેચથી બહાર નીકળતા પદાર્થો	૪૬૮
૧૦૨ રેચ ન લાગવાથી થતા વિકાર	„
૧૦૩ રેચ ન લાગવાથી થએલા વિકારના ઉપચાર	„
૧૦૪ અત્યંત રેચ લાગવાથી થતા વિકાર	„
૧૦૫ અતિ રેચથી થએલા વિકારોની શાન્તિ	૪૬૯
૧૦૬ રેચ બંધ કરવાના ઉપાય	„
૧૦૭ ઉત્તમ રેચ થવાનાં લક્ષણ	૪૬૯
૧૦૮ રેચ લગાડવાના ગુણ	„
૧૦૯ રેચમાં તજવા લાયક વસ્તુઓ.	૪૭૦
૧૧૦ રેચ લાગવા પછી પથ્ય	„
૧૧૧ બસ્તીની રીત	„
૧૧૨ અનુવાસન બસ્તીના પ્રકાર	૪૭૧
૧૧૩ અનુવાસન બસ્તી લાયક દર્દી	„
૧૧૪ અનુવાસન બસ્તીમાં અયોગ્ય દર્દી	„
૧૧૫ બસ્તીનું મુખ બનાવવા સોના વગેરેની નળી „	૪૭૨
૧૧૬ બસ્તીની નળીનું માપ	૪૭૨
૧૧૭ બસ્તીની નળીના છિદ્રનું માપ	„

વિષય	પૃષ્ઠ
૧૧૮ બસ્તી શાની બનાવવી	„
૧૧૯ વ્રણ ઉપર વાપરવાની બસ્તીનું પ્રમાણ „	૪૭૩
૧૨૦ બસ્તીના ગુણ.	„
૧૨૧ બસ્તી સેવનનો સમય	„
૧૨૨ બસ્તીમાં ઓછા વધતી માત્રાના ગુણ.	૪૭૪
૧૨૩ બસ્તીમાં ઉત્તમ માત્રાના ગુણો	„
૧૨૪ સ્નેહમાં સિંધાલુણ વગેરે મેળવવાનું પ્રમાણ	„
૧૨૫ રેચ આપ્યા પછી અનુવાસન બસ્તી આપવાની રીત	„
૧૨૬ બસ્તીનો પ્રયોગ કરવાનો વિધિ	„
૧૨૭ બસ્તી પ્રયોગનો સમય.	૪૭૫
૧૨૮ બસ્તી માર્યા પછીના ઉપચારો	„
૧૨૯ ઉત્તમ બસ્તી ક્રિયાનાગુણ	„
૧૩૦ બસ્તી સ્નેહથી થયેલા વિકાર દૂર કરવાનો ઉપાય	૪૭૬
૧૩૧ વાતાદિ વિકાર ઉપર બસ્તી મારવાનું પ્રમાણ	૪૭૬
૧૩૨ બસ્તી ક્રિયાના ગુણ.	„
૧૩૩ અનુવાસન તથા નિરૂહ બસ્તી લાયક દર્દી „	૪૭૭
૧૩૪ બસ્તીનો સ્નેહ માત્ર બહાર નીકળે તેનો ઉપાય.	૪૭૭
૧૩૫ બસ્તીનો સ્નેહ બહાર ન નીકળવાથી થતા વિકાર.	૪૭૮
૧૩૬ સ્નેહ બસ્તીથી નુકસાન ન પહોંચે તેનું વિધાન	„

વિષય	પૃષ્ઠ
૧૩૭ બસ્તીનું સ્નેહ આખી રાત બહાર ન નીકળે તેના ઉપાય	૪૭૮
૧૩૮ અનુવાસન બસ્તી માટે તેલ	,,
૧૩૯ અનુવાસન બસ્તીની વિપરીતતાથી થતા વિકારની ચિકિત્સા.	૪૭૯
૧૪૦ બસ્તી કર્મમાં પથ્ય રાખવાનો વિધિ	,,
૧૪૧ નિરૂહ બસ્તીનું વિધાન	૪૮૦
૧૪૨ નિરૂહ બસ્તીનું બીજું નામ	,,
૧૪૩ નિરૂહ બસ્તીમાં ક્વાથ ઇ. પ્રમાણુ	,,
૧૪૪ નિરૂહ બસ્તિમાં નાલાયક દર્દી	,,
૧૪૫ નિરૂહ બસ્તી લાયક દર્દી	૪૮૧
૧૪૬ નિરૂહ બસ્તી કર્મના પ્રકાર	,,
૧૪૭ નિરૂહ બહાર ન આવે તેના શોધનના ઓષડો	,,
૧૪૮ ઉત્તમ નિરૂહ બસ્તી ક્રિયાનાં લક્ષણુ	૪૮૨
૧૪૯ ઉત્તમ રીતે નિરૂહ બસ્તી કર્મ ન થવાનાં લક્ષણુ	,,
૧૫૦ ઉત્તમ નિરૂહ બસ્તી અને સ્નેહ બસ્તીનાં લક્ષણો	,,
૧૫૧ નિરૂહબસ્તી કર્મના પ્રકાર	,,
૧૫૨ સુકુમાર દર્દીને બસ્તી મારવાની રીત	૪૮૩
૧૫૩ આદિ મધ્ય અંતમાં બસ્તી મારવાના પ્રકાર	,,

વિષય	પૃષ્ઠ
૧૫૪ ઉત્કલેશન બસ્તીની રીત	૪૮૩
૧૫૫ દોષનાશક બસ્તીની રીત	,,
૧૫૬ શોધન બસ્તીની રીત	૪૮૪
૧૫૭ દોષશમન બસ્તીની	,,
૧૫૮ લેખન બસ્તીની ,,	,,
૧૫૯ બૃંહણુ ,, ,,	,,
૧૬૦ પિચ્છિલ ,,	,,
૧૬૧ નિરૂહ બસ્તીનું પ્રમાણુ	૪૮૫
૧૬૨ મધુતૈલક બસ્તીનું વિધાન	,,
૧૬૩ દીપન બસ્તીની રીત	૪૮૬
૧૬૪ યુક્તરથ ,, ,,	,,
૧૬૫ સિદ્ધ ,, ,,	,,
૧૬૬ બસ્તીક્રિયામાં પથ્યાપથ્ય	,,
૧૬૭ ઉત્તર બસ્તીનો ક્રમ.	૪૮૭
૧૬૮ ઉત્તર બસ્તીની માત્રાનું પ્રમાણુ.	,,
૧૬૯ ઉત્તર બસ્તીની યોજનાની રીત.	૪૮૮
૧૭૦ સ્ત્રીઓને બસ્તી આપવાની રીત.	,,
૧૭૧ બાળકોને બસ્તી મારવાનું પ્રમાણુ.	,,
૧૭૨ બાળકો તથા સ્ત્રીઓને બસ્તીમાં સ્નેહની માત્રાનું પ્રમાણ.	૪૮૯
૧૭૩ બસ્તી શોધન દ્રવ્યોનું પ્રમાણુ.	,,
૧૭૪ ઉત્તમ પ્રકારે બસ્તીકર્મ થયાનાં લક્ષણો.	,,
૧૭૫ ફળવર્ત્તીની યોજના.	૪૯૦
૧૭૬ નસ્ય વિધાન	,,
૧૭૭ નસ્યના પ્રકાર.	,,

વિષય	પૃષ્ઠ
૧૭૮ નસ્યનો સમય.	૪૯૧
૧૭૯ નસ્યનો નિષેધ.	,,
૧૮૦ નસ્ય કર્મમાં યોગ્યાયોગ્ય દર્દી.	,,
૧૮૧ રેચક નસ્યની રીત	,,
૧૮૨ રેચક નસ્યનું પ્રમાણ	૪૯૨
૧૮૩ નસ્યનાં ઓષધોનું પ્રમાણ	,,
૧૮૪ વિરેચન નસ્યના ભેદ બે છે	,,
૧૮૫ અવપીડન અને પ્રધમન	,,
૧૮૬ રેચન અને સ્નેહ નસ્યને લાયક દર્દી.	૪૯૩
૧૮૭ અવપીડન નસ્ય આપવા યોગ્ય દર્દી.	,, ,,
૧૮૮ પ્રધમન નસ્ય યોગ્ય દર્દી	,,
૧૮૯ રેચક સંજ્ઞક નસ્ય	,,
૧૯૦ રેચન નસ્યનો બીજો ભેદ.	૪૯૪
૧૯૧ ,, ,,	,,
૧૯૨ પ્રધમનસંજ્ઞક નસ્ય	,,
૧૯૩ બૃંહણ નસ્યની કલ્પના	,,
૧૯૪ નસ્ય વધારે પ્રમાણમાં લેવાથી થતો ગેરલાભ	૪૯૫
૧૯૫ બૃંહણ નસ્ય યોગ્ય દર્દી	,,
૧૯૬ પક્ષઘાત વગેરે દર્દો ઉપર નસ્ય.	૪૯૬
૧૯૭ પ્રતિમર્શ નસ્યની માત્રાનું પ્રમાણ	૪૯૬
૧૯૮ બિંદુ સંજ્ઞક માત્રા	,,
૧૯૯ પ્રતિમર્શ નસ્યનો સમય	૪૯૭
૨૦૦ સારી રીતે પ્રતિમર્શ નસ્ય અપાયલાનું લક્ષણ	,,
૨૦૧ પ્રતિમર્શ નસ્યની ક્રિયા કરવા લાયક દર્દી	,,
૨૦૨ પળિયાના રોગ ઉપરનસ્ય	૪૯૮
૨૦૩ નસ્યનો વિધિ.	,,
૨૦૪ નસ્ય આપવા પછીના નિયમો	,,
૨૦૫ નસ્યના સાધારણ પ્રકાર	૪૯૯
૨૦૬ નસ્ય કર્મમાં તજવા યોગ્ય કામો	૪૯૯
૨૦૭ નસ્યના શુદ્ધાદિક ભેદ	,,
૨૦૮ ઉત્તમ શુદ્ધિનાં લક્ષણો	,,
૨૦૯ હીન ,, ,,	૫૦૦
૨૧૦ અતિ ,, ,,	,,
૨૧૧ હીન વગેરે શુદ્ધિઓની ચિકિત્સા	,,
૨૧૨ અતિ સ્નિગ્ધનાં લક્ષણ	,,
૨૧૩ નસ્ય ક્રિયામાં પથ્ય	૫૦૧
૨૧૪ પંચ કર્મોની સંખ્યા	,,
૨૧૫ ધૂમપાનના પ્રકાર	,,
૨૧૬ શમનાદિ ધૂપનાં પર્યાય નામો	,,
૨૧૭ ધૂમપાન યોગ્ય દર્દીનાં ચિન્હ	૫૦૨
૨૧૮ ધૂમપાનથી થતા વિકારોની શાંતિ	,,
૨૧૯ ધૂમપાનનો સમય, લક્ષણ	,,
૨૨૦ ધૂમપાન પ્રયોગની અસર	૫૦૩
૨૨૧ ધૂમપાનની નળીનું પ્રમાણ	,,
૨૨૨ ધૂમપાન માટે દીપિકા વિધાન	૫૦૪
૨૨૩ ધૂમપાનમાં કયા ઓષધોનો કલ્ક વાપરવાનું વિધાન	,,
૨૨૪ બાળગ્રહનાશક ધૂપ	૫૦૫

વિષય	પૃષ્ઠ
૨૨૫ ધૂમપાનના પરિહાર	૫૦૫
૨૨૬ ગંડૂષ, કવળ, પ્રતિસારણની રીત	૫૦૬
૨૨૭ સ્નેહાદિ ગંડૂષની વિકાર ઉપર યોજના	,,
૨૨૮ ગંડૂષ અને કવળમાં તફાવત શો ?	,,
૨૨૯ ગંડૂષ અને કવળના ઓષડોનું પ્રમાણ	,,
૨૩૦ ગંડૂષ કરાવવાને ઉમરનું પ્રમાણ	૫૦૭
૨૩૧ ગંડૂષ ધારણનો બીજો પ્રકાર	,,
૨૩૨ વાયુવિકાર ઉપર સ્નૈહિક ગંડૂષ	,,
૨૩૩ પિત્તવિકાર ઉપર શમન સંજ્ઞક ગંડૂષ	,,
૨૩૪ વ્રણવિકાર વગેરે દરદો પર મધુ ગંડૂષ	,,
૨૩૫ વિષવિકાર પર ગંડૂષની યોજના	૫૦૮
૨૩૬ દાંત હાલતા હોય તે પર ગંડૂષની યોજના	,,
૨૩૭ મુખ શોષ પર ગંડૂષની યોજના	૫૦૦
૨૩૮ કફ રોગ ઉપર	,,
૨૩૯ કફ અને રક્તપિત્ત પર	,,
૨૪૦ મ્હોં આવ્યા પર	,,
૨૪૧ ગંડૂષની માફક પ્રતિસારણ અને કવલ	૫૦૯
૨૪૨ કવલનો પ્રકાર	,,
૨૪૩ પ્રતિસારણના પ્રકાર	,,

વિષય	પૃષ્ઠ
૨૪૪ પ્રતિસારણ ચૂર્ણ	૫૦૯
૨૪૫ ગંડૂષાદિમાં હીનયોગ વગેરે થવાથી થતા વિકાર	,,
૨૪૬ શુદ્ધ ગંડૂષના ગુણ	૫૧૦
૨૪૭ લેપ બનાવવાની રીત	,,
૨૪૮ દોષઘ્ન લેપની રીત	૫૧૧
૪૯ દાહ શાંતિ માટે લેપ	,,
૨૫૦ દશાંગલેપ	,,
૨૪૧ વિષઘ્ન લેપ	,,
૨૫૨ ,,	૫૧૨
૨૫૩ મુખ કાંતિવર્દ્ધક લેપ	,,
૨૫૪ ,,	,,
૨૫૫ મ્હોંના ખીલ માટે લેપ	,,
૨૫૬ વ્યંગરોગ પર લેપ	,,
૨૫૭ મ્હોં પરની કાળાસ માટે લેપ	,,
૨૫૮ ખીલ વગેરે દર્દ માટે લેપ	,,
૨૫૯ અરૂંખિકા માટે લેપ	,,
૨૬૦ ,,	,,
૨૬૧ દારૂણ રોગ માટે લેપ	૫૧૪
૨૬૨ ,,	,,
૨૬૩ ઇન્દ્રલુપ્ત માટે લેપ	,,
૨૬૪ ,,	,,
૨૬૫ કેશવૃદ્ધિ માટે લેપ	,,
૨૬૬ વાળ ઉગવાનો લેપ	૫૧૫
૨૬૭ ટાલ માટે (ઉદરીનો) લેપ	
૨૬૮ વાળ કાળા કરવાનો	,,
૨૬૯ ,,	,,
૨૭૦ ,,	૫૧૬
૨૭૧ ,,	,,
૨૭૨ ,,	,,

	વિષય	પૃષ્ઠ
૨૭૩	કેશનાશક પ્રયોગ	૫૧૭
૨૭૪	,,	,,
૨૭૫	ધોળા કોઢ ઉપર લેપ	,,
૨૭૬	,,	,,
૨૭૭	,,	,,
૨૭૮	વિભૂત માટે ,,	,,
૨૭૯	,, ,,	૫૧૯
૨૮૦	નેત્રરોગ પર ,,	,,
૨૮૧	,,	,,
૨૮૨	ખુજલી વગેરે ઉપર લેપ	,,
૨૮૩	દાદર ખુજલી, ખસ માટે	,,
૨૮૪	,,	,,
૨૮૫	રક્તપિત્ત વગેરે ઉપર	,,
૨૮૬	ઉદર્દ રોગ ઉપર ,,	,,
૨૮૭	વાતવિસર્પ વગેરે ઉપર	૫૨૧
૨૮૮	પિત્ત વિસર્પ ,,	,,
૨૮૯	કફ ,,	,,
૨૯૦	,,	,,
૨૯૧	પિત્ત વાતરક્તપર લેપ	,,
૨૯૨	નસકોરી ફુટ્યાપર ,,	૫૨૨
૨૯૩	વાતકોપની શિરપીડાપર	,,
૨૯૪	,, ,,	,,
૨૯૫	પિત્તજન્ય ,,	,,
૨૯૬	કફજન્ય ,,	,,
૨૯૭	,, ,,	૫૨૩
૨૯૮	સૂર્યાવર્ત્ત આધાશીશીપર લેપ. ,,	,,
૨૯૯	સંપૂર્ણ શિરરોગ માટેલેપ	૫૨૩
૩૦૦	,, ,,	,,
૩૦૧	બેઉ જાતના લેપોની ઉંચાઇના પ્રકાર.	,,
૩૦૨	લેપનાં સ્થાન	૫૨૪
૩૦૩	સાધારણ વિષયમાં લેપનો નિષેધ.	,,
૩૦૪	રાતે લેપ ન કરવાનું કારણ.	,,
૩૦૫	વ્રણપર લેપના પ્રકાર	૫૨૫
૩૦૬	વ્રણમાં વાયુના સોજા પર લેપ	,,
૩૦૭	પિત્તના સોજાપર લેપ	,,
૩૦૮	કફના ,,	,,
૩૦૯	આગંતુક તથા રક્તજન્ય સોજાપર લેપ.	૫૨૬
૩૧૦	વ્રણ પાકવાનો લેપ.	,,
૩૧૧	પાકેલા ગુંબડાને ફોડવાનો લેપ.	,,
૩૧૨	,, ,,	,,
૩૧૩	,, ,,	૫૨૭
૩૧૪	વ્રણ શોધન લેપ	,,
૩૧૫	વ્રણ શોધન રોપણ માટે લેપ.	,,
૩૧૬	વ્રણ સંબંધી કૃમીનો નાશ કરવા માટે લેપ	,,
૩૧૭	વ્રણ શોધન રોપણ ,,	,,
૩૧૮	ઉદર શૂલપર ,,	૫૨૮
૩૧૯	વાતવિદ્રધિનો ,,	,,
૩૨૦	પિત્ત ,, ,,	,,
૩૨૧	કફ ,, ,,	,,
૩૨૨	આગંતુક ,, ,,	,,
૩૨૩	વાત ગળગંડપર ,,	૫૨૯
૩૨૪	કફ ,, ,,	,,
૩૨૫	અપચીપર ,,	,,
૩૨૬	ગંડમાળ અર્બુદ અને ગળગંડ માટે લેપ	,,

વિષય	પૃષ્ઠ
૩૨૭ અપબાહુકપર લેપ.	૫૩૦
૩૨૮ હાથીપગા રોગ ઉપર લેપ	,,
૩૨૯ કુરંડ ઉપર લેપ.	,,
૩૩૦ ઉપદંશ ,,	,,
૩૩૧ ,, ,,	,,
૩૩૨ ,, ,,	૫૩૧
૩૩૩ અગ્નિદગ્ધ ઉપર ,,	,,
૩૩૪ ,, ,,	,,
૩૩૫ યોનિસંકોચન માટે ,,	,,
૩૩૬ ,, ,,	૫૩૨
૩૩૭ ,, ,,	,,
૩૩૮ લિંગ તથા સ્તન વૃદ્ધિ માટે. ,, ,,	,,
૩૩૯ ,, ,,	,,
૩૪૦ યોનિતેદ્રાવણ લેપ	૫૩૩
૩૪૧ શરીરની દુર્ગંધ માટે ,,	,,
૩૪૨ ,, ,,	,,
૩૪૩ વશીકરણ ,,	,,
૩૪૪ માથાપર તેલ ઘસવાના પ્રકાર	૫૩૪
૩૪૫ શિરોબસ્તીની રીત	,,
૩૪૬ શિરોબસ્તીના પ્રકાર	,,
૩૪૭ શિરોબસ્તી ધારણ કરવાનું કારણ	૫૩૫
૩૪૮ શિરોબસ્તી ધારણ કરવાનો સમય ,,	,,
૩૪૯ શિરોબસ્તી કર્યા પછીનું વિધાન ,,	,,
૩૫૦ શિરોબસ્તી ધારણ કરવાથી દૂર થતા રોગો,,	,,
૩૫૧ કાનમાં ઓષડ નાખવાની રીત	,,
૩૫૨ કાનમાં ઓષડ નાખ્યા બાદ રાખવાનો સમય	૫૩૬
૩૫૩ માત્રાનું પ્રમાણ	,,
૩૫૪ રસ તથા તેલ વગેરે પદાર્થ કાનમાં નાખવાનો સમય.	,,
૩૫૫ કર્ણશૂળ પર ઓષડ	,,
૩૫૬ ,, ,,	,,
૩૫૭ ,, ,,	,,
૩૫૮ ,, ,,	૫૩૭
૩૫૯ ,,	,,
૩૬૦ કર્ણશૂળપર દીપિકા તેલ	,,
૩૬૧ ,, શ્યોનાક ,,	૫૩૮
૩૬૨ કર્ણનાદ પર ,,	,,
૩૩૬ ,, લેપ	,,
૩૬૪ બહેરાપણ ઉપર અપામાર્ગ તેલ	૫૩૯
૩૬૫ કર્ણનાડીપર શંબુક તેલ	,,
૩૬૬ કર્ણસ્રાવપર ઓષડ	,,
૩૬૭ પંચકષાય સંજ્ઞક ઓષડોનાં નામ	,,
૩૬૮ કર્ણસ્રાવપર ઓષડ	૫૪૦
૩૬૯ ,,	,,
૩૭૦ કર્ણકીટ નાશક તેલ	,,
૩૭૧ ,, લેપ	,,
૩૭૨ રક્તસ્રાવનો વિધિ	૫૪૧
૩૭૩ રક્તસ્રાવનો સામાન્યપ્રકાર	,,
૩૭૪ રક્તનું સ્વરૂપ	,,
૨૭૫ રૂધિરમાં પૃથિવ્યાદિ ભૂતોના ગુણ	,,
૩૭૬ રૂધિરવિકારના લક્ષણ	૫૪૨
૩૭૭ રૂધિરવૃદ્ધિનાં લક્ષણ	,,

વિષય	પૃષ્ઠ
૩૭૮ રૂધિરની ક્ષીણુતાનાં,,	,,
૩૭૯ વાયુ કોપથી બગડેલા લોહીનાં લક્ષણુ	,,
૩૮૦ પિત્તકોપથી ,,	,,
૩૮૧ કફકોપથી ,,	૫૪૩
૩૮૨ બે ત્રણુ દોષથી દૂષિત થયેલા લોહીનાં ચિન્હ.	,,
૩૮૩ વિષદૂષિત લોહીનાં લક્ષણુ	,,
૩૮૪ શુદ્ધ લોહીનાં લક્ષણુ	,,
૩૮૫ રૂધિરસ્ત્રાવ લાયક દર્દી	,,
૩૮૬ રક્તસ્ત્રાવના પ્રકાર	૫૪
૩૮૭ લોહી કહાડવામાં નાલાયક દર્દિ	,,
૩૮૮ વાતાદિ વિકારથી દૂષિત થયેલું લોહી કહાડવાનો પ્રકાર	૫૪૫
૩૮૯ શિંગડાં વગેરેથી લોહી કહાડવાનો નિયમ	,,
૩૯૦ દરદીના શરીરમાંથી રક્તસ્ત્રાવ ન થાય તેનાં કારણુ	,,
૩૯૧ રક્તસ્ત્રાવ ન થવા ઉપર ઓષડ	૫૪૬
૩૯૨ રક્તસ્ત્રાવનો સમય	,,
૩૯૩ અત્યંત રક્તસ્ત્રાવ થવાનું કારણુ	,,
૩૯૪ અત્યંત રક્તસ્ત્રાવ થવા ઉપર ઉપાય	૫૪૬
૩૯૫ ડામ દેવાથી નાશ થતાં દર્દો	૫૪૭
૩૯૬ રૂધિર કહાડયા પછી બાકી રહેલ લોહીના ગુણુ	,,
૩૯૭ લોહીથી શરીરાદિ ઉત્પત્તિ પ્રકાર	,,
૩૯૮ લોહી કહાડયા પછીના ઉપદ્રવોનો ઉપાય	,,
૩૯૯ રક્તસ્ત્રાવ ઉપર પથ્ય	,,
૪૦૦ ઉત્તમ રીતથી રક્તસ્ત્રાવ થવાનાં લક્ષણુ	,,
૪૦૧ રક્તસ્ત્રાવ પછી વર્જિત પદાર્થો	,,
૪૦૨ નેત્રરોગ ઉપર ઉપચારો	૫૪૯
૪૦૩ શેકનું વિધાન	,,
૪૦૪ સ્નેહાદિ ભેદથી શેકના ત્રણુ પ્રકાર	૫૫૦
૪૦૫ શેકની માત્રાનું પ્રમાણુ	,,
૪૦૬ શેક કરવાના પ્રકાર	,,
૪૦૭ વાતાભિષ્યંદ ઉપર શેક	,,
૪૦૮ ,,	,,
૪૦૯ રક્તપિત્ત તથા અભિઘાતક ઉપર લેપ ,,	૫૫૧
૪૧૦ રક્તાભિષ્યંદ પર શેક	,,
૪૧૧ ,, ,,	,,
૪૪૨ નેત્રશૂળ નાશક શેક	,,
૪૧૩ અશ્ચોતનનાં લક્ષણુ	૫૫૨
૪૧૪ નેત્રોમાં ટીપાં નાખવાનું પ્રમાણુ	,,
૪૧૫ વાતજન્ય નેત્ર રોગ ઉપર ટીપાનાં પ્રમાણુ	,,
૪૧૬ અશ્ચોતન કર્મની માત્રાનું પ્રમાણુ	,,
૪૧૭ વાતાભિષ્યંદ ઉપર અશ્ચોતન કર્મ.	૫૫૪

વિષય	પૃષ્ઠ	વિષય	પૃષ્ઠ
૪૧૮ વાત અને રક્તપિત જન્ય અભિષ્યંદ ઉપર અશ્ચોતન કર્મ.	,,	૪૪૧ તર્પણુની માત્રાનુ પ્રમાણુ.	,,
૪૧૯ નેત્રના સંપૂર્ણુ અભિષ્યંદ રોગ ઉપર ટીપાં.	,,	૪૪૨ તર્પણુ પ્રયોગથી કફ કોપ ઉપર ઉપાય.	,,
૪૨૦ રક્તપિત્તાદિ જન્ય અભિષ્યંદ ઉપર અશ્ચોતન.	,,	૪૪૩ તર્પણુ પ્રયોગમાં દિવસોનું પ્રમાણુ.	૫૫૯
૪૨૧ પિંડીનો વિધિ,	,,	૪૪૪ તર્પણુ પ્રયોગથી નેત્ર તૃપ્તિનાં લક્ષણુ.	,,
૪૨૨ કફાભિષ્યંદ ઉપર શિરોવિરેચન.	૫૫૪	૪૪૫ તર્પણુ પ્રયોગ અધિક થવાનાં લક્ષણુ.	,,
૪૨૩ અધિમંથ રોગ ઉપર બીજો ઉપાય.	,,	૪૪૬ હીન તર્પણુ પ્રયોગનાં લક્ષણુ.	,,
૪૨૪ અભિષ્યંદનો વિધિ.	,,	૪૪૭ અધિક અને હીન તર્પણુ પ્રયોગના ઉપાય.	,,
૪૨૫ બીજી રીત.	,,	૪૪૮ પુટપાકનું વિધાન.	૫૬૦
૪૨૬ ,,	૫૫૫	૪૪૯ પુટપાકના રસને આંખમાં નાખવાનું વિધાન.	,,
૪૨૭ કફાભિષ્યંદ ઉપર પિન્ડી	,,	૪૫૦ સ્નેહાદિ ભેદોથી પુટપાકની યોજના.	,,
૪૨૮ કફપિત્તાભિષ્યંદ ઉપર પિન્ડી.	,,	૪૫૧ સ્નેહન પુટપાકનો વિધિ.	,,
૪૨૯ રક્તાભિષ્યંદ ઉપર.	,,	૪૫૨ લેખન પુકપાકનો વિધિ.	૫૬૧
૪૩૦ સોજો ખુજલી વગેરે.	,,	૪૫૩ રોપણુ પુટપાકનો વિધિ.	૫૬૧
૪૩૧ બિડાલક લેપનો વિધિ.	,,	૪૫૪ અંજન વિધાન.	,,
૪૩૨ સર્વ નેત્ર રોગો ઉપર લેપ.	૫૫૬	૪૫૫ અંજનનાં ભેદ.	૫૬૨
૪૩૩ ,, ,,	,,	૪૫૬ ગુટિકાદિ ભેદથી અંજનના પ્રકાર.	,,
૪૩૪ ,, ,,	,,	૪૫૭ અંજન પ્રયોગમાં અયોગ્યમાં દર્દી.	,,
૪૩૫ ,, ,,	,,	૪૫૮ અંજનમાં ગુટિકા વગેરેનું પ્રમાણુ	૫૬૩
૪૩૬ અર્મરોગ ઉપર લેપ.	૫૫૭	૪૫૯ અંજનમાં રસનુ પ્રમાણુ.	,,
૪૩૭ અંજનનામિકા ,,	,,	૪૬૦ વિરેચન અંજનમાં ચૂર્ણુનુ પ્રમાણુ.	,,
૪૩૮ નેત્ર રોગ ઉપર તર્પણુ.	,,		
૪૩૯ તર્પણુ પ્રયોગ કયારે થઇ શકે ?	,,		
૪૪૦ તર્પણુ પ્રયોગનું વિધાન.	૫૫૮		

વિષય	પૃષ્ઠ
૪૬૧ શલાકા બનાવવાનું વિધાન.	,,
૪૬૨ લેખન વગેરે પ્રયોગમાં શલાકાનું પ્રમાણ.	,,
૪૬૩ અંજન કરવાનો સમય.	૫૬૪
૪૬૪ ચંદ્રોદય વર્તીનું વિધાન.	,,
૪૬૫ ફૂલા વગેરે ઉપર ગુટિકા.	,,
૪૬૬ ,, ,,	૫૬૫
૪૬૭ તંદ્રાનો નાશ કરવા દંતવર્તીનું વિધાન.	,,
૪૬૮ તંદ્રા દૂર કરવાને માટે લેખનવર્તિ પ્રયોગ.	,,
૪૬૯ રોપણી કુસુમિકાવર્તિ.	,,
૪૭૦ રતાંધળાપણા ઉપર ,,	૫૬૬
૪૭૧ નેત્રસ્રાવ ઉપર સ્નેહ ,,	,,
૪૭૨ રસક્રિયા.	,,
૪૭૩ ફૂલાના દર્દ ઉપર રસક્રિયા.	૫૬૭
૪૭૪ અતિનિદ્રાનાશક ,,	,,
૪૭૫ તંદ્રાનાશક ,,	,,
૪૭૬ સન્નિપાત ઉપર ,,	,,
૪૭૭ નેત્રમાં દાહ વગેરે ઉપર ,,	,,
૪૭૮ નેત્રની પાંપણ વગેરે વિકાર ઉપર રોપણી રસક્રિયા.	૫૬૮
૪૭૯ તિમિર રોગ ઉપર રસક્રિયા.	૫૬૮
૪૮૦ અંજનમાં પુનર્નવાનો પ્રયોગ.	,,
૪૮૧ નેત્રસ્રાવ ઉપર રસક્રિયા.	૫૬૯
૪૮૨ ,, બીજો પ્રયોગ.	,,

વિષય	પૃષ્ઠ
૪૮૩ નેત્રશુદ્ધિ માટે સ્નેહન રસક્રિયા.	,,
૪૮૪ શિરોત્પાત રોગ ઉપર અંજન.	,,
૪૮૫ અંધાપા ,, રસક્રિયા.	,,
૪૮૬ લેખન ચૂર્ણાંજન.	૫૭૦
૪૮૭ રતાંધળાપણા ઉપર લેખન ચૂર્ણ.	,,
૪૮૮ નેત્રની ખુજલી વગેરે ઉપર લેખન ચૂર્ણ.	,,
૪૮૯ સર્વનેત્ર રોગ ઉપર મૃદુ ચૂર્ણાંજન.	,,
૪૯૦ ,, સૌવીરાંજન.	૫૭૧
૪૯૧ સીસાની શલી બનાવવાની રીત.	,,
૪૯૨ પ્રત્યાંજન કરવાની ,,	૫૭૨
૪૯૩ આંખમાં વિકાર હોવાથી આંખ ધોવાનો નિષેધ.	,,
૪૯૪ પ્રત્યંજન ચૂર્ણ.	,,
૪૯૫ સર્પવિષ ઉપર અંજન.	,,
૪૯૬ ,, ,,	૫૭૩
૪૯૭ ,, ,,	,,
૪૯૮ હથેળીથી નેત્ર સ્પર્શ કરવાનો ગુણ.	,,
૪૯૯ શીતોદક છાંટવાના ગુણ.	,,
૫૦૦ ગ્રંથનું સમૂલત્વ સૂચક વર્ણન.	,,
૫૦૧ ગ્રંથના અભ્યાસનું ફળ.	૫૭૪
૫૦૨ કળિયુગમાં સંહિતાનો અભ્યાસ.	,,

॥ ॐ ॥

→ શ્રી ધન્વન્તરયે નમઃ ←

विशद वैद्यविद्याविशारद शार्ङ्गधरजी विरचित.

शार्ङ्गधर-संहिता.

(શુદ્ધ-સરલ ગુજરાતી ભાષાન્તર સહિત.)

પૂર્વખંડ-અધ્યાય પહેલો.

આશિર્વાદાત્મક મંગલાચરણ.

(ઉપેંદ્રવજા છંદ.)

श्रियं स दद्याद्भवताम्पुरारि-र्यदङ्गतेजःप्रसरे भवानी ॥
विराजते निर्मलचन्द्रिकायां महौषधीव ज्ज्वलिता हिमाद्रौ. १

હિમાલય પર્વતની અંદર અત્યંત દેદીપ્યમાન સજીવની વગેરે મહાન્ ઔષધિયો, જેમ નિર્મલ ચંદ્રમાની ચાંદનીમાં શોભાને પ્રાપ્ત થાય છે, તેમજ જેમના તેજસમૂહમાં એટલે કે અર્ધાંગમાં મહારાણી શ્રી **પાર્વતીજી** બિરાજમાન-શોભિત છે, એવા **શ્રી મહાશિવજી** તમો (વાંચકો-ઉપાસકો) ને કલ્યાણ-લક્ષ્મી આપો.

આમાં કવિયે ગંભીર ભાવાર્થ ભર્યા છે કે-ઘણું કરીને વૈદ્યોને પર્વત અને ઔષધિયોથીજ કાર્ય રહેલું છે. પર્વતની અર્ધાંગના રૂપ ઔષધિયો છે, અને ઔષધિયોનું અંગ પર્વત છે, એથી શ્રી શિવજીના અંગને હિમાચળની અને પાર્વતીજીના શરીરને દીવ્ય ઔષધિયોની ઉપમા આપી પોતાનું અભિષ્ટ જાહેર કર્યું છે. અર્ધાંગી અનૂપમ સ્વરૂપ નિરાકાર નિર્વિકાર જગદાધાર સદાશિવ ભગવાને અનાદિ રચનાદિ એક-

ત્વલોપ કરીને અનેકત્વ પ્રકાશ કરવાની ઈચ્છા વખતે અદૃશ્ય પ્રકૃતિ પુરૂષ સંયુક્ત દૃશ્યમાન અર્ધાંગના સ્વરૂપ ધારણ કરેલ છે. એ સ્વરૂપની ઉપમા કિંવા મહીમા વેદશાસ્ત્ર પુરાણ કાવ્ય વગેરે પણ કથન કરી શકતાં નથી; કેમકે તે એકજ સ્વરૂપ છે. એ સ્વરૂપની ઉપમા ઉપમા રહિતજ છે, જેથી રૂપ સંયુક્ત કરતાં થઈ શકતી નથી, અને દ્વૈ ઉપમાથી દ્વૈત ભાવિત થાય છે; એ માટે પરમેશ્વર શિવજીના વિભૂતિ વિભૂષિત તેજ પ્રસારિત અંગને હિમાચળની ઉપમા અને પરમેશ્વરી પાર્વતીજીના કનકવર્ણાંગને મહોષધિની ઉપમા ઘટાવવામાં આવી છે. એથી હિમાદ્રિ ગુણ શીતળતા ભવાનીજીના મુખચંદ્રની ચાંદનીમાં ઘટાવી, અને ઔષધિની પ્રકાશતા ભગવાન શિવજીના તેજમાં ઘટાવી. તેજ અને ચાંદની એકજ જગોએ હોવી અસંગત છે; પણ અહિયાં તો એ બેઉ સમાન પ્રકાશ કરે છે; કેમકે ભગવતીજીની શીતળ ચાંદની વડે સદા શાંતમૂર્તિ સતોગુણી શ્વેત–કર્પૂરવર્ણ વિશ્વનાથશોભિત થઇ રહેલ છે અને ભગવાનના તેજવડે કરીને ત્રૈલોક્યજનની શ્રી પાર્વતીજી કંચનવર્ણ દેદીપ્યમાન થઇ રહેલ છે; અર્થાત્ બન્ને ઉપમા અર્ધાંગની સૂચનારૂપજ થઇ; કેમકે પ્રકૃતિની ઉપમાના ગુણ પુરૂષમાં પ્રાપ્ત થયા અને પુરૂષની ઉપમાના ગુણ પ્રકૃતિમાં પ્રાપ્ત થયા. બીજા રૂપે એવો અર્થ પણ ઘટી શકે છે કે–કવિયો પોતાના ઇષ્ટદેવને મંગલાચરણમાં યાચ્યમાન થઇ ગ્રંથને ઘટિત કરે છે કે મહાદેવજીનું તેજ ઉષ્ણ પિત્તાધિપતિ, પાર્વતીજીની ચાંદની શીતળ શ્લેષ્માધિપતિ અને પ્રસારણ ધર્મ અથવા ભુજંગભૂષણ વડે વાય્વધિપતિ જેમ ગૌરીશંકર શોભારૂપી એ ત્રણે ગુણોથી સદા અલંકૃત છે, તેમ આ શારંગધર ગ્રંથ પણ વાત–પિત્ત–કફ એ ત્રણેના વર્ણનથી શોભાયમાન છે. જેમ હિમાચળ મહાન્ ઔષધિયો વડે પ્રકાશવંત છે, તેમ આ શારંગધર પણ મહાન્ ઓષડોથી પ્રકાશવંત છે તેથી આ ગ્રંથના જાણનારને હમેશાં આ ગ્રંથ લક્ષ્મી અને યશદાયીજ નીવડશે. ૧

(ગ્રંથ સંબંધ અને પ્રયોજન.)

प्रसिद्धयोगा मुनिभिः प्रयुक्ताश्चिकित्सकैर्ये बहुशोनुभूताः ॥
विधीयते शार्ङ्गधरेण तेषां सुसंग्रहः सज्जनरंजनाय. ॥ २ ॥

ચરક અને સુશ્રુત વગેરે મુનિશ્વરોએ કહેલા અને પ્રાચીન સદ્વૈદ્યોએ વારંવાર નામ રીતિ તથા યોજનાદિ વડેથી પૂરેપૂરી રીતે અજમાવી જોએલા પ્રખ્યાત યોગો (ઓષડ સંબંધી ઉપાયો) નો સંગ્રહ

કરીને હું શારંગધર સજ્જનોના મનરંજન માટે આ શારંગધર નામનો ગ્રંથ પ્રકટ કરૂં છું.

આ કથનથી શારંગધરે પોતાના ગ્રંથની ઉત્તમતા, પ્રમાણિકતા અને અન્ય ગ્રંથો કરતાં ઉત્કૃષ્ટતા સિદ્ધ કરી બતાવી છે; કેમકે ચરક ને સુશ્રુત જેવા આદિ વૈદ્યાચાર્યોના કહેલા ઉપાયો જ્યાંથી હાથ લાગ્યા ત્યાંથી લઇ શુદ્ધ ને સિદ્ધ કરી હું લખું છું-આ કથનથી એ સિદ્ધ કર્યું કે મેં જેવા તેવાના કહેલા ઉપાયો એકઠા કર્યા નથી; પણ મહાન્ પ્રમાણિક મહર્ષિયોના કહેલાજ મેળવ્યા છે એ માટે આ ગ્રંથ ઉત્તમ છે. તથા ભૂત-ભવિષ્ય-વર્તમાન-એ ત્રણે કાળની વાતને જાણુ-નારા મુનીશ્વરોના કહેલા પ્રયોગો સત્યજ છે, એ આ ગ્રથમાં છે. આ ધ્વની વડે ગ્રંથ પ્રમાણિક છે એમ સિદ્ધ કરી બતાવ્યું. અને સારા વૈદ્યોના અનુભવેલા ઉપાયો પણ આમાં વિદ્યમાન છે, આમ કહેવાથી બીજા બધા ગ્રંથો કરતાં આ ગ્રંથ સર્વોત્કૃષ્ટ છે-એ સિદ્ધ કર્યું. ૨

(વૈદ્યોએ શું શું જાણવું જોઇએ ?)

हेत्वादिरूपाकृतिसाम्यजातिभेदैः समीक्ष्यातुरसर्वरोगान् ॥
चिकित्सितं कर्षणबृंहणाख्यं कुर्वीतवैद्योविधिवत्सुयोगैः ॥३॥

વૈદ્યે પહેલાં હેતુ એટલે કે-જેનાથી રોગ પેદા થયો હોય તે **નિદાન**-મૂળકારણ જાણવું જોઇયે. જેમકે માટી ખાવાથીજ પાંડુ, કમળો થાય છે. એવી રીતે દરેક રોગ થવાનું મૂળકારણ જાણવું. તે પછી આદિરૂપ એટલે કે-રોગ પેદા થતાં પહેલાં બગાસાં આવવાં ફાટ-કળતર-બળતર-થવી અથવા અરૂચિનું વધી પડવું, વગેરે લક્ષણો થાય છે તે ધ્યાનમાં લેવાથી આ અમુક રોગનાંજ લક્ષણ છે-એમ નિશ્ચય થવો તેને **પૂર્વરૂપ** કહે છે, તેનું પૂર્ણ જ્ઞાન મેળવવું. તે પછી આકૃતિ એટલે કે-રોગોનાં સાફ લક્ષણ જણાય અર્થાત્ તરશ-બેભા-નપણું-ભ્રાંતિ-બળતર-ઉંઘનું ન આવવું વગેરે ખુલ્લાં લક્ષણ જાણી રોગને કળી લેવો તેને **રૂપ કહે** છે, તેનું ઉત્તમ જ્ઞાન મેળવવું. તે પછી સાત્મ્ય એટલે કે-ઓષડ આહાર વિહાર વગેરે રોગીની પ્રકૃ-તિને માફક આવનારા-સુખકારી ઉપાય કરવા તેને **સાત્મ્ય-ઉપશય** કહે છે, તેનું ખૂબ જ્ઞાન હાથ કરવું. તે પછી જાતિ એટલે કે-જે કારણોને લઇને વાતપિત્તાદિ દોષો કોપીને ઉંચા નીચા કે તિર્છા-જેવી રીતે વિચરવાથી જે રોગ પેદા થાય તે કારણ તથા તે દુષ્ટદોષનું

વિચરવું વગેરે તમામનું ખરૂં હોવાથી જે આનુપુર્વિક જ્ઞાન તેને **જાતિ અથવા સંપ્રાપ્તિ** કહે છે, તે પણ ઠીક ઠીક જાણવું જોઇયે. તે પછી એ ભેદોને જાણી લઈ તેની મારફત રોગીના રોગનો તમામ અહેવાલ ધ્યાનમાં લઈ પછી શાસ્ત્રની રીતિ મુજબ ઉત્તમ પ્રકારના ઉપાયો વડે **કર્ષણ** એટલે કે-શરીરની અંદર વધી પડેલા વાતાદિ દોષોને ઓપડો. કરીને ઓછા કરવા; તેમજ **બૃંહણ** એટલે કે અતિ ક્ષીણ દોષોને પુષ્ટ કરવા. એ તમામ બાબતોનું પૂર્ણ જ્ઞાન મેળવી દર્દીનાં દર્દ દૂર કરવા વિધિ મુજબ ઉપાય આદરવા. (**વાગ્ભટ્ટ કહે છે** કે-જે વૈદ્ય દોષોનો કોપ જાણ્યા વગર ઉપાય આદરે તો તે વૈદ્ય કદી સફળતા મેળવતોજ નથી, તથા સુખ-યશ-લક્ષ્મી કે સદ્-ગતિ પણ પ્રાપ્ત કરી શકતો નથી. મતલબ એજ કે રોગોનું રૂપ વગેરે જાણ્યા વિના ઉંટવૈદ્ય રૂપ ઉપાય કરે તેથી રોગીનો રોગ મટે નહીં; તો પછી તેને યશ કે પૈસો ક્યાંથી મળે ? અને પૈસો ન મળે ત્યારે સારી ગતિ-સ્થિતિ પણ ક્યાંથી થઈ શકે? માટેજ હેત્વા-દિરૂપવડે રોગીની પહેલાં પરીક્ષા કરીને પછી રોગ મટવા માટેના ઉપાય કરવા.) તેમાં પણ વાગ્ભટ્ટના કથન મુજબ રોગીને જોવાથી, અડકવાથી, પ્રશ્નો પૂછવાથી, અને નિદાન-પૂર્વરૂપ -રૂપ-ઉપશય તથા સંપ્રાપ્તિથી રોગની પરીક્ષા કરવી. હેતુ વગેરે પાંચ ભેદનો ખુલાસો કર્યો. હવે રૂપ વગેરે ત્રણનો ખુલાસો કરવામાં આવે છે. રૂપશબ્દના કહે-વાથી શરીરનું જાડું પાતળું થવું, તથા બળ-વર્ણ-વિકાર વગેરેની પરીક્ષા રોગીને જોવાથી કરવી. તથા જેના વડે બધાં કામ કરવામાં આવે છે તે ચામડી વડે ટાઢું-ઉન્હું-કોમળ-કઠોર વગેરેની પરીક્ષા કરવી. અને સાત્મ્ય શબ્દથી હિતકારી પદાર્થનું જાણવું એટલે કે પોતાને (દર્દીને) કઈ ચીજ હિતકારી છે-વગેરે પૂછીને ધ્યાનમાં લેવું. અથવા તો રોગીને કઈ ચીજ ખાવા-પીવા હરવા ફરવા માટેની ચાહના છે? વગેરે જાણી લઈ દોષકોપના ઘટાડા વધારાનું જ્ઞાન મળતાં કર્ષણ બૃંહણ ક્રિયા ઉપયોગમાં લેવી. આ મુજબ દર્શ-નાદિ ત્રણ પરીક્ષા કહી. હવે જાતિશબ્દના કહેવાથી બાકીની ઇંદ્રિ-યોની પરીક્ષા જાણી લેવી; કેમકે **સુશ્રુતની** અંદર રોગની પરીક્ષા ૭ પ્રકારની કહેલ છે-એટલે કે પાંચ શ્રોતાદિ ઇંદ્રિયોથી અને છઠ્ઠી પૂછવાથી પરીક્ષા કરવી. તેમાં દર્શનાદિ ત્રણ પરીક્ષા કહેવાઈ ગયેલી હોવાથી હવે શ્રોત-કાન વગેરેની પરીક્ષા કહેવામાં આવે છે. કાનવડે કરીને નીકળી ગયેલા શલ્યની જગોએથી લોહી નિકળવાના શબ્દની

પરીક્ષા કરવી. જીભવડે કરીને પ્રમેહ વગેરે રોગોમાં રસની પરીક્ષા કરવી. અને નાક વડે કરીને અરિષ્ટલિંગાદિ ગડ-ગુંબડ-ઘાના ગંધની પરીક્ષા કરવી. આ પ્રમાણે હેત્વાદિની વ્યાખ્યા કહી ગ્રંથકારે સમીક્ષ્યપદનો પ્રયોગ કર્યો છે તે એજ હેતુ માટે કે જે રોગો અથવા ઘણાક રોગો બરોબર રીતે જોવામાં આવ્યા નથી, તથા બરોબર રીતે તેનું બયાન કરવામાં આવેલું નથી, અને પૂર્ણપણે ધ્યાનમાં બેઠેલા નથી, અથવા તો જોઇયે તેટલી રીતે ખુલાસો પૂછવામાં આવ્યો નથી તેવા રોગો વૈદ્યને પણ મુંઝવી દે છે; માટેજ કહેવુ થયું છે કે વારંવાર પરીક્ષા મારફત રોગ કયો છે, એ નિશ્ચય કરવોજ જોઇયે. રોગનાશક કર્મ, વ્યાધિપ્રકાર અને ધાતુસાત્મ્યાર્થ ક્રિયા એ બધાં નામ ચિકિત્સા-ઔષધોપાયનાંજ છે. **ભાવમિશ્રે** કહેલું છે કે-દોષોના વિષમપણાનેજ રોગકહે છે. (અથવા તો વિજાતીય તત્વોના સંચયનેજ રોગ એવી સંજ્ઞા આપેલી છે.) અને દોષોના સમાનપણાને (સજાતીય પ્રાણોના એકત્વપણાને-અવિકારીપણાને) આરોગ્યતા કહે છે. ગ્રંથકારે મૂળમાં ' સુયોગૈ ! ' એ પદ પ્રયોગવડે એવું સૂચવેલું જણાય છે કે-ઉત્તમ દ્રવ્યો (ખનીજ કે વનસ્પતિ દ્રવ્યો) ના પ્રયોગ-ઉપાય વડે એટલે કે તુરત આરોગ્ય કરનારાં ઓષડોથી વૈદ્યે રોગીનો રોગ દૂર કરવો. ૩.

(ઔષધીઓનો પ્રભાવ કેવો છે? તે કહે છે.)

दिव्यौषधीनां बहवः प्रभेदा वृन्दारकाणामिव विस्फुरंति ॥
ज्ञात्वेति संदेहमपास्य धीरैः संभावनीया विविध प्रभावा ः॥४॥

જેમ દેવતાઓના પાર વગરના ભેદ અને ઉત્કૃષ્ટ પ્રભાવ છે, તેમ દિવ્યૌષધિયોના પણ અનેક ભેદ અને અપાર શક્તિ પ્રકટ થાય છે. એવી રીતે જાણીને ગાંભીર્ય બુદ્ધિવાળા વૈદ્ય પોતાના ચિત્તની અંદરના સંદેહને દૂર કરીને આદર સહિત ઔષધોને વિધવિધ પ્રભાવવંત માની લ્યે. આમ કહેવામાં ધ્વની એજ છે કે-મણિ મંત્ર અને ઓષડોના પ્રભાવ અચિંત્ય છે. જે બહારના અને આત્માના ભાવોને હિતાહિતકારી છે તેનુંજ નામ ધીર છે. અહીયાં ધીર શબ્દ નિશ્ચયાર્થ જ્ઞાનને માટે છે. ૪.

(હવે કાર્યનું પ્રયોજન કહે છેઃ—)

स्वाभाविकागंतुककायिकान्तरा रोगा भवेयुः किलकर्मदोषजाः॥

मच्छेदनार्थं दुरितापहारिणः श्रेयोमयान्योगवरान्नियोजयेत् ॥५॥

સ્વાભાવિક રોગ એટલે કે સ્વભાવથીજ થનારા–ભૂખ–તરશ–ઘડ-પણુ–ઉંઘ વગેરેને **સ્વાભાવિક** વ્યાધિ કહેછે. આગંતુક એટલે કે સાપ વગેરેના દંશ વગેરે અભિઘાત નિમિત્તથી થનારા રોગને **આગંતુક**-આવી લાગનારા રોગ કહે છે. કાયિક એટલે કે શરીરમાં વાત પિત્તાદિ દોષની વિષમતા વડે કરીને પેદા થયેલા તાવ–રક્તપિત્ત–ખાંસી વગેરે રોગોને **શારીરિક** રોગ કહે છે. અને આંતરિક એટલે કે મનના વિકાર વડે પેદા થયલા ઘ્હેલછા, બેભાનપણું, વાઇ, ભૂતોન્માદ વગેરે માન-સિક રોગોને **આંતરીક** રોગ કહે છે. એમ ચાર જાતના કર્મવડે પેદા થનારા (કર્મજ) અને દોષ કોપથી પેદા થનારા (દોષજ) રોગ પેદા થાય છે. તેઓની શાન્તિને માટે દુઃખથી મુક્ત કરનારા અને પુણ્ય રૂપ જે ઉત્તમ ઉપાય હોય તેમની યોજના કરવી જોઇયે. 'યોગ-વરાન્' એ પદના પ્રયોગથી ગ્રંથકર્ત્તાનો ભાવ એ સમજાય છે કે ઋષિપ્રણીત ઉત્તમ ઉત્તમ ગ્રંથોના ઉત્તમ ઉત્તમ ઉપાય આ ગ્રંથની અંદર એકઠા કરી લીધેલ છે. ગ્રંથાંતરમાં ત્રણ જાતના રોગો બતા-વેલ છે એટલે કે–કર્મના કોપવાથી ૧, દોષોના કોપવાથી ૨, અને કર્મ તેમજ દોષો એ બેઉના સાથે કોપવાથી પ્રાણિયોના શરીરમાં કાયિક અને માનસિક રોગો પેદા થાય છે. હવે એ ત્રણેનાં જૂદાં જૂદાં લક્ષણો એવાં છે કેઃ પારકું ધન–થાંપણ અને દેવું ન દેવાથી, તથા ગુરૂની સ્ત્રીથી બદચલન કરવાથી અને બ્રાહ્મણ વગેરે પૂજ્ય જનોને માર-વાથી જે રોગ પેદા થાય છે તે રોગને **કર્મજ** રોગ કહે છે. એ રોગો વૈદ્યોની દવાઓથી સારા થતાજ નથી; પણ દાન દયા વડેથી–બ્રાહ્મ-ણ–ગાય વગેરેની સેવા કરવાથી, ગુરૂની આજ્ઞા પાળવાથી અથવા તો એમની સાથે નમ્રતા રાખવાથી, અને જપ–તપ ઇત્યાદિના કર-વાથી પૂર્વજન્મનાં સંચિત કરાએલાં પાપ વડે પેદા થએલા વ્યાધિ-યોનું શમન થાય છે. તથા જે વાત પિત્તાદિ દોષો પોતાના કાર-ણોથી બગડી બેસી આપસમાં મળીને આમ તેમ ચલન કરી વિકારને પેદા કરે છે તેને **દોષજ** રોગ કહેવાય છે. એ રોગ ઓષડ કરવાથી મટે છે. અને કર્મ તથા દોષોના મિલાપથી જે રોગ થાય છે તેને **કર્મદોષજ** કહેવાય છે. એની પણ દાનાદિક સત્કર્મોના કરવાથી કદા-ચિત્ કર્મદોષ ક્ષીણ થવાને લીધે કંઇક શાંતિ થાય છે; પણ મૂળ-માંથી મટતા જ નથી. ૫

(ગ્રંથ મહાત્મ્ય કથન-અનુષ્ટુપ્ છંદ.)

प्रयोगानागमात्सिध्धान् प्रत्यक्षादनुमानतः ॥
सर्वलोकहितार्थाय वक्ष्याम्यनतिविस्तरात् ॥ ६ ॥

તમામ મનુષ્યોના ફાયદાને માટે આ ગ્રન્થમાં પ્રત્યક્ષ, અનુમાન, અને શાસ્ત્ર એ ત્રણ પ્રમાણો વડે સિદ્ધ થયેલા પ્રયોગો (ઉપાયો) નું હું સંક્ષેપ સહ વર્ણન કરૂં છું. જેજ્જટ વગેરે વૈદ્યાચાર્યો એ પ્રમાણો માટે જે ઓળખાણ આપેલ છે તે આ પ્રમાણે છે કેઃ—આગમ-વેદ-આર્ષ પુરૂષોનાં વચનને શાસ્ત્ર કહેવામાં આવે છે. એટલે કે જે સિદ્ધ પ્રમાણો વડે કરીને સિદ્ધ હોય અને આ લોક પરલોકની અંદર હિતકર્તા હોય તેને સત્ય અર્થના જાણનારા આગમ-શાસ્ત્ર કહે છે. જેમ અમુક ઔષધિના સેવનથી કે પ્રભાવથી દીર્ઘજીવન કરી શકાય છે, કિંવા ઘરડી સ્ત્રી નવયૌવના જેવી બને છે. એ **શાસ્ત્ર** પ્રમાણ વડેજ મનાય તેવી બિના છે. મતલબ એ કે જે આવી બિનાવાળો લેખ હોય તે શાસ્ત્ર પ્રમાણ કહેવાય. તથા મન ઇંદ્રિયગત ભ્રમ રહિત વસ્તુ જેમ કે જુલાબ, ઉલટી, બસ્તિ, નાસ વગેરેની દવાઓ પ્રત્યક્ષ અને તાકીદે અનુભવ કરાવેછે તેવી વસ્તુવાળા કથનને **પ્રત્યક્ષ** પ્રમાણ કહેવાય. અને જે વસ્તુનો અવ્યભિચારી ચિન્હોથી કંઇક સમય પછી ગુણ જણાય તેવા કથન રૂપ પ્રયોગને **અનુમાન** પ્રમાણ કહેવાય છે. એટલે કે માખી ખાવામાં આવવાથી થોડી મુદત ગયા પછી ઉલટી થશેજ એવું અનુમાન થાય છે, અને ચામડીના ફાટવાથી રસી લોહી નીકળશે ને ગુંબડું મટશે એ પણ અનુમાનજ કરાય છે. આ પ્રમાણે પ્રત્યક્ષ, આગમ અને અનુમાન એમ ત્રણ પ્રમાણને આયુર્વેદે કબુલ રાખેલ છે. એજ પ્રમાણો સહિત અને વિસ્તાર રહિત આ ગ્રંથ કથન કરવામાં આવશે. વિસ્તાર રહિત એટલે જે પૂર્વાચાર્યોએ ગ્રંથો રચ્યા છે તે અતિ માથાકુટ યુક્ત છે-લંબાણવાળા છે એથી સાધારણ અક્કલના માનવો તેના વાંચવાથી કંટાળો ખાય છે. એ માટે હું તેનો સાર ગ્રહણ કરી ટુંકામાં અને સ્હેલી રીતે જે ઉપાયો બની શકે તેવા ઉપાયોજ કહીશ કે જેથી વાચકોને આનંદ મળે. ૬

(આ ગ્રંથના ત્રણ ખંડ પૈકી પહેલા ખંડમાં શું શું કહેવાશે તે કહે છે.)

प्रथम परिभाषा स्याद्भैषज्याख्यानकं तथा ॥

नाडीपरीक्षादिविधिस्ततो दीपनपाचनम् ॥ ७ ॥
ततः कलादिकाख्यानमहारादिगतिस्तथा ॥
रोगाणां गणना चैव पूर्वखंडोऽयमीरितः ॥ ८ ॥

પહેલા ખંડની અંદર સહુથી પહેલા અધ્યાયમાં પરિભાષા એટલે ઔષધોનાં **તોલ** માપ, બીજા અધ્યાયમાં **ઓષડ ખાવાનો વિધિ** તથા દ્રવ્ય, રસ, ગુણ, વીર્ય, વિપાક અને છએ ઋતુઓમાં રોગની વધઘટ, ત્રીજા અધ્યાયમાં **નાડીની પરીક્ષાનો** વિધિ અને **દૂત-શકુન-શબ્દ-સ્વપ્નાદિ,** ચોથા અધ્યાયમાં **દીપન પાચનનાં** લક્ષણ અને અનુલોમન (ક્રમ મુજબ) **જુલાબ, ઉલટી,** લેખન (શરીરના મળને સૂકવી દેહને દુર્બળ કરનાર) **સ્તંભન** વગેરેનો વિધિ, પાંચમા અધ્યાયમાં **કળા** વગેરેનું કથન તથા **સૃષ્ટિક્રમ** અને **શારીર સંબંધી બયાન,** છટ્ઠા અધ્યાયમાં **આહાર વગેરેની ગતિ** તથા **ગર્ભનું પેદા થવું** અને **બાળકના પોષણની યુક્તિ પ્રકૃતિનાં** લક્ષણ, અને સાતમા અધ્યાયમાં **તાવ વગેરે રોગની સંખ્યા**-ગણતરી કહેવામાં આવશે. આ પ્રમાણે સાત અધ્યાય વાળો પહેલો-પૂર્વ ખંડ છે. ૭-૮

(બીજા ખંડમાં શું શું કહેવામાં આવશે?)

स्वरसः क्वाथफांटौ च हिमः कल्कश्च चूर्णकम् ॥
तथैव गुटिकालेहौ स्नेहः संधानमेव च ॥ ९ ॥
धातुशुध्धिरसाश्चैव खंडोयं मध्यमःस्मृतः ॥

બીજા ખંડના પહેલા અધ્યાયની અંદર **સ્વરસ** અને **પુટપાકનો** વિધિ કહેલ છે. બીજા અધ્યાયમાં **કવાથ** અને **પ્રમથ્યાદિ** તથા **ઉષ્ણોદક-ક્ષીરપાક-અન્નક્રિયાની** રીતિ કહેલ છે. ત્રીજામાં **ફાંટ** અને **મંથનો** વિધિ કથન કરેલ છે. ચોથામાં **હિમનો** વિધિ કહેલ છે. પાંચમામાં **કલ્ક** વિધિ, છટ્ઠામાં **ચૂર્ણો,** સાતમામાં **ગુટિકાઓ,** આઠમામાં **અવલેહો,** નવમામાં **ઘી** અને **તેલ** તૈયાર કરવાનો વિધિ, દશમામાં **મદ્યભેદ** કથન, અગ્યારમામાં **ધાતુ ઉપધાતુઓનું શોધન, મારણ,** બારમામાં **રસ ઉપરસોનું શોધન, મારણ** અને **સિદ્ધ રસોનું** કથન કહેલ છે. આવી રીતે બાર **અધ્યાય** યુક્ત મધ્ય ખંડ છે. ૯

(ત્રીજા ખંડમાં શું શું કહેલ છે ?)

स्नेहपानं स्वेदविधिर्वमनं च विरेचनम् ॥ १० ॥
ततस्तु स्नेहबस्तिस्यात्ततश्चापि निरुहणम् ॥
ततश्चाप्युत्तरोबस्तिस्ततो नस्यविधिर्मतः ॥ ११ ॥
धूम्रपान विधिश्चैव गंडूषादिविधिस्तथा ॥
लेपादिनां विधिः ख्यातस्तथा शोणित विस्रुतिः ॥१२॥
नेत्रकर्मप्रकारश्च खंडः स्यादुत्तरस्त्वयम् ॥

ત્રીજા ખંડના પહેલા અધ્યાયની અંદર **સ્નેહપાન**, બીજામાં **સ્વેદવિધિ**, ત્રીજામાં **વમન** વિધિ, ચોથામાં **વિરેચન** વિધિ, પાંચમામાં **સ્નેહબસ્તિ** કથન, છઠ્ઠામાં **નિરૂહણ** વિધિ, સાતમા અધ્યાયમાં **ઉત્તરબસ્તિ**, આઠમામાં **નસ્ય** વિધિ, નવમામાં **ધૂમ્રપાન**, તથા **વ્રણધૂપન ગૃહધૂપન** વિધિ, દશમામાં **ગંડૂષાદિ** વિધિ અને **કવળપ્રતિસારણ**, અગ્યારમામાં **લેપ** વગેરેનો વિધિ, માથામાં તેલ નાખવું તથા કર્ણપૂરણ વિધિ, બારમામાં **લોહી કહાડવાનો વિધિ**, અને તેરમામાં **નેત્રકર્મ** પ્રકાર કથન કહેલ છે. આવી રીતે ઉત્તર ખંડમાં તેર અધ્યાય છે. ૧૦—૧૨

(નિરૂક્તિ પૂર્વક ગ્રંથની શ્લોક સંખ્યા.)

द्वात्रिंशत्सम्मिताध्यायैर्युक्तेयं संहिता स्मृता ॥ १३ ॥
षड्विंशतिशतान्यत्र श्लोकानां गणितानी च ॥

આ શારંગધર સંહિતા ૩૨ અધ્યાય યુક્ત છે અને આમાં ૨૬૦૦ શ્લોક સંખ્યા છે. ૧૩

(ઔષધોના તોલની સમજ.)

न मानेन विना युक्तिर्द्रव्याणां ज्ञायते क्वचित् ॥१४॥
अतःप्रयोगकार्यार्थं मानमत्रोच्यते मया ॥

પ્રમાણ-તોલ વગર ઔષધો કરવાનો વિધિ જાણવામાં આવી શકતો નથી એ માટે ઓપડો બનાવવાને વાસ્તે માન-તોલનો વિધિ આ સંહિતામાં માગધ પરિભાષા (માગધી- તોલ)થી તોલવાનું પ્રમાણ કહું છું. (દવા ખાવાના તોલ- માપનું પ્રમાણ આગળ કહેવામાં આવશે.) ૧૪.

(ત્રસરેણુનું પ્રમાણ.)

त्रसरेणुर्बुधैः प्रोक्तस्त्रिंशता परमाणुभिः ॥ १५ ॥
त्रसरेणुस्तु पर्यायनाम्ना वंशी निगद्यते ॥

ત્રીસ પરમાણુનો એક **ત્રસરેણુ** થાય છે અને એનું બીજું નામ વંશી કહેવાય છે. (પરમાણુ બહુજ ઝીણા હોવાથી સ્વભાવ અથવા અનુભાવ વડે જાણવામાં આવે છે, આંખેથી જોવામાં આવતા નથી.) ૧૫.

(પરમાણુની સમજ.)

जालांतरगते भानौ यत्सूक्ष्मं दृश्यते रजः ॥ १६ ॥
तस्य त्रिंशत्तमो भागः परमाणुः स उच्यते ॥

જાળી, ઝરોખા કે છાપરાના જાળીબારામાંથી સૂર્યનાં કિરણ પડવાથી તે કિરણોની અંદર ધુળના ઘણાજ ઝીણા રજકણો ઉડતા જણાય છે, તે એક રજકણના ત્રીશમા ભાગને **પરમાણુ** કહે છે. ૧૬.

(મરીચી વગેરેનું પ્રમાણ.)

षड्वंशीभिर्मरीचिः स्यात्ताभिः षड्भिस्तु राजिका॥१७॥
तिसृभी राजिकाभिश्च सर्षपःप्रोच्यते बुधैः ॥
यवोष्टसर्षपैः प्रोक्तो गुंजा स्यात्तच्चतुष्टयम् ॥ १८ ॥
षड्भिस्तु रत्तिकाभिः स्यान्माषको हेमधान्यको ॥

૬ વંશીનો **૧ મરીચી** એટલે કે રેતાળ જમીનમાં રેતીના બારીક રજકણ સૂર્યનાં કિરણોવડે ચળકે છે તે થાય છે. ૬ મરીચીની ૧ **રાઈ**, ૩ રાઇનો એક ધોળો **સરષવ** થાય છે. ૮ ધોળા સરષવનો ૧ **જવ** થાય છે. ૪ જવની ૧ **રત્તિ**–ચણોઠી થાય છે. અને ૬ રત્તિનો એક **માસો** થાય છે. તેનાં હેમ અને ધાન્યક એવાં નામ પણ છે. (કોઈ જગે ૮ રત્તિનો અથવા ૭–૫–૧૦ રત્તિનો પણ માસો ગણવાનો રિવાજ છે.) ૧૭–૧૮ §

(શાણ અને કોલનું પ્રમાણ.)

माषैश्चतुर्भिः शाणः स्याद्धरणः स निगद्यते ॥ १९ ॥

---

§ આ ગ્રંથમાં ૬ રત્તિનોજ એક માસો કબૂલ રાખેલ છે; માટે તેજ પ્રમાણે ગણવું.

टंकः स एव कथितस्तध्वयं कोल उच्यते ॥
क्षुद्रभो वटकश्चैव द्रंक्षणः स निगद्यते ॥ २० ॥

૯ માષાનો એક **શાણુ** થાય છે તેને ધરણુ તથા ટાંક પણ કહે છે. બે શાણુનો ૧ ×**કોલ** થાય છે. તેને ક્ષુદ્રભ, વટક અને દ્રંક્ષણુ પણ કહે છે. ૧૯-૨૦

(કર્ષના તોલની સમજ.)

कोलद्वयं च कर्षः स्यात्स प्रोक्तः पाणिमानिका ॥
अक्षः पिचुः पाणितलं किंचित्पाणिश्च तिन्दुकम् ॥२१॥
बिडालपदकं चैव तथा षोडशिकामता ॥
करमध्यं हंसपदं सुवर्णकवळग्रहम् ॥ २२ ॥
उदुंबरं च पर्यायैः कर्ष अेव निगद्यते ॥

બે કોલનો એક **કર્ષ** એટલે એક તોલો અથવા મુંબઇગરા રૂપીઆ ભાર થાય છે. એનાં પાણિમાનિકા, અક્ષ, પિચુ, પાણિતલ, કિંચિત્પાણિ, તિંદુક, બિડાલપદક, ષોડશિકા, કરમધ્ય, હંસપદક, સુવર્ણ, કવલગ્રહ અને ઉદુંબર એવાં પણ નામ છે. તથા એ બધાં નામ કારણને લગતાંજ રાખવામાં આવ્યાં છે. ૨૧-૨૨.

(અર્ધપળ, પળ, પ્રસૃતિ આદિથી માનિકા લગીની સમજ.)

स्यात्कर्षाभ्यामर्द्धपलं शुक्तिरष्ठमिका तथा ॥ २३ ॥
शुक्तिभ्यां च पलं ज्ञेयं मुष्टिराम्रं चतुर्थिका ॥
प्रकुंचः षोडशीबिल्वं पलमेवात्र कीर्त्यते ॥ २४ ॥
पलाभ्यां प्रसृतिर्ज्ञेया प्रसृतश्च निगद्यते ॥
प्रसृतिभ्यामंजलिः स्यात्कुडवोर्धशरावकः ॥ २५ ॥
अष्टमानं च संज्ञेयं कुडवाभ्यां च मानिका ॥
शरावोष्टपलं तद्वज्ज्ञेयमत्र विचक्षणैः ॥ २६ ॥

બે કર્ષનો એક **અર્દ્ધપળ** (બે રૂપિયાભાર) કહેવાય છે, એને શુક્તિ અને અષ્ટમિકા પણ કહે છે. બે શુક્તિનો એક **પળ**-ચાંર તોલાભાર થાય છે, એને મુષ્ટિ, આમ્ર, ચતુર્થિકા, પ્રકુંચ, ષોડશી,

× કોલ એટલે બોર જેવડું માપ.

અને બિલ્વ પણ કહે છે. બે પળ (આઠ રૂપિયાભાર) ની એક **પ્રસૃતી** થાય છે. બે પ્રસૃતિની એક **અંજલી**-પૉસ થાય છે. એને કુડવ (૧૬ તોલા), અર્દ્ધશરાવકા, અને અષ્ટમાન પણ કહે છે. બે કુડવની એક **માનિકા** કહેવાય છે. એને અષ્ટપળ તથા **શરાવ** (૩૨ રૂપિયાભાર) પણ કહે છે. ૨૩-૨૬.

(પ્રસ્થ, આઢક અને દ્રોણથી દ્રોણી લગીના તોલની સમજ.)

शरावाभ्यां भवेत्प्रस्थश्चतुःप्रस्थैस्तथाढकम् ॥
भाजनं कांस्यपात्रं च चतुषष्ठिपलं च तत् ॥ २७ ॥
चतुर्भिराढकैर्द्रोणः कलशो नल्वणोन्मनौ ॥
उन्मानश्च घटोराशिर्द्रोण पर्यायसंज्ञकाः ॥ २८ ॥
द्रोणाभ्यां शूर्पकुंभौ च चतुःषष्टिशरावकाः ॥
शूर्पाभ्यां च भवेद्द्रोणी वाहो गोणी च सा स्मृता २९

બે શરાવનો એક **પ્રસ્થ**-૬૪ રૂપિયાભાર થાય છે. ચાર પ્રસ્થનો એક **આઢક**-૨૫૬ રૂપિયાભાર થાય છે. એને ભાજન, કાંસ્યપાત્ર પણ કહે છે. એ ૬૪ પળનો થાય છે. ચાર આઢકનો એક **દ્રોણ** ૧૦૨૪ રૂપિયાભાર થાય છે. એને કળશ, નલ્વણ, ઉન્માન, ઘટ અને રાશિ પણ કહે છે. બે દ્રોણનો એક **શૂર્પ**-૨૦૪૮ તોલા થાય છે. એને કુંભી પણ કહે. છે. એ શૂર્પનાં ૬૪ શરાવ થાય છે. બે શૂર્પની એક **દ્રોણી**-૪૦૯૬ રૂપિયાભાર થાય છે. એને વાહ તથા ગોણી પણ કહે છે. ૨૭-૨૮-૨૯.

(ખારી, ભાર, તુલાના તોલની સમજ.)

द्रोणीचतुष्टयं खारी कथिता सूक्ष्मबुद्धिभिः ॥
चतुःसहस्रपलिका षण्णवत्यधिका च सा ॥ ३० ॥
पलानां द्विसहस्रंच भार एकः प्रकीर्तिता ॥
तुलां पलशतं ज्ञेया सर्वत्रवैष निश्चयः ॥ ३१ ॥

ચાર દ્રોણીની એક **ખારી** થાય છે. એના ૪૦૯૬ પળ થાય છે. બે હજાર પળનો એક **ભાર** થાય છે. અને ૧૦૦ પળની ૧ **તુલા** થાય છે. આ મગધદેશમાંજ નહી, પણ બધા દેશોની અંદરના તોલનું કાયમપણું જાણવું. ૩૦-૩૧

(સર્વ તોલનું ટુંકામાં માપ બતાવવાની સમજ.)

माषटंकक्षबिल्वानि कुडवः प्रस्थमाढकम् ॥
राशिर्गोणीखारिकेति यथोत्तरचतुर्गुणा ॥ ३२ ॥

માસો, ટાંક, અક્ષ, બિલ્વ, કુડવ, પ્રસ્થ, આઢક, રાશિ, ગોણી અને ખારી એ એકથી એક ચાર ગણાં છે-એટલે કે ચાર માસાનો ૧ ટાંક થાય છે, ચાર ટાંકનો ૧ અક્ષ, ચાર અક્ષનો ૧ બિલ્વ, ચાર બિલ્વનો ૧ કુડવ, ચાર કુડવનો એક પ્રસ્થ, ચાર પ્રસ્થનો ૧ આઢક, ચાર આઢકની ૧ રાશિ, ચાર રાશિની ૧ ગોણી અને ચાર ગોણીની ૧ ખારી થાય છે; માટે એક એકથી ચોગણું તોલ છે. ૩૨

(લીલા, સૂકા અને પ્રવાહી પદાર્થના તોલની સમજ.)

गुंजादिमानमारभ्य यावत्स्यात्कुडवस्थितिः ॥
द्रवार्द्रशुष्कद्रव्याणां तावन्मानं समं मतम् ॥ ३३ ॥
प्रस्थादिमानमारभ्य द्विगुणं तद्द्रवार्द्रयोः ॥
मानं तथा तुलायास्तु द्विगुणं न क्वचिन्मतम् ॥३४॥

પાણી, દૂધ વગેરે પાતળા-પ્રવાહી પદાર્થો તથા તરતના લાવેલા લીલા અને તડકે સૂકવેલા કે બહુ દિવસથી લાવી રાખેલા સૂકા પદાર્થો રત્તિથી માંડીને કુડવ લગી બરોબર લેવાં. અને પાણી દૂધ વગેરે પાતળા પદાર્થો તથા લીલા પદાર્થોનું પ્રસ્થથી માંડી તુલા લગી સૂકા પદાર્થોની અપેક્ષાએ બમણું તોલ લેવું; કેમકે સૂકા પદાર્થો કરતાં લીલા પદાર્થોમાં વજન વધારે હોય છે. તુલાથી માંડી દ્રોણ લગીનું એઓનું તોલ ક્યાંય પણ બમણું માનવામાં આવેલું નથી. માટે સૂકી ઔષધિ બરોબરજ એઓનું તોલ લેવું. (આ મત સ્નેહપાકમાં ઘણું કરીને કબૂલ રાખવામાં આવે છે.) ૩૩-૩૪

(કુડવપાત્ર બનાવવાની સમજ.)

मृदुस्तुवेणुलोहादेर्भांडं यच्चतुरंगुलम् ॥
विस्तीर्णं च तथोच्चं च तन्मानं कुडवं वदेत् ॥३५॥

માટીનું, વાંસડાનું, લાકડાનું, ચામડાનું કે કોઈ પણ લોહ વગેરે ધાતુનું બનાવેલું ચાર આંગળ લાંબું, ચાર આંગળ પહોળું અને ચાર આંગળ ઉંડું વાસણ હોય તેને કુડવનું માપ કહેવામાં આવે છે. અને એનાથી ઘી-તેલ-દુધ-પાણી માપવાની રીતિ છે. ૩૫

(ઔષધ પ્રયોગનું નામ રાખવાની મર્યાદા.)

यदौषधं तु प्रथमं यस्य योगस्य कथ्यते ॥
तन्नाम्नैव स योगो हि कथ्यते सौ विनिश्चयः ॥३६॥

જે ઔષધ પ્રયોગની અંદર જે પહેલું ઓષડ હોય એટલે હિંગ–સાકર–રાસ્ના–ગળો ચંદન વગેરે હોય તો તે ઓષડના નામથીજ તે ગોળી–કવાથ–પાક–ઘી–તેલ–ચૂર્ણ વગેરે કહેવું એવી મર્યાદા છે. જેમકે હિંગ્વાષ્ટક ચૂર્ણ "એમાં હીંગ પહેલી હોવાથી તેને લઇનેજ તે ચૂર્ણનું તે નામ રાખેલું છે. સાકર પહેલી હોવાથી સિતોપલાદિ ચૂર્ણ કહેવાય છે. રાસ્ના પહેલી હોવાથી રાસ્નાદિ કવાથ, ગળો પહેલી હોવાથી ગડૂચ્યાદિ કાઢો, ચંદન પહેલું હોવાથી ચંદનાદિ તેલ, કેરીનો રસ પહેલો હોવાથી આમ્રપાક વગેરે વગેરે કહેવામાં આવે છે. એજ પ્રમાણે નવી બનાવટના ઓષડનું પણ પહેલી ઔષધીને લઇને નામ રાખવું. ૩૬

(ઔષધની માત્રા સંબંધી ખુલાસો.)

स्थितिर्नास्त्येवमात्रायाः कालमग्निंवयोबलम् ॥
प्रकृतिंदोषदेशौ च दृष्ट्वामात्रां प्रयोजयेत् ॥ ३७ ॥

ઈતર ગ્રંથોમાં ચૂર્ણની માત્રા એક તોલો, કવાથની માત્રા ૪ તોલા, આસવની ૪ તોલા આપવાની કહેલ છે–અથવા તો દરેક ઔષધ પ્રયોગમાં આટલી જ દવા આપવી એમ કહેલું છે; પરંતુ શારંગધર કહે છે કે અમારૂં માનવું એમ નથી; કેમકે કહેલી માત્રા તોલની સ્થિતિ કંઈ કાયમ રહી શકતી નથી, ફક્ત કાળ–જઠરાગ્નિ–અવસ્થા–બળ–પ્રકૃતિ–દોષ–અને દેશ એ બધાંનો વિચાર ધ્યાનમાં લઇને જ દવા કેટલી આપવી એ નક્કી કરાય છે, એટલે કે તાપ, ટાઢ, વર્ષા વગેરેની મોસમ, તથા મંદ,–તીક્ષ્ણ,–વિષમ,–સમ જઠરાગ્નિ, આદિ–મધ્ય અંત–એ ત્રણ અવસ્થા, હીન–મધ્યમ–ઉત્તમ એ ત્રણ બળ, ઉત્તમ–મધ્યમ–હીન એ ત્રણ પ્રકૃતિ, કિંવા વાત–પિત–કફ એ ત્રણ દોષ અને જંગલ–અનૂપ–સાધારણ એ દેશ ભેદ વગેરે ધ્યાનમાં લઇને રોગીને દવા આપવી. રોગ વધારે હોય ને દવાનું પ્રમાણ ઓછું હોય અથવા તો દર્દ ઓછું હોય ને દવાનું પ્રમાણ વધારે હોય તો તે દવા નકામી થઇ પડે છે. દાખલા તરીકે. અગ્નિ વધારે વધી પડ્યો હોય ને પાણી ઓછું પડે તો તેથી ફેલા-વલો અગ્નિ શાંત થતો નથી, અથવા તો ખેતરમાં ઉગેલાં ધાન્યો ઉપર

પાણી વધારે પડે તો ખેતીની ખરાબી કરે છે; માટે જ જેટલી જરૂર હોય તેટલું જ ઔષધ આપવું, નહીં કે કહેલા પ્રમાણને જ વળગી રહેવું. ૩૭

(કલિંગ દેશનું તોલ કહેવાનું કારણ.)

यतो मंदाग्नयो ह्रस्वा हीनसत्वा नराःकलौ ॥
अतस्तु मात्रा तद्योगा प्रोच्यते सुज्ञसंमता ॥ ३८ ॥

કળિયુગનાં મનુષ્યો મંદ જઠરાગ્નિવાળાં, ટુંકા કદનાં, અને તાકત વગરનાં અથવા તો નામની જ તાકતવાળાં હોય છે; માટે એઓને ઉપયોગી થઈ પડે, તેમજ વૈદ્યો પણ કબુલ રાખે તે માટે કલિંગ દેશનું તોલ કહીએ છીયે. ૩૮

(કલિંગ દેશના તોલની સમજ.)

यवोद्वादशभिर्गौर सर्षपैः प्रोच्यतेबुधैः ॥
यवद्वयेन गुंजास्या त्रिगुंजो वल्ल उच्यते ॥ ३९ ॥
माषो गुंजाभिरष्टाभिः सप्तभिर्वा भवेत्क्वचित् ॥
स्याच्चतुर्माषकैःशाणः सनिष्कटंक एव च ॥ ४० ॥
गद्याणो माषकैः षड्भिः कर्षः स्याद्दशमाषकः ॥
चतुःकर्षैः पलं प्रोक्तं दशशाणमितं बुधैः ॥ ४१ ॥
चतुःपलैश्च कुडवं प्रस्थाद्याः पूर्ववन्मताः

બાર ધોળા સરશવનો ૧ **જવ,** બે જવની ૧ **રત્તિ,** ત્રણ રત્તિનો ૧ **વાલ,** આઠ રત્તિનો ૧ **માસો** થાય છે, કયાંક સાત રત્તિનો પણ માસો ગણાય છે. ચાર માસાનો એક **શાણ** થાય છે. એને નિષ્ક અથવા ટાંક પણ કહે છે. ૭ માસાનો એક **ગદિયાણો,** દશ માસાનો એક કર્ષ (તોલો), ચાર કર્ષનો એક પળ (૪ તોલા) એને દશશાણ પણ કહે છે; કેમકે પળના દશશાણ જ થાય છે. ચાર પળનો એક કુડવ થાય છે. અને તે પછીનું પ્રસ્થાદિક વગેરેનું તોલ તો મગધ દેશના તોલની બરોબર જ જાણી લેવું. (હવે તોલ કેટલાં છે તે કહે છે:—) ૩૯-૪૧

कालिंगं मागधंचेति द्विविधं मानमुच्यते ॥ ४२ ॥
कालिंगान्मागधं श्रेष्ठं मानं मानविदो जनाः ॥

માન–માપ બે પ્રકારનાં છે. એટલે કે એક તો કલિંગ (ઉડિયા પ્રદેશનું) અને બીજું મગધ પ્રદેશનું છે. તેમાં પણ કલિંગ દેશના તોલથી મગધ દેશનું તોલ શ્રેષ્ઠ છે એમ માન–તોલના જાણનારા વૈદ્યો કહે છે. (મગધનું તોલ ચરકે અને કલિંગનું તોલ સુશ્રુતે સ્વીકારેલું છે.) ૪૨ હવે ઓષધો કેવાં લેવાં જોઈએ તે કહે છે;

नवान्येव हि योज्यानि द्रव्याण्यखिलकर्मसु ॥ ४३ ॥
विना विडंगकृष्णाभ्यांगुडधान्याज्यमाक्षिकैः ॥
गुडूची कुटजो वासा कूष्मांडश्च शतावरी ॥ ४४ ॥
अश्वगंधासहचरौ शतपुष्पा प्रसारिणी ॥
प्रयोक्तव्याःसदैवार्द्रा द्विगुणा नैव कारयेत् ॥ ४५ ॥
शुष्कं नवीनद्रव्यं च योज्यं सकलकर्मसु ॥
आर्द्रं च द्विगुणं युंज्यादेष सर्वत्र निश्चयः ॥ ४६ ॥

દશધા દ્રવ્ય કલ્પના વગેરેમાં દરેક બાબતની અંદર તાજી–નવી ઔષધિયો જ લેવી જોઈયે; તથાપિ વાવડંગ, લીંડીપીપર, ગોળ, અનાજ (કે ધાણા ?) ઘી અને મધ એ છ ચીજો જૂની એટલે કે એક વર્ષ પહેલાની જ લેવી તોજ ગુણ કરે છે. (તેમાં પણ ભોજનની અંદર તાજું ઘી જ લેવું અને તિમિર વગેરેના અંજનાદિ ઓષડોમાં જૂનું લેવું, એમ ભાવમિશ્રનું કહેવું છે. તેમજ મધ પણ બૃંહણ કામમાં તાજું અને કર્ષણ કામમાં જૂનું લેવું એમ સુશ્રુતાચાર્યનું કથન છે.) તથા ગળો, ઇંદ્રજવ, અરડૂસો (કે અરડૂસી ?) ભૂરૂં કહોળું, સતાવર, આસન, કાંટાસળીઓ, વરિયાળી, અને પ્રસારણી–હરિણવેલ એ નવ ઓષડો હમેશાં લીલાંજ લેવાં જોઇયે; પરંતુ લીલાં જાણીને બમણા વજનથી ન લેવાં; મતલબ એ કે લીલાં ઓષડો બમણા વજનથી લેવાં કહેલ છે; છતાં પણ આ નવ ઓષડો લીલાં હોય તો પણ બમણા વજનથી લેવાં જ નહીં. તેમજ એ નવ ઔષધીઓ વગરની બીજી બધી ઔષધિયો તમામ કામમાં સૂકી અને તાજી જ લેવી જોઈયે અને લીલી હોય તો એક તોલો લેવા કહેલ હોય તો પણ તે બે તોલાજ લેવી જોઇયે. એમ તમામ ગ્રંથકર્તાઓનો ચોકસ ઠરાવ છે. ૪૩–૪૬.

(ઓષડ ક્યારે ખાવું વગેરે ન કહેલ હોય તો શું કરવું ?)

कालेऽनुक्ते प्रभातं स्यादंगेऽनुक्ते जटा भवेत् ॥

भागेऽनुक्ते तु साम्यं स्यात् पात्रेऽनुक्तेच मृन्मयम् ४७
एकमप्यौषधं योगे यस्मिन्यत्पुनरुच्यते ॥
मानतो द्विगुणं प्रोक्तं तद्द्रव्यं तत्त्वदर्शिभिः ॥ ४८ ॥
चूर्णस्नेहासवा लेहाः प्रायशश्चंदनान्विताः ॥
कषायलेपयोः प्रायो युज्यते रक्तचंदनम् ॥ ४९ ॥

જે ઉપાયની અંદર દવા ખાવાનો વખત ન બતાવેલ હોય તે દવા પ્રભાતે જ ખાવી એમ સમજી જ લેવું. જે ઉપાયમાં ઔષધિનું અંગ (મૂલ ફુલ ફળ પાદડાં છાલ વગેરે) લેવા ન લખેલું હોય તો ત્યાં તે ઔષધનું મૂળ જ લેવું. જે ઓષડની અંદર તોલ ન બતાવવામાં આવ્યું હોય તો ત્યાં તે બધાં ઓષડો સરખે ભાગેજ લેવાં. જે જગોએ વાસણ શાનું લેવું એમ ન લખેલ હોય ત્યાં હમેશાં માટીનું જ વાસણ લેવું. દ્રવ્ય સંબંધી જે દવામાં ખુલાસો ન કર્યો હોય તો તે દવા પાણીમાં જ ઘુંટવી કે પીવી એમ સમજી જ લેવું. જે પાઠમાં એક જ ઓષડનું નામ બે વાર લખેલ હોય તો તે ઓષડ બમણું લેવું, એમજ માની લેવું. ઘણું કરીને ચૂર્ણ, ઘી, તેલ, આસવ, અવલેહમાં ચંદન લેવા લખેલું હોય તો સુખડ અને કવાથ, લેપમાં ચંદન લખ્યું હોય તો રતાંજળી લેવાની મર્યાદા છે. (કોઈ ચૂર્ણમાં રતાંજળી અને કવાથ લેપમાં સુખડ લેવા પણ લખેલું છે; માટે ખૂબ વિચાર કરીને દવાનો ઉપયોગ કરવો.) ૪૭-૪૯.

(ઓષડો કેટલી મુદત લગી ગુણવાળાં રહી શકે છે?)

गुणहीनं भवेद्वर्षादूर्ध्वं तद्रूपमौषधम् ॥
मासद्वयात्तथा चूर्णं हीनवीर्यत्वमाप्नुयात् ॥ ५० ॥
हीनत्वं गुटिकालेहौ लभते वत्सरात्परम् ॥
हीनाः स्युर्घृततैलाद्याश्चतुर्मासाधिकास्तथा ॥ ५१ ॥
ओषध्यो लघुपाकाः स्युर्निर्वीर्या वत्सरात्परम् ॥
पुराणाः स्युर्गुणैर्युक्ता आसवा धातवो रसाः ॥ ५२ ॥

વનમાંથી લાવેલ ઔષધિયોમાંથી એક વર્ષ પછી ગુણ જતો રહે છે; માટે તેવી ઔષધિયો વર્ષ દિવસ પછી વાપરવાથી ફાયદો આપતી નથી. તાલીસપત્ર વગેરેનાં ચૂર્ણો બે મહીના પછી ઓછા ગુણવાળાં બને છે. (પરંતુ જે ચૂર્ણની અંદર ખાર, હીંગ, અફીણ

વગેરે હોય તો તે વધારે મુદત લગી જેવાંને તેવાં તેજદાર રહે છે. એમ 'મખજન ઉલ્ઉદવિયા ' નો કર્ત્તા હિમ્મત સાથે કહે છે અને તે વાત પણ સત્ય છે.) ગોળીઓ અને અવલેહનો એક વર્ષ પછી ઓછો કસ થાય છે. (પણ જો તેમાં મધ, શિલાજીત, અફીણ, શિલારસ વગેરે હોય તો તે વધારે મુદત લગી જેવાંને તેવાં ગુણવાળાં રહે છે.) ઓષડોથી પકવી તૈયાર કરેલ ઘી તેલ વગેરે સોળ મહીના પછી ગુણ હીન થાય છે, અને હલકા પાક–મેથીના લાડૂ–પાક કે જેની અંદર જવ ગહું ચણા વગેરેનો ભાગ હોય તે એક વર્ષની મુદત વીત્યા પછી ગુણ રહિત બને છે. પરંતુ ગોળ, તેમજ આસવો અને તમામ ધાતુઓની ભસ્મો–ચંદ્રોદયાદિરસો–રસાયનો જેમ જેમ જુનાં થાય તેમ તેમ વિશેષ ગુણવાળાં થાય છે. ૫૦–૫૨

(ઉપાયમાં બતાવેલ મુજબજ ઓષડો લેવાં ?)

व्याधेरनुक्तंयदूद्रव्यंगणोक्तमपितत्त्यजेत् ॥
अनुक्तमपि युक्तं यत्युज्येत तत्र तदूबुधैः ॥ ५३ ॥

દર્દીને દર્દ મટાડવા ચૂર્ણ, કાઢો, ચાટણ વગેરે બનાવી આપ વામાં આવે તે ચૂર્ણવગેરેમાં જો એક બે ઓષડો કદિ દર્દીના દર્દથી વિરૂદ્ધ હોય તો તેને ગણતરીમાંથી દૂર કરી દેવાં, અને કદાચ કોઇ ઓષડ તેમાં ન લખેલ હોય; છતાં પણ દર્દીના દદને મટાડનાર હોય તો તેવાં એક બે ઓષડો ઉમેરી દવા તૈયાર કરવી; એટલે કે જરૂરીઆત જણાતાં વૈદ્યે પોતાની બુદ્ધિથી ગુણ અવગુણ વિચારી ઓષડો કાહાડી નાખવાં કે ઉમેરવાં તેમાં કશી હરકત નથી. ૫૩

(દેશની હવા ફેરથી ઓષડોના ગુણમાં થતો ફેરફાર.)

आग्नेया विंध्यशैलाद्याः सौम्यो हिमगिरिर्मतः ॥
अतस्तदौषधानिस्युरनुरूपाणि हेतुभिः ॥ ५४ ॥
अन्येष्वपि प्ररोहंति वनेषूपवनेषु च ॥

વિંધ્યાચળ (મલયાચળ, સહ્યાદ્રિ વગેરે) પર્વતોમાં પેદા થયેલ ઔષધિ ઉષ્ણ પ્રકૃતીવાળી થાય છે એટલે કે ઉષ્ણકટિબંધમાંના પર્વત વન બગીચા વગેરેમાં થનારાં ઓષડો ગરમ તાસીરનાં અને શીતકટિબંધમાં થનારાં શીતળ તાસીરનાં અને શીતોષ્ણ કટિબંધનાં શીતોષ્ણ તાસીરનાં થાય છે–મતલબ એજ કે જેવા ગુણવાળી ભૂમિ હોય તેવા જ ગુણવાળાં ત્યાં પેદા થયેલાં ઓષડો હોય છે. ૫૪

(જંગલમાંથી ઔષધિયો શી રીતે લાવવી ?)

गृण्हीयात्तानि सुमनाः शुचिः प्रातः सुवासरे ॥५५॥
आदित्यसन्मुखो मौनी नमस्कृत्य शिवं हृदि ॥
साधारणधरा द्रव्यं गृह्णीयादुत्तराश्रितम् ॥ ५६ ॥

ઔષધિયો લાવવાને માટે વૈદ્ય પોતેજ પરોઢિયે ઊઠી સ્વસ્થ ચિત્ત કરી પવિત્ર થઇને ઉત્તમ તિથિ નક્ષત્ર યોગ અને લગ્નમાં સૂર્યની સ્હામે મ્હોં રાખી સૂર્યને નમસ્કાર કરી તથા હૃદયની અંદર શ્રી શિવજી પરમાત્માનું ધ્યાન ધરી મૌન્યપણે ઉભા રહી જંગલ અને અનૂપ વગર સાધારણ પૃથ્વીમાં પેદા થયલી ઔષધિયો ઉત્તર દિશામાં રહેલી હોય તેઓને (પ્રીતિ અને શુભ ભાવના[1] યુક્ત) લઈ લેવી. (કેટલાક આચાર્યોનું કહેવું એવું છે કે ઉત્તર તરફ મુખ કરી ઓષધી લેવી.) નહીં કે બીજા ભાડૂતી મજૂર પાસે મંગાવી ક્રમ ભ્રષ્ટ થવું. ૫૬

(કઇ જગોથી ઔષધિ ન લેવી ?)

वल्मीककुत्सितानूपश्मशानोखरमार्गजा ॥

---

૧ હાલના સમયમાં નામના સુધારા વાળાઓ આ વાતને વ્હેમરૂપ ગણે છે; પણ તે તેમની ભૂલ છે એવું ખરા સુધરેલા પાશ્ચિમાત્ય વિદ્વાન શોધકોએ પ્રમાણો સાથ સાબિત કરી બતાવ્યું છે. દાખલા તરીકે થોડા વખત ઉપર સુપ્રસિદ્ધ પ્રોફેસર બોઝ જેવા મહાન્ શોધકે હજારો વિદ્વાનો સમક્ષ પ્રયોગ કરી સિદ્ધ કર્યું હતું કે—મનુષ્યજાતિમાં જેમ ચૈતન્ય રહેલું છે, તેમ જડ પદાર્થમાં પણ રહેલું છે. અને મનુષ્યજાતને જેવી સુખ દુઃખની લાગણી થાય છે, તેવીજ જડ પદાર્થને પણ થાય છે. વનસ્પતિ મનુષ્યજાતિનો પ્રેમ, દ્વેષ સમજી શકે છે એ પ્રો. ગેટે બાગમાના બે ગુલાબના છોડ ઉપર પ્રયોગ કરી સાબિત કર્યું છે. એટલે કે તે એક છોડ ઉપર પ્રેમની અને એક ઉપર દ્વેષની તીક્ષ્ણ લાગણી ધરાવી ધારી ધારીને સંકલ્પસહ જોતો હતો, તેથી પ્રેમની લાગણી વાળો છોડ દિન પર દિન પ્રફુલ્લિત થતો ચાલ્યો અને દ્વેષની લાગણી વાળો સુકાઈ ગયો હતો. તો વનસ્પતિ તરફ પ્રીતિ અને શુભ ભાવના રાખવી જરૂરની જ છે. મહાન્ કૃષિકાર લ્યુથર બુરબેન્કે વનસ્પતિને પોતાની મરજીને આધીન કરેલ છે, અને તે કાંટા વાળીને વગર કાંટા વાળી તથા નાના ફળ વાળી ને મોટાં ફળો વાળી અને વગર મોસમે ફૂલ ફળ ધારણ કરનારી કરી શકે છે. માટેજ પૂર્વના ઋષિયોની કહેલી રીતિ પ્રમાણે વૈદ્યે ઔષધી લાવવી કે જેથી સંકલ્પ પ્રમાણે ફાયદો આપનારી જ નીવડે છે.

ભા. કર્તા.

जंतुवह्निहिमव्याप्ता नौषधी कार्यसिद्धिदा ॥ ५७ ॥

સાપ વગેરે ઝેરી જીવોના રહેઠાણવાળી જગોથી, ઉધેઈવાળી જગોથી, દુષ્ટજગોથી, ભરાઈ કોહી રહેલા પાણીની જગોથી, સ્મશાન-કબરસ્તાનની જગોથી અને નઠારા રસ્તામાંથી લીધેલી તથા કીડાની ખાંધેલી, અગ્નિથી બળી-દાઝી ગયેલી, હીમથી ઠણકાયલી અને શરદીથી નિર્માલ્ય થયેલી ઔષધિ ફતેહ આપી શકતી નથી એ માટે એવાં ઠેકાણેથી અને બગડેલી ઔષધિયો લેવી નહીં. ૫૭

(ઔષધિયો કઇ મોસમમાં લેવી?)

शरद्यखिलकार्यार्थं ग्राह्यं सरसमौषधम् ॥
विरेकवमनार्थं च वसंतांते समाहरेत् ॥ ५८ ॥

શરદ્ઋતુ એટલે આસો અને કારતક મહીનામાં તમામ ઔષધિયો રસથી પરિપૂર્ણ (પાકેલી-ભરાયલી) થાય છે, તે વખતે સર્વ કાર્ય કરવા માટે (એ બે મહીનાઓમાં) ઔષધિયો લઇ આવી ઘરમાં રાખી મુકવી, તથા જુલાબ અને ઉલટીને માટે ગ્રીષ્મઋતુ એટલે જેઠ, આષાડ એ બેઉ માસમાં ઔષધિયો લાવવી જોઇએ. જેથી ઉત્તમ ફાયદો બક્ષે છે. ૫૮

(ઔષધિયોનાં અંગ લેવા સંબંધી સમજ.)

अतिस्थूलजटायाः स्तु तासां ग्राह्यास्त्वचो बुधैः ॥
गृह्णीयात्सूक्ष्ममूलानि सकलान्यपि बुद्धिमान् ॥५९॥
न्यग्रोधादेस्त्वचो ग्राह्याः सार स्याद्बीजकादितः ॥
तालीसादेश्च पत्राणि फलं स्यात्त्रिफलादितः ॥
धातक्यादेश्च पुष्पाणि स्नुह्यादेः क्षीरमाहरेत् ॥६०॥

इति श्री दामोदरसूनुशार्ङ्गधरेण विरचितायां सूत्रस्थाने प्रथमखंडे परिभाषानाम प्रथमोऽध्यायः समाप्तः

જે મોટાં ઝાડ હોય એટલે કે લીંબડા-આંબા-વડ-પીંપળા વગેરેની જડ લેવા લખેલ હોય તો તેના મૂળની અંતર છાલ કે છાલ લેવી; પણ જો ન્હાના છોડવા કે વનસ્પતિ એટલે ગોખરૂ ભોરીંગણી -ધમાસો-વગેરેનાં મૂળ લેવા લખેલ હોય તો મૂળજ લેવું. અથવા તો પાંદડાં, ફુલ, ફળ, શાખા-ડાળાં એ પાંચે અંગ લેવાં.

તેમજ વડ આદિ શબ્દથી પીપર, આંબો, જાંબુ, અંબાડા વગેરેની અંતરછાલ કે છાલ, લેવી, વિજયસારાદિ શબ્દથી ખેર, મહુડો, બાવળીઓ વગેરેના ઝાડનો સાર (ખેરસાર જેવો સત્વ) લેવો. તાલીસાદિ શબ્દથી તમાલપત્ર, મીઠું કુંવારપાઠું, પાન વગેરેની ભાજી વગેરેનાં પાંદડાંજ લેવાં. ત્રિફળાદિ કથનથી સોપારી. સીંઢળ, હરડાં, બહેડાં, આમળાં, બોર વગેરેનાં ફળ લેવાં. ધાવડી વગેરેના કહેવાથી ગુલાબ, કમળ, પોયણાં, વગેરેનાં ફુલ લેવાં. અને થોર વગેરેના કહેવાથી આકડો દુધેલી વગેરે દૂધઝાડોનું દૂધ લેવું જોઇએ. (તથા ગુંદવાળાં ઝાડોનો ગુંદ પણ ગ્રહણ કરવો.) ૫૯-૬૦

ઈતિશ્રી અચળેશ્વરપુરોહિતતનયપૂર્ણચંદ્રશર્મણા પ્રણીત શાર્ઙ્ગધર સંહિતાર્થસંજીવની ગુર્જરી ભાષા ટીકાયાં પ્રથમખંડે પરિભાષાધ્યાયઃ પ્રથમઃ

અધ્યાય બીજો.

(ઔષધ ખાવાના વખતની મર્યાદા.)

भैषज्यमभ्यवहरेत्प्रभाते प्रायशो बुधः ॥
कषयांश्च विशेषेण तत्र भेदस्तु दर्शितः ॥ १ ॥

ઘણું કરીને વૈદ્યે રોગીને દવા પ્રાતઃકાળમાં જ દેવી અને કષાય એટલે સ્વરસ-કલ્ક-કવાથ-ફાંટ અને હિમ એ તો વિશેષે કરીને પ્રભાત વખતેં જ આપવાં.) બુધઃ શબ્દ વડે ગ્રંથકારે એ સૂચના કરેલી જણાય છે કે ઔષધ આપવાનો વખત વૈદ્યે પોતાની બુદ્ધિના અનુસાર મુકરર કરવો. માત્ર પ્રાતઃકાળમાં જ આપવું એવો નિયમ નથી. તથાપિ એના ભેદ છે તે દર્શાવું છું. ૧

(ઔષધ લેવાના પાંચ વખતની સમજ.)

ज्ञेयः पंचविधः कालो भैषज्यगृहणेनृणाम् ॥
किंचित्सूर्योदये जाते तथा दिवसभोजने ॥ २ ॥
सायंतने भोजने च मुहुश्चापि तथा निशि ॥

ઔષધ ખાવા માટેનો પહેલો વખત સ્હેજ સૂર્ય ઉગવા સમ-

યનો, બીજે વખત સવારના ભોજન સમયનો, ત્રીજે વખત સાંઝના વાળુ સમયનો, ચોથો વખત વારે વારે લેવાનો, અને પાંચમો વખત રાતમાં સૂતા સમયનો—એ પાંચ વખત ઔષધ ખાવા-પીવાના છે.

અહીંયાં પ્રાતઃકાળ કષાય સેવન માટે કહેવામાં આવ્યો છે. બીજો ટાઇમ ભોજન-જમવા વખતનો કહેવામાં આવ્યો છે; પણ તે પાંચ પ્રકારનો છે. એટલે કે-ભોજન જમતાં અગાઉ સિંધાલૂણ અથવા મીઠું અને આદું ખાવાનો હુકમ છે. ૧, ભોજનમાં મેળવીને હિંગાષ્ટક વગેરે ચૂર્ણો કોળિયે કોળિયે ખાવાનો હુકમ છે. ૨, ભોજનના વચમાં પાણી વગેરે પીવાનો હુકમ છે. ૩, ભોજનના અંતમાં લવીંગ અને હરિતકયાદિનું સેવન કરવાનો હુકમ છે. ૪, અને ભોજનના પહેલાં તથા પછી એટલે કે જેમ અમ્લપિત્ત રોગની અંદર ધાત્રીઅવલેહ ભોજનના આદિ અંતમાં લેવા હુકમ છે. અને જે સંધ્યાકાળ પહેલાં ભોજન કરવા વખતે દવા ખાવાનો સમય છે, તેના પણ ત્રણ પ્રકાર છે. એટલે કે જેમ દર કોળિયાના પછાડી કે દર કોળિયા સાથે તથા ભોજનના અંતમાં દવા લેવાનો હુકમ છે. બાકી બધા ટાઇમ જાહેર છે. ૨

(કહેલા ટાઇમ પૈકી પહેલા ટાઇમ સંબંધી સમજ.)

प्रायः पित्तकफोद्रेके विरेकवमनार्थयोः ॥ ३ ॥
लेखनार्थे च भैषज्यं प्रभाते नन्नमाहरेत् ॥
एवं स्यात्प्रथमःकालो भैषज्यग्रहणे नृणाम् ॥ ४ ॥

ઘણું કરીને પિત્ત અને કફનો કોપ થયો હોય તો પિત્ત માટે જુલાબ અને કફ મટવા માટે ઉલટી થવાની દવા આપવી, તેમજ લેખન એટલે દોષોને પાતળા પાડવાની ક્રિયા કરવા માટે હમેશાં પ્રાતઃકાળમાં જ દવા આપવી. તથા રોગીને પ્રભાત વખતે ભોજન ન આપવું. (જો દોષ વધારે જોરપર હોય તો બીજા ભોજન આપવાના ટાઇમે કહેલ છે તે વખતે આપવું હિતકારી લખેલ છે.) આવી રીતે મનુષ્યોને ઓષધ ખાવાનો પહેલો ટાઇમ પ્રાતઃકાળનો છે.

ઉપર કહેવામાં આવ્યું કે, રોગીને પ્રભાતે ભોજન ન આપવું; પણ જુલાબ માટે દવા ભૂખ્યા પેટે આપવી; પરંતુ ઉલટીની દવા યવાગૂ પિવરાવ્યા પછી જ આપવી-મતલબમાં ખાલી પેટે ઉલટી કરાવવી નહીં. ૩-૪

(બીજા વખત માટેની સમજ.)

भैषज्यं विगुणेऽपाने भोजनाग्रे प्रशस्यते ॥
अरुचौ चित्रभोज्यैश्च मिश्रं रुचिरमाहरेत् ॥ ५ ॥
समानवाते विगुणे मंदेऽग्नावह्निदीपनम् ॥
दद्याद्भोजनमध्ये च भैषज्यं कुशलो भिषक् ॥ ६ ॥
व्यानकोपे च भैषज्यं भोजनांते समाहरेत् ॥
हिक्काक्षेपककंपेषु पूर्वमंते च भोअनात् ॥ ७ ॥
एवं द्वितीयकालश्च प्रोक्तो भैषज्यकर्मणि ॥

જે રોગીને ગુદા સંબંધી અપાન વાયુ કોપેલ હોય તો તેને જમ્યા પહેલાં દવા આપી પછી જમવા દેવું. અરૂચિ થયેલ હોય તેવા રોગીને અનેક પ્રકારના અન્નમાં તથા વિવિધ પ્રકારની રૂચિકારી વસ્તુમાં ઓષડ મેળવીને આપવું. તથા નાભિ સંબંધી સમાન વાયુ કોપેલ હોય તેવા અગ્નિમંદ વાળા દર્દીને અગ્નિદીપન કરનાર ઓષડ ભોજનના વચ્ચમાં આપવું. સર્વ શરીરની અંદર વ્યાપી રહેલ વ્યાન વાયુનો કોપ થવાવાળા દર્દીને ભોજનના અંતમાં દવા આપવી. તેમજ હેડકી, આક્ષેપ વાયુ કંપવાયુ વગેરેના કોપવા વાળા દર્દીને ભોજનની પહેલાં અને પછી દવા આપવી. આવી રીતિનો ઓષડ ખાવાનો બીજો ટાઇમ છે. ૫-૭

(ઓષડ આપવા બાબત ત્રીજા ટાઇમની સૂચના.)

उदाने कुपिते वाते स्वरभंगादिकारिणि ॥ ८ ॥
ग्रासे ग्रासांतरे देयं भैषज्यं सांध्यभोजने ॥
प्राणे प्रदुष्टे सांध्यस्य भक्ष्यस्यांते च दीयते ॥९॥
औषधं प्रायशो धीरैः कालोऽयं स्यात्तृतीयकः ॥

ગળામાંનો ઉદાનવાયુ કોપ્યો હોય એટલે કે સ્વરભંગ-સાદનું બેસી જવું -ગુંગણા થઈ જવું અથવા ગળાના બીજા રોગ થઈ આવવા તે વખતે તેવા દર્દીને સંધ્યા વખતના વાળુ વખતે કોળિયા સાથે, અથવા કોળિયાના અંતરે ઓષડ આપવું. તેમજ હૃદય માં રહેનારા પ્રાણવાયુના કોપવાળા દર્દીને ઘણું કરીને સાંઝના ભોજનની પાછળ દવા દેવી. એ ત્રીજો ટાઇમ છે.

કોઈ પ્રશ્ન કરશે કે-શારંગધરે વાયુના પાંચ ભેદ કહ્યા એ પ્રમાણે કફ ને પિત્તના પાંચ પાંચ ભેદ છે તે કેમ ન કહ્યા ? તો તેના ઉત્તરમાં એજ ખુલાસો છે કે- બધા દોષ, ધાતુ, મળો વગેરેમાં વાયુનીજ પ્રાધાન્યતા છે, અને વાયુજ અન્ય કફ વગેરેના કોપનું કારણ છે-એ માટેજ વાયુનો કોપ થવાથીજ પિત્ત કફનો કોપ થાય છે એમ સમજવું. જેમ કહેલ છે કે "એક દોષના કોપવાથી બધા દોષો કોપ પામે છે." તેમજ સુશ્રુતજીએ પણ કહ્યું છે કે-"આચિંત્ય વીર્યવાન્ દોષોનો નિયંતા અને સર્વરોગ સમૂહનો રાજા એવો એ વાયુ સ્વયંભૂ અને ભગવાન્ છે." એટલા માટે વાયુ પ્રધાનરૂપ હોવાને લીધે એના ભેદ કહેલ છે. ૮-૯

(દવા ખાવાના ચોથા સમયની સમજ.)

मुहुर्मुहुश्च तृट् छर्दि हिक्काश्वासगरेषु च ॥ १० ॥
सान्नं च भेषजं दद्यादिति कालश्चतुर्थकः ॥

જે રોગીને તરશ, ઉલટી, હેડકી, શ્વાસ અને વિષ-ઝેર દોષ થયેલ હોય તે રોગીને વારંવાર અન્ન સાથે ઔષધ આપવું. આ શ્લોકમાં ચકારનો પ્રયોગ કરેલો છે તેથી એ સૂચના કરી છે કે તરશ વગેરે રોગોમાં અન્ન વગર પણ ઔષધ આપવું. આ પ્રમાણે ચોથો કાળ છે. ૧૦

(પાંચમા સમયની સમજ.)

ऊर्ध्वजत्रुविकारेषु लेखने बृंहणे तथा ॥११॥
पाचनं शमनं देयमनन्नं भेषजं निशि ॥
इति पंचमकालः स्यात्प्रोक्तो भैषज्यकर्मणि ॥१२॥

ગળાની હાંસડી ઉપરના એટલે કે કાન-આંખ-મુખ-નાક વગેરેના રોગો સંબંધી વિષયમાં, તથા વધી પડેલા વાતાદિ દોષોને ઘટાડવાના વિષયમાં, અને અતિ ક્ષીણ થયેલા દોષોને વધારવાના વિષયમાં, રાતના પહેલા પહોરમાં પાચન રૂપ તથા શમન રૂપ ઓષડ (લેખનના નિમિત્તે) અન્ન રહિત (અન્ન પાચન ન થયું હોય તે વખતે? કે ખાલી પેટે?) આપવું યોગ્ય છે. આવી રીતના ઓષડ પાંચ સમય છે. ૧૨.

(દ્રવ્ય રસો વગેરેની વિશેષ અવસ્થાની સમજ.)

द्रव्ये रसो गुणो वीर्यं विपाकः शक्तिरेव च ॥

संवेदनक्रमादेताः पंचावस्थाः प्रकीर्त्तिताः ॥ १३ ॥

દ્રવ્યની અંદર, રસ, ગુણ, વીર્ય, વિપાક અને શક્તિ એ પાંચ અવસ્થા છે, એનું જ્ઞાન ક્રમે કરીને જાણવું. એટલે કે મધુરાદિ રસ ૭ છે. ગુરૂ મંદાદિ ભેદથી ગુણ વીશ છે. શીતળ ઉન્હા ભેદથી વીર્ય બેપ્રકારનું છે. (કોઇ વળી વીર્યના, શીતળ, ગરમ, રૂક્ષ, વિશદાદિ આઠ પ્રકાર કલ્પે છે.) વિપાક ત્રણ જાતના છે. (કોઈ લઘુ ગુરૂ ભેદથી બે જાતનાજ વિપાક માને છે.) અને દ્રવ્યોમાં અચિંત્ય શક્તિ છે. આમ હોવાને લીધે દ્રવ્ય એજ મુખ્ય છે; કેમકે વીર્ય વગર પાક, રસ વગર વીર્ય, અને દ્રવ્ય વગર રસ છેજ નહીં. દ્રવ્ય શબ્દની અંદર જડ, છાલ, સાર, ગુંદ, વગેરે જાણવાં. કહ્યું છે કે-મૂળ, છાલ, સાર, ગુંદ, નાળ, સ્વરસ, પલ્લવ-પાંદડાં, દૂધ, દૂધવાળાં ફળ, ફુલ, ભસ્મ, તેલ, કાંટા, પત્ર તથા કોમળ ટીસીઓ, કંદ, પ્રરોહ-અંકુરા અને ઉદ્‌ભિજ, તથા જંગમ પાર્થિવ વગેરે કુલ્લનો દ્રવ્ય શબ્દની અંદર સમાવેશ થાય છે. ૧૩.

(રસ સંબંધી સમજ.)

मधुरोऽम्लः पटुश्चैव कटुतिक्तकषायकाः ॥
इत्येते षड्रसाः ख्याता नानाद्रव्यसमाश्रिताः ॥ १४ ॥

મીઠો, ખાટો, ખારો, તીખો, કડવો, અને કષાયલો એમ છ રસ હોય છે, અને તે વિવિધ દ્રવ્યના આશ્રયથી રહે છે એમ સમજવું.

(રસનો ઉત્પત્તિ ક્રમ.)

धरांबुक्ष्मानलजलज्वलनाकाशमारुतैः ॥
वाय्वग्निक्ष्मानिलैर्भूतद्वयैरसभवः क्रमात् ॥ १५ ॥

પૃથ્વિ અને પાણીતત્ત્વના અધિક અંશથી મીઠો રસ, પૃથ્વિ અને અગ્નિતત્ત્વના અધિક અંશથી ખાટો રસ, પાણી અને અગ્નિ તત્ત્વના વિશેષ અંશથી ખારો રસ, આકાશ અને વાયુતત્ત્વના વિશેષાંશથી તીખો રસ, વાયુ અને અગ્નિતત્ત્વના વિશેષાંશથી કડવો રસ, તથા પૃથ્વિ અને વાયુતત્ત્વના વિશેષાંશથી કષાયલો રસ પેદા થાય છે. કિંવા થયેલ છે. એટલે કે આમ બે બે તત્ત્વોના અધિકતા ભર્યા સંયોગવડે એક એક રસ પેદા થાય છે, એવો ક્રમ છે. ૧૫

(ગુણોના ૩૫ સંબંધી સમજ.)

गुरुः स्निग्धश्च तीक्ष्णश्च रूक्षो लघुरिति क्रमात् ॥
धरांबुवह्निपवनव्योम्नां प्रायो गुणाः स्मृताः ॥ १६ ॥
एष्वेवांतर्भवत्यन्यो गुणेषु गुणसंचयः ॥

ઘણું કરીને પૃથ્વિનો ગુણ ભારે, પાણીનો ચીકણો, અગ્નિનો તિક્ષ્ણ–તેજ, વાયુનો લૂખો, અને આકાશનો હલકો ગુણ છે. આવી રીતે પાંચ ગુણ ક્રમવડે પાંચ મહાભૂતોના સમજવા. તથા એઓજ ગુણોમાં બીજા સાંદ્ર, મૃદુ, શ્લક્ષ્ણ વગેરે ગુણ રહેલ છે. તેઓને અનુમાનથી જાણવા. 'ગુણાઃ' એ બહુવચનવડે વ્યવાયી, વિકાશી વગેરે અન્ય બાવીશ ગુણ જાણવા. કોઈ સતોગુણ, રજોગુણ અને તમોગુણ એ ત્રણ ગુણો જ માને છે. (આ સંબંધી વિસ્તાર સુશ્રુતસંહિતામાં છે. ત્યાંથી જોઇ વાકેફ થવું.) ૧૬

(વીર્યના સ્વરૂપ સંબંધી સમજ.)

वीर्यमुष्णं तथा शीतं प्रायशो द्रव्यसंश्रयं ॥ १७ ॥
तत्सर्वमग्नीषोमीयं दृश्यते भुवनत्रये ॥
अत्रैवांतर्भविष्यंति वीर्याण्यन्यानि यान्यपि ॥ १८ ॥

ઘણું કરીને વીર્ય દ્રવ્યના આશ્રયે રહે છે, તે બે પ્રકારનું છે; એટલે કે શીતળ અને ઉષ્ણ છે, એથી સ્વર્ગ–મૃત્યુ–પાતાળમાં એ વીર્ય અગ્ન્યાત્મક અને સોમાત્મક જણાય છે. તથા એ શીતોષ્ણ વીર્યના અંતર્ગત અન્ય વીર્ય એટલે કે સ્નિગ્ધ, રૂક્ષ, વિશદ, પિચ્છિલ, મૃદુ, તીક્ષ્ણ ઇત્યાદિ રહે છે. અર્થાત્ શીતવીર્યની અંદર ભારે, ચીકણું, ઠંડુ અને કોમળ એ ચાર વીર્યો રહેલ છે, અને ઉષ્ણ વીર્યની અંદર હલકું, લૂખું, ઉન્હું તથા તીખું, એ ચાર જાતનાં વીર્ય રહેલ છે. ૧૭–૧૮.

(વિપાકના સ્વરૂપ સંબંધી સમજ.)

त्रिधाविपाको द्रव्यस्यस्वाद्वम्ल कटुकात्मनः ॥
मिष्टः पटुश्च मधुरमम्लोम्लं पच्यते रसः ॥ १९ ॥
कषायकटुतिक्तानां पाकः स्यात्प्रायशः कटुः ॥
मधुराज्जायते श्लेष्मा पित्तमम्लाच्च जायते ॥ २० ॥

कटुकाज्जायते वायुः कर्माणीति विपाकतः ॥

મીઠો, ખાટો અને તીખો એમ ત્રણ રીતે દ્રવ્યોનો વિપાક થાય છે. મીઠા રસ અને ખારા રસનો મધુર પાક થાય છે. ખાટા રસનો ખાટો પાક થાય છે. તૂરા, તીખા અને કડવા રસનો પાક ઘણું કરીને તીક્ષ્ણ થાય છે, એ માટે તે ત્રણ પાકોથી જે ત્રણ કર્મ થાય છે. તે એ કે-મીઠા પાકથી કફ, ખાટા પાકથી પિત્ત અને તીક્ષ્ણ પાકથી વાયુ થાય છે. એ રીતે ત્રણ પ્રકારના પાકથી ત્રણે દોષ પેદા થાય છે. ૧૯-૨૦

(પ્રભાવના સ્વરૂપની વ્યાખ્યા.)

प्रभावस्तु यथा धात्री लकुचस्य रसादिभिः ॥ २१ ॥
समापि कुरुते दोषत्रितयस्य विनाशनम् ॥
क्वचित्तु केवलं द्रव्यं कर्म कुर्यात्प्रभावतः ॥ २२ ॥
ज्वरं हंति शिरोबद्धा सहदेवीजटायथा ॥

આમળાં અને ન્હાના ફનસનો રસ, ગુણ, વીર્ય, વિપાક વગેરે ગુણ વડે સમાન હોવા છતાં પણ આમળાં પોતાના પ્રભાવથી વાતાદિ ત્રણે દોષોનો નાશ કરે છે, એ શક્તિને પ્રભાવ કહે છે. (પણ ફનસમાં તે પ્રભાવ નથી.) ક્યાંક એકજ દ્રવ્ય એવો છે કે પોતાનામાં રસ વગેરે ન હોવા છતાં પણ પોતાના પ્રભાવથી તુરતજ રોગને દૂર કરે છે; જેમ કે સવદેવીની જડ વિધિપૂર્વક લાવી માથા ઊપર ધારણ કરવાથી તાવ ઉતરી જાય છે, (પુંવાડીઆનું મૂળ વેણીમાં ખોસવાથી કષ્ટાતી સ્ત્રી તરત બાળકને જન્મ આપે છે. કંકાસણીનો છોડ છાપરાપર નાખવાથી તે ઘરમાં લડાઈ જામે છે. અંધાડાની લાકડીથી સાપ ભાગી જાય છે, અને વ્યાળવેલાને સ્પર્શેલા પવનવડે સાપ મરી જાય છે.) એ દ્રવ્યનો પ્રભાવ છે. ૨૧-૨૨.

(વનસ્પતિરસાદિની ઉત્કૃષ્ટતા પૂર્ણ વ્યાખ્યા.)

क्वचिद्रसो गुणो वीर्यं विपाकः शक्तिरेव च ॥ २३ ॥
कर्म स्वं स्वं प्रकुर्वंति द्रव्यमाश्रित्य ये स्थिताः ॥

હરકોઇ પદાર્થોમાં રસ, ગુણ, વીર્ય, વિપાક અને પ્રભાવ એ પાંચે રહેલ છે; છતાં ક્યાંક રસ, ક્યાંક ગુણ, ક્યાંક વીર્ય, ક્યાંક વિપાક અને ક્યાંક શક્તિ-પ્રભાવ એ રીતે દરેક પોતપોતાનાં કામ બજાવે છે.

તેઓના ઉદાહરણ તરીકે ધ્યાન દેવું કે-ગળોનો રસ ગરમ હોવા છતાં પણ પિત્તને શમાવી દે છે; કારણ કે તેનો રસ કડવો છે. ગુણના ઉદાહરણ તરીકે-તીક્ષ્ણ ગુણવાળો મૂળો છતાં પણ કફની વૃદ્ધિ કરે છે; કારણકે તે સ્નિગ્ધ ગુણવાળો હોય છે. વીર્યના ઉદાહરણ તરીકે-મોટાં પંચમૂળ કષાયલાં અને કડૂચાં હોવા છતાં પણ વાદીને શમાવે છે; કારણ કે તે ઉષ્ણવીર્ય છે. વિપાકના ઉદાહરણ તરીકે-શુંઠ તીક્ષ્ણ હોવા છતાં પણ વાયુને શમાવે છે; કારણ કે તેનો પાક મધુર છે. પ્રભાવના ઉદાહરણ તરીકે ખેર કોઢને મટાડે છે; કારણ કે તેની વિલક્ષણ શક્તિ છે. એ માટેજ ઔષધોનો પ્રભાવ અચિંત્ય છે. (કોઈ પ્રશ્ન કરશે કે-'ગુણ અને વીર્યની અંદર શું તફાવત છે? કેમકે જે ગુણ હરડેની અંદર છે, તેજ ગુણ આમળાંની અંદર છે.' આના ઉત્તરમાં કહીશું કે આમળાં શીતવીર્ય છે અને હરડે ઉષ્ણવીર્ય છે. આમ વીર્યનો ભેદ હોવાથી બન્નેમાં) તફાવત બતાવેલ છે. ૨૩

(૭ ઋતુઓની સમજ.)

चयकोपशमा यस्मिन्दोषाणां संभवंति हि ॥ २४ ॥
ऋतुषट्कं तदाख्यातं रवेराशिषु संक्रमात् ॥
ग्रीष्मे मेषवृषौ प्रोक्तः प्रावृट् मिथुनकर्कयोः ॥ २५ ॥
सिंहकन्ये स्मृता वर्षाः तुलावृश्चिकयोः शरत् ॥
धनुर्ग्राहौ च हेमंतौ वसंतः कुंभमीनयोः ॥ २६ ॥

વાયુ વગેરે દોષોની વૃદ્ધિ (વધારો), પ્રકોપ અને શમન જે ૭ ઋતુઓની અંદર થાય છે તે છ ઋતુઓ સૂર્યના ફરવાને લીધે બાર રાશિયો ઉપરથી થાય છે. એટલે કે-મેષ અને વૃષ રાશિનો સૂર્ય હોય ત્યારે (મેષ, વૃષ સંક્રાંતિમાં) ગ્રીષ્મઋતુ, મિથુન અને કર્ક રાશિનો સૂર્ય હોય ત્યારે પ્રાવૃટ્ઋતુ, સિંહ અને કન્યા રાશિનો સૂર્ય હોય ત્યારે વર્ષાઋતુ, તુલ અને વૃશ્ચિક રાશિનો સૂર્ય હોય ત્યારે શરદ્ઋતુ, ધન અને મકર રાશિનો સૂર્ય હોય ત્યારે હેમંતઋતુ, અને કુંભ તથા મીન રાશિનો સૂર્ય હોય ત્યારે વસંતઋતુ કહેવાય છે.

(આ ગ્રંથના કરનારાએ શિશિરૠતુનું નામ બતાવ્યુંજ નથી એ ઉપરથી અનુમાન થાય છે કે તેની પોતાની જન્મભૂમીની અંદર વર્ષાકાળ ચાર મહીનાઓનો હશે; પરંતુ આ ગુજરાતની અંદર તેમ મનાતું નથી. અહીં તો મેષ અને વૃષભ સંક્રાંતિ અથવા ચૈત્ર, વૈશાખ

મહીનો હોય તે વખતે ગ્રીષ્મ (ઉન્હાળાની) ઋતુ, મિથુન કર્ક સંક્રાતિ અને જેઠ, આષાઢ મહીનો હોય તે વખતે વર્ષાઋતુ, સિંહ, કન્યા સંક્રાંતિ અને શ્રાવણ, ભાદરવો મહીનો હોય તે વખતે શરદ્‌ઋતુ, તુલા, વૃશ્ચિક સંક્રાંતિ અને આશો, કાર્તિક. મહીનો હોય તે વખતે હેમંતઋતુ, ધન, મકર સંક્રાંતિ અને માગશિર, પોષ મહીનો હોય તે વખતે શિશિર્‌ઋતુ; કુંભ, મીન સંક્રાંતિ અને માહ, ફાગણુ મહીનો હોય તે વખતે વસંતઋતુ કહેવાય છે; માટે આ દેશમાં આ પ્રમાણે ઋતુઓનો હિસાબ રાખવો.) ૨૪-૨૬

(કઇ કઇ ઋતુમાં કયા કયા દોષનો સંચય-કોપ-શમન થાય છે?)

ग्रीष्मे संचीयते वायुः प्रावृट्काले प्रकुप्यति ॥
वर्षासु चीयतेपित्तं शरत्काले प्रकुप्यति ॥ २७ ॥
हेमंते चीयते श्लेष्मा वसंते च प्रकुप्यति ॥
प्रायेण प्रशमं याति स्वयमेव समीरणः ॥ २८ ॥
शरत्कालो वसंते च पित्तं प्रावृट् ऋतौ कफः ।

ગ્રીષ્મઋતુમાં વાયુ સંચય (એકઠો) થઇને તે પ્રાવૃટ્ ઋતુમાં પ્રકોપ પામે છે. વર્ષાઋતુમાં પિત્તનો સંચય થઇને તે શરદ્ ઋતુમાં કોપ પામે છે. હેમંતઋતુમાં કફ એકઠો થઇને તે વસંતઋતુમાં કોપે છે. તેમજ ઘણું કરીને વાયુ શરદ્‌ઋતુમાં, પિત્ત વસંતમાં અને કફ પ્રાવૃટ્‌ઋતુમાં પોતાની મેળેજ શાંત થઈ જાય છે. એટલે કે ગ્રીષ્મમાં વાયુ એકઠો થાય છે, તે પ્રાવૃટ્‌માં કોપ પામે; પણ તે વખતમાં કફ શાંત થાય છે. વર્ષામાં પિત્ત એકઠું થાય, તે શરદમાં કોપે; પણ વાયુ શાંત થાય છે. હેમંતમાં કફ એકઠો થાય, તે વસંતમાં કોપે; પણ તે સમયમાં પિત્ત શાંત થાય છે.

(આ દેશના નિયમ પ્રમાણે ગ્રીષ્મઋતુમાં વાયુ એકઠો થાય છે, તે વર્ષામાં કોપે છે. એ ઋતુમાં કફ શાંત થાય છે. શરદ્‌માં પિત્ત એકઠું થાય તે હેમંતમાં કોપે છે. એ ઋતુમાં વાયુ શાંત થાય છે. શિશિર્‌માં કફ એકઠો થાય છે તે વસંતમાં કોપે છે. આ ઋતુમાં પિત્ત શાંત થાય છે.[1])

---

૧ સુશ્રુતમાં કહેલું છે કે—ગ્રીષ્મઋતુમાં ઘઉં ચણા વગેરે ઔષધિયો સાર વગરની લૂખી અને બહુજ હલકી હોય છે, તથા એવીજ રીતે લૂખા વગેરે ગુણોથી સહિત પાણી થાય છે. એવા અન્ન જળના સેવનથી જેઓ મનુષ્યોનું શરીર સૂર્યના તાપ વડે શોષાઇ રહેલ હોય છે એવાઓના

(વગર મોસમે પણ વાતાદિ દોષોનો સંચય, કોપ, શમન, થાય છે તેનું શું કારણ?)

चयकोपशमादोषाविहाराहारसेवनैः ॥ २९ ॥
समानैर्यान्त्यकालेऽपि विपरीतैर्विपर्ययम् ॥

વાતાદિ દોષોના સરખા ગુણવાળા આહાર વિહારના સેવનથી વગર સમય છતાં પણ તે એકઠા થઇ, કોપીને શાંત થઇ જાય છે. અને વાતાદિ દોષોથી વિપરીત ગુણવાળા આહાર વિહારના સેવનથી વગર સમયે પણ વાતાદિ દોષો એકઠા ન થતાં, તથા ન કોપતાં શમન પણ થતા નથી. મતલબ એ કે હલકા, લૂખા અને ટાઢા પદાર્થો વાયુના મિજાજ જેવા ગુણવાળા હોવાથી વાયુને મદદ આપે છે. તેમજ બળતરા કરનારા, તીખા અને ખાટા પદાર્થો પિત્તને વધવામાં મદદ આપનારા હોવાથી–તેઓના એકઠા થવાના વખતમાં તેમના મિજાજને મળતા ગુણવાળા પદાર્થો સેવન કરવાથી તેઓ એકઠા થાય છે, પ્રકોપ વખતે પ્રકોપ પામે છે, અને શમન વખતે શમન થાય છે. તેમજ ભારે, ચીકણા અને ગરમ વગેરે પદાર્થો વાયુના સ્વભાવથી, કડવા ગરમ ને લૂખા વગેરે પદાર્થો કફના સ્વભાવથી, અને વિદાહી, મીઠા, ટાઢા પદાર્થો પિત્તના સ્વભાવથી વિરૂદ્ધ હોવાને લીધે તેઓનું સેવન કરવાથી તે કોપ પામે છે, અને તેમના હરીફ–નાશકર્ત્તા પદાર્થોને સેવવાથી તેઓ અકાળમાં પણ નાશ પામે છે. ૨૯

(વાયુનો કોપ તથા તેની શાન્તી શાથી થાય?)

लघुरूक्षमिताहारादतिशीताच्छ्रमात्तथा ॥ ३० ॥

શરીરમાં લૂખાસ હલકાસ અને વિસદ ગુણવંત હોવાને લીધે વાયુ એકઠો થાય છે. તેજ વાયુ એકઠો થએલો વર્ષાઋતુમાં બહુજ પાણીમાં રચીપચી રહેલા દેહવાળા પ્રાણિયોને શીત તાપ વર્ષાવડે પ્રેરાયેલા વાતજન્ય વ્યાધિયોને પેદા કરે છે. કોઇ પ્રશ્ન કરે કે—'શીત ગુણવાળા વાયુનો ગ્રીષ્મઋતુમાં શી રીતે સંચય થાય છે?' તો તેના ઉત્તરમાં કહીશ કે સંપૂર્ણ વાયુના ગુણોમાં લૂખાસ ગુણની પ્રાધાન્યતા છે એ માટે ઓષધીઓની બહુ લૂખાસને લીધે લૂખો વાયુ ગ્રીષ્મમાં પણ એકઠો થાય છે. કોઇ પુછશે કે 'જે ઋતુની અંદર જે દોષ એકઠો થાય તે દોષ તે ઋતુની અંદર કેમ કોપતો નથી?' તો તેના ઉત્તરમાં કહીશું કે જેમ વાયુનો ગ્રીષ્મઋતુમાં સંચય થાય છે; પરંતુ તે વખતે ઉષ્ણ ગુણવાળી ઋતુ હોવાને લીધે વાયુ એકઠો થયા છતાં પણ કોપતો નથી એજ સિદ્ધાંત છે.

ભા. કર્તા,

प्रदोषे कामशोकाभ्यां भीचिंतारात्रिजागरैः ॥
अभिघातादपांगाहाज्जीर्णेऽन्नेधातुसंक्षयात् ॥ ३१ ॥
वायुः प्रकोपं यात्येभिः प्रत्यनीकैश्च शाम्यति ॥

જે ચીજ ખાવાથી જલ્દી પચી જાય તેવી મગ મઠ વગેરે હલકી ચીજો, તથા ચણા વગેરે લૂખા પદાર્થો, ખાવાથી, પોતાનો જેટલો આહાર હોય તે કરતાં ઓછો ખાવાથી, ઘણી ટાઢ સહન કરવાથી-ઘણા ટાઢા પદાર્થો ખાવાથી, હદ ઉપરાંત મહેનત કરવાથી, પ્રદોષ (સંધ્યા) સમય સ્ત્રી સાથે રતિક્રીડા કરવાથી, ધન પુત્ર સ્ત્રી વગેરે વ્હાલી વસ્તુઓના વિયોગ વડે પેદા થએલ શોકથી, ભય અને ચિંતાથી, રાત્રીજાગરણ (ઉજાગરો) કરવાથી, શસ્ત્ર લાકડી વગેરેની ચોટ (માર) વાગવાથી, વારંવાર ન્હાવાથી કે પાણીમાં વધારે વખત બેસી રહેવાથી, અને ભૂખ લાગવાથી તેમજ ધાતુઓના ક્ષીણપણાથી વાયુ કોપે છે. અને એનાથી વિરૂદ્ધ એટલે કે ગરમ અને ચીકાશ-ચીકણાશ વાળા પદાર્થો સેવન કરવાથી વાયુ શાંત થાય છે. ૩૦-૩૧

(પિત્તનો કોપ અને શાન્તિ શાથી થાય ?)

विदाहिकटुकाम्लोष्णभोज्यैरत्युष्णसेवनात् ॥ ३२ ॥
मध्यान्हे क्षुत्तृषारोधाज्जीर्यत्यन्नेऽर्धरात्रके ॥
पित्तं प्रकोपं यात्येभिःप्रत्यनीकैश्च शाम्यति ॥ ३३ ॥

બળતરા કરનારી વાંસડાની તથા કેરડાંની કુંપળો જેવી વિદાહી, તથા રાઈ, મરચાં જેવી તીખી, અને ખાટા રસવાળી, તેમજ ઉષ્ણ વીર્યવાળી ચીજોના ખાવાથી, અગ્નિનો બહુજ શેક કરવાથી કે બપોરે તાપમાં રખડવાથી, અને ભૂખ, તરશ લાગ્યાં છતાં ન ખાવા પીવાથી તે વખતેં, અરધી રાતેં, અન્ન પચવા આવ્યાની વખતેં, અને મધ્ય રાતેં પિત્ત કોપે છે. અને મીઠા ટાઢા પદાર્થો વગેરે વિપરીત સ્વભાવવાળાઓનું સેવન કરવાથી પિત્ત શાંત થાય છે. ૩૨-૩૩

(કફનો કોપ અને શાન્તિ શું કરવાથી થાય ?)

मधुरस्निग्धशीतादिभोज्यैर्दिवसनिद्रया ॥
मंदेऽग्नौ च प्रभाते च भुक्तमात्रे तथा श्रमात् ॥३४॥
श्लेष्मा प्रकोपं यात्येभिः प्रत्यनीकैश्च शाम्यति ॥

इति श्रीदामोदरसूनुशार्ङ्गधरेण विरचितायां संहितायां सूत्रस्थाने प्रथमखंडे भैषज्याख्यानक द्वितीयऽध्योयःसमाप्तः

મીઠા રસવાળાં ગોળ ખાંડ સાકર વગેરે ખાવાથી, ઘી તેલાદિ ચીકાશવાળાં પદાર્થો ખાવાથી, કેળાં, બરફ વગેરે શીતળ–ટાઢા પદાર્થો ખાવાથી, તેમજ ભેંશના દૂધ સરખા ભારે પદાર્થ ખાવાથી, અડદ વગેરે શ્લક્ષ્ણ પદાર્થો ખાવાથી, દિવસે નિંદ લેવાથી, જઠરાગ્નિ મંદ હોવા છતાં વિશેષ ખાવા–પીવાથી અને કસરત વગેરે થાક લાગનારાં કામો ન કરવાથી–સવારે તથા જમ્યા પછીના તરતના સમયે કફ કોપે છે. અને એથી વિરૂદ્ધાચરણ કરવાથી એટલે કે ઉષ્ણ અને લૂખા પદાર્થોનું સેવન કરવાથી કફ શાંત થાય છે. ૩૪

ઇતિશ્રી અચળેશ્વરપુરોહિતતનયપૂર્ણચંદ્રશર્મણાપ્રણીતશાર્ઙ્ગધરસંહિતાર્થસંજીવનીગુર્જરીભાષાટીકાયાંપ્રથમખંડે ભૈષજ્યાખ્યાનક દ્વિતીયોધ્યાય. ૨.

અધ્યાય ત્રીજો.

(રોગી નિરોગીની નાડીપરીક્ષા શી રીતે કરવી ?)

करस्यांगुष्ठमूले या धमनी जीवसाक्षिणी ॥
तच्चेष्टया सुखं दुःखं ज्ञेयं कायस्य पंडितैः ॥ १ ॥

પંડિત વૈદ્યોએ, જીવની સાક્ષી સરખી હાથના અંગૂઠાના મૂળમાં રહેલી ધમની નાડીની ચેષ્ટા–ગતિવડે શરીરનાં સુખ દુઃખને જાણી લેવાં. ૧

(વાત, પિત્ત, કફ અને ત્રિદોષની નાડી કેવી ચાલે ?)

नाडी धत्ते मरुत्कोपे जलौकासर्पयोर्गतिम् ॥
कुलिंगकाकमंडूकगतिं पित्तस्य कोपतः ॥ २ ॥
हंसपारावतगतिं धत्ते श्लेष्मप्रकोपतः ॥
लावतित्तिरवर्तीनां गमनं सन्निपाततः ॥ ३ ॥

कदाचिन्मंदगमना कदाचिद्वेगवाहिनी ॥
द्विदोषकोपतो ज्ञेया हंति च स्थानविच्युता ॥ ४ ॥
स्थित्वा स्थित्वा चलति या सा स्मृता प्राणनाशिनी ॥
अतिक्षीणा च शीता च जीवितं हंत्यसंशयम् ॥ ५ ॥

વાયુના કોપવાથી નાડી જળો તથા સાપની પેઠે વાંકી ગતિવાળી થાય છે, પિત્તના કોપવાથી નાડી ચકલાના, કાગડાના કે દેડકાના જેવી થેકડા મારતી ચાલવાળી થાય છે. કફના કોપવાથી નાડી બતક (હંસ) અને કબુતરના જેવી ધીમી ધીમી ચાલવાળી થાય છે, અને એ ત્રણે દોષ ભેગા કોપવાથી નાડી લાવરાં, તેતર ને વાર્તિક પક્ષીના જેવી ચંચળ ચાલવાળી થાય છે. બે દોષ સાથે કોપવાથી નાડી કોઇકે વેળા ધીમી અને કોઇક વેળા ઉતાવળી ચાલવાળી થાય છે; એટલે કે ધીમી ચાલીને તુરત ઉતાવળી ચાલવા લાગે છે. સ્થાનભ્રષ્ટ નાડી અર્થાત્ પોતાની જગોથી ખસી ગયેલી નાડી પ્રાણનો નાશ કરે છે. તેમજ રહી રહીને ચાલનારી નાડી પણ પ્રાણનો નાશ કરે છે. તથા બહુજ ક્ષીણ થયલી નાડી, અને ઘણીજ ટાઢી પડેલી નાડી બેશક પ્રાણનો નાશ કરે છે. ૨-૫

(તાવ આવેલાની નાડી કેવી ચાલે ?)

ज्वरकोपेन धमनी सोष्णा वेगवती भवेत् ॥

તાવ આવેલાની નાડી ઉન્હી હોવા સાથે ઉતાવળી ચાલનારી હોય છે.

(કામ, ક્રોધ, ચિંતા, ભય, મંદાગ્નિ, ક્ષીણ ધાતુ વાળાની નાડી કેવી ચાલે.)

कामक्रोधाद्भवेद्वेगा क्षीणा चिंताभयप्लुता ॥ ६ ॥
मंदाग्नेः क्षीणधातोश्च नाडी मंदतरा भवेत् ॥

કામદેવી ઇચ્છા પેદા થયેલાની નાડી, તેમજ ક્રોધવંતની નાડી ઘણીજ ઉતાવળી ચાલે છે. તથા ચિંતાતુરની અને ભયગ્રસિત (બ્હીનેલાની) નાડી ઘણીજ ક્ષીણ ચાલે છે. મંદ થયેલ જઠરાગ્નિવાળાની અને રસાદિ ધાતુઓ ક્ષીણ થયેલાની નાડી ઘણીજ મંદ ચાલે છે. ૬

(લોહીઆળની-ગર્ભિણીની-આમવાળાની નાડી કેવી ચાલે ?)

असृक्पूर्णा भवेत्कोष्णा गुर्वी सामा गरीयसी ॥ ७ ॥

લોહીના કોપવાથી અથવા લોહીયાળ મનુષ્યની નાડી કંઇક

ઉન્હી અને ભારે ચાલે છે, ગર્ભવંતીની બહુજ ભારે ચાલે છે, અને આમવાળાની નાડી પણ વિશેષ ભારે ચાલે છે. ૭

(દીપ્તાગ્નિવાળાની અને સુખીઆની નાડી કેવી ચાલે ?)

लघ्वी वहति दीप्ताग्नेस्तथा वेगवती भवेत् ॥
सुखितस्य स्थिरा ज्ञेया तथा बलवती मता ॥८॥ चपला-

તેજ જઠરાગ્નિવાળાની નાડી હલકી હોઇને વેગવાળી ચાલે છે, અને સુખીઆ (નિરોગી) મનુષ્યની નાડી સ્થિર તથા બળવાન્ ચાલે છે. ૮

(ભૂખ્યાની અને તૃપ્ત થયેલાની નાડી કેવી ચાલે ?)

क्षुधितस्यापि तृप्तस्य वहति स्थिरा ॥

ભૂખ્યાની નાડી ચપળ ચાલે છે, અને તૃપ્ત થયેલાની નાડી સ્થિર ચાલે છે. આ પ્રમાણે નાડીની પરીક્ષા કરવી.

(રોગી માટે વૈદ્યને બોલાવા આવનાર મનુષ્ય કેવો જોઇયે ?)

दूताः स्वजातयोऽव्यंगाः पटवो निर्मलांबरा ॥ ९ ॥
सुखिनोऽश्ववृषारूढाः शुभ्रपुष्पफलैर्युताः ॥
सुजातयः सुचेष्टाश्च सजीवदिशि संश्रिताः ॥ १० ॥
भिषजं समये प्राप्ता रोगिणः सुखहेतवे ॥

રોગીના માટે વૈદ્યને ત્યાં જનાર કે આવનાર મનુષ્ય પોતાની (રોગીનીજ) જાતનો–તેનો સગો, તથા ખોડ વગરનો (હાથ પગ વગેરે અંગમાં ખોડવાળો ન હોય તેવો), સર્વ કામમાં ચતુર, સફાઈદાર–સ્વેત પોષાકવાળો, નિરોગી–સુખિયો, ઘોડા કે બળદ ઉપર બેઠેલો, હાથમાં ધોળાં સુગંધી ફુલો અને સરસ ફળવાળો, ઉત્તમ કુળમાં જન્મેલો, સારી ચેષ્ટા–રીતભાતવાળો, તેમજ સારો દેખાવડો હોય તેવો, અને વૈદ્યની નાસિકાની જે નાડીની અંદર પ્રાણ વાયુ ચાલતો હોય તે નાડીની બાજુએ આવીને ઉભેલો અથવા તો જે દિશામાં બૃહસ્પતિ હોય તે દિશાના તરફ આવી ઉભેલો કે, તે દિશાથી આવેલો, તેમજ વખતસર રોગીના સુખ માટે વૈદ્યની પાસે જઇને ઉભેલો હોય તે દૂત–વર્ગ રોગીનો કલ્યાણકારી જાણવો.

ઉપર કહેવામાં આવ્યું કે—સારી ચેષ્ટાવાળો એટલે કે જે દૂત–

તેડાગર તરખલાં લાકડાંને ભાંગતો, હાથથી નાક અને સ્તનને સ્પર્શ કરતો, વસ્ત્રનો છેડો; વાળ, અનામિકા આંગળી, નખ વગેરેને દાંતેથી કરડતો, તુંબડી, રાખ, પથરા, હાડકાં વગેરે ચીજો ધારણ કરેલો અને ભોંય ખોતરતો કે ભોંયપર ચિત્રામણ કરતો હોય તેવો તેડાગર યમના દૂત જેવો અશુભ ગણાય છે. તેમજ ઉત્તમ દેખાવનો એટલે કે નપુંસક અને રાંડેલી સ્ત્રી ઘણું કરીને સારાં કામમાં નકામાંજ છે, તેથી વૈદ્યને બોલાવવા તેવાંને મોકલવાં યોગ્ય નથી. તથા તે આવનાર, હાથમાં ફાંસો, દોરડું, લાકડી, શસ્ત્ર વાળો હોય, કાળાં તથા ભીનાં કપડાં પહેરેલ હોય, ઓછાં વધતાં અંગોવાળો હોય, મલીન વેષવાળો હોય, આંસુથી ભરેલાં નેત્રવાળો આકળવિકળ થયેલ હોય, બીહામણા વેષવાળો હોય અને ખરાબ વાણી બોલનાર તથા દક્ષિણ દિશાથી આવી વૈદ્યની નાસિકાના સુરથી વિરૂદ્ધ દિશા તરફ બેસનાર કે ઊભો રહેનાર હોય તો તે તેડવા આવનાર વૈદ્યને ત્યાં રોગીના આરોગ્ય માટે નહીં, પણ મરણને બોલાવા આવેલો તેડાગર ગણાય છે. ૯-૧૦

(વૈદ્યને તેડવા જતી વખતે કેવાં શુકન થવાં જોઇએ ?)

वैद्याह्वानाया दूतस्य गच्छतो रोगिणः कृते ॥ ११ ॥
न शुभं सौम्यशकुनं प्रदीप्तं च सुखावहम् ॥

જે વખતે રોગીના ઘેરથી વૈદ્યને બોલાવા માટે તેડાગર જાય, તે વખતે રસ્તાની અંદર જો સૌમ્ય-સારા શકુન મળે-એટલે કે ભેર-ભુંગળ-શરણાઈ-મૃદંગ-ઢોલ-શંખ-વીણા - વેદધ્વનિ - મંગળ ગીત—પુત્ર તેડી લીધેલ સવાસણ સ્ત્રી, વાછડા સહિત ગાય, ધોયેલાં કપડેથી ધોબી, અને પાણી વગેરે સ્હામે મળે તો નઠારાં જાણવાં, પણ જો નઠારા શકુન મળે એટલે કે પ્રદીપ્ત શકુન—અગ્નિના અંગારા—તેલ—કપાસ-પથરા-રાખ-મડદું-કળથી-તલ વગેરે સ્હામે મળે તો સારા શકુન જાણવા; કેમકે તે નઠારા શકુન રોગીને સુખ થનારાં ગણેલ છે. (સારાં ગણાતાં જે શકુનો એક કામમાં સારાં ગણાતાં હોય તે બીજા કામમાં નઠારાં ગણાય છે.) માટે પ્રદીપ્ત શકુન જોઇ સારી તિથિયે, સારા નક્ષત્રે વૈદ્યને ઘેર જવું લાભકારી છે. (ચોથ, નૌમ, છઠ તિથિ, અને આદ્રા-અશ્લેષા-ભરણી—મઘા-મૂળ-પૂર્વા એ નક્ષત્રો દર્દીના સારૂ વૈદ્યને બોલાવા ટાણે ખરાબ માનેલ છે.) ૧૧

(રોગીને ઘેર જતાં વૈધને કેવાં શકુન થવાં જોઇયે ?)

चिकित्सां रोगिणः कर्तुं गच्छतो भिषजः शुभम् ॥१२॥
यात्रायां सौम्यशकुनं प्रोक्तं दीप्तं न शोभनम् ॥

દર્દીની દવા કરવા જનારા વૈધને રોગીને ઘેર જતાં માર્ગની અંદર જો ઊપર કહેલાં સૌમ્ય શકુન મળે તો તે સારાં જાણવાં; પણ તે વખતે ઉગ્ર—પ્રદીપ્ત શકુન (ઊપર કહેવામાં આવેલ છે તે) મળે તો નઠારાં જાણવાં. ૧૨

(વૈધે કેવા રોગીની દવા કરવી જોઇએ ?)

निजप्रकृतिवर्णाभ्यां युक्तः सत्त्वेन संयुतः ॥ १३ ॥
चिकित्स्यो भिषजा रोगी वैद्यभक्तो जितेंद्रियः ॥

જે દર્દીની અસલ પ્રકૃતિ (મિજાજ) બદલાઈ ગયેલ ન હોય; એટલે હમેશાંની પ્રકૃતિવાળોજ હોય, તથા શરીરનો વર્ણ પણ હમેશના જેવો જ (બદલાઈ ગયા વિનાનો) હોય, અને સત્વગુણ વાળો તથા વૈધના કહ્યા પર ભરોંસો રાખનારો, તેમજ ઇંદ્રિયોને કાબુમાં રાખનારો હોય તો તેવા દર્દીની વૈધે તુરત દવા કરવી. નહીં કે એથી વિરૂદ્ધ વર્ત્તનવાળો હોય તેની દવા કરી અપયશને પાત્ર થવું. ૧૪

(નિરોગીને રોગ અને રોગીને મરણ દેનારાં કયાં સ્વપ્નો છે ?)

स्वप्ने नग्नान्मुंडांश्च रक्तकृष्णांबरावृतान् ॥ १४ ॥
व्यंगांश्च विकृतान्कृष्णान्सपाशान् सायुधानपि ॥
बध्नतो निघ्नतश्चापि दक्षिणां दिशमाश्रितान् ॥ १५ ॥
महिषोष्ट्रखरारूढान्स्त्रीपुंसो यस्तु पश्यति ॥
स स्वस्थो लभते व्याधिं रोगी यात्येव पंचताम् ॥१६॥
अधो यो निपतत्युच्चाज्जलेऽग्नौ वा विलीयते ॥
श्वापदैर्हन्यते योऽपि मत्स्याद्यैर्गिलितो भवेत् ॥ १७ ॥
यस्य नेत्रे विलीयेते दीपो निर्वाणतां व्रजेत् ॥
तैलं सुरां पिबेद्वापि लोहं वा लभते तिलान् ॥ १८ ॥
पक्वान्नं लभतेऽश्नाति विशेत्कूपं रसातलम् ॥
स स्वस्थोलभते व्याधिं रोगी यात्येव पंचताम् ॥१९॥

સ્વપ્નની અંદર નાગાં, માથાં મુડાવેલાં, રાતાં અને કાળાં કપડાં પ્હેરેલાં, નાક કાન વગેરે અવયવો વગરનાં, લૂલાં, લંગડાં, ખૂંધાં વગેરે વિરૂપ રૂપવાળાં, તેમજ (રોગ થવાથી ડરામણા દેખાવવાળાં, કાળાં થયાં હોય તેવાં.) હાથમાં ફાંસીનું દોરડું કે તરવાર ભાલા વગેરે ઘાતક શસ્ત્રો ધારણ કરેલાં, કોઇને બાંધતાં મારતાં જતાં, દક્ષિણ દિશામાં રહેલાં, અને પાડા, ઊંટ કે ગધેડા પર બેઠેલાં, સ્ત્રી કે પુરૂષો જોવામાં આવે તો નિરોગી મનુષ્ય રોગી થાય છે, અને રોગી મનુષ્ય મરણને શરણ થાય છે. અથવા તો જે સ્વપ્નાની અંદર ઉંચેથી (ઝાડ, પ્હાડપરથી) નીચે પડતાં, પાણીમાં ડૂબતાં, અગ્નિમાં બળતાં, ઘાતકી પ્રાણીઓથી હણાતાં, માછલાં વગેરે પાણીમાં વસનારાં જાનવરોથી ગળાઈ જતાં, એકદમ આંધળો બનતાં, દીવો ન દેખતાં—હોલાયલો દીવો જોતાં, તેલ કે દારૂ પીતાં અને ભમરાદિ ડંખ દેતાં પોતાના ભણી દેખે, અથવા તો લોહું, તેલ કિંવા રાંધેલું અન્ન સ્હામે મળ્યું હોય તેવો દેખે, કે પકવાન્ન ખાતો, પાતાળ—રસાતળમાં જતો, કૂવામાં પડતો દેખે તો નિરોગી હોય તે રોગી થાય છે ને રોગી હોય તે યમનો મહેમાન થાય છે. ૧૪–૧૯

(ખરાબ સ્વપ્ન આવે તો શું કરવું ?)

दुःस्वप्नान्येवमादीनि दृष्ट्वा ब्रूयान्न कस्यचित् ॥
स्नानं कुर्यादुषस्येव दद्याद्धेमतिलानयः ॥ २० ॥
पठेत्स्तोत्राणि देवानां रात्रौ देवालये वसेत् ॥
कृत्वैवं त्रिदिनं मर्त्यो दुःस्वप्नात्परिमुच्यते ॥ २१ ॥

ઉપર કહેવાઇ ગયાં તેવાં નઠારાં સ્વપ્ન જોવામાં આવે તો તે સ્વપ્ન કોઇના અગાડી જાહેર કરવાં નહીં; પણ પ્રભાતે ઉઠી, ન્હાઇ, સોનું, કાળા તલ, અને લોઢું એઓનું બ્રાહ્મણને દાન આપવું ને તે પછી વિષ્ણુ સહસ્રનામ—ગજેંદ્રમોક્ષ—રામરક્ષા—મૃત્યુંજયસ્તોત્ર વગેરે પવિત્ર સ્તોત્રોનો પાઠ કરવો. તથા આ પ્રમાણે દિવસે કરી પછી રાતની વખતે દેવમંદિર (શિવમંદિર)માં જાગરણ કરવું. એમ ત્રણ દિવસ કરવામાં આવવાથી નઠારાં સ્વપ્નાનો દોષ દૂર થઇ જશે; એટલુંજ નહી પણ તેને ફરી નઠારાં સ્વપ્નાં આવશે જ નહીં.

(કયાં સ્વપ્ન સુખ આપનારા કહેવાય.)

स्वप्नेषु यः सुरान् भूपान् जीवंतः सुहृदो द्विजान् ॥

गोसमिद्धाग्नितीर्थानि पश्येत्सुखमवाप्नुयात् ॥ २२ ॥
तीर्त्वा कलुषनीराणि जित्वा शत्रुगणानपि ॥
आरूह्य सौधगोशैलकरिवाहान् सुखी भवेत् ॥ २३ ॥

જે મનુષ્ય સ્વપ્નની અંદર ઇન્દ્રાદિ દેવો ને જીવતા રાજા—મહારાજા—સ્નેહી—મિત્રો—સંબંધીઓને દેખે, તથા બ્રાહ્મણ, ગાયો, નિર્ધુમ-તેજદાર અગ્નિ, અને તીર્થ સ્થાનોને દેખે, અને ડોહોળા પાણીમાંથી તરી (નદી—નદ—સમુદ્રની) પેલે પાર જાય, શત્રુના સમૂહને જીતી જીત મેળવે, ચુનાબંધી મકાનમાં વસે, બળદ ઉપર બેસે, પહાડ ઉપર ચડે, હાથી કે ઘોડા ઉપર બેસે, તો તે સુખી થાય છે.

(કેવાં સ્વપ્નો જોવાથી રોગી નિરોગી ને નિરોગી ધનવંત થાય ?)

शुभ्रपुष्पाणि वासांसि मांसमत्स्य फलानि च ॥
प्राप्युत्तरः सुखी भूयात् स्वेस्थो धनमवाप्नुयात् ॥२४॥
अगम्यागमनं लेपो विष्ठया रुदितं मृतिं ॥
अंगमांसाशनं स्वप्ने धनारोग्याप्तये विदुः ॥ २५ ॥
जलौका भ्रमरी सर्पो मक्षिका वापि चं दशेत् ॥
रोगी स भूयादारोग्यः स्वस्थो धनमवाप्नुयात् ॥२६॥

इति श्रीदामोदरसूनुशार्ङ्गधर विरचितसंहितायां सूत्रस्थाने प्रथमखंडे नाडीपरीक्षादिविधिर्नाम तृतीयोऽध्यायः ॥ ३ ॥

જે મનુષ્ય સ્વપ્નની અંદર ધોળાં સુગંધિ ફુલો, ધોળાં કપડાં, માંસ, માછલાં અને કેરી વગેરે ફળો દેખે, તથા ન સંયોગ કરવા લાયક સ્ત્રીનો સંયોગ કરે, વિષ્ટાથી લેપાયલું પોતાનું શરીર દેખે, અથવા પોતાને કે પરાયાને રોતાં કે મરતાં દેખે, કાચું માંસ ખાય, પોતાને જળો—ભમરી—સાપ—મધમાખ કરડેલી દેખે તો રોગી રોગથી મુક્ત થાય, અને નિરોગી ધન પૂર્ણ થાય.

ઇતિશ્રી અચળેશ્વરપુરોહિતતનયપૂર્ણચંદ્ર શર્મણા પ્રણીત શારંગધરસંહિતાર્થસંજીવનીગુર્જરીભાષાટીકાયાં પ્રથમખંડે નાડી પરીક્ષાદિર્નામ તૃતીયોધ્યાય સમાપ્તઃ ૩

અધ્યાય ચોથો.

(દીપન ગુણવાળું ઓષડ શાથી કહેવાય ?)

पचेन्नामंन वन्हिकृच्च दीपनं तद्यथा मिशिः ॥

જે ઓષડ, આમનું પાચન ન કરે; પણ જઠરાગ્નિને તેજ કરે તે ઓષડ **દીપન** ગુણવાળું કહેવાય છે; જેમકે વરિયાળી આમને પચાવતી નથી; પણ જઠરાગ્નિને પ્રદીપ્ત કરે છે, તે દીપનગુણ ધારક છે.

આ ઊપરથી કોઈ પ્રશ્ન કરશે કે-'આમને પચાવ્યા વિના અગ્નિ પ્રદીપ્ત થઈ શકેજ કેમ ? જ્યારે વરિયાળી આમને પચાવી શકતી નથી, ત્યારે તે જઠરાગ્નિને તેજ શી રીતે કરે ? આના ઉત્તરમાં એજ કહીશ કે-ઔષધિયોના અચિંત્ય પ્રભાવ સંબંધી આગળ પૃષ્ટ ૨૭ માં કહેવાઈ ગયેલ છે તે અચિંત્ય પ્રભાવ વડેજ આમ ન પચાવતાં છતાં પણ અગ્નિને તેજ કરી શકે છે.

(પાચન ગુણવાળું ઓષડ શાથી કહેવાય ?)

पचत्यामंन वह्निं च कुर्याद्यत्तद्धि पाचनम् ॥ १ ॥
नागकेसरवत्

જે ઓષડ, આમને પચાવે; પણ જઠરાગ્નિને સતેજ ન કરી શકે તે ઓષડ **પાચન** ગુણ વાળું કહેવાય છે; જેમકે [1]નાગ-કેસર આમને પચાવે છે; પરંતુ જઠરગ્નિને સતેજ કરી શકતું નથી માટે તે પાચન ગુણવાળું કહેવાય છે. ૧

(દીપન પાચન ગુણવાળું ઓષડ શાથી કહેવાય ?)

विद्याच्चित्रो दीपनपाचनः ॥

જે ઓષડ, આમને પણ પાચન કરી દે અને અગ્નિને પણ પ્રદીપ્ત કરી દે તે ઓષડ **દીપન પાચન** ગુણવાળું કહેવાય છે, જેમ કે [2]ચિત્રામૂળ અગ્નિને દીપાવી આપતું પાચન કરે છે.

---

૧ નાગકેશર-લૂખું, ગરમ અને હલકા ગુણવાળું હોવાથી આમને પચાંવી શકે છે.

૨ ચિત્રામૂળ—પાકમાં કડવું, પાચનમાં હલકું અને અગ્નિ પેદા કરનાર હોવાને લીધે દીપન પાચન ગુણ ધરાવે છે.

(શમન ગુણવાળું ઓષડ શાથી કહેવા ?)

न शोधयति न द्वेष्टि समान् दोषांस्तथोद्धतान् ॥ २ ॥
समीकरोति विषमान् शमनं तद्यथामृता ॥

જે ઓષડ, વાયુ વગેરે દોષો સમાન હોય તેમને બગાડે નહીં અને તેમનું શોધન પણ કરે નહીં, તેમજ બગડેલા દોષોમાં મળી જઈને સમાન દશામાં પ્રાપ્ત કરે. મતલબ એ કે-પ્રાણીએ જે કંઈ ખાધેલ પીધેલ હોય તેને વમન માર્ગ-ઉંચેથી કે દસ્ત માર્ગ-નીચેથી બહાર ન કહાડતાં જે ઉદ્ધત ને વિષમ દોષ જે જગોએ હોય તે દોષને તે જગોએજ શમાવી દે-તે ઓષડને **શમન** ગુણ વાળું કહેવાય છે; જેમ કે ગળો સમાન વાતાદિ દોષનું શોધન કરતી નથી; એટલે કે સમાન દોષોને ઉલટી દસ્તની વાટે શરીરમાંથી બહાર કહાડતી નથી તેમજ વાતાદિ દોષોનો દ્વેષ પણ કરતી નથી; કેમકે તે સમાન વાતાદિ દોષોને જેમના તેમ (વધારો કર્યા વગર) રહેવા દઈ ફક્ત ઉદ્ધત અને વિષમ થયેલા વાતાદિ દોષોને શમાવી દે છે. ૨

(અનુલોમન ગુણવાળું કયું ઓષડ કહેવાય ?)

कृत्वा पाकं मलानां यद्भित्त्वा बंधमधो नयेत् ॥ ३ ॥
तच्चानुलोमनं ज्ञेयं यथा प्रोक्ता हरीतकी ॥

જે ઓષડ, મળ એટલે વાતાદિ દોષોના પાક-કોપને શાંત કરીને એક બીજાથી બદ્ધ અબદ્ધ હોય તેને અલગ અલગ કરીને ઝાડાને રસ્તેથી શરીરની બહાર કહાડી નાખે, તે ઓષડને **અનુલોમન** ગુણવાળું કહેવાય છે; જેમકે હરડે વાતાદિ દોષોનું પાચન કરી, તથા બદ્ધ થયેલા વાતાદિ દોષોને છૂટા પાડી-તેમના માર્ગ ભેદી વાતાદિ દોષોને દસ્તને માર્ગે દોરી જાય તે અનુલોમન કહેવાય છે. ૩

(સ્ત્રંશન ગુણવાળું ઓષડ કયું કહેવાય છે ?)

पक्तव्यं यदपक्त्वैव श्लिष्टं कोष्ठे मलादिकं ॥ ४ ॥
नयत्यधः स्रंसनं तद्यथा स्यात्कृतमालकः ॥

કોઠાની અંદર બદ્ધ રીતે બંધાઈ રહેલા અને પાકવા યોગ્ય થયેલા મળ પિત્ત કફને પકાવ્યા વિનાજ ગુદાની વાટે બહાર કહાડે તે ઓષડને **સ્ત્રંસન** ગુણવાળું કહેવાય છે; જેમકે ગરમાળાનો

ગોળ કોઠાની અંદર એકઠા થયેલા અને પાકવા યોગ્ય વાત વગેરે દોષોને પકાવ્યા વિનાજ ઝાડાને રસ્તેથી બહાર કહાડે છે, તેથી તે સ્રંસન ગુણ ધારક ગણાય છે. ૪

(ભેદન ગુણવાળું ઓષડ શાથી કહેવાય ?)

मलादिकमबद्धं वा यद्बद्धं पिंडितं मलैः ॥ ५ ॥
भित्त्वाधः पातयति तद्भेदनं कटुकी यथा ॥

જે ઓષડ, વાતાદિ દોષોવડે બંધાયલા કે વગર બંધાયલા ગોળ ગાંઠયો જેવા મળ મૂત્રાદિને (દોષરૂપ મળ મૂત્રને) તોડી ફોડીને ગુદાના માર્ગે લાવીને બહાર કહાડે છે, તે ઓષડને **ભેદન** ગુણવાળું કહેવામાં આવે છે; જેમકે કડુ બંધાયલા કે વગર બંધાયલા દોષ રૂપ મળોને ભેદી દસ્તના રસ્તેથી બહાર કહાડે છે તેથી તે ભેદન ગુણવાળું કહેવાય છે. ૫

(રેચ—જુલાબ લગાડનારા ગુણવાળું ઓષડ કયું કહેવાય ?)

विपक्कं यदपक्कं वा मलादि द्रवतां नयेत् ॥ ६ ॥
रेचयत्यपि तज्ज्ञेयं रेचनं त्रिवृता यथा ॥

જે ઓષડ, પેટમાંનાં અન્ન વગેરેને પૂરેપૂરાં પચવા દઇ, અથવા તો કંઇક કાચાં રહેવાં દઈ, અથવા તો વાતાદિ દોષોને પાતળા પાડી દઇ નીચેના ભાગમાં ઉતારી ગુદાની મારફત રેચ લગડાવે છે. તે ઓષડને **રેચન-રેચક** ગુણવાળું કહેવામાં આવે છે; જેમકે નસોતર તે પ્રમાણે કરીને રેચ લગાડે છે, તેથી તે રેચક ગુણ ધારક ગણાય છે. ૬

(રેચ લગાડનારાં તમામ ઓષડોમાં પૃથ્વિતત્ત્વ અને જળ તત્ત્વના ગુરૂત્વાદિ (પ્રભાવ) ગુણ વિશેષ હોવાને લીધે તે નીચેને માર્ગેજ દોરાઈ દસ્તજ કરાવે છે.)

(વમન—ઉલટી કરાવાના ગુણવાળું કયું ઓષડ છે ?)

अपक्कपित्तश्लेष्माणौ बलादूर्ध्वं नयेत्तु यत् ॥ ७ ॥
वमनं तद्धि विज्ञेयं मदनस्य फलं यथा ॥

જે ઓષડ, વગર પાકેલા પિત્ત કફને પરાણેથી મ્હોંને રસ્તે લઈ જઈ-ઉલટી કરાવી બહાર કહાડી દે છે, તે ઓષડ **ઉલટી કરાવનાર** કહેવાય છે; જેમકે મીંઢળ તે પ્રમાણે કરીને ઉલટી કરાવે છે તેથી તે વમનક ગુણવાળું ગણાય છે. ૭

કોઈ પ્રશ્ન કરશે કે કફને ઉલટીની અને પિત્તને ઝાડાની મારફત કહાડવાનો શાસ્ત્રમાં તો લેખ છે; છતાં આમાં: કહેવામાં આવ્યું કે–પિત્તને ઉલટી મારફત કહાડવું તે વિષે શું સમજવું ? તો આના ઉત્તરમાં એજ ખુલાસો છે કે, ન પાકેલા પિત્તને ઉલટીની મારફત કહાડી નાંખવું જોઇએ. આમ હોવાને લીધેજ જગોજગે લખવામાં આવેલ છે કે કટુ તિક્ત અને અમ્લને વમન કરાવી કહાડી દેવાં; કેમકે દગ્ધપિત્ત અમ્લપણાને ભેટે છે એ માટે જ અમ્લપિત્ત રોગની અંદર તે રોગને શમાવા સહુ પહેલાં ઉલટી કરાવવાનુંજ લખેલ છે.

(તમામ ઉલટી કરાવનારી દવાઓમાં પવન અને અગ્નિ તત્ત્વગુણ ગુરુત્વાદિ પ્રભાવવડે અધિક હોવાને લીધે ઉંચેના [મ્હોંડાના] માર્ગે જઈ ઉલટી કરાવે છે.) ૭

(સંશોધન ગુણવાળું કયું ઓષડ કહેવાય ?)

સ્થાનાદ્બહિર્નયેદૂર્ધ્વમધો વા મલસંચયમ્ ॥ ૮ ॥
દેહે સંશોધનં તત્સ્યાદ્દેવદાલિફલં યથા ॥

જે ઓષડ, પોતપોતાના સ્થાનોમાં એકઠા થયેલા મળો–દોષોને ઉપરના ભાગમાં લઇ જઇને મ્હોં કે નાકની મારફત બહાર કહાડી દે, અથવા તો તે એકઠા થયેલા વાતાદિ દોષોને નીચેને રસ્તે દોરી જઈ ગુદા, લિંગ કે યોનિ મારફત શરીરમાંથી બહાર કહાડે, તે ઓષડને **સંશોધન** ગુણવાળું કહેવામાં આવે છે; જેમકે કુકડવેલાનાં ફળ કે જેને બીજી ભાષામાં બંદાલ–દેવદાળી–વજ્રવેલ પણ કહેવામાં આવે છે તે ફળ પણ તેજ પ્રમાણે કરતું હોવાથી તે [1]સંશોધન ગુણધારક ગણાય છે. ૮

---

૧ શોધન બે પ્રકારનાં છે એટલે કે બાહ્ય (ઉપરથી) અને અભ્યંતર (અંદરથી) એમ બે છે; તેમાં પણ તેની બહિરાશ્રય અને અભ્યંતરાશ્રય એવી બે સંજ્ઞા છે. બહિરાશ્રયની અંદર નસ્તર-શસ્ત્રક્રિયા, ખાર, અગ્નિડામ અને લેપ વગેરેનો સમાવેશ થાય છે, અને અભ્યંતરાશ્રય ચાર ભેદથી છે. એટલે કે વમન (ઉલટી), વિરેચન (જુલાબ-રેચ), આસ્થાપન અને શોણિતાવસેચન (ફસ્ત ખોલવી) એમ ચાર પ્રકાર છે. કોઈ શોણિતાવસેચનને ઠેકાણે શિરોવિરેચન (માથાનો જુલાબ) કહે છે; પણ તે ઉલટી અંદર સમાસ કરવા યોગ્ય છે; કેમકે ઉર્ધ્વશોધક છે. (કુકડવેલાનું પાણી કે રસ, બનફસાનો ચાહ, પોટાસ આયોડાઈડ-વગેરે માથામાંનો બગાડ કહાડનારાં છે.)

(છેદન ગુણવાળું ઓષડ કયું કહેવાય ?)

श्लिष्टान् कफादिकान् दोषानुन्मूलयति यद्बलात् ॥ ९ ॥
छेदनं तद्यवक्षारा मरिचानि शिलाजतु ॥

જે ઓષડ, એક બીજાથી મળી રહેલા કફ-વાત—પિત્ત-લોહી અને કરમિયા વગેરેના દોષોને પોતાની શક્તિવડે ભેદી-અલગ અલગ કરી દે; મતલબ કે ચોંટી ગયેલા પાંચે દોષોને મૂળમાંથી ઉખેડી નાખે તે ઓષડને **છેદન** ગુણવાળું કહેવામાં આવે છે; જેમકે યવખાર, કાળાંમરી, શિલાજીત તે પ્રમાણે ગુણો ધરાવનાર હોવાથી તેને છેદન-કારી ગણેલ છે. ૯

લાલ મરચાં પણ છેદન ગુણવાળાં ગણાય છે એમ ' મરિચાની ' આ બહુવચન પ્રતીતિ કરાવે છે.

(લેખન ગુણવાળું કયું ઓષડ કહેવાય ?)

धातून्मलान्वा देहस्य विशोष्योल्लेखयेच्च यत् ॥ १० ॥
लेखनं तद्यथा क्षौद्रं नीरमुष्णं वचा यवाः ॥

જે ઓષડ, રસ વગેરે ધાતુઓના અને વાતાદિ દોષોના કંઇક અંશ(વિભાગ)ને સૂકવી દઈ દેહની અંદરથી બહાર કહાડી દે, તે ઓષડને **લેખન** ગુણવાળું કહેવામાં આવે છે; જેમકે-મધ, ઉન્હું પાણી, [1]ઘોડાવજ અને જવ એઓ બધાં તે પ્રમાણેજ ગુણો ધરાવે છે જેથી તેવા કામમાં આમાનું કોઇ પણ એક ઓષડ ઉપયોગમાં લેવું. ૧૦

આમાં ' મલાન્વા ' એ શબ્દનો પ્રયોગ કરેલ છે જેથી મનના દોષોને નહીં, પણ તનના દોષોને માટે આ ઉપાય છે. કોઇ કહેશે

૧ કોઈ પૂછેકે—ઘોડાવજ તો અનિલ ગુણ ભૂયિષ્ઠ છે, અને અનિલ છે તે શોષણ કરનાર છે, તો પછી તેને સંગ્રાહી શી રીતે ગણી શકાય ?' આના ઉત્તરમાં એટલુંજ કહેવું બસ છે કે—સંગ્રાહી ઓષડ પકવ અને આમને ગ્રહણ કરવાથી બે પ્રકારનાં ગણાય છે. એટલે કે જે ઓષડ, સંગ્રહણી રોગમાં આમને પાચન કરી અગ્નિ પ્રદીપ્ત કરે અને તે પછી તેજ ગ્રહણીમાં રહેલા દ્રવ્યોને સૂકવીને સ્તંભન કરે તેને ઉષ્ણગ્રાહક સમજવું અને જે ઓષડ, અતિસારમાં પકવ મળ વગેરેને સ્તંભન કરી તેનો સંગ્રહ કરે તેને શીતગ્રાહક સમજવું. એ બેઉ અનિલગુણ ભૂયિષ્ઠ છે; છતાં સંગ્રાહી પણામાં દોષ આવવા દેતાં નથી.

કે મનના દોષો કયા છે ?' તો કહેવું અવસ્યનું છે કે રજોગુણ તમોગુણ એ બેજ મનને બગાડવાવાળા છે માટે તેની ચિકિત્સા પણ તન રોગથી નિરાળીજ છે.

(ગ્રાહી ઔષધ કયું કહેવાય ?)

दीपनं पाचनं यत्स्यादुष्णत्वाद्द्रवशोषकम् ॥ ११ ॥
ग्राहि तच्च यथा शुंठी जीरकं गजपिप्पली ॥

જે ઔષધ, અગ્નિને દીપ્ત કરે અને આમનું પણ પાચન કરે, તેમજ ઉષ્ણવીર્ય હોવાને લીધે પાણીરૂપ કફ વગેરે દોષો, ધાતુઓ અને મળોનું શોષણ કરે, તે ઔષધ ગ્રાહી ગુણવાળું ગણાય છે; જેમ કે સુંઠ, જીરૂં ગજપીપર તે પ્રમાણે કાર્ય બજાવે છે જેથી તેઓ ગ્રાહી પદાર્થ કહેવાય છે. ૧૧

(સ્તંભન ગુણવાળું ઔષધ કયું કહેવાય ?)

रौक्ष्याच्छैत्यात्कषायत्वाल्लघुपाकाच्च यद्भवेत् ॥ १२ ॥
वातकृत्स्तंभनं तत्स्याद्यथावत्सकटुंटुकौ ॥

જે ઔષધ, લૂખા ગુણવડે, શીતવીર્યવડે, તુરા રસવડે, તથા હલકા પાકવડે કરીને શરીરની અંદર વાયુને પેદા કરે, તે ઔષધને **સ્તંભન** ગુણવાળું કહેવામાં આવે છે; જેમકે કડાછાલ તથા અરડૂસો તે પ્રમાણેનો ગુણ ધારણ કરે છે જેથી તે સ્તંભક દવા તરીકે વપરાય છે. ૧૨

(રસાયણ ગુણવાળું કયું ઔષધ કહેવાય ?)

रसायनं च तज्ज्ञेयं यज्जराव्याधिनाशनम् ॥ १३ ॥
यथामृता रुदंती च गुग्गुलुश्च हरीतकी ॥

જે ઔષધ, શરીરની વૃદ્ધાવસ્થા અને તાવ વગેરે રોગોનો નાશ કરે, તે ઔષધને **રસાયન** ગુણવાળું કહેવામાં આવે છે; જેમકે ગળો, [1]રૂદ્રવંતી, ગુગળ, હરડે એઓ રસાયન ગુણ ધરાવનારાં છે

૧ રૂદ્રવંતી અમદાવાદના કાંકરીઆ તળાવના મોટા જળનાળામાં તથા ગિરનારમાં અને બીજી પણ ઘણી જગે થતી જોવામાં આવે છે. એને કોઇ શામ સાંગરો પણ કહે છે. એનાં પાંન અને છોડ ચણાના છોડ જેવાં હોય છે અને

જેથી [2]રસાયન રૂપ કહેવાય છે. ૧૩

(વાજીકર ગુણવાળું કયું ઓષડ કહેવાય ?)

यस्माद्द्रव्यात्भवेत्स्त्रीषु हर्षो वाजीकरं च तत् ॥ १४ ॥
यथा नागबलाद्याःस्युर्बीजं च कपिकच्छुजम् ॥

જે ઔષધ, રસ વગેરે ધાતુઓને વધારી સ્ત્રીઓની અંદર હર્ષ સાથે સંયોગ શક્તિને વધારે, તે ઔષધને **વાજીકરણ** કહેવામાં આવે છે; જેમકે નાગબળા–ગંગેટી–જાયફળ–શતાવર–દૂધ–સાકર, કૌચાં અને ગોખરૂ વગેરેના સેવન વડે વાજી એટલે ગાજીમર્દ ઘોડાના જેવી તાકત આવે છે, તેથી તે વાજીકર કહેવાય છે. (વાજીકરણના બે ભેદ છે એટલે કે એક વીર્ય સ્તંભન કરનાર અને બીજો વીર્ય વધારનાર ભેદ છે.) ૧૪

(ધાતુ વધારનારાં કયાં ઓષડ કહેવાય ?)

यस्माच्छुक्रस्य वृद्धिः स्याच्छुक्रलं च तदुच्यते ॥ १५ ॥
यथाश्वगंधा मुसली शर्करा च शतावरी ॥

જે ઓષડ ખાવાથી, વીર્યધાતુની વૃદ્ધિ થાય, તે ઓષડને **શુક્લ** ઔષધિ કહેવામાં આવે છે; જેમકે આસન, ધોળીમુશળી, સાકર અને શતાવરી વગેરે વીર્યધાતુ વૃદ્ધિકર્ત્તા હોવાને લીધે શુક્લ દવા કહેવાય છે. ૧૫

(વીર્યધાતુને ચૈતન્ય કરનાર ને વધારનાર કયાં ઓષડ છે !)

दुग्धं माषाश्च भल्लातफलमज्जामलानि च ॥ १६ ॥
प्रवर्तकानि कथ्यंते जनकानि च रेतसः ॥

દૂધ (ગાયનું), અડદ, ભીલામાનાં બીજ અને આમળાં વગેરે ઓષડો વીર્ય નામની ધાતુને જાગ્રત તથા ઉત્પન્ન કરી વધારનારાં છે. જેથી રેત–વીર્ય–શુક્ર વધારનાર મનાય છે. ૧૬

(શુક્રને જાગ્રત—સ્ખલિત—સ્તંભનને શોધનાર કઈ દવા છે ?)

प्रवर्तनं स्त्रीशुक्रस्य रेचनं बृहतीफलम् ॥ १७ ॥

તે કાળાં ધોળાં પીળાં રાતાં ફૂલ હોવાથી ચાર જાતની મનાય છે. તેમજ તેના છોડ નીચે તેલ ઢળેલું હોય તેવો હમેશાં દેખાવ રહે છે. વાંઝણીને ગર્ભ ધારણ કરાવવામાં, રસાયણિક રીતે સોનું બનાવવામાં, અને શક્તિ વધારવામાં એનો ઉપયોગ થાય છે.

[2] રસ વગેરે ધાતુઓનું પોષણ કરનાર હોવાથી રસાયન પદ મળેલું છે.

जातीफलं स्तंभकं च शोषणी च हरीतकी ॥

શુક્ર-વીર્યને જાગ્રત કરનાર સ્ત્રીનું સ્મરણ-કીર્ત્તન-દર્શન-સંભાષણ સ્પર્શ-ચુંબન સંયોગાદિજ છે, શુક્રને સ્ખલિત કરનાર ઉભી રીંગણીનાં ફળ છે, વીર્યને સ્તંભન કરનાર જાયફળ છે, અને વીર્યનું શોષણ કરનાર હરડે છે. ૧૭

(સૂક્ષ્મ ઓષડો કયાં કહેવાય ?)

देहस्य सूक्ष्मच्छिद्रेषु विशेद्यत्सूक्ष्ममुच्यते ॥ १८ ॥
तद्यथा सैंधवं क्षौद्रं निंबस्तैलं रुबूद्भवम् ॥

જે ઓષડ, શરીરના ઝીણા છિદ્રો-રોમકૂપોમાં પેસી જઇ પોતાનો પ્રભાવ બતાવે, તે ઓષડોને સૂક્ષ્મ ગુણવાળાં કહેવામાં આવે છે; જેમકે સિંધાલૂણ, મધ, લીમડો અને એરંડીયું તેલ-એ બધાં સૂક્ષ્મ છિદ્રોની મારફત શરીરમાં તાકીદે પેસી જનારાં હોવાથી સૂક્ષ્મ ગુણ ધારી માનેલાં છે. ૧૮

(વ્યવાયી ઓષડો કયાં છે?)

पूर्वं व्याप्याखिलं कामं ततः पाकं च गच्छति ॥ १९ ॥
व्यवायि तद्यथा भंगा फेनं चाहिसमुद्भवम् ॥

જે ઔષધ, અપકવ (કાચું) હોવા છતાં પણ શરીરમાં દાખલ થતાંની સાથેજ ફેલાઇ જઇ પછી મધ, વિષની પેઠે પાક દશાને પ્રાપ્ત થાય છે, તે ઔષધને **વ્યવાયી** કહેવામાં આવે છે; જેમકે ભાંગ, અફીણ શરીરમાં દાખલ થતાંજ ફેલાઇ પછી પરિપકવ થાય છે.

(વિકાશી ઓષડ કયાં છે ?)

संधिबंधास्तु शिथिलान्यत्करोति विकाशि तत् ॥२०॥
विश्लेष्योजश्च धातुभ्यो यथा क्रमुककोद्रवाः ॥

જે ઓષડ, શરીરનાં તમામ અંગોની સંધિયોનાં બંધનોને ઢીલાં કરી રસાદિ ધાતુઓથી ઉત્પન્ન થયેલ ઓજ-તેજને ધાતુઓમાંથી શોષણ કરે છે, (રસાદિ ધાતુઓના તેજને ધાતુઓથી અલગ પાડે છે ?) તે ઓષડને વિકાશી ગુણવાળાં કહેવામાં આવે છે; જેમ કે સોપારી, કોદરા ધાતુઓથી ધાતુતેજને અલગ પાડી સાંધાઓને ઢીલા કરી દે છે જેથી તે વિકાશી કહેવાય છે. ૨૦

(મદ કરનારી કઈ વસ્તુઓ છે?)

बुद्धिं लुंपति यद्द्रव्यं मदकारि तदुच्यते ॥ २१ ॥
तमोगुणप्रधानं च यथा मद्यं सुरादिकम् ॥

જે પદાર્થના સેવનથી [1]બુદ્ધિનો લોપ-નાશ થાય, તે પદાર્થો માદક કહેવાય છે; કેમકે તે તમોગુણ પ્રાધાન્ય છે; જેમકે દારૂ-બ્રાંડી વગેરે તમામ જાતનાં મદ્ય તમોગુણ પેદા કરી, બુદ્ધિને બગાડી દે છે તેથી તે માદક (હોવાને લીધે ધર્મશાસ્ત્રોએ તેમની વપરાશ માટે મના કરી દીધેલ) છે. ૨૧

(જીવ લેનારાં કયાં ઓષડો છે?)

व्यवायि च विकाशि स्यात्सूक्ष्मं छेदि मदावहं ॥२२॥
आग्नेयं जीवितहरं योगवाहि स्मृतं विषम् ॥

પહેલાં કહેવાઈ ગયાં તેવાં વ્યવાયી એટલે કે-શરીરની અંદર દાખલ થતાં વેંતજ કાચું ને કાચું આખા શરીરમાં ફેલાઈ વળી પછી પરિપકવ થવા પામે છે તે ગુણવાળું, તથા વિકાશી એટલે કે-રસાદિ ધાતુઓના તેજને ધાતુઓથી જૂદા પાડી તમામ શરીરના તમામ સાંધાઓનાં બંધનોને ઢીલાં કરે તે ગુણવાળું, તેમજ સૂક્ષ્મ એટલે કે-રોમકૂપોમાં દાખલ થઈ શરીરમાં પેસી જાય તેવા ગુણવાળું, અથવા છેદન એટલે કે-શરીરમાં એક બીજાની સંગાથે લપટ થયેલા કફાદિ દોષોને પોતાના બળથી મૂળસહિત ઉખેડી નાખે તેવા ગુણવાળું, કિંવા માદક એટલે કે-તમોગુણ વધારી બુધ્ધિનો નાશ કરે તેવા ગુણવાળું, વા આગ્નેય એટલે કે-ઊપર કહેવાઇ ગયેલા ગુણોવાળું હોવા છતાં તેમાં અગ્નિ (બળતરાનો?) ગુણ વિશેષ હોય તેવા ગુણોવાળું, અથવા જીવિતહર એટલે કે ઊપરના ગુણોવાળું છતાં પ્રાણનો નાશ કરવાના ગુણવાળું, અને

---

[1] અન્ય ગ્રંથકારોએ તો મદિરાને બુદ્ધિ સ્મૃતિ વધારનાર, પ્રીતિ કરનાર, નિદ્રા, રતિસુખને વધારનાર, સ્વરને સુંદર કરનાર અને આનંદ દેનાર વર્ણવેલ છે; છતાં શારંગધરે બુદ્ધિનાશક કેમ કહી? એવો કોઈ પ્રશ્ન કરે તો તેનો ઉત્તર એજ કે, મદપાનની ચાર અવસ્થા છે તે પૈકી પહેલી અવસ્થા ઊપર કહેલા ગુણોનો આભાસ બતાવે છે; પણ બાકીની ત્રણે અવસ્થાઓ બુદ્ધિનો નાશજ કરે છે.

યોગવાહી એટલે કે જે પ્રયોગમાં (ગમે તે અનુપાન સાથે) વાપર્યું હોય તે પ્રયોગને અનુસરીને ગુણુ કરનારૂં હોય તેવા ગુણુવાળાં વિષ–ઝેર હોય છે; જેવાં કે વછનાગ–સોમલ–હાઇડ્રોસ્યાનિક એસિડ, ક્લોરોફાર્મ વગેરે વગેરે ઝેરી ઔષધો જીવ લેનારાં મનાય છે. ૨૨

(પ્રમાથી ઔષધો કયાં કહેવાય ?)

निजवीर्येण यत्द्रव्यं स्रोतोभ्यो दोषसंचयं ॥ २३ ॥
निरस्यति प्रमाथि स्यात्तद्यथा मरिचं वचा ॥

જે ઔષધ, પોતાની શક્તિવડે કાન–મ્હોં–નાક વગેરે છિદ્રો મારફત કફાદિ દોષના જથ્થાને અને વ્યાધિના જથ્થાને બહાર કહાડે, તે ઔષધને **પ્રમાથી** ગુણધારક કહેવામાં આવે છે; જેમકે ઘોડાવજ, કાળાંમરી સ્વશક્તિથી ઉપર પ્રમાણે દોષ–વ્યાધિના સંગ્રહને બહાર કહાડે છે જેથી તે પ્રમાથી સંજ્ઞાવાળાં ગણાય છે. ૨૩

(અભિષ્યન્દી પદાર્થો કયાં કહેવાય ?)

पैच्छल्याद्गौरवाद्द्रव्यं रुध्वा रसवहाः शिराः ॥ २४ ॥
धत्ते यद्गौरवं तत्स्यादभिष्यंदि यथा दधि ॥

इति श्री दामोदरसूनुशार्ङ्गधरेणविरचितायां संहितायां सूत्रस्थाने प्रथमखंडे दीपन पाचनादि कथनं नाम चतुर्थो ऽध्यायः ॥ ४ ॥

જે પદાર્થ, પોતાની ચીકાશ અને ભારેપણાના ગુણવડે કરીને રસને વહેવાવાળી ૨૪ નાડિયોને વહેતી બંધ કરી શરીરને ભારે કરે તે પદાર્થને **અભિષ્યંદી** કહેવામાં આવે છે; જેમ કે દહીં તેવા ગુણો ધરાવે છે જેથી તે ઉપરની સંજ્ઞાવાળો પદાર્થ ગણાય છે.

ઇતીશ્રી અચળેશ્વરપુરોહિતતનયપૂર્ણચંદ્રશર્મણાપ્રણીતશાર્ઙ્ગધર-સંહિતાર્થસંજીવનીગુર્જરીભાષાટીકાયાં પ્રથમખંડે દીપનપાચનાદિ-નામવિધિ ચતુર્થોધ્યાયઃ

અધ્યાય પાંચમો.

(મનુષ્યશરીરની રચનામાં શું શું પદાર્થ છે?)

धात्वाशयान्तरस्थस्तु यः क्लेदस्त्वधितिष्ठति ॥
देहोष्मणाविपक्वो यः साकलेत्यभिधीयते ॥ १ ॥
कलाः सप्ताशयाः सप्तः धातवः सप्त तन्मलाः ॥
सप्तोपधातवः सप्त त्वचः सप्त प्रकीर्तिताः ॥ २ ॥
त्रयो दोषा नव शतं स्नायूनां संधयस्तथा ॥
दशाधिकं च द्विशतमस्थ्नां च त्रिशतं मतम् ॥ ३ ॥
सप्तोत्तरं मर्मशतं शिराः सप्तशतं तथा ॥
चतुर्विंशतिराख्याता धमन्यो रसवाहिकाः ॥ ४ ॥
मांसपेश्यः समाख्याता नृणां पंचशतं बुधैः ॥
स्त्रीणां च विंशत्यधिकाः कंडराश्चैव षोडश ॥ ५ ॥
नृदेहे दश रंध्राणि नारीदेहे त्रयोदश ॥
एतत्समासतः प्रोक्तं विस्तरेणाधुनोच्यते ॥ ६ ॥

(કળા એટલે શું?) ધાતુઓને રહેવાની જગોમાં કલેદ-ભીનાસ રહેલી, તે શરીરની ગરમીથી પાકે છે ત્યારે તે કળા કહેવાય છે.

(તેવી કળાઓ કેટલી છે?) સાત છે.

(આશયો કેટલા છે?) આશય-સ્થાન **સાત** છે.

(ધાતુઓ કેટલા છે?) **સાત** ધાતુઓ છે.

(તેના મળો કેટલા છે?) ધાતુઓના મળો **સાત** છે.

(તેની સમીપ રહેનારા ઉપધાતુઓ કેટલા છે?) **સાત** ઉપધાતુ છે.

(ચામડીઓ કેટલી છે?) **સાત** ચામડીઓ છે.

(દોષો કેટલા છે?) **ત્રણ** જાતના છે.

(સ્નાયુ કેટલી છે?) પાતળા દોરડા જેવી નસો **નવસો** છે.

(સાંધાઓ કેટલા છે?) **બસો દશથી** વિશેષ છે.

(હાડકાં કેટલાં છે?) **ત્રણસો** કરતાં વધારે છે.

(મર્મસ્થાનો કેટલાં છે?) જીવનના આધારભૂત મર્મસ્થાનો **એકસો ને સાત છે.**

(શિરાઓ કેટલી છે?) સાતસો છે.

(રસોને વહેવાવાળી ધમનીઓ કેટલી છે?) ચોવીશ છે.

(પુરૂષના શરીરમાં માંસપેશીઓ કેટલી છે?) પાંચસો છે.

(સ્ત્રીના શરીરમાં માંસપેશીઓ કેટલી છે?) પાંચસો ને વીશ[1] છે.

(કંડરાઓ કેટલી છે?) મોટી સ્નાયુઓ સોળ છે.

(પુરૂષના શરીરમાં કેટલાં છિદ્રો છે?) દશ છિદ્રો છે.

(સ્ત્રીના શરીરમાં કેટલાં છિદ્રો છે?) તેર છે.

આવી રીતે કળા વગેરેનું ટુંકાણમાં કહી બતાવ્યું તેજ કળા વગેરેનું ફરીને લંબાણથી હવે કહુંછું. ૧–૬.

(કળાઓ સંબંધી લંબાણથી ખુલાસો.)

मांसासृङ्मेदसां तिस्रो यकृत्प्लीन्होश्चतुर्थिका ॥
पंचमी च तथांत्राणां षष्ठी चाग्निधरा मता ॥ ७ ॥
रेतोधरा सप्तमी स्यादिति सप्त कलाः स्मृताः ॥

પહેલી કળા માસને ધારણ કરનારી હોવાથી તેને **માંસધરા** કહેવામાં આવે છે. **બીજી** કળા લોહીને ધારણ કરનારી હોવાથી તેને **રક્તધરા–અસૃક્ધરા** કહેવામાં આવે છે. **ત્રીજી** કળા ચરબીને ધારણ કરનારી હોવાને લીધે તેને **મેદધરા** કહેવામાં આવે છે. **ચોથી** બરોળ અને કાળજાને ધારણ કરનારી હોવાથી તેને **યકૃતપ્લીહધરા**[2] કહેવામાં આવે છે. **પાંચમી** કળા આંતરડાંને ધારણ કરનારી હોવાથી તેને **અંત્રધરા**[3] કહેવામાં આવે છે. છઠ્ઠી કળા અગ્નિને ધારણ કરનારી હોવાથી [4]**અગ્નિધરા** કહેવામાં આવે છે. અને સાતમી કળા

---

૧ સ્ત્રીના શરીરમાં પુરૂષ કરતાં વીશ માંસપેશીઓ વધારે છે તે એ કે—બે સ્તનોની અંદર પાંચ પાંચ (૧૦), યોનિમાં ચાર, ગર્ભમાર્ગમાં ત્રણ, અને ગર્ભસ્થાનમાં ત્રણ—એમ ૨૦ માંસપેશીઓ વિશેષ છે.

૨ આંતરડાંઓના આધારથી પેટમાં રહેલા મળના વિભાગ કરે છે એથી એને પુરીષધરા પણ કહેવામાં આવે છે.

૩ આમાશયથી નીકળેલા અન્નને—ચારે પ્રકારના ભોજનને પકવાશયમાં લઇ જઈ ધારણ કરે છે. એથી એને પિત્તધરા પણ કહેવામાં આવે છે.

૪ બરોળ અને કાળજાની વચમાં હોવાને લીધે એને કફધરા પણ કહેવામાં આવે છે.

વીર્યને ધારણ કરનારી હોવાથી તેને **રેતોધરા** કહેવામાં આવે છે. આ મુજબ મનુષ્ય શરીરની અંદર રસાદિ ધાતુઓના સ્થાનની મર્યાદાભૂત સાત કળાઓ છે. ૭

(આશયો સંબંધી લંબાણથી સમજ.)

श्लेष्माशयः स्यादुरसि तस्मादामाशयस्त्वधः ॥ ८ ॥
ऊर्ध्वमग्न्याशयोनाभेर्वामभागे व्यवस्थितः ॥
तस्योपरि तिलं ज्ञेयं तदधः पवनाशयः ॥ ९ ॥
मलाशयस्त्वधस्तस्य बस्तिर्मूत्राशयः स्मृतः ॥
जीवरक्ताशयमुरो ज्ञेयाः सप्ताशयास्त्वमी ॥ १० ॥
पुरुषेभ्योऽधिकाश्चान्ये नारीणामाशयास्त्रयः ॥
धरा गर्भाशयः प्रोक्तः स्तनौ स्तन्याशयौ मतौ ॥ ११ ॥

છાતીની વચમાં **કફાશય** એટલે કફને રહેવાનું સ્થાન છે. તેનાથી કંઇક નીચે **આમાશય**[1] એટલે આમને રહેવાની જગો છે. ડુંટીની ઉપર ડાબી કોરે **અગ્ન્યાશય** એટલે જઠરાગ્નિને રહેવાની જગો છે, એનેજ ગ્રહણીસ્થાન કહેવામાં આવે છે. તેની ઉપર જે તિલ છે તેને કલોમ કહે છે તે **પિપાસાશય**[૨] એટલે તરસ પેદા થવાનુ ઠેકાણું છે. તેની (અગ્ન્યાશયની) નીચે **પવનાશય** છે. તેની નીચે **મળાશય-પકવાશય** છે, તે ડાબી બાજુએ છે, એથી એક દેશમાં વિભાજિત મળધારક રેઉંદુક કહેવામાં આવે છે. એની પાસે; પણ કંઇક નીચેના ભાગમાં જમણી તરફ ચામડાની થેલીના આકારે **મૂત્રાશય** છે કે જેને બસ્તિ કહેવામાં આવે છે, અને ઉરસ્થાનની અંદર જીવ સમાન **રક્તાશય** છે. આ મુજબ સાત આશય એટલે સ્થાન છે.

પુરૂષ કરતાં સ્ત્રીના શરીરની અંદર ત્રણ આશય વિશેષ હોય છે તે એજ કે-ધરાની અંદર (પિત્ત અને પકવાશયની વચ્ચે) **એક**

---

૧ જે જગોમાં આમ એટલે કાચો અન્નરસ રહે છે, તે જગોને આમાશય કહેવામાં આવે છે.

૨ કેટલાક વૈદ્યાચાર્યોનો એવો મત છે કે પિપાસાશયની ઉપર તિલ છે તેની ઉપર જળ--પાણી છે--એટલે કે અગ્નિના ઉપર પાણી છે અને તેના ઉપર અન્ન છે અને તે અગ્નિના નીચે પવન કાયમ થઇને પોતેજ અગ્નિને પ્રજ્વલિત રાખે છે--કરે છે. એ પવનથી પ્રજ્વલિત થયેલો અગ્નિ ઉપરના પાણીને બહુ જ ગરમ બનાવી દે છે કે તે ઉપરના અન્નને સારી રીતે પકાવી દેછે.

ગર્ભાશય-ગર્ભ રહેવાની જગો છે તે, અને દૂધને રહેવાની જગોરૂપ એ **સ્તનાશય** છે. ૮-૧૧.

(ધાતુઓ સંબંધી વિસ્તારયુક્ત સમજ.)

रसासृङ्मांसमेदोऽस्थिमज्जाशुक्राणि धातवः ॥
जायंतेऽन्योन्यतः सर्वे पाचिताः पित्ततेजसा ॥ १२ ॥
रसाद्रक्तं ततो मांसं मांसान्मेदः प्रजायते ॥
मेदसोऽस्थि ततोमज्जा मज्जायाः शुक्रसंभवः ॥१३॥

રસ, લોહી, માંસ, મેદ-ચરબી, હાડકાં, મજ્જા-મીંજી અને વીર્ય એ સાત ધાતુઓ પિત્તના તેજથી પાચન થઇને એક પછી બીજી ને બીજીમાંથી ત્રીજી એમ ક્રમવાર; એટલે કે ખાધેલા પીધેલા પદાર્થનો ચોથે દિવસ રસ નામનો ધાતુ તૈયાર થાય છે, રસમાંથી ચોથે દિવસે લોહી નામનો ધાતુ તૈયાર થાય છે. લોહીમાંથી ચોથે દાહાડે માંસ, માંસમાંથી ચોથે દાહાડે મેદ-ચરબી, ચરબીમાંથી ચોથે દિવસે હાડકાં, હાડકામાંથી મજ્જા, અને મજ્જામાંથી ચોથે દિવસે વીર્ય તૈયાર થાય છે. (આ જ હેતુને લીધે લોહી વધારનારી દવાનો આઠે દિવસે અને વીર્ય વધારનારી દવાનો અઠ્ઠાવીશ દિવસે ગુણ માલમ પડે છે.)૧૨-૧૩

(ધાતુઓના મળોનું સવિસ્તર વર્ણન.)

जिव्हानेत्रकपोलनां जलं पित्तं च रंजकम् ॥
कर्णविट् रसनादंतकक्षामेढ्रादिजं मलम् ॥ १४ ॥
नखा नेत्रमलं वक्त्रे स्निग्धत्वं पिटिकास्तथा ॥
जायंते सप्तधातूनां मलान्येतान्यनुक्रमात् ॥ १५ ॥

સાતે ધાતુઓના[૧] ક્રમવાર મળ પેદા થાય છે તે એવી રીતે કે

---

૧ ધાતુઓના મળનું પરિણામ પણ સ્થૂળ અને સૂક્ષ્મ વિશેષ વડે કરીને ત્રણ પ્રકારનું છે; જેમકે અન્નના પચવાથી વિષ્ટા મૂત્ર એ મળ થાય છે અને તત્વ વસ્તુ રસ ધાતુ પ્રકટ થાય છે, તેજ પિત્તાગ્નિ વડે કરીને પચન થતાં તેનો કફરૂપ મળ પ્રકટ થાય છે. સ્થૂળભાગ રસ અને સૂક્ષ્મ ભાગ લોહી થાય છે. લોહીના પરિપાકથી પિત્ત મળ પ્રકટ થાય છે. સ્થૂળ ભાગ લોહીનો લોહીજ અને સૂક્ષ્મ ભાગ માંસ પેદા થાય છે. આવીજ રીતે પરિપક્વ થઈ માંસથી કાનનો મેલ પેદા થાય છે. સ્થૂળ ભાગ માંસ અને સૂક્ષ્મ ભાગ મેદ તેનો પોતાની અગ્નિથી પરિપાક થવાને લીધે પરસેવો મળ થાય છે, અને સ્થૂળ ભાગ મેદ તેમજ સૂક્ષ્મ ભાગ હાડકાં થાય છે, તે હાડકાં પણ પરિપક્વ થઇને વાળ રૂવાડાં વગેરે મળ પ્રકટ કરે છે. એનો

જીભમાંથી ટપકતી લાળ, આંખ્યોમાંનાં આંસુ અને ગાલ ઉપરનો પરશેવો એ રસધાતુનો મેલ છે. રસધાતુને રંગનાર રંજકપિત્ત લોહી ધાતુનો મેલ છે. કાનનો મેલ માંસધાતુનો મેલ છે. જીભ ઉપરની ઊલ-છારી, દાંતે લાગેલી ખેરી, બગલનો મેલ અને ગુહ્યેંદ્રિ[1] વગેરેનો મેલ મેદધાતુનો મેલ છે. નખ, હાડકાં નામના ધાતુનો મેલ છે. આંખના પિયા, મ્હોં ઉપરની ચળકતી ચિકાશ એ મજ્જાધાતુનો મેલ છે, અને મ્હોંની ઉપર જવાનીના ખીલ થાય છે એ વીર્ય નામના ધાતુનો મેલ છે. આ મુજબ સાતે ધાતુઓના સાત મેલ છે. ૧૪-૧૫

(ઉપધાતુઓનું વિગતવાર વર્ણન.)

स्तन्यं रजश्च नारीणां काले भवति गच्छति ॥
शुद्धमांसभवः स्नेहः सा वसा परिकीर्तिता ॥ १६ ॥
स्वेदो दंतास्तथा केशास्तथैवौजश्च सप्तमम्॥
इति धातुभवाज्ञेया एते सप्तोपधातवः ॥ १७ ॥
ओजः सर्वशरीरस्थं सीतं स्निग्धं स्थिरं मतम् ॥
सोमात्मकं शरीरस्य वलपुष्टिकरं मतम् ॥ १८ ॥

સ્તનોમાંનું દૂધ એ રસનામના ધાતુનો ઉપધાતુ છે, [1] સ્ત્રીઓને આવતો અટકાવ એ લોહી ધાતુનો ઉપધાતુ છે, એ બેઉ ઉપધાતુઓ સ્ત્રીઓને [2] યૌવનાવસ્થામાં પેદા થઇ વૃદ્ધાવસ્થામાં નાશ પામે છે, શુદ્ધ માંસથી પેદા થયેલા સ્નેહ-ચિકાશને વસા કહે છે, તે વસા માંસ ધાતુનો ઉપધાતુ છે, પરશેવો મેદ ધાતુનો ઉપધાતુ છે, દાંતની હાડકીઓ (દાંતો) હાડ ધાતુનો ઉપધાતુ છે. વાળ મજ્જા ધાતુનો ઉપધાતુ છે, અને ઓજ (તેજ) શુક્ર-વીર્ય ધાતુનો ઉપધાતુ છે.

સ્થૂળ ભાગ હાડકાં અને સૂક્ષ્મ ભાગ મજ્જા, તે મજ્જાના પરિપાકથી સ્થૂળ ભાગ મજ્જા ને સૂક્ષ્મ ભાગ વીર્ય થાય છે, અને આંખ, વિષ્ટા. ત્વચા એ પૈકી જે મળ આવે છે તે મજ્જા ધાતુનો મેલ છે. તે વીર્ય પોતાની અગ્નિથી પચન થઇ મળને પ્રકટ કરતો નથી; કેમકે હજાર વખત સોનાને ધમ્યા છતાં પણ તે નિર્મળજ રહે છે. એ શુક્ર—વીર્યનો સ્થૂળ ભાગ શુક્ર અને સૂક્ષ્મ ભાગ ઓજ સમજવો.

૧ કોઇ આચાર્યનું એવું માનવું છે કે—અટકાવનું રૂધિર એ રસધાતુ-માંથી પેદા થાય છે.

૨ સ્ત્રીઓને ગર્ભાવસ્થા વગેરે સમયમાં રૂવાડાં વગેરે નવાં પેદા થાય છે અને તે સમય વીત્યે જતાં રહે છે.

આ મુજબ ધાતુઓની અંદરથી પેદા થયેલા સાત[1] ઉપધાતુઓ છે. સાતમો ઉપધાતુ ઓજ, સઘળા શરીરની અંદર રહેનાર શીતળ, ચીકણાઇવંત, કાયમ રહેનાર, સોમાત્મક, શરીરને બળ આપનાર અને શરીરને પુષ્ટ કરનાર ગણાય છે. ૧૬-૧૮

(ચામડીઓ અને તેઓની ઉપર થનારા રોગ.)

ज्ञेयाऽवभासिनी पूर्वे सिध्मस्थानं च सा मता ॥
द्वितीया लोहिता ज्ञेया तिलकालकजन्मभूः ॥ १९ ॥
श्वेता तृतीया संख्याता स्थानं चर्मदलस्य च ॥
ताम्रा चतुर्थी विज्ञेया किलासश्वित्रभूमिका ॥ २० ॥
पंचमी वेदिनी ख्याता सर्वकुष्टोद्भवस्ततः ॥
विख्याता रोहिणी षष्ठी ग्रंथिगंडापची स्थितिः ॥ २१ ॥
स्थूला त्वक् सप्तमी ख्याता विद्रध्यादेः स्थितिश्च सा ॥
इति सप्त त्वचः प्रोक्ताः स्थूलाव्रीहिद्विमात्रया ॥ २२ ॥

પહેલી ચામડીનું નામ **અવભાસિની** (એટલે કે જે ભ્રાજકાગ્નિવડે સમસ્ત વર્ણોને ઉત્પન્ન કરે તથા પાંચે પ્રકારની છાયાને પ્રકાશમાં લાવે છે તે અવભાસિની) સિંધ્મ-દભ્રત-વિભૂત નામના કોઢ રોગની ભૂમિકા છે. (તથા પદ્મકંટકાદિ રોગોની પણ એ તત્વા જન્મભૂમિરૂપ મનાય છે. અને એ ચામડી જવના અઢારમા ભાગ જેટલી જાડી છે.) બીજી ચામડીનું નામ **લોહીતા** છે, તે તલ કાળાશની જન્મભૂમી છે. (વ્યંગ વગેરેની પણ જન્મભૂમી છે. અને જવના સોળમા ભાગ જેટલી મોટી-જાડી છે.) ત્રીજી ચામડીનું નામ **શ્વેતા** છે, તે (ચર્મદળ કોઢની ભૂમિકા છે. અને એ જવના બારમા ભાગ જેટલી મોટી છે.) ચોથી ચામડીનું નામ **તામ્રા** છે, તે કિલાસ અને ચિત્રકોઢની જન્મભૂમી છે. (અને જવના આઠમા ભાગ જેટલી મોટી છે.) પાંચમી ચામડીનું નામ **વેદિની** છે અને તે બધા (૧૮) કોઢની જન્મભૂમી છે, (તથા વિસર્પ વગેરે પણ તેજ ચામડી પર થાય છે. અને જવના પાંચમા ભાગ જેટલી મોટી છે.) છઠ્ઠી ચામડીનું નામ **રોહિણી** છે, તે ગાંઠ-ગડગુંબડ-કંઠમાળ-અપચી રસોળી-ગળગંડ વગેરેની (તથા ગ્રંથી-ગાંઠમાં કફ અને મેદ મુખ્ય

1 કેટલાક આચાર્ય એ સાત ઉપધાતુઓને મૂળની અંદરજ રહેનાર માને છે.

છે એ વાસ્તે એના સાધર્મ્યથી શ્લીપદની પણ એ ત્વચાજ જન્મભૂમી છે. અને તે જવના પ્રમાણુ મોટી છે.) અને સાતમી ચામડીનું નામ **સ્થૂળા** છે, તે વિદ્રધિ, ગુદાના મસા અને ભગંદર વગેરે રોગોની જન્મભૂમી છે. આ પ્રમાણે સાત ચામડીઓ–ત્વચાઓ છે. એ સાતે ત્વચાઓની જાડાઇ એ સાઠી ડાંગરના કણ જેટલી છે. અને તે જાડાસ પુષ્ટ ભાગોમાં ગણવાની છે. ૧૯–૨૨

(વાતાદિ ત્રણે દોષોનું વિગતવાર વર્ણન.)

वायुः पित्तं कफो दोषा धातवश्च मलास्तथा ॥
तत्रापि पंचधा ख्याताः प्रत्येकं देहधारणात् ॥ २३ ॥
शरीर दूषणाद् दोषा धातवो देहधारणात् ॥
वातपित्तकफा ज्ञेया मलिनीकरणान्मलाः ॥ २४ ॥
पित्तः पंगुः कफः पंगुः पंगवो मळधातवाः ॥
वायुना यत्र नीयन्ते तत्र गच्छंति मेघवत् ॥ २५ ॥

શરીરની અંદર વાયુ, પિત્ત અને કફ એ ત્રણ દોષો છે. રસાદિ સાત ધાતુઓ અને મળો એ પ્રત્યેક શરીરના ધારણ કરવાથી પાંચ ભેદે કહેવાય છે. એ ત્રણે દોષો રસાદિ ધાતુઓને દૂષિત કરે છે એ વાસ્તે એઓને દોષ નામથી ઓળખાવવામાં આવે છે. તથા શરીરને ધારણ કરવાથી એઓની ધાતુસંજ્ઞા છે, તે રસાદિ ધાતુઓને મલિન કરે છે જેથી એઓને મળ પણ કહેવામાં આવે છે. પિત્ત પાંગળું છે અને કફ પણ પાંગળો છે, તેમજ મળો અને ધાતુઓ પણ પાંગળા છે, જેથી એઓ પોતાની મેળે ચાલી હાલી ક્યાંય જઈ શકતા નથી; પરંતુ જેવી રીતે વાયુ (પવન) વાદળાંને એક જગોએથી બીજી જગોએ ઘસડી જાય છે, તેવી રીતેજ પિત્ત, કફ, મળો, ધાતુઓને વાયુ ગતિ આપી મરજી પડે ત્યાં ઘસડી જાય છે. ૨૩–૨૫

(વાયુનું પ્રાધાન્યતા પૂર્વક સ્વરૂપ અને વિચાર.)

पवनस्तेषु बलवान् विभागकरणान्मतः ॥
रजोगुणमयः सूक्ष्मः शीतो रूक्षो लघुश्चलः ॥ २६ ॥
मलाशये चरन्कोष्ठवह्निस्थाने तथा हृदि ॥
कंठे सर्वांगदेशेषु वायुः पंचमकारतः ॥ २७ ॥
अपानः स्यात्समानश्च प्राणोदानौ तथैव च ॥

व्यानश्चेति समीरस्य नामान्युक्तान्यनुक्रमात् ॥ २८ ॥

વાત, પિત્ત અને કફ એ ત્રણ દોષો પૈકી ફક્ત વાયુજ મહા સામર્થ્યવંત છે; કેમકે તે વાયુ, પિત્ત, કફ, મળો, ધાતુઓ અને દોષોને છુટા પાડી દઇ પોતપોતાના રસ્તા મારફત પોતપોતાને સ્થાને કે મરજી પડે ત્યાં લઇ જઈ શકે છે, એથી વાયુ બળવાન્ છે. તે વાયુમાં રજોગુણ વિશેષ છે, (શીતળ સ્વભાવી હોવાથી, તથા શરીરનાં છિદ્રોમાં પ્રવેશ કરી જનારો હોવાથી બહુજ) સૂક્ષ્મ છે. શીતળ, લુખો તેમજ હલકો અને ચપળ છે જેથી એકજ જગોએ કાયમ ન રહી શકતાં પાંચ સ્થાનોમાં ગતિ કરે છે; એના લીધે વાયુ પાંચ પ્રકારનો માનવામાં આવેલો છે. એ પાંચ સ્થાન અને પાંચ પ્રકાર (નામ) અનુક્રમે આ પ્રમાણે છેઃ—**મળાશય** (પકવાશય) માં જે વાયુ રહે છે તેનું નામ **અપાન, કોઠાની** અંદર ડુંટીની નજદીક **અગ્નિના સ્થાનમાં** જે વાયુ રહે છે તેનું નામ **સમાન, હૃદયની અંદર** જે વાયુ રહે છે તેનું નામ **પ્રાણ,** કંઠ (ગળા) માં જે વાયુ રહે છે તેનું નામ **ઉદાન,** અને **આખા શરીરની અંદર** રહે છે તેનું નામ **વ્યાન** છે. આ રીતે વાયુનાં પાંચ ઠેકાણાં અને પાંચ [1]નામ છે. ૨૬–૨૮

(પિત્તસ્વરૂપાદિનું વર્ણન.)

पित्तमुष्णं द्रवं पीतं नीलं सत्वगुणोत्तरम् ॥
कटुतिक्तरसं ज्ञेयं विदग्धं चाम्लतां व्रजेत् ॥ २९ ॥
अग्न्याशये भवेत्पित्तमग्निरूपं तिलोन्मितम् ॥
त्वचि कांतिकरं ज्ञेयं लेपाभ्यंगादिपाचकम् ॥ ३० ॥
दृश्यं यकृति यत्पित्तं तद्रशं शोणितं नयेत् ॥
यत्पित्तं नेत्रयुगुले रूपदर्शनकारि तत् ॥ ३१ ॥
यत्पित्तं हृदये तिष्ठन्मेधाप्रज्ञाकरं च तत् ॥
पाचकं भ्राजकं चैव रंजकालोचके तथा ॥ ३२ ॥
साधकं चेति पंचैव पित्तनामान्यनुक्रमात् ॥

પિત્ત ગરમ અને પાતળું છે, તેમજ દૂષિત–વકરેલા પિત્તનો

[1] વાયુનાં નાગ, કૂર્મ, કૃકલ, દેવદત્ત અને ધનંજય એવાં પણ નામો છે.

રંગ કાળો છે; પણ નિર્મળ પિત્ત પીળા રંગનું હોય છે, અને તેમાં **સતોગુણ** વિશેષ છે. દોષ રહિત પિત્તનો સ્વાદ તીખો અને કડવો હોય છે, તેમજ ઉષ્ણ વગેરે (વિરૂદ્ધ) પદાર્થોના સંયોગવડે [1]દગ્ધ-બળી જવાથી ખારા સ્વાદવાળું બની જાય છે. તે પિત્ત પાંચ સ્થાનમાં રહે છે ને તેનાં પાંચ નામ છે તે ક્રમવાર આ પ્રમાણે છેઃ— કોઠાની અંદર ડુંટીની નજદીક **અગ્નિના સ્થાનમાં** રહેનાર પિત્તનું કદ તલ જેટલુંજ છે; છતાં અન્નને પચાવે છે, એથી તેનું નામ **પાચક** કહેવાય છે. તથા અગ્નિરૂપ હોવાથી તે જઠરાગ્નિ પણ કહેવાય છે. શરીરમાં અવભાસિની નામની પહેલી **ચામડીમાં** રહે-નાર પિત્ત ચંદન વગેરેનો લેપ, ઉવટણું પીઠી અને તેલ વગેરેના માલેશ વગેરેને પચાવી શરીરપર કાંતિ પ્રકટ કરે છે, એથી તેનું નામ **ભ્રાજક** કહેવાય છે. આમાશયની જમણી તરફ યકૃત-**મુંઝારાની અંદર** રહેનાર પિત્ત દેખાય છે તે રસને રંગી લોહીને પેદા કરે છે, એથી તેનું નામ **રંજક** કહેવાય છે. આંખ્યોના બન્ને **ડોળાઓમાં** રહેનાર પિત્ત, ધોળા-કાળા-લીલા-પીળા રંગને બતાવી આપે છે એથી એનું નામ **આલોચક** કહેવાય છે. **હૃદયની અંદર** રહેનાર પિત્ત, ધારણાવાળી [2]બુધ્ધિ, તથા વિચારશીળબુદ્ધિ કે જેને શાસ્ત્રમાં મેધા અને પ્રજ્ઞાના નામથી ઓળખાવેલ છે તેઓને પેદા કરી મનુ-ષ્યોનાં કામ સાધે છે, એથી તેનું નામ **સાધક** કહેવાય છે. આ મુજબ પિત્તનાં સ્થાન અને નામ સમજવાં. ૨૯-૩૨

(કફ સંબંધી વિચાર.)

कफः स्निग्धो गुरुः श्वेतः पिच्छिलः शीतलस्तथा ॥३३॥
तमोगुणाधिकः स्वादुर्विदग्धो लवणो भवेत् ॥
कफश्चामाशपे मूर्ध्नि कंठे हृदि च संधिषु ॥ ३४ ॥
तिष्ठन्करोति देहेषु स्थैर्यं सर्वांगपाटवम् ॥
क्लेदनः स्नेहनश्चैव रसनश्चावलंबनः ॥ ३५ ॥

---

૧ દગ્ધ થયેલ પિત્ત બળતરા વગેરે પેદા કરે છે.

૨ ગ્રંથધારણા શક્તિને મેધા, સંતુષ્ટતાને કિંવા નિયમાત્મિકા બુદ્ધિને ધૃતિ, થઈ ચૂકેલી વાતને યાદ રહેવાને, કિંવા અર્થધારણા શક્તિને સ્મરણ, વગર જાણેલી ચીજને કિંવા ત્રિકાળ જ્ઞાન જાણવાના જ્ઞાનને મતિ, અને અર્થાવબોધ પ્રકટ કરનારને પ્રતિપત્તિ કહે છે; પણ એ બધાનો બુદ્ધિની અંદર સમાવેશ કરાય છે.

श्लेष्मकश्चेति नामानी कफस्योक्तान्यनुक्रमात् ॥

કફ ચીકણો, ભારે, સફેદ, મલાઈના જેવો પિચ્છલ (ચેપદાર) અને શીતળ છે. તથા તેની અંદર તમોગુણ વિશેષ હોય છે. તેનો સ્વાદ મીઠો છે; પણ દુર્ગંધ થયે કડવો બની જાય છે. એટલે કે કફ-વિકારવાળો થવાથી કડવો થઈ જાય છે. તે કફનાં પાંચ સ્થાન અને પાંચ નામ આ પ્રમાણે છે:—**આમાશય**ની અંદર રહેનારો કફ ચારે ²જાતના ભોજનોના આધાર રૂપ છે, તથા મીઠો, ચેપદાર, પ્રક્લેદિત્વ હોવા છતાં પણ પોતાની શક્તિ વડે તમામ કફના સ્થાનો પર તેનાં કર્મ–કાર્ય કરીને ઉપકાર કરે છે, એથી તેનું નામ **કલેદન** કહેવાય છે. માથામાં રહેનારો કફ તર્પણ મારફત સઘળી ઈંદ્રિયોને પોતપોતાના કામમાં સ્નેહ રેડી સામર્થ્ય યુક્ત બનાવે છે, એથી તેનું નામ **સ્નેહન** કહેવાય છે. **ગળાની અંદર** જીભની જડમાં રહેનારો કફ છે, તે (કડવો, ખાટો, તીખો, મીઠો, તૂરો, ખારો, એ) રસોને જાણી શકે છે, એથી તેનું નામ **રસન** કહેવાય છે. **હૃદયમાં રહેનારો** કફ શરીર પૈકી સઘળા કફોને આલંબન રૂપ હોવાથી તેનું નામ **અવલંબન** કહેવાય છે. (એ કાર્ય મારફત હૃદયનું પોષણ કરે છે.) અને સર્વ **સાંધાઓની** અંદર રહેનારો કફ બધા સાંધા-ઓને જેમના તેમ લગ્ન કરી રાખી હરવા ફરવામાં મદદગાર બને છે, એથી તેનું નામ **શ્લેષ્મક** કહેવાય છે. આવી રીતે કફનાં પાંચ ઠેકાણાં અને પાંચ નામો છે, તે ધ્યનામાં રાખવાં.૩૩–૩૫

(સ્નાયૂ શું છે ને તે શું કામ કરે છે ?)

स्नायवो बंधनं प्रोक्ता देहे मांसास्थिमेदसाम् ॥ ३६ ॥

સ્નાયુ એટલે માંસનાં દોરડાં કે જેના લીધે શરીરની અંદર માંસના લોચા, હાડકાં, અને મેદ પોત પોતાને ઠેકાણે બંધાયલાં કાયમ રહી શકે છે, તથા લાંબા ટુંકા અવયવો પણ એઓના લીધેજ કરી શકાય છે. (એ સ્નાયુ નવસો છે એમ અગાડી કહેવાઈ ગયું છે તો તેનું ટોટલ એવી રીતે છે કે–તે ફેલનાર, ગોળ, કિંવા ચોરસ, પાટા સમાન છતાં વચમાં પોલા સ્નાયુઓ કમળની દાંડિના આકારના હોય છે તેવા ૬૦૦ છે, તથા કોઠામાં ૨૩૦ મોટા અને છિદ્રોવાળા

---

૨ ખાવા—પીવા—ચાટવા ને ચૂસવા લાયક હોવાને લીધે ભક્ષ, ભોજ્ય, લેહ્ય અને ચોષ્ય એમ ચાર જાતના આહાર—ભોજન કહેવાય છે.

છે અને ડોકની અંદર ૭૦ છે તે પણ મોટા અને પોલાજ છે. આ બધા મળી ૯૦૦ છે તે શરીરને માંસ હાડ વગેરેથી સંબંધદાર રાખી ભાર સહન કરનાર-મજબુતી આપનાર બનાવે છે.) ૩૬

(સાંધાઓ એટલે શું ?)

संधयश्चांगसंधानाद्देहे प्रोक्ताः कफान्विताः ॥

શરીરની અંદર દરેક અંગોનું જે જગોએ જોડાણ (એકત્રપણું) થયું છે તે જોડાણના ઠેકાણાને સંધિ-સાંધા કહેવામાં આવે છે, અને તે બધા સાંધાઓ કફના સરખા (કિંવા કફ) પદાર્થથી ભરેલા છે. (સાંધા બે જાતના હોય છે, એટલે કે ચળ અને અચળ, તે પૈકી ડાઢી-હડપચી, કમર, અને હાથ પગ તથા ગર્દનના સાંધાઓ ચળ એટલે ફેરવતાં ફેરવી શકાય તેવા છે; પણ તે શિવાયના સાંધાઓ અચળ-ન ફરે તેવા છે. તે બધા સાંધાઓ ૨૧૦ છે અને તેઓની અંદર કફ સરખો પદાર્થ ભરેલ છે, તેનું પ્રયોજન, જેવી રીતે ગાડીનાં પૈડાં કે કોઇ પણ સાંચાનાં ચક્ર, તેલ (દીવેલ, ખોપરેલ, ચરબી) વગેરે ચોપડાને લીસા પદાર્થોના સંયોગથી જ નિર્વિઘ્નપણે-વગર હરકતે ગતિ કરી શકે છે, તેવી રીતે એ પદાર્થના યોગવડે ચાલવું, વળવું વગેરે કાર્ય કરવા સમર્થ થઇ શકે છે.)

(હાડકાં એટલે શું ? અને તે શું કામ કરે છે ?)

आधारश्च तथा सारः कायेऽस्थीनि बुधा विदुः ॥३७॥

પંડિતજનો કહે છે કે-હાડકાં શરીરને ટટાર રાખવાના ટેકારૂપ અને બળ આપવારૂપ-કઠણ ભાગવાળાં છે તે કપાળ, રૂચક, વલય, તરૂણ, તથા નલક એમ પાંચ પ્રકારનાં હોય છે. ૩૭

(મર્મસ્થાન એટલે શું ?)

मर्माणि जीवाधाराणि प्रायेण मुनयो जगुः ॥

શરીરની અંદર ઘણું કરીને જીવના આધારભૂત જે સ્થળો છે તેઓને આર્ષ-મુનિયો મર્મસ્થાનો કહે છે. (એ મર્મસ્થાન પાંચ જાતનાં છે એટલે કે-માંસમર્મ ૧૧, શિરોમર્મ ૪૧, સ્નાયુમર્મ ૨૭, અસ્થિમર્મ ૮ અને સંધિમર્મ ૨૦ એ કુલ્લે મળી ૧૦૭ મર્મસ્થાનક છે. 'એ મર્મસ્થાનોમાં દર્દ થયું' હોય કે ચોટ લાગી હોય તો તે તરત જીવ લેનાર કિંવા કાંઇક મુદત પછી જીવ લેનાર વિકલ-એબાકળા કરનાર અને પીડા કરનાર થઇ પડે છે.)

(શિરાઓ એટલે શું ?)

संधिबंधनकारिण्यो दोषधातुवहाः शिराः ॥ ३८ ॥

શરીરની અંદર સાંધાઓને બાંધનારી અને વાતાદિ દોષ તથા રસાદિ ધાતુઓને વહેનારી હોય તેને શિરા–નસો કહેવામાં આવે છે. (તે શિરાઓ બે જાતની છે, એટલે કે સ્થૂળ–જાડી અને સૂક્ષ્મ–ઝીણી એ બે ભેદવાળી છે. તે શિરાઓનું મુખ્ય સ્થળ ડૂંટી છે. ત્યાંથી નીકળી ઉપર, નીચે અને તિરછી ફેલાયલી છે. મુખ્ય શિરા ૪૦ છે, તેમાં દશ વાયુને વહેનારી, દશ પિત્તને વહેનારી, દશ કફને વહેનારી અને દશ લોહીને વહેનારી છે. વાતવાહિની શિરાઓમાંથી ૧૭૫ બીજી નસો નીકળેલી છે. એજ મુજબ પિત્તવાહિની, કફવાહિની, રૂધિરવાહિની શિરાઓમાંથી પણ ૧૭૫–૧૭૫–૧૭૫ શિરાઓ નીકળી છે, જેથી ૭૦૦ નું ટોટલ છે. અને તે ઝાડના પાંદડાની રેખાઓની પેઠે એક બીજામાંથી નીકળેલી છે. બારીકમાં બારીક ગણત્રી કરવા જતાં તો જેટલાં રૂવાડાં છે તેટલી બારીક શિરાઓ છે. એમ સુશ્રુતાદિ કહે છે.) ૩૮.

(ધમનીઓ એટલે શું અને તેઓ શું કામ કરે છે ?)

धमन्यो रसवाहिन्यो धमंति पवनं तनौ ॥

શરીરમાં જે રસને વહેવાવાળી નાડીઓ છે તે નાડિયો પવનને ધમે છે–ફુંકે છે. એથી તેવી નાડિયોને ધમની કહે છે. (તે ધમની નાડિયો ચોવીશ છે, તે પૈકી [બધી ડૂંટી સ્થળથી પ્રકટ થઇને] દશ નીચે ગયેલી છે, તે વાત, મૂત્ર, મળ, વીર્ય, અટકાવ, અન્નપાણી, રસ એઓને વહ્યા કરે છે. દશ ઉંચે ગયેલી છે તે શબ્દ, રૂપ, રસ, ગંધ, શ્વાસોશ્વાસ, બગાસું, ભૂખ, હસવું, બોલવું, રોવું વગેરેને વહ્યા કરી શરીરને ધારણ કરી રહેલ છે, અને ચાર તિરછી ગયેલી છે, તે ચારમાંથી અસંખ્યાત ન્હાની ધમની નાડિયો પેદા થયેલ છે, જેથી અંદરથી શરીર એક જાળાની પેઠે બનેલું દેખાવ દે છે. એ ઝીણી ધમનીઓનાં મ્હોં રોમકૂપ–રૂંવાડાંઓથી બંધાયલાં છે. અને તે રસને બધે સ્થળે પહોંચાડે છે, પરશેવાને બહાર કહાડે છે, તથા પીઠી, ઉવટણા, ન્હાવા, લેપ વગેરેના તત્વોને શરીરની અંદર લઇ જાય છે.

(માંસપેશીઓ શું કામ કરે છે ?)

मांसपेश्यो बलाय स्युरवष्टंभाय देहिनाम् ॥ ३९ ॥

માંસપેશીઓ, મનુષ્યોના શરીર સંબંધી સાંધાઓ અને પર્વોને

બળ (આપી સીધા-ઊભા રાખવા માટે આધાર) આપ્યા કરે.

(કંડરાઓ કેટલી છે? ને શું કામ કરે છે?)

प्रसारणाकुंचनयोरंगानां कंडरा मताः ॥

શરીરની અંદરના હાથ પગો વગેરે અવયવોને લાંબા ટુંકા કે વાંકા ચૂકા કરવામાં જે સમર્થ છે તેઓને કંડરા-મોટી-ધોરી નસો કહેવામાં આવે છે. (એ ધોરી નસો ૧૬ છે તે પૈકી ૬ કૂર્ચાની સાથે, ૭ જીવની સાથે, ૧ ગુહ્યેંદ્રિની સાથે, ૧ જીભની સાથે, અને ૧ માથાની સાથે ખાસ સંબંધ ધરાવી રહેલ છે, જેથી તે સોળ જાગોએં શસ્ત્રક્રિયા કરવા મના કરવામાં આવેલ છે, એટલે કે તે જોખમ ભરેલી જગો છે, માટે જીવસટ્ટે નસ્તર મુકાવવા મરજી હોય તો અનુભવીના હાથે મ્હોંત માગી લેવું યા બચવું એજ લાયક છે. સોળ કંડરાઓ પૈકી બે પગોમાં થઇને, ચાર બન્ને હાથોમાં થઇને ચાર, ગર્દનમાં ચાર અને પીઠમાં ચાર-એમ ૧૬ ઠેકાણે ધોરી નસો છે.)

(શરીરમાં કેટલાં છિદ્રો-દ્વારો છે?)

नासानयनकर्णानां द्वे द्वे रंध्रेप्रकीर्तिते ॥ ४० ॥
मेहनापानवक्त्राणामेकंकै रंध्रमुच्यते ॥
दशमं मस्तके चोक्तं रंध्राणीतिनृणांविदुः ॥ ४१ ॥
स्त्रीणांत्रीण्यधिकानि स्युः स्तनयोर्गर्भवर्त्मनः ॥
सूक्ष्मच्छिद्राणि चान्यानि मतानि त्वचि जन्मिनाम् ॥४२॥

નાકમાં બે, આંખોમાં બે, કાનમાં બે, ગુહ્યેંદ્રિમાં એક, ગુદામાં એક અને મ્હોંમાં એક-એમ નવ છિદ્ર-દ્વાર ખુલ્લાં છે, ને દશમું દ્વાર બ્રહ્મરંધ્ર તે બંધરૂપ છે; જેથી પુરૂષના શરીરમાં દશ દ્વાર છે, અને સ્ત્રીના શરીરમાં તેર છે. એટલે કે ઉપર કહેલાં દશ, તથા બે સ્તનોમાં બે, અને ગર્ભમાર્ગમાં એક એ ત્રણ મળી તેર છિદ્ર છે. આ શિવાય સ્ત્રી પુરૂષની ચામડીમાં અનેક બારીક છિદ્રો છે કે જે જોવાથી પણ જણાતાં નથી; પણ પસીનો આવવાથી તેની પ્રતિતી પડે છે. તેમજ પ્રાણ, પાણી, રસ, લોહી, માંસ, મેદ, મૂત્ર, મળ, વીર્ય અને અટકાવને વહેવાવાળાં બીજાં પણ છિદ્રો છે એમ પણ કેટલાક વૈદ્યાચાર્યોનું માનવું છે. ૪૦-૪૨

(ફેફસું એટલે શું અને તે શું કામ કરે છે?)

तद्वामे फुप्फुसं प्लीहा दक्षिणांगे यकृन्मतम् ॥
उदानवायोराधारः फुप्फुसं प्रोच्यते बुधैः ॥ ४३ ॥
रक्तवाहिशिरामूलं प्लीहाख्यातो महर्षिभिः ॥
यकृद्रंजकपित्तस्य स्थानं रक्तस्य संश्रयम् ॥ ४४ ॥

હૃદયના ડાબા ભાગમાં સ્હેજ નીચે ફેફસું હોય છે અને તે કંઠમાં રહેનારા ઉદાન વાયુના આધારભૂત છે. અને એજ પ્રમાણે ડાબા ભાગમાં સ્હેજ નીચેની બાજુએ બરલ છે, તે લોહીને વહેનારી શિરાઓનું મૂળ છે. તેમજ હૃદયની જમણી બાજુએ યકૃત–લાવ્હર છે તે રસને રંગીને લોહી કરનારા રંજક પિત્તનું અને લોહીનું સ્થાન છે.

(જે બરલની–તાપતિલ્લી, પ્લીહા, ફ્રીહા વગેરે નામોથી લોકો ઓળખાણ આપે છે, તે બરલ લોહીથી પેદા થાય છે. ફેફસાને ફુપ્ફુસ-ફેફ્રા વગેરે નામોથી ઓળખાવે છે, તે લોહીના ફીણથી પ્રકટ થઇ હૃદય નાડિકાથી લાગી રહેલ છે અને એનાવડે શ્વાસ ચાલવાનું કામ થાય છે, કે જેના લીધે સઘળા શરીરની ચેષ્ટા થવા પામે છે, તથા તે ડાબા ભાગમાં ઉત્પન્ન થઇને બન્ને તરફ ફેલાઇ રહેલ છે.) ૪૩–૪૪

(તિલ એટલે શું ? અને તે શું કામ બજાવે છે ?)

जलवाहिशिरामूलं तृष्णाच्छादनकं तिलम् ॥

હૃદયના જમણા ભાગમાં લીવ્હરની નજીક તિલ નામનું એક સ્થાન છે કે જેને ક્લોમ કહે છે, તે તિલ જળને વહેનારી નાડિયોનું મૂળ છે અને તે નસો મારફત શરીરભરમાં પાણી પહોંચાડી દઈ તરશને બંધ કરે છે. મતલબ એજ કે જ્યારે પાણી કમતી થાય છે ત્યારે તરશને પેદા કરે છે, અનેપાણી પૂરૂં પડ્યું કે તરશ છિપાવી દે છે.

(વૃક્ક કોને કહે છે ? અને તે શું કામ બજાવે છે ?)

वृक्कौ पुष्टिकरौ प्रोक्तौ जठरस्थस्य मेदसः ॥ ४५ ॥

વૃક્ક એટલે કુક્ષિગોળક કે જે લોહી અને મેદના સારાંશથી ઉત્પન્ન થાય છે તેને ગુરદા પણ કહે છે, તે જઠર–પેટની અંદર રહેનારા મેદને પુષ્ટ કરે છે એટલે કે તેને વધારી તેનું પોષણ કરે છે. અને તે પેટના બેઉ પડખે બે ગાંઠા રૂપે રહેલ છે. ૪૫

(વૃષણુ એટલે શું? અને તે શું કામ કરે છે?)

वीर्यवाहिशिराधारौ वृषणौ पौरुषावहौ ॥

વૃષણુ એટલે ટ્રેસ્ટીકલ વીર્યને વહેનારી શિરાઓ-નાડિયોના આધાર ભૂત છે; એટલા માટે તે પુરૂષાર્થ-પુરૂષબળ આપે છે. (અને એને બીજવાહિ કોષ પણ કહે છે. એ માંસ, મેદ અને કફના સારાંશની પેદાશ છે.)

(પુરૂષગુહ્યેંદ્રિ કોને કહે છે અને તે શું કરે છે?)

गर्भाधानकरं लिंगमयनं वीर्य मूत्रयोः ॥ ४६ ॥

લિંગ-શિશ્ન-પુરૂષચિન્હ-મદનાંકુશ વગેરે નામ વાળી ઇંદ્રિ (હૃદયને બંધન કરનારી ચાર ધોરી નસોના અગ્રભાગની બનેલ છે) અને તે વીર્ય તથા મૂત્રના રસ્તારૂપ છે, તેમજ વીર્ય મારફત ગર્ભને પેદા કરનારી છે. ૪૬

(હૃદય એ શું છે? ને તે શું કામ બજાવે છે?)

हृदयं चेतनास्थानमोजसश्चाश्रयं मतम् ॥

શરીરની અંદર કમળની કળી સરખું કંઇક ખુલેલું અને ઉંચા મ્હોંવાળું હૃદય છે અને તે લોહીના સારથી બનેલું છે, તેમજ વિશેષે કરીને તે ચૈતન્યતાનું મુખ્ય સ્થાન છે. અને તમામ ધાતુઓના [1] ઓજ-તેજસારનું આશ્રય છે. જેમ દૂધમાં સાર વસ્તુ ઘી છે, તેમ ધાતુઓના તેજ-સ્નેહરૂપ ઓજ છે.

(શિરાઓ અને ધમનીઓનો શો વ્યાપાર છે?)

शिराधमन्यो नाभिस्थाः सर्वां व्याप्य स्थितास्तनुः॥४७
पुष्णंति चानिशं वायोः संयोगात्सर्वधातुभिः

નાભિ (ડુંટી) માંથી નીકળેલી શિરાઓ અથવા તો નાભિની જગોએ રહેનારી શિરાઓ અને ધમનીઓ આખા શરીરમાં ફેલાઇને રાતદિન (પ્રાકૃત) વાયુના સંયોગવડે રસાદિ તમામ ધાતુઓને આખા શરીરમાં લઇ જઇ ફેરવીને શરીરનું પોષણ તથા પાલન કરે છે. એટલે કે તે તરૂણ-યુવાન પુરૂષોના શરીરનું તો પોષણ (પુષ્ટ) કરે છે અને વૃદ્ધ મનુષ્યોના શરીરનું પાલન કરે છે. ૪૭

---

૧ કેટલાક વૈદ્યાચાર્યો ઓજ શબ્દનો અર્થ, જીવ—લોહી, તથા કોઇ નિર્વિકાર કફ, અને કોઇ રસ એવો પણ કરે છે.

(પ્રાણવાયુનો શો વ્યાપાર છે ?)

नाभिस्थः प्राणपवनः स्पृष्ट्वा हृत्कमलांतरम् ॥ ४८ ॥
कंठाद्बहिर्विनिर्याति पातुं विष्णुपदामृतम्॥
पीत्वा चांबरपीयूषं पुनरायातिवेगतः ॥ ४९ ॥
प्रीणयन्देहमखिलं जीवं च जठरानलम् ॥

નાભિમાં રહેલો પ્રાણવાયુ એટલે કે પ્રાણુને આશ્રય આપનારો પવન (શ્વાસોશ્વાસ) [1] હૃદયકમળની અંદર સ્પર્શ કરી બહારના આકાશની શુદ્ધ હવા ગ્રહણ કરવા માટે [2] કંઠની બહાર નીકળી આવે છે, તે પ્રાણુવાયુ (વિષ્ણુપદામૃત એટલે કે વિષ્ણુપદ જે બહારનું આકાશ તેમાં રહેનારૂં અમૃત જે શુદ્ધ હવા, તે પીવા–ગ્રહણ કરવાને માટે નીકળેલો પ્રાણપવન) શુદ્ધ હવાને મેળવી ફરીને વેગ સહિત તે રસ્તે થઇને પોતાને ઠેકાણે જઇ પહોંચી આખા શરીરને અને જીવને પ્રસન્ન કરે છે, તેમજ જઠરાગ્નિને પ્રદીપ્ત કરે છે.

(ઉપર કહેલ કથનનો મુખ્ય હેતુ એજ છે કે શરીરની અંદરનો પવન શરીરમાં જરા પણ રહેવાથી વિષ–ઝેર જેવો થઇ જાય છે, એ માટે તે વિષમિશ્રિત પવન બહાર નીકળે છે, અને તે બહારના આકાશની અંદરના શુદ્ધ પવનને મળી જઇ પોતાના ઝેરી ગુણોને તજી દેછે; અને આકાશની નવી–તાજી હવા શ્વાસ મારફત શરીરમાં લઈ જઇને લોહીને શુદ્ધ કરવાથી શરીર અને જીવનું પાલન કરે છે.

---

૧ પ્રાણવાયુ હૃદય કમળને પ્રફુલ્લિત કરી કંઠને ઉલ્લંઘીને માથામાં બ્રહ્મરંધ્રરૂપ અંદરના આકાશના અમૃતને પી--ગ્રહણ કરી પછી જે વેગથી ઉપર ગયો તેજ વેગથી તુરત પાછો ફરી પોતાના નાભિસ્થાનમાં જઈ પહોંચી સર્વ શરીર અને જીવ તથા જઠરાગ્નિને પુષ્ટ કરે છે, એમ પણ કેટલાક વૈદ્યાચાર્યો ઉપરના શ્લોકોનો અર્થ કરે છે; તો પણ એ બેઉ અર્થ મુખ્ય ગૌણરૂપે સત્યજ છે એમ મારૂં માનવું છે; કેમકે એ બેઉ અર્થની તાત્પર્યતા તત્વરૂપે એકજ છે; માત્ર સુજ્ઞ, અજ્ઞને સમજ પાડવા ભિન્ન અર્થ કરેલ છે. અંદરના આકાશનું કે બહારના આકાશનું શુદ્ધ હવારૂપી અમૃત પી પ્રાણપવન, દેહ; જીવ ને અગ્નિનું પોષણ કરે છે એટલોજ સારાંશ છે.

૨ કેટલાક વૈદ્યાચાર્યોનું માનવું છે કે--કંઠથી નહીં; પણ નાકને રસ્તેથી પ્રાણવાયુ બહાર નીકળી તાજી હવા લઇ પાછો નાકને રસ્તેથીજ પોતાને ઠેકાણે જાય છે.

ભા. કર્ત્તા.

એટલાજ માટે પ્રાતઃકાળમાં બહાર ફરવા જઇ ચોખી હવા મેળવવા માટે શાસ્ત્રોએ ખાસ ફરજ પાડી છે કે જેમ બને તેમ દર્શન કરવા તીર્થયાત્રા કરવા વગેરે હરેક બહાનેથી વનમાં, પહાડપર કે જળાશયોની જગોએ જઈ ચોખી હવા મેળવી જીવનને વધારવું.) ૪૮-૪૯

(જીવન અને મરણનાં શું લક્ષણ છે ?)

शरीरप्राणयोरेवं संयोगादायुरुच्यते ॥ ५० ॥
कालेन तद्वियोगाद्धि पंचत्वं कथ्यते बुधैः ॥

ઉપર કહેલા શ્લોકના વિચાર પ્રમાણે શરીર અને પ્રાણવાયુ એ બન્નેના સંયોગને આયુ-આવરદા જીવન-જીવવું કહેવામાં આવે છે. એટલે કે ભૂતાત્માના શરીરનિધન પર્યંત, ધર્મ, અધર્મ, નૈમિત્તિક સાંસારિક સુખ દુખના ઉપભોગ સાધનને આયુષ્ય કહેવામાં આવે છે. અને સમય પ્રાપ્ત થતાં જ્યારે શરીર અને પ્રાણવાયુનો વિયોગ થાય ત્યારે તેને પંચત્વ-મરણ કહેવામાં આવે છે.

(મરણને કાળ કહેવામાં આવે છે-તેનો હેતુ એટલોજ છે કે કાળ પણ પોતાની મેળે ઉત્પન્ન થનાર, આદિ વગરનો, મધ્ય અને નિધન-મરણનું કારણ છે. પ્રાણિયોનો સંહાર કરવાવાળો કાળ-વખત-સમય કહેવાય છે, અથવા તો બીજા શબ્દોમાં કહિયે તો પ્રાણિયોને સુખ દુઃખ વગેરેમાં જોડી દે છે-એ માટે, કે મરણના નજદીક પહોંચાડનાર છે એ માટે તેને કાળ કહેવામાં આવે છે.) ૫૦

(વૈદ્ય અને રોગીનું શું કર્ત્તવ્ય છે ?)

न जंतुः कश्चिदमरः पृथिव्यां जायते क्वचित् ॥ ५१ ॥
अतोमृत्युरवार्यः स्यात्किंतु रोगान्निवारयेत् ॥

પૃથ્વીની સપાટી પર કોઇ પણ પ્રાણી અમર (મરણ વગરનું) નથી, પ્રાણીમાત્ર કાળનો કોળિયો છે, એ માટે મ્હોતને દૂર કરાય તેમ નથી-એટલે કે મ્હોત મટવાનું ઓષડ નથી; પરંતુ [1]તેમ હોવા

---

[1] યોગરત્નાકરનો કર્ત્તા કહે છે કે:—

यावत्कंठगतः प्राणस्तावत्कार्याप्रतिक्रिया ॥
कदाचिद्दैवयोगेन दृष्टारिष्टोपि जीवति ॥

જ્યાં લગી કંઠમાં પ્રાણ રહેલ હોય ત્યાં લગી ઔષધ કર્યા કરવું; પણ તે બચનાર નથી એમ જાણી ઔષધ બંધ કરવું નહીં; કેમકે દૈવયોગે અરિષ્ટ ચિન્હ થયા છતાં પણ વખને દર્દી સાજો થઈ જીવન ભોગવે છે.

છતાં પણ મનુષ્યોની અને વૈદ્યોની ફરજ છે કે વ્યાધિનું મૂળ કારણ શોધિ તથા અન્ય પરીક્ષાઓને અમલમાં લઇ, જોઇયે તેવા વૈદ્યકજ્ઞાન વડે રોગથી થયેલી પીડાને મટાડવા અવશ્ય ઉપાય કરવા. (વૈદ્ય રોગજન્ય પીડા દૂર કરનાર છે; પરંતુ આયુષ્યનો મુખ્તીઆર નથી--એટલે કે વૈદ્ય અકાળ મરણને પાછું વાળી શકે છે; પણ ચરાચર જગતને ખાનારા કાળને પાછો વાળી શકતો નથી. એ તો વૈદ્યને પણ ખાઈ જાય છે; છતાં તેવા કાળની સ્હામે વૈદ્ય હામ ભીડે તો તે અપયશનેજ વરે છે.) ૫૧

(રોગોને મટાડવા પૂર્ણ કાળજી ન રાખે તો શું થાય ?)

याप्यत्वं याति साध्यश्च याप्यो गच्छत्य साध्यताम् ॥५२॥
जीवितं हंत्यसाध्यस्तु नरस्याप्रतिकारिणः ॥

સાધ્ય એટલે કે ઉપાય કરતાં તુરત મટી શકે તેવો રોગ હોવા છતાં પણ જો કાળજી પૂર્વક લાયક દવા કરવામાં બેદરકાર રહે તો તે રોગ કષ્ટસાધ્ય, કિંવા યાપ્ય એટલે કે મુસ્કેલીથી મટે તેવો થઈ જાય છે, ને તે તરફ પણ બેદરકારી રાખવામાં આવે તો તે અસાધ્ય—ન મટી શકે તેવો જીવ લેનાર થઈ પડે છે; માટેજ વ્યાધી (રોગ), દુસ્મન, ઝેર અને સળગેલા અગ્નિને ઉઠતાંવેંતજ શાંત કરી દેવો; નહી તો તે ભારે નુકશાન કરનાર નીવડે છે.

(કેટલાએક વૈદ્યાચાર્યોનું એમ માનવું છે કે--જે રોગ એક દોષથી પેદા થયેલ હોય તથા ઉપદ્રવ વગરનો હોય અને તુરતનો થયેલ હોય તો તે રોગને સુખસાધ્ય ગણવો. અને જે રોગ શસ્ત્રક્રિયા કરવા વગેરેથી મટનારો હોય તેને કષ્ટસાધ્ય—જરા મુસ્કેલીથી મટે તેવો ગણવો. આમ સાધ્યના—સુખસાધ્ય અને કષ્ટસાધ્ય બે ભેદ માનેલા છે. તેમ જ અસાધ્યના પણ બે ભેદ માનેલા છે તેમાં યાપ્યની ગણના કરેલી છે એટલે કે યાપ્યને અસાધ્યનો ભેદ ગણેલ છે. તે યાપ્યની મર્યાદામાં રોગ હોય ત્યાં સુધી વખતે મટે છે; પણ અસાધ્યની પ્રતિક્રિયા ગણનામાં દાખલ થયો એટલે તો મ્હોતજ ભેટે છે.) ૫૨

(શરીરનું શા માટે સંરક્ષણ કરવું જોઇએ ?)

धर्मार्थकाममोक्षाणां शरीरं साधनं यतः ॥ ५३ ॥
अतोरुग्भ्यस्तनुं रक्षेन्नरः कर्मविपाकवित् ॥

ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચારે પુરૂષાર્થોનું મુખ્ય સાધન

મનુષ્ય શરીર છે, એટલા વાસ્તેજ સારાં નઠારાં કર્મફળ જાણવાવાળાએ રોગોથી શરીરને દૂર રાખવું યોગ્ય છે. ૫૩

(ધાતુઓના કમી વધુપણાથી શું થાય છે ?)

धातवस्तन्मला दोषा नाशयंत्यसमास्तनुम् ॥ ५४ ॥
समाः सुखाय विज्ञेया बलायोपचयाय च ॥

રસ વગેરે સાત ધાતુઓ, તેના મળો, અને વાતાદિ ત્રણે દોષો હદ કરતાં વધી પડ્યા હોય કે મર્યાદા કરતાં ઓછા થયા હોય તો શરીરની સુંદરતાને બગાડી દે છે અથવા તો મ્હોંત બક્ષે છે. તે ધાતુઓ, ધાતુઓના મળો અને વાતાદિ ત્રણે દોષો જો પોતપોતાની મર્યાદા પ્રમાણે બરોબર સ્થિતિમાં રહેલા હોય તો સુખ, બળને દેનારા તથા બળ અને શરીરની વૃદ્ધિ કરનારા છે. ૫૪

(આદિપુરૂષ તથા માયા કોને કહેલ છે ?)

जगद्योनेरनिच्छस्य चिदानंदैकरूपिणः ॥ ५५॥
पुंसोऽस्ति प्रकृतिर्नित्या प्रतिच्छायेव भास्वतः ॥

મહદાદિરૂપ જે પૃથીવ્યાદિ ભૂતના આદિ કારણ થઇને ઇચ્છા રહિત, તથા ચિદાનંદ જ્ઞાનમય છે તે પુરૂષ, ઇશ્વર કહેવાય છે. અને સત્વ, રજ તથા તમરૂપ જે ત્રિગુણ અને નિત્ય પ્રકૃતિ છે, તે અવ્યકત કે માયા કહેવાય છે. તે માયા, જેમ સૂર્યની સાથે હમેશાં પડછાયો રહે છે, તેમ આદિ પુરૂષની સાથે નિરંતર રહે છે. ૫૫

(આ વિશ્વ કોણે નિર્માણ કર્યું ?)

अचेतनादि चैतन्ययोगेन परमात्मनः ॥ ५६ ॥
अकरोद्विश्वमखिलमनित्यं नाटकाकृतिः ॥

તે મૂળ પ્રકૃતિ-માયાએ, ચૈતન્ય રહિત-જડ છતાં પણ પરમાત્મના ચૈતન્યના સંબંધ વડે કરીને નાટકિયાના નાટકની પેઠે કે ગોડિયાની (બાજીગરની)બનાવટી બાજીની પેઠે સંપૂર્ણ અનિત્ય (છે છે ને નહીં એવા) આ મહદાદિરૂપ વિશ્વ-જગને ઉત્પન્ન કર્યું છે. ૫૬

(બુદ્ધિ અને અહંકારની પેદાશ શારીતે થઈ ?)

प्रकृतिर्विश्वजननी पूर्वं बुद्धिमजीजनत् ॥ ५७ ॥
इच्छामयीं महद्रूपामहंकारस्ततोऽभवत् ॥

त्रिविधः सोऽपि संजातो रजःसत्त्वतमोगुणैः ॥ ५८ ॥

વિશ્વની માતા પ્રકૃતિ-માયાએ સૃષ્ટિને પેદા કરવા વખતે સહુથી પહેલાં સત્વ રજ તમો ગુણવાળા સ્વભાવથી અનેક પ્રકારની અને મહત્ત્વરૂપ સ્ફાટિક સમાન્ મહાન્ નિર્મળ બુદ્ધિને પૈદા કરી. તે બુદ્ધિ-વડે અહંકાર પેદા થયો-એટલે કે તે મહતત્ત્વની અંદરથી અહંકાર પેદા થયો, તે અહંકાર રાજસી (રજોગુણી), તામસી (તમો-ગુણી), અને સતોગુણી ભેદવડે ત્રણ જાતનો થયો. તેમાં વૈકારિક સતોગુણી, તૈજસ રજોગુણી અને ભૂતાદિ તામસી સમજવો. ૫૭-૫૮

(તે અહંકારોએં શું શું પેદા કર્યું ?)

तस्मात्सत्त्वरजोयुक्तादिंद्रियाणि दशाभवन् ॥
मनश्च जातं तान्याहुः श्रोत्रत्वङ्नयनं तथा ॥ ५९ ॥
जिह्वाघ्राणवचोहस्तपादोपस्थगुदानि च ॥
पंच बुद्धींद्रियाण्याहुः प्राक्तनानीतराणि च ॥ ६० ॥
कर्मेंद्रियाणि पंचैव कथ्यंते सूक्ष्मबुद्धिभिः ॥

સાત્વિક ગુણવાળો અહંકાર કે જે રાજસ અહંકારની મદદયુક્ત અને તમો માત્ર વડે મિશ્રિત છે તે અહંકારથી દશ ઇંદ્રિયો પેદા થઇ, એટલે કે સત્વ ગુણવાળા અહંકારમાંથી-એ કાન, ચામડી, આંખો, જીભ અને નાક એ પાંચ, વસ્તુ આદિનું જ્ઞાન કરાવનારી-જ્ઞાનેં-દ્રિયો, તથા રજોગુણવાળા અહંકારમાંથી-વાણી, હાથ, પગ, ગુહ્યેંદ્રી અને ગુદા એ પાંચ કામ કરનારી-કર્મેંદ્રિયો પેદા થઇ છે-એમ સૂક્ષ્મ બુદ્ધિવંત વિદ્વાનોએં કહેલું છે. તેમજ સત્વગુણવાળા અને રજોગુણ-વાળા અહંકારમાંથી મન પેદા થયું. (મન એ કર્મેંદ્રિ અને જ્ઞાનેંદ્રિ એ બેમાં હાથ ધરાવે છે. રાજસ અહંકારથી ઇંદ્રિ, સાત્વિકથી ઇંદ્રી-યોના દેવતા, અને મન એમ જુદાં જુદાં ઉત્પન્ન થયેલ છે.) ૫૯-૬૦

(તન્માત્રાઓ શી રીતે પેદા થઇ ?)

तमः सत्त्वगुणोत्कृष्टादहंकारादथाभवत् ॥ ६१ ॥
तन्मात्रपंचकंतस्य नामान्युक्तानि सूरिभिः ॥
शब्दतन्मात्रकं स्पर्शतन्मात्रं रूपमात्रकम् ॥ ६२ ॥
रसतन्मात्रकं गंधतन्मात्रं चेति तद्विदुः ॥

તમોગુણ અને સતોગુણ આધક હોવા સાથે રજોગુણ ઓછા-

વાળા અહંકારમાંથી શબ્દતન્માત્રા, સ્પર્શતન્માત્રા, રૂપતન્માત્રા, રસતન્માત્રા અને ગન્ધતન્માત્રા એવી રીતે એ પાંચે તન્માત્રા પેદા થઇ એ તન્માત્રાઓને યોગી પુરૂષોજ જાણી શકે છે. ૬૧-૬૨

(તન્માત્રા પંચકનું વિશેષ વર્ણન.)

शब्दः स्पर्शश्च रूपं च रसगंधावनुक्रमात् ॥ ६३ ॥
तन्मात्राणां विशेषाः स्युः स्थूलभावमुपागताः ॥

શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ એ પાંચે તન્માત્રાઓનાં ક્રમવાર વિશેષરૂપો સ્થૂળભાવને પ્રાપ્ત થયેલ છે. મતલબ કે એઓનાં સુખ દુઃખ અને મોહનો એઓનાથીજ અનુભવ થાય છે; એ માટે સ્થૂળભાવને પ્રાપ્ત થયેલ છે અને તન્માત્રા પંચકનો અનુભવ સૂક્ષ્મ છે તેથી થઇ શકતો નથી. ૬૩

(પાંચ મહાભૂતોની ઉત્પત્તિ અને નામ.)

तन्मात्रपंचकात्तस्मात्संजातं भूतपंचकम् ॥ ६४ ॥
व्योमानिलानलजलक्षोणीरूपं च तन्मतम् ॥

શબ્દાદિ પાંચ તન્માત્રાઓથી ભૂતોનું પંચક પેદા થયું તે આકાશ, વાયુ, અગ્નિ, જળ, અને પૃથ્વી-એ પાંચભૂત એક પછી એક પેદા થયેલ છે.

(આકાશનો શબ્દમાત્ર ગુણ, વાયુનો મુખ્ય ગુણ સ્પર્શ અને આનુષંગિક શબ્દગુણ, તેજનો મુખ્ય ગુણ રૂપ અને આનુષંગિક શબ્દ તથા સ્પર્શ ગુણ, પાણીનો મુખ્યગુણ રસ અને આનુષંગિક શબ્દ સ્પર્શ, રૂપ ગુણ, અને પૃથ્વીનો મુખ્યગુણ ગંધ, આનુષંગિક શબ્દ સ્પર્શ, રૂપ, અને રસ ગુણ સમજવો.) ૬૪

(પાંચ ઇંદ્રિયોના શું શું વિષય છે?)

बुद्धींद्रियाणां पंचैव शब्दाद्याविषयामताः ॥ ६५ ॥
कर्मेंद्रियाणां विषया भाषादानविहारिताः ॥
आनंदोत्सर्गकौ चैव कथितास्तत्त्वदर्शिभिः ॥ ६६ ॥

બન્ને કાન, ચામડી, આંખ્યો, જીભ અને નાક એ પાંચે જ્ઞાનેન્દ્રિયોના શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ પાંચ વિષય ક્રમવાર છે. એટલે કાનોથી (શબ્દ) સંભળાય છે, ચામડીથી અટકયાનું (સ્પર્શ) માલમ પડે છે, આંખ્યોથી (રૂપ) જણાય છે, જીભથી (રસ) સ્વાદની

ઓળખાણ થાય છે, અને નાકથી ગંધ લેવાય છે. વાણી, હાથ, પગ, સ્ત્રી પુરૂષની ગુહ્યેંદ્રિ, અને ગુદા એ કર્મેંદ્રિયો પૈકી વાણીનો વિષય ભાષણ–બોલવું, હાથનો વિષય ગ્રહણ કરવું–પકડવું વા દાનદેવું, પગનો વિષય ચાલવું, ગુહ્યેંદ્રિનો વિષય આનંદ લેવો અને ગુદાનો વિષય મળ દૂર કરવો–એ વિષય છે એમ તત્ત્વદર્શિયોએ કહ્યું છે ૬૫–૬૬

(માયાનાં નામ અને ચોવીશ તત્વોનો વિચાર.)

प्रधानं प्रकृतिः शक्तिर्नित्याचाविकृतिस्तथा ॥
एतानि तस्य नामानि शिवमाश्रित्य या स्थिता॥ ६७ ॥
महानहंकृतिः पंचतन्मात्राणि पृथक्पृथक् ॥
प्रकृतिविकृतिश्चैव सप्तैतानिबुधा जगुः ॥ ६८ ॥
दशेंद्रियाणि चित्तं च महाभूतानि पंच च ॥
विकाराः षोडश ज्ञेयाःसर्वे व्याप्य जगत्स्थिताः॥ ६९ ॥

શિવભગવાનનો આસરો લઇને રહેલી માયાનાં—પ્રધાન, પ્રકૃતિ, શક્તિ, નિત્યા અને વિકૃતિ એ પાંચ નામ છે. અને એમાં ચોવીશ તત્ત્વોનો નિવાસ છે. તે એકે (અવ્યકત ૧) મહતત્વ ૧, અહંકાર ૨ અને પાંચ તન્માત્રા એ સાત (અને અવ્યકત એ આઠ) પ્રકૃતિઓ કહેવાય છે, દશ ઇંદ્રિયો, એક મન અને પાંચ મહાભૂતો–એ સોળ વિકારો વિશ્વભરમાં ફેલાઇ રહેલ છે, તે વિકારોને પંડિત પુરૂષો પ્રકૃતિરૂપ અને કર્મરૂપ–વિકૃતિરૂપ પણ કહે છે. ૬૭–૬૯

(જીવાત્મા અને મનદૂતને રહેવાનું કયું સ્થળ છે ? તથા જીવાત્મા શાથી વ્યાપ્ત થાય ?)

एवं चतुर्विंशतिभिस्तत्त्वैः सिद्धे वपुर्गृहे ॥
जीवात्मा नियतो नित्यं वसतिं स्वांतदूतवान् ॥ ७० ॥
स देही कथ्यते पापपुण्यदुःखसुखादिभिः ॥ व्याप्तो

આ પ્રમાણે ચોવીશ તત્વોથી એટલે કે અવ્યકત ૧, મહતત્ત્વ ૨, અહંકાર ૩, શબ્દતન્માત્રા ૪, સ્પર્શતન્માત્રા ૫, રૂપતન્માત્રા ૬, રસતન્માત્રા ૭, ગંધતન્માત્રા ૮, કાન ૯, ચામડી ૧૦ આંખ્યો ૧૧, નાક ૧૨, જીભ ૧૩, વાણી ૧૪, હાથ ૧૫, પગ ૧૬, ગુહ્યેંદ્રિ ૧૭, ગુદા ૧૮, મન ૧૯, પૃથ્વી ૨૦, જળ ૨૧, અગ્નિ–તેજ ૨૨, વાયુ

૨૩, અને આકાશ ૨૪ એ ચોવીશ તત્ત્વવડે તૈયાર થયેલ શરીરરૂપી ઘરમાં પચ્ચીશમો પુરૂષ જીવાત્મા અવશ્ય સમસ્ત સમય રહ્યા કરે છે. તે જીવાત્માનો સ્વાન્ત-મન નામનો દૂત કે જે લિંગ શરીરનો આશ્રય કરીને રહેલો છે જેથી તેને દેહી કે. કર્મપુરૂષ પણ કહેવામાં આવે છે. તે મન દૂતવાળો જીવાત્મા, પાપ, પુણ્ય, સુખ અને [1]દુઃખાદિ કૃત્રિમ કર્મ બંધનોએ કરીને વ્યાપ્તમાન છે. ૭૦

(જીવાત્માના બંધન અને મોક્ષનું કારણ શું છે?)

बद्धश्च मनसा कृत्रिमैः कर्मबंधनैः ॥ ७१ ॥
कामक्रोधौलोभमोहावहंकारश्च पंचमः ॥
दशेंद्रियाणी बुद्धिश्च तस्य बंधाय देहिनाम् ॥ ७२ ॥
आप्नोति बंधमज्ञानादात्मज्ञानाच्च मुच्यते ॥

જીવાત્મા, કામ-ક્રોધ, લોભ, મોહ, અહંકાર દશ ઇંદ્રિયો અને બુદ્ધિ એ સોળથી જીવના દેહોના બંધનને માટે મનવડે કરેલાં કર્મોરૂપ બંધનોથી બંધાયલો છે. તે જ જીવાત્મા, પોતાના સ્વરૂપના અજાણપણાથી પ્રપંચરૂપ કલેશ વગેરેથી બંધનને પામે છે. છતાં તે જીવાત્માને જો આત્મજ્ઞાન (ધર્મ અધર્મના વિચારવાળું જ્ઞાન) પ્રાપ્ત થાય તો તેવડે કલેશાદિ બંધનથી મુકત થતાં મોક્ષને ભેટે છે. ૭૧-૭૨

(વ્યાધિ અને આરોગ્યતા એટલે શું ?)

तदुःखयोगकृद्व्याधिरारोग्यं तत्सुखावहम् ॥ ७३ ॥

---

૧ આદિ શબ્દનો પ્રયોગ કરેલો હોવાથી ઈચ્છા, દ્વેષ, પ્રયત્ન, પ્રાણ, અપાન, ઉન્મેષ, બુદ્ધિ, મન, સંકલ્પ વિચાર, સ્મૃતિ, વિજ્ઞાન, અધ્યવસાય વિષય, ઉપલબ્ધિ ઇત્યાદિક ગુણો પણ પેદા થાય છે, એથી આ કૃત્રિમ બંધનોથી પણ જીવાત્મા બંધાયલો રહે છે. કોઈ શંકા કરે કે વિકાર રહિત જીવાત્મા તે વિકાર વસ્તુઓથી શી રીતે બંધાતો હશે ! તો તેના સમાધાનમાં એટલું કહેવું બસ થશે કે—જીવાત્મા નિર્વિકાર છે; પરંતુ વિકારમાન્ વસ્તુના સંયોગથી જેમ સંધ્યાકાળમાં સૂર્યનાં લાલ કિરણોના સંયોગવડે નિર્વિકારી આકાશ લાલ રંગવાળું થાય છે, તેમ જીવ વિકારવાન થાય છે. કેટલાક વૈદ્યાચાર્યોનું માનવું છે કે—એ સમસ્ત વિકારો લિંગદેહની અંદર જેમ તળાવ વાવડી વગેરેમાના પાણીના હાલવાથી તે તળાવ વગેરેની પાળપરનાં ઝાડો કાંપતાં નજરે પડે છે તેમ પ્રતિબિંબ સમાન દૃષ્ટિગોચર થઇ રહે છે; પણ સત્ય સ્થિર રૂપે રહેલ નથી.

इतिश्री दामोदरसूनुशार्ङ्गधरेण विरचितायां संतितायां सूत्रस्थाने प्रथमखंडे कलादिकाख्यानं नाम पंचमोऽध्यायः समाप्तः ॥ ५: ॥

શરીર અને શરીરી એઓને જે દુઃખ દેનાર છે તેને વ્યાધિ કહેવામાં આવે છે, અને એઓને સુખ આપે તેને આરોગ્યતા કહેવામાં આવે છે. (દુઃખ પ્રાણીના સ્વભાવથી પ્રતિકૂળ છે, અને સુખ અનુકૂળ છે.) ૭૩

આ પ્રમાણે સૃષ્ટિક્રમનો સંક્ષિપ્ત વિચાર છે.

ઇતિશ્રી અચળેશ્વરપુરોહિતતનયપૂર્ણચંદ્રશર્મણાપ્રણીતશારંગધરસંહિતાર્થસંજીવનનીગુર્જરીભાષાટીકાયાંપ્રથમખંડે કલાદિકથનંનામ પંચમોધ્યાય. ૫.

અધ્યાય છઠ્ઠો.

(ખાધેલા ખોરાકની શું વ્યવસ્થા થાય છે ?)

यात्यामाशयमाहारः पूर्वं प्राणानिलेरितः ॥
माधुर्यं फेनभावंच षड्रसोऽपि लभेत सः ॥ १ ॥
अथ पाचतपित्तेन विदग्धश्चाम्लतां व्रजेत् ॥
ततः समानमरुता ग्रहणीमभिधीयते ॥ २ ॥
ग्रहण्यां पच्यते कोष्ठवन्हिना जायते कटुः ॥
रसो भवति संपक्कादपक्कादामसंभवः ॥ ३ ॥

(પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને આકાશના અંશથી પેદા થનારાં પાંચ ભૌતિક) અન્ન વગેરેનાં ખાધા લાયક ભોજનો જમ્યા પછી પ્રાણવાયુથી ધકેલાઇ પહેલાં આમાશયની અંદર દાખલ થાય છે. તે પછી તે ખાધેલો ખોરાક તે આમાશયમાં જ છએ રસથી સહિત હોવા છતાં પણ (આમાશય કફનું ઠેકાણું હોવાને લીધે તથા કફનો મીઠો સ્વાદ હોવાને લીધે તે ઠેકાણે છ પ્રકારનો રસ હોય તે પણ) તે [1]મીઠો જ બની જાય છે અને ફીણવાળો થાય છે. તે પછી

તે જ ખોરાક, તે આમાશયમાં પાચક પિત્ત કે જે પીળા રંગનો દ્રવ પદાર્થ છે તેના તેજના મિશ્રાપથી વિદગ્ધ થતાં-અધપાકો થઈ ખાટો બની જાય છે. અને અંતે તે ખોરાકને સમાન વાયુ આમાશયમાંથી ગ્રહણી-અગ્નિસ્થાનમાં લઇ જાય છે ત્યાં કોઠાની અગ્નિવડે તે ખોરાક પચી જાય છે. એટલે કે પાકી-સીઝી તૈયાર થાય છે, તેમજ તે પછી તે પરિપકવ થયેલો ખોરાક તીખો બને છે, અને તે સારી પેઠે પાકેલા ખોરાકમાંથી રસો પેદા થાય છે. (ખાધેલા ખોરાકની પહેલી અવસ્થા મધુર, બીજી ખાટી અને ત્રીજી તીખી થાય છે.) અને જો કાચો રહી જાય તો તેમાંથી આમ થાય છે. ૧-૩

(પાકેલો રસ શું કાર્ય કરે છે ?)

वन्हेर्बलेन माधुर्यं स्निग्धतां याति तद्रसः ॥
पुष्णाति धातूनखिलान् सम्यक्पक्वोऽमृतोपमः ॥ ४ ॥

જમેલા અન્નનો પૂરેપૂરો પાક થયેલો રસ કોઠાની અગ્નિના બળ વડે પૂર્ણ પણે પાક્યો હોય તો મધુર, સ્નિગ્ધ અને અમૃતના જેવો બનીને રસાદિ સર્વ ધાતુઓનું પોષણ કરે છે. (જેમ અમૃત મધુરાદિ ગુણ સહિત હોય છે, તેમ પરિપકવ થયેલો ઉત્તમ રસ પણ જીવન ધારણ તર્પણાદિ ગુણ યુક્ત થાય છે; કેમકે સૌમ્ય ગુણવાળો છે માટે પોષણ ગુણ વડે જીવન બક્ષે છે.) ૪

(અર્ધ પાકેલો રસ શું નુકસાન કરે છે ?)

मंदवन्हिविदग्धश्च कटुश्चाम्लो भवेद्रसः ॥
विषभावं व्रजेद्वापि कुर्याद्वा रोगसंकरं ॥ ५ ॥

ખાધેલા ખોરાકનો તે રસ મંદાગ્નિના લીધેથી અધકાચો રહી ગયો હોય તો તીખો અને ખાટો બની જાય છે, કિંવા અજીર્ણ રોગમાં કહેવામાં આવનારો વિષાજીર્ણ રોગને, કે બીજા રોગોમાંના ભેળશેળ ભેદવાળા રોગોને પેદા કરી પ્રાણને જોખમમાં નાખનાર નીવડે છે. કદાચ થોડા જોરમાં હોવાને લીધે મરણરૂપ ન બને તો દોષોના દૂષિત થવાથી અનેક જાતના લોહીવિકાર, તાવ, ભગંદર, કોઢ વગેરે રોગોને જન્મ આપે છે. ૫

(આહારનો સાર શાને કહે છે ?)

आहारस्य रसः सारः

જમેલા આહારના પરિપકવ રસને સાર કહેવામાં આવે છે.

(પેશાબ તથા વિષ્ટા શામાંથી પેદા થાય છે ?)

सारहीनो मलद्रवः ॥
शिराभिस्तज्जलंनीतं बस्तौमूत्रत्वमाप्नुयात्　॥ ६ ॥
तत्किट्टं च मलं ज्ञेयं तिष्ठेत्पक्काशये च तत् ॥

રસ રહિત ભાગને દ્રવ એટલે કે પેટમાંના મળનો પાણી જેવો પ્રવાહી પદાર્થ મૂત્રને વહેવાવાળી નસો મારફત બસ્તિ–પેઢુમાં જઇને મૂત્ર થાય છે અને બાકી રહેલા ભાગને વિષ્ટા જાણવી અર્થાત્ તે અન્ન વગેરેનો કચરો પકવાશયના એક ભાગમાં ગયા કેડે વિષ્ટા બને છે. ૬

(વિષ્ટા કયે માર્ગે થઇ બહાર પડે છે ?)

वलित्रितयमार्गेण यात्यपानेन नोदितम्　॥ ७ ॥
प्रवाहिमी सर्जनी च ग्राहिकेति वलित्रयम् ॥

ગુદાસ્થાનમાં આવી રહેલો મળ (વિષ્ટા) અપાન વાયુથી ધકેલાઇ ગુદાની મધ્યે ત્રણ આંટા એકએકના ઉપર શંખની નાભિના આકારના હોય છે તે પૈકી પહેલા આંટાને પ્રવાહિની, વચલા આંટાને વિસર્જની અને છેલ્લા બહારના આંટાને ગ્રાહિકા કહેવામાં આવે છે તે ત્રણ આંટામાં થઇ ગુદાને રસ્તેથી બહાર આવે છે. ૭

(પકવ રસની અંદરથી લોહી શી રીતે થાય છે ?)

रसस्तु हृदयं याति समानमरुतेरितः　॥ ८ ॥
रंजितः पाचितस्तत्र पित्तेनायाति रक्तताम् ॥

ડુંટીની અંદર રહેલ સમાન નામના વાયુથી ધકેલાયેલો રસ સકળશરીરગમનશીલત્વ હોવાને લીધે અગ્નિસ્થાનમાંથી હૃદયની અંદરના લીવ્હરની જગોએ જાય છે, તે ત્યાં રંજક નામના પિત્તવડે ક્રમથી રંગાઇ, તેમજ પાચન થઇને તે લોહી રૂપે બને છે. ૮

(લોહીનું સ્થાન કયું ? અને તે શું કામ કરે છે ?)

रक्तं सर्वशरीरस्थं जीवस्याधारमुत्तमम्　॥ ९ ॥
स्निग्धं गुरु चलं स्वादुविदग्धं पित्तवद्भवेत् ॥

સર્વ શરીરમાં રહેલું તે લોહી દેહમૂલત્વ હોવાને લીધે જીવનના ઉત્તમ આધારરૂપ છે એટલે કે પ્રાણીના જીવનને તે લોહીજ સારીપેઠે

જાળવી રાખે છે. તથા તે લોહી ચીકણું, ભારે કિંવા જડ, ચંચળ અને મધુર સ્વાદવાળું છે, છતાં તે વિકૃત-અધબળ્યું થવાથી પિત્તના જેવું તીખું અને ખાટું થાય છે. ૯

(રસાદિ ધાતુઓ ક્યારે પરિપક્વ થાય છે ?)

पाचिताः पित्ततापेन रसाद्या धातवः क्रमात् ॥ १० ॥
शुक्रत्वं यांति मासेन तथा स्त्रीणां रजो भवेत् ॥

રસ, લોહી, માંસ, મેદ, હાડ, મજ્જા અને શુક્ર-વીર્ય, તથા અટકાવનું લોહી-એ સાતે ધાતુઓ પિત્તના તેજથી દર ચાર ચાર દિવસને અંતરે પરિપક્વ થઇ (પાકી તૈયાર થઇ) એક મહીને પુરૂષના શરીરમાં રસમાંથી અંતે તૈયાર થતો વીર્ય ધાતુ, અને એક મહીને સ્રીયોના શરીરમાં અટકાવનું લોહી તૈયાર બને છે. ૧૦

(સ્રીને ગર્ભ રહેવા અને બાળકશબ્દ સંબંધી વિચાર.)

कामान्मिथुनसंयोगे शुद्धशोणितशुक्रजः ॥ ११ ॥
गर्भःसजायते नार्याः स जातो बाल उच्यते ॥

મનના સંકલ્પ બળથી એટલે કે સ્રીસાથે સંગમ કરવાની વિચારણા થવાથી સ્રી પુરૂષના રતિસંગ થવાની વેળાએ અટકાવ સંબંધી શુદ્ધ લોહી,(એટલે કે જે સસલાના લોહી સરખુ તથા લાખના રંગજેવું અને જેનો દાગ ધોવાથી જલ્દી સાફ થઇ જાય તેવું હોય તે શુદ્ધ લોહી) અને [1]શુદ્ધ વીર્ય એ બન્નેના સંયોગથી સ્રિયોના ગર્ભાશયમાં ગર્ભ ધારણ થાય છે અને જ્યારે તે ગર્ભના પૂર્ણ મુદ્દતે પ્રસવ થાય ત્યારે તેને બાળક કહેવામાં આવે છે. ૧૧

(પુત્રી, પુત્ર કે નપુંસક શું થવાથી પેદા થાય છે ?)

आधिक्ये रजसः कन्या पुत्रः शुक्राधिको भवेत् ॥१२॥
नपुंसकं समत्वेन यथेच्छा पारमेश्वरी ॥

ગર્ભ રહેવાના વખતમાં જો સ્રીના અટકાવના લોહીનો ભાગ વધારે હોય અને પુરૂષના વીર્યનો ભાગ ઓછો હોય તો તેથી પેદા થયેલા ગર્ભવડે પુત્રી જ પેદા થાય છે, તેમજ જો પુરૂષનું વીર્ય વિશેષ અને સ્રીના અટકાવનું લોહી ઓછું હોય તો તેથી પેદા થનારા

. ૧ સ્ફટિકના જેવું નિર્મળ, દ્રવરૂપ, ચીકણું, મીઠું અને મધુ જેવી વાસના વાળું કે તેલ મધના જેવા દેખાવવાળું ને વાતાદિથી દૂષિત ન થયેલું હોય તે પુરૂષનું વીર્ય શુદ્ધ અને ઉત્તમ ગર્ભ ધારણ કરવાને લાયક ગણેલું છે.

ગર્ભવડે પુત્ર જ પેદા થાય છે, અને જો પુરૂષનું વીર્ય અને સ્ત્રીનું (અટકાવનું) લોહી એ બન્ને બરોબર ભાગે હોય તો તેથી પેદા થનારા ગર્ભવડે નપુંસક—બાયલો—હીજડો પેદા થાય છે. આ પ્રમાણે જેવી કર્મની અનુસરણાદિ પરમેશ્વરની ઇચ્છા હોય તેવું બને છે. એટલે કે બે ત્રણ ચાર બાળકનો એકી વખતે (એક જ ગર્ભથી) પ્રસવ થવો કિંવા વિચિત્ર પ્રકારનો જ ગર્ભ પેદા થવો એ પરમાત્માની ઇચ્છા મુજબનો બનાવ છે. ૧૨

(જન્મથી માંડીને અંતકાળ સુધી દવા કેટલી અપાય ?)

बालस्य प्रथमे मासि देया भेषजरक्तिका ॥ १३ ॥
अवलेहीकृतैकैका क्षीरक्षौद्रसिताघृतैः ॥
वर्धयेत्तावदेकैकां यावद्भवति वत्सरः ॥ १४ ॥
माषैर्वृद्धिस्तदूर्ध्वं स्याद्यावत्षोडशवत्सराः ॥
ततः स्थिरा भवेत्तावद्यावद्वर्षाणि सप्ततिः ॥ १५ ॥
ततो बालकवन्मात्रा ह्रासनीया शनैः शनैः ॥
मात्रेयं कल्कचूर्णानां कषायाणां चतुर्गुणाः ॥ १६ ॥

[1]બાળકને જન્મથી માંડીને એક મહીના સુધીમાં જો દવાદેવી પડે તો દૂધ (ધાવણ), મધ, ખાંડ અને ગાયનું ઘી એ ચારમાંથી જે અનુપાન ઠીક લાગે તેની સાથે એક ચણોઠી જેટલી દવા (સારા વર્ણની, સારી રીતેથી કરેલી ને સોનાના મિલાપવાળી દવા—કલ્ક કે ચૂર્ણ જેવી) ચાટવા સરખી પાતળી બનાવીને આપવી. બીજે મહીનેથી બે ચણોઠી ભાર, ત્રીજે મહીનેથી ત્રણ ચણોઠી ભાર. એમ એક એક મહીને એકેકી ચણોઠી ભાર દવાનું પ્રમાણ વધારી એક વર્ષનું બાળક થાય ત્યારે બાર ચણોઠી ભાર દવા આપવી. તે પછી બીજું વર્ષ પૂર્ણ થતાં લગી [2]એ માસા ભાર (૧૨ ચણોઠી ભાર

૧ બાળક ત્રણ પ્રકારનું ગણાય છે એટલે કે એક તો દૂધપીતું, બીજું દૂધપીતું તથા અન્ન ખાતું, અને ત્રીજું ફક્ત અન્નજ ખાતું સમજવું.

૨ માસો ૬-૮-૧૦ રત્તિનો ગણવામાં આવે છે; તો પણ ૬ કે ૮ રત્તિનો હાલના સમયમાં યોગ્ય ગણાય છે, છતાં અહીં બાર રત્તિનો માસો કયા દેશના તોલના આધારથી લખવામાં આવ્યો છે તે સમજવું કઠીણ થઈ પડયું છે; કેમ કે અત્યાર લગણ બધા ગ્રંથમાં મગધ કિંવા કલિંગ દેશનું તોલજ પ્રમાણ કરવામાં આવ્યું છે તો તેમાં ૬ રત્તિ ને ૮ રત્તિનો ૧ માસો

કે ચોવીશ ચણોઠી ભાર !), ત્રીજું વર્ષ પૂરૂં થતાં સુધી ત્રણ માસા ભાર, એમ સોળ વર્ષ પૂરાં થતાં લગી દર વર્ષે એકેક માસો દવાનું પ્રમાણ વધારી સોળમે વર્ષે સોળ માસા ભાર દવા આપવી. તે પછી સત્તરમા વર્ષની શરૂવાતથી માંડી છેક સીત્તેર (૭૦) વર્ષ પૂર્ણ થતાં લગીની મુદતમાં સોળ માસા ભાર જ દવા આપ્યાં કરવી. ત્યાર પછી જેવી રીતે દવાનું તોલ વધાર્યું હતું તેવી રીતે તે જ તોલ ઇકોત્તેર વર્ષની શરૂવાતથી ઘટાડવા માંડવું; (એટલે કે ઇકોત્તેરમે વર્ષે ૧૫ માસા, બહોતેરમે વર્ષે ૧૪ માસા, ત્યોતેરમે વર્ષે ૧૩ માસા દવા આપવી. એમ એક એક માસો દવા ઘટાડતાં છેક ચોરાશીમે વર્ષે બે માસા દવા આપવી. અને તે પછી પંચ્યાશીમા વર્ષેથી પહેલે મહીને ૧૨ રત્તિ, બીજા મહીને ૧૧ રત્તિ; એમ એકેક મહીને એકેક રત્તિ ઉતરતાં છેક પંચ્યાશીમું વર્ષ પૂરૂં થતાં લગી એક ચણોઠી ભાર જ દવા આપવી, તે છેવટની ઘડી સુધી એટલી જ દવા આપ્યા કરવી;) કેમકે ઉપર કહેવામાં આવ્યું છે કે બાળક અને બુઢ્ઢાની દવાનું પ્રમાણ સરખુંજ રાખવું. તેમ તે દવાનું તોલ ફકત કલ્ક અને ચૂર્ણને જ માટે છે; પરંતુ તે શિવાય કવાથ-ઉકાળો આપવો હોય તો ઉપરના તોલથી ચારગણાં આપવાં. ૧૩-૧૬

(બાળક માટે શું શું કરવું લાભકારી છે?)

अंजनं च तथा लेपः स्नानमभ्यंगकर्म च ॥
वमनं प्रतिमर्शश्च जन्मप्रभृति शस्यते ॥ १७ ॥

આંખ્યોમાં [1]વિધિ સહિત કરેલી કાજળ વગેરે આંજવી, સુખડ

ગણેલ છે; પરંતુ અહીં તો તે તોલને બાજુપર મૂકી બાર રત્તિનો માસો શારંગધરે માનેલો છે. પણ તેમાં પંચાત એ ઊઠે છે કે સોળ વરસના બાળકને ૧૯૨ રત્તિભાર દવા આપવી બતાવી; પરંતુ તે બે તોલા ભાર થઈ જેથી ખાવી પણ મુશ્કેલતા ભરી થઈ પડે તેટલું વજન થયું. તેમજ ચૂર્ણ એક તોલાથી ઉપર ન આપવાની મર્યાદા છે તેમાં પણ આ તોલથી અપવાદ આવ્યો; કેમકે ડબલ તોલ થઈ ગયું. કળિયુગના મનુષ્યો માટે કલિંગ દેશનુંજ પ્રમાણ પ્રમાણ કરેલું આ ગ્રંથજ બતાવી રહેલ છે; છતાં અહીં મતફેર થયો છે તે વિષે અનુભવી વૈદ્યમહાશયોજ નિર્ણય કરી લેશે.

૧ આકડાના દુધમાં ૩ ભીજવી (ત્રણ વખત પુટ દઈ) તેની દીવટનો દીવો ઘી અગર એરંડીયાનો કરી, અથવા તો દીવેલની કાજળ પાડી તેમાં

કપૂરકાચરી વગેરેની પીઠી ચોળવી, નિયમસર ન્હવરાવવું, તેલ વગેરે મસળવું, (જરૂર વખતે) ઉલટી કરાવવી, અને ગુદા મારફત એરંડીયું તેલ નાખવું. (નાકમાં, કાનમાં તેલનાં ટીપાં અને આંખ્યો પર ઘીના ટુવા મ્હેલવાનો પણ યોગ્ય રિવાજ છે.) વગેરે કામો બાળકના જન્મની શરૂવાતથી જ કરવાં હિતકારી અને પ્રશંસવા યોગ્ય છે. ૧૭

(બાળકને કવળ નાસ જુલાબ વગેરેનો કયારે ઉપયોગ કરવો ?)

कवलः पंचमाद्वर्षादष्टमान्नस्यकर्म च ॥
वीरेकः षोडशाद्वर्षाद्विंशतेश्चैव मैथुनम् ॥ १८ ॥

બાળકને પાંચ વર્ષ થયાં પછી તેને કવળ એટલે વાટેલા ઓખડના કવળ તથા દવાના કોગળા કરાવવા; પણ તે પહેલા કરવવા નહીં; (કેમકે તે પહેલાં અણ સમજદાર બાળકને તે દવા કેટલો વખત મ્હોંમાં રાખી મુકયા પછી થુંકવી કે કહાડી નાખવી તેની ગમ હોતી નથી; માટે સમજમાં આવ્યા પછી તેવી દવા આપવી. કવળ શબ્દનો અર્થ કોઇ ટીકાકાર અન્નના કોળિયા પાંચ વર્ષ પછી આપવા એવો કરે છે, ત્યારે શું તે પહેલાં બાળકને અન્ન ન આપવું ? અગર તો પાતળો પદાર્થ પીવાય-ચટાય તેવોજ આપવો ? દાંત આવ્યા પછી તરત અન્ન આપવાનું ગ્રંથો અને કુદરત બન્ને સૂચવે છે, છતાં પાંચ વર્ષ પછી અન્નના કોળિયા ભરાવવા લખે છે તે સમજ ફેર થયેલ જણાય છે.) બાળકને આઠમા વર્ષ પછી નાકેથી સુંઘવાની દવા સુંઘાડવી (તે પહેલાં સુંઘાડવાથી બેસમજમાં દવા જોરથી ખેંચે તો પરિણામ વિપરીત આવવા સંભવ છે.) સોળમા વર્ષ પછી બાળકને રેચ આપવો-એટલે કે આકરો જુલાબ ન આપવો. (ફકત કામ લાયક-હલકો જુલાબ આપવો, નહીં તો લેણાનું દેણું થઈ જવા સંભવ છે.) અને વીશ વર્ષ પછી ગૃહસ્થાશ્રમ માંડવા દેવો. (નહીં કે શરીરના અવયવો પ્રફુલ્લિત, ને ધાતુઓ પરિપકવ ન થયેલા હોય છતાં ન્હાની ઉમરમાં ઢીંગલા ઢીંગલીની પેઠે લગ્ન કરાવી સંભોગ

ન્હાની એળચી, બરાસ, સાકર વગેરે મેળવી ગાયના ઘીમાં ફીણી તે આંખમાં આંજ્યા કરવી. આસ્તે આસ્તે ઋતુ અને દેશને અનુસરી ઉવટણું કરવું. તેમજ ઋતુ દેશ વગેરે ધ્યાનમાં રાખી ટાઢે કે કોકરવરણે પાણીએ રોજ કે એકાંતરે ન્હવરાવવું. અને તેલનો માલેસ, ટીંપાં, ટુવાનો પણ ન્હાવાના દિવસેજ ઉપયોગ કરવો. ગુદામાં દીવેલની પિચકારીનો જરૂર હોય તે વખતે ઉપયોગ કરવો. બા. ક.

કાર્યની ફરજ પાડવી કે જેના લીધે અંતમાં અલ્પાયુષી-ટુંકા કદની ઢંગ વગરની-નામર્દ-પુરૂષાર્થ હીન સંતતી પેદા થતાં સ્વદેશ પરતંત્રતાને તાબે રહેનારો થવા પામે.) ૧૮

(કેટલી કેટલી ઉમર પછી કઈ કઈ વસ્તુની ઓછાશ થાય છે?

बाल्यं वृद्धिर्वपुर्मेधा त्वग्दृष्टिः शुक्रविक्रमौ ॥
बुद्धिः कर्मेंद्रियं चेतो जीवितं दशतो ह्रसेत् ॥ १९ ॥

જન્મથી માંડી દશ વર્ષ પછી બાલ્યાવસ્થાની ટેવો બંધ પડવા માંડે છે, વીશ વર્ષ થયા પછી શરીરનું ઉંચાઈમાં વધવું બંધ પડવા માંડે છે, ત્રીશ વર્ષ થયાં પછી શરીરનું ફાલવું બંધ પડવા માંડે છે, ચાલીશ વર્ષ થયાં પછી ગ્રંથને મુખપાઠ રાખવાની સ્મરણશક્તિ બંધ પડવા માંડે છે, પચાશ વર્ષ થયાં પછી ચામડીની સુંવાલાસ અથવા તંગપણું બંધ પડવા માંડે છે, સાઠ વર્ષ થયાં પછી આંખ્યોનું તેજ મંદ પડવા માંડે છે, સિત્તેર વર્ષ થયાં પછી શરીરની અંદરનું વીર્ય ઓછું થવા માંડે છે, એંસી વર્ષ થયાં પછી શરીરમાનું પરાક્રમ ઓછું થવા માંડે છે, નેવું વર્ષ થયાં પછી બુદ્ધિ કમતી થવા માંડે છે. સો વર્ષ થયાં પછી હાથ પગ વગેરે કામ કરનારી ઇંદ્રિયોના હલન ચલનનું બળ ઓછું થવા માંડે છે, એકસો દશ વર્ષ થયાં પછી શરીર અંદરની ચૈતન્યતા-ચપળતા-સાવધાનપણું ઓછું થવા માંડે છે, અને એકસો વીશ વર્ષ થયાં પછી જીવનબળ પરવારવા માંડે છે-આમ દશ દશ વર્ષને અંતરે એક પછી એકની ઓછાશ થવા લાગે છે. ૧૯

(વાયુપ્રકૃતિવાળાનાં શું લક્ષણ હોય ?)

अल्पकेशः कृशो रूक्षो वाचालश्चलमानसः ॥
आकाशचारी स्वप्नेषु वातप्रकृतिको नरः ॥ २० ॥

ન્હાના ન્હાના કે થોડા વાળવાળો, દુબળો, લૂખા શરીરવાળો, તેજહીન, બકવા કરનારો, (બહુ બોલકો) ચપળ ચિત્તવાળો અને સ્વપ્નાની અંદર પોતે આકાશમાં ફરે છે એવું જોનારો માણસ વાયુ પ્રકૃતિવાળો સમજવો. ૨૦

(પિત્ત પ્રકૃતિવાળાનાં શું લક્ષણ હોય ?)

अकाले पलितैर्व्याप्तो धीमान् स्वेदी च रोषणः ॥
स्वप्नेषु ज्योतिषां द्रष्टा पित्तप्रकृतिको नरः ॥ २१ ॥

સમય વિના જુવાનીમાંજ ધોળા વાળવાળો, બુદ્ધિશાળી, શરીરમાં

घणा परशेवावाळो, रीसाळ, अने स्वप्नानी अंदर नक्षत्र वगेरे तेजस्वी (अग्नि वगेरे) देखनारो माणस पित्त प्रकृतिवाळो समजवो. २१

(कफ प्रकृतिवाळानां शुं लक्षण होय ?)

गंभीरबुद्धिः स्थूलांगः स्निग्धकेशो महाबलः ॥
स्वप्ने जलाशयालोकी श्लेष्मप्रकृतिको नरः ॥ २२ ॥

तमाम कामनी अंदर क्षमाशीळ–गंभीर बुद्धिवाळो, पुष्ट–जाडा शरीरवाळो, चीकणा वाळवाळो, बळवान अने स्वप्नानी अंदर तळाव, नदी, कुवा, सरोवर वगेरे देखनारो माणस कफ प्रकृतिवाळो समजवो. २२

(द्विदोष, त्रिदोष प्रकृतिवाळानां केवां लक्षण होय ?)

ज्ञातव्या मिश्रचिह्नैश्च द्वित्रिदोषोल्बणा नराः ॥

बन्ने दोषनी अधिकतावाळां लक्षणोथी मळेली प्रकृतिवाळो माणस द्विदोषज होवाथी बन्ने दोषोवाळा मिजाजनो होय छे. अने त्रणे दोषनी अधिकता वाळां लक्षणोथी मळेली प्रकृतिवंत पुरुष शेळभेळ चिन्ह सहित त्रिदोषज मिजाजवाळो होय छे. २२

(उंघ शुं थवाथी आवे छे ?)

तमः कफाभ्यां निद्रास्यात्

तमोगुण अने कफ ए बन्नेना मिलापथी निद्रा–उंघ आवे छे.

(बेभानपणुं शाथी थाय छे ?)

मूर्च्छा पित्ततमोभवा ॥ २३ ॥

पित्त अने तमोगुण ए बेउनो मिलाप थवाथी मुर्च्छा–बेभानपणुं थाय छे. (जोके वातादि त्रणे दोषोना लीधे अने लोहीना विकारथी मुर्च्छा आवे छे; तो पण तेमां पित्त प्राधान्यता–मुख्यता धरावतुं होवाथी पित्तने ग्रहण करवामां आवेल छे.) २३

(भ्रम–भ्रांति शुं थवाथी थाय छे ?)

रजः पित्तानिलैर्भ्रांतिः

रजोगुण, पित्त अने वायु एओना संयोगवडे भ्रम पेदा थाय छे.

(तंद्रा–घेन शाथी आववा पामे छे ?)

तंद्रा श्लेष्मतमोनिलैः ॥

कफ, तमोगुण अने वायु ए त्रणेना संयोगथी (घटपटादि

પદાર્થોનું જ્ઞાન છતાં શરીર ભારે બની બગાસાં આવી, મહેનત કર્યા વગર થાક લાગવાની સ્થિતિ થાય છે તેથી) તંદ્રા આવે છે. ૨૩

(ગ્લાનિ શું થવાથી થાય છે?)

ग्लानिरोजःक्षयादुःखादजीर्णाच्च श्रमाद्भवेत् ॥२४॥

રસ વગેરે સાતે ધાતુઓના સારભૂત તેજનો ક્ષય થવાથી, અધ્યાત્મિક, આધિદૈવિક, આધિભૌતિક દુ:ખો થવાથી, ખાધેલો ખોરાક ન પચવાથી અને તન મન સંબંધી હદ ઉપરાંત મહેનતનો થાક લાગવાથી ગ્લાનિ-કંટાળો આવી હર્ષનો નાશ થાય છે. ૨૪

(આળશ એટલે શું ?)

यः सामर्थ्येऽप्यनुत्साहस्तदालस्यमुदीर्यते ॥

શરીરમાં શક્તિ-બળ હોવા છતાં પણ કોઈ કામ કરવાની વિચારણામાં ઉત્સાહ ન રહે તેને આળશ કહેવામાં આવે છે. ૨૪

(બગાસાં એટલે શું ?)

चैतन्यशिथिलत्वाद्यः पीत्वैकश्वासमुद्वमेत् ॥ २५ ॥
विदीर्णवदनः श्वासं जृंभा सा कथ्यते बुधैः ॥

હૃદયની અંદરનું ચૈતન્ય શિથિલ થવાથી જે મનુષ્ય એક શ્વાસને અંદર લઈ, તુરત પાછું પહોળું મ્હોં કરીને બીજા શ્વાસને બહાર કહાડે છે તેને પંડિતજનો જંભાઇ-ઉઆસી-બગાસું કહે છે. ૨૫

(છીંકનાં શું ચિન્હો છે ?)

उदानप्राणयोरूर्ध्वयोगान्मौलिकफस्रवात् ॥ २६ ॥
शब्दः संजायते तेन क्षुतं तत्कथ्यते बुधैः ॥

કંઠમાં રહેનારા ઉદાનવાયુનો અને હૃદયમાં રહેનારા પ્રાણવાયુનો મસ્તકમાં મિલાપ થવાના લીધે માથામાંથી નાકની વાટે કફ બહાર પડવા માંડે તે એના સંયોગથી જે શબ્દ થાય તે શબ્દને પંડિતજનો ક્ષુત-છીંક કહે છે. ૨૬

(ઓડકારનાં શું ચિન્હ છે ?)

उदानकोपादाहारस्वस्थितत्वाच्च यद्भवेत् ॥ २७ ॥
पवनस्योर्ध्वगमनं तमुद्गारं प्रचक्षते ॥

इति श्री दामोदरसूनुशार्ङ्गधरेण विरचितायां संहितायांसूत्र स्थाने आहारादिगतिकथनं नाम षष्ठोऽध्यायः ॥ ६ ॥

કંઠમાં રહેનારા ઉદાન વાયુનો કોપ થવાથી, તથા અન્ન વગેરે આહાર પોતાને ઠેકાણે જઇને સારી પેઠે સ્થિર રહેવાથી નીચેના વાયુનું ઉંચું આવવું થાય છે તેને ઓડકાર–ડકાર–ઉદ્દગાર કહે છે. ૨૭

ઇતિશ્રી અચળેશ્વરપુરોહિતતનયપૂર્ણચંદ્રશર્મણાપ્રણીતશારંગધરસંહિતાર્થસંજીવનીગુર્જરીભાષાટીકાયાંપ્રથમખંડે આહારાદિ ગતિ કથને નામ ષષ્ટોધ્યાય. ૬.

અધ્યાય સાતમો.

(રોગ ગણના સહ ભેદોના ટુંક વર્ણન સંબંધે કથન.)

रोगाणां गणना पूर्वं मुनिभिर्या प्रकीर्तिता ॥
मयाऽत्र प्रोच्यते सैव तद्भेदा बहवो मताः ॥ १ ॥

પ્રથમના મુનિશ્વરોએ જે તાવ વગેરેના રોગોની ગણત્રી તેમજ તેઓના અનેક ભેદો કહેલ છે તે સંખ્યા અને ભેદ ટુંકાણમાં અહીં હું શાર્ઙ્ગધર કહી બતાવું છું. ૧

(તાવ કેટલી જાતના છે ?)

पंचविंशतिरुद्दिष्टा ज्वरास्तद्भेद उच्यते ॥
पृथक् दोषैस्तथा द्वंद्वभेदेन त्रिविधः स्मृतः ॥ २ ॥
एकश्च सन्निपातेन तद्भेदा बहवः स्मृताः ॥
प्रायशः सन्निपातेन पंचस्युर्विषमज्वराः ॥ ॥ ३ ॥
तथाऽगंतुज्वरोप्येक स्त्रयोदशविधो मतः ॥
अभिचारग्रहावेशशापैरागंतुकस्त्रिधा ॥ ॥ ४ ॥
श्रमाद्दाहात्क्षताच्छेदाच्चतुर्धा धातकज्वरः ॥
कामाद्भीतेः शुचोरोषाद्विषादौषधगंधतः ॥ ५ ॥

अभिषंगज्वराः षट् स्युरेवं ज्वरविनिश्चयः

તાવની પચીશ જાતો છે. એટલે કે, વાયુકોપથી આવનારો **વાતજ્વર** ૧, પિત્તકોપથી આવનારો **પિત્તજ્વર** ૨, કફકોપથી આવ. નારો **કફજ્વર** ૩, વાયુ અને પિત્ત એ બેના સાથે કોપવાથી આવનારો **વાતપિત્તજ્વર** ૪, વાયુ અને કફ એ બેઉના સાથે કોપવાથી આવ- નારો **વાતકફજ્વર** ૫, પિત્ત અને કફના સાથે કોપવાથી આવનારો **પિત્તકફજ્વર** ૬, વાત પિત્ત કફ એ ત્રણેના સાથે કોપવાથી આવનારો **ત્રિદોષ-સંનિપાતજ્વર** ૭, કહેવાય છે. એ સન્નિપાત (જ્વરના ઓગણચાલિશ ભેદ કે જે ભાવપ્રકાશમાં વર્ણવેલ છે તે સન્નિપાત) માંથી ઘણું કરીને પાંચ **વિષમજ્વર** પેદા થાય છે-એટલે કે જે સાત દશ કે બાર દિવસ એક જેવો શરીરમાં ભર્યો ને ભર્યો રહે તે **સંતત** જ્વર ૮, દિવસ અને રાતમાં થઇ બે વખત આવનારો **સતત** જ્વર ૯, દિવસ રાતમાં એક જેવો ભર્યો રહેનારો **અન્યેદ્યુ-એકાંતર** જ્વર ૧૦, એક દિવસને આંતરે આવનારો તૃતીયક-**તેજરો** તાવ ૧૧, અને બે દિવસ પછી ત્રીજે દિવસે આવનારો ચાતુર્થિક-ચોથીયો તાવ ૧૨, એ પાંચ વિષમ જ્વર પેદા થાય છે.: તેમજ આગંતુક જ્વરના તેર ભેદ છે તે કહું છું-એટલે કે-તેમાં પણ શત્રુને મારવા માટે નઠારા હોમ કરવાથી કે ભયંકર મંત્રો વડે સરસવ વગેરે હોમ- વાથી પેદા થયેલો **અભિચાર** જ્વર ૧૩, બ્રહ્મરાક્ષસ વગેરેના સંબંધથી આવનારો તાવ-**ગ્રહાવેશજ્વર** ૧૪, અને બ્રાહ્મણ-ગુરૂ- સિદ્ધ તથા વૃદ્ધજનોના દિલ દુભવ્યે થયેલા શાપથી આવનારો **શાપજ્વર** ૧૫ એ ત્રણ આગંતુક (અચાનક આવી લાગનારા) તાવ કહેવાય છે. તથા થાકથી પેદા થયેલ **શ્રમજ્વર** ૧૬, અગ્નિ વગેરેના દાઝવાથી આવેલો **દાહજ્વર** ૧૭, ઘા-ચાંદી પડવાથી આવેલો તાવ **ક્ષતજન્યજ્વર** ૧૮, શસ્ત્ર વગેરેના પ્રહારથી આવેલો તાવ **છેદજન્યજ્વર** ૧૯, આ ચાર તાવ **અભિઘાત** (એક જાતનો સંયોગ મળવાથી આવનાર) જ્વર કહેવાય છે. તથા મનમાં ચિંત- વેલી સ્ત્રીનો મિલાપ ન થવાથી આવનારો **કામજ્વર** ૨૦, ભય લાગવાથી આવનારો **ભીતજ્વર** ૨૧, શોચ સંતાપથી આવનારો **શોકજ્વર** ૨૨ ક્રોધથી આવનારો **ક્રોધજ્વર** ૨૩, સ્થાવર જંગમ ઝેરના ખાવાથી આવનારો **વિષજ્વર** ૨૪ અને આકરી ગંધ કે ખ- રાબ ગંધવાળી દવાના કંટાળાથી આવનારો **ગંધજ્વર** ૨૫, આ

છ જાતના તાવની **અભિષંગજ્વર** (અન્ય વસ્તુના આવેશ કે પરાભવથી આવનારા તાવ)ની સંજ્ઞા છે. આ પ્રમાણે પચીશ જાતનાં તાવ છે.

(જે તાવની અંદર શરીર કંપે, ગલું હોઠ અને મ્હોમાં શોષ પડે, ઉંઘ તથા છિંક ન આવે, શરીર લૂખું પડી જાય, માથામાં ને અંગોમાં પીડા થાય, મ્હોંમાં ખરાબ સ્વાદ થઈ જાય, માથું ચડયુંજ રહે, શૂળ, આફરો અને બગાસાં ચાલુ રહે, તેમજ કોઇ વખત તાવ વધારે ને કોઇ વખત ઓછો આવે તે તાવ **વાયુના કોપવાથી** આવેલો સમજવો.

જે તાવ જોરમાં આવે, ઝાડા લાગ્યા કરે, થોડી ઉંઘ આવે, ઉલટી થાય, ગળું-હોઠ-મ્હોં-નાક પાકી આવે, મતલબ વગર બકવાટ કર્યા કરે, મ્હોં કડવું રહે, મૂર્ચ્છા આવે, બળતરા થાય, ઉન્મત્તપણું થાય, તરશ વધારે લાગે, મળ-મૂત્ર-આંખ પીળાં જણાય, અને ભ્રમ હોય તે તાવ **પીત્તના કોપવાથી** આવેલો સમજવો.

જે તાવમાં ભિંજેલા કપડાથી શરીર ઢાંકેલ હોય તેવું શરીર થઈ જાય, તાવનો વેગ ધીરો હોય, આળસ્ય આવ્યાં કરે, મ્હોં મીઠું રહે, મળ મૂત્ર ધોળાં જણાય, શરીર સજ્જડ થઇ જાય, અન્ન ઉપર અરૂચિ-કંટાળો થાય; શરીર ભારે રહે, ટાઢ વાય, ઉબકા આવ્યા કરે, રૂવાટાં ઉભાં થઈ આવે, ઉંઘ બહુ આવે; નાડીઓ ધીમી વહ્યા કરે, થોડો ઝાડો લાગે, શળેખમ જણાય, મ્હોંમાં ખારો સ્વાદ રહે, શરીર થોડું ગરમ રહે, ઉલટી થાય, લાળ પડ્યા કરે, મ્હોં પાકી આવે, નાકને મ્હોંમાંથી કફ પડે, ઉધરસ આવે, આંખ્યો ધોળી પડી જાય, શરીરમાં પીડા થાય, ગરમી (તાપ શેક) વ્હાલી લાગે, અને જઠરાગ્નિ મંદ પડે તે તાવ **કફના કોપવાથી** આવેલો સમજવો.

જે તાવમાં તરશ-મૂર્ચ્છા-ભ્રમ-નિદ્રાનો નાશ-દાહ-માથામાં પીડા-ગળું મ્હોં સૂકાય-ઉલટી-રોમાંચ-અરૂચિ-અંધારાં આવે-સાંધામાં દુખાવો અને બગાસાં-એટલાં ચિન્હ થાય તે **વાયુ** અને **પિત્ત એ બેના કોપવાથી** આવેલો તાવ સમજવો.

જે તાવમાં **શરીરમાં** લીલાપણું-સાંધાઓમાં કળતર-પીડા ઉંઘ આવે-શરીર ભારે-માથું ભારે-નાક ટપકે-ઉધરસ-પરશેવો બળતરા અને તાવ સાધારણ હોય, તે તાવ **વાત કફના કોપવાથી** આવેલો સમજવો.

જે તાવમાં કફથી મ્હોં લેપાયું રહે; મ્હોંમાં કડવાસ, ઘેન-મૂચ્છા -ઉધરસ-અરૂચિ-તરશ, વારંવાર બળતરા-ટાઢ-પરશેવો અને કફ પિત્તનું પડવું એટલાં ચિન્હ થાય તે તાવ **કફ પિત્તના કોપવાથી** આવેલો સમજવો.

જે તાવમાં ઓચિંતી બળતરા થાય, ઓચિંતી ટાઢ વાય, સાંધા અને માથામાં દર્દ થાય, આંસુ ટપકે, આંખ્યો કાળી, લાલ ને ફાટી રહેલી જણાય, કાનમાં ભણકારા-ઘોંઘાટ ને દર્દ થાય, ગળામાં કાંટા પડી જાય, ઘેન-બેહોસપણું-વગર મતલબનો લવારો-ઉધરસ-તરશ-અરૂચિ-ભ્રમ જણાય, જીભ કાળી, ખરસટ ને શિથિલ જણાય, લોહીથી મળેલું થુંક નીકળે, આમથી તેમ માથું નાખે, શોષ બહુ પડે, ઉંઘ જતી રહે, છાતીમાં દર્દ થાય; પરશેવો આવે, ક્યારેક ઘણી મુદતે થોડું મૂત્ર તથા થોડો ઝાડો ઉતરે, કંઠમાં કફ બોલે, શરીરમાં કાળાં લાલ ચકામાં થઈ આવે, ઘણુંજ ધીરે બોલે, કાન નાક-મ્હોં વગેરે છિદ્રો પાકી આવે, પેટ ભારે રહે, ટાઢ વાય, દિવસમાં બહુજ ઉંઘે અને રાતમાં જાગ્યા કરે-અથવા બિલકુલ ઉંઘ ન આવે, ક્યારેક ગાયે, ક્યારેક રૂવે, નાચે, ક્યારેક હસ્યા કરે અને શરીરની વિચિત્ર ચેષ્ટા કર્યા કરે, તેમજ વાત પિત્ત કફનો મોડો પાક થાય તે તાવ વાત પિત્ત કફ એ ત્રણે દોષના કોપવાથી આવેલો **ત્રિદોષ** અથવા **સંન્નિપાતનો** સમજવો. આ તાવમાંથી દર્દીને સાજો કરે તેજ હુંશિયાર વૈદ્ય-ડાક્ટર-હકીમ ગણાય.

જે તાવમાં નિયમ વગર ટાઢ ગરમી જણાય, તેમજ આવ્યાનો ચોકસ ટાઇમ ન હોય એટલે કે થોડો મોડો વ્હેલો આવે ને વારંવાર રહેજ કારણથી ઉથલા ખાય તે ત્રણે દોષના કોપવાને લગતાં કારણોથી આવેલો **વિષમજ્વર** કહેવાય છે.

કયો તાવનો દર્દી ન જીવે? જેની આંખ્યો નીલી-પીળી-લાલ હોય, જીભ કઠોર ને નીલી-પીળી હોય, શ્વાસ બહુજ અને ગરમ હોય, કંઠમાં કફનો ઘરેડો બોલે, દાંત કાળા પડી જાય, પેશાબ બહુ થાય, અરૂચિ-કૃશતા-ભીતરમાં બળતરા વધી પડે, ઇંદ્રિયોનું જ્ઞાન અને શરીરની કાન્તિ જતી રહે, મ્હોંમાંથી લોહી પડે, બેભાનથાય, નિર્લજ્જ બને, રૂવાડાં ઉભાં થયાં કરે, ટાઢ વાય, છાતીમાં ભયંકર શૂળ ચાલે, હેડકી આવ્યાં કરે, ઘેન રહે, ઉંચો શ્વાસ લીધા કરે, નજર ફાટેલી ને ભ્રમિત રહે, ઉલટી થયાં કરે, અને ઉત્સાહ રહિત બની ક્ષીણ થતો જાય તે જ્વરરોગી બચતોજ નથી.) ૧-૫

(અતિસાર કેટલી જાતના છે?)

पृथक् त्रिदोषैः सर्वैश्च शोकादामाद्भयादपि ॥ ६ ॥
अतिसारः सप्तधा स्यात्

અતિસાર સાત જાતના છે– એટલે કે વાયુના કોપવાથી થયેલો વાતાતિસાર ૧, પિત્તકોપથી થયેલો પિત્તાતિસાર ૨, કફ કોપથી થયેલો કફાતિસાર ૩, વાત–પિત્ત–કફ એ ત્રણેના કોપવાથી થયેલો ત્રિદોષાતિસાર ૪, શોચ–ચિંતાના જોરથી થયેલો શોકાતિસાર ૫, આમ કોપવાથી થયેલો આમાતિસાર ૬, અને બ્હીકના લાગવાથી થયેલો ભયાતિસાર–એમ સાત પ્રકારથી અતિસાર થાય છે.

(અતિસાર એટલે વારંવાર પાતળા ઝાડા થયા કરે તે રોગ સાત જાતનો છે. તે પૈકી **વાતાતિસાર**માં–એ લક્ષણ હોય છે કે કંઇક લાલાશ પડતો–ફીણવાળો–લૂખો–થોડો થોડો પણ વારંવાર આમ, શળ, તથા ભભડાટ સહિત ઝાડો થાય છે.

પિત્તાતિસારમાં—ઝાડો પીળો–કાળો–ધુમાડિઆ રંગનો હોય, તરસ–બેભાનપણું–બળતરા થાય અને ગુદા પાકી આવે છે.

કફાતિસારમાં—ઝાડો ધોળો–ચીકણો–કફથી મળેલો–બદબોવાળો–ટાઢો અને ગાઢો હોય, તથા રૂવાડાં ઉભાં થઇ આવે છે.

ત્રિદોષાતિસારમાં—શૂઅરની ચરબી જેવો કે માંસના ધોવરામણ જેવો ઝાડો થાય અને ત્રણે દોષોના કોપનાં લક્ષણ સામેલ હોય છે.

શોકાતિસારમાં—પુત્ર–મિત્ર–સ્ત્રી–ધનનો નાશ થવાથી શોચના કરતાં ભૂખ ઓછી થઇ જાય, ધાતુઓનો નાશ થાય તેના લીધે બાષ્પ (બાફ), આંખ, નાક ને ગળા વગેરેમાંથી શોક મારફત પાણી ટપકે તે અને શોકથી પેદા થતું દેહનું તેજ એ બન્ને પેટમાં ઉતરી જઠરાગ્નિને મંદ કરી લોહીને બગાડી દેછે અને તે પછી બગડેલું લોહી ચણોઠીના રંગ જેવું ઝાડાની મારફત બહાર પડે છે, તે વિષ્ટાથી મળેલું અગર એકલું ગંધાતું અગર ગંધ વગરનું હોય છે.

ભયાતિસારમાં—કોઇ જાતના ડરથી વાયુ પિત્ત બગાડી દસ્તને બગાડે છે અને ઊપરનાં બધાં લક્ષણો જેમાં સામેલ હોય છે. અથવા જે દોષ કોપ્યો હોય તેનાં લક્ષણ હોય છે.

આમાતિસારમાં—અન્નના ન પચવાથી વાયુ પિત્ત કફ વગેરે

દોષો પોતપોતાનો માર્ગ છોડી દઇ પેટમાં ઉતરે છે અને આંતરડાંમાં ક્ષોભ પેદા કરીને લોહી વગેરે ધાતુઓ અને પુરીષ-વિષ્ટાદિ મળ ઝાડાને માર્ગે વારેઘડિયે બ્હાર કહાડે છે. તેનો રંગ ઘણી જાતનો હોય છે, તથા અમળાટ ઘણો થાય છે.

કયો ઝાડાનો રોગી ન બચે?—જો દર્દીને સોજા ચડે, શૂળ આવે, તાવ આવે, તરશ લાગે-શોષપડે, શ્વાસ ચડે, ખાંસી આવે, અન્નપર અભાવો થાય, ઉલટી થાય, મૂર્ચ્છા આવે અને હેડકીઓ આવે તો તેવા અતિસારના રોગીને સારૂં થવાની આશા છોડી દેવી.) ૭

(સંગ્રહણી કેટલી જાતની છે?)

ग्रहणी पंचधामता ॥

पृथक् दोषैः सन्निपातात्तथा चामेन पंचमी ॥ ७ ॥

સંગ્રહણી રોગ પાંચ જાતનો છે એટલે કે-વાયુના કોપથી થયેલી વાતસંગ્રહણી ૧, પિત્તના કોપથી થયેલી પિત્તસંગ્રહણી ૨, કફના કોપથી થયેલી કફસંગ્રહણી ૩, ત્રણે દોષોના કોપથી થયેલી ત્રિદોષ-સન્નિપાત સંગ્રહણી ૪, અને આમના કોપથી થયેલી આમ-સંગ્રહણી ૫, એ પાંચ પ્રકાર છે.

વાયુથી થયેલી સંગ્રહણીમાં—અન્ન પરાણે પાચન થાય, અન્નનો પાક ખાટો થાય, અંગમાં કર્કશ-લૂખાસપણું જણાય, ગળું ને મ્હોં સુકાયા કરે, ભૂખ તરશ ન લાગે, આંખનું તેજ ઓછું થઇ જાય, કાનોની અંદર અવાજ થયા કરે, પાંસળીઓ-જાંઘો-ખભા-ડોક-અને પેઢુમાં પીડા થાય, મ્હોં અને ગુદાએથી કાચું અન્ન બહાર પડે, છાતીમાં દુખ્યા કરે, શરીર દુબળું પડતું જાય, જીભમાંથી સ્વાદનું પારખવું બંધ પડે, ગુદામાં કાતર મ્હેલ્યા જેવી પીડા થાય, છએ રસ ખાવાની મરજી થયાં કરે, મનમાં કંટાળો આવે, અન્ન પચતાં કે પચ્યા પછી આફરો ચડે, જમવાથી સારૂં લાગે, પેટમાં વાયુગોળો જણાય, હૃદયના રોગ કે બરોળ થઇ હોય તેવી શંકા થયાં કરે, વાયુના સંયોગથી ખાંસી આવે, શ્વાસથી પીડાય અને ઝાઝી વાર થતાં ઘણા કષ્ટથી કયારેક પાતળો ને કયારેક કઠણ થોડો તથા ફીણવાળો શબ્દ સહિત વારંવાર દસ્ત લાગ્યા કરે છે.

પિત્તસંગ્રહણીમાં—તીખું, કડવું, બળતરા કરનારૂં, ખારૂં, ખાટું, ઇત્યાદિ ભોજન જમવાથી પિત્ત વધવાને લીધે, જેમ ગરમપાણી હોવા છતાં પણ અગ્નિને ઓલવી નાખે, તેમ પિત્ત; જઠરાગ્નિની

ઉષ્મા-ગરમીને મંદ કરી દે છે જેથી શરીરનો રંગ પીળો થાય, ઝાડો લીલા પીળા રંગનો વગર પચેલો પાતળો થયાં કરે, ધુમાડા સહિત ખાટા ઓડકાર આવે, છાતિ તેમજ ગળામાં બળતરા થાય, અન્નપર અરૂચિ વધે અને પાણીના શોષથી હેરાન થાય છે.

કફસંગ્રહણીમાં—ભારે અને બહુજ ચીકણા તથા ટાઢા વગેરે પદાર્થોના જમવાથી, ઘણું જમ્યા પછી તુરત ઉંઘી જવાથી કે ઘણું જમવાથી કફ વિકારવાળો થઇને જઠરાગ્નિને મંદ કરી દેછે, જેથી મહા મુસ્કેલાઇથી અન્ન પચે, છાતીમાં પીડા થાય, ઉલટી તથા અરૂચિ થાય, મ્હોં કફથી લેપાયલું રહે, મ્હોં મીઠું રહ્યા કરે, ખાંસી આવતાં કફ પડે, શળેખમ થાય, છાતિમાં પાણી ભર્યા જેવું જણાતાં ભારે થાય, ખરાબ અને મીઠા ઓડકાર આવે, અંગોશિથિલ થઇ જાય, સ્ત્રી સંયોગ, કિંવા પુરૂષ સંયોગમાં કંટાળો થાય, પાતળો આમ સહિત કફવાળો ભારે મળ ઉતરે, બળ ન છતાં શરીર પુષ્ટ દેખાય અને આળસ બહુ આવે છે.

ત્રિદોષની સંગ્રહણીમાં—વાતાદિ ત્રણે દોષોનાં લક્ષણો હોય છે.

આમસંગ્રહણીમાં—આંતરડાંમાં ગુડગડાટ શબ્દ થાય, આળસ આવે, શરીર દુબળું ને બળહીન થાય, મન કંટાળાવાળું રહે, ઝાડો પાતળો ઘટ્ટ-ધોળો-આમસહિત-ઘણાં ઝરપટાંવાળો ને ચીકણો થાય કમરમાં પીડા ને પેટમાં મંદવેદના સાથ ભભડાટ થાય, અને દશ પંદર દિવસે કે મહીને અથવા દરરોજ દસ્ત (બંધ પડયા પછી પણ) આમ પડે છે.

કયો સંગ્રહણીનો રોગી ન બચે? અત્યંત તાવ-ઝાડા, શોષ, મંદાગ્નિ, ખાંસી, શ્વાસ, અરૂચિ અને હેડકી હોય, તથા પાણીનો ભરેલો ઘડો ઠલવતાં ભુટભુટ શબ્દ થાય તેવો પેટમાં અવાજ થયા કરે તે સંગ્રહણીનો રોગી બચતો નથી.) ૮

(પ્રવાહિકા રોગ કેટલી જાતનો છે ?)

प्रवाहिका चतुर्धास्यात् पृथक् दोषैस्तथास्रजः ।।

પ્રવાહિકા ચાર જાતની છે.—એટલે કે વાયુ કોપવાથી થએલી **વાતપ્રવાહિકા ૧**, પિત્તકોપની **પિત્તપ્રવાહિકા ૨**, કફથી થયેલી **કફપ્રવાહિકા ૩**, અને લોહી કોપાવાથી થયેલી **રકતપ્રવાહિકા ૪**, આમ ચાર જાત છે.

(લૂખા પદાર્થો ખાવાથી વાતપ્રવાહિકા થાય છે ને તેમાં શૂળ આવ્યા કરે છે.

તીક્ષ્ણ પદાર્થો કે ઉષ્ણ પદાર્થો ખાવાથી પિત્ત પ્રવાહિકા થાય છે, અને તેમાં દાહ થાય છે.

ચીકણા પદાર્થો ખાવાથી કફ પ્રવાહિકા થાય છે અને તેમાં ઘણા કફવાળો દસ્ત ઉતરે છે.

અને ખાટા પદાર્થો ખાવાથી રક્ત પ્રવાહિકા થાય છે અને તેમાં લોહી પડે છે.

અતિસાર અને પ્રવાહીકામાં એટલોજ તફાવત છે કે અતિસારમાં ઘણી જાતના ધાતુ મળ સાથે બહાર પડે છે, અને પ્રવાહિકામાં ફક્ત કફજ પડે છે.)

(અજીર્ણ કેટલા પ્રકારનાં છે?)

अजीर्णं त्रिविधं प्रोक्तं विष्टब्धं वायुना मतम् ॥ १ ॥
पित्ताद्विदग्धं विज्ञेयं कफेनामं तदुच्यते ॥
विषाजीर्णं रसादेकम्

અજીર્ણ રોગના મુખ્ય ત્રણ અથવા ચાર પ્રકાર છે. એટલે કે વાયુકોપથી થયેલું વિષ્ટબ્ધાજીર્ણ ૧, પિત્તકોપથી થયેલું વિદગ્ધાજીર્ણ ૨, કફકોપથી થયેલું આમાજીર્ણ છે, અને અન્ન વગેરેના રસમાંથી થયેલું વિષાજીર્ણ ૪, આમ ચાર છે.

(**વિષ્ટબ્ધાજીર્ણમાં**—પેટની અંદર શૂળ ફુટે, આફરો ચડે, વાયુ સંબંધી ઘણી જાતની પીડા થાય, ઝાડો તથા વાસંચાર રોકાઇ જાય, શરીર જડ-ભારે થઇ રહે અને શરીરમાં પીડા થયાં કરે છે. આ વાયુકોપથી થાય છે.

વિદગ્ધાજીર્ણમાં—ભ્રમ થાય, તરશ લાગ્યા કરે, મૂર્ચ્છા આવ્યાં કરે અને પિત્તના અનેક રોગ થાય એટલે કે ખાટી વરાળોવાળા ઓડકાર આવ્યા કરે, પરશેવો થાય, છાતીમાં અને હોજરીમાં બળતરા થયાં કરે છે. આ પિત્તના કોપથી થાય છે.

આમાજીર્ણમાં—શરીર જડ થાય, ખાધેલા અન્નનું પાણી પાછું મ્હોંમાં આવે, ગાલ અને આંખ ઉપર સોજો-થોથર જણાય, અને જેવું અન્ન-ભોજન જમેલું હોય તેવા તથા અવિદગ્ધ ઓડકાર આવ્યા કરે છે. આ કફના બગડવાથી થાય છે.

રસશેષાજીર્ણમાં--શરીર ભારે રહે, અન્ન ઉપર અભાવે-કંટાળો પેદા થાય, હૃદય મલીન-મુંઝવણવાળું રહે, અને અજંપો થાય છે. આમાં વિષ ખાધેલાની પેઠે છાતી વગેરે મર્મ ભેદાય છે જેથી એને વિષાજીર્ણ પણ કહે છે. આ અન્નરસના બાકીના બગડેલા ભાગથી થાય છે.)૯

(અજીર્ણથી થતા અલસક રોગના કેટલા ભેદ છે ?)

दोषैः स्यादलसस्त्रिधा ॥ १० ॥

અજીર્ણના ભયંકર રૂપથી ત્રણ જાતનો અલસક રોગ પેદા થાય છે. એટલે કે વાયુકોપથી થનાર વાતાલસક ૧, પિત્તકોપથી થનાર પિત્તાલસક ૨, અને કફકોપથી થનાર કફાલસક ૩, આમ ત્રણ જાતનો છે.

અલસક રોગમાં—પેટમાં બહુજ આફરો ચડે, દર્દી આકુળ વ્યાકુળ થઇ પછાડો ખાય ને બુમો પાડયા કરે, વાયુ પેટની નીચે સરી કે ઉતરી શકતો ન હોવાને લીધે કંઠ અને હૃદયમાં આવી ભરાય તેથી વાસંચાર અને ઝાડો બિલકુલ બંધ થઇ જાય અને પાણીના શોષથી અકળાય, તથા ઓડકાર આવ્યા કરે છે.

(વિષૂચીકાના કેટલા પ્રકાર છે ?)

विषूची त्रिविधा प्रोक्ता दोषैः सा स्यात्पृथक् पृथक् ॥

વિષૂચીકા એટલે કોગળીયું-કોલેરા-મરકી-મહામારી—હૈજાનો રોગ ત્રણ જાતનો છે-એટલે કે-વાતવિષૂચીકા ૧, પિત્તવિષૂચીકા ૨, અને કફવિષૂચીકા ૩, આમ ત્રણ ભેદ છે.

(**કોગળીઆમાં**—મુર્ચ્છા આવે, ભુંગળી વાટે દસ્ત ઉપરા-ઉપર લાગ્યા કરે, ઉલટીઓ થયાં કરે, પાણીનો શોષ પડયા કરે, શળો ફુટે, ફેર આવે, પગે ગોટલા ચડે, બગાસાં આવે, અંગમાં બળતરા થાય, રૂપ રંગ ફરી જાય, ધ્રુજારી છૂટે, છાતીમાં દુખાવો થાય અને માથામાં શૂળ-સણુકા આવ્યા કરે છે.

આ દર્દમાં ઉંઘ ન આવે, પેશાબ બંધ થઇ જાય, કંપારો થાય, કંટાળો વધી પડે અને બેભાનપણું રહે. આટલા ઉપદ્રવો હોય તો તે સખ્તરૂપ પકડેલું ગણાય છે. તેમજ કોલેરાના દર્દીના હોઠ, દાંત, નખ કાળા પડી જાય, યાદદાસ્તી ઓછી થઈ જાય, વારંવાર ઉલટીઓ થાય, આંખ્યોના ડોળા ઉંડા પેસી જાય, અવાજ ખોખરો

થઇ જાય, ઝાડો છાશની આછ જેવો-ધોળાશ પડતો થાય, અને હાથપગના સાંધાઓ ઢીલા થઇ જાય તો તે દર્દી જીવતોજ નથી. આ રોગને મોડાનિવાહી પણ કહે છે.)

(વિષૂચીકાનો ભેદ દંડકાલસક હોય છે તેનાં શું લક્ષણ છે?)

दंडकालसकश्चैक

વિષૂચીકાનો એક દંડકાલસક નામનો પણ ભેદ છે.

(**દંડકાલસકમાં**-દર્દી દંડ-લાકડીની પેઠે નૂમી લાંબો થઇ જાય, અને વાત પિત્ત કફ એ ત્રણે દોષોના કોપથી વ્યાપ્ત હોય છે; તેથી આ રોગનો દર્દી ઘણે ભાગે બચતોજ નથી.)

(વિલંબિકા એટલે શું?)

एकैव स्याद्विलंबिका ॥ ११ ॥

વિલંબિકા એ કોલેરાનોજ એક ભેદ છે.

(**વિલંબિકામાં**-ખાધેલું અન્ન, કફ વાયુના વિકાર વડે બગડીને ઉપરના કે નીચેના રસ્તે ન જતાં (ઉલટી ઝાડો ન થતાં) આમાશયમાંજ પડી રહે છે.

વિલંબિકા, અલસક અને કોલેરામાં તફાવત શો? અલસકની અંદર શૂળો ફુટે અને આકરી પીડા થાય છે, તે વિલંબિકામાં થતી નથી. તેમજ આ બન્ને રોગોમાં કફ અને વાયુ પ્રબળ હોવાથી ઝાડો ઉલટી થતાં નથી ને કોલેરામાં ઝાડો ઉલટી થાય છે એટલો તફાવત છે.

અલસક, વિલંબિકા અને વિષૂચીકા એ ત્રણે ભયંકર રોગ છે અને અસાધ્ય થતાં વાર લાગતી નથી. તેમજ એ ત્રણે ભયંકર અજીર્ણ રોગનાજ ભેદ છે.) ૧૧

(ગુદામાં થનારા મસાના કેટલા ભેદ છે?)

अर्शांसि षड्विधान्याहुर्वातपित्तकफास्रतः ॥
सन्निपाताच्चसंसर्गात्तेषांभेदो द्विधा स्मृतः ॥ १२ ॥
सहजोत्तरजन्मभ्यां तथा शुष्कार्द्रभेदतः ॥

અર્શ-હરષ-વવાસિર-મૂળવ્યાધિ-મસા એ રોગના ૭ ભેદ છે. એટલે કે વાયુના કોપથી થનારા વાતાર્શ ૧, પિત્તકોપથી થનારા પિતાર્શ ૨, કફકોપથી થનારા કફાર્શ ૩, લોહી વિકારથી થનારા રક્તાર્શ ૪, ત્રણે દોષ કોપવાથી થનારા સન્નિપાતાર્શ ૫, અને વંશપરંપરાથી વારસે ઉતરનારા સંસર્ગાર્શ ૬, એમ છ જાતના

છે. તેમજ એ દર્દમાં પણ જન્મ થયાં પહેલાંજ દેહસાથે પેદા થનારા સહજાર્શ અને જન્મ્યા પછી વાતાદિ દોષ કુપિત થવાથી થનારા ઉત્તર એમ બે ભેદવાળા ગણાય છે. અગર તો શુષ્કઅર્શ એટલે બાદી અને આર્દ્રઅર્શ એટલે ખૂની-મતલબમાં જે મસામાં રોગીને લોહી ન જતું હોય તે બાદી અને લોહી જતું હોય તે ખૂની એમ પણ બે ભેદ મનાય છે. ૧૨

(**વાતાર્શમાં**—વાયુના વિશેષ વિકારથી મળદ્વાર ઉપર થયેલા અર્શના અંકુરા લોહી ઝરવા વગરના, ઝીણી ઝીણી ચટકા મારતી વેદનાવાળા, કરમાઇ ગયેલા, કાળા તથા લાલ રંગના, અકડડ રહેનારા, લૂખા, ખરસઠ, ગાયની જીભ જેવા કાકરવાળા, વાંકાચુંકા, અણિયાળા, ફાટેલાને બેડેલા મ્હોંવાળા, ગિલોડાં-બોર-ખારેક કે કપાસના જીંડવા જેવા દેખાવના, કિંવા, કોઈ કદંબના ફૂળ જેવી જાડી અને બારીક અનેક અણિયોવાળા તથા સરસવના જેવી પીળી ને ઝીણી ફોલ્લીઓવાળા હોય છે. એ અર્શને લીધે માથામાં-પાંસળીઓમાં-કમરમાં-જાંઘોમાં-પેઢુમાં વિશેષ દર્દ થાય, છીંક ન આવે, ઓડકાર ન ખવાય, દસ્ત ન ઉતરે, હૃદય ભારે રહે, અન્નપર અભાવો-ઉધરસ-શ્વાસ જણાય, કોઇ વખતે અન્ન પચે અને કોઈ વખતે ન પચે તેવી વિષમ ઢંગવગરની જઠરાગ્નિની ગતિ થાય, કાનોમાં ઘોંઘાટ અને ભ્રમના થાય છે. આ દર્દથી પીડાતા રોગીને પથ્થર જેવો કઠણ-થોડો શબ્દ કરતો-કંઇક પાતળા પ્રવાહ સાથનો પીડા સહિત-ફીણ અને ઝરપટાંવાળો પરાણે પરાણે ઝાડો ઉતરે છે. આવા દર્દીનાં ચામડી-નખ-વિષ્ટા-મૂત્ર આંખ્યો-મ્હોં કાળાં પડી જાય છે. તથા ગોળો-બરોળ વગેરે ઉપદ્રવો પણ થાય છે.

પિત્તાર્શમાં—પિત્તના વિશેષ વિકારને લીધે થયેલા અર્શના ફણગા અગાડીની ટોચમાં આશમાની રંગના-રાતા-પીળા-તથા ધોળા હોય તેમાંથી ઝીણી ધારે પાતળું ને મડદા જેવી ગંધવાળું લોહી વહ્યા કરે, તેમજ તે અંકુરા સુંવાળા ઝીણા અને ઢીલા હોય, અને તેનો આકાર પોપટની જીભ જેવો, લીવ્હરની ગાંઠ જેવાના કકડા જેવો, તથા જળોના મ્હોં જેવો હોય છે. તેના લીધે તે રોગીને તાવ પરશેવો-પાણીનો શોષ-મૂર્ચ્છા-અન્નપર અરૂચિ-બેશુદ્ધિ-બળતરા અને ગુદાનું પાકવું થઇ આવે છે. તે મસાઓને હાથ અડકાડિયે તો તે બહુ ગરમ લાગે તથા તે દર્દીને પાતળો-કાળો-લાલ-ગરમ અને આમ સહિત ઝાડો ઉતરે છે. તેમજ તે મસા જવ જેવા જાડા હોય છે.

અને તે દર્દીની ચામડી-નખ-આંખો વગેરે હરતાળ કે હળદરના જેવાં પીળાં થઇ જાય છે.

કફાર્શમાં—કફના વિશેષપણાને લીધે પેદા થયેલા ફણગા ઉંડા મૂળવાળા, નક્કર, થોડી પીડા વાળા, ધોળા-લાંબા-ઉંચા ઉપડેલા ઘટ્ટ-સ્નિગ્ધ-ન વળી શકે તેવા-ગોળાકાર-મળદ્વારને ભાર કરનારા-સ્થિર-ગાઢા-કફથી લપટેલા-મણિજેવા સ્વચ્છ-વિશેષ ચળવાળા, અડવાથી સુખ આપનારા અને દેખાવમાં કેરડાનાં કેરાં, ફનસની ગોટલી કે ગાયના આંચળ જેવા, તથા પેડુમાં આફરો લાવનારા-ગુદા-પેઢુ અને ડુંટીમાં ખેંચાણસર પીડા કરનારા, શ્વાસ-ખાંસી-લાળનું પડવું-અરૂચિ-શળેખમ વગેરે ઉપદ્રવો પેદા કરનારા, અને પ્રમેહ-મૂત્ર-કૃચ્છ્ર-માથામાં ભાર-ટાઢીયો તાવ-નપુંસકતા-મંદાગ્નિ-ઉલટી-વિશેષ આમયુક્ત-ચરબી સરખા ને કફથી મળેલા ઝાડા તથા સંગ્રહણી-પ્રવાહિકા વગેરે રોગ કરનારા હોય છે. તે મસાઓમાંથી રસી તથા લોહી વગેરે વહેતું નથી તેમજ તેમને જોરથી દબાવતાં તે ફાટતા પણ નથી અને તેમના લીધે તે રોગીનાં ચામડી-નખ-આંખ્યો વગેરે ધોળાં અને ચીકણાં થઇ જાય છે.

ત્રિદોષાર્શમાં—ઉપર કહેલા ત્રણે દોષોનાં ચિન્હવાળા હોય છે. તેમજ સહજ જાતના મસાઓમાં પણ આવાંજ લક્ષણો હોય છે; કેમકે એ મસા પણ ત્રિદોષજન્ય હોય છે.

રક્તાર્શમાં—લોહીનો વિશેષ વિકાર થવાને લીધે પેદા થયેલા મસાઓ પિત્તાર્શના લક્ષણોવાળા તથા રંગમાં ચણોઠીના જેવા કે વડની ટીસીઓ જેવા રાતા ને ચળકતા હોય છે. તે મસાઓ કઠણ ઝાડો ઉતરતાં દબાયાને લીધે તેમાંથી ખરાબ અને ગરમ લોહી પડે છે, અને તેવું લોહી વધારે પડવાથી વર્ષાઋતુની અંદર જેવો દેડકો પીળો થઇ જાય છે તેવી રીતે તે દર્દી પીળો પડી જાય છે. તથા રક્તક્ષયમાંથી થતાં દુઃખોને લીધે પીડિત રહે છે. તેના શરીરની રોશની બળ અને ઉત્સાહ નાશ થાય છે, તેમજ બધી ઇંદ્રિયો વ્યાકુળ બને છે, તથા તે દર્દીનો ઝાડો કાળો, કઠણ ને સૂકો હોય છે, અને ગુદાનો પવન છૂટતો નથી. આ ખૂની વવાસિર કહેવાય છે.

સાંસર્ગિક અર્શ-પેઢી દરપેઢીથી શરીરની સાથ જે મસાનો રોગ થાય તે વારસામાં મળનાર ગણાય છે.

કેવો મસાનો રોગી બચતો નથી?—જેના મ્હોંપર સોજો

હોય, ભ્રમ, અરૂચિથી પીડાતો હોય અને બંધકોશ તથા પેટશૂળથી સહિત હોય તે મસાનો રોગી બચતોજ નથી.) ૧૨

(ચર્મકીલ એટલે શું ?)

त्रिधेव चर्मकीलानि वातात्पित्तात्कफादपि ॥ १३ ॥

[1]**ચર્મકીલ** રોગ ત્રણ જાતનો છે, એટલે કે—વાત જ (વાયુ કોપથી પેદા થયેલ) ચર્મકીલ ૧, પિત્તજ (પિત્તથી પેદા થયેલ) ચર્મકીલ અને કફજ (કફકોપથી પેદા થયેલ) ચર્મકીલ રોગ થાય છે.

(એ ચર્મકીલ પૈકી **વાતજ ચર્મકીલમાં** સોયો ભોંકાયા જેવી પીડા થાય છે, **પિત્તજ**માં કઠોરતા હોય છે, અને **કફજ ચર્મકીલમાં** તે ખીલા કાળા, રાતા તથા ચીકણી ગાંઠો જેવા શરીરના રંગ સમાન હોય છે.) ૧૩

(કૃમીરોગ કયો કહેવાય ?)

एकविंशतिभेदेन कृमयः स्युर्द्विधोच्यते ॥
बाह्यास्तथाऽभ्यंतरे च तेषु यूकाबहिश्चिराः ॥ १४ ॥
लिख्याश्चान्येंऽतरचराः कफात्ते हृदयादकाः ॥
अंत्रादा उदरावेष्टाश्चरवश्च महागुहाः ॥ १५ ॥
सुगंधादर्भकुसुमास्तथा रक्ताश्च मातरः ॥
सौरसा लोमविध्वंसा रोमद्वीपा उदुंबराः ॥ १६ ॥
केशादाश्च तथैवान्ये शकृज्जातामकेरुकाः ॥
लेलिहाश्च मलूनाश्च सौसुरादाः ककेरुकाः ॥ ॥
तथान्यः कफरक्ताभ्यां संजातः स्नायुकः स्मृतः ॥
व्रणस्य कृमयश्चान्ये विषमा वाह्ययोनयः ॥ १८ ॥

કૃમીઆનો રોગ એકવીશ ભેદવડે કરીને ઓળખાય છે; તથાપિ તેના મુખ્ય બે ભેદ જ છે, એટલે કે બાહ્યકૃમિ અને આભ્યંતરકૃમિ–તે પૈકી બાહ્યકૃમિમાં જૂ, લીખ, સવા, વગેરે ત્રણ જાતના કૃમિ (શરીરના ઉપરના ભાગમાં અર્થાત્) વાળોમાં લુગડાઓમાં પડે છે જેથી બાહારના કૃમિ કહેવામાં આવે છે અને આ ત્રણ શિવાયના

1 પવનના પાંચ પ્રકાર આગળ પૃષ્ટ માં જે કહેવામાં આવેલ છે તે પૈકી વ્યાનવાયુ કફને સંગાથે લઇ ચામડી ઉપર ખૂંટી જેવા સ્થિર અને ખરબચડા જે અંકુરો પેદા કરે છે તેને ચામખીલ—ચર્મકીલ કહે છે.

અઢાર જાતના કૃમિ આભ્યંતર એટલે શરીરની અંદર પેદા થનારા અંદરના કૃમિ કહેવામાં આવે છે. તે અંદરના કૃમિમાંથી હૃદયાદક ૧, અંત્રાદ ૨, ઉદરાવેષ્ટ ૩, ચુરવ ૪, મહાગુદ ૫, સુંગધ ૬, અને દર્ભ-કુસુમ ૭, આ સાત જાતના કૃમિ કફમાંથી પેદા થનારા છે. તથા માતર ૮, સૌરસ ૯, લોમવિધ્વંસ ૧૦, રોમદ્વીપ ૧૧, ઉદુંબર ૧૨, અને કેસાદ ૧૩, આ છ જાતના કૃમિ લોહીથી પેદા થનારા છે. અને કકેરૂક ૧૪, લેલિહ ૧૫, મલૂન ૧૬, સૌસુરાદ ૧૭ અને મકેરૂક ૧૮, આ પાંચ જાતના કરમિયા મળથી પેદા થનારા છે, આ પ્રમાણે આ અઢાર અને પ્રથમ કહેલા ત્રણ મળી એકત્રીશ જાતના કરમિયા થાય છે. તેમજ કફ અને લોહી મળી જે કૃમિ પેદા થાય છે. તે નારૂ-નહરૂવા-સ્નાયુ-વાળો એવા નામથી ઓળખાય છે. આ શિવાય બીજા કેટલાક કૃમિયો ગુમડામાં, ઘામાં પણ પેદા થાય છે તે ભયંકર અને બહારથી થનારા છે. ૧

બાહારના કરમિયા જૂ-લીખ-સવા વગેરે ન્હાવા ધોવાની ચીવટ ન રાખવાથી પેદા થાય છે, અને **અંદરના કરમિયા,** અજીર્ણ છતાં ભોજન કરનારને, રોજ ગળ્યા ખાટા પદાર્થો ખાનારને, કઢી વગેરે પ્રવાહી પદાર્થો સેવનારને, ગૉળ લોટનાં પદાર્થો ખાનારને, કસરત ન કરનાર (હરવા-ફરવા-કામ કરવાની કસરત ન કરનાર) ને, દિવસે ઉંઘનારને અને દુધ માછલાંનો ખોરાક ખાનારને થાય છે. તેમાં પણ અડદ-લાડુ-ઘેબર-ખાર-ગૉળ-શાકભાજી વગેરે પદાર્થોને લીધે વિષ્ટામાંથી કરમિયા પેદા થાય છે. તથા માંસ-અડદ-ગૉળ-દુધ-દહીં ખાટી કાંજી-અથાણું વગેરે ચીજોના ખાવાને લીધે કફમાંથી કરમિયા પેદા થાય છે. અને દુધ માછલાં વગેરેના વિરૂદ્ધ ભોજનથી, બદહજમીથી, તથા શાકભાજીથી લોહીમાંથી કરમિયા પેદા થાય છે.

કૃમિ થયેલા દર્દીમાં તેના શરીરના રંગનું બદલાઈ જવું, તાવ શળ-ચૂંક-છાતિમાં દુખાવો-ઉલટી સુસ્તી-ભ્રમણ-અન્ન ઉપર અરૂચિ અને અતિસાર એ લક્ષણો જોવામાં આવે છે; પણ તે સામાન્ય લક્ષણો ગણાય છે; કેમકે જો કફથી આમાશયમાં થયેલા કરમિયા જ્યારે વધી પડે છે ત્યારે તે ચારે કોરા ફેલાય છે, તેમાં કેટલાક ચામડાની વાધર જેવા, કેટલાક અળશિયા જેવા, કેટલાક ધાનના ઉગતા ફણગા જેવા

• ૧. દરેક જાતના ગડ ગુંબડ ઘાની અંદર ઝીણી જીવાત પડે છે વગેરે બધાનો કરમિયામાંજ સમાવેશ થાય છે. અને એવી કરમિયાની ઘણી જાતો છે તે અન્ય ગ્રંથથી જાણી લેવી.

કેટલાક ન્હાના, કેટલાક મોટા, કેટલાક લાંબા ટુંકા હોય છે. તેમાં પણ કેટલાકોનો રંગ ધોળો અને કેટલાકોનો તાંબાના જેવો હોય છે, અને તે સાત જાતના હોય છે તેનાં નામો ઉપર કહેવામાં આવેલ છે, તે પેદા થઈ વધી પડવાથી છાતીમાં બેચેની-ઝૉળ-અરૂચિ-મૂર્ચ્છા ઉલટી-આફરો-તરશ-સોજો-શળેખમ અને શરીરનું દુર્બળ થવું એટલાં લક્ષણો થાય છે. લોહીમાંથી પેદા થનારા કરમિયા એટલે કે લોહી વહેનારી નસોમાં રહેનારા કરમિયા ઝીણા-પગ વિનાના-ગોળ તાંબાના રંગ જેવા હોય છે, અને કેટલાક તો એવા ઝીણા હોય છે કે જોવાથી પણ વખતે નજરે પડી શકતા નથી. તે ૭ જાતના હોય છે. તેનાં નામો ઉપર કહેવાઈ ગયાં છે તે કોઢ રોગને પેદા કરે છે. પકવાશયમાં વિષ્ટાથી પેદા થનારા કરમિયા ગુદા મારફત બહાર આવે છે તે જો પેટમાં રહેવાથી વધી પડે છે તો આમાશયમાં જઈ કે આમાશય તરફ ધસી તે રોગીના ઓડકાર ને શ્વાસમાં વિષ્ટાની દુર્ગંધ પેદા કરે છે. તે કરમિયા કદમાં જાડા-પુષ્ટ-ગોળ-ઝીણા અને રંગે લીલા-પીળા કાળા-ધોળા હોય છે ને તે પાંચ જાતના છે. તેનાં નામ ઉપર કહેવાઈ ચૂકેલ છે. તે પેટમાં આડા અવળા ઘુમવાથી પાતળો ઝાડો-ચુંક-આફરો-શરીરમાં દુર્બળતા-કઠોરતા-પીળાશ-મંદાગ્નિ-ગુદામાં ચળ અને રૂંવાડાંનું ઉભું થવું એટલા ઉપદ્રવો પેદા કરે છે.) ૧૪-૧૮

(પાંડુરોગ એટલે શું?)

पांडुरोगाश्च पंच स्युर्वातपित्तकफैस्त्रिधाः ॥
त्रिदोषैर्मृत्तिकाभिश्च-

પાંડુરોગ પાંચ જાતનો છે. એટલે કે વાયુકોપથી થનારો-વાતપાંડુ ૧, પિત્તકોપથી થનારો-પિત્તપાંડુ ૨, કફકોપથી થનારો-કફ-પાંડુ ૩, ત્રણે દોષના કોપથી થનારો-ત્રિદોષપાંડુ ૪ અને માટીના ખાવાથી થનારો-મૃત્તિકાપાંડુ ૫ એમ પાંચ જાતનો છે.

(હદ ઉપરાંત સ્ત્રી-પુરૂષસંગ, ખાટી ખારી ચીજોનું ભોજન દારૂપીવો, દહાડે ઉંઘવું, ઘણા તીખા પદાર્થો ને માટી ખાવાથી લોહી અને વાયુ વગેરે બગડી ચામડી માંસ તથા રસ વગેરેને દોષયુક્ત કરી દે છે. તે પાંડુરોગને પાળિયો કહે છે. તેમાં પણ **વાયુના કોપથી** થનારા પાંડુરોગમાં-ચામડી આંખ-પેશાબમાં લૂખાશ અને કાળાશ થઇ કંપ તથા સાંધો ભોંકાયા જેવા ચબકા-આફરો-ભ્રમ-મેહ અને શૂળ વગેરે ઉપદ્રવો થાય છે;

પિત્તથી થયેલા પાંડુરોગમાં વિષ્ટા, પેશાબ ને આંખ્યો પીળાં પડી બળતરા-શોષ-તાવ અને પાતળા ઝાડા વિગેરે વિકાર પેદા થઇ શરીરકાંતિ બહુજ પીળી થાય છે.

કફથી થયેલા પાંડુરોગમાં-રોગીના મ્હોંમાંથી કફનું પડવું, સોજા થેથર આવવાં, આંખ્યોનાં પોપચાં મીંચાયલાં રહેવાં, આલસ્ય આવવો, શરીરનું ભારે થવું અને ચામડી, વિષ્ટા, પેશાબ, આંખ્યો તથા મ્હોં આદિમાં ધોળાશ જણાવી વગેરે લક્ષણો થાય છે.

ત્રણે દોષોના કોપથી થયેલા પાંડુરોગમાં-ઉપર કહેલાં બધાં લક્ષણો થાય છે-તેમાં પણ જો તે ત્રિદોષ પાંડુરોગીને તાવ-અરુચિ-ઉલટી-શોષ-હુબકા-થાક-બેચેની-ગભરામણ વગેરે ઉપદ્રવો સહિત હોય તો તે રોગી બચતો નથી; કેમકે તે બહુ જ ક્ષીણ થતાં ઇંદ્રિયો પોત પોતાનું કામ બજાવી શકતી નથી એથી તેવાને દવા આપવી નહીં.

માટી ખાવાની ટેવથી થયેલા પાંડુરોગમાં-વાતાદિ દોષ બગડી બેસે છે. તેમાં પણ જો તે માટી તૂરી હોય તો વાયુ, ખારી હોય તો પિત્ત અને મીઠી હોય તો કફ બગડે છે. તે માટી પેટમાં ગયા પછી સાતે ધાતુઓને બગાડી લુખી બનાવી દે છે, અને તેઓનું તે લુખાપણું પ્રબળ થઈ આવતાં અન્નને પણ લુખું કરી દે છે. તેમજ તે માટી જઠરાગ્નિથી પાચન ન થતાં તેની મૂળ સ્થિતિમાં અટકાવ કરે છે, આથી અર્થાત્ તે માટી જેવીને તેવી રહેવાથી રસને વહેવાવાળી નસોમાં દાખલ થઇ રસ વહેવાના માર્ગો રોકાણ કરે છે અને રસ વહેવાનો રસ્તો રોકાતાં ઇંદ્રીઓને પોત પોતાનો વિષય ગ્રહણ કરવાની તાકત રહેતી ન હોવાને લીધે તેજ કાંતિ ઓજસ વગેરે ક્ષીણ થઇને પાંડુરોગ પેદા કરે છે, તેથી બળ, શરીરનો રંગ, અને જઠરાગ્નિનો નાશ થઇ જાય છે. તથા આંખ્યો, ગાલ, ભમરો, પગ, ડુંટી અને છૂપા ભાગપર સોજો કે થેથર દેખા દે છે. તેમજ પેટમાં કરમિયા પડે છે, અને અતિસાર (પાતળા વારંવાર ઝાડા) થાય છે. ૧૮

(કમળાનો રોગ કેટલી જાતનો છે?)

तथैका कामला स्मृता ॥

स्यात्कुंभकामला चैका तथैव च हलीमकः ॥ १९ ॥

કમળાનો રોગ એક જાતનોજ છે અને તે પાંડુરોગ થયા છતાં તેને મટાડવાની બેદરકારી રાખે તેથી અથવા તે સ્વતંત્રપણેથી

પણ થાય છે. એનેજ મળતો કુંભકમળો અને હલીમક રોગ છે તે એક એક પ્રકારનો હોય છે, તેમાં **કુંભકમળો** કમળાની જાતનો છે અને **હલીમક** પાંડુની જાતનો કે જેને પિત્તકમળી કહે છે.

(પાંડુરોગી અત્યંત પિત્ત પેદા કરનારા પદાર્થો ખાધા કરે તો તેનું પિત્ત, લોહી માસને બગાડી કમળાનો સ્વતંત્ર રોગ પેદા કરે છે. તેથી તે દર્દીની આંખ્યો, ચામડી, નખ ને મ્હોં બહુજ પીળા રંગનાં થાય છે, તેમજ ઝાડા પેશાબ પણ પીળા કે રાતા રંગનો થાય છે અને ચોમાસાના પીળા દેડકા જેવો તે રોગી દેખાવા લાગે છે. ઇંદ્રિયોની શક્તિ નાશ પામે છે, તથા બળતરા, અપચો, સુસ્તી, અરૂચિ અને કંટાળો રહ્યાં કરે છે. કમળાના દર્દીને દરેક ચીજ પીળા રંગની જ દેખાય છે.[1]

કમળાનો રોગી કમળો વધી પડયા છતાં તેને મટાડવા બેદરકાર રહે છે તેથી લાંબી મુદતે તે રોગ આખા શરીરની અંદર ફેલાઈ દુઃસાધ્ય બને છે અને તે પેટમાં રહેઠાણ કરીને રહે છે જેથી તેને કુંભકમળો કહે છે.

તેમજ પાંડુરોગીના શરીરનો રંગ લીલો પીળો આસ્માની થઈ જાય તેથી તેનામાં બળ-ઉમંગ નાશ પામે છે. આંખ્યોનાં પોપચાં મીંચાયલાં રહે છે, જઠરાગ્નિ મંદ પડી શરીરમાં ઝીણો હાડકચરીઓ તાવ ઘર કરીને રહે છે, રતિવિલાસપર અભાવો થાય છે, હાડ ભાંગેલાં જણાય છે, બળતરા, શોષ, અન્નદ્વેષ અને ભ્રમ વગેરે ઉપદ્રવો થાય છે કે વાયુ પિત્તમાંથી પેદા થનારો હલીમક નામનો રોગ થાય છે.) ૧૯

(રક્તપિત્તના કેટલા પ્રકાર છે ?)

रक्तपित्तं त्रिधा प्रोक्तं ऊर्ध्वगं कफसंभवम् ॥
अधोगं मारुताज्ज्ञेयं तद्द्वयेन द्विमार्गकम् ॥ २० ॥

રક્તપિતરોગ ત્રણ જાતના છે, એટલે કે કફથી થયેલ ઉર્દ્ધગામી રક્તપિત્ત છે, વાયુથી થયેલ અધોગામિ રક્તપિત્ત છે, અને કફવાયુના બગડવાથી થયેલ ઉર્ધ્વઅધોગામી રક્તપિત્ત કહેવાય છે.

---

૧ જેનટ કહે છે કે- તમામ જાતના પાંડુરોગમાં જ્યારે કરમિયા પડે છે ત્યારે જ ઉપર કહેલાં લક્ષણો થાય છે; પરંતુ વિદેદે તો આ લક્ષણો માટી ખાવાથી થયેલા પાંડુરોગનાંજ કહેલ છે.

(**ઉર્ધ્વગામી** રક્તપિત્તમાં-બગડેલું લોહી નાક, આંખ, કાન, અને મ્હોંમાંથી બહાર પડે છે, **અધોગામીમાં**-બગડેલું લોહી પુરૂષ સ્ત્રીના છુપા ભાગથી તથા ગુદામાંથી બહાર પડે છે. તેમજ એવું લોહી બહુજ બગડી બેઠું હોય તો તે શરીરમાંના તમામ રોમકૂપોમાંથી પરશેવાની પેઠે બહાર નીકળવા લાગે છે.

કફયુક્ત રક્તપિત્તની અંદર લોહી ઘટ્ટ-થોડું-સફેદ-કે પીળા રંગનું તથા સ્નેહ સહિત જરપટાવાળું હોય છે. **વાતુયુક્ત** રક્તપિત્તમાં લોહી આસ્માની-લાલ તથા કિંચિત્ ફીણવાળું પાતળું થયા છતાં શુષ્ક દેખાવ દે છે, અને **પિત્તયુક્ત** રક્તપિત્તમાં લોહી ભગવા રંગનું-ગૌમૂત્ર જેવું, કાળું કે મૃદંગની શાહી સરખું અથવા તો ઘરના ધુમાશ જેવું યા સુરમા જેવું હોય છે. બે દોષના લક્ષણ જણાતાં હોય તો તે દ્વિદોષજન્ય, અને ત્રણે દોષનાં લક્ષણો જણાતાં હોય તો તે ત્રિદોષજન્ય રક્તપિત્ત જાણવું.) ૨૦

(ખાંસી કેટલી જાતની છે ?)

कासाः पंचसमुद्दिष्टास्ते त्रयस्तु त्रिभिर्मलैः ॥
उरःक्षताच्चतुर्थः स्यात् क्षयाद्धातोश्च पंचमः ॥ २१ ॥

ઉધરસ પાંચ જાતની છે, એટલે કે વાયુકોપની, પિત્તકોપની, કફકોપની, ઉરઃક્ષતની અને ધાતુક્ષયની એ પાંચ છે.

(**વાયુ બગડવાથી થયેલી ખાંસીમાં**-છાતી, જડબાં, માથું, પેટ અને પાંશળીઓની અંદર શૂળો ફૂટે, મ્હોં ક્ષીણ કે સુકું જણાય, બળ, તેજ અને અવાજની ખરાબી થઇ જાય. અને લૂખી-બડખા પડયા વગરની વારંવાર ખાંસી આવે છે.

પિત્તકોપથી થએલી ઉધરસમાં-છાતીમાં બળતરા થાય, તાવ આવે, મ્હોં સુકું છતાં કડવું રહે, વારે વારે પાણીનો ઘણો શોષ પડે, પીળી તીખી ઉલટીઓ થાય, રોગીનો રંગ પીળાશ પડતો દેખાય અને શરીરમાં બધે બળતરા થાય છે.

કફકોપના કાસ-ખોકલામાં-મ્હોં કફથી લેપાયલું રહે, ઉદાસી સુસ્તી વધી પડે, માથામાં વધારે વેદના થાય, શરીર કફપૂર્ણ થઇ રહે, અન્ન જોતાં બકારી આવે, અન્નમાં અરૂચિ, શરીરમાં ભારીપણું અને ચળ થાય, તથા વારંવાર ઉધરસ આવતાં મોટા કફના બડખા પડ્યા કરે છે.

છાતીમાં પડેલા ચાંદાને લીધે થયેલી ઉધરસમાં-પહેલાં સૂકી-ખાલી ઉધરસ આવી પછી લોહી સહિત કફ પડે, ગળું બહુ જ દુખે છાતી ભાંગી ગયા જેવી જણાય અને તેમાં સોયો ભોંકાયા જેવી આકરી વેદના થઈ આવે તથા શૂળ આવતાં તમામ અંગો વ્યાકુળ થાય, અંગ ફાટે, પીડા-પરિતાપ પેદા થાય, સાંધાઓમાં તુટી પડતા સાંધા સરખી પીડા થાય, તાવ આવે, શ્વાસ ઉપડે, તરશ લાગે, ઘાંટો બદલાઈ જાય અને રોગીના ગળામાં કબૂતરની પેઠે ઘુઘુ શબ્દ બોલ્યા કરે છે.

ધાતુ ક્ષયની કે ક્ષયની ખાંસીમાં-શૂળ. તાવ-બળતરા-બેશુદ્ધિ વગેરે લક્ષણો હોય છે તે રોગી દિન પ્રતિદિન સૂકાનો માળો થતો જાય છે શરીરમાનું માંસ ઓછું થઈ જાય છે, બડખામાં લોહી તથા પરૂ પડવા લાગે છે અને રોગી અશક્ત થતો જાય છે.) ૨૧

(ક્ષય કેટલા પ્રકારના છે ?)

क्षयाः पञ्च विज्ञेयास्त्रिभिर्दोषैस्त्रयश्च ते ॥
चतुर्थः सन्निपातेन पंचमः स्यादुरःक्षतात् ॥ २२ ॥

ક્ષયરોગ પાંચ પ્રકારનો છે એટલે કે-વાતક્ષય, પિત્તક્ષય, કફક્ષય, સન્નિપાતક્ષય અને ઉરઃ ક્ષતક્ષય એ પાંચ જાતનો હોય છે.

(**વાયુના** બગડવાથી થયેલા **ક્ષયરોગમાં** સ્વર બદલાઈ જાય, ખભા અને પડખાંઓમાં સંકોચાયા જેવી પીડા થાય છે. **પિત્તજન્ય** ક્ષયમાં-તાવ બળતરા, અતિસાર અને મ્હોંએથી લોહી પડે છે. **કફના** બિગાડથી થયેલા **ક્ષયમાં**-અન્નપર અભાવો, ખાંસી, અવાજ બદલાવો. મસ્તકમાં શૂન્યતા કિંવા વિશેષ પીડા થવી કે ભારેખું રહેવું જણાય છે. **સન્નિપાતક્ષયમાં**-ત્રણે દોષોના દૂષિત પણાનાં લક્ષણો હોય છે. અને **ઉરઃક્ષતમાં** હૃદય અને પડખામાં શૂળ અથવા પીડા થાય છે, અંગ સૂકવા તથા થર થર કંપવા લાગે છે, શક્તિ-માંસ-બળ-વર્ણ-લોહી અને અગ્નિ એ બધાં ક્રમવાર ઓછાં થવા લાગે છે, તાવ, વ્યથા, મનમાં સંતાપ. દીનતા, અગ્નિમંદતા થાય છે, તેથી દસ્ત લાગે છે ને વારંવાર ખાંસી ખાવાથી દુષ્ટ કાળા-બહુ જ દુર્ગંધ સહિત પીળા ગાંઠા જેવા ઘણા અને લોહી મળેલા બડખા પડે છે. એક પછી એક ધાતુઓનો ક્ષય કરી જીવનનો ક્ષય કરે છે તેથી એ રોગનું નામ ક્ષય રાખવામાં

આવ્યું છે, તેમજ બધા રોગોનો રાજા હોવાથી રાજરોગ અથવા રાજયક્ષ્મા પણ કહેવાય છે.) ૨૨

(શોષના કેટલા પ્રકાર છે?)

शोषाः स्युः षट्प्रकारेण स्त्रीप्रसंगाच्छुचोव्रणात् ॥
अध्वश्रमाच्च व्यायामाद्वार्धक्यादपि जायते ॥ २३ ॥

શોષરોગ ૭ જાતનો છે તે એ કે-સ્ત્રીસેવનનો અત્યંત શોખ રાખવાથી થનારો [1]**સ્ત્રીપ્રસંગ** શોષ ૧, અત્યંત શોક સંતાપ કરવાથી થનારો **શોક**શોષ ૨, ગડ ગુંબડ ઘા વગેરેના અનહદ દુખાવાથી થનારો **વ્રણ**શોષ ૩, હદ ઉપરાંત ખેપ કર્યા કરવાથી થનારો **અધ્વશ્રમ**શોષ ૪, ઘણી કસરત-શ્રમ કરવાથી થનારો વ્યાયામશોષ ૫, અને વાર્ધકય-ઘઢપણ આવવાથી ક્ષીણતા કરનારો **જરા**શોષ ૬ એમ ૭ જાતનો છે.

(રસ વગેરે સાતે ધાતુઓ સૂકાવાથી શરીર ક્ષીણ થાય તે રોગને શોષરોગ કહે છે. માધવાચાર્ય વ્યવાયશોષ, ઉરઃક્ષતશોષ એ એનાં નામ જણાવે છે; પરંતુ વ્રણશોષ એજ ઉરઃક્ષતનો ભેદ છે અને વ્યવાય એજ સ્ત્રીપ્રસંગનો ભેદ છે; જેથી નામ ફેર છે; પણ ગુણ સ્વભાવમાં ફેર નથી.) ૨૩

(શ્વાસના કેટલા ભેદ છે?)

श्वासाश्च पंच विज्ञेयाः क्षुद्रः स्यात्तमकस्तथा ॥
ऊर्ध्वश्वासो महाश्वासश्छिन्नश्वासाश्च पंचमः ॥ २४ ॥

શ્વાસરોગના પાંચ ભેદ છે, એટલે કે-ક્ષુદ્રશ્વાસ ૧ તમકશ્વાસ ૨, ઉર્ધ્વશ્વાસ ૩, મહાશ્વાસ ૪ અને છિન્નશ્વાસ ૫ આ પાંચ પ્રકારના શ્વાસ છે. [1]

(સૂકા અને લૂખા પદાર્થો ખાવાથી કે શ્વાસ ચડે તેવાં કામો કરવાથી જે શ્વાસ ચડે છે તે **ક્ષુદ્ર**શ્વાસ હરકતકર્ત્તા નથી.

તમકશ્વાસ એને કહેછે કે, જે વખતે શરીરનો વાયુ અવળી ગતિથી નાડીઓના છિદ્રોમાં દાખલ થઈ માથા અને ગળાનો આશ્રય કરી કફ સહિત બને છે, તે વખતે કફથી છિદ્રો રોકાઈ જતાં ઘણા

[1] સુશ્રુતાચાર્ય, અતિ સ્ત્રી સેવનથી જ શુક્ર ઓજ ક્ષીણ થતાં ઉરઃક્ષત પેદા થાય છે એમ બતાવે છે, એને માધવાચાર્ય પણ માન્ય કરે છે.

વેગ સાથે ગળામાં ઘુર ઘુર શબ્દ અને માથામાં શળેખમ પેદા કરે છે. તે શ્વાસ ઘણા આકરા વેગથી હૃદયને પીડા આપી તમકશ્વાસને જન્મ આપે છે, જેથી તે શ્વાસના વેગથી રોગી બેભાન દશા પામે છે, ત્રાસવંત થાય છે, ચેષ્ટા રહિત બને છે, ખાંસી આવતાં શુદ્ધિ રહિત થાય છે. બડખો કે કફ છૂટતાં ઘણી પીડા થાય છે અને બડખા પડ્યા પછી બે ઘડી સુખ પામે છે; તો પણ ગળામાં ચળ આવે, મહા કષ્ટથી બોલી શકાય, શ્વાસની પીડાથી સુવા છતાં ઉંઘ ન આવે, સુવાથી વાયુને લીધે પડખામાં શળ કે પીડા જણાય, કિંવા બરડો પાંસળાં સજડ થઈ જાય, બેસવાથી કંઇક સુખ મળે, ઉષ્ણ પદાર્થોથી સુખ જણાય, કપાળ ઉપર પરશેવો આવે, અત્યંત વેદનાથી રીબાય, મ્હોં સુકાય ને વારંવાર દમ ચડી આવે છે, જેથી તેનું ઉંટપર થયેલા સ્વારની પેઠે આખું શરીર હાલ્યા કરે છે, તેમજ મેઘવૃષ્ટિ, તાઢ, પૂર્વ દિશાના પવન અને કફકારી પદાર્થોના સેવન વખતે આ શ્વાસ વધી પડે છે. આ શ્વાસ પરાણે મટે તેવો (યાપ્ય) છે; તો પણ જો તરતનો થયેલો હોય તો મટી શકે છે.

ઉર્ધ્વશ્વાસ એને કહેછે કે-ઉપર ચડેલો દમ દર્દી તુરત નીચે ઉતારી શકતો નથી, તેનું મ્હોં અને શ્વાસોશ્વાસ લેવાના બીજા માર્ગો કફથી લેપાઇ જાય, વાયુના કોપથી રીબાઇ ઉંચી આંખ્યો કરી ચપળ દૃષ્ટિવડે ચોમેર જોયા કરે, મૂર્ચ્છા તથા પીડાથી વિશેષ પીડાયા કરે, મુખ સૂકાય અને બેહોશ રહે છે.

મહાશ્વાસ એને કહે છે કે—જે રોગીનો વાયુ ઉપર ચડી જતાં તે દુ:ખિત થઈ મુખેથી શબ્દ સહિત શ્વાસને ઉંચા સ્વરથી મુક્ત કરી શકે, અથવા તો જેમ માતેલો સાંઢ શબ્દ કરે તેવી રીતે રાત દિવસ શ્વાસથી રીબાય, તેનું જ્ઞાન વિજ્ઞાન (માનસિક શક્તિપણું) જતું રહે, નેત્ર ચપળ બને તથા શ્વાસ લેતાં આંખ્યો અને મ્હોં ફાટયુંજ રહે, મળ મૂત્ર બંધ થઇ જાય, બોલ્યું ન જાય અને બોલે તો ધીમેથી બોલે, મન ખિન્ન રહે અને વેગળેથીજ તેનો લેવાતો શ્વાસ સાંભળવામાં આવે છે, તે રોગી તુરત મરણધામને ભેટે છે.

---

૧ વાયુના અધિકપણાથી ક્ષુદ્ર—મહા=અને ઉર્ધ્વ એ ત્રણે શ્વાસ થાય છે. કફની અધિકતાથી તમક, અને કફ તથા વાયુ એ બેની અધિકતાથી છિન્નશ્વાસ થાય છે.

છિન્નશ્વાસ એને કહે છે કે—જે મનુષ્ય રહી રહીને શ્વાસ પોતાનામાં જેટલી શક્તિ રહી હોય તેટલી શક્તિથી લે છે ને મૂકે છે. અથવા તો ક્લેશ પામ્યા છતાં શ્વાસ લઇ છોડી શકતો નથી, હૃદય, પેડુ અને નાડિયોને જાણે કોઇ કોવાડેથી ચીરતું કે સારડી મ્હેલતું હોય તેવી પીડા થાય, આફરો ચડે, પસીનો બંહુ આવે, એભાનીથી હેરાન થાય, પેશાબમાં બળતરા થાય, નેત્રો ટગર ટગર ચોમેર ફેરવે ને આંસુઓથી ભરાઇ જાય, શ્વાસ લેતાં મૂકતાં બહુજ દુઃખ થાય અથવા શ્વાસ લેતાં લેતાં એક આંખ રાતી થઈ જાય, ચિત્ત ઉદ્‌વિગ્ન થઇ જાય, મ્હોં સુકાય, શરીરનો રંગ બદલાઇ જાય, બકયા કરે અને શરીરના તમામ સાંધાઓ શિથિલ-નરમ થઇ જાય છે. આ દર્દીપણ યમધામને ભેટે છે.) ૨૪

(હેડકી કેટલી જાતની છે ?)

कथिताः पंच हिकास्तु क्षुद्रान्नजा तथा ॥ २५ ॥
गंभीरा यमला चैव महती पंचमीति च ॥

હિક્કા-હેડકી-હુચકી પાંચ પ્રકારની હોય છે. તે એ કે ક્ષુદ્રા, અન્નજા, ગંભીરા, યમલા અને મહતી એ પાંચ છે.

(જે હેડકી હાંસડીમાંથી [ગળા અને છાતીના સાંધામાંથી] ધીમે ધીમે ઘણી વારે આવે તે **ક્ષુદ્રા**, અન્ન તથા પાણીનો બહુ ઉપયોગ કરવાથી ઓચિંતો વાયુ કોપીને ઉંચે ચડી જાય અને તેથી જે હેડકી આવે તેને **અન્નજા**. હેડકી ડુંટીની પાસેથી કે ડુંટીમાંથી ઉત્પન્ન થઇ ઘોર ગંભીર શબ્દ કરે અને જેમાં તરશ તાવ વગેરે ઉપદ્રવો હોવાથી ભયંકર હોય તે **ગંભીરા**, તથા રહી રહીને જે બેબે હેડકી આવે અને માથા, ખભાને કંપાવ્યા કરે તે **યમલા**. અને જે હેડકી ડુંટી-પેડું-પુરૂષ સ્ત્રીની ગુહ્યેંદ્રી-કાન વગેરે મર્મસ્થાનોને બહુજ દુઃખકર્ત્તા થઇ, સમસ્ત અંગોને કંપાવતી ચાલતી ને ચાલતી રહે તે **મહતી** હેડકી કહેવાય છે.) ૨૫

(જઠરાગ્નિવિકાર કેટલા છે ?)

चत्वारोऽग्निविकाराः स्युर्विषमो वातसंभवः ॥ २६ ॥
तीक्ष्णः पित्तात्कफान्मंदो भस्मको वातपित्तकः ॥

જઠરાગ્નિવિકારના—ચાર ભેદ છે એટલે કે વાયુદોષથી થયેલો

વિષમાગ્નિ ૧, પિત્તદોષથી થયેલ **તીક્ષ્ણાગ્નિ** ૨ કફદોષથી થયેલ **મંદાગ્નિ** ૩, અને વાતપિત્તદોષના મિલાપથી થયેલ **ભસ્માગ્નિ** ૪. એમ ચાર ભેદ છે.

(કોઈ કોઇ વેળાએ ખોરાક હજમ થાય અને કોઇ કોઇ વેળાએ ન થાય તે વિષમાગ્નિ, ભોજન કર્યા છતાં પાછું જમે તો પણ સારી રીતે પચી જાય તે તીક્ષ્ણાગ્નિ, થોડુંક જમ્યાથી પણ ખોરાક પચે નહીં તે મંદાગ્નિ, અને ભૂખ બહુજ લાગે તેથી વારંવાર ખોરાક લે તો પણ તે પચી જાય; પરંતુ તે અન્નરસથી શરીરમાં પુષ્ટતા ન આવતાં ઉલટી દુર્બળતા આવે છે તે ભસ્માગ્નિ કહેવાય છે.) ૨૬

(અરોચક કેટલા પ્રકારનાં છે ?)

पंचैवारोचका ज्ञेया वातपित्तकफैस्त्रिधा ॥ २७ ॥
सन्निपातान्मनस्तापात्

અરોચક રોગ—પાંચ પ્રકારનો છે અર્થાત્ વાતારોચક, પિત્તારોચક, કફારોચક, સન્નિપાતારોચક અને મનસ્તાપારોચક એમ પાંચ ભેદ છે.

(અરોચક એટલે અરૂચિ, જો તે **વાયુના કોપવાથી** થઇ હોય તો દાંત ખાટા અને મ્હોં કષાયલું થઇ જાય છે.

પિતકોપથી થઈ હોય તો મ્હોં કડવું–ખાટું–ગરમ–રસ–સ્વાદ વગરનું અને દુર્ગંધવાળું થઇ જાય છે.

કફકોપથી થઈ હોય તો મ્હોં ખારૂં–મીઠું–તેલીયું–ચીકટું–ભારે ઠંડુ–સ્નિગ્ધ અને બદબુવાળું થાય છે.

સન્નિપાતથી થઇ હોય તો અન્નપર અરૂચિ તથા મ્હોમાં અનેક રસ માલમ પડે છે.

શોક–ભય–ક્રોધ–અતિ લોભથી, નઠારી વાસનાથી, તથા અણુગમો ઉપજાવનારી ચીજ વગેરેના જોવાથી અરૂચિ થઈ હોય તો મ્હોં, ઉપર કહેલાં લક્ષણોવાળું ન રહેતાં સ્વાભાવિક સ્વાદવાળું રહે છે. ઇચ્છિત પદાર્થો આપ્યા–મળ્યા છતાં ખાઇ પી ન શકાય તે **અન્નાભિનંદન**, અને જે અન્નના દેખવાથી, ભોજનનું નામ સાંભળવાથી, સ્મરણ કરવાથી ને તેનો વાસ આવવાથી કંટાળો આવે તે **ભક્તદ્વેષ** કહેવાય છે. આને સુશ્રુતાચાર્યે અરૂચિમાં જ ગણેલ છે.

તેમજ વાયુની અરૂચિમાં-છાતિમાં શૂળો અને પીડા થાય છે. પિત્તની અરૂચિમાં-તરશ, બળતરા, રૂમડી મૂકતાં પીડા થાય તેવી પીડાઓ થાય છે. કફની અરૂચિમાં-મ્હોંમાંથી કફ પડે છે, ત્રિદોષની અરૂચિમાં-દર્દીને ઘણી વેદના ભોગવવી પડે અને માનસિક વિકારની અરૂચિમાં-મનની વ્યાકુળતા મૂર્ચ્છા તથા જડત્વં વગેરે લક્ષણો થાય છે.) ૨૭

(ઉલટીના કેટલા પ્રકાર છે?)

छर्दयः सप्तधा मताः ॥ २८ ॥

त्रिभिर्दोषैः पृथक् तिस्रः कृमिभिः सन्निपाततः ॥

घृणया च तथा स्त्रीणां गर्भाधानाच्च जायते ॥

ઉલટીનો રોગ સાત જાતનો છે તે એ કે-વાયુની ઉલટી, પિત્તની ઉલટી, કફની ઉલટી, કરમિયાના ઉપદ્રવની ઉલટી, ત્રિદોષ વકર્યાની ઉલટી, સૂગ ચડ્યાની ઉલટી અને ગર્ભાધાન વખતની ઉલટી-એમ સાત કારણથી ઉલટીના ૭ ભેદ માનેલા છે.

વાયુનાકોપથી થયેલી ઉલટીમાં-છાતિમાં તથા પાંસળામાં પીડા થાય, મ્હોં અંદરથી સુકું પડે, માથા અને ડૂંટીમાં શૂળો ફુટે ખાંસી અને અવાજ બદલવાનો રોગ જણાય, અને શરીરમાં સોંયો ભોંકાયા જેવું દર્દ થાય. તેમજ ઉલટી થતાં શબ્દ સહિત બકારિયો થાય, ઉલટી થઈ હોય તેમાં ફીણ કે પરપોટા નજરે પડે. રહી રહીને ઉલટી થાય અથવા થોડી થાય, ઉલટીમાં પડેલા પદાર્થનો રંગ કાળાશ પડતો હોય, પાતળી તથા સ્વાદમાં તૂરી હોય, અને તેનો વેગ ઓચિંતો તથા ઘણો હોવાને લીધે દર્દીને ઘણું હેરાન થવું પડે છે-તેને **વાત છર્દિ** કહે છે.

પિત્તપ્રકોપની ઉલટીમાં-મૂર્ચ્છા, ફેર જણાય, તરશ લાગે, મ્હોંમાં શોષ પડે, માથા, તાળવા ને આંખ્યોમાં તપારો રહે, અંધારાં-ચક્કર આવે. અને પીળી, ઘણીજ ગરમ, લીલી, કડવી, ધુમાડા જેવી, તથા બળતરા સાથે ઉલટી થાય તેને **પિત્તછર્દિ** કહે છે.

કફ કોપની ઉલટીમાં-ઘેન, મ્હોંમાં મીઠાશ, કફનું પડવું, નિદ્રા, અરૂચિ, ભારેપણું, ન ખાવા છતાં પણ ધરાયા જેવી તૃપ્તિ રહેવી, અને ચીકણી, ઘટ્ટ, મધુર, તથા ધોળાશ પડતી ઉલટી જણાવી, તેમજ ઉલટી

વખતે દુઃખ ઓછું થવું અને અંગમાં કંપારી છૂટી રૂવાટાં ઉભાં થવાં તેને **કફછર્દિ** કહે છે.

ત્રણે દોષ સામટા કોપ્યા હોય તો તેથી થતી ઉલટી વખતે ચૂંક આવે, બદહજમી અન્નપર અરૂચિ, બળતર, તરશ, શ્વાસ, તથા બેભાનપણું જણાય; તેમજ ઉલટીનો વેગ વિશેષ હોય અને તે ઉલટી ખારી-ખાટી-આસ્માની રંગની ઘટ્ટ-ઉન્હી તથા લાલ હોય છે તેને **ત્રિદોશજન્ય છર્દિ** કહે છે.

કરમિયા પેટમાં પડતાં ઉલટી થાય તેમાં શળ, હૃદયમાં કંપારી, કિંવા ફડફડાટ વગેરે દુઃખદાયક ઉપદ્રવો હોય છે. અને હૃદયરોગના જેવાં લક્ષણો મળતાં આવે છે તે **કૃમિજન્ય છર્દિ** કહેવાય છે.

સૂગ—અણગમો પેદા થવાથી જીવ ફરી ઉલટી થાય તેમાં જે ચીજ જોવાથી ઉલટી થઇ હોય તેના જેવાં લક્ષણો હોય છે. મતલબ એ કે જે કામ જોવાથી કમકમાટી ઉપજે-ચીતરી ચડે-સૂગ આવે-તિરસ્કાર પેદા થાય, તેથી ઉલટી થઇ હોય તો તેમાં જે દોષનો કોપ હોય તે દોષનાં લક્ષણ નજરે પડે છે, તે **ઘૃણછર્દિ** કહેવાય છે.

ગર્ભજન્ય છર્દિ એટલે કે જ્યારે સ્ત્રીને હમેલ-ગર્ભ રહે છે ત્યારે પણ તેમાં જે દોષ કોપવાથી ઉલટી થતી હોય તે દોષનાંજ લક્ષણો જણાય છે.) ૨૭-૨૮

(સ્વરભેદના કેટલા પ્રકાર છે ?)

स्वरभेदाः षडेवस्युर्वातपित्तकफैस्त्रयः ॥ ॥ २९ ॥
मेदसा सन्निपातेन क्षयात्षष्ठः प्रकीर्तितः ॥

સ્વરભેદ રોગ ૭ જાતનો છે એટલે કે-વાયુકોપનો, પિત્તકોપનો, કફકોપનો, મેદકોપનો, ત્રિદોષ કોપનો અને ક્ષયનો સ્વરભેદ-એમ ૭ જાતના છે.

(સ્વરભેદ એટલે કે હમેશ બોલવામાં જે અવાજ નીકળતો હોય તેવો અવાજ ન નીકળતાં ફેરફાર અવાજ નીકળે તે રોગને સ્વરભંગ કિંવા સ્વરભેદ રોગ કહે છે, તેમાં પણ **વાયુકોપથી** થયેલા સ્વરભંગમાંરોગીનાં નેત્ર, મ્હોં, પેશાબ, અને વિષ્ટા એ કાળા રંગનાં જણાય છે અને તેનો અવાજ ગધેડાના અવાજ જેવો કઠોર, તૂટેલો તથા ખરખડાટવાળો થાય છે.

પિત્તકોપના સ્વરભંગમાં-રોગીનાં નેત્ર, મ્હોં, મૂત્ર અને વિષ્ટા એ પીળાં જણાય છે, અને બોલતાં તેના ગળામાં બળતરા થાય છે.

કફકોપના સ્વરભંગમાં-કફથી તે રોગીનો કંઠ રૂંધેલો રહે તથા ધીરેધીરે થોડું બોલી શકાય અને દિવસે (રાત કરતાં) વધારે બોલાય છે.

મેદકોપના સ્વરભેદમાં-રોગીનું ગળું મેદ કે કફથી લિંપાયલું રહે, કફને લીધે શબ્દ વહેનારી નળિયો ભરાઇ જાય, તેથી તરશ બહુ લાગે, તથા તેમાંથી ચોખો શબ્દ ન નીકળતાં ઘણી વારે ઉંડો, સમજ ન પડી શકે તેવો અવાજ નીકળે છે.

સન્નિપાતના સ્વરભંગમાં—ત્રણે દોષોનાં લક્ષણો જણાય છે,

અને **ક્ષય**ના સ્વરભંગમાં—બોલતી વખતે ગળામાંથી ધુમાડો નીકળતો જણાય, તથા જરા પણ બોલ નીકળી શકે નહીં, અને ઓજનો નાશ થવાથી તે અસાધ્ય મનાય છે.) ૨૯

(તરશના કેટલા ભેદ છે ?)

तृष्णा च षड्विधा प्रोक्ता वातात्पित्तात्कफादपि ॥३०॥
त्रिदोषैरुपसर्गेण क्षयाद्धातोश्च षष्ठिका ॥

તરશનો રોગ છ જાતનો છે, એટલે કે-વાયુદોષથી લાગતી તરશ, પિત્તદોષથી, કફદોષથી, ત્રિદોષથી, ઉપસર્ગથી અને ધાતુક્ષયથી લાગનારી-એમ છ પ્રકારનો તૃષ્ણા-તરશ લાગવાનો રોગ છે.

(તરશનો રોગ એ કહેવાય છે કે પાણી પીધા છતાં પણ તરશ શાંત થાય નહીં તે છ કારણોથી પેદા થાય છે, તે પૈકી **વાયુદોષથી** લાગતી તરશમાં-રોગીનું મ્હોં સૂકાયા કરે. તેમજ પાતળું પડી જતું માલમ પડે, લમણા અને માથામાં સોંયો ભોંકાયા જેવી પીડા થાય, રસ અને પાણી વહેનારી નળીઓનો માર્ગ રોકાઈ જાય, મ્હોંમાંથી સ્વાદ જતો રહે, અને થોડું પાણી આપતાં તરશ વધારે લાગે છે. આ તરશમાં ઉંઘ આવતી નથી.

પિત્તદોષની તરશમાં-રોગીને મૂર્છા આવે, અન્નપર દ્વેષ, લવારો, શરીરમાં બળતરા, આંખ્યોમાં રાતાશ, પાણીનો અત્યંત શોષ, ટાઢા પદાર્થોની ઇચ્છા થવી, મ્હોંમાં કડવો સ્વાદ અને મનમાં સંતાપ થવો એટલાં લક્ષણો થાય છે.

કફદોષની તરશમાં-પોતાનાજ કારણોથી વિકાર યુક્ત થયેલો

કફ જઠરાગ્નિને આચ્છાદિત કરી (ઢાંકી દઇ) તેની ગરમી બુઝાવી દે છે અને તે પછી તે પાણી વહેનારી ધમનીઓને શોષી લઈ [1]કફજન્ય તરશને જન્મ આપે છે, આ તરશમાં રોગીને ઉંઘ આવે, શરીર ભારે થાય, પાણીનો બહુજ શોષ પડે અને મ્હોંમાં ગળપણુ રહે છે.

ત્રિદોષજન્ય તરશમાં—ત્રણે દોષોનાં લક્ષણો નજરે પડે છે.

ઉપસર્ગ-કિંવા આગંતુક તરશમાં-એટલે ઘાયલ થતાં કે મહેનતનું કામ કરતાં-ભારે ભોજન જમતાં, તથા તાવ-મૂર્છા-ક્ષય-ઉધરસ-અતિસાર-તાપ વગેરે કારણોને લીધે તરશ રોગથી અંત્રાજ કંગાલ જેવો થઈ જાય, આકળ વ્યાકુળ થાય, મ્હોં ઉતરી જાય, ગલુ ને તાળવું સૂકાં પડી જાય અને શરીર પાતળું પડી જાય છે.

ધાતુક્ષયના કારણથી લાગનારી તરશમાં-રસને ક્ષય થવાને લીધે વારંવાર પાણી પીધા કરે; તો પણ તરશ છિપતી નથી. તથા તેથી હૃદયમાં પીડા, ધ્રૂજારી, શોષ, બહેરાશ અને તરશ વગેરે લક્ષણો જણાય છે.) ૩૦

(મૂર્ચ્છાના કેટલા ભેદ છે ?)

मूर्च्छा चतुर्विधा ज्ञेया वातपित्तकफैः पृथक् ॥
चतुर्थी सन्निपातेन ॥ ३१ ॥

મૂર્ચ્છા રોગ ચાર જાતનો છે-એટલે કે વાયુકોપની મૂર્ચ્છા, પિત્તકોપની મૂર્ચ્છા, કફકોપની મૂર્ચ્છા, અને સન્નિપાતની મૂર્ચ્છા-એમ ચાર પ્રકાર છે.

વાયુદોષની મૂર્ચ્છામાં-પહેલાં આકાશને લીલા રાતા કે કાળા રંગનું દેખી પછી અંધારી આવી બેભાન થાય છે, મૂર્ચ્છામાંથી તરત પાછો શુદ્ધિમાં આવી જાય છે, શરીરમાં ધ્રૂજરી છૂટે છે, અવયવો

---

૧ કફથી થનારા તરશ રોગને ચરકે માન્ય કરેલો નથી; પણ સુશ્રુતે ચિકિત્સામાં ભેદ હોવાથી માનેલો છે. તેમજ હારીતે પણ સપિત્તકફની તરશ પેદા થવી માનેલ છે. અને ગ્રંથાંતરવાળાએ વાતપિત્તના યોગથી તરશ લાગવી માનેલ છે; કેમકે એકલા કફથી તરશ પેદા થવીજ અસંભવિત છે. એકલો કફ વધતાં ભયનો દ્રવીભૂત ધર્મ થવાથી તરશ લાગવી સંભવિત નથી. એથીજ માધવે કહ્યું છે કે કફને બગાડનારા કારણોથી વિકારવંત થયેલો કફ, જઠરાગ્નિને ઢાંકી દેતાં તે અગ્નિની ગરમી અધોગત જળને વહેવાવાળી ધમનિયોને શોષી લઇ કફજતરશ ઉત્પન્ન કરે છે. ભા. કર્તા.

ફળે, છાતી બહુ દુખે, અંગ દુર્બળ થાય અને શરીરનું વર્ણ કાળું જાબુડા રંગનું કે રાતું થઈ જાય છે.

પિત્તદોષની મૂર્છામાં-પહેલાં આકાશને લાલ, લીલું, પીળું જોઇ બેભાન થઈ પડે છે, અને જ્યારે તે હોશમાં આવે છે ત્યારે તે વખતે તેને પરશેવો થાય, તરશ લાગે, સંતાપ તથા ટલવલાટ થાય, નેત્ર લાલ પીળા રંગનાં થાય, દસ્ત પાતળો આવે અને શરીરનો રંગ પીળો થાય છે.

કફની મૂર્છામાં-બેભાન થતાં પહેલા તે દર્દી આકાશને મેઘ ઘટાવાળું દેખે, તે પછી બેભાન થઇ ભોંયપર પડે છે. અને ભાનમાં આવતાં જરા વધારે વાર લાગે છે. તથા જ્યારે સાવધ થાય છે ત્યારે તેને જાણે કોઇયે ભારે ગોદડું ઓઢાડયું હોય કે ભીનું ચામડું બદન પર નાખ્યું હોય તેવું લાગે, મ્હોંમાં લાળ વછુટી ફિકાશ જણાય, અને ઉલટી થશે એમ જણાય છે.

સન્નિપાતની મૂર્છામાં-ઉપરના ત્રણે દોષોનાં લક્ષણ જણાય અને ફેફરા-મૃગી જેવાં ચિન્હ થાય. દોષજન્ય મૂર્છામાં અને ફેફરામાં એટલોજ તફાવત છે કે ફેફરાગાં મ્હોંમાંથી ફીણ નીકળે, દાંત બંધાય અને આંખ્યો ફરતી રહે છે, અને આમાં તે થતાં નથી; પરંતુ બાજાં બધાં બેભાનીનાં ચિન્હ સરખાંજ હોય છે. આ શિવાય લોહી જોનાથી. દારૂના કેફથી અને ઝેર ભક્ષણથી પણ મૂર્છા આવે છે.) ૩૧

(ભ્રમાદિના કેટલા ભેદ છે ?)

તથૈકશ્ચ ભ્રમઃ સ્મૃતઃ ॥

निद्रा तंद्रा च संन्यासो ग्लानिश्चैकैकशः स्मृतः ॥३२॥

ભ્રમરોગ, નિદ્રારોગ, તંદ્રારોગ, સન્ન્યાસરોગ અને ગ્લાનિરોગ એ પાંચે રોગનો એક એક ભેદજ છે.

(ભ્રમરોગ, રજોગુણ, પિત્ત અને વાયુના કોપથી થાય છે. નિદ્રારોગ, તમોગુણ, અને કફથી થાય છે. તંદ્રારોગ, તમોગુણ, વાયુ અને કફથી થાય છે. સંન્યાસરોગ, તમોગુણ, પિત્તની આધિકયતાથી થાય છે. અને ગ્લાનિરોગ, રસાદિ સાતે ધાતુઓના ઉત્તમ તેજનો ક્ષય થતાં શરીર મન સંબંધી દુઃખને લીધે, ખોરાકનું અજીર્ણ થવાને લીધે, અને શરીર કે મન સંબંધી વિશેષ શ્રમ કરવાને લીધે થાય છે. ભ્રમ-ભ્રાંતિ રોગમાં-મન અનેક તર્ક વિતર્કને તાબે થઇ મુંઝાય છે અને

શુદ્ધિની અછત થઈ પડે છે. નિદ્રામાં-મનને અને ઇંદ્રિયોને મોહિત કરી દેતાં બાહ્ય ઘટપટાદિક પદાર્થોનું જ્ઞાન નષ્ટ થાય છે. તંદ્રામાં-ઇંદ્રિય મોહિત થતાં કંઈક સૂવે છે; પણ જાગૃતાવસ્થાને મળતાં રહી અધમીંચેલાં નેત્ર સહ ઘેન આવે છે. સંન્યાસમાં-શરીરમનનો વ્યાપાર બંધ પડી મરેલા જેવો થઇ લાકડાની પેઠે ભોંયપર ઢળી પડે છે. ગ્લાનિમાં કંટાળો વધી પડે છે. મૂર્છામાં પિત્ત, તમોગુણ વિશેષ હોય છે; પરંતુ તે વગર ઓષડે મટે છે અને સંન્યાસ ઓષડ વગર મટતો નથી. એ ઘોર નિદ્રાની અવસ્થાવાળો છે; માટે તાકીદે દવા કરવી.) ૩૨

(મદના કેટલા પ્રકાર છે ?)

मदाः सप्त समाख्याता वातपित्तकफैस्त्रयः ॥
त्रिदोषैरसृजा मद्याद्विषादपि च सप्तमः ॥ ३३ ॥

મદરોગ સાત પ્રકારનો છે તે એવી રીતે કે—વાતમદ, પિત્તમદ. કફમદ, ત્રિદોષમદ, રક્તમદ, મદ્યમદ અને વિષમદ એ સાત જાતનો છે.

(મદરોગમાં મન વિભ્રમ બને છે. અને જે દોષની પ્રબળતા હોય તે દોષનાં લક્ષણો દૃષ્ટિગોચર થાય છે. એટલે કે જો વાયુ કોપવાથી થયો હોય તો વાયુનાં, પિત્ત કોપવાથી થયો હોય તો પિત્તનાં અને કફ કોપવાથી થયો હોય તો કફનાં લક્ષણો જણાય છે.) ૩૩

(મદાત્યયના કેટલા ભેદ છે ?)

मदात्ययश्चतुर्धा स्याद्वातात्पित्तात्कफादपि ॥
त्रिदोषैरपि विज्ञेय एकः परमदस्तथा ॥ ३४ ॥
पानाजीर्णं तथा चैकं तथैकः पानविभ्रमः ॥
पानात्ययस्तथा चैको

મદાત્યય રોગ—ચાર જાતનો હોય છે, એટલે કે વાતમદાત્યય, પિત્તમદાત્યય, કફમદાત્યય, અને ત્રિદોષમદાત્યય એ ચાર પ્રકાર છે. અથવા પરમદ, પાનાજીર્ણ, પાનવિભ્રમ અને પાનાત્યય એવા પણ ચાર પ્રકાર છે.

(જેમાં **વાયુનું પ્રધાનપણું** હોય તે મદાત્યય રોગમાં-હેડકી શ્વાસ, માથાનું કંપવું. પાંસળીઓમાં પીડા, નિદ્રાનો નાશ અને બહુજ લવારો થાય છે.

પિતપ્રાધાન્ય મદાત્યયમાં—તરશ, બળતરા, તાવ, પરશેવો, મૂર્છા, અતિસાર, વિભ્રમ, અને શરીરનો રંગ લીલો થાય છે.

કફપ્રાધાન્ય મદાત્યયમાં—ઉલટી, અન્નપર અરૂચિ, ખાલી બકારી, ઘેન, અને શરીર ભીનું, ભારે તથાં ઠંડુ થાય છે.

ત્રિદોષપ્રાધાન્ય મદાત્યયમાં—ઉપર બતાવેલા ત્રણે મદાત્યયનાં લક્ષણો જણાવા લાગે છે.

મદાત્યય રોગ શાથી થાયેછે ? દારૂ પીવાની મર્યાદા ભંગ થતાં મદાત્યય રોગ થાય છે।

દારૂ કેવી રીતે પીવામાં આવે તો અમૃત સમાન ગણાય ? પ્રાતઃકાળમાં જાજરૂ જઇ આવી, દાતણ કરી, ન્હાઈ, સુંદર વસ્ત્ર પ્હેરી સુંદર સુંદરીના હાથથી અપૂર્વ સ્નેહયુક્ત ચાંદીની પ્યાલીમાં આઠ તોલા ભાર આનંદવડે અને બગીચા જેવા રમણિક સ્થળમાં બેસીને પીવો. બપોરે દૂધ વગેરે ચીકટા પદાર્થોમાં મેળવી મેદાના મિષ્ટાન્ન માંસ વગેરે સાથે ૮ તોલાજ પીવો. અને રાત્રિની સંધીમાં (સાંજરે) ૩૨ તોલા પીવો. તેમાં પણ પોતપોતાનામાં કેફ જીરવવાની જેટલી તાકત હોય તેટલો પીવો. એક માપ જીરવી શકવાની શક્તિ ન હોય અને પેટભર પીવા જાય તો તે મદાત્યય રોગનો ભોગ થાય છે. માટે નિયમ સર યોગ્ય સમય વ્હાલા જનના હાથથી સુંદર મદિરા પી તુરત મનપસંદ-મનગમતાં મિષ્ટ ભોજન જમવાં. નહીં કે ગમે તે વખતે ગમે તેના હાથથી ગમે ત્યાં બેસી—મમરા ભજીયાં ખાઈ કે ખાલી પેટે નઠારા ઠેકાણે બેભાન થઇ પડાય તેટલો દારૂ પીવો।

વિધિ સહિત દારૂ પીવાથી શા શા લાભ થાય છે? રીતિ મુજબ દારૂ પીવાથી શરીરમાં સુંદરતા, મનમાં સંતોષ, ઉત્સાહ-ઉમંગ અને શત્રુનો પરાજય કરવાનું સામર્થ્ય વગેરે વગેરે અનેક ગુણોની પ્રાપ્તિ થાય છે.

મર્યાદા રહિત દારૂ પીયે તો ? બુદ્ધિભ્રષ્ટ-મર્યાદાભ્રષ્ટ-કુચેષ્ટાકારી મદાંધ બને છે અને છેવટ રોગનો ભોગ થઇ મરણને યોગ થાયછે; માટે ક્રોધ-ભય-ચિંતા-શોક યુક્ત મન વાળાએ, તરસ્યા ભૂખ્યાએ, કસરત કરી કે લાંબી મજલ કરી થાકેલાએ, અથવા ઘણો ભાર ઉપાડી મહેનત કરી કંટાળેલાએ, મળમૂત્રના વેગને રોકનારાએ, અજીર્ણ છતાં ભોજન કરનારાએ, દુબળા શરીર વાળાએ, તાપથી તપેલાએ

અને મનવશ નહોય તેવા અકરાંતિયાએ દારૂ પીવાનો શોખ કરવો નહીં; નહીંતો તેવા શોખવાળો મરણમહેલના ગોખમાં બિરાજશે; કેમકે તેવા મનુષ્યને દારૂ પીવાથી પાનાત્યય વગેરે વિવિધ વિકારો થાય છે એથી છેવટ યમને ત્યાં જાય છે. માટેજ કહેવામાં આવેલું છે કે ભીખારી થવું હોય, કરજદાર થવું હોય, છોકરાંને અન્ન વગર ટળવળાવવાં હોય, તન્દુરસ્તી બગાડવી હોય, ખાટલાને શરણ થવું હોય, નગળા બનવું હોય, દામ ખરચી દીવાના ગણાવું હોય, વગર મ્હોંતે-વ્હેલાં મરવું હોય, ગંદી ગટરોમાં પડવું હોય, ગાડી તળે ચગદાવું હોય, લોકો હસાવી ધિઃકાર-તિરસ્કારને પાત્ર થવું હોય, મૂર્ખમાં ખપવું હોય, આબરૂ નીતિ ઇમાન ધર્મ ગુમાવવાં હોય અને અવગતિમાં અથવાઇ ઉભય જન્મ ભ્રષ્ટ કરવા હોય તો દારૂડિયા બનો. [દારૂડીયા બનવાથી પાનાજીર્ણાદિ ચાર રોગ થાય છે તેનાં લક્ષણો નીચે મુજબ છે.]

પરમદમાં—કફ વિકાર યુક્ત થવાને લીધે બીજા વિકારો કરતાં તેનું જોર વધારે થઇ આવે છે. જેથી શરીર જડ-ભારે લાગે, મુખમાં મીઠો:સ્વાદ જણાય, મળમૂત્રની કબ્જીયાત, અન્નપર અરૂચિ, મસ્તક ને સાંધાઓમાં પીડા કળતર વગેરે થાય અને ઝોકાં આવ્યા કરે છે.

પાનાત્યયમાં—હેડકી, તાવ, બેચેની, કંપારો, પડખામાં શૂળોનું ફુટવું અને ભ્રમ વગેરે ઉપદ્રવો થાય છે. અને તે ભાગ્યેજ જીવે છે. જે મદાત્યયરોગીનો નીચેના હોઠ કરતાં ઉપરનો હોઠ ટૂંકો થઇ ગયો હોય, બ્હારથી બહુ ટાઢ જણાતી હોય, શરીરમાં દાહ તથા મ્હોંપર ચલકાટ, જીભ દાંત હોઠનું કાળું પડવું અને નેત્રો લાલ કે પીળાં જણાય તે બચતો નથી.

પાનાજીર્ણમાં—પેટ ઘણું ચડી આવે, ઉલટી થાય, બકારી આવે, અને શરીરમાં બળતરા થાય છે.

પાનવિભ્રમમાં—હૃદય, શરીર અથવા અવયવોમાં સોયો ભોંકાયા જેવી વેદના, કફથી લેપાયલું મ્હોં, મ્હોંમાંથી ધુમાડાનું નીકળવું. બેભાન થવું, ઉલટી, તાપ, માથામાં શૂળોનું ફુટવું, મ્હોંમાંથી કફનું પડવું અને મીઠા પદાર્થો વગેરે દેખતાં અણગમો પેદા થવો વગેરે લક્ષણો થાય છે.

(કયા મનુષ્યે દારૂ પીવો?)

જે મનુષ્ય બળવાન, જમેલો, વિશેષ ખાઉધરો, સ્નિગ્ધતા-

વંત, ધીર, યુવાન, હમેશાં મદિરા પીવાનો અભ્યાસી કિંવા મધ-પીનારના કુળમાં જન્મેલો, મેદ કફની અધિકતાવાળો વાયુપિત્તની મંદતાવાળો અને દ્દઢ જઠરાગ્નિવંત હોય તે મનુષ્ય મર્યાદાથી દારૂ પીયે તો તેને વિશેષ હાનિ હાથ લાગતી નથી.) ૩૪

(દાહ રોગ એટલે શું ?)

दाहाः सप्त मतास्तथा ॥ ३५ ॥

रक्तपित्तात्तथा रक्तात्तृष्णायाः पित्ततस्तथा ॥

धातुक्षयान्मर्मघाताद्रक्तपूर्णोदरादपि ॥ ३६ ॥

દાહ-બળતરાનો રોગ સાત જાતનો છે, એટલે કે-રક્તપિત્તથી થયેલો રક્તપિત્તજ દાહ, રક્તવિકારથી થયેલો રક્તજ દાહ, તૃષારોકવાથી થયેલો તૃષ્ણારોધજ દાહ, પિત્તપ્રકોપથી થયેલો પિત્તજ દાહ, ધાતુક્ષયથી થયેલો ધાતુક્ષયજ દાહ, મર્મોમાં ચોટ લાગવાથી થયેલો મર્મઘાતજ દાહ, અને લોહીથી હ્રદય ભરાતાં થયેલો રક્ત-પૂર્ણોદર જ દાહ-એમ ૭ ભેદ છે.

(શરીરની અંદર અથવા બહાર બળતરા થવી તે દાહરોગ કહેવાય છે.

રક્તપિત્તજ દાહમાં--કંઇક લક્ષણો લોહીની વિક્રિયાનાં અને કંઇક પિત્તની વિક્રિયાનાં હોય છે. તેમજ પિત્ત જેવાં પણ બધાં ચિન્હો હોય છે.

લોહીવિકારવાળા દાહમાં—સર્વ શરીરમાનું લોહી કોપીને બહુજ બળતરા કરે છે તેથી દર્દીને જાણે આગના પડખે બેઠો હોય તેવો તપારો થયાં કરે, તરશ બહુ લાગે, આંખ્યો તથા શરીર ત્રાંબા જેવાં લાલ થઇ આવે, મ્હોંમાં તથા શરીરમાંથી લોખંડના સરખી [તપાવેલા લોઢાની ઉપર પાણી રેડતાં વાસના આવે તેવી] વાસના આવે, અને શરીરપર જાણે કોઇએ ધિખતા અંગારા મ્હેલ્યા હોયે તેવી વેદના થાય છે.

તરશ રોકવાથી થયેલા દાહમાં—તરશના રોકવાથી પાણીરૂપ ધાતુક્ષીણ થઇને પિત્તની ગરમી વધારી દે છે ને તે ગરમી શરીરમાં-

બાહર અંદર બળતરા પેદા કરે છે; તેથી બેશુદ્ધિ, ગળું તાળવું મ્હોંનું અત્યંત સૂકાવું. એ ચિન્હો જણાય છે.)૩૫-૩૬

(ઉન્માદ રોગના કેટલા ભેદ છે?)

उन्मादाः षट् समाख्यातास्त्रिभिर्दोषैस्त्रयश्च ते ॥
सन्निपाताद्विषाज्ज्ञेयः षष्ठो दुःखेन चेतसः ॥ ३७ ॥

ઉન્માદ રોગ ૭ જાતનો છે એટલે કે-વાતોન્માદ, પિત્તોન્માદ, કફોન્માદ, સન્નિપાતોન્માદ, વિષોન્માદ અને માનસ દુઃખોન્માદ એ ૭ પ્રકાર છે.

(વાતોન્માદમાં ચિંતાદિ વાતકોપનાં કારણો કરવાને લીધે ખિન્ન થયેલા મનવાળા જનની બુદ્ધિ-યાદી નષ્ટ થતાં વગર પ્રસંગે હસવું, રોવું, ગાવું, ચમકવું વગેરે ચાળાને જન્મ મળે છે. તથા રોગીનું શરીર પાતળું ખરબચડું ને ત્રાંબાના રંગ જેવું થાય છે અને અન્ન પાચન ન થતાં દર્દનું જોર વધારે જણાવા લાગે છે.

પિત્તકોપના ગાંડાપણામાં-અધકચ્ચું-તીખું-ખાટું-ઉન્હું-બળતરા કરનારૂં ભોજન કરવાથી એકઠું થયેલું પિત્ત આકરા વેગથી જેનું મન વશ નથી એવા મનુષ્યના હૃદયમાં દાખલ થઈ ગાવું, નાચવું, રોવું વગેરેને પેદા કરે છે અને કોઇપણ વાત કે પદાર્થ ન સહેવાય તેવું તે અસહનશીળ થાય છે, તથા હાથ પગ પછાડે, નાગો થઈ જાય, ચમકે-ડરે-નાસવા લાગે, શરીર તપે, ચીડિયું બને-ક્રોધ કરે, અને ટાઢું પાણી-ટાઢી છાયા-ટાઢો ખોરાક સારો લાગે, તથા મ્હોં પીળું થઇ જાય છે.

કફકોપના ઉન્માદમાં-ઓછી-કાચી ભૂખમાં પેટભરી ભોજન કર્યા છતાં જરાપણ મહેનત કરવામાં ન આવે તેવા મનુષ્યનો પિત્ત યુક્ત કફ હૃદયમાં બહુજ વધી પડયા પછી તે બુદ્ધિ-યાદદાસ્તી અને મનની શક્તિને હાની પહોંચાડે છે, તથા મોહિત કરી તે શરીરમાં ઉન્માદને પેદા કરે છે. તેથી રોગી ઓછું બોલે, અન્નપર અભાવો રાખે, ઉલટી થાય, લાળ પડે, જમ્યા કેડે રોગનું જોર વધે, સ્ત્રી ઉપર બહુ વ્હાલ રાખે, એકાંતવાસમાં આનંદ માને, અને બહુ ઉંઘ્યા કરે, તથા જીભ-પેશાબ-આંખ્યો વગેરેનો રંગ ધોળો જણાય છે.

સન્નિપાતના ઉન્માદમાં-બધા દોષોના કોપથી કે તેનાં સંપૂર્ણ કારણોથી ત્રિદોષ કોપતાં થયેલો ઉન્માદ ઘણોજ ભયંકર ત્રણે દોષોના

લક્ષણુ સહિત અસાધ્ય હોય છે માટે તેના ઉપાયમાં વૈદ્યે યશની આશા રાખવી નહીં.

શોકથી થયેલા ઉન્માદમાં-ચોર-સરકારી માણુસો-દુશ્મન કે બીજા કોઇના ત્રાસથી, સિંહ-વાઘ-હાથી-સાપ વગેરેના ભયથી, વ્હાલા મનુષ્ય કે ધનનો નાશ થવાથી અને ઇચ્છેલી સ્ત્રીના મિલાપમાં તલપી રહેલા મનોવેગથી હૃદય અત્યંત દુઃખ પામતાં ઉન્માદ રોગ થઈ આવે છે તેથી મરજી મુજબ લવે, વખતે છાનીં વાત પણુ બોલી ઉઠે વા બતાવી દે, સમજશક્તિ વિપરિત થાય અને ગાય, હસે તથા કેવળ મૂર્ખની પેઠેજ ચેષ્ટા કરવા માંડે છે.

ઝેરથી થયેલા ઉન્માદમાં-રોગીની આંખ્યો લાલ થાય, ઇંદ્રિયો અને શરીરની કાંતિ નાશ પામે, દીન તેમજ શંકડો બની જતાં મ્હોં કાળું પડી જાય અને બે શુદ્ધિ વધી પડે છે.

ઉન્માદનાં અસાધ્ય લક્ષણુ-જે રોગીનું માથું ઉંચું કે નીચું જ રહ્યા કરે, બળ માંસ ક્ષીણુ થઇ ગયાં હોય, હાડપિંજર જણાતું હોય, અને ઉંઘ આવતીજ ન હોય તે રોગી મરીજ જાય છે.) ૩૭

(ભૂતોન્માદ રોગ કેવી રીતિનો હોય ?)

भूतोन्मादा विंशतिः स्युस्ते देवाद्दानवादपि ॥
गंधर्वात्किन्नराद्यक्षात्पितृभ्यो गुरुशापतः ॥ ३८ ॥
प्रेताच्च गुह्यकाद्वृद्धात्सिद्धाद्भूतात्पिशाचतः ॥
जलादिदेवतायाश्च नागाच्च ब्रह्मराक्षसात् ॥ ३९ ॥
राक्षसादपि कूष्मांडात् कृत्यावेतालयोरपि ॥

ભૂતના વળગાડથી થનારો ઉન્માદ રોગ-વીસ જાતનો છે, એટલે કે-દેવોન્માદ ૧, દાનવોન્માદ ૨, ગાંધર્વોન્માદ ૩, કિન્નરોન્માદ ૪, યક્ષોન્માદ ૫, પિતૃભ્યોન્માદ ૬, ગુરૂશાપોન્માદ ૭, પ્રેતોન્માદ ૮, ગુહ્યકોન્માદ ૯, વૃદ્ધશાપોન્માદ ૧૦, સિદ્ધશાપોન્માદ ૧૧, ભૂતોન્માદ ૧૨, પિશાચોન્માદ ૧૩, જલાદિદેવોન્માદ ૧૪, નાગોન્માદ ૧૫, બ્રહ્મ-રાક્ષસોન્માદ ૧૬, રાક્ષસોન્માદ ૧૭, કુષ્માંડોન્માદ ૧૮, કૃત્યોન્માદ ૧૯, અને વેતાલોન્માદ ૨૦, એમ ૨૦ ભેદ છે,

(**ભૂતદોષથી** થયેલા ઉન્માદવાળાની વાણી-પરાક્રમ-બળ શરી-

રનો વ્યાપાર-એટલે કે ખાવું પીવું વગેરે; તત્વજ્ઞાન-શિલ્પ વગેરે હુન્નર ધંધાનું જ્ઞાન-યાદદાસ્તી આદિ સાધારણ માણસો કરતાં કંઇ ચમત્કારિક પ્રકારનાંજ હોય છે, અને તેનો વેગ આવવાનો સમય ચોક્સ ટાઇમસર હોય છે. આથી ઉન્માદ ને ભૂતોન્માદ જૂદો કહી બતાવેલો છે.)

દેવોના વળગાડથી થયેલા ઉન્માદવાળો રોગી હમેશાં સંતોષવંત પવિત્ર રહે, તેના શરીરમાંથી ઉમદા ફુલોના સરખી સુગંધી આવતી હોય, ઉંઘ આળસ વગરનો હોવાથી તેની આંખ્યોનાં પોપચાં જરાવાર પણ વીંચાતાં નથી, સાચું અને સંસ્કૃત બોલ્યા કરે; તેજસ્વી-સ્થિર દૃષ્ટિવંત-વરદાન-આશિર્વાદ દેનાર અને બ્રાહ્મણ પર પ્રીતિ રાખનાર હોય છે.

દાનવોન્માદનો રોગી બહુ પરશેવા વાળો, બ્રાહ્મણ-ગુરૂ-દેવની નિંદા કરનાર, દરેક પદાર્થને વાંકી નજરેથી જોનાર, ભય-ધાસ્તીથી બેપરવાહ રહેનાર, વેદવિરૂદ્ધ માર્ગે ચાલનાર, અન્ન પાણી વગેરેથી અતૃપ્ત રહેનાર, પાપભરી નીચ બુદ્ધિ ધરનાર તથા દીર્ઘ કોપવંત હોય છે.

ગંધર્વના વળગાડવાળાનું મન હર્ષ સહિત, નદીકિનારે કે બાગ બગીચામાં રહેવામાં રૂચિવંત, શુદ્ધાચરણવંત, ગાયન-સુગંધી-કોમળ -પવિત્ર પદાર્થોપર રૂચિ રાખનાર અને નાચ પર પ્રીતિ તથા મધુર પ્રિય મંદ ભાષણયુક્ત મંદ હાસ્યવંત હોય છે.

કિન્નરના વળગાડવાળાનાં લક્ષણ પણ ગંધર્વના વળગાડ જેવાંજ હોય છે,

યક્ષના વળગાડવાળાની આંખ્યો રાતી રહે, તેને સુંદર ઝીણાં ને રાતાં કપડાં પહેરવાં ગમે, તેમજ તે ગંભીર સ્વભાવવંત, ઉતાવળે ચાલનાર, જરૂર વખતે થોડું બોલનાર, સહનશીળ, તેજસ્વી ઉદાર અને પરોપકાર વૃત્તિવંત હોય છે.

પિતૃના વળગાડવાળો :રોગી ડાભના ઉપર પિતૃઓને પીંડ આપ્યા કરે, ભ્રમિત રહે, ખભે રાખવાનું કપડું અવળું નાખી-જમણે ઉત્તરાસંગ નાખવાને બદલે ડાબે ખભે નાખી તર્પણ કર્યા કરે, માંસ ખાવાની મરજી થાય, તલ ગોળ અને ખીર ઉપર ભાવનાવંત રહે તથા મરી ગયેલા માબાપોની ભક્તિ કરે છે.

ગુરૂના શાપથી થનારા ઉન્માદ રોગીનાં લક્ષણો પ્રેતોન્માદ જેવાં હોય છે. તેમજ પ્રેતના વળગાડના તથા ગુહ્યક, વૃદ્ધજનશાપ, સિદ્ધશાપ અને ભૂતના વળગાડવાળાનાં પણ લક્ષણો તેવાં જ હોય છે.

પિશાચના વળગાડથી થયેલા ઉન્માદવાળો રોગી નાગો ફર્યા કરે, શરીર સૂકાઇ તેજ રહિત થએલો, ખરસટ સ્પર્શવંત, બહુ બકનાર, અપવિત્ર, દુર્ગંધવંત, અન્ન પાણી વગેરે જોઇ ટળકવો થનાર, બહુ જમનાર, એકાંત–ઉજડ જંગલમાં રહેવામાં રૂચિવંત, વિરૂદ્ધ ચેષ્ટાવાળો, અને રોયાં કરનાર હોય છે.

જળદેવ, થળદેવ કે અપ્સરા વગેરેના વળગાડવાળો રોગી અનુમાન કરવાથીજ ઓળખાય તેવો હોય છે.

નાગદેવતાના વળગાડથી થયેલા ઉન્માદવાળો–ભોંયપર લોટયા કરે, છાતીવરાણીએ ચાલે, સાપની પેઠે પોતાના હોઠ ચાટયા કરે, હમેશાં ગુસ્સાવંત રહે, અને ગોળ–મધ–દૂધ–ખીર ખાવાની ઇચ્છાવંત હોય છે.

બ્રહ્મરાક્ષસના વળગાડવાળો, દેવ બ્રાહ્મણ ગુરૂનો દ્વેષ કરનાર, વેદ ને વેદાંગનો ભણેલો, તુરત પીડા કરનાર અને હિંસાથી દૂર રહેનાર હોય છે.

રાક્ષસના વળગાડવાળો–માંસ, લોહી અને અનેક જાતના દારૂ પીવામાં પ્રીતિ રાખનાર, નિર્લજ, નિર્દય, શૂરવીર, ક્રોધી, બળવાન્, રાત્રે ભટકનાર અને સારાં કામોપર દ્વેષ કરનાર હોય છે.

કુષ્માંડ, કૃત્યા અને વેતાળના વળગાડવાળાનાં અનુમાનથી લક્ષણો જાણી લેવાં.) ૩૮–૩૯

(અપસ્માર–વાઇ–ફેફરૂં એટલે શું ?)

अपस्मारश्चतुर्धा स्यात् समीरात्पित्ततस्तथा ॥ ४० ॥
श्लेष्मणोऽपि तृतीयः स्याच्चतुर्थः सन्निपाततः

અપસ્માર એટલે **વાઈ** આવવી અથવા **ફેફરૂં**–મીરઘી આવવી તે રોગ ચાર જાતનો છે. એટલે કે વાયુથી, પિત્તથી, કફથી અને ત્રિદોષથી થનાર એમ ૪ પ્રકારનો છે.

(**વાયુના** કોપથી આવનારી વાઇમાં–રોગી કંપ્યા કરે, દાંત કચડે, લાળ પડયા કરે, શ્વાસ ભર્યા કરે, અને આસમાની રંગના દોડી આવતા પુરૂષને દેખે છે.

પિત્તકોપની વાઇમાં–મ્હોંઢે પીળાં ફીણુ આવે, શરીર–આંખ્યો–મ્હોં પીળાં થઇ જાય, તરશ લાગે, ગરમીની સાથે અગ્નિથી વ્યાપ્ત યલલ જગત દેખાય, અને પીળા લોહીના રંગ જેવી વસ્તુ તથા પીળા રંગનો દોડી આવતો પુરૂષ દેખે છે.

કફકોપની વાઇમાં–મ્હોં, આંખ્યો, મીણ, શરીર એ બધાં સફેદ દેખાય, શરીર શીતળ રહે, રૂંવાડાં ઉભાં થઇ આવે, ભારે અને સર્વ વસ્તુ સફેદ દેખી ધોળા રંગના પુરૂષને પોતાની સ્હામે ધસી આવતો દેખે. વાયુ ને પિત્તકોપની વાઇ કરતાં કફકોપની વાઈમાં ચેતન મોડું આવે છે.

ત્રિદોષકોપથી આવનારી વાઇમાં ત્રણે દોષોનાં લક્ષણો દેખાય છે. તે રોગી ક્ષીણ થઇ ગયેલ હોય કે લાંબા વખતથી પીડાતો હોય તો તેને સારૂં થતું નથી.) ૪૦

(આમવાત કેટલી જાતનો છે ?)

चत्वारश्चामवाताः स्युर्वातपित्तकफैस्त्रिधा ॥ ४१ ॥
चतुर्थः सन्निपाताच्च

આમવાત ચાર પ્રકારનો છે એટલે કે વાતામવાત, પિત્તામવાત, કફામવાત અને સંન્નિપાતામવાત એમ ૪ ભેદનો છે.

(જે રોગમાં અંગ ત્રોડ, અરૂચિ, શોષ, આળસ, ભારેપણું, તાવ, અપચો અને શરીરમાં શૂન્યતા થાય તે રોગને આમવાત કહે છે.

વાયુના આમવાતમાં શૂળ, પિત્તના આમવાતમાં બળતર તથા રતાશ, કફ સંબંધી આમબાતમાં શરીરની અંદર ભીનાશ, ભારેપણું અને ચળ હોય છે. તેમજ ત્રિદોષના આમવાતમાં ત્રણે દોષોનાં લક્ષણ હોય છે.) ૪૧

(શૂળ રોગ કેટલી જાતનો છે ?)

शूलान्यष्टौ बुधा जगुः ॥
पृथग्दोषैस्त्रिधा द्वंद्वभेदेन त्रिविधान्यपि ॥ ४२ ॥
आमेन सप्तमं प्रोक्तं सन्निपातेन चाष्टमम् ॥

શૂળનો રોગ આઠ જાતનો છે એટલે કે–વાતશૂળ, પિત્તશૂળ, કફશૂળ, વાતપિત્તશૂળ, વાતકફશૂળ, પિત્તકફશૂળ, આમશૂળ અને ત્રિદોષશૂળ એમ ૮ ભેદ છે.

(દરેક જાતના શૂળમાં વાયુ મુખ્યતા ધરાવનાર હોય છે; તોપણ દોષ ભેદથી આઠ ભેદ છે. તેમાં વાયુકોપ પામવાનાં કારણો એટલે કે દંડ, કસરત, પંથ, સ્ત્રીસેવન, ઉજાગરો, ઠંડા પાણીના પીવાથી, વટાણા, મગ, ઝાલર, તુવેર, કોદરા, અને લુખા પદાર્થો

વેગેરેનો અત્યંત ઉપયોગ કરવાથી, જમ્યાપર ફરી જમવાથી, માર વાગવાથી, કસાયલાં કડવાં પલાળેલાં ધાન્ય કે જેમાંથી સણુગા ફૂટ્યા હોય તેવાં ધાન્યો ખાવાથી, વિરૂદ્ધાહાર કરવાથી, સૂકા માંસના સેવનથી, શાકની સુકવણી કે કાચરી ખાવાથી, મળમૂત્ર વાસંચાર વગેરેના વેગો રોકવાથી, શોકથી, બહુ હસવાથી, અને વિશેષ લવારો કરવાથી વાયુ કોપ પામીને છાતી, પાંસળાં, બરડો, કરોડની નીચેના ત્રણુ હાડકાં ભેગાં થાય છે ત્યાં, કમર અને પેઢુમાં શૂળ પેદા કરે છે. તે શૂળ અન્ન પચ્યા પછી, સંધ્યા વખતે, વર્ષાઋતુમાં કે ટાઢ બહુ પડે તે દિવસે વધારે જોર કરે છે ને પાછું શમી જાય છે; પણુ વારંવાર શૂળો ફૂટવાથી મળ મૂત્ર વગેરેની કબજિયત થાય છે, સોયો ભોંકાયા જેવી પીડા તથા ભેદ થાય છે. પરશેવો વળે તેવાં, શરીરે ચોળવાનાં વાતહર તેલો ચોળવાની તથા રગડવાની કે ચીકટું ઉન્હું અન્ન જમવાની ક્રિયાને ઉપયોગમાં લેવાથી શૂળ રોગ બંધ પડે છે.

તેમજ જવખાર જેવા ખારા, મરચાં જેવાં તીખા, તથા ગરમ અને બળતરા કરનારા પદાર્થો સેવવાથી, તેલ-વાલ-વટાણુા-તલનો ખોળ-કલથીની લાપસી-તીખું-ખાટું-કાંજી કે બોર ખાવાથી, દારૂથી બનતા પદાર્થોના સેવનથી, ક્રોધથી, અગ્નિ પાસે બેસવાથી, વિશેષ મહેનતથી, આકરા તડકામાં ફરવાથી, નિયમ વિનાનો સ્ત્રી સમાગમ કરવાથી કે શેકેલું અન્ન ખાવાથી **પિત્તકોપ** પામીને ડુંટીમાં શૂળ પેદા કરે છે. એ શૂળ-તરશ-મોહ-બળતરા-પીડા-પરશેવો-મૂર્છા-ભ્રમ અને શોષ વગેરે ઉપદ્રવો યુક્ત હોય છે. અને તે બપોરની વખતે મધ્યરાત્રિયે, અન્ન પચવાની વખતે, શરદ ઋતુમાં કે વર્ષાકાળે વધારે જોર કરે છે; પણુ શીત કાળે શીત પદાર્થોથી અને બહુજ ઠંડા તથા મીઠા અન્નના જમવાથી તે શૂળ શમી જાય છે.

પાણીની પાસે રહેનારાં પંખીઓનાં માંસ ખાવાથી કે છાશ-દહીં-ઘી-માંખણુ-માંસ-શેલડીનો રસ-લોટના પદાર્થો-ખીચડી-તેલ-પૂરી કચોરી અને કફકારક પદાર્થોના ખાવાથી **કફકોપ** પામી આમાશયમાં શૂળ પેદા કરે છે. એથી તે બેચેની-ઉધરસ-ગ્લાનિ-અરૂચિ-લાળનું પડવું-માથામાં ભારેપણું-પેટનું પથરા જેવું ભારે થવું વગેરે ઉપદ્રવો યુક્ત હોય છે. અને તે સૂર્યોદય વખતે, શિશિરઋતુમાં, તથા વસંતઋતુમાં ઘણું જોર બતાવી બહુ પીડા કરે છે. બળતરાવાળા તાવ લાવનાર ભયંકર શૂળને **વાતપિત્તના કોપનું શૂળ** કહે

છે. કુખમાં–છાતીમાં–ડુંટીમાં અને પસવાડાંમાં શૂળ ફૂટનારને **પિત્તકફનું** શૂળ કહેછે. પેડુ–છાતી–કંઠ–અને પસવાડામાં નીકળનારા શૂળને **કફ-વાતનું** શૂળ કહે છે. પેડુમાં ગડબડાટ–છાતીમાં પીડા–ઉલટી–શરીર જડ–આફરો હોય અને મોંથી કફ પડે તેવા શૂળને **આમશૂળ** કહે છે.

જેમાં ત્રણ દોષનાં લક્ષણો જણાય તેને ત્રિદોષશૂળ કહે છે.

એક દોષવાળું શૂળ સાધ્ય, બે દોષવાળુ કષ્ટસાધ્ય અને ત્રણ દોષવાળું અસાધ્ય છે. અથવા જે શૂળ ઘણા ઉપદ્રવો યુક્ત હોય, કિંવા જેનાં માંસ–બળ–ને જઠરાગ્નિ ક્ષીણ થઈ ગયેલ હોય તેવાને આવતું શૂળ પણ અસાધ્ય છે) ૪૨

(પરિણામ શૂળ કોને કહે છે ?)

परिणामभवं शूलमष्टधा परिकीर्तितम् ॥४३॥
मलैर्यैः शूलसंख्या स्यात्तैरेव परिणाजम् ।

પરિણામ શૂળ એને કહેવામાં આવે છે કે ભોજન પચવાની વખતે શૂળ નીકળે, તે પરિણામ શૂળના આઠ ભેદ છે. વાતપરિણામ શૂળ, પિત્તપરિણામ શૂળ, કફપરિણામ શૂળ, વાતપિત્ત પરિણામ શૂળ, વાતકફ પરિણામ શૂળ, પિત્તકફ પરિણામ શૂળ, આમપરિણામ શૂળ, અને સન્નિપાત પરિણામ શૂળ એમ આઠ પ્રકારનું છે.) ૪૩

(અન્નદ્રવ શૂળ અને જરત્પિત્ત શૂળ કોને કહે છે ?)

अन्नद्रवभवं शूलं जरत्पित्तभवं तथा ॥४४॥
एकैकं गणितं सुज्ञैः ॥

અન્નદ્રવ શૂળ તથા જરત્પિત્ત શૂળ એક એક ભેદનુંજ છે.

(અન્ન પચિ ગયું હોય કે પચતું હોય કિંવા અજીર્ણ હોય તે વખતે હમેશાં જે શૂળ નીકળ્યા કરે અને તે પણ એક સરખું નીકળ્યા કરે, તેમજ પથ્ય સેવનથી, અથવા જમ્યાથી કે ન જમ્યાથી પણ શમતું નથી તેને અન્નદ્રવ શૂળ કહે છે. આ શૂળ ત્રિદોષ વિકારનો એક ભેદ છે, છતાં પણ અસાધ્ય નથી; કેમકે તેનાપર ઓષડ આપવાની સુજ્ઞ વૈદ્યોએ ભલામણ કરેલી છે.

જે આમ્લપિત્તને અનુસરી શૂળ નીકળે છે તે શૂળને જર-ત્પિત્ત શૂળ કહે છે.) ૪૪

(ઉદાવર્ત્ત રોગ કોને કહે છે ?)

उदावर्त्तास्त्रयोदश ॥ एकः क्षुधानिग्रहज-
स्तृष्णारोधाद्द्वितीयकः ॥४५॥
निद्राघातात्तृतीयः स्याच्चतुर्थः श्वासनिग्रहात् ॥
छर्दिरोधात्पंचमः स्यात्षष्टः क्षवथुनिग्रहात् ॥ ॥४६॥
जृम्भारोधात्सप्तमः स्यादुद्गारग्रहतोऽष्टमः ।
नवमः स्यादश्रुरोधाद्दशमः शुक्रधारणात् ॥ ॥४७॥
मूत्ररोधान्मलस्यापि रोधाद्वातविनिग्रहात् ।
उदावर्तास्त्रयश्चैते घोरोपद्रवकारकाः ॥४८॥

ઉદાવર્ત રોગ તેર જાતના વેગો રોકવાથી થાય છે તેથી તે તેર પ્રકારનો છે; એટલે કે ભૂખ રોકવાથી થયેલો-ક્ષુન્નિરોધજ, તરશ રોકવાથી થયેલો-તૃષાનિરોધજ, ઉંઘ રોકવાથી થયેલો-નિદ્રાનિરોધજ, ચડેલા શ્વાસને રોકવાથી થયેલો-શ્વાસનિરોધજ ઉલટી રોકવાથી થયેલો-છર્દિનિરોધજ, છીંક રોકવાથી થયેલો-ક્ષવથુ નિરોધજ, બગાસું રોકવાથી થયેલો-જૃંભાનિરોધજ, ઓડકાર રોકવાથી થયેલો-ઉદ્ગારનિરોધજ, આંસુ રોકવાથી થયેલો-અશ્રુનિરોધજ, સ્ત્રી સંગની ઈચ્છા રોકવાથી થયેલો-શુક્રરોધજ, પેશાબની હાજત રોકવાથી થયેલો-મૂત્રનિરોધજ, દસ્તની શંકા રોકવાથી થયેલો-મળરોધજ અને વાસંચારના રોકવાથી થયેલો વાતનિરોધજ-એમ તેર ભેદ છે. તેમાં પણ મળ, મૂત્ર ને વાયુ એ ત્રણેના વેગને રોકવાથી થયેલ ઉદાવર્ત્ત રોગ ભયંકર ઉપદ્રવ કરનાર છે.

(ખરી લાગેલી ભૂખને રોકવાથી ઘેન, અંગોમાં ત્રોડ, અરુચિ, થાક અને અગ્નિમંદતા-આટલા વિકાર પેદા થાય છે.

તરશને રોકવાથી-કંઠ, મ્હોં સૂકાય, બ્હેરાશ આવે અને છાતીમાં પીડા થાય છે.

ઉંઘને રોકવાથી-બગાસાં-અંગમાં ત્રોડ-આંખો અને માથામાં અત્યંત ભારેપણું, તથા ઘેન-એટલા વિકારો પેદા થાય છે.

ચડેલા શ્વાસને રોકવાથી-છાતીના રોગ, મોહ અને વાયુગોળો એ રોગો પેદા થાય છે.

ઉલટીને રોકવાથી-અંગોમાં ચળ, ચકામાં થાય, અરુચિ,

મ્હોંપર ઝાંઈ, સોજો, પાંડુરોગ, તાવ, કોઢ, ખાલી બકારી અને વિસર્પ-રતવા-એ રોગો પેદા થાય છે.

છીંકને રોકવાથી-ગર્દન પાછળની નસનું પકડાવું, માથામાં શૂળ, નીચેના ભાગ ભણી મ્હોનું વાંકું થવું, અર્ધાંગવાયુની સબળતા અને ઇંદ્રિયોનું દુર્બળ થવું-એ રોગો પેદા થાય છે.

બગાસું રોકવાથી-ગર્દન પાછળની રગ અને ગળું એ સ્તબ્ધ થઇ જાય છે, અને માથામાં વાયુથી થનારા વિકારો પેદા થાય, તથા આંખ કાન નાક ને મ્હોંના રોગો થાય છે.

ઓડકાર રોકવાથી-કંઠ અને મ્હોંમાં ભારેપણું લાગે, ચુંટી નાખવા જેવી આકરી પીડા થાય, શ્વાસ લેતાં પણ વિષમી વેદના થાય અને હેડકી જેવા વાયુમાંથી પેદા થનારા ભયંકર રોગો પેદા થાય છે.

આંસુ રોકવાથી-માથામાં ભારેપણું, આંખ્યોના રોગ અને શળેખમ-એ જોસભર્યાં થઈ આવે છે.

રતિવિલાસ સમય બંધેજની દવાથી કે કોઇ અન્ય પ્રકારવડે **વીર્યને** રોકવાથી પેઢુંમાં સોજો, ગુદા અને વૃષણમાં પીડા, મૂત્રનું બહુ કષ્ટથી ઉતરવું, વીર્ય સંબંધી પથરીનું થવું અને વીર્યપાત થયાં કરવો-એ રોગો પેદા થાય છે.

પેશાબને રોકવાથી-પેઢુંમાં અને ગુહ્યેંદ્રિમાં પીડા, મૂત્રનું મુશ્કેલીથી ઉતરવું, માથામાં પીડા, પીડાને લીધે શરીર સીધું ન થવું અને પેટમાં આફરાનું ચડવું-એટલા વિકાર પેદા થાય છે.

દસ્ત રોકવાથી-ગડગડાટ થાય, શૂળ આવે, ગુદામાં કાતર મ્હેલ્યા જેવી પીડા થાય, દસ્ત ન ઉતરે, ઓડકાર ન આવે, અથવા મળ મ્હોંની વાટે થઈ બાહાર નીકળે છે.

વાસંચારના રોકવાથી-અધોવાયુ, મળ, મૂત્ર બંધ થાય, પેટ ફુલે, ઓચિંતો થાક, પેટમાં વાયુની પીડા અને બીજી વાયુપીડા પણ થાય છે.)

(અનાહ રોગ કેટલા પ્રકારનો છે ?)

आनाहो द्विविधः प्रोक्तः एकः पक्वाशयोद्भवः ।
आमाशयोद्भवश्चान्यः प्रत्यानाहः स कथ्यते ॥४९॥

અનાહ રોગ બે પ્રકારનો છે એટલેકે એક પક્વાશય (હાજરી)

માં થવાથી પેટને ફુલાવે છે અને બીજો આમાશયમાં થવાથી પણ આફરો ચડાવે છે તેને પ્રત્યાનાહ કહે છે. આમ આફરો ચડવાના બે પ્રકાર છે.

(અનાહ-આફરો એને કહે છે કે આમ અથવા વિષ્ટા ક્રમે કરી સંચિત થઇને વિગુણ વાયુથી વારંવાર. વિબદ્ધ થઇને પોતાના માર્ગની અંદર સારી રીતે પ્રવૃત થાય નહિ તેને અનાહ અથવા આફરો કહે છે.

પકવાશયની અંદર અનાહ રોગ થવાથી આધ્માન, વાતરોધાદિ આલસ રોગોક્ત લક્ષણો થાય છે, અને આમથી પ્રકટ થનારા અનાહ રોગમાં તરશ, શલેખમ, માથામાં બળતરા, આમાશયમાં શૂળ, શરીરમાં ભારેપણું, છાતીનું સજડ થવું, સણકા, મૂર્છા, ઓડકાર, કમર, પીઠ, મળ, મૂત્ર એઓનું અટકી જવું, શ્વાસનું ચડવું અને મળની ઉલટી થવી-એ લક્ષણો દૃષ્ટિગોચર થાય છે. પણ જો પકવાશયમાંથી આફરાનો વ્યાધિ ઉઠયો હોય તો અલસક રોગમાં કહેવાઈ ગયેલા આધ્માન વાત રોગાદિ લક્ષણો નજરે પડે છે.

આ રોગ તરશથી પીડાતાને, ખેદ પામેલાને, ક્ષીણ થયેલાને, શૂળથી પીડાતાને અને મ્હોની વાટે મળની ઉલટી કરનારને થયો હોય તો તે રોગી મરી જાય છે.)

(ઉરોગ્રહ રોગના કેટલા પ્રકાર છે?)

उरोग्रहस्तथा चैको ॥

ઉરોગ્રહ રોગ એકજ પ્રકારનો છે.

(લોહી માંસ બરલ અને લીંહુર એઓની ઉરોગ્રહ રોગ થવાની વખતે વૃદ્ધિ થાય છે અને વાતાદિ દોષ કોપ પામીને રસધાતુને દૂષિત કરી હૃદયમાં જઈને હૃદયને પીડા કરે છે તેને ઉરોગ્રહ એટલે કે છાતીમાં ખીંચાવા જેવી પીડા થવાનો રોગ કહે છે. આ રોગ હૃદરોગનોજ ભેદ છે; તથાપિ કેટલાંક કારણને લીધે એને અલગ પાડેલો છે.)

(હૃદ્રોગ એટલે શું અને તેના કેટલા પ્રકાર છે?)

हृद्रोगाः पंच कीर्तिताः ॥
वातादिभिस्त्रयः मोक्ताश्चतुर्थः सन्निपाततः ॥५०॥

पंचमः कृमिसंजातः

હૃદ્‌રોગ એટલે કોપ પામેલા વાતપિત્તાદિ દોષ હ્રદયમાં રહેલા રસને બગાડી હ્રદયમાં ઘણી જાતની પીડાઓ પેદા કરે છે તે રોગ પાંચ પ્રકારનો છે—અર્થાત્ વાતહૃદ્રોગ. પિત્તહૃદ્રોગ, કફહૃદ્રોગ, સન્નિપાતજ હૃદ્રોગ અને કૃમિજન્મ હૃદ્રોગ—એમ પાંચ ભેદ છે.

(વાયુકોપના હ્રદય રોગમાં—છાતીમાં ખીંચતાણ થયા સરખી સોયોના ભોંકાવા સરખી, તથા છાતી ફાડવા તોડવા જેવી અને મથવા જેવી પીડા થાય છે.

પિત્ત હૃદ્રોગમાં—તરશ, કંઈક બળતર, મોહ, છાતિમાંથી ધુમાડા નીકળવાનો દેખાવ, મૂર્છા અને મ્હોનું સૂકાવું—એ ચિન્હ થાય છે.

કફના હૃદ્રોગમાં ભારેપણું, કફનું પડવું, અરૂચિ, હ્રદયનું સજડ થવું, મંદાગ્નિ અને મ્હોંમાં મીઠાશ—એટલાં ચિન્હ હોય છે.

ત્રિદોષના હૃદ્રોગમાં ત્રણે દોષનાં ચિન્હો હોય છે. આ રોગમાં કંઇ કુપથ્ય કરવામાં આવતાં ગાંઠ થઈ આવે છે તેમાં કૃમિ પેદા થાય છે એમ ચરકાચાર્યનું કથન છે.

કૃમિજન્ય હૃદ્રોગમાં—આકરી પીડા સાથ ચળ આવે છે, તથા બકારી આવવા સરખા ખાલી ઉબકા મોળ આવે છે અને સોયો ઘોંચ્યા સરખી વેદના તેમજ શૂળ, હૃલ્લાસ, અંધારાં આવવાં, અરૂચિ, આંખ્યોનું કાળું પડવું અને મ્હોંમાં શોષ—એટલાં લક્ષણો થાય છે.)

(ઉદર—પેટના રોગ કેટલા પ્રકારના છે?)

तथाऽष्टावुदराणि च ॥ वातात्पित्तात्कफात्त्रीणि त्रिदोषेभ्यो जलादपि ॥५१॥ प्लीह्नः क्षताद्बद्धगुदादष्टमं परिकीर्तितम्

ઉદર રોગના આઠ ભેદ છે એટલે કે—વાતોદર, પિત્તોદર, કફોદર, ત્રિદોષોદર, જલોદર, પ્લીહોદર (બરોળ), ક્ષતોદર અને બદ્ધગુદોદર (કડોદર) એમ આઠ જાતના પેટમાં થનારા રોગ છે.

(તમામ ઉદરરોગમાં આફરો, ચાલવામાં અશક્તિ, દુર્બળતા, મંદાગ્નિ, સોજો, અંગમાં ગ્લાનિ, અધોવાયુ તથા દસ્તનું રોકાવું, બળતરા અને ઘેન—એ બધાં લક્ષણો હોય છે.

વાતોદરમાં—હાથ પગ ડુંટી અને સ્તનોમાં સોજો, સાંધાઓમાં ત્રોડ, કુખ—પાસાં—પેટ ને કમરમાં પીડા, ખાલી ખાંસી, અંગોમાં તોડ,

કેડ નીચેના ભાગમાં ભારીપણું, હસ્તની કુબ્જીયત, ચામડી આંખ નખ વગેરેનું લાલ કાળું થવું, વગર કારણે પેટનું વધવું, ટાંકણીઓ ઘોચ્યા સરખી કે ચુંટી લેવા સરખી પીડા થવી, પેટની ચોમેર બારીક કાળી નસોનું દેખાવું, પેટપર ટકોરો મારવાથી પખાલ પર મારેલા ટકોરા સરખા અવાજનું બોલવું અને વાયુનું ચારે તરફ ફરવું થતાં શૂળ પેદા કરી ગડગડાટ શબ્દ થવો વગેરે લક્ષણો હોય છે.

પિત્તોદરમાં–તાવ, મૂર્છા, બળતરા, તરશ, મુખમાં વિરસતા, ભ્રમ, અતિસાર, ચામડી નખ નેત્રોમાં પીળાશ, પેટ પર લીલાશ છતાં તેપર રાતા રંગની રગોનું તરી આવવું, પરશેવાથી શરીર ભીનું રહેવું. શરીર ધીખતું રહેવું. મુખમાંથી ધુમાડાનું નીકળવું, પેટ ઉપર હાથ લાગતાં પોચું રૂ જેવું જણાવું, અન્નાહારનું જલ્દીથી પચી જવું અને તેમાં ઘણો દુખાવો થવો–એ લક્ષણો હોય છે.

કફોદરમાં અંગની અંદર ગ્લાનિ, શરીરે સ્પર્શ થતાં માલમ ન પડવું, સોજાનું આવવું, શરીરમાં ભારેપણું, ઉંઘમાં વધારો, બકારી થવાની શંકા, અન્નપર અભાવો, શ્વાસ, ઉધરસનું ચડવું, ચામડી નખ નેત્રાદિનો સફેદ રંગ થવો, પેટ નિશ્ચળ થતાં સ્પર્શ કરવાથી સ્નિગ્ધતા લાગવી અને પેટ પર ધોળી રગોનું ઉપસી આવવું–એ લક્ષણો હોય છે. કફોદરમાં પેટનું વધવું લાંબી મુદતે થાય છે, પેટે અડતાં કઠણ તથા શીતળ લાગે છે; અને જડ–સ્થિર રહે છે.

ત્રિદોષોદરમાં-દર્દિ વારંવાર બેભાન થાય છે, શરીરનો વર્ણ ધોળી પુણી જેવો થઈ તે પ્રતિદિન દુર્બળ થતો જાય છે અને તરશથી પીડા પામે છે. આ દૂષ્યોદર થવાનાં કારણો એ છે કેઃ–ખરાબ ચાલની સ્ત્રીઓ નખ વાળ મૂત્ર વિષ્ટા અટકાવનું રૂધિર વગેરે નઠારી વસ્તુઓ વડે પતિને વશ કરી પોતાની બુરી વાસના પાર પાડવાની ઈચ્છાએ ઠગારા મંત્રવાદિયોના કહેવાથી ખાધા પીધાના પદાર્થોમાં નાખીને ખવરાવે છે તેથી, અથવા દુશ્મન છાની રીતે જીવ લેવા કે પીડા આપવા ઝેરના પ્રયોગલાગ વગેરે કરે છે તેથી, અથવા પાણીમાં સાપ જેવાં ઝેરી જીવો રહેતાં હોય તેથી, અથવા પાણીમાં ઘાસ પાંદડાં પડી સડી ગયાં હોય તેવા પાણીના પીવાથી અને મંદ વિષનું સેવન કરવાથી રકત વાતાદિ દોષો તુરત વિકાર સહિત થઇ અત્યંત ભયંકર સન્નિપાતોદરને પેદા કરે છે. શિયાળામાં કિંવા જે દિવસે ટાઢો પવન ઘણો વાતો હોય ત્યારે કે વર્ષાદની ઝડી પડતી હોય તે વખતે આ વ્યાધિ ઘણું જોર

બતાવી બળતરા કરે છે, કેમકે તે સમય મંદવિષ વિશેષ કોપાયમાન થાય છે.

પ્લીહોદરમાં-(બરલ વધી પડતાં) રોગી બહુ દુર્બળ થઈ જાય છે, ઝીણો તાવ રહે છે, જઠરાગ્નિ મંદ થાય છે, બળની ક્ષીણતા થતાં શરીરનો રંગ ધોળી પુણી જેવો થાય છે અને કફ-પિત્તોદરનાં લક્ષણો નજરે પડે છે. આ દરદ, બળતરા કરનારાં અન્નોનું વારંવાર સેવન કરવાથી, દહીં જેવા કફકારી પદાર્થોના ખાવાથી વિકાર યુક્ત થયેલ લોહી અને કફ વધી પડી તેઓ બરોળને વધારી દે છે. એ ડાબી બાજુએ થાય છે. [જમણી બાજુએ કલેજું વધે છે તેને યકૃદાલ્યુદર રોગ કહે છે.]

જલોદરમાં-પેટ મોટું વધી તેની અંદર સ્ત્રીને પ્રસવ સમય થતી વેદના સરખી વેદના થાય છે. પાણીથી પેટ પૂરણ થયેલ જણાય છે એથી પાણીની ભરેલી પખાલમાં પાણી હાલે તેમ તે પેટમાંનું પાણી ડચક ડચક વાગે છે અને ગડગડાટ શબ્દ બોલી કાંપે છે. આ રોગ થવાનાં કારણો એ છે કે જે મનુષ્યે ઘી તેલ જેવા ચીકટા પદાર્થો પીધા હોય તેણે, તથા જેને અનુવાસન બસ્તિ લીધેલ હોય તેણે, તથા ઉલટી જુલાબ લીધેલ હોય તેણે, તથા ઝાડાની વાટે દસ્ત સાફ લાવવા કોઈ પ્રકારના ઓષડની પિચકારી મારવામાં આવી હોય તેણે જો તુરત ઠંડું પાણી પીધું હોય તો તેથી પાણી ફેલનારી નસોના રસ્તા તુરત બગડી જાય છે અને તે નળિયો ચીકટા પદાર્થોથી લેપાઈ જતાં ઉદરવિકારને જન્મ મળે છે.

ક્ષતોદરમાં-ગુદાની વાટે સ્રાવ થયાં કરે છે, ડુંટી નીચેનો ભાગ વધે છે અને ચુંટી લીધા તથા ચીર્યા જેવી પીડા થવાથી અત્યંત દુઃખ થાય છે. આ ક્ષતોદર થવાનું કારણ એજ કે-ખોરાકમાં ધૂળ, કાંટા વગેરે અન્નની સાથે મળી જઇ પેટમાં પહોંચી જતાં હોજરીમાં વાંકા થઇ પડવાથી આંતરડાંને ચીરી દે છે. [પણ જો સીધા જાય તો કશું નુકસાન થતું નથી.] તથા દાબીને ખાવાથી કે બગાસાં ખાવાથી આંતરડાઓમાં કાણાં પડે છે અથવા તો ચીરા પડે છે તેથી તેમાંનો પ્રવાહી પદાર્થ ટપકી ગુદાવાટે ઝરે છે. આ રોગને કેટલાક આચાર્યો પરિસ્ત્રાવી ઉદર કિંવા છિદ્રોદર પણ કહે છે.

બધ્ધગુદોદરમાં-રોગીનો વિકારયુક્ત મળ ધીરે ધીરે આંતરડાંના નળમાં થઈ જેમ સાવરણીથી વાળેલો કચરો ધીરે ધીરે વધારે

ભેગો થતો જાય તેમ તે મળ વધી પડે છે અને તે મળ મહા કષ્ટથી ગુદાવાટે થોડો થોડો બહાર નીકળે છે. જ્યારે મળનું નીકળવું બંધ થઈ જાય ત્યારે મળ દોષોએ કરીને ગુદાથી ઉપર આવી જાય છે એથી પેટ વધે છે–એટલે કે છાતીને ડુંટીના મધ્યમાં અન્નપકવ-સ્થાનની વૃદ્ધી થાય છે, એથી આ ઉદરને બદ્ધગુદોદર કહેવામાં આવે છે. અથવા તો ગુદા કે આંતરડાંને બદ્ધ કરવાથી બદ્ધગુદ કહેવાય છે.

ચરકાચાર્યનું તો એવું માનવું છે કે–મળદ્વારની અંદર આવા દુષ્ટ મળથી જાણે આંતરડાંઓનું જાળું બંધાઇ જતું હોય તેમ લાગે છે એથી એ રોગને બદ્ધગુદના નામથી ઓળખાવેલ છે.

આ રોગ જે પુરૂષનાં આંતરડાં લેપાઈ રહે તેવા અન્નથી [શાક વગેરે તથા વાળ ઝીણા ઝીણા કાંકરાઓથી] બદ્ધ થઇ જાય તેવા મનુષ્યનો દોષયુક્ત ઝાડો નળમાં એકઠો થઈ બદ્ધગુદોદરને જન્મ આપે છે. લોકો આ રોગને નળબંધ કે બંધકોષ પણ કહે છે?

બધી જાતના ઉદર રોગો દર્દીના પેટમાં પાણી ભરાઈ આવ્યા પછી જીવ લેનારા ગણાય છે; તો પણ આયુની પ્રબળતા હોય તો ક્વચિત્ મટે છે. બદ્ધગુદોદર પંદર દિવસ થયા પછી અસાધ્ય છે. છિદ્રોદર પણ અસાધ્ય છે, તો પણ યોગ્ય શસ્ત્રક્રિયા કરવામાં આવે તો વખતે દર્દી બચી જાય છે.

જે ઉદર રોગીનાં નેત્રો ફુલી આવ્યાં હોય, ગુહ્યેંદ્રિ વાંકી થઇ ગઈ હોય, પેટ ઉપરની ચામડી ભીની અને પાતળી થઈ ગઇ હોય અને બળ–લોહી–માંસ–જઠરાગ્નિ તદ્દન ક્ષીણ થઈ ગયાં હોય તે ઉદર રોગી કદી જીવતો નથી.)

(ગુલ્મ રોગ કેટલા પ્રકારના છે ?)

गुल्मास्त्वष्टौ समाख्याता वातपित्तकफैस्त्रयः ॥५२॥ द्वंद्वभेदात्त्रयः प्रोक्ताः सप्तमः सन्निपाततः ॥ रक्तस्त्वष्टम आख्यातः

ગુલ્મ—ગાંઠનો રોગ આઠ પ્રકારનો છે એટલે કે–વાતગુલ્મ, પિત્તગુલ્મ, કફગુલ્મ, વાતપિત્ત ગુલ્મ, વાતકફ ગુલ્મ, પિત્તકફ ગુલ્મ, સન્નિપાત ગુલ્મ અને રક્તગુલ્મ એ આઠ ભેદ છે.

(ગુલ્મ મિથ્યા આહાર વિહારથી અત્યંત વિકારવંત થયેલા

વાતાદિ દોષો પેટમાં ગાંઠના જેવા આઠ જાતના ગુલ્મ—ગોળા પેદા કરે છે અને તેનાં પાંચ સ્થાન છે—એટલે કે બે બાજુનાં બેઉ પાંસળાં—હૃદય—નાભિ—અને પેઢુ એ પાંચ છે. લોકો એને ગોળો ચડયાના નામથી ઓળખે છે.

વાયુવિકારનો ગોળો—કોઈ વખત ડુંટીમાં તો કોઇ વખત પાંસળાંમાં તો કોઈ વેળા પેઢુમાં ફરતો જણાય છે. તે ગોળો કદિ મોટો—કદિ ન્હાનો—કદિ લાંબો—કદિ થોડી વેદનાવાળો—કદિ ઘણી વેદનાવાળો અને કદિ સોયે ભોંકાયા જેવા ઉપદ્રવો યુક્ત હોય છે. આ ગોળાના રોગમાં ઝાડો અને વાછૂટ સાફ રીતે થઇ શકતાં નથી, ગળું અને મ્હોં સૂકાયા કરે છે, શરીરનો વર્ણ લીલો કે લાલ જણાય છે, ટાઢીઓ તાવ આવે છે, છાતી—કુખ—પાંસળાં—ખભા અને આંખ્યો દુખ્યા કરે છે, અન્ન પાચન થતાં ગોળો વધારે જોર કરી ફુલી આવે છે અને જમ્યા પછી તે કંઇક દબાય છે.

પિત્તવિકારનો ગુલ્મ—તાવ સહિત તથા તરશ—પરશેવો શરીરની અંદર બળતરા—મુખ, શરીરનો લાલ રંગ—એ લક્ષણો યુક્ત હોય છે અને અન્ન પાચન થતાં શૂળો ફુટે છે, તથા ગુંબડાની પેઠે ગાંઠપર હાથ અડકાડતાં સહન થઈ શકે નહીં તેવી આકરી વેદનાવંત હોય છે.

કફજન્ય ગુલ્મ—ગોળો—શરીરમાં ભીનાશ, શીતજ્વર, ગ્લાનિ ખાલી ઉલટી, ઉધરસ, અરૂચિ, ભારેપણું, ટાઢની કમકમાટી, ઓછી વેદના, ગુલ્મમાં કઠણાશ અને ઉંચાઈ એ લક્ષણોયુક્ત હોય છે.

વાતપિત્ત ગુલ્મમાં—વાત અને પિત્ત એ બેઉનાં લક્ષણો હોય છે.

પિત્તકફ ગુલ્મમાં—પિત્ત અને કફ એ બન્નેનાં ચિન્હો પ્રત્યક્ષ હોય છે.

કફવાત ગુલ્મમાં—કફ અને વાયુ એ બેઉનાં લક્ષણો નજરે આવે છે.

ત્રિદોષજન્ય ગુલ્મમાં—ત્રણે દોષોનાં ચિન્હો હોય છે, તેથી ભારી પીડાકારક, બળતરાથી પૂર્ણ, પથરા સમાન કઠણ, ઉંચી, જલ્દી બળતરા વડે ભય કરનાર, મન—શરીર—બળ—જઠરાગ્નિ એઓનો નાશ કરનાર અને ન મટે તેવી ગાંઠ હોય છે.

રક્તગુલ્મમાં—પેઢુની અંદર ગાંઠ બંધાય છે અને તે પીડા, બળતરા સહિત હોય છે. આ ગુલ્મ ફક્ત સ્ત્રીઓને જ થાય છે અને

તે પણ જે સ્ત્રી સુવાવડમાંથી તરત ઉઠેલી હોય કિંવા નવપ્રસૂતા હોય, અથવા અધુરે ગર્ભપાત થયાની પીડાવાળી હોય, અથવા તો રજસ્વળા થયેલી હોય તે વખતે તે સ્ત્રી કુપથ્ય ભોજન કરે તો તેથી વાયુ વિકાર યુક્ત થઈ છુપા ભાગથી બિગાડવાળા લોહીના સ્રાવનો ગોળો બનાવી દે છે. તે ગોળો વધતાં તમામ ગર્ભવતીનાં ચિન્હો (સ્તનની ડીટડીઓ કાળી પડવી, ભાવા અભાવા થવા, મ્હોંમાં મોળ આવવી, અટકાવ ન આવવો, ઉબકા વગેરે થવા, ધીરે ધીરે પેટનું વધવું, ગર્ભનું ફરકવું અને શરીરપર ફિકાશ આવવી વગેરે બધું) થાય છે; પરંતુ ગર્ભના અવયવો વેદના કર્યા વિના પેટમાં હાલ્યા કરે છે અને આમાં વેદના હોય છે, તથા આખો ગોળો ને ગોળો ફરે છે. તેમજ તે દશે મહીને પરિપક્વ થાય છે માટે તે મુદત વીત્યા પછી શસ્ત્ર ક્રિયા કે દવા વગેરે કરવી.

કેશવકલ્યાણ ગ્રંથના કર્ત્તા કેશવરાયે આ ગુલ્મનું નામ 'તરૂણી ગુલ્મ' આપેલું છે; કેમકે તે સ્ત્રીઓનેજ થાય છે, પણ ક્ષારપાણી કહે છે કે—ધાતુરૂપ રક્તગુલ્મ હોય તો પુરૂષોને પણ થાય છે.

જે ગુલ્મરોગીની ગાંઠે આખા પેટમાં છવાઈ ધાતુઓ સુધી મૂળ પહોંચાડી દીધાં હોય, તથા તેના પર નસોનાં જાળાં વિંટાઈ કાચબાની પીઠ સરખો દેખાવ કરી મૂકયો હોય તે ગુલ્મ રોગી બચતો નથી. તેમજ જે ગુલ્મરોગી અન્નદ્વેષી—ગભરાટ-સંતાપ-ઉધરસ-ઉલટી—તાવ—તરશ-ઉંઘ અને શળેખમ સહિત હોય તે પણ બચતો નથી. અને જે ગુલ્મરોગી ઉલટી કે પાતળા દસ્તોથી પીડાતો હોય, હાથ-પગ-ડુંટી-છાતીપર સોજા સહિત હોય છતાં તાવ-દમ થઈ આવે તે પણ મરી જાય છે. તેમજ દમ—શૂળ-તરસ-ગુલ્મની ગાંઠનું સ્થિર થઈ જવું, અશક્તતા વગેરેથી પીડાતો હોય તે ગુલ્મ રોગીને રામનામનું જ ઓષડ આપવું હિતકર છે.)

(મૂત્રઘાત રોગના કેટલા ભેદ છે?)

मूत्राघातास्त्रयोदश ॥ ५३ ॥ वातकुंडलिका पूर्वं वाताष्ठीलाततः परम् ॥ वातबस्तिस्तृतीयः स्यात् मूत्रातीतश्चतुर्थकः ॥५४॥ पंचमं मूत्रजठरं षष्ठो मूत्रक्षयः स्मृतः ॥ मूत्रोत्सर्गः सप्तमः स्यान्मूत्रग्रंथिस्तथाऽष्टमः ॥५५॥ मूत्रशुक्रं तु

नवमं विड्घातो दशमः स्मृतः ॥ मूत्रसादश्चोष्णवातो बस्ति कुंडलिका तथा ॥ ५६ त्रयोऽप्येते मूत्रघाताः पृथग्घोराः प्रकीर्तिताः

મૂત્રઘાત રોગ તેર પ્રકારનો છે-એટલે કે-વાતકુંડલિકા, વાતાષ્ટીલા, વાતબસ્તિ, મૂત્રાતીત, મૂત્રજઠર, મૂત્રક્ષય, મૂત્રોત્સર્ગ, મૂત્રગ્રન્થિ, મૂત્રશુક્ર, વિડ્ઘાત, મૂત્રસાદ, ઉષ્ણવાત અને બસ્તિકુંડલિકા-એવા તેર ભેદ છે. તેમાં પણ મૂત્રસાદ, ઉષ્ણવાત અને બસ્તિ કુંડલિકા એ ત્રણ તો ભયંકર દુઃખદાયી છે.

(મૂત્રઘાત એટલે કે જે રોગમાં પીડા થોડી છતાં મૂત્રનું રોકાણ વધારે થાય તે પેશાબની રોકાણના વ્યાધિને મૂત્રઘાત કહેવાય છે.

વાતકુંડલીમાં—પેશાબ થોડો થોડો પરાણે ઉતરે અને તણખા મારે છે.

આ રોગ લૂખા પદાર્થો ખાવાથી ઝાડા--પેશાબ વગેરેની હાજત રોકવાથી કોપ પામેલો વાયુ વેદનાયુક્ત મૂત્રને રોકી પછી તેની સ્વાભાવિક ગતિમાં વિપરિત થઈ વંટાળીઆની પેઠે ઘૂમતો ફરે તેથી પેશાબપીડા થાય છે.

વાતાષ્ટીલામાં-બસ્તી તથા ગુદા એઓને તે દુષ્ટ વાયુ ફુલાવી તેમના માર્ગને રોકી ચંચળ અને ઉંચી તથા પથરા જેવી કઠણ ગાંઠને પેદા કરે છે તે પેશાબના રસ્તાને રોકી આકરી પીડા કરે છે.

વાતબસ્તિમાં-જે મૂર્ખ મનુષ્ય પેશાબની હાજતને જિદથી રોકે છે તેના પેઢુમાંનો વાયુ બસ્તિનું મ્હોં બંધ કરે છે, તેથી પછી પેશાબ થઇ શકતો નથી ને તે વાયુ બસ્તિ (પેઢુ) અને કુખની અંદર પીડા યુક્ત થઈ રહે છે.

મૂત્રાતીતમાં-પેશાબની હાજત લાગ્યા છતાં લાંબા વખત લગી પરાણે પેશાબને દાબી રાખે છે તેથી તે રોકાયલો પેશાબ પછી જલ્દીથી ઉતરતો નથી; પણ ધીરે ધીરે થોડો થોડો ઉતરે છે.

મૂત્રજઠરમાં-પેશાબના વેગને રોકવાથી મૂત્રવેગધારણ જનિત અને ઉદાવર્ત્તના કારણભૂત અપાન વાયુ કોપાયમાન થઈ આફરો આવે છે, તથા ડુંટીની નીચે આધ્માન-[તીવ્ર પીડાસહ આફરો]

પેદા કરે છે. [એ અધો બસ્તિના વેગને રોકવાથી થનારા રોગને મૂત્રજઠર કહે છે.]

મૂત્રક્ષયમાં–જે મનુષ્યનું શરીર અંદરના રસાદિ સાતે ધાતુઓ સુકાઈ જવાથી જાંખરા જેવું લુખું થઇ ગયું હોય, તથા જે ખેદ (થાક), ચિંતાને લીધે દુર્બલ થઇ ગયેલ હોય તે મનુષ્યની બસ્તિમાંનું પિત્ત અને અપાન વાયુ મૂત્રનો ક્ષય કરે છે તેથી તણખા ઉઠી બળતરા થાય છે.

મૂત્રોત્સર્ગમાં–પેશાબ મળદ્વાર કે ગુહ્યેંદ્રિની અંદર અથવા તો ગુહ્યેંદ્રિના અગ્ર ભાગમાં આવીને એકદમ રોકાઈ જાય છે તેથી કરાંઝીને પરાણે પેશાબ કરતાં વાયુથી ગુહ્યેંદ્રિનું છિદ્ર ફાટી જઈ જે પેશાબ થાય છે તે ધીમે ધીમે ઘણો જ થોડો અને લોહીથી મળેલો થાય છે, તે વખતે તણખા મારે છે કિંવા વગર બળતરાએ પણ થાય છે.

મૂત્રગ્રંથીમાં–બસ્તિના મ્હોંમાં અણધારી એકદમ ગોળ, સ્થિર અને ન્હાની ગોળી કે ગાંઠ પેદા થાય અને તેની પીડા પથરીના જેવી હોય છે.

મૂત્રશુક્રમાં–પેશાબની હાજત થયા છતાં સ્ત્રીસમાગમ કરવામાં આવ્યાથી વાયુ શુક્ર–વીર્યને ઉડાવી સ્થાનભ્રષ્ટ કરે છે તેથી પેશાબ કરતાં અગાઉ કે પછી વીર્યપાત થાય છે તેનો રંગ રાખ મળેલા પાણી જેવો હોય છે.

વિડ્ઘાતમાં–સૂકાયલા અને દુર્બળ મનુષ્યના મળ (ઝાડા) ને જ્યારે વાયુ માર્ગભ્રષ્ટ કરી બહાર ખેંચી લાવે છે ત્યારે તે વિષ્ટા પેશાબના માર્ગમાં આવે છે તે સમય પેશાબ કરતાં પરાણે મૂત્ર છુટ થાય છે અને મૂત્રમાં દસ્ત મળેલો હોય છે જેથી તેની વાસના વિષ્ટા જેવી હોય છે.

મૂત્રસાદમાં–પિત્ત અથવા કફ અથવા એ બેઉ વાયુથી વિકારવંત થતાં પીળું-લાલ-સફેદ ને જાડું મૂત્ર પરાણે ઉતરે છે, તથા તેમાં બળતરા હોય છે અને તે પેશાબ સુકાઈ જતાં ગેરૂ ચંદન કે શંખના ભૂકા જેવા રંગનો કે એ બધા રંગના સરખો થઇ રહે છે.

ઉષ્ણવાત-ઉનવામાં–બહુજ કસરત કરવાથી, લાંબો પંથ કરવાથી–આકરા તાપમાં ઉઘાડા રખડવાથી કે શરીર તપવાથી વિકારયુક્ત

થયેલ પિત્ત પેઢુમાં દાખલ થઇ વાયુને મળી જતાં પેઢુ અંડકોષ અને ગુદામાં બળતરા કરે છે અને હળદર જેવા પીળા રંગનું છતાં સહેજ લાલાશ [લોહી] મિશ્રિત પેશાબ વારંવાર કષ્ટથી ઉતારે છે.

બસ્તિકુંડળીકામાં–જલદી જલદી ઘણો પંથ કરવાથી–લાંઘણો ઉપવાસો કરવાથી–હદ કરતાં વિશેષ શ્રમ–મહેનત કરવાથી–પત્થર વગેરેનો શરીર પર માર વાગવાથી કે કોઈ વસ્તુ પડવાના લીધે કચરાવાથી અને ઇંદ્રી ચોળાવાથી બસ્તિ પોતાનું સ્થળ તજી ઉપર જાય કે તે કદમાં વધી પડી ગર્ભની પેઠે કઠણ થાય છે–તેમાં શૂળ ધ્રુજરી અને બળતરા થઇ તેમાંથી એક એક ટીપું પેશાબ ટપકવા લાગે છે. જો વધારે પેશાબ લાવવા ઇંદ્રિને જોરથી દબાવવામાં આવે કે ચગદાય તો એકદમ ફુંવારાની પેઠે ધાર પડે છે, પણ થોડી વાર પછી ઇંદ્રિ પર સોજો માલમ પડે છે અને નાભિના નીચે સોયો ઘોંચાયા જેવી પીડા થાય છે. આ વ્યાધિ પ્રાણઘાતક છે.)

(મૂત્રકૃચ્છ્રના કેટલા ભેદ છે ?)

मूत्रकृच्छ्राणि चाष्टौ स्युर्वातपित्तकफैस्त्रिधा ॥ ५७ ॥ सन्निपाताच्चतुर्थं स्यात् शुक्रकृच्छ्रं तु पंचमम् ॥ विट्कृच्छ्रं षष्ठमाख्यातं घातकृच्छ्रं च सप्तमं ॥५८॥ अष्टमं चाश्मरीकृच्छ्रं

મૂત્રકૃચ્છ્ર આઠ જાતનો છે એટલે કે વાયુનો, પિત્તનો, કફનો ત્રિદોષનો, વીર્યદોષનો, વિષ્ટાદોષનો, પ્રહારજન્ય અને પથરી સંબંધીનો એમ આઠ જાતનો કષ્ટે કરીને મૂત્ર ઉતરવાનો રોગ છે.

(મૂત્રનું રોકાણ થોડું પણ પીડા અત્યંત હોય તે મૂત્રકૃચ્છ્ર કહેવાય છે, એટલે કે વાતાદિક દોષ પોતાના કારણોએ કરીને ભિન્ન ભિન્ન કે મળી જઇને કોપ પામી મૂત્રાશયમાં દાખલ થઇ મૂત્રમાર્ગને પીડાવંત કરે છે, તે વખતે તે રોગી બહુજ કલેશ વડે પેશાબ કરી શકે છે તેને મૂત્રકૃચ્છ્ર કહે છે.

વાયુના મૂત્રકૃચ્છ્રમાં–આડસંધિ, મૂત્રાશય (ફુક્ક) અને ઇંદ્રિમાં આકરી વેદના થાય છે અને વારંવાર થોડો પેશાબ ઉતરે છે.

પિત્તના મૂત્રકૃચ્છ્રમાં–પેશાબનો રંગ પીળો તથા કંઈક લાલ હોય છે અને પેશાબ થતાં સખત બળતરા–વેદના થાય છે; તેમજ પરાણે પેશાબ ઉતરે છે.

કફના મૂત્રકૃચ્છ્રમાં-ઇંદ્રિ અને મૂત્રાશય ભારે થઈ તેના પર સોજો આવે છે અને પેશાબનો રંગ તેલિયો કે ચીકટો હોય છે.

ત્રિદોષજન્યમાં-બધાં લક્ષણો (ઉપર કહેલાં છે તે) હોય છે

વીર્ય સંબંધી મૂત્રકૃચ્છ્રમાં-દોષોના યોગથી વીર્ય દુષ્ટ થઈ મૂત્ર માર્ગમાં જાય છે તેથી મૂત્રાશય અને ઇંદ્રિમાં શૂળ નીકળે છે, તથા મૂત્રની સાથે વીર્ય પડે છે.

વિડ્ મૂત્રકૃચ્છ્રમાં-વિષ્ટાનો અવરોધ-રોકાણ થતાં દસ્ત સાફ ઉતરતો નથી તેથી વાયુ અવળો થઇ આફરો, વાતશૂળ અને પેશાબને પેદા કરે છે.

પ્રહારજન્ય મૂત્રકૃચ્છ્રમાં-મૂત્રને વહેનારી રગોમાં તીર વગેરે વાગવાથી વિંધાઇ જતાં કે પીડાવંત થતાં મૂત્ર સબંધી રોગ થાય છે, અને તેમાં વાત મૂત્રકૃચ્છ્રના જેવાં લક્ષણો હોય છે.

પથરીજન્ય મૂત્રકૃચ્છ્રમાં-પથરીના રોગમાં કહેવામાં આવશે તેવાં લક્ષણો હોય છે.)

(અશ્મરી-પથરી રોગ કેટલા પ્રકારનો છે ?)

चतुर्धा चाश्मरी मता ॥ वातात्पित्तात् कफाच्छुक्रात्

પથરીનો રોગ ચાર જાતનો છે એટલે કે-વાતાશ્મરી, પિત્તાશ્મરી, કફાશ્મરી અને શુક્રાશ્મરી એમ ૪ ભેદ છે.

(નાભિ, સિવની અને નાભિના નીચે શૂળો ફૂટે છે અને મૂત્રમાર્ગમાં પથરીના લીધે રોકાણ થતાં પેશાબની ધાર ફૂટે છે, પરંતુ જ્યારે મૂત્રમાર્ગમાંથી પથરી અળગી હઠી જાય છે ત્યારે જરા પણ પેશાબ કરતાં દુઃખ થતું નથી. આ રોગમાં પેશાબનો રંગ ગોમેદમણી સરખો સ્વચ્છ હોય છે, પથરીના લીધે જો ઇંદ્રિના છિદ્રમાં જખમ પડે તો પેશાબ લોહીથી મળેલો હોય છે અને પરાણે પેશાબ કરતાં પીડા સંતાપ વગેરે થાય છે.

વાયુકોપની પથરીમાં-અત્યંત પીડાથી દર્દી રીબાય છે, દાંત પીસતો ધ્રુજે છે. ઈંદ્રિને દાબે વા ચગદે છે; ડૂંટીને મસળે છે અને રાત દિવસ દુઃખ સહન ન થવાને લીધે બૂમો પાડે છે. પરાણે પેશાબ કરતાં વાછુટ થઈ પછી પેશાબ થાય છે તે વારે ધડિયે ટપક્યા કરે છે. આ પથરી આસમાની રંગની ને સૂકી હોય છે.

પિતની પથરીમાં–પેઢુની અંદર બળતરા ને ખાર મૂકયા જેવો દાહ થાય છે તેવી વેદના થાય છે અને ઇંદ્રિને હાથ લગાડતાં ઘણીજ ગરમ માલમ પડે છે. આ પથરી ભીલામાની મીજ જેવડી લાલ રંગની પીળી કે કાળી હોય છે.

કફની પથરીમાં–પેઢુમાં સોગો ભોંકાયા સરખી વેદના થાય, ઇંદ્રિને સ્પર્શ કરતાં તે શીતળ લાગે અને જડ હોય છે. આ પથરી કદમાં કુકડીના ઈંડા જેવડી તેમજ સફાઇદાર–ચકચકિત અને રંગમાં મધ જેવી કે ધોળી હોય છે. ઘણું કરીને આ પથરી બાળકોનેજ થાય છે.

વીર્યવિકારની પથરીમાં—કોથળીમાં સોજો–શૂળ–પીડા થાય છે. પેશાબ કરતાં તણખા મારે છે ને બળતરા પણ કરે છે. પેશાબ બરોબર ઉતરતો નથી, ઉનવા થાય છે અને ઇંદ્રિ, પેઢુમાં પણ પીડા થાય છે. આ પથરી મોટા મનુષ્યનેજ થાય છે, એટલે કે જે મનુષ્ય સ્વપ્નાવસ્થામાં કે જાગ્રતદશામાં વીર્ય પોતાના સ્થાનથી ભ્રષ્ટ થયેલ હોય તે સમય સ્ત્રી સમાગમ ન કરે તો તે ભ્રષ્ટ થયેલું વીર્ય અંદરનું અંદર રહે છે જેથી તેને ઇંદ્રિ ને અંડકોષની વચ્ચે લાવી વાયુ સુકવી પથર જેવું બનાવી દેછે. એને શુક્રજા પથરી કહે છે.

શર્કરા, સિકતા એ બેઉ ભેદ પણ પથરીને લગતાજ છે. શર્કરા ભોરસ ખાંડ જેવી અને સિક્તા રેતી જેવી કદમાં હોય છે ને પથરી મોટી હોય છે.

જે પથરીના રોગીને ડૂંટી અને વૃષણ ઉપર સોજો આવી ગયો હોય, પેશાબ બંધ હોય, તીવ્ર વેદના થતી હોય અને શર્કરા સિકતા પણ તેમાં શામેલ રહેલ હોય તે રોગી અંતે મરણનેજ શરણ થાય છે.)

(પ્રમેહ રોગ કેટલા ભેદવાળો છે ?)

तथा मेहाश्च विंशतिः ॥५९॥
इक्षुमेहः सुरामेहः पिष्टमेहश्च सांद्रकः ॥
शुक्रमेहोदकाख्यौ च लालामेहश्च शीतकः ॥ ६० ॥
सिकताव्हः शनैर्मेहो दशैते कफसंभवाः ॥
मंजिष्ठाख्यो हरिद्राव्हो नीलमेहश्च रक्तकः ॥ ६१ ॥

कृष्णमेहः क्षारमेहः षडेते पित्तसंभवाः ॥
हस्तिमेहो वसामेहो मज्जामेहो मधुप्रभः ॥ ६२ ॥
चत्वारो वातजा मेहा इति मेहांश्च विंशतिः ॥

પ્રમેહ રોગના વીશ ભેદ છે તે એકે-ઈક્ષુપ્રમેહ, સુરાપ્રમેહ, પિષ્ટપ્રમેહ, સાંદ્રપ્રમેહ, શુક્રપ્રમેહ, ઉદકપ્રમેહ, લાલાપ્રમેહ, શીતપ્રમેહ, સિકતાપ્રમેહ અને શનૈપ્રમેહ આ દશ કફકોપથી થનારા છે. તથા મજીષ્ટપ્રમેહ, હરિદ્રપ્રમેહ, નીલપ્રમેહ, રક્તપ્રમેહ, કૃષ્ણપ્રમેહ, અને ક્ષારપ્રમેહ આ ૭ પિત્તકોપથી થનારા છે. અને હસ્તિપ્રમેહ, વસાપ્રમેહ, મજ્જા પ્રમેહ અને મધુપ્રમેહ આ ચાર વાયુકોપથી થનારા છે. આમ વીશ ભેદ છે.

આત્રેયજીએ ભેદ પરત્વે પ્રમેહની છવીશ જાતો માનેલી છે. એટલે કે ઉપર બતાવેલા વીશ તથા પૂય ૨૧, તક્ર ૨૨, પીડિકા, શર્કરા ૨૪, ધૃત ૨૫ અને અતિમૂત્ર ૨૬ આ ૭ મળતાં છવીશ જાતીના પ્રમેહ છે.

ઇક્ષુપ્રમેહમાં શેલડીના રસ જેવો ઘણોજ મીઠો પેશાબ હોય છે.

સુરાપ્રમેહમાં દારૂ જેવા તથા ઉપર નિર્મળ અને નીચે જાડો પેશાબ હોય છે.

પિષ્ટપ્રમેહમાં દળેલા ચોખાના પાણી સરખો ધોળો પેશાબ, ઘણો અને પેશાબ વખતે રોમાંચ થાય છે.

સાંદ્રપ્રમેહમાં પેશાબ વાસી રહેતાં ઠરી જાય છે.

શુક્રપ્રમેહમાં પેશાબની અંદર વીર્ય મળેલ હોય છે અથવા વીર્ય જેવા દેખાવનો હોય છે.

ઉદકપ્રમેહમાં પેશાબ પાણી જેવો સ્વચ્છ શીતલ : નિર્ગંધ કંઈક ઘટ્ટ અને ચીકણો હોય છે.

લાલાપ્રમેહમાં લાલના જેવો તાર યુક્ત અને ચીકણો પેશાબ હોય છે.

શીતપ્રમેહમાં પેશાબ મીઠો બહુજ ઠંડો અને વારંવાર ઘણો ઉતરે છે.

સિકતાપ્રમેહમાં પેશાબ તપાસતાં તેમાં રેતી જેવા કણ દેખાય છે.

શનૈપ્રમેહમાં પેશાબ ધીરે ધીરે અને મંદ મંદ ઉતરે છે.

મંજીષ્ટપ્રમેહમાં પેશાબ આમ દુર્ગંધ યુક્ત અને મજીઠ જેવો હોય છે.

હારિદ્રપ્રમેહમાં પેશાબ બળતરા સહિત અને હળદરના જેવો હોય છે.

નીલપ્રમેહમાં પેશાબ લીલા રંગનો હોય છે.

રક્તપ્રમેહમાં પેશાબ દુર્ગંધ સહિત ગરમ ખારો અને લોહી જેવો હોય છે.

કૃષ્ણપ્રમેહમાં પેશાબ કાળા રંગનો ઉતરે છે.

ક્ષારપ્રમેહમાં પેશાબ ખારો ખારા પાણી જેવી વાસનાવાળો તથા તેના જેવાજ વર્ણ સ્પર્શવાળો હોય છે.

હરિતપ્રમેહમાં પેશાબ મસ્ત હાથીના જેવો હમેશાં વેગ રહિત તાર યુક્ત રહી રહીને ઉતરે છે.

વસાપ્રમેહમાં પેશાબ ચર્બી જેવા દેખાવનો અથવા ચર્બી જેવો ઉતરે છે.

મજ્જાપ્રમેહમાં પેશાબ મજ્જા—પેશી યુક્ત તથા પેશી જેવો ઉતરે છે.

મધુપ્રમેહમાં પેશાબ કશાયલો મીઠો અને ચીકણો ઉતરે છે.)

(સોમ રોગ કયો કહેવાય ?)

सोमरोगस्तथा चैकः

સોમ રોગ એકજ પ્રકારનો હોય છે.

(સર્વ શરીરમાં પાણી ક્ષોભવંત થઇને સ્ત્રીના છુપા ભાગ દ્વારા ધોળા રંગનો પદાર્થ ઝરે છે તેને સોમ રોગ કહે છે. ઘણું કરીને શહેરમાં રહેનારી, ગોરી તથા ગૃહસ્થ ઘરની સ્ત્રીઓને આ રોગ લાગુ થાય છે.)

(પ્રમેહ પિટિકા કોને કહે છે ?)

प्रमेहपिटिका दश ॥ ६२ ॥

शराविका कच्छपिका पुत्रिणी विनताऽलजी ॥

मसूरिका सर्षपिका जालिनी च विदारिका ॥ ६४ ॥
विद्रधिश्च दशैताः स्युः पिटिका मेहसंभवाः ॥

પ્રમેહ રોગમાં દશ પ્રકારની ફોલ્લીઓ. થાય છે એટલે કે શરાવિકા ૧, કચ્છપિકા, ૨, પુત્રિણી ૩, વિનતા ૪, અલજી ૫, મસૂરિકા ૬, સર્ષપિકા ૭, જાલિની ૮, વિદારિકા ૯ અને વિદ્રધિ ૧૦, (આ દશ જાતની ફોલ્લીઓ પ્રમેહ થયા પછી તેને મટાડવામાં બેદરકારી રાખવાથી થાય છે. અને સાંધાઓમાં, મર્મસ્થલમાં તથા જે જગોએ માંસ વિશેષ ભરાવાદાર હોય તે જગોએ અથવા તો શરીરમાં મેદપુષ્ટ થવાથી- પૈદા થાય છે.)

(**શરાવિકા**-ઉપરના ભાગમાં ઉંચી વચમાં બેડેલી માટીના શરાવલા જેવી હોય છે.

કચ્છપિકા-કાચબાની પીઠના જેવી છતાં કંઇક બળતરાવંત હોય છે.

પુત્રિણી-વચમાં મોટી છતાં ચોમેર ન્હાની ન્હાની ફોલ્લીઓ વાળી હોય છે.

વિનતા-પીઠમાં કે પેટમાં ઘણી પીડાયુક્ત ઠંડી મોટી અને નીલારંગની હોય છે.

અલજી-લાલ કાળી ઝીણી ફોલ્લીઓથી ઘેરાયલી ભયંકર હોય છે.

મસૂરિકા-મસૂરની દાળ જેવડી, મસૂર જેવી હોય છે.

સર્ષપિકા ધોળા સરસવ જેવડી હોય છે.

જાલિની-આકરી બળતરાવાળી માંસજાળમાં ફેલાયલી હોય છે.

વિદારિકા-બોય કોહોળા જેવી ગોળ અને કઠક હોય છે.

વિદ્રધિકા-વિદ્રધિના લક્ષણ યુક્ત હોય છે.)

(મેદરોગ કોને કહેવાય ?)

मेदोदोषस्तथा चैकः

મેદ રોગ એકજ જાતનો હોય છે.

(કસરત નહિ કરવાથી, દિવસે ઉંઘવાથી, કફકારક પદાર્થોનું

સેવન કરવાથી અન્નરસ તદ્દન મધુર થઈ આમ સહિત બની પછી સ્નેહાદિકથી મેદની વૃદ્ધિ થાય છે, અને મેદથી અન્ય ધાતુઓના માર્ગ રોકાતાં શરીર અંદરના અન્ય ધાતુઓ પુષ્ટ થઈ શકતા નથી. તથા જેમ જેમ મેદનો સંચય વિશેષ થતો જાય છે તેમ તેમ મેદ રોગી બધાં કામો કરવામાં અશક્ત થતો જાય છે.

મેદવાળા મનુષ્યને ક્ષુદ્રશ્વાસ થાય છે, તરસ લાગે છે, રોગી બેભાન બને છે, ઊંઘ આવે છે, એકદમ શ્વાસ રૂંધાય છે, અંગમાં ગ્લાનિ, ભૂખ, પરશેવાનો વધારો થાય છે અને શરીરમાંથી બદબુ ફેલાય છે. આમ થતાં શરીર નિર્બળ, રતિસંગમાં ઉમંગ રહિત બને છે. તથા મેદ, હાડ અને પેટમાં નિવાસ થવાથી પેટનો વધારો થાય છે.

મેદ વધતાં વાયુનો માર્ગ રોકાતાં પેટમાં વાયુ સંચાર વિશેષ થાય છે અને તે પછી તે જઠરાગ્નિને પ્રદિપ્ત કરે છે તથા આહારનું શોષણ કરે છે, જેથી કરેલું ભોજન તુરતજ પચી જાય છે અને ફરી જમવાની ઇચ્છા થાય છે. ફરીને જમવાનું મળવામાં જરા વાર લાગે તો એકાદ વાતવિકાર પેદા થાય છે. આ રોગમાં વાયુ અને જઠરાગ્નિ બેઉ અત્યંત પીડાકારી થવાથી તેનું શરીર શોષાય છે.

મેદ વિશેષ વધવાથી વાયુ આદિ વિકારો, પ્રમેહની ફોલ્લીઓ, તાવ, ભગંદર, વિદ્રધિ, વાતરોગ પૈકી કોઇ પણ રોગ, ઇત્યાદિ ભયંકર રોગ પેદા થઇ દર્દી દેહાંતશિક્ષાનો ભોગી થાય છે.

મેદ રોગીના કુલા, પેટ, પેઢુ, સ્તન વધી જતાં ચાલતી વખતે તે ભાગ થળક થળક હાલે છે, રોગી હુંશીઆરી રહિત બેડોળ બને છે અને હરવા ફરવામાં કંટાળો ભોગવે છે.)

(શોથ—સોજાનો રોગ કેટલા ભેદવાળો છે ?)

શોથરોગા નવ સ્મૃતાઃ ॥ ૬૫ ॥
દોષૈઃ પૃથગ્દ્વયૈઃ સર્વૈરભિઘાતાદ્વિષાદપિ ॥

શોથ રોગના નવ ભેદ છે એટલે કે વાતશોથ ૧, પિત્ત શોથ ૨, કફશોથ ૩, વાતપિત્ત શોથ ૪, વાતકફશોથ ૫, કફ પિત્તશોથ ૬, ત્રિદોષશોથ ૭, અભિઘાતશોથ ૮, અને વિષશોથ ૯, આમ નવ પ્રકારનો રોગ હોય છે.

(પોતાનાં કારણોથી વાયુ કોપ પામીને તથા તેવીજ રીતે દુષ્ટ થયેલ રક્તપિત્ત અને કફ એઓને બહારની શિરાઓમાં લાવી ફરી તે વાયુ તે રક્તપિત્ત તથા • કફવડે રૂદ્ધગતિવંત બની ચામડી અને માંસના આશ્રયવાળા સોજાને એચિંતો પેદા કરે છે તે સોજાનો રોગ કહેવાય છે,

વાયુનો સોજો ચંચળ, પાતળી ચામડીવાળો થઇ કંઠોર કઠોર થનાર, તથા ચામડી લાલ કાળી શૂન્ય પડી જનાર, ભિન્ન ભિન્ન વેદનાવાળો, કિંવા રોમાંચ અને પીડાવાળો હોય છે. કદાચિત્ કંઇ કારણ વિના પણ શાંત થઇ જાય, તેમજ દાબવાથી તે સોજાનો ખાડો તરત પૂરાઇ જાય અને દિવસે વધારે જોર બનાવનાર હોય છે.

પિત્તનો સોજો નરમ નરમ છતાં કંઈક નઠારી વાસનાવાળો અને લાલ–પીળો–કાળો હોય છે.

કફનો સોજો ભારી, સ્થિર અને પીળો હોય છે. એના સંયોગ વડે અન્ન તરફ અણગમો, લાળનું પડવું, ઉંઘ, ઉલટી મંદાગ્નિ એ લક્ષણો હોય અને એ સોજાની પેદાશ તથા નાશ લાંબી મુદતે થાય અને દબાવવાથી ખાડો ન પૂરાય તથા રાતમાં તેની વિશેષ પ્રબળતા હોય છે;

વાત પિત્ત એ બેઉની વિક્રિયાથી પેદા થનારો સોજો દ્વંદ્વજ કહેવાય છે. તથા પિત્ત કફના સંયોગવાળો પણ તેવોજ ગણાય છે, અને કફ તેમજ વાતના સંયોગ વાળો સોજો પણ બે દોષના મિશ્રપણા વાળો હોય છે. સન્નિપાતના સોજામાં ત્રણે દોષનાં લક્ષણો મૌજૂદ હોય છે. અભિઘાતના સોજામાં–લાકડી વગેરેનો માર વાગવાથી, શસ્ત્રના ઘાથી, પત્થરાદિના કૂટવાથી, ઘા થવાથી. કૌવચની શીંગની રૂંવાટી અડી જવાથી, ઠંડા પવનથી અને ભિલામા વગેરે ઝેરી ચીજોના લેપ આદિથી સોજા થઇ આવી , ચોમેર ફેલાઇ ઘણાજ દાહને પેદા કરે છે. તથા તેનો રંગ લાલ અને ઘણું કરીને તેમાં પિત્તનાં લક્ષણો હોય છે.

ઝેરી જાનવરો કે ઝેરી વૃક્ષોના સ્પર્શથી એટલે કે ઝેરીજાનવરો શરીરપર ચાલવાથી–પેશાબ કરી દેવાથી–કે ઝેરી ઝાડોની હવા લાગવાથી, અથવા તો મનુષ્ય વગેરે પ્રાણીના નખ દાંત દાઢ લાગવાથી, કિંવા ઝેરી જાનવરોની વિષ્ટા મૂત્ર શુક્રયુક્ત કપડાના કે મેલા કપડાના સંયોગથી પેદા થયેલો સોજો વિષજ કહેવાય છે. અને તે

સોજો નરમ નરમ ચંચળ, અંદર દાખલ થનાર, જલ્દી પૈદા થનાર, બળતરા યુક્ત અને પીડા સહિત હોય છે.

જે આમાશયમાં રહેલા દોષ છે તે છાતી ઉપર સોજો પેદા કરે છે, જે હોજરીમાં દોષો રહેલા છે તે પેટ અને છાતી વચ્ચે સોજો પેદા કરે છે, અને જે મળસ્થાનગત દોષો છે તે પગ ઉપર સોજો પેદા કરે છે, તથા સર્વાંગમાં દોષો ફેલાવાથી આખા શરીરમાં સોજો પેદા કરે છે.

જે સોજો કેડ ઉપર આવ્યો હોય તે અને જે બધા અંગોપર ફેલાઇ ગયો હોય તે સોજો વખતેઃમહા મહેનતથી મટે છે; પરંતુ જે સોજો નીચેના અંગ ઉપર ચડી પછી ઉપરના અંગો તરફ ફેલાય છે; કિંવા જે સોજાના રોગીને શ્વાસ-તરસ-ઉલટી-નબળાઇ-તથા તાપ આદિ ઉપદ્રવો હોય અને અન્નપર અણુગમોજ રહેતો હોય તેની અને બીજા રોગના ઉપદ્રવને લીધે જે સોજો ચડ્યો ન હોય એવો સોજો પ્રથમ પગે ચડી પછી મ્હોંની તરફ ધસતો જતો હોય તે પુરૂષનો, અને પ્રથમ મ્હોં ઉપર ચડી પછી પગ તરફ વધતો જાય તે સ્ત્રીનો, તેમજ સ્ત્રી પુરૂષની ગુહ્યેંદ્રી (છુપા ભાગ) પર પ્રથમ પેદા થઇ પછી આસ્તે આસ્તે બધે ફેલાતો ગયો હોય તે સોજો સ્ત્રી પુરૂષ બેઉનો નાશ કરનારજ મનાય છે; પણ જે સોજો ઉપદ્રવ રહિત તથા વધારે વખતનો ન હોય તે સોજો સાધ્ય-મટે તેવો કહેવાય છે.)

(વૃષણ વૃદ્ધિ રોગના કેટલાક ભેદ છે ?)

वृद्धयः सप्त गदिता वातात्पित्तात्कफेन च ॥ ६६ ॥
रक्तेन मेदसा मूत्रादंत्रवृद्धिश्च सप्तमः

અંડકોષ વધવાનો રોગ સાત પ્રકારનો છે-એટલે કે વાયુવૃદ્ધિ ૧, પિત્તવૃદ્ધિ ૨, કફવૃદ્ધિ ૩, રક્તવૃદ્ધિ ૪, મેદવૃદ્ધિ ૫, મૂત્રવૃદ્ધિ ૬ અને અંત્રવૃદ્ધિ, એ સાત ભેદ છે.

(વાત પિત્ત કફ અને મેદ કોપથી થયેલ વૃષણવૃદ્ધિ માત્રમાં જોકે વાયુ પ્રાધાન્ય હોય છે તથાપિ પેદા થવાનાં કારણો જુદાં જુદાં હોય છે.

વાતવૃદ્ધિમાં-પવનથી ભરેલી મસક કે રબ્બરનો ફુકો જણાય તેવી અંડકોષની સ્થિતિ હાથ સ્પર્શ થતાં માલમ પડે છે અને રૂક્ષ તથા વગર કારણે દૂખવા લાગે છે.

પિત્તની વૃદ્ધિમાં-પિત્તનાં લક્ષણો દૃષ્ટિગોચર થતાં હોય અને અંડકોષની આકૃતિ ગૂલરના જેવી થઈ તેમાં બળતરા ગરમી તથા પાક થાય છે.

કફની અંડવૃદ્ધિમાં,-અંડકોષ શીતળ, ભારી, ચીકાશવંત, ચળયુક્ત, કઠણ અને થોડી પીડા હોય છે.

રકતજ અંડવૃદ્ધિમાં,-પિત્તવૃદ્ધિ સમાન લક્ષણ જણાય અને કાળા ફોલ્લાઓથી વ્યાપ્ત હોય છે.

મેદની અંડવૃદ્ધિ,-કફની વૃદ્ધિના જેવાં લક્ષણ તથા મૃદુ, નરમ અને તાડફળની આકૃતિવંત પીળા રંગની હોય છે.

મૂત્રજ અંડવૃદ્ધિ-મૂત્ર રોકવાનો જેને વિશેષ અભ્યાસ હોય તેનેજ આ રોગ થાય છે, તથા જ્યારે પુરૂષ હીંડે ત્યારે તેમાં પાણીથી ભરેલી પખાલની પેઠે અવાજ થાય છે અને હાલ્યા કરે છે, તેમજ તેમાં ઓછી પીડા, હાથ અડકવાથી નરમ જણાય અને મૂત્ર કૃચ્છ્રની પીડા યુક્ત છતાં ફળ તથા કોષ બન્ને આમ તેમ ચલિત થયા કરે છે.

અંત્રવૃદ્ધિ,—વાયુ કોપાવનારા આહાર સેવનથી, શીતળ જળમાં પેસી સ્નાન કરવાથી, મળમૂત્રના વેગને રોકવાથી, ઇચ્છા ન છતાં પરાણે કાર્ય કરવાથી, ભારે બોજ ઉઠાવવાથી. ઘણો પંથ કરવાથી, ઝડપથી સીડી ઉતરવાથી, અંગોને વિષમ ચેષ્ટાવંત કરવાથી, બળીઆ સાથે બાથ ભીડવાથી અને જબરા ધનુષની પણછ ચડાવવા વગેરે વગેરે કારણોથી કોપેલ વાયુ ન્હાનાં આંતરડાંઓના અવયવના એક ભાગને બગાડી દઇ એટલે કે તેઓને સંકુચિત કરી પોતાને રહેવાની જગોએથી નીચે લઇ જાય છે, તેથી વંક્ષણ સંધિમાં તેઓ બદ્ધ થવાની જગોએ મુકામ નાખી ગાંઠના જેવા સોજાને પેદા કરે છે. છતાં તેને દૂર કરવાના ઉપાય ન કરે તો અંત્રવૃદ્ધિ રોગ થાય છે. અંત્રવૃદ્ધિમાં અંડકોષને દાબવાથી વાયુ ‘કો કો’ શબ્દ કરી તથા હાથના દાબવાથી વાયુ ઉપર ચડી જઇ અને છોડી દેવાથી ફરી નીચે ઉતરી અંડકોષને ફૂલાવી દે છે. આ રોગને વધરાવળ-અંતરગળ વગેરે નામોથી ઓળખવામાં આવે છે.)

(કુરંડવૃદ્ધિ રોગ.)

अंडवृद्धिस्तथा चैकः

અંડકોષની વૃદ્ધિનો ભેદ કુરંડ વૃદ્ધિ નામનો પણ ભેદ છે અને

તેનો એકજ પ્રકાર છે, તથા તેનાં લક્ષણુ અંડવૃદ્ધિ અને અંત્ર વૃદ્ધિને મળતાં જ છે.

(ગંડમાળ અને અપચી એ શું છે ?)

तथैका गंडमालिका ॥ ६७ ॥ गंडापचीति चैका स्यात्

ગંડમાળ અને **અપચી** એ એક એક પ્રકારવાળા રોગ છે.

(ગળમાં દુષ્ટ થએલો વાયુ, કફ અને મેદ ગળા પાછળની મન્યાનાડીમાં વસીને તેઓ વાત કફાદિ ક્રમથી ધીરે ધીરે પોત પોતાનાં લક્ષણો યુક્ત ગાંઠોને ઉત્પન્ન કરે છે તેને ગળગંડ કહે છે.

(માધવ નિદાનમાં આ રોગ ત્રણ ભેદથી બતાવેલો છે,) આ ગાંઠ દાનના મૂળ આગળ થાય છે.

મેદ અને કફથી, બગલ, ખભા, ડોક, ગળું અને સાથળના મૂળ આગળ એટલી જગોપર ચણીબોર જેવડી અથવા બોર જેવડી કે આમળા જેવડીમોટી ગાંઠો પેદા થાય છે અને તે લાંબી મુદતે પાકે છે, તેમજ તેમની પીડા લાંબો વખત લગી રહે છે તે ગાંઠોની હારને ગંડમાળા કહે છે. બગલમાં થાય તે બાંબલાઇ–કાખબિલાઈ, ગળા ઉપર થાય તે કંઠમાળ અને સાથળના સાંધાઓમાં થાય તે બદ વગેરે કહેવાય છે.

ગંડમાળની જે ગાંઠો પાકે નહીં અગર પાકે તો લાંબો વખત લગી તેમાંથી રસી વહ્યા જ કરે અને કદાચ તે મટી પણ જાય છતાં પાછી નવીન નીકળ્યા જ કરે છે એથી દીર્ઘ સમય લગી પીડા ચાલુ જ રહે છે તેને અપચી કહે છે.)

(ગાંઠ-ગ્રંથી રોગના કેટલા ભેદ છે ?)

ग्रंथयो नवधा मताः ॥
त्रिभिर्दोषैस्त्रयो रक्ताच्छिराभिर्मेदसा व्रणात् ॥ ६८ ॥
अस्थ्नां मांसेन नवमः

ગ્રંથી રોગના નવ ભેદ છે એટલે કે—વાતગ્રંથી ૧, પિત્ત ગ્રંથી ૨, કફગ્રંથી ૩, રક્તગ્રંથી ૪, શિરાગ્રંથી ૫, મેદોગ્રંથી ૬, વ્રણગ્રંથી ૭, અસ્તિગ્રંથી ૮ અને માંસગ્રંથી ૯ એ નવ જાતની ગાંઠોનો રોગ છે.

(વાતાદિ દોષ માંસ અને રક્ત એઓ દુષ્ટ થઇને મેદ અને

શિરા-નસોને દૂષિત કરી ગોળ તથા ઉંચી ગાંઠના સમાન સોજો પેદા કરે છે તેને ગાંઠનો રોગ કહેવામાં આવે છે.

વાયુવિકારની ગાંઠ-ખીંચાયલા સમાન કડક, છોલ્યા જેવી રાતી અને સોયો ભોંકાયા જેવી-તુટી પડવા જેવી-મથી નાખ્યા જેવી-તોડી નાખ્યા જેવી પીડા કરતી તથા કાળા રંગની છતાં નરમ, બસ્તિ સરખી ફેલાયલી અને ફુટતાં સ્વચ્છ લોહી વહેવરાવનારી હોય છે.

પિત્તની ગાંઠ-આગથી ભરેલાની પેઠે બળતરા કરનારી અર્થાત્ આગમાં શેકયા બાફ્યા જેવી બહુજ બળતરા વાળી, અંદરથી ધુમાડા નીકળતા જેવું ભાન કરાવનારી, રૂમડીની પેઠે ખીંચાતી હોય તેવી અને ખારથી પકવાતી હોય તેવી વા અગ્નિમાં બળતી હોય તેવી આકરી પીડાવાળી છતાં રંગે રાતી, જરાક પીળાશવાળી હોય છે અને ફાટયેથી બગડેલું બહુ લોહી વહેવરાવનારી હોય છે.

કફજનિત ગાંઠ—શીતળ, ચામડીના જેવા જ રંગવાળી (વીવર્ણવંત) થોડી પીડાવાળી, ઘણી ચળ ચલાવનારી, કઠણ, મોટી, લાંબા વખતે વધનારી અને ફુટયેથી ધોળી જાડી રસીને વહેવરાવનારી હોય છે.

લોહીવિકારની ગાંઠ-પિત્તની ગાંઠના જેવાં લક્ષણવાળી હોય છે; પણ તે લોહીના બગડવાથી જ થાય છે.

શિરાગ્રંથી—નિર્બળ પુરૂષ શરીરને પરિશ્રમ કરનાર કામ કરે તેથી વાયુ કોપ પામી નસોનાં જાળાંઓને સંકુચિતકરી અને સુકવી દઇ તુરત ઉંચી ગાંઠને જન્મ આપે છે.

મેદની ગાંઠ-શરીરના વધવાથી વધે ને શરીરના ક્ષીણ થવાથી ક્ષીણ થાય, ચીકણી, મોટી, ચળ સહિત છતાં પીડા રહિત હોય અને ફુટયા પછી તેમાંથી ઘીના કે તલની ચટણીના જેવો મેદ નીકળે છે.

વ્રણગ્રંથી-ક્ષતવડે કરીને વ્રણ-ગુમડું થઇ આવી તેમાંથી ગાંઠ પેદા થઈ આવે તેને વ્રણગ્રંથી કહે છે,

અસ્થીગ્રંથી-વાતાદિ દોષ કોપ પામીને હાડકાંને દૂષિત કરે છે તેથી ગાંઠ પેદા થાય છે તેને હાડની ગાંઠ કહે છે.

માંસગ્રંથી-માંસ બગડવાથી જે ગાંઠ પેદા થાય તેને માંસ

ગ્રંથી કહે છે અને તેમાં વ્રણ ગ્રંથી તથા અસ્થિ ગ્રંથી જે દોષના કોપથી થાય તેવાંજ લક્ષણો દષ્ટિગોચર થાય છે.)

(અર્બુદ–રસોળી રોગ.)

षड्विधं स्यात्तथार्बुदम् ॥

वातात्पित्तात्कफाद्रक्तान्मांसादपि चमेदसः ॥ ६५ ॥

રસોળીનો રોગ ૭ જાતનો છે, એટલે કે, વાતાર્બુદ ૧, પિત્તાર્બુદ ૨, કફાર્બુદ ૩, રક્તાર્બુદ ૪, માંસાર્બુદ ૫ અને મેદાર્બુદ ૬ એમ ૭ ભેદ છે.

(શરીરના કોઇ પણ ભાગ ઉપર વિકાર સહિત થયેલ કે બગડેલ દોષ, માંસ અને લોહીને પણ બગાડી દઇ, ગોળ સ્થિર, મંદપીડાવંત, ઉપર કહેલ ગાંઠોથી મોટા કદની, ઉંડી જડવાળી, લાંબી મુદતે વધનારી તથા પાકનારી ગાંઠ તેને અર્બુદ–રસોળી કહે છે.

વાયુ—પિત્ત—કફના અર્બુદમાં વાત પિત્ત કફની ગ્રંથિયોમાં કહેલાં લક્ષણોજ હોય છે.

રક્તાર્બુદમાં–દુષ્ટ થયેલા દોષો નસોની અંદર રહી લોહીને ખેંચી પીડિત કરી માંસના લોચા જેવા ગોળાને જન્મ આપે છે, તે જરા પાકે તેવા સ્હેજ રસી ઝરતા, માંસના અંકુરાઓથી વ્યાપ્ત અને વધનારા હોય છે, અથવા તેમાંથી હમેશાં લોહી વહ્યા કરે છે. આ રક્તાર્બુદ અસાધ્ય છે, અને એ રોગવાળાનું લોહી ક્ષય થવાથી તેના શરીરનો વર્ણ પીળો–ફિક્કો પડી જાય છે.

માંસાર્બુદમાં–મુક્કી વગેરેનો માર વાગવાથી પીગ થતાં બગડેલ માંસ સોજાને પેદા કરે છે, આ સોજો બીજા સોજાઓની પેઠે દુખતો નથી, રંગમાં શરીરની ચામડી જેવો, ચીકણો, ચળકતો, ન પાકનારો, પત્થર જેવો કઠણ અને સ્થિર હોય છે, જેનું માંસ બગડેલ હોય અને માંસાહારી હોય તેનેજ આ અર્બુદ થાય છે, તથા આને પણ અસાધ્યમાં ગણેલ છે.)

(શ્લીપદ એટલે શું ?)

श्लीपदं च त्रिधा प्रोक्तं वातात्पित्तात्कफादपि ।

હાથીપગો રોગ ત્રણ જાતનો છે અર્થાત્ વાયુ દોષનો ૧, પિત્ત દોષનો ૨, અને કફ દોષનો–એમ ૩ ભેદ છે.

(જે સોજો પહેલવહેલો બદ થવાની જગોએ પેદા થઇ પછી ધીરે ધીરે પગ તરફ વધતો જાય છે અને જેની અંદર રોગીને તાવ પણ આવે છે તેને શ્લીપદ-હાથીપગાનો રોગ કહે છે. કેટલાક વૈદ્યાચાર્યોનું માનવું છે કે આ રોગ હાથ, કાન, નાક, નેત્ર, ગુહ્યેંદ્રિ, હોઠ ઉપર પણ થાય છે.

વાયુવિકારનો શ્લીપદ રંગે કાળો, ખરબચડો, ફાટેલો, ચીરાયલો, આકરી વેદનાવાળો અને વિના કારણે દુખનારો હોય છે, તથા તેમાં દર્દીને તાવ વધારે સતાવે છે.

પિત્તનો શ્લીપદ—પીળા રંગનો બળતરા સહિત, તાવવાળો અને નરમ હોય છે.

કફનો શ્લીપદ—ચીકણો, ધોળા રંગનો, પીળો, ભારી અને કઠણુ હોય છે.

શ્લીપદનાં અસાધ્ય લક્ષણ—જે શ્લીપદ, ધોળી કીડીઓ તેમના દર ઉપર ટેકરીઓ કરે છે તેવો હોય, તથા જેનાપર ઘણા કાંટા ઉભા રહ્યા જણાતા હોય કિંવા જેને થયાને એક વર્ષ થઈ ગયું હોય અને જે ભારેરૂપવંત બની ગયો હોય તે હાથીપગો રોગ મટતો નથી.)

(વિદ્રધિ કોને કહે છે?)

विद्रधिः षड्विधः ख्यातो वातपित्तकफैस्त्रयः ॥ ७० ॥
रक्तात् क्षतात् त्रिदोषश्च.

વિદ્રધિનો રોગ ૭ પ્રકારનો છે અર્થાત્ વાતવિકારનો, પિત્તવિકારનો, કફવિકારનો, લોહીવિકારનો, ચાંદાનો અને ત્રિદોષનો એમ ૭ જાતનો હોય છે.

(વિદ્રધિ એટલે એક જાતનો ગંભીર સોજો હોય છે; એટલે કે અત્યંત વધી પડેલા તથા હાડકાનો આશ્રય કરી રહેલા વાતાદિ દોષો, ચામડી, લોહી, માંસ અને મેદને બગાડી દેઈ ધીરે ધીરે ભયંકર સોજાને જન્મ આપે છે. એટલુંજ નહી પણ તે સોજાનું મૂળ હાડકાં લગી પહોંચેલ હોય છે અને પેદા થતાંજ ઘણી પીડા કરે છે. આ સોજો ગોળ કિંવા લાંબો હોય છે અને તેમાં પણ બે ભેદ વાળો હોય છે; અર્થા બાહ્યવિદ્રધિ અને અંતરવિદ્રધિ. આ ભેદ બાહ્યવિદ્રધિના છે.

વાતવિદ્રધિ—કાળી, રાતી, વિષમ (ક્યારેક મોટી અને ક્યારેક ન્હાની,) અત્યંત વેદના સહિત અને તેની ઉત્પત્તિ તથા પાક ઘણા પ્રકારે થાય છે.

પિત્તવિદ્રધિ—દેખાવમાં પાકેલા ગૂલર ફળ જેવી, રંગે કાળી, છતાં બળતરા કરનારી, તાવ યુક્ત છતાં તેની પેદાશ અને પાકવાની સ્થિતિ ત્વરિત ગતિવાળી હોય છે.

કફજન્ય વિદ્રધિ—કોડિયા જેટલી મોટી, રંગે પીળી છતાં ધોળાશ પડતી, શીતળ, ચીકટી, અલ્પ વેદનાવાળી અને પાકવાની તથા ઉત્પત્તિની મર્યાદા મંદવેગવાળી હોય છે.

રક્તજવિદ્રધિ—કાળા ફોલ્લાઓથી વ્યાપ્ત, શામવર્ણ, દાહ, પીડા અને તાવ એ બધાં જેનામાં તીવ્ર તથા પિત્તની વિદ્રધિ જેવાં લક્ષણ હોય છે.

આગંતુક વિદ્રધિ—એટલે કે લાકડી, પથરો, ઢેફું વગેરે વાગવાથી કે કોઈ દબાણને લીધે અંગ ચગદાવવાથી અથવા તરવાર, તીર, બરછી વગેરેના ઝખમથી કુપથ્ય કરનારા મનુષ્યનો વાયુ કોપ પામી ઘાની ગર્મી ફેલાઇ જતાં લોહી સહિત પિત્તને કોપાયમાન કરી અંગમાં બળતરા, તરશ સાથે તાવ લાવે છે. અને તેમાં પિત્તજન્ય વિદ્રધિનાં લક્ષણો મળતાં હોય છે. આને અભિઘાતજ કિંવા ક્ષતજ વિદ્રધિ પણ કહેવામાં આવે છે.

ત્રિદોષજન્ય વિદ્રધિ—ઘણી જાતની પીડાયુક્ત (તોડ બળતરા ચળ વગેરે) તથા અનેક પ્રકારના સ્રાવ સહિત, નીચે સ્થૂળ અને ઉપર પાતળી, ન્હાની, મોટી, કદાચિત્ પાકે કે ન પાકે તેવી હોય છે.)

(વ્રણ રોગ એટલે શું ?)

व्रणाः पंचदशोदिताः । तेषां चतुर्धा भेदः स्यादागंतुर्देहजस्तथा ॥ ७१ ॥ शुद्धो दुष्टश्च विज्ञेयस्तत्संख्या कथ्यते पृथक् । वातव्रणः पित्तजश्च कफजो रक्तजो व्रणः ॥ ७२॥ वातपित्तभवश्चान्यो वातश्लेष्मभवस्तथा । तथा पित्तकफाभ्यां च सन्निपातेन चाष्टमः ॥ ७३ ॥ नवमो वातरक्तेन दशमो रक्तपित्ततः । श्लेष्मरक्तभवश्चान्यो वातपित्तासृगुद्भवः

॥ ७४ ॥ वातश्लेष्मासृगुत्पन्नः पित्तश्लेष्मास्त्र संभवः ।
सन्निपातासृगुद्भूत इतिपंचदश व्रणाः ॥ ७५ ॥

વ્રણના પંદર ભેદ છે અર્થાત્ આગંતુક વ્રણ ૧, દેહજ વ્રણ ૨, શુદ્ધ વ્રણ ૩, અને દુષ્ટ વ્રણ ૪ આ ચાર પ્રકારની સાથે સંબંધ ધરાવનાર ગડ, ગુંમડ, ઘા પંદર પ્રકારનાં છે તે એ કે--વાતવ્રણ ૧. પિત્તવ્રણ ૨, કફવ્રણ ૩, રક્તવ્રણ ૪, વાતપિત્ત વ્રણ ૫, વાતકફ વ્રણ ૬, પિત્તકફ વ્રણ ૭, સન્નિપાત વ્રણ ૮, વાતરક્ત વ્રણ ૯, રક્ત પિત્ત વ્રણ ૧૦, કફરક્ત વ્રણ ૧૧, વાતપિત્ત અને રક્તજન્ય વ્રણ ૧૨, વાતકફ અને રૂધિરજન્ય વ્રણ, ૧૩, પિત્તકફરૂધિર જન્ય વ્રણ ૧૪, અને ત્રિદોષ તથા રૂધિરજન્ય વ્રણ, એમ પંદર ભેદ છે.

(**આગંતુક** વ્રણ એને કહેવામાં આવે છે કે, જે અનેક પ્રકારની ધારવાળાં, તથા મુખવાળાં શસ્ત્રોના અનેક જગોએ ઘા લાગવાથી અનેક પ્રકારની આકૃતિવાળાં વ્રણ-જખમ થાય છે તે **આગંતુક.**

દેહજ વ્રણ--વાત પિત્ત કફ દુષ્ટ થઇને વ્રણ પેદા કરે છે.

શુદ્ધવ્રણ--જે વ્રણ જીભની તળેના ભાગ જેવાં અત્યંત નરમ, સ્વચ્છ, ચીકણાં, થોડી પીડાયુક્ત, સારી રીતનાં અને દોષ રક્તાદિના સ્રાવ રહિત હોય છે.

દુષ્ટવ્રણ--જેમાંથી દુર્ગંધવાળી રસી-પાચ અને સડા સહિત લોહી વહ્યા કરતાં હોય, તથા ઉપરથી ઉંચાં અને અંદરથી પોલાં, ઘણા દિવસ લગી દુ:ખ દેનારાં હોય છે.

જે વ્રણ (નાસૂર) તણાયલું રહે અને અડકતાં કઠણ જણાય તથા તેની અંદરથી થોડી રસી ઝરવા સાથ સણકા માર્યા કરે-સોયો ભોંકાયા જેવી પીડા થાય, તેમજ ધડકારો થાય તે વાતજન્ય વ્રણ કાળા રંગનું હોય છે. જે વ્રણ તરશ, મોહ, તાવ, કલેદ, દાહ, સડા, અને ચીરાવાળું તથા વાસ મારતું અને સ્રાવવાળું હોય તે **પિત્તજ** વ્રણ જાણવું.

જે વ્રણ અત્યંત ગાઢ, ભારી, ચીકણું, નિશ્ચળ, મંદ પીડાવાળું, સ્રાવ સહિત અને લાંબા વખતે પાકનારૂં હોય તે **કફજ** વ્રણ જાણવું.

જે વ્રણમાંથી લોહી વહ્યા કરે તે **લોહિ**વિકારનું જાણવું.

જે વાત અને પિત્ત એ બે દોષના મિશ્ર વાળું હોય તે **વાત પિત્તવ્રણ.** એવીજ રીતે પિત્ત કફ વ્રણ અને વાતરક્ત વ્રણનો માય નો જાણી લેવો.)

(સદ્યોવ્રણ કોને કહેવાય ?)

सद्योव्रणस्त्वष्टधा स्यादवकृत्तविलंबितौ ।
छिन्नभिन्नप्रचलिता घृष्टविद्धनिपातिताः ॥ ७६ ॥

સદ્યોવ્રણના આઠ ભેદ છે તે એ કે-અવકલૃપ્ત ૧, વિલંબિત ૨, છિન્ન ૩, ભિન્ન ૪, પ્રચલિત ૫, ઘૃષ્ટ ૬, વિદ્ધ ૭ અને નિપાતિત ૮ એમ આઠ વિભાગ પડેલા છે.

(સ્વભાવથી વ્રણ થયેલ નહીં પણ અકસ્માત અસ્ત્ર શસ્ત્રાદિના પ્રહારથી જે કંઈ જખમ થાય તેના આઠ ભેદ છે, તે પૈકી જે જખંમમાં કાતરથી કપાવા સરખી પીડા થાય તે **અવકલૃપ્ત** કહેવાય છે.

જે જખમનું માંસ લટકે છે તે **વિલંબિત** વ્રણ કહેવાય છે.

જે જખમ તીરછું, સીધું, કે લાંબુ હોય તે **છિન્ન** વ્રણ કહેવાય છે.

જે જખમમાંથી બરછી, ભાલો, તીર, તરવાર વગેરે તથા દાંત શીંગડાં આદિથી કોઠો વિંધાઈ થોડું લોહી નીકળેલ હોય તે ભિન્ન વ્રણ જાણવું.

જે અંગ હાડ સહિત લાકડી મગદળ વગેરેની ચોટ લાગવાથી કે કમાડ પથરા વગેરે નીચે ચગદાવાથી કચરઘાણ જેવું થઇ જાય અને મજ્જા લોહી સહિત હોય (પણ ઘા ન હોય) તેને **પ્રચલિત** વ્રણ જાણવું. આને પિચ્ચિત વ્રણ પણ કહેવામાં આવે છે.

જે જગોની ચામડી કોઇપણ જાતના ઘસારા વડે કે ચોટ લાગવા વડે જતી રહે અને આગ જેવું ગરમ લોહી વહે તે **ઘૃષ્ટ** વ્રણ જાણવું.

જે જગોએ સોય જેવાં અણીવાળાં રાજ આશય વગરના અંગમાં વિંધી દાખલ થઈ અંદરજ રહી ગયાં હોય કિંવા નિકળી ગયાં હોય તેને **વિદ્ધ** વ્રણ કહેવામાં આવે છે.

જે વ્રણની અંદર અંગ છિન્ન ભિન્ન વિશેષપણે ન થયેલ હો અને છિન્ન તથા ભિન્ન વ્રણનાં લક્ષણો નજરે પડતાં હોય તથા ટેઢું-વાંકું વ્રણ ન હોય તેને **નિપાતિત** કિંવા ક્ષત વ્રણ જાણવું.)

(કોષ્ટ પીડા.)

कोष्ठभेदो द्विधा प्रोक्तःच्छिन्नान्त्रो निःसृतांत्रकः ।

કોષ્ઠભેદના બે પ્રકાર છે એટલે કે એક છિન્નાંત્રક અને બીજો **નિઃસૃત્રાંતક** છે.

(જેમાં શસ્ત્ર વગેરેના કારણથી પેટનાં આંતરડાં કપાઇ ગયાં હોય અને આંતરડાં તેમજ શસ્ત્ર બેઉ પેટની અંદરજ રહી રહેલ હોય તેને છિન્નાંત્રક ગણુ કહેવામાં આવે છે.

જેમાં શસ્ત્રના કારણથી પેટનાં આંતરડાં કપાઈ શસ્ત્ર અને આંતરડાં બહાર નીકળી પડેલ હોય તેને નિઃસૃત્રાંતક ગણુ કહે છે.)

(અસ્થિભંગ એટલે શું ?)

अस्थिभंगोऽष्टधा प्रोक्तो भग्नपृष्ठविदारिते ॥७७॥ विवर्तितश्च विश्लिष्टश्च तिर्यग्विक्षिप्तस्त्वधोगतः ऊर्ध्वगः संधिभंगश्च

અસ્થિભંગ આઠ પ્રકારનો છે એટલે કે-ભગ્નપૃષ્ટ ૧, વિદારિત ૨, વિવર્તિત ૩, વિશ્લિષ્ટ ૪, તિર્યગ્વિક્ષિપ્ત ૫, અધોગત ૬, ઉર્ધ્વગ ૭ અને સંધિભગ્ન ૮ એ આઠ ભેદ છે. (અસ્થિભંગ શબ્દથી ફક્ત અહીંયાં હાથ વગેરેના કાંડાઓનું ભાગવું અને સાંધાઓનુ ટૂટવું એજ ગ્રહણુ કરવામાં આવેલ છે.)

(સાંધાની જોડના બેઉ તરફનાં હાડકાંઓના પરસ્પર ઘસારાથી જે સોજો થઇ આવે છે અને રાત્રે પીડા વધેલી જણાય તે **ભગ્નપૃષ્ટ** કિંવા ઉત્પીષ્ટ કહેવાય છે.

વિશ્લષ્ટ સાંધાઓના બેઉ બાજુનાં હાડકાંઓ ટૂટવાથી તેમાં ઘણી પીડા થાય તેને **વિદારિત** કહે છે.

સંધિગોમાં બેઉ બાજુથી હાડકાં સાંધાઓથી પલટાઈ જાય જેથી અત્યંત પીડા થાય અને હાડકાં બેઉ બાજુ ફર્યા કરે તેને **વિવર્તિત** કહે છે.

સાંધાઓમાં સોજો થઇ રાતમાં વધારે પીડા વધી સર્વ સમય અત્યંત અસહ્ય પીડા થાય છે. આમાં હાડકું દૂર ખસી જઈ વચમાં ખાડો-પોલાણ પડે છે તેથી આને **વિશ્લિષ્ટ** કહે છે.

તિર્યગમાં હાડકાં ટેઢી રીતે ખસી જવાથી કળતર ઘણુંજ થાય છે. આમાં હાડકું સાંધામાંથી ખસી વાંકું થઈ જાય છે.

અધોગતમાં સાંધાનું હાડકું એક નીચેની બાજુ ખસી જાય જેથી પીડા થાય અને સાંધાની વિરૂદ્ધ ચેષ્ટા જણાય. આમાં સાંધાનાં હાડ એક બીજાં દૂર ખસી જવા છતાં વળગેલાં રહે છે.

ઉર્ધ્વગતમાં સાંધાના હાડનો ઉપરનો ભાગ સાંધાથી બહાર

નીકળી જતાં કળતર શૂળ ન્યૂનાધિક થાય છે, અને ઉપરની બાજુ ખસી જઈ પરસ્પરનો સંબંધ તજી દે છે.

સંધિભંગમાં સાંધાનું હાડકું ચૂરેચૂરા થઇ જાય અથવા બે ચાર કકડા થઇ જાય છે.)

(વન્હીદગ્ધ કોને કહે છે?)

वन्हिदग्धश्चतुर्विधः ॥ ७८ ॥ प्लुष्टोऽतिदग्धो दुर्दग्धः सम्यग्दग्धश्च कीर्तितः ।

અગ્નિથી દાઝવા સંબંધીના ભેદ ચાર છે તે એકે, પ્લુષ્ટ ૧, અતિદગ્ધ ૨, દુર્દગ્ધ ૩, અને સમ્યગ્દગ્ધ ૪ એ ચાર વિભાગ છે.

(અગ્નિથી, ઉન્હાપાણીથી, ઉન્હા તેલ ઘી કિંવા ઉન્હા લોઢા વગેરે ધાતુથી શરીરનો કોઇપણ દાઝી ગયો હોય અને તેથી ચામડીનો રંગ બદલાઇ ગયેલ હોય તે અગ્નિદગ્ધને **પ્લુષ્ટ** સંજ્ઞાથી ઓળખાવે છે.

અગ્નિથી દઝાઇ લોહી, માંસ, નસો, સ્નાયુ, સંધિ અને હાડકાં દેખાવા લાગે અને તાવ, તરશ, બળતરા, મૂર્છાથી વ્યાપ્ત હોય તેને **અતિદગ્ધ** કહે છે.

અગ્નિથી દાઝનાં બહુ પીડા થાય–ફોલા ઉઠી આવે અને તે જલ્દી ન રૂઝાય તેને **દુર્દગ્ધ** કહે છે.

અગ્નિના દાઝવાથી તાડવૃક્ષની પેઠે શરીર કાળું થઇ જાય તે **સમ્યગ્દગ્ધ** કહેવાય છે.)

(નાડીવ્રણ—નાસૂર રોગ.)

नाड्यःपंच समाख्याता वातपित्तकफैस्त्रिधा ॥ ७९ ॥ त्रिदोषैरपि शल्येन

નાસૂર પાંચ પ્રકારનાં છે. વાયુનું, પિત્તનું, કફનું, ત્રિદોષનું અને શલ્યનું એમ પાંચ જાતનાં છે.

(જે મૂર્ખ માણસ પાકેલા ફોલ્લાને કાચો સમજીને બેદરકાર રહે, અથવા ઘણી રસી ભરાયા છતાં તેને ખાલી કરવાની પરવા ન રાખે જેથી તે ભરાયલી રસી પુર્વોક્ત ચામડી માંસ વગેરે સ્થળો લગી
.ડું તેમને ભેદી નાંખે છે, એટલે કે પરની ગરમીથી માંસમાં

પણુ જગ્યા કરી ઠેઠ રગો સુધી અંદર એક રસ્તો બનાવી દેછે. પછી તે પરૂ રગોની પેઠે અંદર વહે છે તે કારણને લીધે નાડી ગણુનાસૂર નામધારી થાય છે.

વાયુનું નાસૂર-કરકરા મ્હોંવાળુ, ઝીણું અને ફીણ સહિત રસી વાળું હોય છે. તેમાં શૂળ ચાલે છે અને દિવસ કરતાં રાતે વધારે પીડા જણાય છે.

પિત્તનું નાસૂર—તરશ, તાવ, બળતરા સહિત હોય છે અને તેમાંથી પીળા રંગની ગરમ તથા પુષ્કળ રસી વહેછે. આમાં દિવસે વધારે પીડા થાય છે.

કફના નાસૂરમાં—રસી ધોળા રંગની, કઠણ, ચિકટી હોય છે, તથા વલૂર આવે છે અને દિવસ કરતાં રાતે વધારે પરૂ વહે છે.

ત્રિદોષના નાસૂરમાં—દાહ, તાવ, દમ, બેભાનપણું, અત્યંત તરશ વગેરે ઉપદ્રવો હોય છે. આ નાસૂર ભયંકર મરણ સમાન ગણાય છે.

કોઇ પ્રકારનું શલ્ય વાગવાથી (કાંટો વગેરે લાગવાથી અર્થાત્ માંસમાં કાંટો ભાગી અંદર રહી જવાથી) તે નાસૂરને જન્મ આપે છે અને તેમાંથી લોહીમય ફીણવાળું, ઉન્હું, ડહોળાયલું પરૂ ઝરવા સાથ તણુખા મારે છે.)

(ભગંદર રોગ કેટલા પ્રકારનો છે ?)

तथाऽष्टौस्युर्भगंदराःशतपोनस्तुपवनादुष्ट्रग्रीवश्चपित्ततः॥८०॥ परिस्रावी कफाज्ज्ञेय ऋजुर्वात कफोद्भवःपरिक्षेपी मरुत्पि-त्तादर्शोजःकफपित्ततः ॥८१॥ आगंतुजातश्चोन्मार्गी शंखा-वर्तस्त्रिदोषजः।

ભગંદરની આઠ જાત છે તે એ કે વાયુથી થનારો શતપોનક ૧, પિત્તથી થનારો ઉષ્ટ્રગ્રીવ ૨, કફથી થનારો પરિશ્રાવી ૩, વાત કફથી થનારો ઋજુ ૪, વાતપિત્તથી થનારો પરિક્ષેપી ૫, કફપિત્તથી થનારો અર્શોજ ૬, આગંતુજ ઉન્માર્ગી ૭ અને ત્રિદોષથી થનારો શંખુકાવર્ત્ત ૮, એ આઠ પ્રકાર છે.

(ગુહ્યદ્વારની બાજુએ, બે આંગળ ઉપર એક ફોલ્લી થાય છે અને જેને લીધે પુષ્કળ તણુખા માર્યા કરે છે, તે ફુટયા પછી ભગંદર ગણાય છે.

ભોજ વૈદ્યાચાર્ય તો તેને ભગના દર સમાન તે જખમનો આકાર હોવાથી તેને ભગંદરનું નામ આપવામાં આવેલું છે એમ બતાવે છે.

શતપોનકમાં—લાલરંગના ફીણ મિશ્રિત પરૂ વહે છે, તણખા મારે છે અને ચાલણીના જેવાં ઘણાં નારાં પડી જાય છે કે જે નારાંમાંથી દસ્ત પેશાબ અને ધાત પણ બહાર આવે છે.

ઉષ્ટ્રગ્રીવમાં—ઘણુંજ ગરમ પરૂ પડે છે અને એનો આકાર ઉંટની ડોક જેવો વાંકો હોય છે જેથી ઉષ્ટ્રગ્રીવ નામ આપેલ છે.

પરિશ્રાવિમાં—વલૂર ઘણી આવે છે, કઠણ પરૂ વહે છે અને ફોલ્લીયો પણ કઠોર હોય છે, તથા તણખા સહિત છતાં ફોલ્લીઓ ધોળી હોય છે.

ઋજુમાં સીધા માર્ગથી પરૂ વહ્યા કરે છે.

ઉન્માર્ગીમાં—કીડા પડી જખમ ગદગદી આવે છે અને તે કીડા જગાને કોતરી ઘણાં નારાં પાડી દે છે.

શંખાવર્તમાં—ગાયના આંચળ જેવી ઘણી ફોલ્લીઓ થઇ વિવિધ રંગનું પરૂ, વિવિધવેદના અને વિવિધ રંગ દર્શાવે છે. આનો આકાર શંખના જેવો હોય છે.

બધા ભગંદર મહામહેનતે મટે તેવા છે અને તેમાં પણ ત્રિદોષ જન્ય અને ક્ષતજ એ બે તો અસાધ્યજ છે.)

(ઉપદંશ કોને કહેવો ?)

मेढ्रं पंचोपदंशाः स्युर्वातपित्तकफैस्त्रिधा ॥ ८२ ॥
सन्निपातेन रक्ताच्च

ઉપદંશ રોગ પાંચ જાતનો છે અર્થાત્ વાયુ, પિત્ત, કફ, સન્નિપાત અને લોહી એઓના બગાડથી પાંચ ભેદ પાડવામાં આવેલા છે.

(પુરૂષને અને સ્ત્રીને આ ઉપદંશ-ગરમી-ચાંદી-ફિરંગવાયુનો રોગ થાય છે અને તે છુપા ભાગ ઉપર હાથ વગેરેનો માર વાગવાથી, નખ, દાંત, વગેરે લાગવાથી, છુપા ભાગો ન ધોવાથી, ઘણી કામક્રીડામાં મચ્યા રહેવાથી, સ્ત્રીની યોનિ અને પુરૂષના લિંગ દોષથી અને મેલા પાણીવડે તે ભાગ ધોવાથી તથા દાસી, બ્રહ્મચારિણી રજસ્વળા અને કઠોર પશમવાળીના સંગમથી તેમજ વાજીકરણાદિના ઘણા પ્રયોગ કરવાથી ચાંદીનો રોગ લાગુ થાય છે. કેટલીક સ્ત્રીયોની

તો યોનિજ એવી ઝેરી હોય છે કે તેનો સંગ કરતાંજ ગરમીનો રોગ વ્હોટી પડે છે.

વાયુની ચાંદીમાં—કાળી ફોલ્લીઓ અને આકરી (સોયો ભોંકયા જેવી) પીડા વાળી સ્ફુરણાવંત હોય છે.

પિત્તની ચાંદીમાં—ફોલ્લીઓનો રંગ પીળો, બળતરા અને ઘણું પાણી વહે તેવી હોય છે.

કફની ચાંદીમાં—મોટી ધોળી ફોલ્લીઓ સોજા ચળ અને કઠણ રસી વહેનારી હોય છે.

ત્રિદોષની ચાંદીમાં—ત્રણે દોષોનાં લક્ષણો હોય છે.

રક્તજ ચાંદીમાં—માંસના સરખી લાલરંગની ફોલ્લીઓ હોયછે.

જે ચાંદીમાં કીડા પડી ઇંદ્રી ખવાઈ જાય તે અસાધ્ય ગણાયછે.)

(શૂક રોગ એટલે શું?)

मेढ्रे शूकामयास्तथा । चतुर्विंशतिराख्याता लिंगार्शोग्रथितं तथा ॥८३॥ निवृत्तमवमंथश्च मृदितं शतपोनकः अष्टीलिका सर्षपिका त्वक्पाकश्चावपीटिका ॥ ८४ ॥ मांसपाकः स्पर्शहानिर्निरुद्धमणिरुद्भवः। मांसार्बुदं पुष्करिका संमूढपिटिकालजी ॥८५॥ रक्तार्बुदं विद्रधिश्च कुंभिका तिलकालकः। निरुद्धः प्रकशः प्रोक्तस्तथैव परिवर्तिका ॥ ८६ ॥

શૂકરોગ ચોવીશ પ્રકારનો છે તે એ કે-લિંગાર્શ ૧, ગ્રંથિત ૨, નિવૃત ૩, અવમંથ ૪, મૃદિત ૫, શતપોનક ૬, અષ્ટિલીકા ૭, સર્ષપિકા ૮, ત્વક્પાક ૯, અવપીડિકા ૧૦, માંસપાક ૧૧, સ્પર્શહાનિ ૧૨, નિરૂદ્ધમણિ ૧૩, માંસાર્બુદ ૧૪, પુષ્કરિકા ૧૫, સંમૂઢ પિટિકા ૧૬, અલજી ૧૭, રક્તાર્બુદ ૧૮, વિદ્રધિ ૧૯, કુંભિકા ૨૦, તિલકાલક ૨૧, નિરૂદ્ધ ૨૨, પ્રકશ ૨૩ અને પરિવર્ત્તિકા ૨૪ એમ ૨૪ ભેદ છે.

(ઓછી બુદ્ધિવાળા પુરૂષો પોતાની ઇંદ્રિ મોટી કરવા કંઇક લેપ કરે છે તેના લીધે શૂક રોગ પેદા થાય છે.

લિંગાર્શમાં અર્ષના જેવાં લક્ષણ હોય છે.

ગ્રંથિતમાં—ઇંદ્રિપર ગાંઠો થઈ આવે છે.

નિવૃત્તમાં—કફનો સંબંધ વિશેષ હોય છે.

અવમંથમાં—કફ રક્તથી ઇંદ્રીની બહાર લાંબી લાંબી ફોલ્લીઓ થાય છે અને ફુટીને અંદર ફેલાવો કર્યા કરે છે.

મૃદ્દિતમાં—વાયુ કોપથી ઇંદ્રીપર ફોલ્લી થઈ પીડા થાય અને જોરથી દબાવતાં ઇંદ્રી સુજી આવે છે.

શતપોનકમાં—લિંગમાં ઘણાં છિદ્રો પડી જાય છે. આ રોગ વાતરક્તથી થાય છે.

અષ્ઠીલિકામાં—લોઢાના વાસણ જેવી કઠણ ફોલ્લીઓ થાય છે. (આ વાયુકોપથી થાય છે.)

સર્વપિકામાં—ધોળા સરસવના સમાન ફોલ્લીઓ થાય છે. (આ કફ વાતકોપથી થાય છે.)

ત્વક્પાકમાં—ચામડી પાકી આવે છે અને તાવ બળતરા પણ હોય છે. આ રોગ વાતપિત્ત વિક્રિયાથી થાય છે.

અવપીડિકામાં—લિંગ ફાટેલા જેવો જણાય છે.

માંસપાકમાં—માંસ ગળી જઈ ઇંદ્રીમાં અનેક પ્રકારની પીડા થાય છે. આ ત્રિદોષ કોપનો વ્યાધિ છે.

સ્પર્શહાનિમાં—લોહી દૂષિત થઇ સ્પર્શજ્ઞાન નષ્ટ કરી દેછે.

નિરૂદ્ધમણિમાં—ઇંદ્રીની મણિમાં ચેતના નષ્ટ થાય છે.

માંસાર્બુદમાં—માંસ દુષ્ટ થઇ ન્હાની રસોળી જેવી રંસોળીઓ પેદા થાય છે.

પુષ્કરિકામાં—ઇંદ્રીની ચોમેર ઝીણી ઝીણી ફોલ્લીઓ થાય અને કમળ કેસરના સરખી હોય છે. (આ પિત્તરક્તથી થાય છે.)

સંમૂઢપિટિકામાં—લેપના લીધે ઇંદ્રિમાં ઘણી ચળ આવે જેથી બેઉ હાથ વડે ઇંદ્રીને મશળી નાંખે જેના લીધે મોંઢા વગરની ફોલ્લીઓ થાય છે.

અલજીમાં—લાલ કાળી ફોલ્લીઓ (પ્રમેહ પિટિકામાં વર્ણવેલ અલજીના સમાન લક્ષણ) હોય છે.

રક્તાર્બુદમાં—ઇંદ્રિપર કાળી તથા રાતી ફોલ્લીઓ પેદા થાયછે.

વિદ્રધિમાં—સન્નિપાત વિદ્રધિના સમાન લક્ષણો દૃષ્ટિગોચર થાય છે.

કુંભિકામાં—જાંબુના ઠિલીઆ જેવી કાળા રંગની ફોલ્લી થાય છે. (આ રક્તપિત્ત વિકારથી થાય છે.)

તિલકાળકમાં--લિંગ પાકી જાય અને માંસ તલના જેવું કાળું થઇ ગળી જાય છે. આ વ્યાધિ પણ ત્રિદોષજન્ય છે.

નિરૂદ્ધપ્રકશ અને **પરિવાર્તિક** એઓમાં--ગ્રંથાંતરમાં બતાવેલા નિદાન સ્થાન વિષે ક્ષુદ્ર રોગ વર્ણન સમાન લક્ષણ હોય છે.)

(કોઢ રોગ કેટલા પ્રકારનો છે ?)

कुष्टान्यष्टादशोक्तानि वातात्कापालिकं भवेत् । पित्तेनौदुंबरं प्रोक्तं कफान्मंडलचर्चिके ॥ ८७॥ मरुत्पित्तादृष्यजिव्हं श्लेष्मवाताद्विपादिका । तथा सिध्मैककुष्टं च किटिभं चालसं तथा ॥ ८८ ॥ कफपित्तात्पुनर्दद्रुः पामाविस्फोटकं तथा । महाकुष्ठंचर्मदलं पुडरीकं शतारुकं ॥ ८९ ॥ त्रिदोषैः काकणं ज्ञेयं तथान्यत् श्वित्रसंज्ञितं । तथा वातेन पित्तेन श्लेष्मणा च त्रिधा भवेत् ॥ ९० ॥

કોઢરોગ અઢાર જાતનો છે એટલે કે-કાપાલિક ૧, ઔદુંબર ૨, મંડળ, ૩ વિચર્ચિકા ૪, ઋક્ષજીવ્હ ૫, વિપાદિકા ૬, સિધ્મ ૭, કિટિભ ૮, આલસ ૯, દદ્રુ ૧૦, પામા ૧૧, વિસ્ફોટક ૧૨, મહાકુષ્ટ ૧૩, ચર્મદલ ૧૪, પુંડરીક ૧૫, શતારૂક ૧૬, કાકણ ૧૭ અને શ્વિત્ર ૧૮ એ અઢાર ભેદ છે.

(કોઢ રોગમાં સાત મહા કોઢ અને અગ્યાર ક્ષુદ્ર કોઢ માનેલ છે. તેમાં:-

કાપાલિક કોઢ--કાળા તથા રાતા રંગનો, દેખાવમાં ભાંગેલી ઠીબ જેવો, લૂખો, કઠોર, પાતળી ચામડીવાળો અને સોયો ભોંકાયા જેવી પીડા યુક્ત હોય છે. એ મુશ્કેલીથી વખતે મટે છે.

ઔદુંબર કોઢ--શૂળ, દાહ, લાલ ત્વચાવંત, ખરજથી વ્યાપ્ત હોય છે અને એ કોઢની જગાએ વાળ, રોમ ઘણાજ કાળા હોય છે તથા ઉંબરાના ફળ જેવો દેખાવ હોય છે.

મંડળ કોઢ—ધોળો-લાલ-કઠણ-ભીનાશવાળો-ચીકણો અને જેનો આકાર ચકરડાં જેવો છતાં એક બીજાથી મળી ગયેલ દેખાવનો હોય છે.

વિચર્ચિકા કોઢ--ચળવાળો, કાળારંગની ફોલ્લીઓ સહિત અને બહુ પરૂ ચલાવનારો હોય છે.

ઋક્ષજિવ્હ કોઢ--કઠોર, અંતમાં રાતો, વચમાં કાળો, પીડાકારી અને રીંછની જીભ જેવા દેખાવવાળો હોય છે.

વિપાદિકા કોઢ--હાથની હથેલી અને પગનાં તળિયાં ફાડી નાખનારો પીડા સહિત હોય છે.

સિધ્મ કોઢ—ધોળો-લાલ-પાતળી ચામડીવાળો, ચળ આવતાં તેમાંથી ફોતરી ઉખડી પડતી જણાય તેવો અને છાતીમાં થનારો છતાં તુંબડીના ફુલે જેવા દેખાવનો હોય છે.

કિટિભ કોઢ--શ્યામ આશમાની રંગનો તથા આંટણુની ચામડી જેવી બેહેર મારી ગયેલ ખરબચડી ચામડી વાળો શુષ્ક હોય છે.

અલસ કોઢ--ઘણી પીડાવાળો, પિત્તીના જેવી ઘણી અને રાતી ફોલ્લીઓવાળો તથા ઘણી વલૂર વાળો હોય છે.

દદ્રુ કોઢ—ચળવાળો, લાલ અને ફોલ્લીઓવાળો તથા ગોળાકાર ચકરડાં વાળો અને મ્હોં અગાડીથી જરાક ઉપસેલ ઉંચી ફોલ્લીઓ યુક્ત હોય છે. આને દાદર-દરાજ-ગજકરણુ વગેરે કહે છે.

પામા કોઢ—નાની અને મોટી ફોલ્લીઓ વાળો, ચળ, રસી અને બળતરા વાળો હોય છે. આને લૂખસ-ખુજલી કહે છે.

વિસ્ફોટક કોઢ--આસમાની રાતારંગના ફોલ્લા વાળો, પાતળી ચામડીવાળો અને ભયંકર પીડાવાળો હોય છે.

મહાકુષ્ટ કોઢ--પસીના વગરનો, માખિયોના જેવા અંગરંગ વાળો અને રસાદિ ધાતુઓમાં વ્યાપેલો હોય છે.

ચર્મદળ કોઢ--લાલ, શૂળયુક્ત, ચળવાળો, ફોલ્લાઓથી વ્યાપ્ત થઈ ફૂટી જનારો અને હાથ અડકાડતાં સ્પર્શ સહન ન થાય તેવો ફાટેલી ચામડીવાળો હોય છે.

પુંડરીક કોઢ—કમળ પત્રના જેવો ધોળો અને છેવટમાં લાલ રંગવાળો હોય છે. તથા જરાક ઉંચાઈ વાળો છતાં વચમાં લાલાશ પડતો હોય છે.

શતારૂક કોઢ--રાતો, કાળો, બળતરાવાળો, શૂળ તથા ફોલ્લા સહિત હોય છે.

કાકણ કોઢ—ચણોઠીના જેવો રાતા રંગનો છતાં વચમાં કાળાશવાળો કિંવા વચમાં લાલ અને આસપાસ કાળાશવાળો, કંઈક પાકેલો, આકરી પીડા સહિત, અને ત્રણે દોષોનાં લક્ષણુવાળો હોયછે,

શ્વિત્રકોઢ, ઉપર બતાવેલા કોઢ જેવા નિદાન ચિકિત્સાવાળો છે છતાં તેમાંથી રસી વહેવરાવનારો, લોહી, માંસ અને મજ્જા એ ત્રણે ધાતુઓથી ઉત્પન્ન થનારો તથા વાત પિત્ત કફ એ ત્રણે દોષોના ભેદોને લીધે ત્રણ પ્રકારનો એટલે કે વાયુથી લૂખો અને લાલ, પિત્તથી લાલ-કમળપત્ર જેવો લાલ, દાહ, અને ઉપરથી વાળોને ખેરવી પાડનારો, અને કફથી ધોળો, ગાઢો તથા ભારી હોય છે. એમાં વલૂર આવ્યા કરે છે.)

(ક્ષુદ્ર રોગ એટલે શું ?)

क्षुद्ररोगाः षष्टिसंख्यास्तेष्वादौ शर्करार्बुदम् ।
इंद्रवृद्धा पनसिका विवृतांधालजी तथा ॥ ९१ ॥
वराहदंष्ट्रो वल्मीकं कच्छपी तिलकालकः ।
गर्दभी रकसा चैव यवप्रख्या विदारिका ॥ ९२ ॥
कंदरो मसकश्चैव नीलिका जालगर्दभः ।
इरिवेल्ली जतुमणिर्गुदभ्रंशोऽग्निरोहिणी ॥ ९३ ॥
सन्निरुद्धगुदः कोठः कुनखोऽनुशयी तथा ।
पद्मिनीकंटकश्चिप्यमलसो मुखदूषिका ॥ ९४ ॥
कक्षावृषणकच्छूश्च गंधः पाषाणगर्दभः ।
राजिका च तथा व्यंगश्चतुर्धा परिकीर्तितः ॥ ९५ ॥
वातात्पित्तात्कफाद्रक्तादित्युक्तं व्यंगलक्षणम् ।
विस्फोटाः क्षुद्ररोगेषु तेऽष्टधा परिकीर्तिताः ॥ ९६ ॥
पृथग्दोषैस्त्रयो द्वंद्वैस्त्रिविधाः सप्तमोऽसृजः ।
अष्टमः सन्निपातेन क्षुद्ररुक्षु मसूरिका ॥ ९७ ॥
चतुर्दशप्रकारेण त्रिभिर्दोषैस्त्रिधा च सा ।
द्वंद्वजा त्रिविधा प्रोक्ता सन्निपातेन सप्तमी ॥ ९८ ॥
अष्टमी त्वग्गताज्ञेया रक्तजा नवमी स्मृता ।
दशमी मांसजा ख्याता चतस्रोऽन्याश्च दुस्तराः ।
मेदोऽस्थिमज्जाशुक्रस्थाः क्षुद्ररोगा इतिरिताः ॥ ९९ ॥

ક્ષુદ્રરોગના સાઠ ભેદ છે તે એ કે-શર્કરાર્બુદ ૧, ઇંદ્રવૃદ્ધા

૨, પનસિકા ૩, વિવૃત્તા ૪, અંધાલજી ૫, વરાહદષ્ટ્ર ૬, વલ્મીક ૭, કચ્છપી ૮, તિલકાલક, ૯, ગર્દભી ૧૦, રકસા ૧૧, યવપ્રખ્યા ૧૨, વિદારિકા ૧૩, કદર ૧૪, મસક ૧૫, નીલિકા ૧૬, જાળગર્દભ ૧૭, ઇરિવેલ્લિકા ૧૮, જતુમણિ ૧૯, ગુદભ્રંશ ૨૦, અગ્નિરોહિણી ૨૧, સંનિરૂદ્ધગુદ ૨૨, કોઠ ૨૩, કુનખ ૨૪, અનુશયી ૨૫, પાદ્મની-કંટક ૨૬, ચિપ્પ ૨૭, અલસ ૨૮, મુખદૂષિકા ૨૯, કક્ષા ૩૦, વૃષણકચ્છૂ ૩૧, ગંધ ૩૨, પાષાણગર્દભ ૩૩, રાજિકા ૩૪, વ્યંગ (આ રોગ વાતપિત્ત કફ અને લોહીથી થનાર હોવાથી ચાર જાતનો છે એથી ચોત્રીશ ને ચાર અડત્રીશ) ૩૮, તથા વિસ્ફોટક (આ રોગ આઠ જાતનો છે. એટલે કે, વાયુનો, પિત્તનો, કફનો, વાતપિત્તનો, કફપિત્તનો, વાતકફનો, રક્તનો અને ત્રિદોષનો એ આઠ ભેદ મળી છેતાળીશ ક્ષુદ્રરોગ થયા.) ૪૬, અને મસૂરીકા (આ રોગ ચૌદ ભેદ યુક્ત છે; એટલે કે–વાયુની, પિત્તની, કફની, કફપિત્તની, વાતપિત્તની, વાત કફની, ત્રિદોષની, ત્વક્શબ્દોક્તની, રક્તજા, માંસજા, મેદોજા, અસ્થજા, મજ્જાજન્ય અને શુક્રજન્ય એ ચૌદ મળી ૬૦ ક્ષુદ્ર રોગ થયા.

(**શર્કરાર્બુદમાં**– કફ મેદ અને વાયુ એઓ માંસ શિરા અને સ્નાયુમાં દાખલ થઇ ગાંઠને જન્મ આપે છે. જ્યારે તે ગાંઠ ફાટે ત્યારે તેમાંથી મધ ઘી કે ચર્બીના સરખી રસી વહે છે તેથી તે પુનઃ વધીને માંસને સુકવી દઈ તેની બારીક તણાયા જેવી ગાંઠ પેદા કરે છે અને તે પછી નાડીઓમાંથી દુર્ગંધવાળું અનેક વર્ણવાળું લોહી વહેતું રહે છે.

ઇંદ્રવૃદ્ધામાં–કમળના આકાર સરખી વચમાં એક ફોલ્લી થઈ તેની ચોમેર નાની નાની ફોલ્લીઓ થાય છે.

પનસિકામાં કાનની અંદર વાયુ પિત્ત કફવિકારથી ફોલ્લીઓ આકરી પીડા વાળી થાય છે અને તે સ્થિર હોય છે.

વિવૃત્તામાં—પિત્તના યોગથી ફાટેલા મ્હોંડાની, બહુજ બળ-તરા વાળી, પાકા ગૂલરફળના સરખી ચોમેર ચાઠાં પડેલી અને મોટા મુખ યુક્ત ફોલ્લી થાય છે.

અંધાલજીમાં—કફવાતમાંથી જવસરખી કઠણ, વગર મ્હોંઢા-ની, લગાર ઉંચી કિંવા ઉપસેલી અને ચોમેર ચાઠાં યુક્ત છતાં થોડા પરૂવાળી ફોલ્લી થાય છે.

વરાહદંષ્ટ્રમાં—ગાંઠાના જેવો કઠણ સોજો પેદા થઈ સૂઅરની દાઢ જેવા દેખાવ વાળો થાય છે અને દાહ ચળ પીડાયુક્ત બની ઉપરની ચામડી પાકી આવે છે.

વાલ્મીકમાં—ડોક, ખભો, બગલ, હાથ, પગ, સાંધાઓ તથા ગળું એઓના ઉપર કિડિયોના દર ઉપર જેવી ટેકરીઓ હોય છે તેવી ત્રિદોષ જન્ય ગાંઠો થાય છે અને વેલાસર ઉપાય કરવામાં ન આવે તો તે ગાંઠો વધી ઘણાં મુખ થઈ જાય છે તથા રસી વહે છે, ચબકા મારનારી વેદના થાય છે, તેમજ તે મ્હોં તર્ફ ઉંચી દેખાઇ વિસર્પની પેઠે ફેલાય છે. વધારે વખત જતાં આ રાશનો રોગ અસાધ્ય છે.

કચ્છપિકામાં—કફવાયુથી પ્રકટ ગાંઠો પાંચ છ થઈ આવી કઠણ અને કાચબાની પીઠ જેવી ઉંચી વધે છે.

તિલકાળકમાં- વાતપિત્ત કફના કોપવડે તલ જેવડાં કાળા રંગનાં ન દુખે એવાં ચામડીના લગોલગ ચાઠાં પડે છે. (તલ થાય છે તે આ રોગ ગણાય છે.)

ગર્દભિકામાં—વાતપિત્ત બિગાડથી ગોળ ઉપસી આવેલ લાલ, ફોલ્લીઓ છતાં મંડળાકાર વાળું દુઃખદાયી ચાઠું થાય છે.

રકસામાં—ચળ યુક્ત ફોલ્લીઓ છતાં રસી વગરની હોય છે.

અંત્રાલજીમાં—કફવાયુથી થતી ફોલ્લીઓ જવના જેવી, કઠણ ગાંઠ સરખી માંસ મિશ્રિત હોય છે.

વિદારિકામાં—ભોંય કહોળાના સરખી ગોળ તથા ત્રાંબાના જેવી રાતી સાથળના સાંધામાં ત્રિદોષથી ફોલ્લી પેદા થાય છે.

કદરમાં—હાથપગમાં કાંટા કાંકરા ખુંચવાથી બોરના જેવી કણી થઇ વધ્યા કરે છે.

મસકમાં—વાયુથી શરીર ઉપર અડદના જેવી કાળી, પીડા વગરની, સ્થિર, કઠણ, કંઈક ઉંચી ગાંઠ થાય છે એને મસા કહેવામાં આવે છે.

વ્યંગમાં—ક્રોધ અને શ્રમથી વાયુ કોપ પામી પિત્તથી મળી મ્હોંમાં પ્રાપ્ત થઈ એક મંડળ, ચકરડા જેવો દાગ પેદા કરે છે. તે દુખતો નથી, પાતળો હોય છે અને કાળા રંગનો હોય છે.

નીલિકામાં—વ્યંગના લક્ષણુ જેવા કાળા મંડળ જેવી અંગમાં કે ગાલ ઉપર કાળી ચામડી થઇ જાય છે અને તેને મુખછાયા કહેવામાં આવે છે.

જાલગર્દભમાં—પિત્તના વિસર્પ સમાન ફેલાનાર, પાતળો અને પાકનાર સોજો થાય છે અને તેમાં બળતર તથા તાવ હોયછે.

ઇરિવેલ્લીકામાં—ત્રિદોષથી પેદા થનાર માથામાં ગોળ, અત્યંત વેદના વંત, તાવ, ત્રિદોષ ચિન્હ યુક્ત ફોલ્લીઓ થાય છે.

જતુમણિમાં—કફ લોહીથી જન્મ સાથ પ્રકટ થયેલ કંઇક ઉચું પીડા રહિત ગોળ ચકરડું શરીરમાં નિશાની રૂપ થાય છે તેને લાખવું કહે છે.

ગુદભ્રંશમાં—શરીરની લૂખાસ તથા અશક્તિને લીધે દસ્તનું દરદ-મરડો વગેરે થઇ ગુદાની કુલડી બહાર નીકળી આવે છે. ધાતુ-ક્ષય થવાથી વાયુ કોપી આ રોગને જન્મ આપે છે એને આમણુ-આમળ નીકળવાનો રોગ કહે છે.

અગ્નિરોહિણીમાં—બગલની આસપાસ માંસને વિદારનાર ફોલ્લો થાય છે તેથી અંતરમાં દાહ, તાવ થઇ જતાં તે ફોલ્લો પ્રદિપ્ત અગ્નિવંત લોઢાના ગોળા જેવો લાલ થાય છે. જો ફોલ્લામાં વાયુ અધિક હોય તો ૭ દિવસ, પિત્ત હોય તો બાર અને કફ હોય તો ૫ દિવસમાં તે દર્દી મરી જાય છે. આ ત્રિદોજન્ય અસાધ્ય રોગછે.

કોઠમાં—કફ રક્ત પિત્તના કોપવાથી મધમાંખના કરડ જેવાં ચાઠાં થઈ આવે છે અને તે સહેજ લાલરંગનાં હોય છે, તથા તેમાં ઘણીજ ચળ આવે છે, તેમજ જરાવારમાં પેદા થઈ જરાવારમાં મટી જાય છે.

સન્નિરૂદ્ધગુદમાં—મળ મૂત્ર વગેરેના વેગ રોકવાથી ગુદાશ્રિત વાયુ (અપાન વાયુ) કોપપામીને ગુદાનો અવરોધ કરી દ્વારને ન્હાનું બનાવી દે છે જેથી તે મનુષ્યનો મળ મહા કષ્ટથી ઉતરવા પામે છે. આ રોગ ભયંકર છે.

કુનખમાં—કોઈ કઠોર પદાર્થના વાગવાથી નખો દુષ્ટ થઈ લૂખા, કાળા અને ખડબચડા બની જાય છે.

અનુશયીમાં—પગોની અંદર ચામડીના સમાન વર્ણવાળી અને થોડા સોજા સહિત અંદરથી પાકેલ ફોલ્લીઓ થાય છે.

પદ્મિનીકંટકમાં-શરીરની અંદર ધોળા રંગનાં ગોળ ચકરડાં, કાંટાના જેવા માંસના અંકુર યુક્ત અને ચળવાળાં થાય છે.

ચિપ્પમાં--વાયુ પિત્ત નખોના માંસમાં સ્થિર થઈ બળતર અને પાકને પેદા કરી નખોને બગાડી દે છે.

અલસમાં—વર્ષાદના વખતમાં પાણી અને સડેલા કાદવની અંદર ખુલ્લે પગે ફરવાથી આંગળીઓના વચમાં સફેદ ચાઠાં થઇ ચળ આવે છે, બળતર થાય છે અને પીડા કરે છે. ઘણું કરીને અશ્લેષા નક્ષત્રના વર્ષાદ સમય આ રોગ ગામડાંઓમાં બહુ થાય છે અને એને ખારવા લાગ્યો કહે છે. આ રોગ કફ અને રક્ત વિકારથી થાય છે.

મુખદૂષિકામાં-કફ વાયુના કોપથી શીમળાના કાંટા જેવા જવાન સ્ત્રી પુરૂષોના ગાલ ઉપર ખીલ થાય છે અને તે ખૂબસૂરતીને બગાડી દે છે.

કક્ષામાં—બગલની અંદર પિત કોપ પામી કાળા ફોલ્લાથી વ્યાપ્ત, વેદના વાળી ગાંઠ પેદા કરે છે. (તેને બાંબલાઇ કહે છે.)

વૃષણકચ્છુમાં---કફરક્તથી થનાર ન્હાવા વખતે મેલ સાફ ન કરનારને આ રોગ થાય છે; કેમકે અંડકોષમાં રહેલા મેલને લીધે પશીનો થાય છે અને પછી તેથી ચળ આવે છે, તથા તેમાંથી પાણી ઝરવા લાગે તેવી આળાશ થાય છે અને છેવટમાં દુઃખદાયક ફોલ્લા થઇ આવતાં ભારે કંટાળો આપે છે,

ગંધમાં--પિત્ત કોપથી ચામડીની અંદર ફોલ્લા જેવી એક મોટી ફોલ્લી થાય છે.

પાષાણગર્દભમાં--વાત કફ કોપથી હડપચીના સાંધાપર કઠણ, મંદપીડાકારક ચળકતો સોજો આવે છે.

રાજિકામાં--કફવાયુના કોપથી શરીરની અંદર સરસવના સમાન ફોડકીઓ થાય છે.

વિસ્ફોટકમાં--કડવા, ખાટા, તીખા, ગરમ, દાહકારક, લૂખા, ખારા પદાર્થોનું નિયમ વિરૂદ્ધ સેવન કરવાથી, અજીર્ણ છતાં ભોજન કરવાથી, ઋતુના ન્યુનાધિકપણાથી અને દુષ્ટ કર્મથી વાતાદિ દોષો કોપ પામીને ચામડીનો આશ્રય લઈ લોહી, માંસ, હાડકાંને દૂષિત બનાવી ભયંકર ફોલ્લાઓને જન્મ આપે છે અને જન્મ થતાં પહેલાં ભયંકર તાવ આવે છે.

વાતવિસ્ફોટકમાં—માથાની અંદર પીડા, શૂળ, શરીરમાં પીડા તાવ, તરશ, સાંધાઓમાં પીડા થાય છે અને ફોલ્લા શામાશ પડતા હોય છે.

પિત્તવિસ્ફોટકમાં—તાવ, બળતર, પીડા, સ્રાવ, તરશ, ફોલ્લાઓનું પાકવું અને તેનો રંગ પીળો કે લાલ હોય છે.

કફવિસ્ફોટકમાં—ઉલટી, અરૂચિ, જડતા, ચળ યુક્ત ફોલ્લા કઠણ, ધોળા અને પીડા યુક્ત છતાં લાંબા વખતે પાકે છે.

વાતપિત્ત વિસ્ફોટકમાં—આકરી પીડા થાય છે.

વાતપિત્તજન્યમાં—ચળ, બળતરા, તાવ ને ઉલટી થાય છે.

વાતકફજન્યમાં, ગદગદાપણું ને ભારીપણું હોય છે.

રક્તજન્યમાં—ચણોઠી જેવા ફોલ્લા થાય છે. (આ અસાધ્ય છે.)

સન્નિપાતજન્યમાં—આસપાસથી ફોલ્લા ઉંચા અને વચમાંથી નીચા નમેલા છતાં કઠણ, કંઈક પાકેલા અને જેના લીધે બળતરા, અંગમાં લલાઇ, તરશ, મોહ, ઉલટી, મૂર્છા, પીડા, તાવ, બકવા કંપવા તથા ઘેન હોય છે. આ પણ અસાધ્ય છે.

મસૂરીકા એટલે શીળી–શીતળા–બળિયા વગેરેનો રોગ છે તે જગ જાહેર છે.

(વિસર્પ એટલે રતવા ?)

विसर्परोगो नवधा वातपित्तकफस्त्रिधा ।
त्रिधा च द्वंद्वभेदेन सन्निपातेन सप्तमः ॥ १०० ॥
अष्टमो वह्निदाहेन नवमश्चाभिघातजः ।

વિસર્પ રોગના નવ ભેદ છે, એટલે કે વાત વિસર્પ ૧, પિત્ત વિસર્પ ૨, કફ વિસર્પ ૩, વાતપિત્ત વિસર્પ ૪, કફવાત વિસર્પ કફપિત્ત વિસર્પ ૬, ત્રિદોષ વિસર્પ ૭, જઠરાગ્નિ–તાપજન્ય વિસર્પ ૮ અને અભિઘાતજ વિસર્પ ૯ એ નવ ભેદ છે.

(વિસર્પ એટલે એકદમ ફેલનાર, ચેપી રોગ. આ ચેપી રોગ ખારા ખાટા કડવા, ગરમ, વગેરે પદાર્થોના સેવનથી વાતાદિ દોષ વકરી વિસર્પ રોગને જન્મ આપે છે.

વાયુના વિસર્પની અંદર વાયુજ્વરના જેવાં લક્ષણ છતાં તેમાં

સોજો, ફરકવું, ચુંટી નાખવા જેવી પીડા, કોઈ તોડી લેતું હોય તેવી પીડા, દર્દ અને રોમાંચ થાય છે,

પિત્તવિસર્પ--તરત ફેલનાર પિત્તજ્વર સમાન ચિન્હ છતાં અત્યંત લાલવર્ણ દર્શાવે છે.

કફવિસર્પ--વિશેષ ચળ, ચીકણાપણું અને કાળજ્વર જેવી પીડાવાળો હોય છે.

વાતપિત્તજન્ય અગ્નિવિસર્પ--તાવ, મૂર્છા, ઉલટી, અતિસાર, તરશ, હાડફુટણી, મંદાગ્નિ, અંધારાં આવવાં, અન્નદ્વેષ, આદિ ઉપદ્રવ સહિત હોઇ આખા શરીરમાં અંગારા ચાંપ્યા હોય તેવી લાલ થાય અને તાકીદે ફેલાઇ ફોલ્લા-ગાંઠ, કાળી રાતી ઉત્પન્ન થઈ આવી મર્મસ્થાનને ભેદે છે જેથી સંજ્ઞા ને નિદ્રાનો નાશ થાય છે, તથા શ્વાસ, હેડકી, બેચેની વધી પડી આખર મરણને શરણ કરે છે.

પોતાના હેતુથી કોપેલું પિત્ત પવનની ગતિને રોકી કફને ભેદી અથવા વધી પડેલા લોહીને ભેદી ચામડી, નાડી અને માંસમાં પ્રાપ્ત થઇ એઓને દુષ્ટ કરે છે અને તેથી લાંબી, નાની, ભીની, મોટી, ખરધરી લાલ ગાંઠની માળાને જન્મ આપે છે. તેમાં ઘણી પીડા, તાવ, શ્વાસ, ઉધરસ, અતિસાર, હેડકી, ઉલટી, ભ્રમ, મોહ, વર્ણનું બદલાવું, મૂર્છા, તોડ, મંદાગ્નિ અને મુખમાં પોપડીનું પડવું એટલાં લક્ષણો થાય છે. આને ગ્રંથી વિસર્પ કહે છે. આ કફવાયુના કોપવાથી થાય છે. સુશ્રુતમાં આને અપચી કહેલ છે.

કફપિત્તના વિસર્પમાં તાવ અંગનું જડાઇ જવું. નિદ્રા, ઘેન, માથામાં સણકા, અંગમાં ગ્લાનિ, હાથપગમાં કળતર, બકવાદ, અરૂચિ, ભ્રમ, મૂર્ચ્છા, મંદાગ્નિ, હાડમાં તોડ ફોડ, તરશ, ઇંદ્રિયોની સ્તબ્ધતા, આમનું પડવું, મોં વગેરેમાં કફનું લેપાઇ જવું વગેરે વગેરે લક્ષણો હોય છે. આ વિસર્પ આમાશયની અંદર પેદા થઈ પછી બધે ફેલાઇ થોડી પીડા બતાવે છે, તથા પીળી ત્રાંબાના રંગ જેવી સફેદ ફોલ્લીઓ થાય છે તે ચીકણી, કાળી, મલીન, સોજાયુક્ત, ભારી અંદરથી પાકલ, ઘોર દાહ સહિત અને દબાવાથી તુરત ઢીલી અથવા ભીનાશવાળી થાય કિંવા ફાટીજાય અને કાદવના સમાન બની માંસ ગળી જઈ તેમાં શિરા-નાડી દેખાવા લાગે તથા તેમાંથી મડદા જેવી ગંધ આવે છે. આને કર્દમ વિસર્પ કહે છે.

સન્નિપાત વિસર્પમાં ત્રણે દોષનાં લક્ષણો હોય છે.

વન્હિદાહ વિસર્પમાં—જઠરાગ્નિના બહુ સંતપ્ત પણાથી લોહી બગડી બેસી વિસર્પને જન્મ આપે છે અને તેમાં પિત્તજ વિસર્પનાં લક્ષણ હોય છે.

અભિઘાત વિસર્પમાં-બાહ્ય કારણોથી જખમ થઈ તેમાં વાયુ કોપી તે લોહી સહિત પિત્તને વ્રણમાં પ્રાપ્ત કરી વિસર્પને પેદા કરે છે. તેમાં કળથીના જેવા કાળા રંગના ફોલ્લા થાય છે. સોજો તાવ દાહ પણ શામિલ રહે છે અને તેમાંથી કાળા રંગનું લોહી નીકળેછે.

સન્નિપાત, વન્હિદાહ અને અભિઘાત એ વિસર્પ તથા મર્મસ્થાનમાં થયેલ વિસર્પ અસાધ્ય રૂપમાંજ ગણાય છે,)

(શીતપિત્ત રોગ એટલે શું ?)

तथैकः श्लेष्मपित्ताभ्यामुदर्दः परिकीर्तितः ॥ १ ॥
वातपित्तेन चैकस्तु शीतपित्तामयः स्मृतः ।

(ઠંડી હવાના લાગવાથી કફવાયુ કોપી પિત્તથી મળી જઇ અંદર લોહી વગેરે ધાતુઓમાં તથા બહાર ચામડીમાં દાખલ થઈ શરીરમાં મધ માંખના કરડની પેઠે ઘામઠાં પેદા કરે છે અને તેમાં ચળ બહુજ ચલાવી કંટાળો આપે છે. આ રોગને શીળસ ધાયું એમ કહે છે.) આ રોગ એક પ્રકારનોજ છે. પણ જો વાતપિત્તના કોપ થી તે દર્દ થયેલ હોય તો તેમાં ચળ થોડી છતાં પીડા વિશેષ હોય છે. બાકી તાવ સંતાપ ઉલટી બળતર વગેરે તો બેઉમાં વખતે દેખાવ દે છે. વૈધક ગ્રંથોમાં પહેલાને ઉદર્દ અને બીજાને **શીતપિત્ત** એવા નામથી ઓળખાવેલ છે.

(અમ્લપિત્ત કોને કહેવાય ?)

अम्लपित्तं त्रिधा प्रोक्तं वातेन श्लेष्मणा तथा ॥ २ ॥
तृतीयं श्लेष्मवाताभ्यां

અમ્લપિત્ત રોગના ત્રણ ભેદ છે, એટલે કે, વાયુનો, કફનો કફ વાતનો એમ ત્રણ પ્રકાર છે.

(વિરૂદ્ધ ભોજનથી તથા દુષ્ટ અન્ન ખાવાથી અથવા તો ખાટાં બળતરા કરનારાં, પિત્ત વધારનારાં અન્નપાનના સેવવાથી વર્ષાઋતુમાં પોતાના કારણોથી સંચિત થઇ રહેલું પિત્ત દુષ્ટ થાય છે તેને અમ્લપિત્ત કહે છે. એ રોગથી અપચો, વગર મહેનતે થાક લાગવો, ઉલ-

ટીના ઉછાળા આવવા, કડવા ખાટા ઓડકાર આવવા, શરીર ભારે, છાતીમાં તથા ગળામાં બળતરા અને અન્નપર અરૂચિ એટલાં લક્ષણો થાય છે.

એ રોગના ઉર્ધ્વગત અને અધોગત એવા બે ભેદ છે.

વાયુયુક્ત અમ્લપિત્તમાં કંપવા, બકવા, મૂર્ચ્છા, કીડીઓ કરડવા સમાન ચમચમાટ તથા ચળ, દેહમાં ગ્લાની, પેટમાં દુખાવો, આંખ્યો આડે અંધારાં આવવાં, ભ્રાંતિ, ઇન્દ્રિયો તથા મનને મોહ થવો અને રોમાંચનું ઉભું થવું વગેરે લક્ષણો હોય છે.

કફયુક્તમાં—કફનું પડવું, શરીરની અંદર અત્યંત ભારીપણું, અરૂચિ, શીત-ટાઢ લાગવી, અંગમાં ગ્લાની, ઉલટી, મંદાગ્નિ, બળનાશ, ચળ, નિદ્રા અને મોમાંથી કફનું પડવું વગેરે લક્ષણો હોયછે.

વાતકફયુકતમાં—ઉપર કહેલાં બેઉ પ્રકારનાં લક્ષણો હોયછે.)

(વાત રક્ત રોગ.)

वातरक्तं तथाऽष्टधा ।
वाताःधिक्येन पित्ताच्च कफाद्दोषत्रयेण च ॥ २ ॥
रक्ताधिक्येन दोषाणां द्वंद्वेन त्रिविधः स्मृतः ।

વાતરકત રોગ આઠ પ્રકારનો છે એટલે કે જેમાં વાયુની અધિકતા હોય તે વાતજ, તેવીજ રીતે પિતજ, કફજ, ત્રિદોષજ, રક્તજ, દ્વંદ્વજ, (આ ત્રણ જાતનો છે,) એમ મળી ૮ ભેદ છે.

(શરીરનું લોહી બગડી દુષ્ટ વાયુથી દૂષિત બની જાય છે એથી આ રોગને વાતરક્ત કહે છે.

વાતાધિક વાતરક્તમાં શૂળ, અંગોનું ફરકવું, ચુંટી ખાવા જેવી પીડાની વિશેષતા, સોજો, રૂક્ષતા, નીલાપણું, શામવર્ણતા અને એ લક્ષણોની વૃદ્ધિ થતાં ક્ષણભરમાં ન્યૂનતા, ધમની અને આંગળીઓની સંધિમાં સંકોચ, શરીર જડ, અત્યંત પીડા, શરદીનું ખરાબ લાગવું, ટાઢ સેવનથી દુઃખ થવું, સ્તંભ, કંપ તથા શૂન્યતા વગેરે માલમ પડે છે.

પિત્તાધિક વાતરકતમાં બહુજ બળતરા, ઇંદ્રિય-મનમાં મોહ, પરશેવો, મૂર્ચ્છા, મસ્તપણું, તરશ, પીડા, લાલરંગ, સોજો, ન્હાના ન્હાના પીળા ફોલ્લા, અત્યંત ગરમી અને સ્પર્શ ખરાબ લાગે વગેરે લક્ષણો થાય છે.

કફાધિક વાતરક્તમાં--ભીના કપડાથી શરીર ઢાંકયા સરખું જણાય, ભારીપણું, શૂન્યતા, ચીકણાપણું, શીતલતા, ચળ અને મંદ પીડા થાય છે.

ત્રિદોશજમાં—ત્રણે દોષોનાં લક્ષણો માલમ પડે છે.

રક્તાધિકમાં--સોજો, અત્યંત પીડા થઈ તેમાં ત્રાંબાના રંગ જેવો ક્લેદ વહે તથા ચમચમાટી ભરી વેદના થાય છે. સ્નિગ્ધ કે રૂક્ષ પદાર્થોથી તે વેદના શાંત ન થાય તથા તેમાં ચળ અને પાણી ઝરવાનો વધારો હોય છે.

દ્વંદ્વજ એટલે કે વાતાપત્ત, વાતકફ, કફપિત્ત એ ત્રણે પ્રકારના મિશ્રદોષમાં તે તે મિશ્ર દોષનાં લક્ષણો હોય છે. ૩

(વાત રોગ કેટલા પ્રકારના છે ?)

अशीतिर्वातजा रोगाः कथ्यंते मुनिभाषिताः ॥ ४ ॥
आक्षेपको हनुस्तंभ ऊरुस्तंभः शिरोग्रहः ।
बाह्यायामोंतरायामः पार्श्वशूलः कटिग्रहः ॥ ५ ॥
दन्डापतानकः खल्ली जिह्वास्तंभस्तथार्दितः ।
पक्षघातः क्रोष्टुशीर्षो मन्यास्तंभश्च पंगुना ॥ ६ ॥
कलापखंजता तूणी प्रतितूणी च खंजता ।
पादहर्षो गृध्रसी च त्रिश्वाची चाववाहुकः ॥ ७ ॥
अपतंत्रो व्रणायामो वातकंटोऽपतंत्रकः ।
अंगभेदोंऽगशोषश्च मिण्मिणत्वं च कलुता ॥ ८ ॥
प्रत्यष्ठीलाष्ठीलिका च वामनत्वं च कुब्जता ।
अंगपीडांगशूलं च संकोचः स्तंभरूक्षता ॥ ९ ॥
अंगभंगोऽगविभ्रंशो विड्ग्रहो बद्धविट्कता ।
मूकत्वमतिजंभा स्यादत्युद्गारोंत्रकूजन ॥ १० ॥
वातप्रवृत्तिः स्फुरणं शिराणां पूरणं तथा ।
कंपः कार्श्यं श्यावता च प्रलापः क्षिप्रमूत्रता ॥ ११ ॥
निद्रानाशः स्वेदनाशो दुर्बलत्वं बलक्षयः ।
अतिप्रवृत्तिः शुक्र य कार्श्यं नाश रेतसः ॥ १२ ॥

अनवस्थितचित्तत्वं काठिन्यं विरसास्यता ।
कषायवक्रताध्मानं प्रत्याध्मानं च शीतता ॥ १३ ॥
रोमहर्षश्च भीरुत्वं तोदः कंडू रसाज्ञता ।
शब्दाज्ञता प्रसुप्तिश्च गंधाज्ञत्वं दृशः क्षयः ॥ १४ ॥

વાયુ કોપના ૮૦ રોગ છે એટલે કે—આક્ષેપક ૧, હનુસ્તંભ ૨, ઉરૂસ્તંભ ૩, શિરોગ્રહ ૪, બાહ્યાયામ ૫, અભ્યંતરાયામ ૬, પાર્શ્વશૂળ ૭, કટિગ્રહ ૮, દંડાપતાનક ૯, ખલ્લી ૧૦, જિહ્વાસ્તંભ ૧૧, અર્દિત ૧૨, પક્ષાઘાત ૧૩. ક્રોષ્ટુશિર્ષ ૧૪, મન્યાસ્તંભ ૧૫, પંગુ ૧૬, કલાપખંજ ૧૭, તૂની ૧૮, પ્રતિતૂની ૧૯, ખંજ ૨૦, પાદહર્ષ ૨૧ ગૃધ્રસી ૨૨, વિશ્વાચી ૨૩, અવબાહુક ૨૪, અપતંત્રક ૨૫, વ્રણાયામ ૨૬, વાતકંટક ૨૭, અપતાનક ૨૮, અંગભેદ ૨૯, અંગશોષ ૩૦, મિનિમણુ ૩૧, કલ્લતા ૩૨, પ્રત્યષ્ટીલિકા ૩૩, અષ્ટીલા ૩૪, વામનત્વ ૩૫, કુબ્જત્વ ૩૬, અંગપીડા ૩૭, અંગશૂળ ૩૮, સંકોચ ૩૯, સ્તંભ ૪૦, રૂક્ષતા ૪૧, અંગભંગ ૪૨, અંગવિભ્રંશ ૪૩, વિડ્ગ્રહ ૪૪, બદ્ધ વિટ્કતા, ૪૫ મૂકત્વ ૪૬, અતિજૃંભ ૪૭, અત્યુદ્ગાર ૪૮, અંત્રકૂજન ૪૯, વાતપ્રવૃત્તિ ૫૦, સ્ફુરણ ૫૧, શિરાપૂરણ ૫૨, કંપવાયુ ૫૩, કાર્શ્ય ૫૪, શ્યાવતા ૫૫, પ્રલાપ ૫૬, ક્ષિપ્રમૂત્રતા ૫૭, નિદ્રાનાશ ૫૮, સ્વેદનાશ ૫૯, દુર્બલત્વ ૬૦, બળક્ષય ૬૧, શુક્રાતિ પ્રવૃત્તિ ૬૨, શુક્રકાર્શ્ય ૬૩, અનવસ્થિત ચિત્તત્વ ૬૪, કાઠિન્ય ૬૫, વિરસાસ્યતા ૬૬, કષાયવક્ત્રતા ૬૭, આધ્માન, ૬૮, પ્રત્યાધ્માન ૬૯, શીતતા ૭૦ રોમહર્ષ ૭૧, ભીરૂત્વ ૭૨, તોદ ૭૩, કંડુ ૭૪, રસાજ્ઞતા ૭૫, શબ્દાજ્ઞતા ૭૬, પ્રસુપ્તિ ૭૭, ગંધાજ્ઞત્વ ૭૮, દશઃક્ષય ૭૯ અને શુક્રનાશ ૮૦ એ ૮૦ પ્રકારના વાયુ રોગ છે.

(હાથી ઉપર બેઠેલાની પેઠે વારંવાર બધું શરીર હાલ્યા કરે તે વાયુ રોગને આક્ષેપક વાયુ કહે છે. ૧,

દાઢની જડમાં રહેલો વાયુ કોપી હડપચીને નમાવી મોઢાને ખુલ્લું રાખી દે છે, અથવા મોંઢાને બીડી દે છે તેને હનુગ્રહ કહે છે. ૨

જાંઘોને ક્રિયા હીન કરે છે તે વાયુરોગને ઉરૂસ્તંભ કહે છે. ૩

ગર્દનની નસોને લૂખી પીડાયુક્ત અને કાળી કરી દે તે શિરોગ્રહ કહેવાય છે. આ અસાધ્ય છે. ૪

પીઠને વાંકી કરી છાતી, સાથળ અને કમરને મરોડી દેછે તેને બાહ્યાયામ કહે છે. આ અસાધ્ય છે. ૫

કામઠાની પેઠે શરીરને તાણુ વડે નીચે નમાવી દે તેને અંતરાયામ અથવા ધનુર્વાયુ કહે છે. ૬

પડખામાં શૂળ ચલાવે તેને પાર્શ્વશૂળ કહે છે. ૭

કેડને જકડી લે તેને કટિગ્રહ કહે છે. ૮

શરીરને લાકડીને પેઠે તિરછું કરી દે તેને દંડાપતાનક કહે છે. આ કષ્ટસાધ્ય છે. ૯

પગ, સાથળ, ઢીંચણ અને હાથના મૂળમાં કંપવા થાય તે ખલ્લી કહેવાય છે. ૧૦

જીભને બોલવામાં નકામી કરી દે તે જિવ્હાસ્તંભ વાયુ કહેવાય છે. ૧૧

અડધું મોં વાંકું થઈ જાય, માથું હાલ્યા કરે, બરોબર બોલાય નહીં, આંખ, ભમરો તથા ગાલ વિકૃતિરૂપ બની જાય, પીડા, ફરકવું, અને જે તરફ વા થયો હોય તે તરફની નસો, હડપચી, તથા દાંત એઓમાં દર્દ થયાં કરે છે તેને અર્દિત–અડદીઓ વા કહે છે. ૧૨

અરધું અથવા આખું શરીર નકામું કરી ક્રિયાહીન કરી દે તેને પક્ષઘાત કહે છે. ૧૩.

વાત રક્તથી ઢીંચણ સાથળના સાંધાઓમાં અત્યંત પીડા સોજો પેદા થઇ શિયાળના માથા સરખો ઢીંચણ બનાવી દે તેને ક્રોષ્ટુશિર્ષ (ડમરૂવા ?) કહે છે. ૧૪.

ગર્દનને ફરવા દે નહી તેને મન્યાસ્તંભ કહે છે. ૧૫

બેઉ સાથળોને નકામી કરી દે તેને પંગુ કહે છે. ૧૬

ચાલવાની વખતે થરથર કંપે અને એક પગ નકામો થઇ રહે તેને કલાપખંજ કહે છે. ૧૭

હોજરી અને પેઢુમાં પીડા થઇ પછી ગુદા તથા સ્ત્રી પુરૂષની ગુહ્યેંદ્રીમાં દર્દ કરે તેને તૂની કહે છે. ૧૮

ગુદા અને ઇંદ્રીમાં પીડા પેદા થઇ પછી હોજરી તથા પેઢુમાં દર્દને જન્મ આપે તેને પ્રતિતૂની કહે છે. ૧૯

એક પગ ક્રિયા હીન થઈ જાય તેને ખંજ (ખોડો) કહે છે, ૨૦

પગ ઝણઝણાટ અને પીડા સહિત રહે તેને પાદહર્ષ–ખાલી ચડયાનો રોગ કહે છે. ૨૧

નિતંબ-કૂલાને જકડી દઇ પછી કમર, પીઠ, સાથળ, ઢીંચણ, પીંડી, પગ એઓને પકડી લે અને તેમાં કીડીના ચટકા માર્યા જેવી પીડા થયાં કરે તથા વારંવાર કંપવા જણાય તેને ગૃધ્રસી કહે છે. ૨૨

હાથની ધોરી રગોને દુષ્ટ કરી હાથને કામ કરવામાં નકામો કરી દે તેને વિશ્વાચી કહે છે. ૨૩

ખભાની રગોને સંકુચિત કરે તેને અવબાહુક અથવા અપબાહુક કહે છે. ૨૪.

દ્રષ્ટિ સ્તંભિત થઇ જાય, સંજ્ઞા જતી રહે, ગળામાં ઘરઘરાટ બોલ્યા કરે અને વાયુ જ્યારે હૃદયને મુક્ત કરે ત્યારે રોગીને હોશ આવે તથા હૃદયમાં ફરી તે વ્યાપ્ત થતાં દર્દી મૂર્ચ્છા યુક્ત થઈ રહે તેને અપતન્ત્રક કહે છે. આ રોગ ભયંકર છે. ૨૫

(ઉપરના ચિન્હવાળો રોગ ગર્ભપાત તથા બહુજ લોહી વહેવાથી કે માર વાગવાથી થાય તો તે અસાધ્ય છે.)

અભિઘાત-જખમ થવાથી વ્રણમાં પીડા થાય તેને વ્રણાયામ કહે છે. ૨૬.

ઘુંટીમાં પીડા થાય તેને વાતકંટક કહે છે. ૨૭

હૃદયમાં પીડા કરી માથા અને લમણાઓમાં પીડા કરે તથા શરીરને કામઠાની પેઠે નમાવી દે અને બેભાન બનાવી દે, એટલુંજ નહી પણ શ્વાસ મહા મુશ્કેલીથી લઈ શકાય, નેત્ર વીંચાઇ જાય વા વાંકાં થઇ જાય, કબુતરની પેઠે અવાજ કંઠમાં થાય અને બેચેનીમાં ગિરફતાર બની રહે તેને અપતાનક કહે છે. ૨૮

બધા અંગોપાંગમાં તોડ કલતર વગેરે થાય તેને અંગભેદ કહે છે. ૨૯.

બધા અંગને સૂકવી દે તેને અંગશોષ કહે છે. ૩૦

શબ્દવાહિનીઓને નકામી કરી નાકમાં બોલાય તેવું બનાવી દે તેને મિણ્હમિણત્વ કહે છે. ૩૧

કંઠમાંથી સ્પષ્ટ શબ્દ ન નીકળવા દે તેને કલ્લારોગ કહે છે. ૩૨

વાતાષ્ટીલા અત્યંત પીડા યુક્ત થઇ વાયુ મળ મૂત્ર વગેરેને રોકી પેટમાં લાંબી ગાંઠ થઈ આડી પડે છે તેને પ્રત્યષ્ટીલા કહે છે. ૩૩

ડુંટી નીચે પેદા થઇ આમથી તેમ ફર્યા કરે અથવા સ્થિર રહે અને ગોળ, પત્થરના જેવી, ઉપરના ભાગમાં કંઇક ઉંચી લાંબી

આડી ગાંઠ હોય તથા અપાન વાયુ મળ મૂત્ર વગેરેને રોકી દે તેને અષ્ટીલા કે વાતાષ્ટીલા કહે છે. ૩૪

ગર્ભાશયમાં ગર્ભને વામણો બનાવી દે તેને વામનત્વ કહે છે.૩૫
પીઠ છાતીને કુબડાંબનાવી દે તેને કુબ્જ રોગ કહે છે. ૩૬
બધા અંગમાં પીડા થાય તેને અંગપીડા કહે છે. ૩૭
બધા અંગમાં શૂળ ચાલે તેને અંગશૂળ કહે છે. ૩૮
બધાં અંગ સંકોચાઇ જાય તેને અંગ–સંકોચ કહે છે. ૩૯
બધાં અંગ સ્તંભિત–સ્તબ્ધ થઈ જાય તેને સ્તંભ કહે છે. ૪૦
શરીરને તેજહીન કરી દે–લૂખું પાડી દે તેને રૂક્ષતા કહે છે. ૪૧
વાયુ વડે અંગમાં પીડા થાય તેને અંગભંગ કહે છે. ૪૨

શરીરનો કોઇપણ અવયવ લાકડાની પેઠે ચેતન રહિત થઈ જાય તેને અંગવિભ્રંશ કહે છે. ૪૩

દસ્તનું રોકાણ અથવા દસ્ત સાફ ન ઉતરવો તેને વિડ્ગ્રહ કહે છે. ૪૪

હોજરીમાં ઝાડો કઠણ થઇ રહે તેને બદ્ધવિફ્ટતા કહે છે. ૪૫
બોલવું બંધ કરી દે તેને ગુંગાપણું–બોબડાપણું કહે છે, ૪૬
ઉપરા ઉપર બગાસાં આવ્યા કરે તેને અતિજૃંભ કહે છે. ૪૭
ઘણા ઓડકાર આવ્યા કરે તેને અતિઉદ્ગાર કહે છે. ૪૮
આંતરડાં બોલ્યા કરે તેને અંત્રકૂજન કહે છે. ૪૯
વાસંચાર વારંવાર થયા કરે તેને વાતપ્રવૃત્તિ કહે છે. ૫૦
અંગ ફરકયાજ કરે તેને સ્ફુરણ કહે છે. ૫૧.

નાડીમાં વાયુ દાખલ થયાથી શૂળ, નાડીનો સંકોચ, અને સ્થૂળત્વ કરે તથા બાહ્યાયામ, અભ્યંતરાયામ ખલ્લી અને કુબડાપણું એ રોગોને જન્મ આપે તેને શિરાપૂરણ કહે છે. ૫૨

બધા અંગ અને શરીરને કંપાવે તેને કંપવા કહે છે. ૫૩
બધાં અંગોને દુર્બળ કરી દે તેને કાર્શ્ય કહે છે. ૫૪
શરીરને કાળું પાડી દે તેને શ્યાવતા કહે છે. ૫૫
સંબંધ વગરનું બોલ બોલ કરે–બકે તેને પ્રલાપ કહે છે. ૫૬
વારંવાર પેશાબ થયા કરે તેને ક્ષિપ્રમૂત્રતા કહે છે. ૫૭
ઉંઘ ન આવે તેને નિદ્રાનાશ કહે છે. ૫૮
પરશેવો ન આવે તેને સ્વેદનાશ કહે છે. ૫૯

બળહીન થઈ જાય તેને દુર્બળપણું કહે છે. ૬૦

તાકત નાશ થઇ જાય તેને બળક્ષય કહે છે. ૬૧

સ્ત્રી સમાગમમાં જલ્દી સ્ખલિત થઈ જાય તેને શુક્રાતિપાત કહે છે. ૬૨

વીર્યને ક્ષીણ કરી દે તેને શુક્રકાર્સ્ય કહે છે. ૬૩

વીર્યનાશ થઈ જાય તેને વીર્ય-શુક્રનાશ કહે છે. ૬૪

મન ઈંદ્રિયોની સ્થિતિ સ્વસ્થતા રહિત રહે તેને અનવસ્થિત ચિત્તત્વ કહે છે. ૬૫

શરીરને કઠોર બનાવી દે તેને કાઠિન્ય કહે છે. ૬૬

મોઢામાં સ્વાદ ન રહે તેને વિરસાસ્યતા કહે છે. ૬૭

મોઢું કષાયલું રહે તેને કષાયવંકૃત્રતા કહે છે. ૬૮

આફરો ચડયા કરે તેને આધ્માન કહે છે. ૬૯ (આ પકવાશયમાં થાય છે.)

આમાશયમાં જો આધ્માન પેદા થાય તેને પ્રત્યાધ્માન કહે છે. આમાં પડખાઓની અંદર અને હૃદયમાં પીડા ન થાય પણ કફ વાયુ વડે વ્યાકુલતા થાય છે. ૭૦

શરીર ઠંડુંજ રહે તેને શૈત્યતા કહે છે. ૭૧

બધા શરીરની અંદર રૂવાડાં ઉભાં થયા કરે તેને રોમહર્ષ કહે છે. ૭૨.

બીકણ બની જાય તેને ભીરૂત્વ કહે છે. ૭૩.

શરીરમાં સોયો ભોંકાયા જેવી પીડા થાય તેને તોદ કહેછે. ૭૪

શરીરમાં ચળજ આવ્યા કરે તેને કંડુ કહે છે. ૭૫.

જીભને કોઈ પણ રસનું જ્ઞાન ન રહે તેને રસાજ્ઞાન કહેછે. ૭૬

બહેરાશ થાય તેને શબ્દાજ્ઞાન કહે છે. ૭૭

ચામડીને અડકવાથી ટાઢું-ઉનું, કઠણ-કોમળ પદાર્થની ખબર ન પડે તેને પ્રસુપ્તિ કહે છે. ૭૮

કોઈપણ જાતની સુગંધ કે દુર્ગંધ સમજવામાં ન આવે તેને ગંધનાશ કહે છે. ૭૯

નજર કમી થઈ પદાર્થ વિજ્ઞાન ન થાય તેને દૃષ્ટિનાશ કહેછે

(કોપેલા પિત્તના રોગ કેટલા છે?)

अथ पित्तभवा रोगाश्चत्वारिंशदिहोदिताः ।
धूमोद्गारो विदाहः स्यादुष्णांगत्वं मतिभ्रमः ॥ १५ ॥
कांतिहानिः कंठशोषो मुखशोषोऽल्पशुक्रता ।
तिक्तास्यताम्लवक्त्रत्वं स्वेदस्रावोंऽगपाकता ॥ १६ ॥
क्लमो हरितवर्णत्वमतृप्तिः पीतकायता ।
रक्तस्रावोंऽगदरणं लोहगंधास्यता तथा ॥ १७ ॥
दौर्गंध्यं पीतमूत्रत्वमरतिः पीतविट्कता ।
पीतावलोकनं पीतनेत्रता पीतदन्तता ॥ १८ ॥
शीतेच्छा पीतनखता तेजोद्वेषोऽल्पनिद्रता ।
कोपश्च गात्रसादश्च भिन्नविट्कत्वमंधता ॥ १९ ॥
उष्णोच्छ्वासत्वमुष्णत्वं मूत्रस्य च मलस्य च ।
तमसोदर्शनं पीतमंडलानां च दर्शनम् ॥ २० ॥
निःसरत्वं च पित्तस्य चत्वारिंशद्रुजः स्मृताः ।

પિત્ત પ્રકોપના ૪૦ રોગ છે. તે એ કે—ધૂમોદ્ગાર ૧, વિદાહ ૨, ઉષ્ણાંગત્વ ૩, મતિભ્રમ ૪, કાંતિહાનિ ૫, કંઠશોષ ૬, મુખશોષ ૭, અલ્પશુક્રતા ૮,: તિક્તાસ્યતા ૯, અમ્લવક્ત્રત્વ ૧૦, સ્વેદસ્રાવ ૧૧, અંગપાકતા ૧૨, ક્લમ ૧૩, હરિતવર્ણત્વ ૧૪, અતૃપ્તિ ૧૫, પીતકાયતા ૧૬, રક્તસ્રાવ ૧૭, અંગદરણ ૧૮, લોહગંધાસ્યતા ૧૯, દૌર્ગંધ્ય ૨૦, પીતમૂત્રત્વ ૨૧, અરતિ ૨૨, પીતવિટ્કતા ૨૩, પીતાવલોકન ૨૪, પીતનેત્રતા ૨૫, પીતદંતતા ૨૬, શીતેચ્છા ૨૭, પીતનખતા ૨૮ તેજોદ્વેષ ૨૯, અલ્પનિદ્રતા ૩૦, કોપ ૩૧, ગાત્રસાદ ૩૨, ભિન્નવિટ્કત્વ ૩૩, અંધતા ૩૪, ઉષ્ણોચ્છ્વાસત્વ ૩૫, ઉષ્ણમૂત્રતા ૩૬, ઉષ્ણમળત્વ ૩૭, તમોદર્શન ૩૮, પીતમંડળ-દર્શન ૩૯ અને નિઃસરત્વ ૪૦. આ ચાલીશ રોગ પિત્ત પ્રકોપના છે.

(ઓડકાર આવતાંજ મ્હોંમાંથી ધુમાડા નીકળે તેને ધૂમોદ્ગાર કહે છે. ૧

શરીરમાં બહુ બળતરા થાય તેને વિદાહ છે. ૨

બધું શરીર ઉન્હું રહે તેને ઉષ્ણાંગ કહે છે. ૩

બુદ્ધિની ચેષ્ટા ઠેકાણા ઉપર ન રહે તેને મતિભ્રમ કહે છે, ૪

શરીરના તેજનો નાશ થાય તેને કાંતિહીનતા કહે છે. ૫

ગળામાં શોષ પડે તેને કંઠશોષ કહે છે. ૬

મ્હોંમાંથી અમી સુકાઈ જાય કિંવા તરશ બહુ લાગે તેને મુખ શોષ કહે છે. ૭

વીર્ય થોડું પેદા થાય તેને અલ્પવીર્ય કહે છે. ૮

મ્હોં કડવું રહે તેને તિક્તાસ્ય કહે છે. ૯

મ્હોં ખાટું રહે તેને અમ્લવક્ત્રત્વ કહે છે. ૧૦

શરીરમાં પરશેવો ઘણો આવે છે તેને સ્વેદસ્રાવ કહે છે. ૧૧

શરીર પાકી આવે તેને અંગપાક કહે છે ૧૨

શરીરમાં ગ્લાનિ પેદા થાય તેને ક્લમ કહે છે. ૧૩

શરીરનો વર્ણ લીલો થઇ આવે તેને હરિતવર્ણત્વ કહે છે ૧૪

ગમે તેટલું ખાન પાન કર્યા છતાં જમવાની ઇચ્છાજ શાંત ન થાય તેને અતૃપ્તિ કહે છે. ૧૫

શરીરનો રંગ પીળાશ પડતો થઈ જાય તેને પીતકાય કહેછે. ૧૬

મુખ નાક વગેરેથી લોહી પડયા કરે તેને રક્તસ્રાવ કહેછે. ૧૭

શરીર ફાટી જાય તેને અંગદરણ કહે છે. ૧૮

મ્હોંમાંથી અગ્નિમાં તપાવેલા લોઢા સરખી વાસના આવે તેને લોહગંધાસ્યતા કહે છે. ૧૯

શરીરમાંથી ખરાબ ગંધ આવે તેને દૌર્ગંધ્ય કહે છે. ૨૦

પીળું મૂત્રજ ઉતર્યા કરે તેને પીતમૂત્રત્વ કહે છે. ૨૧

મનને કોઈ પદાર્થપર રુચિ-પ્રીતિ ન હોય તેને અરતિ કહે છે.

દસ્ત પીળા રંગનોજ ઉતરે તેને પીતવિટ્કતા કહે છે. ૨૩

તમામ પદાર્થ પીળાજ દેખાય તેને પીતાવલોકન કહે છે. ૨૪

આંખ્યો પીળીજ જણાય તેને પીતનેત્રતા કહે છે. ૨૫.

દાંત પીળાજ દેખાય તેને પીતદંતતા કહે છે. ૨૬.

શીતળ પાણી વગેરે પર ઇચ્છા રહે તેને શીતેચ્છા કહે છે. ૨૭

નખ પીળા થઇ જાય તેને પીતનખતા કહે છે. ૨૮

સૂર્ય વગેરેનું તેજ ગમે નહીં તેને તેજોદ્વેષ કહે છે. ૨૯

ઉંઘ થોડી થઇ જાય તેને અલ્પનિદ્રતા કહે છે. ૩૦

દરેક પદાર્થ ઉપર ગુસ્સો આવે તેને કોપ કહે છે. ૩૧

શરીરના સાંધા દુખે તેને ગાત્રસાદ કહે છે. ૩૨

ઝાડો પાતળો ઉતરે તેને ભિન્નવિટ્કત્વ કહે છે. ૩૩

આંધળો થઇ રહે તેને અંધત્વ કહે છે. ૩૪

નાકથી ગરમ ગરમ પવન નીકળે તેને ઉષ્ણોચ્છ્વાસ કહેછે. ૩૫

પેશાબ ગરમ ઉતર્યા કરે તેને ઉષ્ણમૂત્રત્વ કહે છે. ૩૬

દસ્ત ગરમ ગરમ ઉતર્યા કરે તેને ઉષ્ણમળત્વ કહે છે. ૩૭

આંખ્યે અંધારાં આવે તેને તમોદર્શન કહે છે. ૩૮

શરીર પર પીળા રંગનાં ચકામાં—ચાઠાં જણાય તેને પીતમંડળ દર્શન કહે છે. ૩૯

મ્હોં નાકની વાટે પિત્ત પડયા કરે તેને નિઃસરત્વ કહે છે. ૪૦)

(કફકોપના ૨૦ રોગ.)

कफस्य विंशतिः प्रोक्ता रोगास्तंद्रातिनिद्रता ॥ २१ ॥
गौरवं मुखमाधुर्यं मुखलेपः प्रसेकता ।
श्वेतावलोकनं श्वेतविट्कत्वं श्वेतमूत्रता ॥ ॥ २२ ॥
श्वेतांगवर्णता शैत्यमुष्णेच्छा तिक्तकामिता ।
मलाधिक्यं च शुक्रस्य बाहुल्यं बहुमूत्रता ॥ २३ ॥
आलस्यं मंदबुद्धित्वं तृप्तिर्घुर्घुरवाक्यता ।
अचैतन्यं च गदिता विंशतिः श्लेष्मजा गदाः ॥ २४ ॥

કફકોપના ખાસ ૨૦ પ્રકારના રોગો છે, એટલે કે—તંદ્રા ૧, અતિનિદ્રા ૨, ગૌરવ ૩, મુખમીઠ્ઠતા ૪, મુખલેપ ૫, પ્રસેકતા ૬, શ્વેતદર્શન ૭, શ્વેતવિટ્પાતન. ૮ શ્વેત મૂત્રનું આવવું. ૯ શરીરનો વર્ણ સ્વેત થવો ૧૦, શૈત્યોષ્ણેચ્છા ૧૧, તિક્તકામિતા ૧૨, મલાધિકયતા ૧૩, શુક્ર બાહુલ્યતા ૧૪, બહુ મૂત્રતા ૧૫, આલસ્ય ૧૬, મંદબુદ્ધિ ૧૭, તૃપ્તિ ૧૮, ઘુર્ઘુરવાકયતા ૧૯ અને અચેતન્ય ૨૦. આ વીશ પ્રકાર કફકોપના છે.

(આંખ્યો ભારે ઘેરાયલી અધવીંચી રહે તે તંદ્રા—ઘેન કહેવાય છે. ૧

ઘણી ઉંઘ આવે તેને અતિનિદ્રા કહે છે. ૨

બધા શરીરમાં જડતા જણાય તેને ગૌરવ કહે છે. ૩

મ્હોંમાં હમેશાં મીઠાશ રહે તેને મુખમાધુર્ય કહે છે. ૪

મ્હોં કફથી લેપાયલું રહે તેને મુખલેપ કહે છે. ૫
મ્હોંમાંથી લાળ ગળ્યા કરે તેને પ્રસેકતા કહે છે. ૬
બધા પદાર્થો સફેદ દેખાય તેને શ્વેતાવલોકન કહે છે. ૭
દસ્ત ધોળા રંગનો ઉતરે તેને શ્વેતવિટ્‌કત્વ કહે છે. ૮
મૂત્ર ધોળા રંગનું જણાય તેને શ્વેતમૂત્રતા કહે છે. ૯
બધું શરીર ધોળા રંગનું જણાય તેને શ્વેતાંગવર્ણતા કહે છે. ૧૦

શર્દી વધારે હોવાથી સૂર્ય વગેરેની ગર્મી વધારે પ્રિય લાગે તેને શૈત્યોષ્ણેચ્છા કહે છે. ૧૧

તીખા પદાર્થો ખાવાની ચાહના વધે તેને તિક્તકામિતા કહે છે. ૧૨

દસ્ત વિશેષ ઉતરે તેને મલાધિક્ય કહે છે. ૧૩
વીર્યની છત જણાય તેને શુક્રબાહુલ્ય કહે છે. ૧૪
મૂત્ર વધારે પ્રમાણમાં ઉતરે તેને બહુમૂત્રતા કહે છે. ૧૫
કામ કરવામાં સુસ્તી રહે તેને આલસ્ય કહે છે. ૧૬
બુદ્ધિમંદ જણાય તેને મંદબુદ્ધિત્વ કહે છે. ૧૭
ખાવા પીવા તરફ હડક વડક ન થાય તેને તૃપ્તિ કહે છે. ૧૮
બોલવાની વખતે ઘોઘર અવાજ નીકળે તેને ઘુર્ઘુરવાક્ય કહેછે.
સંચળતામાં મંદ હોય તેને અચેતન્યતા કહે છે. ૨૦)

(રક્ત રોગ—લોહિવિકાર.)

रक्तस्य च दश मोक्ता व्याधयस्तस्य गौरवम् ।
रक्तमंडलता रक्तनेत्रत्वं रक्तमूत्रता ॥ २५ ॥
रक्तष्ठीवनता रक्तपिटिकानां च दर्शनद् ।
उष्णत्वं पूतिगंधित्वं पीडा पाकश्च जायते ॥ २६ ॥

લોહીવિકારના ૨૦ રોગ છે એટલે કે—ગૌરવ ૧, રક્તમંડલતા ૨, રક્તનેત્રત્વ ૩, રક્તમૂત્રતા ૪, રક્તષ્ટીવનતા ૫, રક્તપિટિકાદર્શન ૬, ઉષ્ણુત્વ ૭, પૂતિગંધિત્વ ૮, પીડા ૯ અને પાક ૧૦ આ દશ રક્તવિકારના રોગ છે.

(શરીર જડ બની રહે તેને રક્તગૌરવ કહે છે. ૧
શરીર ઉપર લાલ ચકામાં નીકળી આવે તેને રક્તમંડળ કહેછે. ૨
આંખ્યો લાલ રહ્યા કરે તેને રક્તનેત્ર કહે છે. ૩

મૂત્ર લાલ ઉતરે તેને રક્તમૂત્ર કહે છે. ૪
થુંકમાં લાલરંગ દેખાય તેને રક્તષ્ઠીવન કહે છે. ૫
રાતી ફોલ્લીઓ નીકળે તેને રક્તપિટિકાદર્શન કહે છે. ૬
શરીર વધારે તપેલું રહે તેને ઉષ્ણત્વ કહે છે. ૭
શરીર દુર્ગંધ મારે તેને પૂતિગંધ કહે છે.
પીડા થયા કરે તેને રક્તપીડા કહે છે. ૯
શરીર પાકી આવે તેને રક્તપાક કહે છે. ૧૦)

(ઓષ્ટ રોગ કેટલા પ્રકારના છે ?)

चतुःसप्तति संख्याता मुखरोगास्तथोदिताः ।
तेष्वोष्टरोगा गणिताएकादशमिता बुधैः ॥ २७ ॥
वातपित्तकफैस्त्रेधा त्रिदोषैरसृजस्तथा ।
क्षतान् मांसार्बुदं चैव खंडौष्ठश्च जलार्बुदम् ॥ २८ ॥
मेदोऽर्बुदं चार्बुदंच रोगा एकादशौष्ठजाः ।

મુખરોગ બધા મળી ૭૪ છે, તેમાં ઓષ્ટમાં થનારા અગિયાર રોગ છે, (તથા દાંતમાં થનારા ૧૦, દંતમૂળમાં થનારા ૧૩, જીભમાં થનારા ૬, તાળવામાં થનારા ૮, ગળામાં થનારા ૧૮, મોઢામાં થનારા ૮ એ મળી ૭૪ થાય છે.) તે એ કે વાતજ ૧, પિત્તજ ૨, કફજ ૩, સન્નિપાતજ ૪, રક્તજ ૫, ક્ષતજ ૬, માંસાર્બુદ ૭, ખંડૌષ્ટ ૮ જલાર્બુદ ૯, મેદાર્બુદ ૧૦ અને અર્બુદ એ ૧૧ છે.

(વાયુકોપથી—હોઠ કર્કશ ખરધરા કઠોર અને કાળા થાય છે તથા તેમાં આકરી પીડા થાય છે, તેમજ બે કકડા જેવા ચીરાઇ જાય છે.

પિત્તકોપથી—ચોમેર ફોલ્લિયોથી યુક્ત, પીડા, પાક અને પીળાશવાળા બને છે.

કફકોપથી —ત્વચાની સમાન વર્ણની ફોલ્લીઓના થોડા દુખાવા સાથ ચીકણા અને ટાઢા તથા ભારી દેખાય છે.

ત્રિદોષથી—કોઈ વખતે કાળી, કોઈ વેળાએ પીળી કદી સફેત અને કદી અનેક પ્રકારની ફોલ્લીઓ વાળા જણાય છે.

લોહીથી—ખજુર જેવી રંગદાર ફોલ્લીઓ થઇ તેમાંથી લોહી વહે છે અને હોઠ રાતા રંગના બને છે.

ચોટ લાગવાથી—હોઠ બધા ચીરાયલા-પીળા-ચળ-ગાંઠ વાળા અને રસીદાર હોય છે.

માંસ દુષ્ટ થવાથી--હોઠ ભારી, મોટા માંસપિંડ સમાન, ઉંચા અને હોઠની અંદર અથવા છેડે જીવાતવાળા બને છે.

હોઠની એક બાજુએથી ચીરા પડી તેમાંથી રસી વહે તે ખંડૌષ્ટ કહેવાય છે.

માંસનો ભાગ વધી હોઠ ઉંચા મોટા બની તેમાંથી પાણી વહે છે તે જલાર્બુદ કહેલાય છે.

મેદથી હોઠ ઘીના ફીણ સરખા, ચળ યુક્ત, ભારી, સ્ફટિક સમાન નિર્મળ, ઘણી રસી વાળા જણાય છે. આ ઘા ભરાતો નથી અને તેમાં કોમળતા પણ રહેતી નથી તેને મેદાર્બુદ કહે છે,

વાતાદિ દોષ કોપવાથી હોઠમાં ગ્રંથી પેદા થાય છે તેને અર્બુદ કહે છે.)

(દંત રોગ.)

दंतरोगा दश ख्याता दालनः कृमिदंतकः ॥ २९ ॥
दंतहर्षः करालश्च दंतचालश्च शर्करा ।
अधिदंतः श्यावदंतो दंतभेदः कपालिका ॥ ३० ॥

દાંતના દશ રોગ છે તે એ કે—દાલન ૧ કૃમિદંતર ૨, દંતહર્ષ ૩, કરાલ ૪, દંતચાલ ૫, દંતશર્કરા ૬, અધિદંત ૭, સ્યાવદંત ૮, દંતભેદ ૯ અને કપાલિકા ૧૦ આ દશ ભેદ છે.

(જેના દાંતોમાં ફોડવા જેવી પીડા થાય તેને દાલન રોગ કહે છે. આ વાયુજન્ય છે.

વાયુના યોગથી દાંતોમાં કાળાં છિદ્ર પડી જાય, હાલવા લાગે, રસી વહે, સોજા સાથે પીડા જણાય અને વિના કારણે દુખવા લાગે તે કૃમિદંત કહેવાય છે.

શીતળ, લૂખા, ખાટા પદાર્થો ખાવાથી અને પવનના લાગવાથી દાંતો સહી ન શકે તે દંતહર્ષ કહેવાય છે. આ રોગ પિત્ત વાયુના કોપથી થાય છે. જો કે વાયુમિશ્ર રોગ છતાં દાંતો ગરમીને સહન કરી શકતા નથી એ દર્દનોજ સ્વભાવ છે.

વાયુ ધીરે ધીરે પેઢાંનો આસરો લઈ દાંતોને વાંકા તિરછા કરી દે તેને કરાલ કહે છે. આ રોગ અસાધ્ય છે.

વાયુના યોગથી. તે તે અભિઘાતાદિક વડે હડપચીમાં ચોટ લાગવાથી દાંત ચલાયમાન થઈ જાય તેને દંતચાલ વા **હનુમોક્ષ** કહે છે.

દાંતાના મળ પિત્તવાયુના પ્રકોપથી સુકાઇને રેતના જેવા ખરસટ સ્પર્શવાળા થાય તેને **દંત–શર્કરા** કહે છે.

વાયુના જોગથી દાંતોની ઉપર બીજો દાંત ઉગે ને તે વખતે પીડા થાય તેને અધિદંત વા **ખલ્લિવર્દ્ધન** કહે છે.

જે દાંત લોહીથી મળેલા પિત્તથી બળેલા જેવા બધા કાળા થઇ જાય તેને **સ્યાવદંત** કહે છે.

જે વ્યાધ વડે મ્હોં વાંકું થઈ જાય ને દાંત ફૂટવા લાગે તેને **દંતભેદ** કહે છે. આ રોગ કફવાયુના પ્રકોપથી થાય છે અને દંત **ભંગ**થી દોષ પ્રભાવ વડે મ્હોં પણ વાંકું થાય છે.

માટીના ઢેફા જેવા દાંત મળથી સહિત રહે તેને કપાલિકા કહે છે. આ રોગ હમેશાં દાંતોનો નાશ કરે છે.)

(દંતમૂળ રોગ.)

तथा त्रयोदशमिता दंतमूलामयाः स्मृताः ।
शीतादोपकुशौद्रौ तु दंतविद्रधिपुप्पुटौ ॥ ३१ ॥
अधिमांसो विदर्भश्च महासौषिर सौषिरौ ।
तथैव गतयः पंच वातात्पित्तात्कफादपि ॥ ३२ ॥
सन्निपातगतिश्चान्या रक्तनाडी च पंचमी ।

દાંતના મૂળમાં થનાર રોગ તેર જાતના છે તે એ કે. શીતાદ ૧, ઉપકુશ ૨, દંતવિદ્રધિ ૩, પુપ્પુટ ૪, અધિમાંસ ૫, વિદર્ભ ૬, મહાસૌષિર ૭, સૌષિર ૮, વાતનાડી ૯, પિત્તનાડી ૧૦, કફનાડી ૧૧, સન્નિપાત નાડી ૧૨, અને રક્તનાડી ૧૩ આ તેર રોગ છે.

(જે પેઢાંમાં અકસ્માત્ લોહી નીકળે, દાંતોનું માંસ દુર્ગંધ સહિત જણાય, તથા કાળા બની રસી સહ રહે, તેમજ નરમ થઈ ગરી પડે અને એક દાંતનું પેઢું પાકવાથી બીજું પેઢું પાકવા માંડે તેને **શીતાદ** કહે છે. આ કફ રૂધિરના કોપનો વ્યાધિ છે.

જે પેઢાંમાં બળતરા થઇ પાક થાય અને દાંત હાલવા લાગે, પેઢાં ઘસવાથી થોડી પીડા સાથ લોહી નીકળે અને પછી પેઢાં ફૂલી

આવતાં મ્હોંમાંથી વાસના આવે તેને **ઉપકુશ** કહે છે. આ રોગ પિત્તરક્ત કોપનો છે.

વાતાદિ દોષ અને રક્ત કુપિત થઇ દાંતોનાં પેઢાંની અંદર અને બહાર સોજો લાવે અને લોહી મળેલી રસી વહેવરાવે છતાં તેમાં પીડાં બળતરા હોય છે તેને **દંતવિદ્રધિ** કહે છે.

જેના બે કે તીન દાંતોની જડમાં બહુજ સોજો આવે તેને દંત પુપ્પુટ કહે છે. આ કપ રક્ત કોપનો છે.

જેની પાછલી દાઢની નીચે ઘણોજ સોજો આવે તથા તેમાં ઘણીજ આકરી પીડા થાય અને લાળ ઘણી ગર્યા કરે તેને **અધિમાંસક** કહે છે. આ કફનો વ્યાધિ છે.

પેઢાં રગડવાથી સોજો ઘણો આવે અને દાંત હાલવા લાગે તેને **વિદર્ભ** કહે છે. આ માર વાગવાથી થાય છે,

જે ત્રિદોષ વ્યાધિથી પેઢાંની નજીકથી દાંત હાલે અને તાળવામાં છિદ્ર પડે તથા દાંત અને હોઠ ફાટી જાય તેને **મહાસૌષિર** કહે છે. આ રોગથી રોગી ૭ દિવસમાં મરી જાય છે.

કફ રૂધિરથી દાંતોની જડમાં સોજો હોય અને તેમાં પીડા થાય તેને **સૌષિર** કહે છે.

દાંતના મૂળમાં વ્રણ થાય તેની અંદર નાળ થઇ છે તેમાંથી બદબુવાળી રસી વહેવા લાગે તેને નાડી કહે છે. તે પૈકી વાયુ કોપવાથી શળાદિક થાય છે તે **વાતનાડી**, બળતરાદિ પિત્તનાં લક્ષણ હોય તો **પિત્તનાડી**, સફેદ અને જાડી રસી વગેરે કફનાં લક્ષણ હોય તો **કફનાડી**, ત્રણેદોષનાં ચિન્હ હોય તો **સન્નિપાતનાડી** અને જેમાંથી રાતારંગની બળતરા યુક્ત રસી વહે અને પિત્તનાં લક્ષણ જણાય તે **રક્તનાડી** કહે વાય છે.)

(જિવ્હા રોગ.)

तथा जिह्वामयाः षट् स्युर्वातपित्तकफैस्त्रिधा ॥ २३ ॥
अलसश्च चतुर्थः स्यादधिजिह्वश्च पंचमः ।
षष्ठश्चैवोपजिह्वः स्यात्

જીભમાં થનારા રોગ ૭ છે તે એ કે—વાતજ, પિત્તજ, કફજ, અલસ, અધિજિવ્હ, અને ઉપજિવ્હ એમ ૭ પ્રકારના છે.

(વાયુથી જીભ ચીરાયલા જેવી, રસજ્ઞાન રહિત અને પહાડી ઝાડનાં પાંદડાં જેવી ખરસટ કાંટા વાળી બને છે.

પિત્તથી જીભ પીળી થઈ તેમાં બળતરા તથા લાંબા લાંબા ત્રાંબાના જેવા કાંટા જણાય છે.

કફથી જીભ મોટી ભારી થઇ તેમાં શીમળાના કાંટા સમાન માંસના અંકુર થાય છે. જીભની નીચે કફલોહીથી પ્રકટ થયેલો ભયંકર સોજો હોય તેને **અલસ** કહે છે. આના વધવાથી સ્તંભ થાય અને જીભના મૂળમાં સોજો આવે છે. આ રોગ અસાધ્ય. છે.

કફલોહીના વિકારથી જીભની ઉપર જીભના ટેરવાં જેવા અંકુર આવે તેને **અધિજીવ્હ** કહે છે.

કફલોહીથી જીભના ટેરવા જેવો જીભની અગાડીનો ભાગ થઇ જાય છે. એવો સોજો જીભને નીચે દબાવીને પેદા થાય છે તેથી ચળ તથા બળતરા થાય છે. આ રોગને **ઉપજીવ્હ** કહે છે.)

(તાલુ રોગ)

तथाष्टौ तालुजा गदाः ॥ ३४ ॥

अर्बुदं तालुपिटिका कच्छपी तालुसंहतिः ।

गलशुंडी तालुशोषस्तालुपाकश्च पुप्पुटः ॥ ३५ ॥

તાળવામાં થનારા આઠ રોગ છે તે એ કે-અર્બુદ, તાલુપિટિકા, કચ્છપી, માંસસંહતિ, ગલશુંડી, તાલુશોષ, તાલુપાક અને પુપ્પુટ એ આઠ છે.

(લોહીથી તાળવામાં કમળકર્ણિકા સમાન સોજો થાય અને તેમા પીડા થોડી હોય તેને **અર્બુદ** કહે છે.

લોહીથી તાળવામાં લાલ, સ્તબ્ધ, સોજો જણાય અને તેમાં પીડા તથા તાવ હોય તેને **તાલુપિટિકા** કહે છે. આને કોઇ અર્બુદ પણ કહે છે.)

કફથી તાળવામાં કાચબાની પીઠના જેવો ઉંચો સોજો થઇ તેમાં થોડી પીડા થાય તે જલ્દી વધે નહી તને **કચ્છપી** કહે છે.

કફ લોહીથી તાળવાના મૂળ ભાગે બસ્તિના જેવો સોજો થાય અને તેના લીધે તરશ, ખાંસી અને શ્વાસ થઇ આવે તેને **ગળશુંડી** કહે છે.

વાયુથી તાળવું અત્યંત સુકાઇને ફાટી જાય તથા ભયંકર શ્વાસ થાય તેને તાળુશોષ કહે છે.

પિત્તકોપવાથી તાળવામાં અત્યંત ભયંકર પાક પેદા થઇ આવે તેને તાળુપાક કહે છે.

મેદયુક્ત કફવડે તાળવામાં પીડા રહિત સ્થિર તથા બોરના જેવો સોજો હોય છે તેને તાળુપ્પુટ કહે છે.)

(ગળાના રોગ.)

गलरोगास्तथाख्याता अष्टादशमिता बुधैः ।
वातरोहिणिका पूर्वं द्वितीया पित्तरोहिणी ॥ ३६ ॥
कफरोहिणीका प्रोक्ता त्रिदोषैरपिरोहिणी ।
मेदोरोहिणिका वृंदो गलौघ गलविद्रधिः ॥ ३७ ॥
स्वरहा तुंडिकेरी च शतघ्नी तालुकोऽर्बुदम् ।
गिलायुर्वलयश्चापिवातगंडःकफस्तथा ॥ ३८ ॥
मेदोगंडस्तथैवस्यादित्यष्टादश कंठजाः ।

ગળામાં થનારા અઢાર રોગ છે એટલે કે—વાતરોહિણી ૧, પિત્તરોહિણી ૨, કફરોહિણી ૩, સન્નિપાતરોહિણી ૪, મેદોરોહિણી ૫, વૃન્દ ૬, ગલૌઘ ૭, ગલવિદ્રધિ ૮, સ્વરહા ૯, તુંડિકેરી ૧૦, શતઘ્ની ૧૧, તાલુક ૧૨ અર્બુદ ૧૩, ગિલાયુ ૧૪, વાલય ૧૫, વાત ગંડ ૧૬, કફગંડ ૧૭, અને મેદગંડ ૧૮ એમ ૧૮ ભેદ છે.

(જીભની ચોમેર અત્યંત વેદના યુક્ત પાંચ અંકુર પેદા થાય તેથી કંઠ રૂંધાય તથા કંપ, વિનામ, સ્તંભ આદિ વાતવિકાર થાય છે તેને વાતરોહિણી કહે છે.

પિત્તરોહિણી તુરત વધે છે અને તેના યોગે આકરો તાવ આવે છે.

જે રોહિણી કંઠના માર્ગને રોકીદે અને ધીરે ધીરે પાકે તથા તેના અંકુર કઠીન હોય તે કફજન્ય રોહિણી કહેવાય છે.

ત્રિદોષથી થયેલી રોહિણી ગંભીર પાકવાળી હોય છે, તેથી ગળું રોકાઈ જાય છે. તાવ યુક્ત ઘણી રસી વહે છે જેના લીધે ઔષધની ટેકી લાગે નહીં જેથી તે દર્દી મરણને શરણ થાય છે.

મેદ દુષ્ટ હોવાથી ગળામાં ફોલ્લી પેદા થાય તેને **મેદોરોહિણી** કહે છે.

ગળામાં ઉંચી ગોળ, તીવ્ર, બલતરા, સોજાયુક્ત ગાંઠ થાય તેને **વૃંદ** કહે છે. આ રક્ત અને પિત્તના કોપથી થાય છે તો પણ કંઇક વાયુનો સંબંધ હોવાથી તેમાં ચુંટયા જેવી પીડા થાય છે.

રક્તયુક્ત કફથી ગળામાં ભારે સોજો થવાથી કંઠમાં અન્નજળની રોકાવટ થાય અને વાયુ પણ જઇ શકે નહી તેને **ગલૌઘ** કહે છે.

જે સોજો બધા ગળામાં વ્યાપેલો હોય તથા જેમાં સર્વ પ્રકારની પીડા હોય તેને **વિદ્રધિ** કહે છે.

વાયુનો માર્ગ કફથી વ્યાપ્ત થતાં વારંવાર આંખ્યોની અગાડી અંધારાં આવ્યા બાદ જે મનુષ્ય શ્વાસ છોડે, અથવા મૂર્છા આવ્યા બાદ શ્વાસ વહે તથા જેનો સ્વર બદલાઈ જાય, કંઠ સુકાય અને થોડું પણ અન્ન ખાવા છતાં કંઠમાં ન ઊતરે આ વાતરોગને **સ્વરહ્ન** કહેછે.

ગળામાં કાંટાની પેઠે કે ધાન્યની અણીની પેઠે પીડા પેદા કરનાર ખરસટ સ્થિર બોરના ઠળિયા જેવડી અને શસ્ત્રક્રિયાથીજ મટાડી શકાય એવી ગાંઠ થાય છે તેને **કંઠશાલુક** કહે છે.

ગળાની અંદર આવેલી હડપચીના સાંધામાં રૂના જીડવા જેવો, થોડી વેદનાવંત, કઠણ, ઘણા સણકાવાળો, સોયો ભોંકાયા જેવી પીડાવાળો, બળતરાવંત અને પાકેલા જેવો સોજો થઇ આવે છે તેને **તુંડકેરી** કહે છે.

ત્રિદોષના કફકોપથી ગળામાં વાટના જેવો માંસનો ઘાટો સોજો આવે ને તેપર ઘણા માંસાંકુર ફૂટે તેથી ગળું રૂંધાઇ જાય, આકરી તરશ લાગે, તાવ આવે, મસ્તકપીડા, અને લોઢાના લાંબા કાંટાવાળા શસ્ત્ર જેવો હોઈ પ્રાણનો નાશ કરે છે તેને **શતઘ્ની** કહે છે.

અર્બુદ અર્બુદના લક્ષણ જેવીજ હોય છે.

કફકોપથી અન્નની ગતિ રોકી કંઠમાં લાંબા ઉંચા સોજાને જન્મ આપે તેને **વળય** કહે છે. આ અસાધ્ય છે.

રક્ત કફ પ્રકોપથી ગળાની અંદર આંબળાના ઠળીઆ જેવડી, કઠણ અને થોડી પીડાવાળી ગાંઠ પેદા થાય ને ખાવાની વખતે અન્ન રોકાયા જેવું જણાય તેને **ગિલાયુ** કહે છે.

વાત કફ મેદના લીધે ગળાની બહાર લાંબે વખતે વૃષણ જેવી

ન દુખે તેવી વાયુ વિશેષને સબબે જરા તરા ઠણકો મારનારી કાળી શિરાઓવાળી અને શ્યામાસ સહ લાલાશદાર ગાંઠ થાય છે તેને વાતગંડ કહે છે. આથી તાળવું ગળું સુકાય છે તથા મ્હોઢું બેસ્વાદ થઇ જવા પછી ગંડ વધે છે.

ચામડી સરખા રંગની, સ્થિર, ચળવાળી, જડ અને સ્પર્શમાં ઠંડી ગાંઠ થાય છે અને વધે ત્યારે તાળવું ગળું કફથી લિપાયલું રહે છે એને કફગંડ કહે છે.

કફગંડ જેવાં ચિન્હોવાળી શરીર દુબળું થાય ત્યારે તે ગાંઠ ન્હાની થાય છે અને શરીર જાડું થાય ત્યારે ગાંઠ પણ મોટી થાય અને મોટી થયે ગળામાં ઘરડ ઘરડ શબ્દ થાય અને સાદ ઝીણો થાય છે તેને મેદોગંડ કહે છે.)

(મુખમાં થનારા રોગ.)

मुखांतःसंभवा रोगा अष्टौ ख्याता महर्षिभिः ॥ ३९ ॥
मुखपाको भवेद्वातात्पित्तात्तद्वत्कफादपि ।
रक्ताच्च सन्निपाताश्च पूत्यास्योर्ध्वगदावपि ॥ ४० ॥
अर्बुदं चेति मुखजाश्चतुःसप्ततिरामयाः ।

મ્હોંની અંદર થવાવાળા રોગ ૮ છે એટલે કે-વાતમુખપાક ૧, પિત્તમુખપાક ૨, કફમુખપાક ૩, રક્તમુખપાક ૪, સન્નિપાત મુખપાક ૫, દુર્ગંધાસ્ય ૬, ઉર્ધ્વગુદ ૭ અને અર્બુદ ૮ એ આઠ ભેદ છે.

(વાયુના યોગથી આખા મ્હોંમાં ચાળાં પડી આવે, ચરચરાટ થાય, હોઠ રાતાચોળ થાય. હોઠની ચામડી ચંચળ બને, જીભ પર કાંટા થાય. વાઢ પડી આવે. જીભ જડ થાય અને જીભ ટાઢા પદાર્થ સહન ન થઇ શકે તથા મ્હોં ઉઘાડવા બંધ કરવા વખતે પીડા થાય તેને વાતમુખપાક કહે છે.

પિત્તના પ્રકોપથી મ્હોમાં કડવાશ, પીળી રાતી ફોલ્લીઓ થાય તેમાં બળતરા છિદ્ર અને ખાર મુક્યા જેવી પીડા થાય છે તેને પિત્તમુખપાક કહે છે.

કફ પ્રકોપથી મોઢું મીઠું તથા મ્હોંમાં ચોમેર ચળ સ્હેજ વેદના અને ઝીણા ફોલ્લા થાય છે તેને કફમુખપાક કહે છે.

લોહીનો પ્રકોપ થવાથી મ્હોંની અંદર કાળાં છાલાં પડે છે અને તેમાં બધાં લક્ષણો પિત્તમુખપાકનાં હોય છે તેને રક્તમુખપાક કહે છે.

ત્રિદોષ કોપવાથી લોહીયુક્ત સર્વ દોષનાં લક્ષણુ ભેળશેળ હોય હોય તેવાં છાલાં વાળા રોગને સન્નિપાત મુખપાક કહે છે.

ત્રિદોષો લોહી સાથે રહીને દાતણુ ન કરનારાઓના મ્હોંમાં નઠારી ગંધ પેદા કરે છે તેને દુર્ગંધાસ્ય કહે છે.

અર્શ, ગુલ્મ અને કફપ્રકોપને લીધે અપાનવાયુ રોકાઇ ઉપરના ભાગમાં સંચરી મુખમાં દુર્ગંધ પેદા કરે છે એને આગરૂ કહે છે કહે અથવા ઉદ્ધ્વગુદ પણુ કહે છે.

સન્નિપાત યોગથી મ્હોમાં ગોળ ગાંઠ થાય છે તેને અર્બુદ કહેછે.)

(કાનના રોગ.)

कर्णरोगाः समाख्याता अष्टादशमिता बुधैः ॥ ४१ ॥
वातात्पित्तात्कफाद्रक्तात्सन्निपाताच्च विद्रधिः ।
शोथोऽर्बुदं पूतिकर्णः कर्णार्शः कर्णहल्लिका ॥ ४२ ॥
बाधीर्यं तंत्रिका कंडूः शष्कुलिःकृमिकर्णकः ।
कर्णनादः प्रतिनाह इत्यष्टादश कर्णजाः ॥ ४३ ॥

કાનના રોગ ૧૮ છે એટલે કે-વાત, પિત્ત, કફ, રક્ત, ત્રિદોષ, વિદ્રધિ, શોથ, અર્બુદ, પૂતિકર્ણુ, કર્ણાર્શ, કર્ણુ હલ્લિકા, બાધિર્ય તંત્રિકા, કંડૂ, શષ્કુલ, કૃમિકર્ણક, કર્ણુનાદ અને પ્રતીનાહ—આ ૧૮ જાતના કાનમાં રોગ થાય છે.

(વાયુકોપથી કાનમાં શબ્દ થાય, પીડા થાય, કાનમાં મેલ થાય, પાતળું પરૂ વહે અને બહેરાશ આવે છે.

પિત્તથી કાનમાં સોજો, લાલાશ, દાહ, ચીરાયા જેવો દેખાવ ને દુર્ગંધિ સહિત કંઇક પીળી રસી આવે છે.

કફથી કાનમાં વિરૂદ્ધ સંભળાય, ચળ ચાલે, કઠિણુ સોજો આવે તથા ધોળો અને ચીકણો પરૂનો ભાગ વહ્યા કરે છે.

લોહીદોષથી કાનમાં બધાં પિત્તદોષના જેવાંજ લક્ષણુ હોય છે.

સન્નિપાતથી કાનમાં ત્રણે દોષના કોપનાં લક્ષણુ હોય, પરૂ વહેવા

જે દોષનો વધારો હોય તે દોષના નિયમ મુજબ પરૂ વહ્યા કરે છે.

કાનમાં ખણવાથી ફોલ્લી થઇ આવે કે કંઇ વાગવાથી ફોડકી ઉઠી આવે તેને કર્ણવિદ્રધિ કહે છે. આજ રીતે વાતાદિ દોષોવડે બીજી જાતની પણ કર્ણવિદ્રધિ થાય છે અને તે જ્યારે ફાટે ત્યારે તેમાંથી લાલ પીળું લોહી નીકળે, ચુંટી લેવા જેવી પીડા થાય. ધુમાડો નીકળતા જેવો દેખાવ થાય અને દાહ સાથ ચુસ્યા સમાન પીડા થાય છે.

સુકમાળ સ્ત્રી કિંવા બાળક કાનનીબૂટને એકદમ વધારવા મચે તો તેથી બૂટ સુઝી આવે-ફૂલી જાય અને છેદ પુરાઈ જાય તેને કર્ણસોથ કહે છે.

ત્રિદોષના કોપથી માંસની ગોળ ફોલ્લી પેદા થાય છે તેને કર્ણાર્બુદ કહે છે.

કાનમાંથી રસી નીકળે અને દુર્ગંધ આવે તેને કર્ણપૂતિ કહેછે.

વાતાદિ દોષ કોપવાથી કાનમાં માંસના જેવા અંકુરા પેદા થાય અને તેમાં શૂળ, ચળ, તથા બળતરા થાય તેને કર્ણાર્શ કહે છે.

પિત્તાદિ દોષ યુક્ત વાયુવડે કાનમાં વાંશળી કે તમરાં બોલ્યા જેવો અવાજ થયા કરે તેને તાંત્રિક અથવા કર્ણશ્વેડ કહે છે.

પતંગીયું, કાનખજૂરો, ચૂડેલ વગેરે કાનમાં પેસી જવાથી બેચેની થાય, જીવ અકળાય, પીડા થાય અને ચુંટી લેવા સરખી વેદના થાય, પણ જ્યારે કીડા હરે ફરે ત્યારે તો આકરી વેદના થાય છે તેને કર્ણહલ્લિકા કહે છે.

જે વખતે ફક્ત વાયુ શબ્દ વહેનારી નાડિયોમાં સ્થિત થાય કે બહેરાશ આવે છે તેને બધિરતા કહે છે.

કફથી મળેલો વાયુ કાનમાં ચળ પેદા કરે તેને કર્ણકંડૂ કહે છે

માથામાં પત્થર લાકડી વગેરેનો ઘા વાગવાથી કે પાણીમાં ડુબકી મારવાથી અથવા તો કાનમાં વિદ્રધિ પાકવાથી વાયુ કોપીને કાનમાંથી રસી વહેવરાવે છે, તેને કર્ણસ્રાવ કિંવા કર્ણશષ્કુલિ કહે છે.

જ્યારે કાનમાં કીડા પડે કે માખી આસંગ મેલી જાય ત્યારે તેને કૃમિકર્ણ કહે છે.

કાનમાં વાયુ સ્થિત થવાથી અનેક જાતના અવાજ થયા કરે તેને કર્ણનાદ કહે છે.

કાનનો મેલ જે વખતે પાતળો થઈ મ્હોંમાં અને નાકમાં ઊતરે છે તેને **પ્રતીનાહ** કહે છે. આમાં અડધું માથું દુખ્યા કરે છે.

(કર્ણ પ્રાળીમાં થનારા રોગો.)

कर्णपालीसमुद्भूता रोगाः सप्त इहोदिताः ।
उत्पातः पालिशोषश्च विदारी दुःखवर्धनः ॥ ४४ ॥
परिपोटश्च लेही च पिप्पलीचेति संस्मृता ।

કાનની પરધિ—પાળમાં થનારા રોગ ૭ પ્રકારના છે તે એ કે ઉત્પાત ૧, પાળિશોષ ૨, વિદારી ૩, દુઃખવર્દ્ધન ૪, પરિપોટ ૫, લેહી ૬ અને પિપ્પલી ૭ આ સાત છે.

(કાનમાં હદથી જ્યાદે વજનદાર દાગીનો—એરીંગ—લોળિયું—મરકી—ઝેલા—ફૂલ—વગેરે પહેરવાથી, ચોટ લાગવાથી કે કાનના ખાંચવાથી રક્તપિત્ત કોપી કાનની પાળમાં નીલો કે લાલ સોજો પેદા કરે છે તેમાં બળતરા તથા પીડા થાય છે અને રસી વહે છે તેને **ઉત્પાત** કહે છે.

વાયુ કોપથી કાનની પાળ સુકાઇ જાય તેને **પાળિ શોષ** કહે છે.

કાનની લોળ ફાટીને ચળ આવ્યા કરે તેને **વિદારી** કહે છે.

નઠારી રીતિથી કાનને વીંધે કે વધારે તેથી ચળ બળતરા પીડા અને સોજો થાય તથા પાકી આવે છે તેને **દુઃખવર્દ્ધન** કહે છે.

નાજુક સ્ત્રી બાળકોના કાનમાં દાગીના પહેરાવાને માટે પહેલાં વીંધાવી તેમાં કેટલાક વખત સુધી ઘરેણાં ન પહેરાવે અને જ્યારે કોઇ વખતે દાગીના પહેરાવવાનો વખત આવતાં તે છેદને મોટા કરવા બોયાં પીછાં લીંબડાની સળીઓ ઘાલી વધારવા લાગે ત્યારે તે જગોએ કાલો કે લાલ સોજો આવે અને પીડા થાય છે તેને **પરિપોટ** કહે છે. આ વાયુથી થાય છે.

કફ—રક્ત—કીટના લીધે ફેલાનારો સોજો કાનની પાળમાં પેદા થાય જેથી તે ભાગ ખવાઇ જાય તેને **પરિલેહી** કહે છે.

કાનની લોળમાં બલાત્કારે વાયુ કોપી કફને સંગાથી બનાવી કઠિણ મંદ સોજાને પીડા સહિત જન્મ આપે અને તેમાં ચળ ચલાવે તેને પિપ્પલી કે **ઉન્મન્થક** કહે છે.)

(કાનના મૂળમાં થનારા રોગ.)

कर्णमूलामयाः पंच वातात् पित्तात् कफादपि ॥ ४५ ॥
सन्निपात्ताश्च रक्ताच्च

કાનના મૂળમાં થનારા પાંચ રોગ છે–તે એ કે–વાત, પિત્ત, કફ, ત્રિદોષ, રક્ત, એ પાંચ છે.

(કાનના મૂળમાં ગાંઠ સમાન સોજો થઈ આવે છે, એમાં જો વાયુ કોપ્યો હોય તો પીડા. પિત્ત પ્રકોપ હોય તો બળતરા, કફ કોપ હોય તો ચળ, ત્રિદોષ કોપ હોય તો એ ત્રણે ચિન્હ અને લોહી કોપ્યું હોય તો બળતરા થાય છે. આ રોગને કર્ણમૂળ કહે. તેમાં ત્રિદોષનું કર્ણમૂળ જોખમ વાળું હોય છે.)

(નાસા રોગ.)

तथा नासाभवागदाः ।
अष्टादशैव संख्याताः प्रतिश्यायास्तु तेष्वपि ॥ ४६ ॥
वातात्पित्तात्कफाद्रक्तात्सन्निपातेन पंचमः ।
अपीनसः पूतिनासो नासार्शो भ्रंशथुः क्षवः ॥ ४७ ॥
नासानाहः पूतिरक्तमर्बुदं दुष्टपीनसम् ।
नासाशोषो घ्राणपाकः पुटस्रावश्च दीप्तकः ॥ ४८ ॥

નાકમાં—થનારા ૧૮ રોગ છે, એટલે કે–વાતપ્રતિસ્યાય ૧, પિત્તપ્રતિસ્યાય ૨, કફપ્રતિસ્યાય ૩, રક્તપ્રતિસ્યાય ૪, સન્નિપાત પ્રતિસ્યાય ૫, આપીનસ ૬, પૂતિનાસ ૭, નાસાર્શ ૮, ભ્રંશથુ, ૯, ક્ષય ૧૦, નાસાનાહ ૧૧, પૂતિરક્ત ૧૨ અર્બુદ ૧૩, દુષ્ટપીનસ ૧૪ નાસાશોષ ૧૫, ઘ્રાણપાક ૧૬, પુટસ્રાવ ૧૭ અને દીપક ૧૮ આ અઢાર પ્રકાર છે.

(નાક બંધાઈ જાય, પાતળું પાણી ટપકે, ગળું તાળવું હોઠ સુકાઇ જાય, લમણા દૂખે અને ગળું બેસી જાય તેને **વાતપ્રતિસ્યાય** (શલેખમ) કહે છે.

નાકમાં બળતરા, પીળી રસીનું વહેવું અને ગરમ ધુમાડો નીકળતો જણાય તેને **પિત્તપ્રતિસ્યાય** કહે છે. આનાથી દર્દી પીળો અને દુર્બળ થઇ જાય, શરીર ગરમ રહે અને બહુ કંટાળી જાય છે.

નાકમાંથી સુફેદ પીળું અને ઘણા કફ સહિત લીંટ પડે, શરીર ધોળું પડી જાય, આંખ્યો સૂજેલી માલૂમ પડે, માથું ભારી અને ગળું, તાળવું, હોઠ તથા માથું એઓમાં ઘણી ચળ આવે તેને કફ **પ્રતિશ્યાય** કહે છે.

નાકમાંથી લોહી પડે, આંખ્યો લાલ થાય, ઉરઃક્ષત જેવી પીડા થાય, શ્વાસ તથા મ્હોમાંથી વાસ આવે અને દુર્ગંધની સમજ ન પડી શકે તેને **રક્તપ્રતિશ્યાય** કહે છે.

વારંવાર શલેખમ થઈ પાકી અથવા એમને એમ બંધ થઇ જાય તેને **સંનિપાત પ્રતિશ્યાય** કહે છે. વિદેહાચાર્યે આને સાધ્યમાં ગણેલ છે.

નાક બંધાય, લોહી કફના લીધે નાકમાં સૂકાઈ ગયા જેવું થઈ રહે—નામ રહે, ધુમાડો નીકળવા લાગે અને સુગંધ દુર્ગંધની ખબર ન પડે તેને પીનસ કહે છે. જો એ વાતજન્ય હોય તો તેને **આપીનસ** કહે છે.

ગળા અને તાળવામાં દુષ્ટ થયલું પિત્ત રક્તાદિ દોષોવડેથી વાયુ મિશ્રિત બની નાક તથા મ્હોમાંથી દુર્ગંધ પ્રકટ કરે તેને **પૂતિનસ્ય** કહે છે.

ત્રણે દોષ કોપીને ત્વચા, માંસ અને મેદને દૂષિત કરે તેથી નાકમાં માંસના અંકુર પેદા કરે છે તેને **નાસાર્શ** કહે છે.

સૂર્યની ગર્મીથી માથું તપતાં પૂર્વ સંચિત વિદગ્ધ, ગાઢો અને ભારી કફ નાકમાંથી પડે તેને **ભ્રંશથુ** કહે છે.

નાસિકાશ્રિત શૃંગાટકમર્મની અંદર વાયુ દુષ્ટ થઈ કફ યુક્ત ભારે શબ્દસહ નાકની બહાર નીકળે તેને **ક્ષવથુ** (છીંક) કહે છે.

વાયુ સહ કફ શ્વાસના માર્ગને બંધ કરે કે નાકના શ્વર બરોબર ન ચાલી શકે તેને **નાસાનાહ** કહે છે.

દોષ દોષિત થવાથી કે કપાળમાં ચોટ લાગવાથી નાકવાટે રસી ને લોહી વહ્યાકરે તેને **પૂતિરક્ત** અથવા **પુયરકત** કહે છે.

વાતાદિ દોષથી નાકમાં ઉંચી ગાંઠ પેદા થાય છે. તેને **નાસાર્બુદ** કહે છે.

વારંવાર નાકમાંથી પાણી ટપકે અને બંધ પડી જાય એથી શ્વાસ સારી પેઠે લેવાઈ શકાય નહી—નાક બંધાય અને ઉઘડે, શ્વાસ

લેતાં વાસ આવે છતાં સુગંધ દુર્ગંધનું જ્ઞાન ન રહે તેને દુષ્ટ પ્રતિશ્યામ-દુષ્ટપીનસ કહે છે. (કષ્ટસાધ્ય છે.)

વાયુથી નસકોરાં બહુજ તપ્ત થઇ સુકાઈ જાય એથી મહા મુશ્કેલીથી શ્વાસ ઉંચો નીચો લઇ શકાય તેને **નાસાશોષ** કહે છે.

પિત્ત દુષ્ટ થઇ જતાં નાકમાં ફોલ્લા પેદા કરે અને અંદર પાક પકડે તેને **નાસાપાક** કહે છે.

નાકમાંથી ઘટ પીળો સફેદ કે પાતળો કફ પડે તેને **પુટસ્રાવ** કહે છે.

નાક બહુજ બળતરા સહિત થવાથી તેમાં વાયુ ધુમાડા જેવો વિચર્યા કરે અને નાક ગરમ થઈ રહે તેને **દીપ્તક** કહેછે.

(શિરોરોગ.)

तथा दश शिरोरोगा वातेनार्धावभेदकः ।
शिरस्तापश्च वातेन पित्तात् पीडा तृतीयका ॥ ४९ ॥
चतुर्थी कफजा पीडा रक्तजासन्निपातजा ।
सूर्यावर्ताच्छिरःपाकात् कृमिभीः शंखकेन च ॥ ५० ॥

માથામાં થનારા રોગ ૧૦ પ્રકારના છે એટલે કે-અર્ધાવભેદક ૧, વાતજ શિરોભિતાપ ૨, પિત્તજ શિરોભિતાપ ૩, કફજ શિરોભિતાપ, ૪, રક્તજ શિરોભિતાપ ૫, સન્નિપાતજ શિરોભિતાપ ૬, સૂર્યાવર્ત્ત ૭, શિરઃપાક ૮, કૃમિજ ૯ અને શંખક ૧૦ એવા દશ પ્રકાર છે.

(લૂખું અન્ન, અત્યંત ભોજન, ભોજન ઉપર ફરી ભોજન, પૂર્વ દિશાનો પવન સેવવો, બરફ ખાવો, મૈથુન-મળ-મૂત્રાદિના વેગો રોકવાથી અને પરિશ્રમ. કસરત વગેરે કરવાથી કફ યુક્ત વાયુ કે એકલો વાયુ, અડધા માથાને પકડી પાડી મન્યાનાડી ભ્રકુટી, લમણા, કાન, નેત્ર, અને કપાળ એ બધામાં એક તરફથી દુખાવો કરે અને તેથી ત્યાં કુવાડાથી કપાયા જેવી, અગ્નિની આંચ જેવી પીડા થાય તેને અર્ધાવભેદક-**આદાશીશી** કહે છે. જ્યારે આ રોગ વધારે વધી પડે છે ત્યારે એક તરફ બહેરાશ આવે છે અથવા તો એક આંખ નકામી થઇ પડે છે એટલે પીડા થતી બાજુએ એ ઉપદ્રવો થાય છે.

માથામાં અકસ્માત્ દુખાવો થઈ આવે અને તેમાં પણ રાતે વધારે દુઃખ થાય તથા શેકવાથી કે બાંધવાથી દરદ મટે તેને **વાતજશિરસ્તાપ** કહે છે.

જેના માથામાં અંગારા જેવો તપારો થાય અને નાકમાં બળતરા થાય તથા શીતળ પદાર્થથી કિંવા રાતે શાંતિ થાય તે મસ્તક પીડાને **પિત્તજશિરસ્તાપ** કહે છે.

જેનું માથું અંદરથી કફવડે લેપાયલું રહેતું હોય, તથા ભારી બંધાયલું અને તાઢું રહે તેમજ આંખ્યોને સુજવી મ્હોંને સુજાવી દે તેને **કફની મસ્તક પીડા** કહે છે.

રક્તજન્ય મસ્તક પીડામાં એ બધાં ચિન્હો હોય છે તથા માથાનો સ્પર્શ સહન ન થઇ શકે તેવી પીડા થાય છે.

ત્રિદોષથી પેદા થયેલા શિરરોગમાં ત્રણે દોષોનાં લક્ષણો હોય છે.

સૂર્ય ઉગ્યા પછીથી ધીમે ધીમે માથામાં દુખાવો વધી જેમ જેમ સૂર્ય ચઢતો જાય તેમ તેમ માથામાં પીડા વધતી જાય, એટલે કે બપોર થતાં લગી આંખ્યો ને ભમરોમાં સણકા વધતા જ જાય અને જેમ જેમ સૂર્ય ઢળતો જાય તેમ તેમ દર્દ નરમ પડતુ ચાલે તથા શીતળ અને ગરમ ઉપાય કરવાથી મનુષ્યને સુખ થાય તેને સન્નિપાત વિકારવંત **સૂર્યાવર્ત્ત** કહે છે.

માથામાંનું લોહી, ચરબી, કફ અને વાયુ એઓનો ક્ષય થવાથી અત્યંત ભયંકર મસ્તકશૂળ થાય છે એથી છીંકો ઘણી આવે છે, માથું ગરમ થાય છે, તથા તેમાં પરશેવો-ઉલટી-ધમપાન-નસ્ય અને લોહીનું કહાડવું એ ક્રિયાઓ કરવાથી આરામ થાય છે તેને **શિરાપાક** અથવા ક્ષયજ શિરોરોગ કહે છે.

જેના માથાની અંદર તોડવા ફોડવા જેવી સખત વેદના થાય તથા અંદરથી મગજને કૃમિયા ફોલી ખાય છે તેથી ખાલી પડી જાય છે અને માથામાં ફરકવાપણું થાય, નાકમાંથી લોહી રસી અને કીડા પડે તેને **કૃમિજ શિરોરોગ** કહે છે.

દુષ્ટ થયેલાં પિત્ત લોહી અને વાયુ વિશેષ વધી પડી આંખ્યોમાં ભયંકર સોજો પેદા કરે ને તેમાં ઘોર પીડા થાય તેમજ ઘોર બળતરા, આંખ્યોમાં લાલાશ ઘણીજ હોય અને ઝેરના વેગની પેઠે

એકદમ વધી ગળામાં પહોંચી કંઠને રૂંધી દે છે તેને શંખક રોગ કહે છે. આ રોગનો દર્દી ત્રણ દિવસ જીવી શકે છે.)

(કપાળ રોગ.)

तथा कपालरोगाः स्युर्नव तेषूपशीर्षकम् ।
अरुंषिका विद्रधिश्च दारुणं पिटिकार्बुदम् ॥ ५१ ॥
इंद्रलुप्तं च खालित्यं पलितं चेति ते नव ।

કપાળમાં થનારા નવ રોગ છે-એટલે કે-ઉપશીર્ષક ૧, અરૂંખિકા ૨, વિદ્રાધ ૩, દારૂણ ૪, પિટિકા ૫, અર્બુદ ૬, ઇંદ્રલુપ્ત ૭, ખાલિત્ય ૮ અને પલિત ૯ એ નવ પ્રકાર છે.

(વાતાદિ દોષ કુપિત થઇ માથાની નજીક મસ્તકમાં સોજો પેદા કરે છે તેને **ઉપશિર્ષક** કહે છે.

લોહી, કફ અને કૃમિના કોપવાથી માથામાં ઘણીજ ફોલ્લીઓ થઈ આવે તથા તેમાંથી વિશેષ ચેપ નીકળે અને કલેદ યુક્ત હોય તેને **અરૂંખિકા** કહે છે.

વાતાદિક દોષોથી માથામાં ગાંઠ થઇ પાકે, ફૂટે અને તેમાં શૂળ, દાહ થાય તેને **વિદ્રધિ** કહે છે.

કફ વાયુના કોપવાથી માથામાં વાળોની જમીન અતિ કઠોર થઇ જઇ તેમાં ચળ ચાલે, તથા બારિક ફોલ્લી થઇ પાકે તેને **દારૂણ** કહે છે.

ત્રિદોષ કોપથી માથામાં ગોળ ફોલ્લી થઇ તેમાં શૂળ દાહ વગેરે પીડા થાય તેને **પિટિકા** કહે છે.

માથામાં વાતાદિ દોષ કુપિત થઇ લોહી માંસને બગાડી મોટી ગોળ ગાંઠને જન્મ આપે ને તેમાં પીડા થોડી છતાં તેની જડ નીચે લગી પહોચે છે, તેથી લાંબા વખતે વધે ને લાંબા વખતે પાકે છે તેને **અર્બુદ** કહે છે.

પિત્ત વાયુની સાથ કોપી રોમકૂપોમાં દાખલ થઇ માથામાં વા બીજી જગોએથી વાળને ખેરવી નાખવા લાગે છે અને તે પછી કફ તથા લોહી વાળોના છિદ્રોને રોકી દે છે તેથી વાળ ફરીને ઉગવા પામતા નથી તેને **ઇંદ્રલુપ્ત**-ટાલ પડેલી કહે છે. આ રોગ પુરૂષોનેજ થાય છે. (સ્ત્રીઓનું રૂધિર મહિને મહીને શુદ્ધ થાય છે તેથી રોમકૂપોને રોકી શકે નહીં.)

ખાલિત્ય પણ તેને મળતો જ ભેદ છે તથાપિ ભિન્નતા એટલીજ કે ઇંદ્રલુપ્ત દાઢીમાં અને ખાલિત્ય માથામાં જ ટાલ પાડે છે.

ક્રોધ શોક શ્રમ હદથી વિશેષ કરવાને લીધે શરીરમાં ગરમી પેદા થતાં પિત્ત માથામાં દાખલ થઇ વાળોને (ભ્રાજક નામનું પિત્ત ભડકી સફેદ કરી દે છે તેને **પલિત** કહે છે.)

(નેત્રરોગ પૈકી પલકરોગના ભેદ.)

तथा नेत्रभवाः ख्याताश्चतुर्नवतिरामयाः ॥ ५२ ॥
तेषु वर्त्मगदाः प्रोक्ताश्चतुर्विंशतिसंज्ञिताः ।
कृच्छ्रोन्मीलः पक्ष्मपातः कफोत्क्लिष्टश्च लोहितः ॥५३॥
अरुङ्निमेषः कथितो रक्तोत्क्लिष्टः कुकूणकः ।
पक्ष्मार्शः पक्ष्मरोधश्च पित्तोत्क्लिष्टश्च पोथकी ॥ ५४ ॥
श्लिष्टवर्त्मा च बहलः पक्ष्मोत्संगस्तथार्बुदः ।
कुंभिका सिकता वर्त्म लगणोऽजननामिका ॥ ५५ ॥
कर्दमः श्याववर्त्मापि विसवर्त्मा तथाऽलजी ।
उत्क्लिष्टवर्त्मेति गदाः प्रोक्ता वर्त्मसमुद्भवाः ॥ ५६ ॥

આંખમાં થનારા ૯૪ રોગો છે તેમાંથી પાંપણોમાં થનારા ૨૪ રોગ છે તે એ કે-કૃચ્છ્રોન્મીલ ૧, પક્ષ્મપાત ૨, કફોત્ક્લિષ્ટ ૩, લોહિત ૪, અરૂઙ્નિમેષ ૫, રક્તોત્ક્લિષ્ટ ૬, કુકૂણક ૭, પક્ષ્માર્શ ૮, પક્ષ્મરોધ ૯, પિત્તોત્ક્લિષ્ટ ૧૦ પોથકી, ૧૧, શ્લિષ્ટવર્ત્મ ૧૨, બહલ ૧૩, પક્ષ્મોત્સંગ ૧૪, અર્બુદ ૧૫, કુંભિકા ૧૬, સિકતાવર્ત્મ ૧૭, લગણ ૧૮, અંજન નામિકા ૧૯, કર્દમ ૨૦, શ્યાવવર્ત્મ ૨૧, વિસવર્ત્મ ૨૨, અલજી ૨૩, અને ઉત્ક્લિષ્ટવર્ત્મ ૨૪, આ ૨૪ પાંપણમાં થનારા રોગો છે.

(વાતાદિ દોષ જ્યારે પોપચાંના માર્ગને સંકોચી દે ત્યારે મનુષ્ય આંખ્યોને ઉઘાડી જોઇ શકે નહીં તેને **કુંચુન** વા કૃચ્છ્રોન્મીલ કહે છે.

પોપચાંની થડમાં રહેનાર પિત્ત કોપીને આંખ્યોના વાળ (પાંપણના વાળ) નો નાશ કરી દે છે અને **પછી** ચળ ચલાવે છે તથા બળતરા કરે છે તેને **પક્ષ્મપાત** કહે છે.

પોપચાંમાં થોડી પીડા તથા બહારથી સુજેલ અને અત્યંત પિયાથી વ્યાપ્ત હોય તેને કફોત્કિલષ્ટ કહે છે. (આનું બીજું નામ પ્રકલીનવર્ત્મ પણ છે.

રુધિરના સંબંધથી આંખ્યોનાં પોપચાંની અંદરના ભાગમાં લાલ તથા નરમ અંકુર વધે તેને **શોણિતાર્શ** વા લોહિન કહે છે. આને જેમ જેમ કાપે તેમ તેમ વધે છે. વિદેહાચાર્ય આ રક્તજ વ્યાધિને અસાધ્ય કહે છે.

પોપચાંમાં આશ્રય કરી રહેનાર વાયુ નિમેષમાં દાખલ થઇને વારંવાર પલકોને ચલિત કરી ફરકાવે તેને **અરૂડ-નિમેષ** કહે છે. આ સન્નિપાતજ રોગ છે.

આંખ્યોનાં પોપચાંમાં લાંબા ખરસટ કઠણ દુઃખદાયક માંસાકુર પેદા થાય છે તેને **શુષ્કાર્શ** અથવા રક્તોત્કિલષ્ટ કહે છે.

દૂધના વિકારથી ધાવણા બાળકની આંખ્યોમાં ચળ આવે, બળતરા અને વારંવાર સ્રાવ, થાય તેને **કુકૂણક** કહે છે.

કાકડીના બીજ બરોબર, મંદ પીડા સહિત પોપચાંમાં જુદી જુદી ફોલ્લીઓ થાય તેને **પક્ષ્માર્શ** કહે છે. નિમિ અને વિદેહાચાર્યનું માનવું એવું છે કે આ દર્દ સન્નિપાતજન્ય છે.

જેના પોપચાંમાં એટલો બધો સોજો આવી જાય કે તેનાથી આંખ ઉઘાડી કશું જોઈ શકાય નહીં તેને **પક્ષ્મરોધ** કહે છે. આને વર્ત્મબંધ પણ કહે છે.

વાયુથી ચલાયમાન પોપચાંમાંના વાળ આંખ્યોમાં પેસી વારંવાર આંખને ઘસારો આપે એથી આંખના કાળા ને ધોળા ભાગમાં સોજો થઇ આવે ને તે વાળ મૂળમાંથી ટૂટી જાય તેને **પક્ષ્મકોપ** (ઉપપક્ષ્મ, પિત્તોત્કિલષ્ટ, **પરવાળાં** પણ કહે છે.)

લાલ સરસવના જેવડી લોહીના સ્રાવ સહિત, ચળ, ભારેપણા અને પીડા યુક્ત હોય તે પોપચાંની ફોલ્લીને **પોથકી** કહે છે.

પોપચાં ન ધોવાથી કે ધોવા છતાં પણ વારંવાર ચોટી જાય અને પાંપણો પાકીને રસીથી ચોટે નહીં તેને **અકિલષ્ટ** કિંવા **કિલષ્ટ વર્ત્મ** કહે છે.

પોપચાં ચામડીના રંગ જેવી કઠીણ ફોલ્લીઓથી વ્યાપ્ત થઇ આવે તેને **બહુલવર્ત્મ** કહે છે.

આંખ્યોનાં પોપચાંમાં ફોલ્લી થઇ તેનું મ્હોં અંદરની બાજુએ રહી લાલ, મોટી અને ચળ સહિત હોય તેને **પક્ષ્મોત્સંગપિટિકા** કહે છે. આ ત્રિદોષજન્ય છે.

આંખ્યોનાં પોપચાંમાં અંદર ગોળ,મંદ વેદનાવંત, કંઇક રાતી જલ્દીથી વધનાર ગાંઠ પેદા થાય છે તેને **અર્બુદ** કહે છે. આ સન્નિપાતજ છે.

પાંપણોની નજીક કુંભિકાના બીજ જેવી ફોલ્લી થઇ પાકી ફૂટી રસી વહેવરાવે તેને **કુંભિકા** કહે છે.

પોપચાંમાં જે ફોલ્લી થઈ બધા પોપચામાં ન્હાની ન્હાની ફોલ્લીયો સહિત થઇ જાય તેને **વર્ત્મશર્કરા** અથવા સિકતાવર્ત્મ કહે છે.

પોપચામાં બોરની બરોબર મોટી કઠણુ ચળસહિત અને ચીકણી ગાંઠ થાય તેને **લગણુ** કહે છે. આ રોગ કફજન્ય હોવાથી પાક કે પીડા થતાંજ નથી.

પોપચાંના અંતમાં દાહ ચુંટ ચટકા સહિત લાલ નરમ ને મંદ પીડાવાળી ફોલ્લી થાય છે તેને **અંજના** કહે છે. આ સન્નિપાતજ હોય છે.

ક્લિષ્ટવર્ત્મ રોગ ઉપર કહેવાઇ ગયેલ છે તે જો પિત્ત યુક્ત લોહીને દગ્ધ કરે તો તે દહી દૂધ માખણુના જેવા નરમાશ યુક્ત રહે તેને **વર્ત્મકર્દમ** કહે છે.

પોપચાંની અંદર કે બહાર કાળો સોજો તથા પીડા થાય તેને **શ્યામવર્ત્મ** કહે છે. આ રોગ રક્તાધિક ત્રિદોષજનિત હોય છે.

ત્રણે દોષ કોપ પામી પોપચાને સુજવી દે અને તેમાં છિદ્ર પાડી કમળતંતુ સમાન પાણીને ઝરાવે તેને **બિસવર્ત્મ** કહે છે.

આંખ્યોના કાળી સફેદ સંધિયોમાં તાંબા જેવા રંગની મોટી ફોલ્લી થાય તેને **અલજી** કહે છે.

પાંપણો જુદી જુદી રહે વા પલક વીંચાય ઉઘડાય નહીં તે રોગને **ઉત્કિલષ્ટવર્ત્મ** કહે છે. શાલાકય સિદ્ધાંતવાળો આ રોગનેજ વાનહતવર્ત્મ કહે છે.)

(નેત્ર સંધિરોગ સંખ્યા.)

नेत्रसंधिसमुद्भूता नव रोगाः प्रकीर्तिताः ।
जलस्रावः कफस्रावो रक्तस्रावश्च पर्वणी ॥ ५७ ॥

पूयस्रावःकृमिग्रंथिरुपनाहस्तथालजी ।
पूयालस इति प्रोक्ता रोगा नयनसंधिजाः ॥ ५८ ॥

નેત્રના સાંધાઓમાં થનારા ૯ રેગ છે એટલે કે-જલસ્રાવ કફસ્રાવ ૨, રકતસ્રાવ ૩, પર્વણી ૪, પૂયસ્રાવ ૫, કૃમિગ્રન્થિ ૬, ઉપનાહ ૭, અલજી ૮ અને પૂયાલસ ૯. આ નવ પ્રકારના છે.

(આંખની સંધિમાં પીડાના લીધે પીળું પાણી વહ્યા કરે તેને **જલસ્રાવ** કહે છે. તથા તેમાંથી સફેદ, જાડી, ચીકણી રસી વહે તે **કફસ્રાવ** અને જેમાંથી વિશેષ ઉનું લોહી વહે તે **રક્તસ્રાવ** કહેવાય છે.

નેત્રની ધોળી કાળી સંધિયોમાં-તાંબાના સમાન રંગવાળી ન્હાની ગોળ ફોલ્લી થઇ બળતરા સહ પાકે તેને **પર્વણી** કહે છે.

નેત્રના સાંધામાં સોજો આવી પાકી રસી વહે તેને **પૂયસ્રાવ** કહે છે. આ રોગ સંનિપાતાત્મક છે.

ડોળાના ધોળા ભાગની સંધિમાં અને પલકોની સંધિમાં અનેક પ્રકારની કૃમિ પેદા થઈ ચળ અને ગાંઠ ઉત્પન્ન કરે. તથા તે ધોળા ભાગને પલકોની સંધિમાં પ્રાપ્ત થઇને નેત્રની અંદરના ભાગને દૂષિત કરે, અંદર ફરે તેને **કૃમિગ્રંથી** કહે છે.

નેત્રના સાંધામાં મોટી ગાંઠ થાય થોડી પાકે, દૂખે નહી અને ચળ બહુ આવે તેને **ઉપનાહ** કહે છે.

કાળી ધોળી સંધિમાં ત્રાંબા જેવી રાતી મોટી ફોલ્લી થાય તેને **અલજી** કહે છે.

નેત્રની સંધિમાં સોજો થઈ પાકી ફૂટી તેમાંથી દુર્ગંધવાળી રસી વહે અને સોયથી છેદ પાડે તેવી પીડા થાય તેને **પૂયાલસ** કહે છે.)

(નેત્રના ધોળા ડોળામાં થતા રોગો.)

तथा शुक्लगता रोगाबुधैः प्रोक्तास्त्रयोदश ।
शिरोत्पातः शिराहर्षः शिराजालश्च शुक्तिकः ॥ ५९ ॥
शुक्लार्म चाधिमांसार्म प्रस्तार्यर्म च पिष्टकः ।
शिराजपिटिका चैव कफग्रंथितकोऽर्जुनः ॥ ६० ॥

स्नाय्वर्म शोणितार्मः स्यादिति शुक्लगता गदाः ।

ધોળા ડોળામાં થનારા રોગો ૧૩ છે તે એ કે-શિરોત્પાત ૧, શિરાહર્ષ ૨, શિરાજાલ ૩, શુક્તિક ૪, શુકલાર્મ ૫, અધિમાંસાર્મ ૬, પ્રસ્તાર્યર્મ ૭, પિષ્ટક ૮, શિરાજપિટિક ૯ કફગ્રંથિકા ૧૦, અર્જુન ૧૧, સ્નાય્વર્મ ૧૨ અને શોણિતાર્મ ૧૩ આ તેર પ્રકારના છે.

(આંખની નસ પીડા સહિત કે પીડા રહિત ત્રાંબાના રંગ જેવી થઇ રહે અને તે બરાબર વધારામાં વધારે લાલ થઇ આવે તેને **શિરોત્પાત**--સબળ વાયુ કહે છે.

અજ્ઞાનતાથી શિરોત્પાતની દરકાર ન રાખે તો તે **શિરાહર્ષ** રોગ થઇ આવે છે, તેથી આંખ્યો લાલ સ્વચ્છ આંસુ ગેરબ્યા કરે અને થોડું દેખાય છે.

નેત્રના ઘોળા ભાગમાં નસોનો સમૂહ જાળાના સરખો તથા કઠણુ અને લાલ લોહી જેવો બની રહે છે તેને **શિરાજાલ** કહે છે.

આંખના ઘોળા ડોળામાં શ્યામવર્ણું માંસ સમાન સીપના જેવું બિંદુ થાય તેને **શુક્તિ** કહે છે.

આંખના ઘોળા ડોળામાં સફેદ મૃદુમાંસ લાંબે વખતે વધે તેને તેને **શુકલાર્મ** કહે છે.

આંખ્યોમાં જે માંસ વિસ્તરેલ, સ્થૂલ અને કંઇક રાતુ કાળું દેખાય તેને **અધિમાંસાર્મ** કહે છે.

નેત્રના ઘોળા ભાગમાં પાતળું, વિસ્તીર્ણુ અને રાતું માંસ વધે તેને **પ્રસ્તાર્યર્મ** કહે છે.

કફ વાયુના કોપવાથી ઘોળા ડોળામાં પિષ્ટ સમાન માંસ વધે તેને **પિષ્ટક** કહે છે. તે મળથી મળેલા ગુદાના મસા સરખું હોયછે.

ઘોળા ડોળામાં નસોથી વ્યાપ્ત ઘોળી ફોલ્લી થાય છે તેને **શિરાજપિટિકા** કહે છે. તે કાળા ડોળાની નજીક થાય છે.

ઘોળા ભાગમાં કાંસા સરખી કઠણુ કે પાણીના બુંદ જેવી કંઇક ઉંચી ગાંઠ હોય છે તેને **કફગ્રંથિતક** વા બલાસ કહે છે.

ઘોળા ભાગમાં સસલાના લોહી જેવું ટીપું આંખમાં પેદા થાય તેને **અર્જુન** કહે છે.

નેત્રમાં કઠણ તથા ફેલાવાદાર સ્રાવ રહિત માંસ વધે તેને **સ્નાવ્વર્મ** કહે છે.

ધોળા ભાગમાં લાલ કમલ જેવી લાલ રંગની તથા કોમળ માંસની પત્રી વધે છે તેને **શોણિતાર્મ** અથવા રક્તાર્મ કહે છે.)

(નેત્રના કાળા ડોળામાં થનારા રોગો.)

तथा कृष्णसद्भूताः पंचरोगाः प्रकीर्तिताः ॥ ६१ ॥
शुद्धशुक्रं शिराशुक्रं क्षतशुक्रं तथाजकं ।
शिरासंगश्च सर्वेऽपि प्रोक्ताः कृष्णगता गदाः ॥ ६२ ॥

કાળા ડોળામાં થનારા રોગો પાંચ પ્રકારના છે એટલે કે-શુદ્ધશુક્ર ૧, શિરાશુક્ર ૨, ક્ષતશુક્ર ૩, અજકા અને શિરાસંગ ૫ એ પાંચ છે.

(આંખના કાળા ભાગમાં અભિષ્યંદ—આંખ દુખવાથી પીડા સહિત કફ પ્રકોપના લીધે શંખના જેવું ધોળું-પાતળું વ્રણ રહિત ફૂલું પડે છે તેને **શુદ્ધશુક્ર** કહે છે. આ સુખસાધ્ય છે.

જે ફૂલાની વચમાંનું માંસ નાશ પામી જાય તેથી ત્યાં ખાડો પડી રહે અથવા તો તેની ચોમેર માંસ હોય છે, તથા એક ઠેકાણે ન રહેનાર, શિરાઓથી વ્યાપ્ત થઈ બારીક થઇ રહ્યું હોય તે કીકીનો નાશ કરે છે; કેમકે એ પડની વચ્ચે થવાથી ચોમેર લાલ થઈ વચમાં ધોળું બને છે અને લાંબા વખતનું હોય છે તે લોહી સહિત ત્રિદોષ જનિત ફૂલાને **શિરાશુક્ર** કહે છે. આ અસાધ્ય છે.

આંખના કાળા ભાગમાં ફૂલા જેવું થઇ અંદરથી ખાડા જેવું બને ને તેમાં સોયના છેદ સરખું છિદ્ર પડી રહે, તથા આંખ્યોમાંથી બહુજ ગરમ અને ઘણો સ્રાવ થાય તેને **ક્ષતશુક્ર** કહે છે. આમાં પીડા ઘણી થાય છે.

કાળા મંડળમાં બકરીની સુકી લીંડી જેવું, દૂખવા વાળું લાલ તથા કઠણ થઇ કંઇક કાળા રંગનાં આંસુ પડે તેને **અજક** કહે છે. આ રક્ત પ્રકોપથી થાય છે.

કાળામંડળમાં વાતાદિ દોષોના સંયોગ વડે ચોમેર સફેદ ફૂલું ફેલાઇ જાય તેને સંનિપાતજન્ય **શિરાસંગ** અથવા અક્ષિપાકત્વ કહે છે.)

(નેત્ર સંબંધી કાચરોગ.)

काचं तु षड्विधं ज्ञेयं वातात् पित्तात् कफादपि ।
सन्निपाताच्च रक्ताच्च षष्ठं संसर्गसंभवम् ॥ ६३ ॥

આ રોગ ૭ જાતનો છે—એટલે કે, વાતકાચ ૧, પિત્તકાચ ૨, કફકાચ ૩, સન્નિપાતકાચ ૪, રક્તકાચ ૫ અને સંસર્ગ સંભવ કાચ ૬ આ ૭ પ્રકાર છે.

દૃષ્ટિના બધા પડદાઓની અંદર એટલે કે શિરાને વહેનારી નાડીને અનુસરતા વાત આદિ દોષો પ્રથમના પડદામાં પહોંચી રહેલ હોય તો વિના સબબે રોગી કોઇ વખતે વસ્તુનું સ્વરૂપ બરોબર દેખી શકે અને કોઈ વખત ન દેખી શકે, જો બીજા પડદામાં તે દોષોએ મુકામ કરેલ હોય તો જે વસ્તુ જેવી હોય તેવી ન દેખતાં તે જુદાજ પ્રકારની દેખાય, નજીકમાં રહેલી વસ્તુ પરાણે નજરે પડે, તેમ છેટે રહીલી ઝીણી ચીજ પણ પરાણે દેખાય, અને દૂર રહેલી વસ્તુ પાસે પડેલી છે એમ ભાસે, તથા પાસે પડેલી ચીજ વેગળી છે એમ જણાય છે. ત્રીજા પડદામાં જઈ રહેલા તે દોષોવડે જો તે મંડળના આકારે ગોઠવાયલા હોય તો ચીજ મંડલાકારે દેખાય, જો દૃષ્ટિના વચમાં તે દોષોએ પડાવ કર્યો હોય તો એક ચીજની બે ચીજો દેખાય. જો તે દોષો દૃષ્ટિની વચ્ચે ઘણા પ્રકારે રહ્યા હોય તો એક વસ્તુ છતાં અનેક રૂપ દેખાય, તે દોષો દૃષ્ટિની અંદરની બાજુમાં પ્રવેશી રહ્યા હોય તો વસ્તુ ન્હાની છતાં તે મોટી દેખાય, જો તે દોષો દૃષ્ટિની હેઠળના ભાગમાં રહ્યા હોય તો નજીકમાં વસ્તુ રહેલી છતાં નજરે ન પડે. તે દોષો દૃષ્ટિની ઉપરલી બાજુમાં જઈ રહ્યા હોય તો દૂર પડેલી વસ્તુ ન દેખાય, અને જો તે દોષો દૃષ્ટિના પડખાના વિભાગમાં પહોંચ્યા હોય તો પડખાભર પડેલી વસ્તુ જોવામાં ન આવે તેને **તિમિર** રોગ કહે છે. એ તિમિર રોગ ઉપર જોઈએ તેવા યોગ્ય ઔષધોપચાર કરવામાં બેદરકારી બતાવવાથી કોપાયમાન થયેલા વાતાદિ દોષો ત્રીજા પડદામાં પ્રવેશ કરી જાય છે, અને તે કારણથી બારીક કપડાની ઓથમાંથી જેવું ઝાંખું સૂઝે છે તેવું રોગીને ઉપરના ભાગમાં ઝાંખું દેખાય, પણ નીચેના ભાગમાં બિલકુલ દેખાયજ નહીં, અને જે દોષો કોપેલા હોય તે દોષોના રંગ પેદા થઇ આંખમાં ઝાંખ જણાવા લાગે છે તેને કાચ અથવા મોતિયા બિંદુ–**મોતિયો** કહે છે. મોતિયા ૭ જાતના હોય છે.

વાતજ કાચ (મોતિયા)ના રોગમાં કોપવંત થયેલા વાતાદિ દોષો વડે આંખ રાતીચોળ થઇ રહે છે, નાક વિનાનું મ્હો દેખાય છે, ચંદ્રમા અને દીવો એક હોવા છતાં પણ અનેક દેખાય છે, તેમજ કોઇપણ વાંકો પદાર્થ હોય તે સીધા રૂપમાં દેખાય છે. તદુપરાંત જૂના મોતિયામાં ધૂળ અને ધૂમાડાથી ઢંકાયલી દૃષ્ટિ થઇ જાય છે.

પિત્તજ કાચ રોગમાં-કોપેલા પિત્તવડે કાચના સરખી કાળા રંગની દૃષ્ટિ થવાના સંબંધથી કાચના જેવું કાળા રંગનું દેખાય છે, તથા સૂર્ય ચંદ્રમા જે કદના છે તે કરતાં વિશેષ મંડળાકર-પરિધિવંત, અગ્નિ સૂર્યકિરણો અને ઇંદ્રધનુષ સમસ્ત કાળાશવંત દેખાય છે.

કફજ કાચ રોગમાં-કફકોપથી ઝાંખા પડેલ ચંદ્ર સૂર્ય અને દીવા વગેરેના ફેલાવાના જેવું ધોળાશ વંત દેખાય છે, તથા કફનાં ચિન્હો સહિત હોય છે.

ત્રિદોષજ કાચ રોગમાં--ત્રણે દોષના કોપવાને લીધે દૃષ્ટિની અંદર અનેક પ્રકારનાં વિપરીત સ્વરૂપો દેખાય છે.

રકતજ કાચરોગમાં--લોહીના કોપવાથી સફેદી સહ અંધકાર અને તે પણ રાતા કાળા રંગની ભ્રાંતિ કરાવે તેવું દેખાય છે.

સંસર્ગજ કાચ રોગમાં--રક્તના તેજથી મિશ્રિત થએલ પિત્તના લીધે રોગીને દિશા આકાશ અને સૂર્ય પિળાશવાળાં દેખાય તથા બધે સૂર્ય ઉગ્યા જેથી ભ્રાંતિ થાય, અને વૃક્ષો પણ તેજ સ્વરૂપે દેખાય છે. આને પરિમ્લાવિ પણ કહે છે.

(તિમિર રોગ.)

तिमिराणि षडेव स्युर्वातपित्तकफैस्त्रिधा ।
संसर्गेण च रक्तेन षष्ठं स्यात्सन्निपाततः ॥ ६४ ॥

આંખમાં થનારો તિમિર રોગ ૭ જાતનો છે તે એ કે વાત-તિમિર, પિત્તતિમિર, કફતિમિર, સંસર્ગતિમિર, રકતતિમિર, અને સન્નિપાતતિમિર એમ ૭ પ્રકાર છે.

(તિમિર રોગનું ઓળખાણ તો મોતિયાની ટિપ્પણીમાં કરાવી આપ્યું છે; તથાપિ કારણો સહિત ભેદની પિછાન કરાવી નથી તે આ પ્રમાણે છે:—

વાતતિમિરમાં—વાત પ્રકોપને લીધે વાયુના અસ્થિરપણાથી

દૃષ્ટિએ બહુ વાંકું ચંચળ, ધુમાડા જેવું મેલું અને જરાતરા લાલાશવંત દેખાય છે. તેમજ કોઇ સમય નિરોગી આંખ્યો જેવું પણ દેખાય છે અને જાળ, કેશ-વાળ, મચ્છર તથા કિરણો એ બધાં વારંવાર દેખાય છે.

પિત્તતિમિરમાં--પિત્ત પ્રકોપના લીધે દૃષ્ટિએ વીજળી કે તારાના પ્રકાશ સમાન ચળકતું, મોર અને તીતરની પાંખના જેવું અને ઘણું કરીને કાળા રંગનું દેખાય છે.

કફતિમિરમાં--ઘણું કરીને દૃષ્ટિથી ચીકણું અને ધોળું દેખાય છે, તથા શંખ, ચંદ્રમા, મોગરાનાં ફુલ અને સ્વેત કમળ એ બધાંથી વ્યાપ્ત થએલી દૃષ્ટિ જેવું દેખાય છે.

સંસર્ગતિમિરમાં--બે દોષથી તિમિર રોગ થયેલ હોય તો ઓચિંતાં બેઉ દોષોનાં ચિન્હો એકદમ એકઠાં થવાથી વખતે નજરે સાફ દેખાય ને વખતે ઝાંખુ પણ દેખાય છે.

રક્તજતિમિરમાં--રાતા રંગની કાંતિ જેવું અને અંધકાર સમાન દેખાય છે.

સન્નિપાતતિમિરમાં--ત્રિદોષ કોપવાથી ઓચિંતાં ત્રણે દોષનાં ચિન્હો ભેળશેળ થઇ જઈ દૃષ્ટિએ ચોખું તથા કોઇ વખતે ઝાંખું પણ દેખાય છે.)

(લિંગનાશ રોગ.)

लिंगनाशः सप्तधा स्याद्वातात्पित्तात्कफेन च ।
त्रिदोषैरुपसर्गेण संसर्गेणासृजा तथा ॥ ६५ ॥

લિંગનાશ રોગ સાત પ્રકારનો છે-વાત, પિત્ત, કફ, ત્રિદોષ, ઉપસર્ગ, સંસર્ગ અને અસૃજ લિંગનાશ એમ ૭ ભેદ છે.

(લિંગનાશ એને કહે છે કે--તિમિરરોગ આંખના ચોથા પડદામાં ઘુસી જઈ આખી કાળી કીકીપર છવાઇ જાય છે તેથી કંઇપણ દેખી શકાય નહી. આ રોગનાં સાત કારણો આ પ્રમાણે છે:—

વાતલિંગનાશમાં—વાયુ કોપથી થયેલો મોતિયો વધી જવાથી ધૂળની કે ધુમાડાથી વ્યાપ્ત થયા જેવું, ખુલ્લા લાલરંગનું. વિસ્તાર વંત કે ઝીણું અને ન જોઈ શકાય તેવું આંખમાંનું કાળું કુંડાળું થઈ જાય છે જેથી દેખાતું નથી,

પિત્તલિંગનાશમાં—ભમરાના જેવા શ્યામરંગનું, સ્નિગ્ધ તથા ન જોઇ શકાય તેવું દષ્ટિમંડળ બની જાય છે, જેથી દેખાતું નથી.

કફલિંગનાશમાં—કમળપત્રપર ઠરેલા જળબિંદુની પેઠે અસ્થિર થઈ, ચિકણો તથા જોઈ શકાય તેવો કફ દષ્ટિબંધ કરી દેછે. ગરમીમાં સંકુચિત, છાયામાં વિસ્તૃત અને શંખ, ચંદ્ર, મોગરાનાપુષ્પ, પુંડરીક કમળ તથા સ્ફાટિક સાદશ કાંતિવાળી નજર થાય છે, જેથી જોવામાં બાધા કરે છે.

ત્રિદોષલિંગનાશમાં-ત્રણે દોષકોપનાં ચિન્હો હોવાને લીધે દષ્ટિમંડળમાં વિચિત્ર રંગો ભાસે છે, જેથી સત્યસ્વરૂપનો અભાવ થાય છે.

ઉપસર્ગલિંગનાશમાં.-થોડા બળવાળો મનુષ્ય ઓચિંતો અદ્ભુત સ્વરૂપ દેખે અથવા તેજવંત સૂર્ય વગેરેની તરફ જાય તેનાથી વાતાદિદોષો તેવી દષ્ટિનો સહારો મેળવી દષ્ટિના તેજને શોષી દેખાવાપણું બંધ કરે છે ને ત્યારબાદ વૈડુર્ય રત્નના સમાન રંગની, સ્થિર, નિર્મળ હોય તેવી અને વેદના વગરની દૃષ્ટિ બને છે.

સંસર્ગલિંગનાશમાં—બેઉ દોષનાં ચિન્હો પરસ્પર મળી દૃષ્ટિની અંદર વિચિત્રરંગોને જન્મ આપે છે જેથી વિચિત્રાભાસ થાય છે. આમાં રકત પિત્ત દુષ્ટ થાય છે.

રકતલિંગનાશમાં—લોહીથી દષ્ટિમંડળ પરવાળાના જેવું લાલ કે રાતા કમળ જેવું લાલ બની રહે છે.)

(દૃષ્ટિ રોગ.)

अष्टधा दृष्टिरोगाः स्युस्तेषु पित्तविदग्धकम् ।
आम्लपित्तविदग्धं च तथैवोष्णविदग्धकम् ॥ ६६ ॥
नकुलांध्यं धूसरांध्यं रात्र्यंध्यं ह्रस्वदृष्टिकः ।
गंभीरदृष्टिरित्येते रोगा दृष्टिगताः स्मृताः ॥ ६७ ॥

આ રોગ આઠ પ્રકારનો છે-પિત્તવિદગ્ધક ૧, અમ્લપિત્ત વિદગ્ધક ૨, ઉષ્ણુ વિદગ્ધક ૩, નકુલાન્ધ્ય ૪, ધુસરાન્ધ્ય ૫, રાત્ર્યાન્ધ્ય ૬, હ્રસ્વદૃષ્ટિક ૭ અને ગંભીર દષ્ટિ ૮ આ આઠ ભેદ છે.

પિત્તવિદગ્ધમાં—પિત્તદુષ્ટ થઈ વધી પડતાં મનુષ્યની નજર પીળી થાય છે તેથી તમામ પદાર્થ પીળાજ જણાવા લાગે છે.

અમ્લપિત્તવિદગ્ધમાં—મનુષ્યને ઉલટી થવાની વખતે દૃષ્ટીને અતિઘાત થવાથી સઘળી વસ્તુઓ ધોળા રંગનીજ જણાય છે.

ઉષ્ણવિદગ્ધમાં—ત્રીજા પડદાની અંદર પિત્ત દાખલ થવાથી દિવસે ન દેખે રાતે તાઢકના કારણથી પિત્ત કમી થતાં દેખી શકે છે. આને દિવાંધ કહે છે.

નકુલાંધમાં—દોષ વ્યાપ્ત દૃષ્ટિ બની નોળિઓની દૃષ્ટિસરખી નજર ચમકતી જણાય જેથી દિવસે અનેક પ્રકારનાં રૂપ દેખે છે.

શોકવિદગ્ધમાં-તાવ, પરિશ્રમ અને માથાનો તપારો વગેરે સબબને લીધે પિત્ત કોપી નજરમાં વિકાર પેદા કરે છે જેથી બધા પ્રકારના પદાર્થો ધુમાડા જેવા રંગના દેખાય છે. આને ધૂસરાંધ્ય અથવા ધૂમદર્શી પણ કહે છે.

નકતાંધમાં—કફ ત્રણે પડદામાં રહી રતાંધળાપણાને જન્મ આપે છે જેથી તે દિવસે દેખે પણ રાતે જરા પણ દેખી શકે નહીં; કેમકે દિવસે સૂર્યના તાપથી કફનું જોર નરમ પડે છે અને રાત્રે શીતળતાથી વધી પડે છે.

હ્રસ્વદૃષ્ટિમાં—દૃષ્ટિના મધ્યમાં પહોચેલ પિત્ત દુષ્ટ થવાથી દિવસે મોટા પદાર્થ પણ ન્હાના દેખાય અને રાતે સારા જણાય છે.

ગંભીરદૃષ્ટિમાં—વાયુથી વિકૃત થયેલ દૃષ્ટિ અંદરથી સંકોચાઇ રહે છે ને તેમાં પીડા થાય છે.)

(અભિષ્યંદ રોગ.)

अभिष्यंधाश्च चत्वारो रक्ताद्दोषैस्त्रिभिस्तथा ।

વાતાભિષ્યંદ ૧, પિત્તાભિષ્યંદ ૨, કફાભિષ્યંદ, ૩ અને રક્તાભિષ્યંદ ૪, આ ચાર પ્રકાર છે.

(**વાતાભિષ્યંદમાં**—વાત પ્રકોપથી આંખ્યો દુખવા આવી સ્હેજસાજ સોજો આવ્યાની પેઠે નાક સૂજી આવી લમણા, આંખ, ભમર અને કપાળ એ જગાએ સોયો ઘોચાયા જેવી પીડા, ફરફરવું, તથા કાપવા જેવી વેદના થાય છે. થોડાંક સૂકાં ચીપડાં નીકળવા લાગે, આંખમાંથી નિર્મળ ઠંડું પાણી વહ્યા કરે, આંખમાં ચોમેર

વેદના થાય, આંખમાં જીવાત ફરકયા જેવું જણાય, આંખ્યો સૂજેલી દેખાય અને આખ્યોમાં બારીક તરખલું વગેરે પડયા સરખું ભાસ્યા કરે છે.

પિત્તાભિષ્યંદમાં—પ્રકોપ પામેલા પિત્તથી આંખો દુખવા આવી બળતરા, ધૂમાડા નીકળ્યા કે ધૂમાડો લાગતાં કંટાળો આવે તેવો દેખાવ, શોથર, પાંપણ બહારનો ભાગ કાળો, આંખના ખૂણામાં ગંધ મારતાં ચીપડાનું નીકળવું, ખૂણાઓમાં ભીનાશી, પીળા ને ઉન્હા પાણીનું ઝરવું આંખ, પીળી થઇ જવી, પીળું દેખાવું અને જખમપર ખાર મૂકયા જેવી વેદના થવી વગેરે લક્ષણ થાય છે.

કફાભિષ્યંદમાં--કફકોપી જવાથી આંખ્યો દુખવા આવી જડ-બની સૂજી આવે છે, ઉંઘ તથા ચળ આવે છે, અન્નપર અરૂચિ, ધટ્ટ ચીકણાં, ઘણા ધોળાં અને ઘણા છોતરા જેવાં ચીપડાં નીકળ્યા કરે. તેમજ નીચેના ભાગમાં કાળું કુંડાળું અને ઉપરના ભાગમાં ધોળું કુંડાળું જણાય, તથા શેકવાની મરજી થાય, નાક સૂજી આવે અને બધી જગોએ ધૂળ ભરાયા જેવું જણાય છે.

રકતાભિષ્યંદમાં--રકતપ્રકોપથી આંખ દુખવા આવી લો-હીના ટીંપા જેવી લાલ બને છે અને તેમાંથી લોહી જેવું પાણી ટપેકે છે, તેમજ આંખની અંદર લાલ રેખાઓ દેખાય છે. બાકીનાં બીજાં બધાં ચિન્હો પિત્તાભિષ્યંદમાં કહેવાયાં તેવાંજ હોય છે.)

(અધિમન્થ રોગ.)

चत्वारश्चाधिमंथाः स्युर्वातपित्तकफास्रतः ॥ ६८ ॥

વાત, પિત્ત, કફ અને રક્ત એમ ચાર પ્રકારના અધિમંથ છે.

(સર્વાક્ષિ રોગ.)

सर्वाक्षिरोगाश्चाष्टौ स्युस्तेषु वातविपर्ययः ।
अल्पशोफोऽन्यतोवातस्तथा पाकात्ययः स्मृतः ॥६९॥
शुष्काक्षिपाकश्च तथा शोफोऽध्युषित एव च ।
हताधिमंथ इत्येते रोगाः सर्वाक्षिसंभवाः ॥ ७० ॥

વાતવિપર્યય, અલ્પશોફ, અન્યતોવાત, પાકાત્યય, શુષ્કાક્ષિ પાક, શોફ, અધ્યુષિત અને હતાધિમંથ આ આઠ ભેદ છે.

(ઉપર બતાવેલા પાંપણમાં થનારા ૨૪, નેત્ર સંધિમાં થનારા

૯, ધોળા ડોળામાં થનારા ૧૩, કાળા ડોળામાં થનારા ૫, કાચરોગ ૬, તિમિર રોગ ૬, લિંગનાશ ૭ દૃષ્ટિરોગ ૮ અભિષ્યંદ ૪, અધિમંથ ૪ અને સર્વાક્ષિ રોગ ૮ એ બધા મળી આંખમાં થનારા ૯૪ રોગ થયા.)

(**વાતવિપર્યયમાં**—વાયુ ક્રમથી કદિ ભ્રકુટીમાં પ્રાપ્ત થઇને અને કદિ નેત્રોમાં દાખલ થઇને અનેક જાતની આકરી પીડા કરે છે.

અલ્પશોફમાં—સોજો આવી પાકી તેમાંથી પાણી ઝરે છે અને પાકેલા ગૂલરના ફળ જેવી રાતી આંખ્યો થાય છે. આ ત્રિદોષજ વ્યાધિ છે.

અન્યતોવાતમાં—કાન, મસ્તક, હડપચી, ડોક પાછળની રગ વગેરે સ્થળોમાં તથા ઈતર જગોમાં ઠેરેલો વાયુ ભમર વા આંખ્યોમાં ચુંટી લીધા જેવી વેદના ભેદના રૂપ પીડા કરે છે.

પાકાત્યયમાં—વાતાદિ દોષોવડે આંખ્યોના બધા કાળા ભાગ ઉપર છારી વળે, ધોળો ભાગ ઉઘાડ વીચ થયાં કરે, આખો ડોળો સૂજી આવે, ડોહળું પાણી ઝર્યા કરે, બળતરા થાય, આંખ્યેથી દેખાય નહીં અને ગમે તે વેળાએ વેદના થઇ આવે છે.

શુષ્કાક્ષીપાકમાં—આંખ્યો સંકોચાઇ જાય, પાંપણ કઠીન અને લૂખી બને, આંખ્યોમાં બળતર વધારે થાય, જોઇએ તેવું બરોબર ન દેખાય, આંખ્યો ઉઘાડવાથી દુઃખ થાય અને ઘણો કંટાળો આવે છે. આ રક્ત યુક્ત વાયુનો રોગ છે.

શોફમાં—લોહી સાથ ત્રિદોષના પ્રકોપથી ડોળાની અંદર મોટો સોજો પેદા થઈ-ડોળો પાકી ડોળામાં આગ ઉઠે છે, ડોળાનો બધો ધોળો ભાગ પાકેલા ગૂલર જેવો રાતો થઈ ઉન્હું ટાઢું સ્વચ્છ કે ડોહળું પાણી વારંવાર ટપકયા કરે છે.

અધ્યુષિતમાં—મધ્યભાગની અંદરની આંખ રહેજસાજ રાતી જણાવા સાથ ફરતી કોરપરની રાતી બનેલી આંખમાં પીળી ફોલ્લીઓ થઈ આવે છે, થોડા દાહ સહિત આંખપર સોજો ચડી આવી આંખ ગર્યા કરે છે તેથી આંખ બહુજ ડોળાયલી રહે છે. ખટાશ બહુ ખાનારાને આ રોગ થાય છે.

હતાધિમંથમાં—વાતજન્ય અધિમંથ ઉપર ઉપાય ન આદરે તેથી આંખનો ડોળો બધો સૂકાયા જેવો બની જાય છે અને તેમાં

સોયે ભોંકાયા સરખી પીડા દાહ વગેરે આકરી વેદના થાય છે, આને દૃષ્ટયુત્ક્ષેપણ, દષ્ટિનિર્ગમ તથા સકળાક્ષિશોષ પણ કહે છે.)

(ષંઢ રોગ એટલે શું ?)

पुंस्त्वदोषाश्च पंचैव प्रोक्तास्तत्रेर्ष्यकः स्मृतः ।
आसेक्यश्चैव कुंभीकः सुगंधिः षंढसंज्ञकः ॥ ७१ ॥

નપુંસક—હીજડા થવાનો રોગ પાંચ પ્રકારનો છે-તે એ કે-ઈર્ષ્યક ૧, આસેકય ૨, કુંભીક ૩, સુગંધિ ૪ અને ષંડ ૫ આ પાંચ ભેદ છે. ૭૧.

(જે પુરૂષ બીજાને મૈથુનમાં પરવરેલ નિહાળી પોતે મૈથુન કરવાની શક્તિ મેળવે તે ઇર્ષ્યક નપુંસક કહેવાય છે. આનું બીજું નામ દૃગ્યોનિ છે.

માબાપના થોડા વીર્યથી જે ગર્ભ રહે છે તે નપુસક નીકળે છે જેથી તે પુરૂષ પોતાના મ્હોંમાં બીજા પુરૂષને મૈથુન કરાવી તે વીર્યને ગળી ગયા બાદ સ્ત્રી સાથે ભોગ કરી શકે છે તેને **આસેકય** અથવા મુખયોનિ નપુંસક કહે છે.

જે પુરૂષ પ્રથમ ચતુર્થીપૂજન (ગુદ મૈથુન) કરાવી ચૈતન્યતા પ્રાપ્ત કર્યા પછી સ્ત્રી સાથે વિષય સેવી શકે તેને કુંભીક નપુંસક કહે છે. કેટલાક આચાર્યોનું એમ કહેવું છે કે-

જે પુરૂષ લોંડાબાજી કરે છે તે પહેલાં શિથિલ શિશ્નથીજ પશુની પેઠે સ્ત્રીના પાછલા ભાગે મૈથુન કરવાની ચેષ્ટા કરે અને એમ કરતાં ઇંદ્રિ જાગ્રત થાય કે તે પછી સ્ત્રી સાથે સંભોગ કરી શકે તે કુંભીક નપુંસક કહેવાય છે.

જ્યારે ઋતુકાળમાં અલ્પરજસ્ક સ્ત્રીથી શ્લેષ્મ રેતવાળા પુરુષ-સંભોગવડે તે સ્ત્રીનો કામદેવ શાંત થતો નથી જેથી તે સ્ત્રી મનમાં અન્ય પુરૂષના સંભોગની ઇચ્છા કરે છે એ સબબના લીધે વ્યભિચારી સંકલ્પ બળથી કુંભીક નપુંસક પેદા થાય છે. આને ગુદયોનિ પણ કહે છે.

જે પુરૂષ દુષ્ટયોનિમાં પેદા થાય તે યોનિ અથવા લિંગના સુંઘવાથી ચૈતન્યતા પ્રાપ્ત થતાં સ્ત્રી સંભોગ કરી શકે છે તેને સુગંધિ, **સૌગંધિક** કે નાસાયોનિ નપુંસક કહે છે.

જે પુરૂષ ઋતુકાળમાં મોહવશથી સ્ત્રીના પ્રમાણે-પોતે નીચે

સૂઈ સ્ત્રીને ઉપર ચઢાવી મૈથુન કરે છે, તેથી જે ગર્ભ રહે તે પુરૂષ સ્ત્રીના જેવી ચેષ્ટા કરે છે અને સ્ત્રીની આકૃતિ સમાન હોય છે એટલે કે પોતે નીચે સુઇ બીજા પુરૂષ પાસે પોતાની ઇંદ્રિ ઉપર તેનું વીર્ય પતન કરાવે ત્યારેજ તેને આનંદ થાય છે તેને ષંઢ નપુંસક કહે છે.)

(શુક્ર રોગ કયો કહેવાય ?)

शुक्रदोषास्तथाऽष्टौ स्युर्वातात्पित्तात्कफेन च ।
कुणपं चास्रपित्ताभ्यां पूयाभं श्लेष्मपित्ततः ॥ ७२॥
क्षीणं च वातपित्ताभ्यां ग्रंथिलं श्लेष्मवाततः ।
मलाभं सन्निपाताच्च शुक्रदोषा इतीरिताः ॥ ७३ ॥

શુક્ર-ધાતુ રોગના ૮ ભેદ છે તે એ કે-વાતજ, પિત્તજ, કફજ, રક્તાપિતથી થયેલ કુણપ, કફપિત્તથી થયેલ પૂયાભ, વાતપિત્તથી થયેલ ક્ષીણ, કફવાતથી થયેલ ગ્રંથિલ અને ત્રિદોષથી થયલ મલાભ એમ ૮ પ્રકાર છે.

(વાયુથી શુક્ર ફીણવાળું-કંઈક ગાઢું-થોડું અને ક્ષીણ બને છે તે **વાતજશુક્ર** કહેવાય છે. આ વીર્ય સંતતીમાં નાલાયક છે.

પિત્તથી દૂષિત થયેલું શુક્ર નીલું-પીળું-અત્યંત ગરમ-નઠારી વાસના વાળું અને નીકળતી વખતે દાહ કરનારૂં હોય છે તે **પિત્તજશુક્ર** રોગ કહેવાય છે.

કફથી શુક્ર-વીર્ય શુક્રવાહિની નાડીઓના માર્ગ રોકાવાથી અત્યંત ગાઢું બની જાય છે તેને **કફજ** શુક્રદોષ કહે છે.

કુણપ શુક્ર દોષમાં વીર્યની વાસના મુડદા જેવી આવે છે.

પિત્તકફથી દુષિત થયેલ વીર્યમાં રસી જેવો ગંધ આવ્યા કરે છે, તેને **પૂયાભ** કહે છે.

પિત્તવાયુના દૂષિતપણાથી શુક્રક્ષીણ થાય તેને **ક્ષીણ** કહે છે.

કફ વાયુથી દૂષિત બને જેથી શુક્ર ગાંઠદાર થાય છે તેને **ગ્રંથિલ** કહે છે.

સંનિપાતથી દૂષિત થયેલા શુક્રમાં બધા દોષોનાં લક્ષણ અને પીડા થાય છે તથા તેમાં મૂત્ર અને મળના સરખી બદબુ આવે છે, તેને **મલાભ** કહે છે.)

(સ્ત્રીઓનો આર્તવ રોગ.)

अथ स्त्रीरोगनामानि प्रोच्यंते पूर्वशास्त्रतः ।
अष्टावार्तवदोषाः स्युर्वातपित्तकफैस्त्रिधा ॥ ७४ ॥
पूयाभं कुणपं ग्रंथिक्षीणं मलसमं तथा ।

આર્તવ—રોગ આઠ પ્રકારનો છે-એટલે કે—વાતજ, પિત્તજ, કફજ, પૂયાભ, કુણપ, ગ્રંથિ, ક્ષીણ અને મલાભ એ આઠ પ્રકારનો છે.

(આર્તવ એટલે કે સ્ત્રીની યોનિ અંદરથી દર મહીને બિગાડવાળું લોહી નીકળે છે જેને અટકાવ રજોદર્શન-રજસ્વલાપણું-મંથલિકકોર્ષ વગેરે નામથી ઓળખવામાં આવે છે તેમાં પણ ૧૧૫ મા ટિપ્પણમાં બતાવ્યા મુજબજ વાતજ આર્તવદોષ, પિત્તજ આર્તવદોષ, કફજ આર્તવદોષ, રક્તજ આર્તવદોષ, દ્વંદ્વજ આર્તવદોષ, અને ત્રિદોષજનિત આર્તવદોષ વગેરે ૮ દોષ છે તે સહિત રજ થવાથી ગર્ભ ધારણ કરવાની મદદમાં તે નાલાયક થાય છે.)

(પ્રદર રોગ.)

तथा च रक्तप्रदरं चतुर्विधमुदाहृतम् ॥ ७५ ॥
वातपित्तकफैस्त्रेधा चतुर्थं सन्निपाततः ।

લોહીવાના ચાર ભેદ છે તે એ કે-વાતરક્તપ્રદર ૧, પિત્તરકત પ્રદર ૨, કફરકતપ્રદર ૩, અને સન્નિપાતરકતપ્રદર ૪ આ ચાર છે,

(વિરોધી ભોજન, વિરોધી વિહાર અને વિરોધી મદ્યપાન સેવનથી, તથા અજીર્ણથી, ગર્ભપાતથી, હદ ઉપરાંત રતિસમાગમનો આનંદ લેવાથી, દાબીને જમવાથી, ગજા ઉપરાંત ભાર ઉપલાડવાથી અને દિવસે નિંદ્રા લેવાથી-ઇત્યાદિ કારણોને લીધે સ્ત્રીઓનું રજ દુષ્ટ થઇને પ્રવાહ રૂપે નીકળ્યા કરે તેને રકતપ્રદર-લોહીવા કહે છે. તે પૈકી વાયુના પ્રદરમાં લૂખું લાલ-ફીણવાળું-માંસ ધોએલા પાણીના સરખું થોડું વહી તેમાં શૂળ વગેરે વાયુની પીડાઓ શામેલગિરી ધરાવે છે.

પિત્તપ્રદરમાં—કંઇક પીળું-નીલું-કાળું-લાલ-ગરમ પ્રવાહ વહે છે અને તેમાં દાહ ચમચમાટી પીડા તથા અત્યંત વેગ હોય છે.

કફપ્રદરમાં—કાચા રસ-આમયુક્ત, ચીકણું, કંઇક પીળું ધોયેલા માંસના પાણી સમાન પ્રવાહ વહે તેને શ્વેતપ્રદર વા સોમરોગ કહે છે.

ત્રિદોષજ પ્રદરમાં--મધ, ઘી, હરતાળ અને માંસપેસી સમાન રંગદાર તથા મડદા જેવી દુર્ગંધ સહ સ્રાવ થાય છે. આ અસાધ્ય છે.)

(યોનિ રોગ.)

विंशतिर्योनिरोगाः स्युर्वातपित्तकफादपि ॥
सन्निपाताश्च रक्ताश्च लोहितक्षयतस्तथा ।
शुष्का च वामिनी चैव षंढी चांतर्मुखी तथा ॥७७॥
सूचीमुखी विप्लुता च जातघ्नी च परिप्लुता ।
उपप्लुता प्राक्चरणा महायोनिश्च कर्णिका ॥ ७८ ॥
स्यान्नंदा चातिचरणा योनिरोगा इतीरिताः ।

યોનિરોગ વીશ જાતના છે તે એ કે—વાતજા, પિત્તજા, શ્લેષ્મજા, સન્નિપાતજા, રક્તજા, લોહિત ક્ષયા, શુષ્કા, વામિની, ષંઢિતા, અન્તર્મુખી, સૂચીમુખી, વિપ્લુતા, જાતઘ્ની, પરિપ્લુતા, ઉપપ્લુતા, પ્રાકચરણા, મહાયોનિ, કર્ણિની, નંદા અને અતિચરણા—આમ ૨૦ ભેદ છે.

(જે યોનિ, કઠોર સ્તબ્ધ બનીને શૂળ, ચૂંટયા જેવી વેદના સહિત હોય તે વાતજા યોનિ કહેવાય છે.

જે યોનિ, બળતરા, પાક, તાવ વગેરે પિત્તનાં લક્ષણોથી યુક્ત હોય અને તેમાંથી લીલું પીળું કાળું આર્તવ નીકળે તેને પિત્તજા યોનિ કહે છે.

જે યોનિ, ઘણીજ ટાઢી અને શીમળાના ગુંદ જેવી ચીકણી હોય તથા તેમાં ચળ આવે તેને શ્લેષ્મજા યોનિ કહે છે.

જે યોનિમાં, વાતપિત્તકફ એ ત્રણેનાં લક્ષણો હોય તેને સન્નિપાતજા કહે છે.

જે યોનિ સ્થાન ભ્રષ્ટ થાય અને બાળકને ઘણા કષ્ટથી પ્રસવે તેને રક્તજા તથા પ્રસ્રંસિની યોનિ કહે છે.

(જે યોનિનું અંગ બહાર નિકળી આવ્યું હોય છતાં રતિસંગ કરાવે તો તે યોનિ ગર્ભ ધારણ કરવામાં વા પ્રસવ કરવામાં નકામી છે.)

જે યોનિમાંથી બળતરા સહિત લોહી વહ્યા કરે તેને લોહિતક્ષયા યોનિ કહે છે.

જે યોનિમાં આર્તવ નષ્ટ થઇ ગયું હોય તેને શુષ્કા અથવા વંધ્યા કહે છે.

જે યોનિની અંદર રહેલો વાયુ દુષ્ટ થઇ છ સાત દિવસે ગર્ભાશયમાંના આર્તવ સાથ વીર્યને બહાર કહાડી દે છે તેને વામિનિ યોનિ કહે છે.

જે યોનિ બીજદોષના લીધે અટકાવથી રહિત હોય છે તે સ્ત્રીના સ્તન અત્યંત લઘુ રુપે હોય છે અને રતિવિલાસ વખતે યોનિનો ખરસઠ સ્પર્શ માલુમ પડે તેને ષંઢીયોની કહે છે. એવી સ્ત્રી પુરૂષનો સંભોગ ઇચ્છતી નથી વા અપ્રીતિવંત રહે છે:

જે સ્ત્રી અતિભોજન કરીને મૈથુન સમય વાંકી ચુંકી થઈ પડી રહે તેથી ખાધેલા ખોરાકથી પીડાયલો વાયુ યોનિની રગોમાં દાખલ થઇ અસ્થિ માંસ સાથે અંદરથી યોનિનું મ્હોં વાંકું કરી દે છે તે અંતર્મુખી યોનિ કહેવાય છે. અથવા તો મોટા શિશ્નવાળા પુરૂષનો તરૂણાવસ્થામાં દંપતીનો સમાગમ-સંભોગ થવાથી સ્ત્રીની યોનિ બહાર બેઉ તરફ અંડકોષની પેઠે માંસની બે ગાંઠો પેદા થાય તે અંતર્મુખી કહેવાય છે.

જે સ્ત્રીની યોનિનો માર્ગ અત્યંત સાંકડો હોય તેને સૂચિમુખી યોનિ કહે છે. આવી થવાનું કારણ તે સ્ત્રીની માતાએ ગર્ભાવસ્થામાં વાયડા પદાર્થ ખાવાનો વિશેષ શોખ રાખેલો તેથી ગર્ભમાં રહેલી બાલિકાની યોનિ અત્યંત (ગર્ભમાંજ) સંકોચાઇ જાય છે.

જે યોનિ સ્વચ્છ રીતે ન ધોવાતી હોય તે યોનિની અંદર કીડ પડે છે તે કીડને લીધે ચળ ચાલે છે તેથી સંયોગની ઇચ્છા થયાજ કરે છે તેને વિપ્લુતા યોનિ કહે છે.

જે યોનિ ગર્ભને ધારણ કરે છે તથાપિ અટકાવ આવવાને લીધે ગર્ભ મરી જાય છે તે યોનિને જાતઘ્ની કે પુત્રઘ્ની કહે છે.

પિત્તપ્રકોપવતી સ્ત્રી પુરૂષસંયોગ સમય છીંક કે ઓડકાર રોકે તેથી તે સ્ત્રીનો વાયુ પિત્ત સાથે શામિલ થઇ કોપીને સ્ત્રીની યોનિને દૂષિત કરે છે તેથી તે યોનિ સૂજી આવે છે, એટલુંજ નહિ પણ તે યોનિ કંઇપણ સ્પર્શ સહન કરી શકતી નથી તથા અંદર વેદના. અસ્માની તથા પીળા રંગના અટકાવનું આવવું, પેઢુ તથા પડખાંનું જડ થઇ જવું, અતિસાર, અન્નપર અભાવો, કમર ને સાંધાઓમાં વેદના તેમજ સોયો ધોંચ્યા જેવી પીડા થાય અને તાવ આવે છે .તે યોનિને પરિપ્લુતા કહે છે.

જે વાત કફ જન્ય રોગ થવાને લીધે વ્યાપ્ત થયેલી યોનિમાંથી

ધોળો ને ચીકણો અટકાવ (ઉપરના ભાગમાં મહા કષ્ટથી) વહેવા લાગે તેને **ઉપપ્લુતા** યોનિ કહે છે.

ઘણો મથુનનો ચાળો રાખનારી સ્ત્રીનો વાયુ કોપવાથી સાથળ, પેઢુ, વાંસો અને સાથળના મૂળમાં વેદના પેદા કરી યોનિને દૂષિત કરે છે જેથી માધવાચાર્ય તો કહે છે કે તે યોનિ પુરૂષ સંભોગ વખતે પુરૂષનું વીર્ય સ્ખલિત થયાં પ્રથમજ યોનિ સ્રવે છે તેને **પ્રાક્ચરણા** કહે છે.

કોપાયમાન થયેલો વાયુ યોનિના મુખ અને ગર્ભને રહેવાના સ્થાનને જડ કરી દે કે યોનિ બહાર ધસી આવે છે ને પહોળા મ્હોં વાળી બની રહે છે. તે યોનિની અંદર વાત યોનિની પેઠે વેદના થઇ માંસ ઉપસી આવેલા જેવું બને છે તેથી બહુજ પીડા થાય છે તેને **મહાયોનિ** અથવા વિવૃતા યોનિ કહે છે.

જે યોનિમાંથી સમય વગર કોપેલો વાયુ, કફ તથા રક્તની સાથે મળી જઈ યોનિ માંહેના રક્તમાર્ગને રોકનારી કમળની કળીના જેવી માંસની ફોલ્લીઓ પેદા કરી અટકાવ વહેવાના રસ્તાને રૂંધી દે છે તેને **કર્ણીકા** યોનિ કહે છે.

જે યોનિ અત્યંત મૈથુનથી પણ તૃપ્તિ ન પામે તે નંદાયોનિ.

પુરૂષનું વીર્ય અત્યંત મૈથુન કર્યા છતાં પણ પહેલું સ્ખલિત થઈ પછી સ્ત્રીનું રેત સ્ખલિત થાય છે તેને **અતિચરણા** યોનિ કહે છે.)

(યોનિકંદ રોગ.)

चतुर्विधं योनिकंदं वातपित्तकफैस्त्रिधा ॥ ७९ ॥
चतुर्थं सन्निपातेन

યોનિકંદ રોગ ચાર પ્રકારને છે—વાયુનો, પિત્તનો, કફનો અને સન્નિપાતનો એમ ૪ છે.

(યોનિકંદ રોગ દિવસે ઉંઘ લેનારી સ્ત્રી તથા અતિરિશાળ અતિ પરિશ્રમ વાળી—અત્યંત મૈથુનરસિક અને યોનિમાં ક્ષત પડવા વાળીને યોનિકંદ રોગ થાય છે. તે યોનિકંદ સંતરાના જેવા આકારનો રસીથી મિશ્ર માંસનો ગોળો હોય છે.

વાતયોનિકંદમાં—લૂખી, ખરાબ વર્ણની અને ચીરા પડેલી ગાંઠો યોનિની અંદર થાય છે.

પિત્તના યોનિકંદમાં—બળતરા કરનારી અને લાલાશવંત ગાંઠે યોનિની અંદર થવા સાથે તાવ આવે છે.

કફના યોનિકંદમાં--ચળ બહુ આવે છે અને નીલા રંગ યુક્ત હોય છે.

સંનિપાત યોનિકંદમાં—ત્રણે દોષોનાં લક્ષણો યુક્ત ઉપદ્રવો હોય છે.)

(ગર્ભજ રોગ,)

तथाष्टौ गर्भजा गदाः ॥ ८० ॥
उपविष्ठकगर्भः स्यात्तथा नागोदरः स्मृतः ।
मक्कल्लो मूढगर्भश्चविष्टंभो गूढगर्भकः ॥ ८१ ॥
जरायुदोषो गर्भस्य पातश्चाष्टमकः स्मृतः ॥

ગર્ભજ રોગના આઠ ભેદ છે એટલે કે-ઉપવિષ્ટક ગર્ભ ૧, નાગોદર, ૨, મકકલ્લ ૩, મૂઢગર્ભ ૪, વિષ્ટંભ ૫, ગૂઢ ગર્ભક ૬, જરાયુ દોષ ૭, અને ગર્ભપાત ૮ આ આઠ છે.

(ગર્ભ રહ્યા પછી જે સ્ત્રી ઉન્હા ઉન્હા અને વધારે તીખા બળતરા કરનારા પદાર્થો હદથી વિશેષ ખાય તે સ્ત્રીને તેવા પદાર્થોને લીધે શરીરમાં ગરમી વધી પડતાં યોનિમાર્ગથી બહુજ લોહી વહેવા લાગે છે અને એમ થવાથી ગર્ભ વધતો અટકી પડી પેટની અંદર સ્હેજ સાજ ફરતો રહે છે તથા સ્થિર થઇને બેસી શકતો નથી તે રોગને ઉપવિષ્ટક ગર્ભજ રોગ કહે છે.

શુક્ર, ધાતુ અને આર્તવ એઓનો સંયોગ થવા સમય વાયુ તે ગર્ભનો આકાર સાપના સરખો બનાવી દે છે તેને નાગોદર ગર્ભજ રોગ કહે છે. આવો ગર્ભ નિર્બળ થઈને પડી જાય છે કે અંદરજ નાશ પામે છે.

સ્ત્રીને પ્રસવ થવા પહેલાં અને પછી શૂળ નીકળવા લાગે છે તેના બે ભેદ છે તે પૈકી પહેલો ભેદ એ કે ગર્ભ હોવા છતાં જે શૂળ નીકળવા લાગે છે તેનો હેતુ એજ કે તે ગર્ભવંતીના મનમાં માનસિક વિકાર તથા આગંતુક દુઃખથી (મનમાં દુઃખ લાગી આવવાથી) વાયુ કુપિત થતાં પેઢુની બાજુમાં શૂળ નીકળી ગર્ભને મહાન્ પીડા આપી મારી નાંખે છે. બીજો ભેદ એ છે કે પ્રસવ થયા પછી

શૂળ નીકળવા લાગે છે તેમાં પોત પોતાના સબબોને લીધે સ્ત્રીના શરીરમાંનો કુપિત વાયુ પ્રસૂતાની યોનિમાંથી ગર્ભ સંબંધી લોહી ને માંસનાં ગીપટોનો તથા એવાજ બીજા પદાર્થોનો સ્ત્રાવ ચાલુ હોય તેને રોકી દઈ પેઢુની બાજુમાં બસ્તિની અંદર કે બસ્તિના માથા પર અર્થાત હૃદય-પેઢુ-માથું અને કુખમાં એક ગાંઠ પેદા કરી દે છે, તેથી પેટમાં શૂળ નીકળે છે, યોનિમાર્ગ સાંકડો બની રહે છે, હોજરી ફુલી જાય છે, મૂત્ર રોકાય છે અને ઉર્દ્ધ્વશ્વાસ થઇ આવી પ્રસૂતાના પ્રાણની હાણ કરે છે તેને મક્કલ્લ ગર્ભજ રોગ કહે છે.

ગર્ભાશયમાંનો વાયુ ગતિ રહિત બની ગર્ભને મૂઢ કરી દે છે. તથા યોનિમાં અને પેટમાં શૂળને જન્મ આપી મૂત્રને રોકી દે છે ગુણ વગરના બનેલા વાયુ વડે તે ગર્ભ વાંકો-ટેઢો થઈ ઘણી રીતિથી યોનિ બહાર આવે છે તેને **મૂઢગર્ભ** કહે છે, તેના આઠ ભેદ છે તે એ કે-કોઈ ગર્ભ, માથાની બાજુથી યોનિમાર્ગમાં આવી રોકાઇ જાય છે ૧ કોઈ ગર્ભ, પેટની બાજુથી યોનિદ્વારમાં આવી અટકી રહે. ૨ કોઇ ગર્ભ ખુંધો થઈ અટકી પડે છે. ૩ કોઇ ગર્ભ એક હાથથી બહાર આવતો જણાઇ યોનિના માર્ગને બંધ કરી દે છે. ૪, કોઇ ગર્ભ, બેઉ હાથોને યોનિમાંથી બહાર બતાવી યોનિમાર્ગને રૂંધી રાખે છે, ૫, કોઇ ગર્ભ, આડો પડી જવાથી યોનિદ્વારમાં આવી અટકે છે. ૬, કોઈ ગર્ભ, ગર્દન મરડાવાના લીધે મોઢેથી વાંકો થઇ રહેવાથી યોનિમાર્ગને રૂંધી લે છે. ૭ અને કોઇ ગર્ભ, પડખા ભર જઈ જવાથી યોનિદ્વારને રોકી દે છે. આમ આઠ પ્રકાર છે.

જે ગર્ભવતી સ્ત્રી સમય વગર ભોજન કરે અને તેમાં પણ લૂખા પદાર્થો વગેરેનો ઉપયોગ કરે એથી વાયુકોપી ગર્ભને ચૂસી લે છે. ગર્ભને પોષણ ન મળવાને લીધે તે સંકોચાઈ જાય છે તેથી હલકો થઇ જતાં તે વાયુપીડિત ગર્ભ છોડરૂપે બની રહે છે. તે સબબથી તેવા ગર્ભવાળી સ્ત્રીનું પેટ મોટું થતું નથી; કેમકે કુપિત વાયુ ગર્ભને વધવા-પુષ્ટ થવા દેતોજ નથી તેથી એટલોને એટલોજ રહે છે તેને **વિષ્ટંભ** ગર્ભ રોગ કહે છે. ગુજરાતી સાદી ભાષામાં આને છોડ કહે છે.

ગર્ભ રહીને વધે નહીં અને કંઈક સમય વીત્યા બાદ પેટમાંજ જીર્ણ થઇ જાય છે તેને **મૂઢ ગર્ભ** કહે છે.

ગર્ભાશયમાં ગર્ભને વિંટાવા માટે છે ઓર હોય છે તેના

દોષથી ગર્ભને વિકારવંત કરે છે તેને જરાયુ દોષ કહે છે.

માર વાગવાથી કે બેઢંગી રીતે બેઢંગા વાહન (કમાન વગ૰રની કમણી તથા પથરાના માર્ગમાં, ખાડાવાળા રસ્તામાં તેવી ગાડી દોડાવાથી કે ચલાવા) થી, અથવા કોઈ પણ જાતના વિષમ ભોજના૰દિથી ગર્ભને ઇજા આવતાં જેમ પાકેલું ફળ ઝાડની ડાળેથી માર-ધસારો લાગતાંજ તૂટી પડે તેમ તરત ગર્ભ પડી જાય છે. ચોથા મહીના સુધી ગર્ભ પાતળી દશામાં હોય છે તેથી તે મુદતમાં ગર્ભ ગળે તો તેને **ગર્ભસ્રાવ** કહે છે; કેમકે તે સ્રાવરૂપેજ હોય છે અને તે મુદત વીત્યા પછી તથા પાંચમા છ મહીના ઉપરાંત શરી૰રની રચના રચાયા પછી ગર્ભ ગળે તેને ગર્ભપાત કહે છે કેમકે તે ગર્ભ આકાર સાથ પડે છે.)

(સ્તન રોગ.)

पंचैव स्तनरोगाः स्युर्वातात्पित्तात्कफादपि ॥८२॥
सन्निपातात् क्षताश्चैव तथा स्तन्योद्भवा गदाः ॥
बालरोगेषु कथिताः ।

સ્તનરોગ પાંચ પ્રકારનો છે એટલે કે—વાતજ, પિત્તજ, કફજ, ત્રિદોષજ અને ક્ષતજ આ પાંચ છે. તેમજ ધાવણના સમયના વાતજ બાળસ્તન્ય રોગ, પિત્તજ બાલસ્તન્ય રોગ, કફજ બાલ સ્તન્ય રોગ, ત્રિદોષજ અને ક્ષતજ બાળ સ્તન્ય રોગ પણ હોય છે.

(સ્તન રોગ એને કહે છે કે-ગભવંતી કે પ્રસૂતા સ્ત્રીનાં દૂધ ભર્યાં કે દૂધ વગરનાં સ્તનોમાં વાતાદિ દોષ ઘુસી જઈ લોહી માંસના બિગાડાથી પાંચ જાતના સ્તન રોગને જન્મ આપે છે તે એ કે,-

વાયુ જન્ય સ્તન રોગમાં—સ્તન પર સોજો, સણકા અને ચૂંટી લેવા જેવી પીડા થાય છે.

પિત્ત જન્યમાં—તાવ બળતરા વગેરે સહિત પીડા થાય છે. આમાં પણ સોજો હોય છે.

કફ જન્યમાં—સોજા સાથે ગાંઠ થઈ આવી થોડી થોડી પણ પીડાકારી વેદના સાથ વલૂર આવે છે.

ત્રિદોષ જન્યમાં—ત્રણે દોષોનાં ચિન્હ થઈ પાકી ફુટી જાય છે.

માર—પ્રહાર વાગવાથી થનારા અભિઘાતજ સ્તન રોગમાં—

સોજો થઇ આવે છે, વ્રણ થાય છે ત્યારે વાતાદિનાં લક્ષણો જણાય છે. જો શરૂઆતમાંજ ઔષધોપચાર કરવામાં આવે તો તે તરત સોજો શાંત થઇ જાય છે. (બેઢંગી રીતે સ્તનમર્દનથી પણ આ રોગને ઉત્તેજન મળે છે.) આને ક્ષતજ સ્તનરોગ પણ કહે છે.)

(સ્ત્રી દોષ રોગ.)

स्त्रीदोषाश्च त्रयः स्मृताः ॥ ८३ ॥
अदक्षपुरुषोत्पन्नः सपत्नीविहितस्तथा ।
दैवाज्जातस्तृतीयस्तु

સ્ત્રીના સ્વાભાવિક સંતાપના ત્રણ રોગ છે. એટલે કે—અદક્ષ પુરૂષોત્પન્ન ૧, સપત્નિવિહિત અને દૈવજાત ૩ આ ત્રણ છે.

જે સ્ત્રીનો પતિ સ્ત્રીના કામદેવની શાંતિ ન કરી શકે, મૂર્ખ હોય કે વ્યવહારકુશલ ન હોય તેવા વેંગવળગેલા સરખા પતિના સહવાસથી સ્ત્રીનું હૈયું ધીખ્યા કરે છે અને તે સંતાપના કારણોથી દોષ કોપી જે રોગ થાય છે તેને **અદક્ષપુરૂષોત્પન્ન** સ્ત્રી રોગ કહે છે.

જે સ્ત્રીને શોકય હોય તેથી તેનો પતિ બીજી સ્ત્રી (પછી નવી કે જૂની) પર વિશેષ પ્યાર રાખે તેથી તેવી સ્ત્રીનું હૈયું હોળીની પેઠે રાત દિવસ સળગ્યા કરે તેના લીધે જે રોગ થાય છે તેને **સ-પત્નિ વિહિત** સ્ત્રીરોગ કહે છે.

જે સ્ત્રીના વ્હાલા પતિનું મરણ થાય અને તે પતિના શબ સાથે સતી થવા ઉમંગી બને છતાં કંઈ કારણના લીધે તેને સતી થવા ન દે તેથી કે શોક વગેરે ન કરવા દે તેથી તેનું મન ભીતરથી ભડકા વાળું બને છે અને તે સબબથી રોગ થાય છે તેને **દૈવિક** સ્ત્રીરોગ કહે છે.

(સુવા રોગ.)

तथा च सूतिकागदाः ॥ ८४ ॥
ज्वरादयश्चिकित्स्यास्ते यथादोषं यथाबलम् ।

સુતિકા રોગ (સુવાવડથી માંડી ૭ માસ લગી થનારા રોગ તે સુવા રોગ) થતાં તાવ, ખાંસી, સોજો, અતિસાર, અરૂચિ, બદહજમી. વગેરે અનેક રોગો થાય છે. તેમાં જે દોષ અધિક પ્રમાણમાં

જણાય તે દોષને શમાવવા તે સુવાવડીનું બળાબળ વિચારી ઔષધ પ્રયોગ કરવા.

(સ્ત્રી બાળકને જન્મ આપે ત્યારથી છેક પાછી અભડાય ત્યાં સુધી સુવાવડીમાંજ ગણાય છે અને તે મુદત દરમ્યાન તેને જે રોગ થાય તે સુવારોગના નામથીજ ઓળખાય છે. એ રોગ થવાનાં કારણો એ છે કે પ્રસૂતા સ્ત્રીને અયોગ્ય--નાલાયક ઉપચારોથી, કલેશ, થવાથી, વિષમ આસને બેસવાથી, અજીર્ણ થવાથી અને એવાંજ બીજાં કારણોથી **સુવારોગ** થઇ આવે છે.

સાધારણ સુવારોગમાં સ્ત્રીને વારંવાર દસ્ત લાગવા- અપચો રહેવો-સોજા કે થોથર આવવી તોડ થવો-તાવ આવવો-કંપારો-પાણીનો શોષ-શરીરમાં જડતા અને પેટમાં શૂળ એ ઉપદ્રવો થાય છે.

કષ્ટસાધ્ય સુવારોગમાં-ભયંકર સુવારોગવાળીનું માંશ બળ અને જઠરા મંદ થઇ જાય ત્યારે તે કષ્ટવડે કરીને સારી થાય છે.

ભયંકર સુવારોગમાં તાવ-ઘેન-અતિસાર-સોજો-શૂળ-અરુચિ-મોળ વછુટવી-અને ચિત્તમાં બેચેનીનો વધારો વગેરે વગેરે રોગો કફવાત પ્રકોપથી થાય છે.

સુવારોગમાં ગમે તે એક રોગ મુખ્યપણે પેદા થઇ બીજા રોગ ઉપદ્રવ રૂપે મદદગાર રહે છે માટે મુખ્ય રોગો દબાવા સાથે મદદગારોને પણ નિર્મૂળ કરવા એ પણ અવશ્યનું કાર્ય છે.)

(બાળકને થનારા રોગ.)

द्वाविंशतिर्बालरोगास्तेषु क्षीरभवास्त्रयः ॥ ८५ ॥
वातात्पित्तात्कफाच्चैव दंतोद्भेदश्चतुर्थकः ।
दंतघातो दंतशब्दोऽकालदंतोऽहिपूतनं ॥ ८६ ॥
मुखपाको मुखस्रावो गुदपाकोपशीर्षके ।
पद्मारुणस्तालुकंटो विच्छिन्नं पारिगर्भिकः ॥ ८७ ॥
दौर्बल्यं गात्रशोषश्च शय्यामूत्रं कुकूणका ।
रोदनं चाजगल्लि स्यादिति द्वाविंशतिः स्मृतः ॥८८॥

બાળકને થનારા ૨૨ રોગ છે એટલે કે-બગડેલું ધાવણ ધાવવાથી વાતજ, પિત્તજ, કફજ એ ત્રણ રોગ પેદા થાય છે, તથા તે શિવાય દંતોદ્‌ભેદ ૪, દંતઘાત ૫, દંતશબ્દ ૬, અકાલદંત ૭,

અહિપૂતન ૮, મુખપાક ૯, મુખસ્રાવ ૧૦, ગુદપાક ૧૧, ઉપશિર્ષક ૧૨, પદ્માગ્રણુ ૧૩, તાલુકંટ ૧૪, વિચ્છિન્ન ૧૫, પારિગર્ભિક ૧૬, દૌર્બલ્ય ૧૭, ગાત્રશોષ ૧૮, શય્યામૂત્ર ૧૯, કુકૂણક ૨૦, રોદન ૨૧ અને અજગલ્લી ૨૨ આ બાવીશ છે.

(જે બાળક વાતદૂષિત ધાવણુ કે દૂધ પીએ છે તેને વાયુ સંબંધી દર્દ થાય છે. તેથી તેનો અવાજ ક્ષીણુ થઇ જાય છે. શરીર દુર્બળ બને છે અને મળ મૂત્ર અધોવાયુ રોકાઈ જાય છે. તેને **વાતજન્ય બાળવ્યાધિ** કહે છે.

જે બાળક પિત્તથી દૂષિત થયેલા દૂધને પીએ તેથી તેને પરશેવો આવે, પાતલા દસ્ત ઉતરે, કમળો જણાય અને બીજાં પણુ પિત્તનાં દર્દો (તરશ લાગવી, સર્વાંગમાં બળતરા વગેરે) થાય છે તેને **પિત્તજબાળ** રોગ કહે છે.

જે બાળક કફથી બગડેલા દૂધને પીએ છે તેથી તેની ઉંઘ વધે, શરીર ભારે રહે, સોજો જણાય, ઉલટી થયા કરે, ચળ આવે અને મ્હોંડેથી લાળ બહુ ગર્યા કરે છે તેને **કફજબાળ**રોગ કહે છે.

જે બાળકની પ્રથમ દાઢ-દાંત ફુટે છે તેને તાવ-દસ્તનો વધારો-ખાંસી-મસ્તકપીડા-ઉલટી અને અશક્તિ તથા આંખો આવવી વગેરે ઉપદ્રવ થાય છે તેને **દંતોદ્ભેદ** રોગ કહે છે.

જે બાળકના સાતમે આઠમે વર્ષે ધાવણુના દાંત પડી જાય છે તે વખતે તાવ વગેરે ઉપદ્રવો થાય છે તેને **દંતપાત** કહે છે.

જે બાળક ઉંઘમાં દાંત કચડે છે તેને **દંતશબ્દ** કહે છે.

જે બાળકના દાંત કુદરતી મુદત પહેલાં પડી જાય તેને **અકાળદંત** કહે છે.

જે બાળકની ગુદા અને મળમૂત્રના દાગ બરોબર ન ધુવે, અથવા સાંધાઓમાં પશીનો થવાથી અથવા ધોવાની કેડે રૂધિર કફથી મળ પેદા થાય ને તે પછી ખણુવાથી તરત ફોલ્લીઓ થઈ આવી તેમાંથી પાણી કે રસી ઝરે અને તે પછી એ બધા ઉપદ્રવને લીધે ભયંકર **અહિપૂતન** નામનો વ્યાધિ પેદા થાય છે. આ રોગ માતુ બગડેલું ધાવણુ ધાવવાથી પણુ થાય છે.

જે બાળકનું મ્હોં મંદ મંદ આવે તેને **મુખપાક** કહે છે.

જે બાળકના મ્હોંમાંથી લાળ પુષ્કળ ગળ્યા કરે તેને **મુખસ્રાવ** કહે છે.

જે બાળકની ગુદા પાકી આવે તેને **ગુદાપાક** રોગ કહે છે.

જે બાળકના કપાળમાં વ્રણ-ગુમડાં થાય અને તેમાં તાવ વગેરે થાય છે તેને **ઉપશીર્ષક** રોગ કહે છે.

જે બાળકના શરીરની અંદર ત્રિદોષ કોપથી મહાપદ્મ વિસર્પ-રતવા થાય છે તે બે જાતના હોય છે તે એ કે શીર્ષજ ૧ અને બસ્તિજ ૨ એ બે છે. તે પૈકી **શીર્ષજ**માં લમણાથી માંડી છાતી લગી મહાવેગથી દુ:ખ દે છે. તથા તેમાં મ્હોં અને તાળવાના બાહ્ય પ્રદેશમાં રાતા કમળ જેવા લાલ રતવાના ફોલ્લા થાય છે અને તે છાતીથી માંડી ગુદા સુધી વેગ સાથે દુ:ખ દે છે તેને **બસ્તિજ** કહે છે. તેમાં પણ બસ્તિ, ગુદા જે બાળકની રાતા કમળ જેવી થઇ રહે તેને **પદ્મારૂણ** કહે છે.

બાળકના તાળવામાં જે માંસ હોય છે તેના વડે કફ કોપવાથી તાળવામાં કાંટાના સરખા ખરસઠ કંટક થાય છે તેને **તાલુકંટક** કહે છે.

બાળકના તાળવામાં ચીરો કે ચાંદી પડવાથી ધાવવામાં કષ્ટ થાય તેથી દસ્ત પાતળા ઉતરે-તરશ બહુ લાગે-આંખો અને કંઠમાં વિકાર થાય, ડોક અડગ ન રહે તથા દૂધ ઓકી કહાડે તેને **વિચ્છજા** રોગ કહે છે.

ભારેવાઈ માનું કે ગર્ભવંતી સ્ત્રીનું ધાવણ ધાવવાથી બાળકને ઉધરસ-ઉલટી-ઘેન-અરૂચિ-દુબળાપણું-ભ્રમ અને પેટનું વધવું વગેરે ઉપદ્રવ લાગુ પડે છે તેને **પારિગર્ભિક**-પારેવાં લાગ્યાનો રોગ કહે છે.

જે દોષોના લીધે બાળકનું શરીર દુર્બળ થતું જાય તે રોગને **દૌર્બલ્ય** કહે છે.

જે દોષોથી બાળકનાં અંગો સુકાતાં જાય તે રોગને **ગાત્રશોષ** કહે છે.

જે બાળક વાતાદિ દોષકોપથી પથારીમાંજ પેશાબ (ઉંઘમાં) કરી દે તેને **શય્યામૂત્ર** રોગ કહે છે.

જે બાળકને દૂધના દોષથી નેત્રના ડોળામાં ફૂલું પડવાને લીધે ચળ અને પાણી આવ્યાજ કરે, તથા આંખોમાં પીઆ ચીપડા આવવાથી તે કપાળ નેત્ર અને નાકને રગડયા કરે, તડકા તેજ સામે

૨૦

નજર ન માંડી શકે અને નેત્ર ન ઉઘાડે તેને કુકૂણક રોગ કહે છે.

બાળક થોડું કે ઘણું પણ જ્યારે રોવા લાગે ત્યારે તેના રોવા ઉપરથી દર્દનું અનુમાન થાય તેને રોદન કહે છે.

બાળકને કફ વાયુના યોગથી ચીકણી, ચામડીના રંગ જેવા રંગની, ગાંઠ જેવી, પીડા રહિત તથા મગ જેવી જે ફોલ્લી થાય તેને અજગલ્લિકા કહે છે)

(બાળગ્રહરોગ.)

तथा बालग्रहाः ख्याता द्वादशैव मुनीश्वरैः
स्कंदग्रहो विशाखः स्यात्स्वग्रहश्च पितृग्रहः ॥ ८९ ॥
नैगमेयग्रहस्तद्वच्छकुनिः शीतपूतना ।
मुखमंडिनिका तद्वत्पूतना चांधपूतना ॥ ९० ॥
रेवती चैव सख्याता तथा स्याच्छुष्करेवती

બાળકને નડનારા બાર ગ્રહ રોગ છે-તે એ કે—સ્કંદ ગ્રહ, વિશાખા ગ્રહ, સ્વગ્રહ, પિતૃગ્રહ, નૈગમેય ગ્રહ, શકુનિ, શીતપૂતના, મુખમંડનિકા, પૂતના, અંધપૂતના, રેવતી અને શુષ્કરેવતી એ બાર ગ્રહ છે.

(સ્કંદ વગેરે બાર ગ્રહોથી પકડાયેલ બાળકનાં નીચે પ્રમાણે લક્ષણો હોય છે. અને તે ગ્રહોના વળગાડથી કોઇ વખત બાળક ક્ષણભરમાં વિહ્વળ થાય, ઝબકે ડરે, રૂવે, નખ દાંતોથી માતાને અને શરીરને વતરડે, ઉંચું જોયા કરે, દાંત કચડે, ચીસ પાડે, બગાસાં ખાય, ભમરો વાંકી કરે, હોઠ કરડે, વારંવાર મ્હોંમાંથી ફીણ લાવે, અને આમ થવાથી બાળક અત્યંત ક્ષીણ થાય, રાતમાં સુવે નહીં, દેહમાં સોજા જણાય, દસ્ત પાતળા ઉતરે અને ઘાંટો બેસી જાય છે. તથા તેના શરીરમાંથી રૂધિર માંસની વાસના આવ્યા કરે, જેટલું પહેલાં ધાવતો હોય તેટલું પછી ન ધાવે ન ખાય, એ લક્ષણો દ્રષ્ટિગોચર થાય છે. હવે બારે ગ્રહોનું જુદું જુદું કથન કહિયે છિયે.

સ્કંદગ્રહનો વળગાડ થયો હોય તો આંખમાંથી પાણી વહ્યા કરે, પરશેવો, એક બાજુના અંગનું ફરકવું, કાંપવું, અધમીચી આંખથી જોવું, મ્હોનું વાંકાંપણું, શરીરમાંથી લોહીના જેવા ગંધનું આવવું, દાંતનું કચડવું, અંગમાં શિથિલતા, ધાવવામાં અભાવો અને થોડું રોવું એટલાં લક્ષણો થાય છે.

વિશાખાગ્રહના વળગાડથી-તાવ અને ઉંચી નજરેથી જોવું વગેરે લક્ષણો થાય છે.

સ્કંદા પસ્મારના વળગાડથી-બાળક બેશુદ્ધ રહે, મ્હોંમાં ફીણ, સાવધતામાં રૂદન, ને શરીરમાંથી રસી મળેલા લોહી જેવી દુર્ગંધી આવે છે. આ ગ્રહને સ્વગ્રહ પણ કહે છે.

પિતૃગ્રહના વળગાડથી-તાવ, પરશેવો, બળતરા, વગેરે ઉપદ્રવો થાય છે.

નૈગમેય ગ્રહના દોષથી-ઉલટી, ધ્રુજારો, કંઠ મ્હોનું સુકાવું, મૂર્છા, બદબુ. ઉચું જોવું, દાંત કચડવા વગેરે લક્ષણો થાય છે.

શકુનિગ્રહની નડતરથી અંગ શિથિલ, ભયચકિત, પક્ષીના સમાન શરીરમાં વાસના, જખમમાંથી રસીનું વહેવું અને આખા શરીરમાં ફોલ્લા થવા પાકવા તથા તેમાં બળતરા થવી વગેરે ચિન્હો થાય છે.

શીતપૂતના ગ્રહની નડતરથી મ્હોંની કાંતિની ક્ષીણતા, નેત્ર વિકાર, શરીરમાંથી દુર્ગંધીનું આવવું અને ઉલટી દસ્ત થયા કરવાં વગેરે ચિન્હો જણાય છે.

મુખમંડનિકાગ્રહ દોષથી-મ્હોં તથા શરીરની કાંતિ સુંદર દેખાય, શરીરમાંથી મૂત્રના સરખી વાસના આવે અને શિરાથી બંધાયલ શરીર છતાં ઘણું ધાવે વા ઘણું ખાય છે.

પૂતનાગ્રહની પીડાથી-દસ્ત લાગે, તાવ આવે, તરશ લાગે વાંકી નજરથી જુવે, રૂવે, સુએ નહીં, વ્યાકુળ થાય અને શિથિલ પણ જણાય છે.

અંધપૂતના ગ્રહની બાધાથી-ઉલટી, ખાંસી, તાવ, તરશ, ચરબીના જેવી વાસના, ઘણું રોવું, ધાવણ ન ધાવવું અને અતિસાર વગેરે લક્ષણો જણાય છે.

રેવતીગ્રહની હરકતથી—શરીરમાં ચાંદાં-ફોલ્લા થઈ લોહીનું વહેવું, કાદવના જેવો ગંધ આવવો, દસ્ત થવા, તાવ આવવો અને બળતરા થવી એ લક્ષણો થાય છે.

શુષ્કરેવતી ગ્રહની પીડાથી, તાવ, શૂળ, અજીર્ણ, મસ્તકપીડા, મ્હો અને હૃદયનું શોષાવું વગેરે પીડા ભોગવે છે, એ ગ્રહો અમુક

દિવશે મહીને ને વર્ષે નડેછે તથા શું કરવાથી મટે છે તે માટે ચક્રદત્ત વા અમૃતસાગરમાં જોવું)

(બે પગોમાં થનારા રોગો.)

तथा चरणभेदास्तु वातरक्तादिकाश्च ये ॥ ९१ ॥
द्विचत्वारिंशदुक्तास्ते रोगेष्वेव मुनीश्वरैः ।

મુનીશ્વરોએ વાતરક્તપાદ, સુપ્તિપાદ, સ્તંભપાદ અને સ્ફૂટન પાદ વગેરે વગેરે પગનાજ ખાસ રોગ ૪૨ છે; તથાપિ આ ગ્રન્થ કર્ત્તા વાત અને હાથીપગાદિ રોગમાં તે કહી ગયેલ છે; પરંતુ તેણે જુદા ગણી બતાવ્યા નથી.

(સન્નિપાતાદિ રોગ.)

द्विषष्टिर्दोषभेदाः स्युः सन्निपातादिकाश्च ये ॥ ९२ ॥
तेऽपि रोगेषु गणिताः पृथक्प्रोक्ता न ते क्वचित् ।

વાતાદિ દોષોના સન્નિપાત વગેરે ૬૨ ભેદ છે તે ૠષિશ્વરોએ રોગોની અંદર ગણ્યા નથી-રોગોની અંદર ભેળશેળ ગણેલ છે; પરંતુ ક્યાંય અલગ ગણી બતાવ્યા નથી. ૯૨॥

(પાંચ કર્મોના વિપરીતપણાના રોગ.)

हीनमिथ्यातियोगानां भेदैः पंचदशोदिताः ॥ ९३ ॥
पंचकर्मभवा रोगा रोगेष्वेव प्रकीर्तिताः ।

વમન-ઉલટી, વિરેચન-જુલાબ, નિરૂહણબસ્તિ, અનુવાસન બસ્તિ અને નસ્ય-નાસ એ પાંચ કર્મો કે જેઓનું સવિસ્તર વર્ણન આ ગ્રંથના ઉત્તર-ત્રીજા ખંડમાં આપેલું છે તે પાંચ પૈકી દરેક કર્મના હીનયોગ, મિથ્યાયોગ અને અતિયોગથી એટલે કે એ ત્રણ ત્રણ ભેદથી ૧૫ પ્રકારના રોગો થાય છે અર્થાત્ વમન હીનયોગ ૧, વમન મિથ્યાયોગ અને વમન અતિયોગ, તેમજ વિરેચન હીનયોગ, વિરેચન મિથ્યાયોગ અને વિરેચન અતિયોગ તથા નિરૂહણબસ્તિહીન યોગ, નિરૂહણબસ્તિ મિથ્યાયોગ, અને નિરૂહણબસ્તિ અતિયોગ તેમજ અનુવાસનબસ્તિ હીનયોગ, અનુવાસનબસ્તિ મિથ્યાયોગ, અને અનુવાસનબસ્તિ અતિયોગ, અને નસ્યહીન યોગ, નસ્ય મિથ્યા યોગ તથા નસ્ય અતિયોગ એમ ૧૫ ભેદ છે.

(ઔષધો આપી ઉલટી કરાવવી તેને વમન પ્રયોગ કહે છે.

ઓષડો મારફતે દસ્ત લાવવા તેને વિરેચન પ્રયોગ કહે છે.

સ્નેહાદિ ઔષધોથી ગુદામાં પિચકારી મારવી તેને **નિરૂહણ-બસ્તિ** કહે છે.

અનુવાસનબસ્તિ પણ ઉપરની રીતને જ મળતી હોય છે.

ઓષડોનાં ચૂર્ણ રસ વગેરે નાકમાં નાખવાં તેને **નસ્ય** પ્રયોગ કહે છે.

કહેવાયલા પ્રમાણથી ઓછા તોલનો ઉપયોગ કરવો તેને **હીન યોગ** કહે છે.

માપ વગર ઉપયોગ કરવો તેને **મિથ્યાયોગ** કહે છે.

કહેલા તોલ-માપથી અધિક તોલ માપનો ઉપયોગ કરવો તેને **અતિયોગ** કહે છે.)

(સ્નેહપાનાદિના વિપરીતપણાથી થતા રોગ.)

स्नेहस्वेदौस्तथा धूमो गंडूषौंऽजनतर्पणे ॥ ९४ ॥
अष्टादशैतज्जाः पीडास्ताश्च रोगेषु लक्षिताः ॥

સ્નેહપાન ૧, સ્વેદવિધિ ૨, ધૂમપાન ૩, ગંડૂષ ૪, અંજન ૫, અને તર્પણ ૬ આ ૭ કર્મ કે જેઓનું વર્ણન ઉત્તરખંડમાં સવિસ્તર પણે કથેલ છે તે ૭ પૈકી દરેકના ત્રણ ત્રણ ભેદ ઉપર પ્રમાણે હીન યોગ, મિથ્યાયોગ અને અતિયોગ એમ મળી ૧૮ ભેદ થાય છે તે રોગ.

(તેલ ઘી વગેરે સ્નિગ્ધ પદાર્થો પીવાના યોગને **સ્નેહપાન** પ્રયોગ કહે છે.

શરીરમાં પસીનો લાવવાના વિધિને **સ્વેદવિધિ** કહે છે.

ચલમ, હોકા, બીડી વગેરેમાં ઓષડો ઘાલી પીવરાવવાના પ્રયોયોગને **ધૂમપાન** કહે છે.

કષાય અને રસ વગેરેના કોગળા કરાવવાના પ્રયોગને **ગંડૂષ વિધિ** કહે છે.

આંખમાં આંજવાના પ્રયોગને **અંજનવિધિ** કહે છે.

ઓષડો વગેરેથી ધાતુઓનો વધારો કરવાના પ્રયોગને **તર્પણ** કહે છે. તેમજ આંખોની તૃપ્તિ માટેના ઉપાયને પણ **તર્પણ** કહે છે.)

(ઉપદ્રવ રોગ.)

शीतोपद्रव एकः स्यादेकश्चोष्णोपतापकः ॥ ९५ ॥
शल्यामद्रव एकश्च क्षाराद्येकः स्मृतस्तथा ॥

હદથી વિશેષ ટાઢ કે શર્દી વિસ્તરવાથી માનવશરીરમાં રોગ થાય છે તેને શીતોપદ્રવ કહે છે. તેમજ ઘણા તાપના પડવાથી પણ તેમજ થાય તેને ઉષ્ણોપદ્રવ કહે છે. તથા શલ્ય એટલે નખ વાળ-પથરો-હાડકાં-શીગડાં અને લાકડાં વગેરે કોઈપણ પદાર્થ પેટમાં જવાથી ઉપદ્રવ થાય તે શલ્યોપદ્રવ અને ક્ષારોપદ્રવ એટલે કે સોમલ વગેરે ઝેરીખાર મૂર્ખ વૈદ્યના ખવરાવવાથી દર્દીના શરીરમાં ઉપદ્રવ કરે તે છે.

(સ્થાવર જંગમ ઝેર કેટલાં છે ?)

स्थावरं जंगमं चैव कृत्रिमं च त्रिधा विषं ॥ ९६ ॥
तेषां च कालकूटाद्यैर्नवधा स्थावरं विषं ॥
जंगमं बहुधा प्रोक्तं तत्र लूताभुजंगमाः ॥ ९७ ॥
वृश्चिका मूषिकाः कीटाः प्रत्येकं ते चतुर्विधाः ॥
दंष्ट्राविषं नखविषं बालशृंगास्थिभिस्तथा ॥ ९८ ॥
मूत्रात्पुरीषाच्छुक्राच्च दृष्टेर्निःश्वासतस्तथा ॥
लालायाः स्पर्शतस्तद्वत्तथा शंकाविषंमतं ॥ ९९ ॥
कृत्रिमं द्विविधं प्रोक्तं गरदूषीविभेदतः ॥

સ્થાવર ૧. જંગ ૨ અને કૃત્રિમ ૩ એમ ત્રણ પ્રકારનાં વિષ હોય છે, એટલે કે સ્થાવર વિષ ઝાડ પત્થર વગેરે સ્થિર પદાર્થોમાંથી પેદા થનારાં વિષ ૯ પ્રકારનાં છે એટલે કે-કાળકૂટ ૧, વછનાગ ૨, શૃંગક ૩, પ્રદીપક ૪, હાલાહલ ૫, બ્રહ્મપુત્ર ૬, હારિદ્ર ૭, સક્તુક ૮ અને સૌરાષ્ટિક ૯ આ નવ ભેદનાં છે. (મધ્યખંડમાં આ બધાં વિષોનું વર્ણન સવિસ્તર છે.) જંગમ વિષ ઘણી જાતનાં છે તોપણ લૂતા--માંકડીકુકડી વગેરે, તથા સર્પ, વીંછી, ઉંદર, ગરોળી, વગેરે વગેરે જનાવરોની લાલ, વિષ્ટા, મૂત્ર, નખ, દાત, દાઢ, વાળ, હાડ, શિંગડાં, ધાતુ, દષ્ટિ, શ્વાસ અને સ્પર્શમાં વિષ હોય છે. તે વાત પિત્ત કફ અને સન્નિપાત એમ ૪-૪ ભેદથી છે. તેમજ શંકા-વ્હેમ વિષ એ કે ઝેરી જીવ કરડયાની શંકા થતાં ઝેરનાં ચિન્હો જણાય તે.

અને કૃત્રિમ વિષ બે જાતનું છે-ગરવિષ અને દૂષીવિષ તે પૈકી ગરવિષ એ કહેવાય છે કે-વિવિધ પ્રાણીઓ, વિવિધ શરીર સંબંધી મળ, પરસ્પર વિરોધી ઔષધો, ભસ્મો અને અલ્પ વીર્યનું વિષ એઓના સંયોગથી ગરવિષ ઉત્પન્ન થાય છે. તથા દૂષીવિષ એ કે-જીનું થઇ ગયેલું, ઝેર નાશ કરનાર ઔષધ હતવીર્ય થયેલું, વર્ણુ વાયુ અને ઉષ્ણતા એઓથી શોષાયલું કિંવા જેઓની અંદર વિષનો જોઇયે તેટલો ગુણ નથી એવું આ ઝેર હોય છે.

(ધાતુ-ઉપધાતુ-ઉપવિષનાં ઝેર.)

सप्तधातुविषंज्ञेयं तथा सप्तोपधातुजम् ॥ १०० ॥
तथैवोपविषेभ्यश्च जातं सप्तविधं ततः ॥

સોના વગેરે સાત જાતની ધાતુઓ, હરતાલ વગેરે સાત ઉપધાતુઓ અને આકડા વગેરે સાત ઉપવિષો શોધ્યા વગર ખાવાથી તથા ધાતુ ઉપધાતુઓની કાચી ભસ્મો ખાવાથી ઝેરના સમાન ફળ આપે છે અર્થાત્ મહાપીડા કે મરણ આપે છે. (એઓનું સવિસ્તર વર્ણન મધ્યખંડમાં જુઓ.) ૧૦૦॥

(દુષ્ટ પાણીના ઝેરનો રોગ.)

दुष्टनीरविषं चैकं तथैकं दिग्धजं विषम् ॥ १०१ ॥

જે પાણીની અંદર કાદવ, સેવાળ, પાંદડાં, ઘાસ, જીવડાં વગેરે વગેરેનો સડો થવાથી તે પાણી ઝેરી બને છે અને તેમાં સ્નાન કરવામાં આવતાં કે પીવામાં આવતાં ઝેરના જેવી પીડા પ્રાપ્ત થાય છે. તેમજ ઝેર પાએલાં શસ્ત્રોના જખમથી પણ ઝેરની પીડા પ્રાપ્ત થાય છે તેને દગ્ધજ વિષ કહે છે. એ બેઉ વિષનો એક એક ભેદ છે.

(ચળ અને સોજો કરનારાં ઔષધો.)

कपिकच्छुभवा कंडूदुष्टनीरभवा तथा
तथा सूरणकंडूश्च शोथो भल्लातजस्तथा । ॥१०२॥

કૌવચની ફળી, સડેલું પાણી, જંગલી સૂરણ, (ગવારસીંગ અને કાંતરાજાતના જીવડા વગેરે વગેરે) શરીરે અડવાથી તરતજ ભયંકર ચળ ચાલે છે. તેમજ ભીલામાં તથા તેનું તેલ અડવાથી પણ સોજા સાથે ચળ આવે છે,

(મીણો–મદ કરનારાં ઔષધો)

मदश्चतुर्विधश्चान्याः पूगभंगाक्षकोद्रवैः ॥
चतुर्विधोऽन्य द्रव्याणां फलत्वङ्मूलपत्रजैः ॥१०३॥

સોપારી, ભાંગ, બહેડાંની મીંજ અને કોદરા આ ચાર ચીજ મીણો–મદ લાવનારાં છે અને એ ચારેમાંથી આગંતુક મદ પેદા થાય છે. તેમાં પણ કેટલાંક મદ ફળોમાંથી, કેટલાંક છાલમાંથી, કેટલાંક મૂળમાંથી અને કેટલાંક પાંદડાંમાંથી પેદા થાય છે.

(રોગ ગણત્રીનો ઉપસંહાર.)

इति प्रसिद्धा गणिता ये किलोपद्रवा भुवि ।
असंख्याश्चापरे धातुमूलजीवादिसंभवाः ॥१०४॥

इति श्रीदामोदरसूनुना शार्ङ्गधरेण विरचितायां संहितायां प्रथमखंडे रोगगणनाध्यायः सप्तमः ॥ ७ ॥

પૃથિવી પર રોગ રૂપે જાહેર જણાતા ઉપદ્રવોની ગણત્રી (મેં) શાર્ઙ્ગધરે કરી બતાવી. જો કે આ વિના બીજા વિવિધ જાતના ધાતુઓ, વિવિધ વનસ્પતિયો, વિવિધ પ્રાણિયોથી પેદા થનારા રોગો અપાર છે જેથી તેમની ગણત્રી થઈ શકે તેમ નથી. માટે તેમની ગણત્રી અનુમાન અનુભવ અને ગુરૂ ઉપદેશથી પ્રાપ્ત કરી લેવી.

ઇતિશ્રી દામોદર પુત્ર શારંગધરાચાર્ય વિરચિત શારંગધર સંહિતાના પૂર્વખંડ વિષે સાતમા અધ્યાયનું પૂર્ણચંદ્ર શર્મા કૃત ગુજરાતી ભાષાંતર સમાપ્ત થતાં સાથ પૂર્વખંડ સંપૂર્ણ થયો.

॥ इति प्रथमखंड समाप्तम् ॥



शार्ङ्गधर-संहिता.

(ગુજરાતી ભાષાન્તર સહિત)

મધ્ય-ખંડ.

અધ્યાય પહેલો.

(પાછળના ખંડમાં રોગોની ગણત્રી કરી હવે તે રોગોના શમન માટે ક્વાથાદિ ઔષધો પ્રકાશવાની જરૂર હોવાથી ગ્રંથ કર્ત્તા તે સંબંધી વર્ણન કરે છે.)

(ક્વાથ કેટલા પ્રકારના હોય છે?)

अथातः स्वरसः कल्कः क्वाथश्च हिमफांटकौ ॥
ज्ञेयाः कषायाः पंचैते लघवः स्युर्यथोत्तरम् ॥ १ ॥

સ્વરસ ૧, કલ્ક ૨, ક્વાથ ૩, હિમ ૪, અને ફાંટ ૫ એમ ક્વાથના પાંચ પ્રકાર-ભેદ છે. અને તે એક એકથી પાચન થવામાં હલકા છે; એટલે કે-સ્વરસથી કલ્ક, કલ્કથી ક્વાથ, ક્વાથથી હિમ અને હિમથી ફાંટ પચન થવામાં હલકો છે. ૧

(સ્વરસ એટલે શું?)

अहताात्तत्क्षणाकृष्टात् द्रव्यात्क्षुण्णात्समुद्धरेत् ।
वस्त्रनिष्पीडितो यः स रसः स्वरस उच्यते ॥ २ ॥

જીવ જંતુએ ન ડંકેલી, અગ્નિ જ્વાળા વડે ન દાઝેલી, ખરાબ હવાથી ન બગડેલી, ઘણા પાણીના ભેજથી વિકૃત ન થયેલી અને સ્મશાન-કબરસ્તાન-ખરાબ જમીનના સ્પર્શ વડે ગુણથી ભ્રષ્ટ ન થયેલી વનસ્પતિને (પ્રથમ દિવસ વિચાર પૂર્વક નોંતરી વિધિયુક્ત બીજે દિવસ) લાવી રોગનો નાશ કરવાની સબળ ભાવના પૂર્વક તેજ વખતે કચરી કપડામાં ઘાલી તેનો રસ નીચોવી લેવો, તેને અંગરસ-સ્વરસ કહેવામાં આવે છે. ૨

(સ્વરસનો બીજો વિધિ.)

कुडवं चूर्णितं द्रव्यं क्षिप्तं च द्विगुणे जले ।
अहोरात्रं स्थितं तस्मात् भवेद्वा रस उत्तमः ॥ ३ ॥

સોળ તોલા ભાર સૂકી ઔષધીને ખાંડી બમણા પાણીમાં પ-

લાળી ૮ પહોર પછી મસળી કપડા વડે તેનું પાણી ગળી લેવામાં આવે તેને પણ સ્વરસ કહે છે. ૩.

(સ્વરસનો ત્રીજો વિધિ.)

आदाय शुष्कद्रव्यं वा स्वरसानामसंभवे ।
जलेऽष्टगुणिते साध्ये पादशिष्टं च गृह्यते ॥ ४ ॥
स्वरसस्य गुरुत्वाच्च पलमर्धं प्रयुज्यते ।
निःशोषितं चाग्निसिद्धं पलमात्रं रसं पिवेत् ॥ ५ ॥

કદાચ લીલી વનસ્પતિ ન મળી શકે તો સુકાયલી વનસ્પતિને કુટી તેને (તેનાથી) આઠ ગણા પાણીમાં નાખી ઉકાળવી. જ્યારે ઉકળતાં ઉકળતાં ચોથા ભાગનું પાણી બાકી રહે ત્યારે તેને વસ્ત્રથી ગાળી લેવું એને પણ સ્વરસ કહેવાય છે. પ્રથમ કહેવાઈ ચુકયું છે કે સ્વરસ પાચન થવામાં ભારી છે, માટે તેને અર્દ્ધ પળ (બે તોલા) ભાર અને જે ઔષધિ રાતે ભીંજવી પ્રાત:કાળે ક્વાથ કરી રાખેલ હોય તેને એક પળ (ચાર તોલા ભાર) સેવન કરવાથી ફાયદો છે.

(સ્વરસમાં ઓષડ નાખવાનું પ્રમાણ)

मधुश्वेतागुडक्षारान् जीरकं लवणं तथा ।
घृतं तैलं च चूर्णादीन् कोलमात्रान् रसे क्षिपेत् ॥६॥

મધ, ખાંડ, ગોળ, જવખાર, જીરૂં, સિંધાલૂણ, ઘી, તેલ અને ચૂર્ણ વગેરે સ્વરસમાં નાખવાની જરૂર હોય તો બે તોલા ભાર નાખવાં. (આ તોલ કહેવામાં આવે છે તે કાયમને માટે નથી; કેમકે અગ્નિજ્વાળા પ્રબળ પણે ફેલાઇ હોય છતાં તેને હોલવવા જરાક પાણી છાંટવામાં આવે, તથા ખેતીને જરૂર કરતાં વધારે પાણી પાવામાં આવે, તો તે બેઉ નકામાંજ છે, માટે મર્યાદાનેજ કેવળ વળગી ન રહેતાં રોગનું પ્રબળ વિશેષ હોય તો મર્યાદા કરતાં પણ વધારે દવા આપવી અને રોગનું જોર ઓછું હોય તો કહેલી મર્યાદા કરતાં પણ ઓછા પ્રમાણમાં દવા આપવી—અર્થાત્ દેશ-કાળ-વય-બળાબળ વગેરે ધ્યાનમાં રાખી દવાનો ઉપયોગ કરવો.) ૬

(પ્રમેહ ઉપર અમૃતાદિ સ્વરસ.)

अमृतायां रसः क्षौद्रयुक्तः सर्वप्रमेहजित् ।
हारिद्रचूर्णयुक्तो वा रसो धात्र्याः समाक्षिकः ॥ ७ ॥

ગળોનો સ્વરસ મધ મેળવીને પીવામાં આવે તો સઘળી જાતના

પરમાનો રોગ મટે છે. અથવા આમળાના સ્વરસની અંદર હળદરનું વસ્ત્રગાળ ચૂર્ણ નાખી મધ સહિત પીવામાં આવે તો સઘળા પ્રમેહ નષ્ટ થાય છે. ૭

(રક્તપિત્તાદિ ઊપર વાસકાદિ સ્વરસ.)

वासकस्वरसः पेयो मधुना रक्तपित्तजित् ।
ज्वरकासक्षयहरः कामलाश्लेष्मपित्तहा ॥ ८ ॥
त्रिफलाया रसः क्षौद्रयुक्तो दार्वीरसोथवा ।
निंबस्य वा गुडूच्या वा पीतो जयति कामलाम् ॥९॥

અરડૂસાના સ્વરસમાં મધ મેળવી પીવાથી તાવ, ઉધરસ અને ક્ષય રોગ નાશ પામે છે. અથવા હરડાં-બહેડાં-આમળાં (ત્રિફળા), દારૂહળદર, લીંબડાની અંતર છાલ અને ગળો એઓમાંથી ગમે તેનો સ્વરસ મધ સહિત પીવામાં આવે તો કમળાનો રોગ નાશ પામે છે.

(વિષમજ્વર ઊપર તુળસી તથા દ્રોણપુષ્પીનો સ્વરસ.)

पीतो मरीचचूर्णेन तुलसीपत्रजो रसः ।
द्रोणपुष्पीरसो वापि निहंति विषमज्वरान् ॥ १० ॥

તુળસીના પાંદડાનો સ્વરસ અથવા કૂબાનો સ્વરસ લઈ તેમાં કાળાં મરીનું ચૂર્ણ નાખી પીવામાં આવે તો વિષમ જ્વરનો નાશ થાય છે. ૧૦

(રક્તાતિસાર ઊપર જમ્બ્વાદિ સ્વરસ.)

जांब्वाम्रामलकीनां च पल्लवोत्थो रसो जयेत् ॥
मध्वाज्यक्षार संयुक्तो रक्तातिसार मुल्वणम् ॥ ११ ॥

જાબુડાનાં, આંબાનાં અને આમળીનાં પાંદડાંનો સ્વરસ કહાડી તેમાં મધ, ઘી, તથા દૂધ મેળવી પીવામાં આવે તો ભયંકર લોહીઠાણવાડો મટે છે. ૧૧

(સર્વાતિસાર ઊપર બાવળનાં પાંદડાંનો સ્વરસ.)

स्थूलबब्बूलिकापत्ररसः पानादृव्यपोहति ।
सर्वातिसारान् श्योनाककुटजत्वक्रसोऽथवा ॥ १२ ॥

કાંટા શિવાયના મોટા બાવળના પાંદડાંનો સ્વરસ અથવા સ્યો-

નાક (અરડુસા) નો સ્વરસ તથા કડાછાલનો સ્વરસ પીવાથી દરેક પ્રકારના અતિસાર નાશ થાય છે. ૧૨

(વૃષણુ વાયુ તથા શ્વાસ ઊપર આદાનો સ્વરસ.)

आर्द्रकस्वरसः क्षौद्रयुक्तो वृषणवातजित् ।
श्वासकासरुचीर्हंति प्रतिश्यायं व्यपोहति ॥ १३ ॥

આદાના રસમાં મધ મેળવી પીવાથી વૃષણુ વાયુ, શ્વાસ, અરૂચિ અને ઉધરસ તથાં સળેખમ મટે છે. ૧૩

(પડખાંના શૂળ ઊપર બીજોરાનો સ્વરસ)

बीजपूररसः पानान्मधुक्षारयुतो जयेत् ।
पार्श्वहृद्बस्तिशूलानिकोष्ठवायुं च दारुणम् ॥ १४ ॥

બીજોરાનો રસ, મધ જવખાર સાથે મેળવી પીવામાં આવે તો કુખનું શૂળ, હૃદય શૂળ, પેઢુનું શૂળ, અથવા ભયંકર કોઠામાંનો વાયુ દૂર થાય છે. ૧૪

(પિત્તશૂળ ઊપર શતાવર અને બરોળ ઉપર કુંવરનો સ્વરસ.)

शतावर्याश्च मधुना पित्तशूलहरो मतः ।
निशाचूर्णयुतः कन्यारसः प्लीहापचीहरः ॥ १५ ॥

શતાવરીના સ્વરસમાં મધ મેળવી પીવાથી પિત્તશૂળ, કુંવાર પાઠાના સ્વરસ સાથે હળદર મેળવી પીવાથી, બરોળ તથા ગંડમાળાના ભેદ રૂપ અપચીનો રોગ નાશ થાય છે. ૧૫

(ગંડમાળા ઊપર બોરીયાકલારનો સ્વરસ.)

अलंबुषायाः स्वरसः पीतो द्विपलमात्रया ।
अपचीगंडमालानां कामलायाश्च नाशनः ॥ १६ ॥
रसोमुंडरसः कोष्णो मरीचैरवधूलितः ।
जयेत्सप्तदिनाभ्यासात् सूर्यावर्तार्धभेदकौ ॥ १७ ॥

ગોરખમુંડી (બોરીયાકલાર) નો સ્વરસ બે પળ (ચાર તોલા) પીવાથી ગંડમાળા, અપચી અને કમળાનો વ્યાધિ નાશ થાય છે.

અથવા ગોરખમુંડીના રસને થોડો ગરમ કરી કાળાં મરીનું ચૂર્ણ મેળવી પીવાથી સૂર્યાવર્ત અને અર્ધાવભેદ (આધાશીશી) નો રોગ નાશ થાય છે. ૧૬-૧૭

(ઉન્માદાદિ વ્યાધિ ઉપર બ્રાહ્મીનો સ્વરસ.)

ब्राह्मीकूष्मांडषड्ग्रंथाशंखिनीस्वरसः पृथक् ।
मधुकुष्ठयुताः पीताः सर्वोन्मादापहारिणः ॥ १८ ॥

બ્રાહ્મી, ભૂરૂં કોળું, બાળવજ અને શંખાવળી તેનો જુદો જુદો સ્વરસ કહાડી તેની સાથે મધ અને ઉપલેટનું ચૂર્ણ મેળવી પીવામાં આવે તો તમામ જાતના ઉન્માદ રોગ મટે છે. ઉપર જણાવેલી ચીજો પૈકી કોઇ પણ એકનો ઉપયોગ કરવાથી ઉન્માદ નાશ પામે છે.

મદ રોગ (કેફ-મીણા) ઉપર કુષ્માંડક સ્વરસ)

कूष्मांडकस्य स्वरसो गुडेन सह योजितः ।
दुष्टकोद्रवसंजातं मदं पानाद्व्यपोहति ॥ १९ ॥

ભૂરા કોહોળાના રસને ગોળ સાથે મેળવી સેવન કરવાથી દુષ્ટ કોદ્રા ઇત્યાદિ મીણો લાવનારા ધાન્ય ફળનો મદ દૂર થાય છે. ૧૯

(વ્રણ રોગ ઉપર ગંગેટી (ગાંગેરૂકી) ના મૂળનો સ્વરસ.)

खड्गादिच्छिन्नगात्रस्य तत्कालं पूरितो व्रणः ।
गांगेरुकीमूलरसैर्जायते गतवेदनः ॥ २० ॥

તરવાર ઇત્યાદિ શસ્ત્રોથી પડેલા જખમને ગંગેટી મૂળના રસથી ભરી દેવામાં આવે તો ઘાની પીડા તરત મટી જાય છે. ૨૦.

(પુટપાક એટલે શું ?)

पुटपाकस्य कल्कस्य स्वरसो गृह्यते यतः ।
अतस्तु पुटपाकानां युक्तिरत्रोच्यते मया ॥ २१ ॥
पुटपाकस्य मात्रेयं लेपस्यांगारवर्णता ।
लेपं च द्व्यंगुलं स्थूलं कुर्याद्वांगुष्ठमात्रया ॥ २२ ॥
काश्मरीवटजंब्वादिपत्रैर्वेष्टनमुत्तमम् ।
पलमात्रं रसो ग्राह्यः कर्षमात्रं मधु क्षिपेत् ॥ २३ ॥
कल्कचूर्णद्रवाद्यास्तु देयाः स्वरसवद्बुधैः ।

• પુટપાકમાં વનસ્પતિની ચટણી કરી ત્યાર બાદ તેને પુટપાક કરી તેનો રસ કહાડવામાં આવતો હોવાથી તેના વિધિનો આજ સ્થાન ઉપર ઉલ્લેખ કરવામાં આવે છે.

લીલી વનસ્પતિને કચરી તેનો ગોળો બનાવી તેને શેવન, વડ અથવા જાંબુના પાંદડાંથી કવર કરી તેના ઉપર બે આંગળ જાડો અથવા અંગુષ્ટ પ્રમાણ (અંગુઠા જેટલું) માટીનું કવર કરી અડાયાં છાણાંની વચ્ચે ગોઠવી છાણાં સળગાવવાં.

જ્યારે ગોળો લાલ થઈ જાય ત્યારે બહાર કાઢી માટી આદિના કવરને દૂર કરી તેનો રસ નીચોવી લેવો. કદાચ તે વનસ્પતિ કઠોર હોય તો પાણીમાં અથવા વનસ્પતિને પીસવાનું હોય તેમાં પીસી ઉપર પ્રમાણે ક્રિયાથી રસ કાઢી લેવો. તે લેવાની માત્રા એક પલની સમજવી. જો તે રસમાં મધ નાખવું હોય તો અરધો પલ (બે તોલા) નાખવું. કલ્ક, ચૂર્ણ દૂધ આદિ જે પદાર્થો જેમ સ્વરસમાં મેળવવામાં આવે છે તે પ્રમાણે પુટપાકમાં પણ મેળવવામાં આવે છે. ૨૧-૨૩॥

(સર્વ અતિસાર ઊપર કુટજ પુટપાક.)

तत्कालाकृष्टकुटजत्वचं तंडुलवारिणा ॥ २४ ॥
पिष्टां चतुःपलमितां जंबुपल्लववेष्टितां ।
सूत्रेण बद्धां गोधूमपिष्टेनपरिवेष्टिताम् ॥ २५ ॥
लिप्तां च घनपंकेन गोमयैर्वह्निना दहेत् ।
अंगारवर्णां च मृदं दृष्ट्वा वह्नेः समुद्धरेत् ॥ २६ ॥
ततो रसं गृहीत्वा च शीतं क्षौद्रयुतं पिबेत् ।
जयेत्सर्वानतीसारान् दुस्तरान्सुचिरोत्थितान् ॥२७॥

તરતની આણેલી કડાછાલ ૧૬ તોલા ભાર લઈ તેને ચોખાના ધોવણ સાથે પીસી તેનો ગોળો બનાવી પછી તેની ઉપર જાબુડાનાં લીલાં પાંદડાં લપેટી સૂતરના તાંતણાથી બાંધી લેવો, અને તે ઉપર ઘઉંનો આટો લપેટી-ચોપડી તેના ઉપર જાડી માટીનો જાડો થર કરવો, ત્યાર બાદ અડાયાં છાણાંની વચ્ચે તે ગોળાને ગોઠવી છાણાં સળગાવી દેવાં. જ્યારે ગોળો લાલ થાય ત્યારે તેને બહાર કહાડી લઈ તે પરની માટી વગેરે દૂર કરવી, અને તે પછી સાફ કપડામાં રાખી રસ નીચોવી લઈ ઠંડો થયા પછી તેમાં અંદાજ સર મધ મેળવી પીવો જેથી લાંબા વખતથી પીડા આપતો અતિસારનો રોગ દૂર થાય છે. ૨૪-૨૭

(ચોખાનું ધોવણ એટલે શું?)

कंडितं तंडुलपलं जलेऽष्टगुणितं क्षिपेत् ।
भावयित्वा जलंग्राह्यं देयं सर्वत्र कर्मसु ॥ २८ ॥

ચાર તોલા વીણેલા અને ઝાટકેલા ચોખાઓમાં ૮ ગણું પાણી નાખી થોડી વાર પછી હાથેથી મસળી ચોખાને ધોઇ લેવા. તે ધોએલા પાણીને ચોખાનું ધોવણ કહેવાય છે. એવા ધોવણને દરેક કાર્યમાં લેવું. ૨૮

(અતિસાર ઉપર અરલુ પુટપાક.)

अरलूत्वक्कृतश्चैव पुटपाकोऽग्निदीपनः ।
मधुमोचरसाभ्यां च युक्तः सर्वातिसारजित् ॥ २९ ॥

અરલુત્વકની (અરડુસાની) લીલી છાલને તેજ વખતે ખાંડી તેનો ગોળો બનાવી પૂર્વોક્ત વિધિ પૂર્વક પુટપાક આપી તેનો રસ કાઢી તેમાં મધ તથા મોચરસ અને શીમળાના ગુન્દના ભૂકા સાથે પીવાથી સર્વ પ્રકારના અતિસાર નાશ થાય છે. ૨૯

(અતિસાર ઉપર ન્યગ્રોધાદિ પુટપાક.)

न्यग्रोधादेश्च कल्केन पूरयद्गोरतित्तिरैः ।
निरंत्रमुदरं सम्यक् पुटपाकेन तत्पचेत् ॥ ३० ॥
तत्कल्कः स्वरसः क्षौद्रयुक्तः सर्वातिसारनुत् ।

વડ, પીપળો, ઉંબરો, પારસપીંપળો અને પીપર એ પાંચની છાલનું ચૂર્ણ કરી પાણીમાં પીસી તેનો કલ્ક બનાવી તેને ધોળા × × × × પેટમાં પૂર્વોક્ત રીતે તેનો પુટપાક કરી તેનો રસ નીચોવી મધ મેળવી પીધાથી સર્વ અતિસાર નાશ થાય છે. ૩૦॥

(અતિસાર ઉપર દાડમનો પુટપાક.)

पुटपाकेन विपचेत् सुपक्वं दाडिमीफलम् ॥ ३१ ॥
तद्रसो मधुसंयुक्तः सर्वातीसारनाशनः ।

પાકેલા દાડમને પુટપાકની રીત પ્રમાણે અગ્નિમાં તપાવી લાલ ગોળો થાય ત્યારે અગ્નિમાંથી કહાડી દાઢમને દાબી તેનો રસ નીચોવી લઈ તેમાં મધ મેળવી પીવાથી સર્વાતિસારનો નાશ થાય છે.૩૧॥

(ઉલટી ઉપર બીજોરાદિ પુટપાક.)

बीजपूराम्रजंबूनां पल्लवानि जटाः पृथक् ॥ ३२ ॥
विपचेत्पुटपाकेन क्षौद्रयुक्तश्च तद्रसः ।
छर्दिं निवारयेद्घोरां सर्वदोषसमुद्भवाम् ॥ ३३ ॥

બીજોરી, આંબો, અને જાંબુનાં લીલાં પાંદડાં અને જડ લાવી તેજ વખતે તેને કૂટી તેનો ગોળો બનાવી પૂર્વોક્ત વિધિથી પુટપાક આપી તેનો રસ નીચોવી તેની સાથે મધ મેળવી પીવાથી ઉલટી નાશ થાય છે. ૩૨-૩૩

(રક્તપિત્ત, શ્વાસ, જ્વર, અને ક્ષય રોગ ઉપર અરડુસાનો પુટપાક.)

पिष्टानां वृषपत्राणां पुटपाकरसो हिमः ।
मधुयुक्तो जयेद्रक्तपित्तकासज्वरक्षयान् ॥ ३४ ॥

અરડુસાનાં લીલાં પાંદડાં લાવી તેજ વખતે તેને કચરી તેનો ગોળો બનાવી પૂર્વોક્ત વિધિથી તેને પુટપાક આપી તેનો રસ નીચોવી કહાડી તેમાં મધ મેળવી પીવાથી રક્તપિત્ત, શ્વાસ, જ્વર અને ક્ષય રોગનો નાશ થાય છે. ૩૪.

(ખાંસી, શ્વાસ, દમ, હાંફણુ ઉપર ભોંયરીંગણીનો પુટપાક.)

पचेत्क्षुद्रां सपंचांगां पुटपाकेन तद्रसः ।
पिप्पलीचूर्ण संयुक्तः कासश्वासकफापहः ॥ ३५ ॥

ભોંયરીંગણીના આખા ઝાડને ફળ સહિત લાવી તેજ વખતે તેને કૂટી તેનો ગોળો બનાવી પુટપાકની વિધિથી પકવી પછી તેનો રસ નીચોવી લીન્ડીપીપરના ચૂર્ણ સાથે મિશ્ર કરી પીવાથી, ખાંસી, શ્વાસ, દમ, હાંફણુ ઇત્યાદિ રોગો નાશ થાય છે. ૩૫.

(શ્વાસ, ખાંસી, દમ, સળેખમ અને સ્વરભંગ ઉપર

બેહડાંનો પુટપાક.)

बिभीतकफलं किंचित् घृतेनाभ्यज्य लेपयेत् ।
गोधूमपिष्टेनांगारैर्विपचेत्पुटपाकवत् ॥ ३६ ।

ततः पक्वं समुद्धृत्य त्वचं तस्य मुखे क्षिपेत् ।
कासश्वासप्रतिश्यायस्वरभंगान्जयेत्ततः ॥ ३७ ॥

બહેડાંના ફળને ઘી ચોપડી તેને ઘઉંના લોટની બાટીમાં પુટ પાકની રીતિથી પકવી પછી તેની છાલ કહાડી નાખી ટુકડા કરી મોંઢામાં રાખવાથી શ્વાસ, ખાંસી, દમ, સળેખમ અને સ્વરભંગનો રોગ નાશ થાય છે. ૩૬–૩૭

(આમાતિસાર ઉપર શુંઠનો પુટ પાક.)

चूर्णं किंचित् घृताभ्यक्तं शुंठ्या एरंडजैर्दलैः ।
वेष्ठितं पुटपाकेन विपचेन्मंदवन्हिना ॥ ३८ ॥
तत उद्धृत्य तच्चूर्णं ग्राह्यं प्रातः सितासमम् ।
तेन यांति शमं पीडा आमातीसारसंभवाः ॥ ३९ ॥

શુંઠના ચૂર્ણમાં થોડું ઘી મેળવી તેનો ગોળો બનાવી તેને એરંડાના પાંદડામાં લપેટી તેના ઉપર સૂતરનો દોરો બાંધી માટીનું કવર કરવું. પછી તેને પુટપાકના વિધિથી પકવી ચૂર્ણ કહાડી તેમાં સાકર મેળવી ખાવાથી આમાતિસારનો નાશ થાય છે. ૩૮–૩૯

(આમાતિસાર ઉપર શુંઠનો પુટપાક બીજો.)

शुंठीकल्कं विनिक्षिप्य रसैरेरंडमूलजैः ।
विपचेत्पुटपाकेन तद्रसः क्षौद्रसंयुतः ॥ ४० ॥
आमवातसमुद्भूतां पीडां जयति दुस्तराम् ।

એરંડાના મૂળના રસમાં શુંઠના ચૂર્ણને મેળવી તેનો ગોળો બનાવી પુટપાકની રીતથી પકવી તેનો રસ કહાડી લેવો, પછી તેમાં મધ મેળવી પીવાથી આમાતિસાર દૂર થાય છે. ૪૦॥

(અર્ષ ઉપર સૂરણનો પુટપાક.)

सौरणं कंदमादाय पुटपाकेन पाचयेत् ॥ ४१ ॥
सतैलं लवणं तस्य रसश्चार्शोविकारनुत् ।

સૂરણના કંદને કૂટીને તેનો ગોળો બનાવી પુટપાકથી પકવી તેનો રસ નીચોવી લઈ તેમાં તલનું તેલ તથા સિંધાલૂણનું ચૂર્ણ મેળવી પીવાથી અર્ષનો વ્યાધિ મટે છે. ૪૧॥

(હૃદયશૂળ ઉપર મૃગશૃંગનો પુટપાક.)

शरावसंपुटे दग्धं श्रृंगं हरिणजं पिबेत् ॥४२॥
गव्येन सर्पिषा युक्तं हृच्छूलं नाशयेत् ध्रुवम् ।

इति श्रीदामोदरसूनुशार्ङ्गधरेण विरचितायां संहितायां
सूत्रस्थाने द्वितीयखंडे स्वरसादिकल्पना
प्रथमोऽध्यायः समाप्तः ॥ १ ॥

હરણના શિંગડાંના ટુકડા કરી તેને માટીના કોડિયામાં ભરી બીજું કોડિયું ઢાંકી કપડાં અને માટીનું પડ ચડાવી પુટપાક આપી, ભસ્મ બનાવી. તેની સાથે ગાયનું ઘી મેળવી ચાટવાથી હૃદયશૂળનો વ્યાધિ નાશ થાય છે. ૪૨॥

ઇતિશ્રી શારંગધર સંહિતાના મધ્ય ખંડના પ્રથમ અધ્યાયનું પૂર્ણચંદ્ર શર્માકૃત ગુજરાતી ભાષાંતર સમાપ્ત.

અધ્યાય બીજો.

(ક્વાથ અથવા ઉકાળો કરવાની રીત.)

पानीयं षोडशगुणं क्षुण्णेद्रव्यपले क्षिपेत् ।
मृत्पात्रेक्राथयेत् ग्राह्यमष्टमांशावशेषितम् ॥ १ ॥
तज्जलं पाययेद्धीमान् कोष्णंमृद्वग्निसाधितम् ।
शृतः क्राथः कषायश्च निर्य्यूहः स निगद्यते ॥ २ ॥
आहाररसपाके च संजाते द्विपलोन्मितम् ।
वृद्धवैद्योपदेशेन पिबेत्क्राथं सुपाचितम् ॥ ३ ॥

અર્ધ કચરી એક પલ (ચાર તોલા) ઔષધિને માટીના વાસણમાં તેનાથી સોળ ગણું પાણી નાખી ધીમા અગ્નિની આંચથી ઉકાળી જ્યારે આઠમો ભાગ શેષ રહે ત્યારે તેને નીચે ઉતારી ગળી

જરા ગરમ રહેતાં તે અનુભવિ વૈદ્યની સલાહ મુજબ ક્વાથનું સેવન કરવું. શૃત, ક્વાથ, કષાય અને નિર્વ્યૂહ એ ક્વાથના જ નામો છે. ૧–૩

(ક્વાથમાં સાકર તથા મધ મેળવવાનું પ્રમાણ)

क्वाथे क्षिपेत्सितामंशैश्चतुर्थाष्टमषोडशैः ।
वातपित्तकफातंके विपरीतं मधु स्मृतम् ॥ ४ ॥

વાતરોગવાળાને ક્વાથના પ્રમાણથી ચોથા ભાગે સાકર મેળવી પીવો. પિત્તરોગવાળાને આઠમા ભાગે, તથા કફવાળાને સોળમા ભાગે સાકર ક્વાથમાં મેળવી પીવો. વાતરોગ વાળાને ક્વાથમાં આઠમે હિસ્સે, કફવાળાને ચોથે, અને પિત્તવાળાને સોળમે હિસ્સે મધ ક્વાથ સાથે મેળવીને આપવું. ૪

(ક્વાથમાં જીરૂ ઈત્યાદિ કઠણ તથા દૂધ આદિ પ્રવાહી પદાર્થ મેળવવાનું પ્રમાણ.)

जीरकं गुग्गुलं क्षारं लवणं च शिलाजतु ।
हिंगु त्रिकटुकं चैव क्वाथे शाणोन्मितं क्षिपेत् ॥ ५ ॥
क्षीरं घृतं गुडं तैलं मूत्रं चान्यद्द्रवं तथा ।
कल्कं चूर्णादिकं क्वाथे निक्षिपेत्कर्षसंमितम् ॥ ६ ॥

જીરૂ, ગૂગળ, જવખાર, સિન્ધાલુણ, હીંગ, શિલાજીત, અને (ત્રિકટુ લીન્ડી પીપર, શુંઠ અને મરી) તેમાંથી કોઇ પણ વસ્તુ ક્વાથમાં મેળવવી હોય તો એક શાણ (એક ગદીયાણા) ના વજન જેટલી લેવી દૂધ, ઘી, તેલ, ગોળ, મૂત્ર અને બીજા પાતળા પદાર્થો, કલ્ક ચૂર્ણ, ઇત્યાદિ દરેક એક કર્ષ (બે તોલા) મેળવવાં. ૫–૬

(ક્વાથનું વાસણ ઉઘાડું રાખવાનું કારણ ?)

अपिधानमुखे पात्रे जलं दुर्जरतां व्रजेत् ।
तस्मादावरणं त्यक्त्वा क्वाथादीनां विनिश्चयः ॥ ७ ॥

ક્વાથ ઉકાળતી વખતે વાસણનું મોઢું બંધ ન કરવું; કારણ બંધ કરવાથી તેમાંની વરાળ બહાર ન નીકળવાથી ક્વાથ ભારે થઇ જાય છે માટે ક્વાથ ઉકળતી વખતે હમેશાં વાસણનું મુખ ખુલ્લું રાખવું. ૭

(સર્વ પ્રકારના જ્વર ઉપર ગુડૂચ્યાદિ ક્વાથ.).

गुडूचीधान्यकारिष्टपद्मकारक्तचंदनैः ।
गुडूच्यादिगणक्वाथः सर्वज्वरहरः स्मृतः ॥ ८ ॥
दीपनो दाहहल्लासतृष्णाछर्द्यरुचीर्जयेत् ।

ગળો, ધાણા, રતાંજલી, પદ્મકાષ્ટ અને લિમ્બડાની છાલનો વિધિપૂર્વક ક્વાથ કરી પીવાથી જઠરાગ્નિ પ્રદિપ્ત થતાં સર્વ પ્રકારના જ્વરોનો નાશ કરે છે, તેમજ વમન, દાહ તથા અરૂચી આદિ રોગોનો નાશ કરે છે. આ ક્વાથને ગુડૂચ્યાદિ ક્વાથ કહેવામાં આવેછે.

(સર્વ જાતના જ્વરો ઉપર નાગરાદિ વા શુંઠયાદિ ક્વાથ)

नागरं देवकाष्ठं च धान्यकं बृहतीद्वयम् ॥ ९ ॥
दद्यात्पाचनकं पूर्वं ज्वरितानां ज्वरापहम् ।

શુંઠ, ધાણા, દેવદાર, ભોંયરીંગણી અને મોટી ભોંયરીંગણી એ દરેક ઔષધિ સમાન વજનમાં લેવી અને તેનો ક્વાથ તૈયાર કરી જ્વરપાચન માટે આપવાથી દરેક જાતના જ્વરનો નાશ થાય છે. ૯॥

(આઠ પ્રકારના જ્વર ઉપર ક્ષુદ્રાદિ ક્વાથ.)

क्षुद्रा किराततिक्तं च शुण्ठी छिन्ना च पौष्करम् ॥ १० ॥
कषाय एषां शमयेत्पीतश्चाष्टविधं ज्वरम् ।

ગળો, કરિયાતું, ભોંયરીંગણી, કડુ, શુંઠ અને એરડાના મૂળ એ ૭ પ્રકારની ઔષધિનો ક્વાથ કરી પીવાથી આઠ પ્રકારના જ્વરો નાશ થાય છે. ૧૦॥

(વાતજ્વર ઉપર ગુડૂચ્યાદિ ક્વાથ.)

गुडूचीपिप्पलीमूलनागरैः पाचनं स्मृतम ॥ ११ ॥
दद्याद्वातज्वरे पूर्णलिङ्गे सप्तमवासरे ।

ગળો, પીપરીમૂળ અને શુંઠ એ ત્રણ ઔષધિનો ક્વાથ બનાવવો અને વાતજ્વર પૂરા રૂપમાં આવ્યા પછી સાતમે દિવસે આપવાથી વાતજ્વર નાશ થાય છે. ૧૧॥

(વાતજ્વર ઉપર શાલપર્ણ્યાદિ ક્વાથ.)

शालपर्णी बला रास्ना गुडूची सारिवा तथा ॥ १२ ।

आसां क्वाथं पिबेत्कोष्णं तीव्रवातज्वरच्छिदम् ।

શાલપર્ણી, ખરેટી (બળદાણા) નાં મૂળ, રાસ્ના, ગળો અને કપુરીમધુરી, એ પાંચ ઔષધિનો કવાથ થોડો ગરમ પીવાથી તીવ્ર વાતજ્વર નાશ થાય છે. ૧૨॥

(વાતજ્વર ઉપર કાશ્મર્યાદિ કવાથ.)

काश्मरीसारिवाद्राक्षात्रायमाणामृताभवः ॥ १३ ॥
कषायः सगुडः पीतो वातज्वरविनाशनः ।

શેવનનું મૂળ, ઉપલસરી, ત્રાયમાણુ, દ્રાખ, અને ગળો એ પાંચ વનસ્પતિના કવાથમાં ગોળ મેળવી પીવાથી વાતજ્વર દૂર થાય છે.

(પિત્તજ્વર ઉપર કટ્ફલાદિ કવાથ.)

कट्फलेंद्रयवापाठातिक्तामुस्तैः शृतंजलम् ॥ १४ ॥
पाचनं दशमेह्निस्यात्तीव्रपित्तज्वरे नृणाम् ।

કાયફળ, કાળીપાટ, કડુ, ઇન્દ્રજવ અને નાગમોથ એ પાંચે ઔષધિનો કવાથ કરી, પિત્તજ્વર આવ્યા પછી દશમે દિવસે આપવાથી પિત્તજ્વર નાશ થાય છે. ૧૪॥

(દાહ, તરશ, અને રક્તપિત્ત યુક્ત પિત્તજ્વર ઉપર
પર્પટાદિ કવાથ.)

पर्पटो वासकस्तिक्ता कैरातो धन्वयासकः ॥ १५ ॥
प्रियंगुश्च कृतः क्वाथ एषां शर्करया युतः
पिपासादाहपित्तास्रयुत पित्तज्वरं जयेत् ॥ १६ ॥

ખડસલિયો પિત્તપાપડો, અરડુસો, કડુ, કરિયાતું, ધમાસો, અને ફૂલ પ્રિયંગુ એટલી ઔષધિનો કવાથ કરી તેમાં સાકર મેળવી પીવાથી, દાહ, તરસ, અને રક્તપિત્ત યુક્ત પિત્તજ્વર નાશ થાયછે.

(પિત્તજ્વર, તૃષા, મૂર્છા, દાહ અને રક્તપિત્ત ઉપર દ્રાક્ષાદિ કવાથ.)

द्राक्षा हरीतकी मुस्तं कटुका कृतमालकः ।
पर्पटश्च कृतः क्वाथ एषां पित्तज्वरापहः ॥ १७ ॥
तृण्मूर्छादाहपित्तासृक्शमनो भेदनः स्मृतः ।

દ્રાક્ષ, હરડે, નાગરમોથ, કડુ, ગરમાળાનો ગોળ અને પિત્ત-

પાપડો એ છએ ઔષધિનો ક્વાથ બનાવી પીવાથી પિત્તજ્વર, તૃષા, મૂર્છા, દાહ અને રક્તપિત્તનું શમન થાય છે. તથા મળ શુદ્ધિ કરે છે.

(કફજ્વર ઉપર બીજપૂરાદિ પાચન.)

बीजपूरशिफापथ्यानागरग्रंथिकैः शृतम् ॥ १८ ॥
सक्षारपाचनं श्लेष्मज्वरे द्वादशवासरे ।

બીજોરાના વૃક્ષનું મૂળ, હરડે, શુંઠ અને પીપરી મૂળ, એ ચારે ઔષધિનો ક્વાથ બનાવી, કફજ્વર ચડયા પછી બારમે દિવસે ક્વાથ ની સાથે જવખાર, મેળવી આપવાથી કફજ્વર દૂર થાય છે. ૧૮॥

(કફજ્વર ઉપર ભૂનિમ્બાદિ ક્વાથ.)

भूनिंबनिंबपिप्पल्यः शठी शुंठी शतावरी ॥ १९ ॥
गुडूची बृहती चेति क्वाथो हन्यात्कफज्वरम् ।

કરિયાતું, લિંબડાની છાલ, લીંડીપીપર, કચૂરો, શુંઠ, શતાવરી, ગળો અને ભોંયરીંગણી એ આઠે ઔષધિનો ક્વાથ કરી પીવાથી કફજ્વર નાશ થાય છે. ૧૯॥

(કફજ્વર ઉપર પટોલાદિ ક્વાથ.)

पटोलत्रिफलातिक्ताशठीवासामृताभवः ॥ २० ॥
क्वाथो मधुयुतः पीतो हन्यात्कफकृतं ज्वरम् ॥

પટોલનાં પાંદડાં, હરડાં, બહેડાં, આંમળાં, કડુ, કચૂરો, અરડુસો અને ગળો એ સર્વ વનસ્પતિનો ક્વાથ બનાવો તેમાં મધ મેળવી પીવાથી કફ જ્વર નાશ થાય છે. ૨૦॥

(વાત પિત્ત યુક્ત જ્વર ઉપર પર્પટાદિ ક્વાથ.)

पर्पटाब्दामृताविश्वाकिरातैः साधितं जलम् ॥२१॥
पंचभद्रमिदं ज्ञेयं वातपित्तज्वरापहम् ।

પિત્તપાપડો, નાગરમોથ, ગળો, શુંઠ અને કરિયાતું એ પાંચ ઔષધોનો ક્વાથ કરી પીવાથી વાતપિત્તજ્વર નાશ પામે છે. આ ક્વાથને ‘ પંચભદ્ર ક્વાથ ” પણ કહેવામાં આવે છે. ૨૧॥

(વાતકફજ્વર ઉપર લઘુ ક્ષુદ્રાદિ ક્વાથ.)

क्षुद्राशुंठीगुडूचीनां कषायः पौष्करस्य च ॥ २२ ॥
कफवाताधिके पेयोज्वरे वापि त्रिदोषजे ।

कासश्वासारुचिकरे पार्श्वशूलविधायिनि ॥ २३ ॥

ભોંયરીંગણી, શુંઠ, ગળો અને એરંડાની જડ એ ચાર વસ્તુનો ક્વાથ પીવાથી વાતકફ જ્વરનો નાશ થાય છે તથા શ્વાસ, ખાંસી, અરૂચિ, અને પીઠશૂળ યુક્ત સન્નિપાત મટે છે. ૨૨—૨૩

(વાત કફજ્વર ઊપર આરગ્વધાદિ ક્વાથ.)

आरग्वधकणामूलमुस्तातिक्ताभयाकृतः ।
क्राथः शमयति क्षिप्रं ज्वरं वातकफोद्भवम् ॥ २४ ॥
आमशूलप्रशमनो भेदीदीपनपाचनः ।

ગરમાળાનો ગોળ, પીપરીમૂળ, નાગરમોથ, કડુ અને હરડે એ પાંચે ઔષધનો ક્વાથ બનાવી પીવાથી વાતકફજ્વર અને આમશૂળને મટાડે છે તથા મળશુદ્ધિ કરી પાચનશક્તિને તેજ કરે છે

(પિત્તશ્લેષ્મજ્વર ઊપર અમૃતાષ્ટક ક્વાથ.)

अमृतारिष्टकटुकामुस्तेंद्रयवनागरैः ॥ २५ ॥
पटोलचंदनाभ्यां च पिप्पलीचूर्णयुक् शृतः ॥
अमृताष्टकमेतच्च पित्तश्लेष्मज्वरापहम् ॥ २६ ॥
छर्द्यरोचकहृल्लासदाहतृष्णानिवारणम् ॥

ગળો, લીંબડાની છાલ, કડુ, નાગરમોથ, ઈન્દ્રજવ, શુંઠ, પટોલનાં પાંદડાં અને રતાંજલિ એ આઠ ઔષધિઓનો ક્વાથ કરી તેમાં લીંડીપીપરનું ચૂર્ણ મેળવી પીવાથી પિત્તકફજ્વર મટે છે તથા વમન અરૂચિ, હલ્લાસ, દાહ અને તરશને શાન્ત કરે છે. ૨૫--૨૬

(કફપિત્તજ્વર ઊપર પટોલાદિ ક્વાથ.)

पटोलं चंदनं मूर्वातिक्तापाठामृतागणः ॥ २७ ॥
पित्तश्लेष्मज्वरच्छर्दिदाहकंडूविषापहः ॥

પટોલપત્ર, રતાંજલિ, મૂર્વા (મોરવેલ) કડુ, કાળીપાટ અને ગળો એ ઔષધોનો ક્વાથ પીવાથી, પિત્તકફજ્વર, વમન, દાહ, ખુજલી ઈત્યાદિ રોગ મટે છે તથા વિષ ઉતારે છે. ૨૭ા

(સર્વ જ્વર ઊપર કંટકાર્યાદિ પાચન.)

कंटकारिद्वयं शुण्ठी धान्यकं सुरदारु च ॥ २८ ॥

एभिः शृतं पाचनं स्यात्सर्वज्वरविनाशनम् ॥

એઉ જાતની ભોંયરીંગણી, શુંઠ, ધાણા અને દેવદાર એ તમામ ઔષધોનો કવાથ બનાવી પીવાથી સર્વ જ્વર નાશ થાય છે અને પાચન કરે છે. ૨૮॥

(વાતકફ જ્વરાદિ ઊપર દશ મૂળાદિ કવાથ.)

शालिपर्णीपृष्टिपर्णीबृहतीद्वयगोक्षुरैः ॥ २९ ॥
बिल्वाग्निमंथ स्योनाककाश्मरी पाटलायुतैः ॥
दशमूलमिति ख्यातं क्वथितं तज्जलं पिबेत् ॥ ३० ॥
पिप्पलीचूर्णसंयुक्तां वातश्लेष्मज्वरापहम् ॥
सन्निपातज्वरहरं सूतिकादोषनाशनम् ॥ ३१ ॥
शोषशैत्यभ्रमस्वेदकासश्वासविकारनुत् ।
हृत्कंठग्रहपार्श्वार्तितंद्रामस्तकशूलहृत् ॥ ३२ ॥

શાલપરપોટી, પરપોટી, નાના ભોંયરીંગણી, મોટી ભોંયરીંગણી, ગોખરૂ, બીલી, અરણી, શ્યોનાક, (અરડુસો), શેવન અને પાડળ, આ દશ ઔષધિના મૂળનો કવાથ લીન્ડીપીપરના ચૂર્ણ સાથે મેળવી પીવાથી વાતકફજ્વર, સન્નિપાત જ્વર, પ્રસૂતિકા રોગ, શોષ, શૈત્ય, શ્વાસ, ખાંસી, ભ્રમ, હૃદગ્રહ, પાશ્વાર્તિ, તંદ્રા અને મસ્તકશૂળ વગેરે વ્યાધિઓનો નાશ થાય છે. ૨૯—૩૨

(ત્રિદોષ જ્વર ઊપર અભયાદિ કવાથ.)

अभयामुस्तधान्याकरक्तचंदनपद्मकैः ।
वासकेंद्रयवोशीरगुडूचीकृतमालकैः ॥ ३३ ॥
पाठानागरतिक्ताभिः पिप्पली चूर्णयुक् शृतम् ।
पिबेत् त्रिदोषज्वरजित् पिपासादाहकासनुत् ॥ ३४ ॥
प्रलापश्वासतंद्राघ्नं दीपनं पाचनं परं ।
विण्मूत्रानिलविष्टंभवमिशोषारुचिच्छिदम् ॥ ३५ ॥

હરડે, નાગરમોથ, ધાણા, રતાંજળી, પદ્માખ, (પદ્માકનું લાકડું) અરડુસો, ઇન્દ્રજવ, વાળો, ગળો, શુંઠ, કડુ, ગરમાળાનો ગોળ અને કાળીપાટ એ સર્વ ઔષધોનો કવાથ બનાવી તેમાં લીંડીપીપરનું ચૂર્ણ મેળવી પીવાથી, ત્રિદોષ જ્વર, તરસ, દાહ, ખાંસી, પ્રલાપ,

શ્વાસ, તંદ્રા ઇત્યાદિ રોગ નાશ થાય છે. તેમજ દીપન, પાચન કરે છે, મળ મૂત્ર, અધોવાયુનું ભેદન કરે છે. શોષ અને અરૂચિને મટાડે છે. ૩૩—૩૫.

(સન્નિપાત જ્વર ઊપર અષ્ટાદશાંગ ક્વાથ.)

किरातकटुकीमुस्ताधान्येंद्रयवनागरैः ।
दशमूल महादारुगजपिप्पलिकायुतैः ॥ ३६ ॥
कृतः कषायः पार्श्वार्तिं सन्निपातज्वरं जयेत् ।
कासश्वासवमीहिक्का तंद्राहृत्ग्रहनाशनः ॥ ३७ ॥

કરિયાતું, કડુ, નાગરમોથ, ધાણા, ઇન્દ્રજવ, શુંઠ, શાલપરપોટી, પરપોટી, બન્ને જાતની રીંગણી, ગોખરૂ, બીલી, અરણી, અરડુસો, શેવન, પાડળ, દેવદાર અને ગજપીપર એ તમામ વનસ્પતિનો ક્વાથ બનાવી પીવાથી પાર્શ્વશૂળ, અને સન્નિપાત જ્વરનો નાશ થાય છે. તેમજ શ્વાસ, ખાંસી, ઉલટી, હેડકી, તંદ્રા અને હૃદયશૂળને મટાડે છે. ૩૬–૩૭

(ખાંસી આદિ ઊપર કટફલાદિ ક્વાથ.)

कट्फलांबुदभार्गीभिर्धान्यरोहिषपर्पटैः ।
वचाहरीतकीशृंगीदेवदारुमहोषधैः ॥ ३८ ॥
क्वाथः कासं ज्वरं हंति श्वासश्लेष्मगलग्रहान् ।

કાયફળ, નાગરમોથ, ભારીંગ, ધાણા, કરિયાતું અથવા રોહિશનું ઘાસ, પિત્તપાપડો, વજ, હરડે, કાકડાશિંગી, દેવદાર અને શુંઠ એ અગિયાર વનસ્પતિનો ક્વાથ પીવાથી ખાંસી, જ્વર, કફ અને કંઠનું રૂંધન એ વ્યાધિઓનો નાશ કરે છે. ૩૮

(જીર્ણજ્વર તથા પિત્તજ્વર ઊપર ગુડૂચ્યાદિ તથા પર્પટાદિ ક્વાથ.)

क्वाथो जीर्णज्वरं हंति गुडूच्याः पिप्लीयुतः ॥ ३९ ॥
तथा पर्पटजः क्वाथः पित्तज्वरहरः परः ।

ગળોનો ક્વાથ બનાવી તેમાં લીંડી પીપરનું ચૂર્ણ મેળવી પીવાથી જીર્ણજ્વર નાશ થાય છે. અને પિત્તપાપડાનો ક્વાથ કરી તેમાં લીંડી પીપરનું ચૂર્ણ મેળવી પીવાથી પિત્તજ્વર નાશ પામે છે.

(રતાંજલિ, વાળો, શુંઠ તથા પિત્તપાપડો એ ચારે વનસ્પતિનો ક્વાથ બનાવી તેનું સેવન કરવાથી પિત્તજ્વર પણ મટે છે.) ૩૯.

(જીર્ણજ્વર, કાસ, શ્વાસ, અર્દિત વાયુ, સળેખમ, અરૂચિ સ્વરભંગ અને શૂળ ઉપર નિદિગ્ધિકાદિ ક્વાથ.)

निदिग्धिकामृताशुंठीकषायं पाययेद्भिषक् ॥ ४० ॥
पिप्पलीचूर्णसंयुक्तं श्वासकासार्दितापहम् ।
पीनसारुचिवैस्वर्यशूलाजीर्णज्वरच्छिदम् ॥ ४१ ॥

ભોંયરીંગણી, ગળો અને શુંઠ એ ત્રણે ઔષધના ક્વાથમાં લીંડી પીપરનું ચૂર્ણ મેળવી પીવાથી કાસ, શ્વાસ, અર્દિતવાયુ, સળેખમ, અરૂચિ, સ્વરભંગ અને શૂળ તથા જીર્ણજ્વર વગેરે રોગો નાશ થાય છે. ૪૦-૪૧

(પ્રસૂતિદોષ ઉપર દેવદાર્વાદિ ક્વાથ.)

देवदारुवचाकुष्ठं पिप्पलीविश्वभेषजम् ।
कट्फलं मुस्तभूनिंबतिक्तधान्याहरीतकी ॥ ४२ ॥
गजकृष्णा च दुःस्पर्शा गोक्षुरं धन्वयासकम् ।
बृहत्यतिविषाछिन्नाकर्कटा कृष्णजीरकम् ॥ ४३ ॥
क्वाथमष्टावशेषं तु प्रसूतां पाययेत्स्त्रियम् ।
शूलकासज्वरश्वास मूर्छाकंपशिरोर्तिजित् ॥ ४४ ॥

દેવદારૂ, વજ, ઉપલેટ, લીંડીપીપર, શુંઠ, કાયફળ, નાગરમોથ, કરિયાતું, કડુ, ધાણા, મોટી હરડે, ગજપીપર, લાલ ધમાસો, ગોખરૂ, ધમાસો, ઉભીરીંગણી, અતિવિષની કળી, ગળો, કાકડાશિંગી અને શાહજીરૂં, એ તમામ ઔષધિનો ક્વાથ બનાવવો અને આઠમો ભાગ પાણી બાકી રહે ત્યારે તેને નીચે ઉતારી ગાળીને પીવો જેથી પ્રસૂતિદોષ સંબંધી દરદો, તેમજ, શૂળ, ખાંસી, જ્વર, શ્વાસ, મૂર્છા કંપવાયુ અને મસ્તકશૂળ વગેરે દરદો નાબુદ થાય છે. ૪૨-૪૪

(શિતજ્વર ઉપર ક્ષુદ્રાદિ ક્વાથ.)

क्षुद्राधान्यकशुण्ठीभिर्गुडूचीमुस्तपद्मकैः ॥ ४५ ॥
रक्तचंदनभूनिंबपटोलवृषपौष्करैः ॥

कटुकेंद्रयवारिष्टभार्गीपर्पटकैः समैः ॥ ४६ ॥
क्वाथं मातर्निषेवेत सर्वशीतज्वरच्छिदम् ॥

ભોંયરીંગણી, ધાણા, શુંઠ, ગળો, નાગરમોથ, પદ્મકનું લાકડું, રતાંજલિ, કરિયાતું, પટોલનાં પાંદડાં, અરડૂશો, એરંડમૂળ, કડુ, ઇન્દ્રજવ, લિંબડાની છાલ, ભારિંગ અને પિત્તપાપડો, એ સોળે વનસ્પતિનો ક્વાથ બનાવી પ્રાતઃકાળમાં પીવાથી સર્વ શીતજ્વર દૂર થાય છે. ૪૫-૪૬

(વિષમ જ્વર ઊપર મુસ્તાદિ ક્વાથ.)

मुस्ताक्षुद्राऽमृताशुण्ठीधात्रीक्वाथः समाक्षिकः ॥ ४७ ॥
पिप्पलीचूर्णसंयुक्तो विषमज्वरनाशनः ॥

નાગરમોથ, ભોંયરીંગણી, ગળો, શુંઠ અને આમળાં એ પાંચે વનસ્પતિના ક્વાથમાં મધ અને લીંડી પીપરનું ચૂર્ણ મેળવી પીવાથી વિષમ જ્વર દૂર થાય છે-૪૭.

(ઐકાહિક જ્વર ઊપર પટોલાદિ ક્વાથ.)

पटोलत्रिफलानिंबद्राक्षाशम्याकवासकैः ॥ ४८ ॥
क्वाथः सितामधुयुतो जयेदैकाहिकं ज्वरम् ॥

પટોલનાં પાંદડાં, ત્રિફળા, લિંબડાની છાલ, કાળી દ્રાક્ષ, ગરમાળાનો ગોળ અને અરડૂશો એ સર્વ વનસ્પતિનો ક્વાથ બનાવી તેમાં મધ અને સાકર મેળવી પીવાથી ઐકાહિક જ્વર નાશ થાય છે. ૪૮.

(પટોલાદિ ક્વાથ બીજો.)

पटोलेंद्रयवादारुत्रिफलामुस्तगोस्तनैः ।
मधुकामृतवासानां क्वाथं क्षौद्रयुतं पिबेत्
संतते सतते चैव द्वितीयकतृतीयके ऐकाहिके वा विषमे
दाहपूर्वे नवज्वरे ॥ ५० ॥

પટોલનાં પાંદડાં, ઇન્દ્રજવ, દેવદારૂ, ત્રિફળા, નાગરમોથ, કાળી દ્રાક્ષ, જેઠીમધ, ગળો અને અરડુશો એ ઓષધિઓનો ક્વાથ બનાવી તેમાં મધ મેળવી પીવાથી સંતતજ્વર, સતતજ્વર, દ્વિતીય જ્વર, દાહયુક્ત અને નવ જ્વર વગેરે વ્યાધિનો નાશ કરે છે. ૪૯-૫૦

(તૃતીયજ્વર ઊપર ગુડૂચ્યાદિ ક્વાથ.)

गुडूचीधान्यमुस्ताभिश्चन्दनोशीरनागरैः ।
कृतं काथं पिबेत्क्षौद्रसितायुक्तं ज्वरातुरः ॥ ५१ ॥
तृतीयज्वरनाशाय तृष्णादाहनिवारणम्

ગળો, ધાણા, નાગરમોથ, રતાંજલિ, વાળો અને શુંઠ એ બધી ઓષધિના ક્વાથ સાથે મધ તથા સાકર મેળવી પીવાથી તરિયો તાવ દૂર થાય છે. ૫૧.

(ચોથિયા તાવ ઊપર દેવદાર્વાદિ ક્વાથ.)

देवदारु शिवा वासाशालिपर्णी महौषधैः ॥ ५२ ॥
धात्रीयुक्तं शृतं शीतं दद्यान्मधुसितायुतम् ॥
चातुर्थिकज्वरे श्वासे कासे मंदानले तथा ॥ ५३॥

દેવદારૂ, મોટી હરડે, અરડૂસો, શાલપર્ણી, શુંઠ અને આમળાં એ છએનો ક્વાથ બનાવી, ઠંડો થાય ત્યારે તેમાં મધ અને સાકર મેળવી પીવાથી ચોથિયો તાવ, ખાંસી, શ્વાસ ઈત્યાદિ નાશ કરે છે તથા અગ્નિને પ્રદીપ્ત કરે છે. ૫૨-૫૩

(જ્વરાતિસાર ઊપર ગડૂચ્યાદિ ક્વાથ.)

गुडूचीधान्यकोशीरशुंठीवालकपर्पटैः ।
बिल्वप्रतिविषापाठारक्तचंदनवत्सकैः ॥ ५४ ॥
किरातमुस्तेंद्रयवैः कथितं शिशिरं पिबेत् ।
सक्षौद्रं रक्तपित्तघ्नं ज्वरातीसारनाशनम् ॥ ५५ ॥

ગળો, ધાણા, વાળો, શુંઠ, નેત્રવાળો, પિત્તપાપડો, બીલી, અતિવિષની કળી, કાળીપાટ, રતાંજલિ, કડાછાલ, કરિયાતું, નાગરમોથ અને ઈન્દ્રજવ એ તમામ ઔષધિનો ક્વાથ બનાવી, ઠંડો પડે ત્યારે તેમાં મધ મેળવી પીવાથી રક્તપિત્ત અને જ્વરાતિસાર દૂર થાય છે. ૫૪-૫૫

(જ્વરાતિસાર ઊપર નાગરાદિ ક્વાથ.)

नागरं कुटजो मुस्तममृतातिविषा तथा ।
एभिः कृतं पिबेत्काथ ज्वरातीसारनाशनम् ॥ ५६ ॥

શુંઠ, કડાછાલ, નાગરમોથ, ગળો અને અતિવિષની કળી એ પાંચેનો ક્વાથ બનાવી પીવાથી જ્વરાતિસાર નાશ થાય છે. ૫૬

(આમશૂળ ઉપર ધાન્ય પંચક.)

धान्यवालकबिल्वाब्दनागरैः साधितं जलम् ।
आमशूलहरं ग्राहि दीपनं पाचनं परम् ॥ ५७ ॥

ધાણા, નેત્રવાળો, બીલી, નાગરમોથ અને શુંઠ એ પાંચેનો ક્વાથ બનાવી પીવાથી આમશૂળ દૂર કરી મળશુદ્ધિ કરે છે; તથા દીપન અને પાચન કરે છે. ૫૭

(દીપન, પાચન, ઉપર ધાન્યકાદિ ક્વાથ.)

धान्यनागरजः क्वाथः पाचनो दीपनस्तथा ।
एरंडमूलयुक्तश्च जयेदामानिलव्यथाम् ॥ ५८ ॥

ધાણા અને શુંઠ એ બન્નેનો ક્વાથ બનાવી પીવાથી દીપન તથા પાચન થાય છે, એ શિવાય બન્ને ઔષધોમાં એરંડમૂળ નાખી ક્વાથ બનાવી પીવાથી આમવાત દૂર થાય છે. ૫૮

(આમાતિસાર તથા રકતાતિસાર ઉપર વત્સકાદિ ક્વાથ.)

वत्सकातिविषाबिल्वमुस्तवालकजः शृतः ।
अतिसारं जयेत्सामं चिरजं रक्तशूलजित् ॥ ५९ ॥

કડાછાલ, અતિવિષની કળી, બીલી, નાગરમોથ અને વાળો એ પાંચેનો ક્વાથ બનાવી પીવાથી લાંબા વખતનો આમાતિસાર તથા શૂળ યુક્ત રકતાતિસાર નાશ થાય છે. ૫૯

(અતિસાર ઇત્યાદિ ઉપર કુટજાષ્ટક ક્વાથ.)

कुटजातिविषापाठाधातकीलोध्रमुस्तकैः ।
न्हीबेरदाडिमयुतैः कृतः क्वाथः समाक्षिकः ॥ ६० ॥
पेयो मोचरसेनैव कुटजाष्टकसंज्ञकः ।
अतीसारान् जयेद्दाहरक्तशूलामदुस्तरान् ॥ ६१ ॥

કડાછાલ, અતિવિષની કળી, કાલીપાટ, ધાવડીનાં ફુલ, લોદર, નાગરમોથ અને અનાર (દાડમ)ની છાલ એ સર્વ ઔષધિનો ક્વાથ બનાવી તેમાં મધ તથા મોચરસનું ચૂર્ણ મેળવી પીવાથી જે અતિસારમાં દાહ રકતશૂલ અને આમની પીડા થતી હોય તેવો ઘોર અતિસાર નાશ થાય છે. ૬૦-૬૧

(અતિસારાદિ રોગો ઊપર -હીબેરાદિ ક્વાથ.)

હ્રીવેરધાતकीलोध्रपाठालज्जालुवत्सकैः ।
धान्यकातिविषामुस्तगुडूचीबिल्वनागरैः ॥ ६२ ॥
कृतः कषायः शमयेदतिसारं चिरोत्थितम् ।
अरोचकामशूलास्रज्वरघ्नः पाचनः स्मृतः ॥ ६३ ॥

વાળો, ધાવડીનાં ફુલ, લોદર, કાળીપાટ, લજામણી, કડાછાલ, ધાણા, અતિવિષની કળી, નાગરમોથ, ગળો, બીલી અને શુંઠ એ સર્વનો ક્વાથ પીવાથી લાંબા વખતનો અતિસાર, અરૂચી, આમશૂળ, રૂધિરવિકાર અને જ્વર એટલા વ્યાધિ નાશ થાય છે, અને પાચન થાય છે. ૬૨–૬૩

(બાળકોના સર્વાતિસાર ઊપર ધાતક્યાદિ ક્વાથ.)

धातकीबिल्वलोध्राणि वालकं गजपिप्पली ॥
एभिः कृतं श्रृतं शीतं शिशुभ्यः क्षौद्रसंयुतम् ॥ ६४ ॥
प्रदद्यादवलेहं वा सर्वातीसारशांतये ॥

ધાવડીનાં ફુલ, બીલી, લોદર, વાળો અને ગજપીપર એ પાંચેનો ક્વાથ બનાવી જરા ઠંડો પડે એટલે તેમાં મધ મેળવી પાવાથી બાળકોના અતિસારાદિ દોષનો નાશ થાય છે. ૬૪

(સંગ્રહણી ઊપર શાલિપર્ણ્યાદિ ક્વાથ.)

शालपर्णी बला बिल्व धान्यशुंठीकृतः श्रृतः ॥६५ ॥
आध्मानशूलसहितां वातजां ग्रहणीं जयेत् ॥

શાલપર્ણી (સુવાસિત સમેરવો), બળદાણા, બીલી, ધાણા અને શુંઠ એ પાંચેનો ક્વાથ બનાવી પીવાથી પેટનું ફુલવું અને શૂળ યુક્ત વાતજન્ય સંગ્રહણીનો નાશ થાય છે. ૬૫॥

(આમ સંગ્રહણી ઊપર ચતુર્ભદ્રાદિ ક્વાથ.)

गुडूच्यतिविषाशुंठीमुस्तैः क्वाथः कृतो जयेत् ॥ ६६ ॥
आमानुषक्तां ग्रहणीं ग्राहीपाचनदीपनः ॥

ગળો, અતિવિષની કળી, શુંઠ, નાગરમોથ, એ ચારે ઔષધોના ક્વાથ બનાવી પીવાથી આમયુક્ત સંગ્રહણીનો નાશ કરે છે તથા દીપન અને પાચન કરે છે. ૬૬॥

(સર્વાતિસાર ઊપર ઈન્દ્રજવાદિ ક્વાથ.)

यवधान्यपटोलानां क्राथः सक्षौद्रशर्करः ॥ ६७ ॥
योज्यः सर्वातिसारेषु बिल्वाम्रास्थिभवस्तथा ।

ઈન્દ્રજવ, ધાણા અને પટોલનાં પાંદડાં એ ત્રણેનો ક્વાથ બનાવી તેની સાથે સાકર અને મધ મેળવી પીવાથી સર્વ પ્રકારના અતિસાર નાશ થાય છે. તેમજ કુણાં બીલાં અને આંબાની ગોટલીનો ક્વાથ બનાવી તેમાં મધ અને સાકર મેળવી પીવાથી ઉપરના દરદનો નાશ થાય છે. ૬૭।

(કૃમિરોગ ઊપર ત્રિફળાદિ ક્વાથ.)

त्रिफला देवदारुश्च मुस्तामूषककर्णिका ॥ ६८ ॥
शिग्रुरेतैः कृतः क्राथः पिप्पलीचूर्णसंयुतः ।
विडंगचूर्णयुक्तश्च कृमिघ्नः कृमिरोगहा ॥ ६९ ॥

ત્રિફળા, દેવદાર, નાગરમોથ અને સરગવાની છાલ એ બધા ઔષધોનો ક્વાથ બનાવી તેમાં લીંડીપીપર તથા વાવડિંગનું ચુર્ણ મેળવી પીવાથી કૃમિરોગ નાશ પામે છે. ૬૮-૬૯

(કમળા તથા પાંડુરોગ ઊપર ફલત્રિકાદિ ક્વાથ.)

फलत्रिकामृतातिक्तानिंबकैरातवासकैः ।
जयेन्मधुयुतः क्राथः कामलां पांडुतां तथा ॥ ७० ॥

ત્રિફળા, ગળો, કડાછાલ, લીમ્બડાની અંતર છાલ, કરિયાતું અને અરડુશો એ ઔષધોનો ક્વાથ બનાવી તેમાં મધ મેળવી પીવાથી કમળો અને પાંડુરોગ નાશ થાય છે. ૭૦

(પાંડુ, કાસ આદિ રોગો ઊપર પુનર્નવાદિક ક્વાથ.)

पुनर्नवाभयानिंबदार्वीतिक्तापटोलकैः ।
गुडूचीनागरयुतैः क्राथो गोमूत्रसंयुतः ॥ ७१ ॥
पांडुकासोदरंश्वासशूलसर्वांगशोथहा ।

સાટોડીનાં મૂળ, હરડે, લીંબડાની છાલ, દારૂહળદર, કડુ, પટોલનાં પાંદડાં, ગળો અને શુંઠ એ ઔષધોનો કાઢો બનાવી તેમાં ગૌમૂત્ર મેળવી પીવાથી, પાંડુરોગ, ખાંસી, પેટનો રોગ, શૂળ, શ્વાસ અને સર્વાંગ શોથ વગેરે દરદો નાશ થાય છે. ૭૧

(રક્તપિત્ત ઊપર વાસાદિ ક્વાથ.)

વાસાદ્રાક્षाभयाक्वाथः पीतः सक्षौद्रशर्करः ॥ ७२ ॥
निहंति रक्तपित्तार्तिश्वासकासान् सुदारुणान् ।

અરડુશી, દ્રાક્ષ, અને હરડે એનો ક્વાથ બનાવી તેમાં મધ તથા સાકર મેળવી પીવાથી, રક્તપિત્તની પીડા, શ્વાસ અને ખાંસી ભયંકર હોવા છતાં પણ નાશ થાય છે. ૭૨

(રક્તપિત્ત, ક્ષયાદિપર વાસક ક્વાથ.)

रक्तपित्तक्षयं कासं श्लेष्मपित्तज्वरं तथा ॥ ७३॥
केवलो वासकक्वाथः पीतः क्षौद्रेण नाशयेत् ।

માત્ર એકલા અરડુશાનો ક્વાથ બનાવી તેમાં મધ મેળવી પીવાથી રક્તપિત્ત, ક્ષય, ખાંસી, સળેખમ, પિત્તજ્વર આદિરોગોનો નાશ કરે છે. ૭૩

(જ્વર તથા ખાંસી ઊપર વાસાદિ ક્વાથ.)

वासाक्षुद्रामृताक्वाथः क्षौद्रेण ज्वरकासहा ॥ ७४ ॥

અરડુશી, ભોંયરીંગણી અને ગળો એ ત્રણેનો ક્વાથ બનાવી તેમાં મધ મેળવી પીવાથી જ્વર તથા ખાંસીનાં દરદો નાશ થાય છે. ૭૪

(શ્વાસ અને ખાંસી ઊપર ક્ષુદ્રાદિ ક્વાથ.)

कासघ्नः पिप्पलीचूर्णयुक्तः क्षुद्राशृतस्तथा ।
क्षुद्राकुलित्थवासाभिर्नागरेण च साधितः ॥ ७५ ॥
क्वाथः पौष्करचूर्णाढ्यः श्वासकासौ निवारयेत् ॥

ભોંયરીંગણીનો ક્વાથ બનાવી તેમાં લીંડીપીપરનું ચૂર્ણ મેળવી પીવાથી શ્વાસ તથા ખાંસીનો નાશ થાય છે. ૭૫

ભોંયરીંગણી, કળથી, અરડુશી અને શુંઠ એનો ક્વાથ બનાવી તેમાં પુષ્કરમૂળનું ચૂર્ણ મેળવી પીવાથી શ્વાસ ખાંસી આદિ વ્યાધી નાશ થાય છે. ૭૬

(હેડકી ઊપર રેણુકાદિ ક્વાથ.)

रेणुकापिप्पलीक्वाथो हिंगुकल्केन संयुतः ॥७६॥
पानादेव हि पंचापि हिक्का नाशयति क्षणात् ।

નગોડ અને લીંડી પીપરનો ક્વાથ બનાવી તેમાં હીંગનો કલ્ક મેળવી પીવાથી પાંચ પ્રકારની હેડકી નાશ થાય છે. ૭૭

(ત્રિદોષ જન્ય છર્દિના વ્યાધિ ઉપર બિલ્વાદિ અથવા ગુડૂચ્યાદિ ક્વાથ.)

बिल्वत्वचो गुडूच्या वा क्वाथः क्षौद्रेण संयुतः ॥७७॥
जयेत् त्रिदोषजां छर्दि पर्पटः पित्तजां तथा ः

બિલીની છાલનો અથવા ગળોનો ક્વાથ બનાવી તેમાં મધ નાખી પીવાથી સન્નિપાતની છર્દિ નાશ થાય છે તથા પિત્તપાપડાના ક્વાથમાં મધ મેળવી પીવાથી પિત્ત જન્ય છર્દિનો નાશ કરે છે.

(ગૃધ્રસીવાયુ ઉપર હિંગ્વાદિ ક્વાથ.)

हिंगुपुष्करचूर्णाढ्य दशमूलशृतो जयेत् ॥ ७८ ॥
गृध्रसीं केवलः क्वाथः शेफालीपत्रजस्तथा ।

દશ મૂળના ક્વાથમાં હીંગ તથા પુષ્કરમૂળનું ચૂર્ણ મેળવી પીવાથી ગૃધ્રસી નામનો વાયુ રોગ નાશ થાય છે. તેમજ નગોડના પાનના ક્વાથમાં હીંગ તથા પુષ્કરમૂળનું ચૂર્ણ મેળવી પીવાથી. ગૃધ્રસીવાયુ નાશ થાય છે.

(સર્વાંગ વાત ઉપર રાસ્નાદિ પંચ ક્વાથ.)

रास्नामृतामहादारुनागरैरंडजं शृतम् ॥ ७९ ॥
सप्तधातुगते वाते सामे सर्वांगजे पिबेत् ।

રાસ્ના, ગળો, દેવદારૂ, શુંઠ અને એરંડાના મૂળ એનો ક્વાથ પીવાથી સપ્તધાતુ ગત વાયુ, અને સર્વાંગવાયુનો નાશ થાય છે.

(વાતાદિ રોગ ઉપર રાસ્ના સપ્તક.

रास्नागोक्षुरकैरंडदेवदारुपुनर्नवा ॥ ८० ॥
गुडूच्यारग्वधश्चैव क्वाथ एषां विपाचयेत् ॥
शुंठीचूर्णेन संयुक्तं पिबेज्जंघाकटिग्रहे ॥ ८१ ॥
पार्श्वपृष्ठोरुपीडायामामवाते सुदुस्तरे ।

રાસ્તા, ગોખરૂ, એરંડાનુ મૂળ, દેવદારૂ, સાટોડી, ગળો અને ગરમાળાનો ગોળ એના ક્વાથ સાથે શુંઠનું ચૂર્ણ મેળવી પીવાથી જાંઘ, કેડનો વાયુ, પાર્શ્વશૂળવાયુ, પૃષ્ટશૂળવાયુ, ઉદરવાયુ અને ભયંકર આમવાયુનો નાશ કરે છે.

(સંપૂર્ણ વાયુ ઉપર મહારાસ્નાદિ ક્વાથ.)

रास्ना द्विगुणभागा स्यादेकभागास्तथा परे ॥ ८२ ॥
धन्वयासबलैरंडदेवदारुशठीवचाः ।
वासको नागरं पथ्या चव्यामुस्तापुनर्नवा ॥ ८३ ॥
गुडूची वृद्धदारुश्च शतपुष्पा च गोक्षुरः ॥
अश्वगंधाप्रतिविषा कृतमालः शतावरी ॥ ८४ ॥
कृष्णासहचरश्चैव धान्यकं बृहतीद्वयम् ।
एभिः कृतं पिबेत्क्काथं शुंठीचूर्णेन संयुतम् ॥ ८५ ॥
कृष्णाचूर्णेन वा योगराजगुग्गुलुनाथवा ।
अजमोदादिना वापि तैलेनैरंडजेन वा ॥ ८६ ॥
सर्वांगकंप कुब्जत्वे पक्षाघातेऽपबाहुके ।
गृध्रस्यामामवाते च श्लीपदे चापतानके ॥ ८७ ॥
अंत्रवृद्धौ तथाऽध्माने जंघाजानुगतेऽर्दिते ।
शुक्रामये मेढ्ररोगे वंध्यायोन्यामयेषु च ॥ ८८ ॥
महारास्नादिराख्यातो ब्रह्मणा गर्भकारणम् ।

રાસ્ના બે તોલા, તથા ધમાસો, ખરેટી, એરંડાનાં મૂળ, દેવદારૂ, કચૂરો, વજ, અરડૂશી, શુંઠ, હરડે, ચવક, નાગરમોથ, સાટોડીનું મૂળ, ગળો, વરધારો, વરિયાળી, ગોખરૂ આસગંધ, અતિવિષની કળી, ગરમાળાનો ગોળ, શતાવરી, લીંડીપીપર, અશેળીયો, ધાણા અને બેઉ જાતની રીંગણી, દરેક એક એક તોલો લઈ એ તમામ ઔષધોના ક્વાથમાં, શુંઠનું ચૂર્ણ, લીંડી પીપરનું ચૂર્ણ, યોગરાજ ગુગળ, અજમોદાદિચુર્ણ, અને અરંડીયું તે એ પાંચ અનુપાનોમાંથી જે માફક આવે તે મેળવી પીવાથી, સર્વાંગ કંપ, કુબ્જત્વ (કુબડાપણું) પક્ષઘાત, અપબાહુક, ગૃધ્રસી, આમવાયુ, શ્લીપદ, અપતાન વાયુ, અંડવૃદ્ધિ, આફરો, જાંઘની પીડા, શુક્રના દોષો, ગુહ્યેંદ્રિયના રોગ વંધ્યા રોગ, એ સર્વ રોગો નાશ કરે છે તથા ગર્ભસ્થાપન કરે છે એમ બ્રહ્માનું વચન છે. ૮૨-૮૮

(સ્તનાદિગત વાયુ ઉપર એરંડ સપ્તક.)

एरंडो बीजपूरश्च गोक्षुरो बृहतीद्वयम् ॥ ८९ ॥
अश्मभेदस्तथा विल्व एतन्मूलैः कृतः श्रृतः ।
एरंडतैलहिंग्वाढ्यः सयवक्षारसैंधवः ॥ ९० ॥
स्तनस्कंधकटीमेढ्रहृदयोत्थव्यथा जयेत् ।

એરંડ મૂળ, બીજોરાનું મૂળ, ગોખરૂ, બેઠી રીંગણી, ઊભી રીંગણી, લાકડીયો પાષાણભેદ અને બિલી એ ઔષધોના કવાથમાં એરંડિયું તેલ, શેકેલી હીંગ, જવખાર અને સૈંધાલૂણ મેળવી પીવાથી સ્તન, સ્કંધ, કમર, મેઢ્ર અને છાતી ઉપર થતી વાત પીડા નાશ થાય છે. ૮૯-૯૦

(વાતશૂળ ઉપર નાગરાદિ કવાથ.)

नागरैरंडजः क्वाथः क्वाथ इंद्रयवस्य च ॥ ९१ ॥
हिंगुसौवर्चलोपेतो वातशूलनिवारणः ।

શુઠ અને એરંડાનું મૂળ, એ બેઉના કવાથમાં શેકેલી હીંગ તથા સંચળ મેળવી પીવાથી અથવા ઇન્દ્રજવના કવાથમાં ઉપરનું અનુપાન મેળવી પીવાથી, વાયુ સબંધી સર્વ પીડા નાશ થાય છે. ૯૧.

(પિત્તશૂળ ઉપર ત્રિફળાદિ કવાથ.)

त्रिफलारग्वधक्वाथः शर्कराक्षौद्रसंयुतः ॥ ९२ ॥
रक्तपित्तहरो दाहपित्तशूलनिवारणः ।

ત્રિફળા અને ગરમાળાના ગોળના કવાથમાં સાકર અને મધ મેળવી પીવાથી રકતપિત્ત, દાહ અને પિત્તશૂળનો નાશ થાય છે. ૯૨.

(કફશૂળ ઉપર એરંડમૂળાદિ કવાથ.)

एरंडमूलं द्विपलं जलेऽष्टगुणिते पचेत् ॥ ९३ ॥
तत्क्वाथो यावशूकाढ्यः पार्श्वहृत्कफशूलहा ।

એરંડ મૂળ બે પલ (આઠ તોલા) લેઈ તેમાં આઠ પલ (૩૨ તોલા) પાણી નાખી કવાથ બનાવવો. પછી તેમાં જવખાર મેળવી પીવાથી પાર્શ્વશૂળ અને કફ શૂળનો નાશ થાય છે. ૯૩.

(હૃદ્રોગાદિ ઊપર દશ મૂલાદિ ક્વાથ.)

दशमूलकृतः क्वाथः सयवक्षारसैंधवः ॥ ९४ ॥
हृद्रोगगुल्मशूलार्तिकासंश्वासं च नाशयेत् ।

દશ મૂળનો કવાથ બનાવી તેમાં જવખાર અને સિંધાલૂણ મેળવી પીવાથી હૃદરોગ, ગોળો, શૂળ, શ્વાસ અને ખાંસી એ વ્યાધિઓનો નાશ થાય છે. ૯૪.

(મૂત્રકૃચ્છ્ર ઊપર હરિતક્યાદિ ક્વાથ.)

हरीतकीदुरालम्भाकृतमालकगोक्षुरै ॥ ९५ ॥
पाषाणभेदसहितैःक्वाथो माक्षिकसंयुतः ।
विबंधे मूत्रकृच्छ्रे च सदाहे सरुजे हितः ॥ ९६ ॥

હરડે, ગરમાળાનો ગોળ, ધમાસો, ગોખરૂ અને પાષાણભેદ એ પાંચેના કવાથમાં મધ મેળવી પીવાથી દાહ અને વાયુ યુક્ત મૂત્રકૃચ્છ્રનો નાશ કરે છે. ૯૫.

(મૂત્રઘાતાદિ ઊપર વીરતર્વાદિ ક્વાથ.)

वीरतरुर्वृक्षवंदाकाशाः सहचरत्रयम् ।
कुशद्वयंनलोगुंदावकपुष्पोग्निमंथकः ॥ ९७ ॥
मूर्वा पाषाणभेदश्च श्योनाको गोक्षुरस्तथा ।
अपामार्गश्च कमलं ब्राह्मी चेति गणो वरः ॥ ९८ ॥
वीरतर्वादिरित्युक्तः शर्कराश्मरिकृच्छ्रहा ।
मूत्राघातं वायुरोगान्नाशयेन्निखिलानपि ॥ ९९ ॥

અર્જુન (સાદડ)ની છાલ, અર્જુન વૃક્ષની ગાંઠ, કાસડો, કાળો, પીળો અને સફેદ અશોળિયો, બેઉ જાતના દર્ભ, દેવનલ, ઝીંઝવાનું ઘાસ, બકપુષ્પ, (શિવલિંગી), અરણીનું મૂળ, મોરવેલ, પાષાણભેદ અરડુસાનું મૂળ, ગોખરૂ, અંધાડો, કમળ અને બ્રાહ્મી એ તમામ ઔષધોના કવાથને વીરતર્વાદિ ક્વાથ કહે છે તે પીવાથી શર્કરા, પથરી મૂત્રકૃચ્છ્ર, મૂત્રાઘાત અને સર્વ પ્રકારના વાયુ રોગનો નાશ થાય છે. ૯૭—૯૯.

(પથરી શર્કરાદિ ઉપર એલાદિ ક્વાથ.)

एलामधुकगोकंटरेणुकैरंडवासकाः ।
कृष्णाश्मभेदसहितः क्वाथ एषां सुसाधितः ॥ १०० ॥
शिलाजतुयुतः पेयः शर्कराश्मरिकृच्छ्रहा ।

એલચી, જેઠીમધ, ગોખરૂ, રેણુકબીજ, એરંડાનું મૂળ, અરડુસો, લીંડીપીપર અને પાષાણભેદ એના ક્વાથ સાથે શિલાજીત મેળવી પીવાથી શર્કરા, પથરી અને મૂત્રકૃચ્છ્ર વગેરે રોગો નાશ થાય છે. ૧૦૦ ॥

(મૂત્રકૃચ્છ્ર તથા ઉષ્ણ વાયુ ઉપર સમૂલ ગોક્ષુરાદિ ક્વાથ.)

समूलगोक्षुरक्वाथः सितामाक्षिकसंयुतः ॥ १०१ ॥
नाशयेन्मूत्रकृच्छ्रातथा चोष्णसमीरणम् ।

મૂળ સહિત ગોખરૂના ઝાડને લાવી તેનો ક્વાથ બનાવી તેમાં સાકર તથા મધ મેળવી પીવાથી મૂત્રકૃચ્છ્ર તથા ઉષ્ણ વાયુ (ઉનવાનો રોગ) ઇત્યાદિ રોગો નાશ થાય છે. ॥ ૧ ॥

(પ્રમેહ ઉપર ત્રિફલાદિ ક્વાથ.)

वरादार्व्यब्ददारूणां क्वाथः क्षौद्रेण मेहहा ॥ १०२ ॥
वत्सकस्त्रिफला दार्वी मुस्तको बीजकस्तथा ।

ત્રિફળા, દારૂહલદર, નાગરમોથ અને દેવદાર તેના ક્વાથમાં મધ મેળવી પીવાથી પ્રમેહ નાશ થાય છે. કડા છાલ, ત્રિફળા, દારૂહળદર, નાગરમોથ અને બીજક તેના ક્વાથમાં મધ મેળવી પીવાથી પ્રમેહનો વ્યાધિ નાશ થાય છે. ૨.

(પ્રમેહ ઉપર ફલત્રિકાદિ ક્વાથ.)

फलत्रिकाब्ददार्वीणां विशालायाः शृतं पिबेत् ॥१०३॥
निशाकल्कयुतं सर्वप्रमेहं विनिवर्जयेत् ।

ત્રિફલા, દારૂહલદર, નાગરમોથ અને ઇન્દ્રવારૂણીના મૂળ એ ઔષધોના ક્વાથમાં હલદરનો કલ્ક મેળવી પીવાથી સર્વ પ્રકારના પ્રમેહ નાશ થાય છે. ૩.

(પ્રદર રોગ ઉપર દાર્વ્યાદિ ક્વાથ)

दार्वी रसांजनं मुस्तं भल्लातः श्रीफलं वृषः ॥ १०४ ॥

कैरातश्च पिबेदेषां क्वाथं शीतं समाक्षिकम् ।
जयेत्सशूलं प्रदरं पीतश्वेतासितारुणम् ॥ १०५ ॥

દારૂહલદર, રસવંતી, નાગરમોથ, ભિલામું, બિલી, અરડુસો, અને કરિયાતું એ ઔષધોનો કવાથ ઠંડો થયા પછી તેમાં મધ મેળવી પીવાથી શૂળ સહિત પીળો, સફેદ, કાળો અને લાલ રંગવાળો પ્રદર રોગ તરત નાશ પામે છે. ४-५

(વણાદિ દરદો ઉપર ન્યગ્રોધાદિ કવાથ.)

न्यग्रोधप्लक्षकोशाम्रवेतसो बदरी तुणिः ।
मधुयष्टी प्रियालुश्च लोध्रद्वयमुदुंबरः ॥ १०६ ॥
पिप्पलश्च मधूकश्च तथा पारिसपिप्पलः ।
सल्लकी तिंदुकी जंबुद्वयमाम्रतरुः शिवा ॥ १०७ ॥
कदंबककुभौ चैव भल्लातकफलानि च
न्यग्रोधादिगणक्वाथं यथालाभं च कारयेत् १०८॥
अयं क्वाथो महाग्राही व्रण्यो भग्नं च साधयेत् ।
योनिदोषहरो दाहमेदोमेहविषापहः ॥ १०९ ॥

વડ, પીપર અને અંબાડાની છાલ, નેતર, બોરડીની છાલ વેલિયા પીપળાની છાલ, જેઠીમધ, ચારોલી, લાલ લોધર, સફેદ લોધર, ઉમરાની છાલ, પીંપળો, મહુડો, પારસ પીપળો. સાલેડુ વૃક્ષ, ટીંમરૂ, નાના તથા મ્હોટા જાંબુની છાલ, આંબાની છાલ, ન્હાની હરડે, કદંબની છાલ, અર્જુન વૃક્ષની છાલ અને ભીલામું એ ઔષધોનો કવાથ પીવાથી મળાવષ્ટંભ યુક્ત વ્રણરોગ, અસ્થિભગ, યોનિદોષ, મેદ રોગ, પ્રમેહ અને વિષ દોષ એ નષ્ટ થાય છે. ૬ ૯

(મેદ રોગ ઉપર બિલ્વાદિ કવાથ.)

बिल्वोग्निमंथः श्योनाकः काश्मरीपाटला तथा ।
क्वाथ एषां जयेन्मेदोदोषं क्षौद्रेण संयुतः ॥ ११० ॥

બીલી, અરણી, અરડુસો, શીવન અને પાડળ એ ઔષધોના. કવાથમાં મધ મેળવી પીવાથી શરીરમાં મેદ બંધાઈ જે પીડા થાય છે તેનો નાશ કરે છે. ૧,

(મેદરોગ ઊપર ત્રિફળાદિ કવાથ.)

क्षौद्रेण त्रिफलाक्वाथः पीतो मेदोहरः स्मृतः ।
शीतीभूतं तथोष्णांबु मेदोहृत्क्षौद्रसंयुतम् ॥ १११ ॥

ત્રિફળાના કાઢામાં, મધ મેળવી પીવાથી, તથા ગરમ પાણી ઠંડું થાય ત્યારે તેમાં મધ મેળવી પીવાથી મેદરોગ નાશ થાય છે.

(ઉદર રોગ ઊપર ચવ્યાદિ કવાથં.)

चव्यचित्रकविश्वानां साधितो देवदारुणा ।
क्वाथस्त्रिवृच्चूर्णयुतो गोमूत्रेणोदरान् जयेत् ॥ ११२ ॥

ચવક, ચિત્રક, શુંઠ અને દેવદારૂ એ ઔષધોના કવાથમાં ગૌમૂત્ર તથા નસોતરનું ચૂર્ણ મેળવી પીવાથી ઉદરરોગનો નાશ થાય છે. ૧૨.

(શોથોદર રોગ ઊપર પુનર્નવાદિ કવાથ.)

पुनर्नवामृतादारुपथ्यानागरसाधितः ।
गोमूत्रगुग्गुलुयुतः क्वाथः शोथोदरापहः ॥ ११३ ॥

સાટોડીનાં મૂળ, ગળો, દેવદાર, હરડે અને શુંઠ એ ઔષધોનો કવાથ ગુગળ તથા ગૌમૂત્રની સાથે મેળવી પીવાથી સોજાવાળો ઉદર રોગ નાશ થાય છે.

(યકૃત પ્લીહા ઇત્યાદિ ઊપર પથ્યાદિ કવાથં.)

पथ्यारोहितकक्वाथं यवक्षारकणायुतम् ।
प्रातः पिबेत् यकृत्प्लीहगुल्मोदरनिवृत्तये ॥ ११४ ॥

હરડે અને રકતરોહીડો એ ઔષધોના કવાથમાં જવખાર અને લીંડીપીપરનું ચૂર્ણ મેળવી પીવાથી યકૃત, પ્લીહા અને ગુલ્મોદર નાશ થાય છે. ૧૪

(સોજા ઊપર પુનર્નવાદિ કવાથ.)

पुनर्नवा दारुनिशा निशाशुंठी हरीतकी ॥
गुडूची चित्रको भार्गीदेवदारुकृतः शृतः ॥ १५ ॥
पाणिपादोदरमुख प्राप्तशोफं निवारयेत् ॥

સાટોડીનાં મૂળ, દારૂહળદર, હળદર, શુંઠ, હરડે, ગળો, ચિત્રક,

સારિંગની છાલ અને દેવદારૂ એ ઔષધોનો ક્વાથ પીવાથી આખા શરીર ઉપરનો સોજો દૂર કરે છે. ૧૫

(વૃષણના સોજા ઊપર ત્રિફળાદિ ક્વાથ.)

फलत्रिकोद्भवं क्वाथं गोमूत्रेणैव पाययेत् ॥ १६ ॥
वातश्लेष्मकृतं हंति शोथं वृषणसंभवम् ।

ત્રિફળાના ક્વાથમાં ગૌમૂત્ર મેળવી પીવાથી વાતજન્ય વૃષણના સોજાને મટાડે છે. ૧૬

(અંત્રવૃદ્ધિપર રાસ્નાદિ ક્વાથ.)

रास्नामृताबलायष्टीगोकंटैरंडजः शृतः ॥ १८ ॥
एरंडतैलसंयुक्तो वृद्धिमंत्रोद्भवां जयेत् ॥

રાસ્ના, ગળો, ખરેંટીના મૂળ (બળદાણા) જેઠીમધ, ગોખરૂ, અને એરંડાનું મૂળ એ ઔષધોનો ક્વાથ એરંડિયું તેલ મેળવી પીવાથી અંત્રવૃદ્ધિ રોગ (અંતર્ગત વાયુથી અંત્રવૃદ્ધિ થાય છે તે.) નાશ થાય છે. ૧૭

(ગંડમાળા ઊપર કચનારાદિ ક્વાથ.)

कांचनारत्वचः क्वाथः शुंठीचूर्णेन नाशयेत् ॥ १८ ॥
गंडमालां तथा क्वाथः क्षौद्रेण तरुणत्वचः ।

કચનારના ઝાડની છાલના ક્વાથમાં શુંઠનું ચૂર્ણ મેળવી પીવાથી અથવા વરણાની છાલના ક્વાથમાં મધ મેળવી પીવાથી ગંડમાળાનો રોગ નાશ થાય છે. ૧૮.

शाखोटवल्कलक्वाथं गोमूत्रेण युतं पिबेत् ॥ १९ ॥
श्लीपदानाविनाशाय मेदोदोषनिवृत्तये ।

સાહોડાના વૃક્ષની છાલનો ક્વાથ કરી તેમાં ગૌમૂત્ર મેળવી પીવાથી શ્લીપદ રોગ અને મેદરોગનો નાશ થાય છે. ૧૯

(અંતર્વિદ્રધિ ઊપર પુનર્નવાદિ ક્વાથ.)

पुनर्नवावरुणयोः क्वाथोंतर्विद्रधीन् जयेत् ॥ २० ॥
तथा शिग्रुभवः क्वाथो हिंगुकल्केन संयुतः ॥

સાટોડી અને વરણાની છાલનો ક્વાથ બનાવી પીવાથી અંત-

વિદ્રધિનો રોગ નાશ થાય છે, અથવા સરગવાની છાલના ક્વાથમાં શેકેલી હીંગ નાખી પીવાથી અંતર્વિદ્રધિ નાશ થાય છે. ૨૦

(અંતર્વિદ્રધિ ઊપર વરૂણાદિ ક્વાથ.)

वरुणादिगणक्वाथमपक्वे मध्यविद्रधौ ॥ २१ ॥
ऊषकादिरजोयुक्तं पिबेच्छमनहेतवे ।

નીચે જણાવેલ વરૂણાદિ ક્વાથ ઊષકાદિચૂર્ણ સહ સેવવાથી, કફ, મેદરોગ, મસ્તકશૂળ અને ગોળાનો વ્યાધિ તથા પાકયા વગરની અંતર્વિદ્રધિની ગાંઠ નાશ થાય છે. એટલે કે—

वरुणो बकपुष्पश्च बिल्वापामार्गचित्रकाः ॥ २२ ॥
अग्निमंथद्वयं शिग्रुद्वयं च बृहतीद्वयम् ।
सैरेयकत्रयं मूर्वा मेषशृंगी किरातकः ॥ २३ ॥
अजशृंगी च बिंबि च करंजश्च शतावरी ॥
वरुणादिगणक्वाथः कफमेदोहरः स्मृतः ॥ २४ ॥
हन्ति गुल्मं शिरःशूलं तथाभ्यंतरविद्रधीन् ।

વરણો, અગથિયો, બીલી, અઘેડો, ચિત્રો, બેઉ જાતની અરણી, કડવો અને મીઠો સરગવો, બેઉ જાતની રીંગણી તથા સપેત, પીળો અને કાળો અશેળિયો, મોરવેલ, મરડાશિંગી, કરિયાતું, કાકડાશિંગી, કડવા ઘોળાનાં મૂળ, કરંજ અને શતાવરી એ ઔષધોના ક્વાથને વરૂણાદિ ગણ ક્વાથ કહેવામાં આવે છે. ખારો, શોધેલું મોરથુથું, શેકેલી હિંગ, શોધેલી સફેદ તથા પીળી હીરાકસી, સિન્ધાલૂણ અને શિલાજીત, આ સાતે ઔષધોના ચૂર્ણને ઊષકાદિ ગણ નામનું ચૂર્ણ કહેવામાં આવે છે તે આ ક્વાથ-કાઢામાં મેળવી પીવાથી કફમેદ, ગુલ્મ, માથાનું શૂળ અને અપક્વ મધ્ય વિદ્રધિની ગાંઠ નાશ થાય છે. ૨૨-૨૪

(મેદ, કફ મૂત્રકૃચ્છ્ર અને મેદ ઊપર ઊષકાદિ ગણ.)

ऊषकस्तुत्थकं हिंगु काशीसद्वय सैंधवम् ॥ २५ ॥
सशिलाजतुकृच्छ्राश्मगुल्ममेदःकफापहम् ॥

ખારો, શોધેલું મોરથુથું, શેકેલી હીંગ, શુદ્ધ કરેલી સફેદ અને પીળી હીરાકસી, સિંધાલૂણ અને શિલાજીત એ ઔષધોનું ચૂર્ણ

સેવન કરવાથી મૂત્રકૃચ્છ્ર, પથરી, ગોળો, કફ અને મેહરોગનો નાશ કરે છે. ૨૫

(ભગંદર ઉપર ખદિરાદિ ક્વાથ.)

खदिरत्रिफलाक्वाथो महिषीघृतसंयुतः ॥ २६ ॥
विडंगचूर्णयुक्तश्च भगंदरविनाशनः ।

ખેર છાલ અને ત્રિફળાના ક્વાથમાં વાવડિંગનું ચૂર્ણ તથા ભેંસનું ઘી મેળવી પીવાથી ભગંદરનો વ્યાધિ નાશ થાય છે. ૨૬

(ઉપદંશ ઉપર પટોલાદિ ક્વાથ.)

पटोलत्रिफलानिंबकिरातखदिरासनैः ॥ २७ ॥
क्वाथः पीतो जयेत्सर्वानुपदंशान्सगुग्गुलुः ।

પટોલનાં પાંદડાં, ત્રિફળા, લિંબડાની છાલ, કરિયાતું, ખેર છાલ અને બીયાં એ ઔષધોના ક્વાથમાં ગુગળ મેળવી પીવાથી તમામ ઉપદંશ નાશ થાય છે. ૨૭

(વાતરક્ત ઉપર અમૃતાદિ ક્વાથ.)

अमृतैरंडवासानां क्वाथ एरंडतैलयुक् ॥ २८ ॥
पीतः सर्वांगसंचारि वातरक्तं जयेद्ध्रुवम् ।

ગળો, એરંડમૂળ, અને અરડુસાના ક્વાથમાં એરંડિયું તેલ મેળવી પીવાથી આખા શરીરમાં ફેલાએલો વાતરક્ત રોગ નાશ થાય છે. ૨૮

(વાતરક્ત ઉપર પટોલાદિ ક્વાથ.)

पटोलं त्रिफला तिक्ता गुडूची च शतावरी ॥ २९ ॥
एतत्क्वाथो जयेत्पीतो वातास्रं दाहसंयुतम् ।

પટોલનાં પાંદડાં, ત્રિફળા, કડુ, ગળો અને શતાવરી એ ઔષધોનો ક્વાથ પીવાથી દાહયુક્ત વાતરક્તનો રોગ નાશ થાય છે. ૨૯.

(શ્વેતકુષ્ઠ૫ર અવલ્ગુજાદિ ક્વાથ.)

क्वाथोऽवल्गुजचूर्णाढ्यो धात्रीखदिरसारयोः ॥३० ॥
जयेत्तुशीलितो नित्यं श्वित्रं पथ्याशिनां नृणाम् ।

આંમળાં અને ખેર છાલના ક્વાથમાં બાવચીનું ચૂર્ણ મેળવી પીવાથી પથ્યવાળા માણસનો સફેદ કોઢ નાશ થાય છે. ૩૦

(વાતરક્ત અને કુષ્ઠાદિ ઊપર લઘુ મંજીષ્ઠાદિ ક્વાથ.)

मंजिष्ठा त्रिफला तिक्ता वचा दारु निशामृता ॥३१॥
निंबश्चैषांकृतः क्वाथो वातरक्तविनाशनः ।
पामाकापालिकाकुष्टरक्तमंडलजिन्मतः ॥ ३२ ॥

મજીઠ, ત્રિફળા, કડુ, વજ, દારૂહળદર, ગળો અને લિંબડાની છાલ એ ઔષધોનો કાઢો બનાવી પીવાથી વાતરક્ત, ખસ, કાપાલિકકુષ્ઠ તથા રૂધિર વિકારાદિ રોગોનો નાશ કરે છે. ૩૧-૩૨

(કુષ્ઠાદિ ઊપર બૃહત્મંજિષ્ઠાદિ ક્વાથ.)

मंजिष्ठामुस्तकुटजोगुडूचीकुष्ठनागरैः ।
भार्गीक्षुद्रावचानिंबनिशाद्वयफलत्रिकैः ॥ ३३ ॥
पटोलकटुकीमूर्वाविडंगासनचित्रकैः ।
शतावरीत्रायमाणाकृष्णेंद्रयववासकैः ॥ ३४ ॥
भृंगराजमहादारुपाठाखदिरचंदनैः ।
त्रिवृद्वरुणकैरातबाकुचीकृतमालकैः ॥ ३५ ॥
शाखोटकमहानिंबकरंजातिविषाजलैः ।
इंद्रवारुणिकानंतासारिवापर्पटैः समैः ॥ ३६ ॥
एभिः कृतं पिबेत्क्वाथं कणागुग्गुलुसंयुतम् ।
अष्टादशसु कुष्ठेषु वातरक्तार्दिते तथा ॥ ३७ ॥
उपदंशे श्लीपदे च प्रसुप्तौ पक्षघातके ।
मेदोदोषे नेत्ररोगे मंजिष्ठादिः प्रशस्यते ॥ ३८ ॥

મજિઠ, નાગરમોથ, કડા છાલ, ગળો, ઉપલેટ, શુંઠ, ભારીંગ, ભોંય રીંગણીનું પંચાંગ, વજ, લિંબડાની છાલ, હળદર, દારૂહળદર, ત્રિફળા, પટોલનાં પાંદડાં, કડુ, મોરવેલ, વાવડિંગ, બીઓ, ચિત્રક, શતાવરી, ત્રાયમાણ, લીંડીપીપર, ઈન્દ્રજવ, અરડુસાનાં પાંદડાં, ભાંગરો, દેવદાર, કાળીપાટ, ખેરસાર, રતાંજલિ, નસોતર, વરણાની છાલ, કરિયાતું, બાવચીનાં મૂળ, ગરમાળાનો ગોળ, શાખોટકની છાલ, બકાનની છાલ, કરંજ, અતિવિષની કળી, વાળો, ઈન્દ્રવારણાનાં મૂળ, ધમાસો, કપુરીમધુરી અને પિત્તપાપડો એ તમામ

ઔષધોને કૂટી તેનો ક્વાથ બનાવી લીંડીપીપર તથા ગુગળનું ચૂર્ણ મેળવી પીવાથી, અઢાર પ્રકારના કોઢ, વાતરક્ત, ઉપદંશ, શ્લીપદ–હાથીપગો રોગ, પક્ષઘાત, મેદરોગ અને નેત્રરોગનો નાશ થાય છે. ૩૩–૩૮

(શિરોરોગ ઉપર પથ્યાદિ ક્વાથ.)

पथ्याक्षधात्रीभूनिंबनिशानिंबामृतायुतैः ॥
कृतः क्वाथः षडंगोयं सगुडः शीर्षशूलहा ॥ ३९ ॥
भ्रूशंखकर्णशूलानि तथार्धशिरसोरुजम् ।
सूर्यावर्त्तं शंखकं च दंतपातं च तद्रुजम् ॥ ४० ॥
नक्तांध्यं पटलं शुक्रं चक्षुःपीडां व्यपोहति ।

ત્રિફળા, કરિયાતુ હળદર, લિંબડાની છાલ, અને ગળો એ ઔષધોનો ક્વાથ બનાવી તેમાં ગુગળનું ચુર્ણ મેળવી પીવાથી મસ્તક શૂળ, ભૂશૂળ, શંખશૂળ, આધાશીશી, સૂર્યાવર્ત રોગ, દંતપાતાદિદંતરોગ, ન્યકતાંધ્ય–પટલ–શુક્રરોગ અને ચક્ષુરોગોનો નાશ કરે છે. ૩૯–૪૦

(નેત્રરોગ ઉપર વાસાદિ ક્વાથ.)

वासाविश्वामृतादार्वीरक्तचंदनचित्रकैः ॥ ४१ ॥
भूनिंबनिंबकटुकीपटोलत्रिफलांबुदैः ।
यवकालिंगकुटजैः क्वाथः सर्वाक्षिरोगहा ॥ ४२ ॥
वैस्वर्यं पीनसं श्वासं नाशयेदुरसः क्षतम् ।

અરડુસો, શુંઠ, ગળો, દારૂહળદર, રતાંજલિ, ચિત્રકની છાલ, કરિયાતું, લિંબડાની છાલ, કડુ, પટોલનાં પાંદડાં, ત્રિફળા, નાગરમોથ, જવ, ઈન્દ્રજવ અને કડા છાલ, એ ઔષધોનો ક્વાથ પીવાથી સંપૂર્ણ નેત્રના રોગ, સ્વરભંગ, પીનસ રોગ, શ્વાસ અને ઉરઃક્ષતાદિ રોગનો નાશ થાય છે. ૪૧–૪૨

(આંખોના દરદો ઉપર અમૃતાદિ ક્વાથ.)

अमृतात्रिफलाक्वाथः पिप्पलीचूर्णसंयुतः ॥ ४३ ॥
सक्षौद्रः शीलितो नित्यं सर्वनेत्रव्यथां जयेत् ।

ગળો અને ત્રિફળાના ક્વાથમાં મધ અને લીંડીપીપરનું ચૂર્ણ મેળવી પીવાથી સર્વ પ્રકારનાં આંખોનાં દરદો નાશ થાય છે. ૪૩

(અશ્વત્થાદિ ક્વાથ.)

अश्वत्थोदुंबरप्लक्षवटवेतसजः शृतः ॥ ४४ ॥
व्रणशोथोपदंशानां नाशनः क्षालनात् स्मृतः ।

પીંપળો, ઉમ્બરો, પીપર, વડલો અને નેતર એ ઔષધોના ક્વાથ વડે શોથ, વ્રણ અને ઉપદંશાદિ રોગ ધોવાથી તેનો નાશ થાય છે. ૪૪

(પ્રમથ્યાદિ કષાય ભેદ.)

प्रमथ्या प्रोच्यते द्रव्यपलात्कल्कीकृताच्छृतात् ॥४५॥
तोयेऽष्टगुणिते तस्याः पानमाहुः पलद्वयम् ॥

એક પલ (૪ તોલા લીલી ઔષધિ લાવી તેનો કલ્ક બનાવવો અથવા સુકાએલી મળે તો તેને ભીંજાવી કલ્ક કરી તેને આઠ ગણા પાણીમાં ઉકાળવો. જ્યારે બે પલ પાણી બાકી રહે ત્યારે ઉતારી લેવો. એને પ્રમથ્યા કહેવામાં આવે છે. તેને સેવન કરવાનું બે પલ (૮ તોલા) નુ પ્રમાણુ લેવું. ૪૫

(રક્તાતિસાર ઊપર મુસ્તાદિ પ્રમથ્યા.)

मुस्तकेंद्रयवैः सिद्धा प्रमथ्या द्विपलोन्मिता ॥ ४६ ॥
सुशीता मधुसंयुक्ता रक्तातीसारनाशिनी ।

એક પલ નાગરમોથ અને ઇન્દ્રજવની ઉપરના વિધિથી પ્રમથ્યા બનાવી જ્યારે ઠંડી પડે ત્યારે તેમાં મધ મેળવી પીવાથી રક્તાતિસાર દૂર થાય છે. ૪૬

(યવાગૂનો વિધિ.)

साध्यं चतुःपलं द्रव्यं चतुःषष्टिपले जले ॥ ४७ ॥
तत्काथेनार्द्धशिष्टेन यवागूं साधयेन् घनां ।

ચાર પલ (૧૬ તોલા) ઔષધિ લાવી તેને અધકચરી કૂટી ચોસઠ પલ (૨૫૬ તોલા) પાણીમાં ઉકાળી અરધું પાણી બાકી રહે ઉતારી ગાળી લેવું. પછી તેમાં બીજાં દ્રવ્યો નાખવાનાં હોય તે નાખી ઉકાળવું. જ્યારે ઘટ્ટ થાય ત્યારે ઉતારી નાખવું. તેને યવાગૂ કહેવામાં આવે છે. ૪૭

(સંગ્રહણી ઊપર આમ્રાદિ યવાગૂ.)

आम्राम्रातकजंबूत्वक्कषाये विपचेत् बुधः ॥ ४८ ॥

यवागूं शालिभिर्युक्तां तां भुक्त्वा ग्रहणीं जयेत् ।

આંબો, અંબાડા, અને જાંબુ એઓની છાલની ઉપરની રીતથી યવાગૂ બનાવી તેમાં ચોખા, પ્રમાણુસર નાખી ઉકાળવી. જ્યારે ઘટ થાય ત્યારે ઉતારી નાખી તેનુ સેવન કરવાથી સંગ્રહણી નાશ થાય છે. ૪૮

(યૂષ કરવાની રીત.)

कल्कद्रव्यपलं शुंठी पिप्पली चार्धकार्षिकी ॥ ४९ ॥
वारिमस्थेन विपचेत् स द्रवो यूष उच्यते ।

કોઇપણ ઔષધ એક પલ (ચાર તોલા) લઇ તેનો કલ્ક કરવો પછી તેમાં શુંઠ અને લીંડીપીપર નાખવાની હોય તો તે ગરમ હોવાથી અર્ધ તોલો લેવી તેનું ચૂર્ણ ઉપરના કલ્ક સાથે મેળવી તેને પ્રસ્થ (એક શેર) પાણીમાં ઉકાળવાં. જ્યારે રાબ જેવો જાડો ઉકાળો થાય ત્યારે ઉતારી નાખવું તેનું નામ યૂખ કહેવાય છે. ૪૯

(સન્નિપાત ઊપર સપ્ત મુષ્ટિક યૂષ.)

कुलित्थयवकोलैश्च मुद्गैर्मूलकग्रंथिकैः ॥ ५० ॥
शुंठीधान्यकयुक्तैश्च यूषः श्लेष्मानिलापहः ।
सप्तमुष्टिक इत्येषः सन्निपातज्वरं जयेत् ॥ ५१ ॥
आमवातहरः कंठहृद्वक्राणां विशोधनः ।

કળથી, જવ, બોર, મગ, મૂળો, શુંઠ અને ધાણા એ સાતે ઔષધો એક એક પલ (ચાર તોલા) લઇ તેને સોલ ગણા પાણીમાં ઉકાળી યૂષ બનાવવો તેને સપ્તમુષ્ટિક યૂષ કહેવામાં આવે છે. તે પીવાથી કફ, વાયુ, સન્નિપાત, જ્વર અને આમ વાતને દૂર કરે છે તથા કંઠ, હૃદય અને મુખને શુદ્ધ કરે છે. ૫૦–૫૧

(પાનાદિક કલ્પના.)

क्षुण्णं द्रव्यपलं साध्यं चतुःषष्टिपलेऽम्बुनि ॥ ५२ ॥
अर्धशिष्टं च तद्देयं पाने भक्तादिसंविधौ ॥

એક પલ (ચાર તોલા) ઔષધ લઈ તેને ચોસઠ પલ પાણીમાં ઉકાળવાં. જ્યારે ઉકાળતાં અરધો ભાગ રહે ત્યારે તેને ઉતારી કપડા વતી ગાળી ઠંડું પડવા દેવું પછી તરશ લાગે ત્યારે અગર ભોજન સમયે થોડું થોડું પીવું. ૫૨

(પિપાસા, જ્વર ઉપર ઉશીરાદિ પાન.)

उशीरपर्पटोदीच्यमुस्तनागरचंदनैः ॥ ५३ ॥
जलं श्रृतं हिमं पेयं पिपासाज्वरनाशनम् ।

વાળો, પિત્તપાપડો, નેત્રવાળો, નાગરમોથ, શુંઠ અને રતાંજલિ એ ઔષધો એક એક પલ લઇ તેને ૨૫૬ તોલા પાણીમાં ઉકાળવાં. જ્યારે અડધું પાણી બાકી રહે ત્યારે તેને ઉતારી ગાળી ટાઢું પડે એટલે થોડું થોડું પીવું. તેથી તૃષા અને જ્વરનો નાશ થાય છે. ૫૩

(જ્વરાદિ ઉપર ગરમ પાણી કરવાનો વિધિ.)

अष्टमेनांशशेषेण चतुर्थेनार्धकेन वा ॥ ५४ ॥
अथवा क्वाथनेनैव सिद्धमुष्णोदकं वदेत् ॥

પાણીને ખૂબ ઉકાળવું. જ્યારે તેનો આઠમો, ચોથો અથવા અડધો ભાગ બળી જાય ત્યારે ઉતારી નાખવું. તેને ઉષ્ણોદક કહેવામાં આવે છે. ૫૪

(રાત્રિએ ગરમ જળ પીવાની રીત.)

श्लेष्मामवातमेदोघ्नं बस्तिशोधनदीपनम् ॥५५॥
कासश्वासज्वरहरं पीतमुष्णोदकं निशि ॥

રાત્રિએ ગરમ પાણી પીવાથી કફ, આમવાયુ, મેદરોગ, ખાંસી, શ્વાસ, અને જ્વરનો નાશ કરે છે તથા પેટને શુદ્ધ કરી અગ્નિ પ્રદીપ્ત કરે છે. ૫૫

(આમશૂળ ઉપર દૂધપાક કરવાની રીત.)

क्षीरमष्टगुणं द्रव्यात् क्षीरान्नीरं चतुर्गुणम् ॥ ५६ ॥
क्षीरावशेषं तत्पीतं शूलमामोद्भवं जयेत् ।

એક ભાગ ઔષધ તેનાથી આઠગણું ગાયનું દૂધ અને દૂધથી ચારગણું પાણી એ બધાંને એકત્ર કરી ઉકાળવું. જ્યારે પાણી બળી માત્ર દૂધ બાકી રહે ત્યારે ઉતારી લેવું. તે પીવાથી આમશૂળનો નાશ થાય છે. ૫૬

(સર્વ પ્રકારના જીર્ણ જ્વરો ઉપર પંચમૂળી ક્ષીરપાક)

सर्वज्वराणां जीर्णानां क्षीरं भैषज्यमुत्तमम् ॥ ५७ ॥
श्वासात्कासाच्छिरःशूलात् पार्श्वशूलात्सपीनसात् ।

मुच्यते ज्वरितः पीत्वा पंचमूलीशृतं पयः ॥ ५८ ॥

શાલપર્ણી, સમેરવો, બે જાતની રીંગણી અને ગોખરૂ એ ઔષધોનાં મૂળને અધકચરાં કરી તેને આઠગણા દૂધ અને દૂધથી ચારગણું પાણી મેળવી ઉકાળવાં. જ્યારે પાણી બળી માત્ર દૂધ બાકી રહે ત્યારે તેને ઉતારી ગાળી લેવું. તે દૂધ પીવાથી શ્વાસ, ખાંસી, મસ્તક શૂળ, પડખાનું શૂળ, પીનસ રોગ અને તમામ જાતના જીર્ણ જ્વરનો નાશ કરે છે. ૫૭–૫૮

(કફજ્વર ઉપર ત્રિકંટકાદિ ક્ષીરપાક.)

त्रिकंटकबलाव्याघ्रीगुडनागरसाधितम् ॥
वर्चो मूत्रविबधघ्नं कफज्वरहरं पयः ॥ ५९ ॥

ગોખરૂ, ખરેંટી, ભોંયરીંગણીનાં મૂળ, ગોળ અને શુંઠ એ ઔષધોને આઠગણા દૂધ અને દૂધથી ચારગણા પાણીમાં ઉકાળવાં. જ્યારે દૂધજ માત્ર બાકી રહે અને પાણી બળી જાય ત્યારે તેને ઉતારી લેવું. તે દૂધ પીવાથી મળ મૂત્રની શુદ્ધિ થાય છે તથા કફ જ્વરનો નાશ થાય છે. ૫૯

(અન્ન સ્વરૂપ યવાગૂ.)

अथान्नप्रक्रियाचैव प्रोच्यते नातिविस्तरात् ।
यवागूः षड्गुणजलेसिद्धा स्यात् कृशरा घना ॥६०॥
तंडुलैर्मुद्गमाषैश्च तिलैर्वा साधिता हिता ॥
यवागूर्ग्राहिणी बल्या तर्पणी वातनाशिनी ॥ ६१ ॥

અન્ન સ્વરૂપ યવાગૂ, વિલેપી, અને પેયા તે બનાવવાની રીત સંક્ષેપથી જણાવવામાં આવે છે કે–ચોખા, મગ, અડદ અથવા તલ તેમાંથી જે દ્રવ્યનો યવાગુ બનાવવો હોય તે દ્રવ્યમાં તેનાથી છગણું પાણી નાખી જ્યાં સુધી ઘટ્ટ થાય ત્યાં સુધી ઉકાળવું. તેને અન્ન યવાગૂ કહેવામાં આવે છે. તેનાં બે નામ છે એક કૃસરા (ખીચડી) અને બીજું ઘના, તે મળનું સ્તંભન કરનાર, બળ આપનાર, શરીરને પુષ્ટ કરનાર તથા વાયુનો નાશ કરનાર છે. ૬૦–૬૧

(વિલેપીનાં લક્ષણ અને ગુણ.)

विलेपी च घना सिक्था सिद्धा नीरे चतुर्गुणे ।
बृंहणी तर्पणी हृद्या मधुरा पित्तनाशिनी ॥ ६२ ॥

અન્નાદિક દ્રવ્યને ચારગણા પાણીમાં ઉકાળવું. જ્યારે ઘટ્ટ થાય

ત્યારે ઉતારી નાંખવું. તેને વિલેપી કહેવામાં આવે છે. તેનું સેવન કરવાથી ધાતુની વૃદ્ધિ, શરીરની પુષ્ટી કરે છે, તથા મધુર અને પિત્ત નાશક છે. ૬૨

(પેયા કરવાની રીતિ)

द्रव्याधिका स्वल्पसिक्था चतुर्दशगुणे जले ॥
सिद्धा पेया बुधैर्ज्ञेया यूषः किंचित् घनः स्मृतः॥६३॥
पेया लघुतरा ज्ञेया ग्राहिणी धातुपुष्टिदा ॥
यूषो बल्यस्ततः कंठ्यो लघुपाकः कफापहः ॥ ६४ ॥

એક ભાગ દ્રવ્યને ચૌદગણા પાણીમાં ઉકાળવું. જ્યારે જરા ચીકણું અને પરિપક્વ થયેલું જણાય ત્યારે ઉતારી લેવું તેને પેયા કહેવાય છે. પેયાથી જરા વધારે જાડી કાંજીને યૂષ કહેવામાં આવે છે. પેયા બહુ હલકી હોવાથી મળાદિનું સ્તંભન કરે છે તથા ધાતુ પુષ્ટિ કરે છે. યૂષ બળ દેવાવાળી, કંઠને હિતકારી, હલકી તથા કફનો નાશ કરનાર છે. ૬૩-૬૪

(ભાત કરવાની રીતિ.)

जले चतुर्दशगुणे तंदुलानां चतुःपलम् ॥
विपचेत्स्रावयेन्मंडं सभक्तो मधुरो लघुः ॥ ६५ ॥

૧૬ તોલા ચોખાને ચૌદગણા પાણીમાં પકવવા. જ્યારે સીંઝી જાય ત્યારે તેને ઓસાવી લેવા, તેને ભાત કહેવામાં આવે છે. તે મધુર તથા હલકો છે. ૬૫

(શુદ્ધ મંડ.)

नीरे चतुर्दशगुणे सिद्धो मंडस्त्वसिक्थकः ॥
शुंठीसैंधवसंयुक्तः पाचनो दीपनोः परः ॥ ६६ ॥

શુદ્ધ ચોખાને ચૌદગણા પાણીમાં પકવવા. જ્યારે સીંઝી જાય ત્યારે તેને ઓસાવી લેવા. જે ઓસામણ નીકળે તેને શુદ્ધ મંડ કહે છે. તેની સાથે શુંઠ અને સિંધાલુણ મેળવી પીવાથી અન્ન પાચન તથા અગ્નિ દીપન થાય છે. ૬૬

(અષ્ટગુણ મંડ.)

धान्यत्रिकटुसिंधूत्थमुद्गतंडुलयोजितः ।
भृष्टश्च हिंगुतैलाभ्यां स मंडोऽष्टगुणः स्मृतः ॥ ६७ ॥

दीपनः प्राणदो बस्तिशोधनो रक्तवर्धनः ॥
ज्वरजित्सर्वदोषघ्नो मंडोऽष्टगुण उच्यते ॥ ६८ ॥

ધાણા, શુંઠ, મરી, લીંડીપીપર, સિંધાલૂણ, મગ, ચોખા, હીંગ અને તેલ એ ઔષધોમાંથી પહેલાં તેલમાં હીંગ મેળવી તેમાં ચાર તોલા મગ તથા ૮ તોલા ચોખા નાખી તેને શેકી નાખવા ને શેકાયા પછી બાકીની ઔષધીનું ચૂર્ણ શેકેલા મગ ભાતના પ્રમાણમાં બહુ ખાટું તીખું ન થાય તેમ મેળવી તેને ચૌદગણા પાણીમાં ઉકાળવું જ્યારે બરાબર પરિપક્વ થાય ત્યારે ઉતારી કપડેથી ગળી લેવું. તેનું સેવન કરવાથી અગ્નિ પ્રદિપ્ત થઇ તેજી આવે છે. બસ્તિનું શોધન થઇ રૂધિરની વૃદ્ધિ થાય છે. જ્વર અને વાતાદિ ત્રણદોષનો નાશ કરે છે. એને અષ્ટગુણ મંડ કહેવામાં આવે છે. ૬૭-૬૮

(કફપિત્તાદિ ઉપર વાટય મંડ.)

सुकंडितैस्तथा भ्रष्टैर्वाटयमंडो यवैर्भवेत् ॥
कफपित्तहरः कण्ठ्यो रक्तपित्तप्रसादनः ॥ ६९ ॥

ઉત્તમ રીતે ખાંડીને શેકેલા જવોનો આગળ જણાવેલ રીતિથી મંડ કરવો તેને વાટય મંડ કહેવામાં આવે છે. તેનું સેવન કરવાથી કફપિત્તાદિપ્રકોપ નાશ થાય છે, તથા કંઠને હિતકારી અને રક્તપિત્તના પ્રકોપનો નાશ થાય છે. ૬૯

(કફ, પિત્ત, જ્વરાદિ ઉપર લાજા મંડ.)

लाजैर्वा तंडुलैर्भ्रष्टैर्लाजमंडः प्रकीर्तितः ॥
श्लेष्मपित्तहरो ग्राही पिपासाज्वरजिन्मतः ॥ ७० ॥

इति श्रीदामोदरसूनुशार्ङ्गधरेण विरचितायां संहितायां चिकित्सास्थाने क्वाथादिकल्पना नाम द्वितीयोऽध्यायः समाप्तः

શાળ અથવા ચોખાની ધાણીનો આગળ બતાવેલી રીતિથી મંડ કરવો. તેનું સેવન કરવાથી કફપિત્તપ્રકોપનો નાશ થાય છે તથા સંગ્રહણી અને અતિસારનું સ્તંભન કરે છે અને જ્વરમાં અધિક તૃષા લાગતી હોય તો તે શાંત પાડે છે. ૭૦

ઈતિ શ્રીપૂર્ણચંદ્ર શર્માકૃત શારંગધર સંહિતા વિષે મધ્યખંડના બીજા અધ્યાયનું ગુજરાતી ભાષાંતર સમાપ્ત.

અધ્યાય ત્રીજો.

(ફાંટ કરવાની રીતિ.)

क्षुण्णे द्रव्यपले सम्यक् जलमुष्णं विनिक्षिपेत् ॥
मृत्पात्रे कुडवोन्मानं ततस्तु स्रावयेत्पटात् ॥ १ ॥
स स्या च्चूर्णद्रवः फांटस्तन्मानं द्विपलोन्मितम् ॥
सितामधुगुडादींश्च क्काथवत्तत्र निक्षिपेत् ॥ २ ॥

એક પલ (૪ તોલા) ઔષધ લઈ તેને કૂટી સોળ તોલા પાણી નાખી માટીના વાસણમાં ઊકાળવું, પછી તેને કપડેથી ગાળી લેવું તેને ફાંટ અથવા ચૂર્ણદ્રવ કહેવામાં આવે છે. તેને પીવાનું પ્રમાણ બે પલનું જાણવું. જો તેમાં મધ, સાકર, ગોળ ઇત્યાદિ વસ્તુ નાખવી હોય તો જે પ્રમાણે કવાથમાં નાંખવામાં આવે છે તે પ્રમાણે ફાંટમાં પણ નાખવી જોઇએ. ૧-૨

(વાતપિત્તજ્વર ઊપર મધૂકાદિ ફાંટ.)

मधूकपुष्पं मधुकं चंदनं सपरूषकम् ॥
मृणालं कमलं लोध्रं गंभारीं नागकेसरं ॥ ३ ॥
त्रिफलां सारिवां द्राक्षां लाजान् कोष्णे जले क्षिपेत् ॥
सितामधुयुतः पेयः फांटो वासौ हिमोऽथवा ॥ ४ ॥
वातपित्तज्वरं दाहं तृष्णामूर्च्छारतिभ्रमान् ॥
रक्तपित्तं मदं हन्यान्नात्र कार्या विचारणा ॥ ५ ॥

મહુડાંનાં ફુલ, જેઠીમધ, રતાંજલિ, ફાલસાં, કમળનું ડીંટીયું, કમળ, લોધર, શેવનની છાલ, નાગકેસર, ત્રિફળા, ઊપલસરી, લાલ દ્રાક્ષ અને ચોખાની ધાણી એ ઔષધોને એક પલના વજનથી લઈ તેનું ચૂર્ણ કરી તેને ઉકાળેલા ચાર પલ પાણીમાં નાખી ખૂબ ઉકાળવું. પછી તેને ઉતારી ગાળી લેવું તેને મધૂકાદિ ફાંટ કહે છે. તેમાં સાકર અને મધ મેળવી પીવાથી વાતપિત્ત જ્વર, દાહ, શ્વાસ, મુર્છા, અરતિ, ભ્રમ, રક્તપિત્ત, અને મેદરોગનો નાશ થાય છે. તથા તે

ઔષધોને રાત્રે પાણીમાં ભીંજવી સવારમાં ગાળી લઇ તે પાણીનું સેવન કરે તો ઉપર પ્રમાણે વ્યાધિ નાશ થાય છે આ પાણીને હિમ કહેવામાં આવે છે. ૩-૫

(પિપાસા ઉપર આમ્રાદિ ફાંટ.)

आम्रजंबूकिसलयैर्वटशृंगप्ररोहकैः ॥
उशीरेण कृतः फांटः सक्षौद्रो ज्वरनाशनः ॥ ६ ॥
पिपासाच्छर्द्यतीसारान् मूर्छां जयति दुस्तराम् ॥

આંબા તથા જાંબુનાં કુણાં પાંદડાં, વડલાની કુંપળ અથવા વડવાઇની કુંપળ અને વાળો, એ ઔષધોનો આગળ બતાવેલી રીતિથી ફાંટ કરી પીવે તો જ્વર, તરસ, ઉલટી, અતિસાર અને કષ્ટ સાધ્ય મૂર્છાનો વ્યાધિ નાશ થાય છે. ૬

(પિત્ત તૃષા ઉપર મધૂકાદિ ક્વાથ.)

मधूकपुष्प गंभारी चंदनोशीर धान्यकैः ॥ ७ ॥
द्राक्षया च कृतः फांटः शीतः शर्करया युतः ॥
तृष्णापित्तहरः प्रोक्तो दाहमूर्छाभ्रमान् जयेत् ॥ ८ ॥

મહુડાંના ફુલ, શેવન, રતાંજલિ, નેત્રવાળો, ધાણા અને દ્રાક્ષ એ ઔષધોનો ફાંટ બનાવી પીવાથી તરસ, પિત્ત, દાહ, મૂર્છા અને ભ્રમનો વ્યાધિ નાશ પામે છે. ૭-૮

(મંથ કલ્પના તથા તેને બનાવવાની રીતિ.)

मंथोऽपि फांटभेदः स्यात्तेन चात्रैव कथ्यते ॥
जले चतुःपले शीते क्षुण्णं द्रव्यपलं क्षिपेत् ॥ ९ ॥
मृत्पात्रे मंथयेत्सम्यक् तस्माच्च द्विपलं पिबेत् ॥

મંથ એ ફાંટનો એક ભેદ છે તે બનાવવાની રીતિ આ મુજબ છે:-એક પલ ઔષધિને સારી રીતે કચરી તેને ચાર પલ પાણીમાં નાખી એક મટકામાં સારી રીતે વલોવવું. જ્યારે સંપૂર્ણ વલોવાઇ રહે ત્યારે તેને કપડાવતી ગાળી લેવું તેને મંથ કહેવામાં આવે છે. તેને સેવન કરવાનું પ્રમાણ બે પલનું જાણવું. ૯

(સર્વ મદ્ય વિકારો ઊપર ખર્જુરાદિ મંથ.)

खर्जूरं दाडिमं द्राक्षा तिंत्तिडीकाम्लिकामलैः ॥ १० ॥
सपरूषैः कृतो मंथः सर्वमद्यविकारनुत् ॥

ખજૂર, દાડમના દાણા, દ્રાક્ષ, કોકમ, આમલી, આંબળાં અને ફાલસા એ ઔષધોને કૂટી તેનો ઉપરની રીતિથી મંથ બનાવી પીવાથી સંપૂર્ણ (બધી જાતના) મદ્યવિકાર, સોપારીથી ચડેલો મદ, અને આસવોનો મદ વગેરે સર્વ પ્રકારના મદનો નાશ થાય છે. ૧૦

(ઉલટી ઊપર મસૂરાદિ મંથ.)

क्षौद्रयुक्ता मसूराणां सक्तवो दाडिमांभसा ॥ ११ ॥
मथिता वारयंत्याशु छर्दिदोषत्रयोद्भवाम् ॥

મસૂરની દાળને શેકી તેનો લોટ બનાવવો, પછી તેને પાકેલા દાડમના રસમાં મેળવી પીવો જેથી વાતપિત્તથી થયેલી ઉલટી નાશ પામે છે. ૧૧

(તૃષા, દાહ વગેરે ઊપર જવનો મંથ.)

प्लावितैः शीतनीरेण सघृतैर्यवसक्तुभिः
नातिसांद्रद्रवैर्मंथस्तृष्णा दाहास्त्रपित्तहा ॥ ॥ १२ ॥

इति श्री दामोदरसूनुशार्ङ्गधरेण विरचितायां संहितायां चिकित्सास्थाने फांटादिकल्पनानाम तृतीयध्यायः समाप्तः ॥ ३ ॥

જવને શેકીને તેનો લોટ કરવો, પછી તે લોટને ટાઢા પાણીમાં બહુ પાતળો ન પડે તેમ મેળવી મંથ બનાવવો, પછી તેમાં ઘી મેળવી પીવાથી તરશ, દાહ અને રક્તપિત્તાદિ રોગોનો નાશ થાય છે. ૧૨

ઇતિ શ્રી શારંગધર સંહિતાના મધ્ય-ખંડના ત્રીજા અધ્યાયનો પુરોહિત પૂર્ણચંદ્ર શર્માકૃત ગુજરાતી અનુવાદ સંપૂર્ણ.

અધ્યાય ચોથો.

(હિમ કરવાની રીતિ.)

क्षुण्णं द्रव्यपलं सम्यक् षड्भिर्नीरपलैः प्लुतम् ॥
निःशोषितं हिमः स स्यात्तथा शीतकषायकः ॥
तन्मानं फांटवज्ज्ञेयं सर्वत्रैवैष निश्चयः ॥ १ ॥

એક પળ ઔષધોને કચરી તેને છ પળ પાણીમાં રાત્રિએ માટીના વાસણમાં પલાળી સવારના તે પાણીને ગાળી લેવું તેને હિમ અથવા શીતકવાથ કહેવામાં આવે છે. તે પીવાનું પ્રમાણ બે પલનું ફાંટ પ્રમાણે જાણવું. ૧

(રક્તપિત્ત ઉપર આમ્રાદિ હિમ.)

आम्रं जंबूंच ककुभं चूर्णीकृत्य जले क्षिपेत् ॥
हिमं तस्य पिबेत्प्रातः सक्षौद्रं रक्तपित्तजित् ॥ २ ॥

આંબો, જાંબુ અને અર્જુન (સાદડ) વૃક્ષની છાલનો આગળ બતાવેલી રીતિથી હિમ બનાવી તેમાં મધ મેળવી પીવાથી રક્ત. પિત્તનો નાશ થાય છે. ૨

(તૃષ્ણાદિ ઉપર મરીચાદિ હિમ.)

मरीचं मधुयष्टी च काकोदूंबरपल्लवैः ॥
निलोत्पलं हिमस्तज्जस्तृष्णाच्छर्दिनिवारणः ॥ ३ ॥

કાળાં મરી, જેઠીમધ, કાળા ઉંબરાનાં પાંદડાં અને નીલકમળ એ ઔષધોનો હિમ બનાવી પ્રાતઃકાળમાં પીવાથી તરશ અને વમનનો નાશ કરે છે. ૩

(વાત પિત જ્વર ઉપર નીલોત્પલાદિ હિમ.)

नीलोत्पलं बला द्राक्षा मधूकं मधुकं तथा ॥
उशीरं पद्मकं चैव काश्मरी च परूषकम् ॥ ४ ॥
एतच्छीतकषायश्च वातपित्तज्वरान् जयेत् ॥
सप्रलाप भ्रम च्छर्दि मोह तृष्णा निवारणः ॥ ५ ॥

આસમાની કમળ, ખરેટીનાં મૂળ, દ્રાક્ષ, મહુડાં, જેઠીમધ,

નેત્રવાળો, પદ્મકાષ્ટ, શેત્રન અને ફાલસાં એ ઔષધોનો આગળ બતાવેલી રીતિથી હિમ કરવો. તે સવારમાં પીવાથી, વાત પિત્ત જ્વર, પ્રલાપ, ભ્રમ, વમન, મૂર્ચ્છા અને તરશ એ વ્યાધિઓનો નાશ થાય છે. ૪-૫

(જીર્ણજ્વર ઊપર અમૃતાદિ હિમ.)

अमृताया हिमः पेयो जीर्णज्वरहरः स्मृतः ॥

ગળોનો આગળ બતાવેલી રીતિથી હિમ બનાવી પીવાથી જીર્ણ જ્વર નાશ પામે છે.

(રક્તપિત્ત જ્વર ઊપર વાસા હિમ.)

वासायाश्च हिमः कासरक्तपित्तज्वरान् जयेत् ॥ ६ ॥

અરડૂશાનો હિમ બનાવી તેનું સેવન કરવાથી ખાંસી અને રક્તપિત્ત જ્વર નાશ થાય છે. ૬

(અંતર્દાહ ઊપર ધાન્યાદિ હિમ.)

प्रातः सशर्करः पेयो हिमो धान्यकसंभवः ॥
अंतर्दाहं तथा तृष्णां जयेत्स्रोतोविशोधनः ॥ ७ ॥

ધાણાનો હિમ બનાવી તેમાં સાકર મેળવી પ્રભાતમાં પીવાથી શરીરની અંદરનો દાહ, પ્યાસ ઈત્યાદિ નાશ થાય છે તથા મૂત્રાદિ માર્ગનું શોધન થાય છે. ૭

(રક્તપિત્તાદિ ઊપર ધાન્યાદિ હિમ.)

धान्याक धात्री वासानां द्राक्षापर्पटयोर्हिमः ॥
रक्तपित्तं ज्वरं दाहं तृष्णां शोषं च नाशयेत् ॥ ८ ॥

इति श्री दामोदरसूनुशार्ङ्गधरेण विरचितायां संहितायां चिकित्सास्थाने हिमकल्पनाध्यायश्चतुर्थः ॥ ४ ॥

ધાણા, આંબળાં, અરડૂશો, દ્રાક્ષ અને પિત્તપાપડો એ પાંચેનું હિમ બનાવી સેવન કરવાથી રક્તપિત્તજ્વર, દાહ, તરશ અને શોષનો નાશ કરે છે. ૮

ઇતિશ્રી શારંગધર સંહિતાના મધ્યમખંડના ચોથા અધ્યાયનું પૂર્ણચંદ્ર શર્માકૃત ગુજરાતી ભાષાંતર સમાપ્ત.

અધ્યાય પાંચમો.

(ઔષધોનો કલ્ક કરવાની રીતિ.)

द्रव्यमार्द्रं शिलापिष्टं शुष्कं वा सजलं भवेत् ॥
प्रक्षेपावापकल्कास्ते तन्मानं कर्षसंमितम् ॥ १ ॥
कल्के मधु घृतं तैलं देयं द्विगुणमात्रया ॥
सितागुडौ समौ दद्यात् द्रवा देयाश्चतुर्गुणाः ॥ २ ॥

લીલી ઔષધિ લાવી તેને બારીક લસોટી ચટણી બનાવવી, જો સૂકી ઔષધિ હોય તો તેમાં પાણી નાંખી ચટણી બનાવવી, અને કલ્ક કહે છે. સેવન કરવાની માત્રાનું પ્રમાણ એક કર્ષ (તોલો) જાણવું. કલ્કનાં બીજાં પ્રક્ષેપ અને આવાપ નામો છે. જો કલ્કમાં મધ, ઘી, તેલ આદિ નાખવાં હોય તો બમણા વજનમાં લેવાં. સાકર, ગોળ આદિ નાખવાં હોય તો સમાન ભાગે નાખવાં. દુધ, પાણી આદિ પાતળા પદાર્થો નાખવા હોય તો ચાર ગણા નાખવા. ૧-૨

(પાંડુ રોગ ઉપર વર્ધમાન પિપ્પલી.)

त्रिवृद्ध्या पंचवृद्ध्या वा सप्तवृद्ध्याऽथवा कणाः ॥
पिबेत् पिष्ट्वा दश दिनं तास्तथैवापकर्षयेत् ॥ ३ ॥
एवं विंशद्दिनैः सिद्धं पिप्पलीवर्धमानकम् ॥
अनेन पांडुवातास्र कास श्वासरुचि ज्वराः ॥ ४ ॥
उदरार्शःक्षयःश्लेष्मवाता नश्यंत्युरोग्रहाः ॥

પહેલે દિવસે ત્રણ-૫-૭ લીંડીપીપર લેવી અને દશ દિવસ સૂધી હમેશાં ત્રણ ત્રણ વધારવી. તે પીંપરનો હમેશાં દૂધમાં કલ્ક કરી તેમાં દૂધ મેળવી દશ દિવસ પીવો. પછી દરરોજ ત્રણ ત્રણ ઘટાડતા જવું. એ પ્રમાણે દશ દિવસ ઘટાડી ઉપર પ્રમાણે દુધમાં પીવાથી પાંડુરોગ, વાતરક્ત, ખાંસી, શ્વાસ, અરૂચિ, જ્વર, ઉદરરોગ, ક્ષય, કફ, વાયુ અને ઊરોગ્રહ એ વ્યાધિનો નાશ થાય છે. આ પ્રયોગને વર્ધમાન પિપ્પલી કલ્ક કહેવામાં આવે છે. ૩-૪

(વ્રણાદિ ઉપર નિંબ કલ્ક.)

लेपान्निंबदलैः कल्को व्रणशोधनरोपणः ॥ ५ ॥
भक्षणाच्छर्दिकुष्ठानि पित्तश्लेष्मकृमीन् जयेत् ॥

લિંબડાના પાનનો પૂર્વોક્ત રીતિથી કલ્ક બનાવી તેનો વ્રણના ઘા ઉપર લેપ કરવાથી વ્રણનું શોધન થઈ ભરાય છે તથા તેનું સેવન કરવાથી ઉલટી, કુષ્ટ પિત્ત, અને કફ તથા કૃમિરોગનો નાશ થાય છે. ૫

(ગૃધ્રસી વાયુ ઉપર મહાનિંબ કલ્ક.)

महानिंबजटाकल्को गृध्रसीनाशनः स्मृतः ॥ ६ ॥

બકાયન લિંબડાના મૂળનો કલ્ક કરી પાણી સાથે મેળવી પીવાથી ગૃધ્રસી વાયુ વિકાર અને બાદી વગેરે દરદોનો નાશ કરે છે. ૬

(વાયુ અને વિષમ જ્વર ઉપર રસોન કલ્ક.)

शुद्धकल्को रसोनस्य तिलतैलेन मिश्रितः ॥
वातरोगान् जयेत्तीव्रान् विषमज्वरनाशनः ॥ ७ ॥

શુદ્ધ લસણનો કલ્ક કરી તેમાં તલનું તેલ મેળવી પીવાથી દારૂણ વાત રોગ તથા વિષમ જ્વરનો નાશ કરે છે. ૭

(વાતરોગ ઉપર રસોન કલ્ક બીજો.)

पक्कंदरसोनस्य गुलिका निस्तुषीकृता ॥
पाटयित्वा च मध्यस्थं दूरीकुर्यात्तदंकुरं ॥ ८ ॥
तदुग्रगंधनाशाय रात्रौ तक्रे विनिक्षिपेत् ॥
अपनीय च तन्मध्याच्छिलायां पेषयेत्ततः ॥ ९ ॥
तन्मध्ये पंचमांशेन चूर्णमेषां विनिक्षिपेत् ॥
सौवर्चलं यवानी च भर्जितं हिंगुसैंधवम् ॥ १० ॥
कटुत्रिकं जीरकं च समभागानि चूर्णयेत् ॥
एकीकृत्य ततः सर्वं कल्कं कर्षप्रमाणतः ॥ ११ ॥
खादेदग्निबलापेक्षी ऋतुदोषाद्यपेक्षया ॥
अनुपानं ततः कुर्यादेरंडशृतमन्वहम् ॥ १२ ॥
सर्वांगैकांगजं वातमर्दितं चापतंत्रकम् ॥

अपस्मारमथोन्मादमूरुस्तंभं च गृध्रसीम् ॥ १३ ॥
उरःपृष्ठकटीपार्श्वकुक्षिपीडां क्रमीन्जयेत् ॥
अजीर्णमातपं रोषमतिनीरं पयो गुडम् ॥ १४ ॥
रसोनमश्नन् पुरुषस्त्यजेदेतन्निरंतरं ॥
मद्यं मांसं तथाम्लं च रसं सेवेत नित्यशः ॥ १५ ॥

સંપૂર્ણ પાકેલા લસણની કળીને છોલી ફોતરાં કહાડી નાખી તેની વાસના દૂર કરવા સારૂ રાત્રિએ છાશમાં પલાળી રાખવી. સવારમાં તેને છાશમાંથી કહાડી પત્થર ઉપર બારીક વાટી કલ્ક કરવો. પછી સંચળ, અજમોદ, શેકેલી હીંગ, સિંધાલૂણ, શુંઠ, કાળાં મરી, લીંડીપીપર અને જીરૂ એ આઠે વસ્તુઓ સમભાગે લઇ તેનું ચૂર્ણ કરવું. પછી કલ્કના પાંચમા ભાગનું તેમાં ચૂર્ણ મેળવવું. પછી તેમાં એરંડાનો ક્વાથ એક તોલો મેળવી પોતાની શક્તિ અને દેશ કાળ અનુસાર સેવન કરવાથી, સર્વાંગ વાયુ, એકાંગ વાત, અર્દિત વાયુ, ધનુર્વાત, મૃગી, ઉન્માદ, ઉરૂસ્તંભ વાયુ, ગૃધ્રસી વાયુ, ઉર,કેડ, તથા પાર્શ્વશૂળ અને કૃમિરોગનો નાશ કરે છે. આ કલ્કનું સેવન કરનારાએ, અજીર્ણ થાય તેવા પદાર્થો, તડકામાં ફરવું, ક્રોધ કરવો, બહુજ પાણી પીવું, દૂધ, ગોળ વગેરે પદાર્થોનો ત્યાગ કરવો; કારણ તે પદાર્થો નુકસાનકારક છે. ૮-૧૫

(ઉરૂસ્તંભ ઊપર પિપ્પલ્યાદિ કલ્ક.)

पिप्पली पिप्पलीमूलं भल्लातकफलानि च ॥
एतत्कल्कश्च सक्षौद्र ऊरुस्तंभनिवारणः ॥ १६ ॥

લીંડી પીપર, પીપરીમૂળ અને ભિલામું એ ઔષધોના કલ્કમાં મધ મેળવી પીવાથી ઉરૂસ્તંભ વાયુનો નાશ થાય છે. ૧૬

(પરિણામ શૂળ ઊપર વિષ્ણુક્રાંતા કલ્ક.)

विष्णुक्रांताजटाकल्कः सिताक्षौद्रघृतैर्युतः ॥
परिणामभवं शूलं नाशयेत्सप्तभिर्दिनैः ॥ १७ ॥

વિષ્ણુક્રાન્તાના મૂળ, (કાળી ગરણી)નો કલ્ક કરી તેમાં સાકર, મધ અને ઘી મેળવી સાત દિવસ સેવન કરવાથી પરિણામ શૂળનો નાશ થાય છે. ૧૭

(પરિણામ શૂળ ઊપર શુંઠનો કલ્ક.)

शुंठीतिलगुडैः कल्कं दुग्धेन सह योजयेत् ॥
परिणाम भवं शूल्मामवातं विनाशयेत् ॥ १८ ॥

શુંઠ અને તલ સમાન ભાગે લેવાં અને તેમાં બન્નેના વજન જેટલો ગોળ મેળવી તેનો કલ્ક કરવો. પછી તેમાં ચારગણું દૂધ મેળવી સેવન કરવાથી પરિણામ શૂળ તથા આમ વાતનો નાશ થાય છે. (અન્નપાચન વખતે જે શૂળ નીકળે છે તેને પરિણામ શૂળ કહેવામાં આવે છે.) ૧૮

(રક્તાર્શ ઊપર અપામાર્ગ કલ્ક.)

अपामार्गस्य बीजानां कल्कस्तंडुलवारिणा ॥
पीतो रक्तार्शसां नाशं कुरुते नात्र संशयः ॥ १९ ॥

અપામાર્ગ (અંધાડા) નાં બીયાંનો કલ્ક કરી તેમાં ચારગણું ચોખાનું ધોણુ મેળવી પીવાથી રક્તાર્શ કે મૂળવ્યાધિ નાશ થાય છે. ૧૯

(રક્તાતિસાર ઊપર બદરીમૂળ કલ્ક.)

बदरीमूलकल्केन तिलकल्कश्च योजितः ॥
मधुक्षीरयुतः कुर्याद् रक्तातीसारनाशनः ॥ २० ॥

બોરડીનાં મૂળ અને તલનો જુદો જુદો કલ્ક બનાવી તે બેઉને મિશ્ર કરી તે કલ્કમાં મધ અને ગાય કે બકરીનું દૂધ મેળવી સેવન કરવાથી રક્તાતિસાર નાશ પામે છે. ૨૦

(રક્ત ક્ષયાદિ ઊપર લાક્ષા કલ્ક.)

कूष्मांडकरसोपेतां लाक्षां कर्षद्वयं पिबेत् ॥
रक्तक्षयमुरोघातं क्षयरोगं च नाशयेत् ॥ २१ ॥

બોરડી અથવા પિંપળાની બે તોલા લાખ લઇ તેનો કલ્ક બનાવી તેમાં ચારગણો ભૂરા કોળાનો રસ મેળવી પીવાથી રક્ત ક્ષયાદિ વ્યાધિનો નાશ થાય છે. ૨૧

(રક્ત પ્રદર ઊપર તંદુલીય કલ્ક.)

तंदुलीयजटाकल्कः सक्षौद्रः सरसांजनः ॥
तंदुलोदकसंपीतो रक्तप्रदरनाशनः ॥ २२ ॥

તાંદળજાનાં મૂળનો કલ્ક બનાવી તેમાં મધ, રસવંતી અને ચોખાનું ધોણુ મેળવી પીવાથી રક્ત પ્રદરનો રોગ નાશ પામે છે. ૨૨

(અતિસાર ઉપર અંકોલ કલ્ક.)

अंकोलमूलकल्कश्च सक्षौद्रस्तंदुलांबुना ॥
अतिसारहरः प्रोक्तस्तथा विषहरः स्मृतः ॥ २३ ॥

અંકોલના મૂળનો કલ્ક બનાવી તેમાં મધ અને ચોખાનું ધોણ મેળવી સેવન કરવાથી અતિસારનો નાશ થાય છે તથા દરેક પ્રકારનાં વિષ ઉતરે છે. ૨૩

(વિષ ઉપર કર્કોટીનો કલ્ક.)

वंध्या कर्कोटिकामूलं पाटलाया जटाथवा ॥
घृतेन बिल्वमूलं वा द्विविधं नाशयेद्विषम् ॥ २४ ॥

વાંઝણી કંટોલીનું મૂળ, પાટલનાં મૂળ અને બીલીનાં મૂળ એ ત્રણ મૂળમાંથી જે મળે તેનો કલ્ક બનાવી તેમાં ઘી મેળવી સેવન કરવાથી વચ્છનાગનું ઝેર અને સર્પાદિ પ્રાણીનું ઝેર ઉતરી જાય છે. ૨૪

(દીપન પાચન ઉપર અભયાદિ કલ્ક)

अभयासैंधवकणाशुंठीकल्कस्त्रिदोषहा ॥
पथ्यासैंधवशुंठीभिः कल्को दीपनपाचनः ॥ २५ ॥

મોટી હરડે, સિંધાલૂણ, લીંડીપીપર અને શુંઠ એ ઔષધોનો કલ્ક ખાવાથી વાત, પિત્ત. કફ પ્રકોપનો નાશ થાય છે. તેમજ નાની હરડે, સિંધાલૂણ અને શુંઠ એ ઔષધોનો કલ્ક કરી પીવાથી દીપન પાચન થાય છે અને અગ્નિ પ્રદીપ્ત થાય છે. ૨૫

(કૃમિરોગ ઉપર ત્રિવૃતાદિ કલ્ક.)

त्रिवृत्पलाशबीजानि पारसीययवानिका ॥
कंपिल्लकं विडंगं च गुडश्च समभागकः ॥ २६ ॥
तक्रेण कल्कमेतेषां पिबेत् कृमिगणापहम् ॥

નસોતર, પલાસનાં બીજ, કરમાણી અજમો, કપિલો અને વાવડિંગ એ ઔષધોનું ચૂર્ણ કરી તેમાં તેટલાજ વજનથી ગોળ મેળવી તેનો કલ્ક કરી છાશ મેળવી સેવન કરવાથી કૃમિરોગનો નાશ થાય છે. ૨૬

(રક્તાર્શ ઉપર નવનીત કલ્ક.)

नवनीततिलैः कल्को जेता रक्तार्शसां स्मृतः ॥ २७ ॥
नवनीतसितानागकेसरैश्चापि तद्विधः ॥

તલને માખણમાં કલ્ક કરી તેનું સેવન કરવાથી અથવા નાગકેસરને બારીક વાટી તેને માખણ અને સાકરમાં કલ્ક બનાવી સેવન કરવાથી રક્તાર્શનો રોગ નાશ પામે છે. ૨૭

(સંગ્રહણી ઉપર મસૂરનો કલ્ક.)

पीतो मसूरयूषेण कल्कः शुंठीशलाटुजः
जयेत्संग्रहणी तद्वत् तक्रेण बृहती भवः ॥ २८ ॥

इति श्रीदामोदरसूनुशार्ङ्गधरेण विरचितायां संहितायां चिकित्सास्थाने कल्ककल्पनाध्यायः पंचमः ॥

શુંઠ અને બિલી એ બેઉનો કલ્ક બનાવી મસૂરના યૂષ સાથે મેળવી પીવાથી સંગ્રહણીનો રોગ નાશ પામે છે તે પ્રમાણે મોટી રીંગણીના ફળનો કલ્ક બનાવી છાશ સાથે મેળવી પીવાથી સંગ્રહણીનો વ્યાધી નાશ થાય છે. ૨૮

ઇતિ શ્રી શારંગધર સંહિતાના મધ્યખંડના પાંચમા અધ્યાયનું પૂર્ણચંદ્ર શર્માકૃત ગુજરાતી ભાષાંતર સમાપ્ત.

અધ્યાય ૬ ઠ્ઠો.

(ચૂર્ણ બનાવવાની રીતિ.)

अत्यंतशुष्कं यद्द्रव्यं सुपिष्टं वस्त्रगालितम् ॥
तत्स्याच्चूर्णरजः क्षोदस्तन्मात्रा कर्षसंमिता ॥ १ ॥
चूर्णे गुडः समोदेयः शर्करा द्विगुणा भवेत् ॥
चूर्णेषु भर्जितं हिंगु देयं नोत्क्लेदकृद्भवेत् ॥ २ ॥
लिहेच्चूर्णं द्रवैः सर्वैर्घृताद्यैर्द्विगुणोन्मितैः ॥
पिबेच्चतुर्गुणैरेव चूर्णमालोडितं द्रवैः ॥ ३ ॥

चूर्णावलेहगुटिकाकल्कानामनुपानकम् ॥
वातपित्तकफोद्रेके त्रिद्व्येकपलमाहरेत् ॥ ४ ॥
यथा तैलं जलंमाप्तं क्षणेनैव मसर्पति ॥
स्वनुपानबलादंगे तथा सर्पति भेषजं ॥ ५ ॥
द्रवेण यावता सम्यक् चूर्ण सर्वं प्लुतं भवेत् ॥
भावनायाः प्रमाणं तु चूर्णे प्रोक्तं भिषग्वरैः ॥ ६ ॥

શુદ્ધ સુકાયેલી વનસ્પતિને બારીકખાંડી તેને કપડેથી છાણી લેવી તેને ચૂર્ણ કહે છે. તેનાં બે નામ છે એક રજ અને બીજું ક્ષોદ, તે ખાવાની માત્રા એક કર્ષ અર્થાત્ એક તોલાની સમજવી. જો ચૂર્ણમાં ગોળ મેળવવો હોય તો સમભાગે લેવો. સાકર મેળવવી હોય તો બમણી લેવી. હીંગ મેળવવી હોય તો ઘીમાં શેકીને મેળવવી જેથી હુબકા ન આવે. જો ઘી, મધ વગેરે ચીકાશવાળા પદાર્થો મેળવવા હોય તો ચૂર્ણથી બમણા પ્રમાણમાં લેવા. દૂધ ગૌમૂત્ર, પાણી વગેરે પાતળી વસ્તુ નાખવી હોય તો ચારગણી લેવી. ચૂર્ણ, ગુટિકા, અવલેહ અને કલ્કમાં જે અનુપાન મેળવવાનું હોય તે પિત્તરોગ ઉપર ત્રણ પલ નાખવું, વાતરોગ ઉપર બે (૮ તોલા) પલના અનુમાનથી લેવું અને કફ રોગમાં એક પલ સુધી આપવું. જેમ પાણીમાં તેલનું બિંદુ નાખવાથી ફેલાઇ જાય છે તેમ અનુપાનના યોગથી ઔષધિ આખા શરીરમાં ફેલાઇ ફાયદો કરે છે. ચૂર્ણને લીંબુના રસ કે બીજી કોઈ વનસ્પતિના રસની ભાવના આપવી હોય તો ચૂર્ણને રસમાં ડુબાડી ખરલ કરવો તેનું નામ ભાવના કહેવાય છે. એ પ્રમાણે દરેક ચૂર્ણો બનાવવાની રીત સમજવી. ૧-૬

(સર્વ જ્વરો ઉપર આમલકયાદિ ચૂર્ણ.)

आमलं चित्रकः पथ्या पिप्पली सैंधवं तथा ॥
चूर्णितोऽयं गणो ज्ञेयः सर्वज्वरविनाशनः ॥ ७ ॥
भेदी रुचिकरः श्लेष्मजेता दीपनपाचनः ॥

આંમળાં, ચિત્રકની છાલ, મોટી હરડે, લીંડીપીપર અને સિંધાલૂણ એ ઔષધો સમાન ભાગે લઇ તેનું ચૂર્ણ બનાવી સેવન કરવા. થી સંપૂર્ણ જ્વર નાશ પામે છે, તેમજ કફનો નાશ કરે છે, અન્ન પાચન કરે છે અને અગ્નિ પ્રદિપ્ત કરી રૂચિ પેદા કરે છે. ૭

(જ્વર ઉપર પિપ્પલી ચૂર્ણ.)

मधुना पिप्पलीचूर्णं लिहेत्कासज्वरापहम् ॥ ८ ॥
हिक्काश्वासहरं कंठ्यं प्लीहघ्नं बालकोचितम् ॥

એક માસા લીંડીપીપરના ચૂર્ણને મધમાં મેળવી સેવન કરવાથી ખાંસી, જ્વર,, હેડકી, પ્યાસ વગેરે દૂર થાય છે, તથા કંઠને હિતકારી છે. પ્લીહાનો નાશ કરે છે, તથા બાળકોને પણ ગુણકારી છે. ૮

(જ્વર ઉપર ત્રિફળાનું ચૂર્ણ.)

एका हरीतकी योज्या द्वौ च योज्यौ बिभीतकौ ॥९॥
चत्वार्यामलकान्येव त्रिफलैषा प्रकीर्तिता ॥
त्रिफला शोथमेहघ्नी नाशयेद्विषमज्वरान् ॥ १० ॥
दीपनी श्लेष्मपित्तघ्नी कुष्टहंत्री रसायनी ॥
सर्पिर्मधुभ्यां संयुक्ता सर्वं नेत्रामयान् जयेत् ॥ ११ ॥

૧ હરડે, ૨ બહેડાં, અને ૪ આંમળાનું ચૂર્ણ બનાવવું તેને ત્રિફળા કહે છે તેનું સેવન કરવાથી પ્રમેહ, શોથ, વિષમજ્વર, કફ, પિત્ત અને કુષ્ટ રોગનો નાશ કરે છે, તથા અગ્નિ પ્રદિપ્ત કરે છે આ ત્રિફળા રસાયની છે. ત્રિફળાના ચૂર્ણમાં ઘી અને મધ મેળવી ખાવાથી નેત્ર રોગનો નાશ કરે છે. ૯-૧૧

(કફ પ્રકોપ ઉપર ત્ર્યૂષણ ચૂર્ણ.)

पिप्पली मरिचं शुठी त्रिभिरुयूषणमुच्यते ॥
दीपनं श्लेष्ममेदोघ्नं कुष्टपीनसनाशनम् ॥ १२ ॥
जयेदरोचकं सामं मेहगुल्मगलामयान् ॥

લીંડીપીપર, કાળાંમરી, અને શુંઠ એ ઔષધોના ચૂર્ણને ત્ર્યૂષણ ચુર્ણ કહેવામાં આવે છે તેનું સેવન કરવાથી અગ્નિ પ્રદિપ્ત થાય છે. કફ, મેદ, કુષ્ટ, પીનસ, અરૂચિ, આમ વાયુ, પ્રમેહ, ગોળો અને કંઠ રોગનો નાશ કરે છે. ૧૨

(અરૂચિ ઉપર પંચકોલ ચૂર્ણ.)

पिप्पलीचव्यविश्वाह्वपिप्पलीमूल चित्रकैः ॥ १३ ॥
पंचकोलमितिख्यातं रुच्यपाचनदीपनम् ॥

आनाहप्लीहगुल्मघ्नशूलश्लेष्मोदरापहम् ॥ १४ ॥

લીંડીપીપર, ચવક, શુંઠ, પીપરીમૂળ, અને ચિત્રકની છાલ એ ઓષધોને પંચકોલ કહે છે, તેનું ચૂર્ણ બનાવી સેવન કરવાથી આફરો પ્લીહા, ગોળો, શૂળ, કફ, અને ઉદરરોગનો નાશ કરે છે તથા દીપન અને પાચન કરે છે. ૧૩-૧૪

(ત્રિગંધ તથા ચતુર્જાત ચૂર્ણ.)

त्रिगंधमेलात्वक्पत्रैश्चतुर्जातं सकेसरैः ॥
त्रिगंधं स चतुर्जातं रूक्षोष्णं लघु पित्तकृत् ॥ १५ ॥
वर्ण्यं रुचिकरं तीक्ष्णं पित्तश्लेष्मामयान् जयेत् ॥

એલચી, તજ અને તમાલપત્ર એ ઓષધોને ત્રિગંધ કહેવામાં આવે છે. ઉપરની ત્રણે વસ્તુમાં નાગકેશર મેળવવાથી તેને ચતુર્જાત કહેવામાં આવે છે. તે બેઉ ચૂર્ણો રૂક્ષ, ગરમ, હલકાં, કાંતિ વધારનાર, રુચિકર, તીક્ષણ અને પિત્ત કફ સંબંધી દરદોનો નાશ કરનારાં છે. ૧૫

(બાળકોના જ્વરાતિસાર ઉપર કૃષ્ણાદિ ચૂર્ણ)

कृष्णारुणामुस्तकश्रृंगीकानां तुल्येन चूर्णेन समाक्षिकेण १६
ज्वरातिसारः प्रशमं प्रयाति सश्वासकासः सवमिः शिशूनाम्

લીંડીપીપર, અતિવિષની કળી, નાગરમોથ અને કાકડાશિંગી એ ઓષધોના ચૂર્ણમાં મધ મેળવી બાળકોને ચટાડવાથી શ્વાસ, ખાંસી, ઉલટી આદિ ઉપદ્રવોયુક્ત જ્વરાતિસારનો નાશ થાય છે. ૧૬

(જીવનીયગણ ચૂર્ણ અને તેના ગુણ.)

काकोली क्षीरकाकोली जीवकर्षभकौ तथा ॥ १७ ॥
मेदा चान्या महामेदा जीवंती मधुकं तथा ॥
मुद्गपर्णी माषपर्णी जीवनीयो गणस्त्वयम् ॥ १८ ॥
जीवनीयो गणः स्वादुर्गर्भसंधानकृत् गुरुः ॥
स्तन्यकृद् बृंहणोः वृष्य स्निग्धः शीतस्तृषापहः ॥ १९ ॥
रक्तपित्त क्षतं शोषं ज्वरदाहानिलान् जयेत् ॥

કાકોલી (આસગન્ધ) ક્ષીર કાકોલી, ભોંય કોળું, ઋષભક, સતા-

વરી, મહામેદા, મીઠી ખરખોડી (ડોડી), જેઠીમધ, જંગલી મગ, જંગલી અડદ એ ઔષધોના સમુદાયને જીવનીયગણ કહે છે. તેના ચૂર્ણનું સેવન ગર્ભસ્થાપક, મધુર, ભારે, સ્તનમાં દૂધ ઉત્પન્ન કરનાર, શરીરને પુષ્ટ કરનાર, સ્નિગ્ધ અને શીતળ છે, તથા પ્યાસ, રક્તપિત્ત, ક્ષય, શોષ, જ્વર, દાહ અને વાયુનો નાશ કરે છે. ૧૭-૧૯

(અષ્ટ વર્ગ અને તેના ગુણ.)

द्वे मेदे द्वे च काकोल्यौ जीवकर्षभकौ तथा ॥ २० ॥
ऋद्धिर्वृद्धिश्च तैः सर्वैरष्टवर्ग उदाहृतः ॥
अष्टवर्गो बुधैः प्रोक्तो जीवनीयसमो गुणैः ॥ २१ ॥

શતાવરી, મહામેદા, કાકોલી (આસગન્ધ), ક્ષીર કાકોલી, ભોંય કોળું, ઋષભક, ઋદ્ધિ (ડુક્કરકંદ) અને વૃદ્ધિ એ આઠ ઔષધો (મળવાં મુશ્કેલ છે કારણ તે કાબુલ, કાસ્મિર આદિ દેશોમાં થાય છે અથવા હિમાલય પહાડમાં મળી શકે છે. તેવા કારણથી તેના અભાવમાં નીચે પ્રમાણે ઔષધો લેવાં. શતાવરી, અને મહામેદાના અભાવમાં જેઠીમધ, કાકોલી અને ક્ષીર કાકોલીને બદલે આસગન્ધ, જીવક અને ઋષભકને બદલે વિદારી કંદ, તથા ઋદ્ધિ અને વૃદ્ધિના બદલામાં વારાહી કન્દ લેવું તે) ને અષ્ટ વર્ગ કહે છે. તેના ગુણ જીવનીયગણની સમાન જાણવા. ૨૦-૨૧

(લવણ પંચક ચૂર્ણ તથા તેના ગુણ.)

सिंधुसौवर्चलं चैव बिडं सामुद्रिकं गुडम् ॥
एकद्वित्रिचतुःपंचलवणानि क्रमाद्विदुः ॥ २२ ॥
तेषु मुख्यं सैंधवं स्यादनुक्ते तत्प्रयोजयेत् ॥
सैंधवाद्यं रोमकांतं ज्ञेयं लवणपंचकम् ॥ २३ ॥
मधुरं सृष्टविण्मूत्रं स्निग्धं सूक्ष्मं बलापहम् ॥
वीर्योष्णं दीपनं तीक्ष्णं कफपित्तविवर्धनम् ॥ २४ ॥

સિંધાલૂણ, સંચળ, બિડલવણ, સમુદ્રલવણ, અને વડાગરૂં મીઠું એ પાંચે લૂણને પંચ લવણ કહે છે. એ પાંચેમાં સિંધાલૂણ ઉત્તમ છે. જ્યાં માત્ર લવણ લેવાનું લખ્યું હોય ત્યાં સિંધાલૂણ સમજવું. એ લવણના ઉપયોગમાં પ્રથમ લવણ લખ્યું હોય તો પાંચમાંનું પહેલું જાણવું, બે લવણ હોય તો, પહેલામાંનાં બે, ત્રણ હોય

तो, पहेलामांथी त्रण, चार लवण होय तो, पहेलामांथी चार अने पांच लवण होय तो पांचे समजवां–एने लवण पंचक कहेवामां आवे छे. ए मधुर छे, अग्नि प्रदिप्त करे छे, मळ मूत्र साफ लावे छे. तीक्षण तथा कफ पित्त वधारनार छे. २२–२४

(गुल्मादि उपर क्षार.)

स्वर्जिका यावशूकश्च क्षारयुग्ममुदाहृतं ॥
ज्ञेयौ वह्निसमौ क्षारौ स्वर्जिकायावशूकजौ ॥ २५ ॥
क्षाराश्चान्येपिगुल्मार्शोग्रहणीरुक्छिदः सराः ॥
पाचनाः कृमिपुंस्त्वघ्नाः शर्कराश्मरिनाशनाः ॥२६ ॥

साजीखार अने जवखार बेउ अग्नि समान पाचक छे अने तेने क्षार–युग्म कहेवामां आवे छे. तथा आंमली, अंघाडो, केळां, अमलतास आदि क्षारो गोळो, अर्श अने संग्रहणीने मटाडे छे तथा अग्नि प्रदिप्त करे छे. कृमिना विकार अने पथरीनो नाश करे छे. २५–२६

(सर्वज्वर उपर सुदर्शन चूर्ण.)

त्रिफला रजनीयुग्मं कंटकारीयुगं सटी ॥
त्रिकटु ग्रंथिकं मूर्वा गुडूची धन्वयासकः ॥ २७ ॥
कटुका पर्पटो मुस्तं त्रायमाणा च वालकम् ॥
निंबः पुष्करमूलं च मधुयष्टी च वत्सकं ॥ २८ ॥
यवानींद्रयवो भार्गी शिग्रुबीजं सुराष्ट्रजा ॥
वचात्वक् पद्मकोशीरचंदनातिविषाबलाः ॥ २९ ॥
शालपर्णी पृष्टीपर्णी विडंगं तगरं तथा ॥
चित्रको देवकाष्ठं च चव्यपत्रं पटोलजम् ॥ ३० ॥
जीवकर्षभकौ चैव लवंगं वंशलोचना ॥
पुंडरीकं च काकोलीपत्रकं जातिपत्रकम् ॥ ३१ ॥
तालीसपत्रं च तथा समभागानि चूर्णयेत् ॥
सर्वचूर्णस्य चार्धांशं कैरातं प्रक्षिपेत्सुधीः ॥ ३२ ॥
एतत्सुदर्शन नाम चूर्णं दोषत्रयापहम् ॥

ज्वरांश्च निखिलान् हन्यात् नात्र कार्या विचारणा ३३
पृथक् द्वंद्वागंतुजांश्च धातुस्थान् विषमज्वरान् ॥
सन्निपातोद्भवांश्चापि मानसानपि नाशयेत् ॥ ३४ ॥
शीतज्वरैकाहिकादीन् मोहं तंद्रां भ्रमं तृषाम् ।
श्वासं कासं पांडुतां च हृद्रोगं हंति कामलाम् ॥ ३५ ॥
त्रिकपृष्ठकटीजानुपार्श्वशूलनिवारणम् ॥
शीतांबुना पिबेद्धीमान् सर्वज्वरनिवृत्तये ॥ ३६ ॥
सुदर्शनं यथा चक्रं दानवानां विनाशनम् ॥
तद्वज्ज्वराणां सर्वेषामिदं चूर्णं प्रणाशनम् ॥ ३७ ॥

ત્રિફળા, હળદર, દારૂહલદર, બેઉ જાતની રીંગણી, કચૂર, શુંઠ, મરી, લીંડી પીપર, પીપરીમૂળ, મૂર્વા (મોરવેલ,) ગળો, ધમાસો કડુ, પિત્તપાપડો, નાગરમોથ, ત્રાયમાણ, નેત્રવાળો, લીંમડાની છાલ, પોકરમૂળ, જેઠીમધ. કડાછાલ, અજમો, ઇન્દ્રજવ, ભારીંગ, સરગવાનાંબીજ, ફટકડી, વજ, તજ, પદ્મકનું લાકડું, ચંદન, અતિવિષનીકળી, ખરેંટીનાંમૂળ, શાલપર્ણી, પૃષ્ટપર્ણી, વાવડિંગ, તગર, ચિત્રકની છાલ, દેવદાર, ચવક, પટોલનાં પાંદડાં, જીવક (ભોંયકોળું) ઋષભક, લવિંગ વંશલોચન, ઘોળું કમળ, કાકોલી (આસગન્ધ), તમાલપત્ર, જાવંત્રી, અને તાલીસ પત્ર, એ તમામ ઔષધો સરખે ભાગે લેવાં. પછી તે બધાં ઔષધોના વજનથી અરધું કરિયાતુ મેળવી તેનું ચૂર્ણ કરવું તેને સુદર્શન ચૂર્ણ કહેવામાં આવે છે. આ ચૂર્ણને ટાઢા પાણી સાથે સેવન કરવાથી વાત, પિત્ત, કફ, દ્વંદ, સન્નિપાત યુક્ત જ્વર, વિષમજ્વર, આગંતુકજ્વર, ધાતુજન્યજ્વર, માનસજ્વર, શીતજ્વર, ઐકાહિકજ્વર, ઇત્યાદિ સંપૂર્ણ જ્વર, મોહ, તંદ્રા, ભ્રમ, તૃષા, શ્વાસ, ખાંસી, પાન્ડુરોગ, હૃદયરોગ, કમળો, ત્રિક, પીઠ, જાનુ, પાર્શ્વ આદિનાં શૂળો વગેરે રોગોનો નાશ કરે છે. જેમ સુદર્શન ચક્ર દૈત્યોનો નાશ કરે છે તેમ આ સુદર્શન ચૂર્ણ સર્વ પ્રકારના જ્વરોનો નાશ કરે છે. ૨૭-૩૭

(શ્વાસ ખાંસી ઉપર ત્રિફળા પિપ્પળી ચૂર્ણ.)

कासश्वासज्वरहरा त्रिफला पिप्पलीयुता ॥

चूर्णिता मधुना लीढा भेदिनी चाग्निबोधिनी ॥ ३८ ॥

ત્રિફળા અને લીંડી પીપરનું ચૂર્ણ બનાવી તેને મધની સાથે ચાટવાથી દસ્તસાફ આવે છે તથા અગ્નિ પ્રદિપ્ત થાય છે અને શ્વાસ, ખાંસી તથા જ્વરનો નાશ કરે છે. ૩૮

(જ્વરો ઉપર કટ્ફલાદિ ચૂર્ણ.)

कट्फलं मुस्तकं तिक्ता शुंठी शृंगी च पौष्करम् ॥
चूर्णमेषां च मधुना शृंगबेररसेन च ॥ ३९ ॥
लिहेज्ज्वरहरं कंठ्यं कासश्वासारुचीर्जयेत् ॥
वायुं छर्दिं तथा शूलं क्षयं चैव व्यपोहति ॥ ४० ॥

કાયફળ, નાગરમોથ, કડુ, શુંઠ, કાકડાશિંગી, અને પુષ્કર મૂળ, એ ઔષધોનું ચૂર્ણ કરી તેને મધ અને આદાના રસની સાથે સેવન કરવાથી જ્વર, ખાંસી, શ્વાસ, અરૂચિ, બાદી, ઉલટી, શૂળ અને ક્ષય વગેરે રોગોનો નાશ થાય છે. ૩૯—૪૦

(કફશૂળ ઉપર કટ્ફલાદિ ચૂર્ણ.)

कट्फलं पौष्करं शृंगी मुस्तकं त्रिकटुकं शठी ॥
समस्तान्येकशो वापि सूक्ष्मचूर्णानि कारयेत् ॥ ४१ ॥
आर्द्रकैस्वरसक्षौद्रौर्लिह्यात्कफविनाशनम् ॥
शूलानिलारुचिच्छर्दिकासश्वासक्षयापहम् ॥ ४२ ॥

કાયફળ, પુષ્કરમૂળ, કાકડાશિંગી, નાગરમોથ, શુંઠ, મરી, લીંડી પીપર અને કચૂરો એ ઔષધોનું બારીક ચૂર્ણ બનાવી તેને આદાના રસની સાથે અગર મધની સાથે મેળવી સેવન કરવાથી કફશૂળ, બાદી, અરૂચિ, ઓકારી, ખાંસી, શ્વાસ અને ક્ષય વગેરે રોગોનો નાશ કરે છે. ૪૧—૪૨

(કફાદિ ઉપર કટ્ફલાદિ ચૂર્ણ.)

कट्फलं पौष्करं कृष्णा शृंगी च मधुना सह ॥
श्वासकासज्वरहरः श्रेष्ठो लेहः कफांतकृत् ॥ ४३ ॥

કાયફળ, પુષ્કરમૂળ, લીંડીપીપર, અને કાકડાશિંગી એ ઔષધોનું ચૂર્ણ કરી તેને મધમાં ચાટવાથી શ્વાસ, ખાંસી, અને કફજ્વરનો નાશ થાય છે.

(બાળકોના કાસજ્વર ઉપર શૃંગ્યાદિ ચૂર્ણ.)

श्रृंगी प्रतिविषा कृष्णा चूर्णिता मधुना लिहेत् ॥
शिशोः कासज्वरच्छर्दिशांत्यै वा केवला विषा ॥४४॥

કાકડાશિંગી, અતિવિષની કળી, અને લીંડીપીપર એ ઔષધોનું ચૂર્ણ બનાવી તેમાં મધ મેળવી બાળકોને ચટાડવાથી, અથવા માત્ર અતિવિષની કળીનું ચૂર્ણ કરી મધની સાથે ચટાડવાથી, ખાંસી, જ્વર અને ઉલટી આદિ દરદો નાશ પામે છે. ૪૪

(બાળકોની પાંચ પ્રકારની ખાંસી ઉપર યવક્ષારાદિ ચૂર્ણ.)

यवक्षारविषा श्रृंगी मागधीपौष्करोद्भवम् ॥
चूर्णं क्षौद्रयुतं लीढं पंच कासान् जयेच्छिशोः ॥ ४५ ॥

જવખાર, અતિવિષની કળી, કાકડાશિંગી, લીંડીપીપર, અને પુષ્કરમૂળ, એ ઔષધોનું ચૂર્ણ બનાવી તેની સાથે મધ મેળવી બાળકને સેવન કરાવવાથી પાંચે જાતની ખાંસી નાશ પામે છે. ૪૫

(આમાતિસાર ઉપર શુંઠયાદિ ચૂર્ણ.)

शुंठीमतिविषाहिंगुमुस्ताकुटजचित्रकैः ॥
चूर्णमुष्णांबुना पीतमामातीसारनाशन् ॥ ४६ ॥

શુંઠ, અતિવિષની કળી, હીંગ, નાગરમોથ, ઇન્દ્રજવ અને ચિત્રકની છાલ એ ઔષધોનું ચૂર્ણ બનાવી તેને ચારગણા ગરમ પાણી સાથે મેળવી પીવાથી આમાતિસારનો નાશ થાય છે. ૪૬

(આમાતિસાર ઉપર હરીતકયાદિ ચૂર્ણ.)

हरीतकी प्रतिविषा सिंधुसौवर्चलं वचा ॥
हिंगु चेति कृतं चूर्णं पिबेदुष्णेन वारिणा ॥ ४७ ॥
आमातिसारशमनं ग्राहि चाग्निप्रबोधनम् ॥

મોટી હરડે, સિન્ધાલૂણ, સંચળ, વજ, શેકેલી હીંગ, અને અતિવિષની કળી એ ઔષધોનું ચૂર્ણ બનાવી ગરમ જળની સાથે પીવાથી આમાતિસારનો નાશ, તથા જઠરા પ્રદિપ્ત થાય છે. ૪૭

(સર્વાતિસાર ઊપર લઘુ ગંગાધર ચૂર્ણ.)

मुस्तामिंद्रयवं बिल्वं लोध्रं मोचरसं तथा ॥ ४८ ॥
धातकीं चूर्णयेत्तक्रगुडाभ्यां पाययेत्सुधीः ॥
सर्वातिसारशमनं निरुणद्धि प्रवाहिकाम् ॥ ४९ ॥
लघुगंगाधरं नाम चूर्णं संग्राहकं परम् ॥

નાગરમોથ, ઇન્દ્રજવ, બીલી, લોધર, મોચરસ, અને ધાવડીનાં ફુલ એ તમામ ઔષધોનું ચૂરણ બનાવી તેને છાશ અને ગોળની સાથે મેળવી પીવાથી દરેક જાતના અતિસાર તથા પ્રવાહિકાનું દરદ નાશ થાય છે તથા મળનું અવષ્ટંભ કરે છે આને લઘુ ગંગાધર ચૂરણ કહેવામાં આવે છે ૪૮-૪૯

(સર્વાતિસાર ઊપર વૃદ્ધ ગંગાધર ચૂર્ણ.)

मुस्तारलुकशुंठीभिर्धातकी लोध्रवालकैः ॥ ५० ॥
बिल्वंमोचरसाभ्या च पाठेंद्रयववत्सकैः ॥
आम्रबीजं प्रतिविषा लज्जालुरिति चूर्णितैः ॥ ५१ ॥
क्षौद्रतंदुलपानीयैः पीतैर्याति प्रवाहिका ॥
सर्वातिसारो ग्रहणी प्रशमंयाति वेगतः ॥ ५२ ॥
वृद्धयंगाधरं चूर्णं सरिद्वेगविबंधकम् ॥

નાગરમોથ, અરડુશો, શુંઠ, ધાવડીનાં ફુલ, લોધર, નેત્રવાળો, બીલી, મોચરસ, કાળીપાટ, ઈન્દ્રજવ, કડાછાલ, આંબાની ગોટલી, અતિવિષની કળી, અને રીસામણી, એ તમામ ઔષધેનું ચુરણ બનાવી તેને મધ તથા ચોખાના ધોણુ સાથે મેળવી સેવન કરવાથી, પ્રવાહિકા રોગ, અતિસાર, અને સંગ્રહણીનો જલદીથી નાશ કરે છે આ ચૂરણને વૃદ્ધ ગંગાધર ચૂરણ કહેવામાં આવે છે. ૫૦-૫૨

(અતિસાર ઊપર અજમોદાદિ ચૂર્ણ.)

अजमोदामोचरसं सश्रृंगबेरं सधातकी कुसुमम् ॥५३॥
गोदधिमंथित युक्तं गंगापपि वाहिनीं रुंध्याम् ॥

અજમોદ, મોચરસ, આદુ અને ધાવડીનાં ફુલ, એ તમામ ઔષધોનું ચૂરણ બનાવી તેને ગાયના દહીં સાથે સેવન કરવાથી ભયંકર અતિસારનો રોગ નાશ પામે છે. ૫૩

(સંગ્રહણી ઉપર મરિચ્યાદિ ચુરણ.)

तक्रेण यः पिबेन्नित्यं चूर्णं मरिचसंभवम् ॥ ५४ ॥
चित्रसौवर्चलोपेतं ग्रहणी तस्य नश्यति ॥
उदरप्लीहमंदाग्निगुल्मार्शोनाशनंभवेत् ॥ ५५ ॥

કાળાં મરી, ચિત્રકની છાલ, અને સંચળ એ ઔષધોનું ચુર્ણ બનાવી તેને છાશમાં મેળવી પીવાથી સંગ્રહણી ઉદરરોગ, પ્લીહા, મંદાગ્નિ, ગોળો અને અર્શ વગેરે દરદોનો નાશ કરે છે. ૫૪-૫૫

(સંગ્રહણી ઉપર કપિત્થાષ્ટક ચુર્ણ.)

अष्टौ भागाः कपित्थस्य षड्भागा शर्करा मता ॥
दाडिमं तिन्तिडीकं च श्रीफलं धातकी तथा ॥ ५६॥
अजमोदा च पिप्पल्यः प्रत्येकं स्युस्त्रिभागिकाः ॥
मरिचं जीरकं धान्यं ग्रंथिकं वालकं तथा ॥ ५७ ॥
सौवर्चलं यवानी च चातुर्जातं सचित्रकम् ॥
नागरं चैकभागाः स्युः प्रत्येकं सूक्ष्मचूर्णीतम्॥ ५८ ॥
कपित्थाष्टकसंज्ञं स्याच्चूर्णमेतद्गलामयान् ॥
अतिसारं क्षयं गुल्मं ग्रहणीं च व्यपोहति ॥ ५९ ॥

કોઠ આઠ તોલા, સાકર ૭ તોલા, તથા દાડમના દાણા, આમલી, બીલી, ધાવડીનાં ફુલ, અજમોદ, અને લીંડીપીપર એ છએ ઔષધો ત્રણ ત્રણ તોલા, કાળાં મરી, જીરૂં, ધાણા, પીપરી મૂળના ગંઠોડા, નેત્રવાળો, સંચળ, અજમો, તજ, એલચી, તમાલ પત્ર, નાગકેસર, ચિત્રકની છાલ અને શુંઠ એ તેર ઔષધો એક એક તોલો લેવાં. તે બધાંનું બારીક ચુરણ બનાવવું. આ ચુરણને કપિત્થાષ્ટક કહેવામાં આવે છે, તેનું સેવન કરવાથી કંઠ રોગ, અતિસાર, ગોળો, અને સંગ્રહણી આદિ દરદો નાશ પામે છે. ૫૬—૫૯

(સંગ્રહણી ઉપર દાડિમાષ્ટક ચુરણ.)

दाडिमी द्विपला ग्राह्या खंडा चाष्टपलापि वा ॥
त्रिगंधस्य पलं चैकं त्रिकटु स्यात्पलत्रयम् ॥ ६० ॥
एतदेकीकृतं सर्वं चूर्णं स्याद्दाडिमाष्टकम् ॥

रुचिकृद्दीपनं कंठ्यं ग्राहि कासज्वरापहम् ॥ ६१ ॥

દાડમનાં દાણા બે પલ, સાકર આઠ પલ, એલચી, તજ અને તમાલપત્ર ત્રણે મળી એક પલ, તથા શુંઠ, કાળાં મરી, અને લીંડી પીપર એ એક એક પલ લેવાં. એ બધાંનું ખાંડીને બારીક ચુર્ણ બનાવવું. આ ચુર્ણને દાડિમાષ્ટક ચુર્ણ કહેવામાં આવે છે. તેનું સેવન કરવાથી રૂચિ થાય છે, અગ્નિ પ્રદિપ્ત થાય છે, મલ શુદ્ધિ કરે છે તથા ખાંસી અને જ્વરને મટાડે છે. ૬૦—૬૧

(અતિસાર ઉપર વૃદ્ધ દાડિમાષ્ટક.)

दाडिमस्य पलान्यष्टौ शर्करायाः पलाष्टकम् ॥
पिप्पली पिप्लीमूलं यवानी मरिचं तथा ॥ ६२ ॥
धान्यकं जीरकं शुंठी प्रत्येकं पलसंमितम् ॥
कर्षमात्रा तुगाक्षीरीत्वक्पत्रैलाश्च केसरम् ॥ ६३ ॥
प्रत्येकं कोलमात्राः स्युस्तच्चूर्णं दाडिमाष्टकम् ॥
अतिसारं क्षय गुल्मं ग्रहणीं च गलग्रहम् ॥ ६४ ॥
मंदाग्निं पीनसं कासं चूर्णमेतद्व्यपोहति ॥

દાડમનાં બીજ અને સાકર દરેક આઠ આઠ પલ લેવાં, લીંડી પીપર, પીપરીમૂળ, અજમોદ, કાળાં મરી, ધાણા, જીરૂં, અને શુંઠ એ દરેક એક એક પલ લેવાં, વંશલોચન એક તોલો, તજ, તમાલપત્ર, એલચી, અને નાગકેસર એ દરેક આઠ આઠ માસા લેવાં, એ તમામ ઔષધોનું બારીક ચુર્ણ બનાવવું એને વૃદ્ધ દાડિમાષ્ટક ચુર્ણ કહેવામાં આવે છે. એનું સેવન કરવાથી અતિસાર, ક્ષય, ગુલ્મ, સંગ્રહણી, કંઠરોગ, મંદાગ્નિ, પીનસ અને ખાંસી વગેરે દરદોનો નાશ થાય છે. ૬૨ ૬૪

(અરૂચિ વગેરે રોગો ઉપર તાલીસાદિ ચુર્ણ.)

तालीसं मरिचं शुंठी पिप्पली वंशरोचना ॥ ६५ ॥
एकद्वित्रिचतुः पंचकर्षैर्भागान् प्रकल्पयेत् ॥
एलात्वचोस्तु कर्षार्धं प्रत्येकं भागमावहेत् ॥ ६६ ॥
मृतं वंगं मृतं ताम्रं समभागानि कारयेत् ॥
द्वात्रिंशत्कर्षतुलिता प्रदेया शर्करा बुधैः ॥ ६७ ॥

तालीसाद्यमिदं चूर्णं रोचनं पाचनं स्मृतम् ॥
कासश्वासज्वरहरं छर्द्यतीसारनाशनम् ॥ ६८ ॥
शोषाध्मानहरं प्लीहग्रहणीपांडुरोगजित् ॥

તાલીસપત્ર એક તોલો, શુંઠ ત્રણ તોલા, લીંડીપીપર ચાર તોલા, મરી બે તોલા, વંશલોચન પાંચ તોલા, એલચીદાણા તથા તજ ૭ ૭ માસા, બંગભસ્મ તથા તામ્રભસ્મ આઠ તોલા અને સાકર બત્રીશ તોલા લેવી. પછી તે ઔષધોમાં કાષ્ટાદિ ઓષધિનું પહેલાં બારીક ચુર્ણ બનાવવું, પછી તેમાં ભસ્મો અને સાકર મેળવી સેવન કરવાથી ખાંસી, શ્વાસ, જ્વર, વમન, અતિસાર, શોષ, આફરો, પ્લીહા, સંગ્રહણી અને પાન્ડુરોગનો નાશ થાય છે, તથા આ ચુર્ણ રોચક તથા પાચન છે. ૬૫-૬૮

(હૃદ્રોગાદિ ઉપર લવંગાદિ ચુર્ણ.)

लवंगं शुद्धकर्पूरमेला त्वक् नागकेसरम् ॥ ६९ ॥
जातीफलमुशीरं च नागरं कृष्णजीरकम्
कृष्णागरुस्तुगाक्षीरी मांसी नीलोत्पलं कणा ॥ ७० ॥
चंदनं तगरं वालं कंकोलं चेति चूर्णयेत् ॥
समभागानि सर्वाणि सर्वेभ्योर्धा सिता भवेत् ॥७१॥
लवंगाद्यमिदं चूर्णं राजार्हं वह्निदीपनम् ॥
रोचनं तर्पणं वृष्यं त्रिदोषघ्नं बलप्रदम् ॥ ७२ ॥
हृद्रोगं कंठरोगं च कासं हिक्कां च पीनसम् ॥
यक्ष्माणं तमकश्वासमतीसारमुरःक्षतम् ॥ ७३ ॥
प्रमेहारुचिगुल्मादीन् ग्रहणीमपि नाशयेत् ॥

લવિંગ, ભીમસેની કપૂર, એલચી, તજ, નાગકેસર, જાયફળ, વાળો, શુંઠ. શાહજીરૂં, કૃષ્ણાગર, વંશલોચન, જટામાંસી, નીલકમળ, લીંડીપીપર, સુખડ, તગર, નેત્રવાળો, અને કંકોળ એ તમામ ઔષધોનું બારીક ચુર્ણ કરી તેમાં તેનાથી અરધા ભાગની સાકર મેળવી સેવન કરવાથી અગ્નિ પ્રદીપ્ત થાય છે, રૂચિ ઉત્પન્ન કરે છે, શરીરની પુષ્ટી કરે છે, તથા ત્રિદોષ, હૃદયરોગ, કંઠરોગ, ખાંસી, હેડકી, પીનસ,

ક્ષય, તમકશ્વાસ, અતિસાર, પ્રમેહ, ગોળો, અને સંગ્રહણી વગેરે તમામ દરદોનો નાશ કરે છે. ૬૯–૭૩

(સંગ્રહણી વગેરે ઉપર જાતીફલાદિ ચુર્ણ.)

जातीफललवंगैलापत्रस्त्वग्नागकेसरैः ॥ ७४ ॥
कर्पूरचंदनतिलैस्त्वक्क्षीरीतगरागलैः ॥
तालीसपिप्पलीपथ्याचित्रकस्थूलजीरकैः ॥ ७५ ॥
शुंठीविडंगमरिचैः समभागानि चुर्णितैः ॥
यावंत्येतानि सर्वाणि कुर्यादूभंगां च तावतीम् ॥॥७६॥
सर्वचूर्णसमा देया शर्करा च भिषग्वरैः ॥
कर्षमात्रं तथा खादेन्मधुना प्लावितं सुधीः ॥७७॥
अस्यप्रभावाद् ग्रहणीकासश्वासारुचिक्षयाः ॥
वातश्लेष्मप्रतिश्यायाः प्रशमं यांति वेगतः ॥ ७८ ॥

જાયફળ, લવિંગ, એલચી, તમાલપત્ર, તજ, નાગકેસર, બરાશ, સુખડ, કાળા તલ, વંશલોચન, તગર, આમળાં, તાલીસપત્ર, લીંડીપીપર, હરડે, કાળું જીરૂં, ચિત્રકની છાલ, શુંઠ, વાવડિંગ, અને કાળાં મરી એ તમામ ઔષધો સમાન ભાગે લેવાં અને તેમાં તેને સરખે ભાગે શુદ્ધ કરેલી ભાંગ મેળવી બારીક ચુર્ણ બનાવવું અને તેમાં ચુર્ણના સરખા ભાગની સાકર મેળવી તેનું એક તોલા વજન સુધી મધમાં સેવન કરવાથી સંગ્રહણી, ખાંસી, શ્વાસ, અરૂચિ, ક્ષય, વાત કફાદિ વિકાર અને પીનસ વગેરે દરદોનો નાશ થાય છે. ૭૪–૭૮

(અરૂચિ વગેરે ઉપર મહાખાડવ ચુર્ણ.)

मरिचं नागपुष्पाणि तालीसं लवणानि च ॥
प्रत्येकमेकभागाः स्युः पिप्पलीमूलचित्रकैः ॥ ७९ ॥
त्वक्कणा तित्तिडीकं च जीरकं च द्विभागिकम्
धान्याम्लवेतसौ विश्वं भद्रैलाबदराणि च ॥ ८० ॥
अजमोदा जलधरः प्रत्येकं स्युस्त्रिभागिकाः ॥
सर्वाषधचतुर्थांशं दाडिमस्य फलं भवेत् ॥ ८१ ॥
द्रव्येभ्यो निखिलेभ्यश्च सितादेयार्धमात्रया ॥

महाखांडवसंज्ञं स्याच्चूर्णमेतत्सुरोचनम् ॥ ८२ ॥
अग्निदीप्तिकरं हृद्यं कासातीसारनाशनम् ॥
हृद्रोगकंठजठरमुखरोगप्रणाशनम् ॥ ८३ ॥
विषूचिकां तथाध्मानमर्शोगुल्मकृमीनपि ॥
छर्दिं पंचविधां श्वासं चूर्णमेतद्व्यपोहति ॥ ८४ ॥

કાળાં મરી, નાગકેસર, તાલીસપત્ર, સિન્ધાલુણ, સંચળ, બીડ લવણ, વાગરૂં મીઠું અને મીઠું એ તમામ ઔષધો એક એક તોલો લેવાં તથા પીપરી મૂળ, ચિત્રક, તજ, લીંડીપીપર, આમલીની છાલ, અને જીરૂં એ ઔષધો બે બે તોલા લેવાં, તથા ધાણા, અમલવેતસ, શુંઠ, મોટી એલચીના દાણા, ચણીબોર, અજમોદ અને નાગરમોથ એ ઔષધો ત્રણ ત્રણ તોલા લેવાં. એ તમામ ઔષધોના ચોથા ભાગના દાડમના દાણા ઉપરના બધાં ઔષધો સાથે મેળવી તેનું બારીક ચુર્ણ બનાવવું. પછી તે ચુર્ણના અરધા ભાગની સાકર મેળવી એકત્રિત કરવું, તેને મહાખાંડવ ચુર્ણ કહેવામાં આવે છે. એ ચુર્ણનું સેવન કરવાથી અગ્નિ પ્રદીપ્ત થાય છે, રૂચિ વધે છે, તથા હૃદય રોગ, ખાંસી, અતિસાર, કંઠરોગ, ઉદરરોગ, મુખરોગ, કોલેરા, આફરો, અર્શ, ગોળો, કૃમિરોગ, છર્દિ તથા પાંચ પ્રકારના શ્વાસનો નાશ થાય છે. ૭૯—૮૪

(ઉદર રોગ ઉપર નારાયણ ચુર્ણ.)

चित्रकस्त्रिफला व्योषं जीरकं हपुषा वचा ॥
यवानी पिप्पलीमूलं शतपुष्पाजगंधिका ॥ ८५ ॥
अजमोदा सठी धान्यं विडंगं स्थूलजीरकम् ॥
हेमाह्वा पौष्करंमूलं क्षारौ लवणपंचकम् ॥ ८६ ॥
कुष्ठं चेति समांशानि विशाला स्याद् द्विभागिका ॥
त्रिवृत्त्रिभागा विज्ञेया दंत्या भागत्रयं भवेत् ॥ ८७ ॥
चतुर्भागा सातला स्यात्सर्वाण्येकत्र चूर्णयेत् ॥
पाचनस्नेहनाद्यैश्च स्निग्धकोष्ठस्य रोगिणः ॥ ८८ ॥
दद्याच्चूर्णं विरेकाय सर्वरोगप्रणाशनम् ॥

हृद्रोगे पांडुरोगे च कासे श्वासे भगंदरे ॥ ८९ ॥
मंदाग्नौ च ज्वरे कुष्टे ग्रहण्यां च गलग्रहे ॥
दद्याद्युक्तानुपानेन तथाध्माने सुरादिभिः ॥ ९० ॥
गुल्मे बदरनीरेण विड्भंगे दधिमस्तुना ॥
उष्णांबुभिरजीर्णे च वृक्षाम्लैः परिकीर्तितेषु ॥ ९१ ॥
उष्ट्रीदुग्धेनोदरेषु तथा तक्रेण वा गवाम् ॥
प्रसन्नया वातरोगे दाडिमांभोभिरर्शसि ॥ ९२ ॥
द्विविधे च विषे दद्यात् घृतेन विषनाशनम् ॥
चूर्णं नारायणं नाम दुष्टरोगगणापहम् ॥ ९३ ॥

ચિત્રકની છાલ, ત્રિફળા, શુંઠ, મરી, લીંડીપીપર, જીરૂં, પલાશ, વજ, અજમો, પીપરીમૂળ, વરિયાળી, વન તુળશી, અજમોદ, કચૂરો, ધાણા, વાવડિંગ, કાળુંજીરૂં, પુષ્કરમૂળ, સાજીખાર, જવખાર, સિન્ધાલૂણ, સંચળ, બિડ લવણ, વડાગરૂં મીઠું, મીઠું અને ઉપલેટ એ બધાં ઓષધો એક એક તોલો લેવાં, ઈન્દ્રવારૂણીનાં મૂળ બે તોલા, નસોતર ત્રણ તોલા, નેપાળાનાં મૂળ ત્રણ તોલા, અને કંટાળા થોરનું મૂળ ચાર તોલા એ પ્રમાણે તમામ ઓષધો એકઠાં કરી તેનું બારીક ચુર્ણ બનાવવું. પછી પાચન અને સ્નેહાદિ ઔષધોથી દરદીનો કોઠો સ્નિગ્ધ કરી તેને દસ્ત લાવવા સારૂ આ ચુર્ણનું સેવન કરાવાથી સંપૂર્ણ રોગનો નાશ થાય છે. તેમજ હૃદયરોગ, પાંડુરોગ, ખાંસી, શ્વાસ, ભગંદર, મંદાગ્નિ, જ્વર, કોઢ અને સંગ્રહણી ઉપર યોગ્ય અનુપાન સાથે સેવન કરવાથી ઉપરના રોગો નાશ પામે છે. તથા આ ચુર્ણને ગોળા ઉપર બોરના ક્વાથમાં, મલબદ્ધ ઉપર દહીંના પાણીમાં, અજીર્ણ ઉપર ગરમ પાણીમાં, ઉદર રોગ ઉપર ઉંટડીના દૂધમાં અથવા ગાયની છાશમાં, અર્શ ઉપર દાડમના રસમાં અને સ્થાવર જંગમ વિષ ઉપર ઘીની સાથે સેવન કરવાથી ઉપરનાં તમામ દરદો તથા વિષનો નાશ થાય છે. આ ચુર્ણને નારાયણ ચુર્ણ કહેવામાં આવે છે, એનાથી તમામ ભયંકર દરદો નાશ પામે છે. ૮૫-૯૩

(અજીર્ણ અને ઉદર રોગ ઉપર હપુષાદિ ચુર્ણ.)

हपुषा त्रिफला चैव त्रायमाणा च पिप्पली ॥
हेमक्षीरी त्रिवृच्चैव सातला कटुका वचा ॥ ९४ ॥

नीलिनी सैंधवं कृष्णलवणं चेति चूर्णयेत् ॥
उष्णोदकेन मूत्रेण दाडिमत्रिफलारसैः ॥ ९५ ॥
तथा मांसरसेनापि यथायोग्यं पिबेन्नरः ॥
अजीर्णे प्लीहगुल्मेषु शोफार्शोविषमाग्निषु ॥ ९६ ॥
हलीमकामलापांडुकुष्ठाध्मानोदरेष्वपि ॥

પલાંશી, ત્રિફળાં, ત્રાયમાણુ, લીંડીપીપર, ચોક (દારૂડીનું મૂળ) નસોતર, કંટાળો થોર, કડુ, વજ, ગળીનો છોડ, સિંધાલૂણ અને સંચળ એ તમામનું ચુર્ણ કરી ઉના પાણી સાથે, અથવા ગૌમૂત્ર સાથે, અથવા દાડમના રસમાં અથવા ત્રિફળાના કવાથમાં યોગ્યતા પ્રમાણે અનુપાન સાથે સેવન કરવાથી અજીર્ણ, પ્લીહા, ગોળો, અર્શ, મંદાગ્નિ, કમળો, પાન્ડુરોગ, આફરો અને ઉદરરોગનો નાશ થાય છે.

(શૂળ આદિ ઉપર પંચસમ ચુર્ણ.)

शुंठी हरीतकी कृष्णा त्रिवृत्सौवर्चलं तथा ॥ ९७ ॥
समभागानि सर्वाणि सूक्ष्मचूर्णानि कारयेत् ॥
ज्ञेयं पंचसमं चूर्णमेतच्छूलहरं परम् ॥ ९८ ॥
आध्मानजठरार्शोघ्नमामवातहरं स्मृतम् ॥

શુંઠ, હરડે, લીંડીપીપર, નસોતર, અને સંચળ, એ તમામ ઔષધોને સમભાગે લઈ બારીક ચુર્ણ બનાવવું તેને પંચસમ ચુર્ણ કહેવામાં આવે છે. આ ચુર્ણનું સેવન કરવાથી શૂળ રોગ, આફરો, મંદાગ્નિ, અર્શ અને આમ વાયુનો નાશ થાય છે. ૯૭--૯૮

(આફરા ઉપર પિપ્પલ્યાદિ ચુર્ણ.)

कर्षमात्रा भवेत्कृष्णा त्रिवृता स्यात्पलोन्मिता ॥ ९९ ॥
खंडात् पलं च विज्ञेयं चूर्णमेकत्र कारयेत् ॥
कर्षोन्मितं लिहेदेतत् क्षौद्रेणाध्माननाशनम् ॥ १०० ॥
गाढविट्कोदरकफान् पित्तशूलं च नाशयेत् ॥

લીંડી પીપર એક તોલો, નસોતર ચાર તોલા, અને સાકર ચાર તોલા એ બધાં ઔષધોનું બારીક ચુર્ણ કરી મધની સાથે સેવન કરવાથી આફરો, મળ બદ્ધતા, ઉદરરોગ, કફ, પિત્ત, અને શૂળ વગેરે દરદોનો નાશ કરે છે. ૯૯—૧૦૦

(યકૃત પ્લીહા ઉપર લવણ ત્રિતયાદિ ચુર્ણ.)

लवणत्रितयं क्षारौ शतपुष्पाद्वयं वचा ॥ १ ॥
अजमोदाजगंधा च हपुषाजीरकद्वयम् ॥
मरिचं पिप्पलीमूलं पिप्पली गजपिप्पली ॥ २ ॥
हिंगुश्च हिंगुपत्री च शठी पाठोपकुंचिका ॥
शुंठीचित्रकचव्यानि विडंगं चाम्लवेतसम् ॥ ३ ॥
दाडिमं तिंत्तिडीकं च त्रिवृद्दंती शतावरी ॥
इंद्रवारुणिका भार्गी देवदारुर्यवानिका ॥ ४ ॥
कुस्तुंबुरुस्तंबुरुणी पौष्करं बदराणि च ॥
शिवा चेति समांशानि चूर्णयेकत्र कारयेत् ॥ ५ ॥
भावयेदार्द्रकरसैर्बीजपूररसैस्तथा ॥
तत्पिबेत्सर्पिषो जीर्णमद्येनोष्णोदकेन वा ॥ ६ ॥
कोलांभसा वा तक्रेण दुग्धेनौष्ट्रेण मस्तुना ॥
यकृत्प्लीहकटीशूलगुदकुक्षिहृदामयान् ॥ ७ ॥
अर्शोविष्टंभमंदाग्निगुल्माष्ठीलोदराणि च ॥
हिक्काध्मानश्वासकासान् जयेदेतान्न संशयः ॥ ८ ॥
एतैरेवौषधैः सम्यक् घृतं वा साधयेद्भिषक् ॥

સિંધાલૂણ, સંચળ, બિડલવણ, સાજીખાર, જવખાર, વરિયાળી, સૂવા, વજ, અજમોદ, વન તુળસી, પળાંસી, જીરૂં, શાહજીરૂં, કાળાં મરી, પીપરીમૂળ, લીંડીપીપર, ગજપીપર, શેકેલી હીંગ, બહુફળી, કચૂરો, કાળીપાટ, એલચી, શુંઠ, ચવક, ચિત્રકની છાલ, વાવડિંગ, અમલવેતસ, દાડમના દાણા, આમલીની છાલ, નસોતર, નેપાળાનાં મૂળ, શવતારી, ઇન્દ્રવારૂણી, ભારિંગ, દેવદાર, અજમો, ધાણા, ચિરફળ, પુષ્કર મૂળ, બોર અને નાની હરડે, એ તમામ ઔષધો સમભાગે લઇ તેનું બારીક ચુર્ણ કરી તેને આદાના રસની અને બીજોરાના રસની ભાવના આપવી પછી તે ચુર્ણને ઘી, જુનું મદ્ય, ગરમ પાણી, બોરનો કવાથ, ગાયની છાશ, ઉંટડીનું દૂધ, વગેરે જે અનુપાન દરદીને માફક આવે તેની સાથે મેળવી સેવન કરવાથી યકૃત, પ્લીહા, કમરનું દરદ, ગુદાનો

રોગ, કુક્ષીશૂળ, આફરો, હૃદય રોગ, અર્શ, મંદાગ્નિ, ગોળો, શ્વાસ, ખાંસી વગેરે દરદો નાશ પામે છે, તથા તે ચુર્ણને ઘીમાં સાંતળી સેવવાથી ઉપરના રોગ નાશ થાય છે. ૧—૮

(શૂળ વગેરે ઉપર તુંબર્વાદિ ચુર્ણ.)

तुंबरुणी त्रिलवणं यवानी पुष्कराह्वयम् ॥ ९ ॥
यवक्षाराभयाहिंगुविडंगानि समानी च ॥
त्रिवृत्त्रिभागा विज्ञेया सूक्ष्मचूर्णानि कारयेत् ॥ १० ॥
पिबेदुष्णेन तोयेन यवक्वाथेन वा पिबेत् ॥
जयेत्सर्वाणि शूलानि गुल्माध्मानोदराणि च ॥ ११ ॥

તુંબરૂ (ચિરફળ) સિન્ધાલૂણ, સંચળ, બિડલવણ, અજમોદ, પુષ્કર મૂળ, જવખાર, હરડે, શેકેલી હીંગ, અને વાવડિંગ, એ તમામ ઔષધો સમાન ભાગે લેવાં તથા નસોતર ત્રણ ભાગ લેવી. પછી તે બધાં ઔષધોનું બારીક ચુર્ણ બનાવી તેનું ઉના પાણી સાથે અથવા જવના કવાથ સાથે સેવન કરવાથી સર્વ પ્રકારનાં શૂળ, ગોળો, આફરો અને ઉદર રોગનો નાશ થાય છે. ૯—૧૧

(ગુલ્માદિ ઉપર ચિત્રકાદિ ચૂર્ણ.)

चित्रको नागरं हिंगु पिप्पली पिप्पलीजटा ॥
चव्याजमोदा मरिचं प्रत्येकं कर्षसंमितम् ॥ १२ ॥
स्वर्जिका च यवक्षारः सिंधुसौवर्चलं बिडम् ॥
सामुद्रं रौमकं च कोलमात्राणि कारयेत् ॥ १३ ॥
एकीकृत्याखिलं चूर्णं भावयेन्मातुलिंगजैः ॥
रसैर्दाडिमजैर्वापि शोषयेदातपेन च ॥ १४ ॥
एतच्चूर्णं जयेद्गुल्मं ग्रहणीमामजां रुजम् ॥
अग्निं च कुरुते दीप्तं रुचिकृत्कफनाशनम् ॥ १५ ॥

ચિત્રકની છાલ, શુંઠ, શેકેલી હીંગ, લીંડીપીપર, પીપરીમૂળ, ચવ્યક, અજમોદ, કાળાં મરી, એ તમામ ઔષધો એક એક તોલો લેવાં; તથા સાજીખાર, જવખાર, સિન્ધાલૂણ, સંચળ, બિડ લવણ, વડાગરૂં મીઠું અને મીઠું એ બધા ક્ષારો આઠ આઠ માસા લેવા પછી તે તમામ ઔષધોનું બારીક ચૂર્ણ બનાવવું પછી તેને બિજો-

રાના રસની અથવા દાડમના રસની ભાવના આપી તડકામાં સુકવવું. આ ચૂર્ણનું સેવન કરવાથી ગોળો, સંગ્રહણી, આમવાયુ તથા કફ-નો નાશ થાય છે અને અગ્નિ પ્રદીપ્ત કરે છે તથા રૂચિને વધારે છે.

(મંદાગ્નિ વગેરે રોગો ઊપર વડવાનલ ચૂર્ણ.)

सैधवं पिप्पलीमूलं पिप्पली चव्यचित्रकम् ॥
शुंठी हरीतकी चेति क्रमवृद्धानि चूर्णयेत् ॥ १६ ॥
वडवानलनामैतच्चूर्णं स्यादग्निदीपनम् ॥

સિંધાલૂણ એક ભાગ, પીપરીમૂળ બે ભાગ, લીંડીપીપર ત્રણ ભાગ, ચવ્યક ચાર ભાગ, ચિત્રકની છાલ પાંચ ભાગ, શુંઠ છ ભાગ, અને હરડે સાત ભાગ એ ક્રમથી ઔષધો લઈ તેનું ચૂર્ણ બનાવવું આ ચૂર્ણને વડવાનળ ચૂર્ણ કહેવામાં આવે છે. તેનું સેવન કરવાથી અગ્નિ પ્રદીપ્ત થાય છે તથા મંદાગ્નિનો નાશ થાય છે. ૧૬

(આમ વાત ઊપર અજમોદાદિ ચૂર્ણ.)

अजमोदाविडंगानि सैधवं देवदारु च ॥ १७ ॥
चित्रकः पिप्पलीमूलं शतपुष्पा च पिप्पली ॥
मरिचं चेति कर्षांशं प्रत्येकं कारयेद्बुधः ॥ १८ ॥
कर्षास्तु पंच पथ्याया दश स्युर्वृद्धदारुकात् ॥
नागराच्च दशैव स्युः सर्वाण्येकत्र कारयेत् ॥ १९ ॥
पिबेत्कोष्णजलेनैव चूर्णं श्वयथुनाशनम् ॥
आमवातरुजं हंति संधिपीडां च गृध्रसीं ॥ २० ॥
कटिपृष्ठगुदस्थां च जंघयोश्च रुजं जयेत् ॥
तूणीप्रतूणीविश्वाचीकफवातामयान् जयेत् ॥ २१ ॥
समेन वा गुडेनास्य वटकान् कारयेत्सुधीः

અજમોદ, વાવડિંગ, સિંધાલૂણ, દેવદારૂ, ચિત્રક, પીપરીમૂળ, વરિયાળી, લીંડીપીપર, કાળાં મરી, એ ઔષધો એક એક તોલો લેવાં તથા હરડે પાંચ તોલા, વરધારો દશ તોલા, અને શુંઠ દશ તોલા એ તમામ ઔષધોને ખાંડી બારીક ચૂર્ણ બનાવવું તેનું ગરમ પાણી સાથે સેવન કરવાથી સોજો, આમવાત, સાંધાનો દુખાવો,

ગૃધ્રસીવાયુ, કટીશૂળ, પૃષ્ટશૂળ, જંઘાશૂળ, તુનીવાયુ, પ્રતૂનીવાયુ, વિશ્વાચીવાયુ અને કફ વાત આદિ તમામ દરદો નાશ થાય છે. અથવા ઉપરના ચૂર્ણના સમભાગે ગોળ મેળવી તેની ગોળી બનાવી ઉપર પ્રમાણે રીતથી ખાવાથી ઊપર જણાવેલા તમામ વ્યાધિનો નાશ થાય છે. ૧૭-૨૧

(શૂળ વગેરે ઊપર હિંગ્વાદિ ચૂર્ણ.)

हिंगुपाठाभयाधान्यं दाडिमं चित्रकः शठी ॥ २२ ॥
अजमोदा त्रिकटुकं हपुषा चाम्लवेतसम् ॥
अजगंधा तित्तिडीकं जीरकं पौष्करं वचा ॥ २३ ॥
चव्यं क्षारद्वयं पंच लवणानीति चूर्णयेत् ॥
प्राग्भोजनस्य मध्ये वा चूर्णमेतत्प्रयोजयेत् ॥ २४ ॥
पिबेद्वा जीर्णमद्येन तक्रेणोष्णोदकेन वा ॥
गुल्मे वातकफोद्भूते विड्ग्रहेष्ठीलिकासु च ॥ २५ ॥
हृद्बस्तिपार्श्वशूलेषु शूले च गुदयोनिजे ॥
मूत्रकृच्छ्रे तथाध्माने पांडुरोगेऽरुचौ तथा ॥ २६ ॥
हिक्कायां च यकृत्प्लीह्नि श्वासे कासे गलग्रहे ॥
ग्रहण्यर्शोविकारेषु चूर्णमेतत् प्रशस्यते ॥ २७ ॥
भावितं मातुलिंगस्य बहुशः स्वरसेन वा ॥
कुर्याच्च वटिका वह्नीर्वातश्लेष्मामयापहाः ॥ २८ ॥

શેકેલી હીંગ, કાળીપાટ, હરડે, ધાણા, દાડમના દાણા, ચિત્રકની છાલ, કચૂરો, અજમોદ, શુંઠ, કાળાં મરી, લીંડી પીપર, પળાસી, અમલવેતસ, વનતુળસી, આમલીની છાલ, જીરૂં, પુષ્કર મૂળ, વજ, ચવ્યક, સાજીખાર, જવખાર, સિંધાલૂણ, સંચળ, બિડ લવણ, મીઠું અને વડાગરૂં મીઠું એ તમામ ઔષધોને ખાંડી બારીક ચૂર્ણ બનાવવું. તે ચૂર્ણને ભોજનની પહેલાં અથવા મધ્યમાં ગરમ પાણી અથવા છાશની સાથે સેવન કરવાથી ગોળો હૃદયરોગ, બાદી, હૃદય શૂળ, બસ્તિશૂળ, પાર્શ્વશૂળ, ગુદશૂળ, યોનિશૂળ, મૂત્રકૃચ્છ્ર, મળબદ્ધતાં, પાંડુરોગ, હેડકી, યકૃત રોગ, પ્લીહા, શ્વાસ, ખાંસી, કંઠરોગ, સંગ્રહણી, અર્શ વગેરે દરદોનો નાશ થાય છે. તેમજ ઉપરના ચૂર્ણને

બિજોરાના રસના સાત પુટ આપી ગોળીઓ બનાવી સેવન કરવાથી ઉપર જણાવેલા તમામ રોગોનો નાશ થાય છે. ૨૨–૨૮

(અરૂચિ વગેરે ઉપર યવાનીખાંડવ ચૂર્ણ.)

यवानी दाडिमं शुंठी तित्तिडीकाम्लवेतसौ ॥
बदराम्लं च कुर्वीत चतुःशाणमितानि च ॥ २९ ॥
सार्धद्विशाणं मरिचं पिप्पली दशशाणिका ॥
त्वक्सौवर्चलधान्याकं जीरकं द्विद्विशाणकम् ॥ ३० ॥
चतुःषष्टिमितैःशाणैः शर्करामत्र योजयेत् ॥
चूर्णितं सर्वमेकत्र यवानीखांडवाभिधम् ॥ ३१ ॥
चूर्णं जयेत्पांडुरोगं हृद्रोगं ग्रहणीं ज्वरम् ॥
छर्दिशोषातिसारांश्च प्लीहानाहविबंधताम् ॥ ३२ ॥
अरुचिं शूलमंदाग्निअर्शोजिह्वागलामयान् ॥

અજમો, દાડમ, શુંઠ, આમલીની છાલ, અમલવેતસ, અને ખાટાં બોર એ ઔષધો ચાર ચાર ગદિયાણા લેવાં, કાળાં મરી અઢી શાણ, લીંડીપીપર દશ શાણ (ગદિયાણા), તજ, સંચળ, ધાણા, અને જીરૂં એ દરેક બે શાણ, અને સાકર ચોસઠ શાણ એ તમામ ઔષધો એકઠાં કરી તેનું બારીક ચૂર્ણ બનાવવું. આ ચૂર્ણને યવાનીખાંડવ ચુર્ણ કહેવામાં આવે છે. તેનું સેવન કરવાથી પાંડુરોગ, હૃદયરોગ, સંગ્રહણી, જ્વર, વમન, શોષ, અતિસાર, પ્લીહા, મળબદ્ધતા, અરૂચિ, શૂળ, મંદાગ્નિ, અર્શ, જીભના રોગ અને કંઠરોગ એ તમામ દરદોનો નાશ થાય છે. ૨૯–૩૨

(અરૂચિ વગેરે દરદો ઉપર તાલીસાદિ ચુર્ણ.)

तालीसं मरिचं शुंठी पिप्पली वंशलोचना ॥ ३३ ॥
एकद्वित्रिचतुःपंचकर्षैर्भागान् प्रकल्पयेत् ॥
एलात्वचोस्तु कर्षार्धं प्रत्येकं भागामावहेत् ॥ ३४ ॥
द्वात्रिंशत्कर्षतुलिता प्रदेया शर्करा बुधैः ॥
तालीसाद्यमिदं चूर्णं रोचनं पाचनं स्मृतम् ॥ ३५ ॥
कासश्वासज्वरहरं छर्द्यतीसारनाशनम् ॥

शोषाध्मानहरं प्लीहग्रहणीपांडुरोगजित् ॥ ३६ ॥
पक्त्वाथ शर्करां चूर्णं क्षिपेत्स्यात् गुटिका ततः ॥

તાલીસપત્ર એક તોલો, કાળાં મરી બે તોલા, શુંઠ ત્રણ તોલા, લીંડી પીપર ચાર તોલા, વંશ લોચન પાંચ તોલા, એલચી અને તજ ૭ ૭ માસા અને સાકર બત્રીશ તોલા એ તમામ ઔષધોને એકઠાં કરી તેનું બારીક ચુર્ણ બનાવવું એને તાલીસાદિ ચુર્ણ કહેવામાં આવે છે તેનું સેવન કરવાથી રૂચિ ઉત્પન્ન થાય છે, અન્ન પાચન થાય છે, અને ખાંસી, શ્વાસ, જ્વર, વમન, અતિસાર, શોષ, આફરો, પ્લીહા, સંગ્રહણી અને પાંડુરોગનો નાશ થાય છે. તેમજ સાકરની ચાસણી બનાવી તેમાં ઉપરનું ચુર્ણ મેળવી ગોળી બનાવી તેનું સેવન કરવાથી ઉપરનાં તમામ દરદોનો નાશ થાય છે.

(ખાંસી, ક્ષય, પિત્ત વગેરે ઉપર સિતોપલાદિ ચુર્ણ.)

सितोपला षोडश स्यादष्टौ स्याद्वंशलोचना ॥ ३७ ॥
पिप्पली स्याच्चतुः कर्षा स्यादेला च द्विकार्षिकी ॥
एककर्षस्त्वचः कार्यश्चूर्णयेत्सर्वमेकतः ॥ ३८ ॥
सितोपलादिकं चूर्णं मधुसर्पिर्युतं लिहेत् ॥
श्वासकासक्षयहरं हस्तपादांगदाहजित् ॥ ३९ ॥
मंदाग्निं सुप्तजिह्वत्वं पार्श्वशूलमरोचकम् ॥
ज्वरमूर्ध्वगतं रक्तं पित्तमाशु व्यपोहति ॥ ४० ॥

સાકર સોળ તોલા, વંશલોચન આઠ તોલા, લીંડીપીપર ચાર તોલા, એલચી બે તોલા, તજ એક તોલો એ તમામ ઔષધોને એકઠાં કરી તેનું બારીક ચુર્ણ બનાવી તેને મધ અને ઘી સાથે સેવન કરવાથી શ્વાસ, ખાંસી, હાથ, પગ, અને અંગમાં થતો દાહ, મંદાગ્નિ, જીભની શૂન્યતા, પાર્શ્વશૂળ, અરૂચિ, જ્વર, ઉર્ધ્વગત રક્ત પિત્ત વગેરે દરદોનો નાશ થાય છે. આ ચુર્ણને સિતોપલાદિ ચુર્ણ કહેવામાં આવે છે. ૩૭–૪૦

(સંગ્રહણી, ગુલ્મ વગેરે ઉપર લવણ ભાસ્કર ચુર્ણ.)

सामुद्रलवणं कार्यमष्टकर्षमितं बुधैः ॥
पंचसौवर्चलं ग्राह्यं विडसैंधवधान्यकम् ॥ ४१ ॥

पिप्पलीपिप्पलीमूलं कृष्णाजीरकपत्रकम् ॥
नागकेशरतालीसमाम्लवेतसकं तथा ॥ ४२ ॥
द्विकर्षमात्राण्येतानि प्रत्येकं कारयेद्बुधः ॥
मरिचं जीरकं विश्वमेकैकं कर्षमात्रकम् ॥ ४३ ॥
दाडिमं स्याच्चतुःकर्षं त्वगेला चार्द्धकार्षिकी ॥
एकच्चूर्णीकृतं सर्वं लवणं भास्कराभिधम् ॥ ४४ ॥
शाणप्रमाणं देयं तु मस्तुतक्रसुरासवैः ॥
वातश्लेष्मभवं गुल्मं प्लीहानमुदरं क्षयम् ॥ ४५ ॥
अर्शांसि ग्रहणीं कुष्ठं विबंधं च भगंदरम् ॥
शोफं शूलं श्वासकासमामदोषं च हृद्रुजम् ॥ ४६ ॥
मंदाग्निं नाशयेदेतद्दीपनं पाचनं परम् ॥
सर्वलोकहितार्थाय भास्करेणोदितं पुरा ॥ ४७ ॥

મીઠું આઠ તોલા, સંચળ પાંચ તોલા, બિડ લવણ, સિંધાલૂણ, ધાણા, લીંડીપીપર, પીપરીમૂળ, કાળું જીરૂં, તમાલપત્ર, નાગકેસર, તાલીસપત્ર અને અમલવેતસ એ દશ ઔષધો દરેક બે બે તોલા લેવાં; કાળાં મરી, જીરૂં અને શુંઠ એ દરેક એક તોલો, દાડમની છાલ ચાર તોલા, તજ અને એલચી છ છ માસા લેવાં એ બધાં ઔષધોને એકઠાં કરી તેનું બારીક ચુર્ણ બનાવવું તેને છાશ, દહીંની મલાઈ વગેરે રોગોક્ત અનુપાન સાથે ચાર માસા સેવન કરવાથી વાત કફથી ઉત્પન્ન થયેલ ગોળો, પ્લીહા, ઉદર રોગ, ક્ષય, અર્શ, સંગ્રહણી, કોઢ, બંધકોશ, ભગંદર, સોજો, શૂળ, શ્વાસ, ખાંસી, આમવાત, હૃદરોગ, અને મંદાગ્નિ વગેરે દરદોનો નાશ થાય છે તથા અગ્નિ પ્રદિપ્ત થઈ અન્ન પાચન થાય છે. આ ચુર્ણને લવણ : ભાસ્કર ચુર્ણ કહેવામાં આવે છે તે સર્વ લોક હિતાર્થે ભાસ્કરાચાર્યે બનાવ્યું છે.

(વમન ઉપર એલાદિ ચુર્ણ.)

एलाप्रियंगुमुस्तानि कोलमज्जा च पिप्पली ॥
श्रीचंदनं तथा लाजा लवंगं नागकेसरम् ॥ ४८ ॥
एतच्चूर्णीकृतं सर्वं सिताक्षौद्रयुतं लिहेत् ॥

वातपित्तकफोद्भूतां छर्दिं हंत्यतिवेगतः ॥ ४९ ॥

એલચી, પ્રિયંગુ, (ધઉંલા) નાગર મોથ, બોર, લીંડીપીપર, સુખડ, શાળની ધાણી, લવિંગ, નાગકેસર, એ તમામ ઔષધોનું બારીક ચૂર્ણ બનાવી તેને મધ અને સાકર સાથે સેવન કરવાથી વાત, પિત્ત, અને કફથી થયેલી ઉલટી નાશ પામે છે. ૪૮-૪૯.

(કુષ્ઠાદિ ઉપર પંચનિંબ ચૂર્ણ.)

मूलं पत्रं फलं पुष्पं त्वचं निंबात्समाहरेत् ॥
सूक्ष्मचूर्णं मिदं कुर्यात्पलैः पंचदशोन्मितैः ॥ ५० ॥
लोहभस्महरीतक्यौ चक्रमर्दकचित्रकौ ॥
भल्लातकविडंगानि शर्करामलकं निशा ॥ ५१ ॥
पिप्पली मरिचं शुंठी बाकूचीकृतमालकः ॥
गोक्षुरश्च पलोन्मानमेकैकं कारयेद्बुधः ॥ ५२ ॥
सर्वमेकीकृतं चूर्णं भृंगराजेन भावयेत् ॥
अष्टभागावशिष्टेन खदिरासनवारिणा ॥ ५३ ॥
भावयित्वा च संशुष्कं कर्षमात्रं ततः पिबेत् ॥
खदिरासनतोयेन सर्पिषा पयसाऽथवा ॥ ५४ ॥
मासेन सर्वकुष्टानि विनिहंति रसायनम् ॥
पंचनिंबमिदं चूर्णं सर्वरोगप्रणाशनम् ॥ ५५ ॥

લિંબડાનું પંચાગ પંદર પળ લઈ તેનું ચૂર્ણ બનાવવું, તેમાં લોહભસ્મ, હરડે, પુંવાડિયાંના બીજ, ચિત્રકની છાલ, ભિલામું, વાવડિંગ, સાકર, આમળાં, હળદર, લીંડીપીપર, મરી, શુંઠ, બાવચી, ગરમાળ:નો ગોળ અને ગોખરૂ એ દરેક ઔષધો એક એક પલ લઈ તેનું ચૂર્ણ બનાવવું.:એ તેના ઉપરના લીંભડાના ચૂર્ણમાં મેળવી ભાંગરાના રસની ભાવના આપી સુકવવું. સુકાયા પછી ખેરછાલના કવાથની ભાવના આપવી, તે સુકાયા પછી વિજયસારના કવાથની ભાવના આપવી, તે સુકાયા પછી એ ચૂર્ણનું એક તોલો ખેરછાલના ક્વાથમાં, અથવા વિજયસારના કવાથમાં, અથવા ઘી કે ગાયના દૂધ સાથે સેવન કરવાથી એક માસમાં સંપૂર્ણ કોઢનો નાશ થાય છે. આ ચૂર્ણને પંચનિંબ ચૂર્ણ કહેવામાં આવે છે. ૫૦-૫૫

(વાજીકરણ ઉપર શતાવરી ચૂર્ણ.)

शतावरी गोक्षुरकं बीजं च कपिकच्छुजम् ॥
गांगेरुका चातिबला बीजमिक्षुरकोद्भवम् ॥ ५६ ॥
चूर्णितं सर्वमेकत्र गोदुग्धेन पिबेन्निशि ॥
न तृप्तिं याति नारीभिरेतच्चूर्णप्रभावतः ॥ ५७ ॥

શતાવરી, ગોખરૂ, કૌંચાનાં બીજ, ગંગટીની છાલ, કાંસકીની છાલ અને એખરો, એ ઔષધોનું ચૂર્ણ કરી રાત્રિએ ગાયના દૂધ સાથે સેવન કરવાથી વાજીકરણ સારી રીતે થાય છે. ૫૬-૫૭

(પુષ્ટી ઉપર અશ્વગંધાદિ ચૂર્ણ.)

अश्वगंधा दशपला तन्मात्रो वृद्धदारुकः ॥
चूर्णीकृत्योभयं विद्वान् घृतभांडे निधापयेत् ॥ ५८ ॥
कर्षैकं पयसा पीत्वा नारीभिर्नैवतुप्यति ॥
अगत्वा प्रमदां भूयो वलीपलितवर्जितः ॥ ५९ ॥

આસગન્ધ દશ પલ, વરધારો અગિયાર પલ એ બેઉનું બારીક ચૂર્ણ કરી તેને ઘીવાળા વાસણમાં ભરી રાત્રિ રાખી પછી તેમાંથી બે તોલા ચૂર્ણ ગાયના દૂધ સાથે સેવન કરવાથી અતિ સ્ત્રી સંગ કરી શકાય છે. જો સ્ત્રી ભોગનો ત્યાગ કરે તો સપેત થઈ ગએલા વાળ કાળા થઇ જાય છે અને શરીરપર પડેલી કરચલીનો નાશ થાય છે. ૫૮-૫૯.

(ધાતુવૃદ્ધિ ઉપર મૂસલી ચુર્ણ.)

मुसलीकंदचूर्णं तु गुडूचीसत्त्वसंयुतम् ॥
वानरीगोक्षुराभ्यां च शाल्मलीशर्करामलैः ॥ ६० ॥
आलोड्य घृतदुग्धेन पाययेत्कामवर्धनम् ॥

ધોળી મૂસળી, ગળોનું સત્વ, કૌંચાનાં બીજ, ગોખરૂ, શિમળાનું મૂળ, સાકર અને આંબળાં એ ઔષધોને એકઠાં કરી તેનું બારીક ચૂર્ણ બનાવી તેનું ગાયનું દુધ અને ઘી સાથે ભેળવી સેવન કરવાથી ધાતુ વૃદ્ધિ થાય છે અને કામોત્તેજક થાય છે. ૬૦॥

(પાંડુરોગ ઉપર નવાયસ ચૂર્ણ)

चित्रकं त्रिफला मुस्ता विडंगं त्र्यूषणानि च ॥ ६१ ॥

समभागानि कार्याणि नव भागाहृतायसः ॥
एतदेकीकृतं चूर्णं मधुसर्पियुतं लिहेत् ॥ ६२ ॥
गोमूत्रमथवा तक्रमनुपानं प्रशस्यते ॥
पांडुरोगं जयत्युग्रंहृद्रोगं च भगंदरम् ॥ ६३ ॥
शोथकुष्टोदरार्शांसि मंदाग्निमरुचिंकृमीन् ॥

ચિત્રકની છાલ, ત્રિફળા, નાગરમોથ, વાવડિંગ, શુંઠ, કાળાંમરી, અને લીંડીપીપર એ ઔષધો સમભાગે લઈ તેનું ચુર્ણ બનાવવું પછી તેમાં ચૂર્ણના સમભાગે લોહભસ્મ મેળવવી. પછી એ ચૂર્ણને મધ અને ઘીની સાથે અથવા ગૌમૂત્ર સાથે અથવા ગાયની છાશની સાથે સેવન કરે તો ભયંકર પાંડુરોગ, ત્રિદોષ, ભગંદર, સોજો, કોઢ, ઉદરરોગ, અર્શ, મંદાગ્નિ, અરૂચિ અને કૃમિરોગ વગેરે દરદોનો નાશ થાય છે. ૬૧-૬૩

(સ્તંભન ઊપર અકારકરભાદિ ચૂર્ણ.)

अकारकरभः शुंठी कंकोलं कुंकुमं कणा ॥ ६४ ॥
जातीफलं लवंगं च चंदनं चेति कार्षिकान् ॥
चूर्णानि मानतः कुर्यादहिफेनं पलोन्मितम् ॥ ६५ ॥
सर्वमेकीकृतं सूक्ष्मं माषैकं मधुना लिहेत् ॥
शुक्रस्तंभकरं चूर्णं पुंसामानंदकारकम् ॥ ६६ ॥
नारीणां प्रीतिजननं सेवेत निशिकामुकाः ॥

इति श्रीदामोदरसूनुशार्ङ्गधरेण विरचितायां संहितायां चिकित्सास्थाने चूर्णकल्पनाध्यायषष्ठोऽध्यायः समाप्तः

અકકલકરો, શુંઠ, ચણીકબાબ, કેસર, લીંડીપીપર, જાયફળ, લવિંગ અને સુખડ, એ ઔષધો એક એક તોલો લેવાં અને તેમાં ચાર તોલા અફીણ મેળવી તે ઔષધોનું બારીક ચુર્ણ કરવું તે ચૂર્ણ રાત્રિએ મધ સાથે એક માસો મેળવી સેવન કરવાથી ધાતુનું સ્તંભન થઇ કામવૃદ્ધિ થાય છે. ૬૪-૬૬

ઇતિ શ્રી શારંગધર સંહિતાના મધ્યખંડના છઠ્ઠા અધ્યાયનું પૂર્ણચંદ્ર શર્માકૃત ગુજરાતી ભાષાંતર સમાપ્ત:

અધ્યાય સાતમો.

(વટક કલ્પના.)

वटकाश्चाथ कथ्यंते तन्नाम गुटिका वटी ॥
मोदको वटिका पिंडी गुडोवर्तिस्तथोच्यते ॥ १ ॥
लेहवत्साध्यते वह्नौ गुडो वा शर्करायथवा ॥
गुग्गुलुर्वा क्षिपेत्तत्र चूर्णं तन्निर्मिता वटी ॥ २ ॥
कुर्यादवह्निसिद्धेन क्वचिन्दूगुग्गुलुना वटी ॥
द्रवेण मधुना वापि गुटिकां कारयेद्बुधः ॥ ३ ॥
सिता चतुर्गुणा देया वटीषु द्विगुणो गुडः ॥
चूर्णात् चूर्णसमः कार्यो गुग्दुगुलुर्मधु तत्समम् ॥ ४ ॥
द्रवं च द्विगुणं देयं मोदकेषु भिषग्वरैः ॥
कर्षप्रमाणा तन्मात्रा बलं दृष्ट्वा प्रयुज्यते ॥ ५ ॥

વટક, ગુટિકા, વટી, મોદક, વટિકા, પિન્ડી, ગુડ, અને વર્તી એ નામો ગોળીના પર્યાયવાચી શબ્દ છે. ગોળ, ખાંડ અથવા ગુગળનો પાક કરી તેમાં ચુર્ણ મેળવી ગોળી બનાવવી. જો પાક કર્યા શિવાય ગોળી બનાવવી હોય તો ગુગળને શોધી તેને કૂટી તેની સાથે ચુર્ણ મેળવી ઘી વતી તેની ગોળી બનાવવી. તેમજ દૂધ, મધ, પાણી વગેરે પ્રવાહી પદાર્થો સાથે ચુર્ણ મેળવી તેને ખરલમાં ઘુંટી પછી ગોળી બનાવવી. જો ખાંડ, વગેરે વસ્તુ મેળવી ગોળી બનાવવાની હોય તો ચુર્ણના વજનથી ચાર ગણી મેળવી, પછી ગોળી વાળવી. ગોળ મેળવી ગોળી બનાવવી હોય તો ચુર્ણથી બમણો લેવો, જો મધ, અને ગુગળ મેળવી ગોળી બનાવવી હોય તો સમભાગે લેવાં. અને પાણી, દૂધ વગેરેમાં બનાવવી હોય તો તે બમણુ લેવું. સેવન કરવાની માત્રાનું પ્રમાણ એક તોલો લેવું અગર દરદીની પ્રકૃતિ અનુસાર આપવું. ૧–૫

(અર્શાદિ રોગો ઊપર બાહુશાલ ગુડ.)

इंद्रवारुणिका मुस्ता शुंठी दंती हरीतकी ॥
त्रिवृच्छठी विडंगानि गोक्षुरश्चित्रकन्तथा ॥ ६ ॥

तेजोह्व च द्विकर्षाणि पृथग् द्रव्याणि कारयेत् ॥
शूरणस्य पलान्यष्टौ वृद्धदारु चतुष्पलम् ॥ ७ ॥
चतुः पलानि भल्लातः क्वाथयेत्सर्वमेकतः ॥
जलद्रोणे चतुर्थांशं गृह्णणीयात् क्वाथमुत्तम् ॥ ८ ॥
क्वाथद्रव्यत्रिगुणितं गुडं क्षिप्त्वा पुनः पचेत् ॥
सम्यक्पक्कं च वै ज्ञात्वा चूर्णमेतत्प्रदापयेत् ॥ ९ ॥
चित्रकस्त्रिवृता दंती तेजोह्वाः पलिकाः पृथक् ॥
पृथक् त्रिपलिकाः भागा व्योषैलामलकत्वचः ॥ १० ॥
निक्षिपेन्मधुशीते च तस्मिन्प्रस्थप्रमाणकम् ॥
एवं सिद्धो भवेच्छ्रीमान् बाहुशालगुडा भिधः ॥११॥
जयेदर्शांसि सर्वाणि गुल्मं वातोदरं तथा ॥
आढ्यवातं प्रतिश्यायं ग्रहणीक्षय-पीनसम् ॥ १२ ॥
हलीमकं पांडुरोगं प्रमेहं च विनाशयेत् ॥

ઇન્દ્રવારૂણીનાં મૂળ, નાગરમોથ, શુંઠ, નેપાળાનાં મૂળ, હરડે, નસોતર, કચૂરો, વાવડિંગ, ગોખરૂ, ચિત્રકની છાલ, અને તેજબલ એ દરેક ઔષધો બે બે તોલા લેવાં; સૂરણ આઠ પલ, વરધારો સોળ તોલા, ભિલામું ચાર પલ, એ તમામ ઔષધોને એકઠાં કરી તેને ખાંડી તેમાં બે દ્રોણ પાણી મેળવી ધીમી આંચથી અગ્નિ ઉપર ઉકાળવું. જ્યારે ચોથો ભાગ પાણી બાકી રહે ત્યારે તેમાં ઔષધોથી ત્રણ ગણો ગોળ મેળવી ફરીથી ઘટ થાય ત્યાં સુધી ઉકાળવું. પછી તે પાકમાં, ચિત્રકની છાલ, નસોતર, નેપાળાનાં મૂળ, અને તેજબળ એ ઔષધો એક એક પલ, શુંઠ, મરી, લીંડી પીપર, આંબળાં અને તજ એ પાંચ ઔષધો ત્રણ ત્રણ પલ લેવાં ને બધાનું ચુર્ણ કરી પાકમાં મેળવવું તેને બાહુશાલ ગુડ કહેવામાં આવે છે. આ ગુડનું સેવન કરવાથી અર્શ, ગુલ્મ, વાતોદર, બાદી, આમવાયુ, સળેખમ, સંગ્રહણી, ક્ષય, પીનસ, હલીમક, પાન્ડુરોગ, અને પ્રમેહ વગેરે દરદોનો નાશ થાય છે. આ બાહુશાલ ગુડ રસાયન છે. ૬-૧૨

(ખાંસી ઉપર મરિચાદિ ગુટિકા.)

मरीचं कर्षमात्रं स्यात् पिप्पली कर्षसंमिता ॥ १३ ॥

अर्धकर्षौ यवक्षारः कर्षयुग्मं च दाडिमं ॥
एतच्चूर्णीकृतं युंज्यादष्टकर्षगुडेन हि ॥ १४ ॥
शाणप्रमाणं गुटिका कृत्वा वक्त्रे विधारयेत् ॥
अस्याः प्रभावात्सर्वेऽपि कासा यांत्येव संक्षयं ॥ १५ ॥

કાળાં મરી અને લીંડીપીપર બે તોલા, જવખાર અરધો તોલો, દાડમની છાલ બે તોલા, એ ઔષધોનું ચુર્ણ બનાવી તેમાં આઠ તોલા ગોળ મેળવી તેની ચાર માસાની એક એવી ગોળીઓ બનાવવી અને તે ગોળી મોઢામાં રાખી રસ ઉતારવાથી તમામ જાતની ખાંસી નાશ થાય છે. ૧૩-૧૫

(ઊર્ધ્વ વાયુ ઊપર વ્યાઘ્રી આદિ ગુટિકા.)

व्याघ्रीजीरकधात्रीणां चूर्णं मधुयुतं लिहेत् ॥
ऊर्ध्ववातमहाश्वासतमकैर्मुच्यते क्षणात् ॥ १६ ॥

ભોંયરીંગણી, જીરૂં અને આમળાં એ ઔષધોનું ચુર્ણ કરી તેને મધની સાથે ચાટવાથી ઉર્ધ્વ વાયુ, મહાશ્વાસ, અને તમક શ્વાસ વગેરે દરદો નાશ થાય છે. ૧૬

(શ્વાસ ખાંસી ઊપર ગુડાદિ ગુટિકા.)

गुडशुंठीशिवामुस्तैर्गुटिकां धारयेन्मुखे ॥
श्वासकासेषु सर्वेषु केवलं वा बिभीतकं ॥ १७ ॥

શુંઠ, હરડે, નાગરમોથ, એ ઔષધોનું ચુર્ણ બનાવી તેમાં બમણો ગોળ મેળવી તેની ગોળી બનાવવી તે મોઢામાં રાખવાથી સંપૂર્ણ ખાંસી, અને શ્વાસનો નાશ થાય છે. અથવા બેહડાંની છાલને મોઢામાં રાખવાથી સર્વ પ્રકારની ખાંસી નાશ પામે છે. ૧૭

(મુખ શોષ વગેરે ઊપર આમલકયાદિ ગુટિકા.)

आमलं कमलं कुष्ठं लाजाश्च वटरोहकं ॥
एतच्चूर्णस्य मधुना गुटिकां धारयेन्मुखे ॥ १८ ॥
तृष्णां प्रवृद्धां हंत्येषा मुखशोषं च दारुणं ॥

આમળાં, કમળ, ઉપલેટ, શાળની ધાણી, અને વડની કુંપળો એ ઔષધોનું ચુર્ણ બનાવી તેમાં મધ મેળવી ગોળી બનાવવી. તે ગોળી મોઢામાં રાખવાથી અત્યંત તૃષા, અને દારૂણ શોષ નાશ થાય છે. ૧૮

(સન્નિપાત વગેરે ઉપર સંજીવની ગુટિકા.)

विडंगं नागरं कृष्णा पथ्या मलविभीतकम् ॥ १९ ॥
वचा गुडूची भल्लातं सविषं चात्र योजयेत् ॥
एतानि समभागानि गोमूत्रेणैवपेषयेत् ॥ २० ॥
गुंजाभा गुटिका कार्य्या दद्यादार्द्रकजै रसैः ॥
एकामजीर्णे गुल्मस्य द्वे विसूच्यां प्रदापयेत् ॥ २१ ॥
तिस्रस्तु सर्पदंष्ट्रे तु चतस्रः सन्निपातिके ॥
वटी संजीवनी नाम्ना संजीवयति मानवं ॥ २२ ॥

વાવડીંગ, શુંઠ, લીંડીપીપર, હરડે, આમળાં, બહેડાં, વજ, ગળો, ભિલામા, અને શોધેલો વછનાગ, એ તમામ ઔષધો સમાન ભાગે લઈ તેનું ચુર્ણ બનાવી તેને ગૌમૂત્રમાં ખરલ કરી બે રતીની ગોળી બનાવવી. અજીર્ણ તથા ગોળા ઉપર આદાના રસમાં એક ગોળી આપવી, કોલેરા ઉપર બે ગોળી, સર્પના ઝેર ઉપર ત્રણ ગોળી અને સન્નિપાત ઉપર ચાર ગોળીનું સેવન કરવું. આ ગોળી માણસોને સજીવન કરવાવાળી છે માટે તેને સજીવની ગુટિકા કહેવામાં આવે છે.

(પીનસ ઉપર વ્યોષાદિ ગુટિકા.)

व्योषाम्लवेतसं चव्यं तालीसं चित्रकस्तथा ॥
जीरकं तित्तिडीकंच प्रत्येकं कर्षभागिकं ॥ २३ ॥
त्रिसुगंधं त्रिशाणं स्यात् गुडः स्यात्कर्षविंशतिः ॥
व्योषादिगुटिका सामपीनसश्वासकासजित् ॥ २४ ॥
रुचिस्वरकरा ख्याता प्रतिश्यायप्रणाशिनी ॥

શુંઠ, કાળાં મરી, લીંડીપીપર, અમલવેતસ, ચવક, તાલીસ પત્ર, ચિત્રક, જીરૂં અને આમલીની છાલ એ ઔષધો એક એક તોલો લેવાં, તથા તજ, તમાલપત્ર, એલચી, એ ત્રણ ત્રણ શાણ લેવાં. તે તમામ ઔષધોને એકઠાં કરી તેનું ચુર્ણ બનાવવું. તે ચુર્ણમાં વીશ તોલા ગોળ મેળવી ગોળી બનાવવી આને વ્યોષાદિ ગુટિકા કહેવામાં આવે છે. તેનું સેવન કરવાથી, આમ પીનસનો રોગ, શ્વાસ, ખાંસી વગેરે દરદોનો નાશ કરે છે તથા રૂચિ ઉત્પન્ન કરે છે, સ્વર શુદ્ધ કરે છે અને સળેખમને મટાડે છે. ૨૩-૨૪

(આમ વગેરે ઊપર ગુડવટિકા ચતુષ્ટય.)

आमेषु सगुडां शुंठीमजीर्णे गुडपिप्पलीं ॥ २५ ॥
कृच्छ्रे जीरगुडं दद्यादर्शःऽसु च गुडाभयां ॥

શુંઠના ચુર્ણમાં ગોળ મેળવી ગોળી બનાવી સેવન કરવાથી આમનો નાશ થાય છે. ગોળ અને લીંડીપીપરનું ચુર્ણ મેળવી ગોળી બનાવી તેનું સેવન કરવાથી અજીર્ણનો નાશ થાય છે. ગોળની સાથે જીરાનું ચુર્ણ મેળવી તેની ગોળી બનાવી તેનું સેવન કરવાથી મૂત્રકૃચ્છ નાશ પામે છે. ગોળની સાથે હરડેનું ચુર્ણ મેળવી તેની ગોળી બનાવી તેનું સેવન કરવાથી અર્શનું દરદ નાશ પામે છે. ૨૫.

(અર્શ ઊપર વૃદ્ધદારક મોદક.)

वृद्धदारक भल्लात शुंठीचूर्णेन योजितः ॥ २६ ॥
मोदकः सगुडो हन्यात् षड्विधार्शः कृतां रुजं ॥

વરધારો, ભિલામું, અને શુંઠ, એ ઔષધો સરખે ભાગે લઇ તેનું ચુર્ણ કરી તેમાં બમણો ગોળ મેળવી ગોળી બનાવવી તેનું સેવન કરવાથી ૬ પ્રકારના અર્શ રોગનો નાશ થાય છે. ૨૬.

(અર્શ ઊપર સૂરણ વટક.)

शुष्कसूरणचूर्णस्य भागान् द्वात्रिंशदाहरेत् ॥ २७ ॥
भागान्षोडश चित्रस्य शुंठ्या भागचतुष्टयं ॥
द्वौ भागौ मरिचस्यापि सुर्वाण्येकत्र कारयेत् ॥ २८ ॥
गुडेन पिंडिकां कुर्यादर्शसां नाशिनीं परम् ॥

સૂરણને સુકવી તેનું ચુર્ણ બનાવી બત્રીશ તોલા લેવું, ચિત્રકની છાલ સોળ તોલા, શુંઠ ચાર તોલા, અને કાળાં મરી બે તોલા એ તમામ ઔષધોને એકઠાં કરી તેનું ચુર્ણ બનાવી તેમાં સરખે ભાગે ગોળ મેળવી ગોળી બનાવવી. એ ગોળીનું સેવન કરવાથી ૬ પ્રકારના અર્શ રોગનો નાશ થાય છે. ૨૭–૨૮

(અર્શ ઊપર બૃહત્સૂરણ વટક.)

सूरणो वृद्धदारश्च भागैः षोडशभिः पृथक् ॥ २९ ॥
मुसलीचित्रकौ ज्ञेयावष्टभागमितौ पृथक् ॥

शिवाबिभीतकौ धात्री विडंगं नागरं कणा ॥ ३० ॥
भल्लातः पिप्पलीमूलं तालीसं च पृथक् पृथक् ॥
चतुर्भागप्रमाणानि त्वगेला मरिचं तथा ॥ ३१ ॥
द्विभागमात्राणि पृथक् ततस्त्वेकत्र चूर्णयेत् ।
द्विगुणेन गुडेनाथ वटकान् कारयेद्बुधः ॥ ३२ ॥
प्रबलाग्निकरा एते तथार्शोनाशनःपरं ॥
ग्रहणीं वातकफजां श्वासं कासं क्षयामयं ॥ ३३ ॥
प्लीहानं श्लीपदं शोफं हिक्कां मेहं भगंदरं ॥
निहन्युः पलितं वृष्यास्तथा मेध्या रसायनाः ॥ ३४ ॥

સૂરણ અને વરધારો સોળ તોલા, મુસળી અને ચિત્રકની છાલ આઠ તોલા, ત્રિફળા, વાવડિંગ, શુંઠ, લીંડીપીપર, ભિલામું, પીપરી મૂળ, તાલીસપત્ર, એ ઔષધો ચાર ચાર તોલા, તજ, એલચી, અને મરી બે બે તોલા લેવાં. એ તમામ ઔષધો એકઠાં કરી તેનું ચુર્ણ બનાવી તેની સાથે બમણો ગોળ મેળવી તેની ગોળી બનાવવી તેનું સેવન કરવાથી અગ્નિ પ્રદિપ્ત થાય છે. અર્શ, સંગ્રહણી, શ્વાસ, ખાંસી, ક્ષય, બરળ, શ્લીપદ રોગ, સોજો, હેડકી, પ્રમેહ, ભગંદર, પલિત-રોગ, વગેરે તમામ દરદો નાશ પામે છે, તથા બુદ્ધિ વધારે છે અને કામોત્તેજક કરે છે. ૨૯-૩૪

(કમળા વગેરે ઉપર મંડૂર વટક.)

त्रिफला त्र्यूषणं चव्यं पिप्पलीमूलचित्रकौ ॥
दारुमाक्षिकधातुस्त्वग्दार्वी मुस्तं विडंगकं ॥ ३५ ॥
प्रत्येकं कर्षमात्राणि सर्वद्विगुणितं तथा ॥
मंडूरं चूर्णयेत्सर्वं गोमूत्रेऽष्टगुणे क्षिपेत् ॥ ३६ ॥
पक्त्वा च वटकान् कृत्वा दद्यात्तक्रानुपानतः ॥
कामलापांडुमेहार्शः शोथकुष्ठकफामयान् ॥ ३७ ॥
ऊरुस्तंभमजीर्णं च प्लीहानं नाशयंति च ॥

ત્રિફળા, શુંઠ, મરી, લીંડીપીપર, ચવ્યક, પીપરી મૂળ, ચિત્રકની છાલ, દેવદાર, સુવર્ણમાક્ષિક ભસ્મ, તજ, દારૂહળદર, નાગરમોથ, અને વાવડીંગ, એ ઔષધો એક એક તોલો લઈ તેનું ચુર્ણ

બનાવવું. પછી તેમાં ચુર્ણુનાથી બમણી મંડૂર ભસ્મ મેળવી તેને આઠ ગણા ગૌમૂત્રમાં પકવી ગોળી વળે તેવું ઘટ્ટ થાય એટલે તેની ગોળી વાળવી. આ ગોળીનું છાશની સાથે સેવન કરવાથી કમળો, પાંડુરોગ, પ્રમેહ, અર્શ, સોજો, કોઢ, કફવિકાર, અજીર્ણ અને પ્લીહા વગેરે દરદોનો નાશ થાય છે. ૩૫-૩૭

(પ્રમેહ વગેરે ઉપર ચંદ્રપ્રભા ગુટિકા.)

चंद्रप्रभा वचा मुस्तं भूनिंबामृतदारुकं ॥ ३८ ॥
हरिद्रातिविषा दार्वी पिप्पलीमूलचित्रकौ ॥
धान्याकं त्रिफला चव्यं विडंगं गजपिप्पली ॥ ३९ ॥
व्योषं माक्षिकधातुश्च द्वौ क्षारौ लवणत्रयं ॥
एतानि शाणमात्राणि प्रत्येकं कारयेद्बुधः ॥ ४० ॥
त्रिवृद्दंतीपत्रकं च त्वगेला वंशरोचना ॥
प्रत्येकं कर्षमात्रं च कुर्यादेतानी बुद्धिमान् ॥ ४१ ॥
द्विकर्षं हतलोहं स्याच्चतुःकर्षा सिता भवेत् ॥
शिलाजित्त्वष्टकर्षं स्यादष्टौ कर्षास्तु गुग्गुलो ॥ ४२ ॥
एभिरेकत्र संक्षुण्णैः कर्त्तव्या गुटिका शुभा ॥
चंद्रप्रभेति विख्याता सर्वरोगप्रणाशिनी ॥ ४३ ॥
प्रमेहान्विंशतिं कृच्छ्रं मूत्रघातं तथाश्मरीं ॥
विबंधानाहशूलानि मेहनग्रंथिमर्बुदं ॥ ४४ ॥
अंडवृद्धिं तथा पांडूं कामलां च हलीमकं ॥
अंत्रवृद्धिं कटीशूलं श्वासं कासं विचर्चिकां ॥ ४५ ॥
कुष्ठान्यर्शांसि कंडुं च प्लीहोदरभगंदरं ॥
दंतरोगं नेत्ररोगं स्त्रीणामार्तवजां रुजं ॥ ४६ ॥
पुंसां शुक्रगतान् दोषान् मंदाग्निमरुचिं तथा ॥
वायुं पित्तं कफं हन्याद्बल्या वृष्या रसायनी ॥ ४७ ॥
चंद्रप्रभायां कर्षस्तु चतुः शाणो विधीयते ॥

કચુરો, વજ, નાગરમોથ, કરિયાતું, ગળો, દેવદાર, હળદર, અ-

તિવિષની કળી, દારૂહળદર, પીપરીમૂળ, ચિત્રકની છાલ, ધાણા, ત્રિફળા, ચવ્યક, વાવડિંગ, ગજ પિપ્પલી, શુંઠ, કાળાં મરી, લીંડીપીપર, સુવર્ણમાક્ષિક ભસ્મ, સાજીખાર, જવખાર, સિન્ધાલૂણ, સંચળ, અને બિડ લવણ એ ઔષધો એક એક શાણ (ગદિયાણો) લેવાં તથા નસોતર, નેપાળાનું મૂળ, તમાલપત્ર, તજ, એલચી અને વંશલોચન એ ઔષધો સોળ સોળ માશા લેવાં અને લોહ ભસ્મ બે તોલા, સાકર ચાર તોલા અને શિલાજીત આઠ તોલા લેવાં. એ તમામ ઔષધોને ખાંડી તેનું બારીક ચુર્ણ બનાવી તેની ચાર શાણની એક એ પ્રમાણે ગોળી બનાવવી. આ ગોળીને ચંદ્રપ્રભા ગુટિકા કહેવામાં આવે છે. એ ગોળીનું સેવન કરવાથી વીશ પ્રકારના પ્રમેહ, મૂત્રકૃચ્છ્ર, મૂત્રઘાત, પથરી, મળ બદ્ધતા, પેટનું ફુલવું, શૂળ, અંડવૃદ્ધિ, પાંડુ રોગ, કમળો, હલીમક, અન્ત્ર વૃદ્ધિ, કટીશૂળ, શ્વાસ, ખાંસી, વિચર્ચિકા, કોઢ, અર્શ, ખુજલી, પ્લીહા, ભગંદર, દંતરોગ, નેત્રરોગ, સ્ત્રીઓનો રજો સંબંધી રોગ, વિર્યવિકાર, મંદાગ્નિ, અરૂચિ, વાત, પિત્ત કફનો પ્રકોપ વગેરે તમામ દરદોનો નાશ થાય છે. આ ચંત્રપ્રભા ગોળી રસાયની છે તથા કામોત્તેજક છે. ૩૮-૪૭

(ગુલ્મ વગેરે ઉપર કાંકાયન ગુટિકા.)

यवानी जीरकं धान्यं मरीचं गिरिकर्णिका ॥ ४८ ॥
आजमोदापकुंची च चतुःशाणाः पृथक् पृथक् ॥
हिंगु षट्शाणिकं कार्यं क्षारौ लवणपंचकं ॥ ४९ ॥
त्रिवृच्चाष्टमितैः शाणैः प्रत्येकं कल्पयेत्सुधीः ॥
दंती शठी पोष्करं च विडंगं दाडिमं शिवा ॥ ५० ॥
चित्राम्लवेतसः शुंठीशाणैः षोडशभिः पृथक् ॥
बीजपूररसेनैषां गुटिकां कारयेद्बुधः ॥ ५१ ॥
घृतेन पयसा मद्यैरम्लैरुष्णोदकेन वा ॥
पिबेत् कांकायनप्रोक्तां गुटिकां गुल्मनाशिनीम् ॥५२॥
मद्येन वातिकं गुल्मं गोक्षीरेण च पैत्तिकं ॥
मूत्रेण कफगुल्मं च दशमूलैस्त्रिदोषजं ॥ ५३ ॥
उष्ट्रीदुग्धेन नारीणां रक्तगुल्मं निवारयेत् ॥

हृद्रोगं ग्रहणीं शूलं कृमीनर्शांसि नाशयेत् ॥ ५४ ॥

અજમા, જીરૂં, ધાણા, કાળાંમરી, વિષ્ણુકાંતા, અજમોદ, અને કલોંજી જીરૂં એ ઔષધો ચાર ચાર શાણ લેવાં. શેકેલી હીંગ છ શાણ, જવખાર, સાજીખાર, સિન્ધાલૂણ, સંચળ, બિડલવણ, મીઠું, વડાગરૂ મીઠું અને નસોતર એ ઔષધો આઠ આઠ શાણ લેવાં, તથા નેપાળાનું મૂળ, કચૂરો, રપુષ્કમૂળ, વાવડિંગ, દાડમની છાલ, હરડે, ચિત્રકની છાલ, અમલવેતસ અને શુંઠ એ ઔષધીઓ સોળ સોળ શાણ લેવી. એ તમામ ઔષધો એકઠાં કરી તેનું બારીક ચૂર્ણ બનાવી તેની બીજોરાના રસમાં ગોળી બનાવવી. આ ગોળીને કાંકાયન ગુટિકા કહે છે. આ ગોળીનું, ઘી, ગાયનું દૂધ, મધ, અથવા ગરમ પાણી એમાંથી યોગ્ય અનુપાન સાથે સેવન કરવાથી ગુલ્મનો નાશ થાય છે. વાયુના ગોળા ઉપર મધની સાથે સેવન કરવું. પિત્તના ગોળા ઉપર ગાયના દૂધ સાથે સેવન કરવું, ગૌમૂત્ર સાથે સેવન કરવાથી કફગુલ્મ નો નાશ થાય છે. દશમૂળના કવાથ સાથે સેવન કરવાથી ત્રિદોષ ગુલ્મનો નાશ થાય છે. ઊંટડીના દૂધની સાથે સેવન કરવાથી સ્ત્રીઓના રક્તગુલ્મ રોગ નાશ થાય છે. તથા યથાયોગ્ય અનુપાન સાથે મેળવી સેવન કરવાથી હૃદયરોગ, સંગ્રહણી, શૂળ, કૃમિરોગ, અર્શ, વગેરે તમામ દરદોનો નાશ થાય છે. ૪૮–૫૪

(વાયુ રોગ ઊપર યોગરાજ ગુગળ.)

नागरं पिप्पली चव्यं पिप्पलीमूलचित्रकौ ॥
भ्रष्टं हिंग्वजमोदं च सर्षपाजीरकद्वयं ॥ ५५ ॥
रेणुकेंद्रयवाः पाठा विडंगं गजपिप्पली ।
कटुकातिविषा भार्गी वचा मूर्वेति भागतः ॥ ५६ ॥
प्रत्येकं शाणिकानि स्युर्द्रव्याणीमानि विंशतिः ।
द्रव्येभ्यः सकलेभ्यश्च त्रिफलाद्विगुणा भवेत् ॥ ५७ ॥
एभिश्चूर्णीकृतैः सर्वैः समो देयस्तु गुग्गुलुः ॥
वंगं रौप्यं च नागं च लोहसारं तथाभ्रकं ॥ ५८ ॥
मंडूरं रससिंदूरं प्रत्यकं पलसंमितं ॥
गुडपाकसमं कृत्वा इमं दद्याद्यथोचितं ॥ ५९ ॥

एकपिंडं ततः कृत्वा धारयेत् घृतभाजनं ॥
गुटिकाः शाणमात्रास्तु कृत्वा ग्राह्या यथोचिताः ॥६०॥
गुग्गुलुर्योगराजोयं त्रिदोषघ्नो रसायनः ॥
मैथुनाहारपानानां त्यागो नैवात्र विद्यते ॥ ६१ ॥
सर्वान् वातामयान् कुष्ठान्यर्शांसि ग्रहणीगदं ॥
प्रमेहं वातरक्तं च नाभिशूलं भगंदरं ॥ ६२ ॥
उदावर्तं क्षयं गुल्ममपस्मारमुरोग्रहं ॥
मंदाग्निश्वासकासांश्च नाशयेदरुचिं तथा ॥ ६३ ॥
रेतोदोषहरः पुंसां रजो दोषहरः स्त्रियां ॥
पुंसामपत्यजनको वंध्यानां गर्भदस्तथा ॥ ६४ ॥
रास्नादिक्काथसंयुक्तो विविधं हंति मारुतं ॥
काकोल्यादिशृतात् पित्तं कफमारग्वधादिना ॥ ६५ ॥
दार्वीशृतेन मेहांश्च गोमूत्रेणैव पांडुतां ॥
मेदोवृद्धिं च मधुना कुष्ठं निंबशृतेन वा ॥ ६६ ॥
छिन्ना क्वाथेन वातास्रं शोथं शूलं कणा शृतात् ॥
पाटलाक्वाथसहितो विषं मूषकजं जयेत् ॥ ६७ ॥
त्रिफलाक्वाथसहितो नेत्रार्तिं हंति दारुणां ॥
पुनर्नवादेः क्वाथेन हन्यात्सर्वोदराण्यपि ॥ ६८ ॥

શુંઠ, લીંડીપીપર, ચવ્યક, પીપરીમૂળ, ચિત્રકની છાલ, શેકેલી હીંગ, અજમોદ, સરશવ, જીરૂં, શાહજીરૂં, રેણુક બીજ, ઇન્દ્રજવ, કાળીપાટ, વાવડિંગ, ગજ પીપર, કડુ, અતિવિષની કળી, ભારીંગ, વજ, અને મુર્વા (મોરવેલ) એ ઔષધો એક એક શાણ લેવાં તથા ત્રિફળા તમામ ઔષધોના વજનથી બમણાં લેવાં. પછી તમામ ઔષધો એકઠાં કરી તેનું બારીક ચૂર્ણ બનાવવું. એ ચુર્ણના સરખા ભાગે શુદ્ધ ગુગળ લઇ તેને ખરલમાં નાખી ગોળના પાક જેવો બારીક બનાવવો. તેમાં ઉપરનાં તમામ ઔષધોનું ચૂર્ણ મેળવી તેમાં, બંગ, રૂપરસ, નાગેશ્વર, લોહ, અભ્રક, મંડૂર અને રસ સિંદુર એ ભસ્મો ચાર ચાર તોલાના પ્રમાણથી મેળવવી. પછી તમામ ઔષધોનો

એક ગોળો બનાવી તેની ચાર ચાર માસાની ગોળીઓ બનાવી, તેને ઘીવાળા વાસણમાં ભરી રાખવી. આ ગોળીઓને યોગરાજ ગુગળ કહેવામાં આવે છે. આ યોગરાજ ગુગળ રસાયન છે તેનાથી ત્રિદોષનો નાશ થાય છે. તેનું સેવન કરનાર પથ્ય ન પાળે તો વાંધો નહિ પણ પથ્ય રાખવું ઉત્તમ છે. તેનું સેવન કરવાથી બાદી, કોઢ, અર્શ, સંગ્રહણી, પ્રમેહ, વાતરક્ત, નાભિશૂળ, ભગંદર, ઉદાવર્ત, ક્ષય, ગોળો, મૃગી, ઊરોગ્રહ, મંદાગ્નિ, ખાંસી, શ્વાસ, અરૂચિ, વગેરે દરદોનો નાશ થાય છે. આ ગુગળ પુરૂષોના વીર્યવિકારને દૂર કરે છે, તથા ધાતુવૃદ્ધિ કરે છે, તેમજ સ્ત્રીઓના રજોદર્શન સંબંધી દરદ નાશ કરે છે અને ગર્ભ ધારણ કરાવે છે, તેમજ આ ગુગળને રાસ્નાના ક્વાથમાં સેવન કરવાથી અનેક પ્રકારના વાતરોગ નાશ થાય છે. કાકોલ્યાના ક્વાથ સાથે સેવવાથી પિતરોગ, આરગ્વધાદિના ક્વાથમાં સેવવાથી કફરોગ, દારૂહળદરના ક્વાથમાં સેવવાથી પ્રમેહ, ગૌમૂત્રમાં સેવન કરવાથી પાંડુરોગ, મધની સાથે સેવવાથી મેદરોગ, લીમડાના ક્વાથમાં સેવવાથી કુષ્ટરોગ, ગળોના ક્વાથમાં લેવાથી વાતરક્ત, પીપરના ક્વાથમાં સેવવાથી સોજો અને શૂળ, પાડલના ક્વાથમાં સેવવાથી ઉંદરવિષ, ત્રિફળાના ક્વાથ સાથે સેવવાથી નેત્રરોગ અને પુનર્નવાના ક્વાથમાં સેવન કરવાથી ઉદર રોગનો નાશ થાય છે. આ પ્રમાણે અનુપાનો સાથે યથાયોગ્ય ગુગળનું સેવન કરવાથી ઉપરનાં તમામ દરદોનો નાશ થાય છે. ૫૫-૬૮

(વાતરક્ત ઉપર કૈશોર ગુગ્ગુળ.)

त्रिफलायास्त्रयः प्रस्थाः प्रस्थैका चामृता भवेत् ॥
संकुट्य लोहपात्रे तु सार्धद्रोणांबुना पचेत् ॥ ६९ ॥
जलमर्धशृतं ज्ञात्वा गृन्हीयाद्वस्त्रगालितं ॥
क्काथे क्षिपेतु शुद्धं च गुग्गुलं प्रस्थसंमितं ॥ ७० ॥
पुनः पचेदयःपात्रे दर्व्या संघट्टयेन्मुहुः ॥
सांद्रीभूतं च तं ज्ञात्वा गुडपाकसमाकृतिं ॥ ७१ ॥
चूर्णीकृत्य ततस्तत्र द्रव्याणीमानि निक्षिपेत् ॥
त्रिफलार्द्धपला ज्ञेया गुडूची पलिका मता ॥ ७२ ॥
षडक्षं त्र्यूषणं प्रोक्तं विडंगानां पलार्धकं ॥

दंती कर्षमिता कार्या त्रिवृत्कर्षमिता स्मृता ॥ ७३ ॥
ततः पिंडीकृतं सर्वं घृतपात्रे विनिक्षिपेत् ॥
गुटिकाः शाणिकाः कार्या युंज्याद्दोषाद्यपेक्षया ॥ ७४ ॥
अनुपाने भिषग् दद्यात् कोष्णनीरंपयोऽथवा ॥
मंजिष्ठादिशृतं वापियुक्तियुक्तमतः परं ॥ ७५ ॥
जयेत्सर्वाणि कुष्ठानि वातरक्तं त्रिदोषजं ॥
सर्वव्रणांश्च गुल्मांश्च प्रमेहपिटिकास्तथा ॥ ७६ ॥
प्रमेहोदरमंदाग्निकासश्वयथुपांडुजान् ॥
हंति सर्वामयान्नित्यमुपयुक्तो रसायनः ॥ ७७ ॥
कैशोरकाभिधानोऽयं गुग्गुलुः कांतिकारकः ॥
वासादिना नेत्रगदान् गुल्मादीन् वरुणादिना ॥ ७८ ॥
क्वाथेन खदिरस्यापि व्रणकुष्ठानि नाशयेत् ॥
अम्लं तीक्ष्णमजीर्णं च व्यवायं श्रममातपं ॥ ७९ ॥
मद्यं रोषं त्यजेत्सम्यक् गुणार्थी पुरसेवकः ॥

ત્રિફળા અને ગળો એ ઔષધો એક એક પ્રસ્થ લેવાં, તેને અધકચરાં કરી એક કઢાઇમાં દોઢ દ્રોણ પાણી મેળવી અરધું પાણી બાકી રહે ત્યાં સુધી ઉકાળી તેનો ક્વાથ બનાવવો. પછી તેને ગળી લઇ તેમાં શુદ્ધ કરેલો ગુગળ એક પ્રસ્થ મેળવવો. પછી તે ક્વાથ અને ગુગળને ફરીથી કઢાઇમાં નાખી પાક થાય ત્યાં સુધી ઉકાળવો ગુગળ કઢાઇમાં ચોટી ન જાય માટે તેને તવેથા વતી હલાવ્યા કરવો જ્યારે ગોળના પાક જેવું ઘટ્ટ થાય ત્યારે ઉતારી તેમાં ત્રિફળા અને ગળોનું ચૂર્ણ અરધો પળ મેળવવું, શુંઠ, મરી, અને લીંડી-પીપરનું ચૂર્ણ બે તોલા, વાવડિંગનું ચૂર્ણ અરધો પલ, નેપાળાનું ચૂર્ણ એક કર્ષ, નસોતર એક કર્ષ એ પ્રમાણે તમામ ઔષધોનું ચૂર્ણ ઉપરના ગુગળના પાકમાં મેળવી એકરસ કરી દેવું. પછી તેની એક એક શાણની ગોળી બનાવી તેને ઘીવાળા વાસણમાં ભરી રાખવી. આ ગોળીઓને કિશોર ગુગળ કહેવામાં આવે છે. આ ગોળી દરદીની શક્તિ અને રોગાનુસાર યોગ્ય અનુપાન સાથે આપવી. આ ગોળી ઉના પાણી સાથે, અથવા દૂધ સાથે અથવા મજીઠાદિ ક્વાથ

સાથે સેવન કરવાથી સંપૂર્ણ કુષ્ટ, ત્રિદોષથી ઉત્પન્ન થએલ વાતરક્ત, ગોળો, પ્રમેહ, ઉદરરોગ, મંદાગ્નિ, ખાંસી, શ્વાસ, અને પાંડુરોગનો નાશ થાય છે. આ ગુગળ સેવવાથી કાંતિ વધે છે, તેમજ વાસકાદિ ક્વાથ સાથે લેવાથી નેત્રરોગ, વરણાદિ ક્વાથ સાથે લેવાથી ગુલ્મ, ખદિરાદિ ક્વાથમાં લેવાથી વ્રણ અને કુષ્ટ રોગ, વગેરે દરદોનો નાશ થાય છે. આ ગુગળનું સેવન કરનારે નીચે પ્રમાણે પથ્ય પાળવું. ખટાશ, તીક્ષ્ણ પદાર્થ, અજીર્ણ કરનાર વસ્તુ, મૈથુન, પરિશ્રમ કરવો, તડકામાં ફરવું, માદક દ્રવ્યોનું સેવન અને ક્રોધ એ બાબતોનો ત્યાગ કરવો. જો પથ્ય બરાબર રાખવામાં ન આવે તો બહુજ અવગુણ થાય છે માટે અવશ્ય પથ્ય રાખી આ ગુગળનું સેવન કરવું. ૬૯–૭૯

(ભગંદર વગેરે દરદ ઉપર ત્રિફળા ગુગળ.)

त्रिपलं त्रिफलाचूर्णं कृष्णाचूर्णं पलोन्मितं ॥ ८० ॥
गुग्गुलुः पंचपलिकः क्षोदयेत्सर्वमेकतः ॥
ततस्तु गुटिकां कृत्वा प्रयुंजाद्वाह्न्यपेक्षया ॥ ८१ ॥
भगंदरं गुल्मशोथावर्शांसि च विनाशयेत् ॥

ત્રિફળા અને લીંડીપીપર એ દરેક એક એક પલ લેવાં, તેમાં શુદ્ધ કરેલો ગુગળ પાંચ પલ મેળવી તેનું બારીક ચુરણ કરી તેની ગોળી બનાવવી. તે ગોળીનું દરદીની શક્તિ અનુસાર સેવન કરવાથી ભગંદર, ગોળો, સોજો અને અર્શ વગેરે દરદોનો નાશ થાય છે. ૮૦-૮૧

(પ્રમેહ વગેરે દરદ ઉપર ગોક્ષુરાદિ ગુગ્ગુળ.)

अष्टाविंशतिसंख्यानि पलान्यानीय गोक्षुरान् ॥ ८२ ॥
विपचेत् षड्गुणे नीरे क्काथो ग्राह्योऽर्द्धशेषितः ॥
ततः पुनः पचेत्तत्र पुरं सप्तपलं क्षिपेत् ॥ ८३ ॥
गुडपाकसमाकारं ज्ञात्वा तत्र विनिक्षिपेत् ॥
त्रिकटु त्रिफला मुस्तं चूर्णितं पलसप्तकं ॥ ८४ ॥
ततः पिंडीकृतं चास्य गुटिकामुपयोजयेत् ॥
हन्यात्प्रमेहं कृच्छ्रं च प्रदरं मूत्रघातकं ॥ ८५ ॥
वातास्रं वातरोगांश्च शुक्रदोषं तथाश्मरीं ॥

અઠ્ઠાવીશ પલ ગોખરૂ લઈ તેને ખાંડી છગણા પાણીમાં ઉકાળી

ક્વાથ બનાવવો, પછી તેમાં શુદ્ધ કરેલો સાત પલ ગુગળ તે ક્વાથમાં મેળવવો, પછી તે ક્વાથને ફરીથી કડાઇમાં ગોળના પાક જેવો જાડો થાય ત્યાં સુધી ઉકાળવો. પછી તે પાકમાં, શુંઠ, મરી, લીંડીપીપર, ત્રિફળા, નાગરમોથ, એ ઔષધો એક એક પલ લઇ તેનું બારીક ચુર્ણ બનાવી મેળવવું. પછી તેની ગોળીઓ બનાવવી એ ગોળીનું સેવન કરવાથી પ્રમેહ, મૂત્રકૃચ્છ્ર, પ્રદરરોગ, મૂત્રઘાત, વાતરક્ત, બાદી, ધાતુવિકાર, પથરી વગેરે તમામ દરદોનો નાશ કરે છે. ૮૨-૮૫

(કુષ્ટાદિ ઉપર ત્રિફળાદિ મોદક.)

त्रिफलाष्टपला कार्या भल्लातानां चतुःपलं ॥ ८६ ॥
वाकुची पंचपलिका विडंगानां चतुःपलं ॥
हतलोहं त्रिवृच्चैव गुग्गुलुश्च शिलाजतु ॥ ८७ ॥
एकैकं पलमात्रं स्यात् पलार्द्धं पौष्करं भवेत् ॥
चित्रकस्य पलार्द्धं स्याद्द्विशाणं मरिचं भवेत् ॥ ८८ ॥
नागरं पिप्पली मुस्तं त्वगेलापत्रकुंकुमं ॥
शाणोन्मितं स्यादेकैकं चूर्णयेत्सर्वमेकतः ॥ ८९ ॥
ततस्तत्प्रक्षिपेच्चूर्णं पक्वखंडे च तत्समे ॥
मोदकान् पलिकान् कृत्वा प्रयुंजीत यथोचितम् ॥ ९० ॥
हन्युः सर्वाणि कुष्ठानि त्रिदोषप्रभवामयान् ॥
भगंदरप्लीहगुल्मान् जिह्वाताल्लुगलामयान् ॥ ९१ ॥
शिरोक्षिप्रगतान् रोगान् मन्यापृष्ठगतानपि ॥
प्राग्भोजनस्य देयं स्यादधः कायस्थिते गदे ॥ ९२ ॥
भेषजं भक्तमध्ये च रोगे जठरसंस्थिते ॥
भोजनस्योपरि ग्राह्यमूर्ध्वजत्रुगदेषु च ॥ ९३ ॥

ત્રિફળા આઠ પલ, ભિલામાં ચાર પલ, બાવચી પાંચ પલ, વાવડિંગ ચાર પલ, તથા લોહભસ્મ, નસોતર, શુદ્ધ ગુગળ, શિલાજીત, એ ઔષધો એક એક પલ, પુષ્કરમૂળ અરધો પલ, ચિત્રકની છાલ અરધો પલ, કાળાં મરી બે શાણ, શુંઠ, લીંડીપીપર, નાગરમોથ,

તજ, તમાલપત્ર, એલચી, નાગકેસર એ ઔષધો એક એક શાણ લેવાં. એ તમામનું બારીક ચુર્ણ બનાવવું. પછી ચુરણના સરખા ભાગની સાકર લઇ તેની ચાસણી બનાવી તેમાં ઉપરનું ચૂર્ણ મેળવી તેનો એક પલના પ્રમાણનો મોદક બનાવવો. તેનું સેવન કરવાથી તમામ જાતના કુષ્ટરોગ, ભગંદર, નેત્રરોગ, પ્લીહા, ગોળો, જીહ્વા, અક્ષિ, તાળુ, શિર, નેત્રરોગ વગેરે દરદોનો નાશ થાય છે. તથા અધઃ કાયસ્થિત રોગ ઉપર સવારમાં મોદકનું સેવન કરવું, જઠરના વ્યાધિ ઉપર ભોજનના સમયે સેવન કરવું અને ઉર્ધ્વજત્રુરોગ ઉપર ભોજન પછી મોદકનું સેવન કરવું. ૮૬-૯૩

(ગંડમાળ વગેરે ઉપર કાંચનાર ગૂગળ.)

काचनारत्वचो ग्राह्यं पलानां दशकं बुधैः ॥
त्रिफला षट्पला ग्राह्या त्रिकटु स्यात्पलत्रयं ॥ ९४ ॥
पलैकं वरुणं कार्यं एलात्वक् पत्रकं तथा ॥
एकैकं कर्षमात्रं स्यात्सर्वाण्येकत्र चूर्णयेत् ॥ ९५ ॥
यावच्चूर्णमिदं सर्वं तावन्मात्रस्तु गुग्गुलुः ॥
संकुट्य सर्वमेकत्र पिंडं कृत्वा च धारयेत् ॥ ९६ ॥
गुटिकाः शाणिकाः कृत्वा प्रातर्ग्राह्या यथोचितम् ॥
गंडमालां जयत्युग्रामपचीमर्बुदानि च ॥ ९७ ॥
ग्रंथी व्रणानि गुल्मांश्च कुष्ठानि च भगंदरं ॥
प्रदेयश्चानुपानार्थं क्वाथो मुंडितिकाभवः ॥ ९८ ॥
क्वाथः खदिरसारस्य पथ्याक्वाथोथ चोष्णकं ॥

કાંચનાર વૃક્ષની છાલ દશ પલ લેવી, ત્રિફળા ૭ પલ, શુંઠ, મરી અને લીંડીપીપર એક એક પલ, વરણો એક પલ, તજ, તમાલપત્ર અને એલચી એક એક કર્ષ, એ તમામ ઔષધોને એકઠાં કરી તેનું બારીક ચુર્ણ બનાવવું. તે ચુર્ણના સરખા ભાગે શુદ્ધ કરેલો ગુગળ મેળવી તેને ખરલ કરી એક શાણ પ્રમાણની ગોળી બનાવવી. એ ગોળી સવારમાં ગોરખમુંડી, ખેરસાર અથવા હરડેના કવાથ કે ગરમ પાણી સાથે સેવન કરવાથી દારુણ ગંડમાળનો રોગ, અપચો, અર્બુદ, વ્રણ, ગોળો, કોઢ અને ભગંદર વગેરે દરદોનો નાશ થાય છે. ૯૪-૯૮

(ધાતુપુષ્ટી ઉપર માષાદિ મોદક.)

निस्तुषं माषचूर्णं स्यात्तथा गोधूमसंभवं ॥ १९९ ॥
निस्तुषं यवचूर्णं च शालितंदुलजं तथा ॥
सूक्ष्मं च पिप्पलीचूर्णं पलिकान्युपकल्पयेत् ॥ २०० ॥
एतदेकीकृतं सर्वं भर्जयेत् गोघृतेन च ॥
अर्धमात्रेण सर्वेभ्यस्ततः खंडं समं क्षिपेत् ॥ १ ॥
जले च द्विगुणं दत्त्वा पाचयेत्तं शनैः शनैः ॥
ततः पक्कं समुध्धृत्य मोदकं च पलोन्मितं ॥ २ ॥
कुर्यात्सायं च तं भुक्त्वा पिबेत् क्षीरं चतुर्गुणम् ॥
वर्जनीयौ विशेषेण क्षाराम्लौ द्वौ रसावपि ॥ ३ ॥
कृत्वैवं रमयेन्नारीर्बह्वीर्न क्षीयते नरः ॥

इति श्रीदामोदरसूनुशार्ङ्गधरेण विरचितायां संहितायां चिकित्सास्थाने वटककल्पनानाम सप्तमोऽध्यायः समाप्तः ॥

અડદનો લોટ, ઘઉંનો લોટ, જવનો લોટ, ચોખાનો લોટ અને લીંડીપીપરનું ચુર્ણ એ તમામ ચીજો એક એક પલ લેવી. તે બધી એકઠી કરી તેના અરધા વજન પ્રમાણે ગાયના ઘીમાં શેકી નાખવી પછી તેના સમાન ભાગની સાકરની ચાસણી બનાવી તેમાં શેકેલો લોટ મેળવી તેના એક પલ વજનના લાડુ બનાવવા. તેને રાત્રિએ સેવન કરી ઉપર પાશેર દૂધ પીવાથી કામોત્તેજક થાય છે અને વીર્ય ક્ષીણ થતું નથી. ઉપરના મોદકનું સેવન કરનારે ખાટા, ખારા વગેરે પદાર્થોનો ઉપયોગ કરવો નહિ. ૯૯–૨૦૩

ઇતિશ્રી શારંગધર સંહિતાના મધ્યખંડ વિષે સાતમા અધ્યાયનું પૂર્ણચંદ્રશર્મા કૃત ગુજરાતી ભાષાંતર સંપૂર્ણ.

અધ્યાય આઠમો.

(અવલેહ બનાવવાની રીતિ.)

क्वाथस्य स्यात्पुनः पाकाद्धनत्वं सा रसक्रिया ॥
सोवलेहश्चलेहः स्यात् तन्मात्र स्यात्पलोन्मिता ॥ १ ॥
सिता चतुर्गुणा कार्या चूर्णाच्च द्विगुणो गुडः ॥
द्रवं चतुर्गुणं दद्यादिति सर्वत्र निश्चयः ॥ २ ॥
सुपक्के तंतुमत्त्वं स्यादवलेहेप्सु मज्जति ॥
स्थिरत्वं पीडचते मुद्रा गंधवर्णरसोद्भवः ॥ ३ ॥
दुग्धमिक्षुरसं यूषं पंचमूलकषायकं ॥
वासाक्वाथं यथायोग्यमनुपानं प्रशस्यते ॥ ४ ॥

ઔષધોનો કષાય, ફાંટ વગેરેને ફરીથી ઉકાળી પાકના જેવાં ઘટ્ટ કરવા તેને રસક્રિયા કહે છે, તેનાં નામ લેહ અથવા અવલેહ કહેવાય છે. એ અવલેહની માત્રાનું પ્રમાણ એક પલનું સમજવું. જો તે અવલેહમાં સાકર મેળવવી હોય તો ચાર ગણી લેવી, ગોળ મેળવવો હોય તો બમણો લેવો, દૂધ પાણી વગેરે પાતળા પદાર્થો મેળવવા હોય તો ચાર ગણા લેવા એવી રીતે અવલેહમાં મેળવવાના પદાર્થોનો નિશ્ચય કર્યો છે. અવલેહ બરાબર પરિપક્વ થયો છે કે નહિ તેની પરીક્ષા નીચે મુજબ છે. જો બરાબર પરિપક્વ થયો હોય તો તેમાંથી તાર નીકળે છે તથા પાણીમાં નાખવાથી ડૂબી જાય છે, આંગળીએ દબાવવાથી કઠણુ તથા ચીકણો માલુમ પડે છે, જે ઔષધોનો અવલેહ બનાવ્યો હોય તેની વાસ તેમાં આવે છે; એવા લક્ષણોથી અવલેહના પાકવાની પરીક્ષા થાય છે. અવલેહ સાથે, દૂધ, શેરડીનો રસ, પંચમૂળના ક્વાથનો યૂષ અને અરડુશીનો ક્વાથ એમાંથી જે અનુકૂળ હોય તે અનુપાન આપવું. ૧-૪

(હેડકી, શ્વાસ, કાસ વગેરે ઉપર કંટકાર્યાવલેહ.)

कंटकारीतुलां नीरद्रोणे पक्त्वा कषायकं ॥
पादशेषं गृहीत्वा च तस्मिंश्चूर्णानि दापयेत् ॥ ५ ॥

पृथक् पलांशान्येतानि गुडूचीचव्यचित्रकाः ॥
मुस्तं कर्कटशृंगी च त्र्यूषणं धन्वयासकः ॥ ६ ॥
भार्गी रास्ना शटी चैव शर्करा पलविंशतिः ॥
प्रत्येकं च पलान्यष्टौ प्रदद्याद् घृततैलयोः ॥ ७ ॥
पक्त्वा लेहत्वमानीय शीते मधु पलाष्टकं ॥
चतुःपलं तु गोक्षीर्याः पिप्पलीनां चतुःपलं ॥ ८ ॥
क्षिप्त्वा निदध्यात्सुदृढे मृण्मये भाजने शुभे ॥
लेहोयं हंति हिक्कार्तिश्वासकासानशेषतः ॥ ९ ॥

ચારસો તોલા ભોંયરીંગણી લઇ તેને અધકગરી કૂટી, એક દ્રોણ (૧૦૨૪ તોલા) પાણીમાં નાખી ચોથો ભાગ પાણી રહે ત્યાં સુધી ઉકાળી તેનો ક્વાથ બનાવવો. પછી તેને ગળી લઇ તેમાં નીચે જણાવેલાં ઔષધોનું ચુરણ મેળવવું. ગળો, ચવ્યક, ચિત્રક, નાગરમોથ, કાકડાશિંગી, શુંઠ, મરી, લીંડીપીપર, જવાસો, ભારીંગ, રાસ્ના, કચુરો, એ દરેક એક એક પલ લઇ તેનું બારીક ચુર્ણ બનાવી ઉપરના ક્વાથમાં મેળવવું. પછી તેમાં એંશી તોલા સાકર તથા ઘી અને તેલ બત્રીશ તોલા મેળવી તેને ફરીથી ઉકાળી તેનો અવલેહ બનાવવો. તેને ઠંડો થવા દઇ તેમાં બત્રીશ તોલા મધ, તથા વંશલોચન અને લીંડીપીપરનું બારીક ચુર્ણ સોળ સોળ તોલા મેળવી મજબુત માટીના વાસણમાં ભરી રાખવું. આ અવલેહનું હમેશા સેવન કરવાથી હેડકી, શ્વાસ અને કાસ વગેરે તમામ દરદો નાબુદ થાય છે. ૫—૯.

(ક્ષય વગેરે દરદો ઉપર ચ્યવન પ્રાશાવલેહ.)

पाटलारणिकाश्मर्यबिल्वारलुकगोक्षुरः ॥
पर्ण्यौ बृहत्यौ पिप्पल्यः शृंगीद्राक्षामृताभयाः ॥ १० ॥
बला भूम्यामली वासा ऋद्धी जीवंतिका शठी ॥
जीवकर्षभकौ मुस्तं पौष्करं काकनासिका ॥ ११ ॥
मुद्गपर्णी माषपर्णी विदारी च पुनर्नवा ॥
काकोल्यौ कमलं मेदे सूक्ष्मैलागरुचंदनं ॥ १२ ॥
एकैकं पलसंमानं स्थूलचूर्णितमौषधं ॥
एकीकृत्य महत्पात्रे पंचामलशतानि च ॥ १३ ॥

पचेद् द्रोणजलं क्षिप्त्वा ग्राह्यमष्टांशशेषितं ॥
ततस्तु तान्यामलानि निष्कुलीकृत्य वाससा ॥ १४ ॥
दृढहस्तेन संपीड्य क्षिप्त्वा तत्र तले घृतं ॥
पलसप्तमितं तानि किंचिद् भृष्ट्वाल्पवह्निना ॥ १५ ॥
ततस्तत्र क्षिपेत् क्वाथं खंडं चार्धतुलोन्मितं ॥
लेहवत्साधयित्वा च चूर्णानीमानि दापयेत् ॥ १६ ॥
पिप्पली द्विपला देया गोक्षीरी तु चतुपला ॥
प्रत्येकं च त्रिशाणं स्यात्त्वगेलापत्रकेसरं ॥ १७ ॥
ततस्त्वेकीकृते तस्मिन् क्षिपेत् क्षौद्रं च षट्पलं ॥
इत्येतच्च्यवनप्रोक्तं च्यवनप्राशसंज्ञितं ॥ १८ ॥
लेहं वह्निबलं दृष्ट्वा खादेत्क्षीणो रसायनं ॥
बालवृद्धक्षतक्षीणा नारी क्षीणाश्च शोषिणः ॥ १९ ॥
हृद्रोगिणः स्वरक्षीणा ये नरास्तेषु युज्यते ॥
कासं श्वासं पिपासां च वातास्रमुरसो ग्रहं ॥ २० ॥
वातं पित्तं शुक्रदोषं मूत्रदोषं च नाशयेत् ॥
मेधां स्मृतिं स्त्रीषु हर्षं कांतिं वर्णं प्रसन्नतां ॥ २१ ॥
अस्मात्प्रयोगादाप्नोति नरो जीर्णविवर्जितः ॥

પાડળ, અરણી, શેવન, બીલીનું મૂળ, અરડુશી, ગોખરૂ, શાલપર્ણી, પૃષ્ટપર્ણી, બેઉ જાતની રીંગણી, લીંડીપીપર, કાકડાશિંગી, દ્રાક્ષ, ગળો, હરડે, ખરેંટી, ભોંયઆમલી, અરડુશી, ઋદ્ધિ, ડોડી, કચૂરો, જીવક (વિદારી કંદ), ઋષભક, નાગરમોથ, પુષ્કરમૂળ, સૂડિયાના વેલાનાં મૂળ, રાની મગ, અડદ, વિદારીકંદ, સાટોડી, કાંકોલી, કમળ, મેદા, મહામેદા (શતાવરી), એલચી, અગર, ચંદન એ દરેક ઔષધ ચાર ચાર તોલા લેવાં. તેને અધકચરાં કરી એક મટકામાં નાખવાં, તેની સાથે મોટાં આમળાં પાંચસો નાખવાં. તેને એક દ્રોણ પાણીમાં ઉકાળવાં. જ્યારે આઠમા ભાગનું પાણી બાકી રહે ત્યારે તેને ઉતારી લેઇ પછી તેને ગાળી લેવું અને આમળાંમાંથી ઠળીયા કાઢી નાખી તેનો એક વાસણ ઉપર કપડું બાંધી રસ છાણી

લેવો. પછી તેમાં અઠાવીશ તોલા ઘી નાખી ધીમી ધીમી અગ્નિની આંચ વતી શેકવો. ત્યાર પછી તે શેકેલા આમળાના માવામાં ઉપર બતાવેલો ક્વાથ અને અરધો તોલો સાકર મેળવી તેને ફરીથી કઠણ થાય ત્યાં સુધી ઉકાળવો. એવી રીતે અવલેહ બનાવી તેમાં લીંડી-પીપર આઠ તોલા, વંશલોચન સોળ તોલા, તજ, તમાલપત્ર, એલચી અને નાગકેસર ત્રણ ત્રણ શાણ તેનું ચુર્ણ બનાવી મેળવવું, તથા ચોવીશ તોલા મધ મેળવવું આને ચ્યવનપ્રાશાવલેહ કહેવામાં આવે છે. તે ચ્યવન મુનીએ બનાવ્યો છે. આ અવલેહ રસાયન છે તેને ક્ષીણ પુરૂષે પોતાની શક્તિ અનુસાર લેવો. બાળક, વૃદ્ધ, ક્ષત-ક્ષીણ, નપુંસક, શોષરોગી, હૃદયરોગી અને સ્વરક્ષીણવાળા રોગીને માટે ઉત્તમ છે. તેનું સેવન કરવાથી શ્વાસ, કાસ, પિપાસા, વાતરક્ત ઉરોગ્રહ, વાત, પિત્ત, ધાતુવિકાર, મૂત્રરોગ, વગેરેનો નાશ કરે છે તેમજ સ્મરણશક્તિ તેજ બનાવે છે, કાંતિ વધારે છે, કામોત્તેજક છે, બુદ્ધિ અને વર્ણને સુધારે છે તથા મનને શાંત રાખે છે, અને અજીર્ણનો નાશ કરે છે. ૧-૨૧

(રક્તપિત્ત વગેરે ઉપર કૂષ્માંડકાવલેહ.)

निष्कुलीकृत्य कूष्मांडं खंडात्पलशतं पचेत् ॥ २२ ॥
निक्षिप्य द्विगुणेनीर अर्धस्रष्टं च गृह्यते ॥
तानि कूष्मांडखंडानि पीडयेद् दृढवाससा ॥ २३ ॥
आतपे शोषयेत् किंचिच्छूलाग्रैर्बहुशो व्यधेत् ॥
क्षिप्त्वा ताम्रकटाहे च दद्यादष्टपलं घृतं ॥ २४ ॥
तेन किंचिद्विभर्जयित्वा पूर्वोक्तं च जलं क्षिपेत् ॥
खंडात्पलशतं दत्त्वा सर्वमेकत्र पाचयेत् ॥ २५ ॥
सुपक्के पिप्पलीशुंठीजीराणां द्विपले पृथक् ॥
पृथक् पलार्धं धान्याकं पत्रैला मरिचत्वचं ॥ २६ ॥
चूर्णीकृत्य क्षिपेत्तत्र घृतार्धं क्षौद्रमावपेत् ॥
खादेदग्निबलं दृष्ट्वा रक्तपित्ती ज्वरी क्षयी ॥ २७ ॥
शोषतृष्णातमश्छर्दिकासश्वासक्षतातुरः ॥
कूष्मांडकावलेहोयं बालवृद्धेषु युज्यते ॥ २८ ॥

उरःसंधानकृद्वृष्यो बृंहणो बलकृन्मतः

સારી રીતે પાકેલું ભુરૂં કોળું, લાવી તેની છાલ અને બી કહાડી નાખી તેના બારીક ટુકડા કરવા, તે સો પલ વજનથી લઇ બે તોલા પાણીમાં ઉકાળવા. અરધું પાણી બાકી રહે ત્યારે ઉતારી બફાયેલા કોળાનું પાણી નીચોવી લેવું અને નીચોવતાં બાકી કુચો રહે તેને જરા સૂકવવો અને આઠ પલ ઘી સાથે મેળવી ત્રાંબાના વાસણમાં શેકવો. શેકાયા પછી તેને નીચોવી લીધેલા પાણીમાં નાખી તેમાં સોપલ સાકર મેળવી તેને ઉકાળી પાક બનાવવો. પછી તેમાં લીંડીપીપર, શુંઠ, જીરૂ એ દરેક બે પલ, ધાણા, તમાલપત્ર, એલચીદાણા, કાળાં મરી, અને તજ એ દરેક અરધો પલ, તે તમામનું બારીક ચુર્ણ કરી પાકમાં મેળવવું, તથા ચાર પલ નાખવું અને તે બધાંને એકત્ર કરવાં: આને કુષ્માંડાવલેહ કહેવામાં આવે છે. આ અવલેહ દરદીની શક્તિ અનુસાર આપવો તેનાથી રક્તપિત્ત, ક્ષય, જ્વર, શોષ, તૃષા, અંધારાં, વમન, ખાંસી, શ્વાસ, ઉરઃક્ષત, વગેરે દરદોનો નાશ કરે છે તથા ધાતુ વૃદ્ધિ કરે છે, બળ વધારે છે, કામોત્તેજક છે અને બાળક તથા વૃધ્ધોને પણ ઉપયોગી છે. ૨૨–૨૮

(અર્શ વગેરે ઉપર કૂષ્માંડખંડલેહ.)

युक्त्या कूष्मांडखंडस्य सूरणं विपचेत्सुधीः ॥ २९ ॥
अर्शसां मूढवातानां मंदाग्नीनां च युज्यते ॥

પાકેલા ભૂરા કોળાના બારીક ટુકડા તથા સૂરણના ટુકડાને ઘીમાં શેકી તેમાં બમણી સાકર મેળવી તેનો અવલેહ બનાવવો. તેનું સેવન કરવાથી, અર્શ, બાદી, વગેરે દરદો નાશ થાય છે અને જઠરા પ્રદીપ્ત થાય છે. ૨૯

(ક્ષય વગેરે ઉપર અગસ્ત્ય હરીતકી.)

हरीतकीशतं भद्रं यवानामाढकं तथा ॥ ३० ॥
पलानि दश मूलस्य विंशतिश्च नियोजयेत् ॥
चित्रकः पिप्पलीमूलमपामार्गः शठी तथा ॥ ३१ ॥
कपिकच्छूः शंखपुष्पी भार्गी च गजपिप्पली ॥
बला पुष्करमूलं च पृथग् द्विपलमात्रया ॥ ३२ ॥
पचेत्पंचाढके नीरे यवैः स्विन्नैः शृतं नयेत् ॥
तत्राभयाशतं दद्यात् क्वाथे तस्मिन् विचक्षणः ॥ ३३ ॥

सर्पिस्तैलाष्टपलकं क्षिपेद्गुडतुलांतथा ॥
पक्त्वा लेहत्वमानीय सिद्धशीते पृथक् पृथक् ॥३४॥
क्षौद्रं च पिप्पलीचूर्णं दद्यात्कुडवमात्रया ॥
हरीतकी द्वयं स्वादेत्तेन लेहेन नित्यशः ॥ ३५ ॥
क्षयं कासं ज्वरं श्वासं हिक्काशोरुचिपीनसान् ॥
ग्रहणीं नाशयत्येष वलीपलितनाशनः ॥ ३६ ॥
बलवर्णकरः पुंसामवलेहो रसायनः ॥
विहितोऽगस्त्यमुनिना सर्वरोगवणाशनः ॥ ३७ ॥

એક આઢક જવ લઈ તેને ખાંડી તેમાં ચાર ગણું પાણી મેળવી ઉકાળવું. ચોથો ભાગ બાકી રહે ત્યારે ઉતારી પાણીને ગળી લેવું. પછી દશમૂળ બે બે પલ, ચિત્રક, પીપરીમૂળ, અઘેડા, કચુરો, કૌંચનાં બીજ, શંખપુષ્પી, ભારીંગ, ગજપીપર, ખરેંટીનાં મૂળ, અને પુષ્કરમૂળ એ દરેક બે બે પલ લેવાં. તેને ખાંડી તેમાં પાંચ આઢક પાણી નાખી કવાથ બનાવવો. પછી તેને છાણી લઈ ઉપરના જવના કવાથ સાથે મેળવી તેમાં એક સો મોટી હરડે નાખવી તથા ઘી અને તલનું તેલ આઠ આઠ પલ તથા ગોળ એક તુલા નાખવો. પછી તે બધાંને ઉકાળી પાક બનાવવો. જ્યારે ઠંડો થાય ત્યારે તેમાં લીંડીપીપરનું ચુર્ણ અને મધ એક એક કુડવ નાખવું. એ પ્રમાણે અવલેહ તૈયાર કરવો. આને અગસ્ત્યહરીતકી અવલેહ કહેવામાં આવે છે. બે હરડેનું અવલેહની સાથે સેવન કરવાથી ક્ષય, ખાંસી, જ્વર, શ્વાસ, હેડકી, અર્શ, અરૂચિ, પીનસરોગ, સંગ્રહણી, વગેરે દરદો નાશ પામે છે. શરીરપરની કરચલી દૂર થાય છે, બળ વધે છે, કાંતિ વધારે છે, આ અવલેહ રસાયન છે. તેનાથી સંપૂર્ણ રોગનો નાશ થાય છે. ૩૦-૩૭.

(અર્શ વગેરે ઉપર કુટજાવલેહ.)

कुटजत्वक्तुलां द्रोणे जलस्य विपचेत्सुधीः ॥
कषायं पादशेषं च गृह्णीयाद्वस्त्रगालितम् ॥ ३८ ॥
त्रिंशत्पलं गुडस्यात्र दत्वा च विपचेत्पुनः ॥
सांद्रत्वमागतं ज्ञात्वा चूर्णानीमानी दापयेत ॥ ३९ ॥

रसांजनं मोचरसं त्रिकटुं त्रिफलां तथा ॥
लज्जालुं चित्रकं पाठां बिल्वमिंद्रयवान् वचां ॥ ४० ॥
भल्लातकं प्रतिविषां विडंगानि च वालकम् ॥
प्रत्येकं पलसंमानं घृतस्य कुडवं तथा ॥ ४१ ॥
सिद्धशीतस्ततो दद्यान्मधुनः कुडवं तथा ॥
जयेदेषोऽवलेहस्तु सर्वाण्यर्शांसि वेगतः ॥ ४२ ॥
दुर्नामप्रभवान् रोगानतीसारमरोचकम् ॥
ग्रहणीपांडुरोगं च रक्तपित्तं च कामलां ॥ ४३ ॥
अम्लपित्तं तथा शोपं कार्श्यं चैव प्रवाहिकां ॥
अनुपाने प्रयोक्तव्यमाजं तक्रं पयो दधि ॥ ४४ ॥
घृतं जलं वा जीर्णे च पथ्यभोजी भवेन्नरः

અધકચરી કડાછાલ એક તુલા લઈ તેને દ્રોણ પાણીમાં ઉકાળી ક્વાથ બનાવવો. પછી તેને ગળી તેમાં ત્રીશ પલ ગોળ મેળવી તેને ફરીથી ઉકાળવું. જ્યારે કઠણ થાય ત્યારે તેને નીચે ઉતારી તેમાં નીચેની ઔષધિઓનું ચુર્ણ મેળવવું. રસવન્તી, મોચરસ, શુંઠ, મરી, લીંડીપીપર, ત્રિફળા, લજામણુ, ચિત્રકની છાલ, કાળીપાટ, બીલી, ઇન્દ્રજવ, વજ, ભિલામાં, અતિવિષની કળી, વાવડિંગ, નેત્રવાળો, એ દરેક ઔષધો એક એક પલ લઇ તે બધાનું ચુર્ણ કરી ઉપરના કાથમાં મેળવવું, તથા એક કુડવ ઘી નાખી તમામ એકત્ર કરવું જ્યારે પાક ઠંડો થાય ત્યારે એક કુડવ મધ મેળવવું. પછી તે અવલેહ બકરીના દૂધ, ઘી, છાશ, કે દહીં સાથે લેવાથી સમ્પૂર્ણ અર્શરોગ, ભગંદર, અતિસાર, અરૂચિ, સંગ્રહણી, પાંડુરોગ, રક્તપિત્ત, કમળો, અમ્લપિત્ત, સોજો, કૃશતા, અને પ્રવાહિકા રોગનો નાશ થાય છે. ૩૮—૪૪

(અતિસાર વગેરે રોગો ઉપર કુટજાવલેહ.)

कुटजत्वक्तुलामार्द्रां द्रोणनीरे विपाचयेत् ॥ ४५ ॥
पादशेषं शृतं नीत्वा चूर्णान्येतानि दापयेत् ॥
लज्जालुर्धातकी बिल्वं पाठा मोचरसस्तथा ॥ ४६ ॥
मुस्तं प्रतिविषा चैव प्रत्येकं स्यात्पलं पलम् ॥

तततस्तु विपचेद्भूयो यावद्दर्वीप्रलेपनं ॥ ४७ ॥
जलेन च्छागदुग्धेन पीतो मंडेन वा जयेत् ॥
सर्वातिसारान् घोरांस्तु नानावर्णान् सवेदनान् ॥४८॥
असृग्दरं समस्तं च सर्वाशांसि प्रवाहिकां ॥

इति श्रीदामोदरसूनुशार्ङ्गधरेण विरचितायां संहितायां चिकित्सास्थाने अवलेहकल्पना नामाष्टमोऽध्याय समाप्तः ॥

લીલી કડાછાલ એક તુલા લઇ તેને ખાંડી તેમાં એક દ્રોણ પાણી મેળવી ક્વાથ કરવો, ચોથો ભાગ બાકી રહે ત્યારે તેને કપડા વતી ગળી લેવું. પછી તેમાં લજ્જાલુ, ધાવડીનાં ફૂલ, બીલી, કાળીપાટ, મોચરસ, નાગરમોથ, અતિવિષની કળી, એ દરેક ઔષધ એક એક પલ લેવું. પછી તેનું ચુર્ણ બનાવી ઉપરના ક્વાથમાં મેળવવું. પછી તે ક્વાથને ઉકાળવો અને તવેથા ઉપર ચોટે તેવો થાય ત્યારે ઉતારી લેવું. આ અવલેહ, પાણી અથવા બકરીના દૂધ, અથવા મંડની સાથે સેવન કરે તો ઘોર અતિસાર રોગ સંપૂર્ણ નાશ પામે છે. સ્ત્રીઓના સર્વ રોગ, અર્શ અને પ્રવાહિકા વગેરે તમામ દરદો નાશ પામે છે. ૪૫—૪૮

ઇતિ શ્રી શારંગધર સંહિતાના મધ્યખંડ વિષે આઠમા અધ્યાયનું પૂર્ણચંદ્ર કૃત ગુજરાતી ભાષાંતર સંપૂર્ણ.

અધ્યાય નવમો.

(ઘૃત, તૈલ વગેરે સ્નેહોના પ્રકાર.)

कल्काच्चतुर्गुणीकृत्य घृतं वा तैलमेव च ॥
चतुर्गुणे द्रवे साध्यं तस्य मात्रा पलोन्मिता ॥ १ ॥
निक्षिप्य काथयेत्तोयं क्वाथद्रव्याच्चतुर्गुणम् ॥
पादशिष्टं गृहीत्वा च स्नेहं तेनैव साधयेत् ॥ २ ॥
चतुर्गुणं मृदौ द्रव्ये कठिनेऽष्टगुणं जलम् ॥
तथाच मध्यमे द्रव्ये दद्यादष्टगुणं पयः ॥ ३ ॥

अत्यंतकठिने द्रव्ये नीरंषोडशिकं मतं ॥
कर्षादितः पलं यावद्दद्यात्षोडशिकं जलम् ॥ ४ ॥
तदूर्ध्वं कुडवं यावत्तोयं चाष्टगुणं भवेत् ॥
प्रस्थादितः क्षिपेन्नीरं खारी यावच्चतुर्गुणाम् ॥ ५ ॥
अंबु क्वाथरसैर्यत्र पृथक् स्नेहस्य साधनम् ॥
कल्कस्यांशं तत्र दद्याच्चतुर्थं षष्ठमष्टमम् ॥ ६ ॥
दुग्धे दध्नि रसे तक्रे कल्कोदेयोऽष्टमांशकः ॥
कल्कस्य सम्यक् पाकार्थं तोयमत्र चतुर्गुणम् ॥ ७ ॥
द्रव्याणि यत्र स्नेहेषु पंचादिनी भवंति हि ॥
तत्र स्नेहसमान्याहुर्यथापूर्वं चतुर्गुणं ॥ ८ ॥
द्रवेण केवलेनैव स्नेहपाको भवेद्यदि ॥
तत्रांबुपिष्टः कल्कः स्याज्जलं चात्र चतुर्गुणं ॥ ९ ॥
क्वाथेन केवलेनैव पाको यत्रेरितः क्वचित् ॥
क्वाथ्यद्रव्यस्य कल्कोपि तत्र स्नेहे प्रयुज्यते ॥ १० ॥
कल्कहीनस्तु यः स्नेहः संसाध्यः केवले द्रवे ॥
पुष्पकल्कस्तु यत्स्नेहस्तत्र तोयं चतुर्गुणं ॥ ११ ॥
स्नेहात्स्नेहाष्टमांशश्च पुष्पकल्कः प्रयुज्यते ॥
वर्तिवत् स्नेहकल्कः स्याद्यदांगुल्या विवर्तितः ॥ १२ ॥
शब्दहीनो विनिःक्षिप्तः स्नेहः सिद्धो भवेत्तदा ॥
यदा फेनोद्गमस्तैले फेनशांतिश्च सर्पिषि ॥ १३ ॥
गंधवर्णरसोत्पत्तिः स्नेहसिद्धिस्तदा भवेत् ॥
स्नेहपाकस्त्रिधा प्रोक्तो मृदुर्मध्यः खरस्तथा ॥ १४ ॥
ईषत्सरसकल्कस्तु स्नेहपाको मृदुर्भवेत् ॥
मध्यपाकश्च सिद्धिश्च कल्के नीरसकोमले ॥ १५ ॥
ईषत्कठिनकल्कश्च स्नेहपाको भवेत् खरः ॥
तदूर्ध्वं दग्धपाकः स्याद्दाहकृन्निष्प्रयोजनं ॥ १६ ॥

आमपाकश्च निर्वीर्यो वह्निमांद्यकरो गुरुः ॥
नस्यार्थे स्यान्मृदुः पाको मध्यमः सर्वकर्मसु ॥ १७ ॥
अभ्यंगार्थे खरः प्रोक्तो युंज्यादेवं यथोचितं ॥
घृततैलगुडादींश्च साधयेन्नैकवासरे ॥ १८ ॥
प्रकुर्वंत्युषिता ह्येते विशेषाद्गुणसंचयं ॥

ઔષધિના કલ્કથી ચારગણું ઘી અથવા તેલ લેવું, તેનાથી ચારગણા દૂધ, ગોમૂત્ર વગેરે દ્રવ્ય પદાર્થ લેવા. એ તમામ એકઠા કરી તેને ઉકાળી દ્રવ્ય પદાર્થ બળી જાય અને માત્ર ઘી અથવા તેલ બાકી રહે ત્યારે તેને ગાળી લેવું તેને સિદ્ધ ઘૃત કહેવામાં આવે છે. તેનું સેવન કરવાની માત્રાવાત વગેરે રોગો ઉપર એક પલની આપવી. ક્વાથના ઔષધોમાં ચાર ગણું પાણી મેળવી તેને ઉકાળવું ચોથો ભાગ બાકી રહે ત્યારે તેમાં ઘી અથવા તેલ નાખી ઉકાળવું જ્યારે ઘી અથવા તેલ બાકી રહે ત્યારે તેને ગાળી લેવું તેને ઘૃત-આદિ સ્નેહ કહે છે. કવાથમાં ગળો આદિ નરમ ઔષધિ હોય તો ચારગણું પાણી નાખવું; અમલવેતસાદિ કઠણ તથા દશ મૂળાદિ, મધ્ય ઔષધિના ક્વાથમાં આઠગણું પાણી મેળવવું, પદ્મક વગેરે અતિ કઠણ ઔષધોના ક્વાથમાં સોળગણું પાણી મેળવવું, એક કર્ષથી એક પલના વજન સુધી ઔષધનો કવાથ કરવો હોય તો તેમાં સોળગણું પાણી મેળવવું, પલથી એક કુડવના વજન સુધી વનસ્પતિનો કવાથ કરવો હોય તો તેમાં આઠગણું પાણી નાખવું, પ્રસ્થથી ખારીના વજન સુધી ઔષધોનો ક્વાથ કરવો હોય તો તેમાં ચાર-ગણું પાણી મેળવવું, જો પાણીમાં સ્નેહ સિદ્ધ કરવો હોય તો તેનાથી ચોથા ભાગનો કલ્ક લેવો, ક્વાથમાં સ્નેહ સિદ્ધ કરવો હોય તો તેનાથી છઠ્ઠા ભાગે કલ્ક મેળવવો. દૂધ, દહીં, અથવા ધંતુરાદિના રસમાં સિદ્ધ કરવો હોય તો આઠમે ભાગે કલ્ક મેળવવો. કલ્કનો ઉત્તમ રીતે પાક બનાવવામાં સ્નેહથી ચારગણું પાણી મેળવવું. સ્નેહમાં દૂધ, ગૌમૂત્ર વગેરે પાંચ દ્રવ્ય પદાર્થોથી વધારે દ્રવ્ય પદાર્થ નાખવા હોય તો સ્નેહના સરખા ભાગે મેળવવા. જો પાંચ દ્રવ્ય પદાર્થથી ઓછા દ્રવ્ય પદાર્થો મેળવવાના હોય તો સ્નેહથી ચારગણા લેવા. જે ઠેકાણે માત્ર એકજ દ્રવ્યથી સ્નેહ સિદ્ધ કરવો હોય ત્યાં કલ્કને પાણીમાં વાટી ચારગણું પાણી મેળવવું. જો ક્વાથમાં સ્નેહ સિદ્ધ

કરવો હોય તો, કલ્ક દ્રવ્યોને પાણીમાં વાટી તેનો કલ્ક કરી સ્નેહમાં મેળવવો, તથા તેમાં ચારગણું પાણી નાખવું. જો સ્નેહ કલ્ક વગર સિદ્ધ કરવાનો હોય ત્યાં માત્ર સ્નેહને દ્રવ્ય પદાર્થોમાં પકવવો અને દ્રવ્ય પદાર્થો બળી જાય ત્યારે સ્નેહ સિદ્ધ થયો છે એમ સમજવું, જો સ્નેહમાં પુલોનો કલ્ક નાખવો હોય તો આઠમો ભાગ લેવો ઉત્તમ. સિદ્ધ થયેલા સ્નેહનાં લક્ષણ નીચે મુજબ છે. તૈયાર થયેલા સ્નેહને આંગળીથી દબાવવાથી વાટ જેવો જણાય તથા અગ્નિ ઉપર નાખવાથી છમકારો ન કરે તો તે સ્નેહ તૈયાર થયેલો જાણવો. તેલના પાકમાં જ્યારે ઉપર ફીણ આવે, સુવાસ નીકળે તથા રક્તવર્ણ તથા ઉત્તમ રસ નીકળેલો જણાય ત્યારે તે સિદ્ધ થયો છે તેમ સમજવું. ઘીના પાકમાં ફીણ શાંત થાય છે, બાકીનાં લક્ષણો ઉપર મુજબ જાણવા. સ્નેહના ત્રણ પ્રકાર છે–મૃદુ, મધ્યમ, અને કઠણ. જે સ્નેહમાં કલ્કની જરા ભીનાશ જણાય તેને મૃદુ સમજવાં, જે સ્નેહમાં કલ્ક મૃદુ હોવા છતાં જરા પણ પાણીનો ભાગ ન રહે તે પાકને મધ્યમ જાણવો, અને જે સ્નેહની અંદરનો કલ્ક કઠણ હોય તો તે પાકને કઠણ સમજવો, જો સ્નેહનો પાક બળી ગયો હોય અથવા વધારે કઠણ થયો હોય તો તે નકામો સમજવો; કારણ તે દાહકારી છે. જો સ્નેહનો પાક કાચો રહી ગયો હોય તો તે ફાયદો કરતો નથી તથા મંદાગ્નિ કરે છે અને ભારે છે. મૃદુ પાક નાકની અંદર નસ્ય દેવામાં વાપરવો, મધ્યમ સ્નેહ પાકનો દરેકમાં ઉપયોગ કરવો અને કઠણ સ્નેહ પાકને શરીર ઉપર માલીશ કરવામાં વાપરવો. ઘી, તેલ, ગોળ વગેરેનો સ્નેહ બનાવવો હોય તો તેને એકજ દિવસમાં તૈયાર ન કરવો; પણ રાત્રિએ એકત્રીત ભરી રાખી બીજે દિવસે સિદ્ધ કરવો. એ પ્રમાણે સ્નેહ સિદ્ધ કરવાની ક્રિયા સમજવી. ૧–૧૮

(પ્લીહા વગેરે ઉપર ક્ષીર ઘૃત.)

पिप्पलीपिप्पलीमूलचव्यचित्रकनागरैः ॥ १९ ॥
ससैंधवैश्च पलिकैर्घृतमस्थं विपाचयेत् ॥
क्षीरं चतुर्गुणं दत्वा तत्सिद्धं प्लीहनाशनं ॥ २० ॥
विषमज्वरमंदाग्निहरं रुचिकरं परं ॥

લીંડીપીપર, પીપરીમૂળ, ચવ્યક, ચિત્રક, શુંઠ, સિંધાલૂણ, એ દરેક ઔષધો એક એક પલ લઈ તેનો કલ્ક કરી તેમાં એક પ્રસ્થ

ગાયનું ઘી મેળવવું તથા ઘીથી ચારગણું દૂધ મેળવવું અને ઉત્તમ પાક બનાવવા માટે ઘીથી ચારગણું પાણી લેવું એ તમામને એકઠા કરી ઊકાળવું, જ્યારે ઘી માત્ર બાકી રહે ત્યારે તેને ગાળી લેવું. તેનું સેવન કરવાથી પ્લીહા, મંદાગ્નિ અને વિષમ જ્વરનો નાશ થાય છે તથા રૂચિ ઉત્પન્ન થાય છે. ૧૯-૨૦

(અતિસાર સંગ્રહણી ઊપર ચાંગેરી ઘૃત.)

पिप्पली पिप्पलीमूलं चित्रको हस्तिपिप्पली ॥ २१ ॥
श्वदंष्ट्रानागरं धान्यं पाठा बिल्वं यवानिका ॥
द्रव्यैश्च पलिकैरेतैश्चतुःषष्टिपलं घृतं ॥ २२ ॥
घृतात्चतुर्गुणं दद्यात् चांगेरीस्वरसं बुधः ॥
तथा चतुर्गुणं दत्वा दधिसर्पिर्विपाचयेत् ॥ २३ ॥
शनैः शनैर्विपक्वं च चांगेरीघृतमुत्तमं ॥
तत् घृतं कफवातघ्नं ग्रहण्यर्शोविकारनुत् ॥ २४ ॥
हंत्यानाहं गुदभ्रंशं मूत्रकृच्छ्रं प्रवाहिकां ॥

લીંડીપીપર, પીપરીમૂળ, ચિત્રક, ગજપીપર, ગોખરૂ, શુંઠ, ધાણા, કાળીપાટ, બીલી, અને અજમોદ, એ દરેક ઔષધો એક એક પલ લેવાં ને તે બધાંને એકઠાં કરી તેનો કલ્ક બનાવવો. તેમાં ચોસઠ પલ ઘી મેળવવું અને તેમાં ચારગણો અંબાડાનો ખાટો રસ, દહીંની છાશ અને પાણી નાખી ધીમી ધીમી આંચથી પકવવું. જ્યારે માત્ર ઘી બાકી રહે ત્યારે તેને ઉતારી ગાળી લેવું. આને ચાંગેરી ઘૃત કહેવામાં આવે છે. તેનું સેવન કરવાથી કફ વાયુ, સંગ્રહણી, અર્શ, મળ બદ્ધતા, મૂત્રકૃચ્છ્ર અને પ્રવાહિકા વગેરે તમામ દરદોનો નાશ કરે છે.

(અતિસાર વગેરે ઊપર મસૂરાદિ ઘૃત.)

मसूराणां पलशतं नीरद्रोणे विपाचयेत् ॥ २५ ॥
पादशेषं शृतं नीत्वा दत्वा बिल्वपलाष्टकं ॥
घृतप्रस्थं पचेत्तेन सर्वातीसारनाशनं ॥ २६ ॥
ग्रहणीं भिन्नविट्कां च नाशयेच्च प्रवाहिकां ॥

સોપલ મસૂર લઇ તેમાં એક દ્રોણ પાણી મેળવી તેને ઊકાળવું. જ્યારે ચોથો ભાગ બાકી રહે ત્યારે તેને ઉતારી ગાળી લેવું

પછી તેમાં આઠપલ બીલીનું બારીક ચૂર્ણ કરી તે તથા એક પ્રસ્થ ઘી મેળવી તેનો પાક બનાવવો. જ્યારે માત્ર ઘી બાકી રહે ત્યારે તેને ગાળી લેવું. આને મસૂર ઘૃત કહેવામાં આવે છે. તેનું સેવન કરવાથી અતિસાર, સંગ્રહણી, અને પ્રવાહિકા વગેરે દરદોનો નાશ થાય છે.

(કામદેવ ઘૃત.)

अश्वगंधा तुलैका स्यात्तदर्धो गोक्षुरः स्मृतः ॥ २७ ॥
बलामृता शालपर्णी विदारी च शतावरी ॥
पुनर्नवाश्वत्थशुंठी काश्मर्यास्तु फलान्यपि ॥ २८ ॥
पद्मबीजं माषबीजं दद्याद्दशपलं पृथक् ॥
चतुर्द्रोणांभसा पक्त्वा पादशेषं शृतं नयेत् ॥ २९ ॥
जीवनीयगणः कुष्टं पद्मकं रक्तचंदनं ॥
पत्रकं पिप्पली द्राक्षा कपिकच्छूफलं तथा ॥ ३० ॥
नीलोत्पलं नागपुष्पं सारिवे द्वे बले तथा ॥
पृथक् कर्षसमा भागाः शर्करायाः पलद्वयं ॥ ३१ ॥
रसश्च पौंड्रकेक्षूणामाढकैकं समाहरेत् ॥
घृतस्य चाढकं दत्वा पाचयेन्मृदुनाग्निना ॥ ३२ ॥
घृतमेतन्निहंत्याशु रक्तपित्तमुरःक्षतं ॥
हलीमकं पांडुरोगं वर्णभेदं स्वरक्षयं ॥ ३३ ॥
वातरक्तं मूत्रकृच्छ्रं पार्श्वशूलं च कामलां ॥
शुक्रक्षयमुरोदाहं कार्श्यमोजःक्षयं तथा ॥ ३४ ॥
स्त्रीणां चैवाप्रजतानां गर्भदं शुक्रदं नृणां ॥
कामदेवघृतं नाम हृद्यं बल्यं रसायनं ॥ ३५ ॥

આસગંધ એક તુલા, ગોખરૂ અર્ધ તુલા; તથા ચિત્રકની છાલ, ગળો, શાલપર્ણી, વિદારી કંદ, શતાવરી, પુનર્નવા, પીપરીમૂળ, શુંઠ, શેવનફળ, કમળકાકડી, અને અડદ એ દરેક દશ દશ પલ, લઈ તે બધાં એકઠાં કરી ખાંડી તેમાં ચાર દ્રોણ પાણી મેળવી તેનો ક્વાથ બનાવવો. જ્યારે ચોથો ભાગ બાકી રહે ત્યારે તેને ઉતારી છાણી લેવો, પછી જીવનીયગણનાં ઔષધો, ઉપલેટ, પદ્મક, રતાંજલિ,

તમાલપત્ર, લીંડીપીપર, દ્રાક્ષ, કોંચાનાં બીજ, નીલકમળ, નાગકેસર, બેઉ કપુરી મધુરી, ખરેંટી, ગંગેટી, એ દરેક એક એક કર્ષ લેવાં તેનો કલ્ક બનાવી તેને ઉપરના ક્વાથમાં મેળવવો, તથા સાકર બે પલ, સફેદ શેરડીનો રસ તથા ઘી દરેક એક એક આઢક તે પણ તેમાં મેળવી તેનો મંદાગ્નિથી પાક બનાવવો. જ્યારે માત્ર ઘી બાકી રહે ત્યારે તેને ઉતારી નાખી ગાળી લેવું. તેનું સેવન કરવાથી રક્તપિત્ત, ઉરઃક્ષત, પાંડુરોગ, હલીમક, સ્વરભંગ, વાતરક્ત, મૂત્રકૃચ્છ્ર, પાર્શ્વશૂળ, કમળો, ધાતુક્ષય, છાતીમાં દાહ થવો, શરીરની કૃશતા તથા તેજ હીનતા વગેરે દરદોનો નાશ કરે છે, તથા ગર્ભ ધારણ થાય છે, વીર્ય વૃદ્ધિ થાય છે તથા પુષ્ટિ આપે છે. આને કામદેવ ઘૃત કહેવામાં આવે છે તે રસાયન છે. ૨૭-૩૫

(અપસ્માર ઉપર પાનીય કલ્યાણ ઘૃત.)

त्रिफला द्वे निशे कौंतीसारिवे द्वे प्रियंगुका ॥
शालिपर्णी पृष्ठपर्णी देवदार्व्येलवालुकं ॥ ३६ ॥
नतं विशाला दंती च दाडिमं नागकेसरं ॥
नीलोत्पलैला मंजिष्ठा विडंगं कुष्टपद्मकं ॥ ३७ ॥
जातिपुष्पं चंदनं च तालीसं बृहती तथा ॥
एतैः कर्षसमैः कल्कैर्जलं दत्वा चतुर्गुणं ॥ ३८ ॥
घृतप्रस्थं पचेद्धीमानपस्मारे ज्वरे क्षये ॥
उन्मादे वातरक्तं च कासे मंदानले तथा ॥ ३९ ॥
प्रतिश्याये कटीशूले तृतीयकचतुर्थके ॥
मूत्रकृच्छ्रे विसर्पेच कंड्वां पांड्वामये तथा ॥ ४० ॥
विषद्वये प्रमेहेषु सर्वथैवोपयुज्यते ॥
वंध्यानां पुत्रदं भूतयक्षरक्षोहरं स्मृतं ॥ ४१ ॥

ત્રિફળા, હળદર, દારૂહળદર, રેણુકબીજ, બેઉ કપુરી મધુરી, બઉંલા, શાલપર્ણી, પૃષ્ટપર્ણી, દેવદારૂ, એલવાલુક, તગર, ઇન્દ્રવારૂણીનાં મૂળ, દાડમ છાલ, નેપાળાનું મૂળ, નાગકેસર, નીલકમળ, એલચી, મજીઠ, વાવડિંગ, ઉપલેટ, પદ્મક, ચમેલીનાં ફુલ, સુખડ, તાલીસપત્ર, અને ભોંયરીંગણી, એ દરેક એક એક કર્ષ લેવાં, તેનો કલ્ક

બનાવી તેમાં ચારગણું પાણી અને એક અસ્થ ઘી મેળવી મંદાગ્નિથી તેનો પાક કરવો. જ્યારે ઘી માત્ર બાકી રહે ત્યારે તેને ઉતારી છાણી લેવું અને ઉત્તમ પ્રકારના વાસણમાં ભરી રાખવું. તેનું સેવન કરવાથી મૃગી, જ્વર, ક્ષયરોગ, ઉન્માદ, વાતરક્ત, ખાંસી, મંદાગ્નિ, પીનસ, કટીશૂળ, તરિયો અને ચોથીયો જ્વર, મૂત્રકૃચ્છ્ર, વિસર્પરોગ, ખુજલી, પાંડુરોગ, વિષવિકાર, વચ્છનાગ વગેરે સ્થાવર વિષના વિકાર અને પ્રમેહાદિ તમામ દરદોનો નાશ થાય છે તથા વંધ્યા સ્ત્રીને સેવન કરાવવાથી ગર્ભધારણ થાય છે. આ ઘૃતને પાનીય કલ્યાણ ઘૃત કહેવામાં આવે છે. ૩૬-૪૧

(વાતરક્ત ઉપર અમૃતા ઘૃત.)

अमृताक्राथकल्काभ्यां सक्षीरं विपचेत् घृतं ॥
वातरक्तं जयत्याशु कुष्ठं जयति दुस्तरं ॥ ४२ ॥

ગળોને ખાંડી તેમાં ચારગણું પાણી મેળવી તેનો ક્વાથ બનાવવો. જ્યારે ચોથો ભાગ બાકી રહે ત્યારે ઉતારી ગળી લેવો. પછી ક્વાથના ચોથા ભાગનું ઘી તથા ઘીના ચોથા ભાગનો ગળોનો કલ્ક તથા ઘીથી ચારગણું દૂધ, એ બધાં એકઠાં કરી તેને ઉકાળવું જ્યારે ફક્ત ઘી બાકી રહે ત્યારે તેને ઉતારી ગળી લેવું. તેનું સેવન કરવાથી વાતરક્ત અને કુષ્ઠાદિ દરદોનો જલદીથી નાશ થાય છે. ૪૨

(વાતરક્ત, કુષ્ઠ વગેરે ઉપર મહાતિક્તક ઘૃત.)

सप्तच्छदः प्रतिविषा शम्याकः कटुरोहिणी ॥
पाठा मुस्तमुशीरं च त्रिफला पर्पटस्तथा ॥ ४३ ॥
पटोलनिंबमंजिष्ठा पिप्पली पद्मकं शटी ॥
चंदनं धन्वयासश्च विशाला द्वे निशे तथा ॥ ४४ ॥
गुडूचीसारिवे द्वे च मूर्वा वासा शतावरी ॥
त्रायंतींद्रयवा यष्टी भूनिंबश्चाक्षभागिकाः ॥ ४५ ॥
घृतं चतुर्गुणं दद्यात् घृतादामलकीरसः ॥
द्विगुणः सर्पिषश्चात्र जलमष्टगुणं भवेत् ॥ ४६ ॥
तत्सिद्धं पाययेत्सर्पिर्वातरक्तेषु सर्वथा ॥
कुष्ठानि रक्तपित्तं च रक्तार्शांसि च पांडुतां ॥ ४७ ॥

हृद्रोगगुल्मविसर्पप्रदरान् गंडमालिकां ॥
क्षुद्ररोगान् ज्वरांश्चैव महातिक्तमिदं जयेत् ॥ ४८ ॥

સાવચુની છાલ, અતિવિષની કળી, ગરમાળાનો ગોળ, કડુ, કાળીપાટ, નાગરમોથ, વાળો, ત્રિફળા, પિત્તપાપડો, પટોલનાં પાંદડાં, લીંબડાની છાલ, મજીઠ, લીંડીપીપર, પદ્મક, કચૂરો, સુખડ, ધમાસો, ઇન્દ્રવારૂણીનાં મૂળ, હળદર, દારૂહળદર, કળો, બેઉ જાતની કપુરી મધુરી, મોરવેલ, અરડુશો, શતાવરી, ત્રાથમાણ, ઇંદ્રજવ, જેઠીમધ અને કરિયાતું એ દરેક ઔષધો એક એક કર્ષ લેવાં. પછી તેનો કલ્ક બનાવવો. પછી તેમાં કલ્કથી ચારગણું ઘી, ઘીથી બમણો આંબળાનો રસ, અને આઠગણું પાણી મેળવી ધીમી આંચથી તેનો પાક બનાવવો. જ્યારે ફક્ત ઘી બાકી રહે ત્યારે તેને ઉતારી ગાળી લેવો. તેનું સેવન કરવાથી વાતરક્ત, કુષ્ટ, રક્તપિત્ત, અર્શ, પાંડુરોગ, હૃદયરોગ, ગોળો, વિસર્પ, પ્રદર, ગંડમાળા, ક્ષુદ્રરોગ અને જ્વરાદિ દરદોનો નાશ થાય છે. ૪૩-૪૮

(કુષ્ટ, દદ્રુ, પામાદિ ઉપર સૂર્યપાક સિદ્ધ, કાસીસાદ્ય ઘૃત.)

कासीसं द्वे निशे मुस्तं हरितालं मनःशिलां ॥
कंपिल्लकं गंधकं च विडंगं गुग्गुलुं तथा ॥ ४९ ॥
सिक्थकं मरिचं कुष्टं तुत्थकं गौरसर्षपान् ॥
रसांजनं च सिंदूरं श्रीवासं रक्तचंदनं ॥ ५० ॥
हरिमेदं निंबपत्रं करंजं सारिवां वचां ॥
मंजिष्ठां मधुकं मांसीं शिरीषं लोध्रपद्मकं ॥ ५१ ॥
हरीतकीं प्रपुन्नाटं चूर्णयेत् कार्षिकान् पृथक् ॥
ततश्च चूर्णमालोड्य त्रिंशत्पलमिते घृते ॥ ५२ ॥
स्थापयेत्ताम्रपात्रे च घर्मे सप्त दिनानि च ॥
अस्याभ्यंगेन कुष्ठानि दद्रूपामाविचर्चिकाः ॥ ५३ ॥
शूकदोषा विसर्पाश्च विस्फोटा वातरक्तजाः ॥
शिरःस्फोटोपदंशाश्च नाडीदुष्टव्रणानि च ॥ ५४ ॥
शोथो भगंदरश्चैव लूताः शाम्यंति देहिनां ॥

शोधनं रोपणं चैव सुवर्णकरणं घृतं ॥ ५५ ॥

હીરાકશી, હળદર, દારૂહળદર, નાગરમોથ, હરતાલ, મણશિળ, કપીલો, ગંધક, વાવડિંગ, ગૂગળ, મીણ, મરી, ઉપલેટ, મોરથુથું, સર્પવ, રસાંજન, સિંદૂર, ખેરજો, રતાંજલિ, ખેરછાલ, લીંબડાના પાંદડાં, કરંજના બીજ, સારિવા, વજ, મજીઠ, જેઠીમધ, બાલછડ, સરસડાની છાલ, લોધર, પદ્મક, હરડે અને પુંવાડિયાનાં બીજ, એ દરેક ઔષધો એક એક તોલો લેઇ તે બધાનું ચૂર્ણ બનાવી ત્રાંબાના વાસણમાં ત્રીશ પલ ઘી નાખી ઘી તથા ચૂર્ણને એકઠાં કરી સાત દિવસ તડકામાં રાખી મુકવાં. પછી તે ઘીનું શરીરે મર્દન કરવાથી સર્વ જાતના કુષ્ટ રોગ, દાદ, ખસ, ત્રિચર્ચીકા, શુકરોગ, વિસર્પ રોગ, વિસ્ફોટક, મસ્તક ઉપરના ફોડા, ઉપદંશ, નાડીવ્રણ, દુષ્ટવ્રણ, સોજો, ભગંદર, અને લૂતા આદિ તમામ દરદોનો નાશ થાય છે તથા વ્રણાદિ શોધન કરે છે અને કાંતિ વધારે છે. ૪૯-૫૫

(વ્રણ ઉપર જાત્યાદિ ઘૃત.)

जाती निंबपटोलैश्च द्वे निशे कटुरोहिणी ॥
मंजिष्ठा मधुकं सिक्थं करंजोशीरसारिवाः ॥ ५६ ॥
तुत्थं च विपचेत्सम्यक् कल्कैरेभिर्घृतं बुधः ॥
अस्य योगात् द्विरोहंतिसूक्ष्मनाडीव्रणा अपि ॥ ५७ ॥
मर्माश्रिताः क्लेदिनश्च गंभिराः सरुजो व्रणाः ॥

ચમેલીનાં પાંદડાં, લીંબડાનાં પાંદડાં, પટોલ પત્ર, હળદર, દારૂહળદર, કડુ, મજીઠ, જેઠીમધ, મીણ, કરંજના બી, વાળો, સારિવા અને મોરથુથું એ દરેક ઔષધો એક એક કર્ષ લઈ તેનો કલ્કબનાવવો. પછી તે કલ્કમાં તેનાથી ચારગણું ઘી મેળવી તેને અગ્નિ ઉપર સિદ્ધ કરવું. તે સિદ્ધ થયેલ ઘીનો નાડીવ્રણ, મર્મસ્થાન આદિ સ્થાનના વ્રણો ઉપર લેપ કરવાથી વ્રણ સંબંધી રોગ નાશ પામે છે. ૫૬-૫૭

(ઉદરના દરદ ઉપર બિંદુ ઘૃત.)

चित्रक शंखिनी पथ्या कंपिल्लस्तृन्नतायुगं ॥ ५८ ॥
वृद्धदारुश्चशम्पाको दंती च त्रिफला तथा ॥
कोषातकी देवदाली नीलीनी गिरिकर्णिका ॥ ५९ ॥

शातला पिप्पलीमूलं विडंगं कटुकी तथा ॥
हेमक्षीरी च विपचेत् कल्कैरेभिः पिचून्मितैः ॥ ६० ॥
घृतमस्थं स्नुहीक्षीरं षट्पलं तु पलद्वयं ॥
अर्कक्षीरस्य मतिमान् तत्सिद्धं कुष्टगुल्मनुत् ॥ ६१ ॥
हंति शूलमुदावर्तं शोथाध्मानं भगंदरं ॥
शमयत्युदराण्यष्टौ निपीतं बिंदुसंख्यया ॥ ६२ ॥
गोदुग्धेनोष्ट्रदुग्धेन कुलत्थस्य शृतेन वा ॥
उष्णोदकेन वा पीत्वा बिंदुवेगैर्विरिच्यते ॥ ६३ ॥
एतत् बिंदुघृतं नाम नाभिलेपाद्विरिच्यते ॥

ચિત્રકની છાલ, શંખપુષ્પી, હરડે, કપીલો, ધોળું તથા કાળું નસોતર, વરધારો, ગરમાળાનો ગોળ, નેપાળાનાં મૂળ, જમાલગોટો, કડવા તુરિયાનું મૂળ, કુકડવેલ, ગળી, વિષ્ણુક્રાન્તા, પીળો થેર, પીપરીમૂળ, વાવડિંગ, કડુ, અને દારૂડીનાં મૂળ એ દરેક ઔષધો એક એક કર્ષ લેવાં. પછી તેનો કલ્ક બનાવી તેમાં એક પ્રસ્થ ઘી મેળવવું તથા ૭ પલ થોરનું દૂધ અને બે પલ આકડાનું દૂધ તથા ચારગણું પાણી મેળવી તેને અગ્નિ ઉપર સિદ્ધ કરવું. જ્યારે ફક્ત ઘી બાકી રહે ત્યારે તેને છાણી લેવું. આને બિંદુ ઘૃત કહેવામાં આવે છે. તેનું સેવન કરવાથી ગોળો, કોઢ, શૂળ, ઉદાવર્ત, સોજો, આફરો, ભગંદર, આઠ પ્રકારના ઉદર રોગ, વગેરેનો નાશ થાય છે. તેમજ ગાય અથવા ઉંટડીનું દૂધ, કળથીનો કવાથ કે ગરમ પાણી આમાંથી જે અનુપાન દરદીને માફક આવે તેની સાથે ઉપરના ઘીનાં જેટલાં ટીપાં મેળવીને પીએ તેટલા જુલાબ થાય છે અને નાભિ ઉપર લેપ કરવાથી પણ જુલાબ લાગે છે. ૫૮-૬૩.

(નેત્રરોગ ઉપર ત્રિફળા ઘૃત)

त्रिफलाया रसमस्थं मस्थं वासारसोद्भवं ॥ ६४ ॥
भृंगराजरस मस्थं मस्थमाजं पयः स्मृतं ॥
दत्वा तत्र घृतमस्थं कल्कैः कर्षमितैः पृथक् ॥ ६५ ॥
त्रिफला पिप्पली द्राक्षा चंदनं सैंधवं बला ॥
काकोली क्षीरकाकोली मेदा मरिचनागरं ॥ ६६ ॥

शर्करा पुंडरीकं च कमलं च पुनर्नवा ॥
निशायुग्मं च मधुकं सर्वैरेभिर्विपाचयेत् ॥ ६७ ॥
नक्तांध्यं नकुलांध्यं च कंडूं पिल्लं तथैव च ॥
नेत्रस्रावं च पटलं तिमिरं काचकं जयेत् ॥ ६८ ॥
अन्येऽपि प्रशमं यांति नेत्ररोगाः सुदारुणाः ॥
त्रैफलं घृतमेतद्धि पाने नस्यादिषूचितं ॥ ६९ ॥

હરડાં, બેહેડાં, અને આમળાંનો સ્વરસ, અરડુશાનો સ્વરસ, ભાંગરાનો સ્વરસ, બકરીનું દૂધ, અને ઘી એ દરેક એક એક પ્રસ્થ લેવાં. પછી ત્રિફળા, પીપર, દ્રાક્ષ, સુખડ, સિન્ધાલૂણ, ગંગેટી, કાકોલી, ક્ષીરકાકોલી, જેઠીમધ, કાળાં મરી, શુંઠ, સાકર, ધોળું કમળ, કમળ, સાટોડી, હળદર, દારૂહળદર, અને શતાવરી, એ દરેક ઓષધો એક એક કર્ષ લઈ તેનો કલ્ક બનાવવો. તે કલ્કને ઉપરનાં પાંચ દ્રવ્યો સાથે ભેળવી અગ્નિ ઉપર ઘીજ બાકી રહે ત્યાં સુધી સિદ્ધ કરી પછી તે ગળી લેવું. આને ત્રિફળા ઘૃત કહેવામાં આવે છે. આ ઘૃતનુ સેવન કરવાથી રતાંધળાપણું, નેત્રરોગ, પિલ્લરોગ, નેત્રમાંથી પાણીનું વહેવું, તિમિરરોગ, મોતિયો, આજક રોગ, તેમજ બીજા પણ ભયંકર નેત્રરોગનો નાશ થાય છે, અને આ ઘૃત નાકમાં નાખવાને પણ ઉપયોગી છે. ૬૪—૬૯

(વ્રણ વગેરે દરદો ઉપર ગૌર્યાદ્ય ઘૃત.)

द्वे हरिद्रे स्थिरामूर्वासारिवाचंदनद्वयं ॥
मधुपर्णी च मधुकं पद्मकेशरपद्मकं ॥ ७० ॥
उत्पलोशीरमेदाभिस्त्रिफलापंचवल्कलैः ॥
कल्कैः कर्षमितैरेतैर्घृतप्रस्थं विपाचयेत् ॥ ७१ ॥
विसर्पलूताविस्फोटविषकुष्ठव्रणापहं ॥
गैार्यादिकमिति ख्यातं सर्पिर्विषहरं परं ॥ ७२ ॥

હળદર, દારૂહળદર, શાલપર્ણી, મૂર્વા (મોરવેલ) કપુરીમધુરી, સુખડ, રતાંજલિ, માષપર્ણી, જેઠીમધ, કમળની અંદરનું કેસર, પદ્મક, કમળ, વાળો, શતાવરી, ત્રિફળા, વડલાની, છાલ, ઉંબરાની છાલ, પીપળાની છાલ, પીંપરની છાલ અને પારસપીંપળાની છાલ

એ દરેક એક એક કર્ષ લઈ તેનો કલ્ક બનાવવો. પછી તેમાં ચારગણું પાણી તથા એક પ્રસ્થ ઘી મેળવી તેને અગ્નિ ઉપર ઉકાળવું જ્યારે ઘીજ બાકી રહે ત્યારે તેને ગળી લેવું. આ ઘૃતનું સેવન કરવાથી વિસર્પ રોગ, લૂતા, વિસ્ફોટક, વિષવિકાર, ક્ષુદ્રકુષ્ટ અને વ્રણરોગ, વગેરે દરદોનો નાશ થાય છે. આ ઘૃતને ગૌરાદ્ય ઘૃત કહે છે.

(શિરરોગ વગેરે ઉપર મયૂર ઘૃત.)

बलामधूकरास्नाभिर्दशमूलफलत्रिकैः ॥
पृथक् द्विपलिकैरेभिर्द्रोणनीरेण पाचयेत् ॥ ७३ ॥
मयूरं पक्षपित्तांत्रयकृत्पादास्यवर्जितं ॥
पादशेषं शृतं नीत्वा क्षीरं दत्वा च तत्समं ॥ ७४ ॥
घृतप्रस्थं पचेत् सम्यक् जीवनीयैः पिचून्मितैः ॥
तत्सिद्धं शिरसः पीडां मन्या पृष्ठ ग्रहं तथा ॥ ७५ ॥
अर्दितं कर्णनासाक्षिजिह्वागलरुजो जयेत् ॥
पाने नस्ये तथाभ्यंगे कर्णपूरेषु युज्यते ॥ ७६ ॥
हेमंतकाले शिशिरे वसंतेषु च सेव्यते ॥

બલા (કાંસકી), જેઠીમધ, રાસ્ના, દશમૂળ અને ત્રિફળા એ બધાં ઔષધો એ બે પલ લઇ તેને અધકચરાં કરી એક દ્રોણ પાણીમાં નાંખી તેમાં કલાપિ × × × × તથા ક્વાથના પ્રમાણનું દૂધ, એક પ્રસ્થ ઘી તથા જીવનીયગણનો કલ્ક મેળવી તેને અગ્નિ ઉપર ઉકાળવું. જ્યારે માત્ર ઘી બાકી રહે ત્યારે તેને ઉતારી ગળી લેવું. તે કાનમાં, નાકમાં ટીપાં નાખવા તથા શરીરે ચોળવામાં વપરાય છે તેમજ ગળાનું સ્તંભન, અર્દિત વાત, કર્ણશૂળ, નેત્ર, નાક, જીહ્વા વગેરેના દરદોનો નાશ કરે છે તથા હેમંત, શિશિર અને વસંતઋતુમાં સેવન કરવાથી વધારે ફાયદો થાય છે. ૭૩-૭૬

(વંધ્યા રોગ ઉપર ફલ ઘૃત)

त्रिफला मधुकं कुष्टं द्वे निशे कटुरोहिणी ॥ ७७ ॥
विडंगं पिप्पली मुस्तं विशाला कट्फलं वचा ॥
द्वे मेदे द्वे च काकोल्यौ सारिवे द्वे प्रियंगुका ॥ ७८ ॥

शतपुष्पा हिंगु रास्ना चंदनं रक्तचंदनं ॥
जातीपुष्पं तुगाक्षीरी कमलं शर्करा तथा ॥ ७९ ॥
अजमोदा च दंती च कल्कैरेतैश्च कार्षिकैः ॥
जीवद्वत्सैकवर्णानां घृतप्रस्थं च गोः क्षिपेत् ॥ ८० ॥
चतुर्गुणेन पयसा पचेदारण्यगोमयैः ॥
सुतिथौ पुष्यनक्षत्रे मृद्भांडे ताम्रजे तथा ॥ ८१ ॥
ततः पिबेत् शुभदिने नारी वा पुरुषोथवा ॥
एतत्सर्पिर्नरः पीत्वा स्त्रीषु नित्यं वृषायते ॥ ८२ ॥
पुत्रान् संजनयेद्धीमान् वंध्यापि लभते सुतं ॥
अल्पायुषं वा जनयेत् या च सूता पुनः स्थिता ॥ ८३ ॥
पुत्रमाप्नोति सा नारी बुद्धिमंतं शतायुषं ॥
एतत् फलघृतं नाम भारद्वाजेन भाषितं ॥ ८४ ॥
अनुक्तं लक्ष्मणामूलं क्षिपेत्तत्र चिकित्सकः ॥

ત્રિફળા, જેઠીમધ, ઉપલેટ, હળદર, દારૂહળદર, કડુ, વાવડિંગ, લીંડીપીપર, નાગરમોથ, ઇન્દ્રવારૂણીનું મૂળ, કાયફળ, વજ, મેદા; મહામેદા. કાકોલી, ક્ષીરકાકોલી, (આસગન્ધ) બેઉ કપુરીમધુરી, ધઉંલા, મૂર્વા, સેકેલી હીંગ, રાસ્ના, સુખડ, રતાંજલિ, જાવંત્રી, વંશલોચન, કમળ, સાકર, અજમોદ, અને નેપાળાનું મૂળ, એ તમામ ઔષધો એક એક કર્ષ લેવાં. પછી તેનો કલ્ક બનાવી તેમાં જીવતા વાછરડા વાળી એકજ રંગની ગાયનું એક પ્રસ્થ ઘી અને ઘીથી ચારગણું દૂધ, મેળવી ત્રાંબા અથવા માટીના વાસણમાં ભરી તેને પુષ્પ નક્ષત્રને દિવસે અગ્નિ ઉપર ઉકાળવું. જ્યારે માત્ર ઘી બાકી રહે ત્યારે ઉતારી ગળી લેવું. આને ફળ ઘૃત કહેવામાં આવે છે. આ ભારદ્વાજ ઋષિએ કહ્યું છે. તેનું સેવન કરવાથી પુરૂષનો કામ વધે છે, બુદ્ધિમાન પ્રજા ઉત્પન્ન થાય છે, વંધ્યા સ્ત્રીઓ ગર્ભ ધારણ કરે છે તથા બળબુદ્ધિ વધારે છે તેમજ જે સ્ત્રીનાં છોકરાં જીવતાં ન હોય તેને આનું સેવન કરાવવાથી છોકરાં જીવે છે. જો આ ઘૃતમાં ધોળી રીંગણીનાં મૂળ મેળવવામાં આવે તો ઘણો ફાયદો આપે છે એમ શારંગધરનું માનવું છે ૭૭--૮૪

(વિષમ જ્વર વગેરે ઉપર પંચતિક્ત ઘૃત.)

वृषनिंबामृताव्याघ्रीपटोलानां शृतेन च ॥ ८५ ॥
कल्केन पक्कं सर्पिस्तु निहन्याद्विषमज्वरान् ॥
पांडुं कुष्ठं विसर्पं च कृमीनर्शांसिनाशयेत् ॥ ८६ ॥

અરડુશો, લીંમડાનાં પાંદડાં, ગળો, ભોંયરીંગણી, અને પટોલપત્ર, એ ઔષધોને એકઠાં કરી તેનો ક્વાથ બનાવી તેમાં ચાર ગણું ઘી તથા કલ્ક મેળવી તેને ધીમી ધીમી આંચથી સિદ્ધ કરવું અને જ્યારે ઘી બાકી રહે ત્યારે તેને ગળી લેવું આનું સેવન કરવાથી વિષમ જ્વર, પાંડુ રોગ, કોઢ, વિસર્પ, કૃમિ રોગ, અને અર્શ એ દરદોનો નાશ થાય છે. ૮૫—૮૬

(યોનિ રોગ ઉપર ફલઘૃત.)

त्रिफलां द्वे सहचरे गुडूचीं सपुनर्नवां ॥
शूकनासा हरिद्रे द्वे रास्नां मेदां शतावरीं ॥ ८७ ॥
कल्कीकृत्य घृतप्रस्थं पचेत्क्षीरे चतुर्गुणे ॥
तत्सिद्धं पाययेन्नारीं योनिशूलनिपीडितां ॥ ८८ ॥
पीडिता चलिता या च निःसृता विवृता च या ॥
पिंडयोनिश्च विभ्रांता षंढयोनिश्च या स्मृता ॥ ८९ ॥
प्रपद्यंते हि ताः स्थानं गर्भं गृह्णंति चासकृत् ॥
एतत्फलघृतं नाम योनिदोषहरं परं ॥ ९० ॥

इति श्रीदामोदरसूनुशार्ङ्गधरेण विरचितायां संहितायां चिकित्सास्थाने अवलेहकल्पना नाम नवमोऽध्यायः समाप्तः ॥

પીળો કાંટાશળીઓ, કાળો કાંટાશળીઓ, ત્રિફળા, ગળો, પુનર્નવા, અરડૂશી, હળદર, દારૂહળદર, રાસ્ના, મેદા, તથા શતાવરી, એ ઔષધોનો કલ્ક કરવો અને તેમાં એક પ્રસ્થ ઘી, ઘીથી ચારગણું ગાયનું દૂધ અને ચારગણું પાણી મેળવી પછી તેને ઘી બાકી રહે ત્યાં સુધી ઉકાળી સિદ્ધ કરવું. આનું સેવન કરવાથી યોની સંબંધી તમામ દરદો નાશ થાય છે તથા ગર્ભ ધારણ થાય છે. ૮૭–૯૦

(તેલના પ્રકાર–લાક્ષાદિ તેલ.)

लाक्षाढकं काथयित्वा जलैश्च चतुराढकैः ॥
चतुर्थांशं शृतं नीत्वा तैलप्रस्थमिदं क्षिपेत् ॥ ९१ ॥
मस्त्वाढकं च गोदध्नः सर्वं तैले विनिःक्षिपेत् ॥
शतपुष्पामश्वगंधां हरिद्रां देवदारु च ॥ ९२ ॥
कटुकीं रेणुकां मूर्वां कुष्ठं च मधुयष्टिकां ॥
चंदनं मुस्तकं रास्नां पृथक्कर्षप्रमाणतः ॥ ९३ ॥
चूर्णयेत्तत्र निक्षिप्य साधयेन्मृदुवह्निना ॥
अस्याभ्यंगात्प्रशाम्यंति सर्वेपि विषमज्वराः ॥ ९४ ॥
कासश्वास प्रतिश्यायत्रिकपृष्ठग्रहास्तथा ॥
वातं पित्तमपस्मारमुन्मादं यक्षराक्षसान् ॥ ९५ ॥
कंडूं दौर्गंध्यशूलं च गात्राणां स्फुरणं जयेत् ॥
पुष्टगर्भा भवेदस्य गर्भिण्यभ्यंगतो भृशं ॥ ९६ ॥

બોરડી અથવા પીંપળાની લાખ એક આઢક લઈ તેમાં ચાર આઢક પાણી નાખી એક શેર પાણી બાકી રહે ત્યાં સુધી ઉકાળવી પછી તેને ગાળી લઇ તેમાં તલનું તેલ એક પ્રસ્થ તથા દહીની ઉપરનું પાણી એક આઢક તથા સવા, આસગંધ, હળદર, દેવદારૂ, કડુ, રેણુક-બીજ, મૂર્વા, ઉપલેટ, જેઠીમધ, સુખડ, નાગરમોથ અને રાસ્ના, એ દરેક એક એક કર્ષ લઇ તેનું કલ્ક કરી નાખવું. પછી તેને અગ્નિ ઉપર માત્ર તેલ બાકી રહે ત્યાં સુધી ઉકાળી સાવધાનીથી ગાળી લેવું. આ તેલનું શરીર ઉપર મર્દન કરવાથી વિષમજ્વર, ખાંસી, શ્વાસ, પીનસ, કટીશૂળ, પાર્શ્વશૂળ, બાદી, પિત્તપ્રકોપ, મૃગી, ઉન્માદ રોગ, ક્ષયરોગ, ખુજલી, શૂળ વગેરે દરદોનો નાશ થાય છે. તેમજ ગર્ભવતી સ્ત્રીને મર્દન કરવાથી ગર્ભપુષ્ટ બને છે. ૯૧–૯૬

(વાતરોગ ઊપર નારાયણ તેલ.)

अश्वगंधा बला बिल्वं पाटला बृहतीद्वयं ॥
श्वदंष्ट्रातिबला निंबः स्योनाकश्च पुनर्नवा ॥ ९७ ॥
प्रसारण्यग्निमंथश्च कुर्याद्दशपलं पृथक् ॥
चतुर्द्रोण जले पक्त्वा पादशेषं शृतं नयेत् ॥ ९८ ॥

तैलाढके रसं योज्यं शतावर्या रसाढकं ॥
क्षिपेत्तत्र च गोक्षीरं तैलात्तस्माच्चतुर्गुणं ॥ ९९ ॥
शनैर्विपाचयेदेभिः कल्कैर्द्विपलिकैः पृथक् ॥
कुष्ठैला चंदनं मूर्वा वचा मांसी ससैंधवैः ॥१००॥
अश्वगंधा बला रास्ना शतपुष्पेंद्रदारुभिः ॥
पर्णीचतुष्टयेनैव तगरेणैव साधयेत् ॥ १०१ ॥
तत्तैलं नावनेभ्यंगे पाने बस्तौ च योजयेत् ॥
पक्षाघातं हनुस्तंभं मन्यास्तंभं गलग्रहं ॥ १०२ ॥
कुब्जत्वं बधिरत्वं च गतिभंगं कटिग्रहं ॥
गात्रशोषेंद्रियध्वंसे नष्टशुक्रक्षये ज्वरे ॥ १०३ ॥
अंत्रवृद्धिं कुरंडं च दंतरोगं शिरोग्रहं ॥
पार्श्वशूलं च पांगुल्यं बुद्धिहानिं च गृध्रसीं ॥१०४॥
हन्याच्च विषमं वातं जयेत्सर्वांगसंश्रयान् ॥
अस्य प्रभावाद्वंध्यापि नारी पुत्रं प्रसूयते ॥ १०५ ॥
मर्त्यो गजो वा तुरगस्तैलादस्मात् सुखी भवेत् ॥
यथा नारायणो देवो दुष्टदैत्यविनाशनः ॥ १०६ ॥
तथैवं वातरोगाणां नाशनं तैलमुत्तमम् ॥

આસગંધ, ખરેંટી, બીલી, કાળીપાટ, બેઉ રીંગણી, ગોખરૂ, કાંસકી, લીંબડાની છાલ, અરડુશી, પ્રસારણી, અને અરણી એ દરેક દશ દશ પલ લઇ તેમાં ચાર દ્રોણ પાણી મેળવી તેનો ક્વાથ બનાવવો. પછી તે ક્વાથમાં તલનું તેલ એક આઢક, શતાવરીનો સ્વરસ એક આઢક અને ગાયનું દૂધ ચાર આઢક મેળવવું. તે સિવાય ઉપલેટ, એલચી, સુખડ, મોરવેલ, વજ, જટામાંસી, સિન્ધાલૂણ, આસગંધ, ખરેંટી, રાસ્ના, સવા, દેવદાર, શાલપર્ણી, પૃષ્ટપર્ણી, અડદ, મગ, અને તગર, એ દરેક બે બે પલ લઈ તેનો કલ્ક કરવો અને તે ઉપરના તેલમાં મેળવવો. પછી તેને અગ્નિ ઉપર તેલ બાકી રહે ત્યાં સુધી ઉકાળી સિદ્ધ કરી યુક્તિથી ગળી લેવું. આ તેલને નારાયણ તેલ કહેવામાં આવે છે. આ તેલ નાકમાં ટીપા નાખવામાં, શરીર

ઉપર ચોળવામાં, પીવામાં અને બસ્તિ કર્મ અંદર વાપરવામાં આવે છે. આ તેલનું સેવન કરવાથી પક્ષઘાત, અર્ધાંગવાયુ, હનુસ્તંભ, મન્યાસ્તંભ, કટિગ્રહવાયુ, બહેરાપણું, ગલગ્રહ, કેડપરનો વાયુ, ગાત્રશોષ, નેત્ર વાત રોગ, રૂધિરવિકાર, ધાતુક્ષય રોગ, અંત્રવૃદ્ધિ, દંતરોગ, શિરવાયુ, પાર્શ્વશળ, બુદ્ધિભ્રંશ, ગૃધ્રસીવાયુ અને અન્ય તમામ જાતના વાયુ વિકારોનો નાશ થાય છે. આ તેલથી વંધ્યા-સ્ત્રી ગર્ભ ધારણ કરે છે; આ તેલને શરીર પર ચોળવાથી સુખ થાય છે, તેમજ હાથી અને ઘોડાને મર્દન કરવાથી તેનો બાદીનો રોગ નાશ થાય છે. અર્થાત્ જેમ નારાયણ દૈત્યોનો નાશ કરે છે તેમ આ નારાયણ તેલ સર્વ પ્રકારના વાયુ રોગનો નાશ કરે છે. ૯૭-૧૦૬

(વાતાદિ ઉપર બલા તેલ.)

बलामूलकषायेण दशमूलशृतेन च ॥ १०७ ॥
कुलित्थयवकोलानां क्वाथेन पयसा तथा ॥
अष्टाष्टभागयुक्तेन भागमेकं च तैलतः ॥ १०८ ॥
गणेन जीवनीयेन शतावर्यैंद्रवारुणी ॥
मंजिष्ठाकुष्ठशैलेयतगरागुरुसैंधवैः ॥ १०९ ॥
वचा पुनर्नवा मांसी सारिवाद्वयपत्रकैः ॥
शतपुष्पाऽश्वगंधाभ्यामेलया च विपाचयेत् ॥ ११० ॥
गर्भार्थिनीनां नारीणां नराणां क्षीणरेतसां ॥
व्यायामक्षीणगात्राणां सूतिकानां च युज्यते ॥ ११ ॥
राजयोग्यमिदं तैलं सुखिनां च विशेषतः ॥
बलातैलमिति ख्यातं सर्ववातामयापहं ॥ १२ ॥

ખરેંટીનાં મૂળ આઠ પલ લઇ તેમાં બત્રીશ પ્રસ્થ પાણી મેળવી તેનો કવાથ બનાવવો અને તેને ગળી લેવો. દશમૂળનો બત્રીશ પ્રસ્થ પાણીમાં કવાથ બનાવી ગાળી લેવો. કળથી, જવ, બોરની મીંજે એ આઠ આઠ પ્રસ્થ લઈ તેમાં બત્રીશ પ્રસ્થ પાણી મેળવી કવાથ બનાવી ગાળી લેવો. પછી ઉપરના તમામ કવાથ એકઠા કરી તેમાં આઠ પ્રસ્થ ગાયનું દૂધ, એક પ્રસ્થ તલનું તેલ, તથા જીવનીગણનાં સાત ઔષધો, શતાવરી, દેવદાર, મજીઠ, ઉપલેટ, પત્થર ફુલ, તગર, અગર, સિન્ધાલૂણ, વજ, પુનર્નવા, જટામાંસી, ધોળી

સારીવા, કાળી સારીવા, તમાલપત્ર, સવા, આસગંધ અને એલચી એ તમામનો કલ્ક કરી મેળવવો. પછી તેને અગ્નિ ઉપર માત્ર તેલ બાકી રહે ત્યાં સુધી ઉકાળીને પછી છાણી લેવું. આને બલા તેલ કહેવામાં આવે છે. આ તેલ ગર્ભ ન રહેતો હોય તેવી સ્ત્રીઓને ચોળવાથી ગર્ભ ધારણ કરે છે, તેમજ ધાતુક્ષીણ પુરૂષને ચોળવાથી પણ ફાયદો આપે છે. સુવાવડી સ્ત્રીને ચોળવાથી અને તેનું સેવન કરવાથી બાદીનો રોગ નાશ થાય છે. ૧૦૭-૧૧૨

(વાત કફજન્ય વિકાર ઉપર પ્રસારિણી તેલ.)

प्रसारणीपलशतं जलद्रोणे विपाचयेत् ॥
पादशिष्टः श्रृतो ग्राह्यस्तैले दधि च तत्समं ॥ १३ ॥
कांजिकं च समं तेन क्षीरं तैलाच्चतुर्गुणं ॥
तैलात्तथाष्टमांशेन सर्वकल्कानि योजयेत् ॥ १४ ॥
मधुकं पिप्पलीमूलं चित्रकं सैंधवं वचा ॥
प्रसारणी देवदारु रास्ना च गजपिप्पली ॥ १५ ॥
भल्लातः शतपुष्पा च मांसी चैभिर्विपाचयेत् ॥
एतत्तैलवरं पक्वं वातश्लेष्मामयान् जयेत् ॥ १६ ॥
कौब्जत्वं खंजपंगुत्वं गृध्रसीमर्दितं तथा ॥
हनु पृष्ठ शिरो ग्रीवा कटिस्तंभं च नाशयेत् ॥ १७ ॥
अन्यांश्च विषमान् वातान् सर्वान्शूलान्व्यपोहति ॥

પ્રસારણી એકસો પલ લઇ તેમાં એક દ્રોણ પાણી મેળવી તેનો ક્વાથ બનાવી ગળી લઈ તેમાં તલીનું તેલ, દહીં અને કાંજી એ દરેક ક્વાથને સરખે ભાગે મેળવવાં. પછી તેલથી ચારગણું ગાયનું દૂધ, તથા જેઠીમધ, પીપરીમૂળ, ચિત્રકની છાલ, સિન્ધાલૂણ, વજ, પ્રસારણી, દેવદારૂ, રાસ્ના, ગજપીપર, ભિલામું, સવા, અને જટામાંસી એ ઔષધો તેલથી અષ્ટમાંશ લઇ તેનો કલ્ક કરી તેને ઉપરના ક્વાથ, તેલ તથા દૂધ સાથે મેળવી પછી અગ્નિ ઉપર તેલ બાકી રહે ત્યાં સુધી ઉકાળવું અને તે ગાળી લેવું. આનું શરીર ઉપર મર્દન કરવાથી વાત-કફ-વિકાર, કુબડાપણું, ખંજવાયુ, પંગુવાયુ, ગૃધ્રસીવાયુ, હનુવાત, પુઠ, શિર, ગરદન, અને કમર ઉપરનો વાયુ તથા બીજા વિષમવાયુ સંબંધી દરદોનો નાશ થાય છે. ૧૩-૧૭

(ગ્રીવાસ્તંભ ઉપર માષાદિ તેલ.)

माषा यवातसी क्षुद्रा मर्कटी च कुरंटकः ॥ १८ ॥
गोक्षुरश्च टुंटुकश्चैषां कुर्यात्सप्तपलं पृथक् ॥
चतुर्गुणांबुना पक्त्वा पादशेषं शृतं नयेत् ॥ १९ ॥
कार्पासकास्थी बदरं शणबीजं कुलित्थकं ॥
पृथक् चतुर्दशपलं चतुर्गुणजले पचेत् ॥ २० ॥
चतुर्थांशावशिष्टं च गृह्णीयात् क्वाथमुत्तमं ॥
प्रस्थैकं छागमांसस्य चतुःषष्टिपले जले ॥ ॥ २१ ॥
निक्षिप्य पाचयेद्धीमान् पादशेषं समानयेत् ॥
तैलप्रस्थे ततः सर्वान् क्वाथानेतान्विनिक्षिपेत् ॥२२ ॥
कल्कैरेभिश्च विपचेदमृता कुष्टनागरैः ॥
रास्नापुनर्नवैरंडैः पिप्पल्या शतपुष्पया ॥ २३ ॥
बलाप्रसारणीभ्यां च मांस्या कटुकया तथा ॥
पृथगर्धपलैरेभिः साधयेत् मृदुवह्निना ॥ २४ ॥
हन्यात्तैलमिदं शीघ्रं ग्रीवास्तंभापबाहुकौ ॥
अर्धांगशोषमाक्षेपमूरुस्तंभापतानकौ ॥ २५ ॥
शाखाकंपं शिरःकंपं विश्वाचीमर्दितं तथा ॥
माषादिकमिदं तैलं सर्ववातविकारनुत् ॥ २६ ॥

અડદ, જવ, અળશી, ભોંયરીંગણી, કૌંચનાં બીજ, કાંટશળિયો, ગોખરૂ અને અરડુશો એ દરેક ઔષધો સાત સાત પલ લઈ તેનો ક્વાથ બનાવવો, કપાશિયાનો સરકો, બોરનીમીજ, શણનાં બીજ અને કળથી, એ ઔષધો ચોદ ચોદ પલ લઈ તેમાં ચારગણું પાણી મેળવી તેનો ક્વાથ બનાવવો. પછી બન્ને ક્વાથ એકઠા કરી તેમાં તલનુ તેલ એક પ્રસ્થ મેળવવું, તથા ગળો, ઉપલેટ શુંઠ, રાસ્ના, પુનર્નવા, એરંડમૂળ, પીપર, સવા, ખરેંટીની છાલ, પ્રસારણી, જટામાંસી, અને કડુ એ ઔષધો અરધો અરધો પલ લઈ તેનો કલ્ક કરવો. પછી ઉપરના ક્વાથમાં મેળવી અગ્નિ ઉપર માત્ર તેલ બાકી રહે ત્યાં સુધી ઉકાળી તેલને ગાળી લેવું. આને માષાદિ તેલ કહેવામાં આવે છે. આ તેલ દેહમાં લગાવવાથી ગ્રીવાસ્તંભ વાયુ, અપબાહુકવાયુ,

અર્ધાંગવાત, ઉરૂસ્તંભ, અપતાનક વાયુ, કંપવાયુ, મસ્તક કંપવાયુ. અર્દિતવાયુ વગેરે તમામ જાતના વાયુરોગનો નાશ થાય છે.

:(શૂળ, વાયુ વગેરે ઉપર શતાવરી તેલ.)

शतावरी बलायुग्मं पर्ण्यौ गंधर्वहस्तकः ॥
अश्वगंधाश्वदंष्ट्रा च बिल्वः काशः कुरंटकः ॥ २७ ॥
एषां सार्द्धपलान् भागान् कल्कयेच्च विपाचयेत् ॥
चतुर्गुणेन नीरेण पादशेषं शृतं नयेत् ॥ २८ ॥
नियोज्य तैलप्रस्थे च क्षीरप्रस्थं विनिक्षिपेत् ॥
शतावरीरसप्रस्थं जलप्रस्थं च योजयेत् ॥ २९ ॥
शतावरी देवदारु मांसी तगरचंदनं ॥
शतपुष्पा बला कुष्ठमेला शैलेयमुत्पलं ॥ ३० ॥
ऋद्धिर्मेदा च मधुकं काकोली जीवकस्तथा ॥
एषां कर्षसमैः कल्कैस्तैलं गोमयवह्निना ॥ ३१ ॥
पचेत्तत्सिद्धतैलेन स्त्रीषु नित्यं वृषायते ॥
नारी च लभते पुत्रं योनिशूलश्च नश्यति ॥ ३२ ॥
अंगशूलं शिरःशूलं कामलां पांडुतां गरं ॥
गृध्रसीं प्लीहशोषश्च मेहान् दंडापतानकं ॥ ३३ ॥
सदाहं वातरक्तं च वातपित्तं गदार्दितं ॥
असृक्दरंतथाध्मानं रक्तपित्तं च नश्यति ॥ ३४ ॥
शतावरीतैलमिदं कृष्णात्रेयेण भाषितं ॥
(ॐ नारायण्यै स्वाहा ॥)
उत्तराभिमुखो भूत्वा खनेत् खदिरशंकुना ॥ ३५ ॥
ॐ सर्वव्याधिनाशिन्यै स्वाहा ॥ इति उत्पाटनमंत्रः ॥
ॐ कुमारजीविन्यै स्वाहा इति पाटनमंत्रः ॥

શતાવરી, ખરેંટીનાં મૂળ, કાંસકીનાં મૂળ, શાલપર્ણી, પૃષ્ટપર્ણી, એરંડમૂળ, આસગંધ, ગોખરૂ, બીલીનું મૂળ, કાશડાનું મૂળ, અને કાંટાશળિયો એ દરેક ઔષધ દોઢ દોઢ પલ લઇ તે બધાંને અધ-

કચરાં કરી તેમાં ચારગણું પાણી મેળવી તેનો કવાથ બનાવવો અને ગાળી લઇ તેમાં એક પ્રસ્થ તલનું તેલ, એક પ્રસ્થગાયનું દુધ, એક પ્રસ્થ શતાવરીનો રસ અને એક પ્રસ્થ પાણી મેળવી બધું એકત્રિત કરવું. શતાવરી, દેવદારૂ, જટામાંસી, તગર, સુખડ, રાવા, ખરેંટીનું મૂળ, ઉપલેટ, એલચી, પત્થર ફુલ, કમળ, વારાહીકંદ જેઠીમધ, આસગંધ અને વિદારીકંદ, એ દરેક ઔષધ એક એક કર્ષ લઇ એકઠાં કરી તેનો કલ્ક બનાવી પછે તેને ઉપરના એકત્રિત કરેલા તેલમાં મેળવવો. પછી તેનું અગ્નિ ઉપર માત્ર તેલ બાકી રહે ત્યાં સુધી ઉકાળી તેલ સિદ્ધ કરવું. આને શતાવરી તેલ કહેવામાં આવે છે. આ તેલ કૃષ્ણાત્રેય ઋષિએ કહેલું છે. આનું માલીશ કરવાથી કામોત્તેજક થાય છે. આને શરીરે ચોળવાથી પુત્ર પ્રાપ્તિ થાય છે. તેમજ યોનિશૂળ, અંગશૂળ, મસ્તકશૂળ, કમળો, પાંડુરોગ, વિષવિકાર, ગૃધ્રસીવાયુ, પ્લીહા, શોષ, પ્રમેહ, દાહયુકત વાતરક્ત, પ્રદરરોગ, પેટનું ફુલવું, અને રક્તપિત્ત વગેરે દરદો નાશ થાય છે. જંગલમાંથી શતાવરી, ઓં નારાયણ્યૈ સ્વાહા, એમ કહી ઉત્તર તરફ મોઢું રાખી ખેરની ખીલીથી શતાવરીને ખોદી, તથા ૐ સર્વ વ્યાધિ વિનાશિન્યૈ સ્વાહા, એમ કહી નમસ્કાર કરી તેને ઉખેડવી તથા ૐ કૌમારીજીવિન્યૈ સ્વાહા એમ કહી નમસ્કાર કરી તેનો ઉપયોગ કરવો. ૧૨૭-૧૩૫

(અર્શ ઉપર કાસીસાદિ તેલ.)

कासीसं लांगली कुष्टं शुंठी कृष्णा च सैंधवं ॥
मनः शिलाश्वमारं च विडंगानि च लोध्रकः ॥ ३६ ॥
दंती कोशातकीबीजं हेमाह्वा हरितालकं ॥
कल्कैः कर्षमितैरेतैस्तैलप्रस्थं विपाचयेत् ॥ ३७ ॥
स्नुह्यर्कपयसा दद्यात् पृथक् द्विपलसंमितम् ॥
चतुर्गुणं गवां मूत्रं दत्वा सम्यक् प्रसाधयेत् ॥ ३८ ॥
कथितं खरनादेन तैलमर्शोविनाशनं ॥
क्षारवत्पातयत्येतदर्शांस्यभ्यंगतो भृशं ॥ ३९ ॥
वलीर्न दूषयत्येतत्क्षारकर्मकरं स्मृतं ॥

હીરાકશી, વછનાગ, સુંઠ, લીંડીપીપર, સિન્ધાલુણ, મણશીળ, ધોળી કણેર, વાવડિંગ, ચિત્રકની છાલ, અરડુશી, નેપાળાનું મૂળ

કડવાં તુરિયાનાં બીજ, દારૂડીનું મૂળ અને હરતાલ, એ ઔષધો એક એક કર્ષ લઇ તેનો કલ્ક કરી તેને એક પ્રસ્થ તલના તેલમાં મેળવવો. તથા તેમાં થોર અને આકડાનું દૂધ બે બે પલ, તેમજ તેલથી ચારગણું ગૌમૂત્ર મેળવી એ બધાંને એકત્રિત કરી તેને અગ્નિ ઉપર તેલ બાકી રહે ત્યાં સુધી ઉકાળી પછી તે તેલને ગાળી લેવું. આ તેલ ખરનાદ ઋષિનું કહેલ છે. આને અર્શના ઉપર ચોળવાથી અર્શ નાશ પામે છે. તેમજ ક્ષારની સમાન કામ આપે છે અને અર્શના તમામ ઉપદ્રવોનો નાશ કરે છે. ૧૩૬—૧૩૯

(વાતરક્ત ઉપર પિંડ તેલ.)

मंजिष्ठा सारिवा सर्जयष्टीसिक्थैः पलोन्मितैः ॥ ४० ॥
पिंडाख्यं साधयेत्तैलमैरंडं वातरक्तनुत् ॥

મજીઠ, સારિવા, રાળ, જેઠીમધ, અને મીણ, એ દરેક એક એક પલ લઇ તેનો કલ્ક બનાવવો. પછી તેમાં ચારગણું એરંડિયું તેલ મેળવવું તથા ચારગણું પાણી મેળવી તેને અગ્નિ ઉપર સિદ્ધ કરવું પછી તે તેલમાં મીણ મેળવી એનો મલમ બનાવવો. આના ચોપડવાથી વાતરક્ત રોગનો નાશ થાય છે. ૧૪૦

(ખુજલી, ફોલ્લા વગેરે ઉપર અર્ક તેલ.)

अर्कपत्ररसे पक्त्वा हरिद्राकल्कसंयुतं ॥ ४१ ॥
साधयेत्सार्षपं तैलं पामां कच्छूं विचर्चिनुत् ॥

હળદરનો કલ્ક બનાવી તેમાં તેનાથી ચારગણું સર્ષવનું તેલ તથા ચારગણો આકડાનો સ્વરસ મેળવી તેને અગ્નિ ઉપર સિદ્ધ કરવું. (તેલ માત્ર બાકી રહે ત્યારે તેને ગળી લેવું.) આને શરીર ઉપર ચોપડવાથી ખુજલી, ફોલ્લા, દાદર, વિચર્ચિકા રોગ વગેરે દરદોનો નાશ થાય છે. ૧૪૧

(કુષ્ઠાદિ ઉપર મરિચાદિ તેલ.)

मरिचं हरितालं च त्रिवृतं रक्तचंदनं ॥ ४२ ॥
मुस्ता मनःशिलामांसी द्वे निशे देवदारु च ॥
विशाला करवीरं च कुष्ठमर्कपयस्तथा ॥ ४३ ॥
तथैव गोमयरसं कुर्यात्कर्षमितं पृथक् ॥
विषं चार्धपलं देयं प्रस्थं च कटुतैलकं ॥ ४४ ॥

गोमूत्रंद्विगुणं दत्त्वा जलं च द्विगुणं भवेत् ॥
मरिचाद्यमिदं तैलं सिध्मकुष्ठव्रणापहं ॥ ४५ ॥
जयेत् श्वित्राणि सर्वाणि पुंडरीकं विचर्चिकां ॥
पामां सिध्मानि लसिकां दद्रूं कंडूं कच्छुं जयेत् ॥४६॥

કાળાં મરી, હરતાલ, નસોતર, રતાંજલિ, નાગરમોથ, મણશિલ, બાલછડ, હળદર, દારૂહળદર, દેવદાર, ઇન્દ્રવારૂણીનું મૂળ, કણેરનું મૂળ, ઉપલેટ, આકડાનું દુધ અને ગાયના છાણનો રસ, એ દરેક એક એક કર્ષ લેવાં. તથા શોધેલો વછનાગ અરધો પલ લેવો. એ બધાં ઔષધોને એકઠાં કરી તેનો કલ્ક બનાવી તેમાં એક પલ સર્ષવનું તેલ, તેલથી બમણું ગૌમૂત્ર અને પાણી મેળવી તેને અગ્નિ ઉપર સિદ્ધ કરી, જ્યારે માત્ર તેલ બાકી રહે ત્યારે તેને ગાળી લેવું. આનો શરીર ઉપર માલીશ કરવાથી સિધ્મ કુષ્ઠ, પુંડરીક કુષ્ઠ, વિચર્ચિકા, ખસ, ચિત્રકુષ્ઠ, દાદર, રક્ત કુષ્ટ અને ફોલ્લા વગેરે દરદો નાશ પામે છે. ૧૪૨-૧૪૫.

(વ્રણ ઉપર ત્રિફળા તેલ)

त्रिफलारिष्टभूनिंबं द्वे निशे रक्तचंदनम् ॥
एतैः सिद्धमरुंषीणां तैलमभ्यंजने हितम् ॥४७॥

ત્રિફળા, લીંબડાની છાલ, કરિયાતું, હળદર, દારૂહળદર, અને રતાંજલિ, એ ઔષધોનો કલ્ક કરી તેમાં ચારગણું તલનું તેલ તથા પાણી મેળવી તેને એકત્રિત કરી તેલ બાકી રહે ત્યાં સુધી ઉકાળી તેને ગાળી લેવું. આનો શરીર ઉપર માલીશ કરવાથી વ્રણ રોગનો નાશ થાય છે. ૧૪૭

(પલિત રોગ ઉપર નિંબબીજ તેલ.)

भावयेन्निंबबीजानि भृंगराजरसेन हि ॥
तथासनस्य तोयेन तत्तैलं हंति नस्यतः ॥ ४८ ॥
अकालपलितं सद्यः पुंसां दुग्धान्नभोजिनां ॥

લીંબડાના બીને ભાંગરાના રસની ભાવના દેવી, તે સુકાયા પછી બીયાની છાલના રસની ભાવના આપી તેનું તેલ કાઢવું. તે તેલનુ નસ્ય લઇ ઉપર ગાયનું દુધ તથા ભાતનુ પથ્ય રાખવાથી પલિત રોગ (પળિયાં)નો નાશ થાય છે. ૧૪૮

(બાલ ઉગવા ઉપર મધુયષ્ટિ તેલ.)

यष्टीमधुकक्षीराभ्यां नवधात्रीफलैः शृतं ॥ ४९ ॥
तैलं नस्ये कृतं कुर्यात् केशान् श्मश्रूणि संघशः ॥

જેઠીમધ તથા નવાં બીલાં અને આંમળાનો કલ્ક બનાવી તેમાં ચારગણું તલનું તેલ તથા તેથી ચારગણું ગાયનું દૂધ, તેથી ચારગણું પાણી મેળવી તેને અગ્નિ ઉપર સિદ્ધ કરી જ્યારે તેલજ બાકી રહે ત્યારે તેને ઉતારી છાણી લેવું, આનું નસ્ય લેવાથી ખરી ગયેલા વાળ પાછા ઉગે છે. ૧૪૯

(ઇન્દ્રલુપ્ત ઉપર કરંજાદિ તેલ.)

करंजश्चित्रकं जातीः करवीरश्च पाचितं ॥ ५० ॥
तैलमेभिर्द्रुतं हन्यादभ्यंगादिंद्रलुप्तकं ॥

કરંજની છાલ, ચિત્રકની છાલ, ચમેલીનાં પાંદડાં, અને કણેરનું મૂળ એ ઔષધોનો કલ્ક બનાવી તેમાં ચારગણું તલનું તેલ તથા પાણી મેળવી તેને અગ્નિ ઉપર સિદ્ધ કરવું. આ સિદ્ધ કરેલા તેલનો માલીશ કરવાથી ઇન્દ્રલુપ્ત રોગ નાશ પામે છે. ૧૫૦

(પલિત, દારૂણ વગેરે વાળના દરદો ઉપર નીલિકાદિ તેલ.)

नीलिका केतकी कंदं भृंगराजः कुरंटकः ॥ ५१ ॥
तथार्जुनस्य पुष्पाणि बीजकः कुसुमानि च ॥
कृष्णास्तिलाश्च तगरं समूलं कमलं तथा ॥ ५२ ॥
अयोरंजः प्रियंगुश्च दाडिमत्वक्गुडूचिका ॥
त्रिफलापद्मपंकश्च कल्कैरेतैः पृथक् पृथक् ॥ ५३ ॥
कर्षमात्रैः पचेत्तैलं त्रिफलाक्वाथसंयुतं ॥
भृंगराजरसेनैव सिद्धं केशस्थिरीकृतं ॥ ५४ ॥
अकालपलितं हंति दारुणं चोपजिह्वकं ॥

ગળીનાં પાંદડાં, કેવડાનો કન્દ, ભાંગરો, કાંટાશળિયો, સાદડ વૃક્ષનાં ફૂલ, બિયાનાં ફૂલ, કાળા તલ, તગર, કમળનું મૂળ, લોહભસ્મ, ઘઉંલા, દાડમની છાલ, ગળો, હરડાં, બહેડાં, આમળાં, અને કમળની નીચેનો કચરો એ દરેક સરખે ભાગે લઈ તેનો કલ્ક કરી તેનાથી ચારગણું તલનું તેલ મેળવવું. તથા -તેલથી ચારગણો ત્રિફ-

ળાનો ક્વાથ તથા ભાંગરાનો રસ મેળવી તમામ એકઠાં કરી તેને અગ્નિ ઉપર માત્ર તેલ બાકી રહે ત્યાં સુધી ઉકાળી સિદ્ધ કરવું. પછી ગાળી લઇ તેને મર્દન કરવામાં આવે તો વાળ ખરી જતા અટકે છે, કવખતે ધોળા થયેલા વાળ પાછા કાળા થાય છે, તથા મસ્તકના દારૂણ રોગોનો નાશ થાય છે. ૧૫૨--૧૫૪

(પલિત વગેરે દરદો ઉપર ભૃંગરાજ તેલ.)

भृंगराजरसेनैव लोहकिट्टं पलत्रिकं ॥ ५५ ॥
सारिवा च पचेत्कल्कैस्तैलं दारुणनाशनं ॥
अकालपलितं कंडूमिंद्रलुप्तं च नाशयेत् ॥ ५६ ॥

લોઢાનો કાટ, ત્રિફળા, અને સારિવા એ વસ્તુઓનો કલ્ક બનાવી તેથી ચારગણું તલનું તેલ તથા ભાંગરાનો રસ કલ્કમાં મેળવી અગ્નિ ઉપર માત્ર તેલ બાકી રહે ત્યાં સુધી સિદ્ધ કરવું. પછી તેલને ગાળી લઇ માથા ઉપર લગાડવામાં આવે તો દારૂણ રોગ તથા (નાની ઉમ્મરમાં ધોળા થયેલા વાળ) પલિત રોગનો નાશ કરે છે.

(મુખ દંતાદિ રોગ ઉપર ઇરિમેદાદિ તેલ.)

इरिमेदत्वचं क्षुण्णां पचेत् शतपलोन्मितां ॥
जलद्रोणेन तत्क्वाथं गृह्णीयात्पादशेषितं ॥ ५७ ॥
तैलस्यार्द्धाढकं दत्वा कल्कैः कर्षमितैः पचेत् ॥
इरिमेदलवंगाभ्यां गैरिकागुरुपद्मकैः ॥ ५८ ॥
मंजिष्टालोध्रमधुकं लाक्षा न्यग्रोधमुस्तकैः ॥
त्वग् जातीफल कर्पूर कंकोलखदिरैस्तथा ॥ ५९ ॥
पतंग धातुकीपुष्पं सूक्ष्मैला नागकेशरं ॥
कट्फलेन च संसिद्धं तैलं मुखरुजं जयेत् ॥ ६० ॥
मदुष्टमांसं पलितं शीर्णदंतं च शौषिरं ॥
श्यावदंतं महर्षं च विद्रधिं कृमिदंतकं ॥ ६१ ॥
दंतस्फुटं च दौर्गंध्यां जिह्वाताल्वोष्ठजां रुजां ॥

કાળા ખેરની છાલ સો પલ લઇ અધકચરી કરી તેમાં ચારગણું પાણી મેળવી તેનો ક્વાથ બનાવવો. પછી ગાળી લઇ તેમાં તલનું તેલ અરધો આઢક મેળવવું, તથા કાળા ખેરની છાલ, લવિંગ,

ગેરૂ, અગર, પદ્મક, મજીઠ, લોદર, જેઠીમધ, લાખ, નાગરમોથ, વડલાની છાલ, તજ, જાયફળ, કપુર, કંકોલ, ધોળા ખેરની છાલ, પતંગ, ધાવડીનાં ફૂલ, એલચી, નાગકેસર, અને કાયફળ, એ દરેક વસ્તુ એક એક કર્ષ લઇ તેનો કલ્ક બનાવી તેને ઉપરના તેલની સાથે મિશ્ર કરી અગ્નિ ઉપર માત્ર તેલ બાકી રહે ત્યાં સુધી ઉકાળી સિદ્ધ કરવું. પછી તેલને ગાળી લેવું તેનું સેવન કરવાથી મુખરોગ, દાંતનો સોજો, શ્યાવદન્ત રોગ, પ્રહર્ષક રોગ, દંતરોગ, દંતવિદ્રધિ રોગ, કૃમિદંત રોગ, દંતસ્ફુટન આદિ તમામ દરદોનો નાશ થાય છે.

(નાડીવ્રણાદિક ઉપર જાત્યાદિ તેલ.)

जाति नींब पटोलानां नक्तमालस्य पल्लवा ॥ ६२ ॥
सिक्थं समधुकं कुष्टं द्वे निशे कटुरोहिणी ॥
मंजिष्ठा पद्मकं लोध्रमभया नीलमुत्पलम् ॥ ६३ ॥
तुत्थकं सारिवा बीजं नक्तमालस्य दापयेत् ॥
एतानि सम भागानि पिष्ट्वा तैलं विपाचयेत् ॥ ६४ ॥
नाडीव्रणे समुत्पन्ने स्फोटके कच्छुरोगिषु ॥
सद्यः शस्त्रप्रहारेषु दग्धविद्धेषु चैव हि ॥ ६५ ॥
नख दंत क्षते देहे व्रणे दुष्टे प्रशस्यति ॥

ચમેલી, કડવાં પટોળ, લીંબડો, કરંજનાં કુમળાં પાન, મીણ, જેઠીમધ, ઉપલેટ, હળદર, દારૂહળદર, કડુ, મજીઠ, પદ્મક, લોદર, હરડે, નીલ કમળ, સારિવા, અને અમલતાસનાં બીજ એ દરેક એક એક તોલો લઈ તેનો કલ્ક બનાવી તેમાં ચારગણું તેલ તથા તેલથી ચારગણું પાણી મેળવી અગ્નિ ઉપર માત્ર તેલ બાકી રહે ત્યાં સુધી સિદ્ધ કરવું. એ તેલને ગાળી લઈ તેનું માલીશ કરવાથી નાડીવ્રણ, ફોલ્લા, જખમ, શસ્ત્રઘા, દગ્ધવ્રણ, નખદંત, અને શરીરની અંદરનાં ભયંકર વ્રણનાં તમામ દરદોનો નાશ થાય છે. ૬૨-૬૫

(કર્ણશૂળ ઉપર હિંગ્વાદિ તેલ.)

हिंगु तुंबरु शुंठीभिः कटु तैलं विपाचयेत् ॥ ६६ ॥
तस्य पूरणमात्रेण कर्णशूलः प्रणश्यति ॥

હીંગ, ધાણા, અને સુંઠ, એ સરખે ભાગે લઈ તેનો કલ્ક બનાવવો. પછી તેમાં ચારગણું સર્ષવનું તેલ તથા તેલથી ચારગણું પાણી

મેળવી તેને અગ્નિ ઉપર માત્ર તેલ બાકી રહે ત્યાં સુધી ઉકાળી સિદ્ધ કરવું. એ તેલનાં કાનમાં ટીપાં નાખવાનામાં આવે તો તમામ જાતના કર્ણશૂળનો નાશ થાય છે. ૬૬

(બહેરાપણા ઉપર બિલ્વાદિ તેલ.)

बालबिल्वानि गोमूत्रे पिष्ट्वा तैलं विपाचयेत् ॥६७॥
साजक्षीरं सनीरं च बाधिर्ये कर्णपूरणं ॥

બીલીનાં કોમળ પાંદડાને ગાયના મૂત્રમાં વાટી કલ્ક બનાવવો અને તેમાં ચારગણું તલનું તેલ તથા તેલથી ચારગણું પાણી અને બકરીનું દૂધ મેળવી તેને અગ્નિ ઉપર માત્ર તેલ બાકી રહે ત્યાં સુધી ઉકાળી સિદ્ધ કરવું. આ તેલને કાનમાં નાખવાથી તમામ જાતનાં કર્ણશૂળ અને બહેરાપણું નાશ થાય છે. ૬૭

(કર્ણસ્રાવ વગેરે ઉપર ક્ષાર તેલ.)

बालमूलकशिंबीनां क्षारः क्षारयवस्तथा ॥ ६८ ॥
लवणानि च पंचैव हिंगु शिग्रु महौषधं ॥
देवदारु वचा कुष्टं शतपुष्पं रसांजनं ॥ ६९ ॥
ग्रंथिकं भद्रमुस्तं च कल्कैः कर्षमितैः पृथक् ॥
तैलप्रस्थं च विपचेत् कदलीबीजपूरयोः ॥ ७० ॥
रसाभ्यां मधुसूक्तेन चतुर्गुणमितेन च ॥
पूयास्रावं कर्णनादं शूलं बधिरतां क्रमीन् ॥
अन्यांश्च कर्णजान् रोगान् मुखरोगं च नाशयेत् ॥

કુણામૂળાનો ખાર, જવખાર, સાજીખાર, સિન્ધાલૂણ, સંચળ, બિડ લવણ, વડાગરૂ મીઠું, મીઠું, હીંગ, સરગવાની છાલ, શુંઠ, દેવદારૂ, સતા, વજ, રસવંતી, પીપરીમૂળ, અને નાગરમોથ એ દરેક એક એક કર્ષ લઈ તેનો કલ્ક બનાવવો અને તેમાં ચારગણું તલનું તેલ તથા તેલથી ચારગણો કેળનો રસ, બીજોરાનો રસ અને મધુસુક્ત મેળવી તેને અગ્નિ ઉપર ઉકાળી માત્ર તેલ બાકી રહે ત્યાં સુધી સિદ્ધ કરવું. પછી તેલને ગાળી લઈ કાનમાં નાખવાથી બહેરાપણું, કર્ણશૂળ, કર્ણનાદ, વગેરે અનેક જાતના દરદોનો નાશ થાય છે.

(મધુસૂક્ત બનાવવાનો વિધિ.)

जंबीराणां फलरसं प्रस्थैकं कुडवोन्मितं ॥ ७२ ॥
माक्षिकं तत्र दातव्यं पलैकं पिप्पली स्मृतं ॥
एतदेकीकृतं सर्वं मृत्भांडे निधापयेत् ॥ ॥ ७३ ॥
वर्षाभामधुसंयुक्तं शृंगबेरगुडान्वितं ॥
धान्यराशौ त्रिरात्रस्थं मधुसूक्तमुदाहृतं ॥ ७४ ॥

કાગદી લીંબુનો રસ ૧ પ્રસ્થ, મધ એક કુડવ, અને પીપરનું ચુર્ણ એક પળ લઇ ત્રણેને મિશ્ર કરી માટીના ઘડામાં નાખો કપડા વતે મ્હો મજબુત બાંધી માટીથી છાંદી તેને અનાજના કોઠામાં ૩ રાત્રિ સૂધી રાખવો, જેથી મધુસૂક્ત તૈયાર થાય છે. ૭૨–૭૪

(પીનસ રોગ ઊપર પાઠાદિ તેલ.)

पाठा द्वे च निशे मूर्वा पिप्पली जातिपल्लवैः ॥
दंत्या च तैलं संसिद्धं नस्यं स्यात् दुष्टपीनसे ॥ ७५ ॥

કાળી પાટનું મૂળ, હળદર, દારૂહળદર, મોરવેલ, લીંડીપીપર, ચમેલીનાં પાન, અને નેપાળાનું મૂળ, એ દરેક સરખે ભાગે લઇ તેનો કલ્ક બનાવવો. પછી તેમાં ચારગણું તલનું તેલ, અને તેલથી ચારગણું પાણી મેળવી અગ્નિ ઉપર માત્ર તેલ બાકી રહે ત્યાં સુધી ઉકાળી સિદ્ધ કરવું. પછી ગાળી લઇ નસ્ય લીધાથી તમામ જાતના પીનસ રોગ નાશ થાય છે. ૭૫

(પીનસાદિ દરદ ઊપર વ્યાઘ્રી તેલ.)

व्याघ्री दंती वचा शिग्रु तुलसी व्योषसैंधवैः ॥
कल्कैश्च पाचितं तैलं पूतिनासागदापहं ॥ ७६ ॥

ભોયરીંગણી, નેપાળાનું મૂળ, વજ, સરગવાની છાલ, તુલશીનાં પાન, શુંઠ કાળાં મરી, લીંડીપીપર, અને સિંધાલૂણ, એ દરેક સરખે ભાગે લઇ તેનો કલ્ક બનાવી તેમાં ચારગણું તલનું તેલ તથા તેલથી ચારગણું પાણી મેળવી અગ્નિ ઊપર માત્ર તેલ બાકી રહે ત્યાં સુધી ઉકાળી સિદ્ધ કરવું. એ તેલને ગાળી લઈ એનું નસ્ય આપવાથી પૂતિનાસા રોગ તથા પીનસ વગેરે તમામ દરદોનો નાશ થાય છે. ૭૬

(છીંક આવવાના ઉપર કુષ્ઠ તેલ.)

कुष्ठं विल्वकणाशुंठीद्राक्षाकल्ककषायवत् ॥
साधितं तैलमाज्यं वा नस्यात्क्षवथुनाशन ॥ ७७ ॥

ઉપલેટ, કુણાં બીલાં, લીંડીપીપર, શુંઠ, અને દ્રાક્ષ, એ ઔષધી સરખે ભાગે લઈ તેનો કલ્ક બનાવવો અને તેમાં ચારગણું તલનું તેલ તથા તેલથી ચારગણું પાણી મેળવી તેને અગ્નિ ઉપર ઉકાળી માત્ર તેલ બાકી રહે ત્યાં સુધી સિધ્ધ કરી ગાળી લઇ જેને બહુ છીંકો આવતી હોય તેણે નાકમાં નાખવું જેથી છીંકો આવતી બંધ થાય છે. ૭૭

(નાસાર્શ ઉપર ગૃહધૂમાદિ તેલ.)

गृहधूम कणा दारु क्षारनक्ताह्वसैंधवैः ॥
सिद्धं शिखरीबीजैश्च तैलं नासार्शसां हितं ॥ ७८ ॥

ચૂલા ઉપરની ધૂમશ, લીંડીપીપર, દેવદાર, જવખાર, કરંજ, સિંધાલુણ અને અઘેડાંનાં બી એઓને સરખે ભાગે લઇ કલ્ક બનાવી તેમાં ચારગણું તેલ તથા ચારગણું પાણી મેળવી તેને અગ્નિ ઉપર સિદ્ધ કરી તેલ તૈયાર કરી નાકમાં નાખવાથી નાસાર્શ રોગનો નાશ થાય છે. ૭૮.

(કુષ્ટરોગ ઉપર વજ્રી તેલ.)

वज्री क्षीरं रविक्षीरं द्रवं धत्तूरचित्रकं ॥ ७९ ॥
महिषीविष्टथवरसं द्रवांशं तिलतैलकं ॥
पचेत्तैलावशेषं चद्गोमूत्रेथ चतुर्गुणे ॥ ८० ॥
तैलावशेषं पक्कं च तत्तैलं प्रस्थमात्रकं ॥
गंधकाग्निशिलातालं विडंगातिविषा विषं ॥ ८१ ॥
तिक्तकोशातकी कुष्ठं वचामांसीकटुत्रयं ॥
पीतदारु च यष्ट्याह्वं स्वर्जिकाक्षारजीरकं ॥ ८२ ॥
देवदारु च कर्षांशं चूर्णं तैले विमिश्रयेत् ॥
वज्रतैलमिति ख्यातमभ्यंगात्सर्वकुष्ठनुत् ॥ ८३ ॥

થોરનું દૂધ, આકડાનું દૂધ, ધંતુરાનો રસ, ચિત્રકનો રસ, અને ભેંશના છાણનો રસ, એ પાંચે વસ્તુ એકઠી કરી તેના સમાન

ભાગે તલનું તેલ મેળવી ફક્ત તેલ બાકી રહે ત્યાં સુધી અગ્નિ ઉપર ઉકાળવું. પછી તેમાં ચારગણું ગૌમૂત્ર નાખી ફરીથી તેને માત્ર તેલ બાકી રહે ત્યાં સુધી ઉકાળી એ તેલને ગળી લેવું. એ તેલમાં, ચિત્રક, ગંધક, મણશિલ, હરતાલ, વાવડિંગ, અતિવિષની કળી, શોધેલો વછનાગ, કડવાં તુરીયાં, ઉપલેટ, વજ, બાલછડ, શુંઠ, કાળાંમરી લીંડીપીપર, દારૂહળદર, જેઠીમધ, સાજીખાર, જીરૂં અને દેવદાર એ દરેક એક એક કર્ષ લઈ તેને એકઠાં કરી તેનુ ચૂર્ણ બનાવી મેળવવું. આ તૈયાર થયેલા તેલનો માલીશ કરવાથી તમામ જાતના કુષ્ઠ રોગનો નાશ થાય છે. ૭૯-૮૩

(લોમશાતન ઉપર કરવીરાદિ તેલ.)

करवीरशिफादंतीवृक्षकोशातकीफलं ॥
रंभाक्षारोदके तैलं प्रशस्तं लोमशातनं ॥ ८४ ॥

इति श्रीदामोदरसूनुशार्ङ्गधरेण विरचितायां संहितायां चिकित्सास्थाने तैलादिस्नेहादिकल्पना नामदशमोऽध्यायः समाप्तः ॥

કણેરનાં મૂળ, નેપાળાનાં મૂળ, નસોતર, કડવાં તુરિયાં, એ ઔષધોનો કલ્ક કરી તેમાં ચારગણું તલનું તેલ તથા તેલથી ચારગણું કેળાંના ક્ષારનું પાણી મેળવી તેને અગ્નિ ઉપર તેલ બાકી રહે ત્યાં સુધી ઉકાળી સ્નિગ્ધ કરવું. એને વાળ ઉપર લગાડવાથી વાળ ખરી જાય છે. ૮૪

ઈતિશ્રી શારંગધર સંહિતાના મધ્ય ખંડ વિષે નવમા અધ્યાયનું પુરોહિત પૂર્ણચંદ્ર શર્મા કૃત ગુજરાતી ભાષાંતર સંપૂર્ણ.

અધ્યાય દશમો.

(આસવ, અરીષ્ઠ વગેરે બનાવવાની રીતિ.)

द्रवेषु चिरकालस्थं द्रव्यं यत् संहितं भवेत् ॥
आसवारिष्टभेदैस्तत् प्रोच्यते भेषजोचितं ॥ १ ॥
यदपक्वौषधांबुभ्यां सिद्धं मद्यं स आसवः ॥

अरिष्टः क्वाथसिद्धः स्यात्तयोर्मानं पलोन्मितं ॥ २ ॥
अनुक्तमानारिष्टेषु द्रवद्रोणे तुलां गुडं ॥
क्षौद्रं क्षिपेत् गुडादर्धं प्रक्षेपं दशमांशकं ॥ ३ ॥
ज्ञेयः शीतरसः सिंधुरपक्वमधुरद्रवैः ॥
सिद्धपक्वरसः सिंधुः संपक्वमधुरद्रवैः ॥ ४ ॥
परिपक्वान्नसंधान समुत्पन्नां सुरां जगुः ॥
सुरामंडः प्रसन्ना स्यात्ततः कादंबरी घना ॥ ५ ॥
तदधोजगलो ज्ञेयो मेदकोजगलाद्धनः ॥
पक्वोसौ हृतसारः स्यात् सुराबीजं च किण्वकं ॥ ६ ॥
यत्तालखर्जूररसैः संहितं स्याद्धि वारुणी ॥
कंदमूलफलादीनि सस्नेहलवणानि च ॥ ७ ॥
यत्र द्रवेभिषूयंते तत्सूक्तमभिधीयते ॥
विनष्टमम्लतां याति मद्यं वा मधूरद्रवः ॥ ८ ॥
विनष्टः संहितो यस्तु तच्चुक्रमभिधीयते ॥
गुडांबुना सतैलेन कंदशाकफलैस्तथा ॥ ९ ॥
संधितं चाम्लतां यातं गुडं सूक्तं प्रचक्षते ॥
एवमेवेक्षुसूक्तं स्यान्मृद्धिकासंभवं तथा ॥ १० ॥
तुषांबुसंहितं ज्ञेयमामैर्विदलितैर्यवैः ॥
यवैस्तु निस्तुषैः पक्वैः सौवीरं संहितं भवेत् ॥ ११ ॥
कुल्माषधान्यमंडादिसंहितं कांजिकं विदुः ॥
संडाकी संधिता ज्ञेया मूलकैः सर्षपादिभिः ॥ १२ ॥

પાણી અને ઔષધો એકઠાં કરી એને માટીના વાસણમાં ભરી વાસણનું મોઢું બંધ કરી તેને એક માસ અગર પંદર દિવસ આથો આવે ત્યાં સુધી રહેવા દેવાં, એથી તૈયાર થયેલાને આસવ સમજવો. એ બે નામથી પ્રસિધ્ધ છે એક આસવ અને બીજો અરિષ્ટ. પાણી અને ઔષધોને પકવ્યા શિવાય સિદ્ધ કરવું તેને આસવ કહેછે. ક્વાથ બનાવી તેમાં ઔષધો નાખી તેને સિદ્ધ કરવું તેનું નામ

અરિષ્ટ કહેવામાં આવે છે. તેની માત્રા એક પલ પ્રમાણની સમજવી. જે અરિષ્ટ પ્રયોગમાં પાણીનું માપ ન બતાવ્યું હોય તે ઠેકાણે એક દ્રોણ લેવું. ગોળ મેળવવો હોય તો એક તુલા લેવો, મધ અર્ધ તુલા, અને ઔષધિનું ચૂર્ણ ગોળના દશમે ભાગે મેળવવું. અપક્વ શેરડીના રસમાંથી સિદ્ધ કરેલા મધને શીતરસ સીધુ કહેવાય છે. ઉત્તમ રીતે પાકેલા પ્રવાહી પદાર્થમાંથી જે મદ્ય બનાવવામાં આવે છે તેને પક્વ રસ સીધુ કહેવામાં આવે છે. ચોખા વગેરે ધાન્યમાંથી અગ્નિ સંયોગ વડે યંત્રદ્વારા મદ્ય કાઢવામાં આવે છે તેને સુરા કહેવામાં આવે છે. તે સુરાના ઘટ્ટ ભાગને કાદંબરી કહે છે. તથા પાતળા ભાગને પ્રસન્ના કહેવામાં આવે છે. તેમજ સુરાની નીચેના દ્રવ પદાર્થને જંગલ કહે છે. જંગલમાં ઘન ભાગ હોય તેને મેદક કહે છે. મેદકમાંથી સત્વ કાઢેલા ભાગને કિણ્વક (સુરાબીજ) કહે છે. તાડી કે ખજુરના રસમાંથી અગ્નિ સંયોગથી યંત્રવતે જે રસ ખેંચવામાં આવે છે તેને મદ્ય તથા વારૂણી કહેવામાં આવે છે. કંદ, મૂળ, ફળ, તેલાદિ સ્નેહ વગેરેને પાણી કે સરકામાં મેળવી જે મદ્ય કાઢવામાં આવે છે તેને સુક્ત કહે છે. ખટાશવાળા અને મીઠા દ્રવ્ય પદાર્થોને આથી તેમાંથી મદ્ય બનાવવો તેને ચુક્ર કહેવામાં આવે છે. ગોળ, પાણી, તેલ, કંદ, મૂળ, અને ફળ એ બધાં એકઠાં કરી ખાટાં થાય ત્યાં સુધી એક વાસણમાં આથી રાખવાથી તૈયાર થયેલા મદ્યને ગુડસુક્ત કહેવામાં આવે છે. તેવીજ રીતે શેરડી તથા દ્રાક્ષનો સુક્ત બનાવવો. કાચા જવને ભરડી એક વાસણમાં ભરી તેમાં પાણી નાખી મેઢું બંધ કરી આથો આવે ત્યાં સુધી રાખી મુકવો. તે આથાને તુષાંબુ તથા જવનાં ફોતરાં કાઢી નાખી તેને રાંધી તેને પાણીમાં મેળવી એક વાસણમાં આથો આવતાં સુધી ભરી રાખવા, તે આવેલા આથાને સૌવીર કહેવામાં આવે છે. કળથી અથવા ચોખાને રાંધી તેમાંથી ઓસામણ કાઢી નાખી તેમાં શુંઠ, રાઇ, જીરૂં, હીંગ, સિન્ધાલૂણ, હળદર, વગેરે વસ્તુઓ મેળવી ચાર દિવસ સુધી આથી રાખવું તે આથાને કાંજી કહેવામાં આવે છે. મૂળાના પંચાંગ સાથે હળદર, હીંગ, રાઇ, સિન્ધાલૂણ, જીરૂ, શુંઠ, એ ઓષધીનું ચૂર્ણ મેળવી એક વાસણમાં ભરી ચાર દિવસ સુધી આથી રાખવું, તે આવેલા આથાને શંડાકી કહેવામાં આવે છે. ૧—૧૨

(રક્તપિત્તાદિ ઉપર ઉશીરાસવ.)

उशीरं वालकं पद्मं काश्मरी नीलमुत्पलं ॥
प्रियंगु पद्मकं लोध्रं मंजिष्ठा धन्वयासकः ॥ १३ ॥
पाठा किराततिक्तं च न्यग्रोधोदुंबरः शठी ॥
पर्पटं पुंडरीकं च पटोलं कांचनारकं ॥ १४ ॥
जंबूशाल्मलिनिर्यासं प्रत्येकं पलसंमितम् ॥
भागान् सुचूर्णितान्कृत्वा द्राक्षायाः पलविंशतिः॥१५॥
धातुकी षोडशपलं जलद्रोणद्वये क्षिपेत् ॥
शर्करायास्तुलां दत्त्वा क्षौद्रस्यैकतुलां तथा ॥ १६ ॥
मासैकं स्थापयेत् भांडे मांसी मरिचधूपिते ॥
उशीरासव इत्येष रक्तपित्तनिवारणः ॥ १७ ॥
पांडुकुष्ठप्रमेहार्शःकृमिशोथहरस्तथा ॥

વાળો, નેત્રવાળો, લાલ કમળ, શેવન, નીલકમળ, ઘઉંલા, પદ્મક, લોધર, મજીઠ, ધમાસો, કાળીપાટ, કરિયાતું, કડુ, વડલાની છાલ, ઉંમરાની છાલ, કચૂરો, પિત્તપાપડો, ધોળું કમળ, પટોલનાં પાન, કાંચનારવૃક્ષની છાલ, જાંબુની છાલ, અને મોચરસ, એ દરેક વસ્તુ એક એક પલ, દ્રાક્ષ વીશ પલ, તથા ધાવડીનાં ફુલ સોળ પલ એ બધાંને એકઠાં કરી તેનુ ચૂર્ણ બનાવી તેમાં બે દ્રોણ પાણી, એક તુલા સાકર તથા એક તુલા મધ, મેળવી તેને જટામાંસી અને કાળાં મરીનો ધુમાડો આપેલા વાસણમાં ભરી તેનું મોઢું બંધ કરી એક માસ પર્યંત રાખી પછી તેને ગાળી લેવો. એને ઉશીરાસવ કહેવામાં આવે છે એને પીવાથી, રક્તપિત્ત, પાંડુ રોગ, કુષ્ઠ, પ્રમેહ, અર્શ, કૃમિ રોગ અને સોજો વગેરે દરદોનો નાશ થાય છે. ૧૩-૧૭

(ક્ષય વગેરે ઉપર કુમાર્યાસવ.)

सुपक्व रस संशुद्धं कुमार्याः पत्रमाहरेत् ॥ १८ ॥
यत्ने न रसमादाय पात्रे पाषाण मृन्मये ॥
द्रोणे गुडतुलां दत्वा घृतभांडे निधापयेत् ॥ १९ ॥
माक्षिकं पक्व लोहंच तस्मिन्नर्द्धतुलां क्षिपेत ॥
कटुत्रिकं लवंग च चातुर्जातक मेव च ॥ २० ॥

चित्रकं पिप्पलीमूलं विडंगं गजपिप्पली ॥
चविकं हपुषा धान्यं क्रमुकं कटुरोहिणी ॥ २१ ॥
मुस्ता फलत्रिकं रास्ना देवदारु निशाद्वयं ॥
मूर्वा मधुरसाः दन्ती मूलं पुष्कर संभवम् ॥ २२ ॥
बला चातिबला चैव कपिकच्छुस्त्रिकंटकम् ॥
शतपुष्पा हिंगुपत्री आकल्लक मुटिंगणम् ॥ २३ ॥
पुनर्नवा द्वयं लोध्रं धातुमाक्षिक मेव च ॥
एषां चार्ध पलं दत्वा धातक्वास्तु पलाष्टकम् ॥ २४ ॥
पलं चार्धपलं चैव पलद्वय मुदाहृतं ॥
वपुर्वयः प्रमाणेन बलवर्णाग्नि दीपनम् ॥ २५ ॥
बृहणं रोचनं वृष्यं पंक्तिशूल निवारणम् ॥
अष्टावुदरजान् रोगान् क्षयमुग्रं च नाशयेत् ॥ २६ ॥
विंशतिं मेहजान् रोगानुदावर्त्तमपस्मृतिम् ॥
मूत्रकृच्छ्रमपस्मारं शुक्रदोषं तथाऽश्मरीम् ॥ २७ ॥
कृमिजं रक्तपित्तं च नाशयेत्तु न संशयः ॥

સારી રીતે પાકેલા કુંવારને રસ એક દ્રોણ, જુનો ગોળ સો પલ, મધ અને લોહચૂર અરધ તુલા, શુંઠ, કાળાં મરી, લીંડીપીપર, લવિંગ, તજ, તમાલપત્ર, એલચીદાણા, નાગકેસર, ચિત્રક, પીપરીમૂળ, વાવડિંગ, ગજપીપર, ચવ્યક, વાળો, ધાણા, સોપારી, કડુ, નાગરમોથ, ત્રિફળા, દેવદાર, હળદર, દારૂહળદર, મોરવેલ, જેઠીમધ, નેપાળાનું મૂળ, પુષ્કરમૂળ, ખરેંટી, કાંસકી, કોચનાં બીજ, ગોખરૂ, સવા, હીંગુપત્રી, અકલકરો, ઉટીંગણ, સાટોડી, બેઉ જાતના લોદર અને સુવર્ણમાક્ષિક ભસ્મ એ દરેક બે બે તોલા લઇ ભસ્મ શિવાયની બીજી ઔષધિયોનુ ચૂર્ણ કરી ઉપરની વસ્તુઓમાં તે ચૂર્ણ, ભસ્મ, અને આઠ પલ ધાવડીનાં ફુલ મેળવવાં, પછી તેને ઘી ભરવાના રીઢા વાસણમાં નાખી વાસણનું મુખબંધ કરી એક મહિના સુધી બાફવાળી જગ્યામાં દાટી રાખવાથી કુમાર્યાસવ તૈયાર થાય છે. એ દરદીની શક્તિ અનુસાર સેવન કરવાથી શરીરને પુષ્ટ કરે છે, અગ્નિ પ્રદિપ્ત કરે છે, વર્ણ સુધારે છે તથા પરિણામ શૂળ, તમામ

જાતના ઉદર રોગ, ક્ષય, પ્રમેહ, ઉદાવર્ત, વાઇ, મૂત્રકૃચ્છ્ર, ધાતુવિકાર, પથરી, કૃમિરોગ અને રક્તપિત્ત વગેરે દરદોનો નાશ કરે છે.

(ક્ષય વગેરે દરદો ઊપર પીપ્પલ્યાસવ.)

पिप्पली मरिचं चव्यं हरिद्रा चित्रको घनः ॥ २८ ॥
विडंगं क्रमुको लोध्रः पाठा धात्र्येलवालुकं ॥
उशीरं चंदनं कुष्टं लवंगं तगरं तथा ॥ २९ ॥
मांसी त्वगेलापत्रं च प्रियंगुर्नागकेशरं ॥
एषामर्धपलान् भागान् सूक्ष्मचूर्णीकृतान्शुभान्॥ ३०॥
जलद्रोणद्वये क्षिप्त्वा दद्यात् गुडतुलात्रयं ॥
पलानि दश धातक्या द्राक्षा षष्टिपला भवेत् ॥ ३१ ॥
एतान्येकत्र संयोज्य मृद्भांडे च विनिक्षिपेत् ॥
ज्ञात्वा जातरसं सर्वं पाययेदग्न्यपेक्षया ॥ ३२ ॥
क्षयं गुल्मोदरं कार्श्यं ग्रहणीं पांडुतां तथा ॥
अर्शांसि नाशयेच्छीघ्रं पिप्पल्याद्यासवस्त्वयं ॥ ३३ ॥

લીંડીપીપર, કાળાં મરી, ચવ્યક, હળદર, ચિત્રકની છાલ, નાગર મોથ, વાવડિંગ, સોપારી, લોધર, કાળીપાટ, આંબળાં, એલવાલુક (ચીણીકબાલા) વાળો, સુખડ, ઉપલેટ, લવિંગ, તગર, બાલછડ, તજ, એલચીદાણા, તમાલપત્ર, ઘઉંલા, અને નાગકેસર, એ દરેક અરધો અરધો પલ લઇ તેનું ચૂર્ણ કરવું અને તેમાં બે દ્રોણ પાણી, ત્રણ તુલા ગોળ, ધાવડીનાં ફુલ દશ પલ અને દ્રાક્ષ સાઠ પલ મેળવી તેને રીઢા વાસણમાં ભરી એક માસ લગી મુખબંધ કરી રાખી મુકવી. તેમાં જે રસ સિધ્ધ થાય તેને પીપલ્યાસવ કહે છે. તેનું શકિત અનુસાર સેવન કરવાથી ક્ષય, ગોળો, દુર્બલતા, સંગ્રહણી, પાંડુરોગ અને મસા વગેરે દરદોનો નાશ થાય છે. ૨૮–૩૩

(પાંડુરોગ વગેરે દરદો ઊપર લોહાસવ.)

लोहचूर्णं त्रिकटुकं त्रिफलां च यवानिकां ॥
विडंगं मुस्तकं चित्रं चतुःपलमितं पृथक् ॥ ३४ ॥
धातकी कुसुमानां तु प्रक्षिपेत्पलविंशतिः ॥
चूर्णीकृत्य ततः क्षौद्रं चतुःषष्टिपलं क्षिपेत् ॥ ३५ ॥

दद्यात् गुडतुलां तत्र जलद्रोणद्वयं तथा ॥
घृतभांडे विनिक्षिप्य निदध्यान्मासमात्रकं ॥ ३६ ॥
लोहासवमिदं मर्त्यः पिबेद्वह्निकरं परं ॥
पांडुश्वयथुगुल्मानि जठराण्यर्शसां रुजं ॥ ३७ ॥
कुष्ठं प्लीहामयं कंडुं कासं श्वासं भगंदरं ॥
अरोचकं च ग्रहणीं हृद्रोगं च विनाशयेत् ॥ ३८ ॥

લોહભસ્મ, શુંઠ, કાળાંમરી, લીંડીપીપર, ત્રિફળા, અજમોદ, વાવડિંગ, નાગરમોથ અને ચિત્રકની છાલ, એ દરેક ચાર ચાર પલ તથા ધાવડીનાં ફુલ વીશ પલ લેઈ એ બધાંને એકઠાં કરી તેનું ચૂર્ણ બનાવવું. પછી તેમાં ચોસઠ પલ મધ, એક તુલા ગોળ, અને બે દ્રોણ પાણી મેળવી તેને ઘીવાળા રીઢા વાસણમાં નાખી બંધ કરી એક મહિના સુધી રાખી મુકવું. તેમાંથી જે આસવ તૈયાર થાય તેને લોહાસવ કહેવામાં આવે છે. એનું સેવન કરવાથી પાંડુ, સોજા, ગુલ્મ, ઉદરદર્દ, અર્શ, કોઢ, પ્લીહા, ખુજલી, ખાંસી, શ્વાસ, ભગંદર, અરૂચિ, સંગ્રહણી, અને હૃદયરોગ વગેરે તમામ દરદોનો નાશ થાય છે.

(ગ્રહણી રોગ ઉપર દ્રાક્ષાસવ.)

मृद्वीकायाः पलशतं चतुर्द्रोणेंभसः पचेत् ॥
द्रोण शेषेसु शीते च पूते तस्मिन्प्रदापयेत् ॥ ३९ ॥
तुलेद्वेक्षौद्रखंडाभ्यां धातक्याः प्रस्थयेव च ॥
कंकोलकं लवंगं च फलंजात्यास्तथैव च ॥ ४० ॥
पलांशकं च मरिचं त्वगेला पत्र केसराः ॥
पिप्पली चित्रकं चव्यं पिप्पलीमूल रेणुके ॥ ४१ ॥
घृत भांडे विनिक्षिप्य चंदनागुरुधूपिते
पृथक् पलोन्मितैर्भागे सूक्ष्मचूर्ण च कारयेत् ॥ ४२ ॥
कर्पूरवासितो ह्येष ग्रहण्यां दीपनः परः ॥
अर्शसां नाशते श्रेष्ठ उदावर्त्तस्य गुल्मनुत् ॥ ४३ ॥
जठरे कृमिकुष्टानि व्रणानि विविधानि च ॥
अक्षिरोगशिरोरोग गलरोगांश्च नाशयेत् ॥ ४४ ॥

સો પલ કાળી દ્રાક્ષ લઇ તેને ચાર દ્રોણ પાણીમાં નાખી એક

દ્રોણ પાણી બાકી રહે ત્યાંસુધી ઉકાળવી. પછી તેને ગળી લઈ તેમાં મધ અને ખાંડ એક એક તુલા મેળવવાં. તથા ધાવડીનાં ફુલ એક પ્રસ્થ, ચણીકબાબ, લવિંગ, જાયફળ, કાળાં મરી, તજ, એલચી, તમાલપત્ર, નાગકેસર, લીંડીપીપર ચિત્રકની છાલ, ચવ્યક, પીપરીમૂળ, અને રેણુકબીજ એ તમામ ઔષધ એક એક પલ લઈ (તેને) એકઠાં કરી તેનું ચૂર્ણ બનાવવું અને તેને ઉપરના ઔષધ સાથે મેળવી ચંદન, અગર અને કપૂરની ધુણી આપેલા ઘીના વાસણમાં ભરી તેનું મુખ બંધ કરી એક માસ સુધી રાખી મુકવી, જેથી દ્રાક્ષાસવ સિદ્ધ થાય છે એનું સેવન કરવાથી સંગ્રહણી, અર્શ, ઉદાવર્ત, ગોળો, ઉદરરોગ, કૃમિરોગ, કોઢ, વ્રણરોગ, નેત્રરોગ, શિરરોગ, ગળાનો રોગ વગેરે દરદોનો નાશ થઇ અગ્નિ પ્રદિપ્ત થાય છે. ૩૯-૪૪

(પ્રમેહ વગેરે ઊપર લોધ્રાસવ.)

लोध्रं शटी पुष्करमूलमेला मूर्वाविडंगं त्रिफलायवानी ॥
चव्यं प्रियंगुक्रमुकं विशालां किराततिक्तं कटुरोहिणींच ।
भार्गीनतं चित्रक पिप्पलीनां मूलं च कुष्टातिविषांच पाठाम्
कालिंगकं केसरमिंद्रसाह्वानंतासिपत्रंमरिचप्लवं च ॥ ४६ ॥
द्रोणेंभसः कर्षसमांश्च पक्त्वा पूते चतुर्भागजलावशेषे ॥
रसार्धभागंमधुनः प्रदाय पक्षं निधेयोघृत भाजनस्थः
लोध्रासवोऽयंकफपित्तमेहान्क्षिप्रंनिहन्याद्द्विपलप्रयोगात्
पाड्वामयार्शस्थिररुचिं ग्रहण्या दोषंवलासंत्रिविधंचकुष्टम्

લોધર, કચૂરો, પુષ્કરમૂળ, એલચી મૂર્વા, વાવડિંગ, ત્રિફળા, અજમો, ચવ્યક ઘઉંલા, સોપારી, ઈન્દ્રવારૂણી, કરિયાતું, કડુ, ભારીંગ, તગર, ચિત્રકની છાલ, પીપરીમૂળ, ઉપલેટ, અતિવિષની કળી, કાળીપાટ ઇન્દ્રજવ, નાગકેસર, કડાની છાલ, ધમાસો, શેરડી, કાળાં મરી, અને મોથ, એ ઔષધો એક એક તોલો લઇ એકઠાં કરી તેનું ચૂર્ણ બનાવવું. પછી તેને એક દ્રોણ પાણીમાં મેળવી તેનો કવાથ બનાવવો. કવાથ તૈયાર થયા પછી કવાથના અરધા ભાગે મધ મેળવી તેને ઘીના વાસણમાં ભરી પંદર દિવસ રાખી મુકવાથી લોધ્રાસવ તૈયાર થાય છે. એનું દરદીની શક્તિ અનુસાર સેવન કરાવાથી, કફ પિત્તવિકાર, પ્રમેહ, પાંડુરોગ, અર્શ, અરૂચિ, સંગ્રહણી, બલગમ અને કુષ્ટરોગનો નાશ થાય છે. ૪૫-૪૮

(જ્વર ઉપર કુટજારિષ્ટ.)

तुलां कुटजमूलस्य मृद्वीकार्धतुलां तथा ॥
मधूकपुष्पकाश्मर्यौ भागान् दशपलोन्मितान् ॥ ४९ ॥
चतुर्द्रोणांभसा पक्त्वा क्वाथे द्रोणावशेषिते ॥
धातक्या विंशतिपलं गुडस्य च तुलां क्षिपेत् ॥ ५० ॥
मासमात्रं स्थितो भांडे कुटजारिष्टसंज्ञितः ॥
ज्वरान् प्रशमयेत्सर्वान् कुर्यात्तीक्ष्णं धनंजयं ॥ ५१ ॥

કડાછાલ એક તુલા, દ્રાક્ષ અરધી તુલા, મહુડાનાં ફુલ તથા શેવનનું મૂળ દશ દશ પલ લઇ તેનું ચૂર્ણ બનાવી ચાર દ્રોણ પાણી મેળવી તેનો ક્વાથ બનાવવો પછી તેને ગાળી લઇ તેમાં ધાવડીના ફુલનું ચૂર્ણ વીશ પલ તથા ગોળ એક તુલા મેળવી રીઢા માટલામાં ભરી તેનું મુખબંધ કરી એક માસ સુધી રાખવાથી કુટજારિષ્ટ તૈયાર થાય છે. તેનું સેવન કરવાથી તમામ જાતના જ્વરનો નાશ થાય છે તથા અગ્નિ પ્રદીપ્ત કરે છે. ૪૯-૫૧

(વિદ્રધિ વગેરે દરદો ઉપર વિડંગારિષ્ટ.)

विडंगं ग्रंथिकं रास्नाकुटजत्वक्फलानि च ॥
पाठैलवालुकं धात्रीभागान् पंच पलान् पृथक् ॥ ५२ ॥
अष्टद्रोणांभसा पक्त्वा कुर्याद् द्रोणावशेषितं ॥
पूते शीते क्षिपेत्तत्र क्षौद्रं पलशतत्रयं ॥ ५३ ॥
धातकी विंशतिपलं त्रिजातं द्विपलं तथा ॥
प्रियंगुकांचनाराणां सलोध्राणां पलं पलं ॥ ५४ ॥
व्योषस्य च पलान्यष्टौ चूर्णीकृत्य प्रदापयेत् ॥
घृतभांडे विनिक्षिप्य मासमेकं विधारयेत् ॥ ५५ ॥
ततः पिबेद् यथार्हं च जयेद्विद्रधिमूर्च्छितं ॥
ऊरुस्तंभाऽश्मरीमेहान् प्रत्यष्ठीलाभगंदरान् ॥ ५६ ॥
गंडमालाहनुस्तंभं विडंगारिष्टसंज्ञितः ॥

વાવડિંગ, પીપરીમૂળ, રાસ્ના, કડાછાલ, ઇન્દ્રજવ, કાળીપાટ, ચીનીકબાલા અને આમળાં એ ઔષધો પાંચ પાંચ પલ લઈ

અધકચરાં કરી તેનો આઠ દ્રોણ પાણીમાં ક્વાથ બનાવવો. પછી તેને ગાળી લઈ તેમાં ત્રણસો પલ મધ તથા વીશ પલ ધાવડીનાં ફુલ, તજ, એલચીદાણા, અને તમાલપત્ર એક એક પલ તથા શુંઠ, કાળાં મરી, લીંડીપીપર, આઠ આઠ પલ લઇ ચૂર્ણ બનાવી તેમાં મેળવવું અને તેને ઘીવાળા વાસણમાં ભરી તેમાં મુખબંધ કરી એક માસ સુધી રાખવાથી વિડંગારિષ્ટ તૈયાર થાય છે. એનું સેવન કરવાથી વિદ્રધિરોગ, ઉરૂસ્તંભ, પથરી, પ્રમેહ, બાદી, ગંડમાળા, અને હનુસ્તંભ વગેરે દરદોનો નાશ થાય છે. ૫૨–૫૬

(પ્રમેહ વગેરે ઉપર દેવદાર્વરિષ્ટ.)

तुलार्धं देवदारु स्याद्वासा च पलविंशतिः ॥ ५७ ॥
मंजिष्ठेंद्रयवा दंती तगरं रजनीद्वयं ॥
रास्ना कृमिघ्नं मुस्तं च शिरीषं खदिरार्जुनौ ॥ ५८ ॥
भागान् दश पलान् दद्यात् यवान्या वत्सकस्य च ॥
चन्दनस्य गुडूच्याश्च रोहिण्याश्चित्रकस्य च ॥ ५९ ॥
भागानष्टपलानेतानष्टद्रोणांभसा पचेत् ॥
द्रोणशेषे कषाये च पूते शीते प्रदापयेत् ॥ ६० ॥
धातक्याः षोडशपलं माक्षिकस्य तुलात्रयं ॥
व्योषस्य द्विपलं दद्यात् त्रिजातस्य चतुःपलं ॥ ६१ ॥
चतुःपलं प्रियंगुश्च द्विपलं नागकेशरं ॥
सर्वाण्येतानि संचूर्ण्य घृतभांडे निधापयेत् ॥ ६२ ॥
मासादूर्ध्वं पिबेदेनं प्रमेहं हंति दुर्जयं ॥
वातरोगान् ग्रहण्यर्शो मूत्रकृच्छ्राणि नाशयेत् ॥ ६३ ॥
देवदार्व्यादिकोरिष्टः दद्रुकुष्टविनाशनः ॥

દેવદાર પચાસ પલ, અરડુશો વીશ પલ, મજીઠ, ઇન્દ્રજવ, નેપાળાનું મૂળ, તગર, હળદર, દારૂહળદર, રાસ્ના, વાવડિંગ, નાગર મોથ, શરસડાની છાલ, ખેરની છાલ, અને અર્જુન–સાડસ વૃક્ષની છાલ, એ દરેક દશ દશ પલ લેવાં, અજમોદ, કડાછાલ સુખડ, ગળો, કડુ; અને ચિત્રકની છાલ આઠ આઠ પલ લેવાં. પછી તમામ ઔષધોને એકઠાં કરી અધકચરાં કરી તેમાં આઠ દ્રોણ ભાર પાણી મેળવી

ક્વાથ બનાવી તેને ગાળી લેવો. પછી ધાવડીનાં ફુલ સોળ પલ, મધ ત્રણ તુલા, શુંઠ અને મરી બે બે પલ, તજ, એલચી તમાલ-પત્ર એ ચાર ચાર પલ, ધઉંલા અને નાગરકેસર બે બે પલ લઈ મધ શિવાય તમામ ઓષધનું ચૂર્ણ કરી તે ચૂર્ણ તથા મધ ઉપરના ક્વાથમાં મેળવી તેને ઘીવાળા વાસણમાં ભરી મોઢું બંધ કરી એક માસ સુધી રાખવાથી દેવદાર્વરિષ્ટ સિદ્ધ થાય છે. એનું સેવન કરવાથી દારુણ પ્રમેહ, વાયુરોગ, સંગ્રહણી, અર્શ, મૂત્રકૃચ્છ્ર, દાહ અને કોઢ વગેરે દરદોનો નાશ થાય છે. ૫૭—૬૩

(કુષ્ટ વગેરે ઊપર ખદિરારિષ્ટ.)

खदिरस्य तुलार्धं तु देवदारु च तत्समं ॥ ६४ ॥
बाकुची द्वादशपला दार्वी स्यात्पलविंशतिः ॥
त्रिफला विंशतिपलान्यष्टद्रोणेंभसः पचेत् ॥ ६५ ॥
कषाये द्रोणशेषे च पूते शीते विनिक्षिपेत् ॥
तुलाद्वयं माक्षिकस्य तुलैका शर्करा मता ॥ ६६ ॥
धातक्या विंशतिपलं कंकोलं नागकेशरं ॥
जातीफलं लवंगैलात्वक्पत्राणि पृथक् पृथक् ॥ ६७ ॥
पलोन्मितानि कृष्णाया दद्यात्पलचतुष्टयं ॥
घृतभांडे विनिक्षिप्य मासादूर्ध्वं पिबेत्ततः ॥ ६८ ॥
महाकुष्ठानिहृद्रोगं पांडुरोगार्बुदानि च ॥
गुल्मं ग्रंथिंकृमीन् श्वासं कासं प्लीहोदरं जयेत् ॥ ६९ ॥
एष वै खदिरारिष्टः सर्वकुष्ठनिवारणः ॥

ખેરની છાલ પચાસ પલ, દેવદાર પચાસ પલ, બાબચી બાર પલ, દારૂહળદર વીશ પલ અને ત્રિફળા વીશ પલ, લઈ બધાં ઓષધોને એકઠાં કરી તેને અધકચરાં કરી તેમાં આઠ દ્રોણ પાણી મેળવી તેનો ક્વાથ બનાવી ગાળી લઈ તેમાં બસો પલ મધ, સો પલ ખાંડ, મેળ-વવી. ધાવડીનાં ફુલ વીશ પલ, કંકોલ, નાગકેસર, જાયફળ, લવિંગ, એલચી, તજ, તમાલપત્ર, એ ઓષધિ એક એક પલ અને લીંડી-પીપર ચાર પલ એ બધાંને એકઠાં કરી તેનું ચૂર્ણ બનાવી ઉપરના ક્વાથમાં મેળવી તેને ઘીના વાસણમાં ભરી મુખબંધ કરી એક મહિનો રાખવાથી ખદિરારિષ્ટ સિદ્ધ થાય છે. એનું સેવન કરવાથી

મહાકુષ્ઠ, હૃદયરોગ, પાંડુરોગ, અર્બુદરોગ, ગોળો, ગ્રંથિ, કૃમિરોગ, શ્વાસ, ખાંસી, પ્લીહા, વગેરે દરદોનો નાશ થાય છે. ૬૪-૬૯

(ક્ષય વગેરે ઉપર બબ્બુલારિષ્ટ.)

तुलाद्वयं च बब्बूल्य श्चतुर्द्रोणे जले पचेत् ॥ ७० ॥
द्रोणशेषे रसे शीतैर्गुडस्य च तुलां क्षिपेत् ॥
धातकीं षोडशपलां कृष्णां च द्विपलीका तथा ॥७१॥
जातीफलानि कंकोलं त्वगेला पत्रकेशरं ॥
लवंगं मरिचं चैव पलिकान्युपकल्पयेत् ॥ ७२ ॥
मासं भांडे स्थितस्त्वेष बब्बूलारिष्टको जयेत् ॥
क्षयं कुष्टमतीसारं प्रमेहंश्वासकासनुत् ॥ ७३ ॥

બાવળની છાલ બે તુલા લઇ કચરી ચાર દ્રોણ પાણીમાં તેનો ક્વાથ બનાવી ગાળી લઇ તેમાં ત્રણસો પલ ગોળ મેળવવો. ધાવડીનાં ફુલ સોળ પલ, લીંડીપીપર બે પલ, જાયફળ, કંકોલ, એલચી, તમાલપત્ર, તજ, નાગકેસર, લવિંગ, કાળાં મરી, એ એક એક પલ લઇ એ બધાં એકઠાં કરી ચૂર્ણ બનાવી એઓને ઉપરના ક્વાથમાં મેળવવાં. પછી તેને ઘીના વાસણમાં ભરી મુખબંધ કરી એક માસ સુધી રાખવાથી બબ્બુલારિષ્ટ સિદ્ધ થાય છે. એનું સેવન કરવાથી ક્ષય, કુષ્ઠ, અતિસાર, પ્રમેહ, ખાંસી, શ્વાસ વગેરે દરદોનો નાશ થાય છે. ૭૦-૭૩.

(ઉરઃક્ષત વગેરે દરદો ઉપર દ્રાક્ષારિષ્ટ.)

द्राक्षा तुलार्धं द्विद्रोणे जलस्य विपचेत्सुधीः ॥
पादशेषे कषाये च पूते शीते विनिःक्षिपेत् ॥ ७४ ॥
गुडस्य द्वितुलां तत्र त्वगेला पत्रकेशरं ॥
प्रियंगुमरिचं कृष्णां विडंगं चेति चूर्णयेत् ॥ ७५ ॥
पृथक्पलोन्मितैर्भागैस्ततो भांडे निधापयेत् ॥
समंततो घटयित्वा पिबेत् जातरसं ततः ॥ ७६ ॥
उरःक्षतं क्षयं हंति कासश्वासगलामयान् ॥
द्राक्षारिष्टाह्वयः प्रोक्तो बलकृन्मलशोधनः ॥ ७७ ॥

દ્રાક્ષ પચાસ પલ લઇ તેને બે દ્રોણ પાણીમાં નાખી તેનો

કવાથ બનાવી ગાળી લેવો. અને તેમાં બે તુલા ગોળ મેળવવો. તજ, એલચી, તમાલપત્ર, નાગકેસર, ધઉલા, કાળાં મરી, લીંડીપીપર, અને વાવડિંગ એ ઔષધો એક એક પલ લઇ તેનું ચૂર્ણ બનાવી ઉપરના કવાથમાં મેળવવું અને તેને ઘીના વાસણમાં ભરી મુખ બંધ કરી એક માસ રાખવાથી દ્રાક્ષારિષ્ટ સિદ્ધ થાય છે. એનું સેવન કરવાથી, ખાંસી, શ્વાસ અને, કંઠરોગ વગેરે દરદોનો નાશ થાય છે. બળ આપે છે તથા મળનું શોધન કરે છે. ૭૪-૭૭

(અર્શ વગેરે ઉપર રોહિતારિષ્ટ.)

रोहीतकतुलामेकं चतुर्द्रोणे जले पचेत् ॥
पादशेषे रसे शीते पूते पलशतद्वयं ॥ ७८ ॥
दद्यात् गुडस्य धातक्याः पलषोडशकं मतं ॥
पंचकोलं त्रिजातं च त्रिफलां च विनिक्षिपेत् ॥७९ ॥
चूर्णयित्वा पलांशेन ततो भांडे निधापयेत् ॥
मासादूर्ध्वं च पिबतो गुदजा यांति संक्षयं ॥ ८० ॥
ग्रहणीपांडुहृद्रोगं प्लीहगुल्मोदरान् जयेत् ॥
कुष्ठशोफारुचिहरो रोहितारिष्टसंज्ञकः ॥ ८१ ॥

રગતરોહિડાની અંતરછાલ એક તુલા લઈ ખાંડી ચાર દ્રોણ પાણીમાં મેળવી કવાથ બનાવી ગાળી લઇ તેમાં બસો પલ જુનો ગોળ મેળવવો. ધાવડીનાં ફૂલ સોળ પલ, લીંડીપીપર, પીપરીમૂળ, ચવ્યક, ચિત્રકની છાલ, શુંઠ, તજ, તમાલપત્ર, એલચી, અને ત્રિફળા એ ઔષધો એક એક પલ લઈ ચૂર્ણ બનાવી ઉપરના કવાથમાં મેળવી તેને ઘીના વાસણમાં ભરી મુખબંધ કરી એક માસ સુધી રાખવાથી રોહિતારિષ્ટ સિદ્ધ થાય છે. એનું સેવન કરવાથી અર્શ, સંગ્રહણી, પાંડુરોગ, હૃદયરોગ, પ્લીહા, ગોળો, ઉદરરોગ, કોઢ, સોજા, અને અરૂચિ, વગેરે તમામ દરદોનો નાશ થાય છે. ૭૮-૮૧

(ક્ષય, પ્રમેહ વગેરે ઉપર દશમૂળારિષ્ટ.)

पर्ण्यौ बृहत्यौ गोकंटो बिल्वोग्निमंथश्योरलुः ॥
पाटला काश्मरी चेति दशमूलमिहोच्यते ॥ ८२ ॥
दशमूलानि कुर्वीत भागैः पंचपलैः पृथक् ॥
पंचविंशत्पलं कुर्यात् चित्रकं पौष्करं तथा ॥ ८३ ॥

कुर्याद्द्विशत्पलं लोध्रं गुडूची तत्समा भवेत् ॥
पलैः षोडशभिर्धात्री रविसंख्यैर्दुरालभा ॥ ८४ ॥
खदिरो बीजसारश्च पथ्याश्चेति पृथक् पलैः ॥
अष्टभिर्गणितं कुष्ठं मंजिष्ठा देवदारु च ॥ ८५ ॥
विडंगं मधुकं भार्गी कपित्थोक्षः पुनर्नवा ॥
चव्यं मांसी प्रियंगुश्च सारिवा कृष्णजीरकं ॥ ८६ ॥
त्रिवृता रेणुका रास्ना पिप्पली क्रमुकः शठी ॥
हरिद्रा शतपुष्पा च पद्मकं नागकेसरं ॥ ८७ ॥
मुस्तमिंद्रयवं शुंठी जीवकर्षभकौ तथा ॥
मेदा चान्या महामेदा काकोल्यौ ऋद्धिवृद्धिके ॥८८॥
कुर्यात् पृथक् द्विपलिकान् पचेदष्टगुणे जले ॥
चतुर्थांशं शृतं नीत्वा मृद्भांडे सन्निधापयेत् ॥ ८९ ॥
चतुःषष्टिपलां द्राक्षां पचेन्नीरे चतुर्गुणे ॥
त्रिपादशेषं शीतं च पूर्वकाथे शृतं क्षिपेत् ॥ ९० ॥
द्वात्रिंशत्पलिकं क्षौद्रं दद्यात् गुडंचतुःशतं ॥
विंशत्पलानि धातक्याः कंकोलं जलचंदने ॥ ९१ ॥
जातीफलं लवंगं च त्वगेलापत्रकेशरं ॥
पिप्पली चेति संचूर्ण्य भागैर्द्विपलिकैः पृथक् ॥९२॥
शाणमात्रा च कस्तूरी सर्वमेकत्र निक्षिपेत् ॥
भूमौ निखातयेद्भांडे ततो जातरसं पिबेत् ॥ ९३ ॥
कतकस्य फलं क्षिप्त्वा रसं निर्मलतां नयेत् ॥
ग्रहणीमरुचिं शूलं श्वासं कासं भगंदरं ॥ ९४ ॥
वातव्याधिं क्षयं छर्दिं पांडुरोगं च कामलां ॥
कुष्ठानर्शांसि मेहांश्च मंदाग्निमुदराणि च ॥ ९५ ॥
शर्करामश्मरीं मूत्रकृच्छ्रं धातुक्षयं जयेत् ॥
कृशानां पुष्टिजननो वंध्यानां गर्भदः परः॥

अरिष्टो दशमूलाख्यस्तेजः शुक्रबलप्रदः ॥ ९६ ॥

इति श्रीदामोदरसूनुशार्ङ्गधरेण विरचितायां संहितायां चिकित्सास्थाने आसवादिरिष्टकल्पना नाम एकादशोऽध्यायः समाप्तः

દશ મૂળો દરેક અરધો અરધો પલ, ચિત્રકની છાલ પચીશ પલ, પુષ્કરમૂળ પચીશ પલ, લોધર વીશ પલ, ગળો વીશ પલ, આંબળાં સોલ પલ, ધમાસો બાર પલ, ખેરની છાલ આઠ પલ, વિજૈસાર આઠ પલ, હરડે આઠ પલ, ઉપલેટ, મજીઠ, દેવદાર, વાવડિંગ, જેઠીમધ, ભારિંગ, કોઠ, બહેડાં, પૂનર્નવા, ચવ્યક, બાલછડ, ધઉંલા, સારિવા, શાહજીરૂં, નસોતર, રેણુક બીજ, રાસ્ના, લીંડીપીપર, સોપારી, કચૂરો, હલદર, સવા, પદ્મક, નાગકેસર, નાગરમોથ, ઇન્દ્રજવ, કાકડાશીંગી, વિદારીકંદ, મેદા, મહામેદા, કાકોલી, ક્ષીરકાકોલી, અને વારાહીકંદ, એ ઔષધો બે બે પલ લેવાં. પછી તે તથા ઉપરનાં ઔષધો એકઠાં કરી તેને આઠગણા પાણીમાં મેળવી કવાથ બનાવવો અને તેને ઘીના વાસણમાં ભરવો. પછી ચોસઠ પલ દ્રાક્ષ લઇ તેનો ચારગણા પાણીમાં કવાથ બનાવી ગાળી લઈ ઉપરના વાસણમાં નાખવો તથા બત્રીશ પલ મધ અને ચારસો પલ ગોળ પણ ઉપરના વાસણમાં મેળવવો, તેમજ ધાવડીનાં ફૂલ ત્રીશ પલ, કંકોલ, નેત્રવાળો, સુખડ, જાયફળ, લવિંગ, તજ, એલચી, તમાલપત્ર, નાગકેસર અને લીંડીપીપર, એ ઔષધો બે બે પલ લઇ તેનું ચૂર્ણ તથા એક શાણ કસ્તુરીનું ચૂર્ણ લઇ ઉપરના કવાથમાં મેળવવું. પછી તે વાસણનું મુખબંધ કરી એક માસ જમીનમાં દાટી રાખવું. પછી તેને બહાર કહાડી તેમાં નિર્મળીનું થોડું ચૂર્ણ નાખવું, જેથી રસ નિર્મળ થઇ જાય છે. એને દશમૂળારિષ્ટ કહેવામાં આવે છે. એનું સેવન કરવાથી, સંગ્રહણી, અરૂચિ, શ્વાસ, ખાંસી, ગોળો, ભગંદર, બાદીનો રોગ, ક્ષયરોગ, વમન, પાંડુરોગ, નેત્રરોગ, કમળો, કુષ્ઠરોગ, અર્શ, પ્રમેહ, મંદાગ્નિ, ઉદરરોગ, પથરી, મૂત્રકૃચ્છ્ર અને ધાતુક્ષય, વગેરે દરદોનો નાશ થાય છે. આ અરિષ્ટ શરીરને પુષ્ટિ કરે છે. વંધ્યા સ્ત્રીને આપવાથી ગર્ભ ધારણ કરે છે અને તેજ, ધાતુ તથા બળ વધારે છે.

ઇતિ શ્રી શારંગધર સંહિતાના મધ્ય ખંડ વિષે દશમા અધ્યાયનું પૂર્ણચંદ્રશર્માકૃત ગુજરાતી ભાષાંતર સંપૂર્ણ.

અધ્યાય અગિયારમો.

(ધાતુઓને શોધવાનો વિધિ.)

स्वर्णं ताराऽरताम्राणि नागवंगौ च तीक्ष्णकं ॥
धातवः सप्त विज्ञेयास्ततस्तान् शोधयेद्बुधः ॥ १ ॥
स्वर्णताराऽरताम्राणां पत्राण्यग्नौ प्रतापयेत्
निषिंचेत्तप्ततप्तानि तैले तक्रे च कांजिके ॥ २ ॥
गोमूत्रे च कुलत्थानां कषाये च त्रिधा त्रिधा ॥
एवं स्वर्णादि लोहानां विशुद्धिः संप्रजायते ॥ ३ ॥
नागवंगौ प्रतप्तौ वा गलितौ तौ निषेचयेत् ॥
त्रिधा त्रिधा विशुद्धिः स्याद्रविदुग्धेन च त्रिधा ॥४॥

સોનું, રૂપું, તાંબુ, જસત, પીતળ, સીસું, કલઇ અને પોલાદ આદિ લોહ એઓને સાત ધાતુ કહેવામાં આવે છે. તે ધાતુઓ પર્વતમાં થતી હોવાથી તેમાં મેલ હોય છે માટે તેને શોધીને ઉપયોગમાં લેવી. સોનુ, રૂપું, તાંબુ, જસત, એ ધાતુનાં બારીક પત્રાં બનાવી તેને અગ્નિમાં વારંવાર તપાવી તેલ, છાશ, કાંજી, ગૌમૂત્ર અને કળથીનો કવાથ એ દરેક વસ્તુમાં અનુક્રમ ત્રણ ત્રણવાર ઝબોળી કહાડવાથી ધાતુઓનું શોધન થાય છે. સીસું અને કલઈ એ બેઉ ધાતુ નમ્ર છે માટે તેની વિશેષ શુદ્ધિ કરવાની રીત આ મુજબ છે. સીસું તથા કલઇનો અગ્નિમાં તપાવી રસ બનાવી તેને ઉપર પ્રમાણે ત્રણ ત્રણ વાર તેલ, છાશ, કાંજી, ગૌમૂત્ર કળથીના કવાથ, અને આકડાના દૂધમાં ઝબોળી કહાડવાથી સીસું તથા કલઇનું શોધન થાય છે. ૧–૪

(સુવર્ણ ભસ્મ બનાવવાની પહેલી રીતિ.)

स्वर्णस्य द्विगुणं सूतमम्लेन सह मर्दयेत्
तद्गोलकसमं गंधं निदध्यादधरोत्तरं ॥ ५ ॥
गोलकं च ततो रुंध्याच्छरावदृढसंपुटे ॥
त्रिंशद्वनोपलैर्दद्यात् पुटान्येवं चतुर्दश ॥ ६ ॥
निरुत्थं जायते भस्म गंधो देयः पुनः पुनः

શુદ્ધ કરેલા સોનાનું બારીક ચૂર્ણ એક ભાગ તથા શોધેલો

પારો બે ભાગ લઇ તે બંનેને એકઠાં કરી તેને, લીંબુના રસમા ખરલ કરવો. જ્યારે બન્ને એકમેક થઇ જાય ત્યારે તેનો ગોળો બનાવવો અને ગોળાના સરખા ભાગે શુદ્ધ કરેલા આમલસારા ગંધકનું ચૂર્ણ લેવું, તથા માટીનાં બે કોડિયાં લઇ એકમાં અરધું ગંધકનું ચૂર્ણ પાથરી તે ઉપર ગોળો મૂકી બાકીનુ અરધું ચૂર્ણ ઉપર પાથરી તેના ઉપર કોડિયું ઢાંકી તેને કપડ માટીથી બંધ કરીને ત્રીશ અડાયાં છાણાની મધ્યમાં મૂકી અગ્નિનો પુટ દેવો. જ્યારે સ્વાંગ શીતળ થાય ત્યારે અગ્નિમાંથી સંપુટ બહાર કહાડી ગોળાને કહાડી લઇ તેને ઉપરની રીતિથી ચૌદ વખત પુટ આપવાથી સુવર્ણની નિરૂત્થ ભસ્મ થાય છે. ૫-૬

(સુવર્ણભસ્મ બનાવવાની બીજી રીત.)

कांचने गालिते नागं षोडशांशेन निःक्षिपेत् ॥ ७ ॥
चूर्णयित्वा तथाम्लेन घृष्ट्वा कृत्वा च गोलकं
गोलकेन समं गंधं दत्वा चैवाधरोत्तरं ॥ ८ ॥
शरावसंपुटे धृत्वा पुटेत्त्रिंशद्वनोपले ॥
एवं सप्तपुटैर्हेम निरुत्थं भस्म जायते ॥ ९ ॥

સોનાનો અગ્નિથી રસ બનાવી તેમાં સોળમા ભાગનો સીસાનો રસ મેળવી તેનું રેતીથી ચૂર્ણ બનાવી લીંબુના રસમાં ખરલ કરવું. પછી તેનો ગોળો બનાવી તેને ઉપર પ્રમાણે ગંધકના ચૂર્ણમાં મુકી સંપુટ બનાવવો અને તે સંપુટને ઉપરના વિધિથી સાત પુટ આપવા જેથી નિરૂત્થ સુવર્ણભસ્મ તૈયાર થાય છે. ૭-૯

(સુવર્ણભસ્મ બનાવવાની ત્રીજી રીત.)

कांचनाररसैर्घृष्ट्वा समसूतकगंधकं ॥
कज्जल्या हेमपत्राणि लेपयेत्समपातया ॥ १० ॥
कांचनारत्वचः कल्कमूषायुग्मं प्रकल्पयेत् ॥
धृत्वा तत्संपुटे गोलं मृन्मूषासंपुटे च तत् ॥ ११ ॥
निधाय संधिरोधं च कृत्वा संशोष्य गोलकं ॥
वह्निं खरतरं कुर्यादेवं दत्वा पुटत्रयं ॥ १२ ॥
निरुत्थं जायते भस्म सर्वकार्येषु योजयेत् ॥

कांचनारप्रकारेण लांगली हंति कांचनं ॥ १३ ॥
ज्वालामुखी तथा हन्यात् तथा हंति मनःशिला ॥

શુદ્ધ પારો અને આમલસારો ગંધક સરખે ભાગે લઈ તેની કાંચનારના રસમાં ખરલ કરી કજળી બનાવવી. પછી કજળીના સરખે વજને સુવર્ણનાં પત્રાં લઇ તે ઉપર કજળીનો લેપ કરવો તથા કાંચનારની છાલને કૂટી તેનો કલ્ક બનાવી તેની બે મૂષો બનાવવી અને સોનાનાં પત્રાંને એક મૂષની અંદર મૂકી તેના ઉપર બીજી મૂષ ઢાંકી તેનો ગોળો બનાવવો. પછી બે કોડિયાં લઇ તેમાં ગોળો મુકી તેને કપડમાટી કરી સંપુટ બનાવવો, તે સૂકાઈ જાય ત્યારે તેને અગ્નિમાં ફુંકી દેવો. એ પ્રમાણે ત્રણ અગ્નિપુટ દેવાથી સુવર્ણની નિરૂત્થ ભસ્મ તૈયાર થાય છે. તેજ પ્રમાણે વછનાગના વેલાના મૂળના રસમાં, જવાળામુખીના રસમાં તથા મનશિલમાં સૂવર્ણ ભસ્મ તૈયાર થાય છે. આ ભસ્મ સંપૂર્ણ દરદ ઉપર આપવાથી દરદોનો નાશ થાય છે. ૧૦–૧૩

(સુવર્ણભસ્મ બનાવવાની રીત ચોથી.)

शिलासिंदूरयोश्चूर्णं समयोरर्कदुग्धकैः ॥ १४ ॥
सप्तैव भावना दद्याच्छोषयेच्च पुनः पुनः ॥
ततस्तु गलिते हेम्निन कल्कोयं दीयते समः ॥ १५ ॥
पुनर्धमेदतितरां यथा कल्को विलीयते ॥
एवं वेलात्रयं दद्यात् कल्कं हेममृतिर्भवेत् ॥ १६ ॥

શોધેલો મણશિલ અને સિંદૂર સમાન ભાગે લઇ તેનુ બારીક ચૂર્ણ બનાવી આકડાના દૂધમાં સુકાયા સુધી ખરલ કરવું, એવી રીતે સાત ભાવના આપવી. પછી સોનાનો રસ કરી તેમાં સરખે ભાગે ઉપરનું ચૂર્ણ મેળવી અગ્નિમાં ફુંકવું એવી રીતે અનુક્રમે ત્રણવાર અગ્નિમાં સુવર્ણ સાથે ચૂર્ણ મેળવી ફુંકવાથી સુવર્ણ ભસ્મ તૈયાર થાય છે. ૧૪–૧૬

(સુવર્ણભસ્મ કરવાની રીત પાંચમી.)

पारावतमलैर्लिंपेदथवा कुक्कुटोद्भवैः ॥
हेमपत्राणि तेषां च मद्यादंतरान्तरं ॥ १७ ॥

गंधचूर्णं समं कृत्वा शरावयुगसंपुटे ॥
प्रदद्यात्कुक्कुटपुटं पंचभिर्गोमयोत्पलैः ॥ १८ ॥
एवं नवपुटं दद्यात् दशमं च महापुटं ॥
त्रिंशद्वनोपलैर्देयं जायते हेमभस्मकं ॥ १९ ॥
सुवर्णं च भवेत्स्वादु तिक्तं स्निग्धं हिमं गुरु ॥
बुद्धिविद्यास्मृतिकरं विषहारि रसायनं ॥ २० ॥

સોનાના પત્રાં બનાવી તે ઉપર કબુતરની ચરકનો લેપ કરવો. પછી શુદ્ધ કરેલો આમલસારો ગંધક સરખે ભાગે લઈ તેનું ચૂર્ણ બનાવવું. તે ચૂર્ણમાંથી અરધા ભાગને એક કોડિયામાં પાથરી તેના ઉપર પત્રાં ગોઠવી બાકીનુ અડધું ચૂર્ણ તેના ઉપર ઢાંકીને બીજું કોડિયું ઉપર મૂકી તેને કપડમાટી કરી બંધ કરવું અને સુકાયા પછી તેને ગાયના છાણનાં પાંચ અડાયા છાણામાં ફુંકવું. એવી રીતે નવ વખત અગ્નિમાં ફૂંકી પુટ આપી દશમો મહાપુટ આપવાથી સુવર્ણ ભસ્મ તૈયાર થાય છે. આ ભસ્મ મધુર, તિક્ત, સ્નિગ્ધ, શીતળ અને ભારી છે. તે બુદ્ધિ, વિદ્યા, યાદશક્તિ વધારે છે તથા વિષ બાધા વગેરેનો નાશ કરે છે અને રસાયન છે. ૧૭-૨૦

(રૌપ્યભસ્મ કરવાની રીત.)

भागैकं तालकं मर्द्य याममम्लेन केनचित्
तेन भागत्रयं तारपत्राणि परिलेपयेत् ॥ २१ ॥
धृत्वा मूषापुटे रुध्वा पुटेत्रिंशद्वनोपलैः ॥
समुद्धृत्य पुनस्तालं दत्वा रुध्वा पुटे पचेत् ॥ २२ ॥
एवं चतुर्दशपुटैस्तारंभस्म प्रजायते ॥

એક ભાગ શોધેલી હરતાલનો લીંબુના રસમાં એક પહોર સુધી ખરલ કરી કલ્ક બનાવવો. પછી ત્રણ ભાગ રૂપાનાં પત્રાં લઇ તેના ઉપર કલ્કનો લેપ કરી તેને કોડિયાંમાં મુકી કપડમાટી કરી બંધ કરવું અને સુકાયા પછી તેને ત્રીશ અડાયા છાણામાં ફુંકી દેવો, એવી રીતે અનુક્રમે ચૌદ પુટ આપવાથી રૌપ્યભસ્મ તૈયાર થાય છે.

(રૌપ્યભસ્મ કરવાની બીજી રીત.)

स्नुहीक्षीरेण संपिष्टं माक्षिकं तेन लेपयेत् ॥ २३ ॥

तालकस्य प्रकारेण तारपत्राणि बुद्धिमान् ॥
पुटेच्चतुर्दशपुटैस्तारंभस्म प्रजायते ॥ २४ ॥

શુદ્ધ કરેલી સોવનમાખીનો દાંડલીયા થોરના દૂધમાં એક પહોર સુધી ખરલ કરી કલ્ક બનાવવો. પછી તેનાથી ત્રણગણાં ચાંદીનાં પત્ર લઇ તે ઉપર કલ્કનો લેપ કરવો. ત્યાર પછી તેને માટીનાં કોડિયામાં બંધ કરી કપડમાટી કરવી. પછી તેને ત્રીશ અડાયા છાણાના અગ્નિમાં પુટ આપવો. એ પ્રમાણે અનુક્રમે ચૌદ પુટ આપવાથી રૂપાની ભસ્મ તૈયાર થાય છે. ૨૩-૨૪

(તામ્રભસ્મ કરવાની રીત.)

सूक्ष्माणि ताम्रपत्राणि कृत्वा संस्वेदयेद्बुधः ॥
वासरत्रयमम्लेन ततः खल्वे विनिक्षिपेत् ॥ २५ ॥
पादांशं सूतकं दत्वा याममम्लेन मर्दयेत् ॥
तत उध्धृत्य पत्राणि लेपयेद्द्विगुणेन च ॥ २६ ॥
गंधकेनाम्लघृष्टेन तस्य कुर्याच्च गोलकं ॥
ततः पिष्ट्वा च मीनाक्षीं चांगेरीं च पुनर्नवां ॥ २७ ॥
तत्कल्केन बहिर्गोलं लेपयेदंगुलोन्मितम् ॥
धृत्वा तद्गोलकं भांडे शरावेण च रोधयेत् ॥ २८ ॥
वालुकाभिः प्रपूर्याथ विभूतिलवणांबुभिः ॥
दत्वा भांडमुखे मुद्रां ततश्चुल्ल्यां विपाचयेत् ॥ २९ ॥
क्रमवृद्धयाग्निना सम्यक् यावद्यामचतुष्टयं ॥
स्वांगशीतं समुध्धृत्यमृतं ताम्रं शुभं भवेत् ॥ ३० ॥
स्वांगशीतलमुध्धृत्य मर्दयेच्छुरणद्रवैः ॥
यामैकं गोलकं तच्च निक्षिपेच्छुरणोदरे ॥ ३१ ॥
मृदालेपस्तु कर्तव्यः सर्वतोऽङ्गुष्ठमात्रकः ॥
पाच्यं गजपुटे क्षिप्त्वामृतं भवति शोभनं ॥ ३२ ॥
सघृतेन ततो मूषापुटे गजपुटे पचेत् ॥
स्वांगशीतं समुध्धृत्यमृतं ताम्रं शुभं भवेत् ॥ ३३ ॥

वांतिं भ्रांतिं क्लमं मूर्च्छां न करोति कदाचन ॥

ત્રાંબાનાં એકદમ ઝીણાં પત્રાં બનાવી તેને લીંબુના રસમાં ત્રણ વાર ધીમી ધીમી આંચે ઉકાળવાં. પછી તેને બહાર કહાડી તેની સાથે ચોથા ભાગનો પારો મેળવી લીંબુના રસમાં એક પહોર સુધી ખરલ કરવો. પછી પત્રાંને બહાર કહાડી તેનાથી બમણો ગંધક લઇ તેનો લીંબુના રસમાં કલ્ક બનાવી પત્રાં ઉપર લેપ કરી એક ગોળો બનાવવો. તેના ઉપર ત્રણ ગંઠીધરો, ચૂકો અને સાટોડી એમાંથી જે વસ્તુ મળે તેનો કલ્ક બનાવી એક આંગળ જાડો લેપ કરવો. અને તેને કોડિયાના સંપુટમાં બંધ કરી એક માટીના વાસણમાં મુકવું અને વાસણના મોઢા સુધી રેતી ભરી મીઠું અને રાખ ભીંજાવી તેનું મોઢું બંધ કરી તેને અગ્નિ ઉપર ચાર પહોર સુધી તપાવવું પછી શીતળ થયા બાદ તેને વાસણમાંથી બહાર કહાડી સૂરણના રસમાં એક દિવસ સુધી ખરલ કરી તેનો ગોળો બનાવવો. શુદ્ધ કરેલો આમલસારો ગંધક ગોળાથી અર્ધા ભાગે લઇ તેનો ઘીમાં કલ્ક બનાવી તે ગોળાની આસપાસ લેપ કરવો અને તેને કોડિયામાં મૂકી સંપુટ બનાવી છાણાના ગજપુટ અગ્નિમાં ફુંકી દેવો. જ્યારે સ્વાંગ શીતળ થઇ જાય ત્યારે સંપુટને બહાર કહાડી તેમાંથી ભસ્મ કહાડી લેવી. આ ભસ્મ પરમોત્તમ ગુણ આપવાવાળી છે. આનાથી ઉલટી, ભ્રાંતિ, અગ્નિ અને મૂર્છા કદાપી થતાં નથી. ૨૫-૩૩

(પીતળની ભસ્મ કરવાની રીત.)

अर्कक्षीरेण संपिष्टो गंधकस्तेन लेपयेत् ॥ ३४ ॥
समेनारस्य पत्राणि शुद्धान्यम्लद्रवैर्मुहुः ॥
ततो मूषापुटे धृत्वा पुटेद्गजपुटेन च ॥ ३५ ॥
एवं पुटद्वयेनैव भस्मारं भवति ध्रुवं ॥
आरवत् कांस्यमप्येवं भस्मतां याति निश्चितं ॥ ३६ ॥
अर्कक्षीरं वडक्षीरं क्षीरं निर्गुंडिका तथा।
ताम्ररीतिध्वनिवधे समगंधकयोगतः ॥ ३७ ॥

ઉમદા-શુદ્ધ પીતળનાં બારીક પત્રાં કરી તેને અગ્નિમાં તપાવી લીંબુના રસમાં સાતવાર અથવા ત્રણવાર ઝબોળી શુદ્ધ કરવાં. તેના સરખા ભાગે શુદ્ધ આમલસારો ગંધક લઇ તેને આકડાના દૂધમાં ખરલ કરી પત્રાં ઉપર લેપ કરવો. પછી તેનો બે કોડિયામાં મૂકી

સંપુટ બનાવવો અને તેને છાણાના ગજપુટ અગ્નિમાં ફુંકી દેવો જ્યારે સ્વાંગ શીતળ થાય ત્યારે બીજો પુટ આપવો. એ પ્રમાણે બે પુટ આપવાથી, પીતળની અને કાંસાની ભસ્મો તૈયાર થાય છે.

બીજી રીતઃ— તાંબું, પીતળ, કે કાંસુ તેમાંથી જેની ભસ્મ બનાવવી હોય તે વસ્તુના સરખે ભાગે આમલસારો ગંધક લઇ તેનો આકડાના દૂધમાં, અથવા ગાયના દૂધમાં અથવા વડના દૂધમાં કે નગોડના રસમાં ખરલ કરી કલ્ક બનાવી તેના ઉપર લેપ કરવો અને તેને સંપુટમાં મૂકી ઉપર પ્રમાણે બે બે પુટ આપવા જેથી તામ્રાદિ ભસ્મ તૈયાર થાય છે. ૩૪-૩૭

(નાગભસ્મ કરવાની રીત.)

तांबूलीरससंपिष्टशिलालेपात्पुनः पुनः ॥
द्वात्रिंशद्भिः पुटैर्नागो निरुत्थो याति भस्मतां ॥ ३८ ॥

શુદ્ધ કરેલા મણશિલનો નાગરવેલના પાનમાં ખરલ કરી કલ્ક બનાવવો. પછી મણશિલના સમાન ભાગે સીસાનાં પત્રાં લઇ તેના ઉપર કલ્કનો લેપ કરવો. તથા તેને કોડિયામાં બંધ કરી સંપુટ બનાવવો, અને સુકયા પછી તેને ગજપુટ અગ્નિમાં ફુંકી દેવો એ પ્રમાણે અનુક્રમે બત્રીશ ગજપુટ આપવાથી નાગભસ્મ અથવા નાગેશ્વર તૈયાર થાય છે. ૩૮

(નાગભસ્મ કરવાની બીજી રીત)

अश्वत्थ चिंचात्वक् चूर्णं चतुर्थांशेन निक्षिपेत् ॥
मृत्पात्रे द्राविते नागं लोहदर्व्या प्रचालयेत् ॥ ३९ ॥
यामैकेन भवेद्भस्म तत्तुल्यां च मनःशिलां ॥
कांजिकेन द्रवं पिष्ट्वा पचेत् दृढपुटेन च ॥ ४० ॥
स्वांगशीतं पुनः पिष्ट्वा शिलया कांजिकेन च ॥
पुनः पचेत् शरावाभ्यामेवं षष्टिपुटर्मृतिः ॥ ४१ ॥

માટીના વાસણમાં શુદ્ધ કરેલ સીસાના કકડા નાખી અગ્નિ ઉપર રસ બનાવવો. પછી તેમાં પીંપળાની તથા આમલીની છાલ ચોથે ભાગે લઇ તેનું ચૂર્ણ બનાવી મેળવવું અને તેને એક પહોર સુધી અગ્નિ ઉપર રાખી લોખંડના તવેથાવતી હલાવતાં જવું તેથી ભસ્મ થાય છે. તે ભસ્મને સરખે ભાગે શુદ્ધ કરેલો મણશિલ લઇ તેનું ચૂર્ણ

કરી તેને ઉપરની ભસ્મ સાથે મેળવી કાંજીના રસમાં ખરલ કરી એક ગોળો બનાવવો. પછી તેને બે માટીનાં કોડિયામાં મૂકી સંપુટ બનાવી ગજપુટ અગ્નિમાં પુટ આપવો. એ પ્રમાણે અનુક્રમે ઉપર મુજબ સાઠ પુટ આપવાથી નાગભસ્મ તૈયાર થાય છે. ૩૯-૪૧

(બંગ-કલઇની ભસ્મ કરવાની રીત.)

मृत्पात्रे द्राविते बंगे चिंचाश्वत्थत्वचोरजः ॥
क्षिप्त्वा बंङ्गं चतुर्थांशमयोदार्व्या प्रचालयेत् ॥ ४२ ॥
ततो द्वियाममात्रेण बंगभस्म प्रजायते ॥
अथ भस्मसमं तालं क्षिप्त्वाम्लेन विमर्दयेत् ॥ ४३ ॥
ततो गजपुटे पक्त्वा पुनरम्लेन मर्दयेत् ॥
तालेन दशमांशेन याममेकं ततः पुटेत् ॥ ४४ ॥
एवं दशपुटैः पक्को बंगस्तु म्रियते ध्रुवं ॥

શુદ્ધ કરેલા કલઇના કકડાને માટીના વાસણમાં અગ્નિ ઉપર રસ બનાવી તેમાં આમલી અને પીંપળાની છાલ ચોથે ભાગે લઇ તેનુ ચૂર્ણ બનાવી મેળવવું અને અગ્નિ ઉપર બે પહોર સુધી રાખી તાવેથાવતી હલાવતા જવું જેથી ભસ્મ થાય છે. પછી ભસ્મના સરખા ભાગે શુદ્ધ કરેલી હરતાલનું ચૂર્ણ બનાવી તેને ભસ્મની સાથે મેળવી લીંબુના રસમાં ખરલ કરી ગોળો બનાવવો અને તેને સરાવ સંપુટ કરીઃગજપુટ અગ્નિમાં ફુંકી દેવો. સ્વાંગ શીતળ થયા પછી તેને કહાડી લેવો. એ પ્રમાણે અનુક્રમે દશ ગજપુટ આપવાથી બંગ (કલઈ) ભસ્મ તૈયાર થાય છે. ૪૨-૪૪

(લોહભસ્મ કરવાની રીત.)

शुद्धं लोहभवं चूर्णं पातालगरुडीरसैः ॥ ४५ ॥
मर्दयित्वा पुटेद्वह्नौ दद्यादेवं पुटत्रयं ॥
पुटत्रयं कुमार्याश्च कुठारच्छिन्नकारसैः ॥ ४६ ॥
पुटषट्कं ततो दद्यादेवं तीक्ष्णमृतिर्भवेत् ॥

શુદ્ધ કરેલા પોલાદના ચુર્ણને વેકુના વેલાના રસમાં મેળવી ખરલ કરી તેનો ગોળો બનાવી તેનો શરાવ સંપુટ બનાવવો અને તેને ગજપુટ અગ્નિમાં ફુંકી દેવો. એ પ્રમાણે અનુક્રમે ત્રણ પુટ ગજપુટ

આપવા પછી કુંવારના રસના ત્રણપુટ આપવા તથા વનતુળશીના રસના છ પુટ આપી ગજપુટ અગ્નિ આપવો. એ પ્રમાણે બધા મળીને બાર પુટો આપવાથી લોહભસ્મ તૈયાર થાય છે. ૪૫-૪૬

(લોહ ભસ્મ કરવાની બીજી રીત.)

क्षिपेद् द्वादशमांशेन दरदं तीक्ष्णचूर्णतः ॥ ४७ ॥
मर्दयेत् कन्यकाद्रावैर्यामयुग्मं ततः पुटेत् ॥
एवं सप्तपुटैर्मृत्युं लोहचूर्णमवाप्नुयात् ॥ ४८ ॥

શુદ્ધ કરેલ પોલાદનું ચૂર્ણ તથા તેના બારમે ભાગે હીંગલોક લેવો તે બેઉને બે પહોર સુધી કુંવારના રસમાં ખરલ કરી તેનો ગોળો બનાવવો. પછી તેને સરાવ સંપુટમાં મુકી ગજપુટ અગ્નિ આપી સ્વાંગ શીતળ થયા પછી કહાડી લેવો. એ પ્રમાણે અનુક્રમે સાત ગજપુટો આપવાથી લોહભસ્મ તૈયાર થાય છે. ૪૬-૪૮

(લોહભસ્મ કરવાની ત્રીજી રીત.)

रसैः कुठारच्छिन्नायाः पातालगरुडीरसैः
स्तन्येन चार्कदुग्धेन तीक्ष्णस्यैवं मृतिर्भवेत् ॥ ४९ ॥

પોલાદના ચૂર્ણને વેઉના વેલાના રસના સાત ગજપુટ, સ્ત્રીના ધાવણના સાત ગજપુટ, ગાયનું દૂધ, કાંટાશળાયા કે આકડાના દૂધના સાત ગજપુટ, અને જંગલી તુલસીના સાત ગજપુટ ઉપરની રીતે અનુક્રમે આપવાથી ઉત્તમ પ્રકારની લોહભસ્મ તૈયાર થાય છે. ૪૯

(લોહભસ્મ કરવાની ચોથી રીત.)

सूतकाद्द्विगुणं गंधं दत्वा कुर्याच्च कज्जलीं ॥
द्वयोः समं लोहचूर्णं मर्दयेत्कन्यकाद्रवैः ॥ ५० ॥
यामयुग्मं ततः पिंडं कृत्वा ताम्रस्य पात्रके ॥
घर्मे धृत्वोरुबूकस्य पत्रैराच्छादयेद्बुधः ॥ ५१ ॥
यामार्ऽधेनोष्णतां भूयात् धान्यराशौ न्यसेत्ततः ॥
दत्वोपरि शरावं च त्रिदिनांते समुद्धरेत् ॥ ५२ ॥
पिष्ट्वा च गालयेद्वस्त्रादेवं वारितरं भवेत् ॥
एवं सर्वाणि लोहानि स्वर्णादीन्यपि मारयेत् ॥ ५३ ॥

शिलागंधार्कदुग्धाक्ताः स्वर्णाद्याः सप्त धातवः ॥
म्रियंते द्वादशपुटैः सत्यं गुरुवचो यथा ॥ ५४ ॥

શુદ્ધ કરેલો પારો એક ભાગ અને ગંધક બે ભાગ લઇ તેની કજળી બનાવવી પછી કજળીના સરખા ભાગે શુદ્ધ પોલાદનું ચુર્ણ લઇ બેઉને એકઠાં કરી કુંવારના રસમાં બે પહોર સુધી ખરલ કરી ગોળો બનાવવો. પછી તે ગોળાને એરંડાના પાનમાં લપેટી ત્રાંબાના વાસણમાં મૂકી ચાર ઘડી તડકામાં રાખવો. ગોળો જરા ગરમ થાય પછી વાસણ ઉપર માટીનું વાસણ ઢાંકી સરાવ સંપુટ બનાવવો. પછી તેને ચાર દિવસ અનાજના ઢગલામાં ભારી રાખવો તેથી લોહભસ્મ તૈયાર થાય છે. પછી તે વાસણને બહાર કહાડી તેમાંની ભસ્મને કપડા વતી છાણી તેને પાણીમાં નાખવી. જો પાણી ઉપર તરવા માંડે તો ઉત્તમ પ્રકારની ભસ્મ થયેલી સમજવી.

શુદ્ધ કરેલો મણુશિલ અને ગંધક બેઉને આકડાના દૂધમાં ખરલ કરી તેનો કલ્ક બનાવી સુવર્ણાદિ સંપૂર્ણ ધાતુ ઉપર લેપ કરી તેને સરાવ સંપુટમાં બંધ કરી અનુક્રમે બાર ગજપુટ આપવાથી સંપૂર્ણ ધાતુઓની ભસ્મ થાય છે. ૫૦-૫૪

(સાત ઉપધાતુ.)

माक्षिकं तुत्थकाभ्रौ च नीलांमनशिलालकाः ॥
रसकश्चैव विज्ञेया एताः सप्तोपधातवः ॥ ५५ ॥

સુવર્ણમાક્ષિક, મોરથુથું, અભ્રક, સુરમો, મણુશિલ, હરતાલ, અને કલખાપરી એ સાતેને ઉપધાતુ કહેવામાં આવે છે. ૫૫

(સુવર્ણમાક્ષિકનું શોધન અને મારણ.)

माक्षिकस्य त्रयो भागा भागैकं सैंधवस्य च ॥
मातुलिंगद्रवैर्वाथ जंबीरोत्थद्रवैः पचेत् ॥ ५६ ॥
चालयेल्लोहपात्रेण यावत्पात्रं सुलोहितं ॥
भवेत्ततस्तु संशुद्धं स्वर्णमाक्षिकमृच्छति ॥ ५७ ॥
कुलत्थस्य कषायेण घृष्ट्वा तैलेन वा पुटेत् ॥
तक्रेण वाजमूत्रेण म्रियते स्वर्णमाक्षिकं ॥ ५८ ॥

સુવર્ણમાક્ષિક ત્રણ ભાગ અને સિન્ધાલૂણ એક ભાગ લેઇ તે બેઉનું ચૂર્ણ બનાવી તેને લોહાની કડાઇમાં નાખી અગ્નિ ઉપર મૂકી

તેમાં બીજોરાનો રસ અથવા કાગદી લીંબુનો રસ નાખી તેને કડાઇ લાલ થાય ત્યાં સુધી તાવેથા વતી હલાવવું. પછી તેને નીચે ઉતારી શીતળ થાય ત્યારે તેમાંથી સુવર્ણ માક્ષિકનું ચુર્ણ કહાડી લેવું. એ પ્રમાણે શોધન કરી તેને કળથીના ક્વાથમાં, તલના તેલમાં, છાશમાં, અથવા ગૌમૂત્રમાં ખરલ કરી તેને સરાવ સંપુટમાં મુકી ગજપુટ અગ્નિ આપવાથી સુવર્ણમાક્ષિક ભસ્મ તૈયાર થાય છે. ૫૬–૫૮

(રૌપ્યમાક્ષિકનું શોધન અને મારણ.)

कर्कोटिमेषशृंग्युत्थैर्द्रवैर्जबीरजै रसैः ॥
भावयेदातपे तीव्रे विमला शुद्ध्यति ध्रुवं ॥ ५९ ॥

રૌપ્યમાક્ષિકનું ચુર્ણ બનાવી તેને કંટોલાના રસમાં, ચમાર દુધલીના રસમાં તથા કાગદી લીંબુના રસમાં એક એક દિવસ ખરલ કરી તેને તડકામાં સૂકવવાથી રૌપ્યમાક્ષિક શુદ્ધ થાય છે. તેનું મારણ સુવર્ણમાક્ષિકના સમાન જાણવું. ૫૯

(મોરથુથાનું શોધન.)

विष्ठया मर्दयेत्तुत्थं मार्जारककपोतयोः ॥
दशांशं टंकणं दत्वा पचेन्मृदुपुटे ततः ॥ ६० ॥
पुटं दध्ना पुटं क्षौद्रैर्देयं तुत्थविशुद्धये ॥

મોરથુંથાના સમાન ભાગે કબુતરની ચરક લઇ તથા દશમા ભાગનો પાટિયો ટંકણખાર લઇ તેમને એકઠાં કરી ખરલ કરી ગોળો બનાવવો. પછી તેને સરાવ સંપુટમાં મૂકી હલકો પુટ આપવો પછી તેને બહાર કહાડી દહીંમાં તથા મધમાં અનુક્રમે ખરલ કરી અગ્નિ પુટ આપવાથી મોરથુથું શુદ્ધ થાય છે. ૬૦

(અભ્રકનું શોધન અને મારણ.)

कृष्णाभ्रकं धमेद्वह्नौ ततः क्षीरे विनिक्षिपेत् ॥ ६१ ॥
भिन्नपत्रं तु तत्कृत्वा तंदुलीयाम्लयोर्द्रवैः ॥
भावयेदष्टयामं तदेवं शुध्यति चाभ्रकं ॥ ६२ ॥
बध्वा धान्ययुतेवस्त्रे शोषयित्वाथ मर्दयेत् ॥
अर्कक्षीरैर्दिनं मर्द्य चक्राकारं च कारयेत् ॥ ६३ ॥
वेष्टयेदर्कपत्रैश्च सम्यक् गजपुटे पचेत् ॥

पुनर्मर्द्यं पुनः पाच्यं सप्तवारं प्रयत्नतः ॥ ६४ ॥
ततो वटजटाक्वाथैस्तद्वद्देयं पुटत्रयं ॥
म्रियते नात्र संदेहः सर्वकर्मसु योजयेत् ॥ ६५ ॥
मृतं त्वभ्रं हरेन्मृत्युं जरापलितनाशनं ॥
अनुपानैश्च संयुक्तं तत्तद्रोगहरं परं ॥ ६६ ॥

કાળા અભ્રકને અગ્નિમાં લાલ થાય ત્યાં સુધી તપાવી દૂધમાં બોળવો. પછી તેનાં જુદાં જુદાં પત્રાં બનાવી તાંદળજા અને લીંબુના રસમાં આઠ પહોર સુધી તેને ભીંજાવી રાખવાથી અભ્રક શુદ્ધ થાય છે. પછી તે શુદ્ધ થયેલ અભ્રકને ધાન્યાભ્રક કરી એક પહોર પર્યંત આકડાના દૂધમાં ખરલ કરી તેની ગોળ ટીકડીઓ બનાવવી. તે ટીકડીઓની આસપાસ આકડાનાં પાન લપેટી તેને માટીના સરાવ સંપુટમાં બંધ કરી તડકામાં સૂકવી ગજપુટ અગ્નિ આપવો. એ રીતે અનુક્રમે સાત પુટ આકડાના રસમાં આપવા પછી વડની વડવાઇના ક્વાથમાં ખરલ કરી સરાવ સંપુટથી ગજપુટ અગ્નિ આપવો. એ પ્રમાણે અનુક્રમે ત્રણ ગજપુટ આપવા. એવી રીતે બધા મળીને દશ ગજપુટ આપવાથી શુદ્ધ અભ્રકભસ્મ થાય છે. આ અભ્રકભસ્મ સંપુર્ણ રોગનો નાશ કરનારી છે તથા જુદાં જુદાં અનુપાન સાથે આપવાથી જરા મૃત્યુ પળિયાં વગેરે તમામ દરદોનો નાશ કરે છે. ૬૧-૬૬

(અભ્રકભસ્મ બનાવવાની બીજી રીત.)

शुद्धं धान्याभ्रकं मुस्तं शुंठीषड्भागयोजितं ॥
मर्दयेत्कांजिकेनैव दिनं चित्रकजै रसैः ॥ ६७ ॥
ततो गजपुटं दद्यात्तस्मादुद्धृत्य मर्दयेत् ॥
त्रिफलावारिणा तद्वत् पुटेदेवं पुटैस्त्रिभिः ॥ ६८ ॥
बलागोमूत्रमुशलीतुलसीसूरणद्रवैः ॥
मर्दितं पुटितं वह्नौ त्रित्रिवेलं व्रजेन्मृतिं ॥ ६९ ॥

શુદ્ધ કરેલો ધાન્યાભ્રક લઇ તેને છઠ્ઠે ભાગે નાગમોથ અને શુંઠનું ચુર્ણ બનાવી તેમાં મેળવવું. પછી એક દિવસ સુધી કાંજીમાં ખરલ કરવો. પછી ચિત્રકના રસમાં એક દિવસ ખરલ કરી તેની ગોળ ટીકડીઓ બનાવવી અને તેને સરાવ સંપુટમાં બંધ કરી ગજ-

પુટ અગ્નિ આપવો. જ્યારે શીતળ થઈ જાય ત્યારે તેને બહાર કહાડી ત્રિફળાના કવાથમાં એક દિવસ ખરલ કરી અનુક્રમે ત્રણ ગજપુટ આપવા. પછી ખરેંટીના કવાથમાં, ગૌમૂત્ર, મુસલીનો કવાથ, તુળશીનો રસ, અને સૂરણના રસમાં અનુક્રમે ખરલ કરી પ્રત્યેક રસમાં ત્રણ ત્રણ ગજપુટ આપવાથી શુદ્ધ ભસ્મ થાય છે. ૬૭-૬૯

(અભ્રકભસ્મ બનાવવાની ત્રીજી રીત.)

धान्याभ्रकस्य भागैकं द्वौ भागौ टङ्कणस्य च
पिष्ट्वा तदन्धमूषायां रुध्वा तीव्राग्निना पचेत् ॥ ७० ॥
स्वभावशीतलं चूर्णं सर्वरोगेषु योजयेत् ॥

શુદ્ધ ધાન્યાભ્રક એક ભાગ, અને બે ભાગ ટંકણખારનું ચૂર્ણ લઇ તેને ઉપરની ક્રિયાથી શુદ્ધ કરી અનુક્રમે સાત ગજપુટ આપવાથી શુદ્ધ ભસ્મ થાય છે તથા સ્વાંગ શીત થયા પછી યથાયોગ્ય અનુપાન સાથે સેવન કરવાથી સંપૂર્ણ રોગનો નાશ કરે છે. ૭૦

(સુરમો, ગેરૂ, હિરાકશી વગેરેનું શોધન.)

नीलांजनं चूर्णयित्वा जंबीरद्रवभावितं ॥
दिनैकमातपे शुद्धं भवेत्कार्येषु योजयेत् ॥ ७१ ॥
एवं गैरिककाशीसं टंकणानि वराटिका
शंख तोरी च कंकुष्ठं शुद्धमायाति निश्चितं ॥ ७२ ॥

કાળા સુરમાનું ચૂર્ણ બનાવી તેને લીંબુના રસમાં ખરલ કરી એક દિવસ તડકામાં સુકવવાથી સુરમાનું શોધન થાય છે. પછી તેનો દરદ ઉપર ઉપયોગ કરવો. એ રીતથી ગેરૂ, હીરાકશી, પાટિયો ટંકણખાર, કોડી, ફટકડી, શંખ, અને બોદારશિંગ વગેરેનું શોધન થાય છે. ૭૧-૭૨.

(મનઃશિલનું શોધન.)

पचेदहरजामूत्रैर्दोलायंत्रे मनःशिलां ॥
भावयेत्सप्तधा पित्तैरजायाः शुद्धिमृच्छति ॥ ७३ ॥

મણશિલને દોલા યંત્રથી અગ્નિ ઉપર ત્રણ દિવસ સુધી પકવી પછી તેને બહાર કહાડી બકરીના પીતામાં ખરલ કરી સાત ભાવના આપવાથી મણશિલ શુદ્ધ થાય છે. ૭૩

(મનઃશિલના શોધનની બીજી રીત.)

अगस्तिपत्रतोयेन भावयेत्सप्तवारकं ॥ ७४ ॥
शृंगबेररसैर्वापि विदधाति मनःशिला ॥

ઉપરના વિધિથી મણુશિલને શોધી તેને અગથિયાના રસની સાત વખત ભાવના આપવી. પછી આદાના રસની સાત વખત ભાવના આપવી જેથી મણુશિલનું શોધન થાય છે. ૭૪

(હરતાલનું શોધન)

तालकं कणशः कृत्वा सचूर्णे कांजिके क्षिपेत् ॥७५॥
दोलायंत्रेण यामैकं ततः कूष्मांडजैर्द्रवैः ॥
तिलतैले पचेद्यामं यामं च त्रिफलाजलैः ॥ ७६ ॥
एवं यंत्रे चतुर्यामं पाच्यं शुध्यति तालकं ॥

હરતાલના બારીક કકડા કરી તેને કપડાની પોટલીમાં બાંધી દોલાયંત્રદ્વારા કાંજીમાં એક પહોર, કોહળાના રસમાં એક પહોર, તલના તેલમાં એક પહોર તથા ત્રિફળાના કવાથમાં એક પહોર અનુક્રમે અગ્નિ આપવાથી હરતાલની શુદ્ધિ થાય છે. ૭૫-૭૬

(કલખાપરીના શોધનની રીત.)

नरमूत्रे च गोमूत्रे सप्ताहं रसकं पचेत् ॥ ७७ ॥
दोलायंत्रेण शुद्धः स्यात्ततः कार्येषु योजयेत् ॥

કળખાપરીને દોલાયંત્રદ્વારા મનુષ્યના મૂત્રમાં અથવા ગાયના મૂત્રમાં પકવવાથી શુદ્ધ થાય છે. શુદ્ધ કરેલી કળખાપરી ઔષધના કામમાં વાપરવી. ૭૭

(ધાતુઓમાંથી સત્વ કહાડવાનો વિધિ.)

लाक्षामीनापयच्छागं टंकण मृगशृंगकं ॥ ७८ ॥
पिण्याकं सर्षपाः शिग्रगुंजोर्णागुडसैंधवाः ॥
यवस्तिक्ता घृतं क्षौद्रं यथालाभं विचूर्णयेत् ॥ ७९ ॥
एभिर्विमिश्रिताः सर्वे धातवो गाढवह्निना ॥
मूषाध्माताः प्रजायंते मुक्तसत्वा न संशयः ॥ ८० ॥

લાખ, માછલું, બકરીનું દૂધ, ટંકણખાર, હરણનું શિંગ, તલનો

ખોળ, સર્ષવ, સરગવાનાં બીજ, ચણોઠી, ઘેટાંની ઉન, ગોળ, સિન્ધાલૂણ, જવ, કડુ, ઘી અને મધ એ વસ્તુઓમાંથી દરેક જે ધાતુનું સત્વ કહાડવું હોય તેના આઠમે ભાગે લઇ બધી વસ્તુ એકઠી કરી તેનુ ચૂર્ણ બનાવી એક ગોળો કરવો અને તેને મૂષમાં રાખી સખત અગ્નિથી પકાવવો. એ પ્રમાણે પકવવાથી ધાતુનું સત્વ નીકળે છે.

(હીરાનું શોધન અને મારણ.)

कुलित्थकोद्रवक्काथैर्दोलायंत्र विपाचयेत् ॥
व्याघ्रीकंदगतं वज्रं त्रिदिनंशुद्धिमृच्छति ॥ ८१ ॥
तप्तं तप्तं तु तद्वज्रं खरमूत्रैर्निषेचयेत् ॥
पुनस्ताप्यं पुनः सेच्यमेवं कुर्यात्रिसप्तधा ॥ ८२ ॥
मत्कुणैस्तालकं पिष्टवा यावद्भवति गोलकं ॥
तद्गोले निहितं वज्रं तद्गोलं वन्हिना धमेत् ॥८३॥
सिंचयेदश्वमूत्रेण तद्गोले च क्षिपेत्पुनः ॥
रुध्वाध्मातं पुनः सेच्यमेवं कुर्याच्च सप्तधा ॥ ८४ ॥
एवं च म्रियते वज्रं चूर्णं सर्वत्र योजयेत् ॥

કુક્કરકંદને કૂટી તેનો ગોળો બનાવી તેમાં હીરાને નાખી તેને દોલાયંત્ર મારફત ત્રણ દિવસ કળથી અને ત્રણ દિવસ કોદરા ધાન્યના કવાથમાં પકવવો જેથી હીરાનું શોધન થાય છે.

પછી તે હીરાને અગ્નિમાં તપાવી તપાવી ગધેડાના મૂત્રમાં એકવીશવાર ઝામવો. પછી હરતાલના ગોળામાં હીરાને મુકી તેને મૂષમાં ગરમ કરવો. જ્યારે લાલ થાય ત્યારે કહાડી, ઘોડાના મૂત્રમાં બોળી દેવો. એ પ્રમાણે અનુક્રમે સાત વખત ઝામવાથી હીરાની ઉત્તમ ભસ્મ થાય છે. ૮૧-૮૪

(હીરાની ભસ્મ કરવાની બીજી રીત.)

हिंगुसैंधवसंयुक्ते क्काथे कौलत्थजे क्षिपेत् ॥ ८५ ॥
तप्तं तप्तं पुनर्वज्रं भूयाच्चूर्णं त्रिसप्तधा ॥

હીંગ, સિન્ધાલૂણ અને કળથી એ ત્રણેના ક્વાથ બનાવી તેમાં હીરાને તપાવી તપાવી અનુક્રમે બોલવાથી હીરાની ભસ્મ થાય છે.

(હીરાની ભસ્મની ત્રીજી રીત.)

मंडूकं कांस्यजे पात्रे निगृह्य स्थापयेत्सुधीः ॥ ८६ ॥
स भीतो मूत्रयेतत्र तन्मूत्रे वज्रमावपेत् ॥
तप्तं तप्तं च बहुधा वज्रस्यैवं मृतिर्भवेत् ॥ ८७ ॥

શુદ્ધ કરેલા હીરાને તપાવી તપાવી અનુક્રમે એકવીશવાર દેડકાના મૂત્રમાં બોળી કહાડવાથી હીરાની ભસ્મ થાય છે. દેડકાને પકડી કાંસાના વાસણ પર ધરવો જેથી તે ડરીને મૂતરી દે છે. ૮૬-૮૭

(વૈક્રાંતાદિનું શોધન અને મારણ.)

वैक्रांतं वज्रवत् शोध्यं नीलं वा लोहितं तथा ॥
हयमूत्रेण संसिच्यं तप्तं तप्तं द्विसप्तधा ॥ ८८ ॥
ततश्च मेषशृंग्यास्तु पंचांगे गोलकं क्षिपेत् ॥
पुटेन्मूषापुटे रुध्वा कुर्यादेवं च सप्तधा ॥ ८९ ॥
वैक्रांतं भस्मतां याति वज्रस्थाने नियोजयेत् ॥

વક્રાંત, (તરમરી) નીલમ તથા માણેક એઓનું હીરાની રીતથી શોધન કરવું. પછી વૈક્રાંતમણિને તપાવી તપાવી અનુક્રમે ચૌદવાર ઘોડાના મૂત્રમાં બુઝાવી પછી ચમારદુધલીના પંચાગને વાટી તેનો ગોળો બનાવી તેની મધ્યમાં હીરાને મૂકી તેને સરાવ સંપુટ કરી ગજપુટ અગ્નિમાં ફુંકી દેવો. એવી રીતે અનુક્રમે સાતપુટ આપવાથી વૈક્રાંતમણિની ભસ્મ થાય છે. તે હીરાની ભસ્મના અભાવમાં વપરાય છે. ૮૮-૮૯

(સંપૂર્ણ રત્નોનું શોધન અને મારણ)

स्वेदयेद्दोलिकायंत्रे जयंत्याः स्वरसेन वा ॥ ९० ॥
मणिमुक्ताप्रवालानां यामैकं शोधनं भवेत् ॥
कुमार्यास्तंडुलीयेन स्तन्येन च निषेचयेत् ॥ ९१ ॥
प्रत्येकं सप्तवेलं च सप्त सप्तानि कृत्स्नशः ॥
मौक्तिकानि प्रवालानि तथा रत्नान्यशेषतः ॥ ९२ ॥
क्षणाद्विविधवर्णानि म्रियंते नात्र संशयः ॥
वज्रमाक्षिकवन्मुक्ताः प्रवालानि च मारयेत् ॥ ९३ ॥

वज्रवत् सर्वरत्नानि शोधयेन्मारयेत्तथा ॥

સૂર્યકાન્તમણિ, મોતી, પ્રવાળાં, વગેરે રત્નોને દોલાયંત્રદ્વારા જાઇના રસમાં એક પહોર પકવવાથી શુદ્ધ થાય છે. તેનું મારણ નીચે જણાવ્યા પ્રમાણે કરવું. કુંવારનો રસ, તાંજળજાનો રસ, અને સ્ત્રીના દૂધમાં, મણિ, મોતી કે કોઈ પણ રત્નને તપાવી તપાવી પ્રત્યેકમાં સાત સાત વાર બુઝાવવાં જેથી ભસ્મ બને છે. સુવર્ણમાક્ષિક અને હીરાના મારણ અને શોધન પ્રમાણે સંપૂર્ણ રત્નોનું શોધન અને મારણ કરવું.

(શિલાજીતના શોધનની રીત.)

शिलाजतु समानीय ग्रीष्मतप्तशिलाच्युतम् ॥ ९४ ॥
गोदुग्धैस्त्रिफलाक्काथैर्भृंगद्रावैश्च मर्दयेत् ॥
आतपे दिनमेकैकं तच्चतुष्कं शुद्धतां व्रजेत् ॥ ९५ ॥

ગ્રીષ્મઋતુમાં સખત ગરમી પડવાથી પર્વતની મોટી મોટી શિલાઓ ગરમ થાય છે તથા તેમાંથી જે રસ ઝરી જામી જાય છે, તે જામી ગયેલા રસને શિલાજીત કહેવામાં આવે છે. તે શિલાજીતને ગાયના દૂધમાં, ત્રિફળાના કવાથમાં, તથા ભાંગરાના રસમાં પૃથક્ પૃથક્ એક એક દિવસ ખરલ કરી તડકામાં સૂકવવાથી શિલાજીત શુદ્ધ થાય છે. ૯૩-૯૪

(શિલાજીત બનાવવાની રીત.)

मुख्यं शिलाजतुशिलां सूक्ष्मखंडप्रकल्पितां ॥
निक्षिप्यात्युष्णपानीये यामैकं स्थापयेत्सुधीः ॥ ९६ ॥
मर्दयित्वा ततो नीरं गृह्णीयाद्वस्त्रगालितं ॥
स्थापयित्वा च मृत्पात्रे धारयेदातपे बुधः ॥ ९७ ॥
उपरिस्थं घनं यत्स्यात् तत्क्षिपेदन्यपात्रके ॥
धारयेदातपे तस्मादुपरिस्थं घनं नयेत् ॥ ९८ ॥
एवं पुनः पुनर्नीत्वा द्विमासाभ्यां शिलाजतु ॥
भूयात्कार्यक्षमं वह्नौ क्षिप्तं लिंगोपमं भवेत् ॥ ९९ ॥
निर्धूमं च ततः शुद्धं सर्वकर्मसु योजयेत् ॥

अधःस्थितं च तच्छेषं तस्मिन्नीरं विनिक्षिपेत् ॥१००॥
विमर्द्य धारयेत् घर्मे पूर्ववच्चैव तन्नयेत् ॥

જે પાષાણુમાંથી શિલાજીત ઉત્પન્ન થાય છે તેમાંથી એક ઉત્તમ પથર લાવી તેના બારીક કકડા કરી તેને ખળખળતા ઉના પાણીમાં એક પહોર સુધી ઉકાળવા. પછી તે. કકડાને તે ગરમ પાણીમાં વાટી કપડા વતી માટીના વાસણુમાં ગાળી તડકામાં રાખવું. જ્યારે તેના ઉપર તરી જામે ત્યારે તેને બીજા વાસણુમાં કહાડી લેવી. એવી રીતે બે માસ સુધી અનુક્રમે પાણી ઉપરની તરી લેવાથી શિલાજીતની ઉત્તમ શુદ્ધિ થાય છે. તે શુદ્ધ કરેલા કાંકરાને અગ્નિ ઉપર રાખવાથી નિર્ધુમ જણાય તથા લિંગાકાર બને તો શિલાજીત શુદ્ધ છે એમ સમજી તેને ઉપયોગમાં લેવો. પ્રથમ પ્રમાણે બનાવેલા શિલાજીતના વધેલા ગાળમાં બીજું પાણી નાખી ખૂબ મથી તડકે મૂકી પાણી પર આવેલ તરીને પૂર્વવત્ લોશ કરવી. તે પણ શિલાજીત ગણાય છે. ૯૫-૯૯

(મંડૂર બનાવવાની રીત.)

अक्षांगारैर्धमेत्किट्टं लोहजं तत्र गवां जलैः ॥ १ ॥
सेचयेत्तप्ततप्तं च ततः सप्तवारं पुनः पुनः
चूर्णयित्वा ततः क्वाथैर्द्विगुणैस्त्रिफलाभवैः ॥ २ ॥
आलोड्य भर्जयेद्वह्नौ मंडूरं जायते वरं ॥

જુના લોઢાની કીટીને બહેડાંના લાકડાના અગ્નિમાં તેપાવી ગૌમૂત્રમાં સાત વખત બોળવાથી તેની શુદ્ધિ થાય પછી તેનુ ચૂર્ણ કરી તેનાથી બમણા ત્રિફળાના કવાથમાં મેળવી એક માટીના વાસણુમાં ભરી તેનું મોઢું કપડમાટીથી બંધ કરી ગજપુટ અગ્નિ આપવો જેથી મંડૂરની શુદ્ધ ભસ્મ થાય છે. ૧૦૦-૧

(ક્ષાર બનાવવાની રીત.)

क्षारवृक्षस्य काष्ठानि शुष्काण्यग्नौ प्रदीपयेत् ॥ ३ ॥
नीत्वा तद्भस्म मृत्पात्रे क्षिप्त्वा नीरे चतुर्गुणे ॥
विमर्द्य धारयेद्रात्रौ प्रातरूर्ध्वजलं नयेत् ॥ ४ ॥
तन्नीरं क्राथयेद्वह्नौ यावत्सर्वं विशुष्यति ॥
ततः पात्रात्समुल्लिख्य क्षारो ग्राह्यः सितप्रभः ॥ ५ ॥

चूर्णाभः प्रतिसार्यः स्यात् पेयः स्यात् क्काथवत् स्थितः ॥
इति क्षारद्वयं धीमानुक्तकार्येषु योजये ॥ ६ ॥

इति श्री दामोदरसुनुशार्ङ्गधरेण विरचितायां संहितायां
चिकित्सास्थाने रत्न धातु शोधनमारणो नाम
द्वादशोऽध्यायः समाप्तः ॥

જે વૃક્ષનો ક્ષાર કહાડવો હોય તે વૃક્ષને પચાંગ સહિત લાવી, સુકવી, બાળીને તેની રાખ બનાવવી. પછી તે રાખને એક માટીના વાસણમાં ચારગણા પાણી સાથે મેળવવી અને તેને આખી રાત રાખી મૂકવું. સવારમાં તે વાસણમાંથી પાણીને લોઢાની કડાઈમાં નીતારી લેવું અને તેને અગ્નિ ઉપર ઉકાળી બાળી નાખવું. પાણી બળી જવાથી કડાઇમાં સ્ફેદ ચૂર્ણ જામી રહેશે તેને ક્ષાર સમજવો. તે ક્ષારને પ્રતિસાર્પ્ય એમ કહેવામાં આવે છે. જે ક્ષાર ક્વાથની માફક પાતળો હોય તેને પેય કહેવામાં આવે છે. પ્રતિસાર્પ્ય ક્ષારને શ્વાસાદિ દરદો ઉપર આપવો અને પેય ક્ષારને ગુલ્માદિ ઉપર આપવો. ૪-૬

ઇતિ શ્રી શારંગધર સંહિતાના મધ્યખંડ વિષે અગિયારમા અધ્યાયનુ પૂર્ણચંદ્ર શર્માકૃત ગુજરાતી ભાષાંતર સંપૂર્ણ.

અધ્યાય બારમો.

(રસઉપરસ શોધન.)

पारदः सर्वरोगाणां जेता पुष्टिकरः स्मृतः ॥
सुज्ञेन साधितः कुर्यात् संसिद्धिं देहलोहयोः ॥ १ ॥
रसेंद्रः पारदः सूतो हरजः सूतको रसः
मुकुन्दश्चेति नामानि ज्ञेयानी रसकर्मसु ॥ २ ॥
ताम्रताराारनागाश्च हेमवंगौ च तीक्ष्णकं ॥
कांस्यकं कांतलोहं च धातवो नव संस्मृताः ॥ ३ ॥
सूर्यादीनां ग्रहाणां ते कथितानामभिः क्रमात् ॥

પારો એ તમામ દરદોને જીતનારો તથા શરીરને પુષ્ટ કરનાર

છે. તેનુ યોગ્ય વૈદ્યદ્વારા શોધન થવાથી દેહની તથા લોહ વગેરે ધાતુની તત્કાળ સિદ્ધિ થાય છે. પારાનાં રસેંદ્ર, પારદ, સૂત, હરજ, સૂતક, રસ અને મુકુંદ એવાં બીજાં નામો છે. રસ-ક્રિયામાં જ્યાં તે નામોનો પ્રયોગ કર્યો હોય તો તે પારાનાં નામ જાણવાં. તામ્ર, રૂપું, જસત, સીસું, સુવર્ણ, કલઇ, પોલાદ, કાંસુ અને કાંતલોહ એ નવે ધાતુનાં નામો અનુક્રમે નવગ્રહના નામ પ્રમાણે સમજવાં. જેમકે ત્રાંબાને સૂર્ય, રૂપાને ચંદ્ર, એ રીતે નવગ્રહના નામ પ્રમાણે ઉપરની ધાતુનાં નામો આપવામાં આવેલ છે. ૧-૩

(પારાનુ શોધન.)

राजीरसोनमूषायां रसं क्षिप्त्वा विबंधयेत् ॥ ४ ॥
वस्त्रेण दोलिकायंत्रेस्वेदयेत्कांजिकैस्त्र्यहं ॥
दिनैकं मर्दयेत्सूतं कुमारीसंभवैर्द्रवैः ॥ ५ ॥
तथा चित्रकजैः क्वाथैर्मर्दयेदेकवासरं ॥
काकमाचीरसैस्तद्वत् दिनमेकं च मर्दयेत् ॥ ६ ॥
त्रिफलायास्तथा क्वाथै रसो मर्द्यः प्रयत्नतः ॥
ततस्तेभ्यः पृथक् कुर्यात् सूतं प्रक्षाल्य कांजिकः ॥ ७ ॥
ततः क्षिप्त्वा रसं खल्वे रसादधाशसैंधवं ॥
मर्दयेन्निंबुकरसैर्दिनमेकमनारतम् ॥ ८ ॥
ततो राजीरसोनश्च मुख्यश्च नवसादरः
एतै रससमैस्तद्वत् सूतो मर्द्यस्तुषांबुना ॥ ९ ॥
ततः संशोष्य चक्राभं कृत्वा लिप्त्वा च हिंगुना ॥
द्विस्थालीसंपुटे धृत्वा पूरयेल्लवणेन च ॥ १० ॥
अधःस्थालीं ततो मुद्रां दद्यात् दृढतरां बुधः ॥
विशोष्याग्निं विधायाधो निषिंचेदंबुनोपरि ॥ ११ ॥
ततस्तु कुर्यात्तीव्राग्निं तदधः प्रहरत्रयं ॥
एवं निपातयेदूर्ध्वं रसो दोषविवर्जितः ॥ १२ ॥
अथोर्ध्वपिठरीमध्ये लग्नो ग्राह्यो रसोत्तमः ॥

રાઈ તથા લસણ સરખે ભાગે લઇ તેને વાટીને મૂષ બના-

વવી. તેની મધ્યમાં પારાને મૂકી કપડાની પોટલીમાં બાંધી દોલાયંત્ર મારફત ત્રણ દિવસ સુધી કાંજીમાં પકવવો. પછી પારાને કહાડી લઈ, કુંવારના રસમાં એક દિવસ, ચિત્રકના રસમાં એક દિવસ, પીલુડીના રસમાં એક દિવસ, અને ત્રિફળાના કવાથમાં અનુક્રમે એક એક દિવસ ખરલ કરવો. પછી કાંજીમાં તે પારાને ધોઇને તેનાથી અરધે ભાગે સિન્ધાલુણ મેળવી લીંબુના રસમાં એક દિવસ ખરલ કરવો. પછી રાઈ. લસણ અને નવસાર પારાના સમાન ભાગે લઈ ત્રણેને એકઠાં કરી તેમાં પારો મેળવી તુષાંબુના રસમાં એક દિવસ ખરલ કરવો. તે સુકાઇ જાય પછી તેની ગોળ ટીકડીઓ બનાવી તેના ઉપર હીંગનો લેપ કરી તે ટીકડીઓને એક માટીના ઘડામાં ભરી તેના ઉપર મીઠું નાખી અને બીજો ઘડો તેના ઉપર ઉંધો પાડી બેઉનું મુખ કપડ માટી કરી બંધ કરી લેવું. પછી તેને ચુલા ઉપર મૂકી ત્રણ પહોર સુધી સખત અગ્નિ આપવો તથા માટલું ગરમ થઈ ફાટી ન જાય માટે તેના ઉપર પાણી રેડતા જવું અથવા ભીનુ લૂગડું પાથરી ટપકતું રાખવું જેથી વામણ શીતળ રહે છે. અગ્નિ આપ્યા પછી માટલું શીતળ થાય ત્યારે બેઉને અલગ અલગ કરી તેના ઉપર ચોટેલો પારો લઇ લેવો. એ પ્રમાણે તૈયાર થયેલો પારો શુદ્ધ અને દોષરહિત હોય છે. ૪–૧૨

(ગંધકનુ શોધન.)

लोहपात्रे विनिःक्षिप्य घृतमग्नौ प्रतापयेत् ॥ १३ ॥
तप्त घृते तत्समानं क्षिपेत् गंधकजं रजः ॥
विद्रुतं गंधकं ज्ञात्वा दुग्धमध्ये विनिक्षिपेत् ॥ १४ ॥
एवं गंधकशुद्धिः स्यात् सर्वकार्येषु योजयेत् ॥

લોઢાની કડછીમાં ઘી ગરમ કરી તેમાં તેના સરખે ભાગે આમલસારા ગંધકનું ચૂર્ણ નાખવું. જ્યારે રસ થઈ જાય ત્યારે તેને એક વાસણમાં દૂધ ભરી તેમાં ઝીણા લુગડા વતી ગંધકને છાણી લેવો. પછી દૂધ ઉપર જામી ગયેલ ગંધકને લઇ લેવો તેને શુદ્ધ થયેલો ગંધક જાણી ઔષધના કામમાં લેવો. ૧૩–૧૪

(હીંગળોકનું શોધન.)

मेषीक्षीरेण दरदमम्लवर्गैश्च भावितं ॥ १५ ॥
सप्तवारं प्रयत्नेन शुद्धिमायाति निश्चितम् ॥

હીંગળોકને ગાડરના દૂધમાં ખરલ કરી સાત ભાવના આપી

પછી લીંબુના રસની સાત ભાવના આપવી. એ પ્રમાણે બધી મળી ચૌદ ભાવના આપવાથી હીંગળોકની શુદ્ધિ થાય છે. ૧૫

(હીંગળોકમાંથી પારો કહાડવાની રીત.)

निंबूरसैर्निंबपत्ररसैर्वा याममात्रकम् ॥ ॥ १६ ॥
पिष्ट्वा दरदमूर्ध्वं च पातयेत्सूतयुक्तिवत् ॥
ततः शुद्धं रसं तस्मान्नीत्वा कार्येषु योजयेत् ॥ १७ ॥

લીંબુના રસમાં અથવા લીંબડાના પાંદડાંના રસમાં હીંગલોકને એક પ્રહર સુધી ખરલ કરી ડમરૂ યંત્રમાં ભરી નીચે અગ્નિ સળગાવી ઉપરની રીતથી શોધીને દરેક કામમાં વાપરવો. ૧૬-૧૭

(શુદ્ધ કરેલા પારાને મુખ કરવાની રીત.)

कालकूटो वत्सनाभ शृंगकश्च प्रदीपकः ॥
हलाहलो ब्रह्मपुत्रो हारिद्रः सक्तुकस्तथा ॥ १८ ॥
सौराष्ट्रिक इति प्रोक्ता विषभेदा अमी नव ॥
अर्कसेहुण्डधत्तूरलांगलीकरवीरकं ॥ १९ ॥
गुंजाहिफेनावित्येताः सप्तोपविषजातयः ॥
एतैर्विमर्दितः सूतश्छिन्नपक्षः प्रजायते ॥ २० ॥
मुखं च जायते तस्य धातूंश्च ग्रसते क्षणात् ॥

કાલકૂટ, વછનાગ, શૃંગક, પ્રદીપક, હલાહલ, બ્રહ્મપુત્ર, હારિદ્ર, સકતુક, અને સૈરાષ્ટિક એ નવને મહાવિષ કહેવામાં આવે છે.

આકડો, થોર, ધંતૂરો, દૂધયો વછનાગ, કણેર, ચણોઠી અને અફીણ એ સાતને ઉપવિષ કહેવામાં આવે છે. એ પ્રમાણે મહાવિષો ઉપવિષોમાંથી શુદ્ધ કરેલા એક એક વિષમાં પારાને સાત સાત દિવસ સુધી પ્રથક્ પ્રથક્ ખરલ કરી પછી કાંજીમાં ધોઇ નાખવો. એ પ્રમાણે અનુક્રમે ધોવાથી પારાને મુખ ફુટવાથી સુવર્ણાદિ ધાતુનું તત્કાલ ભક્ષણ કરે છે.

(મહાવિષાદિનાં લક્ષણ નીચે મુજબ છે:—

કાળકૂટ વિષ, સફેદ રંગનું હોય છે તથા તેના ઉપર લાલ બિંદુ બહુ હોય છે તથા નમ્ર હોય છે. તે પીંપરના જેવાં ઝાડનો ગુંદર છે. તે અહિચ્છત્ર, મલય, કોકણ, અને શૃંગબેરઆદિ પ્રદેશોમાં પર્વત ઉપર બહુ થાય છે.

વત્સનાભ વિષનાં પાંદડા નિર્ગુંડીના પાન જેવા થાય છે અને તેની આકૃતિ વછનાગના જેવી હોય છે. તેની આસપાસ વેલ વેલા ચડતા નથી. તે વિષ દ્રોણાચળ પર્વત ઉપર બહુ થાય છે.

શૃંગકવિષ, ગાયના શિંગડા જેવું હોય છે અને તેના બે ભાગ હોય છે તેને ગાયના શિંગડા ઉપર બાંધવાથી ગાયનું દૂધ રૂધિર સમાન બની જાય છે. તેને આદાના પાન જેવાં પાંદડાં થાય છે અને તે નદીના કિનારા ઉપર કીચડવાળા ભાગમાં બહુ થાય છે.

પ્રદીપક વિષ, અંગારા જેવું લાલ કાન્તિવાળું હોય છે, તેનાં પાંદડાં ખજૂરીના પાન જેવાં થાય છે અને તેને સુંઘવાથી દેહમાં દાહ થઈ મૃત્યુ થાય છે. તે સમુદ્રના કિનારા ઉપર થાય છે.

હલાહલ વિષ, તાડના પાંદડા જેવું થાય છે તથા તેનાં પાંદડાં નીલા રંગનાં હોય છે તથા ફળ ગાયનાં આંચળ જેવાં અને સફેદ હોય છે. તેમજ તેનો કન્દ પણ ગાયના આંચળ જેવો હોય છે. તેની આસપાસ વૃક્ષાદિક થતાં નથી. તેને સુંઘવાથી તાત્કાળ મરણ નીપજે છે.

બ્રહ્મપુત્ર વિષ, બ્રહ્મપુત્રા નદીના કિનારા ઉપર થાય છે અને તેનાં પાંદડાં, તથા ફળ ખાખરાના પાન તથા ફળ જેવાં હોય છે તથા કંદ મોટો હોય છે. તે વિષનો નાશ કરવામાં તથા રસાયન ક્રિયામાં ઘણું ઉપયોગી છે.

હારિદ્ર વિષ, હળદરના ખેતરમાં થાય છે તથા તેનાં પાન અને ગાંઠ પણ હળદરના જેવાં હોય છે. તે વિષ ઉપર તથા રસાયનમાં ઘણુંજ ઉપયોગી છે.

સકતુક વિષ, જવના જેવી આકૃતિનું થાય છે તથા અંદરથી સફેદ હોય છે. તે લોક પર્વતમાં બહુજ થાય છે.

સૌરાષ્ટિક વિષ, સોરઠ દેશમાં ઉત્પન્ન થાય છે. તેનો કંદ કાચબાના મસ્તક સમાન મોટો હોય છે તથા કૃષ્ણાગરૂ પ્રમાણે કાળો વર્ણ હોય છે અને તેનાં પાંદડાં ખાખરાના પાન જેવાં થાય છે.)

(મુખ તથા પક્ષછેદનની બીજી રીત.)

अथवा त्रिकटुक्षारौ राजी लवणपंचकम् ॥ २१ ॥
रसोनो नवसारश्च शिग्रुश्चैकत्रचूर्णितैः ॥
समांशैः पारदादेतैर्जंबीरेण रसेन वा ॥ २२ ॥

निंबुतोयैः कांजिकैर्वा सोष्णखल्वे विमर्दयेत् ॥
अहोरात्रत्रयेण स्यात् रसे च धातुचरंमुखं ॥ २३ ॥
अथवा बिंदुलीकीटै रसो मर्द्यस्त्रिवासरं ॥
लवणाम्लैः मुखं तस्य जायते धातुघस्मरम् ॥ २४ ॥

શુંઠ, કાળાં મરી, લીંડીપીપર, જવખાર, સાજીખાર, સિન્ધાલૂણ, સંચળ, બિડ લવણ, મીઠું, વડાગરૂં મીઠું, લસણ, નવસાદર, અને સરગવાની છાલ, એ દરેક સમાન ભાગે લેવાં. પછી તેનું બારીક ચૂર્ણ બનાવવું અને તેને પારાના સરખા ભાગે પારા સાથે મેળવી ગરમ ખરલમાં નાખી લીંબુના રસમાં અથવા કાંજીમાં ત્રણ દિનરાત ખરલ કરવાથી સુવર્ણાદિક ધાતુ ભક્ષણ કરવામાં પારાને મુખ થાય છે એટલે તે ઉડી જતો નથી. કિંવા સાપનો ગોવાળ તથા પારાને ખરળ કરી ૩ દિવસ રાત લસોટી પછી ૩ અહોરાત લીંબુ અને સિંધાલૂણમાં લસોટવાથી પણ પારાને ધાતુઓ ખાવાની શક્તિ મળે છે. ૨૧-૨૪

(કચ્છપ યંત્રથી ગંધકનું જારણ કરવાની રીત.)

मृत्कुण्डे निक्षिपेन्नीरं तन्मध्ये च शरावकम् ॥
महत्कुंडपिधानाभं मध्ये मेखलया युतम् ॥ २५ ॥
लिप्त्वा च मेखलामध्यं चूर्णेनात्र रसं क्षिपेत् ॥
रसस्योपरि गंधस्य रजो दद्यात्समांशकम् ॥ २६ ॥
दत्वोपरि शरावं च भस्ममुद्रां प्रदापयेत् ॥
तस्योपरि पुटं दद्यात् चतुर्भिर्गोमयोपलैः ॥ २७ ॥
एवं पुनः पुनर्गंधं षड्गुणं जारयेद्बुधः ॥
गंधे जीर्णे भवेत्सूतस्तीक्ष्णाग्निः सर्वकर्मकृत् ॥ २८ ॥

પહોળા મ્હોનું માટીનું વાસણ લઈ તેમાં એક કોડીયું મુકી કોડીયું ન બૂડે તેટલું પાણી ભરવું તથા કોડિયામાં એક આંગળ જાડો માટીનો લેપ કરી તેમાં ચૂનો પાથરવો અને તે ઉપર પારાને મૂકી તેના ઉપરસરખા ભાગે ગંધકનું ચૂર્ણ પાથરવું. પછી તેને બીજા કોડિયા વતી ઢાંકી બેઉને રાખવતી બંધ કરી લેવું. પછી આસપાસ ચાર અડાયાં છાણાનો અગ્નિ આપવો. એ પ્રમાણે અનુક્રમે છ વાર ગંધક નાખી અગ્નિ આપવાથી પારાની ઉત્તમ પ્રકારની ભસ્મ તૈયાર થાય છે. ૨૫-૨૮

(પારાના મારણની રીત.)

धूमसारं रसं तोरी गंधकं नवसागरम् ॥
यामैकं मर्दयेदम्लैर्भागं कृत्वा समांशकं ॥ २९ ॥
काचकुप्यां विनिक्षिप्य तां च मृद्वस्त्रमुद्रया ॥
विलिप्य परितो वस्त्रे मुद्रां दत्वा च शोषयेत् ॥ ३० ॥
अधः सच्छिद्रपिठरीं मध्ये कूपीं निवेशयेत् ॥
पिठरीवालुकापूरैर्भृत्वा चाकूपिकांगलम् ॥ ३१ ॥
निवेश्य चुल्ह्या तदधः कुर्याद्वह्निं शनैः शनैः ॥
तस्मादप्यधिकं किंचित् पावकं ज्वालयेत् क्रमात् ॥ ३२ ॥
एवं द्वादशभिर्यामैर्म्रियते सूतकोत्तम ॥
स्फोटयेत् स्वांगशीत नमूर्ध्वगं गंधकं त्यजेत् ॥ ३३ ॥
अधःस्थं मृतसूतं च सर्वकार्येषु योजयेत् ॥

ચૂલ્હાની ધુંમ, પારો, શુદ્ધ કરેલી ફટકડી, ગંધક અને નવસાગર એ તમામ સરખે ભાગે લઇ તેને એકઠાં કરી એક પહોર લીંબુના રસમાં ખરલ કરવાં. પછી તેને એક કાચની બાટલીમાં ભરી કપડ મટી કરવી તથા બાટલીના મુખ ઉપર બુચ મારી કપડમટી કરી તેને સુકવી એક માટીના વાસણમાં નીચે છેદ પાડી તેમાં મુકી તેના મુખ સુધી રેતી ભરવી ને તેની નળીને ખુલ્લી રાખવી, તેને વાલુકાયંત્ર કહેવામાં આવે છે. પછી તે વાસણને ચૂલા ઉપર મૂકી નીચે અગ્નિ સળગાવી શીશી ન ફાટે તે પ્રમાણે બાર પહોર સુધી અગ્નિ આપવો. પછી સ્વાંગ શીતળ થયા પછી શીશીને બાહાર કહાડી ગંધક વગેરે દૂર કરી શુદ્ધ ભસ્મ કહાડી લેવી અને તેનો ઓાષધના કામમાં ઉપયોગ કરવો. ૨૯-૩૩

(પારદભસ્મ કરવાની બીજી રીત.)

अपामार्गस्य बीजानां मूषायुग्मं प्रकल्पयेत् ॥ ३४ ॥
तत्संपुटे न्यसेत्सूतं मलयूदुग्धमिश्रितम् ॥
द्रोणपुष्पीप्रसूनानि विडंगमिरिमेदकैः ॥ ३५ ॥
एतच्चूर्णमधोर्ध्वे च दत्वा मुद्रां प्रकल्पयेत् ॥

तद्गोलं मुद्रयेत्सम्यग् मूषान् संपुटे सुधीः ॥ ३६ ॥
मुद्रां दत्त्वा शोषयित्वा ततो गजपुटे पचेत् ॥
एवमेकपुटेनैव संजातं भस्मसूतकम् ॥ ३७ ॥

અઘેડાનાં બીજને બારીક વાટી તેની બે મૂષ બનાવવી. પછી દ્રોણપુષ્પી(કૂબા)નાં ફૂલ, વાવડિંગ અને ખેરછાલ એ ત્રણે ઔષધોનું ચૂર્ણ બનાવી તેમાંથી અડધું ચૂર્ણ એક મૂષમાં ભરી તેના ઉપર કાળા ઉંબરાના દૂધમાં મિશ્ર કરેલા પારાને મૂકી તેના ઉપર બાકીનું અર્ધું ચૂર્ણ પાથરી બીજી મૂષ ઢાંકી દેઇ તેની સાંધો બંધ કરી એક ગોળો બનાવવો ને ગોળાને સરાવ સંપુટમાં મૂકી અડાયાં છાણાનો એક ગજ-પુટ આપવો જેથી પારાની ઉત્તમ ભસ્મ તૈયાર થાય છે. ૩૪–૩૭

(પારદભસ્મ કરવાની ત્રીજી રીત.)

काष्ठोदुंबरिकादुग्धै रसं किंचिद्विमर्दयेत् ॥
तद् दुग्धघृष्टहिंगोश्च मूषायुग्मं प्रकल्पयेत् ॥ ३८ ॥
धृत्वा तत्संपुटे सूतं तत्र मुद्रां प्रदापयेत् ॥
धृत्वा तं गोलकं प्राज्ञो मृन्मूषां संपुटेऽधिके ॥ ३९ ॥
पचेन्मृदुपुटेनैव सूतको याति भस्मतां ॥

ઉંબરાના દૂધમાં હીંગને ખરલ કરી તેની બે મૂષો બનાવવી. પછી પારાને ઉંબરાના દૂધમાં ખરલ કરી તેનો ગોળો બનાવી એક મૂષમાં મૂકી તેના ઉપર બીજી મૂષ ઢાંકી તેની સાંધ બરાબર બંધ કરી તેનો ગોળો બનાવવો. પછી તે ગોળાને સરાવ સંપુટમાં મૂકી તેને હલકા પુટનો અગ્નિ આપવાથી પારાની ભસ્મ તૈયાર થાય છે. ૩૮–૩૯

(પારદભસ્મ કરવાની ચોથી રીત.)

नागवल्लीरसैर्घृष्टः कर्कोटीकंदगर्भितः ॥ ४० ॥
मृन्मूषासंपुटे पक्त्वा सूतो यात्येव भस्मताम् ॥

શુદ્ધ કરેલા પારાનો નાગરવેલના પાનના રસમાં ખરલ કરવો પછી નર કન્ટોલાનો કંદ લાવી તેમાં છિદ્ર પાડી તેની અંદર પારો ભરી તેને તેનીજ ડગળીથી બંધ કરી તેના ઉપર કપડ માટીનું કવર કરી તેને સરાવ સંપુટમાં બંધ કરી હલકા અગ્નિનો પુટ આપવો જેથી પારાની ભસ્મ થાય છે. ૪૦

(સંપૂર્ણ જ્વરો ઉપર જ્વરાંકુશ રસ.)

खंडितं हरिणशृंगं ज्वालामुख्या रसैः समम् ॥ ४१ ॥
रुध्वा भांडे पचेच्चुल्यां यामयुग्मं ततो नयेत् ॥
अष्टांशं त्रिकटुं दद्यान्निष्कमात्रं तु भक्षयेत् ॥ ४२ ॥
नागवल्लीरसैः सार्धं वातपित्तज्वरापहम् ॥
अयं ज्वरांकुशो नाम रसः सर्वज्वरापहः ॥ ४३ ॥

હરણના શિંગડાના બારીક કકડા કરી તેને એક માટીના વાસણમાં ભરી તેમાં જ્વાળામુખીનો રસ મેળવી તે વાસણનું મુખ કપડમટ્ટી કરી બંધ કરવું. તેને ચુલા ઉપર રાખી બે પહોર સુધી અગ્નિ આપી ઉકાળવાં. સ્વાંગ શીતળ થયા પછી તે કકડાને બહાર કહાડી તેનું બારીક ચૂર્ણ બનાવવું. પછી તેમાં આઠમા ભાગે શુંઠ, મરી અને લીંડીપીપરનું ચૂર્ણ મેળવી તેને ખરલ કરી એકમેક થાય ત્યાં સુધી ઘુંટવું. આ પ્રમાણે તૈયાર થયેલ ઔષધને જ્વરાંકુશ કહેવામાં આવે છે. તેનું યોગ્ય અનુપાન સાથે ચાર માસા સુધી સેવન કરવાથી સંપૂર્ણ જ્વરોનો નાશ થાય છે. ૪૧-૪૩

(વિષમાદિ જ્વર ઉપર જ્વરારિ રસ.)

पारदं रसकं तालं तुत्थं टंकणगंधकं ॥
सर्वमेतत्समं शुद्धं कारवल्यारसैर्दिनम् ॥ ४४ ॥
मर्दयेल्लेपयेत्तेन ताम्रपात्रोदरं भिषक् ॥
अंगुल्यर्धप्रमाणेन ततो रुध्वा च तन्मुखम् ॥ ४५ ॥
पचेत्तं वालुकायंत्रे क्षिप्त्वा धान्यानि तन्मुखे ॥
यदा स्फुटंति धान्यानि तदा सिद्धं विनिर्दिशेत् ॥ ४६ ॥
ततो नयेत्स्वांगशीतं ताम्रपात्रोदराद्भिषक् ॥
रसं ज्वरारिनामानं विचूर्ण्य मरिचैः समम् ॥ ४७ ॥
माषैकं पर्णखंडेन भक्षयेन्नाशयेज्ज्वरान् ॥
त्रिदिनैर्विषमं तीव्रमेकद्वित्रिचतुर्थकं ॥ ४८ ॥

શોધેલો પારો, ખાપરિયો, હરતાલ, મોરથુથું, પાટિયો ટંકણખાર અને ગંધક એ ઔષધો સરખે ભાગે લઇ તેને એક દિવસ કારેલીના રસમાં ખરલ કરવો. પછી તેને ત્રાંબાની ડબીમાં ભરી અર્ધો

આંગળ જાડો લેપ કરી તેનું મુખ બંધ કરવું અને તેને વાલુકા-યંત્રમાં મૂકી નીચે અગ્નિ સળગાવવો તથા તેના મુખ ઉપર ચોખા ભીંજાવીને મુકવા. જ્યારે ચોખાની ધાણી ફુટવી શરૂ થાય ત્યારે ઔષધ તૈયાર થયું જાણવું. સ્વાંગ શીતળ થયા પછી તે ડબીમાંથી ઔષધ કહાડી લેવું તેને જ્વરારિ રસ કહેવામાં આવે છે. તે રસના સરખે ભાગે કાળાં મરી મેળવી તે બેઉનો ખરલ કરી એક બાટલીમાં ભરી રાખવો. તેમાંથી એક માસા પૂર પાનમાં ખાવાથી એકાંતરિયો, તરિયો, ચોથિયો તથા મહા દારૂણ વિષય જ્વરનો તાત્કાળ નાશ થાય છે. ૪૪-૪૮

(શીત વગેરે જ્વરો ઉપર શીતજ્વરારિ રસ.)

तालकं तुत्थकं ताम्रं रसं गंधमनःशिलां ॥
कर्षं कर्षं मयोक्तव्यं मर्दयेत् त्रिफलांबुभिः ॥ ४९ ॥
गोलं न्यसेत्संपुटके पुटं दद्यात् प्रयत्नतः ॥
ततो नीत्वार्कदुग्धेन वज्रीदुग्धेन सप्तधा ॥ ५० ॥
क्काथेन दंत्या श्यामाया भावयेत्सप्तधा पुनः ॥
माषमात्रं रसं दिव्यं पंचाशन्मरिचैर्युतम् ॥ ५१ ॥
गुडं गद्याणकं चैव तुलसीदलयुग्मकम् ॥
भक्षयेत्त्रिदिनं भक्त्या शीतारि दुर्लभं परम् ॥ ५२ ॥
पथ्यं दुग्धौदनं देयं विषमं शीतपूर्वकम् ॥
दाहपूर्वं हरत्याशु तृतीयकचतुर्थकौ ॥ ५३ ॥
द्व्याहिकं सततं चैव वैवर्ण्यं चविनश्यति ॥

શોધેલી હરતાલ, મોરથુથું, તામ્રભસ્મ, પારો, ગંધક, અને મણશિલ એ તમામ એક એક કર્ષ લઇ તેનો ત્રિફળાના કવાથમાં ખરલ કરી ગોળો બનાવી, પછી તેને સરાવસંપુટમાં બંધ કરી ગજપુટ અગ્નિ આપવો. જ્યારે સ્વાંગ શીતળ થઇ જાય પછી તેને બહાર કહાડી ખરલમાં નાખી, આકડાના દૂધની, થોરના દૂધની, નેપાળાના કવાથની તથા નસોતરના કવાથની અનુક્રમે સાત સાત ભાવના આપી એક એક માસા પૂર ગોળીઓ બનાવવી અને તે ગોળી પચાસ મરી, ૭ માસા ગોળ અને બે તુળશીનાં પાંદડાં એ બધાં એકત્ર કરી તેમાં મેળવી સેવન કરવાથી તથા દૂધ ભાતનું પથ્ય રાખવાથી

ત્રણ દિવસમાં વિષમજ્વર, શિતજ્વર, દાહ યુક્ત જ્વર, તરિયો, ચોથિયો આદિ તમામ જાતના જ્વરનો નાશ થાય છે. આ રસને શીતજ્વરારિ રસ કહેવામાં આવે છે. ૪૯–૫૩

(સર્વ જ્વર ઉપર જ્વરઘ્ની ગુટિકા.)

भागैकः स्याद्रसाच्छुद्धाद्दैलेयः पिप्पली शिवा ॥ ५४ ॥
अकारकरभोगंधः कटुतैलेन शोधितः ॥
फलानि चेंद्रवारुण्याश्चतुर्भागमिता अमी ॥ ५५ ॥
एकत्र मर्दयेत् चूर्णमिंद्रवारुणिकारसैः ॥
माषोन्मितां वटीं कृत्वा दद्यात्सर्वज्वरे भिषक् ॥ ५६ ॥
छिन्नारसानुपानेन ज्वरघ्नी गुटिका मता ॥

શુદ્ધ કરેલો પારો એક ભાગ તથા એળિયો, લીંડી પીંપર, હરડે, અકલકરો, શર્ષવના તેલમાં શુદ્ધ કરેલો આમલસારો ગંધક અને ઇન્દ્રવારૂણીનાં ફળ એ દરેક ચાર ચાર ભાગ લઇ તેમાંથી ગંધક શિવાય બાકીના ઔષધોનું ચૂર્ણ બનાવવું. પછી ગંધક તથા પારાને ખરલમાં ઘુંટી તેની કજળી બનાવી તેમાં ઉપરનું ચૂર્ણ મેળવી તેને ઇન્દ્રવારૂણીના રસમાં ખરલ કરી એક એક માસાપૂરની ગોળીઓ બનાવવી. તેમાંથી એક ગોળી ગળોના રસ સાથે સેવન કરવાથી તમામ જાતના જ્વરો નાશ થાય છે. ૫૪–૫૬

(ક્ષય વગેરે દર્દો ઉપર લોકનાથ રસ.)

शुद्धो बुभुक्षितः सूतो भागद्वयमितो भवेत् ॥ ५७ ॥
तथा गंधकस्य भागौ द्वौ कुर्यात्कज्जलिकां द्वयोः ॥
सूताच्चतुर्गुणेष्वेव कपर्देषु विनिःक्षिपेत् ॥ ५८ ॥
भागैकं टंकणं दत्वा गोक्षीरेण विमर्दयेत् ॥
तथा शंखस्य खंडानां भागानष्टौ प्रकल्पयेत् ॥५९॥
क्षिपेत्सर्वं पुटस्यांतश्चूर्णलिप्तशरावयोः ॥
गर्ते हस्तोन्मिते धृत्वा पचेद्गजपुटेन च ॥ ६० ॥
स्वांगशीतं समुद्धृत्य पिष्ट्वा तत्सर्वमेकतः ॥
षड्गुंजा संमितं चूर्णमेकोनत्रिंशदूषणैः ॥ ६१ ॥
घृतेन वातजे दद्यान्नवनीतेन पैत्तिके

क्षौद्रेण श्लेष्मजे दद्यादतीसारे क्षये तथा ॥ ६२ ॥
अरुचौ ग्रहणीरोगेकार्श्ये मंदानले तथा ॥
कासश्वासेषु गुल्मेषु लोकनाथो रसोहितः ॥ ६३ ॥
तस्योपरि घृतान्नं च भुंजीत कवलत्रयं ॥
मंचे क्षणैकमुत्तानः शयीतानुपधानके ॥ ६४ ॥
अनम्लमन्नं सघृतं भुंजीत मधुरं दधि ॥
प्रायेण जांगलं मांसं प्रदेयं घृतपाचितं ॥ ६५ ॥
सदुग्धभक्तं दद्याच्च जातेऽग्नौ सांध्यभोजनम् ॥
सघृतान् मुद्गवटकान् व्यंजनेष्वेवचारयेत् ॥ ६६ ॥
तिलामलककल्केन स्नापयेत्सर्पिषाथवा ॥
अभ्यंजयेत्सर्पिषा च स्नानं कोष्णोदकेन च ॥ ६७ ॥
क्वचित्तैलं न गृन्हीयान्न बिल्वं कारवेल्लकम् ॥
वृंताकं शफरीं चिंचां त्यजेत् व्यायाममैथुनम् ॥ ६८ ॥
मद्यं संधानकं हिंगु शुंठीमाषान् मसूरिकान् ॥
कूष्मांडराजिकाकोलं कांजिकं चैव वर्जयेत् ॥ ६९ ॥
त्यजेदयुक्तनिद्रां च कांस्यपात्रे च भोजनम् ॥
ककरादियुतं सर्वं त्यजेत् शाकफलादिकम् ॥ ७० ॥
ग्राह्योयं लोकनाथस्तु शुभे नक्षत्रवासरे ॥
पूर्णातिथौ शुक्लपक्षे ज्ञाते चंद्रबले तथा ॥ ७१ ॥
पूजयित्वा लोकनाथं कुमारीं भोजयेत्ततः ॥
दानं दद्याद्द्विघटिकामध्ये ग्राह्यो रसोत्तमः ॥ ७२ ॥
रसात्संजायते तापस्तदा शर्करया युतं ॥
सत्वं गुडूच्या गृह्णियात् वंशलोचनया युतं ॥ ७३ ॥
खर्जूरं दाडिमं द्राक्षामिक्षुखंडानि चारयेत् ॥
अरुचौ निस्तुषं धान्यं घृतभृष्टं सशर्करम् ॥ ७४ ॥
दद्यात्तथाज्वरे धान्यं गुडूचीक्काथसंयुतम् ॥

उशीरं वासककाथं दद्यात्समधुशर्करम् ॥ ७५ ॥
रक्तपित्ते कफे श्वासे कासे च स्वरसंक्षये ॥
अभिभ्रष्टं जयाचूर्णं मधुना निशि दीयते ॥ ७६ ॥
निद्रानाशेऽतिसारे च ग्रहण्यां मंदपावके ॥
सौवर्चलाभयाकृष्णाचूर्णमुष्णजलैः पिबेत् ॥ ७७ ॥
शूलेऽजीर्णे तथा कृष्णा मधुयुक्ता ज्वरे हिता ॥
प्लीहोदरे वातयुक्ते छर्द्यां चैव गुदांकुरे ॥ ७८ ॥
नासिकाप्लुतरक्तेषु रसंदाडिमपुष्पजम् ॥
दूर्वायाः स्वरसं नस्ये प्रदद्याच्छर्करायुतं ॥ ७९ ॥
कोलमज्जाकणाबर्हिपक्षभस्मसशर्करां ॥
मधुना लेहयेच्छर्दिहिक्काकोपस्य शांतये ॥ ८० ॥
त्रिधिरेषः प्रयोज्यस्तु सर्वस्मिन्पोटलीरसे ॥
मृगांके हेमगर्भे च मौक्तिकाख्ये परेषु च ॥ ८१ ॥
इत्ययं लोकनाथोक्तो रसः सर्वरुजां जयेत् ॥

શુદ્ધ અને બુભુક્ષિત પારો, તથા શુદ્ધ કરેલો ગંધક બબે ભાગ લેઇ તેને તથા પારાને ખરલમાં નાખી તેની કજળી બનાવવી પછી તેનાથી ચારગણી કોડીઓ લઇ તેમાં તે કજળીને ભરવી પછી પાટિયા ટંકણખારને ગાયના દૂધમાં ખરલ કરી તેનો કોડિયોના મુખ ઉપર લેપ કરી મોઢું બંધ કરી લેવું. પછી માટીનુ કોડીયું લઇ તેમાં ચુનાનો લેપ કરી તેમાં ચાર ભાગ શંખના કકડા મૂકી તેના ઉપર કોડિયો મૂકી તેને બીજા તેટલાજ શંખના કકડાથી ઢાંકી તેની ઉપર બીજું કોડિયું ઢાંકી સરાવસપુટમાં બંધ કરી જમીનમાં ખાડો ખોદી ગજપુટ અગ્નિ આપવો. જ્યારે સ્વાંગ શીતળ થઇ જાય ત્યારે ઔષધોને કાહડી લઇ ખરલ કરી એક બાટલીમાં ભરી લેવું તેને લોકનાથ રસ કહેવામાં આવે છે. આ રસમાં છ રતી અને ૨૯ મરીનું ચૂર્ણ મેળવી ઘી સાથે સેવન કરવાથી બાદીનો વ્યાધિ નાશ પામે છે. માખણ સાથે લેવાથી પિત્ત રોગ, મધ સાથે લેવાથી કફ રોગનો નાશ થાય છે. અતિસાર, ક્ષય, અરૂચિ, સંગ્રહણી, કૃશતા, મંદાગ્નિ, ખાંસી, શ્વાસ અને ગોળાના દરદ ઉપર આ રસ અકસીર છે. આ માત્રાનું સેવન કરી ઉપર ત્રણ ગ્રાસ ઘી સહિત ભાત

ખાઇ પછી ચાર મિનીટ સુધી ચતા સૂઇ રહેવું, અને ખટાશવાળા પદાર્થોનો ત્યાગ કરવો. ભોજનમાં મીઠાં દહીંનો ઉપયોગ કરવો. સાંજને વખતે જો ભૂખ લાગે તો દૂધ ભાત કે મગનાં વડાં ઘીમાં તળીને ખાવાં. તલ તથા આંમળાંનો કલ્ક કરી શરીરે ચોળી ન્હાવું અથવા ઘીનો માલિશ કરીને ન્હાવું. ન્હાવામાં ગરમ પાણી વાપરવું. તેલનો જરા પણ ઉપયોગ કરવો નહિં. બીલી, કારેલાં, રીંગણાં, આમલી, હીંગ, શુંઠ, અડદ, મસૂર, કોહળું, રાઈ, કાંજી વગેરે પદાર્થોનો ત્યાગ કરવો, તથા ક્રોધ, શ્રમ, મૈથુન, વગેરેનો ત્યાગ કરવો તથા દિવસે સુવું નહિં, કાંસાના વાસણમાં ભોજન કરવું નહિ, અને કના નામથી શરૂ થતા નામવાળાં શાક પણ ખાવાં નહિ. આ પ્રમાણે લોકનાથ રસ ઉપર પથ્ય પાળવું. શુભ દિવસ, ઉત્તમ વાર, પૂર્ણિમાદિ તિથિ, સારો ચંદ્રમા વગેરે શુભ શુકન જોઇ લોકનાથ પ્રભુનું પૂજન કરી કુમારિકા તથા બ્રાહ્મણોને ભોજન કરાવી યથાશક્તિ દાન આપી લોકનાથ રસનું સેવન કરવું. કદાચ આ રસ ખાવાથી દેહમાં સંતાપ થાય તો તે મટાડવા માટે સાકર, વંશલોચન અને ગળોનું સત્વ એકઠાં કરી ખાવાં તથા ખજૂર, દાઢમ, દ્રાક્ષ, શેરડી વગેરે પદાર્થો પણ થોડા ખાવા. અરૂચિ ઉપર ધાણાને ખાંડી ફોતરાં કહાડી નાખી ઘીમાં શેકી તેમાં સાકર મેળવી અને તેનું લોકનાથ રસ સાથે સેવન કરવું, જ્વર ઉપર લોકનાથ રસ તથા ધાણા અને ગળોનો કવાથ મેળવી પીવો, રક્તપિત્ત, સ્વરભંગ, ખાંસી, કાસ વગેરે ઉપર નેત્રવાળો તથા અરડુશાનો કવાથ બનાવી તેમાં સાકર, મધ અને લોકનાથ રસ મેળવી લેવું. ભાંગને શેકી તેનું ચૂર્ણ બનાવી તેમાં મધ તથા લોકનાથ રસ મેળવી રાત્રે ખાવાથી નિદ્રા આવે છે, અને અતિસાર, સંગ્રહણી નાશ થાય છે. સંચળ, હરડે અને લીંડીપીપર તેના ચૂર્ણમાં રસ મેળવી ગરમ પાણી સાથે લેવાથી અજીર્ણ દૂર થાય છે.તાવ, બરળ, વાતરક્ત, ઉલટી, અને મસા એઓ ઉપર લીંડીપીપરના ચૂર્ણ સહિત આ રસ અને મધ ચાટવું. નાક વગેરેમાંથી લોહી પડતું હોય તો દાડમના ફુલના રસ સાથે અથવા, ધરોના સ્વરસ સાથે સાકર નાખી તેનું નસ્ય લેવું. ઉલટી હેડકી માટે બોરની મીંજ, લીંડીપીપર અને મોરપીંછની ભસ્મ સાથે સાકર મધ તથા આ રસનો ઉપયોગ કરવો, આ રસનો વિધિ સર્વેપોટલી રસમાંથી લેવો, તેમાં પણ મૃગાંકરસ હેમગર્ભરસ મૌક્તિકાખ્યરસમાં અવશ્ય લેવો. એ પ્રમાણે રોગાનુસાર અનુપાન સાથે લોકનાથ રસનું સેવન કરવાથી તમામ જાતનાં દરદો નાશ પામે છે.

(क्षय उपर लघु लोकनाथ रस.)

वराटभस्म मंडूरं चूर्णयित्वा घृते पचेत् ॥ ८२ ॥
तत्समं मरिचं चूर्णं नागवल्या विभावितम् ॥
तच्चूर्णं मधुना लेह्यमथवा नवनीतकैः ॥ ८३ ॥
माषमात्रं क्षयं हंति यामे यामे च भक्षितम् ॥
लोकनाथरसो ह्येष मंडलाद्राजयक्ष्मनुत् ॥ ८४ ॥

કોડીની ભસ્મ તથા મંડુર ભસ્મ સરખે ભાગે લઇ તેમાં તેનાથી બમણું કાળાં મરીનું ચૂર્ણ મેળવી બધાંને એકત્રિત કરી ધીમાં ખરલ કરવો પછી તેને નાગરવેલના પાનના રસની ભાવના આપવી અને એક માસા પૂરની ગોળીઓ બનાવવી તેને લઘુ લોકનાથ રસ કહેવામાં આવેછે. તેને મધ અથવા માખણ સાથે મેળવી એક એક પહોરને અંતરે ખાવાથી સામાન્ય ક્ષય રોગનો નાશ થાય છે તથા એક મંડલ પર્યંત સેવન કરવાથી રાજયક્ષ્મા રોગનો નાશ થાય છે.

(ક્ષયાદિ રોગ ઉપર મૃગાંકપોટલી રસ.)

भूर्जवत्तनुपत्राणि हेम्नः सूक्ष्माणि कारयेत् ॥
तुल्यानि तानि सूतेनखल्ले क्षिप्त्वा विमर्दयेत् ॥ ८५ ॥
कांचनाररसेनैव ज्वालामुख्यारसेन वा ॥
लांगल्या वा रसैस्तावद्यावद्भवति पिष्टिकः ॥ ८६ ॥
ततो हेम्नश्चतुर्थांशं टंकणं तत्र निःक्षिपेत् ॥
पिष्टमौक्तिकचूर्णं च हेम द्विगुणमाहरेत् ॥ ८७ ॥
तेषु सर्वसमं गंधं क्षिप्त्वा चैकत्र मर्दयेत् ॥
तेषां कृत्वा ततो गोलं वासोभिः परिवेष्टयेत् ॥ ८८ ॥
पश्चान्मृदावेष्टयित्वा शोषयित्वा च धारयेत् ॥
शरावसंपुटस्यांतस्तत्रमुद्रां प्रदापयेत् ॥ ८९ ॥
लवणापूरिते भांडे धारयेत्त च संपुटम् ॥
मुद्रां दत्वा शोषयित्वा बहुभिर्गोमयैः पुटेत् ॥ ९० ॥
ततः शीतं समाहृत्य गंधं सूतसमं क्षिपेत् ॥
घृष्ट्वा च पूर्ववत् खल्ले पुनर्गजपुटेन च ॥ ९१ ॥

स्वांगशीतं ततो नीत्वा गुंजायुग्मं प्रकल्पयेत् ॥
अष्टभिर्मरिचैर्युक्तो कृष्णात्रययुतोथवा ॥ ९२ ॥
विलोक्य देयो दोषादीनेकैकारसरक्तिकाम् ॥
सर्पिषा मधुना वापि दद्याद्दोषाद्यपेक्षया ॥ ९३ ॥
लोकनाथसमं पथ्यं कुर्यात्स्वस्थमनाः शुचिः ॥
श्लेष्माणं ग्रहणीं कासं श्वासं क्षयमरोचकम् ॥ ९४ ॥
मृगांकोयं रसो हन्यात् कृशत्वं बलहानिताम् ॥

સોનાનાં ભોજ પત્ર જેવાં બારીક પત્રાં બનાવી તેના સમાન ભાગે શુદ્ધ કરેલો ગંધક લઈ બેઉને એકઠાં કરી કાંચનારના રસમાં અથવા જ્વાળામુખીના રસમાં લોટ જેવાં બારીક થાય ત્યાં સુધી ખરલ કરવો. પછી સોનાથી ચોથો ભાગ પાટિયો ટંકણખાર તથા બમણું મોતીનું ચૂર્ણ અને બધાને સમાન ભાગે ગંધક લઇ તે બધાં એકઠાં કરી તેનો ખરલ કરી ગોળો બનાવવો અને તેને કપડમાટી કરી તડકામાં સૂકવવો. સુકાયા પછી તેને માટીના સરાવ સંપુટમાં બંધ કરી પછી એક માટીનું માટલું લાવી તેના અરધા ભાગ સુધી મીઠું ભરી તેના ઉપર સંપુટ મુકી બાકીનો ભાગ મીઠાથી ભરી તે વાસણનું મુખ બંધ કરી કપડમાટી કરવું. પછી તેને ગજપુટ કરતાં વધારે અગ્નિ આપવો. જ્યારે સ્વાંગ શીતળ થાય ત્યારે સંપુટને બહાર કહાડી તેમાંથી ઔષધ કાઢી લઇ તેના સરખા ભાગે શુદ્ધ કરેલો આમલસારો ગંધક મેળવી કાંચનાર અથવા જ્વાળામુખીના રસમાં ખરલ કરી ઉપર પ્રમાણે ગજપુટ અગ્નિ આપવો. સ્વાંગ શીતળ થયા પછી ઔષધને કહાડી લેવું તેને મૃગાંક પોટલી રસ કહેવામાં આવે છે. તેનુ આઠ મરીના દાણા અથવા ત્રણ લીંડી પીપરના ચૂર્ણ સાથે સેવન કરવું અથવા રોગાનુસાર અનુપાનથી બે રતી પૂર સેવન કરવું. તેમજ તેના ઉપર રોગ પ્રમાણે ઘી, મધ વગેરે આપવું. આ રસના સેવન કરવાવાળા માણસે અંતઃકરણ દ્રઢ રાખવું તથા લોકનાથ રસ મુજબ પથ્ય પાળવું એ પ્રમાણે કરવાથી કફ, સંગ્રહણી, ખાંસી, શ્વાસ, ક્ષયરોગ, અરૂચિ, શરીરની કૃશતા, વગેરે તમામ દરદોનો નાશ થાય છે.

(કફ, ક્ષય વગેરે ઉપર હેમગર્ભ પોટલી રસ.)

सूतात्पादप्रमाणेन हेम्नः पिष्टं प्रकल्पयेत् ॥ ९५ ॥
तयोः स्याद्द्विगुणं गंधं मर्दयेत्कांचनारिना ॥

कृत्वा गोलं क्षिपेत् मूषासंपुटे मुद्रयेत्ततः ॥ ९६ ॥
पचेद्भूधरयंत्रेण वासरं त्रितयं बुधः ॥
ततः उध्धृत्य तत्सर्वं दद्याद्गंधं च तत्समम् ॥ ९७ ॥
मर्दयेच्चार्द्रकरसैश्चित्रकस्वरसेन च ॥
स्थूलपीतवराटांश्च पूरयेत्तेन यत्नतः ॥ ९८ ॥
एतस्मादौषधात्कुर्यादष्टमांशेन टंकणम् ॥
टंकणार्धं विषं दत्वा पिष्ट्वा सेहुडदुग्धकैः ॥ ९९ ॥
मुद्रयेत्तेन कल्केन वराटीनां मुखानि च ॥
भांडे चूर्णप्रलिप्तेथ धृत्वा मुद्रां प्रदापयेत् ॥ १०० ॥
पुगर्ते हस्तोन्मिते धृत्वा पुटेद्गजपुटेन च
स्वांगशीतं रसं ज्ञात्वा प्रदद्याल्लोकनाथवत् ॥ १ ॥
पथ्यं मृगांक वज्ज्ञेयं त्रिदिनं लवणं त्यजेत्
यदा छर्दिर्भवेत्तस्य दद्याच्छिन्नाशृतं तदा ॥ २ ॥
मधुयुक्तं तथा श्लेष्मकोपेदद्याद्गुडार्द्रकम् ॥
विरेके भर्जिता भंगा प्रदेया दधिसंयुता ॥ ३ ॥
जयेत्कासं क्षयं श्वासं ग्रहणी मरुचिं तथा ॥
अग्निं च कुरुते दीप्तं कफवातं नियच्छति ॥ ४ ॥
हेमगर्भः परोज्ञेयो रसः पोटलिका भिधः ॥

શુદ્ધ કરેલો પારો એક ભાગ લેવો. તેનાથી ચોથે ભાગે સોનાનું ચૂર્ણ અથવા વરખ લેવો તથા તે બેઉથી બમણો શુદ્ધ કરેલો ગંધક લઇ એ ત્રણેને એકઠાં કરી કાંચનારના રસમાં ખરલ કરી તેનો ગોળો બનાવવો. પછી તેને માટીના સરાવ સંપુટમાં બંધ કરી, જમીનમાં એક હાથ ઉંડો ખાડો કરી તેમાં ત્રણ દિવસ સુધી ગજપુટ અગ્નિ આપવો. આ ક્રિયાને ભૂધર યંત્ર કહેવામાં આવે છે. સંપુટ જ્યારે ટાઢો થઇ જાય ત્યારે તેમાંથી ઔષધને કહાડી તેના સરખા ભાગે શોધેલો આમલસારો ગંધક લઇ તે બેઉને આદાના રસમાં ખરલ કરવો. પછી ચિત્રકના રસમાં ખરલ કરી તેને મોટી મોટી પીળી કોડીઓ લાવી તેમાં ભરી દેવું. પછી ઔષધને આઠમે ભાગે શોધેલો ટંકણખાર તથા ટંકણખારથી અરધો વછનાગ લઇ

થોરના દૂધમાં ખરલ કરી તે વતી કૉડીનું મુખ બંધ કરવું. પછી એક માટીના વાસણમાં ચુનો ચોપડી તે ઉપર કૉડિયો મૂકવી. પછી તેના ઉપર વાસણ ઢાંકી તેનું મ્હોં કપડમાટી કરી બંધ કરી તેને એક હાથ ઉંડા ખાડામાં ગજપૂટ અગ્નિ આપવો. જ્યારે સ્વાંગ શીતળ થાય ત્યારે ઔષધને કહાડી લેવું આને હેમગર્ભપોટલી રસ કહેવામાં આવે છે. તેનું લોકનાથ રસ પ્રમાણે સેવન કરવું તથા મૃગાંક રસ પ્રમાણે પથ્ય પાળવું, તેમજ ત્રણ દિવસ સુધી મીઠું ખાવું નહિ. તેના સેવનથી ઉલટી થાય તો ગળોનો કવાથ કરી તેમાં મધ મેળવી પીવો. કફપ્રકોપ ઉપર ગોળ તથા આદાના રસમાં ખાવો. કદાચ તેનાથી દસ્ત લાગે તો ભાંગને શેકી દહીં સાથે ખાવી. આ રસથી ખાંસી, ક્ષય, શ્વાસ, સંગ્રહણી, અરૂચિ વગેરે દરદો નાશ થાય છે. ૯૫-૧૦૪

(હેમગર્ભપોટલી રસ કરવાની બીજી રીત.)

रसस्य भागाश्चत्वारस्तावंतः कनकस्यतु्च ॥ ५ ॥
तयोश्च पिष्टिकां कृत्वा गंधो द्वादशभागिकः ॥
कुर्यात्कज्जलिकां तेषा मुक्ता भागाश्च षोडश ॥ ६ ॥
चतुर्विंशश्च शंखस्य भागैकं टंकणस्य च ॥
एकत्र मर्दयेत्सर्वं पक्वानिंबूकजै रसैः ॥ ७ ॥
कृत्वा तेषां ततो गोलं मूषासंपुटके न्यसेत् ॥
मुद्रां दत्वा ततो हस्तमात्रे गर्ते च गोमयैः ॥ ८ ॥
पुटेद्गजपुटेनैव स्वांगशीतं समुद्धरेत् ॥
पिष्ट्वा गुंजाचतुर्मानं दद्याद्व्याज्यसंयुतम् ॥ ९ ॥
एकोनत्रिंशदुन्मानमरिचैः सह दीयते ॥
राजते मन्मये पात्रे कांचजे वापि लेहयेत् ॥ १० ॥
लोकनाथसमं पथ्यं कुर्याच्चस्वस्थमानसः ॥
कासे श्वासे क्षये वाते कफे ग्रहणिकागदे ॥ ११ ॥
अतिसारे प्रयोक्तव्या पोटली हेमगर्भिका ॥

શોધેલો પારો તથા સોનાનું બારીક ચૂર્ણ ચાર ચાર ભાગ લઇ તે બેઉને લોટ જેવો બારીક ભૂકો થતાં સુધી ખરલ કરી તેમાં બારભાગ શુદ્ધ કરેલો ગંધક મેળવી ખરલ કરી કજળી કરવી. પછી

સોળભાગ મોતીનું ચૂર્ણ, ચોવીશ ભાગ શંખનું ચૂર્ણ અને એક ભાગ પાટીયા ટંકણખારનું ચૂર્ણ એ બધાંને ઉપરની કજળીમાં મેળવી પાકેલાં લીંબુના રસમાં ખરલ કરી તેનો એક ગોળો બનાવવો અને તે ગોળાને સરાવ સંપુટમાં બંધ કરી એક હાથ ઊંડા ખાડામાં ગજપુટ અગ્નિ આપવો. જ્યારે સ્વાંગ શીતળ થાય ત્યારે તેમાંથી ગોળાને કહાડી લઈ ખરલ કરવો તેને હેમગર્ભ પોટલી રસ કહેવામાં આવે છે. આ રસ ચાર રતી પ્રમાણે રૂપાના, કાચના કે માટીના વાસણમાં ઓગણત્રીશ મરીનું ચૂર્ણ તથા ઘીની સાથે ખાવાથી અને તે ઉપર લોકનાથ રસ પ્રમાણે પથ્ય પાળવાથી ખાંસી, શ્વાસ, ક્ષય, રોગ, કફ, સંગ્રહણી, અને અતિસાર વગેરે તમામ દરદોનો નાશ થાય છે.

(વિષમજ્વર ઉપર મહા જ્વરાંકુશ.)

शुद्धसूतं विषं गंधं प्रत्येकं शाणसंमितं: ॥ १२ ॥
धूर्तबीजं त्रिशाणं स्यात्सर्वेभ्यो द्विगुणा भवेत् ॥
हेमाह्वा कारयेदेषां सूक्ष्मचूर्णं प्रयत्नतः ॥ १३ ॥
देयं जंबीरमज्जाभिश्चूर्णं गंजाद्वयोन्मितम् ॥
आर्द्रकस्वरसैर्वापि ज्वरं हंति त्रिदोषजम् ॥ १४ ॥
एकाहिकं व्याहिकं वा तृतीयत् वा चतुर्थकम् ॥
विषम च ज्वरं हन्याद्विख्यातोयं ज्वरांकुशः ॥ १५ ॥

શોધેલો પારો, વછનાગ, ગંધક, એ ત્રણ ત્રણ માસા, ધંતુરાનાં બીજ નવ માસા અને દારૂડીનાં બીજ બધાંથી બમણાં લેવાં. તે બધાંને એકઠાં કરી તેમાંથી પારો તથા ગંધકની કજળી કરવી, બાકીના ઔષધોનું ચુર્ણ કરી તેને કજળી સાથે મેળવી ખરલ કરી સુકવવું. એને મહા જ્વરાંકુશ કહેવામાં આવે છે. લીંબુ અથવા આદાના રસમાં બે રતીપૂર ખાવાથી ત્રિદોષજ્વર, એકાંતરો, તરિયો, તથા વિષમ જ્વરાદિ તમામ પ્રકારના જ્વરનો નાશ થાય છે. ૧૨-૧૫

(અતિસાર વગેરે ઉપર આનંદભૈરવ રસ.)

दरदं बत्सनामं च मरिचं टंचणं कणा ॥
चूर्णयेत समभागेन रसो ह्यानंदभैरवः ॥ १६ ॥
गुंजैकं वा द्विगुंजां वा बलं ज्ञात्वा प्रयोजयेत् ॥
मधुना लेहयेच्चानुकुटजस्य फलं त्वचं ॥ १७ ॥

चूर्णितं कर्षमात्रं तु त्रिदोषस्यातिसारजित् ॥
दध्यन्नं दापयेत् पथ्यं गव्याजं तक्रमेव च ॥ १८ ॥
पिपासायां जलं शीतं विजया च हिता निशि ॥

શુદ્ધ કરેલો હીંગળોક, વછનાગ, કાળાં મરી, પાટિયો ટંકણખાર અને લીંડીપીપર એ દરેક સરખે ભાગે લઈ તેનું ચૂર્ણ બનાવવું તેને આનંદભૈરવ રસ કહેવામાં આવે છે. આ રસ એક રતી અથવા બે રતીભાર ઈન્દ્રજવ અને કડાછાલના ચૂર્ણ સાથે મધ મેળવી ચાટવાથી ત્રિદોષજન્ય અતિસારનો નાશ થાય છે. પથ્યમાં ગાયનું દહીં ને ભાત, ઘી ભાત અથવા છાશ આપવું. તૃષા લાગે તો ઠંડું પાણી પાવું. રાત્રિએ ભાંગ પાવી તો અતિસાર ઉપર ફાયદો કરે છે. ૧૬-૧૮

(સન્નિપાત ઉપર લઘુસૂચિકાભરણ રસ.)

विषं पलमितं सूतः शाणिकं चूर्णयेद्द्वयम् ॥ १९ ॥
तच्चूर्णं संपुटे क्षिप्त्वा काचलिप्तशरावयोः ॥
मुद्रां दत्त्वा च संशोष्य ततश्चुल्यां निवेशयेत् ॥ २० ॥
वह्निः शनैः शनैः कुर्यात् प्रहरद्वयसंख्यया ॥
ततउत्पाट्य तन्मुद्रा ऊपरिस्थे शरावके ॥ २१ ॥
संलग्नो यो भवेध्धूमः संगृह्नीयाच्छनैः शनैः ॥
वायुस्पर्शो यथा न स्यात्तथा कुप्यां निवेशयेत् ॥ २२ ॥
रसः सूचीमुखे लग्नं कूप्यां निर्याति भेषजम् ॥
तावन्मात्रा रसो देयो मूर्छिते सन्निपातिनि ॥ २३ ॥
क्षीरेण प्रस्थिते मूर्ध्नि तत्रांगुल्या च घर्षयेत् ॥
रक्तभेषजसंपर्कान् मूर्च्छितोपिहि जीवति ॥ २४ ॥
तथैव सर्पदंष्ठस्तु मृतावस्थोपि जीवति ॥
यदा तापो भवेत्तस्य मधुरं तत्र दीयते ॥ २५ ॥

શુદ્ધ કરેલો વછનાગ એક પલ અને એક ગદિયાણો પારો એ બેઉનો ખરલ કરી બારીક ચૂર્ણ કરવું. પછી માટીના ગલાસમાં કાચલવણનો લેપ કરી તેમાં ચૂર્ણ ભરી તેના ઉપર બીજો ગ્લાસ ઢાંકી તેની સાંધ કપડમાટીથી બંધ કરી તેને સુકવી બે પહોર

સુધી મંદ મંદ અગ્નિ આપવો. પછી તેને નીચે ઉતારી સંપુટ ખોલી તેમાંથી આસ્તે આસ્તે પારો કહાડી એક શીશીમાં ભરી લેવો અને તેને મજબૂત બંધ કરવી. પછી તેમાંથી સોયને છેડે લાગે તેટલું ઔષધ લઈ જે માણસને સન્નિપાતથી મૂર્છા આવી હોય તેના તાળવા ઉપરથી વાળ કહાડી તે જગાઉપર લોહી સાથે મળે ત્યાં સુધી ચોળવાથી મૂર્છામાંથી શુદ્ધિમાં આવે છે. તેજ પ્રમાણે સર્પ વગેરેના ઝેર ઉપર પણ વાપરવું. તેના સેવનથી શરીરમાં દાહ પેદા થાય તો તે ઉપર ગુલકંદ દ્રાક્ષાદિ મધુર પદાર્થોનો ઉપયોગ કરવો. ૧૯–૨૫

(સન્નિપાત ઉપર જલચૂડામણિ રસ.)

भस्मसूतसमं गंधं गंधात्पादं मनःशिला ॥
माक्षिकं पिप्पली व्योषं प्रत्येकं शिलया समं ॥ २६ ॥
चूर्णयेत् भावयेत् पित्तैर्मत्स्यमायूरसंभवैः ॥
सप्तधा भाव्य संशुष्कं देयं गुञ्जाद्वयामितं ॥ २७ ॥
तालपर्णीरसैश्चानु पंचकोलशृतेन वा ॥
जलचूडो रसो नाम सन्निपातं नियच्छति ॥ २८ ॥
जलयोगश्च कर्त्तव्यस्तेन वीर्यं भवेद्रसे ॥

પારાની ભસ્મ તથા શુદ્ધ કરેલો આમલસારો ગંધક સરખે ભાગે લેવાં. તેનાથી ચોથે ભાગે મણશિલ, સુવર્ણમાક્ષિક ભસ્મ, લીંડીપીપર, શુંઠ અને મરી, એ ઔષધો લઇ તે બધાંને એકઠાં કરી તેનું ચૂર્ણ બનાવી તેને અનુક્રમે મચ્છી, મોરના પિત્તાની સાત સાત ભાવના આપવી તેથી જલચૂડામણિ રસ તૈયાર થાય છે. તેનું બે રતીપૂર મુસળીના કવાથમાં અથવા પંચકોલના કવાથમાં સેવન કરવાથી સન્નિપાત વગેરે દરદોનો નાશ થાય છે. ૨૬–૨૮

(સન્નિપાત વગેરે રોગ ઉપર પંચવક્ત્ર રસ.)

शुद्धसूतं विषं गंधं मरिचं टंकणं कणा ॥ २९ ॥
मर्द्दयेद्धूर्त्तजैर्द्रावैर्दिनमेकं च शोषयेत् ॥
पंचवक्त्रो रसो नाम द्विगुंजः सन्निपातहा ॥ ३० ॥
अर्कमूलकषायं तु सत्र्यूषमनुपाययेत् ॥
युक्तं दध्योदनं पथ्यं जलयोगं च कारयेत् ॥ ३१ ॥

रसेनानेन शाम्यंति सक्षौद्रेण कफोद्भवाः ॥
मध्वार्द्रकरसं चानु पिबेदग्निविवृद्धये ॥ ३२ ॥
यथेष्टं घृतमांसाशी शक्तो भवति पावकः ॥

શુદ્ધ કરેલો પારો, વછનાગ, ગંધક, કાળાં મરી, પાટિયો ટંકણખાર અને લીંડીપીપર એ ઔષધો સરખે ભાગે લઇ તેનું ચૂર્ણ કરી ધંતૂરાના રસમાં એકત્રિત કરી બે બે રતીની ગોળીઓ બનાવી સુકવવી લેવી. પછી તેનું આકડાના મૂળના ક્વાથમાં શુંઠ, મરી અને લીંડીપીપરનું ચૂર્ણ મેળવી એનું સેવન કરવાથી સન્નિપાત વગેરે નાશ પામે છે. પથ્ય દહીં ભાતનું રાખવું. તેમજ મધની સાથે આ રસનું સેવન કરવાથી કફાદિ રોગ પણ નાશ થાય છે તથા આદાના રસમાં મધ મેળવી સેવન કરવાથી જઠરાગ્નિ તેજ થાય છે. ૨૯-૩૨.

(સન્નિપાત વગેરે દરદો ઉપર ઉન્મત્ત રસ.)

रसगंधकतुल्यांशं धत्तूरफलजै रसैः ॥ ३३ ॥
मर्द्दयेद्दिनमेकं तु तत्तुल्यं त्रिकटुं क्षिपेत् ॥
उन्मत्ताख्यो रसो नाम नस्ये स्यात्सन्निपातजित्॥३४॥

શોધેલો પારો તથા ગંધક સમાન ભાગે લેવાં અને તે બેઉના સરખા ભાગે શુંઠ, કાળાં મરી, અને લીંડીપીપર લઈ તેનું ચૂર્ણ બનાવવું. પછી તે ચૂર્ણને ઉપરના ગંધક તથા પારા સાથે મેળવી ધંતૂરાના ફળના રસમાં એક દિવસ ખરલ કરી તેનુ બારિક ચુર્ણ બનાવવું. તેનુ નામ ઉન્મત્ત રસ કહેવામાં આવે છે. એનું સન્નિપાત ઉપર નાકમાં નસ્ય દેવાથી સન્નિપાત નાશ થાય છે. ૩૩-૩૪

(સન્નિપાત વગેરે ઉપર અંજન.)

निस्त्वक्जैपालबीजं च दशनिष्कं विचूर्णयेत् ॥
मरिचं पिप्पलीशुंठी प्रतिनिष्कं विमिश्रयेत् ॥ ३५ ॥
भाव्यो जंबीरजैर्द्रावैः सप्ताहं संप्रयत्नतः ॥
रसोयमंजने दत्तः सन्निपातं विनाशयेत् ॥ ३६ ॥

છાલ શિવાયનાં નેપાળાનાં બીજ દશ નિષ્ક અને કાળાં મરી,

લીંડીપીપર અને શુદ્ધ કરેલો પારો એ દરેક એક એક નિષ્ક લેવાં પછી તે બધાંને એકઠાં કરી લીંબુના રસની સાત ભાવના આપવાથી અંજન તૈયાર થાય છે, તે સન્નિપાતના દરદવાળાને આંખમાં આંજવાથી સન્નિપાત નાશ કરે છે. ૩૫–૩૬

(શૂળ વગેરે દરદો ઉપર નારાચ રસ.)

सूतं टंकणकं तुल्यं मरिचं सूततुल्यकम् ॥
गंधकः पिप्पली शुंठी द्वौ द्वौ भागौ विचूर्णयेत् ॥३७॥
सर्व तुल्यं क्षिपेद्दंतीबीजं निस्तुषितं भवेत् ॥
गुंजैक रेचनं सिद्धं नाराचोयं महारसः ॥ ३८ ॥
आध्मानमलविष्टंभमुदावर्तं च नाशयेत् ॥

શુદ્ધ કરેલો પારો, પાટિયો ટંકણખાર અને કાળાં મરી એ સરખે ભાગે લેવાં તથા ગંધક, લીંડીપીપર, અને શુંઠ એ દરેક પારાથી બમણાં લેવાં અને શુદ્ધ કરેલાં નેપાળાનાં બીજ બધાં ઔષધોને સરખે ભાગે લઇ તે બધાંને એકઠાં કરી તેનું ચૂર્ણ બનાવવું તેને નારાચ રસ કહેવામાં આવે છે. તેનું બે રતીપૂર ગરમ પાણી, તુળશીનો રસ અથવા મધ અને આદાના રસની સાથે સેવન કરવાથી શૂળ, ઉદાવર્તરોગ, પેટનું ફુલવું વગેરે વાયુરોગનો નાશ થાય છે તથા જુલાબ લાગે છે. (જુલાબ બંધ કરવા ટાઢું પાણી પીવું.)

(શૂળ વગેરે દરદો ઉપર ઇચ્છાભેદી રસ)

दरदं टंकणं शुंठी पिप्पली चेतिकार्षिकां ॥ ३९ ॥
हेमाह्वा पलमात्रं स्याद् दंतीबीजं च तत्समम् ॥
विचूर्ण्यैकत्र सर्वाणि गोदुग्धेनैव पाययेत् ॥ ४० ॥
त्रिगुंजं रेचने दद्यात् विष्टंभाध्मानरोगिषु ॥

શુદ્ધ કરેલો હીંગળોક, પાટિયો ટંકણખાર, શુંઠ અને લીંડીપીપર એ દરેક એકએક તોલો લેવાં તથા દારૂડીનાં મૂળ, અને શોધેલાં નેપાળાનાં બીજ ચાર ચાર તોલાં લેવાં. પછી તે બધાંને એકઠાં કરી તેનું બારીક ચૂર્ણ બનાવવું, તેને ઇચ્છાભેદી રસ કહેવામાં આવે છે. તેનું ગાયના દૂધમાં ત્રણ રતીપૂર સેવન કરવાથી જુલાબ લાગે છે તથા મળનો અવરોધ, પેટનું ફુલવું વગેરે દરદો નાશ થાય છે.

(ક્ષય વગેરે દરદો ઉપર રાજમૃગાંક રસ.)

भस्मसूतत्रयो भागा भागैकं हैमभस्मकम् ॥ ४१ ॥
मृतताम्रस्य भागैकं शिलागंधकतालकम् ॥
प्रतिभागद्वयं शुद्धमेकीकृत्य विचूर्णयेत् ॥ ४२ ॥
वराटान् पूरयेत्तेन छागीक्षीरेण टंकणम् ॥
पिष्ट्वा तेन मुखं रुध्वा मृद्भांडे सन्निरोधयेत् ॥ ४३ ॥
शुष्कं गजपुटे पक्त्वा चूर्णयेत् स्वांगशीतलम् ॥
रसो राजमृगांकोयं चतुर्गुंजः क्षयापहः ॥ ४४ ॥
दशपिप्पलिका क्षौद्रैरेकोनात्रिंशदूषणैः

પારાની ભસ્મ ત્રણ ભાગ, સુવર્ણ તથા અભ્રકભસ્મ એક એક ભાગ, મણશિલ, શુદ્ધ કરેલો ગંધક અને હરતાલ એ દરેક બે બે ભાગ લેવાં. પછી તે બધાંને એકઠાં કરવાં. પછી તેનું ખરલ કરી બારીક ચૂર્ણ બનાવવું. પછી મોટી મોટી પીળી કોડીઓ લઇ તેમાં ચૂર્ણને ભરી તેનું મુખ બકરીના દૂધમાં ખરલ કરેલા ટંકણખારના ચૂર્ણવતે બંધ કરી તેને એક માટીના વાસણમાં મૂકી તેનું મુખ કપડમાટી કરી બંધ કરી તેને આડાયાં છાણાનો ગજપુટ અગ્નિ આપવો. સ્વાંગ શીતળ થયા પછી તેમાંથી ઔષધ કહાડી લેવું તેને રાજમૃગાંક રસ કહેવામાં આવે છે. આ રસ ચાર રતીપૂર લીંડીપીપર અને ઓગણત્રીસ મરીના ચૂર્ણ સાથે મધ મેળવી ખાવાથી ક્ષયરોગનો નાશ થાય છે. ૪૧–૪૪

(ક્ષય વગેરે ઉપર સ્વયમગ્નિ રસ.)

शुद्धं सूतं द्विधा गंधं कुर्यात् खल्वेन कज्जलीम् ॥४५॥
तयोः समं तीक्ष्णचूर्णं मर्दयेत्कन्यकाद्रवैः ॥
द्वियामांते कृतं गोलं ताम्रपात्रे विनिक्षिपेत् ॥ ४६ ॥
आच्छाद्यैरंडपत्रेण यामार्धेऽत्युष्णतां भवेत् ॥
धान्यराशौ न्यसेत्पश्चादहोरात्रात्समुद्धरेत् ॥ ४७ ॥
संचूर्ण्य गालयेद्वस्त्रेसत्यं वारितरं भवेत् ॥
भावयेत्कन्यकाद्रावैः सप्तधा भृंगजैस्तथा ॥ ४८ ॥

काकमाचीकुरंटोत्थद्रवैर्मुंड्याः पुनर्नवैः ॥
सहदेव्यामृतानील्या निर्गुंड्याश्चित्रजैस्तथा ॥ ४९ ॥
सप्तधातुपृथक्द्रावैर्भाव्यं शोष्यं तथातपे ॥
सिद्धयोगो ह्ययं ख्यातः सिद्धानां च मुखागतः॥५०॥
अनुभूतो मया सत्यं सर्व रोगगणापहः ॥
स्वर्णादीन्मारयेदेवं चूर्णीकृत्य तु लोहवत् ॥ ५१ ॥
त्रिफलामधुसंयुक्तः सर्वरोगेषु योजयेत् ॥
त्रिकटुत्रिफलैलाभिर्जातीफललवंगकैः ॥ ५२ ॥
नवभागोन्मितैरेतैः समःपूर्वरसो भवेत् ॥
संचूर्ण्य लोडयेत्क्षौद्रैर्भक्ष्यं निष्कद्वयं द्वयम् ॥ ५३ ॥
स्वयमग्निरसो नाम्ना क्षयकासनिकृंतनः ॥

શોધેલો પારો એક ભાગ તથા આમલસારો ગંધક બે ભાગ લેઈ તે બેઉની કજળી કરવી. પછી તેમાં તેના સમાન ભાગે પોલાદનું ચૂર્ણ મેળવી તેનો કુંવારના રસમાં બે પહોર સુધી ખરલ કરી ગોળો બનાવવો. પછી તેને ત્રાંબાના વાસણમાં મૂકી, તેના ઉપર એરંડાના પાંદડાં ઢાંકી, ચાર ઘડી સુધી તડકામાં સુકવવો. જ્યારે ગોળો ગરમ થાય ત્યારે તેને અનાજના ઢગલામાં એક દિવસ અને રાત ભારી રાખવો. પછી તેને બહાર કહાડી તેનું ચૂર્ણ બનાવી કપડાથી છાણી લેવું અને તે ચૂર્ણને પાણી ઉપર નાખવું. જો તરવા માંડે તો ભસ્મ થઈ છે એમ સમજી તેને કુંવાર, ભાંગરો, પીલુડી, અશેળિઓ, ગોરખમુંડી, સાટોડી, મોટી કાંસકી, ગળો, ગળી, નગોડ અને ચિત્રક એ ઔષધોના રસની એક પછી એક સાત સાત ભાવના આપવી. દરેક ભાવનાને અંતે તડકામાં સૂકવી પછી બીજી ભાવના આપવી શરૂ કરવી. એ પ્રમાણે સાત ભાવના આપવી. તે પ્રમાણે સ્વયમગ્નિ રસ સિદ્ધ થાય છે. તેનું ત્રિફળાના ચૂર્ણ તથા મધ સાથે બે નિષ્ક પ્રમાણે સેવન કરવાથી સંપૂર્ણ રોગ નાશ થાય છે તથા સુંઠ, મરી, લીંડીપીપર, હરડાં, બહેડાં, આમળાં, એલચી, જાયફળ, અને લવિંગ તે દરેક સરખે ભાગે લઈ તેનું ચૂર્ણ બનાવી તેમાં સરખે ભાગે સ્વયમગ્નિ રસ મેળવી મધ સાથે બે નિષ્ક પ્રમાણે સેવન કરવાથી ખાંસી, ક્ષય, વગેરે દરદોનો નાશ થાય છે. દરદીની શક્તિ અનુસાર યોગ્ય અનુ-

પાન સાથે આપવું. આ રસની ક્રિયા પ્રમાણે સુવર્ણ વગેરે ધાતુનું ચૂર્ણ બનાવી તેની ભસ્મ બનાવાય છે. આ રસ સર્વત્ર પ્રસિદ્ધ મહાન પુરૂષોએ કહેલો છે. ૪૫-૫૩

(શ્વાસ વગેરે ઉપર સૂર્યાવર્ત રસ.)

सूताधौ गंधको मर्द्यो यामैकं कन्यकाद्रवैः ॥ ५४ ॥
द्वयास्तुल्यं ताम्रपत्रं पूर्वकल्केन लेपयेत् ॥
दिनैकं स्थालिकायंत्रे पक्त्वा मादाय चूर्णयेत् ॥ ५५ ॥
सूर्यावर्तो रसो ह्येष द्विगुंजः श्वासजिद्भवेत् ॥

શુદ્ધ કરેલો પારો એક ભાગ તથા તેનાથી અર્ધોભાગ ગંધક લઈ તેને એકઠાં કરી કુંવારના રસમાં એક પહોર સુધી ખરલ કરી તેનો કલ્ક બનાવવો. પછી તે કલ્કને સરખે ભાગે શુદ્ધ કરેલાં ત્રાંબાનાં પત્રાં લેવાં અને તેના ઉપર કલ્કનો લેપ કરી તેને એક માટીના વાસણમાં ભરી વાસણનું મુખ કપડમાટીથી બંધ કરી સુકવવું. સુકાયા પછી તેને એક દિવસ સુધી અગ્નિ આપવો. પછી સ્વાંગ શીતળ થાય ત્યારે તેમાંથી પત્રાં કહાડી લઈ તેનું ખરલ કરી બારીક ચૂર્ણ બનાવવું, તેને સૂર્યાવર્ત્ત રસ કહેવામાં આવે છે. એનું બે રતીપૂર સેવન કરવાથી શ્વાસ વગેરે દરદો નાશ થાય છે. ૫૪-૫૫

(વાતરોગ ઉપર સ્વચ્છંદભૈરવ રસ.)

शुद्धसूतं मृतं लोहं ताप्यं गंधकतालकं ॥ ५६ ॥
पथ्याग्निमंथनिर्गुंडीत्र्यूषणं टंकणं विषम् ॥
तुल्यांशं मर्दयेत् खल्वे दिनं निर्गुंडिकाद्रवैः ॥ ५७ ॥
मुंडीद्रावैर्दिनैकं तु द्विगुंजं वटकीकृतम् ॥
भक्षयेद्वातरोगार्तो नाम्ना स्वच्छंदभैरवम् ॥ ५८ ॥
रास्नामृतादेवदारुशुंठी वातारिजंशृतम् ॥
सगुग्गुलुं पिबेत् कोष्णमनुपानं सुखावहम् ॥ ५९ ॥

શુદ્ધ કરેલો પારો, લોહભસ્મ, સુવર્ણમાક્ષિક ભસ્મ, ગંધક, હરતાલ, હરડે, અરણી, નગોડ, શુંઠ, કાળાં મરી, લીંડીપીપર, પાટિયો ટંકણખાર અને શુદ્ધ વછનાગ એ દરેક સમાન ભાગે લઇ તેને નગોડના રસમાં એક દિવસ ખરલ કરી બબે રતિપૂર ગોળીઓ

બનાવવી, તેને સ્વચ્છંદભૈરવ રસ કહેવામાં આવે છે. રાસ્ના, ગળો, દેવદાર, શુંઠ, એરંડમૂળ, એ ઔષધોના ક્વાથમાં ગુગળ મેળવી તેની સાથે એ રસનું સેવન કરવાથી તમામ જાતના વાયુવિકારનો નાશ થાય છે. ૫૬-૫૮

(સંગ્રહણી ઊપર હંસપોટલી રસ)

दग्धान् कपर्दिकान् पिष्ट्वा त्र्यूषणं टंकणं विषम् ॥
गंधकं शुद्धसूतं च तुल्यं जंबीरजैर्द्रवैः ॥ ६० ॥
मर्दयेत्भक्षयेन्माषं मरिचाज्यं लिहेदनु ॥
निहंति ग्रहणीरोगं पथ्यं तक्रौदनं हितम् ॥ ६१ ॥

કોડીની ભસ્મ, શુંઠ, કાળાં મરી, લીંડીપીપર, ફુલાવેલો ટંકણખાર, વછનાગ, ગંધક અને શુદ્ધ કરેલો પારો તે તમામ સરખે ભાગે લઈ તેનું ચૂર્ણ બનાવી તેને લીંબુના રસમાં ખરલ કરી તેની એક માસાની ગોળીઓ બનાવવી. તેનું મરીના ચૂર્ણ તથા મધ સાથે સેવન કરી છાશ અને ભાતનું પથ્ય પાળવું જેથી સંગ્રહણી નાશ થાય છે.

(પથરીના દરદ ઊપર ત્રિવિક્રમ રસ.)

मृतं ताम्रमजाक्षीरैः पाच्यं तुल्यैर्गते द्रवे ॥
तत् ताम्रं शुद्धसूतं च गंधकं च समं समम् ॥ ६२ ॥
निर्गुंडीस्वरसैर्मर्द्यं दिनं तद्गोलको कृतम् ॥
यामैकं वालुकायंत्रे पाच्यं योज्यं द्विगुंजकम् ॥ ६३ ॥
बीजपूरस्य मूलं तु सजलं चानुपाययेत् ॥
रसस्त्रिविक्रमो नाम्नामासैकेनाश्मरीमणुत् ॥ ६४ ॥

તામ્રભસ્મ તથા બકરીનું દૂધ સરખે ભાગે લઇ તે બેઉ એકઠાં કરી તેને અગ્નિ ઉપર ઘટ્ટ થતાં સુધી ઉકાળવાં. ઘટ્ટ થયા પછી તેમાં શુદ્ધ પારો તથા ગંધક સમાન ભાગે મેળવી નિર્ગુંડીના રસમાં એક દિવસ ખરલ કરી તેનો ગોળો બનાવવો. પછી તેને વાલુકાયંત્રથી એક પહોર અગ્નિ આપવો. જ્યારે સ્વાંગ શીતળ થઇ જાય ત્યારે તે ગોળાને બહાર કહાડી તેનું ચૂર્ણ બનાવવું. તેને ત્રિવિક્રમ રસ કહેવામાં આવે છે. આ રસનું બે રતીપૂર બીજોરાના મૂળના રસમાં અથવા એના ક્વાથમાં મેળવી સેવન કરવાથી પથરીનું દરદ નાશ પામે છે. ૬૨-૬૪

(કુષ્ઠ વગેરે ઉપર મહાતાલેશ્વર રસ.)

तालं ताप्य शिलासूतं शुद्धं सैंधवटंकणम् ॥
समांशं चूर्णयेत्खल्वे सूताद्द्विगुणगंधकम् ॥ ६५ ॥
गंधतुल्यं मृतं ताम्रं जंबीरैर्दिनपंचकम् ॥
मर्द्यं षड्भिः पुटैः पाच्यं भूधरे संपुटे पचेत् ॥ ६६ ॥
पुटे पुटे द्रवैर्मर्द्यं सर्वमेतत्तु षट्पलम् ॥
द्विपलं मारितं ताम्रं लोहभस्म चतुःपलम् ॥ ६७ ॥
जंबीराम्लेन तत्सर्वं दिनं मर्द्यं पुटेल्लघु ॥
त्रिंशदंशंविषं चास्य क्षिप्त्वा सर्वं विचूर्णयेत् ॥ ६८ ॥
माहिषाज्येन संमिश्रं निष्कार्द्धं भक्षयेत्सदा ॥
मध्वाज्यैर्वाकुचीचूर्णं कर्षमात्रं लिहेदनु ॥ ६९ ॥
सर्वकुष्ठाग्निहंत्याशु महातालेश्वरो रसः ॥

શુદ્ધ કરેલી હરતાલ, સુવર્ણમાક્ષિક ભસ્મ, મણશિલ, શુદ્ધ પારો, સિન્ધાલૂણ અને પાટિયો ટંકણખાર એ દરેક સરખે ભાગે લેવાં. પછી પારાથી બમણો ગંધક તથા ગંધકના સમાન ભાગે તામ્રભસ્મ લઇ એ બધાંને એકઠાં કરી તેનો લીંબુના રસમાં પાંચ દિવસ ખરલ કરી ગોળો બનાવવો. પછી તેને સરાવ સંપુટમાં બંધ કરી ભૂધર યંત્રમાં મુકી ગજપુટ અગ્નિ આપવો. જ્યારે સ્વાંગશીતળ થાય ત્યારે ગોળાને બહાર કહાડી ફરીથી લિંબુના રસમાં પાંચ દિવસ ખરલ કરી ઉપર પ્રમાણે ભુધર યંત્રદ્વારા અગ્નિ આપવો. તે પ્રમાણે ભૂધર યંત્રમાં અનુક્રમે ૭ વખત અગ્નિ આપવાથી ભસ્મ તૈયાર થાય છે. પછી તૈયાર કરેલી ભસ્મ ૭ પલ, તામ્રભસ્મ બે પલ અને લોહભસ્મ ચાર પલ લઇ એ ત્રણેને એકત્રિત કરી લીંબુના રસમાં એક દિવસ ખરલ કરી તેનો ગોળો બનાવવો અને તેને સરાવસંપુટમાં બંધ કરી હલકા પુટનો અગ્નિ આપવો. પછી જ્યારે સ્વાંગ શીતળ થાય ત્યારે સંપુટમાંથી ગોળાને કહાડી લઈ તેમાં ભસ્મના ત્રીશમા ભાગે શુદ્ધ વછનાગ મેળવી તેનું ખરલ કરી ચૂર્ણ બનાવવું એટલે મહાતાલેશ્વર રસ તૈયાર થાય છે. આ રસનુ અર્ધ નિષ્ક પ્રમાણ ઘી સાથે સેવન કરવાથી તથા ઘી અને મધ વિષમ ભાગે લઇ તેમાં બાવચીનું એક કર્ષ ચૂર્ણ મેળવી તેની સાથે સેવન કરવાથી સર્વે કુષ્ઠ રોગો નાશ થાય છે. ૬૫-૬૯

(કુષ્ઠરોગ ઉપર કુષ્ઠકુઠાર રસ.)

भस्मसूतसमो गंधो मृतायस्ताम्रगुग्गुलू ॥ ७० ॥
त्रिफला च महानिंबश्चित्रकश्च शिलाजतु ॥
इत्येतच्चूर्णितं कुर्यात् प्रत्येकं शाणषोडश ॥ ७१ ॥
चतुःषष्टिकरंजस्य बीजंचूर्णं प्रकल्पयेत् ॥
चतुःषष्टि मृतं चाभ्रमध्वाज्याभ्यां विलोडयेत्॥ ७२ ॥
स्निग्धभांडे घृतं खादेद्द्विनिष्कं सर्वकुष्ठनुत् ॥
रसः कुष्ठकुठारोयं गलत्कुष्ठनिवारणः ॥ ७३ ॥

પારાની ભસ્મ, ગંધક, લોહભસ્મ, તામ્રભસ્મ, ગુગળ, હરડાં, બહેડાં, આમળાં, બકાનની છાલ, ચિત્રકની છાલ, અને શિલાજીત એ દરેક સોળ સોળ શાણ લેવાં, તથા કરંજનાં બીજ ચોસઠ શાણ લઇ તે બધાંને એકઠાં કરી તેનું બારીક ચૂર્ણ બનાવી તેમાં ચોસઠ શાણ અભ્રકભસ્મ મેળવી બધાંને મિશ્ર કરી તેમાં મધ અને ઘી બેઉ વિષમ ભાગે લઇ મેળવવાં. પછી તે ચૂર્ણને ઘી ભરવાના વાસણમાં ભરી રાખવું, તેને કુષ્ઠકુઠાર રસ કહેવામાં આવે છે. તેનું બે નિષ્કપૂર સેવન કરવાથી કુષ્ઠરોગ તથા ગલત્કુષ્ઠ નાશ થાય છે.

(કુષ્ઠરોગ ઉપર ઉદયાદિત્ય રસ.)

शुद्धं सूतं द्विधा गंधं मर्द्यं कन्याद्रवैर्दिनम् ॥
तद्गोलं पिठरीमध्ये ताम्रपात्रेण रोधयेत् ॥ ७४ ॥
सूतकात्त्रिगुणेनैव शुद्धेनाधोमुखेन च ॥
पार्श्वे भस्म निधायाथ पात्रार्ध्वे गोमयं जलं ॥ ७५ ॥
किंचित् किंचित् प्रदातव्यं चुल्यां यामद्वयं पचेत् ॥
चंडाग्निना तदुध्धृत्य स्वागशीतं समुद्धरेत् ॥ ७६ ॥
कष्टोदुंबरिकावह्नित्रिफला राजवृक्षकं ॥
विडंगं बाकुचीबीजं क्वाथयेत्तेन भावयेत् ॥ ७७ ॥
दिनैकमुदयादित्यो रसो देयो द्विगुंजकः ॥
विचर्चिकां दद्रुकुष्टं श्वेतकुष्टं च नाशयेत् ॥ ७८ ॥
अनुपानं प्रकर्तव्यं बाकुचीफलचूर्णकं ॥

खदिरस्य कषायेण समेन परिपाचितम् ॥ ७९ ॥
त्रिशाणं तद्भवां क्षीरैः क्वाथैर्वा त्रिफलोद्भवैः ॥
त्रिदिनांते भवेत् स्फोटः सप्ताहाद्वा किलासके ॥८०॥
नीलीगुंजाश्च काशीसं धत्तुरं हंसपादिका ॥
सूर्यभक्तं च चांगेरी पिष्ट्वा तुल्यानि लेपयेत्॥ ८१ ॥
स्फोटस्थानप्रशांत्यर्थं सप्तरात्रं पुनः पुनः ॥
श्वेतकुष्ठानि हंत्याशु साध्यासाध्यं न संशयः॥ ८२ ॥
अपरश्वित्रलेपोपि कथ्यतेत्र भिषग्वरैः ॥
गुंजाफलाग्निचूर्णं च प्रलेपः श्वेतकुष्टनुत् ॥ ८३ ॥
शिलापामार्गभस्मापिलिप्तश्वित्रं विनाशयेत् ॥

શુદ્ધ કરેલો પારો ચાર પલ, અને તેનાથી બમણો ગંધક લઈ તે બેઉનો કુંવારના રસમાં ખરલ કરી ગોળો બનાવવો. પછી તેને એક માટીના વાસણમાં મૂકી તેના ઉપર પારાથી ત્રણગણા વજનના ત્રાંબાના પતરાની વાટકી બનાવી ઢાંકવી અને તેની સાંધો રાખવતી બંધ કરી તે વાટકી ઉપર ગાયના છાણને પાણીમાં મેળવી તેનો લેપ કરવો. તે સૂકાયા પછી ઘડાને ચુલા ઉપર ચડાવી બે પહોર સુધી સખત અગ્નિ આપવો. જ્યારે સ્વાંગ શીતળ થાય ત્યારે સંપુટને બહાર કહાડી તેમાંથી બધું ઔષધ તથા વાટકી કહાડી લેવાં. પછી ઉન્દુબર. ચિત્રક, ત્રિફળા, ગરમાળાનો ગોળ, વાવડિંગ અને બાવચી એ ઔષધોનો કવાથ બનાવી તેમાં ઉપરનાં ઔષધો મેળવી એક દિવસ ખરલ કરી પુટ આપવો. પછી તેને સુકવીને ગોળીઓ વાળવી તેને ઉદયાદિત્ય રસ કહે છે. આ રસ એક રતીપૂર ત્રણ શાણ બાવચીનું ચૂર્ણ તથા ખેરછાલના કવાથ સાથે મેળવી સેવન કરવાથી અથવા ગાયના દૂધ કે ત્રિફળાના કવાથ સાથે મેળવી સેવન કરવાથી વિચર્ચિકા, દરાજ, કુષ્ઠ, અને વાતરક્તાદિ દરદો નાશ થાય છે. કુષ્ઠરોગવાળાને આ રસનું ત્રણ દિવસ સેવન કરવાથી ચોથે કે સાતમે દિવસે શરીરમાં ફોડલા નીકળે છે. તેના ઉપર નીલ-ગળી ચણોઠી, હીરાકશી, ધંતુરો, હંસપદી, સૂર્યમુખી ફુલ, અને ખાટી ભાજી એ બધાંનાં મૂળીયાં લઈ તેનો કલ્ક બનાવી લેપ કરવાથી ફોડલા મટી જાય છે અને સાધ્ય અથવા અસાધ્ય સફેદ કુષ્ઠ રોગ હોય તોપણ અવશ્ય નાશ થાય છે. ૭૪-૮૩

બીજી રીતઃ—ચણોઠી અને ચિત્રક એ બેઉનું બારીક ચુર્ણ કરી તેને પાણીમાં મેળવી શરીર ઉપર માલિશ કરવાથી તેજ પ્રમાણે મણુશિલ અને અઘેડાની રાખ તે બેઉનો ખરલ કરી કલ્ક બનાવવો અને તેનું દેહ ઉપર માલિશ કરવાથી સફેદ કોઢનો નાશ થાય છે.

(કુષ્ઠ વગેરે દરદો ઉપર સર્વેશ્વર રસ.)

शुद्धं सूतं चतुर्गंधं पलं याम विचूर्णयेत् ॥ ८४ ॥
मृतताम्राभ्रलोहानां दरदं च पलं पलम् ॥
सुवर्णं रजतं चैव प्रत्येकं दशनिष्ककम् ॥ ८५ ॥
माषैकं मृतवज्रं च तालसत्वं पलद्वयम् ॥
जंबीरोन्मत्तवासाभिः स्नुह्यर्कविषमुष्टिभिः ॥ ८६ ॥
मर्द्यं हयारिजैर्द्रावैः प्रत्येकेनदिनं दिनम् ॥
एवं सप्तदिनं मर्द्यं तद्गोलं वस्त्रवेष्टितम् ॥ ८७ ॥
वालुकायंत्रगं स्वेद्यं त्रिदिनं लघुवह्निना ॥
आदाय चूर्णयेत् श्लक्ष्णं पलैकं योजयेद्विषम् ॥ ८८ ॥
द्विपलं पिप्पलीचूर्णं मिश्रं सर्वेश्वरो रसः ॥
द्विगुंजो लिह्यते क्षौद्रैः सुप्तिमंडलकुष्ठजित् ॥ ८९ ॥
बाकुची देवकाष्ठं च कर्षमात्रं सुचूर्णयेत् ॥
लिहेदेरंडतैलेन अनुपानं सुखावहम् ॥ ९० ॥

શુદ્ધ કરેલો પારો ચાર પલ અને ગંધક એક પલ લઇ તે બેઉની એક પહોર સુધી ખરલ કરી કજળી કરવી. પછી તામ્ર ભસ્મ, અભ્રકભસ્મ, લોહભસ્મ, અને શોધેલો હીંગલોક એ દરેક ચાર ચાર પલ, સુવર્ણભસ્મ, અને રૂપાની ભસ્મ દશ નિષ્ક, હીરાની ભસ્મ એક માસો, અને હરતાળ બે પલ, એ પ્રમાણે દરેક વસ્તુ લઇ તેને એકત્રિત કરી ઉપરની કજળી સાથે મેળવી દેવી. પછી લીંબુનો રસ, ધંતૂરાનો રસ, અરડૂશાનો રસ, બકાયનનો રસ અને કણેરનાં મૂળનો રસ, થોરનું અને આકડાનું દૂધ એ દરેકની પૃથક્ પૃથક્ એક એક ભાવના આપવી તથા ભાવના આપ્યા પછી ખરલ કરવો. એવી રીતે ભાવના આપી તેનો ગોળો બનાવવો અને તેને શરાવ સંપુટમાં બંધ કરી વાલુકા યંત્રમાં મૂકી ત્રણ દિવસ મંદ મંદ

અગ્નિ આપવો. પછી સ્વાંગ શીતળ થાય એટલે સંપુટને બહાર કહાડી તેમાંથી રસ કહાડી લેવો અને તેમાં શુદ્ધ કરેલા વછનાગનું ચૂર્ણ એક પલ તથા લીંડીપીપરનું ચૂર્ણ બે પલ મેળવવું એટલે સર્વેશ્વર રસ સિદ્ધ થાય છે. તેનું બે રતીપુર મધમાં સેવન કરી તે ઉપર બાવચી અને દેવદારનું ચૂર્ણ એરંડિયામાં મેળવી પીવાથી સુપ્તિ કુષ્ઠ અને મંડળ કુષ્ઠ વગેરે કુષ્ઠાદિ દરદોનો નાશ થાય છે. ૮૪-૯૦

(સુપ્તિ કુષ્ઠ ઉપર સ્વર્ણક્ષીરી રસ.)

हेमाह्वां पंचपलिकां क्षिप्त्वा तक्रघटे पचेत् ॥
तक्रे जीर्णे समाहृत्य पुनः क्षीरघटे पचेत् ॥ ९१ ॥
क्षीर जीर्णे समुध्धृत्य क्षालयित्वा विशेषतः ॥
तच्चूर्णं पंचपलिकं मरिचाणां पलद्वयम् ॥ ९२ ॥
पलैकं मूर्छितं सूतमेकीकृत्वा तु भक्षयेत् ॥
निष्कैकं सुप्तिकुष्टार्त्तः स्वर्णक्षीरीरसो ह्ययं ॥ ९३ ॥

દારૂડીનાં મૂળ પાંચ પલ લઈ તેને એક માટલામાં છાશ ભરી તેમાં નાખી છાશ બળી જતાં સુધી ઉકાળવાં. પછી તેમાંથી કહાડી લઈ ફરીથી દૂધમાં નાખી દૂધ બળી જતાં સુધી તેને ઉકાળવાં. પછી તે મૂળોને ધોઈ નાખી સુકવવાં અને સુકાયા પછી તેનું ચૂર્ણ બનાવવું. તે ચૂર્ણમાંથી બે પલ ચૂર્ણ તથા એક પલ પારાની ભસ્મ અને બે પલ મરીનું ચૂર્ણ તે બધાંને એકઠાં કરી તેનું ખરલમાં પીસી બારીક ચૂર્ણ કરવું. તેને સ્વર્ણક્ષીરી રસ કહેવામાં આવે છે. તેનું હમેશ એક નિષ્ક પ્રમાણે સેવન કરવાથી સુપ્તિકુષ્ઠ વગેરે દરદોનો નાશ થાય છે. ૯૧-૯૩

(પ્રમેહના દરદ ઉપર પ્રમેહબદ્ધરસ.)

भस्मसूतं मृतं कांतं मुंडभस्म शिलाजतु ॥
शुद्धं ताप्यं शिलां व्योषं त्रिफलांकोलबीजकं ॥९४॥
कपित्थं रजनीचूर्णं भृंगराजेन भावयेत् ॥
त्रिंशद्वारं विशोष्याथ मधुयुक्तं लिहेत्सदा ॥ ९५ ॥
निष्कमात्रं हरेन्मेहान् मेहबद्धो रसो महान् ॥
महानिंबस्य बीजानि पिष्ट्वा षट्संपितानि च ॥ ९६ ॥
पलंतंडुलतोयेन घृतनिष्कद्वयेन च ॥

एकीकृत्य पिबेच्चानु हंति मेहं चिरंतनं　　　॥ ९७ ॥

પારાની ભસ્મ, કાંત લોહની ભસ્મ, લોહભસ્મ, શુદ્ધ કરેલો શિલાજીત, સુવર્ણમાક્ષિક ભસ્મ, મણુશિલ, શુંઠ, મરી, લીંડીપીપર, ત્રિફળા, અંકોલનાં બીજ, કોઠ અને હળદર એ દરેક સરખે ભાગે લેઇ તેમાંથી ભસ્મોને જુદી રાખી બાકીનાં ઔષધોનું ચૂર્ણ બનાવવું. પછી ભસ્મો તથા ચુર્ણને એકઠાં કરી તેને ભાંગરાના રસની એક પછી એક એમ વીશ ભાવનાઓ આપવી, તેથી પ્રમેહ બદ્ધરસ તૈયાર થાય છે. તે રસનુ એક નિષ્ક પ્રમાણે મધની સાથે સેવન કરે તો ઘોર પ્રમેહ નાશ થાય છે અથવા બકાયનના છ બીજનુ ચુર્ણ કરી તેમાં એક પલ ચોખાનુ ધોણુ તથા બે નિષ્ક ઘી અને એક નિષ્ક રસ મેળવી તેનુ સેવન કરવાથી લાંબા વખતનો પ્રમેહ રોગ નાશ થાય છે. ૯૪-૯૭

(ઉદર રોગ ઉપર મહાવન્હિ રસ.)

चतुःसूतस्य गंधाष्टौ रजनी त्रिफला शिवा ॥
प्रत्येकं च द्विभागं स्यात् त्रिवृज्जैपालचित्रकम् ॥९८॥
प्रत्येकं च त्रिभागं स्यात् त्र्यूषणं दंतिजीरकम् ॥
प्रत्येकमष्टभागं स्यादेकीकृत्य विचूर्णयेत्　　॥ ९९ ॥
जयंतीस्नुक्पयोभृंगवह्निवातारितैलकैः ॥
प्रत्येकेन क्रमाद्भाव्यं सप्तवारं पृथक् पृथक्॥ १०० ॥
महावह्निरसो नाम निष्कमुष्णजलैः पिबेत् ॥
विरेचनं भवेत्तेन तक्रभक्तं ससैंधवम्　　　॥ १ ॥
दिनांते दापयेत्पथ्यं वर्जयेत् शीतलं जलम् ॥
सर्वोदरहरः प्रोक्तो मूढवातहरः परः　　　॥ २ ॥

શુદ્ધ કરેલો પારો ચાર ભાગ, ગંધક આઠ ભાગ, હળદર, ત્રિફળા અને હીમજ એ દરેક બબ્બે ભાગ, નસોતર, શુદ્ધ કરેલો નેપાળો, અને ચિત્રક એ દરેક ત્રણુ ત્રણુ ભાગ, તથા શુંઠ, મરી, લીંડીપીપર, નેપાળાનુ મૂળ, અને જીરૂં, એ દરેક આઠ આઠ ભાગ લેઇ પછી તે બધાંને એકઠાં કરી તેનુ બારીક ચુર્ણ બનાવવું, તથા તેને અરણીનો રસ, થોરનુ દૂધ, ભાંગરાનો રસ, ચિત્રકનો રસ, એરંડિયું તેલ, એ દરેકની પૃથક પૃથક સાત સાત ભાવનાઓ આપવા જેથી મહાવન્હિ રસ

તૈયાર થાય છે. તેની એક નિષ્કપૂરની ગોળી ગરમ પાણી સાથે પીવાથી દસ્ત થાય છે. દસ્ત બંધ થયા પછી મીઠા સાથે છાશ ભાત ખાવાં તથા ગરમ પાણી પીવું. આ રસનુ સેવન કરવાથી સંપૂર્ણ ઉદર વિકાર તથા મૂઢવાત નાશ થાય છે. (મીઠામાં સિન્ધાલૂણ વાપરવું.)

(ગુલ્માદિ રોગ ઉપર વિદ્યાધર રસ.)

गंधकं तालकं ताप्यं मृतं ताम्रं मनःशिला ॥
शुद्धं सूतं च तुल्यांशं मर्दयेद्भावयेद्दिनम् ॥ ३ ॥
पिप्पल्यास्तु कषायेण वज्रीक्षीरेण भावयेत्
निष्कार्धं भक्षयेत् क्षौद्रैर्गुल्मप्लीहादिकं जयेत् ॥ ४ ॥
रसोविद्याधरो नाम गोमूत्रं च पिबेदनु ॥

શુદ્ધ કરેલો ગંધક, હરતાલ, સુવર્ણમાક્ષિક ભસ્મ, તામ્ર ભસ્મ, મનઃશિલ, અને શુદ્ધ કરેલો પારો એ દરેક સરખે ભાગે લેવાં. પછી તે બધાને એકઠાં કરી તેનુ ચૂર્ણ બનાવી એક દિવસ લીંડીપીપરના ક્વાથમાં તથા બે દિવસ થોરના દૂધમાં ખરલ કરી સુકવવું તેને વિદ્યાધર રસ કહે છે. તેનુ અર્ધો નિષ્ક પૂર મધમાં મેળવી સેવન કરવાથી ગુલ્મરોગ અને પ્લીહા વગેરે દરદોનો નાશ થાય છે. ૩-૪

(શૂળ વગેરે ઉપર ત્રિનેત્ર રસ.)

टंकणं हारिणं शृंगं स्वर्णं शुल्वं मृतं रसम् ॥ ५ ॥
दिनैकमार्द्रकद्रावैर्मर्द्यं रुध्वा पुटे पचेत् ॥
त्रिनेत्राख्यरसः सोयं माषं मध्वाज्यकैर्लिहेत् ॥ ६ ॥
सैंधवं जीरकं हिंगु मध्वाज्याभ्यां लिहेदनु ॥
पंक्तिशूलहरंत्याषु मासमात्रान्न संशयः ॥ ७ ॥

શુદ્ધ કરેલો પાટિયો ટંકણખાર, હરણનું શિંગ, સુવર્ણભસ્મ, તામ્રભસ્મ, અને પારાની ભસ્મ તે બધાંને એકઠાં કરી તેને આદાના રસમાં એક દિવસ ખરલ કરી તેનો ગોળો બનાવવો. પછી તે ગોળાને સરાવ સંપુટમાં બંધ કરી ગજપુટ અગ્નિ આપવો. પછી સ્વાંગ શીતળ થાય ત્યારે સંપુટમાંથી ઔષધ કહાડી લેવું તેને ત્રિનેત્ર રસ કહે છે. આ રસનુ એક માસાના અનુમાનથી ઘી તથા મધ મેળવી સેવન કરી પછી તેના ઉપર સિન્ધાલૂણ, જીરૂ, અને શેકેલી હીંગ એ

ત્રણેનું ચુર્ણ બનાવી તેને ઘી તથા મધ સાથે ચાટવાથી પરિણામ શૂળનો એક માસની અંદર નાશ થાય છે. ૫–૭

(શૂળ વગેરે ઉપર શૂળગજ કેસરીરસ.)

शुद्धं सूतं द्विधा गंधं यामैकं मर्दयेत् दृढम् ॥
द्वयोस्तुल्यं शुद्धताम्रं संपुटे तन्निरोधयेत् ॥ ८ ॥
ऊर्ध्वाधो लवणं दत्वा मृद्भांडे धारयेद्भिषक् ॥
ततो गजपुटे पक्त्वा स्वांगशीतं समुद्धरेत् ॥ ९ ॥
संपुटे चूर्णयेत्सूक्ष्मं पर्णखंडे द्विगुंजकम् ॥
भक्षयेत्सर्वशूलार्तो हिंगु शुंठी सजीरकम् ॥ १० ॥
वचा मरिचजं चूर्णं कर्षमुष्णजलैः पिबेत् ॥
असाध्यं नाशयेच्छूलं रसोयं गजकेशरी ॥ ११ ॥

શુદ્ધ કરેલો પારો એક ભાગ અને ગંધક બે ભાગ લઈ તેની એક પહોર સુધી ખરલ કરી કજળી બનાવવી. પછી શુદ્ધ કરેલા તાંબાની બે કટોરીઓ બનાવી તેમાં કજળીને મૂકી તેના ઉપર બીજી ઢાંકી તેની સાંધો બંધ કરી તેને એક માટીના ઘડામાં અરધા ભાગ સુધી મીઠું ભરી તેમાં વચ્ચે મૂકી ઉપરનો અરધો ભાગ મીઠાવતી પૂરી દેવો તથા વાસણનું મુખ કપડમાટી કરી બંધ કરી પછી તેને ગજપુટ અગ્નિ આપવો. શીતળ થયા પછી ઘડામાંથી સંપુટ બહાર કહાડી તેનું ખરલ કરી બારીક ચુર્ણ બનાવવું તેને શૂળગજકેસરી રસ કહેવામાં આવે છે. તેનું બે રતીપૂર પાનના બીડામાં સેવન કરી ઉપર શેકેલી હીંગ, શુંઠ, જીરૂં, વજ, અને કાળાં મરીનું ચુર્ણ એક કર્ષ પ્રમાણે પાણી સાથે પીવાથી તમામ જાતના શૂળ રોગનો નાશ થાય છે. ૮–૧૧

(મંદાગ્નિ વગેરે ઉપર અગ્નિતુંડાવટી.)

शुद्धसूतं विषं गंधमजमोदाफलत्रयम् ॥
स्वर्जिक्षारं यवक्षारं वह्निसैंधवजीरकं ॥ १२ ॥
सौवर्चलंविडंगानि सामुद्रं त्र्यूषणं समम् ॥
विषमुष्टिं सर्वतुल्यं जंबीराम्लेन मर्दयेत् ॥ १३ ॥

मरिचामां वटीं खादेत्सर्वाजीर्णप्रशांतये ॥

શુદ્ધ કરેલો પારો, વછનાગ, ગંધક, અજમોદ, ત્રિફળા, સાજી- ખાર, જવખાર, ચિત્રક, સિન્ધાલૂણ, જીરૂં, સંચળ, બિડલવણ, મીઠું, શુંઠ, મરી, અને પીપર એ તમામ સરખે ભાગે લેવાં તથા ભકાનને બધાંના સરખા ભાગે લઇ તે બધાંને એકઠાં કરી તેનુ ચુર્ણ બનાવી લીંબુના રસમાં ખરલ કરી તેની મરી પૂર ગોળીઓ વાળવી. તેમાંથી હમેશાં એક ગોળી લેવાથી અજીર્ણ નાશ થાય છે. ૧૨-૧૩

(અજીર્ણ ઉપર અજીર્ણકંટક રસ.)

शुद्धसूतं विषं गंधं समं सर्वं विचूर्णयेत् ॥ १४ ॥
मरिचं सर्वतुल्यांशं कंटकार्याः फलद्रवैः ॥
मर्दयेत् भावयेत् सर्वमेकविंशति वारकम् ॥ १५ ॥
वटीगुंजात्रयं खादेत् सर्वाजीर्णप्रशांतये ॥
अजीर्णकंटकश्चायं रसो हंति विषूचिकाम् ॥ १६ ॥

શુદ્ધ કરેલો પારો, વછનાગ, અને ગંધક એ સરખે ભાગે લેવાં તથા એ ત્રણેના સમભાગે મરી લઈ તે બધાંને એકઠાં કરી તેનું ચુર્ણ બનાવી તેને ભોંયરીંગણીના ફળની એક પછી એક એવી એકવીશ ભાવનાઓ આપવી જેથી અજીર્ણ કંટક રસ તૈયાર થાય છે. પછી તેની ત્રણ ત્રણ રતીની ગોળીઓ બનાવવી અને તેમાંથી એક ગોળીનુ સેવન કરવાથી અજીર્ણ વગેરે દરદોનો નાશ થાય છે. ૧૪-૧૬

(કફ રોગ ઉપર મંથાનુભૈરવ રસ.)

मृतं सूतं मृतं ताम्रं हिंगुपुष्करमूलकम् ॥
सैंधवं गंधकं तालं कटुकीं चूर्णयेत्समम् ॥ १७ ॥
पुनर्नवादेवदालीनिर्गुंडीतंदुलीयकैः ॥
तिक्तकोशातकीद्रावैर्दिनैकं मर्दयेत् दृढम् ॥ १८ ॥
माषमात्रं लिहेत् क्षौद्रैः रसो मंथानुभैरवम् ॥
कफरोगप्रशांत्यर्थं छिन्नाक्वाथं पिबेदनु ॥ १९ ॥

પારદભસ્મ, તામ્રભસ્મ, હીંગ, પુષ્કરમૂળ, સિન્ધાલુણ, ગંધક, હરતાલ, અને કડુ એ બધાં સરખે ભાગે લેવાં. તેમાંથી ભસ્મો શિવાય બીજાં ઔષધોનું બારીક ચુર્ણ બનાવવું અને તેમાં ભસ્મો

મેળવી બધાંને મિશ્ર કરી તેને એક દિવસ સાટોડીના રસની, એક દિવસ કુકડવેલના રસની, એક દિવસ નગોડના રસની, એક દિવસ તાંદળજાના રસની અને એક દિવસ કડવા તુરિયાના રસની અનુક્રમે ભાવના આપી ખરલ કરી તેનુ બારીક ચુર્ણ બનાવી ગોળિયો વાળવી તેને મંથાનુભૈરવ રસ કહેવામાં આવે છે. તેનુ એક માસા પૂર મધમાં મેળવી સેવન કરી તે ઉપર લીમડાની છાલનો કવાથ પીવાથી કફ વગેરે દરદો નાશ પામે છે. ૧૭–૧૯

(વાતવિકાર ઉપર વાતનાશન રસ.)

सूतहाटकवज्राणि ताम्रं लोहं च माक्षिकम् ॥
तालं नीलांजनं तुत्थमहिफेनं समांशकम् ॥ २० ॥
पंचानां लवणानां च भागमेकं विमर्दयेत् ॥
वज्रीक्षीरैर्दिनैकं तु रुध्वा तं भूधरे पचेत् ॥ २१ ॥
माषैकमार्द्रकद्रावैर्लेहयेद्वातनाशनम् ॥
पिप्पलीमूलजक्वाथंसकृष्णमनुपाययेत् ॥ २२ ॥
सर्वान्वातविकारांस्तु निहंत्याक्षेपकादिकान् ॥

પારદભસ્મ, સુવર્ણભસ્મ, હીરાની ભસ્મ, તાંબાની ભસ્મ, લોહભસ્મ, સુવર્ણમાક્ષિક ભસ્મ, હરતાલભસ્મ, શુદ્ધ સુરમો, મોરથુથાની ભસ્મ, અને અફીણ એ દરેક સરખે ભાગે લેવાં તથા સિન્ધાલૂણ, સંચળ, બિડ લવણ, મીઠું અને વડાગરૂ મીઠું એ પાંચે મળીને એક ભાગ લેવું. પછી તે એક ભાગ લવણ તથા ઉપરની ભસ્મો એકત્રિત કરી એક દિવસ ખરલ કરી તેનો ગોળો બનાવવો પછી તે ગોળાને સરાવ સંપુટમાં બંધ કરી ભૂધર યંત્રમાં મૂકી ગજપુટ અગ્નિ આપવો. જ્યારે સ્વાંગ શીતળ થાય ત્યારે સંપુટમાંથી ઓષધને કહાડી લઈ તેનું ચુર્ણ બનાવવું. તેને વાતનાશન રસ કહેવામાં આવે છે. તેનુ એક માસાપૂર આદાના રસમાં સેવન કરી ઉપર પીપરીમૂળના કવાથમાં લીંડીપીપરનુ ચુર્ણ મેળવી પીવાંથી સંપૂર્ણ વાતવિકાર વગેરેનો નાશ થાય છે. ૨૦–૨૨

(સન્નિપાત વગેરે દરદ ઉપર કનકસુંદર રસ.)

कनकस्याष्ट शाणाः स्युः सूतो द्वादशभिर्मतः ॥ २३ ॥
गंधोपि द्वादशः प्रोक्तस्ताम्रं शाणद्वयोन्मितम् ॥

अभ्रकस्य चतुःशाणं माक्षिकस्य द्विशाणिकम् ॥ २४ ॥
वंगो द्विशाणः सौवीरं त्रिशाणं लोहमष्टकम् ॥
विषं त्रिशाणकं कुर्यात् लांगली पलसंमिता ॥ २५ ॥
मर्दयेद्दिनमेकं च रसैरम्लफलोद्भवैः ॥
दद्यान्मृदुपुटं वन्हौ ततश्चूर्णंतुकारयेत् ॥ २६ ॥
माषमात्रो रसो देयः सन्निपाते सुदारुणे ॥
आर्द्रकस्वरसेनैव रसोनस्य रसेन वा ॥ २७ ॥
किलासं सर्वकुष्टानि विसर्पं च भगंदरम् ॥
ज्वरं गरमजीर्णं च जयेद्रोगहरो रसः ॥ २८ ॥

ધંતુરાના બીજ આઠ શાણુ, શુદ્ધ પારો તથા ગંધક બાર, બાર શાણુ, તામ્રભસ્મ, સ્વર્ણમાક્ષિક ભસ્મ, અને બંગભસ્મ દરેક બે બે શાણુ, અભ્રકભસ્મ ચાર શાણુ, શુદ્ધ સુરમો ત્રણુ શાણુ, લોહ ભસ્મ આઠ શાણુ, શુદ્ધ વછનાગ ત્રણુ શાણુ, અને દૂધિયા વછનાગનાં મૂળ એક પલ લઇ તે બધાંમાંથી ભસ્મોને જુદી કરી બાકીના ઔષધનું બારીક ચુર્ણ બનાવી તેમાં ભસ્મો મેળવી તે બધાંને એકઠાં કરવાં. પછી તેનો એક દિવસ લીંબુના રસમાં ખરલ કરી ગોળો બનાવવો અને તેને સરાવ સંપુટમાં મૂકી એક ગજપુટ અગ્નિ આપવો. જ્યારે સ્વાંગ શીતળ થાય ત્યારે સંપુટમાંથી ઔષધો કહાડી લઇ તેનું ચુર્ણ બનાવવું તેને કનકસુંદર રસ કહેવામાં આવેછે. તેનું એક માસાપૂર આદાના રસમાં અથવા લસણુના રસમાં સેવન કરવાથી દારૂણુ સન્નિપાતનો નાશ થાય છે તથા તમામ પ્રકારના કુષ્ટરોગ, વિસર્પ, ભગંદર, જ્વર, વિષવિકાર અને અજીર્ણ વગેરે દરદોનો નાશ થાય છે. ૨૩-૨૮

(સન્નિપાત ઊપર સન્નિપાતભૈરવ રસ.)

रसो गंधस्त्रिस्त्रिकर्षौ कुर्यात्कज्जलिकां द्वयोः ॥
ताराभ्रताम्रवंगाहिसाराश्चैकैककार्षिकाः ॥ २९ ॥
शिग्रुज्वालामुखीशुंठीबिल्वेभ्यस्तंदुलीयकात् ॥
प्रत्येकं स्वरसैः कुर्यात् यामैकैकं विमर्दयेत् ॥ ३० ॥
कृत्वा गोलं कृतं वस्त्रैर्लवणापूरिते न्यसेत् ॥

काचभांडे ततः स्थाल्यां काचकूपीं निवेशयेत् ॥ ३१ ॥
वालुकाभिः प्रपूर्याथ वन्हिर्यामद्वयं भवेत् ॥
तत उद्धृत्य तं गोलं चूर्णयित्वा विमिश्रयेत् ॥ ३२ ॥
प्रवालचूर्णकर्षेण शाणमात्रविषेण च ॥
कृष्णसर्पस्य गरलैर्दिवसं भावयेत्तथा ॥ ३३ ॥
तगरं मुसली मांसा हेमाह्वा वेतसः कणा ॥
नीलिनी पत्रकं चैला चित्रकश्च कुठेरक ॥ ३४ ॥
शतपुष्पा देवदाली धत्तुरागस्त्यमुंडिकाः ॥
मधूकजातिमदनारसैरेषां विमर्दयेत् ॥ ॥ ३५ ॥
प्रत्येकमेकवेलं च ततः संशोष्य धारयेत् ॥
बीजपूरार्द्रकद्रावैर्मरिचैः षोडशोन्मितैः ॥ ३६ ॥
रसो द्विगुंजाप्रमितः सन्निपातस्य दीयते ॥
प्रसिद्धोयं रसो नाम्ना सन्निपातस्य भैरवः ॥ ३७ ॥

શુદ્ધ કરેલો પારો તથા ગંધક ત્રણુ ત્રણુ કર્ષ લઈ તે બેઉની ખરલ કરી કજળી બનાવવી. પછી રૂપાની ભસ્મ, અભ્રકભસ્મ, તામ્રભસ્મ, બંગભસ્મ, નાગભસ્મ અને લોહભસ્મ એ દરેક એક એક પલ લઇ, તેને એકઠી કરી ઉપરની કજળી સાથે મેળવી સરગવાના રસમાં, જ્વાળામુખીના રસમાં, શુંઠના કવાથમાં, બીલીના ફળના રસમાં, અને તાંદળજાની ભાજીના રસમાં અનુક્રમે એક એક પહોર એક પછી એક ખરલ કરી તેનો ગોળો બનાવવો અને તેની આસપાસ કપડું વીટી તે ગોળાને કાચના પ્યાલામાં મૂકી તેના ઉપર બીજો પ્યાલો ઢાંકી તેને કપડમાટી કરી એક માટલામાં અરધા ભાગ સુધી મીઠું ભરી વચમાં તે સંપુટ રાખી બાકીનો અરધો ભાગ મીઠાવતી પૂરી દેવો. પછી માટલાનું મુખ કપડમાટી કરી બંધ કરી તેને ચૂલા ઉપર ચડાવી બે પહોર અગ્નિ આપવો. સ્વાંગ શીતળ થયા પછી સંપુટ કહાડી લઇ તેમાંનું ઔષધ લઇ તેમાં પરવાળાનો ભૂકો એક કર્ષ, તથા શુદ્ધ વછનાગનુ ચુર્ણ એક શાણુ, તથા કાળા સર્પનુ વિષ મેળવી એક દિવસ ખરલ કરી ભાવના આપવી. પછી તેને ઉપર પ્રમાણે કાચની શીશીમાં બંધ કરી વાલુકા યંત્રથી બે પહોર અગ્નિ આપવો. જ્યારે શીતળ થઈ જાય ત્યારે સંપુટમાંથી ઔષધો

કહાડી લઇ તેનું ખરલ કરી ચુર્ણ બનાવવું. પછી તગર, મુસળી, જટા-માંસી, હાશ્ડીનાં મૂળ, નેતર, લીંડીપીપર, ગળી, તમાલપત્ર, એલચી ચિત્રક, વનં તુળશી, વરીયાળી, કુકડવેલે, ધંતુરો, અગથિયો, ઓરિયે કલ્હાર, મહુડાં, ચમેલી અને મીંઢોળ એ દરેકના રસમાં ઉપરના તૈયાર થયેલાં ચુર્ણને મેળવી પૃથક્ પૃથક્ બે બે પહોર સુધી ખરલ કરી એક પછી એક ભાવનાઓ આપવી અને તે સૂકાયા પછી તેની ગોળીયો વાળવી તેને સન્નિપાતભૈરવ રસ કહેવામાં આવે છે. આ રસને બે રતી પૂર આદાના તથા બીજોરાના રસમાં મેળવી તેમાં સોળ મરીનું ચુર્ણ નાખી સેવન કરવાથી સન્નિપાતનું દરદ નાશ થાય છે. ૨૯-૩૭

(સંગ્રહણી ઉપર ગ્રહણીકપાટ રસ.)

तारमौक्तिकहेमानिसारश्चैकैकभागिकः ॥
द्विभागो गंधकः सूतस्त्रिभागो मर्दयेदिमान् ॥ ३८ ॥
कपित्थस्वरसैर्गाढं मृगशृंगे ततः क्षिपेत् ॥
पुटेन्मध्ये पुटेनैव तत उद्धृत्य मर्दयेत् ॥ ३९ ॥
बलारसैः सप्तवेलमपामार्गरसैस्त्रिधा ॥
लोध्रप्रतिविषामुस्तधातकींद्रयवामृताः ॥ ४० ॥
प्रत्येकमेषां स्वरसैर्भावना स्यात्त्रिधा त्रिधा ॥
माषमात्रो रसो देयो मधुनामरिचैस्तथा ॥ ४१ ॥
हन्यात्सर्वानतीसारान् ग्रहणीं सर्वजामपि ॥
कपाटो ग्रहणीरोगे रसोयं वन्हीदीपनः ॥ ४२ ॥

રૂપાની ભસ્મ, મોતીની ભસ્મ, સુવર્ણભસ્મ, અને લોહભસ્મ એ દરેક એક એક ભાગ, શુદ્ધ ગંધક બે ભાગ તથા પારો ત્રણ ભાગ એ બધાંને એકઠાં કરી તેનો કોઠના રસમાં ખરલ કરી બારીક ભૂકો કર્યા પછી તે ભૂકાને હરણના શિંગમાં દાબી દાબીને ભરવો. પછી તેના ઉપર કપડમાટી કરી મધ્યમ અગ્નિ આપવો. સ્વાંગ શીતળ થાય ત્યારે શિંગને કહાડી લઈ તેને ખરેંટીના રસમાં ખરલ કરી સાત ભાવના આપવી. પછી અઘેડો, લોધર, અતિવિષ, નાગરમોથ, ધાવડીનાં ફુલ અને ઇન્દ્રજવ તથા ગળો તે દરેકનો સ્વરસ કહાડી દરેક રસની પૃથક્ પૃથક્ ત્રણ ત્રણ ભાવના આપવી. જ્યારે

સુકાય ત્યારે તેની એક માસા પૂરની ગોળીઓ કરવી તેને ગ્રહણી કપાટ રસ કહેવામાં આવે છે. તે રસની એક ગોળી મધ તથા મરીના ચૂર્ણ સાથે મેળવી સેવન કરવાથી સંપૂર્ણ અતિસાર તથા સંગ્રહણીનો રોગ નાશ થાય છે, તથા અગ્નિ પ્રદિપ્ત થાય છે. ૩૮–૪૨

(સંગ્રહણી ઉપર વજ્રકપાટ રસ.)

मृतसूताभ्रकं गंधं यवक्षारं सटंकणम् ॥
अग्निमंथं वचां कुर्यात् सुततुल्यानिमान् सुधीः ॥४३॥
ततो जयंतीजंबीरभृंगद्रावैर्विमर्दयेत् ॥
त्रिवासरं ततो गोलं कृत्वा संशोष्य धारयेत् ॥ ४४ ॥
लोहपात्रे शरावं च दत्वोपरि विमुद्रयेत् ॥
अधो वन्हि शनैः कुर्यात् यामार्धं तत उद्धरेत्॥ ४५ ॥
रसतुल्यां मतिविषां दद्यान्मोचरसं तथा ॥
कपित्थविजयाद्रावैर्भावयेत्सप्तधा भिषक् ॥ ४६ ॥
धातकींद्रयवा मुस्ता लोध्रं बिल्वं गुडूचिका ॥
एतद्रसैर्भावयित्वा वेलैकैकं च शोषयेत् ॥ ४७ ॥
रसं वज्रकपाटाख्यं शाणैकं मधुना लिहेत् ॥
वन्हि शुंठीं बिडं बिल्वं लवणं चूर्णयेत्समं ॥ ४८ ॥
पिबेदुष्णांबुना चानुसर्वजां ग्रहणीं जयेत् ॥

પારદભસ્મ, અભ્રક ભસ્મ, ગંધક, જવખાર, ટંકણખાર, અરણીનાં મૂળ, અને વજ એ દરેક સમાન ભાગે લઇ તેને એકઠાં કરી અરણીના રસની, લીંબુના રસની અને ભાંગના રસની અનુક્રમે એક એક ભાવના આપી ખરલ કરી તેનો ગોળો બનાવવો. પછી તે ગોળાને એક કડાઇમાં મૂકી તેના ઉપર માટીનું વાસણ ઢાંકી તેની સાંધો કપડમાટીથી બંધ કરી તેને ચાર ઘડી ધીમો અગ્નિ આપવો. ઠરીગયા પછી તેમાંથી ગોળાને બહાર કહાડી તેનું ચુર્ણ બનાવી તેના સરખે ભાગે અતિવિષનું તથા મોચરસનું ચુર્ણ મેળવી કોઠના રસની તથા ભાંગના રસની એક પછી એક એમ સાત સાત ભાવનાઓ આપવી પછી તેને ધાવડીનાં ફુલ, ઇન્દ્રજવ, નાગરમોથ, લોધર, બીલીનાં ફળ, અને ગળો એ દરેકની પૃથક્ પૃથક્ એક એક ભાવના આપવી. પછી તેને સુકવી એક એક શાણની (૦।। તોલાની) ગોળીઓ વાળવી તેને

વજ્રકપાટ રસ કહેવામાં આવે છે. આમાંથી એક ગોળીનું મધ સાથે સેવન કરી તેના ઉપર ચિત્રક, શુંઠ, બિડલવણ, બીલી, અને સિન્ધાલૂણ, એ દરેક સરખે ભાગે લઇ તેનું ચુર્ણ બનાવી ગરમ પાણી સાથે પીવાથી સર્વ પ્રકારની સંગ્રહણીનું દરદ નાશ પામે છે. ૪૩-૪૮

(વાજીકરણ ઉપર મદન કામદેવ રસ.)

तारं वज्रं सुवर्णं च ताम्रं सूतकगंधकम् ॥ ४९ ॥
लोहं क्रमविवृद्धानि कुर्यादेतानि मात्रया ॥
विमर्द्य कन्यकाद्रावैर्न्यसेत्काचमये घटे ॥ ५० ॥
विमुद्य पिठरीमध्ये धारयेत्सैंधवावृते ॥
पिठरीं मुद्रयेत्सम्यक् ततश्चुल्यां निवेशयेत् ॥ ५१ ॥
वन्हिं शनैः शनैः कुर्यादिनैकं तत उद्धरेत् ॥
स्वांगशीतं च संचूर्ण्य भावयेदर्कदुग्धकैः ॥ ५२ ॥
अश्वगंधा च काकोली वानरी मुसलीक्षुरा ॥
त्रित्रिवेलं रसैरेषां शतावर्याश्च भावयेत् ॥ ५३ ॥
पद्मकंदकसेरूणां रसैः काशस्य भावयेत् ॥
कस्तूरी व्योषकर्पूरकाकोलैलालवंगकम् ॥ ५४ ॥
पूर्वचूर्णादष्टमांशं तच्चूर्णं विमिश्रयेत् ॥
सर्वैः समं शर्करां स्याद्दत्वा शाणोन्मितं भजेत् ॥५५॥
गोदुग्धद्विपलेनैव मधुराहारसेवकः ॥
अस्यप्रभावात्सौंदर्यं बलंतेजोऽभिवर्द्धते ॥ ५६ ॥
तरुणी रमयेद्बन्हीः शुक्रहानिर्न जायते ॥

રૂપાની ભસ્મ એક ભાગ, હીરાની ભસ્મ બે ભાગ, સુવર્ણ ભસ્મ ત્રણ ભાગ, તામ્રભસ્મ ચાર ભાગ, શુદ્ધ પારો પાંચ ભાગ અને ગંધક છ ભાગ તથા લોહભસ્મ સાત ભાગ એ પ્રમાણે બધાં ઔષધો લઈ તેનું કુંવારના રસમાં ખરલ કરી ચૂર્ણ બનાવવું. તે ચૂર્ણને કાચની શીશીમાં ભરી તેને બુચ મારી બંધ કરી તેના ઉપર કપડમાટીનો થર કરવો. પછી એક માટીનો ઘડો લઈ તેમાં અર્ધા ભાગ સુધી મીઠું ભરી મધ્યમાં શીશી ગોઠવી બાકીનો અર્ધો ભાગ મીઠાવતી પૂરી દેવો. પછી તે વાસણનું મુખ કપડમાટી કરી બંધ કરી તેને ચુલા ઉપર ચડાવી એક

દિવસ ધીમો અગ્નિ આપવો. ત્યાર પછી તે ઔષધને શીશીમાંથી કહાડી લઈ તેને આકડાના દૂધની ત્રણ ભાવના આપવી. પછી આસગંધ, કાકોલી, કૌંચના બીજ, મૂસળી, એખરો, શતાવરી, કમળકન્દ, કચૂરો અને કાસડા એ દરેકનો પૃથક્ પૃથક્ રસ કહાડી દરેક રસની પૃથક્ પૃથક્ ત્રણ ત્રણ ભાવનાઓ આપવી. જે ઔષધનો રસ ન નીકળે તેનો કવાથ બનાવી ભાવના આપવી. એ પ્રમાણે કરવાથી મદન કામદેવ રસ તૈયાર થાય છે. તથા તેમાં કસ્તુરી, શુંઠ, મરી, લીંડીપીપર, બરાસ, ચણકબાબ, એલચી તથા લવિંગ એ બધાંનું ચુર્ણ કરી રસના આઠમા ભાગે ચુર્ણ (રસ સાથે) મિશ્ર કરી તેમાંથી એક શાણ ઔષધ લઈ તેના સરખે ભાગે સાકર મેળવી આઠ તોલા ગાયના દૂધ સાથે સેવન કરવાથી શરીર અત્યંત સુંદર, બળવાન, તથા તેજસ્વી થાય છે તેમજ ધાતુક્ષય થતો નથી. આ રસના સેવન ઉપર ખટાશ વગેરે પદાર્થોનો ત્યાગ કરવો તથા મિષ્ટાન્ન ભોજન કરવું.

(વાજીકરણ ઉપર કન્દર્પસુંદર રસ.)

सूतो वज्रमहिर्मुक्ता तारं हेमासिताभ्रकम् ॥ ५७ ॥
रसैः कर्षमितानेतान् मर्दयेदिरिमेदजैः ॥
प्रवालचूर्णं गंधश्च द्विद्विकर्षौ विमिश्रयेत् ॥ ५८ ॥
ततोऽश्वगंधास्वरसैर्विमर्द्य मृगशृंगके ॥
क्षिप्त्वा मृदुपुटे पक्त्वा भावयेद्वातकीरसैः ॥ ५९ ॥
काकोली मधुकं मांशी बलात्रयबिसेंगुदं ॥
द्राक्षा पिप्पलिवृंदाकं वरीपर्णी चतुष्टयम् ॥ ६० ॥
परूषकं कसेरुश्च मधुकं वानरी तथा ॥
भावयित्वा रसैरेषां शोषयित्वा विचूर्णयेत् ॥ ६१ ॥
एला त्वक्पत्रकं वांशी लवंगागुरुकेशरं ॥
मुस्तं मृगमदः कृष्णा जलं चंद्रश्च मिश्रयेत् ॥ ६२ ॥
एतश्चूर्णैः शाणमितैः रसं कंदर्पसुंदरम् ॥
खादेत् शाणमितं रात्रौ सिता धात्री विदारिका ॥ ६३ ॥
एतेषां कर्षचूर्णेन सर्पिः कर्षेण संयुतम्
तस्यास्तु द्विपले क्षीरं पिबेत् सुस्थितमानसः ॥ ६४ ॥

रमणी रमयेद्वन्हीः शुक्रहानिर्न जायते ॥

પારદભસ્મ, હીરાનીભસ્મ, નાગભસ્મ, મોતીભસ્મ, રૂપાની ભસ્મ, સુવર્ણભસ્મ, અને અભ્રકભસ્મ, એ દરેક એક એક કર્ષ લઇ તેને એકઠાં કરી ખેર છાલના રસમાં ખરલ કરી તેમાં પરવાળાં તથા ગંધકનું ચુર્ણ બે બે કર્ષ મેળવી તે સર્વને આસગંધના રસની ભાવના આપવી. પછી તે ઔષધને હરણના શિંગમાં ભરી તે ઉપર કપડમાટી કરી તેને હલકા અગ્નિથી પુટ આપવો. શીતળ થયા પછી શિંગને બહાર કહાડી તેને ખરલમાં ઘુંટી બારીક ભૂકો કરવો. પછી તેને ધાવડીનાં ફુલ, આસગન્ધ, જેઠીમધ, જટામાંસી, ખરેંટીની છાલ, મહાબળા, ગંગેટી, કમળકન્દ, ઇંગોરિયું, દ્રાક્ષ, લીંડીપીપર, વંદાક, શતાવરી, માષપર્ણી, મુદ્દગપર્ણી, પુષ્પપર્ણી, શાલપર્ણી, ફાલસા, કચુરો, મહુડાં, અને કૌચનાં બીજ એ પ્રત્યેકનો પૃથક્ પૃથક્ રસ કહાડી દરેક રસની એક પછી એક ભાવના આપવી. પછી તેને સુકવીને બારીક ભૂકો કરવો અને તેમાં, એલચી, તજ, તમાલપત્ર, વંશલોચન, લવિંગ, અગર, કેશર, નાગરમોથ, કસ્તુરી, લીંડીપીપર, નેત્રવાળો, અને ભીમસેની કપૂર. એ દરેક એક એક શાણ લઇ મિશ્ર કરી તેનું બારીક ચુર્ણ કરી મેળવવું. પછી તેને ખરલ કરી એક જીવ કરી તેમાંથી એક શાણ પૂર લઇ તે ચુર્ણ આંબળાં, સાકર અને વિદારીકન્દના એક કર્ષ ચુર્ણની સાથે રાત્રિએ સેવન કરી તે ઉપર બે પલ ગાયનું દૂધ પીવામાં આવે તો તેથી સારી રીતે વાજીકરણ થાય છે. આ રસને કન્દર્પસુંદર રસ કહેવામાં આવે છે. ૫૭-૬૪

(ક્ષય વગેરે ઉપર લોહ રસાયન.)

शुद्धं रसेंद्रं भागैकं द्विभागं शुद्धगंधकम् ॥ ६५ ॥
क्षिपेत् कज्जलिकं कुर्यात् तत्र तीक्ष्णाभवं रजः ॥
क्षिप्त्वा कज्जलिकातुल्यं प्रहरैकं विमर्दयेत् ॥ ६६ ॥
तत्र कन्याद्रवैः खल्वैस्त्रिदिनं परिमर्दयेत् ॥
ततः संजायते तस्य सोष्णो धूमोद्गमो महान् ॥ ६७ ॥
अत्यंतं पीडितं कृत्वा ताम्रपात्रे निधाय च ॥
मध्ये धान्यकशूकस्य त्रिदिनं धारयेद्बुध ॥ ६८ ॥

उध्धृत्य तस्मात् खल्वे च क्षिप्त्वा घर्मे निधाय च ॥
रसैः कुठारच्छिन्नायास्त्रिवेलं परिभावयेत् ॥ ६९ ॥
संशोष्य घर्मे काथैश्च भावयेत्त्रिकटोस्त्रिधा ॥
वासामृताचित्रकणारसैर्भाव्यं क्रमात्त्रिधा ॥ ७० ॥
लोहपात्रे.ततः क्षिप्त्वा भावयेत्त्रिफलाजलैः ॥
निर्गुंडीदाडिमत्वग्भिर्विसभृंगकुरंटकैः ॥ ७१ ॥
पलाशकदलीद्रावैर्बीजकस्य शृतेन वा ॥
नीलीकालंबुषाद्रावैर्बुब्बूलफलिकारसैः ॥ ७२ ॥
भावयेत् त्रित्रिवेलं च ततो नागबलारसैः ॥
शतावरी गोक्षुरुभिपातालगरुडीरसैः ॥ ७३ ॥
त्रित्रिवेलं यथालाभं भावयेदेभिरौषधैः ॥
ततः प्रातर्लिहेत् क्षौद्रघृताभ्यां कोलमात्रकम् ॥ ७४ ॥
पलमात्रं वराकाथं पिबेदस्यानुपानकम् ॥
मासत्रयं शीलितं स्याद्वलीपलितनाशनम् ॥ ७५ ॥
मंदाग्निश्वासकासौ च पांडुतां कफमारुतौ ॥
पिप्पलीमधुसंयुक्तं हन्यादेतन्न संशयः ॥ ७६ ॥
वातास्रं मूत्रदोषांश्च ग्रहणीं चोदरं तथा ॥
अंडवृद्धिं जयेदेतच्छिन्नासत्वमधुप्लुतम् ॥ ७७ ॥
बलवर्णकरं वृष्यमायुष्यं परमं स्मृतम् ॥
कूष्मांडं तिलतैलं च माषान्नं राजिकां तथा ॥
मद्यमम्लरसं चैव त्यजेत् लोहस्य सेवकः ॥ ७८ ॥

શોધેલો પારો એક ભાગ તથા ગંધક બે ભાગ લઇ તે બેઉને ખરલ કરી કજળી કરવી. પછી તેમાં સમભાગે પોલાદનું ચુર્ણ મેળવી એક પહોર સુધી ખરલ કરી એક જીવ થયા પછી તેને કુંવારના રસમાં ત્રણ દિવસ ઘુંટવું. જ્યારે તેમાંથી ગરમ ગરમ ધુમાડો નીકળવા માંડે ત્યારે તેનો ગોળો બનાવી તેને ત્રાંબાના વાસણમાં બંધ કરી ત્રણ દિવસ સુધી અનાજના ઢગલામાં દાટી રાખવું. પછી તેને ચોથે દિવસે બહાર કહાડી ગોળાનું બારીક ચુર્ણ કરી તડકામાં સૂકવી વનતુળશીના રસની ત્રણ

ભાવના આપવી. પછી શુંઠ, મરી, અને લીંડીપીપરના પૃથક્ પૃથક્ ક્વાથ બનાવી દરેક ક્વાથની પૃથક્ પૃથક્ ત્રણુ ત્રણુ ભાવના આપવી ત્યાર બાદ અરડૂશો, ગળો, અને ચિત્રક એ દરેકના જુદા જુદા રસ કહાડી પ્રત્યેક રસની ત્રણુ ત્રણુ ભાવના આપવી. એ પ્રમાણે ભાવનાઓ આપ્યા પછી તે રસાયનને લોહની કડાઇમાં મૂકી નીચે લખેલાં ઔષધોની પૃથક્ પૃથક્ ત્રણુ ત્રણુ ભાવનાઓ આપવી. ત્રિફળા, નગોડ, દાડમની છાલ, કમળકંદ, ખાખરો, અશોળિયો, ખાખરો, કુળનો કન્દ, બીયો, નીલ-ગળી, ગોરખમુંડી, અને બાવળની છાલ એ દરેકનો જુદો રસ કહાડી દરેક રસની ત્રણુ ત્રણુ ભાવના ઉપરના રસાયનને આપવી, તેથી લોહ-રસાયન સિદ્ધ થાય છે. તેમાંથી એક કોલ ભાર મધ તથા ઘી સાથે મેળવી સેવન કરી તે ઉપર તરત ત્રિફળાનો ક્વાથ એક પલ પીવો. એ રીતે ત્રણુ માસ સુધી સેવન કરવાથી અત્યંત પુરૂષાર્થ આવે છે. સફેત વાળ કાળા થાય છે. તેમજ મધ તથા લીંડીપીપરના ચુર્ણ સાથે મેળવી સેવન કરવાથી મંદાગ્નિ, શ્વાસ, ખાંસી, પાંડુ, તથા કફરોગ નાશ થાય છે. ગળોના સત્વ સાથે લેવાથી, વાતરકત, સંગ્રહણી, અંડવૃદ્ધિ વગેરેનો નાશ થાય છે. આ રસાયન બળ આપનાર, કાન્તિ વધારનાર, વીર્ય વૃદ્ધિ કરનાર તથા આયુષ વધારનાર છે. તેનું સેવન કરનારે, તેલ, ખટાશ, કોળું, મધ, અડદ, રાઇ, વગેરે પદાર્થો ત્યાગ કરવા જોઇએ. ૬૫-૭૮

(ક્ષેપક શ્લોક-નેપાળાની શુદ્ધિ.)

"जैपालं रहितं त्वगंकुररसज्ञाभिर्मले माहिषे
निक्षिप्तं त्र्यहमुष्णतोयविमलं खल्वे सवासोर्दितम् ॥
लिप्तं नूतनखर्परेषु विगतस्नेहं रजः सन्निभं
निंबूकांबु विभावितं च बहुशो शुद्धं गुणाढ्यं भवेत् ॥१॥

નેપાળાનાં બીજ લઇ તેની છાલ તથા અંદરની જીભ કહાડી નાખી તેની કપડામાં પોટલી બાંધી ત્રણુ દિવસ સુધી ભેંશના છાણુમાં રાખી ચોથે દિવસે બહાર કહાડી ધોઈ સાફ કરવાં. પછી બીજા કપડામાં પોટલી બાંધી તેનું કપડા સહિત ખરલ કરી ચુર્ણ બનાવવું પછી તે ચુર્ણને માટીની તાવડીમાં મૂકી સૂકવવું જેથી ચીકાશ જતી રહી સાફ ચુર્ણ રહેશે. પછી તેને લીંબુના સ્વચ્છ રસની બે ભાવના આપવી એટલે નેપાળો શુદ્ધ થાય છે. ૧

(વછનાગની શુદ્ધિ.)

विषं तु खंडशः कृत्वा वस्त्रखंडेन बन्धयेत् ॥
गोमूत्रमध्ये निक्षिप्य स्थापयेदातपे त्र्यहम् ॥ २ ॥
गोमूत्रं तु प्रदातव्यं नूतनं प्रत्यहं बुधैः ॥
त्र्यहेतीते तदुध्धृत्य शोषयेन्मृदु पेषयेत् ॥ ३ ॥
शुध्यत्येवं विषं नूनं योग्यं भवति चार्तिजित् ॥

વછનાગના બારીક કકડા કરી તેને કપડામાં બાંધી ગોમૂત્ર ભરેલા વાસણમાં ત્રણ દિવસ ડુબાવી તડકે રાખવા તથા હમેશાં જુનું ગોમૂત્ર કહાડી નાખવું અને નવું નાખવું. એ પ્રમાણે ત્રણ દિવસ કરી ચોથે દિવસે વછનાગને બહાર કહાડી તડકામાં સકવી તેનું બારીક ચુર્ણ બનાવવું એટલે શુદ્ધ વછનાગ સર્વ રોગ ઉપર ગુણકર્તા સિદ્ધ થાય છે. ૨-૩

(વછનાગ શુદ્ધિની બીજી રીત.)

खंडीकृत्य विषं वस्त्रपरिबद्धं तु दोलया ॥ ४ ॥
अजापयसी संस्विन्नं यामतः शुद्धिमाप्नुयात् ॥
अजादुग्धैर्भावितस्तु गव्यक्षीरेण शोधयेत् ॥ ५ ॥

इति श्रीदामोदरसूनुशार्ङ्गधरेण विरचितायां संहितायां
चिकित्सास्थाने मध्यखण्डे रसकल्पना नाम
द्वादशोऽध्यायः समाप्तः ॥

વછનાગના એક તોલો કકડા લઇ તેની કપડામાં પોટલી બાંધી દોલાયંત્ર વડે બકરીના એક શેર દુધમાં એક પહોર ઉકાળવા જેથી વછનાગની શુદ્ધિ થાય છે. ૪-૫

ઇતિ શ્રી શારંગધર સંહિતાના મધ્ય ખંડ વિષે બારમા અધ્યાયનું પૂર્ણચંદ્ર શર્માકૃત ગુજરાતી ભાષાંતર સંપૂર્ણ.

બીજો ખંડ સમાપ્ત.

શારંગધર સંહિતા.

ગુજરાતી ભાષાંતર સહિત.

ઉત્તર ખંડ.

અધ્યાય—પહેલો.

(સ્નેહપાન એટલે શું ?)

स्नेहश्चतुर्विधः प्रोक्तो घृतं तैलं वसा तथा ॥
मज्जा च संपिबेन्मर्त्यः किंचिदभ्युदिते रवौ ॥ १ ॥

સ્નેહના ચાર ભેદ છે એટલે કે ઘી, તેલ, ચરબી અને હાડકાંની અંદરનું તેલ—એ ચારેને સ્નેહ કહેવામાં આવે છે, અને તેઓનો ઉપયોગ સૂર્ય ઉદયની ઝલક દેખાતાં સાથેજ કરવો જોઇયે. ૧

(સ્નેહના સ્થાવર અને જંગમ ભેદ.)

स्थावरं जंगमं चैव द्वियोनिः स्नेह उच्यते ॥
तिलतैलं स्थावरेषु जंगमेषु घृतं वरम् ॥ २ ॥

જે વૃક્ષ વગેરેમાંથી પેદા થાય છે; જેમકે તલ—સરસવ—કપાશિયા એરંડા—પીલું—ખસખસ—ખોપરૂં—બદામ વગેરે વગેરેને સ્થાવર સ્નેહની ગણનામાં ગણેલ છે અને જે ઢોર—પંખી—માણસ વગેરેમાંથી હાથ લાગે છે; જેમકે બકરાની, ડુક્કરની ચરબી, ગાયનું, ભેંશનું ઘી વગેરે વગેરેને જંગમ સ્નેહની ગણત્રીમાં ગણેલ છે. સ્થાવરમાં તલનું તેલ અને જંગમમાં ઘી સર્વોત્તમ ગણવામાં આવેલ છે. ૨

(સ્નેહનાં ભેળભેળપણાથી કહેવાતાં નામો.)

द्वाभ्यां त्रिभिश्चतुर्भिस्तु यमकस्त्रिवृतो महान् ॥

ઘી અને તેલ એ બેઉના ભેગા થવાથી તેને યમક સંજ્ઞા આપવામાં આવે છે. ઘી, તેલ અને ચરબી એ ત્રણના એકઠા થવાથી તેને ત્રિવૃંત નામથી ઓળખવામાં આવે છે અને ઘી, તેલ, ચરબી તથા મીંજી એ ચારેના એકઠા થવાથી તેને મહાન્ એ સંજ્ઞા આપવામાં આવે છે. (આમ સ્નેહના ભેદ છે.)

(સ્નેહ પીવાની મર્યાદા.)

पिबेत् त्र्यहं चतुरहं पंचाहं षडहं तथा ॥ ३ ॥

ઘી ત્રણ દિવસ, તેલ ચાર દિવસ, ચરબી પાંચ દિવસ અને મીંજી ૭ દિવસ પીવાની મર્યાદા છે. ૩

(સ્નેહ પીવું કેટલા દિવસે આહાર રૂપ ગણાય ?)

सप्तरात्रात् परं स्नेहः सात्मीभवति सेवितः ॥

સાત દિવસ ઉપરાંત સ્નેહ પીવાથી ખોરાકના જેવા ગુણ પકડે છે. મતલબ કે તે પછી પીવાથી ગુણ અવગુણ કશો જોવામાં આવતો નથી; માટે મર્યાદા પ્રમાણેજ ચારે જાતના સ્નેહ પીવા.

(સ્નેહની યોગ્ય માત્રા કેટલી છે ?)

दोषकालाग्निवयसां बलं दृष्ट्वा प्रयोजयेत् ॥ ४ ॥
हीनां च मध्यमां ज्येष्ठां मात्रां स्नेहस्य बुद्धिमान् ॥

હરેદીના વાતાદિ દોષની સબળતા નિર્બળતા, ઋતુ, વય, જઠરાગ્નિ અને શરીરનું બળાબળ વગેરેનો વિચાર કરી ઘી વગેરે સ્નેહ પીવાનું તોલ હીન રીતે બે તોલા ભાર, સાધારણ રીતે ત્રણ તોલા ભાર, અને પૂર્ણ રીતે ચાર તોલા ભાર છે; માટે ચારે-કારનું ધ્યાન પહોંચાડી તેનો ઉપયોગ કરવો. ૪

(સ્નેહ કહેલા તોલથી વધારે પિયે તો શું નુકસાન ?)

अमात्रया तथाकाले मिथ्याऽहारविहारतः ॥ ५ ॥
स्नेहः करोति शोफार्शस्तंद्रानिद्राविसंज्ञिताः ॥
अकालं चातिमात्रं वा असात्म्यं यच्च भोजनं ॥ ६ ॥
विषमाशनं यद्भुक्तं मिथ्याहारः स कथ्यते ॥

ઉપર બતાવેલા સ્નેહના તોલ કરતાં વધારે કે ઓછું પીવાથી, અથવા પીવાના વખત તરફ બેદરકારી બતાવ્યાથી એટલે કે કહેલા વખતથી વહેલું કે મોડું પીવાથી, અથવા ઘી વગેરે સ્નેહ પીને મિથ્યાહાર વિહાર (અકાળમાં થોડું કે ઘણું ભોજન કરવું, તથા પોતાની પ્રકૃતિને પસંદ ન હોય તે પદાર્થ ખાવો પીવો, અથવા દેશ અને સમય વિરૂદ્ધ પદાર્થો ઉપયોગમાં લેવા તેને મિથ્યા—નકામો આહાર કહેવામાં આવે છે. અને જે કામ કરવાની શક્તિ ન હોવા છતાં પણ તે કામ પરાણે કરવું તેને મિથ્યા વિહાર કહેવામાં આવે છે તે.)

કરવાથી સોજો, મસાનો વ્યાધિ, ઘેન, નિદ્રા અને બેભાનપણું થાય છે; માટેજ કહેલા વખતે યોગ્ય તોલથી સ્નેહનું સેવન કરવું.

(જઠરાગ્નિના પ્રમાણમાં સ્નેહની માત્રાનું ચોકસપણું.)

देया दीप्ताग्नये मात्रा स्नेहस्य पलसंमिता ॥ ७ ॥
मध्यमाय त्रिकर्षी स्याज्जघन्याय द्विकार्षिकी ॥

જે માણસનો જઠરાગ્નિ ઘણોજ પ્રદીપ્ત હોય તેને ચાર તોલા તથા જેનો સાધારણ અગ્નિ હોય તેને ત્રણ તોલા ભાર, અને જેનો જઠરાગ્નિ મંદ હોય તેને બે તોલા ભાર સ્નેહ પાન કરાવવું. ૭

(સ્નેહમાત્રાની મર્યાદાના ત્રણ પ્રકાર.)

अथवा स्नेहमात्राः स्युस्तिस्रोन्याः सर्वसंमताः ॥ ८ ॥
अहोरात्रेण महती जीर्यत्यह्नि तु मध्यमा ॥
जीर्यत्यल्पा दिनार्धेन सा विज्ञेया सुखावहा ॥ ९ ॥

તમામ વૈદ્યવરોનો ચોકસ મત છે કે ઘી વગેરે સ્નેહ પીવાની માત્રા (તોલ) ત્રણ પ્રકારની છે. એટલે કે-જે માત્રા આઠ પહોરમાં પચે તે મહતી-મોટી માત્રા, તથા તે એક પળ-ચાર તોલા ભારની હોય છે. જે માત્રા એક દિવસમાં પચે તે મધ્યમ તથા તે ૩ તોલા ભારની હોય છે, અને જે માત્રા બે પહોરમાં પાચન થઈ જાય તે કનિષ્ટ--ન્હાની માત્રા બે તોલા ભારની સુખ દેનારી હોય છે. ૮-૯.

(અલ્પાદિ માત્રાનો ગુણ.)

अल्पा स्याद्दीपनी वृष्या स्वल्पदोषेषु पूजिता ॥
मध्यमा स्नेहनी ज्ञेया बृंहणी श्रमहारिणी ॥ १० ॥
ज्येष्ठा कुष्टविषोन्मादग्रहापस्मारनाशिनी ॥

ઘી વગેરે પીવામાં જે બે તોલા ભારની અલ્પ માત્રા છે તે જઠરાગ્નિને પ્રદિપ્ત-સતેજ કરીને સ્ત્રી સંયોગમાં ઇચ્છા પ્રકટ કરે છે, તથા વાતાદિ દોષના અલ્પ પ્રકોપનો નાશ કરે છે. ત્રણ તોલા ભારની સાધારણ માત્રા છે તે દેહને પુષ્ટ કરીને ધાતુવૃદ્ધિને સબળ કરી ભ્રમનો નાશ કરે છે. અને ચાર તોલા ભારની જ્યેષ્ટ માત્રા છે તે કોઢ, વિષદોષ, ઉન્માદ-ભૂતાદિક ગ્રહ, વાઈ વગેરેની પીડાનો નાશ કરે છે. ૧૦

(દોષ પરત્વે અનુપાનની યોગ્યતા.)

केवलं पैत्तिके सर्पिर्वातिके लवणान्वितम् ॥ ११ ॥
पेयं बहुकफे वह्निव्योषक्षारसमन्वितम् ॥

પિત્તકોપમાં ફક્ત ઘી, વાયુપ્રકોપમાં સિંધાલુણ સહિત ઘી, અને કફના કોપમાં શુંઠ, મરી, પીપર તથા જવખારના ચૂર્ણ સહિત ઘી પીવું. ૧૧

(ઘી પીવાલાયક મનુષ્ય.)

रुक्षक्षतविषार्तानां वातपित्तविकारिणाम् ॥ १२ ॥
हीनमेधास्मृतीनां च सर्पिःपानं प्रशस्यते ॥

જે મનુષ્ય શરીરે નિસ્તેજ, ક્ષતરોગી, ત્રિદોષથી પીડિત, વાતપિત્તવિકારવંત અને સ્મરણશક્તિ કમ થઇ ગઈ હોય, તે મનુષ્યને ઘી પાવું હિતાવહ છે. ૧૨

(તેલ પીવાયોગ્ય રોગી.)

कृमिकोष्ठानिलाविष्टाः प्रवृद्धकफमेदसः ॥ १३ ॥
पिबेयुस्तैलसात्म्याय तैलं दीप्ताग्निनस्तु ये ॥

જેના પેટમાં કરમિયા પડ્યા હોય, વાયુકોપથી શરીર વ્યાપ્ત હોય, કફ તથા મેદ વધિ પડેલ હોય અને જઠરાગ્નિ તેજ હોય તેને તેલ પાવું યોગ્ય છે. તેલ પીવું જેને કંટાળો આપતું હોય તેને કદિ પાવું નહીં. ૧૩

(માંસ સ્નેહ પીવા લાયક રોગી.)

व्यायामकर्षिताः शुष्करेतोरक्ता महारुजः ॥ १४ ॥
महाग्निमारुतप्राणा वसायोग्या नराः स्मृताः ॥

મલ્લ વગેરેના યુદ્ધથી, (કસરતથી), ધનુષ્ય વગેરેના ખીંચવાથી જેનું શરીર દુઃખિત હોય, તથા લોહી અને વીર્યની ક્ષીણતા હોય, શરીરમાં ઘોર પીડા હોય, અને જેનો જઠરાગ્નિ પ્રબળ, તેમજ વાયુ અધિક તેજ હોય તેવા મનુષ્યને માંસનું સ્નેહ પાવા લાયક છે. ૧૪

(મજ્જા પીવા લાયક દર્દી.)

क्रूराशयाः क्लेशसहा वातार्ता दीप्तवह्नयः ॥ १५ ॥
मज्जानं च पिबेयुस्ते सर्पिर्वा सर्वतोहितम् ॥

જેનો કોઠો ઘણો સખ્ત હોય, તથા દુઃખ સહન કરી શકે

તેવા અને વાયુથી પીડિત હોય તેવા પ્રદીપ્ત અગ્નિવાળાને હાડકાનું તેલ અગર ઘી પાવું ફાયદાકારક છે. ૧૫

(રોગીએ સ્નેહ ક્યારે પીવું જોઇએ ?)

शीतकाले दिवा स्नेहमुष्णकाले पिबेन्निशि ॥ १६ ॥
वातपित्ताधिके रात्रौ वातश्लेष्माधिके दिवा ॥

શિયાળામાં કિંવા ઠંડી મોસમમાં ઘી તથા તેલ વગેરે દાહાડેજ પીવું. ઉન્હાળામાં, ગરમીના વખતમાં અને વાયુપિત્તકોપનું વિશેષ બળ હોય તો સ્નેહ માત્ર રાતેજ પીવું; પણ કફવાયુનો કોપ બળવાન હોય તો દિવસે પીવું. ૧૬

(સ્થળ પરત્વે સ્નેહોની યોજના.)

नस्याभ्यंजनगंडूषमूर्धकर्णाक्षितर्पणे ॥ १७ ॥
तैलं घृतं वा युंजीत दृष्ट्वा दोषबलाबलम् ॥

નાકમાં ટીપાં પાડવા, શરીરે મસળવા, કોગળા કરવા અને માથામાં, કાનમાં તથા આંખોમાં તર્પણ કરવા વાતાદિ દોષોની પ્રબળતા નિર્બળતા ધ્યાનમાં લઇ વૈદે ઘી તેલ વગેરેની દર્દીને માટે યોગ્ય યોજના કરવી. ૧૭

(સ્નેહોનાં જુદાં જુદાં અનુપાન.)

घृते कोष्णं जलं पेयं तैले यूषः प्रशस्यते ॥ १८ ॥
वसामज्जोपिबेन्मंडमनुपानं सुखावहम् ॥

ઘી પીને ઉપર ઉન્હું પાણી પીવું, તેલ પીને ઉપર યૂષ પીવો અને માંસસ્નેહ તથા હડ્ડીનું તેલ પીને ઉપર મંડ પીવો સુખદાતા છે. ૧૮

(ભાત સંગાથે સ્નેહ પીવાનો નિયમ.)

स्नेहद्विषः शिशून् वृद्धान् सुकुमारान्कृशानपि ॥१९॥
तृष्णातुरानुष्णकाले सह भक्तेन पाययेत् ॥

ઘી તેલ વગેરે સ્નેહ પીવા ઉપર જેને કંટાળો-અભાવ હોય અથવા બાળક, બુઢ્ઢો કિંવા નાજુક મિજાજવંત, અને તૃષાથી પીડિત હોય તેને ગરમીની મોસમમાં ઘી તેલ વગેરે સ્નેહ પાવાની જરૂરજ હોય તો ભાતની સાથે પાવાથી તે અભાવનો અંત આવે છે. ૧૯

(સ્નેહ શિવાય યવાગૂથી તુરત સ્નેહન થાય છે.)

सर्पिष्मती बहुतिला यवागूस्तुल्पतंदुला ॥ २० ॥
सुखोष्णा सेव्यमाना तु सद्यः स्नेहकारिणी ॥

સાફ કરેલા વધારે તલને કૂટી થોડાક ચોખા મેળવી ઘી પાણી નાખી ચૂલ્હે ચડાવી ઑટાવવા અને જ્યારે ચોખા ચડી જઇ રાબડી જેવા પાતળા થઈ રહે ત્યારે ઉતારી લેવા, એને યવાગૂ કહેવામાં આવે છે. તે યવાગૂ સહેવાતી સહેવાતી ગરમ ગરમ પીવાથી સ્નેહન કરવાવાળી નીવડે છે. ૨૦

(ધારોષ્ણ દૂધથી તુરત ધાતુ ઉત્પન્ન થાય છે.)

शर्कराचूर्णसंभृष्टे दोहनस्थे घृते तु गाम् ॥ २१ ॥
दुग्ध्वा क्षीरं पिबेदुष्णंः सद्यः स्नेहनमुच्यते ॥

દૂધ દોહવાના વાસણમાં સાકર મેળવેલા ઘીને જરા ગરમ કરી રાખી પછી તેમાં ગાયનું દૂધ દોહી લેવું અને તેજ વખતે તે ગરમા-ગરમ નીકળેલું દૂધ પીવું જેથી તુરત ધાતુને જન્મ આપે છે અને સ્નેહન થાય છે. ૨૧

(મિથ્યા આચારથી ન પચેલા સ્નેહનું યત્ન.)

मिथ्याचाराद्बहुत्वाद्वा यस्य स्नेहो न जीर्यति ॥ २२ ॥
विष्टभ्य वापि जीर्येत वारिणोष्णेन वामयेत् ॥

ઘી વગેરે સ્નેહ પીને પછી કસરત કરવામાં આવે કે કફ-કારી પદાર્થ ખાવા પીવામાં આવે તો સ્નેહ પચી શકતું નથી. તેમજ ઘણું પીવાથી પણ પચતું નથી અથવા મળનો અવરોધ કરીને પચે છે, તેવા મનુષ્યને ઉનું પાણી પાઈ ઉલટી કરાવી દેવી જેથી સ્નેહનું અજીર્ણ મટી જાય છે. ૨૨

(પુનઃ યત્ન.)

स्नेहस्याजीर्णशंकायां पिबेदुष्णोदकं नरः ॥ २३ ॥
तेनोद्गारोभवेच्छुद्धो भक्तं प्रति रुचिस्तथा ॥

ઘી વગેરે સ્નેહ પીધા છતાં અજીર્ણ થવાની શંકા રહે તો તુરત ઉનું પાણી પીવું જેથી શુદ્ધ રીતે ઓડકાર આવી અન્ન ઉપર ઇચ્છા થશે. ૨૩

(પુનઃ યત્ન.)

स्नेहेन पैत्तिकस्याग्निर्यदा तीक्ष्णतरीकृतः ॥ २४ ॥
तदाऽस्योदीरयेत्तृष्णां विषमां तस्य पाययेत् ॥
शीतं जलं वामयेच्च पिपासा तेन शाम्यति ॥ २५ ॥

જે મનુષ્યની પિત્તપ્રકૃતિ હોય તેને ઘી, વગેરે સ્નેહ પીવાથી તેનો અગ્નિ તીક્ષ્ણ થઇ અત્યંત તરશને વધારી દેછે તો તે મનુષ્યને ગરમ જળ ન પાતાં ટાઢું પાણી પાઇ ઊલટી કરાવવી :જેથી તૃષા શાંત થશે. ૨૪–૨૫

(સ્નેહ પીવામાં નાલાયક કોણ હોય ?)

अजीर्णी वर्जयेत्स्नेहमुदरी तरुणज्वरी ॥
दुर्बलोऽरोचकी स्थूलो मूर्छार्तो मदपीडितः ॥ २६ ॥
दत्तबस्तिर्विरिक्तश्च वांतितृष्णासमन्वितः ॥
अकालप्रसवा नारी दुर्दिने च विवर्जयेत् ॥ २७ ॥

અજીર્ણરોગી, ઉદરરોગી, તુરતના આવેલા તાવવાળો, દુર્બળ, અરૂચિવંત, જાડો માણુસ, મૂર્છા તથા મદથી પીડાતો, બસ્તિકર્મ કરાયલો, દસ્ત લાગ્યા કરતા હોય, રેચ લીધેલ હોય, ઉલટી તથા તરષથી યુક્ત અને કસુવાવડી હોય એઓને દુર્દિનની અંદર કદિપણુ સ્નેહ પાવું નહીં. ૨૬–૨૭

(સ્નેહ પીવું કોને ફાયદાકારક છે ?)

स्वेद्यसंशोध्यमद्यस्त्रीव्यायामासक्तचिंतकाः ॥
वृद्धा बालाः कृशा रूक्षाः क्षीणास्राः क्षीणरेतसः ॥२८॥
वातार्तास्तिमिरार्ता ये तेषां स्नेहनमुत्तमम् ॥

ઔષધો વગેરેના સંયોગથી જેઓનો પરશેવો કહાડેલ હોય તેવા શોધનવાળા મનુષ્યને, મદિરા પીનારને, સ્ત્રીમાં આસક્તિવંત હોય તેને, પરિશ્રમ કરી ચુકેલાને, ચિંતાથી વ્યાપ્ત, વૃદ્ધ, બાળક, દુર્બળ, લૂખા શરીરવાળાને, ધાતુ, લોહી વગેરેની ક્ષીણતાવાળાને, વાયુથી પીડિત અને તિમિરરોગીને ઘૃતાદિ સ્નેહ પાવાથી ફાયદો થાય છે. ૨૮

(સમ્યક્ સ્નેહપાનનાં લક્ષણ.)

वातानुलोम्यं दीप्तोग्निर्वर्चः स्निग्धमसंहतम् ॥ २९ ॥

मृदु स्निग्धांगता ग्लानिः स्नेहद्वेषोऽथ लाघवम् ॥
विमलेंद्रियता सम्यक् स्निग्धे रूक्षे विपर्ययः ॥ ३० ॥

ઘી વગેરે સ્નેહ પીવાથી શરીરની લુખાસ દૂર થઇને શરીરમાં સ્નિગ્ધતા પેદા થાય છે, તેનાં લક્ષણ આ છે કે–વાયુનું અનુલોમન થાય, જઠરાગ્નિ પ્રદીપ્ત થાય, મળ–ઝાડો સ્નિગ્ધ તથા સાફ થાય, શરીર નમ્ર, સચ્ચિકણ, ગ્લાનિ રહિત થાય, . શરીર હલકું થાય, પીધેલા સ્નેહનો ઉપદ્રવ થતો નથી, અને ઇંદ્રિયો નિર્મળ થાય છે. પણ જો સ્નેહ પીનારનું શરીર રૂક્ષ હોય તો તેને વિપરીત પરિણામ મળે છે. ૨૯—૩૦

(સ્નેહપાનના ઉપદ્રવો.)

भक्तद्वेषो मुखस्रावो गुदे दाहः प्रवाहिका ॥
तंद्राऽतिसारः पांडुत्वं भृशं स्निग्धस्य लक्षणम् ॥३१॥

જે માણસ ઘી વગેરે સ્નેહ વારંવાર પીએ છે તેને નીચે પ્રમાણે ઉપદ્રવો થાય છે એટલે કે–ભોજનમાં અરૂચિ, મ્હોંમાંથી લાળનું પડવું, ગુદામાં દાહ, મરડો કિંવા ધોળો પાતળો દસ્ત લાગ્યા કરવો, ઘેન, અતિસાર અને શરીરનું પીળું અગર ધોળું પડી જવું વગેરે ઉપદ્રવો અતિ સ્નિગ્ધ થયેલાને થાય છે. ૩૧

(રૂક્ષને સ્નિગ્ધ અને સ્નિગ્ધને રૂક્ષ કરવાના ઉપાય.)

रूक्षस्य स्नेहनं स्नेहरतिस्निग्धस्य रूक्षणम् ॥
श्यामाकचणकाद्यैश्च तक्रपिण्याकसक्तुभिः ॥ ३२ ॥

જે રૂક્ષ હોય તેને તરત માખણ ઉતારી લીધેલી છાશ, તલનો કલ્ક, જવનો સાથવો એ સ્નેહયુક્ત પીવાથી સ્નિગ્ધ થાય છે અને સ્નિગ્ધજનને રૂક્ષ કરવો હોય તો શામો અને ચણા વગેરે રૂક્ષ પદાર્થો સેવન કરાવાથી રૂક્ષ થાય છે. ૩૨

(સ્નેહાદિ સેવનના ગુણ.)

दीप्ताग्निः शुद्धकोष्ठश्च पुष्टधातुर्जितेंद्रियः ॥
निर्जरो बलवर्णाढ्यः स्नेहसेवी भवेन्नरः ॥ ३३ ॥

ઘી વગેરે સ્નેહોનું સેવન કરવાથી જઠરાગ્નિ પ્રદીપ્ત થાય છે, કોઠો શુદ્ધ થાય છે, શરીરના રસાદિ ધાતુઓ પુષ્ટ થાય છે, ઇંદ્રિયો સ્વાધીન રહે છે, વૃદ્ધાવસ્થા થતી નથી, અને બળ તથા કાંતિ સહિત રહે છે. ૩૩

(સ્નેહપાનમાં શું શું ન ખાવું પીવું?)

स्नेहे व्यायामसंशीतवेगाघातप्रजागरान् ॥
दिवास्वप्नमभिष्यंदि रूक्षान्नं च विवर्जयेत् ॥ ३४ ॥

इति श्रीदामोदरसूनुशार्ङ्गधरेण विरचितायां संहितायां
चिकित्सास्थाने उत्तरखंडस्य स्नेहपानादिप्रथ-
मोऽध्यायः समाप्तः ॥

સ્નેહ પીનારે પરિશ્રમ કરવો નહીં, અતિ શીતળ પદાર્થો ખાવા નહીં. ઝાડા પેશાબની હાજતને રોકવી નહીં, ઉજાગરો કરવો નહીં, દિવસે ઉંઘવું નહીં, કફ કરનારા પદાર્થો ખાવા નહીં અને રૂક્ષ અન્ન પણ ખાવું નહીં. ૩૪

ઇતિ શ્રી શારંગધર સંહિતાના ઉત્તરખંડ વિષે પહેલા અધ્યાયનું
પુરોહિત પૂર્ણચંદ્ર શર્મા કૃત ગુજરાતી ભાષાંતર સંપૂર્ણ.

અધ્યાય બીજો.

(પરશેવો કહાડવાનો વિધિ.)

स्वेदश्चतुर्विधः प्रोक्त स्तापोष्णौ स्वेदसंज्ञितौ ॥
उपनाहो द्रवः स्वेदः सर्वे वातार्तिहारिणः ॥ १ ॥

પરશેવો કહાડવાનો વિધિ ચાર પ્રકારનો છે. એટલે કે-તાપ ૧, ઉષ્મ ૨, ઉપનાહ ૩, અને દ્રવ આ ચાર પ્રકાર છે, અને આ ચારે સ્વેદ વાયુની પીડા દૂર કરનારા છે. ૧

(ભિન્ન સ્વેદના ભિન્ન ભિન્ન ગુણ.)

स्वेदौ तापोष्मजौ प्रायः श्लेष्मघ्नौ समुदीरितौ ॥
उपनाहस्तु वातघ्नः पित्तसंगे द्रवो हितः ॥ २ ॥

તાપ અને ઉષ્મ સ્વેદ કફયુક્ત વાયુનો, ઉપનાહ સ્વેદ એકલા વાયુનો અને દ્રવ સ્વેદ પિત્તયુક્ત વાયુનો નાશ કરે છે. ૨

(બળાબળ જોઇ પરશેવો કહાડવો.)

महाबले महाव्याधौ शीते स्वेदो महान् स्मृतः ।
दुर्बले दुर्बलः स्वेदो मध्ये मध्यमो मतः ॥ ३ ॥

મહા બળવાન મનુષ્યને મોટો વાયુવ્યાધિ થયેલ હોય તો (શીતકાળમાં ?) ઘણો પરશેવો કહાડવો. દુર્બળ મનુષ્યને દુર્બળ વાતવ્યાધિ થયેલ હોય તો હલકા રૂપમાં પરશેવો કહાડવો, અને મધ્યમ બળવાળા મનુષ્યને મધ્યમ વાતવ્યાધિ થયેલ હોય તો તેને સાધારણ પરશેવો લાવવો. (તથાપિ દેશ, કાળ, વય વગેરે તરફ ધ્યાન આપવું.) ૩

(રોગ પરત્વે પ્રસ્વેદ લાવવાની યોજના.)

बलासे रूक्षणः स्वेदो रूक्षः स्निग्धः कफानिले ।
कफमेदावृते वाते कोष्णगेहं रवेः करान् ॥ ४ ॥
नियुद्धं मार्गगमनं गुरुप्रावरणं ध्रुवम् ॥
चिंताव्यायामभारांश्च सेवेतामयमुक्तये ॥ ५ ॥

કફપ્રકોપના રોગોમાં લૂખા પદાર્થો (રેતી વગેરે) નો શેક કરી પરશેવો કહાડવો. કફ, વાયુપ્રકોપના રોગોમાં ઘી વગેરે સ્નિગ્ધ અને રેતી વગેરે મિશ્ર પદાર્થો વડે પરશેવો કહાડવો. કફ મેદયુક્ત વાયુના રોગમાં રોગીને ઘરમાંના જે ભાગમાં વધારે ગરમાવો રહેતો હોય તે જગોએ બેસાડીને, સૂર્યકિરણની આતાપના લઇને, કુસ્તી કરીને, થોડો ઘણો પંથ કરીને, કાંબળ, રજાઈ વગેરે ઓઢીને, ચિંતા કરીને, પરિશ્રમ-મહેનત કરીને, કોઈ પણ જાતનો બોજો ઉઠાવીને; મતલબમાં આવાં કારણોથી જોઇયે તેટલો પરશેવો લાવીને કફ મેદ-યુક્ત વાયુ મટાડવો. ૪-૫

(પ્રથમ પસીનો કોને કહાડવો ?)

येषां नस्यं विधातव्यं बस्तिश्चापि हि देहिनाम् ॥
शोधनीयाश्च ये केचित्पूर्वं स्वेद्याश्च ते मताः ॥ ६ ॥

જે મનુષ્ય નસ્ય (નાશ) દેવાને યોગ્ય છે અથવા બસ્તિ કર્મના લાયક છે કિંવા વમન વિરેચન-ઉલટી જુલાબ દેવાને યોગ્ય છે તે મનુષ્યને પહેલાં પસીનો લેવરાવી પછીજ નાશ, બસ્તિ અને અખાળ પખાળનો પ્રયોગ ઉપયોગમાં લેવો. ૬

(પુનઃ પ્રથમ પ્રસ્વેદ યોગ્ય રોગી.)

स्वेद्याः पूर्वं त्रयोपीह भगंदर्यर्शसी तथा ॥
अश्मर्यां चातुरो जंतुः शमयेच्छस्त्रकर्मणा ॥ ७ ॥

જે ભગંદર રોગથી પીડાતો હોય, તથા જે વવાસીર-ગુદાના મસાના રોગથી હેરાન થતો હોય અને જે પથરીના રોગથી દુઃખી હોય તેને પ્રથમ પરશેવો લવરાવી પછીજ શસ્ત્રક્રિયા કરવી; કેમકે પરશેવો લાવવાથી તે નમ્ર થઇને વાઢકૂપ કરવાને લાયક થાય છે. ૭

(પછી પસીનો કહાડવા યોગ્ય કોણુ ?)

पश्चात्स्वेद्यागते शल्ये मूढगर्भगदे तथा ॥
काले प्रजाता काले वा पश्चात्स्वेद्या नितंबिनी ॥ ८ ॥

જે સ્ત્રીના પેટમાં છોડ હોય તેના પડયા પછી, મૂઢ ગર્ભના પતન થયા પછી અને નવ માસ પૂર્ણુ થયા પછી અથવા તો નવ મહીના પહેલાં પ્રસવ થનારી બાઇને પછી પરશેવો લવરાવવો. ૮

(પરશેવો કેવે ઠેકાણે અને કયારે લવરાવવો ?)

सर्वान्स्वेदान्निवाते च जीर्णाहारे च कारयेत् ॥

ઉપર બતાવેલા ચારે જાતના પરશેવા ખાધેલો ખોરાક સંપૂર્ણ પચી ગયા પછી જે જગોએ પવન ન આવી શકતો હોય તેવી જગોએ બેસારીને (પરશેવો) લવરાવવો.

(પરશેવો કહાડવાથી કયે માર્ગથી દોષો દૂર થાય છે ?)

स्वेदाद्धातुस्थिता दोषाः स्नेहस्निग्धस्य देहिनः॥ ९ ॥
द्रवत्वं प्राप्य कोष्ठांतर्गता यांति विरेकताम् ॥

પ્રથમથી સ્નેહપાક કરાવીને સ્નિગ્ધ કરેલા મનુષ્યના શરીરમાંથી પરશેવો કહડાવવો, જેથી શરીરની અંદરના રસાદિ ધાતુઓમાં રહેલા દોષો પાતળા પડી જઇ કોઠાની અંદર પેસીને ગુદાની મારફત દસ્તને રસ્તે બહાર પડે છે. (સહેજ ગરમ કરેલા તેલમાં દરદીને બેસાડવો અને તે તેલ એટલું હોવું જોઇયે કે રોગીની દૂંટીથી ચાર આંગળ નીચે રહે. તેવો પ્રયોગ કરવા માટે એક ટીકાકાર ભલામણ કરે છે.) ૯

(પરશેવો લાવવા પછી શું કરવું ?)

स्वेद्यमानशरीरस्य हृदयं शीतलैः स्पृशेत् ॥ १० ॥
स्नेहाभ्यक्तशरीरस्य शीतैराच्छाद्य चक्षुषी ॥

પરશેવો લવરાવ્યા પછી રોગીના દોષો પાતળા પડી પેટમાંથી

ગુહ્યદ્વારા બહાર નીકળી જાય તે વખતે તેની છાતી ઉપર સુખડનો લેપ કરવો જેથી તેની પ્રકૃતિ સ્વસ્થ થાય. તેમજ જેને તેલ વગેરેમાં બેસાડી તેના દોષો પાતળા પાડી ગુહ્યદ્વારા બહાર કહાડયા હોય તેની આંખ્યોપર કમળનાં કે કેળનાં પાંદડાં મૂકી શીતળતા આપવી જેથી તેની ગ્લાની દૂર થશે.

(એક ટીકાકાર આનો એવો અર્થ બતાવે છે કે પહેલાં શરીરને સ્નેહ ચોળી પછી તેની આંખ્યોપર ઠંડક થવા માટે કમળપત્ર કે કેળપત્ર મૂકીને પછી શરીરમાંથી પસીનો કહડાવવો, અને પરશેવો કહાડતી વખતે તેની છાતી ઉપર ચંદનનો લેપ કરવો.) ૧૦

(પરશેવો કહાડવામાં કયા રોગી નાલાયક છે ?)

अजीर्णी दुर्बलो मेही क्षतक्षीणः पिपासितः ॥ ११ ॥
अतिसारी रक्तपित्ती पांडुरोगी तथोदरी ॥
मदार्ता गर्भिणी चैव नहि स्वेद्या विजानता ॥ १२ ॥
एतानपि मृदुस्वेदैः स्वेदसाध्यानुपाचरेत् ॥

અજીર્ણ રોગી, દુર્બળ, પ્રમેહવાળો, છાતીમાં પડેલા ચાંદાવાળો, તૃષાતુર, અતિસારી (ઝાડાનો દર્દી), રકતપિત્તરોગી, પાંડુ તથા પેટરોગવાળો અને મદરોગી તેમજ ગર્ભવતી સ્ત્રી એઓના શરીરમાંથી કદિ પરશેવો કહાડવો નહીં. કદાચિત પરશેવો કહાડયા વિના તે રોગ મટે તેમજ ન હોય તો સ્હેજ પરશેવો લવરાવવો. ૧૧-૧૨

(થોડો પરશેવો લાવવાની જગ્યા.)

मृदुस्वेदं प्रयुंजीत तथा हृन्मुष्कदृष्टिषु ॥ १३ ॥

છાતી, વૃષણ, અને આંખોના ડોળા ઉપરથી કદિ પરશેવો કહાડવાની ખાસ જરૂરજ જણાય તો ફક્ત હલકો પરશેવો લવરાવવો. ૧૩

(ઘણો પરશેવો લાવવાથી શું નુકસાન છે ?)

अतिस्वेदात्संधिपीडा दाहस्तृष्णा क्लमो भ्रमः ॥
पित्तासृक् पिटिकाकोपस्तत्र शीतैरुपाचरेत् ॥ १४ ॥

શરીરમાંથી ઘણો પરશેવો લાવવાને લીધે સઘળા સાંધાઓમાં પીડા, શરીરમાં બળતરા, શોષ-તૃષા, ગ્લાનિ, ભ્રમ, રકતપિત્તપ્રકોપ અને શરીરપર ફોલ્લીઓ થાય છે. જો એ ઉપદ્રવો થયા હોય તો તેને દૂર કરવા શીતળ ઉપાયો આદરવા જેથી સ્વેદના ઉપદ્રવો શાંત થશે.

(તાપ સ્વેદનો વિધિ.)

तेषु तापाभिधः स्वेदो वालुकावस्त्रपाणिभिः ॥
कपालकंदुकांगारैर्यथायोग्यं प्रयुज्यते ॥ १५ ॥

પસીનો લાવવાના મુખ્ય ચાર પ્રકાર પૈકી તાપ સ્વેદની રીતિ એ છે કે રેત ઉન્હી કરીને, લુગડાને તપાવીને, હાથ ઉન્હા કરીને, ઠીબ-ઈંટ-નળીયું ઉન્હાં કરીને, ચીંથરાનો દડો ઉન્હો કરીને અને અંગારાથી શરીર તપાવીને-આમ ૭ રીતિથી પરશેવો લાવવો. તેમાં પણ જેને જે શેક તે વખતે યોગ્ય જણાતો હોય તેને તે શેક તેની શક્તિ તરફ ધ્યાન આપીને કરવો. ૧૫

(ઉષ્મા સ્વેદનો વિધિ.)

ऊष्मा स्वेदः प्रयोक्तव्यो लोहपिंडेष्टिकादिभिः ॥
प्रतप्तैरम्लसिक्तेश्च कायेरल्लकवेष्टिते ॥ १६ ॥
अथवावातनिर्नाशिद्रव्यक्काथरसादिभिः ॥
उष्णैर्घटं पूरयित्वा पार्श्वछिद्रं विधाय च ॥ १७ ॥
विमुद्र्यास्यं त्रिखण्डां च धातुजां काष्ठजां तथा ॥
षडंगुळास्यां गोपुच्छां नली युंज्याद्विहस्तिकाम्॥१८॥
सुखोपविष्टं स्वभ्यक्तं गुरुप्रावरणावृतं ॥
हस्तिशुंडिकया नाड्या स्वेदयेद्वातरोगिणम् ॥ १९ ॥
पुरुषायाम मात्रां वा भूमिमुत्कीर्य खादिरैः ॥
काष्ठैर्दग्ध्वा तथाभ्युक्ष्य क्षीरधान्याम्लवारिभिः ॥२०॥
वातघ्नपत्रैराच्छाद्य शयान स्वेदयेन्नरम् ॥
एवं माषादिभिः स्विन्ने शयानः स्वेदमाचरेत् ॥२१ ॥

ઉની બાફ આપવી તેના જુદા જુદા પ્રકાર છે એટલે કે-એક પ્રકાર એવો છે કે-લોઢાના ગોળાને કે ઇંટને તપાવી પછી રોગીને ગર્દન લગી કાંબળો ઓઢાડી તે ગરમ ગોળો કે ઈંટ તેના મ્હો અગાડી રાખી પછી તેની ઉપર છાશ વગેરે યોગ્ય ખાટા પદાર્થો છાંટી તેમાંથી નીકળતો બફારો આપવો જેથી દર્દીના શરીરમાંથી જોઇતો પરશેવો નિકળી આવે છે. બીજો પ્રકાર એવો છે કે-માટીના ઘડાના પડખામાં કાણું પાડી પછી ત્રણ સાંધાવાળી, ૭ આંગળ

પહોળા મ્હોંવાળી તથા ગાયના પુંછડા જેવી ક્રમવાર પાતળી અને અંદર છિદ્રવાળી, બે હાથ લાંબી છતાં હાથીની શૂંઢ સરખા દેખાવની નળી મતલબ એ કે ઘડાના કાણાથી ચાર આંગળ લગી એક સાંધાથી આડી વાળેલી, પછી નીચેના ભાગમાં જમીનથી જરાક ઉંચે રહે તેવી બીજા સાંધાથી સીધી રાખેલી અને તે પછી ત્રીજા સાંધા વડે વાંકી વાળીને ઉંચા મ્હોંવાળી તૈયાર કરેલી ધાતુની, લાકડાની કે વાંસડાની નળી તે માટીના ઘડાના કાણા સાથે જોડી દઈ મુદ્રા (આટાની) દેવી. તે પછી તે ઘડામાં દશમૂળ વગેરે વાયુ નાશ કરનારાં ઓસડોનો કવાથ કે સ્વરસ ગરમાગરમ ભરી દઈ તેના મ્હોંપર કોડીયું ઢાંકી સાંધને સીડી લઈ લુગડું લપેટવું. પછી તે પર સૂતરનો તાર વીંટી ભીની માટીનો લેપ કરવો અને તે લેપ સુકાય કે તે ઘડાને અંગારા પર મૂકવો. બાદ વાયુથી પીડાતા દર્દીને તેલ ઘી ચોપડી સારી રીતે બેસાડી ધાબળાથી શરીરને ચોમેર ઢાંકી દેવું. તે પછી તે ઘડાને અંદર ગોઠવી તેની નળીનું મ્હો ખુલ્લું આસ્તે આસ્તે મૂકવું જેથી તેના બફારા વડે પરશેવો આવશે. ત્રીજો પ્રકાર એવો છે કે–રોગીને સુખેથી સુવાડી શકીએ તેટલો લાંબો પહોળો ઉંડો ખાડો ખોદી તેમાં ખેરનાં લાકડાં ભરી બાળી મૂકવાં. જ્યારે અંગારા થાય ત્યારે તે બધા ખાડામાંથી કહાડી નાખી તે ગરમ થયેલી જમીનમાં દૂધ, ધાન્યોદક કે છાશ, કાંજી છાંટી અથવા તેમાં વાયુહર્ત્તા નગોડ વગેરે ઔષધીઓના પાંદડાં પાથરી પછી તેની ઉપર રોગીને સુવાડી કાંબળો કે અન્ય ઔષધીપત્રોથી તેનું અંગ પૂર્ણપણે આચ્છાદિત કરી પસીનો કહાડવો. ચોથો પ્રકાર એવો છે કે ઉપર પ્રમાણેજ ખેરનાં લાકડાં સળગાવી અંગારા કહાડયા પછી અધકચ્ચા બાફેલા અડદ તે ખાડામાં પાથરી તેની ઉપર દર્દીને સુવાડી ઢપુંડી દેવો જેથી પરશેવો નીકળશે. આવી રીતના બીજા પણ ઔષધોના પ્રયોગ વડે પરશેવો લવરાવાય છે. ૧૬–૨૧

(ઉપનાહ સ્વેદ શી રીતે થાય ?)

तथोपनाहस्वेदं च कुर्याद्वातहरौषधैः ॥
प्रदिह्य देहं वातार्तं क्षीरमांसरसान्वितैः ॥ २२ ॥
अम्लपिष्टैः सलवणैः सुखोष्णैः स्नेहसंयुतैः ॥

ઉપનાહ સ્વેદની રીતિ એવી છે કે–દશમૂળ આદિ વાયુને હરનારાં ઔષધોને કૂટી ચૂર્ણ કરી તેમાં દૂધ અને હિરણ્યમાંસનો સ્નેહ મેળ-

વીને કંઈક ગરમ કરી વાયુપીડિત રોગીના અંગને સહન થઈ શકે તેવો તેનો ગાઢો લેપ કરીને વસ્ત્ર વગેરેની પટ્ટીથી બાંધી શરીરનો પરશેવો કહાડવો. કિંવા વાતહર ઔષધોનું ચૂર્ણ કરી તેને છાશમાં કે કાંજીમાં મેળવી થોડું સિંધાલૂણ અને મીઠું તેલ ઉમેરી જરા ગરમ કરી વાતગ્રસિત રોગીના શરીરપર સહેવાતો સહેવાતો ગાઢો લેપ કરી પાટો બાંધી પરશેવો કહાડવો. ૨૨

(મહા શાલ્વણ પ્રયોગ.)

उपग्राम्यानूपमांसैर्जीवनीयगणेन च ॥ २३ ॥
दधिसौवीरकक्षारैर्वीरतर्वादिना तथा ॥
कुलित्थमाषगोधूमैरतसीतिलसर्षपैः ॥ २४ ॥
शतपुष्पादेवदारुशेफालीस्थूलजीरकैः ॥
एरंडमूलबीजैश्च रास्नामूलकशिग्रुभिः ॥ २५ ॥
मिशिकृष्णाकुठेरैश्च लवणैरम्लसंयुतैः ॥
प्रसारण्यश्वगंधाभ्यां बलाभिर्दशमूलकैः ॥ २६ ॥
गुडूचीवानरीबीजैर्यथालाभं समाहृतैः ॥
क्षुण्णैः स्विन्नैश्च वस्त्रेण बद्धैः संस्वेदयेन्नरम् ॥ २७ ॥
महाशाल्वणसंज्ञोयं योगः सर्वानिलार्तिहृत् ॥

મુર્ગા, બકરી, ઘેટા વગેરે ગામમાં રહેનારાં જીવોનું માંસ, તથા જળચર જીવોનું માંસ અને જીવનીયગણનાં (મધ્યખંડના છઠ્ઠા અધ્યાયમાં કહેવામાં આવેલ છે તે) ઓષડો, ગાયનું દહી, સૌવીર, સાજીખાર, જવખાર, બંગડીખાર તથા વીરતરવાદિગણનાં ઓષડો, (બીજા ખંડના બીજા અધ્યાયમાં કહેલ છે તે) કળથી, અડદ, ઘઉં, અળશી, તલ, સરશવ, વરીઆળી, દેવદાર, નગોડ, કલોંજી જીરૂ, એરંડમૂળ, એરંડા, રાસ્ના, મૂળા, સરગવો, સવા, પીપર, વનતુલસી, સિંધાલૂણ, સંચળ, બિડલવણ, વડાગરૂ મીઠું, મીઠું, દાડમદાણા, પ્રસારણી-નારીવેલ, ચાંદવેલ, આસંધ, બળદાણા, મોટી કાંસકી, ન્હાની કાંસકી, દશમૂળ, ગળો, અને કૌચાં એઓમાંથી જેટલાં મળી શકે તેટલાં ઓષડો લાવી ખાંડી ચૂર્ણ કરી તેને છાશ વગેરે ખાટા પદાર્થસહ કંઈક ગરમ કરી લુગડાના પડ વચ્ચે રાખી વાયુથી પીડા પામતા રોગીના દર્દ થતા ભાગ ઉપર તેના વડે શેક કરવામાં આવે તો એટલે કે તે પોટિસથી

રોકી, સહેવાતી બાંધી તેના યોગે રોગીના શરીરમાંથી પરશેવો કહાડવો. ૨૩—૨૭

(દ્રવ સ્વેદનો વિધિ.)

द्रवस्वेदस्तु वातघ्नद्रव्यक्काथेन पूरिते ॥ २८ ॥
कटाहे कोष्ठके वापि सूपविष्टोऽवगाहयेत् ॥
सौवर्णे राजतं वापिताम्रमायसदारूजं ॥ २९ ॥
कोष्ठकं तत्रकुर्वीतोच्छ्रायेषट्त्रिंशदङ्गुलम् ॥
आयामेन तदेव स्याच्चतुष्टंकस्तर्णितथा ॥ ३० ॥
नाभेः षडंगुलं यावन्मग्नः क्काथस्य धारया ॥
कोष्टके स्कंधयोः सिक्तस्तिष्ठेत्स्निग्धतनुर्नरः ॥३१॥
एवं तैलेन दुग्धेन सर्पिषा स्वेदयेन्नरम् ॥
एकांतरे द्व्यंतरे वा स्नेहो युक्तोवगाहने ॥ ३२ ॥
शिरामुखै रोमकूपैर्धमनीभिश्च तर्पयेत ॥
शरीरे बलमाधत्ते युक्तस्नेहोवगाहने ॥ ३३ ॥
जलसिक्तस्य वर्धते यथा मूलेंकुरास्तरोः ॥
तथा धातुविवृद्धिस्तु स्नेहसिक्तस्य जायते ॥ ३४ ॥
नातः परतरः कश्चिदुपायो वातनाशनः ॥

દશમૂળ વગેરે વાયુને હરનારાં ઓસડોનો ઉકાળો કરી પછી તેને ૨૬ આંગળના પહોળી ઉંચી ચોરસ સોના, ચાંદી, ત્રાંબાની કે લોખંડની કોઠીમાં કાંઠા સુધી ભરી દેવો, અને તે સહન થઈ શકે તેવો ગરમ રહે કે તરત તેના શરીરે ઘી કિંવા તેલ ચોળીને તે કોઠીની અંદર બેસાડી દેવો, એટલે તે કવાથના શેકથી પરશેવો નીકળવા માંડશે. અથવા તેવી રીતેજ રોગીને ખાલી કોઠીમાં બેસાડી તેવોજ ઉકાળો કરી સહેવાતો સહેવાતો તે વાતરોગીના ખભા ઉપર ધાર રૂપે રેડવો; અને તે ડૂંટીની ઉપર ૭ આંગળ કવાથ આવી પહોંચે કે તે ધાર બંધ કરવી, જેથી તે કવાથથી શરીર શેક મેળવી પરશેવો વમી દેશે. એજ પ્રમાણે સહેવાતા ઉના ઘી, તેલ, દૂધની તેવીજ કોઠીમાં બેસારી દર્દીના ખભાપર ધાર કરી ડૂંટીથી ૭ આંગળ ઉપર આવી પહોંચે કે તે ધાર બંધ કરવી, જેથી ગરમાવો પહોંચતાં

શરીરમાંથી પરશેવો નીકળશે, પરંતુ આ પ્રયોગ દરરોજ ન કરતાં એક અથવા બે દિવસને અંતરે રોગીને સ્નેહ પદાર્થમાં બેસાડવો જેથી તે નસોના મુખ મારફત રોમકૂપોના છિદ્રોમાં થઇ નાડી-ધમની-મોટી નસોના માર્ગે થઈ શરીર અંદર સ્નેહ પદાર્થ દાખલ થઈ શરીરમાં બળ પેદા કરે છે; જેમ ઝાડના મૂળમાં વારંવાર પાણી સીંચવાથી ઝાડ વધે છે, તેમ તેલ વગેરેમાં બેસવાથી મનુષ્યના રસાદિ ધાતુઓ વૃદ્ધિ પામે છે અને વાયુના કોપનો નાશ થાય છે. આ ઉપાયની બરોબરી કરે તેવો વાયુનાશક ઉપાય બીજો એકે ઉત્તમ નથી. ૨૮-૩૪

(પરશેવો ન કહાડવાની મર્યાદા.)

शीतशूलाद्युपरमे स्तंभगौरवविग्रहैः ॥ ३५ ॥
दीप्तेऽग्नौ मार्दवे जाते स्वेदनाद्विरतिर्मता ॥

રોગીના શરીરમાંથી શરદી અને શૂળની શાંતિ થવાથી અંગની જડતા અને ભારીપણું દૂર થવાને લીધે તથા અગ્નિ પ્રદિપ્ત થતાં અંગોની અંદર નમ્રતા આવવાથી શરીરમાંનો પરશેવો કહાડવો બંધ કરવો. ૩૫

(પરશેવો કહાડી રહ્યા પછી શું કરવું ?)

सम्यक् स्विन्नं विमृदितं स्नानमुष्णांबुभिः शनैः ॥
भोजयेच्चान्नमभिष्यंदि व्यायामं च न कारयेत् ॥ ३६ ॥

इति श्रीदामोदर सूनुशार्ङ्गधरेण संहितायां स्वेदसंज्ञितो उपनाहोद्रव नाम उत्तरखंडस्य नाम द्वितीयोऽध्यायः समाप्तः ॥

જે રોગીના શરીરમાંથી પરશેવો કહાડેલો છે તેને, તથા જેના શરીરે તેલનો માલેશ કર્યો હોય તેને ધીરે ધીરે ઉના પાણીથી સ્નાન કરાવવું. કફને પેદા કરનારી ચીજો ખાવા ન દેવી અને મહેનત (જેથી થાક લાગી પરશેવો થઇ આવે એવી) ન કરવા દેવી. ૩૬

ઇતિ શ્રી શારંગધર સંહિતાના ઉત્તરખંડના બીજા અધ્યાયનું શુદ્ધ ગુજરાતી ભાષાન્તર પુરોહિત પૂર્ણચંદ્ર શર્માકૃત સમાપ્ત.

અધ્યાય ત્રીજો.

(ઉલટીનો સમય કયો કહેવાય ?)

शरत्काले वसंते च प्रावृट्काले च देहिनाम् ॥
वमनं रेचनं चैव कारयेत्कुशलो भिषक् ॥ १ ॥

શરદઋતુ (તુલ અને વૃશ્ચિક સંક્રાંતિ)માં, વસંતઋતુ (કુંભ અને મીન સંક્રાંતિ) માં અને પ્રાવૃટઋતુમાં (મિથુન કર્ક સંક્રાંતિ)માં કુશળ વૈદ્યે મનુષ્યને ઉલટીની દવા આપવી અને જુલાબની દવા આપવી હોય તો તે પછી આપવાથી માનવની પ્રકૃતી ઠીક રહે છે. (કુશળ વૈદ્ય કહેવાનો મતલબ એજ કે લેભાગુ વૈદ્યના હાથથી ઉલટી જુલાબની દવા ન લેવી, કેમકે મૂર્ખના હાથે તેવા ઉપાય ઉપયોગમાં લેવાથી વખતે પ્રાણની હાની થવાના સમયનાં દર્શન થાય છે.) ૧

(કયો રોગી વમન-ઉલટી કરાવા લાયક ગણાય ?)

बलवंतं कफव्याप्तं हृल्लासार्तिनिपीडितम् ॥
तथा वमनसात्म्यं च धीरचित्तं च वामयेत् ॥ २ ॥
विषदोषे स्तन्यरोगे मंदेऽग्नौ श्लीपदेऽर्बुदे ॥
हृद्रोगकुष्ठवीसर्पमेहाजीर्णभ्रमेषु च ॥ ३ ॥
विदारिकापचीकासश्वासपीनसवृद्धिषु ॥
अपस्मारज्वरोन्मादे तथा रक्तातिसारिषु ॥ ४ ॥
नासाताल्वोष्ठपाकेषु कर्णस्रावे द्विजिह्वके ॥
गलगंड्यामतीसारे पित्तश्लेष्मगदे तथा ॥ ५ ॥
मेदोगदे शिरःशूले तथा मूर्धार्धभेदके ॥
सद्योज्वरेऽरुचौ चैव वमनं कारयेद्भिषक् ॥ ६ ॥

બળવાન મનુષ્ય કે જે કફપ્રકોપથી અકળાતું હોય, જેના મ્હોંમાંથી લાળ પડયા કરતી હોય, જેને ઉલટી કરવાની આદત સદી રહી હોય, જે ધૈર્યતાવંત હોય, જે ઝેરપીડાથી, સ્તન્યરોગથી, મંદાગ્નિથી, હાથીપગાના રોગથી, રસોળીથી, છાતીના રોગોથી, કોઢથી,

રતવાથી, પરમિયાથી, અજીર્ણથી, ચક્કરથી-ભ્રમથી, વિદારિકાથી, ગંડમાળના ભેદ અપચીરોગથી, ઉધરસથી, શ્વાસથી, નાકમાં છોડ પડવાના દર્દથી, વૃષણવૃદ્ધિથી, વાઇથી, તાવથી. ગાંડાપણાની બીમારીથી, લોહીખંડવાડાથી, નાકપાકના રોગથી, તાળવાના પાકથી, હોઠના પાકથી, કાનમાંથી પરૂ વહેવાના રોગથી, બેજીભના રોગથી, ગળસૂંઢાના દર્દથી, ઝાડાના રોગથી, પિત્ત શ્લેષ્મની પીડાથી, મેદ રોગથી અને અરુચિથી પીડાતો હોય એટલા દર્દીઓને અવશ્ય વૈદ્યે ઉલટી કરાવવા લાયક ગણી વમન કરાવવું. ૨-૬

(ઉલટી કરાવા માટે કયો રોગી નાલાયક છે ?)

न वामनीयस्तिमिरी न गुल्मी नोदरी कृशः ॥
नातिवृद्धो गर्भिणी च न स्थूले न क्षतातुरः ॥ ७ ॥
मदाती बालको रूक्षः क्षुधितश्च निरूहितः ॥
उदावर्त्यूर्ध्वरक्ता च दुश्छर्दिः केवलानिली ॥ ८ ॥
पांडुरोगी कृमिव्याप्तः पठनात्स्वरघातकः ॥
एतेप्यजीर्णव्यथिता वाम्या ये विषपीडिताः ॥ ९ ॥
कफव्याप्ताश्च ते वाम्या मधूकाथ प्रपानतः ॥

જે મનુષ્ય આંખોના તિમિર રોગથી, ગોળાથી અને ઉદર રોગથી પીડાતો હોય તે, તથા જે ઘણોજ દુર્બળ હોય, અતિ વૃદ્ધ, ઘણો જાડો, ઉરઃક્ષતવંત. મદથી પીડિત, બાળક, ગર્ભિણી, રૂક્ષ, ભૂખ્યો, અને ગુદાદ્વારા પિચકારી લીધેલી હોય, તથા ઉદાવર્ત્ત, ઉર્ધ્વરક્તી (જેને રક્તપિત્તના કોપ વડે મ્હોં, નાક વગેરેથી લોહી પડતુ હોય તેને) તેમજ જેને ઉલટી થતીજ ન હોય તેને, ફક્ત વાયુનોજ રોગ હોય તેને, પાંડુરોગીને, કૃમીરોગીને અને વેદ શાસ્ત્રના અત્યંત ઉંચા સ્વર પઢવાથી જેનો કંઠ બેસી ગયો હોય તેને (એટલા જણને) ઉલટી કરાવવાની દવા આપવા નહીં. કદાચિત્ એ રોગીઓ અજીર્ણથી કે કફથી વ્યાપ્ત હોય તો તેમને જેઠીમધ અથવા મહુડાની છાલનો કાઢો પાઈ ઉલટી કરાવવી. ૭-૯

(પુનઃ વમનના અયોગ્ય પ્રાણી.)

सुकुमारं कृशं बालं वृद्धं भीरुं न वामयेत् ॥ १० ॥

નાજુક પ્રકૃતિવાળાને, દુર્બળ, ગરઢા, બાળક અને બીકણને ઉલટીની દવા અવશ્ય ન આપવી. ૧૦

(ઉલટી કરાવા અગાઉ શું કરવું ?)

पीत्वा यवागूमाकंठं क्षीरतक्रदधीनि च ॥
असात्म्यैः श्लेष्मलैर्भोज्यैर्दोषानुत्क्लिश्यदेहिनः ॥ ११ ॥
स्निग्धस्विन्नाय वमनं दत्तं सम्यक्प्रवर्तते ॥

જે માણુસને ઉલટી કરાવવી હોય તેને પ્રથમ પેટ ભરીને યવાગૂ પીવરાવવી. અથવા છાશ, દૂધ, દહીં પીવરાવવું. જે પદાર્થો પોતાની પ્રકૃતીને નાપસંદ હોય અને જે કફકર્ત્તા ચીજો હોય તે ખાવા પીવા આપવાં, જેથી અંદરના દોષો ઉતકલેશિત થતાં સારી પેઠે ઉલટી થશે. જેણે ઘૃતપાન કરેલ હોય અથવા તો સ્વેદકર્મ કરાવેલ (પરશેવો કહડાવેલ) હોય તેને એક દિવસ વચમાં જવા દઇ વમન કરાવવું તેજ ઉત્તમ છે. ૧૧

(વમનમાં સહાય કરનાર ચીજો.)

वमनेषु च सर्वेषु सैंधवं मधु वा हितम् ॥ १२ ॥
बीभत्सं वमनं दद्याद्विपरीतं विरेचनम् ॥

ઉલટીને માટે જેટલા પ્રયોગો છે તેમાં સિન્ધાલૂણ તથા મધ મેળવી સેવન કરવું ઉત્તમ છે. તેમજ ઉલટી કરાવવી હોય તો સૂગ ચડે તેવું ઓષડ આપવું તથા જુલાબ લાવવા ઉપર રોચક ઔષધોનો ઉપયોગ કરવો. ૧૨

(વમન માટે ક્વાથ કરવાનું પ્રમાણ.)

क्वाथ्यद्रव्यस्य कुडवं श्रपयित्वा जलाढके ॥ १३ ॥
अर्धभागावशिष्टं च वमनेष्ववचारयेत् ॥

ક્વાથ બનાવવાની ઓષધી એક કુડવ લેઇ પછી તેને ખાંડી તેમાં એક આઢક પાણી મેળવી ઉકાળવું જ્યારે અર્ધા ભાગનું પાણી બાકી રહે ત્યારે તેને ગળી લેવું; અને તેનો ઉલટી માટે ઉપયોગ કરવો. ૧૩

(વમન ઉપર ક્વાથ પીવાનું માપ.)

क्वाथपाने नव प्रस्था ज्येष्ठा मात्रा प्रकीर्तिता ॥ १४ ॥
मध्यमा षण्मिता प्रोक्ता त्रिप्रस्था च कनीयसी ॥

જે માણુસને ઉલટી કરાવવી હોય તેને નવ[1] પ્રસ્થ ક્વાથનું

---

૧. વમન વિષયમાં ક્વાથ લેવાનો હોય ત્યાં સાડા તેર પળનો એક પ્રસ્થ એ હિસાબથી લેવો.

સેવન કરાવવું તેને જ્યેષ્ઠા માત્રા કહેવામાં આવે છે. છઃ પ્રસ્થ પ્રમાણુથી આપવો તેને મધ્યમ માત્રા કહેવામાં આવે છે; અને ત્રણ પ્રસ્થ પ્રમાણુથી સેવન કરવું તેને લઘુ માત્રા કહેવામાં આવે છે. (એક પ્રસ્થનું સાડા તેર પલનું પ્રમાણ જાણવું.) ૧૪

(વમન માટે કલ્ક વગેરેનું પ્રમાણુ.)

कल्कचूर्णावलेहानां त्रिपलं श्रेष्ठमात्रया ॥ १५ ॥
मध्यमं द्विपलां विद्यात् कनीयस्तु पलं भवेत् ॥

કલ્ક, ચુર્ણ અને અવલેહ તેમાંથી કોઈ પણ વસ્તુ ત્રણ પલ પ્રમાણુથી ઉલટી માટે સેવન કરવી તેને શ્રેષ્ઠમાત્રા કહેવામાં આવે છે, બે પલની મધ્યમ અને એક પલની કનિષ્ઠ–હલકી માત્રા કહેવામાં આવે છે. ૧૫

(વમનમાં ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ વેગનું પ્રમાણુ.)

वमने चापि वेगाः स्युरष्टौ पित्तांतमुत्तमाः ॥ १६ ॥
षड्वेगा मध्यवेगाश्च चत्वारस्त्ववरा मताः ॥

રોગીને ઉલટી થવા માટે ઔષધ આપવાથી સાત ઉલટીમાં સંપૂર્ણ દોષ નીકળી આઠમી ઉલટીમાં પિત્ત નીકળે તેને ઉત્તમ કહેવામાં આવે છે. તે પ્રમાણે છઠ્ઠી ઉલટીમાં પિત્ત નીકળે તેને મધ્યમ, અને ચોથીમાં પિત્ત નીકળે તેને કનિષ્ઠ ઉલટી કહેવામાં આવે છે.

(વમન વિષયમાં પ્રસ્થનુ પ્રમાણુ.)

वमने च विरेके च तथा शोणितमोक्षणे ॥ १७ ॥
सार्द्धत्रयोदशपलं प्रस्थमाहुर्मनीषिणः ॥

વમન તથા દસ્તના વિષયમાં જે સ્થાન ઉપર પ્રસ્થ વજનથી ઔષધી લેવાનો પ્રયોગ હોય ત્યાં પ્રસ્થનુ પ્રમાણુ સાડાતેર પલનો એક પ્રસ્થ એ પ્રમાણે લેવું. ૧૭

(ઔષધથી વમનમાં કફ વગેરે ઉપર જીત.)

कफं कटुकतीक्ष्णोष्णैः पित्तं स्वादुहिमैर्जयेत् ॥ १८ ॥
सस्वादुलवणाम्लोष्णैः संसृष्टं वायुना कफम् ॥

કફજન્ય પ્રકૃતિવાળાને ઉલટી માટે તિક્ષ્ણ અને તીખાં ઔષધો આપવાં, પિત્તવાળાને મધુર અને શીતળ તથા વાતકફવાળાને ઉષ્ણ, ક્ષાર, મધુર, અને ખટાશવાળાં ઔષધો આપવાં. ૧૮

(વમનદ્વારા કફ વગેરેને બહાર કહાડવાનાં ઔષધ.)

कृष्णाराठफलैः सिंधु कफे कोष्णजलैः पिबेत् ॥ १९ ॥
पटोलवासानिम्बैश्च पित्ते शीतजलं पिबेत् ॥
सश्लेष्मवातपीडायां सक्षीरं मदनं पिबेत् ॥ २० ॥
अजीर्णे कोष्णपानीयं सिंधु पीत्वा वमेत्सुधीः ॥

કફપ્રકોપ ઉપર લીંડીપીપર, મીંઢળ, અને સિન્ધાલુણનું ચુર્ણ બનાવી તેનું ગરમ પાણી સાથે સેવન કરવાથી ઉલટીદ્વારા કફ નીકળી જાય છે. પિત્તપ્રકોપ ઉપર પટોલપત્ર, અરડુશો અને કડવા લિંબડાનાં પાંદડાં એ ત્રણેનું ચુર્ણ બનાવી ઠંડા પાણી સાથે આપવાથી ઉલટીદ્વારા પિત્ત નીકળી જાય છે. કફપ્રકોપ ઉપર મીંઢળનું ચુર્ણ બનાવી દૂધ સાથે આપવાથી ઉલટીદ્વારા કફવાયુ નીકળી જાય છે અને અજીર્ણ ઉપર ગરમ પાણીમાં સિન્ધાલૂણ નાખી આપવાથી ઉલટી થઈ અજીર્ણ નાશ થાય છે. ૧૯-૨૦

(વમન થવા માટે બાહ્યોપચાર.)

वमनं पाययित्वा च जानुमात्रासने स्थितम् ॥ २१ ॥
कंठमेरंडनालेन स्पृशंतं वामयेद्भिषक् ॥
ललाटं वमतः पुंसः पार्श्वौ द्वा च प्रबोधयेत् ॥ २२ ॥

વમનકારક ઔષધ દરદીને આપ્યા પછી તેને ગોઠણ પ્રમાણે ઉંચી બેઠક ઉપર બેસારી તેના મુખમાં એરંડમૂળ હલકા હાથે કંઠ સુધી પહોંચે તેમ હલાવી ઉલટી કરાવવી. આ પ્રમાણે વમન કરાવતી વખતે તેના મસ્તક તથા બેઉ પડખાને દબાવી રાખવાં.

(ઉત્તમ વમન ન થવાથી થતા વિકાર.)

प्रसेको हृद्ग्रहः कोठः कंडूर्दुश्छर्दिताद्भवेत् ॥

સારી રીતે ઉલટી ન થવાથી મોઢામાંથી લાળ પડે, હૃદયમાં દરદ થાય, શરીર ઉપર ઢીમઢાં થઈ આવે તથા ખજવાળ પણ આવવા માંડે.

(અત્યંત વમનથી થતા વિકાર.)

अतिवांते भवेत्तृष्णा हिक्कोद्गारो विसंज्ञिता ॥ २३ ॥
जिह्वानिः सर्पणं चाक्ष्णोर्व्यावृत्तिर्हनुसंहतिः ॥

रक्तछर्दिःष्ठीवनं च कंठे पीडा च जायते ॥ २४ ॥

માણસને બહુ વમન થવાથી અત્યંત તૃષા લાગે, હેડકી તથા ઓડકાર આવવા શરૂ થાય, બેશુદ્ધ બની જાય, જીભ મોઢામાંથી બહાર નીકળે, આંખો ફાટી જાય, ભ્રમ થાય, દાઢી જકડાઈ જાય, મોઢામાંથી લોહી પડે, મુખમાં થુંક આવ્યા કરે તથા ગળામાં દુઃખ થાય છે. ૨૩-૨૪

(અત્યંત વમનની ચિકિત્સા.)

वमनस्यातियोगे तु मृदु कुर्याद्विरेचनम् ॥

જો માણસને બહુ વમન થતું હોય તો હલકો રેચ આપવો.

(વમન થતાં જીભ ઉંડાણમાં ઉતરી જાય તેની ચિકિત્સા.)

वदनांतः प्रविष्टायां जिह्वायां कवलग्रहः ॥ २५ ॥
स्निग्धाम्ललवणैर्हृद्यैर्घृतक्षीररसैर्हितः ॥
फलान्यम्लानि खादेयुस्तस्य चान्येऽग्रतोनराः ॥ २६ ॥

અત્યંત ઉલટી થતાં જો માણસની જીભ અંદર ઉતરી ગઇ હોય તો તેને મનપસંદ ખાટા, તીક્ષ્ણ, ઈત્યાદિ પદાર્થો ભાતની સાથે આપવા તથા તેમાં ઘી અને દૂધ પણ આપવું તથા તેની સામે બીજા માણસે લીંબુ, નારંગી વગેરે ફળો ચુશી ચુશી તે ખાવાં તેથી જીભ ઠેકાણે આવી પ્રકૃતિ સ્વસ્થ થાય છે. ૨૫-૨૬

(બહુ વમન થવાથી જીભ બહાર નીકળી આવે તેનો ઉપાય.)

निःसृतां तु तिलद्राक्षाकल्कं लिप्त्वा प्रवेशयेत् ।

બહુજ વમન થવાથી જીભ બહાર નીકળી આવી હોય તો તે ઉપર દ્રાક્ષ તથા તલનો કલ્ક બનાવી ચોપડવો અને જીભને મુખમાં નાખવી.

(વમનથી નેત્રમાં વિકાર ઉત્પન્ન થાય તેનો ઉપાય.)

व्यावृताऽक्ष्णि घृताभ्यक्ते पीडयेच्च शनैः शनैः ॥ २७ ॥

જો માણસની આંખો ઉલટી થવાથી ફાટી રહે તો તે ઉપર હલકા હાથથી ઘીનું મર્દન કરવું. ૨૭

(અત્યંત વમનથી દાઢી જકડાઈ ગઈ હોય તેનો ઉપાય.)

हनुमोक्षे स्मृतः स्वेदो नस्यं च श्लेष्मवातहृत् ॥

જે માણસની ઉલટી થતાં દાઢી જકડાઈ ગઇ હોય તેના શરીરમાંથી પરસેવો કહાડવો તથા કફ વાયુનાશક ઓષધ નાકમાં નાખવું.

(વમન થવાથી લોહી પડે તેનો ઉપાય.)

रक्तपित्तविधानेन रक्तच्छर्दिमुपाचरेत् ॥ २८ ॥

જે માણુસના મુખમાંથી અત્યંત વમનને લીધે લોહી પડતું હોય તો તેને રક્તપિત્ત ઉપરના ઉપચારો કરવા, તેથી લોહી બંધ થાય છે. ૨૮

(બહુજ વમન થવાથી તરશ લાગે તેનો ઉપાય.)

धात्रीरसांजनोशीरलाजाचंदनवारिभिः ॥
मंथं कृत्वा पाययेच्च सघृतं क्षौद्रशर्करम् ॥ २९ ॥
शाम्यंत्यनेन तृष्णाद्याः पीडाश्छर्दिसमुद्भवाः ॥

આંમળાં, રસવંતી, વાળો, શાળની ધાણી, રતાંજલિ, અને નેત્રવાળો એ ઐાષધોનો પૂર્વોક્ત વિધિથી મંથ બનાવી તેમાં ઘી, સાકર અને મધ મેળવી પીવાથી વમનના કારણુથી ઉત્પન્ન થયેલા તૃષાદિ ઉપદ્રવ નાશ થાય છે. ૨૯

(ઉત્તમ વમનનાં લક્ષણુ)

हृत्कंठशिरसां शुद्धिर्दीप्ताग्नित्वं च लाघवम् ॥ ३० ॥
कफपित्त विनाशश्च सम्यग्वातस्य चेष्टितम् ॥

જે માણુસને ઉત્તમ પ્રકારે ઉલટી થઇ હોય તેના હૃદય, કંઠ, અને મસ્તકમાંના કફાદિ દોષો નાશ થાય, અગ્નિ પ્રદીપ્ત થાય, શરીર હલકું થાય, અને કફ તથા પિત્તનો પ્રકોપ શાંત થાય છે. ૩૦

(વમન થવા ઉપર પથ્ય.)

ततोपराह्णे दीप्ताग्निं मुद्गषष्टिकशालिभिः ॥ ३१ ॥
हृद्यैश्च जांगलरसैः कृत्वा यूषं च भोजयेत् ॥

ઉત્તમ વમન થયા પછી ત્રણુ પહોરે અગ્નિ પ્રદીપ્ત થાય છે. ત્યારે મગ અને સાઠી ચોખાને રાંધી તેનું ભોજન કરવું. ૩૧

(ઉત્તમ વમનથી થતા ફાયદા.)

तंद्रानिद्रास्यदौर्गंधं कंडूश्च ग्रहणीविषम् ॥ ३२ ॥
सुवांतस्य पीडायै भवंत्येते कदाचन ॥

જે માણુસને ઉત્તમ પ્રકારે ઉલટી થઇ હોય તેનાં તંદ્રા, નિદ્રા;

મોઢાની દુર્ગંધ, ખજવાળ, સંગ્રહણી અને વિષવિકાર આદિ દરદો નાશ થાય છે. ૩૨

(વમન થયા પછી ત્યાજ્ય પદાર્થો.)

अजीर्णं शीतपानीयं व्यायामं मैथुनं तथा ॥
स्नेहाभ्यंगं प्रकोपं च दिनैकं वर्जयेत् सुधीः ॥ ३३ ॥
इति श्रीदामोदरसूनुशार्ङ्गधरेण विरचितायां संहितायामुत्तरखण्डे वमनविधिस्तृतीयोऽध्यायः समाप्तः ।

ઉત્તમ વમન થયા પછી અજીર્ણકારક, શીતળ પદાર્થો, કસરત, મૈથુન, શરીર ઉપર તેલનો માલીશ અને ક્રોધ કરવો વગેરે બાબતો એક દિવસ પર્યંત તજી દેવી. ૩૩

ઇતિ શ્રી શારંગધર સંહિતાના ઉત્તર ખંડ વિષે ત્રીજા અધ્યાયનું પૂર્ણચંદ્ર શર્માકૃત ગુજરાતી ભાષાંતર સંપૂર્ણ.

અધ્યાય ચોથો.

(ઉલટી થયા પછી વિરેચનની રીત.)

स्निग्धस्विन्नस्य वांतस्य दद्यात्सम्यग्विरेचनम् ॥
अवांतस्य त्वधः स्रस्तो ग्रहणीं छादयेत्कफः ॥ १ ॥
मंदाग्निं गौरवं कुर्याज्जनयेद्वा प्रवाहिकाम् ॥
अथवा पाचनैरामं बलासं च विपाचयेत् ॥

પ્રથમ દરદીને સ્નિગ્ધ કરવો અર્થાત્ પૂર્વોક્ત વિધિપૂર્વક ઘૃતાદિ સ્નેહ પાન કરાવી તેના શરીરમાં પરશેવો લાવવો. ત્યારપછી ઉત્તમ પ્રકારે ઉલટી કરાવવી અને ઉલટી થયા પછી વિરેચન આપવું. તેનું કારણ એ છે કે ઉલટી થયા શિવાય જો દસ્ત કરાવવામાં આવે તો અધો ભાગમાંનો કફ, છઠ્ઠી અગ્નિધરા નામની નાડી અર્થાત્ ગ્રહણીને આચ્છાદિત કરી નાખે છે, જેથી મંદાગ્નિ થઇ શરીર ભારે થાય છે તથા પ્રવાહિકા (મરડો) ઉત્પન્ન થાય છે. તે ઉપર સૂકાં એરંડ મૂળનો ક્વાથ પાચન માટે આપવો. ૧

(વિરેચનની બીજી રીત.)

स्निग्धस्य स्वेदनं कार्यं स्वेदैः स्विन्नस्य रेचनम् ॥२॥

ઘૃત, દુગ્ધાદિ સ્નેહ દ્રવ્યોથી સ્નિગ્ધ કરેલા મનુષ્યને તથા પિંડ-સ્વિન્નાદિ ક્રિયાથી પરશેવો લાવેલા મનુષ્યને રેચ આપવો જોઇએ. ૨

(રેચક ઔષધ સેવન કરવાનો સમય.)

शरदृतौ वसंते च देहशुध्यै विरेचयेत् ॥
अन्यदात्ययिके काले शोधनं शीलयेद्बुधः ॥ ३ ॥

શરદ્ અને વસંતઋતુમાં શરીર શુદ્ધિ માટે રોગીને જુલાબ આપવાથી શારીરિક શુદ્ધિ થઈ શરીર ઉત્તમ બને છે. તેમજ ઉક્ત ઋતુઓ શિવાય અન્ય સમયે રોગોત્પત્તિ થાય તો] તે વખતે પણ યોગ્ય વિચાર કરી રેચક ઔષધ આપવું. ૩

(કયા કયા દરદો ઉપર વિરેચન આપવું ?)

पित्ते विरेचनं दद्यादामोद्भूते गदे तथा ॥
उदरे च तथाध्माने कोष्ठशुद्धौ विशेषतः ॥ ४ ॥
शरीरजानां दोषाणां क्रमेण परमौषधम् ॥
बस्तिर्विरेको वमनं तथा तैलघृतं मधु ॥ ५ ॥

પિત્ત પ્રકોપ, આમવાયુ, ઉદરસબંધી દરદો, આફરો, અને બંધકોપ વગેરે દરદો ઉપર બહુ કરીને વિરેચન આપવું. ૪–૫

(દરદનો નાશ કરવામાં વિરેચનની ઉત્તમતા.)

दोषाः कदाचित्कुप्यंति जिता लंघनपाचनैः ॥
ये तु संशोधनैः शुद्धा न तेषां पुनरुद्भवः ॥ ६ ॥

લંઘન અને પાચન વગેરે ઉપાયોથી વાતાદિક વિકારની શાંતિ કરવામાં આવી હોય છતાં પણ કવચિત્ ઉથલો મારે છે; પણ વિરે-ચન દ્વારા બંધ કરેલા વિકારો ફરીથી ઉપદ્રવ કરતા નથી. ૬

(વિરેચન આપવા યોગ્ય દરદીના પ્રકાર.)

जीर्णज्वरी गरव्याप्तो वातरक्ती भगंदरी ॥
अर्शः पांडूदरग्रंथीहृद्रोगारुचिपीडिताः ॥ ७ ॥
योनिरोगप्रमेहार्ता गुल्मप्लीहव्रणार्दिताः ॥

विद्रधिच्छर्दिविस्फोटविषूचीकुष्ठसंयुता ॥ ८ ॥
कर्णनासाशिरोवक्त्रगुदमेढ्रामयान्विता ॥
प्लीहशोफाक्षिरोगार्ताः कृमिक्षारानिलार्दिताः ॥ ९ ॥
शूलिनो मूत्रघातार्ता विरेकार्हा नरा मताः ॥

જીર્ણજ્વર, વિષવિકાર, વાતરક્ત, ભગંદર, અર્શ, પાંડુરોગ, ઉદરરોગ, ગાંઠ, હૃદયરોગ, અરૂચિ, પ્રમેહ, યોનિરોગ, ગોળો, બરલ, વ્રણ, વિદ્રધિ, ઉલટી, વિસ્ફોટક, કૉલેરા, કોઢ, કાનનાં દરદો, નાસાનારોગ, શિરોરોગ, મુખરોગ, ગુદરોગ, ઉપદંશાદિરોગ, કાળજાનારોગ, સોજો, નેત્રરોગ, કૃમિરોગ, સોમલ તથા ક્ષારજન્ય પ્રકોપ, બાદી, શૂળ અને મૂત્રાઘાત વગેરે દરદોમાંથી કોઇપણ દરદથી વ્યાકુળ થયેલ દરદીને વિરેચન આપવું. ૭-૮

(વિરેચન આપવામાં અયોગ્ય દરદી.)

बालवृद्धावतिस्निग्धः क्षतक्षीणोभयान्वितः ॥ १० ॥
श्रांतस्तृषार्तः स्थूलश्च गर्भिणी च नवज्वरी ॥
नवप्रसूता नारी च मंदाग्निश्च मदात्ययी ॥ ११ ॥
शल्यार्दितश्च रूक्षश्च न विरेच्या विजानता ॥

બાળક, વૃદ્ધ, અતિ સ્નિગ્ધ, ઉરઃક્ષતથી ક્ષીણ થયેલ, ભયથી વ્યાકુળ, થાકી ગયેલ, તૃષાતુર, સ્થૂળ શરીરવાળો, ગર્ભિણી સ્ત્રી, નવજ્વરથી પીડિત, પ્રસૂતાસ્ત્રી, મંદાગ્નિવંત મદાત્યયરોગી શલ્યથી પીડાયેલ અને રૂક્ષશરીરવાળા દરદીઓને વિરેચન આપવું નહિ.

(રેચઆપવામાં મૃદુ. મધ્યમ અને ક્રૂર કોઠો.)

बहुपित्तो मृदुः कोष्टो बहुश्लेष्मा च मध्यमः ॥ १२ ॥
बहुवातः क्रूरकोष्ठो दुर्विरेच्यः स कथ्यते ॥
मृद्वी मात्रा मृदौ कोष्ठे मध्यकोष्ठे च मध्यमा॥ १३ ॥
क्रूरे तीक्ष्णा मता द्रव्यैर्मृदुमध्यमतीक्ष्णकैः ॥

જે માણસના કોઠામાં અતિશય પિત્તવ્યાપ્ત હોય તો તેનો મૃદુ કોઠો સમજવો. અતિશય કફ હોય તો તેને મધ્યમ અને અત્યંત વાયુ હોય તો તેને ક્રૂર કોઠો સમજવો. ક્રૂરકોઠાવાળા માણસને રેચક ઔષધ આપવાથી તેને એકદમ જુલાબ લાગતો નથી. જેનો મૃદુ-

કોઠો હોય તેને મૃદુ ઔષધની માત્રા આપવી, મધ્યમ કોઠાવાળાને મધ્યમ માત્રા, તથા ક્રૂરકોઠાવાળાને તીક્ષ્ણ માત્રા દેવી. ૧૨-૧૩

(મૃદુ મધ્યમાદિક કોઠા માટે મૃદુ, મધ્યમાદિ ઔષધો.)

मृदुर्द्राक्षापयस्याम्बुतैलैरपि विरिच्यते ॥ १४ ॥
मध्यमस्त्रवृता तिक्ताराजवृक्षैर्विरिच्यते ॥
क्रूरः स्नुक्पयसा हेमक्षीरीदंतीफलादिभिः ॥ १५ ॥

મૃદુ કોઠાવાળા માણસને દ્રાક્ષ, દૂધ, અને એરડિયું તેલ એ ઔષધોથી દસ્ત થાય છે. મધ્યમવાળાને નસોતર, કડુ, અને ગરમાળાનો ગોળ એ ઔષધોથી તથા ક્રૂર વાળાને, થોરનું દૂધ, દારૂડી, અને નેપાળાના બીજ તથા ઇન્દ્રવારૂડીની જડ વગેરેથી દસ્ત થાય છે.

(ઉત્તમાદિ ભેદથી દસ્તનું પ્રમાણ.)

मात्रोत्तमा विरेकस्य त्रिंशद्वेगैः कफांतिका ॥
वेगैर्विंशतिभिर्मध्या हीनोक्ता दशवेगिका ॥ १६ ॥

ત્રીશ વખત દસ્ત આવી છેવટે કફ પડે તો તેને ઉત્તમ રેચ કહેવામાં આવે છે. વીશ વખત દસ્ત લાગી કફ પડે તેને મધ્યમ રેચ કહેવામાં આવે છે, તથા દશ દસ્ત થઈ કફ પડે તેને હીન રેચ કહેવામાં આવે છે. ૧૬

(દસ્ત થવા માટે કષાયાદિ માત્રાનું પ્રમાણ.)

द्विपलं श्रेष्ठमाख्यातं मध्यमं च पलं भवेत् ॥
पलार्धं च कषायाणां कनीयस्तु विरेचनम् ॥ १७ ॥

બે પલ ક્વાથ રેચ લાગવા ઉપર આપવો તેને ઉત્તમ માત્રા કહે છે. એક પલ પ્રમાણ ક્વાથ આપવાથી મધ્યમ, અને અર્ધો પલ આપવાથી કનિષ્ઠ માત્રા સમજવી. ૧૭

(દસ્ત થવા માટે કલ્ક વગેરે માત્રાનું પ્રમાણ.)

कल्कमोदकचूर्णानां कर्षं मध्वाज्यलेहतः ॥
कर्षद्वयं पलं वापि वयोरोगाद्यपेक्षया ॥ १८ ॥

કલ્ક, મોદક અને ચૂર્ણ એમાંથી દરેક એક કર્ષ પ્રમાણથી ઘી અને મધમાં મેળવી આપવું અથવા રોગનું તારતમ્ય જોઇ કર્ષ કે બે કર્ષ આપવું. ૧૮

(દરદોને અનુકૂળ રેચન.)

पित्तोत्तरे त्रिवृच्चूर्णं द्राक्षाक्काथादिभिः पिबेत् ॥
त्रिफलाक्काथगोमूत्रैः पिबेद्व्योषं कफार्दितः ॥ १९ ॥
त्रिवृच्छुंठीसैंधवानां चूर्णमम्लैः पिबेन्नरः ॥
वातार्दितो विरेकाय जांगलानां रसेन वा ॥ २० ॥

પિત્તપ્રકોપ ઉપર નસોતરનું ચૂર્ણ દ્રાક્ષના કવાથમાં મેળવી જુલાબ આપવાથી પિત્તપ્રકોપ નાશ પામે છે. કફપ્રકોપ ઉપર ત્રિફળાનો કવાથ અને ગૌમૂત્ર બન્નેને એકઠાં કરી તેમાં ત્રિકુટાનું ચૂર્ણ મેળવી આપવાથી કફપ્રકોપ નાશ પામે છે. વાયુ ઉપર નસોતર, સિન્ધાલૂણ અને શુંઠનું ચૂર્ણ કરી આંબલી કે લીંબુ વગેરે ખાટા રસમાં મેળવી આપવાથી વાયુપ્રકોપ નાશ પામે છે. ૧૯-૨૦

(રેચ માટે અન્ય ઔષધોનું વિધાન.)

एरंडतैलं त्रिफलाक्काथेन द्विगुणेन वा ॥
युक्तं पीत्वा पयोभिर्वा न चिरेण विरिच्यते ॥ २१ ॥

એરંડિયા તેલ તથા તેથી બમણો ત્રિફળાનો કવાથ લેવો અને એ બેઉને એકઠાં કરી આપવાથી અથવા એરડિયુંતેલ તથા તેનાથી બમણું દૂધ બન્નેને મેળવી આપવાથી રેચ લાગે છે. ૨૧

(વર્ષાઋતુમાં રેચક ઔષધો.)

त्रिवृता कौठजं बीजं पिप्पली विश्वभेषजम् ॥
समृद्धीकारसक्षौद्रं वर्षाकाले विरेचनम् ॥ २२ ॥

નસોતર, ઇન્દ્રજવ, લીંડીપીપર, અને શુંઠ, એનુ ચૂર્ણ કરી દ્રાક્ષ તથા મધની સાથે વર્ષાઋતુમાં આપવાથી રેચ લાગે છે. ૨૨

(શરદઋતુમાં રેચક ઔષધો.)

त्रिवृत्दुरालभा मुस्ता शर्करोदीच्यचंदनम्
द्राक्षांबुना सयष्ट्याह्वं शीतलं च घनात्यये ॥ २३ ॥

નસોતર, ધમાસો, નાગરમોથ, સુખડ, અને સાકર તથા જેઠીમધ એ બધાંનું ચૂર્ણ બનાવી દ્રાક્ષના પાણીમાં મિશ્ર કરી શરદઋતુમાં આપવાથી રેચ લાગે છે. આ ઔષધ શીતળ છે. ૨૩

(હેમંત ઋતુમાં રેચક ઔષધો.)

तृवृतां चित्रकं पाठामजाजीं सरलं वचाम् ॥
हेमक्षीरीं च हेमंते चूर्णमुष्णांबुना पिबेत् ॥ २४ ॥

નસોતર, ચિત્રક, કાળીપાટ, જીરૂં, દેવદારૂ, વજ અને દારૂડી એ ઔષધોના ચૂર્ણમાં ગરમ જળ મેળવી આપવાથી હેમંત ઋતુમાં રેચ લાગે છે. ૨૪

(શિશિર અને વસંત ઋતુમાં રેચક ઔષધો.)

पिप्पली नागरं सिंधु श्यामा तृवृता सहा ॥
लिहेत् क्षौद्रेण शिशिरे वसंते च विरेचनम् ॥ २५ ॥

લીંડીપીપર, શુંઠ, સિન્ધાલૂણ, અને નસોતર એ ઔષધોનું ચૂર્ણ મધ સાથે મિશ્ર કરી શિશિર અને વસંત ઋતુમાં ચાટવાથી રેચ લાગે છે. ૨૫.

(ગ્રીષ્મ ઋતુમાં રેચક ઔષધો.)

तृवृता शर्करातुल्या ग्रीष्मकाले विरेचनम् ॥

નસોતરના ચૂર્ણમાં સાકર મેળવી ગ્રીષ્મ ઋતુમાં ખાવાથી રેચ લાગે છે.

(અભયાદિ મોદક.)

अभया मरिचं शुंठी विडंगामलकानि च ॥ २६ ॥
पिप्पली पिप्पलीमूलं त्वक्पत्रं मुस्त मेव च ॥
एतानि समभागानि दंती च त्रिगुणो भवेत् ॥ २७ ॥
तृवृताष्टगुणा ज्ञेया षड्गुणा चात्र शर्करा ॥
मधुना मोदकं कृत्वा कर्षमात्रप्रमाणतः ॥ २८ ॥
एकैकं भक्षयेत्प्रातः शीतं चानुपिबेज्जलम् ॥
तावद्विरिच्यते जंतुर्यावदुष्णं न सेव्यते ॥ २९ ॥
पानाहारविहारेषु भवेन्निर्यंत्रणं सदा ॥
विषमज्वरमंदाग्निपांडुकासभगंदरान् ॥ ३० ॥
दुर्नामकुष्टगुल्मार्शो गलगंडभ्रमोदरान् ॥
विदाहप्लीहमेहांश्च यक्ष्माणं नयनामयान् ॥ ३१ ॥

वातरोगं तथाध्मानं मूत्रकृच्छ्राणि चाश्मरीम् ॥
पृष्ठपार्श्वोरुजघनं जंघोदररुजां जयेत् ॥ ३२ ॥
सततं शीलनादेषां पलितानि प्रणाशयेत् ॥
अभयामोदका ह्येते रसायनवराः स्मृताः ॥ ३३ ॥

હરડે, કાળાં મરી, શુંઠ, વાવડિંગ, આમળાં, લીંડીપીપર, પીપ-રીમૂળ, તજ, તમાલપત્ર, નાગરમોથ, એ ઓષધો સમાન ભાગે લેવાં તથા નેપાળાનાં મૂળ ત્રણ ભાગ અને નસોતર આઠ ભાગ તથા સાકર છ ભાગ લઇ બધાંને એકઠાં કરી તેનું ચુર્ણ બનાવી તેમાં મધ મે-ળવી એક એક કર્ષનો મોદક બનાવવો. તેમાંથી એક પ્રાતઃકાળમાં લઈ ઉપર ટાઢું પાણી પીવું તેથી રેચ લાગે છે. જ્યાં સુધી રેચ બંધ ન થાય ત્યાં સુધી ગરમ (પાણી) પદાર્થનું સેવન કરવું નહિ તથા આ મોદક સેવન કરનાર ખાનપાન શ્રમ વગેરે બાબતમાં નિયમિત ન રહે તોપણ વિષમજ્વર, મંદાગ્નિ, પંડુરોગ, ખાંસી, ભગંદર, કુષ્ઠ, ગોળો, અર્શ, ગલગંડ, ભ્રમ, ઉદરરોગ, વિદાહ, બરળ, પ્રમેહ, ક્ષય, નેત્રરોગ, વાયુરોગ, મૂત્રકૃચ્છ્ર, પથરી, પીઠ-પાંસળી-કમર-જંઘા અને ઉદર વગેરેમાં થતા વાતવ્યાધિ વગેરે દરદોનો નાશ થાય છે. આ મોદકને અભયાદિ મોદક કહેવામાં આવે છે. તેનું હમેશાં સેવન કર-વાથી સફેદ થઈ ગયેલા વાળ કાળા થાય છે. આ મોદક ઉત્તમ રસાયન છે. ૨૯-૩૩

(રેચમાં સહાયકર્તા ઉપાય.)

पीत्वा विरेचनं शीतजलैः संसिच्य चक्षुषी ॥
सुगंधि किंचिदाघ्राय तांबूलं शीलयेन्तरः ॥ ३४ ॥

દરદીને રેચક ઔષધ આપ્યા પછી તેની આંખો ઉપર શીતળ જળ છાંટવું તથા સુગંધી દ્રવ્ય સુંઘાડી પાન ખવરાવવું જેથી ઉત્તમ રેચ થાય છે. ૩૪

(રેચ થયા પછી કેમ રહેવું ?)

निर्वातस्थोनवेगांश्च धारयेन्न स्वपेत्तथा ॥
शीतांबुना स्पृशेत्क्वापि कोष्णनीरं पिबेन्मुहुः ॥ ३५ ॥

રેચ લાગવા પછી પવન વાળી જગ્યાએ ન બેસવું તથા અધો-વાયુ, મળ, મૂત્રના વેગને રોકવો નહિ, સુઈ જવું નહિ, શીતળ

જળને અડવું નહિ, તેમજ ગરમ જળ થોડું થોડું પીવું તેથી ઉત્તમ રેચ લાગે છે (પણ અભયાદિ મોદક ઉપર ગરમ પાણી પીવું નહિ.) ૩૫

(રેચથી બહાર નીકળતા પદાર્થો.)

वलासौषधपित्तानि वायुर्वांते तथा व्रजेत् ॥
रेकात्तथामलं पित्तं भेषजं च कफो व्रजेत् ॥ ३६ ॥

વમનકારક ઓષધો લેવાથી જેમ, કફ, પિત્ત, વાયુ, વગેરે વમન સાથે નીકળી જાય છે તેજ પ્રમાણે રેચક ઔષધો ખાવાથી પણ થાય છે. ૩૬

(રેચ ન લાગવાથી થતા વિકાર.)

दुर्विरिक्तस्य नाभेस्तु स्तब्धत्वं कुक्षिशूलता ।
पुरीषवातसंगश्च कंडूमंडलगौरवाः ॥ ३७ ॥
विदाहोरुचिराध्मानं भ्रमश्छर्दिश्च जायते ।

બરાબર રેચ ન લાગે તો નાભીમાં સ્તબ્ધતા, પાંસળામાં શૂળ, મળ અને અધોવાયુનું રોકાણ, ખુજલી, ચાંદાં, અંગનું ભારે થવું, દાહ, અરૂચિ, ભ્રમ, અને વમન વગેરે ઉપદ્રવો થાય છે. ૩૭

(રેચ ન લાગવાથી થયેલા વિકારના ઉપચાર.)

तं पुनः पाचनैः स्नेहैः पक्त्वा संस्नेह्य रेचयेत् ॥ ३८ ॥
तेनास्योपद्रवा यांति दीप्तोग्निर्लघुता भवेत् ॥

રેચ આપ્યા પછી જો રેચ ન લાગે તો તેને આરગ્વધાદિ કવાથનું પાચન આપવું અને આમનું પાચન થયા પછી સ્નેહપાન કરાવી તેનો કોઠો સ્નિગ્ધ કરવો. પછી ફરીથી રેચ આપવો જેથી ઉત્તમ રીતે રેચ લાગી તમામ વિકારોનો નાશ થાય છે તથા જઠરને પ્રદીપ્ત કરે છે. ૩૮

(અત્યંત રેચ લાગવાથી થતા વિકાર.)

विरेकस्यातियोगेन मूर्च्छा भ्रंशो गुदस्य च ॥ ३९ ॥
शूलः कफातियोगः स्यान्मांसधावनसंनिभम् ॥
मेदोनिभं जलाभासं रक्तंवापि विरिच्यते ॥ ४० ॥

માણસને અત્યંત રેચ લાગવાથી મૂર્છા, આંબળનું નિકળવું,

શૂળ, કફ અત્યંત થાય છે તથા માંસમાંથી જળ સમાન, મેદ જેવું કે પાણી જેવું લોહી ગુદદ્વારા બહાર નીકળે છે. ૩૯-૪૦

(અત્યંત દસ્તજન્ય વિકારોનો ઉપાય.)

तस्य शीतांबुभिः सिक्तं शरीरं तंदुलांबुभिः ॥
मधुमिश्रैस्तथा शीतैः कारयेद्वमनं मृदु ॥ ४१ ॥

બહુજ રેચ થતા બંધ કરવાને શરીર ઉપર ટાઢું પાણી છાંટવું તેમજ ચોખાના ધોણમાં મધ મેળવી સેવન કરવું, અને હલકી ઉલટી કરાવવી. ૪૧

(રેચ બંધ કરવાનો ઉપાય.)

सहकारत्वचः कल्को दध्ना सौवीरकेन वा ।
पिष्टो नाभिप्रलेपेन हंत्यतीसारमुल्बणम् ॥ ४२ ॥

આંબાની છાલનો ગાયના દહીંમાં અથવા કાંજીમાં કલ્ક બનાવી નાભી ઉપર ચોપડવાથી રેચ બંધ થાય છે. ૪૨

(રેચ બંધ કરવાનો ઉપાય.)

अजाक्षीरं पिबेद्वापि वैष्किरं हरिणं तथा !
शालिभिः षष्टिकैः स्वल्पं मसूरेर्वापि भोजयेत् ॥ ४३ ॥
शीतैः संग्राहिभिर्द्रव्यैः कुर्यात्संग्रहणं भिषक् ॥

બકરીનું દૂધ પીવાથી બહુજ થતો રેચ બંધ થાય છે. અથવા સાઠી ચોખાનો ભાત બનાવી ખાવાથી તેતર તથા હરિણ વગેરેના માંસનો રસ અથવા મસૂરને રાંધી ખાવાથી રેચ બંધ થાય છે, તેમજ શીતળ અને ગ્રાહક પદાર્થો સેવન કરવાથી બહુ રેચ થતો અટકે છે.

(ઉત્તમ રેચ થવાનાં લક્ષણ.)

लाघवं मनस्तुष्टिमनुलोमं गतेनिले ॥ ४४ ॥
सुविरक्तं नरंज्ञात्वा पाचनं पाययेन्निशि ॥

ઉત્તમ રેચ લાગવાથી શરીર હલકું થાય છે, ચિત્તની પ્રસન્નતા થાય છે અને વાયુની ગતિ નિયમિત થાય છે. એ પ્રમાણે ઉત્તમ રેચ થયા પછી રાત્રિએ પાચન ઔષધો આપવાં. ૪૪

(વિરેચન કરવાના ગુણ.)

इंद्रियाणां बलं बुद्धेः प्रसादं वह्निदीपनम् ॥ ४५ ॥

धातुस्थैर्यं वयःस्थैर्यं भवेद्रेचनसेवनात् ।

સારી રીતે રેચ લાગ્યા પછી મનુષ્યની ઇન્દ્રિયોમાં બળ આવે છે, બુદ્ધિ પ્રસન્ન રહે છે, જઠરા પ્રદીપ્ત થાય છે, તથા શરીરની અંદરના ધાતુઓ સ્થિર થાય છે. ૪૫

(રેચ ઉપર ત્યાજ્ય પદાર્થો.)

प्रवातसेवाशीतांबुस्नेहाभ्यंगमजीर्णताम् ॥ ४६ ॥
व्यायामं मैथुनं वापि न सेवंत विरेचितः ॥

રેચ લાગ્યા પછી બહુ પવનમાં ફરવું નહિ, ટાઢું, પાણી, તેલનું મર્દન, અજીર્ણકારક પદાર્થો, પરિશ્રમ અને મૈથુન વગેરે તજી દેવું. ૪૬

(રેચ લાગવા પછી પથ્ય.)

शालिषष्टिकमुद्गाद्यैर्यवागूं भोजयेत्कृताम्
जांगलैर्विष्किराणां वा रसैः शाल्योदनं हितम् ॥ ४७ ॥

इति श्रीदामोदरसूनुशार्ङ्गधरेण विरचितायां संहितायां
चिकित्सास्थाने उत्तरखंडे विरेचनो नाम
चतुर्थोऽध्यायः समाप्तः ॥

રેચ લાગવા પછી તે ઉપર સાઠી ચોખા તથા મગની યવાગૂ કરીને તથા તેતર, હરિણ, કુકડા વગેરેના માંસરસ સહ ભાત સેવન કરવો તે ઉત્તમ છે. ૪૭

ઇતિ શ્રી શારંગધર સંહિતાના ઉત્તર ખંડ વિષે ચોથા અધ્યાયનું પૂર્ણચંદ્ર શર્માકૃત ગુજરાતી ભાષાંતર સંપૂર્ણ.

અધ્યાય પાંચમો.

(બસ્તીની રીત.)

बस्तिर्द्विधानुवासाख्यो निरुहश्च ततः परम् ॥
बस्तिभिर्दीयते यस्मात्तस्माद्वस्तिरिति स्मृतः ॥ १ ॥
यः स्नेहैर्दीयते स स्यादनुवासननामकः ॥

कषायक्षीरतैलैर्यो निरुहः स निगद्यते ॥ २ ॥

પિચકારી મારવાના પ્રયોગને બસ્તી કહેવામાં આવે છે. તેના બે ભેદ છે. એક અનુવાસન અને બીજો નિરૂહ, જેમાં ઘી, તેલ ઇત્યાદિ સ્નેહની પિચકારી મારવામાં આવે તેને અનુવાસન બસ્તી કહે છે. તથા દૂધ, કવાથ વગેરેની પિચકારી મારવામાં આવે તેને નિરૂહ બસ્તી કહે છે. ૧-૨

(અનુવાસન બસ્તીના પ્રકાર.)

तत्रानुवासनाख्यो हि बस्तिर्यः सोत्र कथ्यते ॥
पूर्वमेव ततो बस्तिर्निरुहाख्यो भविष्यति ॥ ३ ॥
निरुहादितरश्चैत्र बस्तिः स्यादुत्तराभिधः
अनुवासनभेदश्च मात्राबस्तिरुदीरितः ॥ ४ ॥
पलद्वयं तस्य मात्रा तस्मादर्धापि वा भवेत् ॥

અનુવાસન અને નિરૂહ એ બન્ને પ્રકારની બસ્તીમાં પહેલાં અનુવાસન બસ્તીનું વર્ણન કરી પછીથી નિરૂહ તથા ઉત્તર બસ્તીનું વર્ણન કરવામાં આવશે. અનુવાસન બસ્તીનો માત્રા બસ્તી નામે ભેદ છે. માત્રા બસ્તીમાં સ્નેહ વગેરેની માત્રાનું પ્રમાણુ એક અથવા બે પલનું લેવું. ૩-૪

(અનુવાસન બસ્તીને લાયક દરદી.)

अनुवास्यस्तु रुक्षः स्यात्तीक्ष्माग्निः केवलानिली ॥ ५ ॥

રૂક્ષ શરીરવાળો. તીવ્ર જઠરવાળો અને વાતવ્યાધિવાળો માણુસ અનુવાસન બસ્તીને યોગ્ય છે. ૫

(અનુવાસન બસ્તી મારવામાં અયોગ્ય દરદી.)

नानुवास्यस्तु कुष्ठी स्यान्मेही स्थूलस्तथोदरी ॥ ६ ॥
आस्थाप्या नानुवास्याः स्युरजीर्णोन्मादतृड्युताः ॥
शोकमूर्च्छारुचिभयश्वासकासक्षयातुराः ॥ ७ ॥

કુષ્ટ, પ્રમેહ, સ્થૂળ, ઉદર વગેરે દદોવાળા, તથા અજીર્ણ, ઉન્માદ, તરસ, શોક, મૂર્છા, અરૂચિ, ભય, શ્વાસ, ખાંસી અને ક્ષય વગેરે દરદોથી પીડિત માણુસ અનુવાસન બસ્તી મારવાને લાયક નથી માટે તેને નિરૂહ બસ્તી મારવી. ૬-૭

(બસ્તીનું મુખ બનાવવા સોના વગેરેની નળી.)

नेत्रं कार्यं सुवर्णादिधातुभिर्वृक्षवेणुभिः ॥
नलैर्दंतैर्विषाणाग्रैर्मणिभिर्वा विधीयते ॥ ८ ॥

પિચકારી મારવાની નળી સોનું વગેરે ધાતુ, નાળીવાંસ, હાથીદાંત, શિંગનો અગ્ર ભાગ, બિલ્લોર અથવા સૂર્યકાન્તમણીની બનાવવી જોઇએ. ૮

(બસ્તીની નળીનું માપ.)

एकवर्षात्तु षड्वर्षं यावन्मानं षडंगुलम् ॥
ततो द्वादशकं यावन्मानं स्यादष्टसंयुतम् ॥ ९ ॥
ततः परं द्वादशभिरंगुलैर्नेत्रदीर्घता ॥

એક વર્ષથી ૭ વર્ષ સુધીની ઉમ્મરનાને બસ્તી મારવા નળીની લંબાઇ ૭ આંગળ રાખવી, ૭થી બાર વર્ષ સુધી આઠ આંગળ અને તે ઉપરાંતની ઉમ્મરનાને માટે બાર આંગળ રાખવી જોઇએ. ૯

(બસ્તીની નળીના છિદ્રનું માપ.)

मुद्गच्छिद्रं कलायाभं छिद्रं कोलास्थिसंनिभम् ॥ १० ॥
यथासंख्यं भवेन्नेत्रं श्लक्ष्णं गोपुच्छसन्निभम् ॥
आतुरांगुष्ठमानेन मूले स्थूलं विधीयते ॥ ११ ॥
कनिष्ठिकापरीणाहमग्रे च गुटिकामुखे ॥
तन्मूले कर्णिके द्वे च कार्ये भागाच्चतुर्थकात् ॥ १२ ॥
योजयेत्तत्र बस्तिं च बंधद्वयविधानतः ॥

૭ આંગળ લંબાઇની નળીનું છિદ્ર મગના દાણા જેટલું રાખવું, આઠ આંગળની નળીનું છિદ્ર વટાણા જેવડું તથા બાર આંગળની નળીનું છિદ્ર બોરના ઠળિયા જેવડું કરવું. તથા નળી સુંવાળી, ગાયના પૂંછના આકારની બનાવવી અને તેનું મૂળ દરદીના અંગુઠા જેવડું જાડું તથા આગળનો ભાગ ટચલી આંગળી જેવો પાતળો અને મુખ ગોળ બનાવવું. નળીના ત્રણ ભાગ છોડી ચોથા ભાગના મૂળમાં કમળ પત્ર જેવા બે કર્ણ બનાવવા. ૧૦-૧૨

(બસ્તી શેની બનાવવી ?)

मृगाजसूकरगवां महिषस्यापि वा भवेत् ॥ ॥ १३ ॥

मूत्रकोशस्य बस्तिस्तु तदलाभे च चर्मजः ॥
कषायरक्तः सुमृदुबस्तिः स्निग्धो दृढो हितः ॥ १४ ॥

હરિણ, બકરો, ડુક્કર, બ્હેલ, પાડો, એઓના અંડકોષની-ચામડાની બસ્તી બનાવવી તથા તે બોર અને આવળ વગેરેના ક્વાથમાં રંગેલી, નરમ, સ્નિગ્ધ અને મજબૂત હોવી જોઇએ. ૧૩-૧૪

(ત્રણ ઉપર વાપરવાની બસ્તીનું પ્રમાણ.)

व्रणबस्तेस्तु नेत्रं स्यात् श्लक्ष्णमष्टांगुलोन्मितं ॥
मुद्गच्छिद्रं गृध्रपक्षनलिकापरिणाहि च ॥ १५ ॥

વ્રણ ઉપર વાપરવાની નળી લીસી તથા આઠ આંગળ લંબાઇમાં હોવી જોઇએ, તથા તેનું છિદ્ર મગના દાણા જેટલું રાખવું અને ગીધ પક્ષીની પાંખની નસ જેટલી જાડાઇ રાખવી. ૧૫

(બસ્તીના ગુણ.)

शरीरोपचयं वर्णं बलमारोग्यमायुषः ॥
कुरुते परिवृद्धिं च बस्तिः सम्यगुपासितः ॥ १६ ॥

ઉત્તમ પ્રકારે બસ્તીનું સેવન કરવાથી શરીરવૃદ્ધિ, બળ, કાન્તિ, આરોગ્ય અને આયુષ્ય વૃદ્ધિ થાય છે. ૧૬

(બસ્તીનું સેવન કરવાનો સમય.)

दिवसांते वसंते च स्नेहे बस्तिः प्रदीयते ॥
ग्रीष्मवर्षाशरत्काले रात्रौ स्यादनुवासनम् ॥ १७ ॥
न चातिस्निग्धमशनं भोजयित्वानुवासयेत् ॥
मदं मूर्च्छां च जनयेद् द्विधा स्नेहः प्रयोजितः ॥१८॥
रुक्षं भुक्तवतोत्यन्नं बलं वर्णश्च हीयते ॥

વસંતઋતુમાં અનુવાસન બસ્તીનું સંધ્યા સમયે તથા ગ્રીષ્મ, વર્ષા અને શરદ ઋતુમાં રાત્રિને સમયે અનુવાસન બસ્તીનું સેવન કરવું. દરદીને અતિ સ્નિગ્ધ પદાર્થ ભોજન કર્યા પછી બસ્તીનું સેવન કરાવવું નહિ અને જો સેવન કરવામાં આવે તો મદ તથા મૂર્છા થાય છે. તેમજ રૂક્ષ ભોજન કરાવ્યા પછી બસ્તીનો પ્રયોગ કરવામાં આવે તો બળ તથા કાંતિહીન થઇ જાય છે. એ પ્રમાણે બે પ્રકારમાં બસ્તીનો પ્રયોગ કરવાથી નુકસાન થાય છે. ૧૭-૧૮

(બસ્તીમાં વધારે અથવા ઓછી માત્રાના ગુણ.)

हीनमात्रावुभौ वस्ती नातिकार्यकरौ स्मृतौ ॥ १९ ॥
अतिमात्रौ तथानाहक्लमातीसारकारकौ ॥

અનુવાસન અને નિરૂહ બસ્તી પ્રયોગમાં ઓછી માત્રા લેવામાં આવે તો ઉત્તમ પ્રકારે ફાયદો થતો નથી અને જો પ્રમાણથી વધારે લેવામાં આવે તો ગ્લાનિ, અતિસાર વગેરે દરદો પેદા થાય છે. ૧૯

(બસ્તીમાં ઉત્તમ માત્રાના ગુણ.)

उत्तमस्य पलैः षड्भिर्मध्यमस्य पलैस्त्रिभिः ॥ २० ॥
पलार्ध्येन हीनस्य युक्ता मात्रानुवासने ॥

ઘણી તાકતવાળા મનુષ્યને અનુવાસન બસ્તીની માત્રા ૭ પલ સુધી આપવી, સાધારણ શક્તિવાળાને ત્રણ પલ, તથા ક્ષીણ મનુષ્યને માટે દોઢ પલની માત્રા લેવી. ૨૦

(સ્નેહમાં સિન્ધાલૂણ વગેરે મેળવવાનું પ્રમાણ.)

शताह्वासैंधवाभ्यां च देयं स्नेहे च चूर्णकम् ॥ २१ ॥
तन्मात्रोत्तममध्यांत्याः षट्चतुर्द्वयमाषकैः ॥

શતાવરી, સિન્ધાલૂણ વગેરેનું ચુર્ણ અનુવાસન બસ્તીમાં ૭ માસા નાખવાથી ઉત્તમ, ચાર માસા મેળવવાથી મધ્યમ અને બે માસા મેળવવાથી હીન માત્રા જાણવી. એ પ્રમાણે માત્રાનો ક્રમ જાણવો.

(રેચ આપ્યા પછી અનુવાસન બસ્તી મારવાની રીત.)

विरेचनात्सप्तरात्रे गते जातबलाय च ॥ २२ ॥
भुक्तान्नायानुवास्याय बस्तिर्देयोऽनुवासनः ॥

રેચ આપ્યા પછી સાત દિવસ વીતાવી દરદીને બળ આવ્યા પછી ભોજન કરાવી અનુવાસન બસ્તીનો પ્રયોગ કરવો. ૨૨

(બસ્તીનો પ્રયોગ કરવાનો વિધિ.

अथानुवास्यं स्वभ्यक्तमुष्णांबु स्वेदितं शनैः ॥ २३ ॥
भोजयित्वा यथाशास्त्रं कृतं च क्रमणं ततः ॥
उत्सृष्टानिलविण्मूत्रं योजयेत्स्नेहबस्तिना ॥ २४ ॥
सुप्तस्य वामपार्श्वेन वामजंघाप्रसारिणः ॥

कुंचितापरजंघस्य नेत्रं स्निग्धे गुदे न्यसेत् ॥ २५ ॥
बध्वा बस्तिमुखं सूत्रैर्वामहस्तेन धारयेत् ॥
पीडयेद्दक्षिणेनैव मध्यवेगेन धीरधीः ॥ २६ ॥
जृंभाकासक्षवादींश्च बस्तिकाले न कारयेत् ॥

અનુવાસન બસ્તીને લાયક માણુસને શરીરે તેલ ચોળી ગરમ પાણીથી શરીરમાંથી પસીનો કહાડી યથાશાસ્ત્ર ભોજન કરાવી થોડી-વાર હરફર કરાવવી તથા મળ, મૂત્રાદિ શંકાઓ નિવૃત્ત કરાવવી. પછી તેને ડાબા પડખે સુવાડી ડાબો પગ લાંબો કરાવી જમણો પગ વાંકો વાળી તેની ગુદા ઘી લગાડી નરમ કરવી. પછી બસ્તીની નળીના મુખ ઉપર દોરો બાંધી પછી તેનું મુખ ગુદામાં નાખી ડાબા હાથથી નળી પકડી જમણા હાથવતી ધીમે ધીમે પિચકારી મારવી. બસ્તી મારતી વખતે દરદીને ઉધરસ, છીંક વગેરે ખાવા દેવાં નહિ.

(બસ્તી પ્રયોગમાં સમય.)

त्रिंशन्मात्रामितः कालः प्रोक्तो बस्तेस्तु पीडने ॥२७॥
ततः प्रणिहितः स्नेह उत्तानो वाक्शतं भवेत् ॥

બસ્તી મારવામાં ત્રીશ માત્રાનો વખત જાય છે. સ્નેહ અંદર પહોંચ્યા પછી સો આંકડા ગણાય તેટલો વખત દરદીને ચત્તો સુવા-ડવો. તથા ઢીચણુ ઉપર હાથ ફેરવી ચપટી વગાડવામાં જેટલો સ-મય જાય તેટલા સમયની એક માત્રા જાણવી એવો સર્વત્ર નિયમ છે.

(બસ્તી મારવા પછીના ઉપચારો.)

जानुमंडलमावेष्ट्य कुर्याच्छोटिकया युतम् ॥ २८ ॥
एका मात्रा भवेदेषा सर्वत्रैव विनिश्चयः ॥

(ઉત્તમ બસ્તી ક્રિયાના ગુણ.)

प्रसारितैः सर्वगात्रैर्यथावीर्यं प्रसर्पति ॥ २९ ॥
ताडयेत्तलयोरेनं त्रीन् वारांश्च शनैः शनैः ॥
स्फिचोश्चैवं ततः श्रोणीं शय्यां चैवोत्क्षिपेत्ततः ॥३०॥
जाते विधाने तु ततः कुर्यान्निद्रां यथासुखम् ॥

બસ્તીનો પ્રયોગ કર્યા પછી દરદીના હાથ, પગ વગેરે દરેક અંગો શિથિલ કરી લંબાવવાં તેથી રસાદિ ધાતુ પોતાના સ્થાનમાં

પ્રસરી જશે. તથા તેના હાથ અને પગના તળિયામાં ત્રણ ત્રણ ટપલી મારવી. એજ પ્રમાણે કુલા તથા કેડના પાછળના ભાગમાં ફરી દરદીને બેસાડવો. એ પ્રમાણે કર્યા પછી સ્વસ્થતાથી સુવાડી દેવો.

(ઉત્તમ બસ્તી ક્રિયાના ગુણ.)

सानिलः सपुरीषश्च स्नेहः प्रत्येति यस्य तु ॥ ३१ ॥
उपद्रवं विना शीघ्रं स सम्यगनुवासितः ॥

બસ્તીની ક્રિયા કર્યા પછી તરતજ રેચ લાગી સ્નેહ કાંઈ પણ વેદના શિવાય પાછો નીકળે તે ઉત્તમ બસ્તી કર્મ જાણવું. ૩૧

(બસ્તી સ્નેહથી થયેલો વિકાર દૂર કરવાનો ઉપાય.)

जीर्णान्नमथ सायाह्ने स्नेहे प्रत्यागते पुनः ॥ ३२ ॥
लघ्वन्नं भोजयेत्कामं दीप्तोग्निस्तु नरो यदि ॥
अनुवासिताय देयं स्यादितरेह्नि सुखोदकम् ॥ ३३ ॥
धान्यशुंठीकषायो वा स्नेहव्यापत्तिनाशनः ॥

ઉપર મુજબ રેચ થયા પછી દરદીનો જઠરાગ્નિ પ્રદીપ્ત થયો હોય તો તેને સાયંકાળે જુનું અનાજ અથવા સાઠી ચોખાનો ભાત આપવો. તથા દિવસે થોડું થોડું ગરમ પાણી પીવા દેવું અથવા ધાણા અને શુંઠનો ક્વાથ આપવાથી સ્નેહવિકાર નાશ થાય છે. ૩૨–૩૩

(વાતાદિક વિકાર ઉપર બસ્તી મારવાનું પ્રમાણ.)

अनेन विधिना षड्वा सप्त चाष्टौ नवापि वा ॥ ३४ ॥
विधेया वस्तयस्तेषामंते चैव निरूहणम् ॥

પૂર્વોક્ત વિધિથી વાતાદિ વિકાર ઉપર દરદના પ્રમાણમાં ૭, સાત, આઠ, અથવા નવ વખત બસ્તીનો પ્રયોગ કરવો. ત્યારપછી નિરૂહણ બસ્તીની યોજના કરવી. ૩૪

(બસ્તી ક્રિયાના ગુણો.)

दत्तस्तु प्रथमो वस्तिः स्नेहयेद्वस्तिवंक्षणौ ॥ ३५ ॥
सम्यग्दत्तो द्वितीयस्तु मूर्धस्थमनिलं जयेत् ॥
बलं वर्णं च जनयेत्तृतीयस्तु प्रयोजितः ॥ ३६ ॥
चतुर्थपंचमौ दत्तौ स्नेहयेतां रसासृजी ॥

षष्ठो मांसं स्नेहयति सप्तमो मेद एव च ॥ ३७ ॥
अष्टमो नवमश्चापि मज्जानंच यथाक्रमात् ॥
एवं शुक्रगतान्दोषान्द्विगुणः साधु साधयेत् ॥ ३८ ॥
अष्टादशाष्टादशकान्बस्तीनां यो निषेवते ॥
स कुंजरबलोप्यश्वं जयेत्तुल्योमरप्रभः ॥ ३९ ॥

પ્રથમ બસ્તી ક્રિયા કરવાથી વંક્ષણુ અર્થાત્ અન્ડસન્ધિ દ્વારા ધાતુ વધારે છે. બીજી ક્રિયાથી શિરોવાયુનો નાશ કરે છે, ત્રીજી ક્રિયાથી શરીરની કાન્તિ તથા બળ વધે છે, ચોથી અને પાંચમી ક્રિયાથી રસ તથા રૂધિર વધે છે, છઠ્ઠી અને સાતમી ક્રિયાથી માંસ અને મેદને વધે છે, આઠમી તથા નવમી વખતથી મજ્જા તથા ધાતુ સ્નિગ્ધ થાય છે. એ પ્રમાણે અઢાર વખત બસ્તી ક્રિયા કરવાથી શુક્ર-ધાતુ, અને મજ્જા રોગનો નાશ થાય છે અને છત્રીશ વખત આપવાથી કાંતી વધે છે તથા હાથીના જેટલું બળ આવે છે.

(અનુવાસન તથા નિરૂહ બસ્તીને યોગ્ય દરદી.)

रुक्षाय बहुवाताय स्नेहबस्तिं दिने दिने ॥
दद्याद्वैद्यस्तथान्येषामन्यो बाधामपाहरेत् ॥ ४० ॥
स्नेहोऽल्पमात्रो रुक्षाणां दीर्घकालमनत्ययः ॥
तथा निरूहः स्निग्धानामल्पमात्रा प्रशस्यते ॥ ४१ ॥

જે માણુસ રૂક્ષ હોવા છતાં વાતાદિ રોગથી અસંત વ્યાકુળ હોય તેને હમેશાં વૈદ્યે સ્નેહબસ્તી આપવી ને અન્ય સ્થૂળાદિક મનુષ્યને નિરૂહ બસ્તી આપવી જેથી વિકાર નાશ થાય છે. રૂક્ષ માણુસને હલકી બસ્તી મારવી અને ઘણા દિવસના વ્યાધિયુક્ત સ્નિગ્ધ શરીરવાળાને નિરૂહ બસ્તી થોડી માત્રાએ આપવી.

(બસ્તીનો સ્નેહ માત્ર બહાર નીકળે તેનો ઉપાય.)

अथवा यस्य तत्कालं स्नेहो निर्याति केवलः ॥
तस्यान्योन्यतरो देयो नहि स्निग्धस्यतिष्ठति ॥ ४२ ॥

જો બસ્તી કર્મ કર્યા પછી સ્નેહ અંદર ન રહેતાં તાત્કાળ બહાર આવે તો તેને બીજી વખત બસ્તી મારવી. તેટલા માટે સ્નેહ બસ્તી આપ્યા પછી તરત નિરૂહ બસ્તી આપવી. આ પ્રમાણે બે પ્રકારની બસ્તી આપવી. ૪૨

(બસ્તીનો સ્નેહ બહાર ન નીકળે તો તેથી થતા વિકાર.)

अशुद्धस्य मलोन्मिश्रः स्नेहो नैति यदा पुनः ॥
तदा शैथिल्यमाध्मानं शूलं श्वासश्च जायते ॥ ४३ ॥
पक्वाशये गुरुत्वं च तत्र दद्यान्निरूहणम् ॥
तीक्ष्णं तीक्ष्णौषधियुक्ता फलवर्तिर्हिता तथा ॥ ४४ ॥
यथानुलोमनं वायोर्मल स्नेहश्च जायते ॥
तथा विरेचनं दद्यात्तीक्ष्णं नस्यं च शस्यते ॥ ४५ ॥

વમન, વિરેચન વગેરેથી શુદ્ધ નહિ કરેલા માણસને બસ્તી ક્રિયા કર્યા પછી સ્નેહ બહાર ન નીકળે તો ગાત્ર શિથિલતા, પેટનું ફુલવું, શૂળ, શ્વાસ, અને પકવાશયમાં સ્થૂળતા થાય છે. તે દરદીનો નાશ કરવા તીક્ષ્ણ નિરૂહ બસ્તીનો પ્રયોગ કરવો. એ પ્રમાણે તીક્ષ્ણ બસ્તી મારવાથી અધોવાયુ, રેચ અને સ્નેહ બહાર આવે તે પ્રમાણે તીક્ષ્ણ જુલાબ તથા નસ્ય આપવું. ૪૩—૪૫

(સ્નેહ બસ્તીથી નુકસાન ન પહોંચે તેનું વિધાન.)

यस्य नोपद्रवं कुर्यात्स्नेहबस्तिरनिःसृतः ॥
सर्वोऽल्पो वावृतो रौक्ष्यादुपेक्ष्यः स विजानता ॥ ४६ ॥

સ્નેહ બસ્તી મારવા પછી દરદીનો ગુદદ્વાર રૂક્ષ હોવાને લીધે સ્નેહ બહાર આવવો જોઈએ તે ન આવતાં અંદર રહે અને તેનાથી કાંઈપણ વિકાર ન થાય તો સ્નેહને બહાર કહાડવા મહેનત લેવી નહિ.

(બસ્તી સ્નેહ આખી રાત બહાર ન નીકળે તેના ઉપાય.)

अनायाते त्वहोरात्रे स्नेहं संशोधनैर्हरेत् ॥
स्नेहबस्तावनायाते नान्य स्नेहो विधीयते ॥ ४७ ॥

જે દરદીને સ્નેહ બસ્તી આપ્યા પછી એક રાત તથા દિન સ્નેહ બહાર ન આવે તો જુલાબ આપી સ્નેહને બહાર કહાડવો પણ ફરીથી સ્નેહ બસ્તી મારવી નહિ. ૪૭

(અનુવાસન બસ્તી માટે તેલ.)

गुडूच्येरंडपूतीकभार्गीवृषकरौहिषम् ॥
शतावरीसहचरं काकनासापलोन्मितम् ॥ ४८ ॥
यवमाषातसीकोलकुलित्थान् प्रसृतोन्मितान् ॥
चतुर्द्रोणांभसा पक्त्वा द्रोणशेषेण तेन च ॥ ४९ ॥

पचेत्तैलाढके पेष्यैर्जीवनीयैः पलोन्मितैः ॥
अनुवासनमेतद्धि सर्ववातविकारनुत् ॥ ५० ॥

ગળો, એરંડમૂળ, કરંજની છાલ, ભારિંગ, અરડુશી, રોસા નામનું ઘાસ, શતાવરી, કાંટાશળીઓ, સુડિયાવેલાનાં મૂળ, એ દરેક એક એક પલ લેવાં. તથા જવ, અડદ, અળશી, બોરની બીજ અને કળથી એ દરેક બે બે પલ લઈ પછી બધાંને એકઠાં કરી ખાંડવાં પછી તેને ચાર દ્રોણુ પાણીમાં એક દ્રોણુ પાણી બાકીરહે ત્યાં સુધી ઉકાળી તેને ગાળી લેવું. પછી એક આઢક તલનું તેલ, તથા જીવનીયગણનાં ઔષધો દરેક બે બે પલ લેઈ તેનું ચુર્ણ બનાવી ઉપરના ક્વાથમાં મેળવી ફરીથી તે ક્વાથને ઉકાળવો. જ્યારે માત્ર તેલ બાકી રહે અને ક્વાથ બળી જાય ત્યારે તેને ઉકાળી ગાળી લેવું તેને અનુવાસન તેલ કહેવામાં આવે છે. આ તેલનો બસ્તી કર્મમાં ઉપયોગ કરવાથી વાયુરોગનો નાશ થાય છે. ૪૮–૫૦

(અનુવાસન બસ્તીની વિપરીતતાથી થતા વિકારની ચિકિત્સા.)

षट्सप्तति व्यापदस्तु जायंते बस्तिकर्मणः ॥
दूषितात्समुदायेन ताश्चिकित्स्याच्च सुश्रुतात् ॥ ५१ ॥

અનુવાસન બસ્તીમાં દોષ રૂપ કાંઈ પણ વિપરીતતા થવાથી છોતેર જાતનાં દરદો પેદા થાય છે; માટે તે રોગોની ચિકિત્સા સુશ્રુત ગ્રંથમાં આપવામાં આવી છે તે પ્રમાણે કરવી. ૫૧

(બસ્તી કર્મમાં પથ્ય રાખવાનો વિધિ.)

पानाहारविहारश्च परिहारश्च कृत्स्नशः ॥
स्नेहपानसमाः कार्या नात्र कार्या विचारणा ॥ ५२ ॥

इति श्रीदामोदरसूनुशार्ङ्गधरेण विरचितायां संहितायां चिकित्सास्थाने उत्तरखंडे स्नेहबस्तिविधिनामपंचमोऽध्यायः समाप्तः ॥

અન્ન, પાન, અને વિહારાદિ વ્યવહાર જે પ્રમાણે સ્નેહ પાનના પ્રકરણમાં બતાવ્યો છે તેજ પ્રમાણે અનુવાસન બસ્તીમાં પથ્ય રાખવું. ૫૨

ઇતિ શ્રી શારંગધર સંહિતાના ઉત્તરખંડ વિષે પાંચમા અધ્યાયનું પૂર્ણચંદ્ર શર્માકૃત ગુજરાતી ભાષાંતર સંપૂર્ણ.

અધ્યાય છઠ્ઠો.

(નિરૂહ બસ્તીનું વિધાન.)

निरूहबस्तिर्बहुधा भिद्यते कारणांतरैः ॥
तैरेव तस्य नामानिकृतानि मुनिपुंगवैः ॥ १ ॥

નિરૂહ બસ્તીના કારણ ભેદથી ઘણા પ્રકાર થાય છે તેથી જેવાં કારણોનાં નામ હોય તે પ્રમાણે બસ્તીને નામની સંજ્ઞા આપવામાં આવી છે. ઉદાહરણ–ઉત્કલેશન બસ્તી, દોષહર બસ્તી, દોષશમન બસ્તી, વગેરે વગેરે. ૧

(નિરૂહ બસ્તીનું બીજું નામ.)

निरूहस्यापरं नाम प्रोक्तमास्थापनं बुधैः ॥
स्वस्थाने स्थापनाद्दोषधातूनां स्थापनं मतम् ॥ २ ॥

નિરૂહ બસ્તીનું બીજું નામ આસ્થાપન છે. તે દોષ તથા રસાદિ ધાતુને પોતાના સ્થાન ઉપર સ્થિર કરે છે, તેથી તેનું નામ આસ્થાપન રાખવામાં આવ્યું છે. તેમજ વાતાદિ દોષ અથવા રોગનો નાશ કરે છે માટે તેને નિરૂહ બસ્તી એવું નામ આપવામાં આવ્યું છે. ૨

(નિરૂહ બસ્તીમાં ક્વાથ ઈત્યાદિનું પ્રમાણ.)

निरूहस्य प्रमाणं तु प्रस्थःपादोत्तरं मतम् ॥
मध्यमंप्रस्थमुद्दिष्टं हीनस्य कुडवास्त्रयः ॥ ३ ॥

નિરૂહ બસ્તીમાં ક્વાથ વગેરે નાખવાનું પ્રમાણ સવા પસ્થ ઉત્તમ, એક પસ્થ મધ્યમ, અને ત્રણ કુડવ હીન, તે રીતે લેવાય છે. ૩

(નિરૂહ બસ્તીમાં અયોગ્ય દરદી.)

अतिस्निग्धोत्क्लिष्टदोषौ क्षतोरस्कः कृशस्तथा ॥
आध्मानच्छर्दिहिक्कार्शः कासश्वासप्रपीडितः ॥ ४ ॥
गुदशोफातिसारार्तो विषूचीकुष्ठसंयुतः ॥
गर्भिणी मधुमेही च नास्थाप्यश्च जलोदरी ॥ ५ ॥

અત્યંત સ્નિગ્ધ, ઉર્ધ્વગામી રોગવાળા તથા ઉરઃક્ષતથી પીડિત,

કૃશ, આફરો, ઓકારી, હિક્કા, અર્શ, ખાંસી, શ્વાસ, ગુદરોગ, સોજો અતિસાર, કૉલેરા, અને કોઢ ઈત્યાદિ રોગથી પીડિત માણસને, ગર્ભીણી સ્ત્રી, તથા મધુપ્રમેહ અને જલોદરના દરદવાળાને નિરૂહ બસ્તી કર્મ કરવું નહિ. ૪-૫

(નિરૂહ બસ્તી ક્રિયામાં યોગ્ય દરદી.)

वातव्याधावुदावर्ते वातासृग्विषमज्वरे ॥
मूर्च्छातृष्णोदरानाहमूत्रकृच्छ्राश्मरीषु च ॥ ६ ॥
वृद्धासृक्दरमंदाग्निप्रमेहेषु निरूहणम् ॥
शूलेम्लपित्ते हृद्रोगे योजयेद्विधिवद्बुधः ॥ ७ ॥

વાયુરોગ, ઉદાવર્ત્ત, વાતરક્ત, વિષમ જ્વર, મૂર્છા, તરસ, ઉદર, આફરો, મૂત્રકૃચ્છ્ર, પથરી, જુનો રક્ત પ્રદર, મંદાગ્નિ, પ્રમેહ, શૂળ, અમ્લપિત્ત, અને હૃદરોગ એ દરદો ઉપર. નિરૂહ બસ્તી કર્મ કરવું. ૬-૭

(નિરૂહ બસ્તી કર્મના પ્રકાર.)

उत्सृष्टानिलविण्मूत्रं स्निग्धं स्विन्नमभोजितम् ॥
मध्याह्ने गृहमध्ये च यथायोग्यं निरूहयेत् ॥ ८ ॥
स्नेहबस्तिविधानेन बुधः कुर्यान्निरूहणम् ॥
जाते निरूहे च ततो भवेदुत्कटकासनः ॥ ९ ॥
तिष्ठेन्मुहूर्तमात्रं तु निरूहागमनेच्छया ॥
अनायातं मुहूर्ते तु निरूहं शोधनैर्हरेत् ॥ १० ॥

આગળ જણાવ્યા પ્રમાણે દરદીને બસ્તી કર્મ કરતાં પહેલાં પસીનો કહાડવો વગેરે ક્રિયા કરી ભૂખ્યા માણસને બપોરના સમયે યથાયોગ્ય નિરૂહ બસ્તી કર્મ કરવું, બસ્તી ક્રિયા થયા પછી બસ્તીનું ઔષધ બહાર કહાડવા દરદીને બે ઘડી અદ્ધર બેસારવો. જો એક મુહૂર્તમાં નિરૂહસ્નેહ બહાર ન નીકળે તો તેને વિરેચન વગેરે પ્રયોગોથી બહાર કહાડવું. ૮-૧૦

(નિરૂહ બહાર ન આવે તેના શોધનનાં ઔષધો.)

निरूहैरेव मतिमान् क्षारमूत्राम्लसैंधवैः ॥

જો નિરૂહ બસ્તી બહાર ન નીકળે તો તેના ઉપર જવક્ષાર, લીંબુનો રસ અને સિન્ધાલૂણ, એ પદાર્થો એકઠા કરી તેની નિરૂહ બસ્તી આપવી જેથી નિરૂહ બહાર નીકળે છે.

(ઉત્તમ નિરૂહ બસ્તી ક્રિયાનાં લક્ષણ.)

यस्य क्रमेण गच्छंति विट्पित्तकफवायवः ॥ ११ ॥
लाघवं चोपजायेत सुनिरूहं तमादिशेत् ॥

જ્યારે નિરૂહ બસ્તી આપેલા માણસને મળ, પિત્ત, કફ વગેરે વિકારો રેચ લાગી નીકળી જાય અને શરીર હલકું થાય ત્યારે ઉત્તમ બસ્તી કર્મ સમજવું. ૧૧

(ઉત્તમ રીતે નિરૂહ બસ્તી કર્મ ન થવાનાં લક્ષણ.)

यस्य स्याद्बस्तिरल्पाल्पवेगो हीनमलानिलः ॥ १२ ॥
मूर्च्छार्तिजाड्यारुचिमान् दुर्निरूहं तमादिशेत् ॥

નિરૂહ બસ્તી આપ્યા પછી સ્નેહ વગેરે વિકારો નીકળવા જોઇએ તેટલા ન નીકળે, તેમજ શરીરનું ભારે થવું, પેશાબમાં દરદ થવું, અરૂચિ, વગેરે ચિન્હો જણાય ત્યારે સમજવું કે બસ્તી કર્મ સારી રીતે થયું નથી. ૧૨

(ઉત્તમ નિરૂહ બસ્તી અને સ્નેહ બસ્તીનાં લક્ષણ.)

विविक्तता मनस्तुष्टिः स्निग्धता व्याधिनिग्रहः ॥ १३ ॥
आस्थापनं स्नेहबस्त्योः सम्यग्दाने तु लक्षणम् ।
अनेन विधिना युंज्यान्निरुहं बस्तिदानवित् ॥ १४ ॥

દરદીના શરીરનું હલકાપણું, મનની પ્રસન્નતા, શરીરની સ્નિગ્ધતા, અને દરદોનો નાશ વગેરે ઉત્તમ આસ્થાપન તથા સ્નેહ બસ્તીનાં લક્ષણો સમજવાં. એ પ્રમાણે બતાવેલી રીતથી વૈદે નિરૂહ બસ્તી પ્રયોગ કરવો. ૧૩-૧૪

નિરૂહ બસ્તી કર્મ કરવાના પ્રકાર.)

द्वितीयं वा तृतीयं वा चतुर्थं वा यथोचितम् ।
सस्नेह एकः पवने पित्ते द्वौ पयसा सह ॥ १५ ॥
कषायकटुरुक्षाद्याः कफे कोष्णास्त्रयो मताः ।
पित्तश्लेष्मानिलाविष्टे क्षीरयूषरसैः क्रमात् ॥ १६ ॥
निरूहं योजयित्वा च ततस्तमनुवासयेत् ।

દરદ અનુસાર બે, ત્રણ, કે ચાર વખત નિરૂહ બસ્તી આપવી,

વાયુના દરદમાં સ્નેહયુક્ત એક બસ્તી મારવી, પિત્તરોગમાં દૂધ યુક્ત બે બસ્તી મારવી, કફપ્રકોપમાં કષાય, તીખા અને રૂક્ષ વગેરે પદાર્થોની ત્રણ નિરૂહ બસ્તી મારવી. વાત, પિત્ત, કફથી પીડિત માણસને દૂધ, યૂષ, વગેરેની નિરૂહ બસ્તી આપવી ત્યાર પછી સ્નેહ બસ્તી મારવી. ૧૫-૧૬

(સુકુમાર દરદીને બસ્તી મારવાની રીત.)

सुकुमारस्य वृद्धस्य बालस्य च मृदुर्हितः ॥ १७ ॥
बस्तिस्तीक्ष्णः मयुक्तस्तु तेषां हन्याद्बलायुषी ।

સુકુમાર-નાજુક માણસ, વૃદ્ધ, અને બાળક એને હલકી બસ્તી મારવી કારણ તેને તીક્ષ્ણ બસ્તી આપવાથી આયુષ્ય અને બળનો ક્ષય થાય છે. ૧૭

(આદિ, મધ્ય, અને અંતમાં બસ્તી મારવાના પ્રકાર.)

दद्यादुत्क्लेशनं पूर्वं मध्ये दोषहरं ततः ॥ १८ ॥
पश्चात्संशमनीयं च दद्याद्बस्तिं विचक्षणः ।

શરૂઆતમાં વિકારોને ખેંચી બહાર કહાડનારાં ઔષધોની બસ્તી મારવી, ત્યારપછી મધ્યમાં વિકારોનો નાશ કરનાર ઔષધોની બસ્તી આપવી તથા અંતમાં શંસમનીય અર્થાત્ વિકારોને શાન્ત કરનારાં ઔષધોની બસ્તી આપવી. ૧૮

(ઉત્કલેશન બસ્તીની રીત.)

एरंडबीजं मधुकं पिप्पली सैंधवं वचा ॥ १९ ॥
हपुषा फलकल्कश्च बस्तिरुत्क्लेशनः स्मृतः ।

એરંડા, મહુડાં, લીડીંપીપર, સિન્ધાલૂણ, વજ, છીણીનાં પાંદડાં અને મીંઢળ, એ ઔષધો સમાન ભાગે લઈ તેનો કલ્ક બનાવવો અને તેની સાથે ગરમ પાણી મેળવી બસ્તી કર્મ કરવું તેને ઉત્કલેશન બસ્તી કહેવામાં આવે છે. ૧૯

(દોષનાશક બસ્તીની રીત.)

शताह्वा मधुकं बिल्वं कौटजं फलमेव च ॥ २० ॥
सकांजीकः सगोमूत्रो बस्तिर्दोषहरः स्मृतः ।

શતાવરી, જેઠીમધ, બીલી અને ઇન્દ્રજવ એ સર્વે સમાન

ભાગે લઈ તેને કાંજીમાં બારીક પીસી ગૌમૂત્રમા મેળવી બસ્તી મારવી તેને દોષનાશક બસ્તી કહેવામાં આવે છે. ૨૦

(શોધન બસ્તીની રીત.)

शोधनद्रव्यनिःक्काथैस्तत्कल्कैः स्नेहसैंधवैः ॥ २१ ॥
युक्त्या खजेन मथिता बस्तयः शोधनाः स्मृताः ।

નસોતર વગેરે શોધન દ્રવ્યોનો ક્વાથ, તથા કલ્ક બનાવવો. પછી તે બેઉને એક કરી તેમાં સિન્ધાલૂણ મેળવી સારી રીતે મથવું. ત્યાર પછી વિકારોનો નાશ કરવાને તેની બસ્તી મારવી. ૨૧

(દોષશમન બસ્તીની રીત.)

प्रियंगुर्मधुको मुस्ता तथैव च रसांजनम् ॥ २२ ॥
सक्षीरः शस्यते बस्तिर्दोषाणां शमने स्मृतः ।

પ્રિયંગુ, (કાંગ) મહુડાં, નાગરમોથ અને રસવંતી એ દરેક સમાન ભાગે લઇ દૂધમાં બારીક પીસી તેની બસ્તી મારવાથી દોષ-શમન થાય છે. ૨૨

(લેખન બસ્તીની રીત.)

त्रिफलाक्काथगोमूत्रक्षौद्रक्षारसमायुताः ॥ २३ ॥
ऊषकादिप्रतीवापैर्बस्तयो लेखनाः स्मृताः ।

ત્રિફળાના ક્વાથમાં, જવખાર, ગૌમૂત્ર, મધ અને ઉષકાદિ ગણની ઔષધીનું ચૂર્ણ મેળવી તેની બસ્તી મારવી તેને લેખન બસ્તી કહેવામાં આવે છે. ૨૩

(બૃંહણ બસ્તીની રીત.)

बृंहणं क्वाथनिःक्वाथः कल्कैर्मधुरकैर्युतः ॥ २४ ॥
सर्पिर्मांसरसोपेता बस्तयो बृंहणा मताः ।

મુસળી, ગોખરૂ, અને કૌચાના બીજ વગેરે ધાતુવર્ધક દ્રવ્યોનો ક્વાથ બનાવી તેમાં મહુડાના પાંદડાં દ્રાક્ષ અને દાડમનો કલ્ક તથા ઘી મેળવી બસ્તી મારવી તેને બૃંહણ બસ્તી કહેવામાં આવે છે. ૨૪

(પિચ્છિલ બસ્તીની રીત)

बदर्यैरावती शेलुशाल्मलीधन्वनागराः ॥ २५ ॥

क्षीरसिद्धाः क्षौद्रयुक्ता नाम्ना पिच्छिलसंज्ञिताः ।
अजोरभ्रैणरुधिरर्युक्ता देयाविचक्षणैः ॥ २६ ॥
मात्रा पिच्छिलबस्तीनां पलैर्द्वादशभिर्मताः ।

બોરડીની છાલ, નારંગી, ગુંદાની છાલ, શિમળાની છાલ, ધમાસો, અને શૂંઠ આ બધાં સમાન ભાગે લેવાં. પછી તેને દૂધમાં પીસી તેમાં મધ મેળવી બસ્તી મારવી તેને પિચ્છિલ બસ્તી કહે છે. તેની માત્રા બાર પલની છે. ૨૫-૨૬

(નિરૂહ બસ્તીનું પ્રમાણ.)

दत्वादौ सैंधवस्याक्षं मधुनः प्रसृतिद्वयम् ॥ २७ ॥
विनिर्मथ्यततो दद्यात्स्नेहस्य प्रसृतित्रयम् ।
एकीभूते ततः स्नेहे कल्कस्य प्रसृतिं क्षिपेत् ॥ २८ ॥
संमूर्च्छितकषाये तु चतुःप्रसृतिसंमितम् ।
क्षिप्त्वा विमथ्या दद्याच्च निरूहं कुशलो भिषक् ॥२९॥
वाते चतुःपलं क्षौद्रं दद्यात्स्नेहस्य षट्पलम् ।
पित्ते चतुःपलं क्षौद्रं स्नेहस्य च पलं त्रयम् ॥ ३० ॥
कफे षट्पलिकं क्षौद्रं स्नेहस्यैव चतुःपलम् ।

પહેલાં સિન્ધાલૂણ એક કર્ષ પ્રમાણ તથા મધ ચાર પલ, એ બેઉને ખરલ કરી એક કરવાં તથા તેમાં ઘી કે તેલ ૭ પલ મેળવી તે બધાંને મિશ્ર કરી પછી તેમાં જે ઔષધનો કલ્ક તથા કવાથ મેળવવાનો લખ્યો હોય તે મેળવી સર્વને એક રસ બનાવવો. પછી તેની અનુભવી વૈદ્યે બસ્તી મારવી. વાતરોગ ઉપર નિરૂહ બસ્તીમાં ચાર પલ મધ અને ૭ પલ સ્નેહ ઘી મેળવી બસ્તી મારવી, પિત્ત-રોગ ઉપર ચાર પલ મધ તથા ત્રણ પલ સ્નેહ મેળવી તથા કફ-રોગ ઉપર ૭ પલ મધ તથા ચાર પલ સ્નેહ મેળવી બસ્તી મારવી.

(મધુતૈલક બસ્તીની રીત.)

एरंडक्काथतुल्यांश मधुतैलं पलाष्टकम् ॥ ३१ ॥
शतपुष्पापलार्धेन सैंधवार्धेन संयुतम् ।
मधुतैलकसंज्ञोयं बस्तिः खजविलोडितः ॥ ३२ ॥

मेदोगुल्मकृमिप्लीहशूलोदावर्तनाशनः ।
बलवर्णकरश्चैव वृष्यो बृंहणदीपनः ॥ ३३ ॥

એરંડમૂળનો ક્વાથ આઠ પલ તથા મધ અને તેલ ચાર ચાર પલ, વરીયાળી, અને સિન્ધાલૂણ અર્ધો અર્ધો પલ, એ બધાને એકઠાં કરી તેને રવાઇ વતી વલોવી બસ્તી મારવી તેને મધુ તૈલક બસ્તી કહે છે. એ બસ્તીના પ્રયોગથી મેદ, ગુલ્મ, કૃમિ, બરલ, મલ, ઉદાવર્ત, વગેરે દરદોનો નાશ થાય છે. તથા દેહની કાન્તિ વધે છે, ધાતુવૃદ્ધિ થાય છે, અને જઠરા તેજ થાય છે. ૩૧-૩૩

(દીપન બસ્તીની રીત.)

क्षौद्राज्यक्षीरतैलानां स्नेहानां प्रसृतं भवेत् ।
हपुषा सैंधवक्षांशौ बस्ति स्याद्दीपनः परः ॥ ३४ ॥

મધ, ઘી, અને દૂધ બબે પલ લેવાં. પછી છીણી અને સિન્ધાલૂણ એ એક એક કર્ષ લઈ તેનું ચૂર્ણ બનાવી ઉપરના પ્રવાહી પદાર્થોમાં મેળવી તેની બસ્તી ક્રિયા કરવાથી દીપન થાય છે તેથી તેને દીપન બસ્તી કહે છે. ૩૪

(યુક્તરથ બસ્તીની રીત.)

एरंडमूलनिःक्वाथो मधुतैलं ससैंधवम् ।
एष युक्तरथो बस्तिः सवचापिप्पलीफलः ॥ ३५ ॥

એરંડમૂળનો ક્વાથ બનાવી તેમાં મધ અને તેલ મેળવવાં, પછી સિન્ધાલૂણ, વજ, લીંડીપીપર અને મીંઢળ એ બધાં સરખે ભાગે લઇ તેનું બારીક ચૂર્ણ કરી તેને ઉપરના ક્વાથમાં મેળવી બસ્તી મારવી તેને યુક્તરથ બસ્તી કહેવામાં આવે છે. ૩૫

(સિદ્ધ બસ્તીની રીત.)

पंचमूलस्य निःक्वाथस्तैलं मागधिका मधु ।
ससैंधवः समधुकः सिद्धबस्तिरिति स्मृतः ॥ ३६ ॥

બૃહત્પંચ મૂળનો ક્વાથ બનાવી તેમાં તેલ, લીંડીપીપરનું ચૂર્ણ, સિન્ધાલૂણ, અને જેઠીમધનું ચૂર્ણ એ તમામ ઔષધો મેળવી તેની બસ્તી મારવી તેને સિદ્ધ બસ્તી કહેવામાં આવે છે, તે સર્વ દરદો ઉપર આપવામાં આવે છે. ૩૬

(બસ્તી ક્રિયામાં પથ્યાપથ્ય.)

स्नानमुष्णोदकैः कुर्याद्दिवास्वप्नमजीर्णताम् ॥
वर्जयेदपरं सर्वमाचरेत्स्नेहबस्तिवत् ॥ ३७ ॥
इति श्रीदामोदर सूनुशार्ङ्गधरेण विरचितायां संहितायां-
चिकित्सास्थाने उत्तरखण्डे निरूहनबस्तिविधिः
नाम षष्ठोऽध्यायः समाप्तः ॥

બસ્તી પ્રયોગ કરેલા દરદીએ ગરમ જળથી સ્નાન કરવું, દિવસે નિદ્રા લેવી નહિ, અજીર્ણકારક પદાર્થો તજી દેવા, તેમજ સ્નેહ બસ્તી પ્રમાણે પથ્ય પાળવું. ૩૭

ઇતિ શ્રી શારંગધર સંહિતાના ઉત્તરખંડ વિષે છઠ્ઠા અધ્યાયનું પૂર્ણચંદ્ર શર્માકૃત ગુજરાતી ભાષાંતર સંપૂર્ણ.

અધ્યાય સાતમો.

(ઉત્તર બસ્તીનો ક્રમ.)

अतः परं प्रवक्ष्यामि बस्तिमुत्तरसंज्ञितम् ॥
द्वादशांगुलकं नेत्रं मध्ये च कृतकर्णिकम् ॥ १ ॥
मालतीपुष्पवृन्ताभं छिद्रं सर्षपनिर्गमम् ॥

હવે ઉત્તર બસ્તીનું પ્રમાણ કહેવામાં આવે છે:-બસ્તીની નળી બાર આંગળ લાંબી તથા મધ્ય ભાગમાં કમળપત્ર જેવા કાન વાળી, સુંવાળી તથા તેના છિદ્રમાંથી સર્ષવનો દાણો નીકળે એવા પ્રકારની હોવી જોઇએ. ૧

(ઉત્તર બસ્તીની માત્રાનું પ્રમાણ.)

पंचविंशतिवर्षाणामधोमात्रा द्विकार्षिकी ॥ २ ॥
तदूर्ध्वं पलमात्रा च स्नेहस्योक्ता विचक्षणैः ॥

પચીશ વર્ષ કરતાં ઓછી વયના માણસને બસ્તીમાં સ્નેહની માત્રા બે કર્ષ તથા તેનાથી મોટી વયનાને માટે એક પલની માત્રાની યોજના કરવી. ૨

(ઉત્તર બસ્તીની યોજનાની રીત.)

अथास्थापनशुद्धस्य तृप्तस्य स्नानभोजनैः ॥ ३ ॥
स्थितस्य जानुमात्रेण चापि स्निग्धशलाकया ॥
स्निग्धया मेढ्रमार्गेण ततो नेत्रं नियोजयेत् ॥ ४ ॥
शनैः शनैर्घृताभ्यक्तं मेढ्ररंध्रेंगुलानि षट् ॥
ततोवपीडयेद्बस्तिं शनैर्नेत्रं च निर्हरेत् ॥ ५ ॥
ततः प्रत्यागते स्नेहे स्नेहबस्तिक्रमो हितः ॥

દરદીને પ્રથમ આસ્થાપન અને નિરૂહ બસ્તી આપી તેનો કોઠો શુદ્ધ કરી પછી તેને સ્નાન કરાવી ભોજન કરાવવું. ત્યાર પછી તેને ઉંચી બેઠક ઉપર બેસારી બસ્તીની નળીને સ્નેહ ચોપડી લિંગદ્વારા બસ્તીની યોજના કરવી. બસ્તી માર્યા પછી નળીને ધીમે ધીમે કહાડી લેવી. સ્નેહ બહાર આવ્યા પછી તમામ ઉપચાર અનુવાસન પ્રમાણે કરવા. ૩–૫

(સ્ત્રીઓને બસ્તી આપવાની રીત.)

स्त्रीणां कनिष्ठिकास्थूलं नेत्रं कुर्याद्दशांगुलम् ॥ ६ ॥
मुद्गप्रवेशं योज्यं च योन्यंतश्चतुरंगुलम् ॥
द्व्यंगुलं मूत्रमार्गे च सूक्ष्मं नेत्रं नियोजयेत् ॥ ७ ॥

સ્ત્રીને મારવાની બસ્તીની નળી સ્ત્રીની ટચલી આંગળી જેવી જાડી, દશ આંગળ લાંબી, અને મુખના છિદ્રમાંથી મગનો દાણો નીકળી શકે તેવા પ્રકારની બનાવવી. તે નળીને યોનિમાં ચાર આંગળ ખોસી પછી પિચકારી મારવી, તેમજ મૂત્રમાર્ગમાં બહુજ બારીક નળી બનાવી તેને બે આંગળ અંદર ખોસીને પિચકારી મારવી. ૬–૭

(બાળકોને બસ્તી મારવાનું પ્રમાણ.)

मूत्रकृच्छ्रविकारेषु बालानामेकमंगुलम् ॥
शनैर्निःकंपमादेयं सूक्ष्मनेत्रं विचक्षणैः ॥ ८ ॥

બાળકને મૂત્રકૃચ્છ્રનું દરદ થવાથી તે ઉપર વૈદે નિષ્કંપ હાથથી બારીક નળી લઇ ધીમે ધીમે એક આંગળ શિશ્નમાં નાખીને બસ્તી કર્મ કરવું. ૮

(સ્ત્રીઓ તથા બાળકોને બસ્તીમાં સ્નેહની માત્રાનું પ્રમાણ.)

योनिमार्गेषु नारीणां स्नेहमात्रा द्विपालिकी ॥
मूत्रमार्गे पलोन्माना बालानां च द्विकार्षिकी ॥ ९ ॥
उत्तानायै स्त्रियै दद्यादूर्ध्वजान्वै विचक्षणः ॥
अप्रत्यागच्छति भिषग् बस्तावुत्तरसंज्ञिके ॥ १० ॥

સ્ત્રીઓને યોનિમાર્ગે બસ્તી મારવામાં સ્નેહની માત્રા બે પલની લેવી તથા મૂત્રમાર્ગે બસ્તી મારવામાં એક પલ લેવી, તથા બાળકોને માટે બે કર્ષની માત્રા લેવી. અનુભવી વૈદ્યે સ્ત્રીને ચત્તી સુવાડી તેના ઢીંચણ અદ્ધર રખાવી બસ્તી મારવી. જો સ્નેહ બહાર ન નીકળે તો આગળ જણાવેલી રીતે શોધન કરવું. ૯-૧૦

(બસ્તી શોધન દ્રવ્યોનું પ્રમાણ.)

भूयो बस्तिं निदध्याच्च संयुक्तैः शोधनैर्गणैः ॥
फलवर्त्तिं निदध्याद्वा योनिमार्गे दृढं भिषक् ॥ ११ ॥
मूत्रैर्विनिर्मितां स्निग्धां शोधनद्रव्यसंयुताम् ॥
दह्यमाने तथा बस्तौ दद्याद्बस्तिं विचक्षणः ॥
क्षीरवृक्षकषायेण पयसा शीतलेन च ॥ १३ ॥
बस्तिः शुक्ररुजः पुंसां स्त्रीणामार्तवजां रुजां ॥
हन्यादुत्तरबस्तिस्तु नोचितो मेहिनां क्वचित् ॥ १४ ॥

આગળ જણાવેલાં શોધન દ્રવ્યની યોનીના માર્ગમાં પિચકારી મારવી અથવા એરંડાદિક તેલમાં વાટ બનાવી તેને યોનિમાર્ગમાં નાખવી જેથી સ્નેહ બહાર આવે. જો બસ્તી મારવાથી વિકાર જણાય તો ક્ષીરવાળાં વૃક્ષની છાલનો ક્વાથ બનાવી તેની અથવા શીતળ દૂધની બસ્તી આપવી જેથી વિકાર શાંત થશે. વીર્યવિકાર વાળા માણસને આ બસ્તી મારવાથી વિકારો નાશ પામે છે તથા સ્ત્રીઓના રજોદર્શન સંબંધી દરદોનો પણ નાશ કરે છે, પણ પ્રમેહના દરદવાળાને આ બસ્તી નિરૂપયોગી છે. ૧૧-૧૪

(ઉત્તમ પ્રકારે બસ્તીકર્મ થવાનાં લક્ષણ.)

सम्यग्दत्तस्य लिंगानि व्यापदः क्रम एव च ॥

बस्तेरुत्तरसंज्ञस्य शमनं स्नेहबस्तिवत् ॥ १५॥

ઉત્તમ પ્રકારની બસ્તી ક્રિયાથી શુક્ર સંબંધી વિકાર નાશ થાય છે. તથા તેના લક્ષણ અને દોષ તેમજ શાંતિ સ્નેહ બસ્તી પ્રમાણે સમજવા. ૧૫

(ફલવર્તિની યોજના.)

घृताभ्यक्ते गुदे क्षेप्या श्लक्ष्णा स्वांगुष्ठसंनिभा ॥
गलमवर्तिनी वर्ति फलवर्तिश्च सा स्मृता ॥ १६ ॥

इति श्रीदामोदरसूनुशार्ङ्गधरेण विरचितायां संहितायां चिकित्सास्थाने उत्तरखंडेउत्तरबस्तिविधिनाम सप्तमोऽध्यायः समाप्तः ॥

હરદીના અંગુઠાપૂર જાડી વાટ કરી તે ઉપર એરંડાદિ ઔષધનો કલ્ક ચોપડી દસ્ત લાવવા માટે હરદીની ગુદાને ઘી ચોપડી તેમાં નાખવી તેને ફલવર્તિ કહે છે. ૧૬

ઇતિ શ્રી શારંગધર સંહિતાના ઉત્તરખંડ વિષે સાતમા અધ્યાયનું પૂર્ણચંદ્ર શર્માકૃત ગુજરાતી ભાષાંતર સંપૂર્ણ.

અધ્યાય આઠમો.

(નસ્ય વિધાન.)

नस्यं तत्कथ्यते धीरर्नासाग्राह्यं यदौषधम् ॥
नावनं नस्यकर्मेति तस्य नामद्वयं मतम् ॥ १ ॥

નાકમાં નાખવાના ઔષધોને નસ્ય કહેવામાં આવે છે. તેનાં નાવન અને નસ્યકર્મ એવાં બે નામો છે. ૧

(નસ્યના પ્રકાર.)

नस्यभेदो द्विधा प्रोक्तो रेचनं स्नेहनं तथा ॥
रेचनं कर्षणं प्रोक्तं स्नेहनं बृंहणं मतम् ॥ २ ॥

નસ્યના બે ભેદો છે. એક રેચન અને બીજો સ્નેહન. તેમાંથી રેચન નસ્યથી વાતાદિ વિકારો નાશ પામે છે તથા સ્નેહન નસ્યથી ધાતુ વૃદ્ધિ થાય છે. ૨

(નસ્ય કર્મનો સમય.)

कफपित्तानिलध्वंसे पूर्णमध्यापराह्णके ॥
दिनस्य गृह्यते नित्यं रात्रौ वाप्युत्कटे गदे ॥ ३ ॥

પ્રભાતમાં નસ્ય કર્મ કરવાથી કફ, બે પ્રહર દિવસ ચડવા પછી નસ્ય આપવું તેથી પિત્ત અને સંધ્યા વખતે આપવાથી વાત રોગનો નાશ થાય છે જો દરદની પ્રબળતા ઘણી જણાય તો રાત્રિએ પણ નસ્યકર્મ કરવું. ૩

(નસ્ય કર્મ કરવાનો નિષેધ.)

नस्यं त्यजेद्भोजनांते दुर्दिने चापि तर्पणे ॥
तथा नवप्रतिश्यायी गर्भिणि गरदूषितः ॥ ४ ॥
अजीर्णी दत्तवस्तिश्च पीतस्नेहोदकासवः ॥
क्रुद्धः शोकाभिभूतश्च तृषार्तो वृद्धबालकौ ॥ ५ ॥
वेगावरोधी तापी च स्नातुकामश्च वर्जयेत् ॥

જમ્યા પછી, વાદળાંવાળો દિવસ હોય ત્યારે, તથા લાંઘણ કરેલા મનુષ્યને નસ્ય આપવું નહિ. તેમજ પીનસ રોગથી પીડિત, ત્રિદોષ અને અજીર્ણથી પીડિત માણસ, ગર્ભિણી સ્ત્રી, બસ્તીનો પ્રયોગ કરેલો, સ્નેહપાન કરેલો, મદ્યનું સેવન કરનાર, શોક, ક્રોધ, અને તૃષાતુર, વૃદ્ધ, બાળક, વાયુ, મળ વગેરેને અટકાવનાર તથા ન્હાએલ કે ન્હાવાની ઇચ્છા કરનાર માણસને નસ્ય આપવું નહિ. ઉપર જણાવી ગએલ બાબતોવાળાને નસ્ય આપવું નહિ. ૪—૫

(નસ્ય કર્મમાં યોગ્યાયોગ્ય દરદી.)

अष्टवर्षस्य बालस्य नस्यकर्म समाचरेत् ॥ ६ ॥
अशीतिवर्षा दूर्ध्वं च नावनं नैव दीयते ॥

આઠ વર્ષથી એંશી વર્ષની ઉમ્મર સુધીના માણસને નસ્ય આપવું; પણ આઠની અંદર અને એંશીથી ઉપરની ઉમ્મરના માણસને નસ્ય આપવું નહીં. ૬

(રેચક નસ્યની રીત.)

अथ वैरेचनं नस्यं ग्राह्यं तैलैः सुतीक्ष्णकैः ॥ ७ ॥
तीक्ष्णभेषज सिद्धैर्वा स्नेहैः क्वाथै रसैस्तथा ॥

વિરેચન નસ્ય, તીક્ષ્ણ ઔષધોનાં તેલ, તીક્ષ્ણ ઔષધોથી તૈયાર

કરેલો સ્નેહ, અથવા ક્વાથ કે રસ, તેમાંથી દરદીની યોગ્યતા પ્રમાણે કોઇપણ ઔષધનું નસ્ય વિધિપૂર્વક આપવું. ૭

(રેચક નસ્યનું પ્રમાણ.)

नासिकारंध्रयोरष्टौ षट्चत्वारश्च बिंदवः ॥ ८ ॥
प्रत्येकं रेचने योज्यो मुख्यमध्यांत्यमात्रया ॥

રેચક નસ્યનાં આઠ બિંદુ નાકમાં નાખવાની ઉત્તમ, છ બિંદુની મધ્યમ અને ચાર બિંદુ નાખવાથી હીન માત્રા સમજવી. ૮

(નસ્ય કર્મનાં ઔષધોનું પ્રમાણ.)

नस्यकर्मणि दातव्यं शाणैकंतीक्ष्णमौषधम् ॥ ९ ॥
हिंगुः स्याद्यवमात्रं तु माषैकं सैंधवं मतम् ॥
क्षीरं चैवाष्टशाणं स्यात्पानीयं च त्रिकार्षिकम् ॥ १० ॥
कार्षिकं मधुरं द्रव्यं नस्यकर्मणि योजयेत् ॥

નસ્ય કર્મમાં તીક્ષ્ણ ઔષધ એક શાણ, હીંગ યવભાર, સિન્ધાલૂણ બે માસા, દૂધ આઠ શાણ, પાણી ત્રણ કર્ષ, અને ખાંડ, દાડમ વગેરે મધુર દ્રવ્યો એક એક કર્ષ, એ પ્રમાણથી ઔષધોનો ઉપયોગ કરવો. ૯-૧૦

(વિરેચન નસ્યના બે ભેદ.)

अवपीडः प्रधमनं द्वौ भेदावपरौ स्मृतौ ॥ ११ ॥
शिरोपि रेचनस्थाने तौ तु देयौ यथायथम् ॥

વિરેચન નસ્યના બે પ્રકાર છે. એક અવપીડ તથા બીજો પ્રધમન. તેનો મસ્તકના શોધનમાં યોગ્ય યોજના કરવી. ૧૧

(અવપીડન તથા પ્રધમનનાં લક્ષણ.)

कल्कीकृतादौषधाद्यः पीडितो निसृतो रसः ॥ १२ ॥
सोवपीडः समुद्दिष्टस्तीक्ष्णद्रव्यसमुद्भवः ॥
षडंगुलाद्द्विवक्त्राया नाडीचूर्णं तयाधमेत् ॥ १३ ॥
तीक्ष्णं कोलमितं वक्त्रवातैः प्रधमनं हितम् ॥

તીક્ષ્ણ ઔષધોનો કલ્ક બનાવી તેમાંથી રસ નીચોવી તે રસનું નસ્ય આપવામાં આવે છે તેને અવપીડન નસ્ય કહેવામાં આવે છે. તેમજ

૭ આંગળ લાંબી તથા બે મુખવાળી નળીમાં તીક્ષ્ણ ચુર્ણ એક ટોલભાર ભરી ફુંક મારી નળીવતી નસ્ય આપવું તેને પ્રધમન નસ્ય કહે છે. ૧૨-૧૩

(રેચન અને સ્નેહ નસ્યને લાયક દરદી.)

ऊर्ध्वंजत्रुगते रोगे कफजे स्वरसंक्षये ॥ १४ ॥
अरोचके प्रतिश्याये शिरःशूले च पीनसे ॥
शोफापस्मारकुष्टेषु नस्यं वैरेचनं हितम् ॥ १५ ॥
भीरुस्त्रीकृशबालानां नस्यं स्नेहेन शीस्यते ॥

ઉર્ધ્વજત્રુગત વ્યાધિ, કફપ્રકોપથી સ્વરભંગ થવો, અરૂચિ, પ્રતિસ્યાય, મસ્તકશૂળ, પીનસ, સોજો, અપસ્માર અને કુષ્ઠ એ દરદો ઉપર રેચક નસ્ય આપવાથી ફાયદો થાય છે. બ્હીનેસો માણસ, સ્ત્રી, કૃશ અને બાળકને સ્નેહનસ્ય આપવાથી ફાયદો થાય છે.

(અવપીડન નસ્ય આપવા યોગ્ય દરદી.)

गलरोगे सन्निपाते निद्रायां विषमज्वरे ॥ १६ ॥
मनोविकारे कृमिषु युज्यते चावपीडनम् ॥

ગળરોગ, સન્નિપાત, બહુ ઉંઘ, વિષમજ્વર, મનોવિકાર અને કૃમિરોગ વગેરે દરદો ઉપર અવપીડન નસ્ય આપવું જોઇએ. ૧૬

(પ્રધમન નસ્ય આપવા યોગ્ય દરદી.)

अत्यंतोत्कटदोषेषु विसंज्ञेषु च दीयते ॥ १७ ॥
चूर्णं प्रधमनं धीरैस्तद्धि तीक्ष्णतरं यतः ॥

એકદમ વિકારોના ઉપદ્રવથી બેશુદ્ધ થયેલા માણસને અતિ તીક્ષ્ણ અર્થાત્ પ્રધમન સંજ્ઞક નસ્ય આપવું. ૧૭

(રેચ સંજ્ઞક નસ્ય.)

नस्यं स्याद्गुडशुंठीभ्यां पिपल्या सैंधवे न च ॥ १८ ॥
जलपिष्टेन तेनाक्षिकर्णनासाशिरोगदाः ॥
हनुमन्यागलोद्भूतानश्यंति भुजपृष्ठजाः ॥ १९ ॥

શુંઠને ગરમ પાણીમાં ઘસી તેમાં ગોળ મેળવી નસ્ય આપવું તથા લીંડીપીપર અને સિન્ધાલૂણ તેને ગરમ પાણીમાં ઉકાળી

નસ્ય આપવાથી નેત્ર, કાન, નાક, મસ્તક, ગર્દન, ભુજા અને પીઠ વગેરેની પીડાઓ નાશ થાય છે. ૧૮-૧૯

(રેચન નસ્યનો બીજો પ્રકાર.)

मधूकसारकृष्णाभ्यां वचामरीचसैंधवैः ॥
नस्यं कोष्णजले पिष्टं दद्यात्संज्ञाप्रबोधनम् ॥ २० ॥
अपस्मारे तथोन्मादे सन्निपातेऽपतंत्रके ॥

મહુડાંની અંદરનો ગર્ભ, લીંડીપીપર, વજ, કાળાં મરી, અને સિન્ધાલૂણ એ ઔષધોને ગરમ પાણીમાં પીસી નસ્ય આપવાથી મૃગી, ઉન્માદ, સન્નિપાત, તથા અપતંત્રક વાયુ વગેરે દરદોનો નાશ થાય છે અને દરદી સાવધાન થાય છે. ૨૦

(રેચન નસ્યનો ત્રીજો પ્રકાર.)

सैंधवं श्वेतमरिचं सर्षपाः कुष्टमेव च ॥ २१ ॥
बस्तमूत्रेण संपिष्टं नस्यं तंद्रानिवारणम् ॥

સિન્ધાલૂણ, સફેદ મરી અને ધોળા સર્ષવ તથા ઉપલેટ એ ઔષધોને બકરાના મૂત્રમાં પીસી નસ્ય આપવાથી તંદ્રા આદિ દરદોનો નાશ થાય છે તેમજ ઉપર પ્રમાણેનાં દરદો સારાં થાય છે. ૨૧

(પ્રધમન સંજ્ઞક નસ્ય.)

रोहितमत्स्यपित्तेन भावितं सैंधवं वचा ॥ २२ ॥
मरीचं पिप्पलीशुंठी कंकोलं लशुनं पुरम् ॥
कट्फलं चेति तच्चूर्णं देयं प्रधमनं बुधैः ॥ २३ ॥

સિન્ધાલૂણ, કાળાં મરી, વજ, લીંડીપીપર, શુંઠ, ચણીકબાબ, લસણ, ગૂગળ અને કાયફળ એ ઔષધોનું ચૂર્ણ બનાવી આગળ જણાવેલી નળીમાં ભરી નસ્ય આપવાથી ઉપર જણાવેલાં દરદોનો નાશ થાયછે.

(બૃંહણ નસ્યની કલ્પના.)

अथ बृंहणनस्यस्य कल्पना कथ्यतेऽधुना ॥
मर्शश्च प्रतिमर्शश्च द्वौ भेदौ स्नेहने मतौ ॥ २४ ॥

બૃંહણ અર્થાત્ ધાતુની વૃદ્ધિ કરનાર નસ્યની રીત નીચે મુજબ છેઃ-

બૃંહણ નસ્યના બે ભેદ છે એક મર્શ અને બીજો પરિમર્શ.

તેમાં મર્શ માત્રા તર્પણી એટલે ધાતુને તૃપ્ત કરવાવાળી છે. તેની આઠ શાણની ઉત્તમ, ચાર શાણની મધ્યમ તથા એક શાણની હીન માત્રા સમજવી. અને દરદીનું બલાબલ જોઇ માત્રાનું સેવન કરાવવું. તથા દરદીને કપડું ઓઢાડી એક, બે, ત્રણ, ચાર, પાંચ, છ અથવા સાત દિવસને આંતરે નસ્ય આપવું. ૨૪

(નસ્ય વધારે પ્રમાણમાં લેવાથી થતા વિકારો.)

मर्शस्य तर्पणी मात्रा मुख्या शाणैः स्मृताष्टभिः ॥
मध्यमा च चतुःशाणैर्हीना शाणमिता स्मृता ॥ २५ ॥
एकैकस्मिंस्तु मात्रेयं देया नासापुटे बुधैः ॥
मर्शस्य द्वित्रिवेलं वा वीक्ष्य दोषबलाबलम् ॥ २६ ॥
एकांतरं द्व्यंतरं वा नस्यं दद्याद्विचक्षणः ॥
त्र्यहं पंचाहमथवा सप्ताहं वा सुयंत्रितेः ॥ २७ ॥

મર્શ નસ્યની માત્રા ધાતુ વગેરેની તૃપ્તિ કરનારી છે. તેનું પ્રમાણ વધારે વધારે લેવાથી વિકારો કોપી ઉઠે છે તથા અનેક ઉપદ્રવો થાય છે. તેમજ મસ્તકના વિરેચન વિષયમાં માત્રા વધારે પ્રમાણમાં થવાથી મગજ ખાલી પડી અનેક પીડાઓ ઉત્પન્ન થાય છે. એ પ્રમાણે જે વિકારથી પીડા ઉત્પન્ન થાય તેના ઉપર વમન કર્તા તથા વિરેચન ઔષધ આપવું; અને મસ્તક-વિરેચનમાં માત્રાનું પ્રમાણ વધારે થવાથી ક્ષય આદિ પીડા થાય છે. તે ઉપર બૃંહણ ઔષધનું સેવન કરવું. ૨૪-૨૭

(બૃંહણ નસ્યને યોગ્ય દરદી.)

मर्शो शिरोविरोके च व्यापदो विविधाः स्मृताः ॥
दोषोत्क्लेशात्क्षयाच्चैव विज्ञेयास्ता यथाक्रमम् ॥ २८ ॥
दोषोत्कर्षनिमित्तासु युंज्याद्वमनशोधनम् ॥
अथ क्षयनिमित्तासु यथास्वं बृंहणं मतम् ॥ २९ ॥

મસ્તકરોગ, નાસારોગ, નેત્રરોગ, સૂર્યાવર્તરોગ, આધાશીશી, દન્તરોગ, બલહીનતા, ગર્દન, કાંધ અને બાહુમાં થતી પીડા, મુખ શોષ, કર્ણનાદરોગ, વાત પિત્ત સબંધી વિકાર, પલિતરોગ, ઇન્દ્રલુપ્ત રોગ, એ તમામ દરદો ઉપર ઘૃતાદિ સ્નિગ્ધ પદાર્થ અથવા સાકર વગેરે મધુર પદાર્થોનું નસ્ય આપવું. ૨૮-૨૯

(પક્ષઘાત વગેરે દરદો ઉપર નસ્ય.

शिरोनासाक्षिरोगेषु सूर्यावर्तार्धभेदके ॥
दंतरोगे बले हीने मन्याबाहुंसजे गदे ॥ ३० ॥
मुखशोषे कर्णनादे वातपित्तगदे तथा ॥
अकालपलिते चैव केशश्मश्रुप्रपातने ॥ ३१ ॥
युज्यते बृंहणं नस्यं स्नेहैर्वा मधुरद्रवैः ॥
माषात्मगुप्तारास्नाभिर्बलाकृत्तुकरोहिषैः ॥ ३२ ॥
कृतोऽश्वगंधया क्काथोहिंगुसैंधवसंयुतः ॥
कोष्णो नस्यप्रयोगेन पक्षाघातं सकंपनम् ॥ ३३ ॥
जयेदर्दितवातं च मन्यास्तंभावबाहुकौ ॥

અડદ, કૌચાનાં બીજ, રાસ્ના, બળદાણાના મૂળ, એરંડમૂળ, રોહિસ ઘાસ, અને આસગંધ એ ઔષધોનો કવાથ બનાવી તેમાં શેકેલી હીંગ તથા સિન્ધાલૂણ મેળવી એક કરવું. પછી સાધારણ ગરમ કવાથનું નસ્ય આપવાથી પક્ષઘાત, લકવો, મન્યાસ્તંભ અને અપબાહુક વગેરે તમામ વાયુરોગનો નાશ થાય છે. ૩૦–૩૩

(પ્રતિમર્શ નસ્યની માત્રાનુ પ્રમાણ.)

प्रतिमर्शस्य मात्रा तु द्विद्विबिन्दुमितामता ॥ ३४ ॥
प्रत्येकशोनस्तकयोः स्नेहेनेति विनिश्चितम् ॥

ઘી, તેલ વગેરે સ્નિગ્ધ પદાર્થનાં બબ્બે ટીંપાં દરેક નસકોરામાં નાખવાં. તેને પ્રતિમર્શ નસ્યની બે બિન્દુરૂપ માત્રા કહેવામાં આવે છે. ૩૪

(બિન્દુ સંજ્ઞક માત્રા.)

स्नेहे ग्रंथिद्वयं यावन्निमग्ना चोद्धृता ततः ॥ ३५ ॥
तर्जनी यं श्रवेद्बिंदु सा मात्रा बिंदुसंज्ञिता ॥
एवंविधैर्बिंदुसंज्ञैरष्टभिः शाणमुच्यते ॥ ३६ ॥
संदेशो मर्शनस्येषु प्रतिमर्शो द्विबिंदुकः ॥

તેલ, ઘૃતાદિ સ્નેહ પદાર્થોમાં તર્જની આંગળી બે કાપા સુધી બોળી બહાર કહાડી લેતાં જે ટીંપાં પડે તેને બિન્દુમાત્રા કહે છે.

તે પ્રમાણે આઠ ટીંપાંનો એક શાણ જાણવો અને મર્શ નસ્યમાં એક શાણ સુધી માત્રા આપવી અને પ્રતિમર્શ નસ્યમાં બે બિન્દુની માત્રા આપવી. ૩૫-૩૬

(પ્રતિમર્શ નસ્ય આપવાનો સમય)

समयाः प्रतिमर्शस्य बुधैः प्रोक्ताश्चतुर्दश ॥ ३७ ॥
प्रभाते दंतकाष्ठांते गृहान्निर्गमने तथा ॥
व्यायामाध्वव्यवायांते विण्मूत्रांतेंजनैः कृते ॥ ३८ ॥
कवलांते भोजनांते दिवा स्वप्नोत्थिते तथा ॥
वमनांते तथा सायं प्रतिमर्शः प्रयुज्यते ॥ ३९ ॥

પ્રતિમર્શ નસ્ય આપવાના ચૌદ સમય નીચે પ્રમાણે જાણવા:- પ્રાતઃકાળ, દાતણ કર્યા પછી, ઘરથી બહાર જવા વખતે, મહેનત કર્યા પછી, બહારથી ચાલીને આવ્યા પછી, મૈથુનના અંતે, મળમૂત્ર ત્યાગ કર્યા પછી, આંખમાં અંજન કર્યા પછી, એક ગ્રાસ ભોજન કર્યા પછી, ભોજનના અંતે, દિવસમાં સૂતા પછી, વમન થયા પછી, અને સંધ્યાકાળે, એટલા સમયમાં પ્રતિમર્શ નસ્ય આપવું. ૩૭-૩૯

(સારી રીતે પ્રતિમર્શ નસ્ય અપાયેલાનું લક્ષણ.)

ईषदुच्छिंदनात्स्नेहो यदा वक्त्रं प्रपद्यते ॥
नस्ये निषिक्तं तं विंद्यात्प्रतिमर्शं प्रमाणतः ॥ ४० ॥
उच्छिंदं न पिबेच्चैतन्निष्ठीवेन्मुखमागतम् ॥

નસ્ય આપવા પછી અલ્પ છીંક ખાવાથી સ્નેહ મુખમાં ઉતરે તો નસ્ય બરાબર અપાયું છે એમ જાણવું. એ રીતે ગળામાં ઉતરતા સ્નેહને ગળી ન જતાં ખોંખારીને બહાર થુંકી નાખવો. ૪૦

(પ્રતિમર્શ નસ્યની ક્રિયા કરવા લાયક દરદી.)

क्षीणे तृष्णास्यशोषार्ते बाले वृद्धे च युज्यते ॥ ४१ ॥
प्रतिमर्शेन शाम्यंति रोगाश्चैवोर्ध्वजत्रुजाः ॥
वलीपलितनाशश्च बलमिंद्रियजं भवेत् ॥ ४२ ॥

ધાતુક્ષીણ, તૃષાતુર, મુખશોષથી પીડાયેલો માણસ, બાળક અને વૃદ્ધ એઓને પ્રતિમર્શ નસ્ય આપવાથી ગરદનુ ઉપરનો રોગ, ચામડીમાં કચલી પડવી તે અને પળિયાં વગેરે દરદોનો નાશ થાય છે તથા ઇન્દ્રિયો બળવાન થાય છે. ૪૧-૪૨

(પલિયાંના રોગ ઉપર નસ્ય.)

विभीतनिंबगंभारी शिवा शेलुश्च काकिनी ॥
एकैकं तैलनस्येन पलितं नश्यति ध्रुवम् ॥ ४३ ॥

બહેડાં, લીંબોળી, શેવન, હરડે, ગુન્દા અને ચણોઠીની ડોડી એ દરેકમાંથી પૃથક્ પૃથક્ તેલ કહાડી તેમાંથી દરેક તેલની નસ્ય આપવાથી ધોળા વાળ કાળા થાય છે. ૪૩

(નસ્યનો વિધિ.)

अथ नस्यविधिं वक्ष्ये नस्यग्रहणहेतवे ॥
देशे वातरजोमुक्ते कृतं दंतनिघर्षणम् ॥ ४४ ॥
विशुद्धं धूमपानेन स्विन्नभालगलंतथा ॥
उत्तानशायिनं किंचित्प्रलंबशिरसं नरम् ॥ ४५ ॥
आस्तीर्णहस्तपादं च वस्त्राच्छादितलोचनम् ॥
समुन्नमितनासाग्रं वैद्यो नस्येन योजयेत् ॥ ४६ ॥
कोष्णमच्छिन्नधारं च हेमताराादिशुक्तिभिः ॥
शुक्त्या वा पत्रयुक्त्या वा प्लोतैर्वा नस्यमाचरेत् ॥४७॥

જે સ્થાનમાં પવન અને ધૂળ ન હોય ત્યાં દરદીને દાતણ કરાવી, ધૂમપાનથી કંઠ અને લલાટ શુદ્ધ કરી પસીનો લાવવો. પછી ચત્તો સુવાડી માથું જરા લટકતું રાખવું તથા બેઉ હાથ પગને પહોળા કરી નેત્ર ઉપર કપડું બાંધી નસકોરાં ઉંચા કરી એક ધારથી ગરમ ગરમ ઔષધ નાકમાં નાખવું. સોના અથવા ચાંદીના પાત્રથી અથવા છીપ કે કોડી અથવા લૂગડાંના કકડાવતી નસ્ય આપવું.

(નસ્ય આપવા પછીના નિયમો.)

नस्येष्वासिच्यमानेषु शिरो नैव प्रकंपयेत् ॥
न कुप्येन्न प्रभाषेत नोच्छिंदेन्न हसेत्तथा ॥ ४८ ॥
एतर्हि विहितः स्नेहो नैवांतः संप्रपद्यते ॥
ततः कासप्रतिश्यायशिरोक्षिगदसंभवः ॥ ४९ ॥

નસ્ય આપવા વખતે માથું હલાવવું નહિ, ગુસ્સે થવું નહિ, મુંગું રહેવું, છીંક ખાવી નહીં, અને હસવું નહિ, એ પ્રમાણે નિયમ

પાળવા. જો તેમ કરવામાં ન આવે તો વિકાર થઈ ખાંસી, પીનસ, મસ્તકરોગ, અને નેત્રમાં પીડા વગેરે દરદો પેદા થાય છે. ૪૮-૪૯

(નસ્યના સાધારણ પ્રકાર.)

शृंगाटकमभिप्लाव्य स्थापयेत् न गिलेद्द्रवम् ॥
पंचसप्तदशैव स्युर्मात्रा नस्यस्य धारणे ॥ ५० ॥
उपविश्याथ निष्ठीवेन्नासावक्त्रगतं द्रवम् ॥
वामदक्षिणपार्श्वाभ्यां निष्ठीवेत्सन्मुखे नहि ॥ ५१ ॥

દરદીને નસ્ય આપવા પછી નાકના મૂળમાં તથા ભ્રૂમધ્ય દેશને ભીંજવી નસ્ય ધારણ કરવું અને તેને ગળી જવું નહિ. તે પ્રમાણે પાંચ, સાત, કે દશ માત્રાના સમય પર્યંત રાખીને પછી બેઠા થઇ જમણી અથવા ડાબી બાજુએ મુખમાં આવેલા સ્નેહને કહાડી નાખવો પણ સન્મુખ થુંકવું નહિ. ૫૦-૫૧

(નસ્ય કર્મમાં ત્યાજ્ય કર્મ.)

नस्ये नीते मनस्तापं रजःक्रोधं च संत्यजेत्॥
शयीत निद्रां त्यक्त्वा च उत्तानो वाक्शतं नरः ॥५२॥
तथा वैरेचनस्यांते धूमो वा कवलो हितः ॥

નસ્ય કર્મ થયા પછી દરદીએ મનમાં કલેશ કરવો નહિ, પવનવાળા સ્થાનમાં બેસવું નહિ, ગુસ્સે થવું નહિ અને સો આંક ગણુતાં સુધી ચત્તું સુઇ રહેવું. તથા વિરેચન નસ્યના અંતમાં ધૂમપાન અને ગ્રાસ આપવો નહિ. ૫૨

(નસ્યના શુદ્ધાદિક ભેદ.)

नस्ये त्रीण्युपदिष्टानि लक्षणानि समासतः ॥ ५३ ॥
शुद्धिहीनातियोगानि विशेषाच्छास्त्रचिंतकैः ॥

નસ્યનાં શુદ્ધિયોગ, હીન યોગ, અને અતિયોગ એવાં ત્રણ લક્ષણો શાસ્ત્રકારોએ ઠરાવ્યાં છે જેનું વર્ણન નીચે આપવામાં આવ્યું છે.

(ઉત્તમ શુદ્ધિનાં લક્ષણ.)

लाघवं मनसः शुद्धिः स्रोतसां व्याधिसंक्षयः ॥ ५४ ॥
चित्तेंद्रियप्रसादश्च शिरसः शुद्धिलक्षणम् ॥

નસ્ય ઉત્તમ પ્રકારે આપવાથી મસ્તકની શુદ્ધિ થઇ શરીર હલકું

थाय छे, मन शुद्ध थाय छे, मुख, कान, नाक, गुदा, वगेरे द्वारोनुं शोधन थइ शिरोरोग वगेरे दरदो नाश पामे छे तथा चित्त अने इन्द्रियनी प्रसन्नता रहे छे. ५४

(हीन शुद्धिनां लक्षण.)

कंडूपदेहौ गुरुता स्रोतसां कफसंस्रवः ॥ ५५ ॥
मूर्ध्नि हीनविशुद्धये तु लक्षणं परिकीर्तितम् ॥

नस्यथी जो मस्तक वगेरेनी हीन शुद्धि थइ होय तो शरीरमां खजवाट आवे, शरीर जड-भारे थाय, तथा स्रोत द्वारा कफस्राव थाय छे. ५५

(अति शुद्धिनां लक्षण.)

मस्तुलुंगागमो वातवृद्धिरिंद्रियविभ्रमः ॥ ५६ ॥
शून्यता शिरसश्चापि मूर्ध्नि गाढं विरेचिते ॥

नस्य द्वारा मस्तकनी अति शुद्धि थवाथी मगजमांथी नासिका द्वारा रसस्राव थाय छे, वायु वधे छे, इन्द्रियो विभ्रमित थाय छे, तथा मस्तक शून्य बनी जाय छे. ५६

(हीन वगेरे शुद्धिओनी चिकित्सा.)

हीनातिशुद्धे शिरसि कफवातघ्नमाचरेत् ॥ ५७ ॥
सम्यग्विशुद्धे शिरसि सर्पिर्नस्ये निषेचयेत् ॥

नस्यथी मस्तकनी हीन के अत्यंत शुद्धि थई होय ते उपर कफ-वातनाशक नस्य आपवुं, तेमज उत्तम शुद्धि थाय ते उपर घीनुं नस्य आपवुं. ५७

(अति स्निग्धनां लक्षण.)

कफप्रसेकः शिरसो गुरुतेंद्रियविभ्रमः ॥ ५८ ॥
लक्षणं तदतिस्निग्धे रूक्षं तत्र प्रदापयेत् ॥

नस्यथी दरदीनुं मगज स्निग्ध थवाथी कफ स्राव थाय छे, मस्तक भारे थाय तथा इन्द्रियोमां भ्रान्ति उत्पन्न थाय छे ते उपर रूक्ष पदार्थनुं नस्य आपवुं. ५८

(નસ્ય ક્રિયામાં પથ્ય.)

भोजयेच्चानभिष्यंदि नस्यचारिकमादिशेत् ॥ ५९ ॥

નસ્ય પ્રયોગ કરેલા દરદીએ કફ કરનાર પદાર્થોનો ત્યાગ કરવો તથા શિષ્ઠોના આચાર પ્રમાણે આચરણ રાખવાં. ૫૯.

(પંચ કર્મોની સંખ્યા.)

वमनं रेचनं नस्यं निरूहमनुवासनम् ॥
एतानि पंच कर्माणि कथितानि मुनीश्वरैः ॥ ६० ॥

इति श्रीदामोदरसूनुशार्ङ्गधरेण विरचितायां संहितायां चिकित्सास्थाने उत्तरखंडे नस्यविधिर्नाम अष्टमोऽध्यायः समाप्तः ॥

વમન, રેચન, નસ્ય, નિરૂહ અને અનુવાસન બસ્તી તેઓને પંચ કર્મ કરીને કહેવામાં આવે છે. ૬૦

ઇતિશ્રી શારંગધર સંહિતાના ઉત્તર ખંડ વિષે આઠમા અધ્યાયનું પૂર્ણચંદ્ર શર્માકૃત ગુજરાતી ભાષાંતર સંપૂર્ણ.

અધ્યાય નવમો.

(ધૂમપાનના પ્રકાર.)

धूमस्तु षड्विधः प्रोक्तः शमनो बृंहणस्तथा ॥
रेचनः कासहा चैव वमनो व्रणधूपनः ॥ १ ॥

ધૂમના છ પ્રકાર છેઃ—શમન બૃંહણ, રેચન, કાસહા, વમન અને વ્રણ ધૂપન એ પ્રમાણે ધૂમના પ્રકાર જાણવા. ૧

(શમનાદિ ધૂમના પર્યાય નામો.)

शमनस्य तु पर्यायौ मध्यः प्रायोगिकस्तथा ॥
बृंहणस्यापि पर्यायौ स्नेहनोमृदुरेव च ॥ २ ॥
रेचनस्यापि पर्यायौ शोधनस्तीक्ष्ण एव च ॥

શમન ધૂમના મધ્ય અને પ્રાયોગિક એવાં બે પર્યાય નામો છે.

બૃંહણ ધૂમનાં સ્નેહન અને મૃદુ તથા રેચન ધૂમનાં શોધન અને તીક્ષ્ણ એવાં પર્યાય નામો છે. ૨

(ધૂમપાન કરાવામાં અયોગ્ય દરદીનાં લક્ષણ.)

न धूमार्हाश्च खल्वेते श्रांतो भीरुश्च दुःखितः ॥ ३ ॥
दत्तबस्तिर्विरिक्तस्य रात्रौ जागरितस्तथा ॥
पिपासितश्च दाहार्त्तस्तालुशोषी तथोदरी ॥ ४ ॥
शिरोभितापी तिमिरी च्छर्द्याध्मानप्रपीडितः ॥
क्षतोरस्कः प्रमेहार्तः पांडुरोगी च गर्भिणी ॥ ५ ॥
रूक्षः क्षीणोभ्यवहृतक्षीरक्षौद्रघृतासवः ॥
भुक्तान्नदधिमत्स्यश्च बालो वृद्धः कृशस्तथा ॥ ६ ॥
अकाले चातिपीतश्च धूमः कुर्यादुपद्रवान् ॥

થાકેલા, બ્હીકણ, દુઃખથી વ્યાકુળ, બસ્તી પ્રયોગ કરેલા, રેચ લીધેલા, ઉજાગરો કરનાર, તૃષાતુર, દાહથી પીડિત, તાળુશોષી, ઉદરરોગી, શિરોરોગી, તિમિરરોગી, વમન થયેલ, વાતરોગી, ઉરઃક્ષત, પ્રમેહ, પાંડુ રોગથી પીડિત, ગર્ભિણી સ્ત્રી, રૂક્ષ, ક્ષીણ, ઘી, આસવ, મધ, દૂધ, અન્ન અને દહીં વગેરેનું સેવન કરેલ, વૃદ્ધ, બાળક અને દુર્બલ માણસને ધૂમપાન કરાવાથી વિકાર ઉત્પન્ન થાય છે. એ પ્રમાણે ઉપરનાં લક્ષણયુક્ત મનુષ્યે ધૂમપાન કરવાથી તથા અન્ય માણસે સમય વિના અને અતિ ધૂમપાન કરવાથી વ્યાધિનો ઉપદ્રવ થાય છે.

(ધૂમપાનથી ઉત્પન્ન થતા વિકારોની શાન્તિ.)

तत्रेष्टं सर्पिषः पानं नावनांजनतर्पणम् ॥ ७ ॥
सर्पिरिक्षुरसो द्राक्षा पयो वा शर्करांबु वा ॥
मधुराम्लौ रसौ वापि शमनाय प्रदापयेत् ॥ ८ ॥

ધૂમપાનથી થયેલા ઉપદ્રવો, ઘી પાવાથી, નસ્ય આપવાથી, આંખમાં અંજન આંજવાથી, તથા તૃપ્ત કરનારા પદાર્થો–ઘી, શેરડીનો રસ, દ્રાક્ષ, દૂધ, સાકરનું પાણી, તથા મીઠા અને ખાટા પદાર્થો મિશ્ર કરી ખવરાવવાથી નાશ પામે છે. ૭–૮

(ધૂમપાનનો સમય અને લક્ષણ.)

धूमश्च द्वादशाद्वर्षादह्यतेऽशीतिकान्न च ॥

कासश्वासप्रतिश्यायान्मन्याहनुशिरोरुजः ॥ ९ ॥
वातश्लेष्मविकारांश्च हन्याद्धूमः सुयोजितः ॥

બાર વર્ષની ઉમ્મરથી એંશી વર્ષની ઉમ્મર સુધીના માણસને ધૂમપાન કરાવવું. તે શિવાયની ઉમ્મરનાને આપવું નહિ. ધૂમપાન ઉત્તમ પ્રકારે કરવાથી શ્વાસ, ખાંસી, પીનસ, ગરદન, દાઢી અને મસ્તકની પીડા તથા વાત કફ સબંધી વિકારોનો નાશ થાય છે.

(ધૂમપ્રયોગથી થતી અસર.)

धूमोपयोगात्पुरुषः प्रसन्नेंद्रियवाङ्मनाः ॥ १० ॥
दृढकेशद्विजश्मश्रुः सुगंधवदनो भवेत् ॥

ધૂમપાન કરવાથી માણસની ચક્ષુ વગેરે ઇન્દ્રિયો, વાણી અને અંતઃકરણની પ્રસન્નતા થાય છે; અને કેશ, દાંત, મુંછના વાળ વગેરે દ્રઢ થાય છે તથા મુખ સુવાસિત થાય છે. ૧૦

(ધૂમપાનની નળીનું પ્રમાણ.)

धूमनाडी भवेत्तत्र त्रिखंडा च त्रिपर्विका ॥ ११ ॥
कनिष्ठिका परीणाहा राजमाषागमांतरा ॥
धूमनाडी भवेद्दीर्घा शमने रोगिणांगुलैः ॥ १२ ॥
चत्वारिंशन्मितैस्तद्वद्द्वात्रिंशद्भिर्मृदौ स्मृता ॥
तीक्ष्णे चतुर्विंशतिभिः कासघ्ने षोडशोन्मितैः ॥१३॥
दशांगुलैर्वामनीये तथा स्याद्व्रणनाडिका ॥
कलायमंडलस्थूला कुलित्थागमरंध्रिका ॥ १४ ॥

ધૂમસેવનની નળી ત્રણ ટુકડા તથા ત્રણ સાંધાવાળી અને દરદીની કનિષ્ઠિકા આંગળી જેવી જાડી, તેમજ તેના છિદ્રમાંથી ચોળાનો દાણો આરપાર નીકળી શકે એવા પ્રકારની બનાવવી જોઇએ. એ રીતે શમન ધૂમસેવન માટે ચાલીસ આંગળ લાંબી નળી, મૃદુસંજ્ઞક ધૂમસેવનમાં બત્રીસ આંગળ લંબાઇની, તીક્ષ્ણ સંજ્ઞક ધૂમસેવનમાં ચોવીશ આંગળ લંબાઇની, કાસ સંજ્ઞક ધૂમ સેવનમાં સોળ આંગળની, તથા વામનીય સંજ્ઞક ધૂમસેવનમાં દશ આંગળ લંબાઇની નળી હોવી જોઈએ. તેમજ વ્રણ સંજ્ઞક ધૂમસેવનમાં દરદીનાં દશ આંગળ લાંબી વટાણાના દાણા જેવી જાડી તથા કળથીનો દાણો આરપાર નીકળે તેવા છિદ્રવાળી નળી વાપરવી. ૧૧-૧૪

(ધૂમપાન માટે ઇષિકા વિધાન.)

अथेषिकां प्रलिंपेच्च सुश्लक्ष्णां द्वादशांगुलाम् ॥
धूमद्रव्यस्य कल्केन लेपश्चाष्टांगुलः स्मृतः ॥ १५ ॥
कल्कं कर्षमितं लिप्त्वा छायाशुष्कं च कारयेत् ॥
ईषिकामपनीयाथ स्नेहाक्तां वर्तिमादरात् ॥ १६ ॥
अंगारैर्दीपितां कृत्वा धृत्वा नेत्रस्य रंध्रके ॥
वदनेन पिबेद्धूमं वदनेनैव संत्यजेत् ॥ १७ ॥
नासिकाभ्यां ततः पीत्वा मुखेनैव वमेत्सुधीः ॥
शरावसंपुटे क्षिप्त्वा कल्कमंगारदीपितम् ॥ १८ ॥
छिद्रे नेत्रं सुवेश्याथ व्रणं तेनैव धूपयेत् ॥

બાર આંગળ લાંબી ઇષિકા લઇ તેના ઉપર આઠ આંગળ સુધી ધૂમની ઔષધીનો કલ્ક ચોપડી તેને સુકવવું. ત્યાર પછી કલ્કમાંથી ઇષિકા કહાડી લઈ તેમાં બીજી સ્નેહયુક્ત વાટ મુકવી. પછી તેને સળગાવી નળીમાં ખોસવી. પછી તે નળીથી મોઢામાં ધૂમ ખેંચી પીવી અને પાછી મોઢેથીજ બહાર કહાડી નાખવી. તેમજ નાકથી ધુમપાન કરી ધૂમ મ્હોં વાટેજ બહાર કાઢવી, નાકથી કહાડવી નહિ. એક માટીનું કોડિયું લઈ તેમાં અંગારા ભરી તે ઉપર ધૂમપાનના ઔષધોનો કલ્ક પાથરી ઉપર બીજું છિદ્ર પાડેલું કોડીયું ઢાંકવું. પછી ઢાંકેલા કોડિયાના છિદ્ર સાથે નળીનું મુખ મેળવી તે વતી વ્રણને ધૂમ આપવો.

(ધૂમપાનમાં કયા ઔષધોનો કલ્ક વાપરવો તેનું વિધાન.)

एलादिकल्कं शमने स्निग्धं सर्जरसं मृदौ ॥ १९ ॥
रेचने तीक्ष्णकल्कं च कासघ्ने क्षुद्रिकोषणम् ॥
वामने स्नायुमांसं च दद्याद्धूमस्य पानकम् ॥ २० ॥
व्रणे निंबवचाद्यं च धूमपानं प्रशस्यते ॥

શમન સંજ્ઞક ધૂમપ્રયોગમાં એલાદિક ઔષધોના ગણનો કલ્ક બનાવી લેવો. મૃદુ સંજ્ઞક ધુમપ્રયોગમાં ઘૃતાદિ સ્નેહ પદાર્થોમાં શિલારસ મેળવી તેનો કલ્ક લેવો, રેચક સંજ્ઞક ધૂમમાં તીક્ષ્ણ ઔષધોનો કલ્ક, કાસઘ્ન ધૂમમાં ભોંયરિંગણી અને કાળા મરીનો કલ્ક, વામનીય ધૂમમાં વમનનાશક ઔષધોનો કલ્ક, તથા વ્રણ ધૂમ પ્રયોગમાં વજ અને લીંમડાનો કલ્ક બનાવી ઉપયોગમાં લેવો. ૧૫-૨૧

(બાળગ્રહનાશક ધૂપ.)

अन्येपि धूमा गेहेषु कर्तव्या रोगशांतये ॥ २१ ॥
मयूरपिच्छं निंबस्य पत्राणि बृहतीफलम् ॥
मरिचं हिंगु मांसी च बीजं कार्पाससंभवम् ॥ २२ ॥
छागरोमाहिनिर्मोकं विष्ठाबडालिकी तथा ॥
गजदंतस्य तच्चूर्णं किंचित्घृतविमिश्रितम् ॥ २३ ॥
गेहेषु धूपनं दत्तं सर्वान्बालग्रहान् जयेत् ॥
पिशाचान् राक्षसान् जित्वा सर्वज्वरहरं भवेत् ॥२४॥

બાલગ્રહની શાન્તિ માટે બીજા પ્રકારનો ધૂપ છે તેને મયૂર પિચ્છાદિ ધૂપ કહેવામાં આવે છે. તેનાં ઔષધો નીચે પ્રમાણે છેઃ-મોર પીછની ચંદ્રિકા, લીંબડાનાં પાન, ભોંયરીંગણીનાં ફળ, મરી, હીંગ, બાલછડ, કપાસિયા, બકરાના વાળ, સર્પની કાંચળી, બિલાડીની વિષ્ટા હાથીદાંત, એ બધાનું ચુર્ણ બનાવી તેમાં થોડું ઘી નાખી ઘરમાં ધૂણી દેવાથી સંપૂર્ણ બાલગ્રહ, પિશાચ, રાક્ષસ આદિ સર્વ ઉપદ્રવ તથા જ્વરનો નાશ થાય છે. ૨૧-૨૪

(ધૂમપાનમાં પરિહાર.)

परिहारस्तु धूमेषु कार्यो रेचननस्यवत् ॥
नेत्राणि धातुजान्याहुर्नलवंशादिजान्यपि ॥ २५ ॥

इति श्रीदामोदरसूनुशार्ङ्गधरेण विरचितायां संहितायां
चिकित्सास्थाने उत्तरखंडेधूमपान विधिनाम
नवमोऽध्यायः समाप्तः ॥

રેચક સંજ્ઞક નસ્યમાં હરકતોના પરિહાર સંબંધી બતાવેલા ઉપાય પ્રમાણે ધૂમપાનમાં સમજવા. નળીનું મુખ સુવર્ણ, વાંસ વગેરેનું બનાવવું.

ઇતિ શ્રી શારંગધર સંહિતાના ઉત્તરખંડના નવમા અધ્યાયનું પુરોહિત પૂર્ણચંદ્ર શર્માકૃત શુદ્ધ ગુજરાતી ભાષાન્તર સમાપ્ત.

અધ્યાય દશમો.

(ગંડૂષ, કવલ તથા પ્રતિસારણની રીત.)

चतुर्विधः स्याद्गंडूषः स्नैहिकः शमनस्तथा
शोधनो रोपणश्चैव कवलश्चापि तद्विधः ॥ १ ॥

ગંડૂષના ચાર પ્રકાર છે. ૧, સ્નૈહિક, ૨, શમન, ૩, શોધન અને ૪, રોપણ એજ પ્રમાણે કવલના પણ ભેદ જાણવા. ૧

(સ્નેહાદિ ગંડૂષની વિકારો ઉપર યોજના.)

स्निग्धोष्णैः स्नैहिको वाते स्वादुशीतैः प्रसादनः ॥
पित्ते कट्वम्ललवणैरुष्णैः संशोधनः कफे ॥ २ ॥
कषायतिक्तमधुरैः कदुष्णो रोपणो व्रणे ॥
चतुःप्रकारो गंडूषः कवलश्चापि कीर्तितः ॥ ३ ॥

સ્નિગ્ધ અને ઉષ્ણ પદાર્થોના વાતવ્યાધિ ઉપર ગંડૂષ-કોગળા કરાવવા તેને સ્નૈહિક ગંડૂષ જાણવો. મધુર અને શીતળ દ્રવ્યોના ગંડૂષ-કોગળા પિત્તરોગ ઉપર કરાવવા તેને પ્રસાદન અર્થાત શમન ગંડૂષ કહે છે. તીક્ષ્ણ, ખાટા, ખારા અને ઉષ્ણ દ્રવ્યોના કફવિકાર ઉપર ગંડૂષની યોજના કરવી તેને શોધન ગંડૂષ જાણવો. તૂરા, કડવા, અને મધુર દ્રવ્યોના ગરમ ગરમ ગંડૂષની વ્રણવિકાર ઉપર યોજના કરવી તે રોપણ ગંડૂષ જાણવો. એ પ્રકારે કવલ પણ ચાર પ્રકારના સમજવા. ૨-૩

(ગંડૂષ અને કવલમાં ભેદ.)

असंचारी मुखे पूर्णे गंडूषः कवलश्चरः ॥
तत्र द्रवेण गंडूषः कल्केन कवलः स्मृतः ॥ ४ ॥

ક્વાથ વગેરે દ્રવ પદાર્થોને મુખમાં ભરી થોડો વખત રાખી કોગળા કરવા તેને ગંડૂષ કહે છે. તેજ પ્રમાણે કલ્ક વગેરેને મુખમાં રાખી ફેરવી શકાય તેમ ગ્રાસ લેવો તેને કવલ જાણવો. ૪

(ગંડૂષ અને કવલના ઔષધોનું પ્રમાણ.)

दद्याद्द्रव्येषु चूर्णं च गंडूषे कोलमात्रकम् ॥
कर्षप्रमाणः कल्कश्च दीयते कवले बुधैः ॥ ५ ॥

ગંડૂષમાં ક્વાથ વગેરે દ્રવ પદાર્થો એક કોલ ચૂર્ણ નાખી યોજવા તથા કવલમાં એક કર્ષ પ્રમાણે કલ્કની યોજના કરવી. ૫

(ગંડૂષ કરાવવાને ઉમ્મરનું પ્રમાણ.)

धार्यंते पंचमाद्वर्षादूगंडूषकवलादयः ॥
गंडूषान् सुस्थितः कुर्यात्स्वन्नभालगलादिकः ॥ ६ ॥
मनुष्यस्त्रीन् तथा पंच सप्त वा दोषनाशनात् ॥

પાંચ વર્ષની ઉપરની ઉમ્મરનાને ગંડૂષ તથા કવલનું સેવન કરાવવું. ગંડૂષનું સેવન કરતી વખતે સ્વસ્થ ચિત્ત રાખવું તથા કપાળ, ગળું, મુખ વગેરે સ્થાનથી પસીનો કહાડીને પછી ત્રણ. પાંચ, કે સાત ગંડૂષના કોગળા કરવા અથવા વિકાર નાશ પામવા પર્યંત કરવા. ૬

(ગંડૂષ ધારણનો બીજો પ્રકાર.)

कफपूर्णास्यता यावच्छेदो दोषस्य वा भवेत् ॥ ७ ॥
नेत्रघ्राणस्रुतिर्यावत्तावदूगंडूषधारणम् ॥

મુખમાં અતિશય કફ આવતાં સુધી, અથવા વિકારો નાશ પામતાં સુધી કે આંખ તથા નાકમાંથી પાણી નીકળે ત્યાં સુધી મુખમાં ગંડૂષ ધારણ કરી રાખવો. ૭

(વાયુવિકાર ઉપર સ્નૈહિક ગંડૂષ.)

तिलकल्कोदकं क्षीरं स्नेहो वा स्नैहिके हितः ॥ ८ ॥

તલનો કલ્ક, તથા પાણી, દૂધ અને તેલ ઘૃતાદિ પદાર્થોનો કોગળા કરવામાં ઉપયોગ કરવો તેને સ્નૈહિક ગંડૂષ જાણવો. ૮

(પિત્તવિકાર ઉપર શમન સંજ્ઞક ગંડૂષ.)

तिलंनीलोत्पलं सर्पिः शर्कराक्षीरमेव च ॥
सक्षौद्रो हनुवक्त्रस्थो गंडूषो दाहनाशनः ॥ ९ ॥

તલ, નીલકમળ, ઘી, સાકર અને દૂધ એ બધા પદાર્થો એકઠા કરી તેમાં મધ મેળવી ગંડૂષમાં યોજવાથી પિત્ત સબંધી દાહ વગેરે દરદો નાશ પામે છે. ૯

(વ્રણ વગેરે દરદો ઉપર મધુગંડૂષ.)

वैशद्यं जनयत्यास्ये संदधाति मुखव्रणान् ॥
दाहतृष्णाप्रशमनं मधुगंडूषधारणम् ॥ १० ॥

મધને પાણીમાં મેળવી કોગળા કરવાથી મુખમાં પડેલા ઘા, છોલાં, તથા દાહ, તૃષા વગેરે નાશ પામી મુખ સ્વચ્છ થાય છે. ૧૦

(વિષવિકાર ઉપર ગંડૂષની યોજના.)

विषे क्षाराग्निदग्धे च सर्पिर्धार्यं पयोथवा ॥

વિષવિકાર, ક્ષારાદિજન્ય વિકાર, અગ્નિદાહજન્ય વિકારો ઉપર ઘી તથા દૂધના કોગળા કરાવવા.

(દાંત હાલતા હોય તે ઉપર ગંડૂષની યોજના)

तैलसैंधव गंडूषो दंतचाले प्रशस्यते ॥ ११ ॥

તલનું તેલ તથા સિન્ધાલૂણ એ બેઉને, એક કરી કોગળા કરવાથી હાલતા દાંત મજબૂત થાય છે. ૧૧

(મુખશોષ ઉપર ગંડૂષની યોજના.)

शोषं मुखस्य वैरस्यं गंडूषः कांजिको जयेत् ॥

મુખશોષ તથા વિરસતા ઉપર કાંજીના કોગળા કરાવવા.

(કફરોગ ઉપર ગંડૂષની યોજના.)

सिंधुत्रिकटुराजीभिरार्द्रकेण कफे हितः ॥ १२ ॥

સિન્ધાલૂણ, ત્રિકટુ અને રાઈ એનું ચૂર્ણ બનાવી તેને આદાના રસમાં મેળવી કફવિકાર ઉપર કોગળા કરવાથી કફનો નાશ થાય છે. ૧૨

(કફ અને રક્તપિત્ત ઉપર ગંડૂષની યોજના.)

त्रिफलामधुगंडूषः कफासृक् पित्तनाशनः ॥

ત્રિફળાના ચૂર્ણને મધમાં મેળવી કોગળા કરાવવાથી કફ તથા રક્તપિત્તઆદિ વિકારો નાશ પામે છે.

(મ્હોં આવવા ઉપર ગંડૂષની યોજના.)

दार्वीगडूचीत्रिफलाद्राक्षाजात्याश्च पल्लवाः ॥ १३ ॥
यवासश्चेति तत्क्वाथः षष्ठांशः क्षौद्रसंयुतः ॥
शीतो मुखे धृतो हन्यान्मुखपाकं त्रिदोषजम् ॥ १४ ॥

દારૂહળદર, ગળો, ત્રિફળા, દ્રાક્ષ, ચમેલીનાં પાન, અને જવાસો એ બધાંને સમાન ભાગે લઇ તેનો ક્વાથ બનાવવો, પછી ક્વાથના છઠ્ઠાભાગે તેમાં મધ મેળવી કોગળા કરવાથી ત્રિદોષજન્ય મુખપાકનો નાશ થાય છે. ૧૩-૧૪

(ગંડૂષની માફક પ્રતિસારણ અને કવલ.)

यस्यौषधस्य गंडूषस्तथैव प्रतिसारणम् ॥
कवलश्चापि तस्यैव ज्ञेयोऽत्र कुशलैर्नरैः ॥ १५ ॥

જે ઔષધો ગંડૂષમાં વપરાય છે તેજ પ્રતિસારણ, તથા કવલમાં લેવાં. ૧૫

(કવલના પ્રકાર.)

केशरं मातुलुंगस्य सैंधवंव्योषसंयुतम् ॥
हन्यात् कवलतोजाड्यमरुचिं कफवातजाम् ॥ १६ ॥

બિજોરાનું કેસર, સિન્ધાલૂણ, અને ત્રિકટુ એ ઔષધોને એકઠાં કરી તેના કવલ કરવાથી મુખની જડતા, તથા કફવાતજન્ય અરૂચિનો નાશ થાય છે. ૧૬

(પ્રતિસારણના પ્રકાર.)

कल्कोवलेहचूर्णं च त्रिविधं प्रतिसारणम् ॥
अंगुल्यग्रगृहीतं च यथास्वं मुखरोगिणाम् ॥ १७ ॥

કલ્ક, અવલેહ અને ચુર્ણ એ ભેદોથી પ્રતિસારણના ત્રણ ભેદ છે. તેને મુખવિકારમાં દરદ પ્રમાણે આંગળીના ટેરવા ઉપર ચોપડી જીભ તથા સંપૂર્ણ મુખમાં લગાડવું, તેને પ્રતિસારણ સમજવું. ૧૭

(પ્રતિસારણ ચૂર્ણ.)

कुष्टं दार्वी समंगा च पाठा तिक्ता च पीतिका ॥
तेजनी मुस्तलोध्रं च चूर्णं स्यात्प्रतिसारणम् ॥ १८ ॥
रक्तश्रुतिं दंतपीडां शोथं दाहं च नाशयेत् ॥

ઉપલેટ, દારૂહલદર, લજ્જાલૂ, કાળીપાટ, કડુ, મજીઠ, હળદર, નાગરમોથ, અને લોધર, એ બધાંનું ચૂર્ણ બનાવવું. પછી તેને આંગળીના અગ્ર ભાગથી જીભ તથા સંપૂર્ણ મુખમાં ચોપડવાથી, મુખમાંથી રૂધિરનું પડવું, દાંતમાં થતી વ્યથા, સોજો અને દાહ વગેરે દરદોનો નાશ થાય છે. આને પ્રતિસારણ ચૂર્ણ કહેવામાં આવે છે. ૧૮

(ગંડૂષાદિમાં હીનયોગ વગેરે થવાથી થતા વિકાર.)

हीनयोगात्कफोत्क्लेशो रसाज्ञानारुची, तथा ॥ १९ ॥

अतियोगान्मुखे पाकः शोषस्तृष्णाक्लमो भवेत् ॥

ગંડૂષાદિનો હીનયોગ થવાથી કફનું પ્રાબલ્ય થાય છે. મુખમાંથી સ્વાદનો નાશ થાય છે, તથા અરૂચિ વગેરે વિકારો ઉત્પન્ન થાય છે. તેમજ ગંડૂષાદિનો અતિયોગ થવાથી મુખપાક, શોષ અને તરસ વગેરે વિકારો થાય છે. ૧૯

(શુદ્ધ ગંડૂષના ગુણ.)

व्याधेरपचयस्तुष्टिर्वैशद्यं वक्त्रलाघवम् ॥
इंद्रियाणां प्रसादश्च गंडूषे शुद्धिलक्षणम्ः ॥ २० ॥

इति श्रीदामोदरसूनुशार्ङ्गधरेण विरचितायां संहितायां चिकित्सास्थाने उत्तरखंडेगंडूषादिविधय दशमोऽध्यायः समाप्तः ।

ગંડૂષાદિનો ઉત્તમ યોગ થવાથી દરદનો નાશ થાય છે, મુખ સ્વચ્છ, તથા હલકું થાય છે અને રસનાદિક ઇન્દ્રિયોમાં પ્રસન્નતા આવે છે. ૨૦

ઇતિ શ્રી શારંગધરસંહિતાના ઉત્તર ખંડ વિષે દશમા અધ્યાયનું પૂર્ણચંદ્ર શર્માકૃત ગુજરાતી ભાષાંતર સંપૂર્ણ.

અધ્યાય અગ્યારમો.

(લેપ બનાવવાની રીત.)

आलेपस्य च नामानि लिप्तो लेपश्च लेपनम् ॥
दोषघ्नो विषहा वर्ण्यो मुखलेपस्त्रिधा मतः ॥ १ ॥
त्रिप्रमाणश्चतुर्भागस्त्रिभागोर्धांगुलोन्नतः ॥
आर्द्रो व्याधिहरः सः स्याच्छुष्को दूषयति छविम् २

લેપનાં ત્રણ નામો લિપ્ત, લેપ, અને લેપન છે. તેને આલેપ કહેવામાં આવે છે. તે લેપના દોષઘ્ન, વિષઘ્ન તથા વર્ણ્ય એવા ત્રણ પ્રકાર છે, તેમાં એક આંગળ જાડો લેપ કરવો તેને દોષઘ્ન, પોણો

આંગળ પ્રમાણે તે વિષઘ્ન, તથા અર્ધા આંગળ જાડા લેપને વર્ણ્ય કહેવાય છે. ભીના લેપથી દરદનો નાશ થાય છે અને સૂકો લેપ નુકસાનકર્તા છે. ૧–૨

(દોષઘ્ન લેપની રીત.)

पुनर्नवां दारुशुंठीं सिद्धार्थं शिग्रुमेव च ॥
पिष्ट्वा चैवारनालेपं प्रलेपः सर्वशोथहा ॥ ३ ॥

પુનર્નવા, શુંઠ, દેવદાર, ધોળા સર્ષવ, અને સરગવાની છાલ, એ બધાં સમાન ભાગે લઈ કાંજીમાં બારીક પીસી સોજા ઉપર લેપ કરવાથી તમામ જાતના સોજાનાં દરદો નાશ થાય છે. ૩

(દાહશાંતિ માટે લેપ.)

बिभीतफलमज्ज्ञास्तु लेपो दाहार्तिनाशनः ॥

બહેડાંની અંદરના મગજને ઝીણો વાટી તેનો લેપ કરવાથી દાહ વગેરે પીડા નાશ થાય છે.

(દશાંગ લેપ.)

शिरीषं मधुयष्टी च तगरं रक्तचंदनम् ॥ ४ ॥
एलामांसीनिशायुग्मं कुष्टं वालकमेव च ॥
इति संचूर्ण्य लेपोयं पंचमांशघृतप्लुतः ॥ ५ ॥
जले न क्रियते सुज्ञैर्दशांग इति संज्ञित ॥
विसर्पान् विषविस्फोटान् शोथदुष्टव्रणान् जयेत् ॥६॥

શરષડાની છાલ, જેઠીમધ, તગર, લાલચંદન, એલચી, બાલછડ, હળદર, દારૂહળદર, ઉપલેટ અને નેત્રવાળો એ બધાં સરખાં લઈ તેનું બારીક ચુર્ણ બનાવવું. પછી તે ચુર્ણને પાણીમાં ઘુંટી શરીર ઉપર લેપન કરવાથી વિસર્પ રોગ, વિષદોષ, વિસ્ફોટક, સોજો, અને દુષ્ટવ્રણ વગેરે દરદોનો નાશ થાય છે. આ લેપને દશાંગ લેપ કહેવામાં આવે છે. ૪–૬

(વિષઘ્ન લેપ.)

अजादुग्धतिलैर्लेपो नवनीतेन संयुतः ॥
शोथमारुष्करं हंति लेपो वा कृष्णमृत्तिकैः ॥ ७ ॥

તલને બકરીના દૂધમાં બારીક વાટી અને તેમાં માખણ મેળવી

લેપ કરવો અથવા કાળી માટી અને તલ એ બેઉને સાથે વાટી માખણ મેળવી લેપન કરવાથી ભેલામાંથી થએલો સોજો નાશ થાય છે. ૭

(બીજો પ્રકાર.)

लांगल्यतिविपालाबू जालिनीबीजमूलकैः ॥
लेपो धान्यांबुसंपिष्टः कीटविस्फोटनाशनः ॥ ८ ॥

કૂધિયો વછનાગ, અતિવિષની કળી, કડવા તુંબડાનાં બીજ, કડવા તુરિયાનાં બીજ, અને મૂળાનાં બીજ એ ઔષધો સમાન ભાગે લઈ તેને ધાન્યાંબુ-કાંજીમાં બારીક પીસી કીટવિષ વિકાર તથા વિસ્ફોટક વગેરે ઉપર લેપ કરવાથી તે વિકારોનો નાશ થાય છે.

(મુખકાંતિ વર્ધક લેપ.)

रक्तचंदनमंजिष्ठा लोध्रकुष्ठ प्रियंगवः ॥
वटांकुरा मसूराश्च व्यंगघ्ना मुखकांतिदाः ॥ ९ ॥

રતાંજલિ, મજીઠ, લોધર, ઉપલેટ, ફૂલપ્રિયંગુ, વડની કુંપળ, અને મસૂર એ ઔષધો સમાન ભાગે લઇ તેના પાણીમાં ઝીણાં વાટી લેપ કરવાથી વ્યંગરોગનો નાશ થાય છે તથા મુખની ખૂબસુરતી વધે છે. ૯

(બીજો પ્રકાર.)

मातुलुंगजटासर्पिः शिलागोशकृतो रसः ॥
मुखकांतिकरो लेपः पिटिकाव्यंगकालजित् ॥ १० ॥

બીજોરાંના મૂળ, ઘી, મણશિલ, અને ગાયના છાણનો રસ એ બધાંને બારીક વાટી લેપ કરવાથી મુખકાંતિ વધે છે તથા વ્યંગ, નિલિકા વગેરે દરદોનો નાશ થાય છે. ૧૦

(મ્હોંના ખીલ ઉપર લેપ.)

लोध्रधान्यवचालेपस्तारुण्यपिटिकापहः ॥
तद्वद्गोरोचनायुक्तं मरीचं मुखलेपनात् ॥ ११ ॥
सिद्धार्थकवचालोध्रसैंधवैश्च प्रलेपनम् ॥

લોધર, ધાણા, અને વજ એ ઔષધો સમાન ભાગે લઈ તેને વાટી લેપ કરવાથી, અથવા ગોરોચન અને કાળાં મરી વાટી લેપ કર-

વાથી અથવા ધોળા સર્ષવ, વજ, લોધર અને સિન્ધાલૂણ, એ વાટી લેપ કરવાથી જવાનીના ખીલ નાશ પામે છે. ૧૧

(વ્યંગરોગ ઉપર લેપ.)

व्यंगेषु चार्जुनत्वग्वा मंजिष्ठा वा समाक्षिकः ॥ १२ ॥
लेपः स नवनीतो वा श्वेताश्वखुरजा मषी ॥

અર્જુન (સાદડ)ની છાલનું ચુર્ણ અથવા મજીઠનું ચુર્ણ અથવા ઘોડાના ખુરની રાખ એ ત્રણે ઔષધોને પૃથક પૃથક મધ અને માખણમાં મેળવી પૃથક પૃથક લેપ કરવાથી વ્યંગરોગનો નાશ થાય છે. ૧૨

(મોઢા ઉપરની કાળાશ મટવા ઉપર લેપ.)

अर्कक्षीरहरिद्राभ्यां मर्दयित्वा विलेपनात् ॥ १३ ॥
मुखकार्ष्ण्यं शमं याति चिरकालोद्भवं ध्रुवम् ॥

હળદરને આકડાના દુધમાં બારીક વાટી તેનો મુખ ઉપર લેપ કરવાથી મુખ ઉપરની લાંબા સમયની કાળાશનો નાશ થાય છે.

(ખીલ વગેરે દરદ ઉપર લેપ.)

वटस्य पांडुपत्राणि मालती रक्तचंदनम् ॥ १४ ॥
कुष्ठं कालीयकं लोध्रमेभिर्लेपं प्रयोजयेत् ॥
तारुण्यपिटिकाव्यंग नीलिकादिविनाशनम् ॥ १५ ॥

વડનાં પીળાં પાન, ચમેલી, રતાંજલિ, ઉપલેટ, દારૂહળદર, અને લોધર, એ તમામ એકઠાં કરી ઝીણાં વાટી તેનો લેપ કરવાથી જવાનીના ખીલ, વ્યંગ અને નીલિકાદિ રોગનો નાશ થાય છે.

(અરૂંષિકા રોગ ઉપર લેપ.)

पुराणमथ पिण्याकं पुरीषं कुक्कुटस्य च ॥
मूत्रपिष्टः प्रलेपोयं शीघ्रं हन्यादरूंषिकाम् ॥ १६ ॥

તલનો જુનો ખોળ તથા કુકડાની ચરક એ બેઉને ગૌમૂત્રમાં બારીક વાટી તેનું લેપન કરાવવાથી અરૂંષિકા રોગ નાશ પામે છે.

(બીજો પ્રકાર.)

खदिरारिष्टजंबूनां त्वग्भिर्वा मूत्रसंयुतैः ॥
कुटजत्वक्सैंधवं वा लेपो हन्यादरूंषिकाम् ॥ १७ ॥

ખેર, લીંબડો અને જાંબુડાની છાલનું ચુર્ણ અથવા કડાછાલ

અને સિન્ધાલૂણનું ચુર્ણ લઈ તેને ગૌમૂત્રમાં બારીક પીસી લેપ કરવાથી અરંષિકારોગ નાશ પામે છે. ૧૭

(દારૂણુ રેગ ઊપર લેપ.)

प्रियालबीजमधुककुष्ठमाषैः ससैंधवैः ॥
कार्यो दारुणके मूर्ध्नि प्रलेपो मधुसंयुतः ॥ १८ ॥

ચારોલી, જેઠીમધ, ઉપલેટ, અડદ, અને સિન્ધાલૂણ એ બધાંનું બારીક ચુર્ણ કરી તેમાં મધ મેળવી મસ્તક ઉપર લેપ કરવાથી દારૂણુ રોગનો નાશ થાય છે. ૧૮

(બીજી રીત.)

दुग्धेन खाखसंबीजं प्रलेपाद्दारुणं जयेत् ॥
आम्रबीजस्य चूर्णं तु शिवाचूर्णसमंद्वयम् ॥ १९ ॥
दुग्धपिष्टः प्रलेपोयं दारुणं हंति दारुणम् ॥

ખસખસને દૂધમાં બારીક વાટીને તેનો મસ્તક ઉપર લેપ કરવાથી તથા કેરીની ગોટલી તથા હીમજનું બારીક ચુર્ણ લઈ તેને દૂધમાં લસોટીને મસ્તક ઉપર લેપ કરવાથી ભયંકર દારૂણુ રોગનો નાશ થાય છે. ૧૯

(ઇન્દ્રલુપ્ત રોગ ઊપર લેપ.)

रसस्तिक्तपटोलस्य पत्राणां तद्विलेपनात् ॥ २० ॥
इंद्रलुप्तः शमं याति त्रिभिरेव दिनैर्ध्रुवम् ॥

કડવા પટોલના પાનનો રસ કહાડી તેને ત્રણ દિવસ ચોપડવાથી ઇન્દ્રલુપ્ત રોગનો નાશ થાય છે. ૨૦

(બીજી રીત.)

इंद्रलुप्तापहो लेपो मधुना बृहतीरसः ॥ २१ ॥
गुंजामूलफलं वापि भल्लातकरसोपिवा ॥

ઊભી રીંગણીના રસમાં, અથવા ચણોઠી (ગુંજા)ના મૂળના ચુર્ણમાં, અથવા ભિલામાની છાલના રસમાં મધ મેળવી લેપ કરવાથી ઇન્દ્રલુપ્ત રોગનો નાશ થાય છે. ૨૧

(કેશવૃદ્ધિ ઊપર લેપ.)

गोक्षुरस्तिलपुष्पाणि तुल्ये च मधुसर्पिषी ॥ २२ ॥

शिरःप्रलेपनं तेन केशसंवर्धनं परम् ॥

ગોખરૂ અને તલના ફુલનું બારીક ચુર્ણ બનાવી તેમાં ઘી અને મધ સરખે ભાગે મેળવી લેપ કરવાથી કેશવૃદ્ધિ થાય છે. ૨૨

(વાળ ઉગવાને માટે લેપ.)

हस्तिदंतमषीं कृत्वा छागदुग्धं रसांजनाम् ॥ २३ ॥
रोमाण्यनेन जायंते लेपात्पाणितलेष्वपि ॥

હાથીદાંતને બાળી તેની રાખ બનાવવી. પછી તે રાખ અને રસવંતી બન્નેને બકરીના દૂધમાં બારીક ઘુંટી તેનો વાળ ખરી ગયા હોય તે સ્થળે લેપ કરવાથી હાથેલીમાં પણ નવા વાળ આવે છે. ૨૩

(ઇન્દ્રલુપ્ત રોગ ઉપર લેપ.)

यष्टींदीवरमृद्वीकातैलाज्यक्षीर लेपनैः ॥ २४ ॥
इंद्रलुप्तः शमं याति केशा स्युः सघना दृढाः ॥

જેઠીમધ, કમળ, અને દ્રાક્ષ એ ઔષધોને તલના તેલ, ગાયના દૂધ અને ઘીમાં વાટી તેનો લેપ કરવાથી ઇન્દ્રલુપ્ત-ટાલનો નાશ થાય છે તથા વાળ દૃઢ અને સઘન થાય છે.

(ઇન્દ્રલુપ્ત રોગ ઉપર બીજો લેપ.)

चतुष्पदानां त्वग्रोमनखशृंगास्थिभस्मभिः ॥ २५ ॥
तैलेन सह लेपोयं रोमसंजननः परः ॥

બકરી આદિ ચોપગાં જનાવરનું ચામડું, વાળ, નખ, શિંગડાં વગેરેની ભસ્મ બનાવી તેને તલના તેલમાં મેળવી લેપ કરવાથી ખરી ગયેલા વાળ નવા આવે છે. ૨૫

(ધોળા વાળને કાળા કરવાનો લેપ.)

इंद्रवारुणिकाबीजतैलेनाभ्यंगमाचरेत् ॥ २६ ॥
प्रत्यहं तेन कालाग्निसन्निभाः कुंतला अलम् ॥

ઇન્દ્રવારૂણીનાં બીયાંનું પાતાલ યંત્રદ્વારા તેલ કહાડી, પછી તેનું સફેદ વાળ ઉપર નિત્ય લેપન કરવાથી ધોળા વાળ અત્યંત કાળા થાય છે. ૨૬.

(વાળ કાળા કરવાની બીજી રીત.)

अयोरजो भृंगराजस्त्रिफला कृष्णमृत्तिका ॥ २७ ॥

स्थितमिक्षुरसे मासं लेपनात्पलितं जयेत् ॥

લોહચુર્ણ, ભાંગરો, ત્રિફળા, અને કાળી માટી એ ઔષધો સરખે ભાગે લેઇ તેનુ બારીક ચુર્ણ કરી એક માસ પર્યંત શેરડીના રસમાં ભીંજાવી રાખી પછી તેનું લેપન કરવાથી વાળ કાળા થાય છે. ૨૭

(વાળ કાળા કરવાની ત્રીજી રીત.)

धात्रीफलत्रयं पथ्ये द्वे तथैकं बिभीतकम् ॥ २८ ॥
पंचाम्रमज्जालोहस्य कर्षैकं च प्रदीयते ॥
पिष्ट्वा लोहमये भांडे स्थापयेदुषितं निशि ॥ २९ ॥
लेपोयं हंति न चिरादकालपलितं महत् ॥

આમળાં ત્રણ, હરડાં બે, અને બહેડું એક તથા આંબાની અંદરની ગોટલી પાંચ અને લોહચુર્ણ એક કર્ષ એ બધાંને લોઢાના કડાયામાં ઝીણાં વાટી તેને આખી રાત તેમાં રહેવા દેવાં, પછી સવારે તેને ચોપડવાથી નાની ઉમ્મરમાં થયેલા ધોળા વાળ કાળા થાય છે. ૨૮-૨૯

(વાળ કાળા કરવાની ચોથી રીત.)

त्रिफलानीलिकापत्रं लोहं भृंगराजः सतम् ॥ ३० ॥
अजामूत्रेण संपिष्टं लेपात्कृष्णीकरं स्मृतम् ॥

ત્રિફળા, ગળીનાં પાન અને ભાંગરો તથા લોહ ચુર્ણ એ ઔષધોને બકરીના મૂત્રમાં બારીક લસોટી તેનો લેપ સફેદ વાળ ઉપર ચોપડવાથી વાળ કાળા થાય છે. ૩૦

(વાળ કાળા કરવાની પાંચમી રીત.)

त्रिफलालोहचूर्णं च दाडिमत्वग्बिसं तथा ॥ ३१ ॥
प्रत्येकं पंचपलिकं चूर्णं कुर्याद्विचक्षणः ॥
भृंगराजरसस्यापि प्रस्थषट्कं प्रदापयेत् ॥ ३२ ॥
क्षिप्त्वा लोहमये पात्रे भूमिमध्ये निधापयेत् ॥
मासमेकं ततः कुर्याच्छागीदुग्धेन लेपनम् ॥ ३३ ॥
कूर्चे शिरसि रात्रौ च संवेष्ट्यैरंडपत्रकैः ॥

स्वपेत्प्रातस्ततः कुर्यात्स्नानं तेन च जायते ॥ ३४ ॥
पलितस्य विनाशश्च त्रिभिर्लेपैर्न संशयः ॥

ત્રિફળા, લોહચૂર્ણ, દાડમની છાલ, અને કમળકંદ એ પ્રત્યેક વસ્તુ પાંચ પાંચ પલ લેઈ તેનું બારીક ચૂર્ણ બનાવવું; પછી લોઢાંના પાત્રમાં ૭ પ્રસ્થ ભાંગરાનો રસ તથા ઉપરનું ચૂર્ણ નાખી તે પાત્રને એક માસ પર્યંત ભોંયમાં દાટી દેવું. એક માસ પછી તેને બહાર કહાડી તેમાનાં ઔષધો બકરીના દૂધમાં મેળવી તેનો રાત્રિએ મસ્તક ઉપર લેપ કરી તેના ઉપર એરંડાનાં પાન રાખી આખી રાત સુઈ રહેવું; અને પ્રાતઃકાળમાં ઉઠી ન્હાઈ લેવું. એ રીતે ધોળા થયેલા વાળ ઉપર ત્રણ દિવસ લેપ કરે તો વાળ કાળા થાય છે. ૩૧-૩૪

(કેશનાશક પ્રયોગ.)

शंखचूर्णस्य भागौ द्वौ हरितालं च भागिकम् ॥३५॥
मनःशिला चार्धभागा स्वर्जिका चैकभागिका ॥
लेपोयं वारिपिष्टस्तु केशानुत्पाट्य दीयते ॥ ३६ ॥
अनया लेपयुक्त्या च सप्तवेलं प्रयुक्तया ॥
निर्मूलकेशस्थानं स्यात्क्षपणस्य शिरो यथा ॥ ३७ ॥

બે ભાગ શંખચૂર્ણ, એક ભાગ હરતાલ, અર્ધો ભાગ મનશિલ, તથા એક ભાગ સાજીખાર એ બધાને એકઠાં કરી તેને પાણીમાં બારીક ઘુંટવાં, પછી જે જગાએથી વાળનો નાશ કરવો હોય તે જગાના વાળ અસ્ત્રાવતી, કહાડી નાખી તે જગાએ લેપ કરવો, તેથી વાળનો નાશ થઈ ફરીથી ઉગતા નથી. એ રીતે સાત વખત લેપ લગાવવો જેથી વાળ બિલકુલ નિર્મૂળ થાય છે. ૩૫-૩૭

(કેશનાશક બીજી રીત.)

तालकं शाणयुग्मं स्यात् षट्शाणं शंखचूर्णकम् ॥
द्विशाणिकं पलाशस्य क्षारं दत्त्वा प्रमर्दयेत् ॥ ३८ ॥
कदलीदंडतोयेन रविपत्ररसेन वा ॥
अस्यापि सप्तभिर्लेपैर्लोम्नां शातनमुत्तमम् ॥ ३९ ॥

હરતાલ બે શાણ, શંખચૂર્ણ, ૭ શાણ, તથા ખાખરાનો ક્ષાર બે શાણ એ બધાં ઔષધોને એકઠાં કરી તેને કેળના રસમાં

અથવા આકડાના રસમાં ખરલ કરી તેનો વાળ કહાડવાની જગા ઉપર સાત વખત લેપ કરવાથી વાળનો નાશ થાય છે. વાળ કહાડવામાં આ લેપ ઉત્તમ ગણાય છે. ૩૮-૩૯

(ધોળા કોઢ ઉપર ઔષધ.)

सुवर्णपुष्पी काशीसं विडंगानि मनःशिला ॥
रोचना सैंधवं चैव लेपना च्छित्रनाशनम् ॥ ४० ॥

પીળી ચમેલી, હીરાકસી, વાવડિંગ, મનશિલ, ગોરોચન અને સિન્ધાલુણ; એ બધાં ઔષધો સમભાગે લઇ ગૌમૂત્રમાં બારીક ઘુંટી તેનું લેપન કરવાથી ધોળા કોઢનો નાશ થાય છે. ૪૦

(ધોળા કોઢ ઉપર બીજો લેપ.)

वायस्येडगजा कुष्टकृष्णाभिर्गुटिका कृता ॥
बस्तमूत्रेण संपिष्टा प्रलेपाच्छित्रनाशिनी ॥ ४१ ॥

શડિયા ડોડી, પુંવાડિયાનાં બી, ઉપલેટ અને લીંડીપીપર એ ઔષધો સરખે ભાગે લઇ તેનો બકરીના મૂત્રમાં ખરલ કરી લેપ કરવાથી સફેદ કોઢનો નાશ થાય છે. ૪૧

(ત્રીજો પ્રકાર.)

बाकुची वेतसो लाक्षा काकोदुंबरीका कणा ॥
रसांजनमयश्चर्ण तिलाः कृष्णास्तदेकतः ॥ ४२ ॥
चूर्णयित्वा गवां पित्तैः पिष्टा च गुटिका कृता ॥
अस्याः प्रलेपाच्छित्राणि प्रणश्यंति च वेगतः ॥ ४३ ॥

બાવચી, અમલવેત, લાખ, કાળો ઉંબરો, લીંડીપીપર, સુરમો, લોહચૂર્ણ, અને કાળા તલ એ બધાં સમાન એકઠાં કરી તેનું ચૂર્ણ બનાવવું, પછી તેની ગોળી બનાવી ગાયના મૂત્રમાં ઘસી ધોળા કોઢ ઉપર લગાડવાથી કુષ્ઠાદિ દોષો નાશ પામે છે. ૪૨-૪૩

(વિભૂત રોગ ઉપર લેપન.)

धात्रीसर्जरसश्चैव यवक्षारश्च चूर्णितः ॥
सौवीरेण प्रलेपोयं प्रयोज्यः सिध्मनाशने ॥ ४४ ॥

આમળાં, રાળ, જવખાર, એ ઔષધોને સૌવીર અથવા કાંજીમાં બારીક પીસી લેપ કરવો તેથી સિધ્મ કુષ્ઠરોગ નાશ પામે છે. ૪૪

(બીજો પ્રકાર.)

दार्वीमूलकबीजानि तालकं सुरदारु च ॥
तांबूलपत्रं सर्वाणि कार्षिकाणि पृथक् पृथक् ॥ ४५ ॥
शंखचूर्णं शाणमात्रं सर्वाण्येकत्र चूर्णयेत् ॥
लेपोयं वारिणा पिष्टः सिध्मानां नाशनः परः ॥४६॥

દારૂહળદર, મૂળાનાં બી, હરતાલ, દેવદાર, અને નાગરવેલના પાન, એ દરેક એક એક કર્ષ તથા શંખચૂર્ણ એક શાણ લઇ એ બધાંનું ચૂર્ણ બનાવવું અને તેને પાણીમાં ખરલ કરી લેપ કરવો તેથી સિધ્મ કુષ્ઠ રોગનો નાશ થાય છે. ૪૫-૪૬

(નેત્રરોગ ઉપર લેપ.)

हरीतकी सैंधवं च गैरिकं च रसांजनम् ॥
बिडालको जले पिष्टः सर्वनेत्रामयापहः ॥ ४७ ॥

હરડાં, સિન્ધાલૂણ, ગેરૂ અને રસવંતી એ દરેક સમભાગે લેવાં અને તેને પાણીમાં ખરલ કરી તેનું નેત્રોના બહારના ભાગમાં લેપન કરવું તેથી નેત્રવિકારનો નાશ થાય છે. ૪૭

(બીજી રીત)

रसांजनं व्योषयुतं संपिष्टं वटकी कृतम् ॥
कंडूपाकान्विता हंति लेपादंजननामिकाम् ॥ ४८ ॥

રસાંજન, શુંઠ, કાળાં મરી, અને લીંડીપીપર એ ચારે ઔષધોને પાણીમાં ખરલ કરી તેની ગોળી બનાવવી, પછી તે ગોળીને પાણીમાં ઘસી ચોપડવાથી ખુજલી, આંજણી વગેરે દરદોનો નાશ થાય છે. ૪૮

(ખુજલી વગેરે દરદ ઉપર લેપ.)

प्रपुन्नाटस्य बीजानी बाकूची सर्षपस्तिलाः ॥
कुष्टं निशाद्वयं मुस्तं पिष्ट्वा तक्रेण लेपनम् ॥ ४९ ॥
प्रलेपादस्य नश्यंति कंडूदद्रुविचर्चिकाः ॥

પુંવાડિયાનાં બીજ, બાવચી, સર્ષપ, તલ, ઉપલેટ, હળદર, દારૂહળદર, અને નાગરમોથ એ ઔષધો સમભાગે લઇ તેનું ચૂર્ણ બનાવવું અને તે ચુર્ણને છાશમાં ખરલ કરી, ખુજલી, દાદર, વિચર્ચિકા વગેરે દરદો ઉપર લેપન કરવું જેથી તે દરદો નાશ પામે છે. ૪૯

(દાદર ખુજલી વગેરે દરદો ઉપર લેપ.)

हेमक्षीरीविडंगानि दरदं गंधकं तथा ॥ ५० ॥
दद्रुघ्नः कुष्ठसिंदूरं सर्वाण्येकत्र मर्दयेत् ॥
धत्तूरानिंबतांबूलीपत्राणां स्वरसैः पृथक् ॥ ५१ ॥
अस्य प्रलेपमात्रेण पामादद्रुविचर्चिकाः ॥
कंडूश्च रसकश्चैव प्रशमं यांति वेगतः ॥ ५२ ॥

દારૂડી, વાવડિંગ, હીંગળો, ગંધક, પુંવાડિયાનાં બીજ, ઉપલેટ અને સિન્દુર, એ બધાં સમભાગે લઇ તેનું ચુર્ણ બનાવવું, પછી ધંતૂરાના પાન, લીંબડાના અને નાગરવેલના પાનમાંથી દરેકનો પૃથક પૃથક રસ કહાડી દરેક રસમાં ચુર્ણ મેળવી પૃથક પૃથક ચોપડવાથી દાદર, ખુજલી, વિચર્ચિકા, ચળ અને કુષ્ઠાદિ વિકારોનો નાશ થાય છે.

(બીજો પ્રકાર.)

दूर्वाभयासैंधवं च चक्रमर्दः कुठेरकः
एभिस्तक्रयुतो लेपः कंडूदद्रुविनाशनः ॥ ५३ ॥

ધરો, નાના હરડે, સિન્ધાલૂણ, પુંવાડિયાંના બીજ, અને વનતુળશી, એ ઔષધોને છાશમાં ઘુંટી લેપન કરવાથી ખસ, દાદર વગેરે દરદોનો નાશ થાય છે. ૫૩

(રક્તપિત્ત વગેરે ઉપર લેપ.)

चंदनोशीरयष्ट्याह्वबलाव्याघ्रनखोत्पलैः ॥
क्षीरपिष्टैः प्रलेपः स्याद्रक्तपित्तशिरोरुजि ॥ ५४ ॥

રતાંજલિ, નેત્રવાળો, જેઠીમધ, બલદાણાનાં મૂળ, વાઘનખ, અને કમળ એ તમામ સરખે ભાગે લેઇ તેને દૂધમાં ખરલ કરી લેપન કરવાથી રક્તપિત્ત સંબંધી મસ્તકપીડા નાશ પામે છે.

(ઉદર્દ રોગ ઉપર લેપ.)

सिद्धार्थरजनीकुष्ठप्रपुन्नाटतिलैः सह ॥
कटुतैलेन संमिश्रमुदर्दघ्नं विलेपनम् ॥ ५५ ॥

ધોળા સર્ષવ, હળદર, ઉપલેટ, પુંવાડીયાનાં બીજ, અને તલ એ ઔષધોનું ચૂર્ણ બનાવી તેને સરસિયા તેલમાં મેળવી શરીર ઉપર લેપન કરવાથી ઉદર્દ રોગનો નાશ થાય છે. ૫૫

(વાતવિસર્પ વગેરે દરદો ઉપર લેપ.)

रास्नानीलोत्पलं दारु चंदनं मधुकं बला ॥
घृतक्षीरयुतो लेपो वातवीसर्पनाशनः ॥ ५६ ॥

રાસ્ના, નીલકમળ, દેવદાર, રતાંજલિ, જેઠીમધ અને બલદાણાનાં મૂળ, એ બધાંનું બારીક ચૂર્ણ બનાવી દૂધ અથવા ઘીમાં મેળવી તેનું લેપન કરવાથી વાતવિસર્પ વગેરે દરદો નાશ પામે છે. ૫૬

(પિત્તવિસર્પ રોગ ઉપર લેપ.)

मृणालं चंदनं लोध्रमुशीरं कमलोत्पलम् ॥
सारिवामलकीपथ्या लेपः पित्तविसर्पनुत् ॥ ५७ ॥

કમળનું દીંટિયું, રતાંજલિ, લોધર, નેત્રવાળો, કમળ, નીલકમળ, સારિવા, આમળાં અને નાની હરડે, એ ઔષધોને પાણીમાં ખરલ કરી તેનું લેપન કરવાથી પિત્તવિસર્પાદિ દરદો નાશ પામે છે.

(કફવિસર્પ ઉપર લેપ.)

त्रिफलापद्मकोशीरं समंगा करवीरकम् ॥
नलमूलमनंता च लेपः श्लेष्मविसर्पहा ॥ ५८ ॥

ત્રિફળા, પદ્મક, નેત્રવાળો, ધાવડીનાં ફુલ, કણેર, મોટાં વાંસનાં મૂળ અને ધમાસો એ ઔષધોને પાણીમાં ખરલ કરી તેનું શરીરે લેપન કરવાથી કફવિસર્પ વગેરે દરદોનો નાશ થાય છે. ૫૮

(કફવિસર્પ ઉપર લેપનો બીજો પ્રકાર.)

मांसी सर्जरसं लोध्रं मधुकं सहरेणुकम् ॥

બાલછડ, સાજીખાર, લોધર, જેઠીમધ અને રેણુકબીજ એ ઔષધોને પાણીમાં ખરલ કરી તેનો લેપ કરવાથી કફવિસર્પ વ્યાધિ નાશ થાય છે.

(પિત્ત વાતરક્ત ઉપર લેપ.)

मूर्वा नीलोत्पलं पद्मं शिरीषकुसुमैः सह ॥ ५९ ॥
प्रलेपः पित्तवातघ्नः शतधौतघृतप्लुतः ॥

મૂર્વા, નીલકમળ, પદ્મક અને સરસડાનાં ફુલ, એ બધાંનું બારીક ચૂર્ણ બનાવી તેને સો વખત ધોયેલા ઘીમાં મેળવી શરીરે લેપ કરવાથી પિત્ત વાતરક્ત વગેરે દરદો નાશ પામે છે. ૫૯

(નસકોરી ફુટવા ઉપર લેપ.)

आमलं घृतभृष्टं तु पिष्टं कांजिकवारिभिः ॥ ६० ॥
जयेन्मूर्ध्नि प्रलेपेन रक्तं नासिकया स्रुतम् ॥

આમળાંને ઘીમાં શેકીને કાંજીમાં ખરલ કરી તેનો મસ્તક ઉપર લેપ કરવાથી નસકોરી ફુટવી બંધ થાય છે. ૬૦

(વાતપ્રકોપથી મસ્તકપીડા ઉપર લેપ.)

कुष्टमेरंडतैलेन लेपात्कांजिकपेषितम् ॥ ६१ ॥
शिरोर्तिं वातजां हन्यात्पुष्पं वा मुचुकुंदजम् ॥

ઉપલેટ અથવા મુચુકુન્દના ફુલોને કાંજીમાં બારીક પીસી તેને એરંડિયાં તેલમાં મેળવી મસ્તક ઉપર ચોપડવાથી વાત પ્રકોપથી થયેલી મસ્તકપીડા નાશ પામે છે. ૬૧

(મસ્તકપીડા ઉપર બીજો લેપ.)

देवदारुनतं कुष्टं नलदं विश्वभेषजम् ॥ ६२ ॥
सकांजिकः स्नेहयुक्तो लेपो वातशिरोर्तिनुत् ॥

દેવદાર, તગર, ઉપલેટ, નેત્રવાળો, અને શુંઠ એ ઔષધોને કાંજીમાં બારીક પીસી તેમાં એરડિયું તેલ નાખી લેપન કરવાથી મસ્તક શળ નાશ થાય છે. ૬૨

(પિત્તજન્ય શિરોરોગ ઉપર લેપ.)

धात्रीकशेरुह्रीबेरपद्मपद्मकचंदनैः ॥ ॥ ६३ ॥
दूर्वोशीरनलानां च मूलैः कुर्यात्प्रलेपनम् ॥
शिरोर्तिं पित्तजां हन्याद्रक्तपित्तरुजं तथा ॥ ६४ ॥

આમળાં, કચૂર, નેત્રવાળો, કમળ, પદ્મક, રતાંજલિ, ધ્રો, ભદ્રવાળો અને નાળીવાંસનાં મૂળ એ ઔષધોને પાણીમાં ખરલ કરી તેનું લેપન કરવાથી પિત્તજન્ય મસ્તકશળ વગેરે નાશ થાય છે.

(કફજન્ય મસ્તકશળ ઉપર લેપ.)

हरेणुनतशैलेयमुस्तैलागुरुदारुभिः ॥
मांसीरास्नारुबूकैश्चकोष्णो लेपः कफार्तिनुत् ॥ ६५ ॥

રેણુક, તગર, પત્થર ફુલ, નાગરમોથ, એલચી, અગર, દેવદાર,

બાલછડ, રાસ્ના, એરંડમૂળ એ ઔષધોને ગરમ પાણીમાં ખરલ કરી લેપન કરવાથી કફજન્ય મસ્તકશૂળ વગેરે નાશ પામે છે. ૬૫

(લેપનો બીજો પ્રકાર.)

शुंठीकुष्ठप्रपुन्नाटदेवकोष्ठैः सरोहिषैः ॥
मूत्रपिष्टैः सुखोष्णैश्च लेपः श्लेष्मशिरोर्तिनुत् ॥ ६६ ॥

શુંઠ, ઉપલેટ, પુંવાડિયાનાં બીજ, દેવદાર, અને રોહિષતૃણ એ ઔષધોને ગૌમૂત્રમાં ખરલ કર્યા પછી તેને જરા ગરમ કરી લેપન કરવાથી કફજન્ય મસ્તકશૂળ નાશ પામે છે. ૬૬

(સૂર્યાવર્ત તથા અર્ધભેદક રોગ ઉપર લેપ.)

सारिवाकुष्ठमधुकं वचाकृष्णोत्पलैस्तथा ॥
लेपः सकांजिकः स्नेहः सूर्यावर्तार्धभेदयोः ॥ ६७ ॥

સારીવા, ઉપલેટ, જેઠીમધ, વજ, લીંડીપીપર, અને નીલકમળ એ ઔષધો સમાન ભાગે લઇ તેને કાંજીમાં ખરલ કરી તેમાં એરંડિયું તેલ મેળવી લેપન કરવાથી સૂર્યાવર્તાદિ તથા આધાશીશી વગેરે દરદોનો નાશ થાય છે. ૬૭

(સંપૂર્ણ શિરોરોગ ઉપર લેપ.)

वरीनीलोत्पलं दूर्वाःतिलाः कृष्णाः पुनर्नवा ॥
शंखकेऽनंतवातश्च लेपः सर्वशिरोर्तिजित् ॥ ६८ ॥

શતાવરી, નીલકમળ, દૂર્વા કાળા તલ, અને પુનર્નવા એ પાંચે ઔષધોને પાણીમાં ખરલ કરવાં, પછી તેનું લેપન કરવાથી અનંતવાત શિરોરોગ વગેરે દરદો નાશ થાય છે. ૬૮

(બીજી રીત.)

अथ लेपविधिश्चान्यः प्रोच्यते सुज्ञसंमतः ॥
द्वौ तस्य कथितौ भेदौ प्रलेपाख्यप्रदेहकौ ॥ ६९ ॥

આ શિવાય વિદ્વાનોએ નિશ્ચય કરેલા બીજા લેપોનો વિધિ નીચે પ્રમાણે છે અને તેના પ્રલેપાખ્ય અને પ્રદેહક એવા બે ભેદ છે.

(બેઉ જાતના લેપોની ઉંચાઇના પ્રકાર.)

चर्मार्द्रं माहिषं यद्वत्प्रोन्नतं सा मितिस्तयोः ॥
शीतस्तनुर्विशोषी च प्रलेपः परिकीर्तितः ॥ ७० ॥

आर्द्रो घनस्तथोष्णः स्यात्प्रदेहः श्लेष्मवातहा ॥

प्रलेपाख्य तथा प्रदेहक लेप भेंशना आळा ગામડાની જાડાઈ પ્રમાણે જાડો કરવો જોઈએ. શીતવીર્ય, સૂક્ષ્મ, નિર્વિષી, અને છિદ્રોમાં પ્રવેશ કરે તે લેપને પ્રલેપાખ્ય લેપ કહેવામાં આવે છે તથા આર્દ્ર, જડ, ઉષ્ણ લેપને પ્રદેહક લેપ કહેવામાં આવે છે. આ લેપ કફ વાત તથા પ્રલેપાખ્ય લેપ પિત્તનો નાશ કરેછે. ૭૦

(લેપ કરવાનાં સ્થાન.)

रोमाभिमुखमादेयौ प्रलेपाख्यप्रदेहकौ ॥ ७१ ॥
वीर्यं सम्यग् विशत्याशु रोमकूपैः शिरोमुखैः ॥

પ્રલેપાખ્ય તથા પ્રદેહક લેપ શરીરનાં રૂંવાડાં ઉભાં કરીને કરવો. એમ કરવાનું કારણ રૂંવાટાં ઉભા થવાથી તેના મુખદ્વારા લેપનો કસ શરીરમાં દાખલ થાય છે. ૭૧

(સાધારણ લેપ વિષયમાં નિષેધ.)

न रात्रौ लेपनं कुर्याच्छुष्कमाणं न धारयेत् ॥ ७२ ॥
शुष्कमाणमुपेक्षेत प्रदेहे पीडनं प्रति ॥

રાત્રિયે લેપન કરવું નહિ, તેમજ લેપ સૂકાવા માંડે એટલે તેને ધોઈ નાખવો. જો એમને એમ લેપ રાખવામાં આવે છે તો તેથી પીડા થાય છે. ૭૨

(રાત્રિએ લેપ ન કરવાનું કારણ.)

तमसा पिहितो ह्यूष्मा रोमकूपमुखे स्थितः ॥ ७३ ॥
विना लेपेन निर्याति रात्रौ नो लेपयेत्ततः ॥

રાત્રિએ અંધારાથી શરીરની ગરમી આચ્છાદિત થઈ રૂંવાડાં મારફત વગર લેપ કરવાથી બહાર નીકળે છે માટે રાત્રિના સમયે લેપન પ્રયોગ કરવો નહિ. ૭૩

(રાત્રિએ પ્રલેપાદિ લેપ કરવાના પ્રકાર.)

रात्रावपि प्रलेपादिविधिः कार्यो विचक्षणैः ॥ ७४ ॥
अपाकिशोथे गंभीरे रक्तश्लेष्मसमुद्भवे ॥

નહિ પાકેલા સોજા ઉપર તથા ગંભીર સંજ્ઞક વ્રણ ઉપર બુદ્ધિમાન વૈદ્યે લેપન વગેરે ઉપચારોનો પ્રયોગ કરવો. ૭૪

(વ્રણ ઉપર લેપના પ્રકાર.)

आदौ सोथहरो लेपो द्वितीयो रक्तसेचनः ॥ ७५ ॥
तृतीयश्चोपनाहः स्याच्चतुर्थः पाटनः क्रमः ॥
पंचमः शोधनो भूयात्षष्ठो रोपण इष्यते ॥ ७६ ॥
सप्तमो वर्णकरणो व्रणस्यैते क्रमा मताः ॥

વ્રણ સંબંધી સોજો થાય છે તેનો નાશ કરવા પ્રથમ લેપ કરવો, બીજો લેપ વ્રણમાં લોહી જામી જાય તેને છૂટું કરવા માટે કરવો, ત્રીજો લેપ પસીનો કહાડવાના પ્રયોગમાં કરવો તેને ઉપનાહ કહેવામાં આવે છે, ચોથો લેપ પાકેલા વ્રણનું શોધન કરવા માટે કરવો, પાંચમો લેપ વ્રણને પાકવા પછી ફોડી નાખવા માટે કરવો, છઠ્ઠો લેપ રોપણ એટલે વ્રણ મટવાને માટે કરવો અને સાતમો લેપ વ્રણની જગાએ કાંતિ આવવા માટે કરવો. એ પ્રમાણે વ્રણ રોગ ઉપર સાત પ્રકારના લેપ કરવામાં આવે છે અને તે દરેકનાં ઔષધો આગળ બતાવવામાં આવ્યાં છે. ૭૫-૭૬

(વ્રણમાં વાયુના સોજા ઉપર લેપ.)

बीजपूरजटाहिंस्रा देवदारु महौषधम् ॥ ७७ ॥
रास्नाग्निमंथो लेपोयं वातशोथविनाशनः ॥

બિજોરાનાં મૂળ, બાલછડ, દેવદાર, શુંઠ, રાસ્ના અને દાડમનાં મૂળ, એ બધાંને પાણીમાં ખરલ કરી તેનું લેપન કરવાથી વ્રણ સબંધી સોજા વગેરે દરદોનો નાશ થાયછે. ૭૭

(પિત્તના સોજા ઉપર લેપ.)

मधूकं चंदनं मूर्वा नलमूलंच पद्मकम् ॥ ७८ ॥
उशीरं वालकं पद्मं पित्तशोथे प्रलेपनम् ॥

જેઠીમધ, રતાંજલિ, મૂર્વા, નાળી વાંસનાં મૂળ, પદ્મક, નેત્રવાળો, વાળો અને કમળ એ ઔષધોને પાણીમાં ખરલ કરી તેનો વ્રણ સંબંધી પિત્તના સોજા ઉપર લેપ લગાડવાથી નાશ થાય છે.

(કફજન્ય સોજા ઉપર લેપ.)

कृष्णापुराणपिण्याकं शिग्रुत्वक् सिकता शिवा ॥७९॥
मूत्रपिष्टः सुखोष्णोयं प्रदेहः श्लेष्मशोथहृत् ॥

લીંડીપીપર, જુનો ખોળ, સરગવાની છાલ, ખાંડ અને હરડે એ

ઔષધોને ગોમૂત્રમાં ખરલ કરી પછી તેને જરા ગરમ કરી લેપ કરવાથી કફ સંબંધી સોજો નાશ પામેછે. આ લેપને પ્રદેહ સંજ્ઞક લેપ કહેવામાં આવે છે. ૭૯

(આગંતુક તથા રક્તજન્ય સોજા ઉપર લેપ.)

द्वे निशे चंदने द्वेच शिवा दूर्वा पूनर्नवा ॥ ८० ॥
उशीरं पद्मकं लोध्रं गैरिकं च रसांजनम् ॥
आगंतुजे रक्तजे च शाथे कुर्यात्प्रलेपनम् ॥ ८१ ॥

હળદર, દારૂહળદર, ચંદન, રતાંજલિ, હરડે, ધરો, સાટોડી, નેત્રવાળો, પદ્મક, લોધર, ગેરૂ, અને રસવંતી, એ ઔષધોને પાણીમાં ખરલ કર્યા પછી તેનો આગંતુક તથા રક્તજન્ય સોજા ઉપર લેપ કરવાથી તે દરદો નાશ પામે છે. ૮૦-૮૧

(વ્રણુ પાકવાનો લેપ.)

शणमूलकशिग्रूणां फलानि तिलसर्षपाः
सक्तवः किण्वमतसी प्रदेहः पाचनः स्मृतः ॥ ८२ ॥

શણુનાં, મૂળાનાં, તથા સરગવાનાં બીયાં, તલ, સર્ષવ, જવ, લોહનું ચુર્ણ, અને અળશી એ બધાંને પાણીની અંદર ખરલ કરી તેનો લેપ કરવાથી વ્રણુ પાકે છે. આને પ્રદેહ સંજ્ઞક લેપ કહેવામાં આવે છે.

(પાકી ગયેલા વ્રણુને ફોડવાનો લેપ.)

दंतीचित्रकमूलत्वक् सुधार्कपयसी गुडः
भल्लातकश्च कासीसं सैंधवं दारणे स्मृतः ॥ ८३ ॥

નેપાળાનાં મૂળ, ચિત્રકની છાલ, ગોળ, ભિલામું, હીરાકશી, અને સિન્ધાલૂણ, એ ઔષધોનું ચુર્ણ કરી તેને આકડા તથા થોરના દુધમાં ખરલ કરી પાકેલા વ્રણુ ઉપર ચોપડવાથી વ્રણુ ફુટી જાય છે.

(બીજો પ્રકાર.)

चिरबिल्वोग्निको दंती चित्रको हयमारकः ॥
कपोतकंकगृध्राणां मललेपेन दारुणम् ॥ ८४ ॥

કરંજનાં બીજ, ભિલામું, નેપાળાનાં મૂળ, ચિત્રકની છાલ, અને કણેરનું મૂળ તથા કબુતર, કંક અને ગીધ પક્ષીની ચરક એ બધાંને બારીક ઘુંટી તેનો લેપ બનાવી તેનો પાકેલા ગુમડા-વ્રણુ ઉપર લેપ કરે તો ફૂટી જાય છે.

(ત્રીજો પ્રકાર.)

स्वर्जिका यावशूकाद्याः क्षारालेपेन दारणाः ॥
हेमक्षीर्यास्तथा लेपो व्रणे परमदारणः ॥ ८५ ॥

સાજીખાર અને જવખાર, તેનો લેપ તથા હીમક્ષીરી-દારૂડીનો લેપ પાકેલા વ્રણુ ઉપર કરવાથી વ્રણુ ઉત્તમ રીતે ફુટે છે.

(વ્રણુ શોધન લેપ.)

तिलसैंधवयष्ट्याह्वनिंबपत्रनिशायुगैः ॥
त्रिवृद्दंतीयुतैः पिष्टैः प्रलेपो व्रणशोधनः ॥ ८६ ॥

તલ, સિન્ધાલૂણ, જેઠીમધ, લીંબડાનાં પાન, હળદર, દારૂહળદર, અને નસોતર એ બધાં ઓષધો એકઠાં કરી તેનું બારીક ચુર્ણ બનાવી ઘીમાં મેળવી તેનો વ્રણુ શોધન કરવા માટે લેપ કરવો.

(વ્રણુના શોધન તથા રોપણુ ઉપર લેપ.)

निंबपत्रघृतक्षौद्रदार्वीमधुकसंयुतः ॥
तिलैश्च सह संयुक्तो लेपः शोधनरोपणः ॥ ८७ ॥

લીંબડાનાં પાન, ઘી, મધ, જેઠીમધ, અને તલ એ બધાંમાંથી ઘી અને મધ શિવાયના ઔષધોનું ચુર્ણ બનાવી ઘી તથા મધમાં મેળવી લેપન કરવાથી વ્રણુ શોધન તથા રોપણુ થાય છે. ૮૭

(વ્રણુ સંબંધી કૃમિનો નાશ કરવામાટે લેપ)

करंजारिष्टनिर्गुंडीलेपो हन्याद्व्रणक्रमीन् ॥
लशुनस्याथवा लेपो हिंगुनिंबभवोऽथवा ॥ ८८ ॥

કરંજ, લીંબડો અને નગોડના પાનને ઘુંટી તેનો, અથવા લસણુને વાટી તેનો, અથવા હીંગ અને લીંબડાનાં પાનને વાટી તેનો વ્રણુ ઉપર લેપ ચોપડવાથી વ્રણુની અંદરના કૃમિનો નાશ થાય છે.

(વ્રણુના શોધન અને રોપણુ ઉપર લેપ,)

निंबपत्रं तिला दंती त्रिवृत्सैंधवमाक्षिकम् ॥
दुष्टव्रणप्रशमनो लेपः शोधनरोपणः ॥ ८९ ॥

લીંબડાનાં પાન, તલ, નેપાળાનું મૂળ, નસોતર અને સિન્ધાલુણુ, એ બધાં સરખે ભાગે લઇ બારીક ચુર્ણ બનાવી મધ મેળવી તેનો લેપ કરવો, તેથી વ્રણુનું શોધન તથા રોપણુ થાય છે.

(ઉદરશૂળ ઉપર લેપ.)

मदनस्य फलं तिक्तां पिष्ट्वा कांजिकवारिणा ॥
कोष्णं कुर्यान्नाभिलेपं शूलशांतिर्भवेत्ततः ॥ ९० ॥

મિંઢોળ, અને કડુ, એ બેઉને કાંજીમાં ખરલ કરવાં. પછી તેને જરા ગરમ કરીને નાભીપર લેપ કરવો જેથી ઉદરશૂળનો નાશ થાય છે. ૯૦

(વાતવિદ્રધિ ઉપર લેપ.)

शि ुशेफालिकैरंडयवगोधूममुद्गकैः
सुखोष्णो बहुलो लेपः प्रयोज्यो वातविद्रधौ ॥ ९१ ॥

સરગવાની છાલ, નગોડનાં પાન, એરંડમૂળ, જવ, ઘઉં અને મગ એ બધાંને પાણીમાં વાટવાં, પછી સહન થાય તેવું તેને ગરમ કરી જાડો લેપ લગાવવો તેથી વાતવિદ્રધિ રોગ નાશ થાય છે.

(પિત્તવિદ્રધિ ઉપર લેપ.)

पैत्तिके सर्पिषालाजामधुकैः शर्करान्वितः ॥
प्रलिपेत्क्षीरपिष्टैर्वा पयस्योशीरचंदनैः ॥ ९२ ॥

શાળની ધાણી અને જેઠીમધ, એ બેઉના ચૂર્ણમાં સાકર અને ઘી મેળવી લેપન કરવાથી, અથવા ક્ષીરકાકોલી—આસગંધ, નેત્રવાળો અને રતાંજલિ એ બધાંનો દૂધમાં કલ્ક બનાવી લેપ કરવાથી પિત્તવિદ્રધિ વગેરે દરદો નાશ પામે છે. ૯૨

(કફવિદ્રધિ ઉપર લેપ.)

इष्टिका सिकता लोहकीटं गोशकृता सह ॥
सुखोष्णश्च प्रदेहोयं मूत्रैः स्यात् श्लेष्मविद्रधौ ॥९३॥

ઈંટ, રેત, લોહચુર્ણ અને ગાયનું છાણ એ બધાંનો ગૌમૂત્રમાં ખરલ કરી કલ્ક બનાવી તેનો લેપ કરવાથી કફવિદ્રધિનો નાશ થાય છે. આ પ્રદેહ સંજ્ઞક લેપ કહેવાય છે. ૯૩

(આગંતુક વિદ્રધિ ઉપર લેપ.)

रक्तचंदनमांजिष्ठानिशामधुकगैरिकैः ॥
क्षीरेण विद्रधौ लेपो रक्तागंतुनिमित्तजे ॥ ९४ ॥

રતાંજલિ, મજીઠ, હળદર, જેઠીમધ અને ગેરૂ એ ઔષધોનો

દૂધમાં કલ્ક બનાવી તેનો લેપ કરવાથી આગંતુક વિદ્રધિ વગેરે દરદો નાશ થાય છે. ૯૪

(વાતગલગંડ ઉપર લેપ.)

निचुलः शिग्रुबीजानि दशमूलयथापिवा ॥
प्रदेहो वातगंडेषु सुखोष्णः संप्रदीयते ॥ ९५ ॥

જલવેતસ અને સરગવાનાં બીજ એ બેઉને પાણીમાં વાટીને અથવા દશ મૂળાનો પાણીમાં કલ્ક કરી તેને સહન થાય તેટલો ગરમ કરી પછી તેનો લેપ કરવો તેથી વાતગલગંડ વગેરે દરદો નાશ થાય છે. ૯૫

(કફ ગલગંડ ઉપર લેપ.)

देवदारु विशाला च कफगंडे प्रदेहकः ॥

દેવદાર અને ઇન્દ્રવારૂણીનાં મૂળ તેનો પાણીમાં ખરલ કરી કલ્ક બનાવવો, પછી તેને જરા ગરમ કરી લેપ કરવો તેથી કફજન્ય ગલગંડ વગેરે દરદો નાશ પામે છે.

(અપચી રોગ ઉપર લેપ.)

सर्षपारिष्टपत्राणि दग्ध्वा भल्लातकैः सह ॥ ९६ ॥
छागमूत्रेण संपिष्टमपचिघ्नं प्रलेपनम् ॥

સર્ષવ, લીંબડાનાં પાન અને ભિલામું, એ બધાંને બાળી રાખ કરવી અને તે રાખને બકરાના મૂત્રમાં વાટી લેપ કરવો તેથી અપચી રોગનો નાશ થાય છે. ૯૬

(ગંડમાળા, અર્બુદ અને ગલગંડ ઉપર લેપ.)

सर्षपाः शिग्रुबीजानि शणबीजातसीयवाः ॥ ९७ ॥
मूलकस्य च बीजानि तक्रेणाम्लेन पेषयेत् ॥
गंडमालाऽर्बुदं गंडं लेपेनानेन शाम्यति ॥ ९८ ॥

સર્ષવ, સરગવાનાં બીજ, શણનાં બીજ, અળશી, જવ અને મૂળાનાં બીજ એ બધાંનો ખાટી છાશમાં કલ્ક બનાવી લેપ કરવો તેથી અર્બુદ, ગંડમાળા, અને ગલગંડ વગેરે દરદોનો નાશ થાય છે. ૯૭-૯૮

(અપબાહુક વાત રોગ ઉપર લેપ.)

तक्षयित्वा क्षुरेणांगं केवलानिलपीडितम् ॥
तत्र प्रदेहं दद्याच्च पिष्टं गुंजाफलैः कृतम् ॥ ९९ ॥
तेनापबाहुजा पीडा विश्वाची गृध्रसी तथा ॥
अन्यापि वातजा पीडा प्रशमं याति वेगतः ॥१००॥

એકલા વાત વિકારથી પીડિત માણુસના શરીરમાં જે જગા ઉપર પીડા થતી હોય તે ભાગમાંથી વાળ કહાડી નાખી તે ઉપર ચણોઠીને પાણીમાં વાટી તેનો લેપ કરવાથી. અપબાહુક, વિશ્વાચી, ગૃધ્રસી વાયુ વગેરે તમામ જાતના વાયુ રોગનો નાશ થાય છે.

(શ્લીપદ રોગ ઉપર લેપ.)

धत्तुरैरंडनिर्गुंडीवर्षाभूशिग्रुसर्षपैः
प्रलेपः श्लीपदं हंति चिरोत्थमपि दारुणम् ॥ १ ॥

ધંતૂરાનાં પાન, એરંડાનાં પાન, નગોડનાં પાન, મૂળ સહિત સાટોડી, સરગવાની છાલ, અને સર્ષવ એ બધાંને બારીક કુંટી તેનો લેપ કરવો તેથી દારૂણ શ્લીપદરોગનો નાશ થાય છે. ૧

(કુરંડ રોગ ઉપર લેપ.)

अजाजी हपुषा कुष्ठमेरंडबदरान्वितम् ॥
कांजिकेन तु संपिष्टं कुरंडघ्नं प्रलेपनम् ॥ २ ॥

જીરૂં, છીણી, ઉપલેટ, એરંડમૂળ અને બોરડીની છાલ, એ બધાંને કાંજીમાં બારીક વાટી લેપ કરવો તેથી કુરંડ-અંડવૃદ્ધિ રોગનો નાશ થાય છે. ૨

(ઉપદંશ ઉપર લેપ.)

करवीरस्य मूलेन परिपिष्टेन वारिणा ॥
असाध्यापि व्रजत्यस्तं लिंगोत्था रुक्प्रलेपनात् ॥३॥

કણેરનાં મૂળને પાણીમાં બારીક કુંટી તેનો શિશ્ન ઉપર લેપ કરવો જેથી ઉપદંશની પીડા વગેરે દરદોનો નાશ થાય છે. ૩

(ઉપદંશ ઉપર બીજો લેપ.)

दहेत्कटाहे त्रिफलां सा मषी मधुसंयुता ॥

उपदंशे प्रलेपोयं सद्यो रोपयति व्रणम् ॥ ४ ॥

ત્રિફળાને કઢાઇમાં બાળી રાખ કરવી પછી તેને મધમાં મેળવી શિશ્ન ઉપર લેપ કરવો તેથી ઉપદંશ સંબંધી વ્રણનો નાશ થાય છે અને વ્રણનું રોપણ થાય છે. ૪

(ઉપદંશ ઊપર ત્રીજો લેપ.)

रसांजनं शिरीषेण पथ्यया च समन्वितम् ॥
सक्षौद्रं लेपनं योज्यमुपदंशगदापहम् ॥ ५ ॥

રસવંતી, સરસડાની છાલ, અને હરડે એ ઔષધોનું ઝીણું ચૂર્ણ બનાવવું. પછી તેને મધમાં મેળવી લેપ કરવો તેથી ઉપદંશ સંબંધી વ્રણોનો તાત્કાળ નાશ થાય છે. ૫

(અગ્નિદગ્ધ ઊપર લેપ.)

अग्निदग्धे तुगोक्षीरी प्लक्षचंदनगैरिकैः ॥
सामृतैः सर्पिषा स्निग्धैरालेपं कारयेद्भिषक् ॥ ६ ॥
तंदुलीयकषायैर्वा घृतमिश्रैः प्रलेपयेत् ॥

વંશલોચન, પીપર, રતાંજલિ, ગેરૂ અને ગળો એ ઔષધોને ઝીણાં વાટી ઘીમાં મેળવી અંગ ઉપર દાઝેલી જગાએ લેપ કરવાથી દાઝેલો ભાગ રૂઝાઇને સારો થાય છે. તેમજ તાંદળજાની ભાજીનો કલ્ક બનાવી તેને ઘી સાથે મેળવી લેપ કરવાથી ઉપરનાં દરદો નાશ પામે છે. ૬

(અગ્નિદગ્ધ ઊપર બીજો લેપ.)

यवान्दग्ध्वा मषी कार्या तैलेन युतयातया ॥ ७ ॥
दद्यात्सर्वाग्निदग्धेषु प्रलेपो व्रणरोपणः ॥

જવને બાળી તેની રાખ કરી તે રાખને તેલમાં મેળવી શરીરના દાઝેલા ભાગ ઉપરના વ્રણ ઉપર લેપ કરવાથી વ્રણનું રોપણ થાય છે. (એ પ્રમાણે અગ્નિથી દાઝવાના ચાર ભેદ છે તે માધવ નિદાનમાં જોવા.) ૭

(યોનિ સંકોચન ઊપર લેપ.)

पलाशोदुंबरफलैस्तिलतैलसमन्वितैः ॥ ८ ॥

मधुना योनिमालिंपेद्गाढीकरणमुत्तमम् ॥

કેસુડાં અને ઉંબરાં, એ બેઉને બારીક વાટીને તલના તેલમાં મેળવવું, પછી તેમાં મધ નાખી યોનિમાં લેપ લગાડવો તેથી યોનિ સંકુચિત થાય છે. ૮

(યોનિ સંકોચ ઉપર લેપની બીજી રીત.)

माकंदफलसंयुक्तं मधुकर्पूरलेपनात् ॥ ९ ॥
गतेऽपि यौवने स्त्रीणां योनिर्गाढाऽति जायते ॥

માયાં અને કપૂર એ બેઉનું ચૂર્ણ બનાવી તેને મધમાં મેળવી યોનિમાં ચોપડવાથી યોનિ સંકોચ થાય છે. ૯

(યોનિ સંકોચન ઉપર લેપની ત્રીજી રીત.)

कार्पासस्य च मूलानि क्वाथयेन्मृदु वह्निना ॥ १० ॥
योनिं प्रक्षालयेन्नित्यं गाढत्वमुपजायते ॥

કપાસના મૂળને ધીમી આંચથી ક્વાથ બનાવી તેની ઝાલક મારી નિત્ય યોનિને ધોવી તેથી યોનિ સંકોચન થાય છે. ૧૦

(લિંગ તથા સ્તન વૃદ્ધિ ઉપર લેપ.)

मरीचं सैंधवं कृष्णा तगरं बृहतीफलम् ॥ ११ ॥
अपामार्गस्तिलाः कुष्ठं यवा माषाश्च सर्षपाः ॥
अश्वगंधा च तच्चूर्णं मधुना सह योजयेत् ॥ १२ ॥
अस्य संततलेपेन मर्दनाच्च प्रजायते ॥
लिंगवृद्धिः स्तनोत्सेधः संहतिर्भुजकर्णयोः ॥ १३ ॥

કાળાંમરી, સિન્ધાલૂણ, લીંડીપીપર, તગર, ભોંયરીંગણીના ફળ, અઘેડાનાં બીજ, કાળા તલ, ઉપલેટ, જવ, અડદ, સર્ષવ, અને આસગંધ, એ ઔષધોનું બારીક ચૂર્ણ બનાવી તેને મધમાં મેળવી શિશ્ન ઉપર લેપ કરવો. તેજ પ્રકારે સ્ત્રીના સ્તન ઉપર, ભુજા અને કાન ઉપર લેપન કરવાથી શિશ્ન, સ્તન, ભુજા તથા કર્ણ વગેરે મોટા થાય છે. ૧૧-૧૩

(લિંગવૃદ્ધિ ઉપર બીજો લેપ.)

सिताश्वगंधासिंधूत्थछागक्षीरैर्घृतं पचेत् ॥

तल्लेपान्मर्दनाल्लिंगवृद्धिः संजायते परा ॥ १४ ॥

ધોળાં ફૂલવાળી આસગન્ધ, અને સિન્ધાલુણ એ બેઉનું બારીક ચૂર્ણ બનાવી તેમાં તેનાથી ચારગણું ઘી અને ઘીથી ચારગણું ઘેટીનું દૂધ મેળવી તે બધાંને ચુલા ઉપર માત્ર ઘી બાકી રહે ત્યાંસુધી ઉકાળવાં પછી ઘીનો હમેશાં લેપ કરી મર્દન કરવાથી લિંગવૃદ્ધિ થાય છે. ૧૪

(યોનિ દ્રાવણ લેપ.)

इंद्रवारुणिकापत्ररसैः सूतं विमर्दयेत् ॥
रक्तस्य करवीरस्य काष्ठेन च मुहुर्मुहुः ॥ १५ ॥
तल्लिप्तलिंगसंयोगाद्योनिद्रावोऽभिजायते ॥

ઇન્દ્રવારૂણીના પાનનો રસ કહાડી તેમાં પારો મેળવી તેને લાલ-ફૂલના કણેરના લાકડાં વતી ખરલ કરવો. એ પ્રમાણે વારંવાર રસ નાખી પાંચ સાત વખત તેનો ખરલ કરી પછી તેનો શિશ્ન ઉપર લેપ કરી સ્ત્રી સાથે સમાગમ કરે તો સ્ત્રી પુરૂષ કરતાં પહેલી સ્ખલિત થાય છે. ૧૫

(શરીર ઉપરની દુર્ગંધ દૂર કરવાનો લેપ.)

तांबूलपत्र चूर्णं तु चूर्णं कुष्ठशिवाभवम् ॥ १६ ॥
वारिणा लेपनं कुर्याद्गात्रदौर्गंध्यनाशनम् ॥

પાન, ઉપલેટ, હરડે એ ઔષધોના ચૂર્ણને પાણીમાં મેળવી શરીર ઉપર ચોપડવાથી શરીરની દુર્ગંધનો નાશ થાય છે. ૧૬

(બીજો લેપ.)

कुलित्थसक्तवः कुष्ठं मांसी चंदनजं रजः ॥ १७ ॥
सक्तवश्चण कस्यैवत्वक्चैवैकत्र कारयेत् ॥
स्वेददौर्गंध्यनाशश्च जायतेऽस्यावधूलनात् ॥ १८ ॥

કળથીનો સાથવો, ઉપલેટ, સુખડ, બાલછડ, અને શેકેલા ચણાનો લોટ એ બધાંનું ચૂર્ણ બનાવી તેનું શરીરે માલિશ કરવાથી દેહમાં દુર્ગંધવાળો પસીનો આવવો નાશ થાય છે. ૧૭-૧૮

(વશી કરણ લેપ.)

वचा सौवर्चलं कुष्ठ रजन्यौ मरिचानि च ॥

एतल्लेपप्रभावेन वशीकरणमुत्तमम् ॥ १९ ॥

વજ, સંચળ, ઉપલેટ, હળદર, દારૂહળદર, અને કાળી મરી એ બધાંને પાણીમાં વાટી તેનો શરીર ઉપર લેપ કરવો તેથી ઉત્તમ રીતે વશી કરણ થાય છે. ૧૯

(મસ્તક ઊપર તેલ ઘસવાના પ્રકાર.)

अभ्यंगः परिषेकश्च पिचुर्बस्तिरिति क्रमात् ॥
मूर्धतैलं चतुर्धास्याद्बलवच्च यथोत्तरम् ॥ २० ॥

અભ્યંગ એટલે મસ્તક ઉપર તેલનું મર્દન કરવું, પરિષેક એટલે માથામાં તેલ લગાવવું, તથા પિચુ એટલે રૂ અથવા કપડાંના ટુકડાને તેલમાં ભીંજાવી માથા ઉપર રાખવું; અને બસ્તીનું વર્ણન આગળના શ્લોકમાં બતાવવામાં આવ્યું છે. આ પ્રમાણે માથા ઉપર તેલ ધારણ કરવાના ચાર પ્રકાર જાણવા. તેમાંનો દરેક એક એકથી ઉત્તમ છે.

(શિરો બસ્તિની રીત)

अथोऽभ्यंगादयः पूर्वे प्रसिद्धाः सर्वतः स्मृताः ॥
शिरोबस्तिविधिश्चात्र प्रोच्यते सुज्ञसंमतः ॥ २१ ॥

પાછળના શ્લોકમાં જણાવ્યા પ્રમાણે અભ્યંગ, પરિષેકાદિ પ્રકારો સર્વત્ર પ્રસિદ્ધજ છે. તેમજ શિરો બસ્તિની રીત નીચે જણાવ્યા પ્રમાણે જાણવી. ૨૧

(શિરો બસ્તિના પ્રકાર.)

शिरोबस्तिश्चर्मणः स्याद्द्विमुखो द्वादशांगुलः ॥
शिरः प्रमाणं तं बध्वा मस्तके माषपिष्टकैः ॥ २२ ॥
संधिरोधं विधायादौ स्नेहैः कोष्णैः प्रपूरयेत् ॥

મસ્તક ઉપર ધારણ કરવાની બસ્તિને શિરો બસ્તિ કહેવામાં આવે છે. તે હરણ વગેરેના ચામડાની, ટોપીના આકાર જેવી બાર આંગળ ઉંચી, તથા બે મુખવાળી બનાવવી. તેનું નીચેનું મુખ માથમાં બરાબર આવી શકે તેટલું પહોળું રાખવું તથા ઉપરનું થોડું સાંકડું રાખવું. તે બસ્તિ રોગીના માથામાં પહેરાવી તેની સાંધો અડદના લોટની પાણીમાં કણક કરી તે વતી પૂરી દેવી. પછી સહન થઇ શકે તેટલો સ્નેહ વગેરે તેલાદિ પદાર્થો ગરમ કરી બસ્તિના ઉપલા મુખથી માથા ઉપર ધાર કરી ભરવા. ૨૨

(શિરો બસ્તિ ધારણ કરવાનું પ્રમાણ.)

तावद्धार्यस्तु यावत्स्याभ्रासानेत्रमुखस्रुतिः ॥ २३ ॥
वेदनोपशमो वापि मात्राणां वा सहस्रकम् ॥

નાક, નેત્ર, અને મુખમાંથી પાણી ઝરવા માંડે ત્યાં સુધી અથવા મસ્તક શૂળ નાશ થાય ત્યાં સુધી અથવા પાછળ બસ્તીના વર્ણનમાં અનુવાસન બસ્તીની માત્રાના કાળ પ્રમાણે એક હજાર માત્રા જેટલા વખત સુધી બસ્તિ મસ્તક ઉપર ધારણ કરવી. ૨૩

(શિરો બસ્તિ ધારણ કરવાનો સમય.)

विना भोजनमेवात्र शिरोवस्तिः प्रशस्यते ॥ २४ ॥
प्रयोज्यस्तु शिरोवस्तिः पंचसप्ताहमेव वा ॥

ભોજન કર્યા શિવાય દરદીને શિરોબસ્તી ધારણ કરાવવી એ ઉત્તમ છે અને એ બસ્તી પાંચ અથવા સાતમે દિવસે ધારણ કરવી.

(શિરો બસ્તિ કર્યા પછીનું વિધાન.)

विमोच्य शिरसो बस्तिं गृह्णीयाच्च समंततः ॥ २५ ॥
ऊर्ध्वकाये ततः कोष्णनीरैः स्नानं समाचरेत् ॥

માથા ઉપરની બસ્તીને એક સરખી ધીમેથી ઉખેડી લેવી, પછી માથાને સહેતાં સહેતાં ગરમ પાણીથી ધોવું. ૨૫

(શિરોબસ્તિ ધારણ કરવાથી દૂર થતા રોગ.)

अनेन दुर्जया रोगा वातजा यांति संक्षयम् ॥ २६ ॥
शिरःकंपादयस्तेन सर्वकालेषु युज्यते ॥

આ બસ્તી ક્રિયાથી દુર્જય એવા શિરઃકંપાદિ તથા વાતજન્ય દરદોનો નાશ થાય છે. અને આ બસ્તી કર્મ કોઈ પણ સમયે કરવું.

(કાનમાં ઔષધ નાખવાની રીત.)

स्वेदयेत्कर्णदेशं तु किंचिन्नुः पार्श्वशायिनः ॥ २७ ॥
मूत्रैः स्नेहै रसैः कोष्णैस्ततः कर्णं प्रपूरयेत् ॥

જે માણસના કાનમાં ઔષધ નાખવું હોય તેને પડખા ભેર સુવારવો પછી તેના કાનની આસપાસ પસીનો લાવીને પછી ગૌમૂત્ર, તેલ તથા ઔષધોનો રસ એને ભેગા કરી કાનમાં સહન થાય તેટલું ગરમ કરીને નાખવું. ૨૭

(કાનમાં ઔષધ નાખવા પછી તેને ધારણ કરી રાખવાનો સમય.)

कर्णे तु पूरितं रक्षेच्छतं पंचशतानि वा ॥ २८ ॥
सहस्रं वापि मात्राणां श्रोत्रकंठशिरोगदे ॥

કાન, કંઠ અને મસ્તકનાં દરદો નાશ થવા માટે કાનમાં નાખેલું ઔષધ સો, પાંચસો કે એક હજાર માત્રાના સમય પ્રમાણે કાનમાં રહેવા દેવું. માત્રાનું લક્ષણ આગળ શ્લોકમાં આપવામાં આવ્યું છે.

(માત્રાનું પ્રમાણ.)

स्वजानुनः करावर्तं कुर्याच्छोटिकया युतम् ॥ २९ ॥
एषा मात्रा भवेदेका सर्वत्रैवैष निश्चयः ॥

ઢીંચણ ઉપર હાથ ફેરવી એક ચપટી વગાડતાં જેટલો સમય જાય છે તેટલો સમય એક માત્રાનો જાણવો એવો સર્વત્ર નિશ્ચય છે.

(રસ તથા તેલ વગેરે પદાર્થો કાનમાં નાખવાનો સમય.)

रसाद्यैः पूरणं कर्णे भोजनात्प्राक्प्रशस्यते ॥ ३० ॥
तैलाद्यैः पूरणं कर्णे भास्करेऽस्तमुपागते ॥

રસાદિ ઔષધો ભોજન કરવા પહેલાં, તથા તેલાદિ ઔષધો સંધ્યાકાળ પછી નાખવાં. ૩૦

(કર્ણશૂળ ઉપર ઔષધ.)

पीतार्कपत्रमाज्येन लिप्तमग्नौ प्रतापयेत् ॥ ३१ ॥
तद्रसः श्रवणे क्षिप्तः कर्णशूलहरः परः ॥

પાકેલાં આકડાના પાન ઉપર ઘી લગાવી તેને ગરમ કરી રસ કહાડી તે રસ કાનમાં નાખવો જેથી કર્ણશૂળનો નાશ થાય છે. ૩૧

(કર્ણશૂળ ઉપર બીજો પ્રયોગ.)

कर्णशूलातुरे कोष्णं बस्तमूत्रं ससैंधवम् ॥ ३२ ॥
निक्षिपेत्तेन शाम्यंति शूलपाकादिका रुजः ॥

બકરાના મૂત્રમાં સિન્ધાલૂણ મેળવી થોડું ગરમ કરી કાનમાં નાખવાથી કર્ણશૂળ તથા વ્રણ સંબંધી દોષનો નાશ થાય છે. ૩૨

(કર્ણ શૂળ ઉપર ત્રીજો પ્રયોગ.)

शृंगवेरं च मधुकं मधुसैंधवमामलम् ॥ ३३ ॥

तिलपर्णीरसस्तैलं टंकणं निंबुकद्रवम् ॥
कदुष्णं कर्णयोर्देयमेतद्वा वेदनापहम् ॥ ३४ ॥

આદાનો રસ, જેઠીમધ, મધ, સિન્ધાલૂણ, આંબળાં, તલના પાનનો રસ, સરશિયું તેલ, ટંકણખાર, અને લીંબુનો રસ એ બધાંને એકઠા કરી સહન થાય તેટલું ગરમ કરી તેનાં કાનમાં ટીપાં પાડવાથી કર્ણશૂળ વગેરે દરદો નાશ પામેછે. ૩૩-૩૪

(કર્ણશૂળ ઉપર ચોથો પ્રયોગ.)

कपित्थमातुलिंगाम्लशृंगबेररसैः शुभैः ॥
सुखोष्णैः पूरयेत्कर्णं कर्णशूलोपशांतये ॥ ३५ ॥

કોઠાંનો રસ, બિજોરાંનો રસ, અમલવેતનો રસ તથા આદાનો રસ એ બધાં એકઠાં કરી સહન થાય તે પ્રમાણે ગરમ કરી કાનમાં ટીપાં પાડવાથી કર્ણશૂળ વગેરે દરદોનો નાશ થાયછે. ૩૫

(કર્ણશૂળ ઉપર પાંચમો પ્રયોગ.)

अर्कांकुरानाम्लपिष्टान्तैलाक्तान्लवणान्वितान् ॥
सन्निदध्यात्स्नुहीकांडे कोरिते तच्छदावृते ॥ ३६ ॥
पुटपाकक्रमं कृत्वा रसैस्तच्च प्रपूरयेत् ॥
सुखोष्णैस्तेन शाम्यंति कर्णपीडाः सुदारुणाः ॥ ३७ ॥

આકડાના કુમળા અંકૂરોનો લીંબુના રસમાં ખરલ કરી પછી તેમાં થોડું તલનું તેલ તથા સિન્ધાલૂણ નાખી તેનો ગોળો બનાવવો. પછી થોરના એક કકડાને મધ્યમાંથી કોરી તેમાં ઉપરના ગોળાને મૂકી તેના ઉપર થોરનાં પાન પાથરી તેને દોરી વતી બાંધી તેના ઉપર ભીની માટીનો થર કરી સુકવવું. સુકાયા પછી તેને પુટ પાકના વિધિથી અગ્નિ આપવો. પછી તે ગોળા ઉપરનાં પાંદડાં, માટી વગેરે દૂર કરી થોરના લાકડાં સહિત ગોળાને ખરલ કરી તેમાંથી રસ કહાડવો અને તે રસને સહન થઈ શકે તેવો ગરમ કરી કાનમાં ટીપાં પાડવાથી કર્ણ શૂળ વગેરેની દારૂણ વેદના નાશ થાયછે. ૩૬-૩૭

(કર્ણ શૂળ ઉપર દીપિકા તેલ)

महतः पंचमूलस्य कांडान्यष्टांगुलानि तु ॥
क्षौमेणावेष्ट्य संसिच्य तैलेनादीपयेत्ततः ॥ ३८ ॥

यत्तैलं च्यवते तेभ्यः सुखोष्णं तेन पूरयेत् ॥
ज्ञेयं तद्दीपिकातैलं सद्यो गृह्णाति वेदनाम् ॥ ३९ ॥
एवं स्याद्दीपिकातैलं कुष्ठे देवतरौ तथा ॥

પંચ મૂળનાં આઠ આઠ આંગળ લંબાઇનાં ડાંખળાં લેવાં અને તેના ઉપર રેશમી વસ્ત્ર અથવા કપડું લપેટી તેને તેલમાં ભીંજાવી અગ્નિથી સળગાવી સીધાં પકડી રાખવાં, જેથી તેલ નીચે ટપકશે. તે ટપકેલા તેલને દીપિકા તેલ કહેછે. તેને સહન થાય તેટલું ગરમ કરી કાનમાં નાખવાથી કર્ણશૂળ વગેરે દરદોનો નાશ થાયછે. એ પ્રમાણે કોઠ તથા દેવદારનું તેલ કહાડી કાનમાં નાખવાથી કર્ણશૂળ વગેરે દરદોનો નાશ થાયછે. ૩૮–૩૯

(કર્ણશૂળ ઉપર સ્યોનાક તેલ.)

तैलं स्योनाकमूलेन मंदेग्नौ परिपाचितम् ॥ ४० ॥
हरेदाशु त्रिदोषोत्थं कर्णशूलं प्रपूरणात् ॥

અરડૂશીનાં મૂળનો ખરલ કરી કલ્ક બનાવી તેમાં તેનાથી ચારગણું તેલ તથા સોળગણું પાણી મેળવવું. પછી તેને પાણી બળી જાય ત્યાં સુધી અગ્નિ ઉપર ઉકાળી તેમાંથી તેલને ગળી લઇને કાનમાં રેડવું જેથી ત્રિદોષ જન્ય કર્ણશૂળનો નાશ થાય છે. ૪૦

(કર્ણનાદ ઉપર તેલ.)

कल्कक्काथेन यष्ट्याह्वकाकोलीमाषधान्यकैः ॥ ४१ ॥
सूकरस्य वसां पक्त्वा कर्णनादार्तिहारिणी ॥

જેઠીમધ, કાકોલી, અડદ, અને ધાણા એ ઔષધોનો કવાથ બનાવી તેમાં તેજ ઔષધોનો કલ્ક મેળવી તેને એકત્ર કરી તેને ચુલ્હા ઉપર માત્ર સ્નેહ બાકી રહે ત્યાં સુધી ઉકાળવું. પછી તે સ્નેહને કાનમાં નાખવાથી કર્ણનાદ વગેરે રોગ નાશ થાય છે. ૪૧

(કર્ણનાદ વગેરે ઉપર લેપ.)

स्वर्जिका मूलकं शुष्कं हिंगुकृष्णासमन्वितम् ॥ ४२ ॥
शतपुष्पा च स्तैलं पक्कं सूक्त चतुर्गुणम् ॥
प्रणादं शूलबाधिर्यं स्रावं कर्णस्य नाशयेत् ॥ ४२ ॥

સાજીખાર, સુકો મૂળો, હીંગ, લીંડીપીપર, અને વરિયાળી એ

બધાંનો ખરલ કરી કલ્ક કરવો. પછી તે કલ્કનાથી ચારગણું તલનું તેલ તથા સોળગણું સુક્ત (સિરકો) ને ઉપરના કલ્કમાં મેળવવો. પછી તેને તેલ બાકી રહે ત્યાં સુધી ઉકાળવું. પછી તેલને ગળી લઇ તેને કાનમાં નાખવાથી કર્ણ પ્રણાદ, કર્ણશૂળ, બહેરાપણું અને કર્ણસ્રાવ વગેરે દરદોનો નાશ થાયછે. ૪૨-૪૩

(બહેરાપણા ઊપર અપામાર્ગ ક્ષાર તેલ.)

अपामार्गक्षारजले तत्क्षारं कल्कितं क्षिपेत् ॥
तेव पक्वं जयेत्तैलं बाधिर्यं कर्णनादकम् ॥ ४४ ॥

અઘેડાને બાળી તેની રાખ બનાવવી પછી તેને ચારગણા પાણીમાં નાખી એક વાસણમાં રાત્રિએ ચાર પહોર સુધી રહેવા દેવું. પછી સવારમાં લોઢાના વાસણમાં રાખમાનું પાણી નીતારી લેવું. પછી તે ક્ષારમાં તેનાથી ચારગણું તેલ, તથા તેલથી ચારગણું નીતારેલું પાણી મેળવી તેને માત્ર પાણી બળી તેલ બાકી રહે ત્યાં સુધી ઉકાળવું. એ તેલને કાનમાં નાખવાથી કર્ણનાદ વગેરે દરદોનો નાશ થાય છે.

(કર્ણનાડી ઊપર શમ્બૂક તેલ.)

शंबुकस्य तु मांसेन पचेत्तैलं तु सार्षपम् ॥
तस्य पूरणमात्रेण कर्णनाडी प्रशाम्यति ॥ ४५ ॥

શંખનું ચૂર્ણ તથા તેનાથી ચારગણું સરસિયું તેલ એ બધાંને મેળવી તેને અગ્નિ ઉપર માત્ર તેલ બાકી રહે ત્યાં સુધી ઉકાળવું પછી તે તેલને કાનમાં નાખવાથી કર્ણનાડી વ્રણ વગેરે દરદોનો નાશ થાયછે. ૪૫

(કર્ણસ્રાવ ઊપર ઔષધ.)

चूर्णं पंचकषायाणां कपित्थरसमेव च ॥
कर्णस्रावे प्रशंसंति पूरणं मधुना सह ॥ ४६ ॥

પંચ કષાય સંજ્ઞક ઔષધોનું ચૂર્ણ બનાવી તેમાં કોઠનો રસ તથા થોડું મધ નાખી એ બધાંને એકઠાં કરવાં. પછી તેને કાનમાં નાખવાથી કર્ણસ્રાવ વગેરે દરદોનો નાશ થાયછે. ૪૬

(પંચ કષાય સંજ્ઞક ઔષધનાં નામો.)

तिंदुकान्यभया लोध्रः समंगा चामलक्यपि ॥
ज्ञेयाः पंचकषयास्तु कर्मण्यस्मिन् भिषग्वरैः ॥ ४७ ॥

ટીમરૂ, હરડે, લોધર, મજીઠ, અને આંબળા એ પાંચે ઔષધો

પંચકષાય સંજ્ઞક ઔષધ કહેવાય છે. એના ફળ વગેરેનો ઉપયોગ પ્રથમ ખંડમાં પરિભાષા અધ્યાયમાં આપવામાં આવેલો છે. ૪૭

(કર્ણસ્રાવ ઉપર ઔષધ.)

सर्जिकाचूर्णसंयुक्तं बीजपूररसं क्षिपेत् ॥
कर्णस्रावरुजादाहाः प्रणश्यंति न संशयः ॥ ४८ ॥

સાજીખારના ચૂર્ણને બિજોરાના રસમાં મેળવી તેને કાનમાં નાખવાથી કર્ણસ્રાવ સંબંધી તમામ દરદોનો નાશ થાયછે. ૪૮

(કર્ણસ્રાવ ઉપર બીજો પ્રયોગ.)

आम्रजंबुप्रवालानि मधुकस्य वटस्य च ॥
एभिः संसाधितं तैलं पूतिकर्णोपशांतिकृत् ॥ ४९ ॥

આંબો, જાંબુ, મહુડો, અને વડ એ વૃક્ષોનાં કોમળ પાનને બારીક વાટીને તેનો કલ્ક બનાવવો. પછી તેમાં ચારગણું તેલ તથા તેલથી ચારગણું પાણી મેળવી તેને તેલ માત્ર બાકી રહે ત્યાં સુધી ચૂલા ઉપર ઉકાળવું. પછી તે તેલને ગાળી લઈ તેમાંથી કાનમાં ટીપાં પાડવાથી કર્ણસ્રાવ વગેરે તમામ દરદોનો નાશ થાય છે. ૪૯

(કર્ણકીટનો નાશ કરવા ઉપર તેલ.)

पूरणं हरितालेन गवां मूत्रयुतेन च ॥
अथवा सार्षपं तैलं कर्णकीटहरं परम् ॥ ५० ॥

ગોમૂત્રમાં હરતાલને વાટી તેને અથવા સરશિયાં તેલને કાનમાં નાખવાથી કર્ણકીટ વગેરે દરદો નાશ પામે છે. ૫૦

(કર્ણકીટ ઉપર બીજો પ્રયોગ.)

स्वरसं शिग्रुमूलस्य सूर्यावर्तरसं तथा ॥
त्र्यूषणं चूर्णितं चैव कपिकच्छूरसं तथा ॥
कृत्वैकत्र क्षिपेत्कर्णे कर्णकीटहरं परम् ॥ ५१ ॥

इति श्रीदामोदरसूनुशार्ङ्गधरेण विरचितायां संहितायां चिकित्सास्थाने उत्तरखंडे लेपादिविधिर्नाम एकादशोऽध्यायः समाप्तः ॥

સરગવાની છાલનો રસ, સુરજમુખી ફૂલનો રસ, તથા કૌંચાનો સ્વરસ, એ ત્રણે સ્વરસને એકઠા કરી તેમાં ત્ર્યૂષણ ઔષધોનું

ચૂર્ણ બનાવી મેળવવું. પછી તે બધાંને એક કરી તેનાં કાનમાં ટીંપા પાડવાથી કર્ણકીટ ઇત્યાદિ દરદોનો નાશ પામેછે. ૫૧

ઇતિશ્રી શારંગધર સંહિતાના ઉત્તર ખંડ વિષે અગિયારમા અધ્યાયનું પૂર્ણચંદ્ર શર્માકૃત ગુજરાતી ભાષાંતર સંપૂર્ણ.

અધ્યાય બારમો.

(રક્તશ્રાવનો વિધિ.)

शोणितं स्रावयेज्जंतोरामयं प्रसमीक्ष्य च ॥
प्रस्थं प्रस्थार्धकं वापि प्रस्थार्धार्धमथापि वा ॥ १ ॥

માણુસના શરીરની અંદરથી લોહી કહાડવા પહેલાં તેના શરીરની અંદરના વિકારોનો બરાબર વિચાર કરવો; અને ત્યાર પછી યોગ્યતા પ્રમાણે પા, અર્ધા અને એક પ્રસ્થ સુધી લોહી કહાડવું. ૧

(રકતશ્રાવનો સામાન્ય સમય.)

शरत्काले स्वभावेन कुर्याद्रक्तस्रुतिं नरः ॥
त्वग्दोषाग्रंथिशोथाद्या नश्यू रक्त स्रुतेर्यतः ॥ २ ॥

રક્તશ્રાવ, સ્વાભાવિક રીતે શરદ ૠતુમાં કરવો. તેથી ચામડીનાં દરદો વ્રણ અને સોજો વગેરે દરદોનો નાશ થાયછે. ૨

(રક્તનું સ્વરૂપ.)

मधुरं वर्णतो रक्तमशीतोष्णं तथा गुरु ॥
शोणितं स्निग्धविस्रं स्याद्विदाहश्चास्य पित्तवत् ॥ ३ ॥

રૂધિર, રસથી મધુર, વર્ણે લાલ છે તથા મંદોષ્ણ, ભારે ચીકણું, આમગન્ધી તથા પિત્તના સમાન દાહક છે. એ પ્રમાણે રક્તના રસ વર્ણ અને ગુણ જાણવા. ૩

(રૂધિરમાં પૃથિવ્યાદિ ભૂતોના ગુણ.)

विस्रता द्रवता रागश्चलनं विलयस्तथा ॥
भूम्यादिपंचभूतानामेते रक्तगुणाः स्मृताः ॥ ४ ॥

રૂધિરમાં આમગંધતા એ પૃથ્વિનો ગુણ, દ્રવતા પાણીનો ગુણ, રતાશ એ અગ્નિનો ગુણ, ચલન એ વાયુનો ગુણ અને લીનતા એ આકાશનો ગુણ છે. એ પ્રમાણે લોહીમાં પંચભૂતોના ગુણ સમજવા,

(રૂધિર વિકારનાં લક્ષણ.)

रक्ते दुष्टे वेदना स्यात्पाको दाहश्च जायते ॥
रक्तमंडलता कंडूः शोथश्च पिटिकोद्गमः ॥ ५ ॥

માણસનું લોહી ખરાબ થવાથી શરીરમાં વેદના, દાહ, રાતાં ધ્રાંમઠાં, ખરજ, સોજો અને ફોડા વગેરે થાય છે તેમજ થાક લાગ્યો હોય તેમ જણાય છે. ૫

(રૂધિર વૃદ્ધિનાં લક્ષણ.)

वृद्धे रक्तांगनेत्रत्वं शिराणां पूरणं तथा ॥
गात्राणां गौरवं निद्रा मदो दाहश्च जायते ॥ ६ ॥

શરીરમાં લોહી વધારે પ્રમાણમાં થવાથી શરીર અને આંખ રાતાં થાય છે, ધમન્યાદિ નાડીઓ ફુલી જાય છે, શરીર ભારે થાય છે તેમજ મદ તથા દાહ આદિ ઉપદ્રવો થાય છે અને નિદ્રા આવે છે.

(રૂધિરની ક્ષીણતાનાં લક્ષણ.)

क्षीणेऽम्लमधुराकांक्षा मूर्च्छा च त्वचि रुक्षता ॥
शैथिल्यं च शिराणां स्याद्वायोरुन्मार्गगामिता ॥ ७ ॥

શરીરમાંથી રૂધિરનું પ્રમાણ ક્ષીણ થવાથી ખાટા અને મધુર પદાર્થો ખાવાની વૃત્તિ થાય, મૂર્છા આવે, ચામડી રૂક્ષ થાય નાડીઓ શિથિલ થઈ જાય અને વાયુ ઉર્ધ્વ ગામી થાય છે. ૭

(વાયુ પ્રકોપથી બગડેલાં લોહીનાં લક્ષણ.)

अरुणं फेनिलं रुक्षं परुषं तनु शीघ्रगम् ॥
अस्कंदि सूचिनिस्तोदं रक्तं स्याद्वातदूषितम् ॥ ८ ॥

વાત પ્રકોપથી દૂષિત થયેલું લોહી રાતું, ફીણ જેવું, રૂક્ષ, કઠોર, હાંસકું, શીઘ્રગતિ કરનારૂં અને પાતળું હોય છે; અને તેનાથી સોઈ ઘોંચવા જેવી વેદના થાય છે. ૮

(પિત્તપ્રકોપથી બગડેલાં રૂધિરનાં લક્ષણ.)

पित्तेन पीतं हरितं नीलश्यावं च विस्रकम् ॥
अस्कंद्रग्रहणं मक्षिकाणां पिप्पलीनामरिष्टकम् ॥ ९ ॥

પિત્તથી દૂષિત થયેલા રૂધિરનો રંગ પીળો, આસમાની અથવા કાળો હોય છે. તથા તે આમગંધી, ઉષ્ણ અને પાતળું હોય છે અને તે ઉપર કીડી કે માખી ચડતી નથી. ૯

(કફથી દૂષિત રૂધિરનાં લક્ષણ.)

शीतं च बहुलं स्निग्धं गैरिकोदकसन्निभम् ॥
मांसपेशीप्रभं रक्तं हि मंदगं कफदूषितम् ॥ १० ॥

કફથી દૂષિત થયેલું લોહી શીતળ, સ્નિગ્ધ, ગેરૂના જેવા રંગનું, માંસ, પેશી, ઘન અને મંદગતિ કરનારૂં સમજવું. ૧૦

(દ્વિ અથવા ત્રિદોષથી દૂષિત થયેલા લોહીનાં લક્ષણ.)

द्विदोषदुष्टं संसृष्टं त्रिदोषं पूतिगन्धकम् ॥
सर्वलक्षणसंयुक्तं कांजिकाभं च जायते ॥ ११ ॥

દૂષિત થયેલા લોહીનાં બન્ને દોષોમાં સરખાં લક્ષણ હોય છે. ત્રિદોષથી દૂષિત થયેલા લોહીમાં સડાના જેવી વાસ આવે તથા તે ત્રણે દોષોના લક્ષણ યુક્ત અને કાંજીના જેવું હોય છે. ૧૧

(વિષ દૂષિત રૂધિરનાં લક્ષણ.)

विषदुष्टं भवेच्छ्यावं नासिकोन्मार्गगं तथा ॥
विस्रं कांजिकसंकाशं सर्वकुष्ठकरं बहु ॥ १२ ॥

વિષથી દૂષિત થયેલું લોહી કાળા રંગનું, ઉપરના માર્ગથી નાક વાટે બહાર આવતું, આમગંધી, અને કાંજી જેવું તથા બહુ કરીને કુષ્ઠરોગ ઉત્પન્ન કરનારૂં હોય છે. ૧૨

(શુદ્ધ રૂધિરનાં લક્ષણ.)

इंद्रगोपप्रभं ज्ञेयं प्रकृतिस्थमसंहतम् ॥

જે રૂધિરમાં કાંઇ વિકાર ન હોય અર્થાત શુદ્ધ હોય તેનો રંગ ચોમાસામાં થતા ઇન્દ્રગોપ જંતુના રંગજેવો હોય છે તેમજ તે પાતળું હોય છે.

(રૂધિરસ્રાવ કરવાયોગ્ય દરદી.)

शोथे दाहेऽगपाके च रक्तवर्णेऽसृजः स्रुतौ ॥ १३ ॥
वातरक्ते तथा कुष्ठे सपीडे दुर्जयेऽनिले ॥
पाणिरोगे श्लीपदे च विषदुष्टे च शोणिते ॥ १४ ॥
ग्रंथ्यर्बुदापचीक्षुद्ररोगरक्ताधिमंथिषु ॥
विदारी स्तनरोगेषु गात्राणां सादगौरवे ॥ १५ ॥
रक्ताभिष्यंदतंद्रायां पूतिघ्राणास्यदेहके ॥

यकृत्प्लीहविसर्पेषु विद्रधौ पीटकोद्गमे ॥ १६ ॥
कर्णौष्ठघ्राणवक्त्राणां पाके दाहे शिरोरुजि ॥
उपदंशेरक्तपित्ते रक्तस्रावः प्रशस्यते ॥ १७ ॥

દાહ, સોજો, અંગપાકરોગ, રક્તવર્ણ, દેહવ્યાધિ, જેની હમેશાં નસકોરીમાંથી લોહી વહેતું હોય, વાતરક્ત, કોઢ, અસાધ્ય વાતરોગ, હસ્તરોગ, શ્લીપદરોગ, વિષવિકાર, ગ્રંથી, અર્બુદ, ગંડમાળા, અપચિ, ક્ષુદ્રરોગ, નેત્રરોગ, વિદારી, સ્તનરોગ, દેહની શિથિલતા, જકડાઈ જવું, રક્તાભિષ્યંદ, તંદ્રા, નાક, મુખ અને દેહમાંથી વાસ મારવી, યકૃત, પ્લીહા, વિસર્પ, વિદ્રધિ, પિટિકારોગ, કાન, હોઠ, નાક, મુખ વગેરેમાં પાક, દાહ થવો, મસ્તક શૂળ, ઉપદંશ, રક્તપિત્ત વગેરે દરદો જે માણસને થયાં હોય તેના શરીરમાંથી રૂધિર સ્રાવ અવસ્ય કરવો જોઈએ. ૧૩-૧૭

(રક્તસ્રાવનો પ્રકાર.)

एषु रोगेषु शृंगैर्वा जलौकालांबुकैरपि ॥
अथवापि शिरामोक्षैः कुर्याद्रक्तस्रुतिं नरः ॥ १८ ॥

પૂર્વોક્ત દરદોમાં શિંગડાથી, જળોદ્વારા, તુંબડી વતી, અથવા નસ ખોલી વેધે રૂધિર કહાડવું. ૧૮

(રૂધિર કહાડવામાં અયોગ્ય માણસ.)

न कुर्वीत शिरामोक्षं कृशस्यातिव्यवायिनः ॥
क्लीबस्य भीरोर्गर्भिण्याः सूतिकापांडुरोगिणाम् ॥ १९ ॥
पंचकर्मविशुद्धस्य पीतस्नेहस्य चार्शसाम् ॥
सर्वांगशोथयुक्तानामुदरिश्वासकासिनां ॥ २० ॥
छर्द्यतीसारयुक्तानामतिस्विन्नतनोरपि ॥
ऊनषोडशवर्षस्य गतसप्ततिकस्य च ॥ २१ ॥
आघातस्रुतरक्तस्य शिरामोक्षो न शस्यते ॥
एषां चात्ययिके रोगे जलौकाभिस्तु निर्हरेत् ॥ २२ ॥
तथा च विषदुष्टानां शिरामोक्षो न शस्यते ॥

કૃશ, અતિ વિષયાસક્ત, નપુંસક, બ્હીકણુ માણસ, ગર્ભિણી તથા પ્રસૂતા સ્ત્રી, પાંડુરોગી, વમનાદિ પાંચ પ્રયોગોથી શુદ્ધ થયેલ

માણુસ, સ્નેહપાન કરેલો, અર્શ, સોજો, ઉદર, શ્વાસ, ખાંસી, વમન, અતિસાર, વગેરે વિકારોથી પીડિત, પસીનો કહાડેલો, સોળ વરષથી નાની ઉમ્મરનો, તથા સીતેર વર્ષ ઉપરાંત વયનો, વાગવાવડે નાકમાંથી લોહી નીકળતું હોય તે, વગેરે દરદી માણુસની નસ ખોલી રૂધિર કહાડવું નહિ. કદાચ રૂધિર કહાડવાની જરૂર પડે તો જળો મૂકી કહાડવું તથા વિષવિકારવાળાની નસ ખોલી રૂધિર કહાડવું. ૧૫-૨૨

(વાતાદિ વિકારથી દૂષિત થયેલાં રૂધિર કહાડવાનો પ્રકાર.)

गोशृंगेण जलौकाभिरलाबुभिरपि त्रिधा ॥ २३ ॥
वातपित्तकफैर्दुष्टं शोणितं स्रावयेद्बुधः ॥
द्विदोषाभ्यां तु संसृष्टं त्रिदोषैरपि दूषितम् ॥ २४ ॥
शोणितं स्रावयेद्युक्त्या शिरामोक्षैः पदैस्तथा ॥

વાયુથી દૂષિત થયેલું રૂધિર ગાયના શિંગવતી, પિત્તવિકારથી દૂષિત રૂધિરને જળો મૂકી, કફવિકારથી દૂષિત રૂધિર તુંબી લગાડી અને દ્વિ અથવા ત્રિદોષથી દૂષિત રૂધિર યુક્તિપૂર્વક નસ ખોલી બહાર કહાડવું-એ પ્રમાણે રૂધિરશ્રાવના પ્રકાર સમજવા. ૨૩-૨૪

(શિંગ વગેરેથી રૂધિર કહાડવાનો નિયમ.)

गृह्णाति शोणितं शृंगं दशांगुलमितं बलात् ॥ २५ ॥
जलौका हस्तमात्रं च तुंबी च द्वादशांगुलम् ॥
पदमंगुलमात्रेण शिरा सर्वांगशोधिनी ॥ २६ ॥

શિંગડું મૂકી રૂધિર કહાડવામાં આસપાસનું દશ આંગળ સુધીનું લોહી નીકળે છે, જળોવતી કહાડતાં એક હાથ જેટલામાંથી નીકળે છે, તુંબીદ્વારા બાર આંગળ આસપાસથી તથા નસ ખોલવાથી રક્ત નીકળી અંગનું શોધન થાય છે. ૨૫-૨૬

(દરદીના શરીરમાંથી રક્તશ્રાવ ન થાય તેનાં કારણ.)

शीते निरन्ने मूर्च्छायां तंद्राभीतिमदश्रमैः ॥
युतानां च स्रवेद्रक्तं तथा विण्मूत्रसंगिनाम् ॥ २७ ॥

શીત કાળમાં જે માણુસે ઉપવાસ કર્યો હોય તેના, મૂર્ચ્છા, તંદ્રા, ભયભીત, મદ અને શ્રમિત થયેલા તથા જેનાં મળ મૂત્ર બંધ હોય તેવા દરદીના શરીરમાંથી રૂધિર નીકળી શકતું નથી. ૨૭

(રક્તશ્રાવ ન થવા ઉપર ઔષધિ.)

अप्रवर्तिनि रक्ते च कुष्ठचित्रकसैंधवैः ॥
मर्दयेद्व्रणवक्त्रं च तेन सम्यक्प्रवर्त्तते ॥ २८ ॥

રક્તશ્રાવના પ્રયોગો કરવા છતાં રક્તશ્રાવ ન થાય તો તે વ્રણના મુખ ઉપર ઉપલેટ, ચિત્રક અને સિન્ધાલૂણ એ ત્રણેનું બારીક ચૂર્ણ ચોળવાથી ઉત્તમ રીતે રૂધિરશ્રાવ થાય છે. ૨૮

(રક્તશ્રાવનો સમય.)

तस्मान्न शीते नात्युष्णे न स्विन्ने नातितापिते ॥
पीत्वा यवागूतृप्तस्य शोणितं स्रावयेद्बुधः ॥ २९ ॥

દરદીના શરીરમાંથી જ્યારે સાધારણ ઠંડી અથવા ગરમીના સમયમાં, શરીરમાંથી પસિનો કહાડયા શિવાય, રક્તશ્રાવ કરવો તથા બહુ શરીર તપેલું નહોય અને યવાગૂ વગેરે પીધા પછી તૃપ્ત થયેલા માણસના દેહમાંથી રૂધિરશ્રાવ કરવો. ૨૯

(અત્યંત રક્તશ્રાવ થવાનું કારણ.)

अतिस्विन्नस्योष्णकाले तथैवातिशिराव्यधात् ॥
अतिप्रवर्तते रक्तं तत्र कुर्यात्प्रतिक्रियाम् ॥ ३० ॥

દરદીના શરીરમાંથી અતિ પરસેવો કહાડી ગરમીની રૂતુમાં રૂધિર કહાડવાથી તેમજ નસ ખોલતાં વધારે ફાટવાથી અતિશય રક્તશ્રાવ થાય છે. તેના ઉપચારો આગળ જણાવવામાં આવ્યા છે. ૩૦

(અત્યંત રક્તશ્રાવ થવા ઉપર ઉપાય.)

अतिप्रवृत्ते रक्ते च लोध्रसर्जरसांजनैः ॥
यवगोधूमचूर्णैर्वा धवधन्वनगैरिकैः ॥ ३१ ॥
सर्पनिर्मोकचूर्णैर्वा भस्मना क्षौमवस्त्रयोः ॥
मुखंव्रणस्य बध्वा च शीतैश्चोपचरेद्व्रणम् ॥ ३२ ॥
विध्येदूर्ध्वं शिरां तां वा दहेत्क्षारेण वाग्निना ॥
व्रणं कषायं संधत्ते रक्तं स्कंदयते हिमं ॥ ३३ ॥
व्रणास्यं पाचयेत्क्षारो दाहः संकोचयेच्छिराम् ॥

નસમાંથી અતિશય રૂધિર નિકળવા માંડે તો તેને બંધ કરવા માટે લોધર, રાલ, અને રસવંતી એ ત્રણેનું ચૂર્ણ અથવા ઘઉંનું

અથવા ધાવડી તથા ધમાસો અને ગેરૂ એ ત્રણનું ચૂર્ણ અથવા સર્પની કાંચળીનું ચૂર્ણ, અથવા રેશમ અને કપડાની રાખ, એ બધાં ઔષધોમાંથી જે હાજર હોય તે ઔષધના ચૂર્ણને વ્રણ ઉપર દાબી દેવું અને પછી તેના ઉપર ચંદનાદિ લેપ અને શીતોપચાર કરવા. યદિ એ ઉપચારોથી રૂધિરસ્રાવ થતો ન અટકે તો તે નસને ફરીથી ખોલવી અથવા તે વ્રણ ઉપર ડામ દેવો, વગેરે ઉપચારોથી લોહી નીકળતું અટકે છે. લોધર વગેરે ઔષધોનું ચૂર્ણ વ્રણના મુખને સંકોચે છે, શીતોપચાર કરવાથી રૂધિર જામી જાય છે, ક્ષાર વગેરેથી વ્રણનું પાચન થાય છે તથા ડામથી નસનો સંકોચ થઈ રૂધિર નીકળતું અટકે છે. ૩૧-૩૩

(ડાંભવાથી નાશ થતાં દરદો.)

वामांकशोथे दक्षस्य करस्यांगुष्ठमूलजाम् ॥ ३४ ॥
दहेच्छिरां व्यत्यये तु वामांगुष्ठशिरां दहेत् ॥
शिरादाहप्रभावेन शुष्कशोथः प्रशाम्यति ॥ ३५ ॥
विषूच्यां पाददाहेन जायतेऽग्नेः प्रदीपनम् ॥
संकुचंति यतस्तेन रसश्लेष्मवहाः शिराः ॥ ३६ ॥
यदा वृद्धिर्यकृत् प्लीह्नोः संजायतेऽसृजः ॥
तदा तत्स्थानदाहेन संकुचंत्यसृजः शिराः ॥ ३७ ॥

ડાબી બાજુના અંડકોષ ઉપર સોજો હોય તો તેને જમણા હાથના અંગૂઠાના મૂળમાં ડામ દેવો અને જમણી બાજુ પર હોય તો ડાબા હાથના અંગૂઠાના મૂળમાં ડામ દેવો. તેથી અંડકોષનો સોજો નાશ પામે છે. વિષૂચિકા ઉપર લોઢાની કડછી અથવા તવેથાને ગરમ કરી પગના તળિયામાં શેકવા માટે ફેરવવો. તેથી રસ અને કફવાહિની શિરાઓનો સંકોચ થઈ અગ્નિ પ્રદીપ્ત થાય છે તથા વિષૂચિકા વગેરે દરદોનો નાશ થાય છે. તેમજ બાલકના પેટમાં યકૃત અને પ્લીહાની વૃદ્ધિ થતી હોય તો તે જગાને ડાંભવાથી યકૃત, (લીવર) પ્લીહા (બરલ) વગેરે નાશ થાય છે. ૩૪-૩૭

(રૂધિર કઢાડયા પછી બાકી રહેલ રૂધિરના ગુણ.)

रक्ते दुष्टेवशिष्टेऽपि व्याधिर्नैव प्रकुप्यति ॥
अतः स्राव्यं सावशेषं रक्तोनातिक्रमो हितः ॥ ३८ ॥

आंध्यमाक्षेपकं तृष्णां तिमिरं शिरसोरुजम् ॥
पक्षाघातं श्वासकासौ हिक्कां दाहं च पांडुताम् ॥ ३९ ॥
कुरुते विसृतं रक्तं मरणं वा करोति च ॥

શરીરમાંથી લોહી કહાડવા પછી થોડું લોહી બાકી રહેવાથી દરદોનો વિકાર થતો નથી માટે પ્રથમથી થોડું લોહી રહેવા દઈ લોહી કહાડવું. સંપૂર્ણ લોહી કહાડવાથી, અંધાપો, આક્ષેપવાયુ, પ્યાસ, તિમિર, મસ્તકશૂળ, પક્ષઘાત, શ્વાસ, ખાંસી, હેડકી, દાહ, પાંડુરોગ વગેરે થાય છે માટે સંપૂર્ણ લોહી કહાડવું નહિ. ૩૮–૩૯

(રૂધિરથી શરીરાદિ ઉત્પત્તિ પ્રકાર.)

देहस्योत्पत्तिरसृजा देहस्तेनैव धार्यते ॥ ४० ॥
विना तेन व्रजेज्जीवो रक्षेद्रक्तमतो बुधः ॥

રૂધિરથી દેહની ઉત્પત્તિ, તથા દેહનું ધારણ પણ થાય છે, તેમજ રૂધિર શિવાય આત્મા રહેતો નથી. એટલા માટે વૈદ્યે રૂધિરને રક્ષિત રાખવું; ૪૦

(રૂધિર કહાડવા પછીના ઉપદ્રવોનો ઉપાય.)

शीतोपचारैः कुपिते स्रुतरक्तस्य मारुते ॥ ४१ ॥
कोष्णेन सर्पिषा शोथं सव्यथं परिषेचयेत् ॥

રૂધિર કહાડવા પછી ત્રણમાં પિત્તપ્રકોપ થવા ઉપર ચંદનાદિ શીતળોપચાર કરવો તથા વાતવિકારથી ત્રણ ઉપર સોજો આવી પીડા થાય તે ઉપર થોડું ગરમ કરી ઘી ચોપડવું. ૪૧

(રક્તસ્રાવ ઉપર પથ્ય.)

क्षीणस्यैणशशोरभ्रहरिणछागमांसजः ॥ ४२ ॥
रसः समुचितः पाने क्षीरं वा षष्ठिका हिता ॥

રક્તસ્રાવથી ક્ષીણ થયેલા માણસને ગાયનું દૂધ, અથવા સાઠી ચોખાની ખીર કે ભાત વગેરેનું સેવન કરાવવું ઉત્તમ છે. ૪૨

(ઉત્તમ રીતથી રક્તસ્રાવ થવાનાં લક્ષણ.)

पीडाशान्तिर्लघुत्वं च व्याधेरुद्रेकसंक्षयः ॥ ४३ ॥
मनःस्वास्थ्यं भवेच्चिन्हं सम्यग्विस्राविते‌ऽसृजि ॥

ઉત્તમ રક્તસ્રાવ થવાથી, પીડા નાશ થાયછે, શરીર હલકું થાય છે, રોગોનો નાશ થાય છે તથા મનની પ્રસન્નતા વધે છે. ૪૩

(રક્તસ્રાવ પછી વર્જિત પદાર્થો.)

व्यायाममैथुनक्रोधशीतस्नानप्रवातकान् ॥४४॥
एकाशनं दिवानिद्रां क्षाराम्लकटुभोजनम् ॥
शोकं वादमजीर्णं च त्यजेदाबलदर्शनात् ॥४५॥

इति श्रीदामोदरसूनुशार्ङ्गधरेण विरचितायां संहितायां चिकित्सास्थाने उत्तरखंडेरक्त मोक्षविधिर्नाम द्वादशोऽध्यायः समाप्तः ॥

પરિશ્રમ, મૈથુન, ક્રોધ, ટાઢાં પાણીથી ન્હાવું, બહુ પવન લેવો, એકજ વસ્તુનું ભોજન, દિવસે સુવું, ખાટા, ખારા વગેરે પદાર્થો, શોક, વાદવિવાદ, અજીર્ણકર્તા પદાર્થો વગેરે જ્યાં સુધી શરીરમાં તાકત ન આવે ત્યાં સુધી રોગીએ તજી દેવા. ૪૪-૪૫

ઇતિ શ્રી શારંગધર સંહિતાના ઉત્તર ખંડ વિષે બારમા અધ્યાયનું પૂર્ણચંદ્ર શર્માકૃત ગુજરાતી ભાષાંતર સંપૂર્ણ.

અધ્યાય તેરમો.

(નેત્ર રોગ ઉપર ઉપચારો.)

सेक आश्चोतनं पिंडी विडालं तर्पणं तथा ॥
पुटपाकांजनं चैभिः कल्कैर्नेत्रमुपाचरेत् ॥ १ ॥

શેક, આશ્ચોતન, પિંડી, બિડાલ, તર્પણ, પુટપાક અને અંજન એ સાત પ્રકારના કલ્ક નેત્રરોગ ઉપરના છે. તેમાંથી જે રીતથી ઉપચાર કરવાનું વિધાન હોય તે રીતે ઉપચારો કરવા. ૧

(શેકનું વિધાન.)

सेकस्तु सूक्ष्मधाराभिः सर्वस्मिन्नयने हितः
मीलिताक्षस्य मर्त्यस्य प्रदेयश्चतुरंगुलात् ॥ २ ॥

આંખમાં પીડા થતી હોય તે બંધ કરી તેના ઉપર ચાર આંગળની ઉંચાઇથી દૂધ, ઘી, રસ વગેરેની સંપૂર્ણ નેત્રો ઉપર બારીક ધાર કરવી તેને શેક કહેવામાં આવે છે. ૨

(સ્નેહાદિ ભેદથી શેકના ત્રણ પ્રકાર.)

सचापि स्नेहनो वाते रक्तो पित्ते च रोपणः ॥
लेखनश्च कफे कार्यस्तस्य मात्राऽधुनोच्यते ॥ ३ ॥

વાયુથી દૂષિત નેત્રો ઉપર સ્નેહાદિ શેક, રક્તપિત્ત જન્ય નેત્ર વિકાર ઉપર રોપણ શેક અને કફજન્ય નેત્ર વિકાર ઉપર લેખન શેકની યોજના કરવી. ૩

(શેકની માત્રાનું પ્રમાણ.)

षड्वाक्शतैः स्नेहनेषु चतुर्भिश्चैव रोपणे ॥
वाक्शतैश्च त्रिभिः कार्यः सेको लेखनकर्मणि ॥ ४ ॥

છસો પર્યંત અંક ગણાઇ રહે ત્યાં સુધી સ્નેહ શેક, ચારસો અંક ગણતાં સુધી રોપણ શેક તથા ત્રણસો અંક ગણતાં સુધી લેખન શેક નેત્રપર રાખવો. ૪

(શેક કરવાનો સમય.)

कार्यस्तुदिवसे सेको रात्रौ चात्ययिके गदे ॥

નેત્રો ઉપર દિવસના શેક કરવો, પણ દરદનું પ્રમાણ વધી ગયું હોય તો રાત્રે પણ શેક કરવો. ૫

(વાતાભિષ્યંદ રોગ ઉપર શેક.)

एरंडत्वक्पत्रमूलैः शृतमाजं पयो हितम् ॥ ५ ॥
सुखोष्णं सेचनं नेत्रे वाताभिष्यंदनाशनम् ॥

એરંડાના પંચાગનું ચૂર્ણ કરી બકરીના દૂધમાં ઉકાળી પછી તેને ગળી લેવું, અને તે દૂધની ગરમ ધારા સહેવાય તેટલા પ્રમાણમાં નેત્રો ઉપર કરવાથી વાતાભિષ્યંદ વગેરે દરદોનો નાશ થાય છે. ૫

(વાતાભિષ્યંદ ઉપર બીજો ઉપાય.)

परिषेको हितं नेत्रे पयः कोष्णं ससैंधवम् ॥ ६ ॥
रजनी दारुसिद्धं वा सैंधवेन समन्वितम् ॥
वाताभिष्यंदशमनं हितं मारुतपर्यये ॥ ७ ॥
शुष्काक्षिपाके च हितमिदं सेचनकं तथा ॥

બકરીના દૂધમાં સિન્ધાલૂણ નાખી તેને ગરમ કરી પછી સહેવાય તેટલાં ગરમ દૂધની નેત્રો ઉપર ધારા કરવાથી અથવા હળદર, દેવદાર અને સિન્ધાલૂણ એનું ચૂર્ણ બનાવી તેમાં દૂધ મેળવી ગરમ

કરવું. પછી તે દૂધની સહન થાય તેટલી ગરમ ધારા નેત્રો ઉપર કરવાથી વાતાભિષ્યંદ, વાત વિપર્યય, અને શુષ્કાક્ષિ પાક વગેરે નેત્ર રોગને નાશ થાય છે. ૬-૭

(રક્તપિત્ત તથા અભિઘાતક ઉપર લેપ.)

सावरं मधुकं तुल्यं घृतभृष्टं सुचूर्णितम् ॥ ८ ॥
छागक्षीरे घृतं सेकात्पित्तरक्ताभिघातजित् ॥

લોધર, જેઠીમધ, એ બેઉના ચૂર્ણને ઘીમાં શેકવું પછી તેને બકરીના દૂધમાં ઘુંટી કપડાંથી ગળી લેવું અને તેની આંખો ઉપર ધારા કરવી જેથી પિત્તવિકાર તથા અભિઘાતજન્ય વિકારોનો નાશ થાય છે. ૮

(રક્તાભિષ્યંદ રોગ ઉપર શેક.)

त्रिफला लोध्रयष्टीभिः शर्कराभद्रमुस्तकैः ॥ ९ ॥
पिष्टैः शीतांबुना सेको रक्ताभिष्यंदनाशनः ॥

ત્રિફળા, લોધર, જેઠીમધ, સાકર, અને નાગરમોથ આ બધાં સમાન લઇ તેને ટાઢા પાણીમાં બારીક ઘુંટી તેમાંથી પાણી ગળી લેવું. તે પાણીની આંખ ઉપર ધારા કરવાથી રક્તાભિષ્યંદ રોગ નાશ પામે છે. ૯

(રક્તાભિષ્યંદ રોગ ઉપર બીજો શેક.)

लाक्षा मधुकमंजिष्टा लोध्रकालानुसारिवा ॥ १० ॥
पुंडरीकयुतः सेको रक्ताभिष्यंदनाशनः

લાખ, જેઠીમધ, મજીઠ, લોધર, સારિવા, અને ધોળું કમળ એ બધાંને ટાઢા પાણીમાં વાટીને પાણીને ગળી લેવું અને તે પાણીની ધારા નેત્રો ઉપર કરવાથી રક્તાભિષ્યંદ રોગનો નાશ થાય છે. ૧૦

(નેત્રશૂળનાશક શેક.)

श्वेतलोध्रं घृते भृष्टं चूर्णितं पटविश्रुतम् ॥ ११ ॥
उष्णांबुना विमृदितं सेकाच्छूलघ्नमंबके ॥

સફેદ લોધરને ઘીમાં શેકી તેનું બારીકચૂર્ણ બનાવવું અને તે ચૂર્ણને ગરમ પાણીમાં વાટી તે પાણી ગળી લેવું. પછી તે ગાળેલા પાણીની આંખો ઉપર ધારા કરવાથી નેત્રશૂળનો નાશ થાય છે. ૧૧

(અશ્ચોતનનાં લક્ષણ.)

अथ आश्चोतनं कार्यं निशायां न कथंचन ॥ १२ ॥
उन्मीलितेऽक्ष्णि दृङ्मध्ये बिंदुभिर्द्व्यंगुलाद्धितम् ॥

દરદીની આંખ ઉઘાડી તેમાં બે આંગળની ઉંચાઇથી દૂધ, કવાથ ઇત્યાદિનાં બિન્દુ નાખવાં તેને અશ્ચોતન કહેવામાં આવે છે. તેનો રાત્રિએ ઉપયોગ કરવો નહિ. ૧૨

(નેત્રોમાં ટીપાં નાખવાનું પ્રમાણ.)

बिंदवोऽष्टौ लेखनेषु स्नेहने दश बिंदवः ॥ १३ ॥
रोपणे द्वादश प्रोक्तास्तेशीते कोष्णरूपिणः ॥
उष्णे च शीतरूपाः स्युः सर्वत्रैवैष निश्चयः ॥ १४ ॥

દરદીની આંખમાં બે આંગળની ઉંચાઇથી લેખન કર્મમાં આઠ ટીપાં, સ્નેહ કર્મમાં દશ તથા રોપણ કર્મમાં બાર ટીપાં નાખવાં. જો શીતળ સમય હોય તો જરા ગરમ ટીપાં નાખવાં અને ગરમીની ઋતુમાં શીતળ બિંદુ નાખવાં એવો સર્વત્ર નિયમ છે. ૧૩-૧૪

(વાતજન્ય નેત્રરોગ ઉપર ટીંપાંનું પ્રમાણ.)

वाते तिक्तं तथा स्निग्धं पित्ते मधुरशीतलम् ॥
तिक्तोष्णरुक्षं च कफे क्रमादाश्चोतनं हितम् ॥ १५ ॥

વાતજન્ય નેત્રરોગ ઉપર કડુ, અને સ્નિગ્ધ પદાર્થોનું અશ્ચોતન કર્મ કરવું. પિત્તવિકાર ઉપર મધુર તથા શીતળ અને કફવિકાર ઉપર કડુ, ઉષ્ણ અને રૂક્ષ પદાર્થોનું અશ્ચોતન કર્મ કરવું. એ રીતે અશ્ચોતન ક્રિયા કરવાથી ફાયદો થાય છે. ૧૫

(અશ્ચોતન કર્મની માત્રાનું પ્રમાણ.)

आश्चोतनानां सर्वेषां मात्रा स्याद्वाक्शतं हितम् ॥
निमेषोन्मेषणं पुंसामंगुल्योश्छोटिका थवा ॥ १६ ॥
गुर्वक्षरोच्चारणं वा वाङ्मात्रेयं स्मृता बुधैः

મનુષ્યની આંખની પાપણના પલકારા જેટલા, અથવા ચપટી વગાડવા જેટલા અથવા એક દીર્ઘ અક્ષરનો ઉચ્ચાર કરવા જેટલા સમયની એક વાઙમાત્રા કહેવાય છે, એવી સો માત્રા અશ્ચોતન કર્મમાં હિતકારી ગણાય છે. ૧૬

(વાતાભિષ્યંદ ઉપર અશ્ચોતન કર્મ.)

बिल्वादिपंचमूलेन बृहत्येरंडशिग्रुभिः ॥ १७ ॥
क्वाथ आश्चोतने कोष्णो वाताभिष्यंदनाशनः

બિલ્વાદિ પાંચ ઔષધિનાં મૂળ, ભોયરીંગણીનાં મૂળ, એરંડ મૂળ અને સરગવાની છાલ એ બધાં ઔષધોનો કવાથ બનાવી તેને ગળી લેવો. પછી તેમાંથી સહન થાય તેટલાં ગરમ ટીપાં આંખમાં પાડવાથી વાતાભિષ્યંદ વગેરે દરદોનો નાશ થાય છે. ૧૭

(વાત અને રક્તપિત્તજન્ય અભિષ્યંદ ઉપર અશ્ચોતન.)

अंबुपिष्टैर्निबपत्रैस्त्वचं लोध्रस्य लेपयेत् ॥ १८ ॥
प्रताप्य वह्निना पिष्ट्वा तद्रसो नेत्रपूरणात् ॥
वातोत्थं रक्तपित्तोत्थमभिष्यंदं विनाशयेत् ॥ १९ ॥

લીંબડાના પાનનો પાણી સાથે કલ્ક બનાવી તેનો લોધરની છાલ ઉપર લેપ કરી તે છાલને ગરમ કરી પીસી તેનો રસ કહાડી ગળી લેવો અને તેનાં આંખમાં ટીપાં પાડવાં જેથી વાત અને રક્ત-પિત્તજન્ય અભિષ્યંદ રોગનો નાશ થાય છે. ૧૮-૧૯

(નેત્રના સંપૂર્ણ અભિષ્યંદ રોગો ઉપર ટીપાં.)

त्रिफलाश्चोतनं नेत्रे सर्वाभिष्यंदनाशनम् ॥

ત્રિફળાનો કવાથ બનાવી તેનાં સહન થાય તેટલાં ગરમ ટીપાં પાડવાથી સર્વાભિષ્યંદ દરદોનો નાશ થાય છે.

(રક્તપિત્તાદિજન્ય અભિષ્યંદ ઉપર અશ્ચોતન.)

स्त्रीस्तन्याश्चोतनं नेत्रे रक्तपित्तानिलार्तिजित् ॥ २० ॥
क्षीरसर्पिर्घृतं वापि वातरक्तरुजं जयेत् ॥

સ્ત્રીના ધાવણનાં ટીપાં આંખમાં નાખવાથી, તેમજ દૂધ, મલાઇ અથવા ઘી એનાં ટીપાં આંખમાં નાખવાથી રક્તપિત્તાદિ અભિષ્યંદ રોગનો નાશ થાય છે. ૨૦

(પિંડીનો વિધિ.)

पिंडीकवलिका प्रोक्ता बध्यते पट्टवस्त्रके ॥ २१ ॥
नेत्राभिष्यंदयोग्या सा व्रणेष्वपि निबध्यते ॥

ઔષધોને બારીક વાટી તેની થેપલી બનાવી આંખ ઉપર મૂકીને આંખે રેશમી કપડાનો પાટો બાંધવો તેને પિન્ડી અથવા કવ-

ભિકા એ પ્રમાણે કહેવામાં આવે છે. એ પિન્ડી નેત્રાભિષ્યંદ રોગ ઉપર હિતકારી છે, તથા વ્રણના ઉપર પણ ફાયદાકારક છે. ૨૧

(કફાભિષ્યંદ ઉપર શિરો વિરેચન.)

अभिष्यंदेऽधिमंथे च संजाते श्लेष्मसंभवे ॥ २२ ॥
स्निग्धस्विन्नोत्तमांगस्य शिरस्तीक्ष्णैर्विरेचयेत् ॥

જે માણસને કફજન્ય અભિષ્યંદ તથા અધિમન્થ દરદો કફ સંબંધી થયાં હોય તેના મસ્તક ઉપર તેલ ચોળી પરશેવો કહાડવો. પછી મસ્તકનું શોધન કરવા તીક્ષ્ણ ઔષધોનું નસ્ય આપવું ૨૨

(અધિમંથ રોગ ઉપર બીજો ઉપાય.)

अधिमंथेषु सर्वेषु ललाटे वेधयेच्छिराम् ॥ २३ ॥
अशांते सर्वथा मंथे भ्रूवोस्तु परिदाहयेत् ॥

સંપૂર્ણ અધિમંથના દરદીની લલાટની શિરા ખોલી રક્તશ્રાવ કરવાથી અધિમંથ રોગનો નાશ થાય છે. કદાચ તેનાથી દરદ શાંત ન પડે તો ભમરમાં ડામ આપવો, તેથી અધિમંથ વગેરે નાશ થાય છે. ૨૩

(અભિષ્યંદનો વિધિ.)

अभिष्यंदेषु सर्वेषु बध्नियात्पिटिकां बुधः ॥ २४ ॥
वाताभिष्यंदशांत्यर्थे स्निग्धोष्णा पिंडिका भवेत् ॥

સંપૂર્ણ અભિષ્યંદ ઉપર જે ઔષધો આપવામાં આવ્યાં છે તે ઔષધોની થેપલી બનાવી આંખ ઉપર મુકવી તેથી સંપૂર્ણ અભિષ્યંદ રોગનો નાશ થાય છે. સ્નિગ્ધ અને ગરમ થેપલી બાંધવાથી વાતાભિષ્યંદ નેત્રરોગનો નાશ થાય છે. ૨૪

(બીજી રીત.)

एरंडपत्रमूलत्वङ्निर्मिता वातनाशिनी ॥ २५ ॥
पित्ताभिष्यंदनाशाय धात्री पिंडी सुखावहा ॥

એરંડાના પાન, મૂળ અને છાલને બારીક વાટી કલ્ક બનાવવો અને તેની થેપલી કરી આંખ ઉપર બાંધવી જેથી વાતાભિષ્યંદ રોગ નાશ થાય છે, તથા આમળાનો કલ્ક બનાવી તેની થેપલી આંખ ઉપર બાંધવાથી પિત્તાભિષ્યંદ રોગનો નાશ થાય છે. ૨૫

(પિત્તાભિષ્યંદ ઉપર ત્રીજી રીત.)

महानिंबफलेद्भूता पिंडी पित्तविनाशिनी ॥ २६ ॥

બકાયનના ફળને બારીક વાટી તેનો કલ્ક બનાવી તેની આંખ ઉપર થેપલી મૂકવાથી પિત્તાભિષ્યંદ રોગ નાશ પામે છે. ૨૬

(કફાભિષ્યંદ ઉપર પિન્ડી.)

शिग्रुपत्रकृता पिंडी श्लेष्माभिष्यंदनाशिनी ॥

સરગવાના પાનનો કલ્ક બનાવી તેની આંખ ઉપર થેપલી મૂકવી જેથી કફાભિષ્યંદ રોગનો નાશ થાય છે.

(કફપિત્તાભિષ્યંદ ઉપર પિન્ડી.)

निंबपत्रकृता पिंडी श्लेष्मपित्तहरा भवेत् ॥ २७ ॥
त्रिफला पिंडिका प्रोक्ता नाशने श्लेष्मपित्तयोः ॥

લીંબડાના પાનને બારીક વાટી તેનો કલ્ક બનાવવો અને તેની આંખ ઉપર થેપલી મૂકવી અથવા ત્રિફળાના કલ્કની થેપલી મૂકવી જેથી કફાભિષ્યંદ વગેરે દરદોનો નાશ થાય છે. ૨૭

(રક્તાભિષ્યંદ ઉપર પિન્ડી.)

पिष्ट्वा कांजिकतोयेन घृतभृष्टा च पिंडिका ॥ २८ ॥
लोध्रस्य हरति क्षिप्रमभिष्यंदमसृग्दरम् ॥

લોધરને ઘીમાં શેકી કાંજીમાં વાટી તેની થેપલી બનાવી આંખ ઉપર મૂકવી જેથી રક્તાભિષ્યંદ રોગ નાશ પામે છે. ૨૮

(સોજા, ખુજલી વગેરે ઉપર પિન્ડી.)

शुंठी निंबदलैः पिंडी सुखोष्णा स्वल्पसैंधवा ॥ २९ ॥
धार्या चक्षुषि संयोगाच्छोथकंडूव्यथापहा ॥

શુંઠ અને લીંબડાના પાનને બારીક વાટી તેમાં થોડું સિન્ધાલૂણ મેળવી તેની થેપલી બનાવી તેને જરા ગરમ કરી આંખ ઉપર બાંધવી જેથી નેત્રનો સોજો ચળ વગેરે દરદો નાશ પામે છે.

(બિડાલક લેપનો વિધિ.)

बिडालको बहिर्लेपो नेत्रपक्ष्मविवर्जितः ॥ ३० ॥
तस्य मात्रा परिज्ञेया मुखलेपविधानवत् ॥

આંખોને બંધ કરી પાંપણના ઉપરના ભાગમાં ડોળા ઉપર

બહારથી લેપ કરવો તેનું નામ બિડાલક લેપ સમજવું. આ લેપની માત્રા મુખ લેપની માત્રા પ્રમાણે લેવી. ૩૦

(સર્વ નેત્ર રોગો ઉપર લેપ.)

यष्टी गैरिक सिंधूत्थ दार्वी तार्क्ष्यैः समांशकैः ॥ ३१ ॥
जलपिष्टैर्बहिर्लेपः सर्वनेत्रामयापहः ॥

જેઠીમધ, ગેરૂ, સિન્ધાલૂણ, દારૂહળદર, અને ખાપરિયું એ બધાંને પાણીમાં બારીક વાટી આંખના બહારના ભાગમાં ચોપડવાથી સર્વ પ્રકારના નેત્ર રોગનો નાશ થાય છે. ૩૧

(સર્વ નેત્ર રોગો ઉપર લેપનો બીજો પ્રકાર.)

रसांजनेन वा लेपः पथ्याविश्वदलैरपि ॥ ३२ ॥
कुमारिकाग्निपत्रैर्वा दाडिमीपल्लवैरपि ॥
वचाहरिद्रानिंबैर्वा तथा नागरगैरिकैः ॥ ३३ ॥

રસવંતીને પાણીમાં બારીક વાટી લેપ કરવાથી, અથવા હરડે, શુંઠ અને તમાલપત્રને પાણીમાં બારીક વાટી લેપ કરવાથી, અથવા કુંવાર અને ચિત્રકના પાનને વાટી લેપ કરવાથી, અથવા દાડમના પાનને પાણીમાં વાટી લેપ કરવાથી, અથવા વજ, હળદર અને શુંઠ એ ત્રણેને પાણીમાં વાટી લેપ કરવાથી, અથવા શુંઠ અને ગેરૂ એને પાણીમાં વાટી લેપ કરવાથી સર્વ પ્રકારના નેત્રરોગનો નાશ થાય છે. ૩૨–૩૩

(સર્વ નેત્રરોગ ઉપર લેપનો ત્રીજો પ્રકાર.)

दग्ध्वाग्नौ सैंधवं लोध्रं मधूच्छिष्टयुते घृते ॥
पिष्टमंजनलेपाभ्यां सद्यो नेत्ररुजापहम् ॥ ३४ ॥

સિન્ધાલૂણ અને લોધર એ બેઉને અગ્નિ ઉપર શેકીને પછી તેને ઘી તથા મીણમાં બારીક વાટી તેનો આંખના બહારના ભાગમાં લેપ કરવો જેથી અથવા આંખમાં આંજવાથી સર્વ નેત્રરોગનો નાશ થાય છે. ૩૪

(સર્વ નેત્રરોગ ઉપર લેપનો ચોથો પ્રકાર.)

लोहस्य पात्रे संघृष्टो रसो निंबूफलोद्भवः ॥
किंचिद्धनो बहिर्लेपान्नेत्रबाधां व्यपोहति ॥ ३५ ॥

લોઢાના વાસણમાં લીંબુના રસનો ખરલ કરી તેનો લેપ કરવાથી નેત્ર સંબંધી સર્વ રોગનો નાશ થાય છે. ૩૫

(અર્મરોગ ઉપર લેપ.)

संचूर्ण्य मरिचं केशराजस्वरसमर्दनात् ॥
लेपनादर्मणां नाशं करोत्येष प्रयोगराट् ॥ ३६ ॥

કાળાં મરીને ભાંગરાના રસમાં બારીક ખરલ કરી નેત્રો ઉપર લેપ કરવાથી શુક્લાર્મ તથા અધિમાંસાર્મ ઇત્યાદિ નેત્ર રોગનો નાશ થાય છે. ૩૬

(અંજનનામિકા ઉપર લેપ.)

स्विन्नां भित्वा विनिष्पीड्य भिन्नामंजननामिकाम् ॥
शिलैलानतासिंधूत्थैः सक्षौद्रैः प्रतिसारयेत् ॥ ३७ ॥

આંખમાં આંજણી થાય છે તેને પરશેવો લાવી ફોડી નાખી તેમાંથી દબાવીને ખરાબ ભાગ કહાડી નાખવો. પછી મણશિળ, એલચી, તગર અને સિન્ધાલૂણ એ પદાર્થોનું બારીક ચૂર્ણ બનાવી તેમાં મધ મેળવી તેનો આંજણી ઉપર લેપ કરવો જેથી આંજણી વગેરે દરદોનો નાશ થાય છે. ૩૭

(નેત્રરોગ ઉપર તર્પણ.)

अथ तर्पणकं वच्मि नेत्रतृप्तिकरं परम् ॥
यद्रूक्षं परिशुष्कं च नेत्रं कुटिलमाविलम् ॥ ३८ ॥
शीर्णपक्ष्मशिरोत्पातकृच्छ्रोन्मीलनसंयुतम् ॥
तिमिरार्जुनशुक्राद्यैरभिष्यंदाधिमंथकैः ॥ ३९ ॥
शुष्काक्षिपाकशोथाभ्यां युक्तं वातविपर्ययैः ॥
तन्नेत्रं तर्पणे योज्यं नेत्रकर्मविशारदैः ॥ ४० ॥

નેત્રની તૃપ્તિકરનારૂં તર્પણ આ પ્રમાણે કહેવામાં આવેલ છેઃ- આંખમાં રૂક્ષતા, શુષ્કતા, કુપિતપણું, વગેરે દરદો, પાંપણો ખરી પડવી, શિરોત્પાત, કૃચ્છ્રોન્મલિન, તિમિર, અર્જુન, શુક્ર, અભિષ્યંદ, અધિમંથ, શુષ્કાક્ષિપાક, સોજો, અને વાતવિપર્યય, વગેરે નેત્રનાં દરદો ઉપર તર્પણ પ્રયોગ કરવો જોઇએ. ૩૮-૪૦

(તર્પણ પ્રયોગ ક્યારે થઇ શકે ?)

दुर्दिनेत्युष्णशीतेषु चिंतायां संभ्रमेषु च ॥
अशांतोपद्रवे चाक्षिण तर्पणं न प्रशस्यते ॥ ४१ ॥

વાદળાથી ઘેરાયેલા દિવસે, અતિશય ગરમી તથા અતિશય ટાઢ

હોય તે સમયે, તેમજ ચિંતા, પરિશ્રમ, ભ્રમ, અને આંખમાં શળા· દિક વેદના હોય તે વખતે તર્પણ પ્રયોગ કરવો નહિ. ૪૧

(તર્પણ પ્રયોગનું વિધાન.)

घातातपरजोहीने देशे चोत्तानशायिनः ॥
आधारौ माषचूर्णेन क्लिन्नेन परिमंडलौ ॥ ४२ ॥
समौ दृढावसंबाधौ कर्तव्यौ नेत्रकोशयोः ॥
पूरयेद्धृतमंडेन विलीनेन सुखोदकैः ॥ ४३ ॥
अथवा शतधौतेन सर्पिषा क्षीरजेन वा ॥
निमग्नान्यक्षिपक्ष्माणि यावत्स्युस्तावदेवहि ॥ ४४ ॥
पूरयेन्मीलिते नेत्रे तत उन्मीलयेच्छनैः

પવન, ગરમી અને ધૂળ અતિશય ન હોય તેવા સ્થાનમાં દર· દીને ચત્તો સુવારી તેની આંખોની આસપાસ અડદના કણકની ગોળ વાડ કરવી અને આંખો બંધ કરી તે મંડળમાં પાતળું ઘી, દૂધ, કે સુખોષ્ણ પદાર્થ ભરી દેઇ પછી આંખો ઉઘાડવી તેને તર્પણ પ્રયોગ સમજવો. ૪૨-૪૪

(તર્પણની માત્રાનું પ્રમાણ.)

धारयेद्वर्त्मरोगेषु वाङ्मात्राणां शतं बुधः ॥ ४५ ॥
स्वेच्छे कफे संधिरोगे मात्रा पंचाशतं हितम् ॥
शुक्ले च षट्शतं कृष्णारोगे सप्तशतं मितम् ॥ ४६ ॥
दृष्टिरोगेष्वष्टशतमधिमंथेसहस्रकम् ॥
सहस्रं वातरोगेषु धार्यमेवं हि तर्पणम् ॥ ४७ ॥

પાંપણ સંબંધી રોગમાં સો વાક્ માત્રા સુધી, માત્ર કફ અથવા સન્ધીરોગવાળાએ પાંચસો માત્રા સુધી, શુકલ દરદવાળાએ છસો માત્રા સુધી, કૃષ્ણ દરદવાળાએ સાતસો માત્રા સુધી, દ્રષ્ટિરોગવાળાએ આઠસો, અધિમન્થ રોગ ઉપર એક હજાર, તથા વાતવિકાર ઉપર એક હજાર, એ પ્રમાણે માત્રાના સમય સુધી તર્પણ પ્રયોગ નેત્ર ઉપર રાખવો. ૪૫-૪૭

(તર્પણ પ્રયોગથી કફપ્રકોપ ઉપર ઉપાય.)

स्विन्नेन यवपिष्टेन स्नेहवीर्येरितं ततः ॥

यथास्वं धूमपानेन कफमस्य विशोधयेत् ॥ ४८ ॥

તર્પણના સ્નેહવીર્યથી જો કફપ્રકોપ થયો હોય તો જવને પાણીમાં પલાળી વાટીને તેનો ભૂકો બનાવવો. તે ભૂકાનુ ધૂમપાન કર્યાથી કફપ્રકોપનો નાશ થાય છે. ૪૮

(તર્પણ પ્રયોગમાં દિવસોનુ પ્રમાણ.)

एकाहं वा त्र्यहं वापि पंचाहं चेष्यते परम् ॥

નેત્રમાં તર્પણ પ્રયોગ, એક, ત્રણ, અથવા પાંચ દિવસ સુધી કરવામાં આવે તો તે ઉત્કૃષ્ટ ગણાય છે.

(તર્પણ પ્રયોગથી નેત્રતૃપ્તિનાં લક્ષણ.)

तर्पणे तृप्तिलिंगानि नेत्रस्येमानि भावयेत् ॥ ४९ ॥
सुखस्वप्नावबोधत्वं वैशद्यं वर्णपाटवम् ॥
निवृत्तिर्व्याधिशांतिश्च क्रियालाघवमेव च ॥ ५० ॥

સારી રીતે ઉંઘ આવી નિયમસર જાગવું, નેત્રોની કાંતિ વધવી, નજર સ્વચ્છ થવી, વિકારોનો નાશ થવો, અને ક્રિયા લાઘવનું હલકાપણુ વગેરે લક્ષણો તર્પણ પ્રયોગથી નેત્રતૃપ્તિનાં સમજવાં.

(તર્પણ પ્રયોગ અધિક થવાનાં લક્ષણ.)

अथ साश्रू गुरु स्निग्धं नेत्रं स्यादतितर्पितम् ॥

અધિક તર્પણ પ્રયોગ થવાને લીધે આંખમાંથી પાણી નીકળે તેમ જ નેત્રો ભારે અને સ્નિગ્ધ થાય એ લક્ષણો અધિક તર્પણ પ્રયોગનાં છે.

(હીન તર્પણ પ્રયોગનાં લક્ષણ.)

रुक्षमस्राविलं रुग्णं नेत्रं स्याद्धीनतर्पितम् ॥ ५१ ॥

હીન તર્પણ પ્રયોગ થવાથી આંખ તેજ હીન, રાતી, વિકારી થાય છે તથા તેમાં વેદના થાય છે. ૫૧

(અધિક અને હીન તર્પણ પ્રયોગના ઉપાય.)

रुक्षस्निग्धोपचाराभ्यामेतयोः स्यात्प्रतिक्रिया ॥

અતિ તર્પણ પ્રયોગથી થતા વિકારો ઉપર રૂક્ષ ઔષધીનો તથા હીન પ્રયોગથી થતી વિક્રિયા ઉપર સ્નિગ્ધ ઔષધોનો પ્રયોગ કરી તેની શાંતિ કરવી.

(પુટપાકનુ વિધાન.)

अत ऊर्ध्वं प्रवक्ष्यामि पुटपाकस्य साधनम् ॥ ५२ ॥
द्वौ बिल्वमात्रौ मांसस्य पिंडौ स्निग्धस्य पेषितौ ॥
द्रव्याणां बिल्वमात्रं तु द्रवाणां कुडवो मतः ॥ ५३ ॥
तदेकस्थं समालोड्य पत्रैः सुपरिवेष्टितम् ॥
पुटपाकेन तत्पक्त्वा गृह्णीयात्तद्रसं बुधः ॥ ५४ ॥
तर्पणोक्तविधानेन यथावदुपचारयेत् ॥

હરિણાદિનુ માંસ બે પલ લઈ તેને સ્નેહમાં લસોટી તેની સાથે સૂકાં ઔષધ હોય તો એક બિલ્વ (૪ તોલા) અને પ્રવાહી પદાર્થો હોય તો એક કુડવ (૧૬ તોલા) લઇ લસોટી એક જીવ કરી તેનો ગોળો બનાવવો અને તેને આગળ બતાવ્યા પ્રમાણે વિધિથી પુટપાક આપવો. પછી તેમાનો રસ ગળી લઇ તેને તર્પણ પ્રયોગ પ્રમાણે આંખમાં નાખવો.

(પુટપાકના રસનુ આંખમાં નાખવાનુ વિધાન.)

दृष्टिमध्ये निषेव्यः स्यान्नित्यमुत्तानशायिनः ॥ ५५ ॥
स्नेहनो लेखनश्चैव रोपणश्चेति स त्रिधा ॥

પુટપાક રસના સ્નેહન, લેખન, અને તર્પણ એવા ત્રણ પ્રકાર છે. પુટપાકનો રસ દરદીની આંખમાં ચત્તો સુવાડીને હમેશાં નાખવો.

(સ્નેહાદિ ભેદોથી પુટપાકની યોજના.)

हितः स्निग्धोतिरुक्षस्य स्निग्धस्यापि हि लेखनः ।५६।
दृष्टेर्बलार्थमितरः पित्तासृग्व्रणवातनुत् ॥

અતિશય રૂક્ષ થયેલા ડોળા ઉપર સ્નિગ્ધ પુટપાક, સ્નિગ્ધ નેત્રોમાં લેખન, અને દ્રષ્ટિમાં તેજ આવવા સારૂ રોપણ પુટ પાકની યોજના કરવી, જેથી પિત્ત, રૂધિરવ્રણ, અને વાત વગેરે દરદો નાશ થાય છે. ૫૬

(સ્નેહન પુટપાકનો વિધિ.)

सर्पिर्मांसवसामज्जामेदः स्वाद्वौषधैः कृतः ॥ ५७ ॥
स्नेहनः पुटपाकस्तु धार्यो द्वे वाक्शतं दृशोः ॥

કાકોલ્યાદિ સ્વાદુ ઔષધોનુ ચૂર્ણ તથા ઘૃતાદિ સ્નેહ દ્રવ્યો

એકઠાં કરી બારીક વાટીને તેનો ગોળો બનાવવો. પછી તે ગોળા ઉપર જાંબુ, આંબા વગેરેનાં પાંદડાં વીંટી પુટ પાકની રીતથી અગ્નિ આપવો. પછી તેમાંથી રસ ગાળી લઈ તેને બસો માત્રા સુધી આંખમાં ધારણ કરવાથી હિતકારી છે. એને સ્નેહન પાક કહેવામાં આવે છે. ૫૭

(લેખન પુટપાકનો વિધિ.)

जांगलानां यकृन्मांसैर्लेखनद्रव्यसंयुतैः ॥ ५८ ॥
कृष्णलोहरजस्ताम्रशंखविद्रुमसिंधुजैः ॥
समुद्रफेनकाशीसस्रोतोजदधिमस्तुभिः ॥ ५९ ॥
लेखनो वाक्शतं धार्यस्तस्य तावधि धारणम् ॥

સ્નેહ દ્રવ્યો તથા લોહચૂર્ણ, તામ્રચૂર્ણ, શંખચૂર્ણ, સિન્ધાલૂણ, સમુદ્રફીણ, હીરાકસી, સુરમો, તથા બકરીના દહીંની મલાઇ એ બધાંને બારીક વાટી તેનો ગોળો બનાવવો અને તેને પુટપાકની ક્રિયાથી અગ્નિ આપી સિદ્ધ કરી તેનો રસ નીચોવી લેવો તેને લેખન પુટપાક રસ કહેવામાં આવે છે. તે રસ આંખમાં સો વાંક માત્રા સુધી ધારણ કરવાનું વિધાન છે. ૫૮-૫૯

(રોપણ પુટપાકનો વિધિ.)

स्तन्यजांगलमध्वाज्यतिक्तकद्रव्यपाचितः ॥ ६० ॥
लेखनस्त्रिगुणो धार्यः पुटपाकस्तु रोपणः ॥
वितरेत्तर्पणोक्तां तु क्रियां व्यापत्तिदर्शने ॥ ६१ ॥

ઘૃતાદિ સ્નેહન અને કડવાં ઔષધોને સ્ત્રીના ધાવણમાં બારીક વાટી તેનો ગોળો બનાવવો અને તેને પુટપાકની રીતથી અગ્નિમાં સિદ્ધ કરી તેમાંથી રસ નીચોવી લેવો. તે રસ ત્રણસો માત્રાના કાળ સુધી નેત્રમાં ધારણ કરવો તેને રોપણ પુટપાક રસ કહેવામાં આવે છે. પુટપાકમાં ન્યૂનાધિક પ્રયોગ થવાથી જે વિકાર ઉત્પન્ન થાય તે ઉપર તર્પણ પ્રયોગમાં શાન્તિના પ્રયોગો પ્રમાણે શાન્તિ કરવી.

(અંજનવિધાન.)

अथ संपक्वदोषस्य प्राप्तमंजनमाचरेत् ॥
हेमंते शिशिरे चैव मध्याह्नेंजनमिष्यते ॥ ६२ ॥
पूर्वाह्ने चापराह्ने च ग्रीष्मे शरदि चेष्यते ॥

वर्षासु नाभ्रे नात्युष्णे वसंते च सदैव हि ॥ ६३ ॥

દોષો પરિપકવ થયા પછી આંખમાં અંજન વગેરે કરવું તે આ પ્રમાણે છે કે-હેમંત તથા શિશિર ઋતુમાં મધ્યાન્હે, ગ્રીષ્મ અને શરદ ઋતુમાં પહેલા પહોરમાં, તથા વસંત ઋતુમાં સર્વ કાળમાં અંજન કરવું; પણ વર્ષા અને અતિશય ગરમીના સમયમાં અંજન કરવું નહિ. ૬૨-૬૩

(અંજનના ભેદ.)

लेखनं रोपणं चैव तथा स्यात्स्नेहनांजनम् ॥
लेखनं क्षारतीक्ष्णाम्लरसैरंजनमिष्यते ॥ ६४ ॥
कषायतीक्ष्णरसयुक्तसस्नेहं रोपणं मतम् ॥
मधुरस्नेहसंपन्नमंजनं च प्रसादनम् ॥ ६५ ॥

અંજનના લેખન, રોપણ અને સ્નેહન એવા ત્રણ ભેદ છે. ખારૂં તીક્ષ્ણ, અને ખાટા રસાદિકના અંજનને લેખનાંજન કહે છે, કષાય અને કટુ રસવાળા અંજને, તથા ઘૃતાદિ સ્નેહ યુક્ત અંજનને રોપણાંજન કહે છે, તેમજ મધુર અને સ્નેહ યુક્ત અંજનને સ્નેહન અંજન કહે છે. એ રીતે અંજનોના પ્રકારો સમજવા. ૬૪-૬૫

(ગુટિકાદિ ભેદથી અંજનના પ્રકાર.)

गुटिकारसचूर्णानि त्रिविधान्यंजनानि च ॥
कुर्याच्छलाकयांगुल्या हीनानि च यथोत्तरम् ॥ ६६ ॥

ઉપર જણાવેલા અંજનના, ગુટિકા-ગોળી, રસ અને ચૂર્ણ એવા ત્રણ ભેદ છે, અને એ અંજનો એક એકથી હલકાં છે એટલે ગોળી ઉત્તમ, રસ મધ્યમ અને ચૂર્ણ કનિષ્ટ ગુણવાળું જાણવું. તેમજ આંખમાં શલાકા વતી અંજન કરવું. ૬૬

(અંજન પ્રયોગમાં અયોગ્ય દરદી.)

श्रांते प्ररुदिते भीते पीतमद्ये नवज्वरे ॥
अजीर्णे वेगघाते च नांजनं संप्रशस्यते ॥ ६७ ॥

શ્રમિત, શોકાતુર, બ્હીકણ, મદ્યપાન કરનાર, નવીન જ્વર વાળો, અજીર્ણથી પીડિત અને મળમૂત્રાદિનો અવરોધ કરવા વાળા મનુષ્યને અંજન પ્રયોગ નહિ કરવો જોઇએ. ૬૭

(અંજનમાં ગુટકા વગેરેનું પ્રમાણ.)

हरेणुमात्रां कुर्वीत वर्तिं तीक्ष्णांजने भिषक् ॥
प्रमाणं मध्यमेध्यर्धं द्विगुणं तु मृदौ भवेत् ॥ ६८ ॥

તીક્ષ્ણાંજનની ગુટિકા રેણુક બીજ જેવી મોટી અને દીવેટના આકારની બનાવવી, મધ્યમ અંજનમાં દોઢ રેણુકબીજ જેવડી, તથા મૃદુ અંજનમાં બે રેણુકબીજ પૂર મોટી તથા દીવેટના આકારની લાંબી ગોળી બનાવવી. એ પ્રમાણે ગુટિકાનું પ્રમાણ સમજવું. ૬૮

(અંજનમાં રસનું પ્રમાણ.)

रसक्रिया तूत्तमास्यात्त्रिविडंगमिता हिता ॥
मध्यमा द्विविडंगा स्याद्धीना त्वेकविडंगिका ॥ ६९ ॥

રસાંજન અર્થાત દ્રવરૂપ અંજનમાં ત્રણ વાવડિંગ જેટલી માત્રાનું અંજન ઉત્તમ, બે વાવડિંગ પૂર અંજન મધ્યમ, અને એક વાવડિંગના પ્રમાણનું અંજન કરવું તે કનિષ્ટ માત્રા સમજવી. ૬૯

(વિરેચન અંજનમાં ચૂર્ણનું પ્રમાણ.)

वैरेचनिकचूर्णं तु द्विशलाकं विधीयते ॥
मृदौ तु त्रिशलाकं स्याच्चतस्रः स्नेहिकेंजने ॥ ७० ॥

વિરેચન ચૂર્ણનું અંજન શલાકા વતી બે વખત આંખમાં આંજવું, મૃદુ ઔષધના ચૂર્ણમાં ત્રણવાર શલાકા બોળી આંખમાં અનુક્રમે ત્રણવાર આંજવું તથા ઘૃતાદિ સ્નેહ પદાર્થોનું અંજન ચારવાર શલાકાવતી અનુક્રમે આંખમાં આંજવું. ૭૦

(શલાકા બનાવવાનું વિધાન.)

मुखयोः कुंठिता श्लक्ष्णा शलाकाष्टांगुलोन्मिता ॥
अश्मजा धातुजा वा स्यात्कलाया परिमंडला ॥ ७१ ॥

પાષાણ અથવા સુવર્ણાદિ ધાતુની આઠ આંગળ લાંબી, બેઉ છેડેથી સરખી, ગોળાકાર, લીસી અને સુંદર બનાવવી જોઇએ. ૭૧

(લેખન વગેરે પ્રયોગોમાં શલાકાનું પ્રમાણ.)

ताम्रलोहाश्मसंजाता शलाका लेखने मता ॥
सुवर्णरजतोद्भूता शलाका स्नेहने मता ॥ ७२ ॥
अंगुली च मृदुत्वेन कथिता रोपणे बुधैः ॥

લોઢું, તાંબું, અથવા પત્થરની શલાકાવતી લેખન અંજન કરવું

સોનું કે ચાંદીની શલાકાવતી સ્નેહન અંજન તથા આંગળી મૃદુ હોવાથી તે વતી રોપણ અંજન કરવું. એ પ્રમાણે શલાકાની રીત સમજવી. ૭૨

(અંજન કરવાનો સમય.)

सायं प्रातर्वांजनं स्यात्तत्सदा नैव कारयेत् ॥ ७३ ॥
नातिशीतोष्णवाताभ्रवेलायां संप्रशस्यते ॥
कृष्णभागादधः कुर्यादपांगं यावदंजनम् ॥ ७४ ॥

પ્રાતઃકાળ અને સાયંકાળ એવી રીતે બે વખત અંજન કરવું. અતિ શીત, ગરમી તથા અતિ પવનમાં, વાંદળાંવાળા દિવસમાં અને સર્વ કાળમાં અંજન કરવું નહિ, કીકીની નીચેના ધોળા ભાગ ઉપર આ છેડેથી તે પેલા છેડા સુધી સળી ફેરવવી. ૭૩—૭૪

(ચંદ્રોદયાવર્તીનું વિધાન.)

शंखनाभिर्बिभीतस्य मज्जा पथ्या मनःशिला ॥
पिप्पली मरिचं कुष्ठं वचा चेति समांशकम् ॥ ७५ ॥
छागीक्षीरेण संपिष्य वर्तिं कुर्याद्यवोन्मिताम् ॥
हरेणुमात्रां संघृष्य जलैः कुर्यात्तथांजनम् ॥ ७६ ॥
तिमिरं मांसवृद्धिं च काचं पटलमर्बुदम् ॥
रात्र्यंधं वार्षिकं पुष्पं वर्तिश्चंद्रोदया जयेत् ॥ ७७ ॥

શંખ તથા બહેડાંની અંદરનો ગર્ભ, હરડે, મનશિલ, લીંડીપીપર, કાળાં મરી, ઉપલેટ અને વજ એ ઔષધો બકરીના દૂધમાં બારીક ખરલ કરી તેની જવપૂર બત્તીના જેવી લાંબી ગોળી બનાવવી તેને ચંદ્રોદયવર્તી કહેવામાં આવે છે. તેમાંથી રેણુક બીજના જેટલી ગોળી પાણીમાં ઘસી આંખમાં આંજવી જેથી તિમિર, માંસવૃદ્ધિ, કાચબિન્દુ, પટલ, અર્બુદ, રતાંધળાપણું, અને એક વરસનું ફુલું વગેરે તમામ દરદોનો નાશ થાય છે. ૭૫-૭૭

(ફુલા વગેરે ઉપર ગુટિકા.)

पलाशपुष्पस्वरसैर्बहुशः परिभाविता ॥
करंजबीजवर्तिस्तु दृष्टं पुष्पं विनाशयेत् ॥ ७८ ॥

કરંજ બીજનું બારીક ચૂર્ણ લઇ તેને ખાખરાના ફુલના રસમાં

અનેક ભાવના આપી બારીક ખરલ કરવો. પછી તેની ગોળી બનાવી તેને પાણીમાં ઘસી આંખમાં અંજન કરવું જેથી, ફુલું, છારી, વગેરે દરદોનો નાશ થાય છે. ૭૮

(બીજી રીત.)

समुद्रफेनसिंधूत्थशंखदक्षांडवल्कलैः ॥
शिग्रुबीजयुतैर्वर्तिः शुक्रादीन्शस्त्रवल्लिखेत् ॥ ७९ ॥

સમુદ્રફીણ, સિન્ધાલૂણ, શંખ, મરઘીનાં ઇન્ડા ઉપરનાં છોતરાં અને સરગવાનાં બી એ ઓૈષધોને પાણીમાં બારીક વાટી તેની ગોળી બનાવવી. પછી તે ગોળીને પાણીમાં ઘસી આંખમાં આંજવી જેથી ફુલું વગેરે નેત્ર રોગનો નાશ થાય છે. ૯

(તંદ્રાનો નાશ કરવા દંતવર્તિનું વિધાન.)

दंतैर्दंतिवराहोष्ट्रगोहयाजखरोद्भवैः ॥
शंखमुक्तांभोधिफेनयुतैः सर्वैर्विचूर्णितैः ॥ ८० ॥
दंतवर्तिः कृता श्लक्ष्णा शुक्राणां नाशिनी परा ॥

હાથી, શૂઅર, ઉંટ, બળદ, ઘોડો, બકરો, અને ગધેડો એઓના દાંત, તથા શંખ, મોતી, અને સમુદ્રફીણ, એ બધાંનું ચૂર્ણ બનાવી પાણીમાં બારીક વાટીને તેની ગોળીઓ બનાવવી. તેને દંતવર્તિ કહે છે. તેને પાણીમાં ઘસી આંખમાં અંજન કરવું જેથી ફુલા વગેરે દરદોનો નાશ થાય છે. ૮૦

(તંદ્રા દૂર કરવાને માટે લેખનવર્તિ પ્રયોગ.)

नीलोत्पलं शिग्रुबीजं नागकेशरकं तथा ॥ ८१ ॥
एतत्कल्कैः कृता वर्तिरतितंद्रां विनाशयेत् ॥

નીલ કમળ, સરગવાનાં બીજ, અને નાગકેસર એ વસ્તુઓને પાણીમાં બારીક ખરલ કરી ગુટિકા બનાવી પાણીમાં ઘસીને નેત્રમાં અંજન કરવી જેથી તંદ્રા વગેરે દરદોનો નાશ થાય છે.

(રોપિણી કુસુમિકા વર્તિ.)

तिलपुष्पाण्यशीतिः स्युः षष्टिसंख्या कणाकणाः ॥८२॥
जातीकुसुमपंचाशन्मरिचानि च षोडश ॥
सूक्ष्मं पिष्ट्वा जले वर्तिः कृता कुसुमिकाभिधा ॥ ८३ ॥

तिमिरार्जुनशुक्राणां नाशिनी मांसवृद्धिहृत् ॥
एतस्याश्चांजने मात्रा प्रोक्ता सार्द्धहरेणुका ॥ ८४ ॥

તલનાં પુષ્પ એંશી, લીંડીપીપરના દાણા સાઠ, ચમેલીનાં ફુલ પચાસ, અને કાળાં મરીના દાણા સોળ, એ બધાંને પાણીમાં બારીક ખરલ કરીને તેની ગુટિકા બનાવવી. તે દોઢ રેણુક બીજ જેટલી પાણીમાં ઘસી આંખમાં અંજન કરવી જેથી, તિમિર રોગ, અર્જુનરોગ ફુલું અને માંસવૃદ્ધિ વગેરે વિકારોનો નાશ થાય છે. ૮૨-૮૪

(રતાંધળાપણા ઉપર વર્તિ.)

रसांजनं हरिद्रे द्वे मालती निंबपल्लवाः ॥
गोशकृद्रससंयुक्ता वर्तिर्नक्तांध्यनाशिनी ॥ ८५ ॥

રસવંતી, હળદર, દારૂહળદર, અને ચમેલીનાં પાન, એ બધાંને ગાયના છાણના રસમાં બારીક ખરલ કરી તેની ગોળી બનાવી પાણીમાં ઘસી આંખમાં અંજન કરવી જેથી રતાંધળા વગેરે દરદો નાશ થાય છે. ૮૫

(નેત્રસ્રાવ ઉપર સ્નેહની વર્તિ.)

धात्र्यक्षपथ्याबीजानि एक द्वित्रिगुणानि च ॥
पिष्ट्वा वर्तिं जलैः कुर्यादंजनं द्विहरेणुकम् ॥ ८६ ॥
नेत्रस्रावं हरत्याशु वातरक्तरुजं तथा ॥

આમળાનાં બીજનો ગરભ એક ભાગ, બહેડાંનો મગજ બે ભાગ, તથા હરડેનો મગજ ત્રણ ભાગ—એ બધાંને એકઠાં કરી પાણીમાં બારીક ખરલ કરવાં. પછી તેની ગોળી બનાવવી બે રેણુકપૂર પાણીમાં ઘસીને નેત્રમાં અંજન કરવી જેથી નેત્રસ્રાવ તથા વાતરક્ત વગેરે દરદોનો નાશ થાય છે. ૮૬

(રસક્રિયા.)

तुत्थमाक्षिकसिंधूत्थसिता शंखमनःशिला ॥ ८७ ॥
गैरिकोदधिफेनं च मरिचं चेति चूर्णयेत् ॥
संयोज्य मधुना कुर्यादंजनार्थे रसक्रियाम् ॥ ८८ ॥
वर्त्मरोगार्मतिमिरकाचशुक्रहरं परम् ॥

મોરથુથું, સુવર્ણમાક્ષિક, સિન્ધાલૂણ, સાકર, શંખ, મનશિલ, ગેરૂ, સમુદ્રફીણ, અને કાળાં મરી એ બધાંને ખાંડી તેનું વસ્ત્રગાળ

ચૂર્ણ બનાવી મધમાં મેળવી નેત્રમાં અંજન કરવું જેથી અર્મ રોગ, તિમિર, કાચબિન્દુ, અને ફુલું વગેરે દરદો નાશ પામે છે. ૮૭-૮૮

(ફુલાના દરદ ઉપર રસક્રિયા.)

वटक्षीरेण संयुक्तो मुख्यः कर्पूरजः कणः ॥ ८९ ॥
क्षिप्रमंजनतो हंति कुसुमं च द्विमासिकम् ॥

ભીમસેની કપૂરને વડના દૂધમાં ઘસીને આંજવાથી બે માસનું ફુલું નાશ પામે છે. ૮૯

(અતિ નિદ્રાનાશક રસક્રિયા.)

क्षौद्राश्वलालासंघृष्टैर्मरिचैर्नेत्रमंजयेत् ॥ ९० ॥
अतिनिद्रा शमं याति तमः सूर्योदयादिव ॥

કાળાં મરીને મધ તથા ઘોડાની લાળમાં બારીક વાટીને અતિનિદ્રાવાળા માણસને તેનું અંજન કરવું જેથી તરત નિદ્રાનો નાશ થાય છે. ૯૦

(તંદ્રાનાશક રસક્રિયા.)

जातिपुष्पं प्रवालं च मरिचं कटुकी वचा ॥ ९१ ॥
सैंधवं बस्तमूत्रेण पिष्टं तंद्राघ्नमंजनम् ॥

ચમેલીનાં ફુલ, પ્રવાળાં, કાળાં મરી, કડુ, વજ, અને-સિન્ધાલૂણ, એ બધાંને બકરાના મૂત્રમાં ખરલ કરી તેનું અંજન કરવું જેથી તંદ્રાનો નાશ થાય છે. ૯૧

(સન્નિપાત ઉપર રસક્રિયા.)

शिरीषबीजगोमूत्रकृष्णामरिचसैंधवैः ॥ ९२ ॥
अंजनं स्यात्प्रबोधाय सरसोनशिलावचैः ॥

સરસડાનાં બીજ, લીંડીપીપર, કાળાં મરી, સિન્ધાલૂણ; લસણ, મનશિલ અને વજ એ ઔષધોને ગૌમૂત્રમાં ખરલ કરી તેનું આંખમાં અંજન કરવું જેથી સન્નિપાતથી બેશુદ્ધ થયેલો માણસ શુદ્ધિમાં આવે છે. ૯૨

(નેત્રમાં દાહ વગેરે ઉપર રસક્રિયા.)

दार्वी पटोलं मधुकं सनिंबं पद्मकोत्पलम् ॥ ९३ ॥
प्रौंडरीकं चैतानि पचेत्तोये चतुर्गुणे ॥
त्रिपादशेषं पादशेषं तु गृतं नीत्वा पुनः पचेत् ॥ ९४ ॥

शीते तस्मिन्मधुसितां दद्यात्पादांशकां नरः ॥
रसक्रियैषा दाहाश्रुरक्तरागरुजो हरेत् ॥ ९५ ॥

દારૂહળદર, પટોલપત્ર, જેઠીમધ, લીંબડાની છાલ, પદ્મક, કમળ અને ધોળું કમળ, એ બધાં ઔષધોને કૂટીને તેનાથી ચારગણા પાણીમાં ચોથો ભાગ પાણી બાકી રહે ત્યાં સુધી ઉકાળવાં, પછી તેને નીચે ઉતારી પાણીને ગળી લેઇ ફરીથી ઘાટું થતાં સુધી ઉકાળવું. પછી તે પાણીમાં તેનાથી ચોથે ભાગે મધ તથા સાકર મેળવી આંખમાં અંજન કરવું જેથી દાહ, સ્રાવ, રૂધિરવિકારથી નેત્રોનું લાલ થવું વગેરે વિકારોનો નાશ થાય છે. ૯૩–૯૫

(નેત્રની પાંપણ વગેરે વિકાર ઉપર રોપણી રસક્રિયા.)

रसांजनं सर्जरसो जातीपुष्पं मनःशिला ॥
समुद्रफेनो लवणं गैरिकं मरिचानि च ॥ ९६ ॥
एतत्समांशं मधुना पिष्ट्वा प्रक्लिन्नवर्त्मनि ॥
अंजनं क्लेदकंडूघ्नं पक्ष्मणां च प्ररोहणम् ॥ ९७ ॥

રસવંતી, રાળ, ચમેલીનાં ફુલ, મનશિલ, સમુદ્રફીણ, સિન્ધાલૂણ, ગેરૂ અને કાળાં મરી, એ ઔષધોનું બારીક ચૂર્ણ બનાવવું. પછી તે ચૂર્ણમાં મધ મેળવી આંખમાં અંજન કરવું જેથી, પાંપણનાં દરદો, ચળ, વગેરે દરદોનો નાશ થાય છે તથા પાંપણના ખરી ગયેલા વાળ પાછા ઉગે છે. ૯૬–૯૭

(તિમિર રોગ ઉપર રસક્રિયા.)

गुडूचीस्वरसः कर्षः क्षौद्रं स्यान्माषकोन्मितम् ॥
सैंधवं क्षौद्रतुल्यांशं सर्वमेकत्र मर्दयेत् ॥ ९८ ॥
अंजयेन्नयनं तेन पिल्लार्मतिमिरं जयेत् ॥
काचं कंडूं लिंगनाशं शुक्लकृष्णगतान्गदान् ॥ ९९ ॥

એક કર્ષ ગળોનો સ્વરસ લઈ તેમાં મધ તથા સિન્ધાલૂણ એક એક માસો મેળવી બારીક ખરલ કરી તેનું આંખમાં અંજન કરવું જેથી પિલ્લાર્મ, તિમર, કાચબિન્દુ, ખુજલી, લિંગનાશ, વગેરે આંખનાં દરદોનો નાશ થાય છે. ૯૮–૯૯

(અંજનમાં પુનર્નવાનો યોગ.)

दुग्धेन कंडूं क्षौद्रेण नेत्रस्रावं च सर्पिषा ॥

पुष्पं तैलेन तिमिरं कांजिकेन निशांधताम् ॥ १०० ॥
पुनर्नवा जयेदाशु भास्करस्तिमिरं यथा ॥

સાટોડીને દૂધમાં ઘસી અંજન કરવાથી આંખમાં ખુજલી આવતી બંધ થાય છે. મધમાં ઘસી અંજન કરવાથી નેત્રસ્રાવ બંધ થાય છે, ઘીમાં ઘસી અંજન કરવાથી ફુલાનો નાશ થાય છે, તેલમાં ઘસી અંજન કરવાથી તિમિર રોગનો નાશ થાય છે, તથા કાંજીમાં ઘસી અંજન કરવાથી રતાંધળાપણાનો નાશ થાય છે. આ પુનર્નવા અનુપાન ભેદથી નેત્રના સંપૂર્ણ દરદોનો તથા સૂર્યનારાયણની માફક રતાંધળાપણાનો (તિમિરનો) પણ નાશ કરે છે. ૧૦૦

(નેત્રસ્રાવ ઉપર રસક્રિયા.)

बब्बूलदलनिःक्वाथो लेहीभूतस्तदंजनात् ॥ १ ॥
नेत्रस्रावं जयत्येष मधुयुक्तो न संशयः ॥

બાવળના પાનનો ક્વાથ બનાવી તેને ઘાટો થતાં સુધી ઉકાળી તેમાં થોડું મધ મેળવી અંજન કરવાથી નેત્રસ્રાવનો નિશ્ચય નાશ થાય છે. ૧

(નેત્રસ્રાવ ઉપર બીજો પ્રયોગ.)

हिज्जलस्य फलं घृष्ट्वा पानीयैर्नित्यमंजयेत् ॥ २ ॥
चक्षुःस्रावोपशांत्यर्थं कार्यमेतन्महौषधम् ॥

ઇંગોરિયા ફળને પાણીમાં ઘસીને તેનું અંજન કરવાથી નેત્રસ્રાવનો નાશ થાય છે. ૨

(નેત્રશુદ્ધિ માટે સ્નેહન રસક્રિયા.)

कतकस्य फलं घृष्ट्वा मधुना नेत्रमंजयेत् ॥ ३ ॥
ईषत्कर्पूरसंहितं स्मृतं नेत्रप्रसादनम् ॥

નિર્મળીના ફળને મધમાં ઘસી આંખમાં અંજન કરવાથી આંખ ચોખ્ખી થાય છે. ૩

(શિરોત્પાત રોગ ઉપર અંજન.)

सर्पिः क्षौद्रं चांजनं स्याच्छिरोत्पातस्य शांतये ॥ ४ ॥

ઘી તથા મધને એકઠાં કરી અંજન કરવાથી આંખના શિરોત્પાત રોગનો નાશ થાય છે. ૪

(આંધાપા ઉપર રસક્રિયા.)

कृष्णसर्पवसा शंखः कतकात्फलमंजनम् ॥

रसक्रियेयमचिरादंधानां दर्शनप्रदा ॥ ५ ॥

કાળા સર્પની ચરબી, નિર્મળીનાં બીજ, અને શંખ એ બધાંને એકઠાં કરી બારીક ખરલ કરી આંખમાં અંજન કરવું જેથી અંધાપો નાશ પામી દેખતો થાય છે. ૫

(લેખન ચૂર્ણાન્જન.)

दक्षांडत्वक्शिलाकाचैः शंखचंदनगैरिकैः ॥
द्रव्यैरंजनयोगोयं पुष्पार्मादिविलेखनः ॥ ६ ॥

મુરઘીના ઈંડાની સફેદી, મનશિલ, ધોળો કાચ, શંખ, સુખડ, અને સોનાગેરૂ એ બધાંને બારીક વાટી તેનું વસ્ત્રગાળ ચૂર્ણ બનાવી તેનું આંખમાં અંજન કરવું જેથી ફુલા વગેરે દરદોનો નાશ થાય છે. ૬

(રતાંધળાપણા ઊપર લેખન ચૂર્ણ.)

कगाच्छागयकृन्मध्ये पक्त्वातद्रसपेषिता
अचिराद्धंति नक्तांध्यं तद्वत्सक्षौद्रमूषणम् ॥ ७ ॥

મરીને મધમાં ઘુંટીને આંખમાં આંજવાથી રતાંધળાપણાનો નાશ થાય છે. ૭

(નેત્રની ખુજલી વગેરે ઊપર લેખન ચૂર્ણાન્જન.)

शाणार्धमरिचं द्वौ च पिप्पल्यर्णवफेनयोः ॥
शाणार्धं सैंधवं शाणा नव सौवीरकांजनात् ॥ ८ ॥
पिष्टं तु सूक्ष्मं चित्राणां चूर्णांजनमिदं शुभम् ॥
कंडूकाचकफार्तानां मलानां च विशोधनम् ॥ ९ ॥

ચિત્રા નક્ષત્રમાં, કાળાં મરી અને સિન્ધાલૂણ અર્ધશાણ લીંડીપીપર તથા સમુદ્રફીણ બે બે શાણ, તથા સુરમો નવ શાણ એ બધાનું બારીક ચૂર્ણ બનાવી, પછી તેનું અંજન કરવું જેથી નેત્રની ખુજલી, કાચબિન્દુ, કફવિકાર વગેરે દરદોનો નાશ થાય છે. ૮–૯

(સર્વ નેત્રરોગ ઊપર મૃદુ ચૂર્ણાન્જન.)

शिलाया रसकं पिष्ट्वा सम्यगाप्लाव्य वारिणा ॥
गृह्णीयात्तज्जलं सर्वं त्यजेच्चूर्णमधोगतम् ॥ १० ॥
शुष्कं च तज्जलं सर्वं पर्पटीसन्निभं भवेत् ॥
विचूर्ण्य भावयेत्सम्यक्त्रिवेलं त्रिफलारसैः ॥ ११ ॥

कर्पूरस्य रजस्तत्र दशमांशेन निक्षिपेत् ॥
अंजयेन्नयने तेन सर्वदोषहरं हि तत् ॥ १२ ॥
सर्वरोगहरं चूर्णं चक्षुषः सुखकारि च ॥

ખાપરિયાનું ખરલ મારફત બારીક ચૂર્ણ કરી પાણીમાં મેળવી સારી રીતે વલોવી તેમાંથી પાણી નીતારી લેઈ નીચે રહેલા ખાપરિયાના ભૂકાને નાખી દેવો. પછી નીતારી લીધેલા પાણીને તદ્દન સુકવી નાખી જ્યારે તેના પોપડા બાકી રહે ત્યારે તે પોપડાને ખરલ કરી તેનું બારીક ચૂર્ણ બનાવવું; અને તે ચૂર્ણને ત્રિફળાના કવાથની ત્રણ ભાવના આપી પછી તેમાં દશમો ભાગ ભીમસેની કપૂર મેળવી અંજન કરવું જેથી નેત્ર સંબંધી તમામ દરદોનો નાશ થાય છે. ૧૦-૧૧

(સર્વ નેત્રરોગ ઊપર સૌવીરાંજન)

अग्नितप्तं च सौवीरं निर्षिचेत्रिफलारसैः ॥ १३ ॥
सप्तवेलं तथा स्तन्यैः स्त्रीणां सिक्तं विचूर्णितम् ॥
अंजयेन्नयने तेन प्रत्यहं चक्षुषोर्हितम् ॥ १४ ॥
सर्वानक्षिविकारांस्तु हन्यादेतन्न संशयः ॥

સુરમાને અગ્નિમાં તપાવીને ત્રીફળાના કવાથમાં ઝાબવો. એવી રીતે અનુક્રમે સાત વખત ત્રિફળાના કવાથમાં સુરમાને ઝાબીને પછી તેજ પ્રમાણે સાત વખત સ્ત્રીના ધાવણના દૂધમાં ઝાબવો. પછી તેનો બારીક અંજન થાય તેવો ભૂકો બનાવી શલાકા વતી તેનુ આંખમાં અંજન કરવું જેથી નેત્રના સંપૂર્ણ દરદોનો નાશ થાયછે.

(સીસાની સલાકા બનાવવાની રીત.)

त्रिफलाभृंगशुंठीनां रसैस्तद्वच्च सर्पिषा ॥ १५ ॥
गोमूत्रमध्वजाक्षीरैः सिक्तो नागः प्रतापितः ॥
तच्छलाका हरत्येव सर्वान्नेत्रभवान्गदान् ॥ १६ ॥

ત્રિફળાનો કવાથ, ભાંગરાનો રસ, શુંઠનો કવાથ, ઘી, ગૌમૂત્ર, મધ અને બકરીના દૂધમાં સીસાના ગરમ રસને અનુક્રમે સાત વખત બુઝાવવો. પછી તે સીસાની આંખમાં આંજવા માટે સલાકા બનાવવી તેથી સર્વ નેત્રોના રોગ નાશ પામે છે. ૧૫-૧૬

(પ્રત્યાંજન કરવાની રીત.)

गतदोषमपेताश्रु पश्यन्तं सम्यगंभसि ॥
प्रक्षाल्याक्षि यथादोषं कार्यं प्रत्यंजनं ततः ॥ १७ ॥

સીસાની શલાકા આંખમાં ફેરવવાથી વિકાર નાશ પામી પાણી નીકળી જાય ત્યાર પછી થોડીવાર ટાઢા પાણીમાં જોઈ રહેવું અને પછી આંખો ધોઇ નાખીને દરદ પ્રમાણે પ્રત્યંજન કરવું. ૧૭

(આંખમાં વિકાર હોવાથી નિષેધ.)

नवा निर्गतदोषेक्षिण धावनं संप्रयोजयेत् ॥
प्रत्यंजनं तीक्ष्णतप्ते नेत्रे चूर्णं प्रसादनम् ॥ १८ ॥

આંખમાંથી જ્યાં સુધી વિકાર ન નીકળે ત્યાં સુધી આંખ ધોવી નહિ. તેમજ તીક્ષ્ણાંજનથી આંખ તપી ગઇ હોય તો તે ઉપર પ્રસાદન પ્રત્યંજન કરવું. ૧૮

(પ્રત્યંજન ચૂર્ણ.)

शुद्धे नागे द्रुते तुल्यं शुद्धं सूतं विनिक्षिपेत् ॥
कृष्णांजनं तयोस्तुल्यं सर्वमेकत्र चूर्णयेत् ॥ १९ ॥
दशमांशेन कर्पूरं तस्मिन्चूर्णे प्रदापयेत् ॥
एतत्प्रत्यंजनं नेत्रगदजिन्नयनामृतम् ॥ २० ॥

શુદ્ધ કરેલું સીસું, શુદ્ધ પારો અને તે બેઉના સરખા ભાગે સુરમો એ બધાંને એકઠાં કરી તેનું બારીક ચૂર્ણ બનાવવું અને તે ચૂર્ણને દશમે ભાગે ભીમસેની કપૂર મેળવી અંજન કરવું જેથી સર્વ નેત્રરોગનો નાશ થાય છે. આને પ્રત્યંજન કહે છે. ૧૯–૨૦

(સર્પવિષ ઉપર અંજન.)

जयपालस्य मज्जानं भावयेन्निबुकद्रवैः ॥
एकविंशतिवेलं तत्ततो वर्तिं प्रकल्पयेत् ॥ २१ ॥
मनुष्यलालया घृष्ट्वा ततो नेत्रे तयांजयेत् ॥
सर्पदंष्टविषं जित्वा संजीवयति मानवम् ॥ २२ ॥

નેપાળાના બીજની અંદરનો ગર્ભ લઇ તેને લીંબુના રસની એકવીશ ભાવનાઓ આપી બારીક વાટી તેની લાંબી ગોળીઓ બનાવવી. તે ગોળીનું સર્પવિષ ઉપર મનુષ્યની લાળમાં ઘસી અંજન કરવું જેથી સર્પ વિષવિકારનો નાશ થાય છે. ૨૧–૨૨

(બીજો ઉપાય.)

अर्कफलं सयोर्मूलं जलं पीतं जयेद्विषम् ॥

આકડાના ફળ તથા મૂળનો રસ પીવાથી સર્પ વિષવિકારનો નાશ થાય છે.

(ત્રીજો ઉપાય.)

पटोलमूलनस्येन कालदष्टोपि जीवति ॥ २३ ॥
पाठामूलं विनिष्पिष्य गोघृतेन पिबेत्तु यः ॥
स भवेद्विषनिर्म्मुक्तो नात्र कार्या विचारणा ॥ २४ ॥

પટોળમૂળના નાસથી કાળ સર્પનો કરડેલો પણ જીવે છે. તથા પાઢ મૂળને ગાયના ઘીમાં મેળવી વારંવાર પીવાથી પણ સર્પ વિષવિકાર નાશ પામે છે. ૨૩-૨૪

(હથેલીથી નેત્ર સ્પર્શ કરવાનો ગુણ.)

भुक्त्वा पाणितलं घृष्ट्वा चक्षुषोर्यदि दीयते ॥
जातरोगा विनश्यंति तिमिराणि तथैव च ॥ २५ ॥

ભોજન કર્યા પછી હાથ ધોઇ બેઉ હાથની લીલી હથેલીઓ ઘસીને આંખ ઉપર મૂકવાથી તિમિરાદિ દરદોનો નાશ થાય છે.

(શીતોદક છાંટવાના ગુણ.]

शीतांबुपूरितमुखः प्रतिवासरं यः कालत्रयेण नयनद्वितयं जलेन ॥
आसिंचति ध्रुवमसौ न कदाचिदक्षिरोगव्यथाविधुरतां भजते मनुष्यः

મુખમાં પાણી ભરી રાખી પછી આંખ ઉપર હમેશાં ત્રણ વખત ટાઢું પાણી છાંટવામાં આવે તો સંપૂર્ણ નેત્ર વિકાર નાશ થાય છે.

(ગ્રંથનું સમૂલત્વ સૂચક વર્ણન.)

आयुर्वेदसमुद्रस्य गूढार्थमणिसंचयं ॥
ज्ञात्वा कैश्चित्बुधैस्तैस्तु कृता विविधसंहिताः ॥२७ ॥
किंचिदर्थं ततो नीत्वा कृतेयं संहिता मया ॥
कृपाकटाक्षविक्षेपमस्यां कुर्वंतु साधवः ॥ २८ ॥

સમુદ્ર સમાન આયુર્વેદ સંબંધી મણી સમાન ગૂઢાર્થના સમુદાયોને ઉત્તમ પ્રકારે જાણીને મહર્ષિ, અગ્નિવેષ, ચરક, જેવા મહાત્માઓએ અનેક પ્રકારની સંહિતા કરી છે તે સર્વમાંથી કાંઇક સા-

ગ્રંથ લઈને આ શારંગધર સંહિતા બનાવી છે તે ઉપર મહાનુભાવ જનો કૃપા દૃષ્ટિથી અવલોકન કરવું. ૨૭–૨૮

(ગ્રંથના અભ્યાસનું ફળ.)

विविधगदार्तिदरिद्रनाशिनी या हरिरमणीव करोति योगरत्नैः
विलसतु शार्ङ्गधरस्य संहितासा कविहृदयेषु सरोजनिर्मलेषु ॥

જેમ લક્ષ્મી અનેક રત્નોદ્વારા દરિદ્રોનાં દરિદ્ર કરે છે તેમ આ ગ્રંથમાં સંગ્રહિત ઔષધો રૂપી રત્નોથી અનેક દરદીનાં દરદ રૂપ દારિદ્રનો નાશ કરનારી છે તે આ શારંગધરસંહિતા વિદ્વાનોના નિર્મળ હૃદયમાં સદા વિરાજો. ૨૯.

(કળિયુગમાં સંહિતાનો અભ્યાસ.)

अल्पायुषामल्पधियामिदानीं कृतं समस्तश्रुतिपाठशक्ति ॥
तदत्र युक्तं प्रतिबीजमात्रमभ्यस्यतामात्महितं प्रयत्नात्॥ ३०॥

इति श्री दामोदरसूनुशार्ङ्गधरेण विरचितायां संहितायां
चिकित्सास्थाने उत्तरखंडे नेत्रामयविधाने
त्रयोदशोऽध्यायः समाप्तः ॥

આ કળિયુગમાં મનુષ્યની ઉમ્મર અલ્પ હોવાથી સંપૂર્ણ આયુર્વેદ ભણી શકાતો નથી તેટલા માટે આ સંહિતાનો અભ્યાસ કરવો તે આત્મહિતકારી છે. ૩૦

ઇતિ શ્રી દામોદર પુત્ર શારંગધરકૃત શારંગધર સંહિતા વૈદ્યક ગ્રંથના ઉત્તર ખંડ વિષે તેરમા અધ્યાયનું પુરોહિત પૂર્ણચંદ્ર શર્માકૃત ગુજરાતી ભાષાંતર સંપૂર્ણ.

શાર્ઙ્ગધર સમાપ્ત.

પશુચિકિત્સા.

અથવા

ગાયો, ભેંસો, બળદો, ઘોડાં, ગધેડાં, ઘેટાં, બકરાં વિગેરે પશુઓને થતા રોગો થવાનાં કારણો, ઓળખવાનાં લક્ષણો, અને થતા અટકાવવાના તેમજ નાબુદ કરવાના ઇલાજો.

જેમાં પશુઓને થતા તમામ જાતના નાના મોટા રોગો થવાનાં કારણો, તે રોગોને ઓળખવાનાં નિશાનો, અને નાબુદ કરવાને સહેજમાં બની શકે તેવા દેશી તેમજ ઇંગ્રેજી ઉપાયો વિસ્તાર સાથે આપવામાં આવ્યા છે. એટલુંજ નહિ, પરંતુ કેવા પ્રકારના ખોરાક, પાણી, કે બંદોબસ્તથી તેઓને કોઈ પણ જાતનો રોગ લાગુ પડે નહિ, કેવી માવજતથી તેઓની ઓલાદ સુધારી શકાય, કેવી રીતે ઘી, દુધ વધારે મેળવી શકાય, દુકાળના સમયમાં ઝાડનાં પાંદડાં, ડાળાં, કોહેલું ઘાસ, ધુળ વિગેરે ખાવાથી હોજરીમાં ગડા બાઝી જઇ ભરી જતાં જાનવરોને શી રીતે બચાવી શકાય વિગેરે બદલ પણ પુરતી માહીતી આપવામાં આવી છે. પુસ્તક ડેમી આઠ પેજી ત્રણસો પૃષ્ટનું હોઇ કાગળ ગ્લેઝ અને પુંઠું પાકું હોવા છતાં કિંમત માત્ર ૧-૪-૦, ટપાલ ખરચ ૦-૪-૦.

જ્વરસાગર અથવા તાવસાગર.

આ વૈધક ગ્રન્થ મ્હોટા મ્હોટા ૧૬ ગ્રન્થોનું દોહન કરી વિદ્વાન વૈદ્યો તથા પ્રખ્યાત જતિ (ગોરજી)ઓનાં અનુમત લઈ જોઇતા ઉપાય એવા તો સરસ રીતે દર્શાવ્યા છે કે જ્વરસાગર સાધારણ માણસને એક વૈદ્ય બનાવી શકે છે. દરેક કુટુંબમાં આ ગ્રંથ રાખવાથી અને તમામ લાવેલા ઉપચારો યોજવાથી ગમે તેવી માંદગી અલ્પ સમયમાં દુર થશે. મૂલ્ય રૂપિઓ સવા પણ હમણા ઘટાડેલી કિંમત ૦-૮-૦, ટપાલ ખર્ચ રૂ. ૦-૧-૬

ઘરનો હકીમ અથવા વૈદક સંગ્રહ.

દેશી તથા અંગ્રેજી દવાઓનુ આ પુસ્તક પ્રવાસમાં સાથે રાખવાથી ઘણુંજ ઉપયોગી છે કારણુ મ્હોટાં શહેરોમાં વેદ અગર ડાકતરોની મદદ મળી શકે છે. પણ ગામડાંમાં યા તો પ્રવાસમાં મદદ મળવી મુસ્કેલ પડે છે તેથી આ પુસ્તક એક વૈદનું કામ સારે તેવું છે. તેમાં દરેક દરદનું લક્ષણ, કારણ, અને પછી તેની દવાઓ દાખલ કરી છે. કિંમત રૂ ૦-૬-૦, ટપાલ ખર્ચ રૂ. ૦-૧-૦